યથામતિ યથાશક્તિ પ્રસ્તુત કાર્ય કરવાનો પુરૂષાર્થ કર્યો છે. આથી તેનો સાચો પ્રતિભાવ તો વિદ્વાનો જ આપી શકશે. કારણ કે "आपरितोषान् विदुषां न साधु मन्ये प्रयोगविज्ञानम् " અનુસાર સદગુણી વિદ્વાનોનો જ અભિપ્રાય પ્રમાણભૂત કહી શકાશે.

શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનું સુંદર રેખાચિત્ર દોરી આપવા બદલ ચિત્રશિક્ષક શ્રી વિઠ્ઠલભાઇ પ્રજાપતિનો આભાર માનું છું.
મારે પુસ્તકાલયના શ્રી [illegible]સાહેબ તથા શ્રી ધ્રુવકુમારભાઈઓનો પણ આભાર વ્યક્ત કરું છું.

ફરીથી સર્વનો આભાર માનીને વિરમું છું.

રાધેશ્યામ ઉમાશંકર ત્રિવેદી

Content

5

## અનુક્રમણિકા


| અ. નં. | પ્રકરણ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧. | શ્રી વિઠ્ઠલનાથજીનું જીવન, સમય અને કૃતિઓ | 1 - 105 |
| ૨. | ઔપનિષદિક પરંપરા અને શ્રીમદ વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ | 106 - 208 |
| ૩. | વિદ્વન્મંડનનો સાર | 209 - 237 |
| ૪. | બ્રહ્મ સ્વરૂપવિચાર | 238 - 297 |
| ૫. | જીવ સ્વરૂપવિચાર | 298 - 392 |
| ૬. | આવિર્ભાવ-તિરોભાવવાદ | 393 - 479 |
| ૭. | જીવ અને બ્રહ્મનું ઐક્ય | 480 - 567 |
| ૮. | બ્રહ્માંશ જીવનું અણુત્વ | 568 - 658 |
| ૯. | વિરૂદ્ધધર્માશ્રયતા | 659 - 856 |
| ૧૦. | લીલાની નિત્યતા | 857 - 1003 |
| ૧૧. | વિદ્વન્મંડનની શૈલી | 1004 - 1018 |
| ૧૨. | ઉપસંહાર | 1019 - 1022 |

Appendices.

6

## પરિશિષ્ટાનુક્રમણિકા


| અ. નં. | પરિશિષ્ટ | પૃષ્ઠ ક્રમાંક |
| --- | --- | --- |
| ૧. | વિદ્વન્મંડનમાં ઉદ્ધૃત પ્રમાણવાક્યો | 1 - 21 |
| ૨. | વિદ્વન્મંડનની કારિકાઓ | 22 |
| ૩. | વિદ્વન્મંડનનાં લૌકિક ન્યાયો | 23 |
| ૪. | વિદ્વન્મંડનની સૂક્તિઓ | 24 - 25 |
| ૫. | વિદ્વન્મંડનના વિશિષ્ટ શબ્દો | 26 27 |
| ૬. | શુદ્ધાદ્વૈત સિદ્ધાંતનું રેખાંકિત સંકેતો દ્વારા નિરૂપણ | 28 |

List of abbreviations 7

संक्षिप्तसूचि :

| | |
|---|---|
| अ. अ. | अष्टाध्यायी |
| अ. अ. नि. | अष्टाक्षरनिरूपणम् |
| अ. अ. भू | अद्वैतानुभूति |
| अ. को. | अमरकोषः |
| अप. अ. | अपरोक्षानुभूति |
| अ. भा. | अणुभाष्यम् |
| अ. भा. प्र. | अणुभाष्यप्रदीपः |
| अ. शा. | अभिज्ञानशाकुन्तलम् |
| आ. गृ. सू. | आग्निवेश्य गृह्यसूत्र |
| आ. वृ. च. | आधा वृत्ता चतुःश्लोकी |
| आ. सू. | आपस्तम्बश्रौतसूत्रम् |
| ई. उ. | ईशावास्योपनिषद् |
| ऋ. सं. | ऋक्संहिता |
| ऐ. उ. | ऐतरेयोपनिषद् |
| क. उ. | कठोपनिषद् |
| क. उ. शां. भा. | कठोपनिषद्शांकरभाष्यम् |
| का. प्र. | काव्यप्रकाशः |
| के. उ. | केनोपनिषद् |
| कौ. उ. | कौषीतक्युपनिषद् |
| गा. व्या. | गायत्रीव्याख्या |
| गी. अ. वि. | गीतार्थविवरणम् |
| गी. गो. | गीतगोविन्द |

| | |
|---|---|
| गु. र. | गुप्तरसः |
| गो. अ. | गोकुलाष्टकम् |
| गो. ता. उ. | गोपालतापिन्युपनिषद् |
| गौ. | गौतम |
| गौ. पा. का. | गौउपादकारिका |
| गं. भ. | गंगाधरभट्टी |
| छां. उ. | छांदोग्योपनिषद् |
| छां. उ. भा., | छांदोग्योपनिषद्भाष्यम् |
| जलभेदः | जलभेदः |
| जा. उ. | जाबालोपनिषद् |
| त. भा. | तर्कभाषा |
| त. दी. नि. | तत्त्वार्थदीपनिबन्धः |
| त. दी. नि. आ. भे. | तत्त्वार्थदीपनिबन्धः आवरणभेदः |
| त. दी. नि. प्र. | तत्त्वार्थदीपनिबन्धप्रकाशः |
| त. सं. | तर्कसंग्रहः |
| तै. उ. | तैत्तिरीयोपनिषद् |
| तै. सं. | तैत्तिरीयसंहिता |
| त्रि. वि. म. उ. | त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् |
| त्रि. ना. | त्रिविधानामावली |
| दा. ली. अ. | दानलीलाष्टकम् |
| द्वा. द. स. | द्वादशदर्शनसंग्रहः |
| द्वि. च. | द्वितीया चतुःश्लोकी |
| द्वि. प. | द्वितीय पर्यंकः |
| न. र. वि. | नवरत्नप्रकाशविवृति |
| नृ. ता. उ. | नृसिंहोत्तरतापनीयोपनिषद् |
| ना. उ. | नारायणोपनिषद् |

| | |
|---|---|
| ना. र. स्तो. | नामरत्नस्तोत्रम् |
| ना. पं., त. दी. नि. | नारदपंचरात्रम्, तत्त्वार्थदीप निबंध |
| नि. प. | निरुक्तम् |
| नै. च. | नैषधीयचरितम् |
| न्या. आ. वि. | न्यासादेशविवृत्तिः |
| न्या. कु. | न्यायकुसुमाञ्जलि |
| न्या. को. | न्यायकोषः |
| न्या. द. | न्यायदर्शनम् |
| न्या. भा. | न्यायभाष्यम् |
| न्या. मं. | न्यायमंजरी |
| न्या. ली. | न्यायलीलावती |
| न्या. वा. | न्यायवार्तिक |
| न्या. सि. मुं. | न्यायसिद्धान्तमुक्तावली |
| न्या. सू. | न्यायसूत्रम् |
| प. क. | पञ्चीकरणम् |
| पं. द. | पंचदशी |
| प. पु. | पद्मपुराणम् |
| पां. गी. | पांडवगीता |
| पा. यो. सू. | पातञ्जलयोगसूत्रम् |
| पा. यो. सू. भा. | पातञ्जलयोगसूत्रभाष्यम् |
| पा. सू. | पाणिनीयसूत्रम् |
| पु. प. | पुराणपर्यालोचनम् |
| पु. प्र. म. भे. | पुष्टिप्रवाहमर्यादाभेदः |
| पु. स. | पुरुषोत्तमनामसहस्त्रम् |

| | |
|---|---|
| पू. मी. सू. | पूर्वमीमांसासूत्रम् |
| प्र. | प्रबोधः |
| प्र. उ. | प्रश्नोपनिषद् |
| प्र. उ. भा. | પ્રશ્નોપનિષદ્ભાષ્ય |
| प्र. भा. | प्रशस्तपादभाष्य |
| प्रा. भ. | प्राभजनः |
| प्रे. अ. | प्रेमामृतम् |
| बा. बो. | बालबोधः |
| ब्र. उ. | ब्रह्मोपनिषद् |
| ब्र. पु. | ब्रह्मपुराणम् |
| ब्र. बि. उ. | ब्रह्मबिन्दूपनिषद् |
| ब्र. वै. पु. | ब्रह्मवैवर्तपुराणम् |
| ब्र. सू. | ब्रह्मसूत्र |
| ब्र. सू. अ. भाष्य | ब्रह्मसूत्राणुभाष्यम् |
| ब्र. सू. भा. | બ્રહ્મસૂત્ર ભામતી |
| ब्र. सू. शां. भा. | ब्रह्मसूत्रशांकरभाष्य |
| ब्रह्मा. पु. | ब्रह्माण्डपुराणम् |
| ब्र. ज्ञा. मा. | ब्रह्मज्ञानवलीमाला |
| बृ. उ. | बृहदारण्यकोपनिषद् |
| बृ. उ. भा. वा. | बृहदारण्यकोपनिषद्भाष्यवार्तिक |
| बृ. उ. शां. भा. | बृहदारण्यकोपनिषद्शांकरभाष्यम् |
| बृ. वा. पु. | बृहद्वामनपुराणम् |
| बृ. स्तो. र. सा. | बृहत्स्तोत्ररत्नसागरः |
| भ. व. | भक्तिवर्धिनी |
| भ. गी. | भगवद्गीता |

| | |
|---|---|
| भ. गी. ता. | भगवद्गीतातात्पर्यम् |
| भ. गी. शां. भा. | भगवद्गीताशांकरभाष्यम् |
| भ. हे. वि. | भक्तिहेतुविवृति |
| भ. हे. नि. | भक्तिहेतुनिर्णय: |
| भ. हं. | भक्तिहंस: |
| भा. अं. | भावेरंकुरितम् |
| भाग. | भागवतम् |
| भा. प. | भाषापरिच्छेद: |
| भा. प्र. | भाष्यप्रकाश |
| म. उ. | महोपनिषद् |
| म. कू. पु. | महाकूर्मपुराणम् |
| म. ना. उ. | महानारायणोपनिषद् |
| म. पु. | मत्स्यपुराणम् |
| म. भा. | महाभारतम् |
| म. भा. आ. वा. प. | महाभारत आश्रमवासिक पर्व |
| म. भा. भी. प. | महाभारतभीष्मपर्व |
| मां. उ. | माण्डूक्योपनिषद् |
| मा. पु. | मार्कण्डेयपुराणम् |
| मा. श. | मारुतशक्ति |
| मी. द. | मीमांसादर्शनम् |
| मुं. उ. | मुंडकोपनिषद् |
| मं. आ. आ. | मंगलाशर्तिकार्या |
| य. अ. प. | यमुनाष्टपदी |
| य. अ. वि. | यमुनाष्टकविवृति |
| यजु. | यजुर्वेद: |

| | |
|---|---|
| रस. सर्व. | रससर्वस्वम् |
| र. स्म. | रक्षास्मरणम् |
| रा. न. नि. | रामनवमी निर्णय: |
| रा. प्रा. च. | राधाप्रार्थनाचतु:श्लोकी |
| ल. त्रि. स्तो. | ललितत्रिभंगस्तोत्रम् |
| व. अ. | वल्लभाष्टकम् |
| वा. गृ. सू. | वाराहगृह्यसूत्र |
| वि. | विज्ञप्ति: |
| वि. चू. | विवेकचूडामणि: |
| वि. पु. | विष्णुपुराणम् |
| वि. मं. | विद्वन्मंडनम् |
| वि. मं. उ. | विद्वन्मंडनोपोद्घात: |
| वि. मं. नि. | द्विन्मंडन निष्कर्ष: |
| वि. मं. टि. | विद्वन्मंडन टिप्पणी |
| वि. वि. वि. | विठ्ठलेश्वर विरचित विवृति |
| वृ. च. श्लो. वि. | वृत्रासुरचतुश्लोकी विवृत्ति |
| वे. अ. मा. | वेदान्त्माधिकरण माला |
| वे. चि. | वेदान्तचिन्तामणि: |
| वे. प. | वेदान्तपरिभाषा |
| वे. सा. | वेदान्तसार: |
| वै. सा. द. | वैयाकरणभूषणसारदर्पण |
| वै. सू. | वैशेषिकसूत्र |
| वै. न्या. मा. | वैयासिकन्यायमाला |
| वृ. च. अ. प. | वृजवर्याष्टपदी |
| श. आ. आ. | शयनारार्तिकार्या |

13

| | |
|---|---|
| श. ब्रा. | शतपथब्राह्मण |
| शां. उ. | शाण्डिल्योपनिषद् |
| शा. दी. | शास्त्रदीपिका |
| शि. प. | शिक्षापत्री |
| शि. श्लो. | शिक्षाश्लोकी |
| शुद्धाद्वैत | शुद्धाद्वैतमार्तण्ड |
| शृ. र. | शृङ्गाररसः |
| शृ. र. मं. | शृङ्गाररसमण्डनम् |
| श्री. टि. | श्रीमती टिप्पणी |
| श्री. भा. | श्रीभाष्यम् |
| श्रु. गी. | श्रुतिगीता |
| श्वे. उ. | श्वेताश्वतरोपनिषद् |
| ष. ब्रा. | षड्विंशब्राह्मणः |
| स. द. सं. | सर्वदर्शनसंग्रहः |
| स. वि. | सप्तमी विज्ञप्तिः |
| स. सा. उ. | सर्वसारोपनिषद् |
| स. स्तो. | सर्वोत्तमस्तोत्रम् |
| सं. आ. आ. | संध्याशतिकार्या |
| सं. शा. | संक्षिप्तशारीरिक |
| सां. का. | सांख्यकारिका |
| सां. प्र. भा. | सांख्यप्रवचनीभाष्य |
| सि. बि. | सिद्धान्तबिन्दुः |
| सि. मं. | सिद्धान्तमुक्तावली |
| सि. ले. सं. | सिद्धान्तलेशसंग्रहः |
| सि. शो. | सिद्धान्तशोभा |
| सु. उ. | सुबालोपनिषद् |

| | |
|---|---|
| सुबो. | सुबोधिनी |
| सुबो. का. | सुबोधिनीकारिका |
| सुबो. पु. | सुबोधिनीप्रकाशः । |
| सु. सू. | सुवर्णसूत्रम् |
| से. फ. वि. | सेवाफलम् स्वविवरणम् |
| सौ. पु. | सौन्दर्यपद |
| स्व. द. | स्वप्नदर्शनम् |
| स्फु. कृ. प्रे. अ. स्तो. | स्फुरत्कृष्णप्रेमामृतस्तोत्रम् |
| स्वा. अ. | स्वामिन्यष्टकम् |
| स्वा. प्र. | स्वात्मप्रकाशिका |
| स्वा. प्रा. | स्वामिनीप्रार्थना |
| स्वा. स्तो. | स्वामिनीस्तोत्रम् |
| ह. तो. | हरितोषिणी |
| उ. अं. | उपनिषद्-अङ्क |
| भा. द. | भारतीय दर्शन |
| भा. वा. रा. | भारतीय वाङ्मय में राधा |
| व. की. | वर्षोत्सव कीर्तन मालिका |
| वे. वि. स्व. | वेदान्त विचार और स्वरूप |
| शु. अ. पृ. | शुद्धाद्वैतवाद तथा अणुभाष्य की प्रस्तावना |
| सं. सा. इ. | संस्कृत साहित्य का इतिहास |

| | |
|---|---|
| A. C. | Ashta Chhap |
| D. V. | Doctrines of Shri Vallabhacharya |
| H.I.P. | A History of Indian Philosophy |
| I. D. | Indian Dialectics |
| L. V. | A Life of Shri Vallabhacharya |
| P. S. | Purusottamaji : A Study |
| S. B. | Sribhasya |
| Su. B. | Suddhadvaita Brahmavada |
| S. V. | The System of the Vedanta |
| T. V. | The Vedanta |
| I. D. N. | Tattva Dip Nibandha |
| T.N.V.S. | The New Vedic Selection |
| V L. G. K. | Vallabhacharya on the Love Games of Krishna |
| V. V. | Sri Vitthales'vara and his Vidvanmandana |
| V. D.- S. | Vedant Desika : A Study |

| | |
|---|---|
| અ.ગ્ર. | અનુગ્રહ |
| ઈ.ઉ. | ઈશાવાસ્યોપનિષદ |
| ઉ.વિ. | ઉપનિષદ વિચારણા |
| ચો.વૈ.વા. | ચોર્યાસી વૈષ્ણવની વાર્તા |
| ધ.સ.ત. | ધર્મનું સર્વોત્કૃષ્ટ તત્ત્વ |
| ન.આ. | નવાખ્યાન |
| પુ.મા.કી.પ્ર. | પુષ્ટિમાર્ગીય કીર્તન પ્રણાલી |
| પુ.પી.વિ.ચ. | પુષ્ટિપીયૂષ વિઠ્ઠલેશ ચરિત |
| બ.બા.વૈ.વા. | બસો બાવન વૈષ્ણવની વાર્તા |
| બ્ર.સૂ.અ.ભા. | બ્રહ્મસૂત્રાણુભાષ્ય |
| ભા.સા.અ.ભા.સ્થા. | ભારતીય સાહિત્યમાં અણુભાષ્યનું સ્થાન. |
| ભા.સં.પા. | ભારતીય સંસ્કૃતિના પાયા |
| મ.પ્ર.ચ. | શ્રી મહાપ્રભુજીને ચરણે |
| મા.ઉ.ગૌ.પા.કા. | માંડૂક્ય ઉપનિષદ ગૌડપાદ કારિકા |
| રસ.ગં.ભૂ. | રસગંગાધરની ભૂમિકા |
| વ.મ. | વલ્લભાચાર્ય મહાપ્રભુજી |
| વ.આ. | વલ્લભાખ્યાન |
| વ.આ. (ન.આ.) | વલ્લભાખ્યાન (નવાખ્યાન) |
| વિ.ચ. | શ્રી વિઠ્ઠલેશ્વર ચરિતામૃત |

| | |
|---|---|
| વિ. ચ. પ્ર. ચિ. | શ્રી વિઠ્ઠલેશ્વર ચરિતામૃત |
| | શ્રી પ્રભુચરણ ચિન્તામણિ (સંસ્કૃત) |
| વિ. મં. ઉપો. | વિદ્વન્મંડન ઉપોદ્ઘાત |
| શૃં. ર. મં. (ઉપો.) | શૃંગારરસમંડન ઉપોદ્ઘાત |
| ષ. દ. ન્યા. વૈ. | ષડ્દર્શન ન્યાય-વૈશેષિક |
| સુ. કા. | સુબોધિની કારિકા |
| હિ. ધ. દ. | હિન્દુધર્મદર્શન |
| હિ. વે. ધ. | હિન્દુ વેદધર્મ |
| હિ. વે. ધ. ત. વિ. | હિન્દુ વેદધર્મ તત્ત્વવિવેક |
| હિ. વે. ધ. મ. સિ. સા. | હિન્દુ વેદધર્મ મહાસિદ્ધાન્ત સાર |
| હિ. વેધ. વે. સૂ. ભા. | હિન્દુ વેદધર્મ વેદાન્ત સૂત્રભાષ્ય |

## પ્રકરણ - ૧

## શ્રી વિઠ્ઠલનાથજીનું જીવન, સમય અને કૃતિઓ

### પ્રસ્તાવના :

ભારતીય સંસ્કૃતિની મહાન સાંસ્કૃતિક પરંપરામાં અનેકવિધ ગ્રંથો, પંથો અને સંતોનો પ્રભાવ જોવા મળે છે. ગ્રંથો અને પંથોની અવિરત દ્વારા એ સંસ્કૃતિની ચેતનાને નિત્ય નૂતન રાખી છે.

સંત પરંપરામાં ભારતીય આચાર્યોને પણ આવરી લેવાય, કારણ કે આચાર્યોએ સંસ્કૃત ભાષાના માધ્યમ દ્વારા શાસ્ત્રીય દૃષ્ટિકોણ વ્યકત કર્યો હતો, જયારે સંતોએ લોકભાષામાં-ભજન-કીર્તન દ્વારા શાસ્ત્રોનું દોહન કર્યું હતું. આમ આચાર્યો અને સંતોએ ભારતીય જીવનને આધ્યાત્મિક ઉન્નતિના શિખરે લઇ જવા માટે લોક શિક્ષણનું લોકોત્તર કાર્ય કર્યું છે.

વેદાન્ત-માર્ગની આચાર્ય પરંપરા શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય-(૭ મી શતાબ્દી) થી શરૂ થાય છે અને શ્રીમદ્ વલ્લભાચાર્ય-(૧૫ મી શતાબ્દી) સુધી રહે છે.

શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તના પ્રવર્તક અને પુષ્ટિ-ભક્તિ માર્ગના પ્રણેતા શ્રીમદ્ વલ્લભાચાર્યનું જીવન-કાર્ય ભારતીય ભૂમિમાં ત્રણવાર પદયાત્રા, કૃષ્ણભક્તિનો પ્રચાર, બ્રહ્મસૂત્રાણુભાષ્યાદિ ગ્રંથો અને સ્તોત્રો સહિત વિવિધ શાસ્ત્રીય ગ્રંથોનું આકલન અને ભક્તોદ્ધારમાં સમાવિષ્ટ થાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના મતને જનહૃદય સુધી પહોંચાડવાનું અને પુષ્ટિ સમ્પ્રદાયને સુનિશ્ચિત સ્વરૂપ આપવાનું વિશિષ્ટતાભર્યું કાર્ય સિદ્ધ કરવાનું શ્રેય તેમના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીના ફાળે જાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી "પુત્ર તરીકે" પ્રસિદ્ધિ પામી શકયા હોત, પરંતુ તેઓ ઉદાર-હૃદય, નૈતિક બળ, ઉત્કૃષ્ટ વિદ્વત્તા અને પ્રભાવશાળી વ્યક્તિત્વને કારણે એક "આચાર્ય" તરીકે તેમજ પુષ્ટિ સમ્પ્રદાયના પ્રચારક અને વિલક્ષણ સેવા પ્રવર્તક તરીકે તેમની મહાન પ્રતિભાનો લાભ તત્કાલીન ભારતીય સમાજને આપી શકયા છે. આવા આચાર્યનું જીવન રોચક અને પ્રેરક હોય તે સ્વાભાવિક છે.

શ્રી વિઠ્ઠલનાથજીની કુલ પરંપરા તેમના પિતાશ્રી વલ્લભાચાર્યજીની કુલ પરંપરાથી આરંભાઇ હોવાથી, તેનો સંક્ષેપમાં નિર્દેશ અસ્થાને નહીં જ ગણાય.

## શ્રીમદ વલ્લભાચાર્યની વંશ-પરંપરા :

### પ્રસ્તાવના :

શુદધાદવૈત તત્વજ્ઞાનના પ્રતિપાદક શ્રીમદ્ વલ્લભાચાર્યના પૂર્વજો આંધ્રપ્રદેશના કાકરવાટ-કકુંભકર નગરમાં રહેતા હતા. તેઓનું કુટુંબ વેલનાટ અથવા વેલનાડુ નામથી જાણીતું હતું. વૈષ્ણવી દીક્ષા, કૃષ્ણયજુર્વેદ, તૈત્તિરીય શાખા અને ભરદવાજગોત્રના આચાર્ય-શ્રીમદ્ વલ્લભાચાર્યની આઠમી પેઢીએ શ્રી ગોવિંદાચાર્ય થયા. પરંતુ "યદુનાથ દિગ્વિજય" અનુસાર ગોવિંદાચાર્ય "વિષ્ણુસ્વામી" ની આચાર્ય પરંપરામાં આવે છે.

### ૧. યજ્ઞનારાયણ ભટ્ટ :

શ્રીમદ્ વલ્લભાચાર્યની કુલ પરંપરામાં યજ્ઞનારાયણ પ્રથમ સોમયાગના કર્તા- મૂળ પુરૂષ તરીકે સુપ્રસિદ્ધ થયા. તેઓ વેદ-શાસ્ત્રસમ્પન્ન વિદવાન અને ભકત હૃદય હતા. તેમણે વિષ્ણુમુનિ પાસેથી ગોપાલમંત્રનો ઉપદેશ ગ્રહણ કર્યો હતો. સોમયજ્ઞમાં આહુતિ આપતા ભગવાન વાસુદેવનું ધ્યાન કરતા હતા, ત્યારે શ્રીમદનમોહને સાક્ષાત પ્રકટ થઈને વર માંગવાનું કહયું, ત્યારે "પ્રભુ સો સોમયજ્ઞ પૂર્ણ થયે તમારા વંશમાં હું સ્વયં સદધર્મની રક્ષા માટે પુત્રરૂપે અવતરીશ" એમ કહી અંતર્હિત થયા. શ્રી યજ્ઞનારાયણ ભટ્ટે ૩૨ સોમયજ્ઞ કર્યા હતા.

## ૨. ગંગાધર સોમયાજી :

યજ્ઞનારાયણ ભટ્ટ સદ્ગુણ સંપન્ન હતા. ગંગાધર પણ વેદ-શાસ્ત્રસંપન્ન હતા. તેઓને વિદ્વાનોએ "સર્વતંત્ર સ્વતંત્ર" અને "વેદાંતજ્ઞ" ની ઉપાધિઓ આપી હતી. ગંગાધર ભટ્ટે અઠ્ઠાવીસ સોમયજ્ઞ કર્યા હતા. તેમને "સોમયાજી" નું અભિધાન મળયું હતું. તીર્થયાત્રા, શાસ્ત્રચર્ચા, અને યજ્ઞાનુષ્ઠાન ગંગાધર ભટ્ટનું મુખ્ય કાર્ય હતું.

## ૩. ગણપતિ સોમયાજી :

ગંગાધર ભટ્ટના પુત્ર ગણપતિ ભટ્ટ થયા. તેઓ વેદશાસ્ત્ર સહિત કર્મકાંડના પણ ઉત્તમ વિદ્વાન હતા. ગણપતિ ભટ્ટે ત્રીસ સોમયજ્ઞ કર્યા હતા. તેઓએ "સર્વતંત્ર નિગ્રહ" નામક નિબંધ લખ્યો છે. દક્ષિણ ભારતીય તીર્થોમાં શાક્તો અને તાંત્રિકો સાથે શાસ્ત્રાર્થ કરીને તેમણે શિષ્યોની સાથે પ્રસિદ્ધિ મેળવી હતી.

## ૪. વલ્લભ ભટ્ટ :

ગણપતિ ભટ્ટના વલ્લભ નામે પુત્ર થયા. તેઓ "બાલ ભટ્ટ" ના નામે પ્રસિદ્ધ થયા. ઉપવીત સંસ્કાર પ્રાપ્ત કરીને શાસ્ત્રીય અધ્ય-યનથી ઉત્તમ વિદ્વત્તા મેળવી હતી. તેઓ ચાર વેદ સહિત શાસ્ત્રો ઉપર વ્યાખ્યા લખી હોવાથી "દશગ્રંથી" નામે પ્રસિદ્ધ થયા. તેઓ "કુંભધાન્ય" કહેવાય છે. તેમણે દર્શપૌર્ણમાસ યજ્ઞાદિથી ભગવાનનું

યજન કરીને ધાન્ય મેળવ્યું હતું અને પાંચ સોમયાગ સમ્પન્ન કર્યા હતા. તેમનો "ભક્તિદીપ" ગ્રંથ જાણીતો છે.

૫. <u>લક્ષ્મણ ભટ્ટ</u> :

વલ્લભ ભટ્ટના લક્ષ્મણ ભટ્ટ અને જનાર્દન ભટ્ટ નામે પુત્રો હતા. તેમનો જન્મ સં. ૧૫૦૦ માં મનાય છે. તેઓએ સાંગ, સરહસ્ય, પદ, ક્રમ, જટા, ઘન સહિત વેદ વેદાંતનું અધ્યયન કર્યું.

લક્ષ્મણ ભટ્ટ નો યલ્લમાગારુ સાથે વિવાહ થયો હતો. લક્ષ્મણ ભટ્ટે પાંચ સોમયજ્ઞ કર્યા હતા. આમ સો-સોમયજ્ઞ પૂર્ણ થતાં લક્ષ્મણ ભટ્ટ અને યલ્લમાગારુના કૂખે બાળક વલ્લભનો જન્મ સં. ૧૫૩૫ ઇ.સ. ૧૪૭૨ માં થયો.

માતા-પિતાના દ્વિતીય પુત્ર બાળક વલ્લભ જન્મથી જ અત્યન્ત પ્રતિભાશાળી હતા. પિતા લક્ષ્મણ ભટ્ટે ગાયત્રી મંત્ર અને ગોપાલમંત્રથી તેમને સંસ્કારિત કર્યા પછી વલ્લભે તૈલંગ શ્રી માધવેન્દ્ર-યતિ પાસેથી ગીતા, ભાગવતાદિ ગ્રંથોનું અધ્યયન કર્યું. વેદાદિ શાસ્ત્રો અને ષડ-દર્શન સહિત તમામ દર્શનોનો અભ્યાસ કર્યો અને પ્રત્યેક ભાષ્યોનું અધ્યયન કરીને પ્રાવીણ્ય મેળવ્યું.

વલ્લભ બાલ સરસ્વતી, વાક્પતિ અને વૈશ્વાનર નામથી ઓળખાય છે.

વિજયનગરના રાજા કૃષ્ણદેવરાયે વલ્લભનો "કનકાભિષેક" કરાવ્યો. આથી વલ્લભ આચાર્યની પદવીથી વિભૂષિત થયા અને "શ્રીમદ્ વલ્લભાચાર્ય" કહેવાયા.

## શ્રી વિઠ્ઠલનાથજીનું જીવન :

શ્રીમદ્ વલ્લભાચાર્યના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી કિંવા શ્રી વિઠ્ઠલેશ પોતાના પિતાની જેમ જ અત્યન્ત પ્રભાવશાળી અને તત્ત્વજ્ઞાની હતા. તેમનું સુદીર્ઘ જીવન વિશિષ્ટ કાર્યો, પરંપરાઓ, કળાઓ અને યાત્રાઓનું સુન્દર દર્શન કરાવે છે.

શ્રી વિઠ્ઠલનાથજીનું સમગ્ર જીવન કૃષ્ણ-ભક્તિના મહિમાને ગૌરવવંતુ સ્વરૂપ આપવાનો સફળ પ્રયાસ છે. તેમણે શ્રી કૃષ્ણને વેદ અને શાસ્ત્રોના સાર-નિષ્કર્ષરૂપે વર્ણવ્યા છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના કુળમાં પૂર્વજો ઉત્તરોત્તર સોમયાગ કરતા આવતા હતા. તેમના પૂર્વજ શ્રી યજ્ઞનારાયણ દીક્ષિતે ૩૧, શ્રી ગંગાધર દીક્ષિતે ૨૭, શ્રી ગણપતિ દીક્ષિતે ૩૨, શ્રી વલ્લભ દીક્ષિતે ૫, અને શ્રી લક્ષ્મણ ભટ્ટે ૫, સોમયાગ કર્યા હતા.[૧] આમ ૧૦૦ સોમયજ્ઞ સમ્પન્ન થતાં શ્રીમદ્ વલ્લભાચાર્યનો જન્મ થયો હતો. પ્રત્યેક સોમયાજી યજ્ઞમાં દીક્ષિત થયેલા હોઇ તેઓ દીક્ષિત તરીકે ઓળખાય છે.

શ્રી વિઠ્ઠલનાથજીના જન્મ સંબંધમાં એક ગાથા પ્રચલિત છે, જે આ પ્રમાણે છે. "ભગવાન શ્રીકૃષ્ણે ગોલોકમાં વિચાર કર્યો કે મેં વલ્લભાચાર્યના રૂપમાં પોતાના મુખનો પ્રાદુર્ભાવ કર્યો અને બ્રહ્મવાદને જ સતત દૃઢ બનાવ્યો. પરંતુ કલિયુગમાં સર્વપુરૂષાર્થરૂપ શ્રીકૃષ્ણનું ભજન જ સુગમ છે. "આથી મારો જ આવિર્ભાવ ફરી આવી પડયો છે, આથી હું બીજા રૂપમાં પૃથ્વી પર જન્મ ધારણ કરીશ." આવું

7

વિચારી બ્રહ્માંડ-પુરાણમાં કહેલા વાક્યની સફળતા માટે શ્રી વલ્લભાચાર્ય દીક્ષિતના ઘરમાં શ્રી મહાલક્ષ્મી દેવીના કૂખે બલભદ્ર-ગોપીનાથની સાથે સ્વયં ભગવાન શ્રી વિઠ્ઠલનાથનો પ્રાદુર્ભાવ થયો."[2]

## શ્રી વિઠ્ઠલનાથજીનો જન્મ, સ્થળ અને સમય :

શ્રીમદ વલ્લભાચાર્યના બે પુત્રો હતા. તેમાં જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજી અને દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી.

શ્રી વિઠ્ઠલનાથજીનો જન્મ સં.૧૫૭૨ ઇ.સ.૧૫૧૬ ના માર્ગશીર્ષ કૃષ્ણ-૯-વ્રજ પૌષ કૃષ્ણ-૯ ને શુક્રવારે હસ્તનક્ષત્રમાં પ્રયાગ નજીક ચરણાટમાં થયો હતો.[3]

શ્રી વિઠ્ઠલનાથજીની જન્મ પત્રિકાનું સંસ્કૃત શ્લોકમાં નીચે પ્રમાણે વર્ણન મળે છે. "સં. ૧૫૭૨ શકે ૧૪૩૭ ના પૌષ કૃષ્ણ નવમી શુક્રવારે, હસ્તનક્ષત્રમાં, શોભન યોગમાં, તૈતિલ કરણમાં, વૃષભ લગ્નમાં, સૂર્ય અને બુધ આઠમા ભુવનમાં, શુક્ર, શનિ અને મંગળ સાતમે રહેલા હતા. ચંદ્ર પંચમ ભુવનમાં, બૃહસ્પતિ ધન ભુવનમાં, રાહુ સહજ ભુવનમાં, કેતુ ભાગ્ય ભુવનમાં રહેલા હતા, તે સમયે સૂર્યોદયથી ૨૧ ઘટિકા અને ૨૫ પળે શ્રી વિઠ્ઠલનાથજીનો ચરણાટમાં પ્રાદુર્ભાવ થયો."[4]

શ્રી વિઠ્ઠલનાથજીના નામકરણ વિશે એવી ગાથા પ્રચલિત છે કે નામકરણ સમયે કન્યારાશિ હતી. છતાં પણ શ્રીમદ્ વલ્લભાચાર્યે

જ્યારે પંઢરપુર ગયા હતા ત્યારે ત્યાંના પુંડરીક સેવ્ય ભગવાન વિઠોબા એ નામ સહિત પુત્રરૂપે જન્મ લેવાની ઇચ્છા વ્યકત કરી હતી. તદનુસાર શ્રીમદ્ વલ્લભાચાર્યે શ્રી વિઠ્ઠલનાથજી" એવું નામ પાડ્યું.[૫]

શ્રી વિઠ્ઠલનાથજીના જન્મ પ્રસંગના આનંદનું વર્ણન ભકત કવિઓએ કર્યું છે. શ્રી કુંભનદાસજી કહે છે "આજે વલ્લભના દવારે વધાઇ છે."[૬] શ્રી ગોપાલદાસજી કહે છે, "પોષ મહિનાની નવમના મધ્યાહ્ન સમયે માતા મહાલક્ષ્મીના ઉરમાં અપરિમિત આનંદ થયો અને તે જ સમયે વૃન્દાવનના ચંદ્ર-શ્રીકૃષ્ણ શ્રી વિઠ્ઠલનાથજીના રૂપમાં પ્રગટ થયા."[૭]

યજ્ઞોપવીત અને અધ્યયન :

શ્રીમદ્ વલ્લભાચાર્યનું જીવન ઉત્તરાવસ્થામાં પ્રયાગ નજીક અડેલમાં વ્યતીત થયું હતું. આથી શ્રી વિઠ્ઠલનાથજીની બાલ્યાવસ્થા અડેલમાં જ વ્યતીત થઇ.[૮] આજ રીતે ચરણાટમાં પણ બાલ્યાવસ્થા વ્યતીત થઇ હતી.

શ્રીમદ્ વલ્લભાચાર્યે સં. ૧૫૮૦. ઇ.સ. ૧૫૨૪ના ચૈત્ર શુકલ-૯ ના દિને કાશીમાં વૈદિક વિધિપૂર્વક શ્રી વિઠ્ઠલનાથજીને યજ્ઞોપવીત સંસ્કાર આપ્યો. તેમણે વેદમંત્ર ગાયત્રીમંત્રની પણ દીક્ષા આપી.[૯]

બ્રહ્મચર્યાશ્રમ સ્વીકારીને શ્રી વિઠ્ઠલનાથજીએ કાશીમાં નિવાસ કર્યો. અહીં શ્રીમદ્ વલ્લભાચાર્યની આજ્ઞાનુસાર સમર્થ વિદવાન શ્રી મધુસૂદન સરસ્વતીની પાસે વિદ્યાધ્યયનનો આરંભ કર્યો.[૧૦] અત્યન્ત

અલ્પ સમયમાં જ તેઓશ્રીએ વેદ, વ્યાકરણ, ન્યાય, વેદાંત અને મીમાંસાદિ શાસ્ત્રોનું અધ્યયન કરીને શાસ્ત્રોમાં પારંગત બન્યા.

કાશીમાં અધ્યયન અર્થે નિવાસ કરતાં તેઓ અન્ય વિષયો કરતાં શ્રીમદ્ભાગવત ઉપર વધુ સમય આપતા હતા અને તેઓ મર્મ સમજવા પ્રયત્ન કરતા હતા. શ્રી વિઠ્ઠલનાથજીને પણ પિતાની જેમ શ્રીમદ્ભાવત ઉપર અપાર પ્રેમ હતો.[૧૧]

ઉત્તરદાયિત્વ :

શ્રીમદ્ વલ્લભાચાર્યની દેહોત્સર્ગ સમયે શ્રી વિઠ્ઠલનાથજીની ઉંમર માત્ર પંદર વર્ષની હતી અને શ્રી ગોપીનાથજીની ઉંમર સત્તર વર્ષની હતી.

શ્રીમદ્ વલ્લભાચાર્યનો દેહોત્સર્ગ કાશીના હનુમાન ઘાટ પર સં.૧૫૮૭, ઇ.સ.૧૫૩૦ ના અષાઢ શુક્લ-૩ શુક્રવારના દિને થયો હતો.[૧૨] અતિ અલ્પ વયમાં પિતાની છત્રછાયા ગુમાવી દીધેલ બન્ને બાળકો-પુત્રો ઉપર ઉત્તરદાયિત્વનો ભાર આવી પડયો ![૧૩] એમ કહેવાય છે કે શ્રી વિઠ્ઠલનાથજી પોતાની બાલ્યાવસ્થામાં પોતાના ઉત્તરદાયિત્વથી તદ્દન અજ્ઞાત હતા, ત્યારે શ્રીમદ્ વલ્લભાચાર્યના શિષ્યો સેવકો શ્રી દામોદરદાસ હરસાણી અને શ્રી પદ્મનાભદાસે તેમને પિતાના માર્ગને પ્રશસ્ત કરવા માર્ગદર્શન આપ્યું હતું. શ્રી દામોદરદાસે અલૌકિક કૃષ્ણલીલામાં પરાયણ થવાનું સૂચન પણ કર્યું હતું.[૧૪]

**પાણિગ્રહણ સંસ્કાર :**

જયેષ્ઠ બંધુ શ્રી ગોપીનાથજીએ શ્રી વિઠ્ઠલનાથજીના પાણિગ્રહણ સંસ્કાર કરાવ્યા હતા. તેમના પ્રથમ પાણિગ્રહણ સંસ્કાર સં.૧૫૮૮ ના વૈશાખ કૃષ્ણ પ્રતિપદાના દિને કાશી નિવાસી બાગરોદી શ્રી વિશ્વનાથ ભટ્ટ અને પત્ની ભવાનીની કન્યા રુક્મિણી સાથે થયા હતા.[૧૫] આમ આપણી ઔપનિષદ પરંપરા પ્રમાણે "યાજ્ઞવલ્કય" ની જેમ તેઓ એક "ગૃહસ્થાશ્રમી આચાર્ય બન્યા."[૧૬]

શ્રી વિઠ્ઠલનાથજીના પ્રથમ ધર્મપત્નીના છ પુત્રો અને ચાર પુત્રીઓના નામ નીચે પ્રમાણે છે. પુત્રો : ૧. શ્રી ગિરિધર. ૨. શ્રી ગોવિંદરાય ૩. શ્રી બાલકૃષ્ણ ૪. શ્રી ગોકુલનાથ ૫. શ્રી રઘુનાથ ૬. શ્રી યદુનાથ. પુત્રીઓ : ૧. શોભા ૨. યમુના ૩. કમલા ૪. દેવકી.[૧૭]

શ્રી વિઠ્ઠલનાથજીનો પરિવાર વિશાળ હતો. તેઓ પોતાના જયેષ્ઠબંધુ અને માતાની સેવા કરીને તેમને સન્માન તથા સહયોગ આપતા હતા. જ્યારે શ્રી ગોપીનાથજી શ્રી નાથજીની સેવા માટે વ્રજમાં હોય ત્યારે શ્રી વિઠ્ઠલનાથજી માતાની સેવા માટે અડેલમાં રહેતા હતા. આમ અત્યન્ત સહજભાવથી તેઓ પરિવારનું પાલન-પોષણ અને જવાબદારી વહન કરતા હતા.[૧૮]

**યાત્રાઓનો આરંભ :**

જયેષ્ઠબંધુ શ્રી ગોપીનાથજી પિતાશ્રીના અનુગામી બનીને

"આચાર્યપદ" શોભાવ્યું હતું. તેઓ પણ મહાન ભક્ત હતા. તેમના એકમાત્ર પુત્ર શ્રી પુરૂષોત્તમ હતા.

શ્રી ગોપીનાથજી વિરચિત "સાધનદીપિકા" નામની સ્વતંત્ર કૃતિ ઉપલબ્ધ છે.

શ્રી ગોપીનાથજી અને તેમના પુત્ર શ્રી પુરૂષોત્તમનો સં. ૧૫૯૦ થી સં. ૧૬૦૦ ના સમય દરમિયાન દેહોત્સર્ગ થયો હોય એમ મનાય છે.[૧૯]

જયેષ્ઠબંધુ શ્રી ગોપીનાથજીના દેહોત્સર્ગ પછી શ્રી વિઠ્ઠલનાથજી પિતાના "પ્રમાણિત પ્રચારક" બન્યા. તેમણે શ્રીમદ્ વલ્લભાચાર્યના સિદ્ધાંતોના પ્રચાર અને પ્રસાર માટે યાત્રાઓનો સુનિશ્ચિત કાર્યક્રમ બનાવ્યો.[૨૦]

શ્રી વિઠ્ઠલનાથજીને પોતાના પિતાશ્રી અને જયેષ્ઠબંધુને પૂર્વે પ્રાપ્ત થયેલ સત્કારને કારણે દ્વારકાયાત્રા અને ગુજરાતયાત્રાનો રસ અને ઇચ્છા જાગ્યાં.[૨૧] પિતા દ્વારા પ્રસ્થાપિત માર્ગને પ્રસિદ્ધ કરવા દ્વારકાયાત્રાઓનું આયોજન કર્યું.

શ્રી વિઠ્ઠલનાથજીએ દ્વારકાયાત્રાના નિમિત્તે જુદા-જુદા સમયે છ વાર ગુજરાતનો પ્રવાસ ખેડયો હતો.[૨૨] પિતા શ્રીમદ્ વલ્લભાચાર્ય પણ ત્રણ વાર દ્વારકાની યાત્રાર્થે આવ્યા હોય એમ જાણવા મળે છે. બેટ દ્વારકામાં આવેલ "શ્રી દ્વારકાનાથજી" નું સ્વરૂપ શ્રીમદ્ વલ્લભાચાર્યે સ્થાપિત કર્યું હતું.[૨૩]

**પ્રથમ દ્વારકા-યાત્રા :**

શ્રી વિઠ્ઠલનાથજીની પ્રથમ દ્વારકાયાત્રા અડેલથી સં.૧૬૦૦ ઈ.સ.૧૫૪૪ માં આરંભાઇ હતી. તેઓની સાથે શ્રી હરિવંશ વગેરે વૈષ્ણવો હતા. આ હરિવંશ એ ચાચા હરિવંશજી તરીકે ઓળખાતા શ્રીમદ્ વલ્લભાચાર્યના સેવક હતા.

માર્ગમાં ઇડરના રાજા ભારમલ્લ અને તેનો પુત્ર રાયપૂંજા શ્રી વિઠ્ઠલનાથજીના સેવકો બન્યા હતા.

આ યાત્રા પ્રસંગે તેઓશ્રી અમદાવાદમાં રતનજી પારેખની પોળમાં ઉતર્યા હતા. આ પ્રથમ દ્વારકા-યાત્રાના સમયે શ્રી વિઠ્ઠલનાથજી એકત્રીસ-વર્ષીય હતા.

અમદાવાદથી દ્વારકા જઇને શ્રી વિઠ્ઠલનાથજીએ ત્યાં એક માસ નિવાસ કર્યો. અહીં તેમણે શ્રી દ્વારકેશની સેવાનો ક્રમ વ્યવસ્થિત બનાવ્યો.[૨૪]

**દ્વિતીય દ્વારકા યાત્રા :**

શ્રી વિઠ્ઠલનાથજીની દ્વિતીય દ્વારકાયાત્રા પણ અડેલથી સં.૧૬૧૩-ઈ.સ.૧૫૫૭ માં આરંભાઇ હતી. આ યાત્રા સમયે તેઓશ્રીએ ઇડર ક્ષેત્રમાં અનેક વૈષ્ણવોને ત્યાં મુકામ કર્યો. જેમાં વૈષ્ણવ-શંકર, સંધા અને વાધાનો સમાવેશ થાય છે. તેઓ છાલા ગામના નિવાસી હતા. શ્રી વિઠ્ઠલનાથજીની સાથે શ્રી હરિવંશજી, ભંડારી ચાંપા પારેખ વગેરે હતા.[૨૫]

અમદાવાદમાં અસારવામાં તેઓશ્રીએ ભાઇલા હરજી કોઠારીને ત્યાં નિવાસ કર્યો હતો. અહીં તેઓશ્રીના દર્શનાર્થે નાગજી ભટ્ટ, મહાદેવદાસ અને ગદાધર વગેરે સેવકો આવ્યા હતા. આ સર્વે સેવકોને સાથે લઇને શ્રી વિઠ્ઠલનાથજી દ્વારકા ગયા. ત્યાંથી પાછાં "અસારવા" આવીને "શૃંગાર રસમંડન" અને "દાન લીલાષ્ટકમ" જેવાં ગ્રંથોનું પ્રણયન કરીને વૈષ્ણવોને અલભ્ય લાભ આપ્યો હતો.[૨૬]

## તૃતીય દ્વારકા યાત્રા :

શ્રી વિઠ્ઠલનાથજીની તૃતીય દ્વારકાયાત્રા ગઢાથી સં.૧૬૧૯-ઇ.સ.૧૫૬૩ માં આરંભાઇ હતી. આ સમયે પ્રથમ અસારવામાં શ્રી ભાઇલા કોઠારીને ઘેર નિવાસ કર્યો.[૨૭] ત્યાંથી દ્વારકા-યાત્રા સમ્પન્ન કરીને તેઓ ફરી અસારવા આવ્યા. અહીં શ્રીમદ્ વલ્લભાચાર્યની આરાધના-સંવત્સરી વિધિ પુરસ્સર સમ્પન્ન કરી. શ્રી વિઠ્ઠલનાથજીના આશીર્વાદથી નારાયણદાસજીને રાજપદવી મળી અને તેઓ ઇડરના રાજા થયા. વળી હરિત પતિત નામના ભાઇઓનો ઉદ્ધાર કર્યો.[૨૮] આ યાત્રામાં ચતુર્થ પુત્ર શ્રી ગોકુલનાથ સાથે હતા.

## ચતુર્થ દ્વારકા યાત્રા :

શ્રી વિઠ્ઠલનાથજીની ચતુર્થ દ્વારકા યાત્રા સં.૧૬૨૩-ઇ.સ. ૧૫૬૭ માં મથુરાથી આરંભાઇ હતી. આ સમયે ભાઇલા કોઠારી

શ્રી વિઠ્ઠલનાથજીને સામા લેવા માટે "સાદરા" સુધી ગયા હતા. શ્રી નાગજી ભટ્ટે શ્રી વિઠ્ઠલનાથજીને કેરી જમાડી હતી. શ્રી વિઠ્ઠલનાથજીએ મેડતાના રાજા જયમલ્લ, અજબકુંવરીબાઇ અને કટહરિયા સેવકોને શરણમંત્ર આપી સેવકો બનાવ્યા હતા.[૨૯]

પાંચમી દવારકા યાત્રા :

શ્રી વિઠ્ઠલનાથજીની પાંચમી દવારકા યાત્રા ગોકુલથી સં. ૧૬૩૧ - ઇ.સ. ૧૫૭૫ માં આરંભાઇ હતી. તેમની સાથે અષ્ટછાપના ભક્ત કવિ શ્રી કુંભનદાસ પણ હતા, પરંતુ શ્રીનાથજીના દર્શનનો તીવ્ર અસહય વિરહાનુભવ થવાથી તેઓ ફરીથી વ્રજમાં ગયા હતા.[30]

દવારકા યાત્રાના આ સમયે સૌરાષ્ટ્ર પ્રદેશમાં દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તતી હતી. કાબાઓ લૂંટફાટ કરીને ઉપદ્રવ મચાવતા હતા. પરંતુ શ્રી વિઠ્ઠલનાથજીના તેજપ્રભાવથી કાબાઓ તેમનું કંઇપણ નુકસાન કરી શકયા નહીં, એટલું જ નહિ, કાબાઓના યૂથાધિપતિની સ્ત્રી ગોરબાઇ શરણે આવીને તેમની સેવક બની હતી.[૩૧]

છઠ્ઠી દવારકા યાત્રા :

શ્રી વિઠ્ઠલનાથજીની છઠ્ઠી અને અંતિમ દવારકા યાત્રા સં. ૧૬૩૮ - ઇ.સ. ૧૫૮૨ માં ગોકુલથી આરંભાઇ હતી. આ યાત્રામાં જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધર સાથે હતા. શ્રીનાથજીના અધિકારી શ્રી ચાંપાભાઇ "ફતેહપુર સીકરી" સુધી તેમની સાથે આવ્યા હતા. સીકરીમાં બીરબલ તેઓશ્રીના દર્શને આવ્યો હતો.[૩૨]

શ્રી વિઠ્ઠલનાથજીએ ત્યાંથી રવાના થઇને માર્ગમાં આવતા તીર્થસ્થાનો જેવાં કે બિન્દુ સરોવર, સિદધપુરમાં સ્નાન કરીને અસારવા મુકામે ભાઇલા કોઠારીને ત્યાં નિવાસ કર્યો. અહીં તેમના જમાઇ રૂપાલવાળા નવવર્ષીય ગોપાલદાસને તાંબુલચર્વિત આપીને "સાગર" બનાવ્યા. ગોપાલદાસે શ્રી વિઠ્ઠલનાથજીની સમક્ષ "નવાખ્યાન" ની રચના કરી. ત્યાર પછી શ્રી વિઠ્ઠલનાથજીએ દવારકા યાત્રા માટે પ્રસ્થાન કર્યું હતું.[33]

વ્રજયાત્રાઓ :

શ્રી વિઠ્ઠલનાથજીની દવારકા યાત્રાઓની જેમ જ વ્રજયાત્રાઓ પણ અત્યન્ત પ્રભાવશાળી રહી છે. યાત્રાના રસિક એવા શ્રી વિઠ્ઠલનાથજીએ સં.૧૬૦૦ - ઇ.સ.૧૫૪૪ માં ભાદરવા સુદ ૧૨ ને દિને સ્વતંત્રપણે વ્રજયાત્રાનું આયોજન કર્યું હતું. આ યાત્રામાં માતા-અક્કાજી-શ્રી મહાલક્ષ્મી, તીર્થ પુરોહિત ઉજાગર શર્મા, ધર્મપત્ની રુક્મિણી, પુત્રી શોભા, જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધર, શ્રી ગોપીનાથજીના ધર્મપત્ની પાચમ્માગારુ તેમના પુત્ર શ્રી પુરૂષોત્તમ, પુત્રી સત્યભામા, સજાતીય ભટ્ટ વર્ગ, શ્રી દામોદરદાસ હરસાણી અને શ્રી પદમનાભદાસ જેવા શ્રેષ્ઠ સેવકો પણ સાથે હતા. તીર્થપુરોહિત ઉજાગર શર્માને વૃત્તિપત્રક આ સમયે લખી આપ્યું હતું.[34]

આ સિવાય સં.૧૬૨૪ અને ૧૬૨૮ માં પણ તેઓએ વિધિપૂર્વક વ્રજયાત્રાઓ કરી હતી.

જગન્નાથપુરીની યાત્રાએ :

શ્રી વિઠ્ઠલનાથજીએ સં.૧૬૧૬ - ઇ.સ.૧૫૬૦ ના મહાવદ ૧૩ ના દિને ઓરિસ્સા રાજ્યમાં આવેલા જગવિખ્યાત ભગવાન જગન્નાથ મંદિરની મુલાકાત લીધી હતી. આ યાત્રામાં ધર્મપત્ની રુક્મિણી, જયેષ્ઠ પુત્રી શોભા, અને જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધર સાથે હતા. શ્રી વિઠ્ઠલનાથજીએ જગન્નાથપુરીમાં રથોત્સવ-રથયાત્રાના દર્શન કર્યાં હતા અને છ માસ પર્યન્ત નિવાસ કર્યો હતો.[૩૫]

શ્રી વિઠ્ઠલનાથજી પુરીની યાત્રામાં એક "રાસ" નામના સુથારને પણ સાથે લઇ ગયા હતા. અહીં તેઓ તેને ભગવાન જગન્નાથજીના રથના જેવા આકારનો રથ બનાવડાવવાના કારણે લાવ્યા હતા. અડેલમાં જઇ, તે પ્રમાણે રથ બનાવડાવી "રથોત્સવ" ને અનેરું મહત્વ પ્રદાન કર્યું ![૩૬]

શ્રી વિઠ્ઠલનાથજી પુરીમાંના નિવાસ દરમિયાન તત્કાલીન શ્રી ચૈતન્ય મહાપ્રભુના ભકતોના સંપર્કમાં આવ્યા હોય એમ માની શકાય. તેમના "સ્વામિન્યષ્ટક, સ્વામિની સ્તોત્ર, કૃષ્ણપ્રેમામૃત ટીકા, અને શૃંગારરસમંડન જેવા સ્તોત્રો અને ગ્રંથો ઉપર ચૈતન્ય મહાપ્રભુનો પ્રભાવ પડયો હોય એમ કહી શકાય.[૩૭]

શ્રી વિઠ્ઠલનાથજી સં.૧૬૧૬ ના આષાઢ મહિનામાં પુરીથી અડેલ પાછા આવ્યા. આ સમયથી લઇને સં.૧૬૧૯ - ઇ.સ.૧૫૬૩ સુધીના પ્રારંભકાળ દરમિયાન તેઓએ અડેલમાં નિવાસ કર્યો હોય એમ લાગે છે.[૩૮]

શ્રી વિઠ્ઠલનાથજીએ અડેલમાં જગન્નાથના "રથોત્સવ" જેવો જ "રથોત્સવ" ઉજવ્યો હતો. આ સમયમાં જ શ્રી વિઠ્ઠલનાથજીએ "શ્રી વિદ્વન્મંડન" નામનો ગ્રંથ રચ્યો હતો. વૈશાખ શુકલ-૧૨ સં.૧૬૧૯ - ઇ.સ.૧૫૬૩ ની હસ્તપ્રત પ્રસ્તુત તર્કને સમર્થન આપે છે.[39]

<u>અડેલથી પ્રયાણ</u> :

શ્રી વિઠ્ઠલનાથજીએ સં.૧૬૧૯ માં -ઇ.સ.૧૫૬૩ માં મુસ્લિમ આક્રમણને લીધે અડેલનું પોતાનું નિવાસસ્થાન છોડી દીધું. એક માન્યતા મુજબ શ્રી વિઠ્ઠલનાથજીને અડેલમાં "બુધનો તારો પીળો" ઉગેલો જાણી ઉપદ્રવની આશંકા જન્મી અકબરના સેનાપતિ અને અડેલના રાજા વચ્ચે યુદ્ધ થયું. લોકો ગામમાંથી પલાયન થવા લાગ્યા.[40]

શ્રી વિઠ્ઠલનાથજીના પુત્રો શ્રી બાલકૃષ્ણ, શ્રી વલ્લભ, શ્રી રઘુનાથ વગેરે ઘડો લઇને બહાનાથી ગામની બહાર નીકળ્યા અને અડેલથી દૂર ત્રણ ગાઉ પર નટશાળામાં નિવાસ કર્યો. શ્રી વિઠ્ઠલનાથજી સહિત સર્વ કુટુંબીજનો રાત્રે ત્યાં આવ્યા. પછી તેઓ રાજા રામચંદ્રના રાજ્ય "બંધગઢ" માં ગયા.[41]

વાઘેલા રાજપુત રાજા રામચંદ્રને એવા સમાચાર મળ્યા કે શ્રી વિઠ્ઠલનાથજી સપરિવાર બંધગઢ આવે છે. આ જાણીને રાજા સામે લેવા ગયો. ઉદાર ધર્માત્મા અને દયાવાન રાજા રામચંદ્રે ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમથી તેમનું સ્વાગત કર્યું.[42]

શ્રી વિઠ્ઠલનાથજીએ બંધગઢ-રીવામાં બે માસ નિવાસ કર્યો હતો. પ્રસિદ્ધ ગાયક અને સંગીતજ્ઞ તાનસેન આ સમયે જ શ્રી વિઠ્ઠલનાથજીના સંપર્કમાં આવ્યો હતો.[૪૩] તે રાજા રામચંદ્રનો રાજ્ય સંગીતકાર હતો.

ગઢામાં નિવાસ :

શ્રી વિઠ્ઠલનાથજી બંધગઢથી ગઢા આવ્યા. વર્તમાન જબલપુરની પાસે આવેલ શ્રી વિઠ્ઠલનાથજીની બેઠક આ માન્યતાને સમર્થન આપે છે.[૪૪]

ગઢામાં રાણી દુર્ગાવતી રાજ્ય કરતી હતી, તે "દલપતીશાહ" સાથે લગ્નગ્રંથિથી જોડાઇ હતી. રાણીને "વીર નારાયણ" નામનો પુત્ર હતો, પરંતુ તે ત્રણ વર્ષનો હતો ત્યારે "દલપતીશાહ" મૃત્યુ પામ્યા. રાણી દુર્ગાવતીના રાજ્યના તાબા હેઠળ બાવન ગઢો હતા. રાણીએ અનેક યુદ્ધોમાં અપ્રતિમ સાહસ દાખવ્યું હતું. આથી તે "દુર્ગેશાહ" કહેવાતી હતી.[૪૫]

રાણી દુર્ગાવતી ધાર્મિક વૃત્તિની હતી. તે અનેક બ્રાહ્મણોને આશ્રય આપતી હતી. આમ રાણી દુર્ગાવતીનું રાજ્ય વિજયનગર પછીનું સ્વતંત્ર હિન્દુ રાજ્ય હતું.[૪૬]

શ્રી વિઠ્ઠલનાથજી રાણીની રાજધાનીમાં આવ્યા ત્યારે તેમણે "જમનીયા તળાવ" - રાણી તળાવ ઉપર નિવાસ કર્યો. રાણી દુર્ગાવતીએ શ્રી વિઠ્ઠલનાથજીનું સંતસુલભ ચારિત્ર્ય, ઉત્તમ જ્ઞાન અને ઉત્કૃષ્ટ કૃષ્ણભક્તિ જોઇને તેમને ગઢામાં સ્થાયી નિવાસ કરવા વિનંતી કરી.[૪૭]

શ્રી વિઠ્ઠલનાથજી ગઢામાં ત્રણ વર્ષ રહયા હતા. રાણી દુર્ગાવતીએ તેમને એકસો આઠ ગામ ભેટમાં આપ્યાં હતા. શ્રી વિઠ્ઠલનાથજીએ આ ગામો પોતાના સજાતીય ભટ્ટ વગેરેને પાછા ભેટમાં આપી દીધા હતાં.[૪૮]

શ્રી વિઠ્ઠલનાથજીના ગઢા નિવાસ દરમિયાન બ્રહ્મદાસ નામના બ્રાહ્મણ તેમના સંપર્કમાં આવ્યા હતા. બ્રહ્મદાસે "કરમુરલી કટિક્રીવ કુટિલ કીએ અંગનાગન ઘેરે" પદનું ગાન કર્યું. શ્રી વિઠ્ઠલનાથજીએ પ્રસન્ન થઇ બીજું પદ ગાવાનું કહયું, ત્યારે બ્રહ્મદાસે ગાયું, "બ્રહ્મદાસ પ્રભુસો મન મિલ ગયો જયોં સાકરમેં બુંદ સમાની." આ સાંભળીને પ્રસન્ન થયેલા શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાની પહેરેલી ડગલી વસ્ત્ર તેને આપી. આ પ્રસંગ પછી બ્રહ્મદાસનો ભાગ્યોદય થયો ! આ બ્રહ્મદાસ એ જ વીરવર બીરબલના નામથી જાણીતા થયા.[૪૯]

શ્રી વિઠ્ઠલનાથજીએ રાણી સમક્ષ ગઢાનું નિવાસસ્થાન છોડવાની ઇચ્છા દર્શાવી. અકબરના સેનાપતિ આસફખાને રાણીના માનીતા હાથી "ગુરુદાર" ની માગણી કરી હતી, પરંતુ રાણીએ તેનો અસ્વીકાર કર્યો, તેથી તેણે સં.૧૬૨૧ - ઇ.સ.૧૫૬૪ માં ગઢા પર આક્રમણ કર્યું.[૫૦]

શ્રી વિઠ્ઠલનાથજી યમુના કિનારે નિવાસ કરવા ઇચ્છતા હતા. આથી રાણી દુર્ગાવતીએ તેમની ઇચ્છાને માન આપીને મથુરામાં સાત ઘરો બંધાવ્યાં. આ "સાત ઘરો" એ જ "સતઘરા" ના નામથી જાણીતા થયાં.[૫૧]

શ્રી વિઠ્ઠલનાથજીના પ્રથમ પત્ની "રુકિમણી" નું ગઢામાં નિધન થયું હતું. શ્રી વિઠ્ઠલનાથજીને દ્વિતીય વિવાહની ઇચ્છા નહોતી. પરંતુ રાણી દુર્ગાવતીના અતિશય આગ્રહને કારણે શ્રીકૃષ્ણરાય ભટ્ટની પદમાવતી નામની દીકરી સાથે સં.૧૬૨૦ ઇ.સ.૧૫૬૩ માં અક્ષય તૃતીયાને દિવસે તેમણે લગ્ન કર્યાં.[૫૨] પદમાવતીના એકમાત્ર પુત્ર "શ્રી ઘનશ્યામ" હતા.

ગઢામાં ઉપદ્રવનો સંભવ જણાતાં શ્રી વિઠ્ઠલનાથજી ત્યાંથી પ્રયાગ આવ્યા હતા. અહીં તેઓ સકુટુંબ આનંદપૂર્વક રહ્યા હતા. તેમણે કૃષ્ણસેવામાં પોતાને સમર્પિત કરી અને સોમયાગની વિધિ પણ સમ્પન્ન કરી.[૫૩]

## પ્રયાગથી ગોકુલ ગમન :

શ્રી વિઠ્ઠલનાથજી સં.૧૬૨૨ ના ઇ.સ.૧૫૬૫, ભાદ્રપદ કૃષ્ણ-૩ ના દિવસે પ્રયાગથી ગોકુલ ગયા. અહીં ચોર્યાસી દિવસ રહીને સં.૧૬૨૩ ઇ.સ.૧૫૬૬ માં કાર્તિક શુકલ ૧૧ ના દિને મથુરામાં રાણી દુર્ગાવતીએ બંધાવેલા સતઘરામાં નિવાસ કર્યો.[૫૪]

શ્રી વિઠ્ઠલનાથજી સં.૧૬૨૩ માં દવારકા યાત્રામાં હતા, ત્યારે જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધર ગોવર્ધન પર્વત પરથી ફાલ્ગુન કૃષ્ણ-૭ ના દિને શ્રીનાથજીની મૂર્તિને સતઘરામાં લાવ્યા હતા અને બે મહિનાને એકવીસ દિવસ સુધી સતઘરામાં સેવા કરી હતી.[૫૫]

શ્રી વિઠ્ઠલનાથજી ૧૬૨૩ ની દવારકા-યાત્રાએથી પાછા મથુરા આવ્યા પછી શ્રીનાથજીની પ્રતિમા ગિરિરાજ-શ્રી ગોવર્ધન પર્વત પર

લઇ ગયા. અહીં ૧૬૨૪ ના વૈશાખ સુદ ૧૪ ના દિને શ્રીનાથજીને પુનઃ પ્રતિષ્ઠિત કર્યા. ત્યાર પછી ૧૬૨૮ ના ફાલ્ગુન કૃષ્ણ-૭ ના દિવસે શ્રી વિઠ્ઠલનાથજીએ "ગોકુલ" ને સ્થાયી નિવાસસ્થાન બનાવ્યું.[૫૬]

ગોકુળમાં નિવાસ :

શ્રી વિઠ્ઠલનાથજીએ સં.૧૬૨૮ થી ૧૬૪૨ પર્યન્ત-જીવનના અંત પર્યન્ત ગોકુળમાં નિવાસ કર્યો. તેમનું જીવન સાહિત્યિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં જ વ્યસ્ત રહેવા લાગ્યું. તેઓ પોતાની અસાધારણ શકિત અને સામર્થ્યથી વિશાળ જન-સમુદાયને આકર્ષવામાં સફળ રહયા. સમ્રાટ અકબર પણ શ્રી વિઠ્ઠલનાથજીના ઉત્તરોથી સંતુષ્ટ પ્રસન્ન થતો હતો.[૫૭]

પરિણામે તેણે શ્રી વિઠ્ઠલનાથજીને "શાહી ફરમાન" દ્વારા યમુના કિનારે મહાવનની નજીક આવેલું ગોકુલ ગામ ભેટમાં આપ્યું.[૫૮]

તદુપરાંત બીજાં પણ ફરમાન દ્વારા અકબરની માતા હમીદાબાનુ બેગમે ગાયો ચરાવવા ગોચર જમીન અને જતીપુરા ગામ શ્રી ગોવર્ધનધરણ પણ ભેટમાં આપ્યા.[૫૯]

શ્રી વિઠ્ઠલનાથજીનાં ગોકુળમાં કાયમી નિવાસ પછી તેમનું કૌટુંબિક અને સામ્પ્રદાયિક જીવન અત્યન્ત પરિવર્તનકારી રહ્યું છે. તેમણે માતૃભાષા તેલુગુ છોડીને વ્રજભાષાનો સંપૂર્ણ સ્વીકાર કર્યો. વળી તૈલંગ નામોમાં પણ વ્યવસ્થિત પરિવર્તન કર્યું.[૬૦] તેમના સાત પુત્રો અને ચાર પુત્રીઓ, જયેષ્ઠબંધુ શ્રી ગોપીનાથજીની બે પુત્રીઓ

એક સાથે રહેતા હતાં. શ્રી વિઠ્ઠલનાથજીના પુત્રો અને પુત્રીઓ વિવાહિત હતા, જ્યારે શ્રી ગોપીનાથજીની બન્ને પુત્રીઓ વૈધવ્ય-જીવન વિતાવતી હતી. શ્રી વિઠ્ઠલનાથજીએ દ્વિતીય પુત્રી યમુના અને કનિષ્ઠ પુત્ર શ્રી યદુનાથની સંભાળ રાખવાનું કામ જ્યેષ્ઠપુત્ર શ્રી ગિરિધરની પત્ની ભામિનીને સોંપ્યું હતું. આમ છતાં વિશાળ પરિવારની ખરી સંભાળ શ્રી વિઠ્ઠલનાથજીના માતુશ્રી મહાલક્ષ્મી રાખતા હતા.[61]

શ્રી વિઠ્ઠલનાથજીના ભકત કવિશ્રી ગોપાલદાસે નવાખ્યાનમાં શ્રી વિઠ્ઠલનાથજીના પરિવારનું અત્યન્ત રોચક વર્ણન કર્યું છે.[62]

શ્રી વિઠ્ઠલનાથજીએ જતીપુરામાં શ્રી ગોવર્ધનધરણના શ્રીનાથજીના અને ગોકુલમાં શ્રી નવનીતપ્રિયના મંદિરનો સેવા પ્રકાર નવીનતમ ભાવપૂર્ણ પદ્ધતિ પ્રમાણે બનાવ્યો. આમ સં.૧૬૨૮ થી ૧૬૪૨ ના ગોકુલ નિવાસના વર્ષો પર્યન્ત શ્રી વિઠ્ઠલનાથજીએ સેવા પ્રકારનો વિસ્તાર પૂર્ણ કર્યો.[63]

<u>બંગાળીઓનું નિષ્કાસન</u> :

શ્રી વલ્લભાચાર્ય દ્વારા શ્રીનાથજીનો પાટોત્સવ સં.૧૫૭૬ ના વૈશાખ શુકલ-૩ અક્ષય તૃતીયાને દિને થયો હતો. ત્યારપછી વલ્લભીય વૈષ્ણવો અને ગૌડીય વૈષ્ણવો પરસ્પર સમભાવથી શ્રીનાથજીની સેવા કરતા હતા.

શ્રીમદ વલ્લભાચાર્યના દેહોત્સર્ગ પછી વલ્લભીય વૈષ્ણવો અને ગૌડીય વૈષ્ણવોમાં અસહમતિ ઊભી થઇ.[૬૫] બંગાળી વૈષ્ણવોના તથા-કથિત ધનના દુરૂપયોગથી ગુજરાતના વૈષ્ણવોમાં અસંતોષનો અગ્નિ ફેલાયો. શ્રીનાથજીના અધિકારી ચરોતરના પટેલ શ્રી કૃષ્ણદાસને બંગાળી વૈષ્ણવોને દૂર કરવા જણાવાયું. કૃષ્ણદાસ અધિકારીએ શ્રી વિઠ્ઠલનાથજીની આજ્ઞા લઇને બંગાળી વૈષ્ણવોનું નિષ્કાસન કર્યું. આમ બંગાળી વૈષ્ણવોને શ્રીનાથજીની સેવામાંથી દૂર કરાયા.[૬૬]

## અકબર પર પ્રભાવ :

સમ્રાટ અકબર શ્રી વિઠ્ઠલનાથજીના પ્રભાવ નીચે આવ્યો હતો. ગુજરાતના એક શાહુકારની પત્નીના પ્રશ્ને ન્યાય કરવા માટે અકબરે શ્રી વિઠ્ઠલનાથજીને વિનંતી કરી હતી.[૬૭]

અકબરના દરબારના નવરત્નોમાંના બીરબલ અને ટોડરમલને પણ શ્રી વિઠ્ઠલનાથજીએ કૃષ્ણ ભક્તિ અને શરણમંત્રની દીક્ષા આપી હતી. અકબરના અન્તઃપુરની એક બેગમ તાજબીબીએ પણ બ્રહ્મસંબંધ દીક્ષા લીધી હતી. સંગીત સમ્રાટ તાનસેને પણ શરણમંત્રની દીક્ષા લીધી હતી.[૬૮]

રાજા ટોડરમલ શ્રી વિઠ્ઠલનાથજીને ગોકુલમાં સં. ૧૬૨૯ માં મળવા આવ્યા હતા. અકબરે તેમને બિહારના બાદશાહ દાઉદની સામે લડવા આદેશ આપ્યો હતો. ટોડરમલ શ્રી વિઠ્ઠલનાથજીની પાસે આશીર્વાદ લેવા આવ્યા. શ્રી વિઠ્ઠલનાથજીએ આપેલ પીતામ્બર

ટોડરમલ મસ્તક પર બાંધ્યુ અને યુદ્ધમાં તેમનો વિજય થયો.[૬૯]

દાયભાગ :

શ્રીમદ્ વલ્લભાચાર્યે પોતાના ભકતોને કેટલાક ભગવત્સ્વરૂપો આપ્યા હતા. આ સ્વરૂપોની સેવા કરવા તેઓને શકિતમાન નહોતા. તેથી તે સ્વરૂપો શ્રી વિઠ્ઠલનાથજીએ મેળવ્યાં.[૭૦]

આ ભગવત્સ્વરૂપોમાંથી સાત સ્વરૂપો તેમણે પોતાના સાતેય પુત્રોને "દાયભાગ" તરીકે વિતરિત કર્યાં.[૭૧] સાતેય પુત્રોને શ્રીનાથજીની સેવાનો સંયુકતાધિકાર પ્રાપ્ત થયો. આમ સાતેય પુત્રોની સેવાના સ્વરૂપો સંપ્રદાયમાં સાત ગાદીઓ-સપ્તપીઠો તરીકે ઓળખાવા લાગી. શ્રી વિઠ્ઠલનાથજીએ પુત્રોને ઉત્તરાધિકારમાં "દાયભાગ" તરીકે ભગવત્સ્વરૂપો આપીને એક વિશિષ્ટ પ્રણાલિકા સ્થાપિત કરી.

શ્રી કૃષ્ણદાસ અધિકારીને ક્ષમા :

શ્રી વિઠ્ઠલનાથજીને શ્રીનાથજીના અધિકારી શ્રી કૃષ્ણદાસ સાથે મતભેદ થયો, આથી તેમણે તેમને મંદિરમાં પ્રવેશવાની મનાઇ ફરમાવી. શ્રી વિઠ્ઠલનાથજી "અધિકારી" ની આજ્ઞાને અનુસર્યાં. તેઓ છ માસ સુધી પરાસોલી ગામ નજીક ચંદ્ર સરોવરમાં રહ્યા. શ્રી વિઠ્ઠલનાથજીએ વિજ્ઞપ્તિઓ લખીને શ્રીનાથજીને મોકલાવી.[૭૨]

અધિકારીના આ કૃત્યથી જ્યેષ્ઠ પુત્ર શ્રી ગિરિધરને દુઃખ થયું. તેમણે બીરબલને સમાચાર જણાવ્યાં. પરિણામે "અધિકારી"ને બંદી

બનાવાયા. આ સમાચાર જાણી શ્રી વિઠ્ઠલનાથજી દુઃખી થયા. તેમણે કૃષ્ણદાસની મુકિતની ઇચ્છા વ્યકત કરી. પરિણામે તેઓ મુકત થયા. કૃષ્ણદાસે ક્ષમાયાચના કરી અને શ્રી વિઠ્ઠલનાથજીએ ક્ષમા આપી. આ પ્રસંગ શ્રી વિઠ્ઠલનાથજીના "પરમ દયાલુ" હોવાપણાની પ્રતીતિ કરાવે છે.[૭૩]

શ્રી વિઠ્ઠલનાથજીના કુળને શાપ :

શ્રી વિઠ્ઠલનાથજીના કાકા શ્રી કેશવપુરી એક મોટા યોગી-સંન્યાસી હતા. તેમણે પોતાના ઉત્તરાધિકારી તરીકે રાખવા શ્રી વિઠ્ઠલનાથજીના એક પુત્રની માગણી કરી. શ્રી વિઠ્ઠલનાથજીએ બધા પુત્રોને પૂછ્યું તો બધાએ નકારાત્મક જવાબ આપ્યો. શ્રી કેશવ-પુરીને આ જાણ થતાં તેમણે શ્રી ગિરિધર વગેરે પુત્રોને ત્રણ શાપ આપ્યા.

૧. ઋણ : તમારા ઘરમાં ઋણ-કરજ રહેશે.
૨. સુતાગેહ : તમારી પુત્રી તમારા ઘરમાં જ રહેશે.
૩. કુલક્ષય : વ્યભિચારથી તમારા કુલનો નાશ થશે.[૭૪]

ત્રીજા શાપ અંગે અન્ય સ્થળે ચરિત્રોમાં "યાત્રા" ના શાપનો ઉલ્લેખ છે.[૭૫]

શ્રી વિઠ્ઠલનાથજીએ ઉપર્યુકત ત્રણેય શાપોનું સમાધાન આપતાં જણાવ્યું કે પ્રથમ બન્ને શાપોમાં ભગવત્કૃપા છે. પ્રથમમાં જીવનો ઉદ્ધાર છે. બીજાથી ભગવાનની સેવામાં સહાયતા પ્રાપ્ત થશે,

૬

જયારે બીજો શાપ નિરંતર પ્રભુનું સાન્નિધ્ય સેવવાથી અંતરાયરૂપ નીવડશે નહિ.[૭૬]

શ્રી વિઠ્ઠલનાથજી - મધ્યકાલીન ભારતના તેજસ્વી તારક :

શ્રીમદ વલ્લભાચાર્યના મહાન પુત્ર તરીકે શ્રી વિઠ્ઠલનાથજીનું જીવન અત્યન્ત વિરલ અને અલૌકિક મનાય છે.

અષ્ટછાપના કવિઓમાંના ચાર કવિઓ નંદદાસ, ચતુર્ભુજદાસ, છીતસ્વામી અને ગોવિંદ સ્વામીએ તેમનું શિષ્યત્વ સખાપણું સ્વીકાર્યું હતું.[૭૭]

અનેક રાજાઓના સમૂહોએ તેમના ચરણોમાં મસ્તક નમાવ્યું હતું.[૭૮] નરવરગઢના રાજા આશકિરણ, અજબકુંવરબાઇ, અલીખાન પઠાણ, તેની પુત્રી ખાનજાદી અને સુપ્રસિદ્ધ વ્રજભાષા કવિ રસખાન વગેરે શ્રી વિઠ્ઠલનાથજીના સેવકો તરીકે જાણીતા છે.

મહાન વૈષ્ણવ સંત અને સ્વામિનારાયણ સમ્પ્રદાયના આદ્ય સંસ્થાપક શ્રી સહજાનંદ સ્વામી શ્રી વિઠ્ઠલનાથજીને "વૈષ્ણવોના રાજા" કહે છે. તેઓ કહે છે - શ્રી વિઠ્ઠલનાથજી પૃથ્વી પર શોભતા હતા, ત્યારે વૈકુંઠ જવાની ઇચ્છા પણ કુંઠિત થઇ ગઇ.[૭૯]

શ્રી વિઠ્ઠલનાથજીએ સામાન્ય માનવથી લઇને રાજા મહારાજા સુધીના તમામ વર્ગના લોકોને ભક્તિનો રસાસ્વાદ માણવા દેવાની અને સેવા માર્ગ તરફ લઇ જવાની ઐતિહાસિક ભૂમિકા ભજવીને પુષ્ટિ માર્ગનો પાયો મજબૂત બનાવ્યો છે.[૮૦]

"બસો બાવન વૈષ્ણવોની વાર્તા" ના વૈષ્ણવો શ્રી વિઠ્ઠલનાથજીના જ સેવકો છે. આમ તેઓ "કલ્પવૃક્ષ" સ્વરૂપે ફળ્યા છે-સફળ થયા છે.[81] મધ્યકાલીન ભારતના તેઓ એક તેજસ્વી તારક છે, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

## અંતિમ પ્રયાણ :

ભકતોના સેવકોના હૃદય સમ્રાટ અને વિલક્ષણ સેવા પ્રવર્તક શ્રી વિઠ્ઠલનાથજીએ જીવનના સિત્તેર વર્ષ અને અઠ્ઠાવીસ દિવસનું આયુષ્ય વિતાવીને ધરતીને અલંકૃત કરી,[82] સં.૧૬૪૨ ના મહાવદ-૭, ઇ.સ. ૧૫૮૬- ના દિને શ્રી વિઠ્ઠલનાથજીનો ગુહાવાસ થયો-દેહ ત્યાગ કર્યો. તેમણે પુત્રોને ભકિતમાર્ગીય રીતે જીવન જીવવાનો અને ભગવત્સેવાનો ઉપદેશ આપીને સંતુષ્ટ કર્યા હતા. એક મહાન આચાર્યની જીવન-લીલા સમાપ્ત થઇ ! પરંતુ તેમણે પ્રસ્થાપિત કરેલ મહાન પરંપરા અને સેવાભાવના આજે પણ પુષ્ટિમાર્ગીય મંદિરો અને સ્વામિનારાયણ મંદિરોમાં મૂર્ત સ્વરૂપે જોવા મળે છે.

## શ્રી વિઠ્ઠલનાથજીનું વિરલ વ્યકિતત્વ :

શ્રી વિઠ્ઠલનાથજી તત્કાલીન ભારતીય સમાજમાં અને સવિશેષપણે ઉત્તર ભારતમાં એક વિરલ વ્યકિતત્વ ઉપસાવી શકયા હતા તે સ્પષ્ટપણે જોઇ શકાય છે. યાત્રાના અત્યન્ત રસિક અને ભકિતના પરમ પોષક એવા શ્રી વિઠ્ઠલનાથજીની પણ જુદી જુદી અઠ્ઠાવીસ જેટલી બેઠકો છે. અમદાવાદમાં અસારવા ખાતે આવેલી આચાર્યજીની બેઠક તે શ્રી ગુંસાઇજી કિંવા શ્રી વિઠ્ઠલનાથજીની બેઠક છે.

૮

શ્રી ગુંસાઇજી શ્રી વિઠ્ઠલનાથજીથી ગોસ્વામી તરીકેની ઓળખાણ શરૂ થઇ. આમ ગુંસાઇ અથવા ગોસ્વામી શબ્દ ઇન્દ્રિયોના પાલક કે ગાયોના સંરક્ષક એવો અર્થ ધરાવે છે. આથી શ્રી વિઠ્ઠલનાથજીએ "ગોસ્વામી" અથવા "ગુંસાઇજી" એવું ઉપનામ ધારણ કર્યું.[૮૩]

સમ્પ્રદાય કલ્પદ્રુમમાં કહેવાયું છે, "પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમ્પ્રદાયની પ્રસ્થાપના શ્રી વલ્લભાચાર્યે કરી હોવા છતાં તે સમ્પ્રદાયને વૈભવના અને લોકપ્રિયતાના ઉચ્ચ શિખરે લઇ જવાનું કાર્ય એકલા શ્રી વિઠ્ઠલનાથજીએ કર્યું હતું." તેમના વિરલ વ્યક્તિત્વથી તત્કાલીન સમાજ અને રાજ્યમાં કૃષ્ણભક્તિ લોકપ્રિય બની.હતી. વિદ્વાનો, ધનિકો, મોગલ બાદશાહના ઉચ્ચ હિન્દુ અધિકારીઓ અને કતિપય રાજકુટુંબોના મુસલમાન સ્ત્રી-પુરુષો અહમહમિકાપૂર્વક મથુરામાં અને ગોકુલમાં શ્રી વિઠ્ઠલનાથજી પાસે આવવા લાગ્યા.[૮૪]

શ્રી વિઠ્ઠલનાથજી મહાન પિતાના મહાન પુત્ર હતા. તેમણે પોતાના યશસ્વી જીવન-કાર્ય દ્વારા પોતાના "વિઠ્ઠલ" નામને સાર્થક સિદ્ધ કર્યું.

ભગવત્સ્વરૂપ અને જ્ઞાનથી શૂન્ય એવા સર્વ ભક્તોને કર્મ, જ્ઞાન અને ભક્તિથી સ્વમાર્ગમાં સ્વીકારે છે. તેમના ઉપર કૃપા કરે છે, તેથી વિઠ્ઠલ કહેવાય છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ ઉપર્યુક્ત વ્યુત્પત્તિના વિચારો અનુસાર પોતાનું પ્રભાવશાળી જીવન શ્રેયનિષ્ઠ બનાવ્યું હતું.

સેવા પ્રવર્તક શ્રી વિઠ્ઠલનાથજીએ સેવાનો નિત્ય નિયમ રાખ્યો અને સેવ્ય સ્વરૂપ-શ્રી નવનીતપ્રિય તથા શ્રીનાથજીની સેવા તથા સુખનો નિરંતર વિચાર કર્યો. પ્રભુ સેવાના ઉત્તમ સાધન દવારા જ સાધ્યની પ્રાપ્તિ થઇ શકે છે, તે તેમણે પોતાના જીવન દવારા સમજાવ્યું.

"સેવાધર્મ પરમગહન છે," જેને યોગીઓ પણ જાણી શકતાં નથી" એ વાકયને તેમણે ચરિતાર્થ કર્યું કારણ કે ચારે તરફ રાજસી વાતાવરણ, મોગલયુગની વિલાસી પ્રવૃત્તિઓ અને અસલામતીનું વાતાવરણ હોવા છતાં ત્યાગમય જીવન દવારા પ્રભુસેવાનો માર્ગ પ્રેરક બનાવ્યો. કાંચન અને કામિનીના સંગથી દૂર રહી, સેવા માર્ગમાં સ્થિર બનીને પ્રભુના જ સ્મરણમાં તત્પર રહયાં. આમ પ્રાચીન ઋષિનું સ્મરણ કરાવે તેવું તેમનું ત્યાગમય અલૌકિક જીવન હતું.

શ્રી વિઠ્ઠલનાથજીએ તત્કાલીન ભારતની રાજકીય પરિસ્થિતિમાં રાજનૈતિક ડહાપણનો પરિચય કરાવ્યો હતો. તદનુસાર મુસલમાનો ભગવાનના દવારે આવે તો તેમને વાતચીત, મિલન અને પ્રસાદ વગેરે આપવા, તેવો આદેશ આપ્યો. આમ તેઓ સામાજિક સમતાનો આદર્શ મૂકવાની ચેષ્ટાનું પ્રમાણભાન ચૂકયા નથી.

કાલ ભગવાનની ઇચ્છાને અધીન છે, તેથી ભગવાનની ઇચ્છા જ તેમણે સ્વીકારી. કોઇપણ સમયે ભગવદિચ્છાને અવગણી નહીં. પ્રભુની ઇચ્છા અધીનતા સ્વીકારીને તેમણે જીવનને સરળ અને ભાવમય બનાવ્યું.

વિપરીત રાજકીય પરિસ્થિતિ, સામાજિક અસ્થિરતા, ભય અને અશાંતિના વાતાવરણમાં પણ સાહિત્યિક પ્રવૃત્તિ અને સામાજિક પ્રવૃત્તિ દ્વારા સમાજને સુગઠિત કરીને એકતાની ઉજ્જ્વલ ભાવના પ્રકટ કરી. સાહિત્યમાં નવચેતન રેડયું. સ્વયં સંસ્કૃતમાં અને અષ્ટછાપના કવિઓએ વ્રજભાષામાં રચના કરીને ભક્તિમય સાહિત્ય સર્જ્યું, જે તત્કાલીન પરિસ્થિતિનો પરિચય કરાવે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વ્રજભાષાનો સ્વીકાર કરીને તેનો ઉદ્ધાર કર્યો. પરિણામે હિન્દુધર્મ, સંસ્કૃતિ અને કળાઓને ઉત્તેજન મળ્યું. પ્રભુક્તિનો માર્ગ સમાજમાં ચેતના લાવી શક્યો. આમ ભક્તિ દ્વારા સામાજિક ચેતના લાવીને જનતાને જાગૃત કરવાનો પ્રબળ પુરૂષાર્થ કર્યો.

કળાઓના રસિક અને પોષક એવા શ્રી વિઠ્ઠલનાથજીએ ભારતીય લલિત કળાઓના ઉદ્ધાર માટે જીવનભર પુરૂષાર્થ કર્યો.

કલા એ અકળ એવા ઈશ્વરને કળવાનું-કળી શકવાનું ઉત્તમ સાધન છે. એવા ભાવ સાથે પ્રભુની સેવાનું માધ્યમ બનાવીને તેઓએ કળાઓની ઉન્નતિ સાધવાનું કામ કર્યું. આમ કલા પ્રત્યેનો તેમનો પ્રેમ પ્રભુસેવાના નિમિત્તે જ થયો હતો.

પ્રભુભક્તિનો પ્રચાર અને પ્રસાર થાય તેવા ઉદ્દેશ્ય સાથે શ્રી વિઠ્ઠલનાથજીએ પ્રવાસોનું આયોજન કર્યું. ભક્તોને શરણમંત્ર આપ્યો. આમ ઉત્તર-પશ્ચિમ ભારતમાં ભક્તિ-કૃષ્ણભક્તિનો સ્રોત વહેવા લાગ્યો.

શ્રી વિઠ્ઠલનાથજીના જીવન પરથી નીચેની વિશિષ્ટતાઓ આંકી શકાય તેમ છે.

૧. ભારતની તત્કાલીન પરિસ્થિતિમાં પણ વૈદિક હિન્દુધર્મને અનુરૂપ પુષ્ટિમાર્ગનો વિકાસ કર્યો.

૨. પથભ્રષ્ટ અને અજ્ઞાનપરાયણ લોકોને સ-રસ ભક્તિ દ્વારા જાગૃત કર્યાં.

૩. વ્રજ-ભૂમિનો પુનરૂદ્ધાર અને વ્રજભાષાના ઉદ્ધાર દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની લીલાભૂમિની મહત્તા સ્થાપિત કરી અને વ્રજને કૃષ્ણ ભક્તિનું કેન્દ્ર બનાવ્યું.

૪. શ્રીનાથજીની સેવાનો ક્રમ બનાવીને જીવના સમર્પણ અને શરણનો માર્ગ ઉજાળ્યો.

૫. ગમે તેવી સ્થિતિમાં પણ પ્રભુને એકમાત્ર આશ્રય માની "સર્વદા સર્વભાવથી વ્રજાધિપ શ્રીકૃષ્ણનું ભજન કરવું જોઇએ" એવી પિતાની આજ્ઞાનું પાલન કર્યું.

## શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુચરણની જીવન તવારીખ

### વાસરિકા

| સંવત | |
|---|---|
| ૧૫૭૨ | માગસર વદ ૯ પ્રાગટય, ચરણાટમાં જન્મોની ચિતરવી. |
| ૧૫૮૦ | ચૈત્ર સુદ ૯ યજ્ઞોપવીત, ગાયત્રીમંત્ર, ગોપાલમંત્ર અને બ્રહ્મસંબંધની દીક્ષા આચાર્યશ્રીએ જ આપી હતી. |
| ૧૫૮૨ | રાજભોગ આરતીની સંપૂર્ણ લયબદ્ધ રચના કરી. રસ-રૂપ સ્તુતિ, "વ્રજરાજ વિરાજીત ઘોષવટે, વરણીય મનોહર રૂપધરે". |
| ૧૫૮૮ | વૈશાખ વદી-૧ કાશીમાં પ્રથમ વિવાહ પ્રસ્તાવ રૂક્ષ્મણીજી સાથે. |
| ૧૫૯૦ | શ્રીનાથજીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં. |
| ૧૫૯૨ | શ્રીનાથજીની સેવા માટે ફરીથી અડેલથી વ્રજમાં ગોપાલપુર પધાર્યા. ત્યાં છ માસ બિરાજ્યા, ગૌશાળા બંધાવી, કૂવો ખોદાવ્યો. |
| ૧૫૯૩ | અડેલ શ્રી રૂક્ષ્મણી, વહુજીના દ્વિરાગમન (ગોનો-આણું) ના સમાચારથી વ્રજમાંથી અડેલ પધાર્યા. |
| ૧૫૯૩ | ચૈત્રવદી ૧૧ ના દિવસે સ્વાનુભવ દવારા પ્રગટ થયેલા સ્તોત્રનું નામ સર્વોત્તમ સ્તોત્ર, શ્રી વલ્લભાષ્ટક અને સ્ફુરત્કૃષ્ણ સ્તોત્ર-નામ-રૂપ-ગુણનો અનુભવ ભકતજનોને કરાવ્યો. |

૧૫૮૫ શ્રી ગોપીનાથજી સાથે વ્રજયાત્રા.

૧૬૦૦ ભાદરવા સુદ-૧૨ સ્વતંત્ર વ્રજયાત્રા માતુશ્રીને સાથે લઈને કરી. યાત્રામાં તીર્થ પુરોહિત ઉજાગર શર્માને સાથે રાખ્યા. વૃત્તિપત્રક લખી આપ્યું. વ્રજયાત્રામાં માતૃચરણ શ્રી મહાલક્ષ્મીજી, શ્રી રૂક્ષમણીજી વહુજી, શોભા બેટીજી, શ્રી ગિરિધરજી, શ્રી ગોપીનાથજી વહુજી પાચમ્માગારુજી, શ્રી પુરૂષોત્તમજી, સત્યભામા બેટીજી, સજાતીય ભટ્ટવર્ગ દામોદરદાસજી તથા પદમનાભદાસજી જેવા વૈષ્ણવો ઉપસ્થિત હતા.

૧૬૨૪
૧૬૨૮ વિધિપૂર્વક વ્રજયાત્રાઓ કરી.

૧૬૦૩ અડેલથી ગુજરાતમાં થઈ પ્રથમ દ્વારકા યાત્રા ચાચા હરિવંશજી આદિ અંતરંગ સેવકો સાથે ઇડરમાં રાજા ભારમલ અને એના પુત્ર રાયશૂરાને શરણે લીધા હતા. રાજનગરમાં પધાર્યા. રતનજી પારેખની પોળમાં બિરાજ્યાં.

૧૬૦૨ કૃષ્ણદાસ અધિકારીજીની સહાયથી શ્રીનાથજીની સેવાનું વિસ્તૃત નિર્માણ કર્યું. પ્રથમ ગુજરાત પ્રદેશમાંથી પ્રાપ્ત સંપૂર્ણ દ્રવ્ય શ્રીનાથજીને સમર્પિત કર્યું. પાનઘર, ફૂલઘર, શાકઘર, ખાસા ભંડાર, ખર્ચ ભંડાર, બાલભોગ આદિ વિભિન્ન વિભાગો સ્થાપિત કર્યા. રાજભોગ-શ્રૃંગાર વડે સેવામાં સર્વ સંજોગોનો વિકાસ કર્યો.

૧૬૦૫ કૃષ્ણદાસ અધિકારીના હુકમથી શ્રીનાથજીની સેવાથી વંચિત, છ માસ પરાસોલી બિરાજ્યાં, ચંદ્ર સરોવર બિરાજ્યાં. વિજ્ઞપ્તિ નામક શ્લોક સંગ્રહની રચના કરી.

૧૬૦૬ ભકતકવિ નંદદાસને શ્રી ગોકુળમાં શરણે લઈને સેવક બનાવ્યા. માણેકચંદને આગરામાં પત્ની સહિત શરણે લઈ સેવક બનાવ્યાં. દામોદરદાસ હરસાની અને ચાચા હરિવંશજી આદિ ભગવદીયોની પ્રાર્થનાથી સુબોધિનીજીના નિત્ય પ્રવચનોનો પ્રારંભ કર્યો. "ટિપ્પણી" નો લિખિત સ્વરૂપે પ્રાદુર્ભાવ થયો.

આઠ સંગીતજ્ઞ ભકત કવિઓ અષ્ટ છાપની સ્થાપના કરી. શ્રીનાથજીની સેવામાં આઠ સમય પૈકી એક એક સમયની દરેકને કીર્તન સેવા સોંપી.

૧૬૧૦ ચરણાટમાં વેદવિધિ અનુસાર સોમયજ્ઞ કર્યો.

૧૬૧૩ દ્વિતીય દ્વારકા યાત્રા રાજનગર ભાઈલા કોઠારીને ઘેર મુકામ કર્યો. બે નામ પત્ર લખી આપ્યા. ગુંગળી અને અબોટી બ્રાહ્મણોને સેવા માટે રાખ્યા. અસારવામાં "શૃંગારરસમંડન" અને "દાનલીલા" ગ્રંથનું વ્યાખ્યાન કર્યું અને અડેલ પધાર્યા.

૧૬૧૪ કાશીયાત્રામાં કાશી પધારી તીર્થ પુરોહિત ચિંતામણિના પુત્રને ગોરનીસ વૃત્તિપત્રક સ્વહસ્તાક્ષરે લખી આપ્યું.

૧૬૧૫ પ્રથમ પુત્ર શ્રી ગિરિધરજીનો લગ્ન પ્રસ્તાવ મહાસુદ-૧૫ ના દિવસે આનંદપૂર્વક કર્યો. શ્રીનાથજીનો છપ્પનભોગ મહોત્સવ માતુશ્રીની ઇચ્છાથી ધામધૂમ કર્યો.

૧૬૧૬ શ્રી રુક્ષ્મણી વહુજીની ઇચ્છાથી જગદીશયાત્રા મહાવદ-૧૩ ને પુરૂષોત્તમ પુરી પધાર્યા હતા. છ માસ બિરાજ્યા "વિદ્વન્મંડન" ગ્રંથની રચના કરી, અડેલમાં રાસલીલાનો આરંભ કરાવ્યો હતો.

૧૬૧૭ શ્રી રુક્ષ્મણી વહુજીએ અડેલમાં લીલા કરી.

૧૬૧૮ બંદેગઢ બિરાજ્યાં અને પછી ગઢા રાણી દુર્ગાવતીને ત્યાં મુકામ કર્યો અને શરણે લઇ સેવક કરી.

૧૬૧૯ ગઢાથી તૃતીય દ્વારકા યાત્રા ગોકુલનાથજી સાથે બિરાજતા હતા. હતિત પતિતનો ઉદ્ધાર પાછા ફરતાં પધારતાં અસારવા મુકામ પછી ગઢા.

૧૬૨૦ ગઢાની રાણી દુર્ગાવતીની ઇચ્છાથી વૈશાખ સુદ-૩ પદ્માવતી સાથે ગોરજ સમયે દ્વિતીય વિવાહ પ્રસ્તાવ થયો. દુર્ગાવતી રાણીએ સ્વદ્રવ્યનો વિનિયોગ કર્યો. રાણીએ મથુરામાં તુલસી ચોટા પાસે સતધરા-સપ્તગૃહ નામનું ભવ્ય ભવન બંધાવી આપ્યું.

૧૯૨૧ ગઢાથી મથુરા પધાર્યા.

૧૯૨૨ શ્રાવણ વદ-૨ ના દિવસે આપશ્રી સહકુટુંબ શ્રી ગોકુલ પધાર્યા.

૧૬૨૩ કાર્તિક સુદ-૧૧ ના દિવસે સહકુટુંબ મથુરા પધાર્યા. ભૈયા રૂપ મુરારિનો અંગીકાર કર્યો. મથુરાથી ચતુર્થ દ્વારકાયાત્રા કરવા પધાર્યા હતા. શ્રી પ્રભુચરણને પધરાવવા ભાઇલા કોઠારી અસારવાથી પાદરા સુધી સામા પધાર્યા હતા. આ યાત્રા વખતે નાગજી ભટ્ટે ગાત્રાગૂર ગઢમાં આપશ્રીને કેરી આરોગાવી હતી. મેડતાના રાજા જયમલ્લ રાઠોડ, અજબકુંવરબાઇ અને કટહરિયા સેવકોને સેવકો કર્યા હતા.

શ્રી ગિરિધરજીએ મથુરાના સાત ઘરના ભવનમાં પધરાવ્યા હતા. બે માસ અને બાવીસ દિવસ બિરાજ્યા. શ્રી પ્રભુચરણે "જન્માષ્ટમી નિર્ણય" કર્યો હતો.

૧૬૨૪ શ્રી પ્રભુચરણે શ્રાવણ વદ-૧૨ ના દિવસે સેન-શયન પછી વ્રજયાત્રાનો નિશ્ચય કરી વદી ૧૩ ના દિવસે પ્રાતઃકાલે ઉજાગર ચોબાજીના વંશજ પાસેથી વિશ્રાંતિ ઘાટે નિયમ લઇ યાત્રાનો આરંભ કર્યો. આ યાત્રા ૧૧ દિવસમાં પૂર્ણ કરી હતી.

ઉત્તર પ્રદેશની યાત્રા કરવા પધાર્યા હતા. માધવદાસ કાબુલવાળાને શરણે લીધા.

૧૬૨૭ શ્રી ગોકુળના મંદિરના પાયા ખોદાયા અને મંદિરમાં બિરાજતા.

તાજબીબીએ બિરબલની પુત્રી શોભાવતી પાસે અકબર બાદશાહ પોતાને વશ થાય એ માટે શ્રી વિઠ્ઠલનાથજીને એકાદમંત્ર કરાવી આપવાની પ્રાર્થના કરાવી. પોતે ભોજપત્રમાં દોહો લખી આપી. બાદશાહ અકબર સાથે મિલન અને વાર્તાલાપ પ્રભુ સાધન સાધ્ય નથી, પણ કૃપાસાધ્ય છે. બાદશાહે શ્રી ગોકુલ અને ગોપાલપુર શ્રી પ્રભુચરણને ભેટ કર્યાં.

૧૬૨૮ શ્રી ગોકુલમાં મંદિર સિદ્ધ થઇ જતાં મહાવદી ૭ નું શુભ મુહૂર્ત જોઇ શ્રી ગોકુલમાં પોતાના પરિવાર સાથે અચળ નિવાસ કર્યો. શ્રી નવનીતપ્રિયને સુખપાલમાં પધરાવીને નગર પ્રવેશ કર્યો. ન્યોછાવર કરીને સોનાચાંદીના ફૂલ ઉડાડયા હતા. મથુરા ચોર્યાસી કોસની વ્રજયાત્રા કરવા પધાર્યાં.

૧૬૨૯ નરવરગઢના રાજા આશકિરણ અને સંગીતકાર તાનસેન આપને શરણે આવ્યા હતા.

૧૬૩૦ શ્રીનાથજીનો મણિકોઠો નવો સિદ્ધ કરાવ્યો.

૧૬૩૧ ગિરિરાજથી પાંચમીવાર દ્વારકા યાત્રા કરવા પધાર્યાં. ભક્ત કવિ કુંભનદાસજી આપશ્રીની સાથે જ યાત્રા કરવાની કળયા હતા. પરંતુ શ્રીનાથજીનો વિરહ અસહ્ય થતાં પાછા વ્રજમાં ગયા હતા. સૌરાષ્ટ્રમાં દુકાળ હતો. કાબાઓની લૂંટફાટનો ઉપદ્રવ થતો હતો. કાબાઓના

યૂથાધિપતિની શ્રી ગોરબાઇ આપના તેજપ્રતાપથી આકર્ષઇને સેવક બની હતી. વાસણદાસ આપને શરણે આવી સેવક થયા હતા.

૧૬૩૨ આપશ્રીના દ્વિતીય પત્ની શ્રી પદમાવતી વહુજી નિત્ય લીલામાં પધાર્યા. આ સમયે ધનશ્યામજી માત્ર ચાર વરસના હતા.

શ્રી ગિરિધરજીના વહુજી શ્રી ભામિની વહુજીએ દેવરને સારી રીતે લાલન-પાલન કરીને ઉછેર્યા હતા. તેથી પ્રભુચરણે પ્રસન્ન થઇ આશીર્વાદ આપ્યો "ભામિની તેરી ગોદ સદા ભરી રહેગી" પ્રથમ ગૃહ આજે પણ ફૂલ્યું છે.

૧૬૩૩ કૃષ્ણદાસ અધિકારીજીનો ગોલોકવાસ થતાં એમને સ્થાને ચાંપાભાઇ ભંડારીને નિયુકત કર્યા હતા.

૧૬૩૪ દિલ્હી પધારી નિગમબોધઘાટ ઉપર મુકામ રાખીને બિરાજતા હતા. સૂરતના શાહુકારની પુત્રવધૂને એક યવન સરદારે ફસાવી હતી. તેને બાદશાહ અકબરની વિનંતીથી ન્યાય કરીને છોડાવી હતી. બાદશાહે રાજી થઇને તેઓશ્રી "ગુંસાઇજી" ના તેમજ માનાર્હ "ન્યાયાધીશની પદવી" ચાકદાર વાંધો, લોખંડની આરસી અને પંખાનું અપૂર્વ સમ્માન આપ્યું હતું.

૧૯૩૭ છઠ્ઠી દ્વારકા યાત્રા કરવા માટે શ્રી ગોકુલથી પધાર્યા હતા. શ્રી ગિરિધરજી સાથે હતા. ગોપાલપુર પધાર્યા હતા. શ્રીનાથજીના અધિકારી ચાંપાભાઈ ફતેહપુર સિક્રી સુધી આપશ્રીની સાથે આવ્યા હતા.

૧૯૩૮ આગરા પધાર્યા હતા. અકબર બાદશાહ તરફથી આપશ્રીની ગાયોને છૂટથી ચરવા દેવાનું એક શાહી ફરમાન લખી આપવામાં આવ્યું હતું.

છેલ્લી સાલ વટાવ્યા બાદ માનસીગંગામાં મગ્ન રહેતા હતા.

સૌજન્ય : પૂ. શ્રી વ્રજરાયજી મહારાજ
દોશીવાડાની પોળ,
અમદાવાદ.

## સેવા વિસ્તાર

શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાની આગવી પ્રતિભા અને પદ્ધતિથી સેવા વિસ્તારનો પ્રકાર નિશ્ચિત કર્યો. શ્રીનાથજી શ્રી ગોવર્ધનધરણ અને શ્રી નવનીતપ્રિય શ્રી વિઠ્ઠલનાથજીના સેવ્યની સેવાનો વિશિષ્ટ ઉપક્રમ એ સેવા વિસ્તારની મહત્ત્વપૂર્ણ ઘટના છે. સેવાના મહત્ત્વપૂર્ણ અંગોમાં ભોગ, શૃંગાર અને રાગના ક્રમનું નિર્માણ કરવામાં આવ્યું.

શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રીમદ વલ્લભાચાર્યના સેવક શ્રી દામોદરદાસ હરસાણી પાસેથી "નંદાલય" ની ભાવના અનુસાર સૂક્ષ્મ સેવાનો પ્રકાર જાણ્યો અને તેને વિસ્તૃતરૂપ આપ્યું. વળી વિશિષ્ટ પ્રણાલિકાઓ સ્થાપી.[૮૫]

૧. ભોગ :

પુષ્ટિ માર્ગમાં પ્રાતઃકાલથી શરૂ કરીને સાંજ સુધીમાં આઠ વારનો સેવાક્રમ સ્વીકારવામાં આવ્યો છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ મંગલા-ભોગનો ક્રમ નક્કી કર્યો. જેમાં બાલસ્વરૂપને જગાવવા માખણ, મિશ્રી સાકર, દહીં, દૂધ, મલાઈ, લડુવા અને ઠોર રાખવામાં આવ્યા.[૮૬]

"શૃંગાર" માં વિવિધ સામગ્રીઓ-અલંકારાદિ રાખવાનો પ્રકાર શરૂ થયો.

"ગ્વાલ" માં ઘૈયા-ઝાગ તથા દૂધ આરોગાવવાનો-ધરાવવાનો ક્રમ રાખ્યો.

શીતકાળ (શિયાળા) માં રાજભોગ વહેલાં કરીને, તેમજ ઉષ્ણકાળ (ઉનાળા) માં રાજભોગમાં છાક-વગેરેના કીર્તનોથી વનની ભાવનાને અભિન્ન રાખી.[૮૭]

"ઉત્થાપન" ભોગમાં પુલિંદિની ઓ-ભીષણની ભાવના અનુસાર પુષ્પ અને ફળનો ક્રમ સુસ્થાપિત કર્યો.

"ભોગ" માં બાકી રહેલા પાથેય-ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી.

"સંધ્યા" આરતીના ક્રમમાં યશોદા માતાના સ્નેહના ઓવારણાનો સંકેત જોવા મળે છે.

"શયન" માં શૃંગારને વડા કરીને, શયન-ભોગ ધરાવીને અને શયન આરતી કરી શયન કરાવવાનો ક્રમ નિશ્ચિત થયો.

આમ મંગલા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ, સંધ્યા અને શયન આ આઠ પ્રકારના દર્શન અને બાલભાવ અનુસાર ભોગનો ક્રમ નિર્ધારિત કરવામાં આવ્યો.[૮૮] આમ શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પૂર્વાર્ધની બાલલીલાને સેવા વિસ્તારમાં ક્રિયાત્મક-રૂપ અને પુષ્ટિ-સ્વરૂપ પ્રદાન કર્યું.

શૃંગાર :

પુષ્ટિમાર્ગમાં શૃંગારને સેવાના મહત્વપૂર્ણ સાધન તરીકે સ્વીકારવામાં આવ્યો છે. આથી તેને અત્યન્ત "ઉપાસ્ય" રસ માનવામાં આવે છે. શૃંગાર રસ-રાજ છે, તેથી શ્રી વિઠ્ઠલનાથજીએ શૃંગારનો ક્રમ નિશ્ચિત કરીને સેવા વિસ્તારનું નિર્માણ કર્યું છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ આઠપ્રકારે "શાસ્ત્રીય વૈજ્ઞાનિક આવિષ્કાર" કરીને "શૃંગાર" ક્રમબદ્ધ રીતે બનાવ્યો.[૮૯]

૧. પાગ, ૨. ફેટા, ૩. દુમાલા, ૪. પગ્ગા, ૫. કુલ્હે ૬. સહેરા, ૭. ટિપારા, ૮. મુકુટ.

ઉપર જણાવ્યા અનુસાર પ્રથમ પાંચ શૃંગાર દવારા શ્રીકૃષ્ણના ગ્વાલ-ગોવાલના રૂપને જન-સમુદાયમાં જાણીતું કર્યું.

"સહેરા" નું નિર્માણ શ્રીકૃષ્ણની કિશોરલીલાનું સ્મરણ કરાવે છે.

"ટિપારા" મલ્લરૂપ શ્રીકૃષ્ણના સ્વરૂપનું દર્શન કરાવે છે.

"મુકુટ" રસેશ શ્રીકૃષ્ણના સ્વરૂપનું દર્શન કરાવે છે.[૯૦] તદુપરાંત વસ્ત્ર અને આભૂષણોનો પણ શૃંગારમાં સમાવેશ કરવામાં આવ્યો.

સેવા પ્રકાર સુગુપ્ત રાખવા બાર કોઠા બનાવવામાં આવ્યાં. તેના સંકેતરૂપે દૂધઘર, પાનઘર, ફુલઘર, ગુલાબઘર, જલઘર, રસોઇઘર અને બાલભોગ જેવા નામ આપવામાં આવ્યાં.

રસોઇની સામગ્રીને ગુપ્ત રાખવા રોટીને "વેલવાની" અને સેવને "પાટિયાની" જેવા સાંકેતિક નામો અપાયાં.[૬૧]

રાગ :

"રાગ" ના ક્રમને સંગીતનું નામાભિધાન આપવામાં આવ્યું છે. પ્રભુને સંગીતની સેવા સમર્પિત કરવાનો આરંભ થયો. આમ પુષ્ટિમાર્ગમાં સંગીતને પ્રાધાન્ય મળ્યું. કારણ કે શ્રી વિઠ્ઠલનાથજીએ "અષ્ટસખા" ની વાણીને ભગવત્સ્વરૂપના સાન્નિધ્યમાં સંગીતમય રીતે ગાવાનો પ્રારંભ કરાવ્યો. સ્વયં શ્રી વિઠ્ઠલનાથજી પણ સ્વતંત્ર ભક્તિ-પદોની રચના કરીને નિત્ય સેવામાં ગાન કરતા હતા. અષ્ટસખાઓ પૈકી શ્રી વિઠ્ઠલનાથજીના ચાર સખાઓ ભક્ત કવિઓએ વ્રજ ભાષામાં સુમધુર-ગેય પદો રચીને સેવા વિસ્તારમાંના રાગની સમૃદ્ધિ આણી.[૬૨]

શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રી ગોવિંદ સ્વામીને શ્રીનાથજીના મંદિરમાં મુખ્ય કીર્તનકાર તરીકે નિયુક્ત કર્યા હતા.

દૈનિક સંગીત સેવામાં "તંબૂરા," "બીન," "મૃદંગ" અને "સારંગી" જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવતો હતો. પ્રત્યેક ઋતુ અને સમય અનુસાર ભક્તિમય ગેય પદો ગાવાનો ક્રમ સુનિશ્ચિત કરવામાં આવ્યો. છતાં જન્માષ્ટમી અને અન્નકૂટ જેવા ઉત્સવોમાં "રાગ" વિષયક મુક્તિ રાખવામાં આવતી.[૬૩]

આમ શ્રી વિઠ્ઠલનાથજીએ સેવા વિસ્તારમાં સંગીતનો સમાવેશ

કરીને ભારતીય સંગીતની સુરક્ષા કરી છે. તદુપરાંત તેમણે "ગીત-સંગીતસાગર" તરીકેની ઉક્તિને પણ સાર્થક સિદ્ધ કરી છે.[૬૪]

<u>ચિત્રકળા</u> :

શ્રી વિઠ્ઠલનાથજી "ચિત્રકળા" પ્રત્યે આદરપૂર્ણ દૃષ્ટિ રાખતા હતા. તેમણે પોતાના સેવ્ય-સ્વરૂપ "શ્રી નવનીતપ્રિય પ્રભુ" નું સુન્દર ચિત્ર દોરાવ્યું હતું.[૬૫]

ઉત્સવ પ્રસંગોમાં સુન્દર આરતીઓ દોરાવવામાં આવતી હતી. તેમાં મોતી પૂરવામાં આવતાં અને કલાત્મક શૈલીમાં વિવિધ રંગોનું મધુર મિશ્રણ કરવામાં આવતું હતું.[૬૬]

શ્રી વિઠ્ઠલનાથજીના પરિવારના સ્ત્રીવર્ગ તરફથી આરતીઓને યોગ્ય આકાર આપવામાં આવતો હતો. વળી આરતીઓને "રુક્મિણીની આરતી" એમ વિશિષ્ટ નામ પણ આપવામાં આવતું હતું. પુષ્ટિમાર્ગમાં આરતી કલાના વિકાસનો યશ "શ્રી પદ્માવતી" ને ફાળે જાય છે.[૬૭]

આમ ચિત્રકળાના સારરૂપ આરતીનું સ્થાન નિશ્ચિત બન્યું હતું.

વસન્ત ઋતુમાં સુન્દર ચિત્રોનો ભીનાં અને સૂકાં રંગોમાં પડદા ઉપર ઉપયોગ કરવામાં આવતો હતો. ચિત્રો દૈનિક સેવામાં "પિછવાઇ" તરીકે ઓળખાતા હતાં.

"સાંજી" ના દિવસોમાં સુન્દર સાંજી મનપસંદ રંગોમાં ચિત્રિત કરવામાં આવતી હતી અને તેમાં શ્રીકૃષ્ણ લીલાના પ્રસંગોનું આલેખન કરીને પ્રભુના સ્વરૂપ સમક્ષ સમર્પિત કરવામાં આવતી હતી.[૬૮]

આમ લલિતકલા તરીકે સેવા વિસ્તારમાં ચિત્રકળાનું મહત્વ ઉન્નત બન્યું.

<u>પુષ્પસેવા</u> :

શ્રી વિઠ્ઠલનાથજીએ દૈનિક નિત્ય સેવાના ક્રમમાં ફૂલ-મંડળીનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. પ્રભુના સ્વરૂપને પ્રતિદિન જુઇ, બકુલ, કદંબ અને કમળના પુષ્પોનો હાર સમર્પિત કરવામાં આવતો હતો. "ફૂલમંડળી" માં ઋતુ-અનુસાર પુષ્પોના હાર તૈયાર થતા હતા.[૯૯]

આમ શ્રી વિઠ્ઠલનાથજીના માર્ગદર્શન નીચે પુષ્પસેવાનો સુન્દર વિકાસ થયો.

વળી પલના, હિંડોળા, ફૂલમંડલી અને જલયાત્રામાં ફૂલો, ફળો અને લીલાં પાંદડાઓથી શોભા કરવામાં આવે છે. પ્રભુના શ્રીઅંગ ઉપર વિવિધ પુષ્પની માળાઓ ધારણ કરાવવામાં આવે છે. પલના અને હિંડોળા વગેરેની સજાવટમાં શિષ્યપરંપરાગત તાલીમ અનિવાર્ય છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલ સેવાનો વિસ્તાર અત્યન્ત સૂક્ષ્મ છતાં સુમધુર ભક્તિભાવનાને ચરિતાર્થ કરે છે. બાલભાવથી કરવામાં આવતી ભગવાન શ્રીકૃષ્ણની સેવાને ખૂબ જ ભાવાત્મક રીતે સ્થાન અપાયું છે. જેમાં લલિત કળાઓનું પણ મહત્વપૂર્ણ સ્થાન અંકિત થયું છે.

## ષટ્ઋતુના ઉત્સવો :

શ્રી વિઠ્ઠલનાથજીએ સેવા વિસ્તારમાં શ્રી દામોદરદાસ હરસાણીના કથનાનુસાર ષટ્ઋતુના ઉત્સવોનો સ્વીકાર કર્યો. "સુબોધિની" માં પ્રતિપાદિત છ ઐશ્વર્યનો છ ઋતુઓ સાથેનો સંબંધ સ્થાપિત કર્યો. તે પ્રમાણે સેવા વિસ્તારમાં પ્રકાર પાડવામાં આવ્યો. છ ઐશ્વર્યો જેવાં કે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યને છ ઋતુઓ - ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર અને વસંતમાં જે ગોપીભાવથી સેવે તે "સેવા પ્રકાર" નો સમાવેશ થયો.[૧૦૦]

## છપ્પન ભોગનું સ્વરૂપ :

છ ઋતુઓના ઉત્સવોની સાથે છ રસનો પણ સમાવેશ થાય, તે હેતુથી રસપૂર્ણ છપ્પન ભોગની ભાવનાને સાકાર સ્વરૂપ અપાયું. જેમ આધ્યાત્મિક રીતે યજ્ઞ કરીને દેવને હુતદ્રવ્યોથી તૃપ્ત કરવામાં આવે છે, તેમ આધિદૈવિક રીતે છપ્પન ભોગ પણ પુષ્ટિમાર્ગીય યજ્ઞ છે.[૧૦૧]

જેવી રીતે યજ્ઞમાં વેદી, મેખલા, અગ્નિ, યૂપ, મંડપ, ગોદાન, બલિદાન, આવાહન, પૂજન, શ્રુતિ અને બ્રાહ્મણ ભોજન આવશ્યક છે, તેમ આ આધિદૈવિક યજ્ઞમાં સિંહાસન, સીઢી, ભગવાનનો મુખરૂપી અગ્નિ, ચંદરવાના ચાર સ્તંભો, ચંદરવો નિશ્ચયદાન-ન્યોછાવર, ષટ્રસ વ્યંજન, નંદ વગેરે સ્વરૂપોનું આવાહન, રસાત્મક પુરૂષોત્તમનું પૂજન, મૂર્તિમંત શ્રુતિ અને સેવક ભીતરિયાને પ્રસાદ વગેરેનું ભાવપૂર્ણ આયોજન કરવામાં આવે છે.[૧૦૨]

મંદિરોનું અનોખું નિર્માણ :

શ્રી વિઠ્ઠલનાથજીએ આગવી બુદ્ધિ પ્રતિભા અને આયોજન કૌશલથી મંદિરોની નવીન અને સરળ રચના કરી. તેમણે વિશાળ અને ખર્ચાળ મંદિરો ન બનાવતાં, ગૃહમંદિરોનો વિચાર કાર્યાન્વિત કર્યો. મંદિરમાં મુખ્ય નિજમંદિર, શયનગૃહ, ભોગગૃહ, ફૂલઘર, પાનઘર, સાનઘર, શાકઘર અને જલઘરના નિશ્ચિત સ્થાનો રાખવામાં આવ્યાં.[૧૦૩]

શરણમંત્રમાં - બ્રહ્મસંબંધમંત્રમાં સંશોધન :

શ્રી વિઠ્ઠલનાથજીએ શરણ-મંત્ર કિંવા બ્રહ્મસંબંધમંત્રમાં વ્યાવહારિક કારણોસર સંશોધન કર્યું. શ્રીમદ્ વલ્લભાચાર્ય રચિત શરણમંત્ર અત્યન્ત સરળ હતો અને સંક્ષિપ્ત પણ હતો. શ્રી વિઠ્ઠલનાથજીને તેમાં શાંત સેમજ ગંભીર પદોની પૂર્તિ કરવાની આવશ્યકતા લાગી. પરિણામે તેમણે શાંત અને સુન્દર ભાવોથી ભરપૂર શરણમંત્ર સર્જ્યો. આમ એક મૂળને સુરક્ષિત રાખીને નવીનતમ શરણમંત્ર આપ્યો.[૧૦૪]

સેવા-વિસ્તાર-એક નવીનતમ વિભાવના :

શ્રી વિઠ્ઠલનાથજી દ્વારા પ્રસ્થાપિત અને પ્રચલિત સેવા-વિસ્તારનો પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલિકા ઉપર પ્રગાઢ પ્રભાવ જોવા મળે છે. લલિતકળાઓના સમુદ્ધાર સહિત અનેકવિધ વિષયોમાં

નવીનતમ વસ્તુ પ્રદાન કરવાનું શ્રેય શ્રી વિઠ્ઠલનાથજીને ફાળે જાય છે.[૧૦૫] તેમણે તત્કાલીન ભારતીય સમાજમાં પ્રચલિત ધાર્મિક અને આધ્યાત્મિક ભાવનાની પ્રોત્સાહન અને પ્રેરણા દ્વારા અભિવૃદ્ધિ કરી. પરિણામે પુષ્ટિમાર્ગ પ્રતિષ્ઠિત બન્યો.

શ્રી વિઠ્ઠલનાથજીના વિરલ વ્યક્તિત્વના પ્રભાવપરિણામ તરીકે ભારતીય સાહિત્ય, સંગીત અને કલાની સમન્વયાત્મક ત્રિવેણીએ સેવાની સુમધુર ભાવધારા વહાવી હતી અને મધ્યકાલીન ભારતીય જીવનમાં નવસંચાર કર્યો હતો. આમ સેવા વિસ્તાર એક નવીનતમ વિભાવનારૂપે આવિર્ભાવ પામ્યો, જેમાં ઉચ્ચ મૂલ્યોની જાળવણી અને આદર્શનું લાલિત્યમયરૂપ જોવા મળે છે.

સાહિત્યક્ષેત્રે વિપુલ સાહિત્ય સર્જન થયું. ભક્તિના સુમધુર સ્તોત્રો, પદો-કીર્તનો અને વેદાન્તના સ્વતંત્ર તથા ટીકા ગ્રંથોનું પ્રણયન સાહિત્યની સુન્દર સેવાની ઝાંખી કરાવે છે.[૧૦૬]

પુષ્ટિમાર્ગીય કલાઓની વિશેષતા એક જ રહી છે કે તેમાં કેવળ પોતાના પ્રભુના સુખનો જ કેન્દ્રવર્તી વિચાર છે. સેવા અને સમર્પણ દ્વારા પ્રભુ પ્રીત્યર્થે ત્યાગ કરવો એ જ પુષ્ટિમાર્ગીય કલાનું રહસ્ય છે. કલાનું લક્ષ્ય પ્રભુ પ્રીતિ અને પ્રભુપ્રાપ્તિ છે. અષ્ટછાપના કવિઓનું પ્રચુર-પ્રદાન સાહિત્યની ઉચ્ચતમ અવસ્થાનો પરિચય કરાવે છે.

સૂરદાસ સહિત અષ્ટછાપના કવિઓના કાવ્યો સેવા-વિસ્તારના અંગભૂત છે.

સંગીતના ક્ષેત્રમાં અષ્ટછાપના કવિઓમાંના શ્રી નંદદાસ, શ્રી ચતુર્ભુજદાસ, શ્રી છીતસ્વામી અને શ્રી ગોવિંદ સ્વામી જેવા શ્રેષ્ઠ ભક્ત કવિઓએ કીર્તનસેવાનો આરંભ કરીને સંગીતનો સેવામાં વિનિયોગ કર્યો. ઉત્તર ભારતીય સંગીત પદ્ધતિના ધ્રુપદ ધમારના શાસ્ત્રીય સંગીતનો પુનરૂદ્ધાર પુષ્ટિમાર્ગીય સંગીતની સેવા પ્રણાલિકાનું પરિણામ છે. વિવિધ ઋતુકાળના રાગ-રાગિણી-ઓની સ્થાપના પુષ્ટિ-ભક્તિયુક્ત કીર્તન સેવાનો જ વિસ્તાર છે.[૧૦૭]

શૃંગારનો સેવાના વિસ્તારમાં "સુન્દરતમ અભિન્ન પ્રયોગ" ભક્તિની દિવ્યતા પ્રકટ કરે છે. વિવિધ ઉત્સવ, ઋતુઓ અને સમયને અનુરૂપ વાઘા-વસ્ત્રો અને અલંકારોનો સેવામાં વિનિયોગ કરવામાં આવ્યો. પરિણામે "શૃંગાર" લલિતકળાના એક ભાગરૂપે સેવા-વિસ્તારમાં સ્થાન પામ્યો.[૧૦૮]

અન્ય લલિત કળાઓમાં ચિત્રકળા, આરતી કળા, ઉપરાંત પલના હિંડોળા અને ફૂલમંડળીમાં ભાવાત્મકતા અને કલાત્મકતાનો સમન્વય જોવા મળે છે.

પુષ્ટિમાર્ગમાં એક અન્ય વિશિષ્ટ અને ઉત્તમ એવી કળા અસ્તિત્વમાં આવી, જેને "પાકકલા" કહેવામાં આવે છે. આમાં અનસખડી, સખડી, દૂધઘર જેવા પ્રકાર છે, જે પુષ્ટિમાર્ગીય પાક-કલાની પ્રતીતિ કરાવે છે.[૧૦૯]

## શ્રી વિઠ્ઠલનાથજીનું વાઙ્મય

### શ્રી વિઠ્ઠલનાથજીનું સ્તોત્ર સાહિત્ય :

શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાના સ્તોત્ર સાહિત્ય દ્વારા શ્રીકૃષ્ણ, ભક્તિ, રાધાભક્તિ અને પિતૃભક્તિની ત્રિવેણી વહાવી છે. તેમનું સ્તોત્ર સાહિત્ય તેમની કવિત્વ શક્તિ અને ભાવપૂર્ણ દૃષ્ટિનો સુન્દર પરિચય કરાવે છે.

"બૃહત્સ્તોત્રસરિત્સાગર" અનુસાર તેમના સ્તોત્રોમાં પ્રથમ "મંગલાચરણ" નું સ્થાન છે, જે પુષ્ટિમાર્ગમાં અગત્યનું છે. અહીં "શ્રી વિઠ્ઠલનાથજીનું એક ભકત" તરીકેનું વિલક્ષણ વ્યક્તિત્વ દેખાય છે.

### શ્રી વિઠ્ઠલનાથજી એક ભકત તરીકે :

અનેક સ્તોત્રોના રચયિતા અને ભક્તિને જ શ્રેષ્ઠ પ્રતિપાદિત કરનાર શ્રી વિઠ્ઠલનાથજી એક સાચા ભકતહૃદય અને ભક્તિના જ માર્ગપ્રવર્તક રહ્યા છે. તેમના સ્તોત્રોનો સંક્ષેપમાં પરિચય મેળવીશું.

1. श्री मङ्गलाचरणम् ।

શ્રી વિઠ્ઠલનાથજી વિરચિત "મંગલાચરણ" પુષ્ટિમાર્ગમાં પ્રચલિત અને લોકપ્રિય છે. "જેમના ચરણરૂપી કમળની રજ, સ્વકીમ-જનોની ચિંતાના સંતાનને હણનાર છે, તે પોતાના આચાર્યને હું વારંવાર વન્દું છું."[૧૦] અહીં શ્રી વિઠ્ઠલનાથજીનો ભગવાન શ્રીકૃષ્ણ-શ્રી ગોપીજન-

વલ્લભ અને પિતા શ્રીમદ્ વલ્લભાચાર્ય પરનો વિશ્વાસ અને પ્રેમ દેખાઈ આવે છે.

2. श्री सर्वोत्तमस्तोत्रम् ।

શ્રીમદ્ વલ્લભાચાર્યના એકસો આઠ નામોનું સુન્દર અને ઉત્તમ એવું ભક્તિ-સ્તોત્ર તે સર્વોત્તમ સ્તોત્ર છે. પુષ્ટિમાર્ગમાં અત્યન્ત પ્રચલિત અને લોકપ્રિય બનેલ આ સ્તોત્ર શ્રી વિઠ્ઠલનાથજીની પિતૃ-ભક્તિનો બોધ કરાવે છે. ઉપાસના-જપાત્મક કાર્યમાં ઉપયોગી અને ઉત્તમ સ્તોત્ર "સર્વોત્તમ" પદ પામ્યું એ જ તેનું વૈશિષ્ટ્ય છે.

પ્રથમ શ્લોકમાં આર્યાગીતિમાં સાકારબ્રહ્મનું સ્તવન કરવામાં આવ્યું છે. "પ્રાકૃત-લૌકિક ધર્મોનો આશ્રય ન કરનાર અપ્રાકૃત અલૌકિક એવા સમ્પૂર્ણ ધર્મસ્વરૂપ, જે વેદથી પ્રતિપાદન કરવા યોગ્ય છે તે શુદ્ધ સાકાર સ્વરૂપ-બ્રહ્મનું હું સ્તવન કરું છું.[૧૧૧] સ્તોત્રની ફલશ્રુતિમાં આથી "કૃષ્ણરસના ઇચ્છનારાઓએ સર્વોત્તમ સ્તોત્રનો જપ કરવો જોઇએ"[૧૧૨] એમ જણાવેલું છે.

3. श्रीवल्लभाष्टकम् ।

"વલ્લભાષ્ટક" શ્રી વિઠ્ઠલનાથજીનું સુમધુર અને ગેય સ્ત્રગ્ધરા છંદમાં વર્ણિત સ્તોત્ર છે. આ સ્તોત્રમાં શ્રીમદ્ વલ્લભાચાર્યના સ્વરૂપની મહિમાનું ભક્તિપૂર્ણ વર્ણન છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "હે વૈશ્વાનર, અલૌકિક અગ્નિ સ્વરૂપ દેવ ! જો આ પૃથ્વી પર આપ પ્રગટ ન થયા હોત તો દૈવી-સૃષ્ટિ તરીકે પ્રગટ થયેલ જીવો પણ ભૂતનાથ શંકરે પ્રગટ કરેલા માયા-મતાદિ માર્ગોથી અંધ બની જવાથી તેમની વેદમાર્ગમાં ગતિ થતત નહિ, અને વાક્પતિ નંદકુમારની પ્રાપ્તિ કોઇ પણ રીતે મહા-પરિશ્રમે પણ થાત જ નહિ, આથી દૈવીસૃષ્ટિ નંદકુમારની પ્રાપ્તિ રૂપી ફળ ન મળવાથી વ્યર્થ જાત."[૧૧૩]

અહીં આઠ શ્લોકોના અષ્ટકમાં પ્રથમ અને દ્વિતીય શ્લોક ધર્મી સ્વરૂપ ભગવાનનું વર્ણન છે. જ્યારે બાકીના છ શ્લોકોમાં ધર્મનું નિરૂપણ છે.[૧૧૪]

૫. <u>स्फुरत्कृष्णप्रेमामृतस्तोत्रम्</u> ।

શ્રી વિઠ્ઠલનાથજીએ "સપ્તશ્લોકી" તરીકે જાણીતા "સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત" સ્તોત્રમાં શ્રીમદ્ વલ્લભાચાર્યના ગુણનું શિખરિણી છંદમાં નિરૂપણ કરેલું છે.

"સપ્તશ્લોકી" ના સાત શ્લોકમાં છ શ્લોકો છ ઐશ્વર્યથી સમ્પન્ન ધર્મનું અને સાતમાં શ્લોકમાં ધર્મી-ભગવાનનું નિરૂપણ થયેલું છે.[૧૧૫]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "કયારેક કોઇમાં પંડિતાઇ હોય, પણ તેની વેદમાં ગતિ હોતી નથી, કયારેક વેદમાં ગતિ હોય પણ વેદને અનુસરનાર વર્તન હોય નહિ" કયારેક વર્તન હોય તો ભગવાનના માર્ગમાં પરિચય હોય નહિ, કયારેક પ્રભુના માર્ગમાં પરિચય પણ

હોય પણ વ્રજપતિ શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રીતિ ન હોય. આ પ્રમાણેના સર્વ ગુણોથી શ્રી વલ્લભવર સિવાય અન્ય કોણ વિલસી રહ્યું છે ? અર્થાત શ્રીમદ્ વલ્લભાચાર્ય જ સર્વગુણથી વિભૂષિત થઇ રહ્યાં છે."[116]

શ્રી વિઠ્ઠલનાથજીએ ઉપર્યુકત ત્રણ સ્તોત્રો શ્રી સર્વોત્તમસ્તોત્ર, શ્રી વલ્લભાષ્ટક તથા સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃતમાં અનુક્રમે શ્રીમદ વલ્લભાચાર્યના નામ, સ્વરૂપ અને ગુણનું સુન્દર નિરૂપણ કર્યું છે.

5. <u>यमुनाष्टपदी</u> ।

શ્રી વિઠ્ઠલનાથજી વિરચિત "યમુનાષ્ટપદી" "યમુના" નું મહત્વ પ્રતિપાદિત કરે છે. "ગીતગોવિંદ" ની અષ્ટપદી શૈલીમાં રચાયેલી આ અષ્ટપદી યમુનાનું અલૌકિક સ્વરૂપ ખડું કરે છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "હે દેવી યમુના, તમને નમન હો, હે દેવી યમુના નમન હો. તમે શ્રીકૃષ્ણના મિલનનું વિઘ્ન દૂર કરી દો. પોતાના સ્વામીના માર્ગનું દાન આપનારી, કુમારિકાઓની કામનાઓ પૂર્ણ કરનારી માતા યમુના, તમે ભકિતનું રાજ્ય સ્થાપિત કરો."[117]

અહીં પ્રત્યેક પદમાં વિલક્ષણ ભાવો દૃષ્ટિગોચર થાય છે. વળી પ્રેમ-ભકિતયુકત શૃંગાર પણ જોવા મળે છે. યમુનાષ્ટપદીમાં ઉત્પ્રેક્ષા અને અપહ્નુતિ અલંકારોનો સુન્દર સન્નિવેશ થયો છે.[118]

6 वृजचर्याष्टपदी ।

યમુના ષ્ટપદીની જેમ "વ્રજચર્યાષ્ટપદી" પણ શ્રી વિઠ્ઠલનાથજીની સુન્દર કૃતિ છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "સુન્દર હાસ્ય વેરતાં, પવિત્ર સુગંધથી લોભાયેલા, ભમરાના સુન્દર મુખરૂપી કમળનું નિવાસ સ્થાન, અમૃતના સમૂહનો ગર્વ દૂર કરનાર, કામ દેવરૂપી અગ્નિનું શમન કરનાર અધરામૃતનું અમને પાન કરાવો."[૧૧૯]

"વ્રજચર્યાષ્ટપદી" શ્રી વિઠ્ઠલનાથજીની સુન્દર અને મધુર રચના છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણની વ્રજચર્યા-વ્રજમાં વિચરણનું ભાવપૂર્ણ આલેખન સહૃદય-હૃદયને આકર્ષિત કરે છે. સુન્દર-રમ્ય ચિત્રો અને મધુર પદોની અભિવ્યક્તિ કાવ્યત્વમાં ઉમેરો કરે છે.

7. भुजंगप्रयाताष्टकम् ।

ભગવાન શ્રી કૃષ્ણની સુમધુર ભક્તિનું નિરૂપણ કરતું આ સ્તોત્ર "ભુજંગપ્રયાત" નામના છંદમાં નિબદ્ધ છે. આઠ શ્લોકોના અષ્ટકમાં રચાયેલું આ સ્તોત્ર કેટલાકના મંતવ્ય પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્યની રચના છે.[૧૨૦] પરંતુ બૃહત્સ્તોત્રસરિત્સાગર અનુસાર શ્રી વિઠ્ઠલનાથજીની આ રચના છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "અત્યન્ત વ્યસ્ત એવા ઊંચા હાથના અગ્રભાગથી અમૃતના ધામરૂપ પોતાનો અધર જેનો આધાર છે, તેવી વેણુને વાંસળીને હંમેશા પૂરતાં, ગાયોને ચરાવતાં આભીરવીર-ભગવાન શ્રીકૃષ્ણ મારી આગળ પ્રગટ થાઓ."[૧૨૧]

વર્ણાનુપ્રાસ અને શબ્દાનુપ્રાસ અલંકારોથી આ સ્તોત્રની ગેયતા અને મધુરતા વૃદ્ધિ પામી છે.

8. दानलीलाष्टकम् ।

ભગવાન શ્રીકૃષ્ણની નિકુંજ લીલાની ચંદ્રાવલી સખીના ભાવોનું શિખરિણી છંદમાં અત્યન્ત મનોહર અને સ્વાભાવિક વર્ણન દાનલીલાષ્ટકમાં પ્રાપ્ત થાય છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "બ્રહ્મા દ્વારા સંપૂર્ણ પુણ્યોના ઉદયથી, અખિલ મંગળ દ્વારા, નિત્ય મનમાં ભાવ-યુક્ત સેંકડો મનોરથોથી નિર્મિત, અતિ સુંદર દિવસે સેંકડો સખીઓથી વીંટળાયેલી ચંદ્રાવલી પોતાના ઘરમાંથી વિહાર કરવાની ઇચ્છાથી વ્રજના વનોમાં ચાલવા લાગી."[122]

9. श्रीगोकुलाष्टकम् ।

"શ્રી ગોકુલ" નામથી સમન્વિત પુનરુચ્ચાર પામતા પદોનું આ અષ્ટક "શ્રી ગોકુલેશ" શ્રીકૃષ્ણના નામોનું સુન્દર અને સુભગ નિરૂપણ કરે છે. શ્રી ગોકુલેશ પ્રભુ-શ્રીકૃષ્ણના નામો અને લીલાઓનું વર્ણન કરીને શ્રી વિઠ્ઠલનાથજી ફલશ્રુતિમાં કહે છે, "આ શ્રી ગોકુલેશના નામો મારા મુખમાં સતત રહો અને હંમેશાં હૃદયમાં લીલા નિવાસ કરો."[123]

10. श्री स्वामिन्यष्टकम् ।

રાધાની સ્તુતિરૂપ આ અષ્ટક શ્રી વિઠ્ઠલનાથજીની રાધા

પ્રત્યેની તીવ્ર ભક્તિનું દર્શન કરાવે છે. શ્રી વિઠ્ઠલનાથજીની રાધા-ભાવનાને આપણે શુદ્ધ શક્તિ-ભક્તિના રૂપમાં માની શકીએ.

આચાર્ય બલદેવ ઉપાધ્યાયના મંતવ્ય પ્રમાણે રાધા "ત્રિપુર-સુન્દરી" ના પર્યાયરૂપે છે. શક્તિ અને શક્તિમાનનું યુગલરૂપ ઉપાસનાના ક્ષેત્રમાં રાધા અને કૃષ્ણ છે.[૧૨૪]

શ્રી વિઠ્ઠલનાથજી સ્તોત્રના અંતમાં કહે છે, "મારે મોક્ષ, સ્વર્ગપ્રાપ્તિ, યોગ, જ્ઞાન, દુઃખના કલહરૂપ વિષયસુખ જોઇતું નથી. પરંતુ તમારું એઠું ભોજન, ચરણામૃતનું પેય જળ અને પદધૂલિ જ પ્રત્યેક જન્મમાં શરીરશોભા માટે આવશ્યક થાઓ."[૧૨૫]

આમ સ્વામિન્યષ્ટકમ શ્રી વિઠ્ઠલનાથજીનું રાધાભક્તિનું સુન્દર સ્તોત્ર છે.

૧૧. श्री स्वामिनीप्रार्थना ।

શ્રી રાધાની પ્રાર્થનાના રૂપમાં રચાયેલી આ રચના છ શ્લોકોમાં થયેલી છે. અહીં પણ શ્રી વિઠ્ઠલનાથજીની રાધાભક્તિનું દર્શન થાય છે.

રાધાની-શક્તિની ભક્તિ કૃષ્ણની શક્તિમાનની પ્રાપ્તિ કરાવે છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "તમારા પ્રિયતમના સંગના સમયે જે મનનો મહાન ઉલ્લાસ જન્મે છે, તે દર્શન માત્રથી મારા મનની ઇચ્છા પૂરી થવાથી બધી ઇન્દ્રિયો તૃપ્ત થાઓ, એ જ જીવનનું તર્પણ છે."[૧૨૬]

અહીં શ્રી વિઠ્ઠલનાથજી શ્રી રાધાનું જ એકમાત્ર શરણ-ગ્રહણ કરવા ઇચ્છે છે.

12. श्री स्वामिनीस्तोत्रम् ।

સ્વામિની સ્તોત્ર પણ "રાધાભક્તિ" નું દર્શન કરાવતું "શિખરિણી" છંદમાં નિબદ્ધ સુમધુર સ્તોત્ર છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "નિકુંજમાં પુષ્પોના સમૂહથી તૈયાર કરેલ શય્યામાંથી, ક્રીડાજનિત પરિશ્રમ-પરસેવાના જળ પ્રવેશવાથી, મુખરૂપ કમળની શોભાથી, ભરપૂર મનવાળી, સહજ કૃપા વડે ઉઠીને આવતી ક્રીડાથી નષ્ટ કરેલ પુષ્પમાળાને આપવા માટે હે રાધા, તું જો મને યાદ કરે છે તો બીજાથી શું ?[૧૨૭]

આમ સ્વામિની સ્તોત્ર રાધાની કમનીય સુન્દર લીલાનું નિરૂપણ કરે છે.

13. राधाप्रार्थनाचतु:श्लोकी ।

શ્રી વિઠ્ઠલનાથજીની "રાધા પ્રાર્થના ચતુઃ શ્લોકી" રાધા-ભક્તિનું અત્યુત્તમ ઉદાહરણ છે. આ સ્તોત્રમાં શ્રી વિઠ્ઠલનાથજી શ્રીકૃષ્ણને પ્રાર્થે છે, "હે શ્યામસુંદર, હે મોરપિચ્છનો મુકુટ ધારણ કરનાર, હે કામદેવ સમાન હાસ્યવાળા, હે મનોહર મુરલીવાળા, હે રાધાના રસિક, હે કૃપાના સાગર ! મને તમારી પ્રિયાના રાધાના ચરણની દાસી બનાવો."[૧૨૮] આમ અહીં રાધાભક્તિનું ઉત્કૃષ્ટ નિરૂપણ થયું છે.

14. द्वितीयवृत्तचतुःश्लोकी ।

શ્રી વિઠ્ઠલનાથજી વિરચિત આ ચતુઃ શ્લોકી પુષ્ટિમાર્ગીય ધર્મનું નિરૂપણ કરે છે. પુષ્ટિમાર્ગ- સ્મરણ, કીર્તન અને સેવા એમ ત્રણ ધર્મોને મહત્વ આપે છે. "દીનભાવથી પોતાના ઉત્તમ અધિકારી-પણાની પ્રાર્થના કરવી જોઇએ."[૧૨૯] આમ પુષ્ટિમાર્ગીય સાધનનું નિરૂપણ પણ કરવામાં આવ્યું છે.

15. द्वितीया चतुःश्लोकी ।

ચતુઃ શ્લોકીમાં શ્રી વિઠ્ઠલનાથજીનો શ્રીકૃષ્ણપ્રેમ અને અનન્ય આશ્રય જોવા મળે છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "આ રીતે નિરંતર આપમેળે જ ભગવાનમાં મનને સ્થાપવું જોઇએ. શ્રીકૃષ્ણના ભક્તોને આ કઠણ કલિકાલ પણ બાધા-દુઃખ આપતો નથી."[૧30]

આ રીતે આ ચાર શ્લોક શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત ષોડશગ્રંથાન્તર્ગત ચતુઃ શ્લોકીનું સ્મરણ કરાવે છે.

16. रससर्वस्वम् ।

ઋષિરૂપા ગોપીઓએ કરેલા "કાત્યાયની" વ્રતનું નિરૂપણ આ સ્તોત્રમાં થયેલું છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "સુન્દર કામદેવના સ્મિતના અંશમાત્રથી જીતાયેલ સમગ્ર સુન્દર નયનવાળી કુમારીઓનું રાધાના વર સાથેનું મિલન બીજી દ્વારા સાંભળીને, હે સખી !

શ્રેય લોકની યુવતીઓ દ્વારા શોધવા લાયક અતિમધુર શ્રેષ્ઠ માધવ વશમાં થયા છે, તેમના ભાગ્યનું વચન બંધ કરો."[131]

આ કૃતિ રચના સાર સર્વસ્વ શ્રીકૃષ્ણની લીલાકથાનું સરસ નિરૂપણ કરે છે.

17. श्रृंगाररस: ।

આ કૃતિમાં રાધા અને કૃષ્ણના મિલનનું શૃંગારરસપૂર્ણ વર્ણન છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "ક્યારેક યમુનાના કિનારે કમળની સુગંધથી સમૃદ્ધ, આનંદની પ્રચુરતાથી અત્યન્ત શિથિલ પવનથી સુંદર એવા વૃન્દાવનમાં આનંદથી પોતાની સહચરીઓના સમૂહ સહિત ગયેલી રાધાએ સેંકડો ગોપીઓથી વીંટળાયેલા વ્રજપતિ-શ્રીકૃષ્ણને જોયા."[132]

મલ્હાર રાગમાં અને વસન્ત રાગમાં અષ્ટપદીના રૂપે પણ "શૃંગારરસ" ની રચના થઈ છે.

18. स्वप्नदर्शनम् ।

"સ્વપ્નદર્શન" ગોપીપ્રેમનું એક સુંદર કાવ્ય છે. શ્રીકૃષ્ણના સુંદર સ્વરૂપનું વર્ણન સવિસ્તર કરવામાં આવ્યું છે. ગોપીઓનો ગોપીશને પ્રાપ્ત કરવાનો વિરહ વિલાપ સંવેદના જગાડે છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "અરે રે ! પ્રિયસંગ વિના એક ક્ષણ પણ હું કેવી રીતે જીવીશ ? (ગોપીજનોના સમૂહના પ્રિય શ્રીકૃષ્ણના

વિયોગથી ) પહેલાં તમારા અદર્શનના ઉદવેગથી પણ દુઃખનો સમૂહ હતો. હવે તમારું દર્શન થયું છે ત્યારે તમારી પ્રાપ્તિ ન થવાથી દુઃખ આવી પડયું છે."[133]

સ્વપ્નદર્શન ભગવાનના વિરહ દુઃખનું સુમધુર કાવ્ય છે.

19. प्रबोधः ।

પ્રભુને જગાડવાનું આ એક સુંદર પ્રબોધ છે. પ્રત્યેક શ્લોકમાં જય-જયકારનો ધ્વનિ નમસ્કારનું સૂચક છે. શ્રી વિઠ્ઠલનાથજી અંતિમ શ્લોકમાં કૃતજ્ઞતા વ્યકત કરતાં કહે છે, "સ્ફુરાયમાન કમળમાંથી નીકળેલા ભમરાના ગાયક સમૂહો દર્શનાર્થીઓના શુભ માટે દિશામાં યશ વિસ્તારે છે. જગતના આંખરૂપ-નેત્રરૂપ કે હરિ, તમે મારો જન્મ સાર્થક કરવા માટે કૃપા કરો, પોતાના ચરણરૂપી કમળના સેવક વિઠ્ઠલ ઉપર કૃપા કરો."[134]

20. गुप्तरसः ।

ગુપ્તરસમાં પ્રભુના સુગુપ્ત રસનું ગુપ્તરૂપે વર્ણન છે. શ્રી વિઠ્ઠલનાથજી ગુપ્તરસના અંતમાં કહે છે, "પ્રિયતમના પરસ્પર પ્રેમરૂપી સમુદ્રના તરંગોની જેમ ઉપર ઉઠેલા ભાવો વિશે કહેવું અશક્ય છે. તમારી કૃપાના બળથી તે જાણી શકાય છે."[135]

શ્રી વિઠ્ઠલનાથજી અતિગોપ્ય એવું આ વૃત્તાંત જાણે છે. આમ "ગુપ્તરસ" માં પ્રભુની "ગુપ્તરસ" ની ભાવના વર્ણવેલી છે.

21 रक्षास्मरणम् ।

પ્રભુનું રક્ષાના નિમિત્તે સ્મરણ શ્રી વિઠ્ઠલનાથજીના સર્વાત્મ-ભાવનું નિરૂપણ કરે છે. તેઓ કહે છે "અમે બધા શ્રીકૃષ્ણ દ્વારા જ સર્વાત્મભાવે આત્મસાત થયા છીએ."[૧૩૬] આમ રક્ષા સ્મરણ પ્રભુનું નિત્ય સ્મરણ કરવા પ્રેરે છે અને અંગીકૃત-આત્મીય થવાની પણ પ્રેરણા આપે છે.

22. ललितत्रिभंगस्तोत्रम् ।

આ સ્તોત્રમાં ભગવાન શ્રીકૃષ્ણના લલિત-સુન્દર ત્રિભંગ-ત્રણ જગ્યાએથી વાંકા-સ્વરૂપનું અતિરોચક અને ભાવપૂર્ણ વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રારંભમાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "હું પિતૃચરણરૂપી કમળને પ્રણામ કરું છું. કારણ કે તેમના નિવેદનથી શ્રીકૃષ્ણ દ્વારા આત્મસાત થયેલું અમારું કુળ કલંકરહિત-દોષરહિત બન્યું છે."[૧૩૭] શ્લોકોમાં નવીનતમ ભાવોનું આલેખન કરવામાં આવ્યું છે. "ભક્તોનું દુઃખ હરવામાં તમે કોઇપણ મર્યાદાને માનતા નથી, એમ જણાવવા "વજ્રરેખા" પ્રગટપણે ધારણ કરો છો."[૧૩૮] "ઉદ્બુદ્ધ-શૃંગાર રસ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેક અંગોમાં પણ તેવા જ આભૂષણોને ધારણ કરતાં શોભી રહયાં છે."[૧૩૯]

અંતમાં શ્રી વિઠ્ઠલનાથજી વિનમ્રભાવે-દૈન્યભાવે કહે છે. "હું તેમનો ભગવાનનો છું, તે વૃત્તાંત જ આહલાદક-રુચિકર છે, તેથી શ્રી વિઠ્ઠલના પ્રભુ દાસ ઉપર પ્રસન્ન થાઓ."[૧૪૦] આમ આ સ્તોત્ર એક સુન્દર ભક્તિ સ્તોત્ર છે.

23. अष्टाक्षर निरूपणम् ।

આ સ્તોત્ર "અષ્ટાક્ષરમંત્ર" નો સવિસ્તર પરિચય અને મહત્વ સમજાવે છે. અષ્ટાક્ષરમન્ત્રની વ્યાપકતા અને શ્રીકૃષ્ણના નામનો પ્રભાવ શ્રી વિઠ્ઠલનાથજીએ સમજાવ્યો છે. નામનો પ્રભાવ વર્ણવતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "જે હંમેશાં શ્રીકૃષ્ણનું સ્મરણ કરે છે, તેને યમ શું કરી શકશે. તેના મોટા પાપના ઢગલા તુરંત ભસ્મીભૂત થાય છે."[૧૪૧]

આમ આ સ્તોત્ર "શ્રીકૃષ્ણ શરણં મમ" અષ્ટાક્ષર મંત્રની અક્ષરશઃ મહત્તા સમજાવે છે અને ભક્તિ તથા વૈરાગ્યની પ્રાપ્તિ કરાવે છે.

શ્રી વિઠ્ઠલનાથજીની વિજ્ઞપ્તિઓ :

શ્રી વિઠ્ઠલનાથજીએ રચેલી વિજ્ઞપ્તિઓ પુષ્ટિમાર્ગમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ વિજ્ઞપ્તિઓ પુષ્ટિમાર્ગીય ભાવનાનું આલેખન કરતી અને દૈવ્ય પ્રાપ્તિની ઇચ્છા રાખતી સુન્દરતમ કૃતિઓ છે. એક સ્વતંત્ર વિજ્ઞપ્તિ અને અન્ય નવ વિજ્ઞપ્તિઓ સહિત દસેક જેટલી વિજ્ઞપ્તિઓ જોવા મળે છે.

1. विज्ञप्तिः ।

વિજ્ઞપ્તિ સ્વરૂપે રચાયેલ આ સ્તોત્ર આત્મ નિવેદનનું સુન્દર દર્શન છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "અતિ બળવાન મારા દોષો પણ તમારી કૃપા આગળ અત્યન્ત દુર્બળ છે, કારણ કે તે કૃપા ઇશ્વર ધર્મ છે અને દોષો જીવધર્મ છે."[૧૪૨] આમ ભગવાનનો સહજ કૃપાભાવ વિજ્ઞપ્તિઓમાં સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે.

શ્રી વિઠ્ઠલનાથજીની પ્રભુભક્તિની ઉત્તમ ઉક્તિઓ-વિજ્ઞપ્તિઓ હૃદય-પ્રદેશને શુદ્ધભાવથી ભરપૂર બનાવે છે.

2. विज्ञमयः ।

શ્રી કૃષ્ણદાસ અધિકારીએ શ્રી વિઠ્ઠલનાથજીને કેટલાક કારણોસર શ્રીનાથજીની સેવાથી વંચિત રાખ્યા, જ્યારે શ્રી વિઠ્ઠલનાથજી શ્રીનાથ દર્શનથી વિરહિત થઇને છ મહિના સુધી ચંદ્રસરોવર રહ્યા. આ સમય દરમિયાન તેમણે પ્રભુના વિરહમાં એક-એક શ્લોક લખીને મોકલ્યો, તે વિજ્ઞપ્તિઓ કહેવાય છે. આ વિજ્ઞપ્તિઓનું પુષ્ટિ-માર્ગમાં વિશિષ્ટ સ્થાન છે. તેમાં ભગવાનના વિરહનું દુઃખ અને આત્મનિવેદનની ઉચ્ચતમ અવસ્થાનું દર્શન થાય છે. પ્રભુને પ્રાર્થના કરતા શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "સ્વલ્પ અપરાધથી કિંવા મહાન અપરાધથી હે વ્રજે અમારી પોતાની જો તમે ઉપેક્ષા કરો તો અમારે શું કરવું જોઇએ ?"[૧૪૩]

"હે પ્રભો ! અમે આપના છીએ અને અમારા સ્વામી છો. વળી કાલ કર્મ અને સ્વભાવ આપની સત્તામાં રહે છે, એ અમારો નિશ્ચય છે."[૧૪૪]

"આથી કાલ વગેરેથી ઉત્પન્ન દુઃખ અમને પ્રાપ્ત થવું યોગ્ય નથી અને અપરાધમાં પણ આપના સેવકો પ્રત્યે ઉપેક્ષા કરવી યોગ્ય નથી."[૧૪૫]

## શ્રી વિઠ્ઠલનાથજી વિરચિત આરતીઓ :

શ્રી વિઠ્ઠલનાથજી "ગીતસંગીતસાગર" હતા. તેમનો સંગીતના ક્ષેત્રમાં અત્યન્ત ફાળો રહયો છે. ભગવાનની આગળ સરસ સંગીતમય પદ્ધતિએ તેમણે રચેલી આરતીઓનું ગાન કરવામાં આવતું હતું. તેમાંની આરતીનો પરિચય નીચે પ્રમાણે છે.

### ૧. अथ मंगलारार्तिकार्या ।

"મંગલારાર્તિકાર્યા" "મંગલ ચતુષ્પદી" તરીકે પ્રસિદ્ધ અને સમધુર ગેય આરતી છે. આ આરતીમાં શ્રીમદ્ ભાગવતના જન્મ પ્રકરણ દશમસ્કંધ એકથી ચાર અધ્યાયોની લીલાથી તામસ ફલ પ્રકરણ રાસ પંચાધ્યાયી સુધીની સમગ્ર લીલાનો ભાવ વર્ણવ્યો છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "શ્રી ભગવાનનું નામ, રૂપ, ધામ, લીલા એ ચાર મંગલ છે. શ્રી નંદ-યશોદા નામનું સંકીર્તન મંગલ છે. શ્રી નંદ યશોદા રુચિકર ઉત્સંગમાં સુખપૂર્વક લાલિત અને પાલિત ભગવત્સ્વરૂપ મંગલ છે."[૧૪૬]

પુષ્ટિમાર્ગીય મંદિરોમાં "મંગલા આરતી" સમયે ગવાતી આ સુંદર રચના ભૈરવી-રામકલી રાગમાં ગવાય છે.[૧૪૭]

મંગલ ચતુષ્પદી પર ગોસ્વામી શ્રી હરિરાયજી અને શ્રી ગોકુલનાથજીની ટીકાઓ ઉપલબ્ધ છે.

2. अथ पर्यंक: ।

પ્રેંખપર્યંકશયન કિંવા પર્યંક તરીકે જાણીતી આ આરતી શ્રી વિઠ્ઠલનાથજીની પલનામાં રહેલા પ્રભુને જગાડવાની સુંદર આરતી છે. પ્રાતઃકાલમાં રામકલીમાં ગવાતી આ આરતી પ્રભુ પ્રત્યેની સુન્દરતમ ભક્તિનો પરિચય કરાવે છે.

3. अथ राजभोगारार्तिकार्या ।

રાજભોગ સમયની આરતીનું આર્યાગીતિમાં અત્યન્ત મનોહર પદ છે. એક માન્યતા પ્રમાણે માત્ર દસ વર્ષની ઉંમરમાં જ શ્રી વિઠ્ઠલનાથજીએ આ આર્યાની રચના કરી હતી. કેટલાકના મંતવ્ય મુજબ આ રચના શ્રીમદ્ વલ્લભાચાર્યની છે.

4. अथ संध्यारार्तिकार्या ।

"સંધ્યા" સમયની આરતીની આર્યામાં શ્રી વિઠ્ઠલનાથજીએ મધુરતમ પદોનો સન્નિવેશ કરીને પ્રભુપ્રેમની અભિવ્યક્તિ કરી છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "પ્રભુભક્તિ રૂપી અમૃતના સમુદ્રની વૃદ્ધિ કરનાર પર હાથથી વર્ણવેલ કૃષ્ણકથા રૂપી અગ્રરસ-શ્રેષ્ઠ

રસવાળા પર, રસિક શાસ્ત્રોની વાણી રૂપી અમૃત વાક્યોમાં પરાયણ, જેમને પરમ આદરને પાત્ર ચરણ કમળ છે, તેમના ઉપર[૧૪૮] પ્રભુની પ્રીતિ થાઓ. અર્થાત શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુ-પ્રેમની નિત્ય ઝંખના સેવે છે.

5. अथ शयनारार्तिकार्या ।

"શયન" સમયની આરતીની આર્યા પણ ભગવાન શ્રીકૃષ્ણની લીલા તથા ગુણાનુવાદની સરસ ઝાંખી કરાવે છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "શરણાગતના ભયની નિવૃત્તિ કરવામાં પરાયણ, શત્રુ પક્ષના અંધકારના સમૂહ માટે ચંદ્ર સ્વરૂપ, જેમના બન્ને ચરણ કમલનું નિધિઓ દ્વારા સેવન કરાયેલ છે તેવા, યુગધર્મથી નિષ્પન્ન કાલના કર્તા,[૧૪૯] શ્રી મથુરાધીશને હું વંદન કરું છું."

6. अथ द्वितीयपर्यंकः ।

શ્રી વિઠ્ઠલનાથજી આ દ્વિતીય પર્યંકમાં પ્રભુના સ્વરૂપના લાલન વિષયક વર્ણન કરે છે. શ્રી વિઠ્ઠલનાથજી સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે "ગોરોચનના તિલકવાળા, મોતીઓ જેમના કપાલમાં છે તેવા, જેમનું મુખ વાંકડિયા વાળવાળું છે તેવા, ઉત્સુક-આનંદિત આંખવાળા પારણા રૂપી મંચમાં પોઢેલા પ્રભુને લાડ લડાવે છે.[૧૫૦]

મધુરતમ ભાવોથી આરતીનું માધુર્ય છલકાય છે.

## શ્રી વિઠ્ઠલનાથજી એક ભાષ્યકાર તરીકે :

શ્રી વિઠ્ઠલનાથજીએ પિતા શ્રીમદ્ વલ્લભાચાર્યના અધૂરાં કાર્યો પૂર્ણ કરવાની સાથે અન્ય કાર્યો પણ કર્યા છે. તેમણે પોતાની વિદ્વત્તા અને બુદ્ધિ પ્રતિભાથી ભાષ્યસાહિત્ય સર્જ્યું છે, જેમાં તેમનું એક ભાષ્યકાર તરીકેનું કર્તૃત્વ પ્રગટ થાય છે.

### 1. बृह्मसूत्राणुभाष्यम् ।

શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત બ્રહ્મસૂત્રાણુભાષ્ય અઢી અધ્યાય સુધી જ લખાયું છે. શ્રી વિઠ્ઠલનાથજીએ આ અધૂરું કાર્ય બ્ર.સૂ. ૩.૨.૩૪ થી શરૂ કરીને અંતિમ ૪ થો અધ્યાય સુધી પરિપૂર્ણ કર્યું.

બ્રહ્મસૂત્રાણુભાષ્યના ઉભય-કર્તૃત્વને લીધે કેટલીક વિશિષ્ટતાઓ જાણવા મળી છે. શ્રીમદ્ વલ્લભાચાર્યની ભાષા સૂત્રાત્મક છે, જ્યારે શ્રી વિઠ્ઠલનાથજીની ભાષા પ્રાસાદિક, અલંકાર પ્રચુર અને કવિત્વમય છે.

શ્રી વિઠ્ઠલનાથજીની વિલક્ષણતા એ છે કે તેમણે ઉત્તર ભાગમાં બ્રહ્મસૂત્રાણુભાષ્યમાં પુષ્ટિમાર્ગની પરિભાષા અને રસશાસ્ત્રની પરિભાષા ચર્ચી છે.

આમ પિતાનું અપૂર્ણ કાર્ય પૂર્ણ કરીને શ્રી વિઠ્ઠલનાથજીએ બ્રહ્મસૂત્ર ભાષ્યને "બ્રહ્મસૂત્રાણુભાષ્ય" સંજ્ઞા આપી.[૧૫૧]

2. निबंधप्रकाशः ।

શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબંધના અંતર્ગત "ભાગવતાર્થપ્રકરણ" છે, તેના ૪થા સ્કંધની ૩૩ મી કારિકા સુધી શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત પ્રકાશ નામની ટીકા ઉપલબ્ધ છે. અર્થાત પ્રત્યેક કારિકા સમજાવવા માટે "પ્રકાશ" ટીકા નિબંધ ઉપર લખાઈ છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ "ભાગવતાર્થ પ્રકરણ" ના ૪થા સ્કંધની ૩૪મી કારિકાથી શરૂ કરીને પાંચમાં સ્કંધની ૧૩૬મી અડધી કારિકા સુધી પ્રકાશ ટીકા લખીને પિતાના કાર્યની પૂર્તિ કરી છે.[૧૫૨]

3. प्रेमामृतविवरणम् ।

શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રી ચૈતન્ય મહાપ્રભુ રચિત "પ્રેમામૃત" અથવા "કૃષ્ણ પ્રેમામૃત" પર વિવરણ લખ્યું છે. સુન્દર એવા પ્રેમામૃતનું વિવરણ લખીને શ્રી વિઠ્ઠલનાથજીએ તેમાં વધારો કર્યો છે અને રાધાભક્તિનો પરિચય આપ્યો છે. "પ્રેમામૃત" માં રાધાની વિરહાવસ્થામાં પ્રભુના ગાયેલા નામોનો સંગ્રહ છે.

સામ્પ્રદાયિક ગાથા પ્રમાણે આ નામો શ્રી ગિરિરાજની શિલા પર કોતરેલા હતા. શ્રી વિઠ્ઠલનાથજીએ આ નામોનો સંગ્રહ કરીને વિવરણ લખ્યું.[૧૫૩]

4. गायत्रीव्याख्या ।

શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત "ગાયત્રીભાષ્ય" ઉપર "ગાયત્રીવ્યાખ્યા" લખીને શ્રી વિઠ્ઠલનાથજીએ પાંત્રીસ કારિકાઓ આપી છે. શ્રી વિઠ્ઠલનાથજીએ ગાયત્રી મંત્રના અર્થને વિશદ રૂપ આપ્યું છે. વેદનું મૂળ ગાયત્રી છે અને ગાયત્રી જ જ્ઞાન કર્મ અને ભક્તિના પ્રકટ સ્વરૂપ છે."[૧૫૪]

ગાયત્રી વિષ્ણુનું હૃદય છે. સૂર્ય-સવિતાપદ પુરૂષોત્તમનું પરિચાયક છે.[૧૫૫]

આમ વેદ અને શાસ્ત્રોના પ્રમાણોનો આધાર લઇને શ્રી વિઠ્ઠલનાથજીએ "ગાયત્રીવ્યાખ્યા" લખીને વેદનું ગૌરવ વધાર્યું છે.

5. गीतार्थविवरणम् ।

શ્રી વિઠ્ઠલનાથજીએ "ગીતાર્થ વિવરણ" પ્રથમાધ્યાય ટીકા શ્રીમદ્ ભાગવતગીતા પર લખી છે. અહીં વ્યાખ્યા શૈલીમાં પ્રથમાધ્યાયનું નિરૂપણ થયું છે. પ્રારંભમાં ચૌદ શ્લોકોમાં શ્રીમદ્ ભાગવતગીતાનો સાર આપવામાં આવ્યો છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "જ્યાં સુધી વિદ્વાનોને ગીતામૃતરૂપી નદી દેખાતી નથી ત્યાં સુધી મતભેદો દ્વારા મનુષ્યોને મહાન ભ્રમ થાય છે."[૧૫૬] "ધર્મક્ષેત્રમાં ધર્મની ઉત્પત્તિના સ્થાનમાં અધર્મની સંભાવના કેમ ?"[૧૫૭] એવા પ્રશ્ન સાથે વિવરણનો પ્રારંભ થાય છે.

અંતમાં "કપિધ્વજ" પદનું વિવરણ આપ્યું હોઇ ગ્રંથની સમાપ્તિ નહીં, પરંતુ અસમાપ્તિ હોય તેવું સમજાય છે, એટલે "ગીતાર્થવિવરણ" અપૂર્ણ પ્રાપ્ત થાય છે.

6. <u>श्रीमद्भागवद्गीतातात्पर्यम्</u> ।

શ્રીમદ્ ભગવદગીતાના તાત્પર્યનું સંક્ષેપમાં નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "આથી તેમના મુખરૂપી કમલથી સરી પડેલી ગીતારૂપી અમૃતના સમુદ્રનો આવિર્ભાવ થતાં ભગવાનની કૃપાથી હું હેતુનો વિચાર કરું છું."[૧૫૮]

ભગવાન શ્રીકૃષ્ણે પાર્થ-અર્જુન ઉપર અનુગ્રહ કર્યો તેને આત્મ-તત્ત્વનો ઉપદેશ આપીને ભક્તિમાર્ગમાં અંગીકૃત કર્યો. છેવટે શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "આ પ્રમાણે પિતૃચરણોરૂપી કમળના દાસ વિઠ્ઠલે પોતાના હૃદયમાં રહેલી ભક્તિમાર્ગની મર્યાદા કહી છે."[૧૫૯] આમ અહીં પુષ્ટિભક્તિની મર્યાદાનો સ્વીકાર થયો છે.

7. <u>श्रीवृत्रासुरचतुःश्लोकीविवृत्तिः</u> ।

શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રીમદ્ ભાગવતના ષષ્ઠ સ્કંધ અંતર્ગત ચતુશ્લોકી પર વિવૃત્તિ લખી છે. આ વૃત્રાસુર ચતુઃશ્લોકી પોષણ લીલાનું અને પુરુષાર્થ ચતુષ્ટયનું સ્વરૂપ દર્શાવે છે.[૧૬૦]

વૃત્રાસુર ચતુઃશ્લોકીના ચાર શ્લોકો પૈકી ત્રણ શ્લોકો ઉપર શ્રી વિઠ્ઠલનાથજીની વિવૃત્તિ અને ચોથા શ્લોક ઉપર શ્રીમદ્ -

વલ્લભાચાર્યની વિવૃત્તિ છે. પરંતુ ચાર શ્લોકોની વિવૃત્તિ-વિવરણ શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાના નામથી પ્રકટ કરી છે.[૧૬૧]

પ્રથમ શ્લોકમાં ભગવાનનું દાસ્ય ધર્માધિકારના રૂપમાં કહેવાયું છે. ભગવાનની સેવામાં સ્નેહ જ નિયામક છે. આ સ્નેહ "એક માત્ર પ્રભુકૃપાથી જ સાધ્ય" છે.[૧૬૨]

બીજા શ્લોકમાં ભકત પૂર્ણ સકલાર્થરૂપ ભગવાનની અર્થરૂપે આકાંક્ષા સેવે છે, "તેઓ મારા સિવાય બીજું કંઇ જાણતા નથી અને હું પણ તેઓ સિવાય બીજું કંઇ જાણતો નથી." [૧૬૩] વાકયથી ભગવાનનો ભકત સિવાય અન્ય પ્રત્યે પ્રેમ નથી, તેથી અખંડ વૈરાગ્ય-શીલ ભગવાન હોય તો ભકત મોક્ષની પણ ખેવના રાખતો નથી.

તૃતીય શ્લોકમાં "કામ" નું નિરૂપણ છે. પુષ્ટિમાર્ગમાં હરિના રૂપના દર્શનની ઇચ્છા એ મનની ઇચ્છા-કામ કહેવાય છે.[૧૬૪] મન બધી ઇન્દ્રિયોનું જ્ઞાતા હોવાથી તેને ભજનાનંદનો અનુભવ થાય છે.

ચતુર્થ શ્લોક મોક્ષનું નિરૂપણ કરે છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "પુષ્ટિમાર્ગમાં ધર્મ હરિનું દાસ્ય છે. અર્થ હરિ જ છે. કામ ભગવાનની દર્શનની ઇચ્છા છે અને મોક્ષ પણ સાચે જ કૃષ્ણની સેવા અને તેનું ચરિત્રગાન છે.[૧૬૫]

આમ વૃત્રાસુરચતુ:શ્લોકી વિવૃત્તિમાં શ્રી વિઠ્ઠલનાથજીએ પુષ્ટિ-માર્ગનો સિદ્ધાંત સંક્ષેપમાં છતાં સ્પષ્ટપણે નિરૂપ્યો છે.

૪. ન્યાસાદેશવિવૃતિ: ।

શ્રી વિઠ્ઠલનાથજીએ "ન્યાસાદેશ" ઉપર વિસ્તૃત વિવૃત્તિ લખીને ભાષ્ય સાહિત્યમાં ઉત્તમ પ્રદાન કર્યું છે. ન્યાસાદેશના કર્તૃત્વ સંબંધમાં મતૈક્ય નથી, કારણ કે પુષ્ટિમાર્ગીય પરંપરા અનુસાર તે વલ્લભાચાર્યે રચિત કહેવાય છે, જયારે અન્ય મત અનુસાર રામાનુજીય શ્રી વેદાન્તાચાર્યે રચિત કહેવાય છે. ગમે તે હોય પરંતુ શ્રી વિઠ્ઠલનાથજીએ ભગવદ્ગીતાના અઢારમાં અધ્યાયના ૬૬ મા શ્લોકનું સુન્દર વિવરણ અહીં આપ્યું છે.[૧૬૬]

ન્યાસદેશવિવૃતિમાં શ્રી વિઠ્ઠલનાથજીએ "ન્યાસાદેશ" ના શ્લોકમાં વર્ણિત પદોની વિશદ વ્યાખ્યા આપી છે, જેમાં પ્રપત્તિધર્મ-શરણધર્મનો મર્મ સમજાવવામાં આવ્યો છે.

ન્યાસ એટલે સંન્યાસ તેનો આદેશ"જે દિવસે વૈરાગ્ય જન્મે તે દિવસે સંન્યાસ લેવો" એમ થાય છે.[૧૬૭]

ભક્તિમાર્ગીય સંન્યાસ ગોપિકાઓમાં છે, એમ શ્રીમદ્ વલ્લભાચાર્યે "સંન્યાસનિર્ણય" માં નિરૂપેલું છે.[૧૬૮] સુબોધિનીમાં ન્યાસાદેશનો ઉલ્લેખ ૧,૫.૧૭માં છે.

"સર્વ ધર્મોનો ત્યાગ કરીને ધર્મી એવા મારા શરણે તું જા."[૧૬૯] માં ભગવાનની શરણાગતિના દર્શન થાય છે. તેથી જયારે ભગવદ્-ભાવનું દાન થાય છે ત્યારે જ શોકમાંથી નિવૃત્તિ થાય છે. આથી જ ભાગવતમાં "શોકનો નાશ કરનાર" વિશેષણ ભગવાન માટે

પ્રયોજાયું છે.[૧૭૦] વ્યાસાદેશ ઉપર ભટ્ટ શ્રી રમાનાથ શાસ્ત્રી લિખિત વિવરણ હિન્દી ભાષામાં પ્રાપ્ય છે.

૧. षोडशग्रंथटीका: ।

શ્રીમદ્ વલ્લભાચાર્યે વિરચિત ષોડશગ્રંથોમાંના ત્રણ ઉપર શ્રી વિઠ્ઠલનાથજીની ટીકા પ્રાપ્ત થાય છે. તે ત્રણ ગ્રંથો આ પ્રમાણે છે. યમુનાષ્ટક, સિદ્ધાન્ત મુક્તાવલી અને નવરત્ન.

1. यमुनाष्टकविवृत्तिः ।

શ્રી વિઠ્ઠલનાથજીએ રચેલી યમુનાષ્ટકની વિવૃત્તિ છ શ્લોક સુધીની છે. બાકી ત્રણ શ્લોક ઉપર શ્રી ગોકુલનાથજીની વિવૃત્તિ છે, જે તેમણે પૂર્ણ કરી છે.

"યમુનાષ્ટક" માં "યમુના" ના માહાત્મ્યનું સંક્ષિપ્ત છતાં સુન્દર નિરૂપણ તેઓની યમુના ભક્તિનું દર્શન કરાવે છે. યમુના "ભગવાનને પ્રિય એવા ભક્તોના કલિ.નો દોષનો નાશ કરે છે."[૧૭૧] આમ યમુનાષ્ટકવિવૃત્તિ શ્રી વિઠ્ઠલનાથજીની તથા તેમના ચતુર્થ યુગ શ્રી ગોકુલનાથજીની ટીકા તરીકે પ્રસિદ્ધ છે.

2. सिद्धान्तमुक्तावलीविवृत्तिः ।

શ્રીમદ્ વલ્લભાચાર્યના સિદ્ધાન્તોનું નિરૂપણ કરતો મહત્ત્વપૂર્ણ તત્ત્વ ગ્રંથ છે. અહીં "શાસ્ત્રાર્થનો નિશ્ચય કહેવાની" પ્રતિજ્ઞા

શ્રી વિઠ્ઠલનાથજી લે છે.[૧૭૨] "પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ નિયામક છે"[૧૭૩] અને સેવામાં "માનસી સેવા શ્રેષ્ઠ છે."[૧૭૪] આમ શ્રી વિઠ્ઠલનાથજીએ વિવૃતિમાં શ્રુતિ અને સ્મૃતિના ઉદાહરણો દ્વારા "શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ"ના દર્શન કરાવ્યા છે.

૯. <u>नवरत्नप्रकाशविवृत्तिः</u>

"નવરત્ન" ગ્રંથ ઉપર શ્રી વિઠ્ઠલનાથજીની પ્રકાશવિવૃતિ પ્રાપ્ત થાય છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, આ રત્નો "મે વ્રજાધિપ શ્રીકૃષ્ણને હૃદયમાં ધારણ કરીને ઉજ્જવળ બનાવ્યા છે."[૧૭૫] આમ અહીં નવરત્ન રૂપ નવ શ્લોકો "ભક્તિમાર્ગરૂપ અમૃતનો સાગર" કહેવાયા છે.

10. <u>श्रीमती टिप्पणी</u> ।

શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રીમદ્ વલ્લભાચાર્ય રચિત સુબોધિનીને સરળતાથી સમજવા માટે અથવા તેમાંની અત્યન્ત ગુપ્ત આજ્ઞાઓનું તાત્પર્ય સમજવા માટે "શ્રીમતી ટિપ્પણી" નું આયોજન કર્યું છે.[૧૭૬]

શ્રી ટિપ્પણી દશમસ્કંધનું વિવરણ છે. શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રીકૃષ્ણ જન્મના દશમ સ્કંધના ત્રીજા અધ્યાયની પ્રથમ શ્લોક પરથી સુબોધિનીની છઠ્ઠી કારિકા ટિપ્પણીમાં ભગવાનના જન્મ સંબંધી દોષનું નિરાકરણ આપ્યું છે. અહીં તેઓ જણાવે છે, "પુષ્ટિમાર્ગ મર્યાદામાર્ગથી ઘણો જુદા પ્રકારનો અને સર્વથી બળવાન છે."[૧૭૭] આમ અહીં "કાલ" ને સર્વગુણોથી યુકત કહયો છે.

11. भावैरङ्कुरितम्

"ભાવૈરંકુરિતમ" પદ પ્રભુના ભાવાત્મક અને રસાત્મક સ્વરૂપનું નિરૂપણ છે. પ્રભુ શૃંગારરસાત્મક છે અને તે જ કલ્પવૃક્ષ હોઈ બધું આપવા માટે સમર્થ છે. શ્રી વિઠ્ઠલનાથજી કહે છે, "આવા શૃંગાર-રસપૂર્ણ કલ્પવૃક્ષ સ્વરૂપ પ્રભુને હું ભજું છું."[૧૭૮]

"ભાવૈરંકુરિતમ" પદનો ભાવ નીચે પ્રમાણે છે. "પૃથ્વી પર સુંદર નેત્રવાળી વ્રજવનિતાઓના કલ્પપર્યન્ત સિંચિત ભાવોથી ભગવાનના દર્શન કયારે થશે, એમ ભાવના થવાથી યશોદામાં ગર્ભરૂપે ભગવાન અંકુરિત થયા. આવિર્ભાવ પામ્યા. પ્રેમથી પુષ્ટ, વિવિધ મનોરથો રૂપી સેંકડો શાખાઓથી પુષ્ટ, બાલસુલભ ચપળતાથી અંગોને શોભા આપનાર, આનંદથી પુષ્પયુકત બનેલા ભગવાન સઘળા મનોરથો પૂરા કરશે. આમ લીલાઓથી ફળયુકત બનેલા, વ્રજવનિતાઓમાં રહેલા શૃંગાર રસરૂપ કલ્પવૃક્ષની હું ભાવના કરું છું-અનુભવ કરું છું.[૧૭૯] "ભાવૈરકુરિતમ" શ્લોક પર શ્રી હરિરાયજીની વ્યાખ્યા ઉપલબ્ધ છે.

12. सौन्दर्यपदः

શ્રી વિઠ્ઠલનાથજી વિરચિત સૌન્દર્યપદ શ્રીમદ્ વલ્લભાચાર્યના ધ્યાનનો ઉત્તમ શ્લોક છે. આ પદ દ્વારા તેઓ શ્રીમદ્ વલ્લભા-ચાર્યના સ્વરૂપનું જ્ઞાન-ભાન કરાવે છે.

સૌન્દર્યપદનું અન્વય અનુસાર ભાષાંતર નીચે પ્રમાણે છે.

"સ્ત્રીભાવરૂપી ગૂઢ ભાવાત્મક સૌન્દર્ય અને પુંભાવરૂપી સૌન્દર્ય નિજ-પ્રભુના હૃદયમાં બિરાજે છે. તેમાંથી સ્ત્રીભાવાત્મક સૌન્દર્ય પ્રકટ કર્યું. શ્રી સ્વામિની-રાધાના હૃદયમાં સ્ત્રીભાવ અને પુંભાવરૂપી સૌન્દર્ય બિરાજે છે, તેમાંથી પુંભાવ સૌન્દર્ય પ્રગટ કર્યું.

આ બન્ને પ્રકારનું સૌન્દર્ય, (શ્રીકૃષ્ણે) શ્રીમદ્ વલ્લભાચાર્યમાં પ્રવેશ કરાવ્યું. પ્રવેશ કરાવ્યા પછી બન્ને સ્ત્રી-પુંભાવનો સંયોગ થવાથી શૃંગારરસમય કૃષ્ણ શોભ્યા. આ બન્ને રૂપના સાક્ષિરૂપ તેમજ સ્ત્રીપુંભાવાત્મક એમ ત્રણ રૂપ સર્વોત્કૃષ્ટ શ્રીમદ્ વલ્લભાચાર્યનું નિત્ય ધ્યાન કરવું."[૧૮૦]

ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓને પોતાના સૌન્દર્યરૂપ અમૃતનું દાન કરવા ઇચ્છે છે. આથી શ્રીકૃષ્ણનું પ્રાગટય થયું.

ભગવાન શ્રીકૃષ્ણ સ્ત્રી અને પુરૂષ એમ બન્ને પ્રકારના ભાવોને ધારણ કરે છે. સ્વામિની-રાધા પણ બન્ને પ્રકારના ભાવો ધારણ કરે છે. જેમ શ્રીકૃષ્ણ સર્વભાવાત્મક છે, તેમ રાધા પણ સર્વભાવાત્મક છે. આમ બન્ને પ્રકારના ભાવોનો સ્થાયિભાવ થાય છે. આથી સંયોગરસની પ્રતીતિ થાય છે. અને રસાભાસ થાય છે. સંયોગાવસ્થામાં શ્રીકૃષ્ણ અને રાધામાંથી બન્ને પ્રકારના ભાવ છુટા પડયા, આ જ શ્રીમદ્ વલ્લભાચાર્યનું સ્વરૂપ છે.[૧૮૧]

શ્રી વિઠ્ઠલનાથજીએ વિષ્ણુસ્વામિના મતના અનુયાયી મહાન ભકત કવિ જયદેવ વિરચિત ગીત-ગોવિંદની પ્રથમ અષ્ટપદી પર વિવરણ લખ્યું છે.[૧૮૨] કૃષ્ણભકિતનું આ કાવ્ય ભકતજનોમાં પ્રિય છે. "ગીતગોવિંદ" પર ની સંસ્કૃત ટીકાઓમાં આ વિવરણનું વિશિષ્ટ સ્થાન છે.

(૧) <u>ભગવાનની લીલાઓનું નિરૂપણ કરતો ગ્રંથ</u> :

<u>शृंगाररसमण्डनम्</u> ।

શ્રી વિઠ્ઠલનાથજીએ ભગવાનની લીલાઓનું ગાન કરવા અને પોતાના ગીતસંગીતસાગરપણાનું પ્રભુચરણોમાં સમર્પણ કરવા "શૃંગારરસમંડનમ" નું સરસ સર્જન કર્યું છે.

"શૃંગારરસમંડન" શ્રી વિઠ્ઠલનાથજીની પોતાની ભગવાનની લીલાના દર્શનની અનુભૂતિનું અત્યન્ત સુન્દર નિરૂપણ છે.

શૃંગારરસમંડન ત્રણ વિભાગોમાં વિભકત છે,[૧૮૩] તેના ૮૧૯ જેટલા શ્લોકો છે.

૧. <u>વ્રતચર્યા</u> :

ઋષિરૂપા ગોપીઓએ કરેલા કાત્યાયની વ્રતનું સાધન અને ફળનું નિરૂપણ વ્રતચર્યામાં કરવામાં આવ્યું છે.

૨. દાનલીલા અથવા રસસર્વસ્વ :

શ્રુતિરૂપા શ્રી ચંદ્રાવલી વગેરે ગોપીઓ અને રસેશ શ્રીકૃષ્ણના પરસ્પર વિલાસનું વર્ણન દાનલીલા-રસસર્વસ્વમાં કરવામાં આવ્યું છે.

૩. ઉલ્લાસ :

નિત્યસિદ્ધા શ્રી રાધાના શ્રીકૃષ્ણ સાથેના વિલાસનું વર્ણન ઉલ્લાસમાં કરવામાં આવ્યું છે.[૧૮૪]

શૃંગારરસમંડન પરમતત્વની રસરૂપતા સ્વીકારે છે, "તે પરમાત્મા જ રસરૂપ છે. રસને મેળવીને જ આ જીવાત્મા આનન્દ-યુકત થાય છે."[૧૮૫] આ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરીને રસેશ શ્રીકૃષ્ણની ભકિતથી પ્રાપ્ત આનંદનું વર્ણન કરવામાં આવ્યું છે.

શૃંગારરસ રસરાજ કહેવાય છે, તેના અધિષ્ઠાતાદેવ ભગવાન વિષ્ણું છે. રસરૂપ શ્રીકૃષ્ણ-વિષ્ણુને પ્રાપ્ત કરવા એ જ પરમાનન્દનું કારણ છે. શ્રીમદ્ભાગવતમાં પણ કહયું છે. "જેવી રીતે ભગવાનના દર્શનના આહ્લાદથી શ્રુતિઓ તેના હૃદયમાંના રોગને દૂર કરીને મનોરથના અન્તને પામી, તેવી રીતે ગોપીઓએ પણ ભગવાનના દર્શન કરીને પરમ આનંદથી પોતાના મનોરથો પૂર્ણ કરીને હૃદયના રોગો દૂર કર્યા.[૧૮૬]

ભરત અને વાત્સ્યાયન જેવા ઋષિમુનિઓ પણ રસશાસ્ત્ર અને કામશાસ્ત્રનો ઉદ્દેશ્ય "ભગવદ્ભાવયુકતભકિત" ભાવના માટે છે એમ કહે છે. વળી લૌકિક વિષયમાં તો ઋષિઓનું કહેવાનું તાત્પર્ય

હોઇ ન શકે । આથી જ શ્રી વિઠ્ઠલનાથજી કહે છે ભગવાનના આ રસાત્મક સ્વરૂપનું ભાન-જ્ઞાન અજ્ઞાનના કારણે થઇ શકતું નથી, આથી રસાત્મક રૂપના જ્ઞાન માટે ભરત અને વાત્સ્યાયન મુનિએ ભગવાનના રસાત્મક સ્વરૂપનું નિરૂપણ કર્યું છે.[૧૮૭]

આમ "શૃંગારરસમંડન" પ્રેમ-ભક્તિનું દર્શન કરાવનાર, શૃંગાર-રસના મધુર ભાવોથી પૂર્ણ, સહૃદય-ભક્તોને રસમગ્ન બનાવતો અને જયદેવ રચિત ગીતગોવિંદની કાવ્યશૈલીનો અનુભવ કરાવતો સુન્દર ગ્રંથ છે. આ ગ્રંથ ઉપર શ્રી ગોકુલોત્સવજીની ટીકા ઉપલબ્ધ છે.

શ્રી વિઠ્ઠલનાથજીના વાદ-ગ્રંથો :

શ્રી વિઠ્ઠલનાથજીએ વાદ ગ્રંથોના ક્ષેત્રમાં પણ વિવિધ ગ્રંથોનું પ્રદાન કર્યું છે. તેમણે ભક્તિ, અનુગ્રહ અને બ્રહ્મવાદના વિચારોને સ્પષ્ટપણે સમજાવવા માટે વાદ-ગ્રંથોનું ગ્રથન કર્યું છે. મુખ્ય-મુખ્ય વાદ-ગ્રંથો આ પ્રમાણે છે.

૧. ભક્તિહેતુનિર્ણય. ૨. ભક્તિહંસ. 3. વિદ્વન્મંડન.

1. भक्तिहेतुनिर्णयः ।

શ્રી વિઠ્ઠલનાથજીએ "ભક્તિના મુખ્ય કારણનો નિશ્ચય"ની ઇચ્છા કરવા "ભક્તિહેતુનિર્ણય" ની રચના કરી છે.[૧૮૮]

ભક્તિ અનુગ્રહથી જ પ્રાપ્ત થઇ શકે છે,[૧૮૯] તેમાં સાધન વાક્યો નિરર્થક કહેવાય છે.

પુષ્ટિમાર્ગમાં પ્રમેયબલ થકી જ ઉદ્ધાર થાય છે. અર્થાત્ સાધન નિરપેક્ષતા મહત્વપૂર્ણ છે.

મર્યાદા માર્ગ કે પુષ્ટિમાર્ગનું અનુસરણ કરવાની પ્રવૃત્તિ સ્વતંત્ર કે સ્ફૂર્ત ભગવાનની ઇચ્છા પર આધારિત છે.[૧૨૦] આમ ભગવાનની કૃપાથી જ સાધનમાં અને સદાચારમાં પ્રવૃત્તિ થાય છે.

પુષ્ટિ એટલે અનુગ્રહ અનુગ્રહ ભગવાનનો નિત્ય ધર્મ છે.[૧૨૧]

પ્રમેયબલથી ભક્તિ માર્ગીય સિદ્ધાન્તમાં નિઃસાધનતા આવે છે. આમ સાધન નિરપેક્ષતા દૈન્ય લાવે છે.

શ્રુતિ તથા શ્રીમદ્ભાગવત વગેરે ગ્રંથોના અનેકવિધ ઉદાહરણો દ્વારા ભક્તિના હેતુનો નિર્ણય દર્શાવવામાં આવ્યો છે. વાદ-શૈલીમાં વિરચિત આ લઘુકાય ગ્રંથ ભક્તિ હેતુનો નિર્ણય કરવામાં મહત્વનું પ્રદાન કરે છે.

"ભક્તિહેતુનિર્ણય" પર શ્રી રઘુનાથજી વિરચિત "ભક્તિહેતુ-વિવૃત્તિ" પ્રાપ્ત થાય છે.

2. <u>भक्तिहंसः</u> ।

શ્રી વિઠ્ઠલનાથજી વિરચિત "ભક્તિ-હંસ" વાદશૈલીમાં રચાયેલ ગ્રંથ છે. ભક્તિહંસમાં ભક્તિ-તત્વના રહસ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

"ભક્તિહંસ" ગ્રંથનું નામ અર્થપૂર્ણ છે. જેમ હંસ દૂધ ગ્રહણ કરે છે અને તેમાં મિશ્ર-જલને છોડી દે છે.[૧૨૨] તેમ ભક્તિરૂપી હંસ પણ શુદ્ધ

૧

પુષ્ટિ ભક્તિ અને સામાન્ય ભક્તિનું તારતમ્ય સમજાવે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ ઉપાસનાપરક ભક્તિ અને અનન્ય ભક્તિનું તારતમ્ય સમજાવવા માટે ગીતા, શ્રીમદ્ ભાગવત અને અન્ય શાસ્ત્રોમાંથી પ્રમાણો લીધા છે.

"હે અર્જુન ! એ પ્રકારનો હું અનન્ય-ભક્તિ વડે જાણવાને, જોવાને તથા તત્વ વડે પ્રવેશ કરવાને શક્ય છું."[૧૯૩]

ભગવાન સાધનથી પ્રાપ્ત થતા નથી. પરંતુ જેને પોતાનો માનીને વરે છે, તેને જ મળે છે.[૧૯૪]

ભક્તિ સ્વતંત્રપણે પ્રવહમાન પ્રભુકૃપાથી જ શક્ય છે. "પ્રભુ પ્રત્યે પ્રેમ થાય પછી સ્વતંત્ર પુરૂષાર્થરૂપે નવધા ભક્તિ થવી તે ઉત્તમ પ્રકારની પુષ્ટિભક્તિ કહેવાય છે.[૧૯૫]

"હું ભક્તને અધીન છું"[૧૯૬] માં દુર્વાસા મુનિને ભગવાને અનન્ય ભક્તિની વિલક્ષણતા કહી છે.

"મારા ગુણોના શ્રવણમાત્રથી સર્વાન્તર્યામી એવા મારામાં જેના મનની ગતિ ગંગાજીના જલની જેમ સમુદ્રમાં અવિચ્છિન્ન છે."[૧૯૭] આ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ છે.

આમ "ભક્તિહંસ" દ્વારા ભક્તિની સ્વતંત્ર અને સમગ્ર શક્તિનો બોધ થાય છે, જેમાં ભગવાનનું જ સર્વસ્વરૂપે પ્રતિપાદન થયું છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તના જે જે ગ્રંથોનું શુદ્ધાદ્વૈત વેદાન્ત સાહિત્યમાં સ્થાન છે, તેમાં વિદ્વન્મંડન એક મહત્વપૂર્ણ, ઉત્તમ અને અદ્વિતીય ગ્રંથરત્ન છે. શુદ્ધબ્રહ્મના સગુણ-સાકારપણાનું અને નિર્ગુણ નિરાકારપણાનું પ્રતિપાદન કરીને જીવ-જગત અને બ્રહ્મની સુન્દર ચર્ચા વાદશૈલીમાં કરવામાં આવી છે.

૧. જીવમાં સદંશ તથા ચિદંશ હોય છે, જ્યારે આનંદાંશ તિરોહિત છે.

૨. જગતમાં સદંશ છે, પરંતુ ચિદંશ અને આનંદાંશ તિરોહિત છે.[૧૯૮]

૩. બ્રહ્મ સત્, ચિત્ અને આનંદ-પૂર્ણ પ્રકટ આનંદ છે.

આવિર્ભાવ-તિરોભાવ દ્વારા બ્રહ્મની શક્તિનો પરિચય મળે છે. જીવ અને બ્રહ્મ અંશાંસીભાવથી અભિન્ન છે. જગત મિથ્યા નથી, પરંતુ સત્ય છે. બ્રહ્મનું કાર્ય જગત છે. આથી કાર્ય-કારણ સંબંધથી જગતનું સત્યત્વ સિદ્ધ થયું છે. આમ અહન્તમમતાત્મક સંસારનો નાશ એ જ જ્ઞાનકાર્ય છે, પણ જગતનો નાશ નહીં.[૧૯૯]

ભગવત્તત્વથી વિરહ પામેલો કે તિરોહિત થયેલો જીવ આનંદાંશના અભાવથી દુઃખ અને શોકને પામ્યો છે, તે ભગવાનની સ્વરૂપની વિસ્મૃતિ પામ્યો છે. પરંતુ પ્રભુ ભક્તિથી ઐશ્વર્ય વગેરે ગુણો પ્રાપ્ત કરી શકે છે. ભગવાનની પ્રાપ્તિ માટે ભક્તિની અત્યન્ત આવશ્યકતા અને મહત્તા છે.

વિદ્વન્મંડનમાં ભગવાનની લીલાની નિત્યતા કેવળ લૌકિક યુક્તિગમ્ય નથી, પરન્તુ "જયતિ જન-નિવાસ" વગેરેમાં કહેલ શ્રુતિ, સ્મૃતિ વગેરે પ્રમાણોથી જાણી શકાય છે."[૨૦૦]

આમ શુદ્ધાદ્વૈત વેદાન્તનું તત્ત્વપૂર્ણ દર્શન અને પુષ્ટિ ભક્તિની નિત્ય લીલાનું દર્શન વિદ્વન્મંડનનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે.

નિર્ણય ગ્રંથોમાં શ્રી રામનવમી નિર્ણય અને જન્માષ્ટમી નિર્ણયનો સમાવેશ થાય છે.

श्रीरामनवमी निर्णय:

શ્રી વિઠ્ઠલનાથજીએ "રામનવમી" અંગેનો શુદ્ધ શાસ્ત્રીય દૃષ્ટિકોણ આપવા માટે રામનવમી નિર્ણય નામનો "નિર્ણયગ્રંથ" લખ્યો છે, તેમાં રામનવમીનું વ્રત કરવા સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે.

અષ્ટમી પછી મધ્યાહ્નમાં નવમી આવતી હોય અર્થાત વિદ્વા-અષ્ટમી હોય તો, બીજા દિવસે શુદ્ધ નવમીના દિવસે વ્રતોત્સવ મનાવવો જોઇએ.[૨૦૧] આમ શુદ્ધ નવમીએ શ્રી રામજન્મોત્સવ વ્રત કરવાનું સૂચવેલું છે. શ્રી પુરૂષોત્તમજી વિરચિત ઉત્સવપ્રતાન અને શ્રી વ્રજરાયજી વિરચિત ઉત્સવકલ્પલતા ટીકા પ્રાપ્ય છે.

श्री जनमाष्टमी निर्णय

"શ્રી જન્માષ્ટમી નિર્ણય" પણ રામનવમી નિર્ણયની જેમ શ્રીકૃષ્ણ જન્મના ઉત્સવનો નિર્ણય આપનાર ગ્રંથ છે.

"જન્માષ્ટમી નિર્ણય" માં પણ વેધાન્તે ત્યાગ કરીને શુદ્ધ અષ્ટમીના વ્રતનો નિર્ણય આપવામાં આવ્યો છે.

અહીં શ્રી વિઠ્ઠલનાથજીની તીવ્ર મેધાશક્તિનો પરિચય પ્રાપ્ત થાય છે.

<u>તુલનાત્મક અભ્યાસના મુદ્દા :</u>

શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત વેદાન્ત સમ્પ્રદાય તથા પુષ્ટિમાર્ગના પ્રવર્તક આચાર્ય છે. પરંતુ તેમના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી પુષ્ટિમાર્ગના પ્રચારક અને વિચારકના રૂપમાં સુપ્રસિદ્ધ છે. બન્નેના કર્તૃત્વમાં નીચે પ્રમાણે ભિન્નતા જોવા મળે છે.

(૧) શ્રીમદ્ વલ્લભાચાર્ય મૂલતઃ એક દાર્શનિક-તત્ત્વજ્ઞાની આચાર્ય-રૂપે જોવા મળે છે, જ્યારે શ્રી વિઠ્ઠલનાથજી એક પ્રતિજ્ઞા-સમ્પન્ન કવિ અને વિવેચકના રૂપમાં જોવા મળે છે.

(૨) શ્રીમદ્ વલ્લભાચાર્યની ભાષા સૂત્રાત્મક છે, તેમાં શબ્દો પરિમિત અને અર્થ ગહન છે, તેમની શૈલી ચૂર્ણિકાશૈલી છે. શ્રી વિઠ્ઠલનાથજીની ભાષા વિવેચનાત્મક છે, તેમની ભાષા કાદંબરીના રચયિતા મહાકવિ બાણભટ્ટ જેવી છે, તેમનું ભાષા-પ્રભુત્વ પ્રશંસનીય છે. તેમની શૈલી ઉત્કલિકાશૈલી છે. છંદોમંજરીમાં તેનું લક્ષણ છે.

(૩) શ્રીમદ્ વલ્લભાચાર્યે અણુભાષ્યમાં પુષ્ટિમાર્ગની વાત કરતા નથી. તેમણે અણુભાષ્ય ૨।૩।૪૨ માં એકજ વાર પ્રાસંગિક રીતે પુષ્ટિ શબ્દ વાપર્યો છે, જયારે શ્રી વિઠ્ઠલનાથજી પાછળના દોઢ અધ્યાયમાં વખતોવખત "પુષ્ટિ" શબ્દ પ્રયોજે છે.

(૪) શ્રીમદ્ વલ્લભાચાર્યે અણુભાષ્યમાં અઢી અધ્યાયમાં ત્રીસવાર ભાગવત પુરાણના પ્રમાણનો આધાર લે છે. જયારે શ્રી વિઠ્ઠલનાથજી અણુભાષ્યમાં દોઢ અધ્યાયમાં એકસો આઠ-વાર ભાગવતના પ્રમાણોનો આધાર લે છે.

(૫) શ્રીમદ્ વલ્લભાચાર્યના અણુભાષ્યમાં સંહિતા, બ્રાહ્મણ સૂત્રાદિ ગ્રંથોનો નિર્દેશ અનેક સ્થળે થયેલો છે, જયારે શ્રી વિઠ્ઠલનાથજીના ભાષ્યમાં વેદ, ઉપનિષદ, ગીતા અને ભાગવત વગેરેનો નિર્દેશ થયેલો છે.

(૬) બ્રહ્મસૂત્રમાં "અપિ સ્મર્યતે" સૂત્ર ચાર વાર આવે છે. આ સૂત્ર ઉપરના ભાષ્યમાં શ્રીમદ્ વલ્લભાચાર્યે પહેલાં બે સૂત્રો ૧-૩-૨૩, ૨-૩-૪૫ માં ગીતાનું પ્રમાણ આપે છે.

પછીના બે સૂત્રો ૩-૪-૨૯, ૩-૪-૩૬ માં શ્રી વિઠ્ઠલ-નાથજી ગીતા અને મનુસ્મૃતિનું પ્રમાણ આપે છે અને છેલ્લા સૂત્રમાં ગીતાનું પ્રમાણ આપે છે.

(૭) બ્રહ્મસૂત્રમાં "સ્મરન્તિ ચ" સૂત્ર ત્રણવાર આવે છે, તેમાં બે ઉપર શ્રીમદ્ વલ્લભાચાર્યનું ભાષ્ય છે. પહેલાં સૂત્ર ૨-૩-૪૭ માં

કઠ અને શ્વેતાશ્વતર ઉપનિષદના પ્રમાણો છે, જ્યારે બીજા સૂત્ર ૩-૧-૧૫ માં કોઇ અનિર્દિષ્ટ શ્લોકનું પ્રમાણ છે.

ત્રીજા સૂત્ર ૪-૧-૧૦ માં શ્રી વિઠ્ઠલનાથજી ભાગવતના પ્રમાણો આપે છે.

(૮) શ્રીમદ્ વલ્લભાચાર્યે મીમાંસક તરીકે પૂર્વમીમાંસાકાર જૈમિનિને "સેશ્વર ભક્તિયુક્ત ઉપદેશક" માને છે, જ્યારે શ્રી વિઠ્ઠલનાથજી નૈયાયિક તરીકે કહે છે "જેમ અક્ષપાદીય સંબંધી વિના પણ સમવાયસંબંધનો સ્વીકાર કરે છે" અને "ગૌતમીય મતમાં ઇશ્વર સર્વજ્ઞ હોવાથી એને સર્વવિષયનું જ્ઞાન છે, એમ અવશ્ય કહેવું જોઇએ." (વિ.મં, પૃ. ૩૨૨) જેવાં વાક્યો દ્વારા ન્યાયશાસ્ત્રના સમર્થક હોવાની છાપ ઊભી થાય છે.

(૯) શ્રીમદ્ વલ્લભાચાર્યે પોતાના ગ્રંથોમાં રાધાનો ઉલ્લેખ કર્યો નથી, જ્યારે શ્રી વિઠ્ઠલનાથજીએ રાધાના સુમધુર સ્તોત્રોની રચના કરી રાધાવાદના અનુયાયી બન્યા.

(૧૦) સાંપ્રદાયિક પરંપરા અનુસાર શ્રીમદ્ વલ્લભાચાર્ય વિપ્રયોગનું સ્વરૂપ કહેવાય છે, જ્યારે શ્રી વિઠ્ઠલનાથજી સંયોગનું સ્વરૂપ કહેવાય છે. શ્રીમદ્ વલ્લભાચાર્યના વચનો કોઇ પ્રોષિતભર્તૃકાની જેમ વિપ્રયોગનો પરિચય આપે છે.

શ્રી વિઠ્ઠલનાથજીના વસ્ત્રો કેસરી વર્ણના હોઇ સંયોગરસનો પરિચય આપે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરહાગ્નિથી કૃશ છે, તેમના ગ્રંથોમાં રસના બિંદુઓ છે. તેમનો રસ ગુપ્ત છે. જ્યારે શ્રી વિઠ્ઠલનાથજી સંયોગરસથી પુષ્ટ છે. તેમના ગ્રંથોમાં રસની ઊર્મિઓ-છોળો-મોજાં છે, તેમનો રસ અતિ પ્રગટ છે.


## पाद - टीप

1. L. V. V., P., 3.

2. वि.च. ; पु. चि. ‹सं› ; पृ. 26

3. एजन; पृ. 94

4. बृ.स्तो.स.सा; गद्यपद्यात्मकः, पृ. 226




श्री विठ्ठलनाथस्य जन्मपत्रिका पृ. 227

5. पु.पी. वि.च. ; ‹माघ सं. 1986 अं. 11› पृ. 396

6. व. की.; भा, 1.2, पृ. 66

7. व. आ., 3. 1., पृ. 19

8. V. V., P. 1

9. वि. च., पृ. 98

10 व. म., पु. 14, पृ. 153,

11 V. V., P. 1

12 वि. च., पृ. 100

13 एजन, पृ. 101

14. चो. वै. वा. नं. 1

15 वि. च. पृ. 104

16 V. V. ; P. 2

17 वि. मं. (उपो.) ; पृ. 8, 9.

18 वि. च., पृ. 101

19 V. V. , P. 1-2

20 Ibid. , P. 2

21 Ibid , P. 4

22 V. V., P. 4

23 Ibid. , P. 4

24 वि. च. , पृ. 132

25 वि. च. , पृ. 141

26एजन एजन , पृ. 142

27 एजन , पृ. 170

28 ब. बा. वै. वा., नं. 41

29 वि. च. , पृ. 175

30 एजन. , पृ. 198 - 199

31 वि. च. , पृ. 199

32 एजन. , पृ. 210

33 एजन , पृ. 211

34. वि. च. , पृ. 119

35 V. V. ; P. 4

36 वि. च. पृ. 164

37 V. V. ; P. 5

38 Ibid., P. 5

39 Ibid.; P. 5

40 वि. मं. उपो., पृ. 9

41 एजन , पृ. 9

42 एजन. , पृ. 9

43 वि. च. पृ. 167

44 V. V. ; P. 6

45 Ibid.; P. 6

46 Ibid ; P. 6

47 Ibid ; P. 6

48 वि. च. , पृ. 168

49 एजन. , पृ. 169

50 V. V. ; P. 7

51 V. V. ; P. 7

52 वि. च. , पृ. 172, 173

53 V. V. , P. 4

54 Ibid . ; P. 4

55 V. V. P. 8

56 Ibid., P. ६१

57 Ibid. P. ६१

58 ध. स. न., पृ. 141

59 वि. च., पृ. 212

60 रस. गं. भू., पृ. 12

61 एजन., पृ. 10

62 न. आ., 9.(1.14) पृ. 61-64

63 V. V., P. 10

64 Ibid; P. 11

65 Ibid.; P. 11

66 वि. च., पृ. 106

67 ब. बा. वै. वा., नं. 45

68 रस. गं. भू., पृ. 55

69 वि. मं. उपो. पृ. 11

70 V. V.; P. 20

71 V. V.; P. 20

72 Ibid., P. 22

73 पु. पी. . वि. च., पृ. 301

74 वि. च., पृ. 212

75 V. V.; P. 23

76 वि. च. , पृ. 122

77 A. C., P. 8

78 ना. र. स्तो., श्लो. 15, बृ. स्तो. स. सा., पृ. 235

79 शि. प., श्लो., 81, पृ. 15

80 रस. बं. भू., पृ. 15

81 व. आ. : (न. आ.) 9, 14, पृ. 64

82 प. पी. वि. च. अंक पृ. 402

83 पु. पी., वि. च. अंक - 11, पृ. 396

84 रस. गं. भू., पृ. । लु. , पृ. 15

85 वि. च. , पृ. 120

86 एजन. , पृ. 121

87 वि. च. , पृ. 122

88 पु. चा. की. पृ., पृ. 18

89 वि. च. , पृ. 124

90 एजन., पृ. 125

91 वि. च. , पृ. 127

92 V. V. , P. 16

93 V. V. , P. 17

94 ना. र. स्तो., 23, बृ. स्तो. स. सा., पृ. 234

95 V. V. , P. 17

96 V. V. , P. 17

97 म. पु. च. पृ. 39

98 V. V. , P. 18

99 V. V. , P. 18

100 वि. च. , पृ. 144

101 एजन. , पृ. 161

102 वि. च. , पृ. 161

103 V. V. , P. 19

104 V. V. , P. 15

105 म. पु. च., पृ. 39

106 म. पु. च., पृ. 38

107 म. पु. च. , पृ. 38

108 म. पु. अ., पृ. 38

109 एजन. पृ. 38

110 बृ. स्तो. स. सा., पृ. 144

चिन्तासन्तानहन्तारो यत्पादाम्बुजरेणवः ।

स्वीयानां तान्निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः ॥

111 स. स्तो., श्लो. 1.,

प्राकृतधर्मानाश्रयमप्राकृतनिखिलधर्मरूपमिति ।

निगमप्रतिपाद्यं यत्तच्छुद्धं साकृति स्तौमि ॥

112 स.स्तो., श्लो.35, उ.

अत: सर्वोत्तम स्तोत्रं जप्यं कृष्णरसार्थिभि: ।

।।

113 व. अ. , श्लो. 2

नाविर्भूयाद् भवांश्चेदधिधरणितलं भूतनाथोदितास-
न्मार्गध्वान्तान्धतुल्या निगमपथगतौ देवसर्गेऽपि जाता ।
घोषाधीशं तदेमे कथमपि मनुजा: प्राप्नुयुर्नैव दैवी
सृष्टिर्व्यर्था च भूयान्निजफलरहिता देव वैश्वानरैषा ।।

114 व. अ., वि. च. स., पृ. 36

115 स्फु. कृ. प्रे. अ. स्तो. हरिरायजी कृता टीक., पृ. 36

116 स्फु. कृ. प्रे. अ.स्तो. श्लो. 5

क्वचित्पाण्डित्यं चेन्न निगमगतिः सापि यदि नो
क्रिया सा सापि स्वाद्यदि न हरिमार्गे परिचय: ।
यदि स्यात्सोऽपि श्रीव्रजपतिरतिर्नेति निखिलै
र्गुणैरन्य: को वा विलसति विना वल्लभवरम् ।।

117 य. अ. पृ. , श्लो. 1

नमो देवियमुनेनमो देवियमुनेहरकृष्णमिलनांतरायम् ।
निजनाथमार्गदायिनी कुमारीकामपूरिके कुरु भक्तिरायम् ।।

118 रस. गं. भू., पृ. 64

119 बृ. च. अ. प. श्लो. 2

रूचिरदरहासगलदमलपरिमललुब्धमधुपकलमुखे कमलसदनम् ।

अमृतचयगर्व निर्वासनीधरसीधुमायव मनोजाग्निशमनम् ।।

120 बृ. स्तो. स. सा. पृ. 159

121 बृ. स्तो. स. सा. श्लो. 1 पृ. 158

सुधाधामनैजाधराधारवेणुं करागैल्दगैातिव्यग्रशैलैः ।

सदा पूरयंश्चारयन्गोवत्सान्पुरः प्रादुरास्तां ममाभीरवीरः ।।

122 दा. ली. अ. 2., बृ.स्तो.स.सा. पृ. 179

अशेषसुकृतोदयैरखिलमंगलैकधसा

मनमेरर्थगतिः सदा मनसि भाविर्तैर्निर्मिते ।

अहन्यतिमनोहरें निजगृहाद्विहारेच्छया

सखीशतवृता चलगदजवनेषु चंद्रावली ।।

123 गो. अ. 9., बृ.स्तो.स.सा. पृ. 161

इमानि श्रीगोकुलेशनामानि वदने मम ।

वसंतु संततं चैवं लीलाश्च हृदये सदा ।।

124 भा. वा. रा., पृ. 85

125 स्वा. अ. 8. बृ. स्तो.सा.सा. पृ. 177

न मे भूयान्मोक्षो न पुनरमराधीशसदनं

न योगो न ज्ञानं न विषयसुखं दुःखकदनम् ।

त्वदुच्छिष्टं भोज्यं तव पदजलं पेयमपि तत्
रजो मूर्ध्नि स्वामिन्यनुसवनमस्तु प्रतिभयम् ॥

126 स्वा. प्रा. , पू. बृ. स्तो. र. सा. पृ. 175

भवतीनां प्रियसंगसंजात मनोमहोत्सवेक्षणतः ।
तर्पणमिह सर्वेन्द्रियतृप्तिर्भवतान्मनोरथाप्या मे ॥

127 स्वा. स्तो. 8, बृ. स्तो. र. सा. पृ. 178-179

निकुंजे पुष्पालीरचितशयनात्केलिजनित
श्रमाभिः संकेतालनकमलशोभाहृतमनाः ।
समुत्थायायाती सहजकृपया केलिदलित-
स्त्रजं दातुं राधे स्मरसि यदि मां त्वं किमपरैः ॥

128 श्री. प्रा. च. श्लो. 2, बृ. स्तो. र. सा. पृ. 160

श्यामसुंदर शिखंडशेखर स्मेरहास्य मुरलीमनोहर ।
राधिकारसिक मां कृपानिधे स्वप्रियाचरणकिंकरीं कुरु ॥

129 आ. वृ. च. श्लो. 4, बृ. स्तो. र. सा. पृ. 197

"आत्मनश्चाधिकारित्वमुत्तमं दीनभावतः प्रार्थनीयम् ।"

130 द्वि. च. श्लो. 4 बृ. स्तो. र. सा. पृ. 198

भगवत्येव सततं स्थापनीयं मनः स्वयम् ।
कालोऽयं कठिनोऽपि श्रीकृष्णभक्तान्न बाधते ॥

131 रस. सर्ग. 1. बृ. स्तो. स. सा. पृ. 181

कुमारीणां राधावरमिलनमाकर्ण्य परया सहासा संभ्रम

स्थितालवनिताशेषसुदृशाम् ।

अलं तद्भाग्योक्त्या यदतिमधुरं माधववगे वशो जातो लोकत्रय

युवतिमुग्ध: सहचरि ।।

132 मृ. र. 4, बृ. स्तो. स. सा. पृ. 183

कदाचित्कालिंगीपुलिननलिनामीदधनिना

प्रमोदप्राचुर्यप्रशिथिलसमीरेण ललिते ।

मुदा वृंदारण्ये निजसहचरीवृंदसहिता

गता राधा गोपीशतवृतमपश्यद्व्रजपतिम् ।।

133 स्व. द. 12. बृ. स्तो. स. सा. पृ. 188

अहह प्रियसंगेन विना कथमहं क्षणं जीविष्ये,

वल्लवीवृंदपल्लभस्यवियोगत: । प्रथमं भवतोऽदर्शनोसंगेनापि

दु:खसंतानम् । अधुना भयतो दर्शनं दु:ख प्राप्तं त्वद्प्राप्त्या ।।

134 प्र. 11, बृ. स्तो. स. सा. पृ. 192

स्फुरत्सरोजनिर्गतद्विरेफयूथगायका

यशो वितन्वते दिशां शुभाय दर्शनार्थिन: ।

जगद्विलोचने हरे कुरुष्व सार्थजन्मके

कृपां कुरुष्व विठ्ठले स्वपादपद्मसेवके ।।

135 गु. र. 30; बृ. स्तो. स. सा. पृ. 195

तरंगा इव रागाब्धेरुदिताः प्रिययोर्मिथः ।

भावा वक्तुमशक्यास्ते विज्ञेयास्त्वत्कृपाबलात् ॥

136 र. स्म. 4 उ., बृ. स्तो. स. सा. 196

"वयं सर्वात्मना सर्वे कृष्णेनात्मसात्कृताः ।"

137 ल. गि. स्तो. 1, बृ. स्तो. स. सा. 163

नमः पितृपदाम्भोजरेणुभ्यो यन्निवेदनात् ।

अस्मत्कुलं निष्कलंकं श्रीकृष्णेनात्मसात्कृतम् ॥

138 ल. गि. स्तो. 6 बृ. स्तो. स. सा. 164

भक्तार्तिहरणे काचिन्मर्यादा नैव मन्यते ।

इति ज्ञापयितुं वज्ररेखां धारयति स्फुटम् ॥

139 ल. त्रि. स्तो. 49 बृ. स्तो. स. सा. 168

उद्बुद्धशृंगाररसस्वरूपो भूषणान्यपि ।

नाहगेवाखिलांगेषु बिभ्रत्संराजते प्रभुः ॥

140 ल. त्रि. स्तो. 55 बृ. स्तो. स. सा. 169

अहं तदीय इत्येषा तद्वार्ता रुचिता परम् ।

तेन प्रसन्नो इत्येषा तद्वार्ता रुचिता परम् ॥

भवन्तु दासे श्रीविट्ठलप्रभुः ॥

2

141 अ. अ. नि. 2. बृ.स्तो.स.सा. 161

सदा स्मरेत्तु यो कृष्णं यमस्तस्व करोति किम् ।

भस्मीभवंति तस्याशु महापातकराशय: ।।

142 वि. 23, बृ.स्तो.स.सा. 173

बलिष्ठा अपि मद्दोषास्त्वत्कृपाग्रे ऽतिदुर्बला: ।

तस्या ईश्वरधर्मत्वाद्दोषाणां जीवधर्मत: ।।

143 स. वि., 17, स्तो.स.सा. पृ. 218

स्वल्पेनैवापराधेन महता वा व्रजेश्वर ।

अस्मानुपेक्षसे चेत्वं स्वकीयान् किं ब्रुवे तदा ।।

144 स. वि. 18 बृ. स्तो.स.सा. पृ. 218-219

त्वदीयत्वं निश्चितं वस्तव भर्तृत्वमप्युत ।

काल कर्मस्वभावानामीशितृत्वमसि प्रभो ।।

145 स. वि. 19 बृ.स्तो.स.सा. पृ. 219

अत: कालादिजं दु:खं भवितुं च न वो र्हति ।

अपराधेष्युपेक्षा तु नीचिता सेवकेषु ते ।।

146 मं. आ. आ. 1, बृ.स्तो.स.सा. पृ. 150

"मंगलं मंगलं व्रजभुवि मंगलम् मंगलमिह श्रीनंदु-

यशोदानाम सुकीर्तनमेतद्रुचिरोत्संगसुलालितपालितरूपम् ।।

147 V. V. 16;

148 स. आ. आ. 1, बृ. स्तो. स. सा. पृ. 153

हरिभक्तिसुधोदधिवृद्धिकरे करवर्णितकृष्णकथागरसे ।
रसिकागमवागमृतोक्तिपरे परमादरणीयतमाङ्घ्रिपदे ॥

149 श. आ. आ. 1, बृ. स्तो. स. सा. पृ. 154

शरणागतभीतिनिवृत्तिपरं परपक्षतमोनिकरांशुनिधिम् ।
निधिसेवितपादसरोजयुगं युगधर्मनिवर्तितकालकरम् ॥

150 द्वि. प. 1, बृ. स्तो. स. सा. पृ. 226

लालयति दोलिकामंचशयनम् ॥
तिलकगोरोचनं भालमुक्ताफलं, कुटिलकुन्तलमुखं चकित
नयनम् ।

151 भा. सा. अ. भा. स्था. , पृ. 18

152 अ. गु. 8.45 पृ. 2

153 प्रे. अ. (प्र.) पृ. 1

154 गा. व्या., 5 "मार्गत्रयप्रकटनम् ।" पृ. 7

155 तत्रैव, 25 सविता पुरुषोत्तमः पृ. 11

156 गी. अ. वि. 14

तावद्भ्रमो भवेन्नृणां मतभेदैः कृतो महान् ।
यावन्न दृश्यते विद्वद्गीतामृततरंगिणी ॥

157 गी. अ. वि. ।

"धर्मक्षेत्रे धर्मोत्पत्तिस्थाने कथमधर्मसंभावना ।"

158 भ. गी. ता. 2

अनस्तद्वदनांभोजच्युतगीतामृतांबुधिम् ।

आविर्भाव हेतुमीशानुग्रहाद्विमृश्य यहम् ।।

159 भ. गी. ता.

इति श्रीपितृपादाब्जदासेन निजहृद्गता ।

भक्तिमार्गस्य मर्यादा निरूक्ता विठ्ठलेन वै ।।

160 वृ. च. श्लो. वि. पृस्ता.

161 तत्रैव. पृस्ता.

162 तत्रैव, " प्रभुकृपैकसाध्यः पृ. 2

163 श्रीमद्भाO, 1/4/68;
भागे.

"मदन्यत् ते जानन्ति नाहं तेभ्यो मनागपि ।"

164 वृ. प. श्लो. वि. 3, का. ।

पुष्टिमार्गे हरे स्यादिदृक्षा मनसोस्य हि

कामो निरूप्यते...... ।।

165 वृ. च. श्लो. वि. 4 का. ।

पुष्टिमार्गे हरिर्दास्यं धर्मार्थो हरिरेव हि ।

कामो हरेर्दिदृक्षैव मोक्षः कृष्णस्य चेद् ध्रुवम् ।

GUJARAT UNIVERSITY LIBRARY AHMEDABAD

15

166 श्री. 18/66,

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

167 न्या. आ. वि. पृ. 2

"यदहरेव विरजेत्तदहरेव प्रव्रजेत् ।"

168 तत्रैव ; पृ. 5

169 तत्रैव ; पृ. 5

170 "सर्वधर्मान्परित्यज्य मां धर्मिणं व्रज ।"

170 श्री भा० §10/31/14§

....... शोकनाशनम् ...... ।

171 य. अ. वि., श्लो. 5 पृ. 36

"हरिप्रियाणां कलिं दोषं धीति-खण्डयति ।"

172 सि. मु. वि. ।

"शास्त्रार्थनिश्चयं वक्ष्यामीत्यर्थः ।"

173 सि. मु., 18, "अनुग्रहः पुष्टिमार्गे नियामकः ।"

174 तत्रैव. 1. "मानसी सा परा मता ।"

175 न. र. वि. 3. "मयोज्ज्वलीकृतानीत्थं हृदि कृत्वा व्रजाधिपम् ।"

176 श्री. टि., प्रस्ता. पृ. 8

177 श्री. टि. : 10/3/1 सु.का. 6

"मर्यादामार्गात् पुष्टिमार्गोऽतिविलक्षणो बलिष्ठश्च ।"

178 भा. अं. ; "शृंगारकल्पद्रुमम् भजे ।"

179 भा. अं.

भावैरंकुरितं महीमृगदृशामाकल्पमासिंचितं ।

प्रेम्णा कंदलितं मनोरथमयैः शाखाशतैः संभृतम् ।

लौल्यै पल्लवितं मुदा कुसुमितं प्रत्याशया पुष्पितम् ।

लीलाभिः फलितं भजे व्रजवनी-शृंगारकल्पद्रुमम् ।।

180 सौ. प., (गोकुलेशजी की टीका अनुसार अन्वय)

सौन्दर्यं निजहृद्गतं प्रकटितं स्त्रीगूढभावात्मकं

पुंरूपञ्च पुनस्तदन्तरगतं प्रावीविशत्स्वप्रिये ।

संश्लिष्टावुभयोर्बभौ रसमयः कृष्णो हि तत्साक्षिकं

रूपं तत्त्रितयात्मकं परमभिध्येयं सदा वल्लभम् ।।

181 एजन. , पृ. 19

182 वि. च. पृ. 137

183 शृ. र. मं., (उपो.) पृ. 3

184 तत्रैव., (उपो.) पृ. 3

185 तै. उ. 2/7, रसो वै सः ।

रसंह्येवायं लब्ध्वानन्दीभवति ।

186 भाग., 10/32/13,

तद्दर्शनाह्लादविधूतहृद्रुजो मनोरथान्तं श्रुतयो यथा ययुः ।

187 श्री. टि., 10/30/0, तच्च विशेषतो न भावयितुं

शक्यमज्ञानादिति तज्ज्ञानार्थं भरतवात्स्यायना-

भ्यां तत्स्वरूपं निरूपितम् ।

188 भ. हे. वि. पू. । "भक्तेरसाधारणकारणं निश्चिकीर्षवः"

189 भ. हे. नि., श्लो. 1, तदनुग्रहैकलभ्यां भक्तिं.....।"

190 तत्रैव, "येषु जीवेषु यथा भगवदिच्छा, तथैव तेषां

प्रवृत्तेरावश्यकत्वात् ।"

191 श्रीमद्भा. 2/10/4. "पोषणं तदनुग्रहः ।"

192 अ. शा., 6/34,

"हंसो हि क्षीरमादत्ते तन्मिश्रा वर्जयत्यपः ।"

193 भ. गी. 11/54,

भक्त्या त्वनन्यया शक्य इयहमेवंविधोऽर्जुन ।

ज्ञातुं द्रष्टुम् च तत्वेन प्रविष्टुम् च परंतप ।।

194 मु. उ. 2/3, "यमेवैष वृणुते तेन लभ्यः ।"

195 भ. हं., "स्नेहोत्पत्त्यनन्तरं स्वव्यसनतः स्वतन्त्रपुरुषार्थ-

त्वेन क्रियमाणं उत्तम पुष्टिभक्तिरसः ।" पृ. 54

18

196 श्रीमद्भा. , 9/4/63, "अहं भक्त पराधीनो...।"

197 तत्रैव. – 3/19/11 मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये ।
मनोगतिरविच्छिन्ना यथा गङ्गाम्भसोऽम्बुधौ ।।

198 वि. मं., पृ. 155, आनंदांशस्तु तिरोहितः ।

199 तत्रैव, पृ. 133, अहन्ताममतात्मसंसारनाश एव ज्ञान
कार्यं, न तु प्रपञ्चनाशोऽपि ।

200 तत्रैव, पृ. 318, लीलानित्यत्वं न केवलं लौकिकयौक्तिकं,
किन्तु "जयति जननिवास" इत्याद्युक्तं
श्रुतिस्मृतिप्रमाणगम्यम् ।

201 रा. न. नि. पृ. 1, नवमी चाष्टमीविद्धा त्याज्या-
विष्णुपरायणैः । उपोषणं नवम्यां वै
दशम्यामेव पारणम् ।।

## પ્રકરણ - ૨

## ઔપનિષદ પરંપરા અને શ્રીમદ્ વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ

### ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન :

ભારતીય તત્ત્વજ્ઞાનનું આદિ સ્રોત ઉપનિષદો છે. ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન આત્મતત્ત્વના ગહન ચિંતનમાંથી નિષ્પન્ન થયું છે, એટલે ઉપનિષદો આત્મજ્ઞાન, જગતજ્ઞાન અને ભગવદ્જ્ઞાનના મહાકાવ્યાત્મક કાવ્યો[૧] તરીકે ભારતીય વૈદિક વાઙ્મયમાં અમર સ્થાન ધરાવે છે.

ઉપનિષદો આપણા આધ્યાત્મિક જ્ઞાનનો અમૂલ્ય વારસો છે.[૨] ઔપનિષદ ચિંતનધારાએ ભારતીય આચાર્યો અને ચિંતકોને સ્વતંત્ર વિચાર તથા ચિંતનની પ્રેરણા આપી છે. પરિણામે વિભિન્ન વેદાન્ત-સમ્પ્રદાયો-માર્ગો-અસ્તિત્વમાં આવ્યા છે.

ઉપનિષદો આધ્યાત્મિક માનસરોવર છે,[3] જેમાંથી વેદાન્તના અનેક પ્રવાહોએ ઉત્પન્ન થઈને ભારતીય ચિંતનભૂમિને ફલદ્રુપ કરી છે.

શ્રીમદ્ શંકરાચાર્ય પ્રતિપાદિત કેવલાદ્વૈતવાદ, શ્રીમદ્ રામાનુજાચાર્ય પ્રતિપાદિત વિશિષ્ટાદ્વૈતવાદ, શ્રીમદ્ નિમ્બાર્કાચાર્ય પ્રતિપાદિત દ્વૈતાદ્વૈતવાદ, શ્રીમદ્ મધ્વાચાર્ય પ્રતિપાદિત દ્વૈતવાદ અને શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રતિપાદિત શુદ્ધાદ્વૈતવાદમાં ઔપનિષદ સિદ્ધાંતનો જ પ્રભાવ પડે છે.[૪]

પ્રત્યેક સિદ્ધાંત બ્રહ્મનો પરમતત્ત્વરૂપે સ્વીકાર કરે છે. બ્રહ્મ સર્વજ્ઞ વ્યાપક અને નિત્ય છે. વેદ સર્વશ્રેષ્ઠ પ્રમાણ છે. આમ ઉપનિષદોના સર્વમાન્ય સિદ્ધાંતો બધા જ વેદાન્ત સમ્પ્રદાયો સ્વીકારે છે.[૫] ઔપનિષદ સિદ્ધાંત કયા વેદાન્ત સમ્પ્રદાયના સિદ્ધાન્ત સાથે વધુ સુસંગત છે, તે વિચારણીય વિષય છે. તેમ છતાં ઉપનિષદો પ્રાયઃ અદ્વૈત દર્શનનું જ પ્રતિપાદન કરે છે.[૬]

ભારતીય વેદાન્ત-દર્શનના આધારગ્રંથો ઉપનિષદો છે. વૈદિક સાહિત્યના અંતભાગ-સારભૂત એવા ઉપનિષદોમાં વેદનો અર્થસિદ્ધાંત સમાવિષ્ટ થયો હોવાથી તેનું "વેદાન્ત" એવું નામકરણ થયું છે.[૭] પ્રસ્થાનત્રયીમાં વેદ-ઉપનિષદનું મુખ્ય સ્થાન છે.

<u>ઉપનિષદોનો પ્રતિપાદ્ય વિષય</u> :

ઉપનિષદો પાસે બેસી ગુરૂ પાસેથી મેળવવાની શબ્દવિદ્યા છે.[૮] આમ ઉપનિષદો અધ્યાત્મવિદ્યાના પુરસ્કર્તા છે. ઉપનિષદો, જ્ઞાન અને વિજ્ઞાનના આધ્યાત્મિક ક્ષેત્રમાં તદ્દન મૌલિક ચિંતન આપે છે.

આમ સર્વત્ર બ્રહ્મની સત્તાના પ્રતિપાદક શાસ્ત્ર તરીકે ઉપનિષદોમાં શાશ્વત સત્યની ઉપાસના કરવામાં આવી છે.

ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન આત્મિક એકતા પર ભાર મૂકે છે. "અહીં કંઇપણ ભેદ નથી."[૯] આ વિચાર તત્ત્વ જ ઔપનિષદ જ્ઞાનની ઉચ્ચતમ અવસ્થાનું દર્શન કરાવે છે.

ઉપનિષદ અરે ! એ આત્માને જોવો જોઇએ, તેને સાંભળવો જોઇએ, તેનો વિચાર કરવો જોઇએ, તેનું ધ્યાન ધરવું જોઇએ,"[૧૦] એમ બોધ આપે છે. આથી બ્રહ્મવિદ્યાનું તત્ત્વપૂર્ણ અનુશીલન ઉપનિષદોના અભ્યાસમાંથી થઇ શકે છે. "ભોકતા, ભોગ્ય અને પ્રેરક આ ત્રણ પ્રકારથી કહેવાયેલ સર્વ પૂર્ણ બ્રહ્મ છે."[૧૧] આમ ત્રિવિધ બ્રહ્મવાદ" નો વિચાર પણ ઉપનિષદોના તત્ત્વ-ચિંતનમાંથી નિષ્પન્ન થયો છે. અર્થાત્ ઉપનિષદોના તત્ત્વજ્ઞાનમાં મુખ્યત્વે બ્રહ્મ, જીવ અને જગતની ચર્ચા કરવામાં આવી છે.

ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન સમજવા માટે નીચે મુજબ ત્રણ તત્ત્વોનો વિચાર આવશ્યક છે.

(૧) બ્રહ્મતત્ત્વવિચાર (૨) જીવાત્મસ્વરૂપવિચાર (૩) જગતતત્ત્વવિચાર. આ ત્રિવિધ તત્ત્વોમાં "આવો જે સૂક્ષ્મ છે, તેમાં જ આ સર્વનું આત્મ છે, એ જ સત્ય છે, એ આત્મા છે. હે શ્વેતકેતુ ! તે તું છે."[૧૨] અનુસાર બ્રહ્મતત્ત્વ જ વિલસે છે.

બ્રહ્મતત્ત્વવિચાર :

ઉપનિષદો બ્રહ્મતત્ત્વના ઉત્તમ વ્યાખ્યાતા છે, તેમાં બ્રહ્મતત્ત્વનું અનુભૂતિજન્ય ચિંતન તત્ત્વરૂપ રૂપે સંગ્રહ પામ્યું છે. અર્થાત્ બ્રહ્મની મીમાંસા ઉપનિષદોનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે.

ઉપનિષદો "આ સર્વ સાચે જ બ્રહ્મ છે"[13] ના પ્રતિપાદક અને પુરસ્કર્તા છે. બ્રહ્મના તટસ્થ લક્ષણરૂપ. આ શ્રુતિમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું દર્શન ગુપ્તમંત્ર "તજ્જલાન" દ્વારા આપવામાં આવ્યું છે. વિશ્વ જેમાંથી જન્મ ધારણ કરે છે તે "તજ્જ," વિશ્વ જેમાં પ્રાણ ધારણ કરે છે તે "તદન્" અને વિશ્વનો જેમાં લય થાય છે તે "તલ્લ." આમ ત્રણેય ભાવોના સમુચ્ચયરૂપ પરમાત્માની શાંતચિત્તે ઉપાસના કરવી જોઇએ.[૧૪]

તૈત્તિરીય ઉપનિષદના ભૃગુવલ્લીના પ્રથમ અનુવાકમાં પણ બ્રહ્મનું તટસ્થ લક્ષણ આપવામાં આવ્યું છે, "જેમાંથી જગત-પ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે, જેનાથી પ્રાણીઓ જીવિત રહે છે અને પ્રયાણ કરતાં જેમાં પ્રવેશ કરે છે, તેને તત્ત્વથી જાણ તે બ્રહ્મ છે."[૧૫]

આમ ઉપનિષદોમાં બ્રહ્મનું જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા તરીકે વર્ણન છે, જે બ્રહ્મના સગુણ સ્વરૂપનો પરિચય આપે છે.

બ્રહ્મના બે સ્વરૂપો છે. ૧. સગુણ બ્રહ્મ. ૨. નિર્ગુણ બ્રહ્મ. સગુણ-બ્રહ્મ સ્વરૂપમાં જગતની ઉત્પત્તિના સંબંધમાં આવશ્યક ગુણોનું

વર્ણન છે. તદુપરાંત જગત્કર્તૃત્વ, સર્વજ્ઞતા અને સર્વશક્તિમત્તા જેવા બ્રહ્મના ગુણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.[૧૬]

સગુણ, બ્રહ્મવાદ પ્રત્યેક ઉપનિષદોમાં ન્યૂનાધિક પ્રમાણમાં આવે છે,[૧૭] એટલે સગુણ બ્રહ્મ પ્રત્યેક ઉપનિષદનો વર્ણ્યવિષય છે.

સગુણ બ્રહ્મ ઉપાસ્ય બ્રહ્મનું પ્રાધાન્ય દર્શાવે છે. જ્યારે નિર્ગુણ બ્રહ્મ જ્ઞેય અને ધ્યેય બ્રહ્મનું પ્રાધાન્ય દર્શાવે છે. આમ ઉપાસ્ય બ્રહ્મ અપર-બ્રહ્મના નામથી ઓળખાય છે અને જ્ઞેય બ્રહ્મ પરબ્રહ્મના નામથી ઓળખાય છે.[૧૮]

સગુણ બ્રહ્મની પ્રતિપાદક શ્રુતિઓ વિશ્વના સર્જનનાં મૂળ કારણ તરીકે બ્રહ્મને જ વર્ણવે છે, જ્યારે નિર્ગુણ શ્રુતિઓ બ્રહ્મને જગત્કર્તૃત્વાદિ ગુણોથી ભિન્ન સ્વરૂપે વર્ણવે છે. અર્થાત્ "નિર્ગુણ બ્રહ્મવાદ" ઉપનિષદોમાં શિખર સ્થાને ઘડાયો છે.[૧૯]

સગુણ બ્રહ્મની શ્રુતિ કહે છે, "જેમ કરોળિયો જાળ બનાવે છે અને તે ગળી જાય છે. જેમ પૃથ્વીમાંથી જુદા જુદા પ્રકારની ઔષધિઓ ઉત્પન્ન થાય છે. જેમ પુરૂષમાંથી કેશ અને લોમ ઉત્પન્ન થાય છે તેમ અવિનાશી-અક્ષર બ્રહ્મમાંથી સર્વ ઉત્પન્ન થાય છે."[૨૦]

ઉપર્યુક્ત શ્રુતિમાં બ્રહ્મ પરિણામવાદ દ્વારા સૃષ્ટિસર્જનનું કારણ સમજાવ્યું છે અને જગત અને બ્રહ્મ વચ્ચેનો અભેદ સંબંધ સ્વીકાર્યો છે.

"જેમ પ્રજ્વલિત અગ્નિમાંથી એના જેવા જ રૂપવાળા હજારો તણખાં પ્રગટ થાય છે, તેવી જ રીતે અવિનાશી બ્રહ્મમાંથી જુદાં-જુદાં પ્રકારના ભાવ ઉત્પન્ન થાય છે અને તેમાં જ વિલીન થઇ જાય છે."[૨૧] શ્રુતિનો આ સિદ્ધાંત બ્રહ્મને જગત્કારણ તરીકે દર્શાવે છે.

સૃષ્ટિના આદિમાં તે જ એક સત્સ્વરૂપે જ વિદ્યમાન હતા.[૨૨] આમ સગુણ બ્રહ્મનું વર્ણન ઉપનિષદોમાં આદિતત્વના રૂપમાં કરવામાં આવ્યું છે.

બ્રહ્મના તટસ્થ લક્ષણની જેમ સ્વરૂપ લક્ષણ પણ ઉપનિષદોમાંથી પ્રાપ્ત થાય છે. "બ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનન્ત સ્વરૂપ છે."[૨૩] અહીં બ્રહ્મના ત્રિકાલાબાધિત સત્યનું સ્વરૂપ વર્ણવેલું છે. કારણ કે બ્રહ્મ "સત્યનું સત્ય કહેવાય છે."[૨૪] બ્રહ્મ જ્ઞાન-સ્વરૂપ છે. કારણ કે "તેણે ઇક્ષણ કર્યું, હું અનેક સ્વરૂપે ઉત્પન્ન થાઉં."[૨૫] આમ અજ્ઞાનના અંશરહિત હોવાથી બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ કહેવાય છે અને દેશકાલાદિની મર્યાદાથી મુક્ત હોવાથી બ્રહ્મ-અનન્તસ્વરૂપ કહેવાય છે.

બ્રહ્મના વિવિધ નામો-રૂપો ઉપનિષદોમાં પ્રાપ્ત થાય છે. પરંતુ આ બધા નામ-રૂપાત્મક સ્વરૂપોમાં એકમાત્ર પરબ્રહ્મ તત્વ જ એકત્વની સ્થાપના અર્થે અશેષ રહે છે. અર્થાત "એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઇએ તો પૂર્ણ બ્રહ્મ જ અવશિષ્ટ બાકી રહે છે."[૨૬]

ઉપનિષદોમાં બ્રહ્મના સ્વરૂપની સવિશેષ વસ્તુ પ્રાપ્ત થાય છે, જે બ્રહ્મની વિશિષ્ટતાઓનું નિરૂપણ કરે છે. "આનન્દ" બ્રહ્મ છે,

એમ જાણ્યું.[૨૭] "જે ભૂમા છે તે જ સુખ છે, જે અલ્પ છે તે મર્ત્ય છે. ભૂમા અનન્ત છે. અલ્પ સીમિત છે, તેમાં સુખ નથી." આ શ્રુતિઓ ઔપનિષદ બ્રહ્મની -સવિશેષ બ્રહ્મની પ્રતીતિ કરાવે છે. બ્રહ્મના સગુણ સાકાર સવિશેષ સ્વરૂપનું વર્ણન ઉપનિષદોમાં ભિન્ન ભિન્ન ગુણોના નિરૂપણમાં કરવામાં આવ્યું છે. આમ બ્રહ્મના સગુણત્વનું લક્ષણ સૃષ્ટિના સર્જનનું મૂળ કારણ છે.

નિર્ગુણ બ્રહ્મ જગતના કર્તૃત્વ વગેરે ગુણોથી ભિન્ન અને ગુણરહિત છે.

બ્રહ્મનું નિર્ગુણ સ્વરૂપ જાગતિક શેષ અને દ્વન્દ્વોથી પર સર્વાતિશય બ્રહ્મભાવ પર આધારિત છે.[૨૯] નિર્ગુણ બ્રહ્મનું વર્ણન બૃહદારણ્યક ઉપનિષદમાં આ પ્રમાણે મળે છે, "તે અક્ષર બ્રહ્મ સ્થૂળ નથી, અણુ નથી, લઘુ નથી, દીર્ઘ નથી, છાયા અને અંધકારથી અલગ, વાયુ અને આકાશથી અસંગ, રસ, ગંધ અને રૂપનો તે વિષય નથી."[૩૦]

જેમ સમગ્ર બ્રહ્માંડમાં પ્રકાશક સૂર્ય ચાક્ષુષચક્ષુ સંબંધી દોષથી લિપ્ત નથી થતાં તેમ સર્વ ભૂતોના અન્તરાત્મા લોકોના દુઃખથી લિપ્ત થતાં નથી.[૩૧] આમ નિર્ગુણ બ્રહ્મદોષથી સર્વથા મુકત અને શુદ્ધ છે.

જેમ એક જ અગ્નિ સમગ્ર બ્રહ્માંડમાં પ્રવેશીને જુદા-જુદા રૂપોમાં એના સમાન રૂપવાળો જ થઈ જાય છે, તેમ સર્વ પ્રાણીઓના

અન્તરાત્મા પરબ્રહ્મ એક હોવા છતાં જુદા-જુદા રૂપોમાં તેમના જેવા રૂપવાળા થઇ જાય છે. છતાં તેમની બહાર પણ છે.[32] સુપ્રસિદ્ધ "નેતિ નેતિ" વાક્ય નિર્ગુણ બ્રહ્મનું જ પરિચાયક છે.[33]

બ્રહ્મના સગુણ અને નિર્ગુણ સ્વરૂપની ચર્ચા બ્રહ્મના તાત્વિક અને વિશુદ્ધ સ્વરૂપને સમજવામાં ખૂબ જ ઉપયોગી નીવડે છે. એટલે સગુણ-સ્વરૂપ ઉપાસ્ય હોઇ ઉપનિષદોમાં તેનો ગુણધર્મોથી વિશિષ્ટ બ્રહ્મ તરીકે વિચાર થયો છે, જ્યારે નિર્ગુણ જ્ઞેય બ્રહ્મનો ગુણધર્મોથી વિરહિત શુદ્ધ ભાવરૂપ બ્રહ્મ તરીકે વિચાર થયો છે.[34]

"બૃહત્વાત-બૃંહણત્વાત" એમ ઔપનિષદ બ્રહ્મની વ્યુત્પત્તિ કરવામાં આવી છે. અર્થાત જે અત્યંત મહાન હોય અને અમર્યાદ વધતો જાય તે બ્રહ્મ.[35]

"ઔપનિષદ બ્રહ્મ" અદ્વૈતોપાસનાનું પરમતત્વ છે. "હું તે પુરુષોત્તમ ભગવાનનું પરમતત્વ સંક્ષેપમાં કહું છું - તે છે ૐ આ એક અક્ષર."[36]

નિર્ગુણ બ્રહ્મનું નેત્રો દ્વારા દર્શન કે હાથો દ્વારા ગ્રહણ થઇ શકતું નથી. જેમાં કોઇ રૂપ-રંગ નથી, જે આંખ, કાન અને હાથ-પગ વગેરેથી રહિત છે, તે નિત્ય વિભુ, સર્વગત, અત્યન્ત, સૂક્ષ્મ અને અવિનાશી બ્રહ્મતત્વને ધીર પુરુષ જ બધી તરફ જુએ છે.[37]

બ્રહ્મનું નિર્ગુણ સ્વરૂપ નકારાત્મક-નિષેધાત્મક પાસાનો-તત્વનો Negative aspect -નો વિચાર કરીને બ્રહ્મતત્વ સમજાવે

છે અને સગુણ સ્વરૂપ સકારાત્મક પાસા ( Positive aspect )- નો વિચાર કરે છે.

આમ નિર્ગુણ બ્રહ્મ "નેતિ-નેતિ" દ્વારા બ્રહ્મની અનિર્વચનીયતાનું દર્શન કરાવે છે. અર્થાત બ્રહ્મતત્વ અનુભવૈકગમ્ય હોઇ તેનો અનુભવ સગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરનાર વિધિવાકયો દ્વારા થઇ શકે નહિ. પરંતુ નિષેધ વાકયો દ્વારા બ્રહ્મના અનુભવનો ઉદય થઇ શકે છે.[38]

જીવાત્મસ્વરૂપવિચાર :

ઉપનિષદોમાં જીવાત્માનું "ભોકતા" તરીકે વર્ણન પ્રાપ્ત થાય છે. જીવાત્મા પણ બ્રહ્મનું જ સ્વરૂપ છે. "આપણી જ અંદર રહેલ આ બ્રહ્મને જ હંમેશા જાણવું જોઇએ."[39]

મુંડકોપનિષદ્માં જીવાત્મા અને પરમાત્માના સહવાસનું સુંદર નિરૂપણ રૂપક દ્વારા કરવામાં આવ્યું છે. "એક જ સ્વરૂપવાળા અને એક સાથે વૃક્ષરૂપી શરીર ઉપર રહેનારા જીવાત્મા અને પરમાત્મા રૂપી બે પક્ષીઓમાંથી જીવાત્મારૂપી પક્ષી વૃક્ષરૂપી શરીરના સુખ-દુ:ખરૂપી કર્મફળોનો સ્વાદ લઇને ઉપભોગ કરે છે અને બીજા-પરમાત્મા ઉપભોગ કર્યા વિના-સાક્ષીરૂપ બનીને કેવળ ચારે તરફ અવલોકન કરે છે.[40]

આમ જીવાત્મા અને પરમાત્મામાં ભેદ છતાં તત્વત: અભેદ હોવાનું પણ ઉપનિષદોમાં વર્ણવેલું છે.

જીવ શરીર રૂપી વૃક્ષની આસક્તિમાં ડૂબીને અસમર્થ અને મોહિત બની શક્તિયુક્ત થાય છે.[41] આમ શરીરમાં રહેલ જીવાત્મા ચૈતન્ય શક્તિથી પૂર્ણ છે. છતાં ઇશ પ્રત્યે જીવની સ્વાભાવિક ગતિ નિશ્ચિત છે. એટલે જીવ અને શિવ વચ્ચે અભેદ ભાવની સ્થાપના એ ઉપનિષદોનો પ્રતિપાદ્ય વિષય રહ્યો છે.

ઉપનિષદોમાં જીવ અને બ્રહ્મના સંબંધનું સહજ શૈલીમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

"જેમ પ્રજ્જવલિત અગ્નિમાંથી સમાન રૂપવાળા હજારો તણખા નીકળે છે, તેવી જ રીતે હે સૌમ્ય ! અક્ષર બ્રહ્મમાંથી જુદા-જુદા પ્રકારના જીવ ઉત્પન્ન થાય છે અને તેમાં જ વિલીન થાય છે!"[42]

"હે સૌમ્ય ! આ બધી પ્રજા સત્ રૂપી કારણથી જ ઉત્પન્ન થઇ છે. "સત્" માં જ નિવાસ કરે છે અને અંતમાં સત્યમાં જ પ્રતિષ્ઠિત થાય છે. આ બધુ બ્રહ્મરૂપ જ છે, તે બ્રહ્મ જ સત્ય છે, તે જ આત્મા છે, હે શ્વેતકેતુ, તે બ્રહ્મનતું છે."[43]

ઉપર્યુક્ત શ્રુતિમંત્રોમાં જીવ-બ્રહ્મનું ઐક્ય પ્રગટ થયું છે. સત્ તત્વ આદિ, મધ્ય અને અંતમાં સમાન રૂપે વ્યાપ્ત છે.

સર્વત્ર બ્રહ્મની વ્યાપકતા હોવાથી જીવાત્મા તથા બ્રહ્મનું સ્વરૂપ યથાર્થતઃ તત્વતઃ એક છે. આ ઔપનિષદ વિચાર જીવાત્મા અને બ્રહ્મના અદ્વૈતનું સ્થાપન કરે છે. આમ જીવ વસ્તુતત્વરૂપે બ્રહ્મનું જ સ્વરૂપ છે. "જીવ બ્રહ્મ જ છે" તે અદ્વૈત વેદાન્તનો સિદ્ધાન્ત જીવ

અને બ્રહ્મની એકતાના શ્રુતિના મંત્રોના આધારે સ્થાપ્યો છે.

બ્રહ્મ, જીવ અને પ્રકૃતિ ભિન્ન છે, છતાં તત્વજ્ઞાનથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. "આ ઇશ્વર અને જીવ સર્વજ્ઞ અને અજ્ઞ તથા સર્વસમર્થ અને અસમર્થ છે, આ બન્નેય અજન્મા છે. એક માત્ર અજા-પ્રકૃતિ જ ભોકતા જીવ માટે ભોગ્ય સંપાદનમાં નિયુકત છે. વિશ્વરૂપ આત્મા તો અનંત અને અકર્તા છે, જે સમયે આ ત્રણેય (બ્રહ્મ, જીવ અને પ્રકૃતિ) નો બ્રહ્મરૂપથી અનુભવ કરે છે."[૪૪]

"ભોકતા ભોગ્ય અને પ્રેરક આ ત્રણેય ને જાણીને મનુષ્ય બધુ જ જાણી લે છે. આ ત્રણ ભેદો. જીવ, જડ અને પ્રેરક પરમાત્મામાં કહેવાયેલ બ્રહ્મ છે."[૪૫]

મુંડકોપનિષદ (૩-૧-૨ ) માં પણ ભિન્નતાદર્શક શ્રુતિઓ ભેદોપાસનાના રૂપે રહેલી છે.[૪૬]

"જીવની હૃદય રૂપી ગુફામાં સૂક્ષ્મથી સૂક્ષ્મતમ અને મહતથી મહત્તમ બ્રહ્મ છુપાયેલાં છે."[૪૭] આત્માના તે મહિમાને કામના રહિત અને ચિન્તારહિત વિરલ સાધક પરબ્રહ્મની કૃપાથી જ જુએ છે."

અહીં જીવનું બ્રહ્મથી જુદાપણું નજરે પડે છે. છતાં ઉત્તરાર્ધની પંકિત પરમાત્માની કૃપાથી જીવાત્મા દવારા પરબ્રહ્મની પ્રાપ્તિ સૂચવે છે.

ઉપનિષદોમાં જીવત્વને બ્રહ્મનું સ્વરૂપ આપવા છતાં દ્વૈત-પરક શ્રુતિઓ જીવને સ્વતંત્ર અસ્તિત્વ આપીને તેની યથાર્થતાનું ભાન

કરાવે છે. આમ ઉપનિષદો શુદ્ધ-વિજ્ઞાન દ્વારા જીવની સારવત્તાનો પરિચય આપવાનું કાર્ય કરે છે.

જીવ, ક્ષેત્રજ્ઞ કહેવાય છે, કારણ કે "હે અર્જુન આ શરીર ક્ષેત્ર છે, એમ કહેવાય છે અને એને જે જાણે છે, તેને ક્ષેત્રજ્ઞ કહેવાય છે. એમ તેના તત્ત્વને જાણનાર જ્ઞાનીજનો કહે છે."[૪૮] જીવથી જ અણુસ્વરૂપ પરમાત્માને જાણી શકાય છે.[૪૯] આમ શરીર અને પરમાત્માને જાણવા માટે જીવનું જ્ઞાન અત્યન્ત આવશ્યક છે.

જીવાત્માનું પરિમાણ અંગુષ્ઠમાત્ર છે તે સૂર્ય સમાન તેજસ્વી અર્થાત સ્વયંપ્રકાશ છે.[૫૦]

વાળના અગ્ર ભાગના સોમાં ભાગના ફરી સો ભાગ પાડી દઈએ તો જે સૂક્ષ્મ ચૈતન્યાંશ બને તે જીવ કહેવાય છે અને તે અસીમભાવયુક્ત થવામાં સમર્થ છે.[૫૧]

જીવાત્મા ગુણો-સત્વ, રજ અને તમથી બદ્ધ, ફળના ઉદ્દેશથી કર્મ કરનાર અને પોતે કરેલા કર્મનો ઉપભોગ કરનાર છે.[૫૨] અર્થાત જીવમાં કર્તૃત્વ અને ભોક્તૃત્વ એક સાથે રહેલા હોય છે.

જેમ અરણિમાં રહેલા અગ્નિનું મૂર્ત સ્વરૂપ દેખાતું નથી અને અરણિના મથન દ્વારા તે અગ્નિનું રૂપ સ્પષ્ટ થાય છે. તેમ શરીરમાં પ્રણવ-ઓંકારના મથન દ્વારા જીવ અને બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.[૫૩]

જીવનું સ્વરૂપ જ્ઞાનયુક્ત છે. શરીરમાં રહેલા જીવાત્માને શરીરથી "ઉત્ક્રમણ કરતાં-બહાર જતા, સ્થિત રહેલા, ભોગવતા કે ગુણયુક્તને

મૂર્ખ લોકો જોતા નથી, (પરંતુ) જ્ઞાનચક્ષુવાળા દેખે છે."[૫૪]

આમ જીવનું સ્વરૂપ અતિશય સૂક્ષ્મ છતાં અનુભવૈકગમ્ય હોવાથી પ્રકાશની જેમ વ્યાપક છે જીવનું અણુત્વ ઔપાધિક માનવામાં આવે છે. જીવ કર્તા હોવા છતાં અકર્તા છે. આમ જીવ સ્વયં જ્ઞાનયુક્ત કર્તા હોવા છતાં પરબ્રહ્મને અધીન હોવાથી તે ચેતન સ્વરૂપ અંશ છે, જ્યારે પરબ્રહ્મ અંશી છે.[૫૫]

જીવ સ્વકર્મ સંયોગથી સુખદુઃખ પામે છે જ્યારે બ્રહ્મ સુખદુઃખથી તદ્દન મુક્ત કિંવા સ્વતંત્ર છે. આમ જીવ અને બ્રહ્મ વચ્ચે સૂક્ષ્મતમ ભેદ છતાં ઉપનિષદોમાં અભેદની સ્થાપના કરવામાં આવી છે.

ઉપનિષદોમાં જીવ અને આત્માનો સુભગ સમન્વય થયો છે. અર્થાત્ જીવ અને બ્રહ્મ વસ્તુતઃ એક જ છે. જીવ સચ્ચિદાનન્દ બ્રહ્મના અંશભૂત હોઇ તેની શક્તિ સર્વ સ્વરૂપે વિકસે છે. વિલસે છે, એટલે જીવ પણ બ્રહ્મની જેમ અચિન્ત્ય અને અપરિચ્છિન્ન માની શકાય. પરબ્રહ્મની શક્તિનું અવતરણ આવિર્ભાવ જીવમાં થાય ત્યારે તે જીવ પરબ્રહ્મના સાક્ષીભૂત આત્મા તરીકે પ્રગટ થાય છે.

<u>જગત્ત્વ</u> :

બાહ્ય ઉપકરણોમાં બ્રહ્મનું પ્રત્યક્ષ દૃશ્યમાન સ્વરૂપ એટલે જગત, શ્વેતાશ્વતર ઉપનિષદ્ બ્રહ્મનું ભોગ્ય સ્વરૂપ જગતને વર્ણવે છે. આમ ત્રિવિધ સ્વરૂપાત્મક બ્રહ્મમાં જગતનો સમાવેશ થઇ જાય છે,

એટલે જગત બ્રહ્મથી અનન્ય-એકરૂપ અને અભિન્ન છે. વળી, "આ સંપૂર્ણ જગત પરબ્રહ્મ-પરમાત્મા છે અને જે આ ચાર ચરણવાળો આત્મા છે, તે આત્મા પણ પરબ્રહ્મ-પરમાત્મા છે."[૫૬]

"આ સમસ્ત જગત સાચે જ બ્રહ્મ છે, તેની ઉત્પત્તિ, સ્થિતિ અને લય- તે બ્રહ્મથી જ છે - આ રીતે સમજીને શાન્તચિત્તે ઉપાસના કરવી જોઇએ."[૫૭]

જગતનું બાહ્ય કલેવર જડ અસત્ પંચમહાભૂતમાંથી જન્ય-જન્મ પામવા યોગ્ય છે. જગતના વિનશ્વર પદાર્થો પ્રત્યે ભારતીય ચિંતકોનું અત્યન્ત અનાસક્તિપૂર્ણ ચિંતન રહ્યું છે, એટલે જગતના જડ-તત્ત્વ પ્રત્યે ઋષિ-મુનિઓનો સ્વાભાવિક વૈરાગ્ય જોવા મળે છે. ભારતીય મન જડ કે ચેતન, સત કે અસત્ ચિત કે અચિત્માં સમાન ભાવ રાખીને તત્ત્વગ્રહણ માટે સદૈવ તત્પર બન્યું છે, તે આપણી ભારતીય સંસ્કૃતિની ઉત્તમ ઉપલબ્ધિ છે.

"આ અમર આત્મા સત્યથી એટલે નરી આંખે દેખાતા જગતથી ઢંકાયેલો છે. પ્રાણ આત્મા એ અમર છે. નામ અને રૂપ એ સત્ય-નરી આંખે દેખાતું જગત છે. એ નામ અને રૂપ વડે આ પ્રાણ-આત્મા ઢંકાઇ ગયેલો છે."[૫૮] આમ બ્રહ્મની શક્તિરૂપ માયા અવ્યાકૃત અવ્યક્ત સ્વરૂપે રહીને જગતત્વનું અભિવ્યક્તીકરણ પ્રગટીકરણ કરે છે. આ પ્રગટીકરણ તે જ જગત્સર્જન છે.

જગત્સર્જનમાં બ્રહ્મ સ્વયં મુક્ત છે. બ્રહ્મ સ્વતઃ સંકલ્પબળથી જગત રચે છે. વળી જગત્સર્જનમાં બ્રહ્મને કોઇપણ બાહ્ય ઉપકરણ કે ઉપાદાનની જરૂર પડતી નથી.

"જેમ કરોળિયો આપમેળે જાળ સર્જે છે અને તેને ગળી જાય છે, જેમ પૃથ્વીમાં ઔષધિઓ ઉત્પન્ન થાય છે. જેમ જીવંત મનુષ્યથી કેશ અને રોમ ઉત્પન્ન થાય છે તેમ અક્ષર બ્રહમથી આ વિશ્વ-સર્વસ્વની ઉત્પત્તિ થાય છે.[૫૯] આમ જગતનું મૂલ કારણ બ્રહમ છે.

જગત બ્રહમના સત્કારણના પરિણામરૂપ છે. "હે સૌમ્ય ! આ પ્રમાણે સર્વ પ્રજાઓ સૃષ્ટિ માત્ર સત્‌ના મૂળવાળી છે, સત્‌ના આશ્રયવાળી છે, સતમાં પ્રતિષ્ઠાવાળી છે."[૬૦] આથી જ સત્કારણથી જગતનો આવિર્ભાવ માની શકાય.

ગૌડપાદાચાર્ય કહે છે "માટી, લોઢું, તણખા ઇત્યાદિ દૃષ્ટાંતો વડે સૃષ્ટિનું જે અન્ય અન્ય પ્રકારે થવું ઉપદેશાયું છે, તે તો કેવળ પ્રવેશાવવા માટેની યુક્તિરૂપે જ છે. ભેદ લગીર પણ નથી."[૬૧] અહીં સૃષ્ટિ પ્રક્રિયા જુદા જુદા દૃષ્ટાંતો દવારા કહેવાઇ છે.

કાર્ય-કારણ સંબંધી પ્રમાણે જગત બ્રહમથી અભિન્ન માની શકાય. કારણ કે, "કાર્ય કારણથી અભિન્ન છે, કારણ કે શ્રુતિમાં આરમ્ભણ શબ્દ વગેરે છે."[૬૨] આમ બ્રહમથી જગતનું અનન્યત્વ છે.

આમ ઉપનિષદોમાં જગતત્વના ભૌગોલ્ય સ્વરૂપની ચર્ચા થયેલી જોવા મળે છે. જગતની બહાર અને અંદર ખરેખર તે બ્રહમ છે."[૬૩] આમ જગદ્રૂપ થયેલ બ્રહમ વ્યાપ્ત છે.

વળી "શરૂઆતમાં આ જગત અપ્રકટ હતું. પછી તે નામ અને રૂપ વડે પ્રકટ થયું."[૬૩] આમ આવિર્ભાવ અને તિરોભાવનો સિદ્ધાંત જગત્કારણમાં આધુનિક વિજ્ઞાનના સિદ્ધાંતને મળતો આવે છે.

## શાંકર કેવલાદ્વૈત સમ્પ્રદાય

ઉપનિષદો ભારતીય વેદાન્ત દર્શનના ઉપજીવ્ય છે. તેમની વૈચારિક અને ચિન્તનાત્મક પ્રક્રિયા દ્વારા અનેક તત્ત્વદર્શી આચાર્યોએ ભારતીય વેદાન્ત દર્શનમાં વિભિન્ન અને વિશિષ્ટ દૃષ્ટિકોણ આપીને મત વ્યક્ત કર્યો છે.

આદિ શંકરાચાર્ય કેવલાદ્વૈત દર્શન સમ્પ્રદાયના પ્રતિપાદક મહાન આચાર્ય છે. જેમનું દર્શન અદ્વૈત દર્શનના નામથી પ્રસિદ્ધ છે.

અદ્વૈત દર્શનનો સિદ્ધાંત મૂલત: ઉપનિષદોમાં પ્રસ્થાપિત છે. છતાં શ્રીમત્ શંકરાચાર્યે પોતાની ઉત્તમ બુદ્ધિપ્રતિભા અને તત્ત્વ-ચિંતનપૂર્ણ અનુભૂતિ દ્વારા તેમાં ઉત્કૃષ્ટ પ્રભાવ પાડયો, એમાં જરા પણ અતિશયોક્તિ નથી.

શ્રીમત્ શંકરાચાર્યના પરગુરુ-પૂજ્યાભિપૂજ્ય ગૌડપાદાચાર્ય લિખિત "માંડૂક્યોપનિષત્કારિકાભાષ્ય" ઉપનિષદો અને બૌદ્ધ-દર્શનનો સુન્દર સમન્વય છે. માંડૂક્યકારિકામાં અજાતિવાદ-જગન્મિથ્યાત્વનું સમર્થન કરવામાં આવ્યું છે, તેથી પારમાર્થિક દૃષ્ટિએ "જે અનાદિ વસ્તુ છે, તેમાંથી કારણ ઉત્પન્ન શકે નહિ, તેમ સ્વાભાવિક રીતે જ ફળની ઉત્પત્તિ પણ ન થઇ શકે. જેને કારણ ન હોય તેની ઉત્પત્તિ પણ ન હોય.[૬૫] આમ અનાદિપણું ઉત્પત્તિરહિત હોય છે, અર્થાત્ તે અજાતિ છે.

ગૌડપાદાચાર્યની પરંપરામાં શ્રીમત્ શંકરાચાર્યે અદ્વૈત દર્શનનું પ્રતિપાદન કરતાં અનેક ગ્રંથો રચ્યા. જેમાં મુખ્ય ત્વે બ્રહ્મ-સૂત્રશાંકર-ભાષ્ય, ગીતા-ભાષ્ય, ઉપનિષદ-ભાષ્ય, ઇશાવાસ્યોપ-નિષદ્-ભાષ્ય, કેનોપનિષદ્ભાષ્ય, કઠોપનિષદ્-ભાષ્ય, પ્રશ્નોપ-નિષદ્-ભાષ્ય, મુંડકોપનિષદ-ભાષ્ય, માંડૂક્યોપનિષદ્-કારિકા-ભાષ્ય, ઐતરેયોપનિષદ્-ભાષ્ય, તૈત્તિરીયોપનિષદ્-ભાષ્ય, નૃસિંહ-પૂર્વતાપની ઉપનિષદ-ભાષ્ય, છાંદોગ્ય ઉપનિષદ્-ભાષ્ય અને બૃહદારણ્યક ઉપનિષદ્-ભાષ્યનો સમાવેશ થાય છે.

<u>અદ્વૈત વેદાન્ત</u> :

શ્રીમદ્ શંકરાચાર્ય "કેવલ" અદ્વૈતનો પ્રયોગ કરે છે. આથી તેઓ બ્રહ્મની-પારમાર્થિક સત્યની જ સત્તા પ્રસ્થાપિત કરે છે. બ્રહ્મ સત્ય છે અને જગત્ મિથ્યા છે. જીવ બ્રહ્મ જ છે, અન્ય નહિ.[૬૬] આમ બ્રહ્મ સત્ય હોવાથી તેનું અસ્તિત્વ સ્વત:સિદ્ધ છે. બ્રહ્મ કેવળ જ્ઞાનયુક્ત, રૂપરહિત, ગુણરહિત, કાલ, આકાશ કે કાર્ય-કારણની પ્રક્રિયાની કોઇપણ મર્યાદાઓથી મુક્ત છે, તે વાસ્તવિક છે.[૬૭]

શાંકર સિદ્ધાંતનો મહત્વપૂર્ણ ગુણ તેમનો અત્યન્ત સફળ પ્રયત્ન છે, જે ઉપનિષદ ગ્રંથોના પારસ્પરિક વિરોધાભાસનું સમાધાન આપે છે.[૬૮]

શ્રીમદ્ શંકરાચાર્ય દ્વારા પ્રતિપાદિત અદ્વૈત વેદાન્તના મુખ્ય-મુખ્ય સિદ્ધાંતોનો સાર નિમ્નાનુસાર છે.

બ્રહ્મ :

બ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનન્ત છે.[૬૯] બ્રહ્મનું લક્ષણ ત્રણ વિશેષણો અને વિશેષ્ય-બ્રહ્મમાં અભિવ્યક્ત થયું છે. અહીં ત્રણેય વિશેષણો સત્ય, જ્ઞાન અને અનન્ત અભિન્ન છે. સત્ય એટલે જે પદાર્થ જે રૂપમાં નિશ્ચિત છે, તે રૂપમાં તે વિકાર પામતો નથી તે સત્ય છે.[૭૦] વળી જ્ઞાન શબ્દનો પ્રયોગ ભાવનું અસ્તિત્વનું સાધન "જ્ઞાનશબ્દ" એમ કરવામાં આવ્યો છે. બ્રહ્મ અનન્ત-અંતરહિત છે, એટલે અનન્ત શબ્દ અંતપણાના નિષેધ દ્વારા થયેલું વિશેષણ છે. આમ તે અપરિચ્છિન્ન, અસીમ અને અપ્રમેય છે.

બ્રહ્મથી ભિન્ન કંઇ જ નથી એટલે જીવ અને જગત બ્રહ્મથી અભિન્ન છે. જીવાત્મા બ્રહ્મ જ છે. આમ છતાં ચેતન બ્રહ્મમાંથી અચેતન-જડ જગતનું સર્જન કેવી રીતે થયું ? વળી બ્રહ્મ એક છે જ્યારે નામ-રૂપાત્મક જગત ભિન્ન-ભિન્ન ભાસે છે. આમ ચેતનાનાના બળથી જ શ્રીમત્ શંકરાચાર્ય માયાવાદ અને નિર્ગુણ બ્રહ્મવાદના પ્રતિપાદક બન્યા.[૭૧]

બ્રહ્મ સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદથી રહિત છે. જ્યારે "વૃક્ષનો પત્ર, પુષ્પ અને ફળ વગેરેથી સ્વગત ભેદ છે, અન્ય વૃક્ષથી સજાતીય ભેદ છે અને શિલા વગેરેથી વિજાતીય ભેદ છે."[૭૨]

વળી "સચ્ચિદાનન્દ અદ્વય બ્રહ્મ તે વસ્તુ છે, જ્યારે અજ્ઞાન વગેરે સમગ્ર જડ સમૂહ અવસ્તુ છે."[૭૩]

બ્રહ્મ સ્વયં નિર્ગુણ, નિષ્ક્રિય અને નિષ્કલ છે. પણ માયાની ઉપાધિથી તે સાપેક્ષ ઇશ્વર નામ રૂપાત્મક વિષય જગતનું સર્જન કરે છે.[૭૪] આમ બ્રહ્મ માયાની ઉપાધિયુક્ત હોય તો તે સગુણ બ્રહ્મ કહેવાય છે. સગુણ બ્રહ્મને અપર બ્રહ્મ કે ઇશ્વર પણ કહેવાય છે. બ્રહ્મના તટસ્થ લક્ષણમાં સગુણ બ્રહ્મ સમાવિષ્ટ થાય છે.

<u>માયા</u> :

ત્રિગુણાત્મિકા માયા બ્રહ્મની અવ્યક્ત, અનાદિ અને અવિદ્યા-સ્વરૂપા શક્તિ કહેવાય છે.

માયા "તુચ્છા," "અનિર્વચનીયા" અને "વાસ્તવી" એમ ત્રણ પ્રકારની છે, તે શ્રૌતબોધ દ્વારા તુચ્છા, યુક્તિના બોધ દ્વારા અનિર્વચનીય અને લૌકિકબોધ દ્વારા વાસ્તવી છે, એમ ત્રણ રીતે માયાને જાણવી જોઇએ.[૭૫]

માયા કિંવા અજ્ઞાનની બે શક્તિ છે. ૧. આવરણશક્તિ ૨. વિક્ષેપશક્તિ. જેમ સ્વલ્પ (નાનકડાં) મેઘ અનેક યોજનમાં ફેલાવેલ સૂર્યમંડળને દર્શકની નેત્ર માર્ગને ઢાંકી દેતો હોવાથી આચ્છાદિત કરે છે, તેમ પરિચ્છિન્ન અજ્ઞાન-માયા અપરિચ્છિન્ન આત્માને દર્શકની બુદ્ધિને ઢાંકી દેતી હોવાથી આચ્છાદિત કરે છે.[૭૬]

વિક્ષેપશક્તિ એટલે જેમ રજ્જુ-દોરી વિષયક અજ્ઞાન સર્પને જન્માવે છે તેમ આત્મા વિષયક અજ્ઞાન સ્વ-પોતાનામાં અવચ્છિન્ન

મર્યાદિત આત્મામાં વિક્ષેપશકિતના પ્રભાવ દ્વારા આકાશાદિ પ્રપંચને ઉત્પન્ન કરે છે.[૭૭]

આમ નિરૂપાધિક (નિર્ગુણ) બ્રહ્મ સૃષ્ટિનું નિમિત્ત કારણ બને છે, જયારે સોપાધિક-સગુણ બ્રહ્મ સૃષ્ટિનું ઉપાદાન કારણ બને છે.[૭૮]

આ બધુ ઉપાધિના ભેદથી ભિન્ન લાગે છે. વસ્તુતત્વ તો બ્રહ્મ જ કેવલ છે,[૭૯] અર્થાત્ જીવ, જગત અને માયા આ બધાનો એકમેવ બ્રહ્મમાં જ સમાહાર થઇ જાય છે.

અધ્યાસ :

અદ્વૈત વેદાન્તના સિદ્ધાન્તમાં અધ્યાસ દ્વારા જ બ્રહ્મને જ જાણી શકાય છે. બ્રહ્મજ્ઞાનથી વિદ્યા ઉત્પન્ન થાય છે અને અવિદ્યા નાશ પામે છે. અર્થાત્ નામરૂપાત્મક જગત સ્વપ્નના જગતની જેમ નાશ પામે છે. "અસદ્ વસ્તુમાં સદ્વસ્તુની મિથ્યા પ્રતીતિ તે અધ્યાસ કહેવાય છે."[૮૦]

વળી "સ્મૃતિરૂપે પૂર્વ-પહેલાં જોયેલાનો અન્યમાં અવભાસ તે અધ્યાસ છે."[૮૧] જેમ છીપમાં ચાંદી કે દોરડીમાં સર્પ દેખાય છે, તેમ બ્રહ્મમાં જગત દેખાય છે.

આમ છીપમાંની ચાંદી કે દોરડીમાંનો સર્પ સત્ય નથી કે અસત્ય નથી. સત્ એટલે નથી કારણ કે તે મિથ્યા છે અને અસત્ એટલે

નથી કારણ કે તે દેખાય છે, તેમ બ્રહ્મમાં પણ "આ જગત" સદ-સદ્વિલક્ષણ મિથ્યા અર્થાત્ અનિર્વચનીય છે. આમ જગતનો બ્રહ્મમાં આરોપ થયો છે, તે નામમાત્ર જ છે.[૮૨]

જીવ :

અદ્વૈત મત પ્રમાણે જીવની સત્તા વાસ્તવિક નથી. આથી જીવ અને જગતની સત્તા વ્યાવહારિક માનવામાં આવે છે. આથી અદ્વૈત વેદાન્તમાં જગતનો નિષેધ કરવામાં આવ્યો છે. આમ સગુણ બ્રહ્મ નહિ પરંતુ નિર્ગુણ બ્રહ્મ જ પારમાર્થિક સત્તા હોઇ બ્રહ્મનું તે જ સ્વરૂપ સ્વીકારાયું છે. ઉપાધિના ભેદથી જીવ પરિચ્છિન્ન દેખાય છે. જેમ ઘટ કમંડલ વગેરેમાં ઉપાધિના ભેદથી અપરિચ્છિન્ન આકાશ પણ પરિચ્છિન્ન લાગે છે તેમ અપરિચ્છિન્ન પર બ્રહ્મ દેહ, ઇન્દ્રિય, મન, બુદ્ધિ ઉપાધિના ભેદથી પરિચ્છિન્ન શારીર જીવ કહેવાય છે.[૮3]

આમ જીવનું કર્તૃત્વ સ્વાભાવિક ન હોવાથી, મોક્ષની પ્રાપ્તિ ન થવાથી જીવનું સ્વાભાવિક કર્તૃત્વ સંભવતું નથી.[૮૪]

અદ્વૈત વેદાન્ત અનુસાર જીવ અણુ નથી, પરંતુ વિભુ-વ્યાપક છે. તેનું અણુત્વ ઔપચારિક માનવામાં આવે છે. જ્યારે પારમાર્થિક રીતે જીવને અનન્ત માનવામાં આવે છે.

"આમ જીવ બ્રહ્મ જ છે અન્ય નહિ" તે સિદ્ધાન્ત અદ્વૈત મતમાં સ્વીકારાયો છે.

શ્રીમત્ શંકરાચાર્ય પછી જીવના સંબંધમાં જુદા જુદા મત અસ્તિત્વમાં આવ્યા. તે મતો આ પ્રકારે છે.

૧. અવચ્છેદવાદ ૨. આભાસવાદ ૩. પ્રતિબિમ્બવાદ.

(૧) <u>અવચ્છેદવાદ</u> :

તદઅનુસાર ઘટાકાશની જેમ અન્તઃકરણથી અવચ્છિન્ન-ઘેરાયેલું-ચૈતન્ય જીવ છે. અને તેનાથી અનવચ્છિન્ન ઈશ્વર છે.[૮૫]

અને, અવિદ્યાથી અવચ્છિન્ન ચૈતન્ય ઈશ્વર છે. વ્યાપક ચૈતન્ય બ્રહ્મ અંતઃકરણથી અનવચ્છિન્ન છે. આથી અવચ્છેદવાદમાં અવચ્છિન્ન જીવ છે.

વિવેકચૂડામણિમાં કહ્યું છે, "હે વિચાર કરનાર વિદ્વાન ! ઘડો ફૂટી જવાથી જેમ ઘડાની અંદર રહેલું આકાશ, બહારના આકાશમાં મળી જાય તેમ તું તારા આત્માને પરમાત્મામાં અખંડપણે એક કરી દઈ સદાને માટે શાંત થા."[૮૬]

"જેમ ઘટાદિ ચાલે છે ત્યારે જાણે આકાશ પણ ચાલતું હોય તેવું લાગવા છતાં પરમાર્થથી સારી રીતે તે ચાલતું નથી."[૮૭] અહીં અવચ્છેદવાદનું જ સમર્થન થાય છે. આમ અવચ્છેદવાદ એ વાચસ્પતિ મિશ્ર વગેરે જીવવાદીઓ દ્વારા પુરસ્કૃત છે, તેમાં એક જ ચૈતન્ય અજ્ઞાનના આશ્રય અને વિષયભેદ (Locus and Content) - થી ભિન્ન છે. આથી જ કહ્યું છે કે અજ્ઞાનનું વિષયીભૂત ચૈતન્ય ઈશ્વર છે અને અજ્ઞાનની આશ્રયીભૂત ચૈતન્ય જીવ છે.

(૨) આભાસવાદ :

જીવ બુદ્ધિમાં રહેલા ચિદાભાસ - ચૈતન્યના આભાસ ને કર્તા, ભોકતા અને પ્રમાતા એવા નામથી ઓળખે છે, જેમ અરીસામાં દેખાતી આકૃતિ પ્રતિબિંબનું અધિષ્ઠાન છે. આ પ્રતિબિમ્બ મૂળ બિંબથી ભિન્ન અને અસત છે, તેથી જીવને આભાસને લીધે મૂળ-સત્ય સ્વરૂપ આત્મા પરબ્રહ્મનું દર્શન થતું નથી.

આભાસવાદ અનુસાર સંપૂર્ણ જગત ચિદાભાસરૂપ છે.[88] આમ "જીવ વિભિન્ન રૂપોમાં તેમના જેવા જ રૂપવાળો થઇ રહયો છે."[89] અનુસાર પાણીમાં રહેલ સૂર્યના પ્રતિબિંબની જેમ પરમાત્માનો બુદ્ધિમાં આભાસ રૂપ પ્રતિબિંબ જ જીવ સમજવા યોગ્ય છે."[90]

(૩) પ્રતિબિંબવાદ :

પ્રતિબિંબવાદ અનુસાર "અવિદ્યામાં ચૈતન્યનું પ્રતિબિંબ ઇશ્વર છે" અને "અન્તઃકરણમાં ચૈતન્યનું પ્રતિબિંબ જીવ છે."[91]

જેમ પાણીથી ભરેલા પાત્રના કંપનથી તેમાં રહેલ સૂર્યનું પ્રતિબિંબ કાંપવા છતાંય તે પ્રતિબિંબવાળો સૂર્ય કાંપતો નથી.[92] આમ જીવ દુઃખ થવા છતાંય ઇશ્વર દુઃખી થતો નથી.

વિવર્તવાદ :

અદ્વૈત વેદાન્તનો સિદ્ધાંત કાર્ય-કારણ સંબંધના પરિણામ-વાદમાં માનતો નથી, પરંતુ વિવર્તવાદમાં માને છે. પરિણામવાદ

એટલા માટે અસ્વીકાર્ય છે, કારણ કે તેનાથી બ્રહ્મના અવિકાર્ય સ્વરૂપની વ્યાખ્યા થઈ શકતી નથી. અર્થાત્ બ્રહ્મ પારમાર્થિક રીતે સર્વ વ્યવહારોથી અતીત અને અપરિણત છે,[૯૩] તેથી પરિણામવાદ સ્વીકાર્ય બનતો નથી.

"સંક્ષેપ શારીરકકાર" ના મંતવ્ય મુજબ પરિણામવાદની વ્યવસ્થિત થાય ત્યારે વિવર્તવાદ સ્વયં આવે છે."[૯૪] એટલે વિવર્તવાદ પરિણામવાદનો જ વિકાસ છે. જેમ ભ્રમાવસ્થામાં દોરીમાં દેખાતો સાપ દોરીનું વાસ્તવિક પરિણામ નથી. દોરીનું વિવર્ત છે, તેમ સમગ્ર નામ રૂપાત્મક જગત પણ બ્રહ્મનું વિવર્ત છે. અર્થાત્ દોરીમાં જેમ સાપ ભ્રમવશાત દેખાય છે, તેમ બ્રહ્મમાં જગતની ભ્રાંતિ થાય છે. આમ મૂલતઃ જગત ભિન્ન નથી. પરંતુ સર્વ બ્રહ્મ જ છે.

શ્રીમત શંકરાચાર્યનો મુખ્ય વેદાન્ત સિદ્ધાન્ત એકજીવવાદ છે, જેને દૃષ્ટિસૃષ્ટિવાદ પણ કહેવાય છે.

## વિશિષ્ટાદ્વૈત સંપ્રદાય :

શ્રી રામાનુજાચાર્ય (ઇ.સ.૧૦૧૭, ડૉ.રાધાકૃષ્ણનના મતે ૧૦૨૭) વિશિષ્ટાદ્વૈત દર્શનના પ્રતિપાદક આચાર્ય છે. વિશિષ્ટાદ્વૈત દર્શન બ્રહ્મના ત્રિવિધ સ્વરૂપો વચ્ચે આંતર-ઐક્યનું પ્રતિપાદન કરે છે. આમ જીવ, જગત અને બ્રહ્મ વચ્ચેની પારસ્પરિક ભિન્નતાને પણ વસ્તુતઃ અભિન્ન માનવામાં આવી છે. અર્થાત્ જીવ અને જગત બ્રહ્મના જ વિશેષણો છે. આ રીતે દ્વૈતવાદના દર્શન સામે

વિશિષ્ટાદવૈત દર્શન અસ્તિત્વમાં આવ્યું હોવાનું માનય છે.[૯૬]

વિશિષ્ટાદવૈત દર્શન અભેદ-અદવૈત પ્રતિપાદક શ્રુતિઓનું સમર્થન કરે છે અને સમગ્ર જીવ અને જગતને બ્રહ્મથી અભિન્ન માને છે.

બ્રહ્મ, ગુણ, ભેદ અને વિશેષણોથી યુકત છે. કારણ કે બધા પ્રમાણ અને અનુભવોનો વિષય સવિશેષ પદાર્થ જ હોઇ શકે છે.[૯૭]

બુદ્દિધ માટે નિર્વિશેષ વસ્તુનું ગ્રહણ અસંભવ છે, જેમ નીલકમલમાં નીલત્વને અલગ કરવું અથવા કોઇપણ પદાર્થના રૂપ, સ્પર્શ વગેરે ગુણોથી જ પદાર્થ ગુણ યુકત છે. રૂપ અને સ્પર્શ ગુણરહિત પદાર્થ જ્ઞાનનો વિષય હોઇ શકે નહિ.[૯૮]

શ્રી રામાનુજાચાર્ય અનુસાર નિર્ગુણ શ્રુતિઓ બ્રહ્મને હેય-ત્યાજ્ય ગુણોથી રહિત પ્રતિપાદિત કરે છે.[૯૯] પૃથ્વી જેનું શરીર છે. જે અંતર્યામી છે, તે અમર છે. જેવાં વાકયો સીધી રીતે સર્વોત્તમ વસ્તુ, આત્મા અને અંતર્યામીનો નિર્દેશ કરે છે. વળી સમગ્ર જગત સર્વોત્તમનું જ જાણે શરીર છે. આમ વિશિષ્ટાદવૈતવિચાર વિકાસ પામ્યો.[૧૦૦] અર્થાત્ જગતના જડપદાર્થો અને ચેતન જીવો એટલે અચિત્ અને ચિત્ બ્રહ્મના શરીર છે. આમ ચિદ્-અચિત્ જીવ જગત અને બ્રહ્મ વચ્ચે શરીર-શરીરીભાવ સંબંધ છે. આ જ સંબંધ-વિશેષણ-વિશેષ્યભાવ સંબંધ કે પ્રકાર-પ્રકારીભાવ સંબંધ પણ કહેવાય છે. આથી જ વિશિષ્ટાદવૈત કહેવાય છે.[૧૦૧]

જીવ અને ઇશ્વર - બ્રહ્મ સનાતન સત્ય છે. જેમ વૃક્ષને શાખા, પાન, ફૂલ અને ફળ ઇત્યાદિ અંગ છે. છતાં તેઓ વૃક્ષથી ભિન્ન નથી તેમ જીવ અને જગત પણ બ્રહ્મના અંગ છે. બ્રહ્મ જગતરૂપ શરીરમાં રહેનાર શરીરી છે. જીવ અને જગત એ બ્રહ્મના વિશેષણ હોવાથી બ્રહ્મ તેનાથી વિશિષ્ટ છે. બ્રહ્મથી જીવ અને જગતની સત્તા જુદી નથી, તેથી તેનું બ્રહ્મ સાથે અદ્વૈત છે.[૧૦૨] આથી જ શ્રી રામાનુજાચાર્ય ઉપનિષદના વિભિન્ન વિધાનો પરત્વે યોગ્ય ન્યાયનો તાર્કિક ઉકેલ સર્વશાખા પ્રત્યય ન્યાય પ્રમાણે આપે છે.[103]

વિશિષ્ટાદ્વૈત મતાનુસાર ઇશ્વર, વિશ્વ અને મનુષ્યનું સંક્ષેપમાં નિરૂપણ નીચે પ્રમાણે છે.

(૧) <u>ઇશ્વર</u> :

વિષ્ણુ-નારાયણ પરમપુરુષ કે પુરૂષોત્તમ કહેવાય છે, તે જ જગતનું સર્જન, પાલન અને વિસર્જન કરે છે. વ્યક્તિગત જીવો-ચિત્ પણ તેમણે જ સર્જ્યા છે.[૧૦૪] ભગવાનની ભક્તિ નવધા ભક્તિ કહેવાય છે.

(૨) <u>વિશ્વ</u> :

અચિત્-વિશ્વ વિષ્ણુએ જ સર્જ્યુ છે, તે અનાદિ કહેવાય છે. યોગ્ય સમયે જ ભગવાન તેને વિલીન કરે છે.

વિશ્વના વિભિન્ન ભાગો અને રૂપાંતરો બ્રહ્મે નિર્દેશેલાં પ્રકારો જ છે.

(૩) મનુષ્ય :

ચિત્ત-વ્યક્તિગત જીવો ચિત્તત્વ પ્રસ્તુત કરે છે તે ભગવાનનું શરીર પણ બનાવે છે.[૧૦૫]

વિશિષ્ટાદ્વૈત મતમાં જ્ઞાન એ આત્માને જાણવાનો અનુભવ છે. ચૈતન્ય આત્માનું અતિ આવશ્યક લક્ષણ એ ધર્મભૂતજ્ઞાન કહેવાય છે.

જ્ઞાન એ કેવલ અર્થપ્રકાશ નથી. પરંતુ જ્ઞાતુર્જ્ઞેયાવભાસ છે.[૧૦૬]

રામાનુજ દર્શનનો અત્યન્ત અસાધારણ વિચાર વિશિષ્ટાદ્વૈત વિચાર છે કે જેમાં ઇશ્વર, મનુષ્ય અને પ્રકૃતિની વ્યવસ્થિત એકતા છે.

વિશિષ્ટાદ્વૈત એ દ્વૈત અને અદ્વૈતનું ઐકય હોવાનું દૃઢતાપૂર્વક કહી શકાય નહિ.[૧૦૭]

રામાનુજ દર્શન સત્ય, મૂલ્ય અને સૌન્દર્યનું સૂચક છે. સત્ય, મૂલ્ય અને સૌન્દર્ય એક વાસ્તવિકતા રચે છે તે વિશિષ્ટાદ્વૈત કહેવાય છે.[૧૦૮]

વિશિષ્ટાદ્વૈત દર્શન પ્રમેય-જ્ઞાતવ્ય છે જે સત્ય-દર્શનના સાક્ષાત્કારથી જાણી શકાય છે.[૧૦૯]

વિશિષ્ટાદ્વૈત દર્શનમાં પણ શુદ્ધાદ્વૈત દર્શનની જેમ કર્મ જ્ઞાન અને ભક્તિ એવો સાધનક્રમ છે. અર્થાત કર્મ અને જ્ઞાન થકી ભક્તિ ઉત્પન્ન થાય છે. ભક્તિ જ પરમાત્માને પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન છે અને પરમાત્માની ભક્તિ જ એનું સાચું જ્ઞાન છે.

શ્રી રામાનુજાચાર્યનું મુખ્ય કાર્ય ભક્તિનો સિદ્ધાંત રજૂ કરવાનું છે. રામાનુજદર્શન અદ્વૈત કે દ્વૈત દર્શન નથી. પરંતુ તે "શ્રૈત" કહી શકાય. આમ શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત દર્શન સમ્પ્રદાય "શ્રી" સમ્પ્રદાય તરીકે અસ્તિત્વમાં આવ્યો.

<u>શ્રી નિમ્બાર્કાચાર્યનો દ્વૈતાદ્વૈત સમ્પ્રદાય</u> :

શ્રી નિમ્બાર્કાચાર્ય ૧૨ મી શતાબ્દીમાં થઇ ગયા. તેઓ સનક સમ્પ્રદાયના આચાર્ય કહેવાય છે. ભગવાન શ્રીકૃષ્ણ અને રાધાની ભક્તિનું આ સમ્પ્રદાયમાં સવિશેષ મહત્વ છે.

નિમ્બાર્ક સિદ્ધાન્ત અનુસાર તત્વ ત્રણ પ્રકારના છે. ૧. ચિત્, ૨. અચિત્, ૩. પરબ્રહ્મ-ઇશ્વર. ચિત્ અને અચિત્ સાથે ભેદ અને અભેદ સંબંધવાળું બ્રહ્મ એ જિજ્ઞાસાનો વિષય છે. એવો સૂત્રકારનો અભિપ્રાય છે.[૧૧૦] વળી ઉપર્યુક્ત ત્રણેય તત્ત્વો "ભોક્તા" જીવ, "ભોગ્ય"-વિષય અને "નિયન્તા" નિયંતક એવાં અર્થપૂર્ણ નામો દ્વારા પણ ઓળખાય છે.

નિમ્બાર્ક મત જીવને જ્ઞાનનું સ્વરૂપ-સ્વભાવ માને છે. જીવ જ્ઞાન અને જ્ઞાતા એમ બન્ને એક સાથે છે. જેમ સૂર્ય એ પ્રકાશ અને પ્રકાશનો સ્રોત છે.[૧૧૧] જીવ ઇન્દ્રિયોની સહાયતા વિના જ જાણી શકે છે. આથી જ તેને માટે "પ્રજ્ઞાનઘન:," સ્વયંજ્યોતિ: જ્ઞાનમય: જેવાં શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

જેમ દીપકનો પ્રકાશ દીપકથી દૂર અને વિસ્તૃત ફેલાય છે, વળી તે દીપકથી દૂર વસ્તુ પર પડે છે, તેમ જીવ આકારમાં અણુ છે.

છતાં તેના ગુણ અને જ્ઞાન સર્વવ્યાપક છે, તેથી શરીરના કોઇપણ ભાગમાં તે પ્રસન્નતા અને પીડાનો અનુભવ કરી શકે છે. અચિત્-જગતના ત્રણ પ્રકાર છે. ૧. અપ્રાકૃત ૨. પ્રાકૃત ૩. કાલ. આ ત્રણેય પ્રકારો ચિત્-જીવની જેમ તેમના સૂક્ષ્મ સ્વરૂપમાં નિત્ય હોય છે.[૧૧૩]

નિમ્બાર્ક મતનું ત્રીજું તત્ત્વ એ પરમાત્મા પરબ્રહ્મ-પુરૂષોત્તમ-શ્રીકૃષ્ણ છે. બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ અને નિમિત્તકારણ છે, તે જ જગતના સર્જનહાર અને સંહારક છે. તે જ જગતથી પર છે. આ દૃષ્ટિએ જગત અને બ્રહ્મમાં ભેદ પડે છે. જગત બ્રહ્મમાં જ રહેલું છે. તે બ્રહ્મથી ભિન્ન નથી. આથી બ્રહ્મ અને જગત અભિન્ન છે. જગત ગુણ છે અને બ્રહ્મ ગુણી છે. ગુણી અને ગુણમાં કોઇ ભેદ નથી. આમ બ્રહ્મ સગુણ અને નિર્ગુણ બન્ને છે.

નિમ્બાર્કનું દ્વૈતાદ્વૈત દર્શન "અચિન્ત્યભેદાભેદવાદ" પણ કહેવાય છે. અહીં ભેદ એ સત્તાની હોવાપણાની શકયતા છે, જે "પરતંત્ર-સત્તાભાવ" કહેવાય છે. આમ દ્વૈતરૂપે રહેલો ભેદ કાર્યાત્મક છે. જયારે અભેદ એ સ્વતંત્ર સત્તાની શકયતા છે, જે "સ્વતંત્ર-સત્તા-ભાવ" કહેવાય છે.[૧૧૪] આમ અદ્વૈત રૂપે રહેલો અભેદ કારણાત્મક છે.

"તત્ત્વમસિ" વાકયમાં રહેલા સિદ્ધાંતને સમજાવવા માટે અગ્નિ અને તેની દાહક શક્તિનું દૃષ્ટાંત આપવામાં આવે છે,[૧૧૫] જેમ અગ્નિ વિના એકલી દાહક શક્તિ રહી શકતી નથી, તેમ ઇશ્વર વિના જીવ અને જગત રહી શકતાં નથી.

નિમ્બાર્ક મતમાં જીવ અને બ્રહ્મ પારમાર્થિક રીતે અભિન્ન છે. જ્યારે વ્યાવહારિક રીતે ભિન્ન છે.

## શ્રી મધ્વાચાર્યનો દ્વૈત સમ્પ્રદાય :

શ્રી મધ્વાચાર્ય ઇ.સ.૧૧૧૯ માં જન્મ્યા હતા. અન્ય પ્રબળ પ્રમાણોને આધારે તેઓ ઇ.સ.ની તેરમી શતાબ્દીમાં જન્મ્યા હતા. તેમનો મત દ્વૈત મત કહેવાય છે. દ્વૈત મતાનુસાર જીવ, જગત અને બ્રહ્મ વચ્ચે પૂર્ણ અને નિત્ય ભેદ પ્રવર્તે છે, તે ભેદ પાંચ પ્રકારના છે. (૧) જીવ-ઇશ્વર, ભેદ (૨) જડ-ઇશ્વર ભેદ, (૩) જડ-જીવ ભેદ, (૪) જડ-જડ ભેદ અને (૫) જીવ-જીવ ભેદ.[૧૧૬]

માધ્વ મતાનુસાર સ્વતંત્ર અને પરતંત્ર એમ બે તત્વો હોય છે. સ્વતંત્ર તત્વ એ પરમાત્મા છે અને પરતંત્ર તત્વ એ જીવ અને જગત છે. સ્વતંત્ર તત્વ ભગવાન વિષ્ણુ-દોષરહિત અને સર્વ કલ્યાણ ગુણથી પૂર્ણ છે.[૧૧૭]

શ્રી મધ્વાચાર્યે શ્રુતિઓનો જેવો વિલક્ષણ અર્થ કર્યો છે, તેવો કોઇપણ આચાર્યે કર્યો નથી. તેમના મન્તવ્ય મુજબ "તત્વમસિ" વાક્યમાં તત્ અને ત્વમ્નું ઐક્ય સુસંગત નથી. કારણ કે આગળના વાક્યના અન્તમાં આત્મા શબ્દ છે. તેની પાછળ સન્ધિ થઇ अ નો લોપ થયો છે. આમ અ-તત્-ત્વમ્-અસિ એમ પદ-છેદ કરવાથી જીવ અને બ્રહ્મનું ઐક્ય સંભવતું નથી.[૧૧૮] અહીં "તત્વમસિ" નો અર્થ "તું તેનો છે" એમ કરવામાં આવે છે.

શ્રી મધ્વાચાર્યે ભેદને વાસ્તવિક માને છે. આથી શ્રુતિ પ્રમાણ "જે અહીં ભેદ જેવું દેખે છે, તે મૃત્યુથી મૃત્યુને પામે છે," આપવામાં આવ્યું છે.

માધ્વ સિદ્ધાન્ત જગતનું ઉપાદાન કારણ બ્રહ્મ હોવાનું પણ નકારે છે.[૧૨૦]

ભગવાન વિષ્ણુ પરમાત્મા છે. સર્વશક્તિમાન છે. તેમનું ધામ વૈકુંઠ છે. તેમનું શરીર દિવ્ય છે. ચાર હાથ છે અને સ્વયં જ્ઞાનાનંદ-સ્વરૂપ છે.

જીવ ત્રણ પ્રકારના છે. (૧) મુક્તિયોગ્ય (૨) તમોયોગ્ય (૩) સંસારી.

માધ્વમત પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એમ ત્રણ પ્રમાણોને માને છે.

માધ્વ મતાનુસાર મોક્ષનું સાધન અપરોક્ષ જ્ઞાન છે. અને તે બ્રહ્માથી માંડી સર્વ જીવોને માટે સમાન હોય છે.[૧૨૧]

"દ્વૈત જ સત્ય છે" એવો માધ્વ મત છે. આથી જ આપણે જોડકું કે બે વસ્તુ જોઇએ છીએ. ઉદાહરણ તરીકે જ્ઞાન અને અજ્ઞાન, ગુણ અને અવગુણ, મનુષ્ય અને સ્ત્રી, એટલે જ બ્રહ્મ અને જીવ કે બ્રહ્મ અને પ્રકૃતિ એમ બેનું અસ્તિત્વ હોય છે અને તેઓ એકબીજા સાથે કદીય સમાન એક હોતાં નથી.[૧૨૨]

માધ્વ મતના અનુશીલન પરથી એમ જણાય છે કે અહીં અયોગ્યની નિન્દાનો પણ ઉપદેશ" આપવામાં આવ્યો છે. આથી આવાં સૂચક વાક્યોને અનર્થકારી ન બનાવાય તે અત્યન્ત આવશ્યક છે.

સંક્ષેપમાં માધ્વ મત દ્વૈત દ્વારા ભક્તિને મહત્વ આપે છે. ભક્તિ-ભજન એ ભક્તનું પરમ કર્તવ્ય છે. આથી માધ્વમત ભજનને વિભિન્ન પ્રકારે સમજાવે છે. આમ ભક્ત અને ભગવાન વચ્ચે સેવ્ય-સેવકભાવ !જોઇ શકાય છે.

## શ્રીમદ્ વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સંપ્રદાય

મધ્વાચાર્ય પછી ભારતીય વેદાન્ત સમ્પ્રદાયમાં એક નવા આચાર્યનું લગભગ બસો વર્ષ પછી આગમન થયું. આ આચાર્ય તે શ્રીમદ્ વલ્લભાચાર્ય. તેમનો જન્મ સં. ૧૫૩૫ ઇ.સ. ૧૪૭૯ માં ચૈત્ર કૃષ્ણ ૧૧ ના દિવસે ચંપકારણ્યમાં થયો હતો.[૧૨૩]

શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત વેદાન્ત સમ્પ્રદાયના પ્રવર્તક આચાર્ય છે. તેમણે બ્રહ્મના શુદ્ધ સ્વરૂપનું દર્શન આપ્યું છે. આથી જ જ્ઞાનીજનો માયા સંબંધથી રહિત બ્રહ્મને શુદ્ધ બ્રહ્મ કહે છે.[૧૨૪] માયા-સંબંધ રહિત હોવા ઉપરાંત પ્રકૃતિ, પુરૂષ, પરમાણુ, કાલ, કર્મ અને સ્વભાવના સંબંધનો પણ તેમાં અભાવ હોય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મ અને જગત્સર્જનમાં કોઇપણ વ્યવધાન નથી. તેઓ "આ બધું જ બ્રહ્મ છે" માં બ્રહ્મની અચિન્ત્ય અને અપરિમેય શકિતનો સ્વીકાર કરે છે. જગત એ ભગવાનનું કાર્ય છે માયાથી ભગવાન જગદ્રૂપ થયા.[૧૨૫]

શ્રીમદ્ વલ્લભાચાર્ય વેદના અભિધેય-અર્થનો પ્રત્યક્ષપણે સ્વીકાર કરે છે. વૈદિક વિચારોના પ્રત્યક્ષગમ્ય સરલ અર્થનો સ્વીકાર કરીને તેમણે બ્રહ્મની અખંડ સત્તાનું સમર્થન કર્યું છે. આથી જ તેઓ કહે છે કે વેદાર્થરૂપ બ્રહ્મના વિષયમાં જે વિચાર કરવો હોય તે ફકત વેદ-શાસ્ત્રની યોગ્ય વ્યાખ્યાના રૂપમાં જ કરવો જોઇએ.[૧૨૬]

"શુદ્ધાદ્વૈત" શબ્દનો અર્થ :

"શુદ્ધાદ્વૈત" શબ્દમાં શુદ્ધ અને અદ્વૈત એમ બે પદોનો સમાવેશ થયેલો છે. "શુદ્ધ એવું અદ્વૈત" એવો વિગ્રહ કર્મધારય સમાસનું પરિચાયક અને "શુદ્ધનું અદ્વૈત" એવો વિગ્રહ ષષ્ઠી તત્પુરૂષ સમાસ કહેવાય છે.[૧૨૭]

શ્રીમદ્ વલ્લભાચાર્ય "શુદ્ધાદ્વૈત" શબ્દ સમજાવતાં કહે છે કે અજ્ઞાનનો નાશ કરનાર વિજ્ઞાન આત્માનો અનુભવ કરાવે છે. ભેદનો નાશ કરનાર વિજ્ઞાન એ ભગવદ્વિજ્ઞાન છે. આ બન્ને પ્રકારનાં વિજ્ઞાનનો સાક્ષાત્કાર થયા પછી દેહાધ્યાસ દૂર થાય છે અને શુદ્ધાદ્વૈત જ્ઞાન સ્ફુરે છે.[૧૨૮] આમ શુદ્ધાદ્વૈત જ્ઞાનમાં શરીર અને આત્માની ભિન્નતાનો અને આત્માની પરમાત્મા-બ્રહ્મ સાથેની અભિન્નતાનો અનુભવ થાય છે.

"શુદ્ધ" નો અર્થ પ્રથમ શુદ્ધ બ્રહ્મ જ છે. તે સિવાય (પ્રકૃતિ-પરમાણુ-માયા-કાલ-કર્મ વગેરેના રૂપમાં) કોઇપણ કારણ નથી. તેવી જ રીતે અદ્વૈતનો અર્થ બ્રહ્મ જ તેમ (માયા-પ્રકૃતિ-પરમાણુ કાલ-કર્મ-સ્વભાવ વગેરે કારણોના રૂપમાં) પ્રગટ થયા.

ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી શુદ્ધાદ્વૈતનું લક્ષણ આપતાં કહે છે "એકત્વના અત્યન્તાભાવરૂપ દ્વૈતનું વિલક્ષણપણું અને દ્વિત્વના અત્યન્તાભાવરૂપ અદ્વૈતનું વિલક્ષણપણું એ દ્વૈતદ્વૈતવિલક્ષણતા કહેવાય છે.[૧૨૯] આ જ "તાદાત્મ્યરૂપ ભેદસહિષ્ણુ અભેદ" કહેવાય છે. આમ શુદ્ધાદ્વૈત સિદ્ધાંત તાદાત્મ્યના વિચારને વરેલો સિદ્ધાંત છે, તે દ્વૈતાદ્વૈત નથી.

"રશ્મિ" ટીકાકાર યોગી ગોપેશ્વરજીએ શ્રીમદ્ વલ્લભાચાર્યના ગ્રંથોને નિમ્નાનુસાર ચાર વિભાગોમાં વહેંચ્યા છે.

(૧) શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુ ભાષ્યમ - આધિભૌતિક ગ્રન્થ.
(૨) તત્ત્વાર્થદીપનિબંધ - આધ્યાત્મિક ગ્રન્થ.
(૩) સુબોધિની - આધિદૈવિક ગ્રન્થ.
(૪) ષોડશ ગ્રંથો - નિર્ગુણ ગ્રન્થ.

રશ્મિકાર અનુસાર બ્રહ્મસૂત્રાણુભાષ્ય વેદવ્યાસના મતને અનુસરનાર વલ્લભાચાર્યનો મત હોવાથી આધિભૌતિક ગ્રન્થ છે. વિષ્ણુસ્વામી મતને અનુસરનાર વલ્લભાચાર્ય વિરચિત નિબંધગ્રંથો આધ્યાત્મિક ગ્રંથ છે. ભાગવત પરની સુબોધિની ટીકા લક્ષ્મણ ભટ્ટના પુત્ર

વલ્લભ દ્વારા વિરચિત હોવાથી આધિદૈવિક ગ્રન્થ છે. પરંતુ યમુનાષ્ટક વગેરે ષોડશગ્રંથો સ્વમત-નિર્ગુણનું પ્રતિપાદન કરે છે.

ઉપર્યુકત ગ્રંથોના આધારે શ્રીમદ્ વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના સિદ્ધાંતો સારરૂપે નીચે પ્રમાણે છે.

(૧) બ્રહ્મમાં સર્વધર્મોનું અસ્તિત્વ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મને સર્વધર્મથી યુકત માને છે. બ્રહ્મ સર્વવ્યાપક અને સર્વશકિતમાન છે. આથી તેમાં અમર્યાદિત ગુણો રહેલાં છે.

વેદમાં જણાવેલાં બધા ધર્મો વેદમાં ઘટે છે. "અનુસાર બ્રહ્મમાં સર્વધર્મોનું પ્રતિપાદન થયું છે.' વળી પરમાત્મા સર્વશકિતસમ્પન્ન છે. કારણ કે વેદમાં તેનું દર્શન-નિરૂપણ થાય છે. અનુસાર બ્રહ્મ સર્વધર્મરૂપ પ્રતિપાદિત થાય છે.

ભગવાન, પરમાત્મા અને બ્રહ્મ આ ત્રણેય શબ્દોમાં કોઈ તાત્વિક ભેદ નથી. કારણ કે છ પ્રકારના ઐશ્વર્યથી યુકત આ ભિન્ન ભિન્ન નામો પણ અભિન્ન છે.

બ્રહ્મ સધર્મક છે. ધર્મયુકત છે. કારણ કે તે સર્વત્ર હાથપગવાળું, સર્વત્ર નેત્ર, મસ્તક અને મુખવાળું અને સર્વત્ર કાનવાળું છે, જે જગતમાં સર્વને વ્યાપીને રહે છે.

પરબ્રહ્મની વિવિધ પ્રકારની શકિત શાસ્ત્રમાં જણાય છે, તે શકિત સ્વાભાવિક, જ્ઞાનક્રિયા અને બલક્રિયા છે ?[૧૩૫] બ્રહ્મ સચ્ચિદાનન્દસ્વરૂપ છે, તેમાં અપરિચ્છિન્નપણું અને અભેદપણું પ્રગટ કરે છે.

માયા ભગવદ્રૂપ હોવાથી તે બ્રહ્મ-ભગવાનને અધીન છે. પરંતુ ભગવાન માયાને અધીન નથી.[136]

બ્રહ્મ સાકાર, નિરાકાર, સગુણ-નિર્ગુણ, સધર્મક નિર્ધર્મક, સવિશેષ-નિર્વિશેષ વગેરે અનેક ધર્મોને ધારણ કરે છે. કારણ કે "જગતમાં જેટલા ધર્મો જણાય છે તેટલા ધર્મનો શ્રુતિ બ્રહ્મમાં નિષેધ કરે છે, અને જે વાકયોમાં ધર્મનો નિષેધ કરવામાં આવ્યો છે, તે જ વાકયોમાં ફરીથી અલૌકિક ધર્મોનું વિધાન કરે છે."[137] અર્થાત્ બ્રહ્મમાં અલૌકિક ધર્મો છે.

અહીં દ્વૈતનો ભય અસ્થાને છે. કારણ કે જેમ પ્રકાશનો આશ્રય સૂર્ય પ્રકાશથી ભિન્ન અને અભિન્ન છે, તેમ બ્રહ્મ પોતાના ધર્મોથી ભિન્ન અને અભિન્ન છે, કારણ કે શ્રુતિમાં બ્રહ્મના ધર્મોને તેજ, પ્રકાશ તરીકે વર્ણવામાં આવ્યા છે.[138]

આમ બ્રહ્મ સર્વધર્મોથી યુકત હોવાથી તે સગુણ કહેવાય છે. સગુણ એ સાકારત્વનું દ્યોતક છે. એટલે સાકાર બ્રહ્મવાદના સ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્ય કહેવાય છે.

બ્રહ્મ દેશ, કાલ, વસ્તુ અને સ્વરૂપથી રહિત છે. આથી જ તે સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદથી રહિત છે. વળી સત્ય વગેરે હજારો નિત્ય સ્વાભાવિક ગુણથી યુકત છે તે સર્વના આધાર, માયાને વશમાં રાખનાર, આનંદાકાર, ઉત્તમ અને સાંસારિક પદાર્થોના ગુણથી વિલક્ષણ બ્રહ્મ છે.[140]

આમ બ્રહ્મ અનેક ધર્મોથી યુકત હોવાથી સર્વધર્મ વિશિષ્ટ કહેવાય છે.

(૨) વિરૂદ્ધધર્માશ્રય :

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મમાં વિરૂદ્ધ ધર્મોનો આશ્રય સ્વીકારે છે. તેમના મતાનુસાર બ્રહ્મ વેદગમ્ય છે, અર્થાત વેદમાં વર્ણવેલ બ્રહ્મના સ્વરૂપથી બ્રહ્મનું જ્ઞાન થઇ શકે છે. આથી વેદાર્થની સ્વબુદ્ધિથી કલ્પના કિંવા ઉત્પ્રેક્ષા કરવી તે શકય નથી. બ્રહ્મનું જેવું વર્ણન વેદાન્તમાં જણાય છે તે જ માનવું જોઇએ.[૧૪૧]

વેદ-ઉપનિષદમાંના વિરૂદ્ધ વાકયોના નિર્ણય માટે વિચાર-શાસ્ત્રની જરૂર નથી. કારણ કે બન્નેય પ્રકારના વાકયો પ્રમાણભૂત છે. આથી તેનો નિર્ણય થઇ ન શકે એટલે અચિન્ત્ય અને અનન્તશકિત-વાળા સર્વ ભવનસમર્થ બ્રહ્મને માટે કોઇપણ વિરોધ ન હોઇ શકે.[૧૪૨]

શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરૂદ્ધધર્માશ્રયપણાનો તાત્વિક પરિચય આપતાં જણાવે છે કે જેમ કરવડો વગેરે પદાર્થોમાં પ્રવેશ કરવાથી આકાશને મહાન અથવા અલ્પ કહેવાય છે, તેમ બન્ને પ્રકારના ધર્મોનું સામંજસ્ય હોવાથી બ્રહ્મ પણ મહાન કે અલ્પ છે.[૧૪૩]

વળી તેઓ કહે છે કે બે વિરૂદ્ધ ધર્મ અનેક દોરડાથી ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ બંધાય નહીં અને ભગવાનનું સ્વરૂપ નાનું તે ભગવાનને ખાંડણિયે બાંધ્યા, વગેરે ક્રિયાઓમાં સધાયેલું-જોવા મળે છે.[૧૪૪] આથી જ યશોદા કહે છે. અથવા આ મારા બાળકનો

સ્વાભાવિક આ સ્વયોગ ભગવાનની પોતાની યોગરૂપ વિભૂતિ છે.[૧૪૫] આમ શ્રુતિ, સ્મૃતિ અને સૂત્ર અને પ્રત્યક્ષ પ્રમાણોથી બ્રહ્મ સર્વધર્મયુકત સિદ્ધ થાય છે.[૧૪૬]

બ્રહ્મ અવ્યકત છતાં વ્યકત થઇને ભકતોને દર્શન આપે છે. આથી નિરાકાર બ્રહ્મ પણ સાકાર થાય છે. જેમ સર્પ સરળ અને કુંડલાકૃતિ હોય છે. તેમ બ્રહ્મ પણ ભકતની ઇચ્છાથી નિર્ગુણ અને સગુણ થાય છે.[૧૪૭]

શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે પ્રમાણથી સિદ્ધ વિરૂદ્ધ-ધર્માશ્રયપણામાં કોઇપણ શ્રુતિવાકયનો લાક્ષણિક અર્થ રહેતો નથી.[૧૪૮]

પરસ્પર વિરૂદ્ધધર્મો બ્રહ્મનો આશ્રય કરીને રહી શકે છે. એ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું વિશિષ્ટ લક્ષણ છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં વિરૂદ્ધધર્માશ્રયત્વને કારણે બ્રહ્મમાં પરસ્પર વિરૂદ્ધધર્મોની સંગતિ થઇ જાય છે. કારણ કે ભગવાનમાં સર્વ વિરૂદ્ધધર્મો જોઇ શકાય છે.[૧૪૯]

વિરૂદ્ધધર્માશ્રયનાં પ્રમાણો વેદ અને ઉપનિષદોમાં અનેક સ્થળે જોવા મળે છે. "બ્રહ્મ મહાન, દિવ્ય અને અચિન્ત્ય સ્વરૂપ છે, તે સૂક્ષ્મથી પણ અતિસૂક્ષ્મરૂપે પ્રકાશિત થાય છે, તે દૂરથી પણ અતિ દૂર છે તે અહીં રહીને, અતિ સમીપ પણ છે. અહીં જોનારાઓની અંદર જ તેમની હૃદયરૂપી ગુફામાં તે રહે છે."[૧૫૦] આમ વિરૂદ્ધધર્માશ્રય બ્રહ્મના સ્વાભાવિક શકિતનું પરિચાયક છે.

વળી તે જ્ઞેય બ્રહ્મ પ્રાણીઓમાં અવિભકત એક છતાં વિભકત-જુદું હોય તેમ રહેલું છે, તેમ જ પ્રાણીઓનું પોષણ કરનાર, ગળી જનાર અને ઉત્પન્ન કરનાર છે.[૧૫૧]

આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્યે વિરૂદ્ધધર્માશ્રયપણા દ્વારા બ્રહ્મના સર્વશક્તિમાનપણાનો બોધ કરાવે છે.

(૩) <u>બ્રહ્મ-સર્વકર્તા</u> :

બ્રહ્મ સર્વના કર્તા છે, તે વસ્તુનો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં સ્વીકાર થયેલો છે. શ્રીમદ્ વલ્લભાચાર્યે બ્રહ્મનું સર્વકર્તાપણું સહજપણે માને છે.

"પરમાત્મા એકલા રમણ કરતા નથી. તેથી તેમણે બીજાની ઇચ્છા કરી."[૧૫૨] આ વૈદિક વિચારનો શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તમાં સ્વીકાર થયો છે.

બ્રહ્મનું કર્તાપણું નીચેનાં પ્રમાણોથી સમજાય છે. જેમાંથી આ પ્રાણીઓ જન્મે છે....... તે બ્રહ્મ છે.[૧૫૩]

જેનાથી જન્મ વગેરે થાય છે, કારણ કે શાસ્ત્રમાં તેનું મૂળ રહેલું છે.[૧૫૪] બ્રહ્મના કર્તાપણાનો જ સ્વીકાર કરે છે.

"સંપૂર્ણ જગતનું ઉત્પત્તિસ્થાન અને પ્રલયસ્થાન હું છું."[૧૫૫] માં બ્રહ્મના કર્તૃત્વનો બોધ થાય છે.

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેનાથી થાય છે તે બ્રહ્મ સમવાયીકારણ અને નિમિત્તકારણ છે.[૧૫૬] આ સર્વ પ્રમાણ વાક્યો દ્વારા પ્રમેય-બ્રહ્મના કર્તાપણાનું જ્ઞાન થાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે બ્રહ્મના કર્તૃત્વમાં વિરોધ નથી, કારણ કે સત્યત્વ વગેરે ધર્મોની જેમ કર્તૃત્વ પણ સિદ્ધ થાય છે.[૧૫૭]

ઇશોપનિષદના શાંતિપાઠમાંથી પણ પૂર્ણ બ્રહ્મના કર્તૃત્વનું ભાન થાય છે.[૧૫૮]

આમ નિર્ગુણ, સચ્ચિદાનન્દ, શુદ્ધ અને અદ્વૈત બ્રહ્મ જગતનું કર્તા છે અને તે અભિન્નનિમિત્તોપાદાનકારણ પણ છે.[૧૫૯]

શ્રીમદ્ વલ્લભાચાર્ય જગત્કર્તૃત્વને બ્રહ્મની ઇચ્છાને અધીન માને છે, તે કાર્ય-કારણ ભેદથી સિદ્ધ થાય છે. માટે શુદ્ધાદ્વૈત વેદાંતમાં "ભેદસહિષ્ણુરભેદ" નો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે.

(૪) <u>વિષમતા અને નિર્દયતાના દોષનો પરિહાર</u> :

શુદ્ધાદ્વૈત વેદાન્તમાં બ્રહ્મનું કર્તૃત્વ સ્વીકારાયેલું હોવાથી વિષમતા અને નિર્દયતાના દોષનો ત્રણ રીતે પરિહાર કરવામાં આવ્યો છે.

૧. સૂત્રકાર બાદરાયણનો કર્મસાપેક્ષતાનો સિદ્ધાંત.

૨. શ્રીમદ્ વલ્લભાચાર્યનો આત્મસૃષ્ટિનો સિદ્ધાંત.

૩. શ્રી વિઠ્ઠલનાથજીનો લીલાનો સિદ્ધાંત.

(૧) કર્મસાપેક્ષતાના સિદ્ધાંત અનુસાર પરમાત્મા કર્મ પ્રમાણે સુખ અને દુઃખ આપે છે. આ સુખ અને દુઃખ રૂપી જે ફળ પરમાત્મા આપે છે, તે જીવોએ કરેલા પ્રયત્નો કર્મોને ધ્યાનમાં રાખીને આપે છે.[૧૬૦]

વળી બ્રહ્મને જીવે કરેલા પ્રયત્નોની અપેક્ષા હોય છે, તેથી જો બ્રહ્મને કર્મસાપેક્ષ માનવામાં ન આવે તો વિહિત અને પ્રતિષિદ્ધ- કરવાનાં અને ન કરવાનાં કર્મો નકામાં બની જાય.[૧૬૧] આ આશયથી કર્મસાપેક્ષતાનો સિદ્ધાંત રજૂ થયો છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યે "આ ત્મસૃષ્ટિ" નો સિદ્ધાન્ત આપીને વિષમતા અને નિર્દયતાના દોષનું સમાધાન આપે છે. બ્રહ્મ પોતે જ પોતાને કરે છે, તેથી તે પરિણામ પામે છે.[૧૬૨] આથી બ્રહ્મ આ ત્મસૃષ્ટિ દ્વારા જગદ્રૂપ બને છે - આમ જગત ભવદ્રૂપ છે, એટલે સારે જ આ ત્મ- સૃષ્ટિના લીધે વિષમતા અને નિર્દયતાની સંભાવના જ રહેતી નથી. ભગવાન વૃષ્ટિ સમાન છે. કર્મ બીજ જેવાં છે.[૧૬૩] આથી આ ત્મસૃષ્ટિનો સિદ્ધાંત ભગવાનનું માહાત્મ્ય સમજાવે છે.

આ ત્મસૃષ્ટિનો સિદ્ધાંત કર્મસાપેક્ષતાના સિદ્ધાંત કરતાં વધારે અર્થપૂર્ણ અને શાસ્ત્રીય હોય એમ લાગે છે.

શ્રી વિઠ્ઠલનાથજી "લીલા" ના સિદ્ધાંત દ્વારા બ્રહ્મની વિષમતા અને નિર્દયતાના દોષનો પરિહાર કરે છે. ભગવાન ધર્મરૂપી મર્યાદાઓના વક્તા, કર્તા અને રક્ષક છે, એટલે તે જીવને કર્મ, કર્મ-ફળ અને મોક્ષ આપે છે. વળી કહ્યું છે કે "જેને ઊંચે લઇ જવાની ઇચ્છા છે, તેની પાસે પરમાત્મા સારાં કર્મો કરાવે છે."[૧૬૫]

બ્રહ્મ અગણિત-તાનન્દ છે, તેથી તે નિરપેક્ષભાવે નિષ્પ્રયોજન- પણાથી જ લીલાના રૂપમાં સૃષ્ટિનું સર્જન કરે છે. આથી લોકની જેમ લીલાક્રીડા જ મોક્ષ છે.[૧૬૬]

અહીં લીલાના સિદ્ધાંત દ્વારા ભગવદ્ભક્તને લીલાનું કીર્તન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે,[૧૬૭] તેથી લીલાનો સિદ્ધાંત બ્રહ્મનાં વિષમતા અને નિર્દયતાના દોષનો પરિહાર કરે છે.

લીલાનો સિદ્ધાંત બ્રહ્મની અનેકરૂપ થવાની ઇચ્છાના પરિણામ સ્વરૂપ છે. માટે બ્રહ્મની લીલા સર્વજન હિતાય સર્વજનસુખાય હોય છે. અર્થાત્ બ્રહ્મમાં વિષમતા અને નિર્દયતા જેવા દોષોનો પરિહાર લીલાના સિદ્ધાંત દ્વારા રોચક રીતે અને પ્રેરક રીતે થાય છે. આથી જ શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "આ જીવને આ દેશમાં આ કાલમાં એણે કરેલી પ્રવૃત્તિ-નિવૃત્તિવાળો કરી આ ફલ આપીશ." આમ મોક્ષ પ્રાપ્તિ સુધી પ્રત્યેક જીવ માટે વિચાર કર્યો.[૧૬૮] આથી જ ભગવાન લીલાના રસાનુભવ માટે જ કર્મ વગેરે કરાવે છે.

(૪) <u>બ્રહ્મ અને જગત વચ્ચેની અનન્યતા</u> :

શુદ્ધાદ્વૈત વેદાન્ત અનુસાર બ્રહ્મના ત્રણ સ્વરૂપો છે. ૧. પરબ્રહ્મ-આધિદૈવિક સ્વરૂપ. ૨. અક્ષર બ્રહ્મ. આધ્યાત્મિક સ્વરૂપ. ૩. જગત-આધિભૌતિક સ્વરૂપ.

બ્રહ્મના આ ત્રણેય સ્વરૂપોમાં અનન્યત્વ રહેલું છે. સૂત્રકાર કહે છે. "કારણ કાર્યથી અનન્ય છે, કારણ કે શ્રુતિમાં આરમ્ભણ શબ્દ વગેરે છે."[૧૭૦] શ્રીમદ્ વલ્લભાચાર્ય આરમ્ભણ શબ્દ વગેરેને લીધે કાર્યનું કારણથી અનન્યત્વ હોવાનું જણાવે છે. અર્થાત્ બ્રહ્મ અને જગત વચ્ચે અનન્યતા રહેલી છે. મિથ્યાપણું રહેલું નથી.[૧૭૧]

અહીં "આરંભણ" શબ્દનો મૂલ સંદર્ભ "વાચારંભણ" શ્રુતિમાં જોવા મળે છે. હે સૌમ્ય, જેમ એક માટીના પિંડને જાણી લેવાથી માટીના બનેલા ઘટાદિ પદાર્થોને જાણી શકાય છે.[૧૭૨] કારણ કે ઘટાદિ રૂપે પણ માટીનું વિકારીપણું હોતું નથી. વિકાર તો વિપરીત-પણાને કહેવાય છે.[૧૭૩] આમ ઘટાદિ એ માટીની બીજી અવસ્થા છે. તે વાણીમાત્રથી ઉચ્ચારાય છે. તેથી જ તે કાર્યરૂપ બનેલ કારણનું નામ છે. "મૃત્તિકા" એ જ સત્ય છે.[૧૭૪]

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે, "વાચારંભણ વાક્યો બ્રહ્મ દ્વારા અનન્યપણાનો બોધ કરે છે. તેથી તે જગતના મિથ્યાપણાનું પ્રતિપાદન કરતાં નથી. વ્યાસજીના ગૌરવને લીધે બ્રહ્મ દ્વારા જગતનું અનન્ય હોવાપણું યોગ્ય છે.[૧૭૫]

આમ વાચારંભણ શ્રુતિમાં શાબ્દિક ભિન્નતા છે. સત્યની નહિ.[૧૭૬]

અનન્યતા બે રીતે સંભવે છે: ૧. કાર્ય-કારણ તાદાત્મ્ય. ૨. અંશાંશિભાવાત્મક તાદાત્મ્ય.

નામ, રૂપ અને કર્મરૂપ જડ વસ્તુ બ્રહ્મનું સદંશ છે. અર્થાત્ બ્રહ્મના આ ત્રણ નામ જુદાં-જુદાં દેખાય છે. છતાં આ એક સત્ય આત્મા જ સત્ય-પરબ્રહ્મ છે. આત્મા એક છે અને સત્-આ ત્રણેય અર્થાત્-નામ-રૂપ અને કર્મ છે. આમ જગતનું સંદેશ પણ પ્રતિપાદિત થયું છે. આથી તેમાં ચિદંશ અને આનંદાંશ તિરોહિત છે. જીવાત્મા

૧૭

ચિદંશ છે. આથી તેમાં આનંદાંશ તિરોહિત છે. આમ અંશાંશિભાવનું તાદાત્મ્ય-જડ અને બ્રહ્મ, જીવ અને બ્રહ્મ વચ્ચે જોવા મળે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે માટી અને ઘટ વચ્ચે કાર્ય-કારણ સંબંધ છે, તે પ્રમાણે સુવર્ણ અને અલંકારો વચ્ચે પણ કાર્ય-કારણ તાદાત્મ્ય રહેલું છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે. જડ-જગત બ્રહ્મનું કાર્ય છે, જીવ તો બ્રહ્મનો અંશ છે, તેથી જ એને નામ અને રૂપનો સંબંધ હોતો નથી.[૧૭૮]

આમ બ્રહ્મ અને જગત વચ્ચે અનન્યપણાનો સંબંધ રહેલો છે તે કાર્યરૂપે અભિવ્યક્તિ પામેલો છે.

(૫) <u>અક્ષર-બ્રહ્મનું સ્વરૂપ</u> :

શુદ્ધાદ્વૈત સિદ્ધાંત અનુસાર બ્રહ્મનું ગણ-સ્વરૂપે નિરૂપણ થયું છે. ૧. આધિદૈવિક સ્વરૂપ એ ભક્તિગમ્ય-પુરૂષોત્તમ છે. ૨. આધ્યાત્મિક સ્વરૂપ અક્ષર-બ્રહ્મ છે, તે જ્ઞાનગમ્ય છે. ૩. આધિભૌતિક સ્વરૂપ જગત છે, તે ભગવદ્રૂપ છે. આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે, "કારણ કે, પરબ્રહ્મ તો કૃષ્ણ છે. સચ્ચિદાનંદ જેમાં જ થોડાક છે- અર્થાત ગણિતાનંદ અક્ષરબ્રહ્મ ખરેખર એક સર્વ જગત-રૂપ અને તેથી બીજું અક્ષરબ્રહ્મ, જ્ઞાનગમ્ય છે. આમ બે રૂપવાળું મનાય છે.[૧૭૯]

"અક્ષર" એ પરમાત્મા છે, કારણ કે તે આકાશ સુધીની વસ્તુઓને ધારણ કરે છે."[૧૮૦] સૂત્રમાં ભાષ્યમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે ગાર્ગી બ્રાહ્મણમાં ગાર્ગીએ યાજ્ઞવલ્કયને પૂછ્યું કે આકાશ શેમાં

ઓતપ્રોત છે ? ત્યારે યાજ્ઞવલ્કયે કહ્યું કે હે ગાર્ગી, તે અક્ષરને બ્રાહ્મણો અસ્થૂલ અનણુ વગેરે કહે છે.[૧૮૧]

અહીં અક્ષરને બ્રહ્મ કહેવા સંબંધી સંશયનું નિરાકરણ કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે કોઇ પણ તેનો ભોગ કરતો નથી. અથવા કોઇપણ તેને વ્યાપી શકતું નથી.[૧૮૨] શ્રુતિના મુખ્ય અર્થથી એમ જાણી શકાય છે, આથી બ્રહ્મ સિવાય બીજું કોઇ સર્વનો આધાર થઇ શકે નહિ.[૧૮૩]

અક્ષરબ્રહ્મ અને પુરૂષોત્તમ તત્વની વિલક્ષણતા એ છે કે અક્ષર બ્રહ્મ કૂટસ્થ કહેવાય છે અને પુરૂષોત્તમ તત્વ અન્ય હોઇ તે પરમાત્મા કહેવાય છે.[૧૮૪]

અક્ષરની વ્યાખ્યા આપતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે પ્રકૃતિ અને પુરૂષ જે રૂપનું અધિષ્ઠાન કરીને પરમાત્મા થયા, તે રૂપને અક્ષર કહેવાય છે.[૧૮૫]

અક્ષર-જ બ્રહ્મ સ્વરૂપ છે તે પુરૂષોત્તમના આધારરૂપ હોઇ ચરણરૂપ કહેવાય છે, તેના ચાર સ્વરૂપો છે. ૧. અક્ષરરૂપ, ૨. બ્રહ્મરૂપ. ૩. કાલરૂપ. ૪. સ્વભાવરૂપ.[૧૮૬]

અક્ષરબ્રહ્મમાં આનંદાંશનો તિરોભાવ થયેલો હોય છે.[૧૮૭] અર્થાત પુરૂષોત્તમ પૂર્ણ સચ્ચિદાનન્દ સ્વરૂપ છે, જ્યારે અક્ષરબ્રહ્મમાં આનંદાંશ અંશતઃ કિંવા ન્યૂન હોય છે. આથી અક્ષરબ્રહ્મ ગણિતાનંદ કહેવાય છે, જ્યારે પરબ્રહ્મ પુરૂષોત્તમ અગણિતાનંદ કહેવાય છે.

અક્ષરબ્રહ્મ અંતર્યામી સ્વરૂપે જ્ઞાની પુરુષોના હૃદયમાં પ્રગટ થાય છે, ત્યારે સદ્યઃમુક્તિ સમયે તેઓ તેના ચરણમાં પ્રવેશે છે. આથી અક્ષરબ્રહ્મને ચરણ કહેવાય છે.[૧૮૮]

અક્ષરબ્રહ્મમાંથી વિશ્વ પ્રગટ થાય છે. આથી તે જગતનું કારણ પણ છે.[૧૮૯]

જીવનું સ્વરૂપ :

શ્રીમદ્ વલ્લભાચાર્યના મત અનુસાર જીવ બ્રહ્મનો ચિદંશ કહેવાય છે. જીવમાં સદંશ અને ચિદંશ છે, પરંતુ આનંદાંશ નથી. અર્થાત્ આનંદાંશ તિરોધાન્ પામેલ છે. જ્યારે આનંદાંશનો આવિર્ભાવ થાય ત્યારે તે બ્રહ્મની જેમ પ્રકાશે છે.[૧૯૦]

જીવ અને બ્રહ્મ વચ્ચે અંશાંશિભાવસંબંધ રહેલો છે. જીવ બ્રહ્મનો અંશ છે અને બ્રહ્મ અંશી છે. આમ બન્નેનો અભેદ સંબંધ છે, છતાં જીવ અણું છે અને નિત્ય છે.[૧૯૧]

જીવ પંચપર્વા અવિદ્યા વડે બ્રહ્મના ઐશ્વર્ય વગેરે ધર્મોથી તિરોભાવ પામ્યો છે, આથી તે જીવ સ્વરૂપને પામ્યો છે, તેથી ભગવાનની અવિદ્યા નામની શક્તિથી જીવને સંસાર કહેવાય છે.[૧૯૨]

જેમ ચંદન શરીરના એક ભાગમાં રહ્યું હોય છતાં પણ સંપૂર્ણ શરીરમાં શીતળતા ઉત્પન્ન કરે છે, તેમ જીવ અણું છે, અને હૃદય પ્રદેશમાં રહેલો છે. છતાં તેનું ચૈતન્ય સંપૂર્ણ શરીરમાં ફેલાવે છે. આમ ચંદનની જેમ વિરોધ રહેતો નથી.[૧૯૩]

જેમ ચંપક વગેરે પુષ્પોની સૂક્ષ્મ સુગંધ સુદૂર પ્રદેશમાં પ્રસરે છે, તેમ જીવ શરીરના એક પ્રદેશમાં હોવા છતાં સંપૂર્ણ શરીરમાં ચૈતન્ય પ્રસરેલું હોય.છે.[૧૯૪] વળી જેમાં સુન્દર પુષ્પ હોય તેવા વૃક્ષની દૂરથી સુગંધ આવે છે તેમ પુણ્યરૂપ કર્મની દૂરથી સુગંધ આવે છે.[૧૯૫]

પરમાત્માના ઐશ્વર્ય વગેરે ધર્મોનું તિરોધાન જીવમાં થવા વિશે કહ્યું છે કે પરમાત્મા-બ્રહ્મના અભિધ્યાન-બહુ થવા રૂપ ઇચ્છાથી જીવનું ઐશ્વર્યાદિ તિરોહિત થયું, તેથી તેને જીવને બંધ અને વિપર્યય વિપરીત બુદ્ધિ થયા.[૧૯૬] આથી ઐશ્વર્યના તિરોભાવથી દીનતા અને પરાધીનતા, વીર્યના તિરોધાનથી સર્વદુઃખનું સહન કરવાપણું, યશના તિરોધાનથી સર્વહીનતા, શ્રીના તિરોધાનથી જન્મ વગેરે સર્વ આપત્તિઓનું વિષયપણું, જ્ઞાનના તિરોભાવથી દેહાદિમાં અહંબુદ્ધિપણું અને વૈરાગ્યના તિરોભાવથી વિષયાશક્તિ પ્રાપ્તિ થયા. આમ પ્રથમ ચારના તિરોભાવથી બંધન અને બાકીના બેના તિરોભાવથી વિપર્યય થયો.[૧૯૭] આથી છ પ્રકારના ઐશ્વર્યના તિરોભાવથી જ આ જીવાંશ ભગવાનથી અલગ કહેવાય છે.

આત્માના લક્ષણો અનુસાર જીવની હું એ પ્રકારના જ્ઞાનથી પ્રતીતિ થાય છે. "હું સુખેથી ઊંઘ્યો માનો અનુભવ વિષયજન્ય નથી. પણ અહંતામમતારહિત કેવળ અનુભવરૂપ છે. આથી જ નિદ્રા બધાનું અત્યન્ત તિરોધાન કરનારી ભગવાનની શક્તિ છે.

નિદ્રામાં હું હતો નહીં તેવા અન્તઃકરણના અધ્યાસમાં પદાર્થ નથી પરંતુ, દેહાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ કે પ્રાણાધ્યાસરહિત કેવળ

દૃષ્ટા જ અવશિષ્ટ રહે છે. આમ જીવ સ્વયંપ્રકાશ છે. તેથી "નિદ્રાવસ્થામાં આત્મા પોતે પ્રકાશરૂપ હોય છે."[૧૯૯]

જીવની નિત્યતા :

શ્રીમદ્ વલ્લભાચાર્યના સિદ્ધાન્ત અનુસાર જીવ નિત્ય અને પ્રાચીન છે. વ્યુચ્ચરણ શ્રુતિ પ્રમાણે જીવની નિત્યતા સિદ્ધ છે, કારણ કે વિસ્ફુલિંગની જેમ વ્યુચ્ચરણનો અર્થ ઉત્પત્તિ એમ થતો નથી.[૨૦૦]

અગ્નિ અને સ્ફુલિંગના દૃષ્ટાન્તમાં અંશાંગિભાવ-સંબંધ રહેલો છે. આમ જીવ અને બ્રહ્મના સંબંધમાં જીવની નિત્યતા વ્યકત થાય છે. બ્રહ્મમાં જીવનો પુનઃપ્રવેશ જીવ અને બ્રહ્મની અભેદ પ્રતીતિ કરાવે છે. અર્થાત્ આવિર્ભાવ અને તિરોભાવના દર્શન દ્વારા જીવની ઉત્પત્તિ કે નાશની અનુચિતતા સ્થાપવાનો શ્રેય શ્રીમદ્ વલ્લભાચાર્યના ફાળે જાય છે. આમ ઊર્ણનાભિ અને વિસ્ફુલિંગના દૃષ્ટાંત દ્વારા જીવની નિત્યતા સિદ્ધ થઈ છે.[૨૦૧]

જીવનું જ્ઞાતાપણું :

શ્રીમદ્ વલ્લભાચાર્ય જીવને "જ્ઞાતા" માને છે. આથી જ શ્રુતિ અને સૂત્ર અનુસાર જીવ-ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન સ્વરૂપ છે.[૨૦૨] એટલે જ વેદ તેને "વિજ્ઞાનમય" કહે છે.[૨૦૩] જીવ જ્ઞાતા હોવાથી ચૈતન્ય અને જ્ઞાન એ બન્ને તેના ધર્મ છે. આ ધર્મથી જીવ પ્રકાશે છે. જેમ સૂર્ય અને તેનો પ્રકાશ જુદા નથી, તેમ ધર્મસ્વરૂપ ચૈતન્ય જ્ઞાન અને જીવ સ્વરૂપ ધર્મી એ પરસ્પર અભિન્ન-એક છે.[૨૦૪]

આમ જીવનું દર્શન યોગ, ભગવદ્દૃષ્ટિ અને દિવ્યદૃષ્ટિથી જ થાય છે.[૨૦૫]

જીવનું પરિમાણ :

શ્રીમદ્ વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અણુને જીવના પરિમાણરૂપે સ્વીકારે છે. જીવની ત્રણ સ્થિતિઓ પૈકી છેલ્લી બેમાં જીવ પોતાના સ્વરૂપથી જ જાય છે અને આવે છે. અર્થાત્ ઉત્ક્રાંતિ, ગતિ અને આગતિ એ ત્રણમાંથી છેલ્લી બેનો જીવ સાથે સંબંધ છે.[૨૦૬]

જીવના આવાગમનનું નિરૂપણ આ પ્રમાણે પણ થયું છે. જેમ કરોળિયો નાંતણાને ઉત્પન્ન કરે છે અને પાછા ખેંચી લે છે, તેવી રીતે જીવાત્મા પણ.[૨૦૭] જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં આવે છે અને જાય છે.

જીવના પરિમાણ વિશે કહેવાયું છે કે વાળના અગ્રભાગના સોમા ભાગનો સો પ્રકારે કલ્પેલો અંશ તે જીવ જાણવો.[૨૦૮] તે જીવ અનંત ભાવથી યુક્ત થવા સમર્થ છે.[૨૦૮]

જીવના પરિમાણનું નિરૂપણ કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે જીવ આરાગ્ર ડાંગરની અણી જેટલો જ છે. છતાં પણ તે ગંધની જેમ ફેલાય છે. જીવ વ્યાપક છે,[૨૦૯] તે શ્રુતિનું મંતવ્ય ભગવત્ત્વના પ્રવેશથી જ કહેવાય છે.

પરન્તુ જીવ આરાગ્ર માત્ર છે,[૨૧૦] તે સમજાવતાં કહે છે કે જીવમાં આનંદનો અંશ પ્રગટ થતાં તેમાં કરોડો બ્રહ્માંડો પ્રતીત થાય છે.

એ જ જીવ પરિછિન્ન અને વ્યાપક પણ છે.[૨૧૧]

આમ જીવ અણુ છતાંય વ્યાપક, મર્યાદિત છતાં અમર્યાદિત અને પરિચ્છિન્ન છતાં અપરિચ્છિન્ન છે, તેથી તેનું પણ બ્રહ્મની જેમ વિરૂદ્ધધર્માશ્રયપણું જોઇ શકાય છે.

જીવનું કર્તાપણું અને ભોક્તાપણું :

શ્રીમદ્ વલ્લભાચાર્ય જીવને કર્તા અને ભોક્તા એમ બન્ને માને છે, જેમ સુથાર રથ બનાવીને એમાં બેસી ફરવા જાય તેમ જીવ પણ કાર્ય કરે છે અને ભોગવે છે.[૨૧૨]

જીવના કર્તૃત્વ અને ભોક્તૃત્વ વિશે શ્રીમદ્ વલ્લભાચાર્ય કારણના પ્રમાણો આપીને સમજાવે છે, તે પ્રમાણો નીચે પ્રમાણે છે.

(૧) શાસ્ત્રાર્થત્વ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત બ્રહ્મસૂત્રના અણુભાષ્યમાં "કર્તા શાસ્ત્રાર્થવત્વાત્" નામનું અધિકરણ છે. આ અધિકરણમાં સાંખ્યના પ્રકૃતિગત કર્તાપણાનું નિવારણ કરવામાં આવ્યું છે.[૨૧૩]

શાસ્ત્રાર્થત્વ એટલે શાસ્ત્રની સફળતા માટે વેદવિહિત કર્મોનું વિધાન જીવને અનુલક્ષીને જ કરવામાં આવ્યું છે. વળી શાસ્ત્રોમાં જીવના જ અભ્યુદય અને મોક્ષ માટે વર્ણન થયું છે. બ્રહ્મ અતિકામ અને પ્રવૃત્તિ જડ છે,[૨૧૪] તેથી તેમનું કર્તૃત્વ સંભવતું નથી. માટે જીવનું કર્તૃત્વ શાસ્ત્રસમ્મત છે.

(૨) <u>વિહારોપદેશ</u> :

ગંધર્વ વગેરે લોકોમાં જીવના જ વિહારનો ઉપદેશ છે.[૨૧૫] આથી જીવ કર્તા કહેવાય છે. જેની જેની એ ઇચ્છા કરે છે તે તે એ થાય છે અને સાધુ કર્મ કરનાર સાધુ થાય છે.[૨૧૬] તેથી જીવ કર્તા અને ભોક્તા છે.

(૩) <u>કરણોપાદાન</u> :

જીવ ઇન્દ્રિયોને ગ્રહણ કરે છે. આથી જીવ કર્તા છે ઇન્દ્રિયો નહિ.[૨૧૭] કારણ કે આ વિજ્ઞાનમય પુરૂષ પોતાના વિજ્ઞાન વડે ઇન્દ્રિયોના વિજ્ઞાનને પોતાની અંદર ખેંચી લે છે.[૨૧૮] એ શ્રુતિ જીવ સર્વ ઇન્દ્રિયોના વિજ્ઞાનનું ગ્રહણ સમજાવે છે. તેથી ઇન્દ્રિયો કરણ જ છે. જ્યારે જીવ સ્વતંત્ર હોવાથી કર્તા કહેવાય છે.[૨૧૯]

(૪) <u>ક્રિયા વ્યપદેશ</u> :

જીવના કર્તૃત્વ વિશે શ્રુતિમાં કહેવામાં આવ્યું છે. આથી તે ક્રિયામાં ન હોય તો તે કથન વિરૂદ્ધ થઇ જાય.[૨૨૦] આમ શ્રુતિ જીવનું કર્તૃત્વ કહે છે કે "વિજ્ઞાનમય આત્મા યજ્ઞ કરે છે, અને કર્મો પણ કરે છે.[૨૨૧] આમ ક્રિયાનો વ્યપદેશ અર્થાત્ ક્રિયાનું કથન જીવના કર્તૃત્વનો જ બોધ કરાવે છે.

વળી જીવના કર્તૃત્વના સંબંધમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે જેમ જીવ આંખથી પ્રિય અને અપ્રિય વસ્તુઓ નિહાળે છે, તેમ જીવ ઇન્દ્રિયોથી કર્મ કરતા શુભ કે અશુભ ફળ પ્રતિ કરે છે.[૨૨૨]

જીવને કર્તા માનવાથી અનિર્મોક્ષ પ્રસંગ મોક્ષ ન મળવાની સ્થિતિ પણ આવતી નથી. કારણ કે બ્રહ્મમાં કર્મોનું અનુસંધાન કરી, સંગ તજી જે કર્મ કરે છે તે જલથી જેમ કમલ પત્ર લેપાતું નથી તેમ પાપથી લેપાતો નથી.[૨૨૩] આ રીતે કર્મ બ્રહ્મને અર્પણ કરવાથી જીવ આસક્તિરહિત બને છે. આથી આસક્તિરહિત કર્મ મોક્ષમાં અવરોધરૂપ બનતું નથી.

જીવ બ્રહ્મના લીધે જ કર્તા કહેવાય છે. અર્થાત્ જીવમાં બ્રહ્મના સંબંધથી જ કર્તાપણું છે.[૨૨૪]

<u>જીવનું અંશત્વ :</u>

શુદ્ધાદ્વૈત વેદાન્તમાં જીવને બ્રહ્મનો અંશ સ્વીકારવામાં આવ્યો છે. જીવ અને બ્રહ્મનો અંશાંશિ-તાદાત્મ્ય સંબંધ છે. જેમ સમુદ્ર અને તેના તરંગોનો સંબંધ છે, તેમ જીવ અંશ અને બ્રહ્મઅંશી છે. આથી જ કહ્યું છે જીવલોકમાં જીવ થયેલો મારો જ સનાતન અંશ છે.[૨૨૫]

જીવ બ્રહ્મનો અંશ હોવાથી જીવનું દુ:ખ બ્રહ્મને થતું નથી. કારણ કે જેમ પ્રકાશને પ્રકાશ-સ્વરૂપનો દોષ લાગતો નથી, તેમ બ્રહ્મને પણ અંશ-જીવ-નો પાપદોષ લાગતો નથી.[૨૨૬]

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અનુસાર કેવલાદ્વૈત બ્રહ્મવાદના પ્રતિબિંબવાદ અને આભાસવાદના જીવ વિષયક વિચારોનું ખંડન થયું છે, આથી પ્રત્યેક જીવને બ્રહ્મનો અંશ માનવામાં આવે છે.[૨૨૭]

શ્રીમદ વલ્લભાચાર્ય વેદ સહિત પ્રત્યેક પ્રમાણોનો આધાર લઇને જીવનું અંશત્વ સિદ્ધ કરે છે. "વિશ્વના સર્વ જીવો આ વિરાટ પુરૂષનો ચોથો ભાગ છે."[૨૨૮] માં જીવનું અંશત્વ પ્રદર્શિત થયું છે. વળી બીજા-પરમાત્મા-કર્મના ફળનો ભોગ કરતા નથી. અને સર્વત્ર જુવે છે.[૨૨૯] દવારા બ્રહ્મનું નિર્લેપપણું જોઇ શકાય છે.

બ્રહ્મ એક છે અને તેના અનેક સ્વરૂપો રૂપે જીવો છે તે દર્શાવવા માટે "જળમાં રહેલા ચંદ્ર પ્રતિબિમ્બની જેમ એક બ્રહ્મ અનેકરૂપે જણાય છે.[૨૩૦] શ્રુતિનો અર્થ સમજાવ્યો છે. અહીં એકનું અનેકપણું જ દૃષ્ટાન્તનો અર્થ દર્શાવે છે, પ્રતિબિમ્બપણું નહીં.[૨૩૧] આમ પ્રતિબિંમ્બવાદનો અસ્વીકાર કરવામાં આવ્યો છે.

પ્રતિબિંબવાદનો અસ્વીકાર કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે બ્રહ્મ માયારૂપી પ્રતિબિંબથી ઢંકાયેલું હોઇ તેનું અન્યથા પ્રતિબિંબ હોઇ ન શકે.[૨૩૨]

વળી દ્વા સુપર્ણા.....શ્રુતિ અને ગુહા પ્રવિષ્ટૌ સૂત્રમાં પણ જીવ અને બ્રહ્મનું એકત્ર સ્થાન હોવાથી પ્રતિબિંબ પક્ષમાં વિરોધ આવે છે.[૨૩૩]

જીવને પ્રતિબિંબ માનવામાં આવે તો જીવ સ્વરૂપનો નાશ મુક્તિ કહેવાશે. વળી લિંગ શરીર વિદ્યમાન હોવાથી જીવનમુક્તિ વિરૂદ્ધ થશે.[૨૩૪] અર્થાત્ લિંગ શરીરમાં ઉપાધિ રહેવાથી સંસાર મળે

કે મોક્ષ મળે પરંતુ જીવન્મુકિત મળે નહિ. આથી અવિદ્યામાં પ્રતિબિંબ વિરૂદ્ધ છે.[૨૩૫]

વળી જેમ સૂતેલા મનુષ્યનું શરીર પ્રારબ્ધમાત્ર બાકી રહેતા ચાલતું નથી. તેમ જીવન્મુકિતમાં અધિષ્ઠાતાના નાશને લીધે શરીર ચાલવા માટે સમર્થ રહેતું નથી.[૨૩૬] આમ જીવ આભાસ કે પ્રતિબિંબ નથી.

શ્રીમદ્ વલ્લભાચાર્યે આભાસનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે, બ્રહ્મનો આભાસ એ જ જીવ છે કારણ કે જીવમાંથી આનંદનું તિરોધાન થયેલું છે.[૨૩૭] જીવને આભાસ કે પ્રતિબિંબ કહેવાનું કારણ આનંદાંશનું તિરોધાન છે અને આનંદાંશ આવિર્ભાવ પામે ત્યારે જીવ બ્રહ્મની જેમ પ્રતીત થાય છે.[૨૩૮]

જીવમાં સચ્ચિદાનંદ સ્વરૂપમાંથી સત્ અને ચિત્ અંશો રહેલાં હોય છે. આથી સદંશની સ્ફૂર્તિ થતાં જીવ બ્રહ્મનો આભાસ છે અને સદંશ તથા ચિદંશની સ્ફૂર્તિ થતાં જીવ પ્રતિબિમ્બ છે. ત્રણેય અંશોની સ્ફૂર્તિ થતાં જીવ બ્રહ્મ કહેવાય છે.[૨૩૯] પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્યે કહે છે કે જીવ લૌકિક આભાસ કે પ્રતિબિમ્બરૂપ નથી.[૨૪૦] આમ જીવ સ્વરૂપ મિથ્યા નથી. જીવ સચ્ચિદાનન્દ સ્વરૂપ બ્રહ્મનો અંશ છે. અણું છે તે સમજાવવા માટે તેમણે અનેક પ્રમાણો અને ઉદાહરણો આપ્યાં છે.

જીવ અને બ્રહ્મ અંશાંશિભાવથી યુકત છે, તે માટે જીવનું અંશત્વ સમજાવેલું છે.

જીવ અને બ્રહ્મનો અભેદ :

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અનુસાર જીવ અને બ્રહ્મનો અંશાંશિ-તાદાત્મ્ય સંબંધ છે.

બ્રહ્મ સચ્ચિદાનન્દ સ્વરૂપ હોવાથી તેમાં પૂર્ણ રીતે આનંદ પ્રકટ થયેલું હોય છે. જ્યારે જીવ તિરોહિત આનંદ અંશથી યુક્ત છે. જીવમાં આનંદાંશનો આવિર્ભાવ થાય તો તે બ્રહ્મની જેમ ભાસે છે.[૨૪૧]

પરંતુ આ રીતે જીવ બ્રહ્મ થઇ જાય તો કંઇ ફરક વિશેષ ન રહે માટે કહે છે કે બ્રહ્મ જીવ કરતાં અધિકતા ધરાવે છે, કારણ કે બ્રહ્મમાં ઇન્દ્રિયોના વ્યાપારનો અભાવ હોય છે. આથી જ બ્રહ્મના સમાન કોઇ નથી અને અધિક પણ કોઇ નથી. આમ બ્રહ્મ સર્વાધિક, સર્વશ્રેષ્ઠ, અચિન્ત્ય, અલૌકિક અને અપ્રમેય છે.

તત્ત્વમસિ મહાવાકયનું સંપૂર્ણ પ્રપાઠક જીવ અને જડનું અલગ-અલગ નિરૂપણ કરીને બ્રહ્મનું સર્વરૂપપણું નિરૂપે છે.[૨૪૩] આમ જીવ અને બ્રહ્મનો અભેદ છે.

બ્રહ્મના જ ગુણોનો સાર જીવમાં હોય છે, તેથી જીવ જડથી વિલક્ષણ છે. જેમ મંત્રી રાજાપદને પામે તેમ જીવ પણ બ્રહ્મ કહેવાયો છે.[૨૪૪]

બ્રહ્મને જાણનાર બ્રહ્મ જ થાય છે.[૨૪૫] આથી જીવ આરાધ્યભાવ છે, તે વાસ્તવિક નથી એ શંકાનું નિરાકરણ કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે જીવમાં આનંદાંશની અભિવ્યક્તિ થાય ત્યારે તેમાં કરોડો

બ્રહમાંડો પ્રતીત થાય છે. આ જ પરિચ્છેદ-મર્યાદિતપણું અને વ્યાપકતા છે.[૨૪૬] આમ જીવનું અંશત્વ દોષયુકત નથી. અર્થાત્ જીવ બ્રહમને જાણ્યા પછી બ્રહમરૂપ થાય છે, તેથી જીવ અને બ્રહમની વચ્ચે અભિન્નતા રહેલી છે.

જીવ અને બ્રહમનો અભેદ સૃષ્ટિના ત્રણ પ્રકારોમાં અભિવ્યકત થયેલો જોવા મળે છે. આથી શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે. અનિત્ય-જડ પદાર્થનો જન્મ થાય છે, નિત્ય અને પરિચ્છિન્ન જીવનો સમાગમ શરીર સંબંધ થાય છે, નિત્ય અને અપરિચ્છિન્ન બ્રહમનું પ્રાકટ્ય થાય છે.[૨૪૭] આમ જીવ અને બ્રહમનું અંશાંશિ-ભાવવશ તાદાત્મ્ય હોવાથી અભેદ સિદ્ધ થાય છે.

જીવ અને બ્રહમનો અભેદ ભેદસહિષ્ણુ અભેદમાંથી થયેલો છે. કારણ કે, કાર્ય અને કારણ એ બે એકબીજાથી ભિન્ન અને અભિન્ન છે-એનું નિરાકરણ કરવા માટીનો પિંડ, સોનાની લગડી, નખ કાપવાની લોખંડની નરેણી[૨૪૮] વગેરે કાર્ય-કારણના ભેદ અને અંશ-અંશી ભેદ દ્વારા અભેદ સિદ્ધ કરે છે.

જગતનું સત્યત્વ :

શુદ્ધાદ્વૈત બ્રહમવાદ જગતના સત્યપણાનો સિદ્ધાન્ત આધારભૂત રીતે સ્વીકારે છે. બ્રહમના સંદંશમાંથી આવિર્ભાવ પામેલ જગત છે. તેથી જગતનું બ્રહમસ્વરૂપ વેદસિદ્ધ હોઇ સત્ય જ છે.[૨૪૯] એમ શ્રીમદ્ વલ્લભાચાર્ય સમજાવે છે.

જગત તેના આવિર્ભાવ પહેલાં પણ સત્ સ્વરૂપમાં જ વિદ્યમાન હતું.[૨૫૦] અર્થાત્ જો તેને અસત્ કહીએ તો સતના-અસ્તિત્વના સ્વરૂપમાં તે આવિર્ભાવ પામી ન શકે. આથી જગતને સત્ય કહેવામાં આવે છે.

જગત પરબ્રહ્મના કાર્યરૂપે પરિણામ પામેલું તત્ત્વ છે. એટલે જગત પરમાત્માના જ ભૌતિક-સ્વરૂપે વ્યક્ત પ્રકટ થયું. આથી જ કહ્યું છે કે તેણે પોતાનું પોતે જગતરૂપે નિર્માણ કર્યું.[૨૫૧]

કાર્ય-કારણ વચ્ચે રહેલા દ્વિનિષ્ઠ સમવાય સંબંધની દૃષ્ટિએ પણ જગત અને બ્રહ્મ વચ્ચે નિત્ય સંબંધ સ્થપાયેલો છે.[૨૫૧] સત્ય-બ્રહ્મમાંથી સત્ય જગતનો આવિર્ભાવ થાય છે. આમ સાંખ્યના સત્કાર્યવાદના સિદ્ધાન્તને અનુરૂપ જગતનું સત્યત્વ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં જોવા મળે છે.

જગતની ઉત્પત્તિ અને નાશ અંગે શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે જેમ ગડી વાળેલું વસ્ત્ર સ્પષ્ટ દેખાતું નથી, પરંતુ તેને જ્યારે વિસ્તૃત-ખુલ્લું કરવામાં આવે ત્યારે સ્પષ્ટ દેખાય છે, તેમ જગત પણ આવિર્ભાવની સ્થિતિમાં દેખાય છે, અને તિરોભાવની સ્થિતિમાં દેખાતું નથી.[૨૫૩] અર્થાત્ ઉત્પત્તિ અને નાશ કરતાં આવિર્ભાવ અને તિરોભાવની વિભાવના શાસ્ત્રીય અને તર્કસંગત મનાય છે.

જગતના અભાવ વિષયક વિજ્ઞાનવાદી બૌદ્ધોનું નિરાકરણ કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે જગતનો અભાવ નથી, કારણ કે એની ઉપલબ્ધિ થાય છે. અર્થાત્ જગત પ્રાપ્ત છે,[૨૫૪] તેથી તેના અસ્તિત્વનો અસ્વીકાર અવિશ્વાસનું જનક બની શકે !

જગત સ્વપ્નની જેમ મિથ્યા અને માયાજન્ય નથી. પરંતુ આ વસ્તુ સમજાવવા માટે શ્રીમદ્ વલ્લભાચાર્યે કહે છે કે સ્વપ્નની જેમ જગત નથી, કારણ કે તે જુદા ધર્મવાળું છે. એટલે સ્વપ્નાવસ્થામાં વિપરીત રીતે વસ્તુ દેખાય છે, જ્યારે જાગ્રત અવસ્થામાં તે દેખાતું નથી.[૨૫૫]

વિજ્ઞાનવાદી બૌદ્ધોનો મત જગતનું બાહ્ય અસ્તિત્વ સ્વીકારતો નથી. આથી વાસનાઓનું અસ્તિત્વ પણ નથી, કારણ કે પદાર્થનું અસ્તિત્વ હોય તો જ તે વાસના ઉત્પન્ન કરી શકે.[૨૫૬] આ સંબંધમાં શ્રીમદ્ વલ્લભાચાર્યે અન્વય અને વ્યતિરેકથી જગતનું અસ્તિત્વ-સત્ત્વ સિદ્ધ કરતાં કહે છે કે જગત પદાર્થ વિના વાસના નથી અને વાસના વિના જગત જોવા મળે છે. આમ અન્વય અને વ્યતિરેકથી પદાર્થના જગતની અસ્તિત્વની સિદ્ધિ થાય છે.[૨૫૭] આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્યે જણાવે છે કે જેના અન્વય અને વ્યતિરેક હોય તે જ સર્વરૂપ છે.[૨૫૮]

વાચારમ્ભણ શ્રુતિ કારણરૂપ મૃત્તિકા અને કાર્યરૂપ ઘટનું અનન્યત્વ સિદ્ધ કરે છે. આથી જ બ્રહ્મ અને જગતની અનન્યતા જ જગતની સત્યતા સમજાવે છે. સૂત્રમાં કહ્યું છે કે, કાર્ય કારણથી અભિન્ન છે, કારણ કે શ્રુતિમાં આરમ્ભણ શબ્દ વગેરે છે.[૨૫૯]

જગતનું સત્યત્વ સમજાવતાં શ્રીમદ્ વલ્લભાચાર્યે કહે છે કાર્યનું કારણ સાથે અનન્ય હોવાપણું એ મિથ્યાપણું નથી.[૨૬૦] આમ જગતનું સત્યત્વ સ્પષ્ટપણે જાણી શકાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના મૂળભૂત સિદ્ધાંતોમાં સર્વત્ર "સત્યતા" નું શાશ્વત દર્શન થાય છે. આથી જગતના સત્યપણાનો બાધ થતો નથી. જગત એ આત્મકૃતિનું પરિણામ છે, તેથી બ્રહ્મનું સર્જન બ્રહ્મરૂપ જગત છે. આવિર્ભાવ અને તિરોભાવનો વિવેક જગતના આત્યંતિક અસ્તિત્વનું ખંડન કરતો નથી. બલ્કે તેનો યોગ્ય રીતે સત્કાર કરે છે. આમ જગતના સત્યત્વનું પ્રતિપાદન બ્રહ્મભાવનાનું જ નિરૂપણ છે. વળી બ્રહ્મની સર્વવ્યાપકતા અને સર્વરૂપતાનું પણ દર્શન કરાવે છે.

જગતને સત્ય માનવાનો શ્રીમદ્ વલ્લભાચાર્યનો દાર્શનિક સિદ્ધાંત કેવળ નામમાત્ર જ નથી, પણ અર્થપૂર્ણ પણ છે. કારણ કે ભક્તિના ક્ષેત્રમાં જગતનું મિથ્યાપણું શુદ્ધ ભજનને રોકે છે. આથી બ્રહ્મ અને જગત વચ્ચેનો શુદ્ધ અને સરલ સંબંધ ભક્તિનું સ્થાપન કરે છે અને જગતને પણ બ્રહ્મની દૃષ્ટિથી નિહાળવાનું સૂચવે છે.

<u>જગત અને સંસાર</u> :

શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં જગત અને સંસાર વચ્ચે સૂક્ષ્મ ભેદરેખા પાડવામાં આવી છે. સામાન્ય રીતે જગત અને સંસાર એકબીજાના પર્યાય માનવામાં આવે છે. પરંતુ તેનો તાત્પર્યાર્થ કાઢીને અહીં વિશેષ વિચાર કરવામાં આવ્યો છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જગત પ્રકૃતિજન્ય નથી, પરમાણુ-જન્ય નથી, વિવર્ત પણ નથી, અદૃષ્ટથી ઉત્પન્ન નથી, અસતની

સત્તા રૂપે પણ નથી, પણ ભગવાનનું કાર્ય હોવાથી પરાકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણની કૃતિથી સાધ્ય છે. કાર્યરૂપમાં પરિણમેલ હોવા છતાં તે જગત ભગવદ્રૂપ જ છે.[૨૬૨]

જગત અને સંસાર વચ્ચેના ભેદનું કારણ જીવમાં રહેલી અવિદ્યા છે. અવિદ્યા પણ બ્રહ્મની મુખ્ય બાર શક્તિઓમાંની એક છે. આ અવિદ્યા નામની શક્તિથી જીવનો સંસાર કહેવાય છે.[૨૬૩]

અહંતામમતાત્મક સંસાર અસત્ કહેવાય છે, આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે અજ્ઞાન, ભ્રમ, અસત્ જેવાં શબ્દો અહંતામમતાત્મક સંસારમાં જ પ્રવર્તે છે, પરંતુ જગતમાં નહીં. કારણ કે જગત બ્રહ્માત્મક છે.[૨૬૪]

આ રીતે સંસાર જગતથી જુદું જોવા મળે છે. સંસાર અસાર કહેવાય છે, તે મિથ્યા અને ભ્રમયુક્ત છે, જગત નહીં.

અહંતામમતાત્મક સંસાર અવિદ્યાથી થતો હોય છે, માટે તેની નિવૃત્તિ તત્ત્વજ્ઞાનથી થાય છે. પરંતુ જગત બ્રહ્માત્મક હોવાથી સંસારની જેમ નિવૃત્તિ પામતું નથી.[૨૬૫]

વિદ્યા અને અવિદ્યાના પાંચ પર્વ છે. વિદ્યાથી મુક્તિ અને અવિદ્યાથી બંધન થાય છે. વિદ્યા દ્વારા અવિદ્યાનો નાશ થતાં સંસારમાંથી નિવૃત્ત થયેલો જીવ જીવન્મુક્તિ પામે છે.[૨૬૬] આમ અધ્યાસ રહિત થયેલા દેહ, ઇન્દ્રિય, પ્રાણ અને અન્તઃકરણ લય પામતો નથી. પરંતુ જીવન્મુક્તિમાં સંસારનો લય થાય છે, જગતનો કદી પણ લય થતો નથી. આમ સંસારનો નાશ જ્ઞાનથી થાય છે. પરંતુ જગતનો

નાશ કદી પણ થતો નથી. સંસાર અવિદ્યાત્મક છે, માટે મિથ્યા છે. જ્યારે જગત વિદ્યાત્મક છે, માટે સત્ય છે.

અવિદ્યાના પાંચ પર્વો દેહાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને સ્વરૂપ વિસ્મૃતિ છે.[૨૬૮] આ પર્વોની નિવૃત્તિ સાંખ્ય, યોગ, તપ, જ્ઞાન અને વૈરાગ્ય એ પાંચ પર્વયુક્ત વિદ્યાથી થાય છે.

આમ પંચપર્વાત્મક વિદ્યા વડે પંચપર્વાત્મક અવિદ્યાનો નાશ થાય છે. અર્થાત્ સંસારનો લય-નાશ-થાય છે. પરંતુ જગત યથાવત્ છે, કારણ કે તે બ્રહ્મનું અવિકૃત પરિણામ છે.

આમ જગત અને સંસાર વચ્ચે સૂક્ષ્મતાપૂર્વક વિચાર કરવાનું માન શ્રીમદ્ વલ્લભાચાર્યને ફાળે જાય છે. જગત અને સંસારનો ભેદ ન જાણવાથી કેટલાક લોકો મોહ પામે છે. આથી જ તેમના મોહને દૂર કરવા માટે ભેદનું નિરૂપણ કરવામાં આવ્યું છે.[૨૬૯]

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં જગત્સંસાર ભેદનું નિરૂપણ નિશ્ચિત તત્ત્વનો બોધ કરવા માટે થયું છે. જગત-બ્રહ્મરૂપ-તદ્રૂપ હોવાથી નિત્ય સત્ય છે, તેનો લય બ્રહ્મની ઇચ્છાને અધીન છે. આથી જ કૃષ્ણની આત્મરતિમાં-આત્મસુખમાં જગતનો લય થાય તે સર્વ પ્રકારે સુખદાયક છે,[૨૭૦] એમ કહ્યું છે. પરંતુ સંસાર મિથ્યા હોવાથી અધ્યાસને અંતે જ મુક્તિ થાય છે. આમ જગત સારરૂપ-સત્યરૂપ છે. જ્યારે સંસાર અસારરૂપ-અસત્યરૂપ છે.

અવિકૃત પરિણામવાદ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો સારગર્ભિત સિદ્ધાંત અવિકૃત-પરિણામવાદ છે. અવિકૃત પરિણામવાદનો શ્રુતિસમ્મત સિદ્ધાંત તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે.

સામાન્યતયા ભારતીય આસ્તિક દર્શનશાસ્ત્રમાં ચાર મુખ્ય વાદ પ્રચલિત છે. ૧. ન્યાયશાસ્ત્ર સમ્મત આરંભવાદ. ૨. સાંખ્યશાસ્ત્ર સમ્મત પ્રધાનવાદ. ૩. કેવલાદ્વૈત સમ્મત વિવર્તવાદ. ૪. શુદ્ધાદ્વૈત સમ્મત પરિણામવાદ.

(૧) આરંભવાદ :

ન્યાયશાસ્ત્રાનુસાર જગતનું ઉપાદાન કારણ પરમાણું છે. આથી જ નૈયાયિકોના મતમાં દ્વ્યણુકાદિનો આરંભ-ઉત્પત્તિ ઇષ્ટ મનાય છે.[૨૭૧] અર્થાત્ જ્યારે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને એમ ચાર તત્ત્વો ઇશ્વરની ક્રિયા ઉત્પન્ન થવાથી પરસ્પર મળીને દ્વ્યણુકાદિનો આરંભ કરે છે. ત્યારે સૃષ્ટિની શરૂઆત થાય છે. અહીં ઇશ્વર નિમિત્ત કારણ છે, જ્યારે પરમાણું ઉપાદાન કારણ છે. જીવ અને ઇશ્વરનું દ્વૈત હોય છે અને જગતને સત્ય માનવામાં આવે છે.

(૨) પ્રધાનવાદ :

સાંખ્યશાસ્ત્ર પ્રકૃતિને જગતનું કારણ માને છે. પુરૂષ એ અંતિમ

તત્ત્વ છે. પ્રકૃતિવાદ કે પ્રધાનવાદ કારણભાવની સત્કાર્યવાદને માને છે.[૨૭૨] આ સાંખ્યમત વિકૃત પરિણામવાદનો સ્વીકાર કરે છે.

(૩) વિવર્તવાદ :

મૂળ સ્વરૂપમાં પરિવર્તન આવ્યા વિના અન્ય રૂપનો ભાસ થાય તેને વિવર્ત કહેવાય છે.[૨૭૩] વિવર્તવાદ અનુસાર બ્રહ્મ નિર્ગુણ, નિર્ધર્મક અને નિષ્ક્રિય છે.

બ્રહ્મ અનાદિ અને અનિર્વચનીય માયાને લીધે જગદ્રૂપ વિવર્તને પામે છે. અર્થાત્ માયાની ઉપાધિથી યુક્ત અધિષ્ઠાન બ્રહ્મમાં જગતની ભ્રાંતિ થાય છે. જેમ રજ્જુમાં સર્પની ભ્રાંતિ અને છીપમાં ચાંદીની ભ્રાંતિ થાય છે, તેમ અવિદ્યાથી બ્રહ્મમાં જગતની ભ્રાંતિ થાય છે.

વિવર્તવાદ અનુસાર જગતનું ઉપાદાનકારણ માયા છે અને નિમિત્તકારણ બ્રહ્મ છે.

પરિણામવાદ :

કારણનું કાર્યના રૂપમાં પરિણામનું તે પરિણામવાદ કહેવાય છે. પરિણામવાદના બે પ્રકાર છે. ૧. વિકૃત પરિણામવાદ. ૨. અવિકૃત પરિણામવાદ.

(૧) વિકૃત પરિણામવાદ :

કોઇપણ કારણ વિકાસ પામવાથી કાર્યરૂપમાં પરિણમે તેને

વિકૃતપરિણામવાદ કહેવાય છે. દા.ત. દહીં. દૂધમાંથી દહીં બનતાં તેમાં જે વિકાર-પરિવર્તન થાય છે, તેથી દૂધ ગુણોનો માધુર્યાદિનો ત્યાગ કરે છે અને દહીં બનવા માટેના વિરૂદ્ધ ગુણો-અમ્લતાદિ-ઉત્પન્ન થાય છે. આમ પોતાના અસાધારણ ધર્મના ત્યાગપૂર્વક ફરી કારણભાવના વિરોધી અન્ય ધર્મનો ઉદય તે વિકાર કહેવાય છે.[૨૭૪]

(૨) અવિકૃત પરિણામવાદ :

સત્-કારણ કોઇપણ જાતના વિકાર વિના કાર્યના રૂપમાં પરિણમે તેને અવિકૃત પરિણામવાદ કહેવાય છે.

અવિકૃત પરિણામનું જ્ઞાન આપવા માટે શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જગત્ બ્રહ્મનું પરિણામ છે, તેથી બ્રહ્મ કાર્ય-જગત-રૂપે પરિણામ પામે છે. વિકાર પામ્યા વિનાનું સુવર્ણ-કોઇપણ પ્રકારના પરિવર્તન વિના-પરિણામ પામે છે અને બીજા બધાં તેજસ્વી દ્રવ્યો પણ અવિકૃત જ પરિણામ પામે છે.[૨૭૫]

જ્યારે કારણ-બ્રહ્મ કાર્ય-જગદ્રૂપ બને છે, ત્યારે કારણના-બ્રહ્મના ધર્મો કાર્યમાં-જગતમાં અનુસ્યૂત થાય છે. અર્થાત્ કારણથી કાર્ય થતાં આદિ, મધ્ય અને અંતમાં કારણ બ્રહ્મ જ સર્વત્ર અસ્તિત્વ ધરાવે છે. કારણ કાર્યરૂપે પરિણામે પામીને પણ પુનઃ તેના મૂળ-સ્વરૂપ કારણમાં પણ સમાસીન થઇ શકે છે. આમ કારણથી કાર્યના રૂપમાં પરિણામ પામતા પૂર્વે, પરિણામ પામતાં અને પરિણામ પછી પણ કારણ-બ્રહ્મ અવિકૃત જ રહે છે.

જેમ મૃત્તિકા, સુવર્ણ અને લોહ અનુક્રમે ઘટાદિ, કુંડલાદિ અને કટાહાદિ કાર્યના કારણરૂપ છે. ઘટાદિમાં આરંભ, મધ્ય અને અંતમાં મૃત્તિકા જ વ્યાપ્ત છે, એટલે મૃત્તિકા ઘટાદિમાં અવિકૃતપણે વિદ્યમાન છે, તેમ સચ્ચિદાનન્દ બ્રહ્મ સર્વભવન સામર્થ્ય-રૂપા-માયા દ્વારા જડ, જીવ અને અંતર્યામીના રૂપમાં-જગદ્રૂપ-અવિકૃતપરિણામવાદને પામે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે,કે ભિન્ન-ભિન્ન આકારના રૂપમાં, ઘટ અને પટ વગેરેના આકારમાં, દેશમાં-સ્થળમાં, જે રીતે, જે સાધન દ્વારા જેમ આવિર્ભાવની ઇચ્છા થાય તેમ તે ભગવાન સર્વ સમ્પન્ન કરીને આવિર્ભાવ પામે છે. આથી જ મૃત્તિકાદિ ભગવદ્રૂપ જ છે અને ઘટાદિ કાર્ય તેમાં જ લીન થયેલું છે.[૨૭૬]

આમ અવિકૃત પરિણામવાદ કારણ અને કાર્યની અનન્યતા પર ભાર મૂકે છે. કારણ અને કાર્યનું અદ્વૈત-એકત્વ જ શુદ્ધ હોવાથી શુદ્ધાદ્વૈત એવી સંજ્ઞા સાર્થક કહેવાય છે.

"અવિકૃત પરિણામવાદ" નો વિશિષ્ટ છતાં શાસ્ત્રસમ્મત સિદ્ધાંત આપીને શ્રીમદ્ વલ્લભાચાર્ય સત્કાર્યવાદનું સ્થાપન કરે છે. કારણ કે જગતનું સત્-રૂપ ભગવત્સ્વરૂપમાંજ નિરૂપણ થયું છે.[૨૭૭]

અવિકૃત પરિણામવાદથી સત્કાર્યવાદનું સ્થાપન થયું, પરંતુ આ સત્કાર્યવાદ સાંખ્યના પરિણામવાદ કરતાં ભિન્ન અને શ્રેષ્ઠ છે, કારણ કે સાંખ્યનો મત વિકૃત પરિણામવાદ પર આધારિત છે.

આમ સાંખ્ય સિદ્ધાંતથી વિશિષ્ટ એવો અવિકૃત પરિણામવાદ છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યે અવિકૃત પરિણામવાદને જ "મુખ્ય બ્રહ્મવાદ" એમ કહીને પુરસ્કૃત કરે છે. તેઓ કહે છે કે "યદેતત્ત્ત્" ને સ્થાને "ત્વમેતચ્ચ" એવો પાઠ પણ છે. આ પાઠનો સ્વીકાર કરવાથી સર્વ જડજીવાત્મક જગત-તમે બ્રહ્મા અને આ જગત પણ-સર્વ મારું જ રૂપે છે. સંપૂર્ણ જગત ભગવદ્રૂપ છે. આ મુખ્ય બ્રહ્મવાદ છે.[૨૭૮] આમ જગતને બ્રહ્મનું જ સ્વરૂપ પ્રદાન થયું હોવાથી તે બ્રહ્મની જેમ અવિકારને પ્રાપ્ત થયેલું છે. જેમ સોનું ઘરેણું બનતાં પહેલાં સોનું જ હોય છે. ઘરેણું બનતાં નામ અને રૂપ બન્યાં ત્યારે પણ સોનું જ હોય છે. ઘરેણું તોડવામાં આવે તો પણ સોનું જ રહે છે. આ જ વસ્તુ નરસિંહ મહેતાના 'અખિલ બ્રહ્માંડમાં' પદમાં વર્ણવેલું છે. પરંતુ ઘરેણાંના વિષયમાં સોનું ઉપાદાનકારણ છે, જ્યારે સોની વગેરે નિમિત્ત કારણ છે. પરંતુ જીવ અને જગત વગેરેના આવિર્ભાવમાં ઉપાદાનકારણ અને નિમિત્તકારણ જુદાં જુદાં નથી. આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્ય અભિન્નનિમિત્તોપાદાનવાદના સમર્થક અને પ્રવર્તક રહ્યાં છે.[૨૭૯] તેઓ કહે છે તે બ્રહ્મ જ જગતનું સમવાયી કારણ છે અને તે જ નિમિત્તકારણ છે, એ ક્યારેક પોતાના સ્વરૂપમાં રમણ કરે છે અને ક્યારેક સુખપૂર્વક જગતમાં રમણ કરે છે.[૨૮૦] વળી બધી વિભક્તિઓના પ્રકારનો ભગવાન જ અર્થ છે. પ્રકૃતિ, પુરૂષ અને કાળ પણ ભગવાન જ છે. આથી કહે છે જ્યાં, જેના વડે, જેમાંથી, જેનું, જેને માટે, જે જે જેમ જ્યારે થાય તે આ ભગવાન સાક્ષાત પ્રધાન પુરૂષેશ્વર છે.[૨૮૧] આમ

બધું જ બ્રહ્મરૂપ છે, એમ સમજાય છે. બ્રહ્મની સર્વવ્યાપકતા હોય તો જ તેની અખંડ સત્તા હોઇ શકે. આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે. સર્વ-સંપૂર્ણ જગત કૃષ્ણની જેમ અખંડ છે.[૨૮૨]

બ્રહ્મવાદનું સ્વરૂપ સમજાવતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે, તે સર્વ સમર્થ પ્રભુ જ આ સંપૂર્ણ જગતનું સર્જન કરે છે અને સૃજ્ય પણ છે. સર્જવા યોગ્ય પણ છે તે જગતનું રક્ષણ કરે છે, તે રક્ષણ કરવા યોગ્ય પણ છે, તે જગતનો સ્વ-સ્વરૂપમાં લય કરે છે. લયરૂપ પણ થાય છે.[૨૮૩]

"તે આ સર્વ આત્મા જ છે અને તે આ સર્વ બ્રહ્મ છે. એમ વેદનો અર્થ લઇ બધાએ બુદ્ધિ અનુસાર બ્રહ્મવાદ સિદ્ધ કરવો જોઇએ. આ જ બ્રહ્મવાદ છે. બાકીનું-બાકીના મતો અન્ય મતો અજ્ઞાન ઉત્પન્ન કરનારા મનાયા છે.[૨૮૪] આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્યનો અખંડ બ્રહ્મવાદ અવિકૃત પરિણામના આધાર પર પ્રતિષ્ઠિત થયેલો છે.

"અવિકૃત પરિણામવાદ" સમજાવવા માટે શ્રીમદ્ વલ્લભાચાર્ય વેદાદિ શાસ્ત્રોમાંથી વિવિધ સિદ્ધાંતો અને દૃષ્ટાંતો ટાંકે છે. જગત સંબંધી તાત્ત્વિક ચિંતન ઉપનિષદોમાં થયેલું છે, તેથી શ્રીમદ્ વલ્લભાચાર્ય પોતાના સિદ્ધાંતોમાં જગતને બ્રહ્મરૂપ લેખે છે. આથી જગત પણ સર્વભવનસમર્થ બ્રહ્મનું ઉત્તમ પરિણામ હોય તે સ્વાભાવિક લાગે છે.

समीक्षात्मक नोंध :

ઉપનિષદોમાંથી ઉદય પામેલું ભારતીય તત્વચિંતન આજે પણ વિશ્વના વિચારકોને નવીનતમ ભાવોની પ્રેરણા આપી રહ્યું છે. તેમાં એવું કંઇક શાશ્વત મૂલ્ય કે ચિરંતન સત્ય સમાયેલું છે, જે પ્રાણીમાત્રના ઉદ્ધાર માટે અત્યન્ત કલ્યાણકારી છે.

તત્વજ્ઞાન કે તત્વચિંતન જીવન વિકાસનું ઉન્નત લક્ષ્ય છે, તેના વિના જીવનમાં પરિપૂર્ણતા આવતી નથી. પૂર્ણતાને પૂજનાર ભારતીય ચિંતન તે ઋત-સત્યની જ શોધ અવિરતપણે કરી રહ્યું છે. આવું ઉત્કૃષ્ટ જ્ઞાન જેમાંથી પ્રાપ્ત થાય છે, તે આપણાં મહામૂલાં ઉપનિષદો આધારગ્રંથો છે, જે નિત્ય નવીન ચિંતન આપે છે, તેનો સંક્ષેપમાં પરિચય મેળવીએ.

(૧) બ્રહ્મ વિષયક જ્ઞાનની ઇચ્છા-જિજ્ઞાસા એ આપણાં ઋષિ-મુનિઓનું મૌલિક અને આધ્યાત્મિક ચિંતન રહ્યું છે. બૃ.ઉ. ૩-૯-૨૬ માં યાજ્ઞવલ્કય અને શાકલ્યના સંવાદમાં યાજ્ઞવલ્કયની ઉક્તિ "હું તે ઔપનિષદ પુરૂષ-ઉપનિષદ્‌વર્ણિત બ્રહ્મતત્વ વિશે પૂછું છું" માં બ્રહ્મજ્ઞાન મેળવવાની ઇચ્છા જ વ્યક્ત થઇ છે.

(૨) બ્રહ્મજિજ્ઞાસા બ્રહ્મના સ્વરૂપનું ભિન્ન સ્વરૂપે દર્શન કરાવવા સમર્થ બની છે, તે નીચેનાં વાક્યોમાં સ્પષ્ટપણે જોઇ શકાય છે.

૧. આ ખરેખર બધું જ બ્રહ્મ છે. (છાં.ઉ. ૩।૧૪।૧)
૨. "આનંદ" એ બ્રહ્મ છે" એમ તેણે જાણ્યું. (તૈ.ઉ. ૩।૬।૧)
૩. વિજ્ઞાન, આનંદ બ્રહ્મ છે. (બૃ.ઉ. ૩।૯।૨૮)

(૩) બ્રહ્મ આનન્દનું સ્વરૂપ છે. આનન્દની પ્રાપ્તિ એ પ્રાણીમાત્રની અભિલાષા છે, તેને આપનાર પણ આનન્દ સ્વરૂપ બ્રહ્મ જ હોઇ શકે. આથી જ કહ્યું છે કે તે આનન્દ સ્વરૂપ આકાશની જેમ વ્યાપક પરમાત્મા ન હોત તો કોણ જીવિત રહી શકે અને કોણ પ્રાણની ક્રિયા-હલન-ચલન કરી શકે! (તૈ.ઉ. ૨।૭)

(૪) પરમાત્માનું જ્ઞાન એ સમ્પૂર્ણ વિજ્ઞાન બની રહે છે, તે જેને પ્રાપ્ત થાય તે શાંત હોય છે, સંયમી હોય છે, વિકારો ઉપરામ પામેલાં- શાંત હોય છે, સહનશીલ હોય છે, મન એકાગ્ર હોય છે, તે આત્મમાં જ આત્માનું દર્શન કરે છે. સર્વેને આત્મસ્વરૂપે નિહાળે છે. (બૃ.ઉ. ૪।૪।૨૨)

(૫) ભારતીય દર્શનનું અંતિમ અને સારભૂત દર્શન વેદાન્ત દર્શન ઉપનિષદોમાંથી આકાર પામ્યું છે. તેમાં રહેલી દિવ્ય ચેતનાએ ભારતીય જીવનને ચેતનવંતુ રાખ્યું છે, એટલું જ નહિ સમગ્ર જગતના દાર્શનિકોને જીવનનું રહસ્ય સમજાવ્યું છે.

ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન એ કેવલ શૈક્ષણિક સંવાદ નથી. પરંતુ શાશ્વત સત્યના સાક્ષાત્કારની સાધનાનો માર્ગ છે.

ઉપનિષદોની આધ્યાત્મિક ચિંતન પદ્ધતિએ ભારતીય સંસ્કૃતિ ને ઉદારતા અને સહિષ્ણુતાના ગુણોથી અલંકૃત કરી છે.

વિચાર સ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્ય ભારતની વિશેષતા છે. આપણા ઋષિઓએ વાદવિવાદમાં પ્રતિપક્ષીની પુરી વાત

સાંભળવાનો આગ્રહ રાખ્યો છે. પ્રતિપક્ષીની વાતને પોતાની ભાષામાં સમજવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. ત્યારપછી ખંડન અને મંડનની પ્રક્રિયા ચાલતી હતી.

વાદવિવાદ સત્ય અર્થના જ્ઞાન માટે કરવામાં આવતો હતો. આથી જ વાદે-વાદે જાયતે તત્ત્વબોધઃ એમ કહ્યું છે. તત્ત્વનું જ્ઞાન ભારતીય બુદ્ધિનું જ મહાન પ્રદાન છે.

વિચાર સ્વાતંત્ર્યની મહાન પરમ્પરાએ જ ભારતમાં અનેક "દર્શન" સમ્પ્રદાયોનો જન્મ સહજ બનાવ્યો છે.

ઉપનિષદ્ રૂપી મહાસાગરમાંથી વિચાર રૂપી રત્નો શોધી કાઢવાનું કામ આપણા મહાન આચાર્યોએ કર્યું છે. તેમાં કોઇપણ સંદેહ નથી કે આ વિચાર-રત્નો ભારતીય દર્શન સમ્પ્રદાયનો જ ઉપહાર છે.

શ્રી શંકરાચાર્યથી લઇને શ્રી વલ્લભાચાર્ય સુધીના પાંચ મુખ્ય આચાર્યોએ આપેલું દર્શન આજે પણ ભારતીય જીવનમાં સમાવિષ્ટ થયેલું જોવા મળે છે. તેમના સિદ્ધાંતોની ભિન્નતા હોવા છતાં અભિન્નતાનો પણ અનુભવ આનંદ પમાડે તેવો હોય છે તે માટે નીચેનાં કેટલાક તારણો નોંધપાત્ર બની રહે તેમ છે.

(૧) આદિ શંકરાચાર્યે આપેલું અદ્વૈત દર્શન આપણી વૈદિક પરમ્પરાને અનુરૂપ અને અનુકૂળ રહ્યું છે. ઋગ્વેદનું નાસદીય સૂક્ત ૧૦।૧૧।૧૩૦ મું છે. ત્યારપછી છાંદોગ્યોપનિષદ-૬।૨।૧,

બૃહદારણ્યકોપનિષદ્-૪!૪!૧૯, સાંખ્યસૂત્રો-૧ !૨૧-૨૪ અને 3!૨!૮ અને ૧૯ વગેરે માં અદવૈત દર્શન જ જોવા મળે છે.

અદવૈતની પરમ્પરામાં અનેક ગ્રંથો રચાયાં છે. તેમાં "સૂત-સંહિતા" અને "યોગવાસિષ્ઠ" નો પણ સમાવેશ થાય છે. શ્રીહર્ષના નૈષધીય-ચરિતમ્-૨૧!૮૮ માં બુદધને પણ "અદવયવાદી" કહેવામાં આવ્યા છે.

સંક્ષેપમાં સાર એ છે કે શ્રી શંકરાચાર્ય દવારા પ્રવર્તિત અદવૈત દર્શન સાચા અર્થમાં ભારતીય દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે, તેમાં આપણાં વેદ અને ગીતાના સિદધાંતોનું તાત્વિક નિરૂપણ થયેલું છે.

(૨) આદિ શંકરાચાર્ય પછી થયેલા પ્રત્યેક વૈષ્ણવાચાર્યએ એક યા બીજી રીતે શાંકરમતનું ખંડન કરીને પોતપોતાના સ્વતંત્ર દર્શન-સમ્પ્રદાયો પ્રવર્તિત કર્યા છે. પરંતુ ઉપર કહ્યું છે તેમ આ સ્વતંત્ર દર્શનો આચાર્યોની બૌદ્ધિક-વૈચારિક-સ્તરમાંથી આવતી એક ઉચ્ચતમ અભિવ્યક્તિ છે, એટલે તેને સંકીર્ણ અર્થમાં ઘટાવવાની આવશ્યકતા નથી. આથી એ સિદધ છે કે ઉપનિષદ્-પ્રોક્ત ભેદ-અભેદોપાસના જ તેમાં કારણભૂત છે.

(3) સામાન્યપણે અમુક નિશ્ચિત પારિભાષિક શબ્દાવલિને અનુસરીને ચાલવાથી વેદાન્ત-દર્શનના વિભિન્ન સમ્પ્રદાયોમાં સામંજસ્ય જોવા મળતું નથી. જો થોડું સૂક્ષ્મ છતાં સ્પષ્ટ અને સુરેખ

દર્શન કરીએ તો અદ્વૈત સમ્પ્રદાયનો વિવર્તવાદ કે શુદ્ધાદ્વૈત સમ્પ્રદાયનો અવિકૃતપરિણામવાદ અત્યન્ત સમીપવર્તી જોવા મળશે. કારણ કે વિવર્તમાં રહેલો અન્યથાભાવ-વિપરીતભાવ અને અવિકૃત-પરિણામવાદમાં રહેલો અન્યથાભાવ-વિપરીતભાવ તત્ત્વ-મૂળ કારણને લીધે જ જુદાં લાગે છે. હવે જો તત્ત્વ-કારણ-બ્રહ્મ એક જ હોય તો પછી ભિન્નતાને કોઇ અવકાશ જ નથી.

(૪) અવિદ્યાના સંબંધમાં પણ અદ્વૈત અને શુદ્ધાદ્વૈતમાં સામ્ય જોવા મળે છે. અદ્વૈતનો અન્નમયકોશ શુદ્ધાદ્વૈતના દેહાધ્યાસ જેવો છે. (વિવેક ચૂડામણિ-૧૫૬) પ્રાણમય કોશ ઇન્દ્રિયાધ્યાસ અને પ્રાણાધ્યાસ જેવો છે. (વિ.ચૂ.૧૬૭) મનોમયકોશ અન્તઃકરણાધ્યાસ જેવો છે. (વિ.ચૂ.૧૫૭) વિજ્ઞાનમયકોશ સ્વરૂપજ્ઞાન જેવો છે. (વિ.ચૂ.૧૮૬)

(૫) શુદ્ધાદ્વૈતમાં નિર્દિષ્ટ વિદ્યાંગપંચક અને અદ્વૈતમાં "સાધન-ચતુષ્ટય" પણ સમાનતા પર આધારિત છે. પ્રથમ અંગ વૈરાગ્યની "ઇહામુત્રફલભોગવિરાગ"- આ લોક અને પરલોકના ભોગમાં દોષ જોવો, ની સાથે સરખામણી કરવામાં આવે છે. (વિ.ચૂ.૧૯). વિદ્યાના બીજા અંગ સાંખ્યની અદ્વૈતના "નિત્યાનિત્યવસ્તુવિવેક" ની સાથે સરખામણી કરવામાં આવે છે. ત્રીજો અને ચોથો અંગ "યોગ" અને "તપ" "સમાધિ" સાથે સમાનતા ધરાવે છે.

આમ છતાં અદ્વૈત અને શુદ્ધાદ્વૈત લક્ષ્યપ્રાપ્તિના માર્ગની દ્રષ્ટિએ જુદા પડે છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય ભક્તિમાર્ગના આચાર્ય

હોવાથી સગુણબ્રહ્મની ઉપાસના-સેવાને મહત્ત્વ આપે છે, જ્યારે શ્રીમદ્ શંકરાચાર્ય નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિને જ પરમ પુરૂષાર્થ માને છે.

શ્રુતિ-વેદના વચનોનું અક્ષરશઃ પાલન કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ વૈદિક પરમ્પરાનું અત્યન્ત નિષ્ઠાપૂર્વક પાલન કર્યું છે, તેમાં કોઇ જ શંકા નથી કે શ્રી વિઠ્ઠલનાથજીએ પણ પિતાની આજ્ઞા અને ઉપદેશોનું પાલન કર્યું છે. આથી જ "વેદનિષ્ઠા" શુદ્ધાદ્વૈતનો પરમોત્કૃષ્ટ આદર્શ છે.

## पाद टीप

1. भा. सं. पा., पृ. 298
2. इ. उ., पृ. 7
3. सं. सा. इ., पृ. 31
4. वही., पृ. 693
5. सं. सा. इ., पृ. 613
6. उ. वि., पृ. 231
7. एजन., पृ. 4
8. एजन., पृ. 6
9. बृ. उ., 4/4/19 : "नेह नानाऽस्ति किंचन ।"
10. तत्रैव, 2/4/5 : "आत्मा वा अरे दृष्टव्य:
    श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य: ।"
11. श्वे. उ., 1/12 : भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा-
    सर्वं प्रोक्तं त्रिविधं ब्रह्ममेतत् ।"
12. छां. उ., 6/8/7 : " स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं
    तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो ।"
13. छां. उ., 3/14/1 : "सर्वं खल्विदं ब्रह्म ।"
14. उ. वि., पृ. 92

2

15 तै. उ. 3/1 :, यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्ति । तद्विजिज्ञासस्व तद् ब्रह्मेति ।

16 वे. वि. स्व., पृ. 18

17 उ. वि., पृ. 86

18 एजन., पृ. 101

19 एजन., पृ. 86

20 मु. उ., 1/1/7 :

यथोर्णनाभिः सृजते गृह्णते च यथा पृथिव्यामोषधयः सम्भवन्ति ।
यथा सतः पुरुषात्केशलोमानि तथाक्षरात्सम्भवतीह विश्वम् ।।

21 मु. उ., 2/1/100 :

यथा सुदीप्तात्पावकाद्विस्फुलिङ्गाः सहस्रशः प्रभवन्ते सरूपाः ।
तथाक्षराद्विविधाः सौम्य भावाः प्रजायन्ते तत्र चैवापियन्ति ।।

22 छां.उ., 66/2/2 : "सदेव सोम्येदमग्र आसीत् ।"

23 तै.उ., 2/1/1 : "सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।"

24 बृ.उ., 2/1/20 : "....सत्यस्य सत्यम्.... ।"

25 छां.उ., 6/2/3 : "तदैक्षत बहुस्यां प्रजायेयेति ।"

26 बृ. उ., 5/1/1 : "पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।"

27 तै. उ., 3/6/1 : "आनन्दो ब्रह्मेति व्यजानात् ।"

28 छा. उ., 7/24/1 : " यो वै भूमा तत्सुखम्, यदल्पं
तन्मर्त्यं, नाल्पे सुखमस्ति ।"

29 वे. वि. स्व., पृ. 22

30 बृ. उ., 3/8/8 : ...तदक्षरं ..... अस्थूलमनण्वह्रस्वमदीर्घमलो-
हितमस्नेहमच्छायमतमोऽवाय्वनाकाशमसङ्गमरसमगन्धम् ।"

31 क. उ., 2/2/11 :
सूर्यो यथा सर्वलोकस्य चक्षुर्न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः ।
एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः ।।

32 तत्रैव, 2/2/9 :
अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ।।

33 बृ.उ., 2/3/6 : " नेति नेति...... । "
4/5/15

34 उ. वि., पृ. 109

35 एजन., पृ. 107

36 क.उ., 1/2/15 : तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ।

37 मु. उ., 1/1/6 :
यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुःश्रोत्रं तदपाणिपादम् ।
नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं तदव्ययं यद्भूतयोनिं परिपश्यन्ति धीराः ।

38 उ. वि., पृ. 105

39 श्वे. उ., 1/12, " एतज्ज्ञेयं नित्यमेवात्मसंस्थम् ।"

40 मुं॰ उ॰, 3/1/1 :

"द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ।।"

41 मुं॰ उ॰, 3/1/2 :

"समाने वृक्षे पुरुषो निमग्नो नीशया शोचति मुह्यमानः ।"

42 तत्रैव, 2/1/1

तदेतत्सत्यं यथा सुदीप्तात्पावकाद्विस्फुलिङ्गाः सहस्त्रशः प्रभवन्ते सरूपाः ।
तथाक्षराद्विविधाः सोम्य भावाः प्रजायन्ते तत्र चैवापियन्ति ।।

43 छां॰ उ॰, 6/8/4, 6/8/7 :

"सन्मूलमन्विच्छ सन्मूलाः सोम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः ।
" स च एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो ।"

44. श्वे॰ उ॰, 1/9 :

ज्ञाज्ञौ द्वावजावीशनीशावजा ह्येका भोक्तृभोग्यार्थयुक्ता ।
अनन्तश्चात्मा विश्वरूपो ह्यकर्ता त्रयं यदा विन्दते ब्रह्ममेतत् ।"

46 उ॰ अं॰, (कल्याण), वर्ष॰ 23, पृ॰ 69

47 क॰ उ॰, 1/2/20 :

अणोरणीयान्महतो महीयानात्मास्य जन्तोर्निहितो गुहायाम् ।
तमक्रतुः पश्यति वीतशोको धातुप्रसादान्महिमानमात्मनः ।।

48 भ॰ गी॰, 13/1 :

इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञमिति तद्विदः ।।

49 मु. उ., 3/1/9 :

एषोऽणुरात्मा चेतसा वेदितव्यः ।

50 श्वे. उ., 5/8 : "अंगुष्ठमात्रः रवितुल्यरूपः"...

51 तत्रैव, 5/9 : बालाग्रशतभागस्य शतधा कल्पितस्य च ।

भागो जीवः स विज्ञेयः स चानन्त्याय कल्पते ।"

52 तत्रैव, 5/7 : "गुणान्वयो यः फलकर्मकर्ता कृतस्य तस्यैव स चोपभोक्ता ।"

53 श्वे. उ., 1/13. :

वह्ने यथा योनिगतस्य मूर्तिर्न दृश्यते नैव च लिङ्गनाशः ।

स भूय एवेन्धनयोनिगृह्यस्तद्वोभयं वै प्रणवेन देहे ।।

54 भ. गी., 15/10 :

उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।

विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ।।

55 उ. वि., पृ. 125

56 मां. उ., 2 : "सर्वं ह्येतद् ब्रह्मायमात्मा ब्रह्मसोऽयमात्मा

चतुष्पात् ।"

57 छां. उ., 3/14/1 : सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त

उपासीत ।

58 बृ. उ., 1/6/3 :

"तदेतदमृतं सत्येन च्छन्नं प्राणो वा अमृतं नामरूपे सत्यं

ताभ्यामयं प्राणश्छन्नः ।"

59 मुं. उ., 1/1/7 :

यथोर्णनाभिः सृजते गृह्णते च यथा पृथिव्यामोषधयः सम्भवन्ति ।
यथा सतः पुरुषात्केशलोमानि तथाक्षरात्सम्भवतीह विश्वम् ।।

60 छां. उ., 6/8/4 :

सन्मूलमन्विच्छ सन्मूलाः सौम्येमाः सर्वाः प्रजाः सदायतनाः
सत्प्रतिष्ठाः ।

61 गौ.पा.का., 3/15 :

मृल्लोहविस्फुलिङ्गाद्यैः सृष्टिर्या चोदितान्यथा ।
उपायः सोऽवताराय नास्ति भेदः कथञ्चन ।।

62 ब्र. सू., 2/1/14 :

"तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः ।"

63 मुं. उ., 2/1/2 : "सबाह्याभ्यन्तरो ह्यजः ।"

64 बृ. उ., 1/4/7 :

"तद्धेदं तर्ह्यव्याकृतमासीत्तन्नामरूपाभ्यामेव व्याक्रियत ।"

65 मा. उ., गौ.पा.का., 4/23 :

हेतुर्न जायते नादेः फलं चापि स्वभावतः ।
आदिर्न विद्यते यस्य तस्य ह्यादिर्न विद्यते ।।

66 ब्र.ज्ञा.मा.श्लो. 20 : ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैवनापरः ।

67. R.V.P.21 : It is only intelligence, without. from, without qualities, without any limitations of time, space or causality, that is real.

7

68 Ibid., P.21 : The greatest merit of Samkar's system is his most successful attempt to reconcile the mutually contradictory text of upanishads.

69 तै.उ. 2/1 :अ सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।

70 तै.उ.भा., 2/1 : सत्यमिति यद्रूपेण यन्निश्चितं तद्रूपं न व्यभिचरति, तत्सत्यम् ।"

71 वे. वि. स्व., : पृ. 76 ।

72 पं. द., 2/20 : "वृक्षस्य स्वगतोभेदः पत्रपुष्पफलादिभिः ।" वृक्षांतरात्सजातीयो विजातीय शिलादितः ॥

73 वे.सा. : "वस्तु सच्चिदानन्दानन्ताद्वयं ब्रह्म । अज्ञानादिसकलजडसमूहोऽवस्तु ।"

74 ब्र.सू.शां.भा., 2/1/34 :

"...सापेक्षो हीश्वरो विषमां सृष्टिं निर्मिमीते ।"

75 पं. द., 6/30 :

"तुच्छाऽनिर्वचनीया च वास्तवी चेत्यसौ त्रिधा ।

ज्ञेया माया त्रिभिर्बोधैः श्रौतयौक्तिकलौकिकैः ॥

76 वे. सा., 10 पृ. 13

77 तत्रैव., 10 पृ. 14

78 ब्र.सू.शां. भा. 1/4/23 :

"प्रकृतिश्च" उपादानकारणं च ब्रह्माभ्युपगन्तव्यं निमित्तकारणं च ।"

79 वि. चू., 358 :

"उपाधिभेदात्स्वयमेव भिद्यते चोपाध्यपोहे स्वयमेव केवल: ।"

80 ब्र.सू.शा.भा., पृ. 17 :

अध्यासो नाम अतस्मिंस्तद्बुद्धिरित्यवोचाम ।

81 ब्र.सू.शा.भा., अ.भा., पृ. 3 :

"स्मृतिरूप: परत्र पूर्वदृष्टावभास: ।"

82 वि.प. 238 ... त्वारोपितं ब्रह्मणि नाममात्रम् ।"

83 ब्र.सू. शा.भा., 1/2/6 :

पर एवात्मा देहेन्द्रियमनोबुद्ध्युपाधिभि: परिच्छिद्यमानो बाल: शारीर इत्युपचर्यते । यथा घट करकाद्युपाधिवशादपरिच्छिन्नमपि नभ: परिच्छिन्नवदवभासते तद्वत् ।

84 तत्रैव : 2/3/40 :

" न स्वाभाविकं कर्तृत्वं आत्मन: सम्भवति, अनिर्मोक्ष प्रसङ्गात् ।"

85 सि.ले.सं. (प्र.परि.) पृ. 155 :

"...घटाकाशवदन्त:करणावच्छिन्नं चैतन्यं जीवस्तदवच्छिन्नमीश्वर: ।"

86 वि. चू., 289 ; पृ. 77

घटाकाशं महाकाश इवात्मनि परात्मनि ।
विलाप्याखण्डभावेन तूष्णीं भव सदा मुने ।।

87 ब्र.सू. शा.भा., 2/3/46 : पृ. 7

"यथा चाकाशो घटादिषु गच्छत्सु गच्छन्निव विभाव्यमानोऽपि न परमार्थतो गच्छति ।"

88 बृ.उ.भा. वा., : 1/4/382 :

"ईशादिविषयान्तं यत्तदविद्याविजृम्भितम् ।"

89 क.उ., 2/2/9 : "रूपं रूपं प्रतिरूपो बभूव ।"

90 ब्र.सू.शां.भा., 2/3/50 :

"आभास एव च जीवः परस्यात्मनो जलसूर्यकादिवत्प्रतिपत्तव्यः ।"

91 सि. लो. सं., पृ. 111 – 112 :

अविद्यायां चित्प्रतिबिम्ब ईश्वरः । अन्तःकरणे चित्प्रतिबिम्बो जीवः ।"

92 ब्र.सू. शां.भा., 2/3/46 : "यथा चोदशरावादिकम्पमानां च-
द्भूते सूर्यप्रतिबिम्बे कम्पमानोऽपि न तद्वान्सूर्यः
कम्पते ।"

93 ब्र.सू.शां.भा., 2/1/27 : पारमार्थिकेन रूपेण सर्वव्यवहारातीत-
मपरिणतमवतिष्ठते ।"

94 सं.शा. 2/69 : "व्यवस्थितेऽस्मिन् परिणामवादे स्वयं समायाति
विवर्तवादः । "

95 वे.सा., 30 :

रज्जुविवर्तस्य सर्पस्य रज्जुमात्रत्ववद् वस्तुविवर्तस्या वस्तुनो ज्ञानादेः
प्रपञ्चस्य वस्तुमात्रत्वम् ।

96 हि. वे. ध., पृ. 314

97 श्री.भा., 1/1/1 : सविशेषवस्तुविषयत्वात्सर्वप्रमाणानाम् ।

पृ. 45

98 तत्रैव, 1/1/9 : निर्विशेषवस्तुवादिभिर्निर्विशेषे वस्तुनि -"इदं प्रमाणं" इति न शक्यते वक्तुम् । पृ. 45

99 तत्रैव, 1/1/1 : निर्गुणवादाश्च परस्य ब्रह्मणेः हेयगुणसम्बन्धादुपपद्यन्ते । पृ. 179

100 S. B., P. 27, : यस्य पृथ्वी शरीरम्..." etc.
(सुबालो: - 7.1.) य: which directly refer to the Highest Being, the Atman and the Antaryamin and The whole world as the body of the Highest and this was evolved the Visistadvaita concept.

101 Ibid., P. 28 : According to Ramanaya, the Adviatia is particularised by the Atma-Sarira-bhava and the Prakara Prakaribhava. Hence the name visistadvaita.

102 हि. ध. 9., पृ. 138 :

103 S.B. P. 27 : Ramaniya thinks this is the only reasonable solution which does proper justice to the various statements in the Upani shads and makes full use of what is called Sarvasakha-pratyaya Nyaya.'

104 Ibid., P. 29 : The Individual Souls Cit are also created by him.

105 Ibid., P. 31 : This represents the Cit element. The Individual Souls also form the body of the Lord.

106 V.D. - S., P. 20 1 ;
Knowledge is not only Artha Prakasah but Jnaaturjneyavabhasah.

107 Ibid., P. 312 ; Visistadvaita is not the harmonization of the claims of dualism and monism.

108 Ibid., P. 313 : Darsana Stands for Truth and Value and Beauty. Truth, and value and Beauty form one Reality called Visistadvaitam.

109 Ibid., P. 313 : Visistaadvaitam is the only Pramaya or the knowlable that can be realised through the realisation of the aspects of Reality.

110 हि. वै. ध., वै. सू. भा., पृ. 312 :
तत्त्वं तावत् त्रिविधम् - चिद्-अचिद् - ब्रह्मभेदात् । ...
चिदचिद्भिन्नाभिन्नं जिज्ञास्यं ब्रह्म सूत्रकाराभिमतम् । ...

111 T.V., P. 26 : The Jiva.... can be both knowledge and Possessor of knowledge at the same time, just as the Sun is both tight and the Source of light.

12

112 Ibid., P. 27 : For instanceo, The light of a lamp can spread for and wide and illumine objects away from the lamp.

113 T.V., P. 28 : The three categories in their subtle form are as eternal as the Cit or the individual souls.

114. Ibid., P. 29 : Thus bheda...means the possibility of an existence,... (para-tantra-sattabhavah), while a-bheda...means the impossibility of an independent existance (Svatantra-Satta-bhavah)

115 Ibid., P. 29. : Which can be illustrated by the relation between the fire and its sparks.

116 हि. वे. द. : म. सि. सा., पृ. 328 :

जीवेश्वरभिदा चैव जडेश्वरभिदा तथा ।
जीवभेदो मिथश्चैव जडजीवभिदा तथा ॥
मिथश्च जडभेदो यं प्रपंचो भेदपञ्चकः ॥

117 तत्रैव, त. नि. : पृ. 327

स्वतन्त्रमस्वतन्त्रं च द्विविधं तत्त्वमुच्यते ।
स्वतंत्रो भगवान् विष्णुर्निर्दोषोऽशेषसद्गुण: ॥

118 तत्रैव, म. सि. सा. पृ. 328

अतत्त्वमिति वा छेदस्तेनैक्यं सुनिराकृतम् ।

3

119 क॰ उ॰, 2/1/10 : मृत्यो: स मृत्युमाप्नोति य इह नाना इव पश्यति ।

120 T.V., P. 30 : Madhva denies even Brahmah's being the material Cause of the universe.

121 हि॰ वे॰ ध॰, म॰ सि॰ सा॰, पृ॰ 329 :
मोक्षसाधनीभूतापरोक्षज्ञानसाधनानि... ब्रह्मादि-
सर्वजीवसाधारणानि ।

122 T.V., P. 32 : So also Brahman and Jiva or Brahman and Prakrti must be two entities and never idemtical with eath other.

123 हि॰ वे॰ ध॰, पृ॰ 332

124 शु॰ मा॰ 28 : मायासम्बन्धरहित शुद्धमित्युच्यते बुधै: ।

125 त॰दी॰नि॰ (शा॰1/23,) प्रपञ्चो भगवत्कार्यस्तद्रूपोमायया-
ऽभवत् ।

126 अ॰भा॰, (1.1.1): वेदार्थब्रह्मणो वेदानुकूलविचार इति ।

127 शु॰भा॰, श्लो॰ 27 : शुद्धाद्वैतपदे ज्ञेय: समास: कर्मधारय: ।
अद्वैतं शुद्धयो: प्राहु: षष्ठीतत्पुरुषं बुधा: ॥

14

128 सुबो., 10/2/35 : अज्ञाननाशके विज्ञानमात्मानुभव: ।
भेदनाशके तु भगवद्विज्ञानम् । उभयो: साक्षात्कारे
देहाद्यध्यासनिवृत्ति: शुद्धाद्वैतं च स्फुरति ।

129 शु.अ.पृ., पृ. 14 : "एकत्वात्यन्ताभावरूप – द्वैतविलक्षणत्वे
सति द्वित्वात्यन्ताभावस्य – अद्वैतविलक्षणत्वे
सति द्वैताद्वैतविलक्षणत्वम् ।"

130 अ. भा., र. 2/3/50 : यमुनाष्टकादि तु स्वमतं निर्गुणं प्रति-
पादकं.... ।

131 ब्र.सू., 2/1/37 : सर्वधर्मोपपत्ते: ।

132 त.दी.नि., 1/6 : ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ।

133 तत्रैव, 2/1/30 : सर्वोपेता च तद्दर्शनात् ।

134 भ.गी., 13/13 : सर्वत: पाणिपादान्तं सर्वतोऽक्षिशिरोमुखम् ।
त.दी.नि., 1/25 : सर्वत: श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ।।

135 श्वे. उ. 6/8
परास्य शक्तिर्विविधैव श्रूयते स्वभाविकी ज्ञानबलक्रिया च ।

136 त.दी.नि., (1/607) आ.भ., 1/67 :
मायाया अपि भगवद्रूपत्वात् तदधीनत्वमेव, न तु भगवतो
मायाधीनत्वमित्यर्थ: ।

137 ब्र.सू., 3/2/22 : प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूय: ।

15

138 तत्रैव. 3/2/28 : प्रकाशाश्रयवद्वा तेजस्त्वात् ।

139 स. स्तो., 8 : साकारब्रह्मवादैकस्थापको वेदपारगः ।

140 त.दी. नि. 1/66/67 :

सजातीयविजातीयस्वगतद्वैतवर्जितम् ।
सत्यादिगुणसाहस्रैर्युक्तमौत्पत्तिकैः सदा ।
सर्वाधारं वश्यमायमानन्दाकारमुत्तमम् ।
प्रापञ्चिक पदार्थानां सर्वेषां तद्विलक्षणम् ।।

141 अ.भा. 1.1.1 : न हि स्वबुद्ध्या वेदार्थं परिकल्प्य तदर्थे विचारः कर्तुं शक्यः । ब्रह्म पुनर्यादृश वेदान्तेऽववगत तादृशमेव मन्तव्यम् ।

142 तत्रैव 1.1.1 : अचिन्त्यानन्तशक्तिमति सर्वभवनसमर्थे ब्रह्मणि विरोधाभावाच्च ।

143 अ.भा., 3/2/20 : तस्माद्यथाकाशस्य वृद्धिह्रासभाक्त्वं करकादिष्वन्तर्भावात्तथैवोभयसामञ्जस्यादेवं ब्रह्मापि... ।

144 तत्रैव. 3/2/21 : ...उलूखलबन्धनादिप्रत्यक्षमेवोभय साधकं दृष्टमिति ।

145 भाग., 10/8/40 : अथो अमुष्यैव ममार्भकस्य यः कश्चनौत्पत्तिक आत्मयोगः ।

146 अ.भा., 3/2/21 : तस्माच्छ्रुतिप्रत्यक्षैः सर्वविरुद्धधर्माश्रयत्वेन ब्रह्मप्रतीतेर्न विरोधः ।

147 ब्र.सू., 3/2/27 : उभयव्यपदेशात्त्वहिकुण्डलवत् ।

148 अ.भा., 3/2/27 : सकलविरुद्धधर्मा भगवत्येव वर्तन्त इति
न कापि श्रुतिरुपचरितार्था ।

149 तत्रैव, 3/2/21 : भगवति सर्वे विरुद्धधर्मा दृश्यन्ते ।

150 मु. उ., 3/1/73 :
बृहच्च तद्दिव्यमचिन्त्यरूपं सूक्ष्माच्च तत्सूक्ष्मतरं विभाति ।
दूरात्सुदूरे तदिहान्तिके च पश्यत्स्विहैव निहितं गुहायाम् ।।

151 भ.गी., 23/16 :
अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ।।

152 बृ. उ., 1.4.3. , : एकाकी न रमते । स द्वितीयमैच्छत् ।

153 तै. उ. , 3/1 : यतो वा इमानि भूतानि जायन्ते तद् ब्रह्म ।

154 ब्र. सू., 1/1/26 : जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात् ।

155 भ. गी., 8/6 : अह सर्वस्य जगतः प्रभवः प्रलयस्तथा ।

156 श्रीमद्भाग. 1/1 : जन्माद्यस्य यतोऽन्वयादितरतः ।

157 अ.भा., : 1/1/2 , न च कर्तृत्वे विरोधोऽस्ति ।
सत्यत्वाद्धर्मवत्कर्तृत्वस्याप्युपपत्तेः ।

158 बृ.उ., 5/1/1 :
ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।।

17

159 त. दी. नि. 68 :

जगत: समवापि स्यात्तदेव च निमित्तकम् ।

160 अ. भा., 2/1/34 : जीवानां कर्मानुरोधेन सुख दु:खे प्रयच्छतीति ।

161 ब्र. सू., 2/3/42 :

कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्य: ।

162 तत्रैव, 1/4/26 :

आत्मकृते: परिणामात् ।

163 अ. भा., 2/1/34 :

वस्तुतस्त्वात्मसृष्टेर्वैषम्यनैर्घृण्यसंभावनैव नास्ति ।

वृष्टिवद् भगवान् । बीजवत्कर्म ।

164 भाग., 10/30/28 :

धर्मसेतूनां वक्ता कर्ताऽभिरक्षिता ।

165 कौ. ब्रा., 3/83 :

एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो - लोकेभ्य उन्निनीषति ।

166 ब्र. सू. 2/1/33 : लोकवत्तु लीलाकैवल्यम् ।

167 ब्र.अ. भा., 2/1/33 :

अन्यस्य तत्कीर्तने मोक्ष इत्यर्थ: ।

169 वि.अं., पृ. 164 :

एवं जीवमस्मिन् देशेऽस्मिन्काले एतत्प्रयुक्त प्रवृत्तिनिमित्तमन्तं विधायैतदेतत्फलं दास्यामीत्या मोक्षं प्रतिजीवं विचारितवानिति ।

170 ब्र.सू., 2/1/14 :

तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः ।

171 अ.भा., 2/1/14 : आरम्भणशब्दादिभ्यस्तदनन्यत्वं प्रतीयते । कार्यस्य कारणानन्यत्वं न मिथ्यात्वम् ।

172 छां. उ., 6/1/4 : यथा सौम्यैकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं विज्ञातं स्यात् ।

173 प्रा., पृ. 147 : न हि मृदो घटादिरूपत्वे पि विकारित्वम् । विकारस्त्वन्यथाभावः ।

174 छां.उ., 6/1/4 : वाचारम्भणं विकारो नामधेयंमृत्तिकेत्येव सत्यम् ।

175 त.दी.नि., 1/83 : वाचारम्भणवाक्यानि तदनन्यत्वबोधनात् । न मिथ्यात्वाय कल्पन्ते जगतो व्यासगौरवात् ।

176 T.D.N., N. P. 16; So it is verbal difference, and not a gunuine one.

177 बृ. उ., 1/6/3 :

तदेतत्त्रयं सद् एकमयमात्मा, आत्मो एकः सन्नेतत्त्रयम् ।

19

178 अ. भा., 2/3/1 :

सजडस्यैव कार्यत्वात्तस्य जीवस्य स्वांशत्वेनैव न नामरूपसम्बन्धः ।

179 सि. मु., 3 : परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानन्दकं बृहद् ।

द्विरूपं तद्धि सर्वं स्यादेकं तस्माद्विलक्षणम् ॥

180 ब्र. सू., 1/3/10 : अक्षरमम्बरान्तधृतेः ।

181 अ. भा., 1/3/10 : बृ. उ. 3/8/7-8 :

गार्गीब्राह्मणे । कस्मिन्नु खल्वाकाश ओतश्च प्रोतश्चेति ।

स होवाच । एतद्वै तदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्त्यस्थूलमनणु ।

182 बृ. उ. 3/8/8 : न तदश्नाति किंचन न तदश्नाति कश्चन ।

183 अ. भा. 1/3/10 : न ह्यन्यः सर्वाधारो भवितुमर्हति ।

184 भ. गी., 15/16-17 :...कूटस्थो क्षरऽउच्यते ।

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।

185 त. दी. नि., 2/98 :

प्रकृतिः पुरुषश्चोभौ परमात्माऽभवत् पुरा ।

यद्रूपं समधिष्ठाय तदक्षरमुदीर्यते ॥

186 तत्रैव, (प्र.) 2/98 : अक्षररूपं, ब्रह्मरूपं, कालरूपं, स्वभावरूपं च ।

187 तत्रैव ?2/197 : आनंदांशतिरोभावः सत्त्वमात्रेण तत्र हि ।

20

188 तत्रैव, (पृ.) 2/102 : अन्तस्मासनायामन्तर्यामिरूपेण प्रकटो भवति । तदा सद्योमुक्तौ ज्ञानिनास्तच्चरणारविन्दमेव प्रविशन्ती-त्यक्षरस्य पादत्वम् ।

189 मु. उ., 1/1/7 : तथाऽक्षरात्सम्भवतीह विश्वम् ।

190 त.दी.नि., 1/57 :

आनन्दांशतिरोधानात् तत्तद्वतेन भासते ।

तेन आनन्दांशेनाविर्भूतेन युक्तं यत् तद्वत् ब्रह्मवद्-

भासते इत्यर्थः ।

191 भ.गी., 2/24 : नित्यः सर्वगतस्थाणुरचलोऽयं सनातनः ।

912 त.दी.नि., 1/33 :

तच्छक्त्याऽविद्यया त्वस्य जीवसंसार उच्यते ।

913 अ. भा. 2/3/23 : अविरोधश्चन्दनवत् ।

अणुत्वे सर्वशरीरव्यापि चैतन्यं न घटत इति विरोधो न भवति चन्दनवत् ।

194 अ.भा., 2/3/26 :

यथा चम्पकादिगन्धश्चम्पक व्यवहितस्थलेप्युपलभ्यते ।

195 ना. उ. 11 :

यथा वृक्षस्य संपुष्पितस्य दूराद्गन्धो वात्येवं-

पुण्यस्य कर्मणो दूराद्गन्धो वाति ।

21 196 ब्र.सू., 3/2/5 : पराभिध्यानात्तु तिरोहितं ततो
ह्यस्य बन्धविपर्ययौ ।

197 अ.भा., 3/2/5 : बन्धश्चतुर्णां कार्यं विपर्ययोद्वयोः ।

198 अ.भा., 3/2/5 : निद्रा च सुतरां तिरोभावकर्त्री-
भगवच्छक्तिः ।

199 बृ.उ., 4/3/9 : अत्रायं पुरुषः स्वयं ज्योतिर्भवति ।

200 अ.भा., 2/3/17 : विस्फुलिङ्गवदुच्चरणं नोत्पत्तिः ।

201 बृ.उ., 2/1/20 : यथोर्णनाभिस्तन्तुनोच्चरेद्यथाऽग्नेः
क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवास्मा-
दात्मनः....सर्वाणि भूतानि व्युच्चरन्ति ।

202 ब्र.सू., 2/3/18 : ज्ञोऽत एव ।

203 तै.उ., 2/4 : आत्मा विज्ञानमयः ।

204 ब्र.सू., 3/2/28 : प्रकाशाश्रयवद्वा तेजस्त्वात् ।

205 त.दी.नि. : 1/55-56,
योगेन भगवद्दृष्ट्या दिव्यया वा प्रकाशते ।

206 ब्र.सू., 2/3/20 : स्वात्मना चोत्तरयोः ।

207 बृ.उ. : ऊर्णनाभिर्यथा तन्तून्सृजते संहरत्यपि ।
जाग्रत्स्वप्ने तथा जीवो गच्छत्यागच्छते पुनः ।

22

208 श्वे. उ., 5/9 : बालाग्रशतभागस्य शतधा कल्पितस्य च ।
भागो जीवः स विज्ञेयः स चानन्त्याय कल्पते ।

109 त.दी.नि., 1/53 :
जीवस्त्वाराग्रभागो हि गन्धवद् व्यतिरेकवान् ।

210 श्वे. उ., 5/8 : "आराग्रमात्रो ह्यपरोऽपि दृष्ट"

211 त.दी.नि., 1/55 :
आनन्दांशाभिव्यक्तौ तु तत्र ब्रह्मांडकोटयः
प्रतीयेरन् परिच्छेदो व्यापकत्वं च तस्य तत् ।।

212 अ.भा., 2/3/40 : यथा च तक्षोभयथा
यथा तक्षा रथं निर्माय तत्रारूढो विहरति ।

213 तत्रैव, 2/3/33 : सांख्यानां प्रकृतिगतमेव कर्तृत्वमिति
तन्निवारणार्थमधिकरणारम्भः ।

214 तत्रैव, 2/3/13 : ब्रह्मणोनुपयोगात् । जडस्याशक्यत्वात् ।

215 तत्रैव, 2/3/34 : विहारोपदेशात् । तस्यैव गांधर्वविलोकेषु...
इति विहारउपदिष्टः ।

216 बृ.उ., 4.4.5 : साधुकारी साधुर्भवति ।

217 ब्र.सू., 2/3/35 : उपादानम् ।

218 बृ.उ., 2/1/17 : एष विज्ञानमयः पुरुषस्तदेषां-
प्राणानां विज्ञानेन विज्ञानमादाय ।

.23

219 अ॰ भा॰, 2/3/35 : स्वातंत्र्यादस्यैव कर्तृत्वम् ।

220 ब्र॰ सू॰, 2/3/36 : व्यपदेशाच्च क्रियायां न चेन्निर्देशविपर्ययः ।

221 तै॰ उ॰, 2/5 विज्ञानं यज्ञं तनुते । कर्माणि तनुतेऽपि च ।

222 अ॰ भा॰, 2/3/37 : यथा चक्षुरिष्टमनिष्टं चोपलभत-
एवमिन्द्रियैः कर्म कुर्वन्निष्टमनिष्टं वा प्राप्नोति ।

223 भ॰ गी॰, 5/10 :
ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति च ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥

224 अ॰ भा॰, 2/3/41 : तत्सम्बन्धादेव जीवे कर्तृत्वम् ।

225 भ॰ गी॰, 15/7 : ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।

226 अ॰ भा॰, 2/3/46 : प्रकाशः प्राकाश्यदोषेण यथा-
न दुष्टः । पापस्यापि तदंशत्वादिति ।

227 D. V., P. 49-50 : Every Soul is a part-Ansha of the Brahman and not possibly a reflex- pratibemb as the Kerala dvait Vedanta asserts

228 ऋ॰ 10/90/3 : पादोऽस्य विश्वा भूतानि ।

229 मु॰ उ॰, 3/1/1 : श्वे॰ उ॰, 4/6 : अनश्नन्नन्योऽभिचाकशीति ।

230 ब्र॰ बि॰ उ॰, 12 : एकधा दशधा चैव दृश्यते जलचन्द्रवत् ।

24

231 त॰दी॰ वि॰, 1/57 : एकस्य नानात्वमेव दृष्टान्तार्थौ,

न प्रतिबिम्बत्वम् ।

232 त॰ दी॰ नि॰, 1/58 :

मायाजवनिकाच्छन्न नान्यथा प्रतिबिम्बते ।

233 तत्रैव॰, 1/58 :

तत्र वृत्तेर्द्वा सुपर्णा श्रुतेरपि विरुध्यते ।

गुहां प्रविष्टावित्युक्तेः...

234 तत्रैव, 1/59 :

जीवहानिस्तदा मुक्तिजीवन्मुक्तिविरुध्यते ।

लिङ्गस्य विद्यमानत्वात् ...... ।।

235 तत्रैव, (पृ॰) : 1/59,

ततोऽप्य विद्यायां प्रतिबिम्बो विरुद्ध्यते ।

236 तत्रैव, 1/60 :

अधिष्ठानुर्विनष्टत्वान्न देहः स्पन्दितुं क्षमः ।

प्रारब्धमात्रशेषत्वे सुषुप्त्येव न व्रजेत् ।।

237 अ॰ भा॰, 2/3/50 :

आभास एव जीवः । आनन्दांशस्य तिरोहितत्वात् ।

238 त॰दी॰नि॰, 1/57 :

आनंदांशेनाविर्भूतेन युक्तं यत् तद्वद् ब्रह्मवदवभासते ।

25

239 तत्रैव, 1/57 :

त्रितयस्फूर्तौ ब्रह्मत्वमिति निर्णयः ।

240 तत्रैव, 1/57 :

न तु लौकिकाभासत्वम् ।

241 त.दी.नि. {पृ.} 1/57 :

आनन्दांशेनाविर्भूतेन युक्तं यत् तद्वद् ब्रह्मवद्वभासते ।

242 अ.भा. 2/1/22 : सर्वेन्द्रियव्यापाराभावप्रसंगात् ।

243 त.दी.नि., 1/69 :

ब्रह्मणः सर्वरूपत्वमवयुज्य निरूपितम् ।

244 अ.भा., 2/3/29 : अमात्ये राजपदप्रयोगवज्जीवे भगवद्व्यपदेशः ।

245 मु.उ., 3/2/1 : ब्रह्मविद् ब्रह्मैव भवति ।

246 त. दी.नि., 7/54 :

आनन्दांशाभिव्यक्तौ तु तत्र ब्रह्माण्डकोटयः ।
प्रतीयेरन् परिच्छेदो व्यापकत्वं च तस्य तत् ।।

247 सुबो. : 2/6/1 : अनित्ये जननं नित्ये परिच्छिन्ने समागमः ।
नित्यापरिच्छिन्नतनौ प्राकट्यं चेति सा त्रिधा ।।

248 अ.भा., 1/4/23 : कार्यकारणयोः भेदाभेदनिराकरणाय पिण्डमणिनखनिकृन्तनगृहणम् ।

26

249 सुबो. 3/7/15 : जगत्..... श्रुतिसिद्धं सत्यमेव ।

250 छां.उ., 6/2/1 : सदेव सोम्येदमग्र आसीत् ।

251 तै. उ. 2/7 : तदात्मानं स्वयमकुरुत ।

252 अ.भा., 2/1/18 : .....समवेतमेव कार्यं सदुत्पाद्यत
इति सम्बन्धस्य द्विनिष्ठत्वात् नित्यत्वात् ।

253 अ.भा., 2/1/19 : यथा संवेष्टितो घटो न व्यक्तं गृह्यते
विस्तृतस्तु गृह्यते तथा विर्भावानाविर्भावेन जगतोऽपि ।

254 तत्रैव, 2/2/28 : अस्य प्रपञ्चस्य नाभावः ।
उपलब्धेः । उपलभ्यते हि प्रपञ्चः ।

255 तत्रैव, 2/2/29 : स्वप्नादिषु... वस्तुनोऽन्यथा
भावोपलम्भात् । न तथा जागरिते ।

256 ब्र.सू. 2/2/30 : न भावोनुपलब्धेः ।

257 अ.भा., 2/2/30 : अर्थव्यतिरेकेण वासनाया अभावाद् वासना-
व्यतिरेकेणाप्यर्थोपलब्धेरन्वयव्यतिरेकाभ्यामर्थसिद्धिः ।

258 सुबो., 2/9/35 : अतो यस्याऽन्वयव्यतिरेकौ तदेव सर्वम् ।

259 ब्र.सू., 2/1/14 : तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः ।

260 अ.भा., 2/1/14 :
कार्यस्य कारणानन्यत्वं न मिथ्यात्वम् ।

2$

262 त.दी.नि., (पृ.), 1/23 :

अयं प्रपञ्चो न प्राकृतः, नापि परमाणुजन्यः, नापि विवर्तात्मा, नाप्यदृष्टादिद्वारा जातः नाप्यसत्: सत्ताख्यः किन्तु भगवत्कार्यः परमकाष्ठापन्नवस्तुकृतिसाध्यः । तादृशो ऽपि भगवद्रूपः ।

263 तत्रैव, 1/23 : तच्छक्त्याऽविद्यया त्वस्य-

जीवसंसार उच्यते ।

264 त.दी.नि., (पृ.) 1/23 :

अज्ञाने, भ्रमः, असदित्यादिशब्दा अहंममेतिरूपे संसार एव प्रवर्तन्ते, न तु प्रपञ्च इत्यर्थः ।

तस्य ब्रह्मात्मकत्वात् ।

265 तत्रैव, (पृ.) 1/23 :

स चाहममतात्मको विद्यया क्रियते । तत्वज्ञाने सत्युक्त-स्यत्वज्ञानान्निवर्तते, न तु प्रपञ्चः । ब्रह्मात्मकत्वात् ।

266 तत्रैव, 1/33 : विद्ययाऽविद्यानाशे तु जीवो मुक्तो भविष्यति ।

267 त.दी.नि., 1/24 :

संसारस्य लयो मुक्तौ न प्रपञ्चस्य कर्हिचित् ।

268 तत्रैव, 1/32 :

स्वरूपाज्ञानमेकं हि पर्व देहेन्द्रियासवः ।

अन्तःकरणमेषां हि चतुर्धाऽध्यास उच्यते ।

269 तत्रैव, (पृ.) 1/24 :

संसारप्रपञ्चयोर्भेदाज्ञानात् केचिन्मुग्धा भवन्ति ।

तन्मोहनिराकरणाय भेदं निरूपयति ।

270 त.दी.नि., 1/24 :

कृष्णस्याऽऽस्मरतो स्वस्य लयः सर्वं सुखावहः ।

271 भ. प., 105 :

नैयायिकानां तु नये द्व्यणुकादावपीष्यते ।

272 सां. का., 9 : कारणभावाच्च सत्कार्यम् ।

273 वे.सा.द. : अतात्त्विकोऽन्यथाभावो विवर्तः ।

स च अपरित्यक्तपूर्वरूपस्य रूपान्तरप्रकारकप्रतीति

विषयत्वम् । पृ. 2

274 मा. श., पृ. 149 :

स्वासाधारणधर्मपरित्यागपुरः सरः पुनः कारणभाव

प्रतिरोधिधर्मान्तरोदयो विकारः ।

275 अ. भा., 1/4/26 :

परिणामात् । परिणमते कार्याकारेणेति ।

अविकृतमेव परिणमते सुवर्णम् । सर्वाणि च तैजसानि ।

२९
27

276 त॰ दी॰ नि॰, (२)/141 – 142 :

तत्तदाकारस्वरूपेण घटपटाद्याकारेण यस्मिन्देशे-
येन प्रकारेण येन साधनेन यथाऽऽविर्भाविच्छा तथा-
सर्वं सम्पाद्याविर्भवतीत्यर्थः । अतो मृदादिकं भगवद्रूपमेव ।
घटादिकार्यं च तत्रैव लीनं तिष्ठति ।

277 सुबो॰, 2/1/32 : तद्रूपेणैव निरूपणात् ।

278 सुबो॰, 2/9/32 :

त्वमेतच्चेति पाठे जीवजडात्मकं सर्वमहमेवेत्यर्थः ।
अयं मुख्यो ब्रह्मवादः ।

279 सुबो॰ 1/1/1 : अतोऽभिन्ननिमित्तोपादानं जगद्ब्रह्मकार-
णकमित्युक्तं भवति ।

280 त॰ दी॰ नि॰ (शा॰) 1/68 :

जगतः समवायि स्यात् तदेव च निमित्तकम् ।
कदाचिद्रमते स्वस्मिन् प्रपञ्चेऽपि क्वचित्सुखम् ।।

281 तत्रैव, (1/69), भाग॰ 10/85/4 :

यत्र येन यतो यस्य यस्मै यद् यद्यथा यदा ।
स्यादिदं भगवान् साक्षात् प्रधानपुरुषेश्वरः ।।

282 तत्रैव, 2/182 :

अखण्डं कृष्णवत्सर्वम् ।

283 त. दी. नि., 2/183 :

भाग. 11/28/6 :

आत्मैव तदिदं सर्वं सृज्यते सृजति प्रभुः ।

त्रायते त्राति विश्वात्मा ह्रियते हरतीश्वरः ।।

284 तत्रैव, 2/184 :

आत्मैव तदिवं सर्वं ब्रह्मैव तदिदं यथा ।

इति श्रुत्यर्थमादाय साध्वं सर्वैर्यथार्पितः ।

अयमेव ब्रह्मवादः शिष्टं मोहाय कल्पितम् ।।

## પ્રકરણ - ૩

## વિદ્વન્મંડનનો સારસંક્ષેપ.

શ્રીમદ્ વલ્લભાચાર્યના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ રચેલું "વિદ્વન્મંડન" શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન અને પુષ્ટિભક્તિનું નિરૂપણ કરતો એક સ્વતંત્ર અને ઉત્તમ વાદગ્રંથ છે ભારતીય પરંપરામાં વાદગ્રંથોનું આગવું અને અનોખું સ્થાન રહ્યું છે કારણ કે વાદ શબ્દનો અર્થ "તત્ત્વનિર્ણયની યુક્તિ" એમ કરવામાં આવે છે. આથી જ શ્રીમદ્ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે "વાદ કરનારાઓમાં હું વાદ છું."[૧]

સામાન્યતયા વાદ-શૈલીના ગ્રંથોમાં સ્વમતનું સ્થાપન અને પરમતનું ખંડન થતું હોય છે એટલે વાદ-શૈલીના ગ્રંથોમાં અન્ય ગ્રંથોની જેમ સ્પષ્ટપણે સિદ્ધાન્ત પ્રગટ થતો જોવા મળતો નથી. છતાંપણ તત્ત્વનું દર્શન તો થાય છે. આમ શાસ્ત્રોના અર્થોનું સ્વતંત્ર વિચાર-તર્કથી અને પ્રમાણોથી પ્રતિપાદન એ વાદગ્રંથોનો ધ્યેય રહ્યો છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનની રચના શુદ્ધાદ્વૈત મતને યુક્તિઓથી મઢીને, વિદ્વાનો માટે તર્કદૃષ્ટિએ સમજાવવા અર્થે કરેલી છે. સુવર્ણસૂત્રના પ્રારંભની પંક્તિઓ દ્વારા જણાય છે કે મુખ્ય ભક્તિમાર્ગ અને તેને ઉપયુક્ત બ્રહ્મવાદનો પ્રચાર ન થવાથી ઉત્પન્ન દુઃખ દૂર કરવા માટે વિદ્વન્મંડન રચના થઇ છે જેમાં પુષ્ટિમાર્ગનું અતિગોપનીયપણું અને સર્વ પ્રમાણોમાં શ્રેષ્ઠ એવા વેદોની સિદ્ધિનું સૂચન થયેલું છે.[૨] આમ ભક્તિ અને જ્ઞાનને પુષ્ટિભક્તિ તથા વેદથી અલંકૃત કરવાનો પ્રશસ્ય-પ્રયત્ન વિદ્વન્મંડનમાં સર્વત્ર થયેલો જોવા મળે છે. વિદ્વન્મંડનમાં જે મુખ્ય ભક્તિમાર્ગ છે તેમાં ત્રણનો સમાવેશ થયેલો છે. શુદ્ધપુષ્ટિ, મુખ્યપુષ્ટિ અને પુષ્ટિપુષ્ટિ ત્રણેય મળીને એક અખંડ પુષ્ટિમાર્ગ બને છે.[૩]

શ્રી વિઠ્ઠલનાથજીએ સાકાર બ્રહ્મવાદ અને ફલાત્મક પુષ્ટિમાર્ગનો પરિચય વિદ્વન્મંડનમાં આપેલો છે. આમ સાકાર બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગ એકબીજાના પર્યાય બને છે. આથી જ જેમ દોરામાં મણિઓનો સમૂહ હોય એમ મારામાં આ બધું જ પરોવાયેલું છે.[૪] અનુસાર સર્વ શાસ્ત્રોનો સમન્વય વિદ્વન્મંડનમાં થયો છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "શ્રુતિ-વેદ, સૂત્ર-બ્રહ્મસૂત્ર વગેરે રૂપી મણિઓથી જડિત, યુક્તિ તર્ક-રૂપી મોતીઓથી ગ્રંથિત એવું વિદ્વન્મંડન સુબુદ્ધિમાન શ્રી વિઠ્ઠલ રચે છે.[૫]

ઉપર્યુક્ત શ્લોકમાં શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાના વિદ્વન્મંડનના કર્તૃત્વની સ્પષ્ટ અને સુરેખ રૂપરેખા આપી દીધી છે.

વિદ્વાનોનું આભૂષણ-અલંકાર રૂપી વિદ્વન્મંડન ગ્રંથ કેવો હોય ! જેમાં વેદાદિ શાસ્ત્રો રૂપી મણિઓ જડેલાં હોય, યુક્તિઓ રૂપી મોતીઓ ગૂંથેલા હોય, આવો ગ્રંથ વિદ્વાનોની શોભા છે કારણ કે વિદ્વન્મંડનના અધ્યયનથી વિદ્વાનોની સભામાં વિજય થશે એવો આત્મવિશ્વાસ પ્રકટ થયેલો છે.[6] પ્રત્યેક વાદગ્રંથમાં-શાસ્ત્રમાં- પંચાંગ- અધિકરણ તરીકે આવેલા હોય છે.[7] ૧. વિષય-જ્ઞેય-વિષય. ૨. વિશય- સંશયસૂચક યુક્તિવચન ૩. પૂર્વપક્ષ ૪. સિદ્ધાન્તપક્ષ ૫. સંગતિ. આ પંચાંગ અનુસાર વિદ્વન્મંડનમાં પણ પૂર્તિ થયેલી છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ સંસારમાં વિવિધ વ્યાધિઓથી વ્યથિત-જનોની મુક્તિ માટે વેદાદિ શાસ્ત્રોમાં થયેલ "શ્રવણ" વગેરેનું પ્રતિપાદન નિરૂપ્યું છે. તેમાં "બ્રહ્મ" એ જ વિષય છે. કારણ કે આત્મા-બ્રહ્મ જોવા યોગ્ય, શ્રવણ યોગ્ય, મનન કરવા યોગ્ય અને ધ્યાન કરવા યોગ્ય છે.[8] આથી જ બ્રહ્મનો વિચાર આત્મકલ્યાણનું સાધન છે. આમ પ્રત્યેકના એકમેક મૂળ એવા બ્રહ્મનું જ સ્વરૂપ ચિંતનનો વિષય બને છે. બ્રહ્મ થકી જ સર્વ છે તેથી જ તે સર્વસ્વ છે આમ છતાં વેદાદિ શાસ્ત્રોમાં બ્રહ્મ અંગે ભિન્ન-ભિન્ન ક્રિયા પરસ્પર વિરૂદ્ધ નિરૂપણો અને વર્ણનો હોવાથી જિજ્ઞાસુઓના હૃદયમાં વિપ્રતિપત્તિ-

વિરૂદધજ્ઞાન-શંકા સજર્થિ છે.[૯] આથી સૌ પ્રથમ બ્રહ્મના સ્વરૂપનો વિચાર વિદવન્મંડનના પ્રારંભમાં જ કરવામાં આવ્યો છે.

બ્રહ્મસ્વરૂપ વિચાર :-

વેદાદિ શાસ્ત્રોમાં બ્રહ્મના સ્વરૂપ વિશે ઉભયપ્રકારક શ્રુતિ વાકયો પ્રાપ્ત થાય છે તેથી બ્રહ્મ સગુણ છે કે નિર્ગુણ છે આ સંબંધી શંકા થાય છે આમ શંકાનું નિરાકરણ કરવા માટે બ્રહ્મના સ્વરૂપનો વિચાર પ્રસ્તુત થયો છે.

બ્રહ્મનું નિર્ગુણ સ્વરૂપ બ્રહ્મબોધક શ્રુતિ વાકયોમાં જોવા મળે છે અને સગુણ સ્વરૂપ ગુણબોધક શ્રુતિવાકયોમાં જોવા મળે છે આથી નિર્ગુણ બ્રહ્મનો બોધ કરાવનારી શ્રુતિઓ ઉપજીવ્ય-આશ્રય-આધાર કહેવાય અને સગુણ બ્રહ્મનો બોધ કરાવનારી શ્રુતિઓ ઉપજીવક-આશ્રેય-આધેય કહેવાય. પરંતુ નિર્ગુણ બ્રહ્મનો બોધ કરાવનારી શ્રુતિ ઉપજીવ્ય છે કારણ કે આધારના નિરૂપણ વિના આધેયનું નિરૂપણ સંભવતું નથી. જયારે સગુણ બ્રહ્મનો બોધ કરાવનારી શ્રુતિ પણ ઉપજીવ્ય છે કારણ કે પ્રતિયોગિના નિરૂપણ વિના અભાવનું નિરૂપણ સંભવતું નથી આમ શ્રૌતપણું અને ઉપજીવ્યપણું સમાન હોવાથી એક પણનો બાધ યોગ્ય નથી.[૧૦]

બ્રહ્મના સ્વરૂપમાં ઉપજીવ્ય ઉપજીવક ભાવની કલ્પનાથી શ્રુતિ વાકયોને સબળ કે નિર્બળ કહેવામાં જરાય ઔચિત્ય નથી કારણ કે આવો વિરોધાભાસ તો શૂન્યવાદને લાવશે.[૧૧]

વેદમાં બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ અને નિષેધ એમ બન્ને છે છતાં જેમ ઘડો પહેલાં કૃષ્ણવર્ણનો હોય છે પછી લાલ થાય છે તેમ બ્રહ્મ પહેલાં નિર્ગુણ અને પછી સગુણ થાય તો તે સદા એકરસ હોવાથી તેવું સંભવતું નથી.[૧૨]

કેવલાદ્વૈત મત પ્રમાણે બ્રહ્મમાં ગુણોનો સ્વીકાર એ ઉપહિત-ઉપાધિયુક્ત-બ્રહ્મનું લક્ષણ છે અને બ્રહ્મમાં ગુણોનો અસ્વીકાર એ અનુપહિત-ઉપાધિયુક્ત-બ્રહ્મનું લક્ષણ છે.

શ્રી વિઠ્ઠલનાથજીના મંતવ્ય મુજબ સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મમાં અભેદ રહેલો છે. આથી તેઓ ઉપાધિયુક્ત બ્રહ્મનો અસ્વીકાર કરે છે. આમ બ્રહ્મ ઉપાધિયુક્ત હોવાથી જગતની પ્રતીતિ સહજપણે થાય છે. વળી ઉભયપ્રકારક બ્રહ્મ સર્વાધાર છે અર્થાત્ બ્રહ્મ પરસ્પર વિરૂદ્ધ બધા ધર્મોનો આધાર છે આથી તેમાં અચિંત્ય શક્તિ હોઇ તે સગુણ અને નિર્ગુણ છે. આમ નિર્ગુણ શ્રુતિથી સગુણ શ્રુતિનો બાધ થતો નથી.[૧૩]

બ્રહ્મ સ્વતંત્ર અને શુદ્ધ હોવાથી તે જગત્કર્તા છે આથી જ તેમણે પોતાને જાતે જ બનાવ્યું માટે જ તેનું નામ સુકૃત છે.[૧૪] કેવલાદ્વૈત સિદ્ધાન્તમાં જગત્કર્તૃત્વના પ્રશ્નને લઇને બ્રહ્મના બન્ને પ્રકારના લક્ષણોનું નિરૂપણ થયું છે. ૧. સ્વરૂપલક્ષણ. ૨. તટસ્થ લક્ષણ. સ્વરૂપ લક્ષણ અનુસાર બ્રહ્મનું નિર્ગુણ સ્વરૂપ સત્ય છે તેનો નિર્દેશ છે. જયારે તટસ્થ લક્ષણમાં બ્રહ્મના જગત્કર્તૃત્વનો પરિચય મળે છે. આમ આ વિસંગતિ દૂર કરવા માટે અધ્યારોપાપવાદનું નિરૂપણ કરીને સમાધાન આપવામાં આવ્યું છે.

વાસનાના પ્રભાવથી જગતની પ્રતીતિ થાય છે જેમ કોઇ આકાશગત વાદળોને જોઇને ભ્રમથી ચિત્રાકૃતિ દ્વારા હનુમાન કલ્પે, તેમ જગત પણ ચિત્તગત વાસનાઓથી ભ્રમજન્ય પ્રતીત થાય છે. અધ્યારોપાપ વાદનો આ કેવલાદ્વૈત સિદ્ધાંત શ્રી વિઠ્ઠલનાથજીએ સ્વીકાર્યો નથી કારણ કે વૈધર્મ્ય-અલગ ગુણધર્મને લીધે જગત સ્વપ્નાદિ સમાન નથી.[૧૫] આ સૂત્ર દ્વારા જગત અને સ્વપ્નમાં ભિન્નતાનું નિરૂપણ થયેલું છે. આમ શ્રી વિઠ્ઠલનાથજીએ જગતની પ્રતીતિ માટે કલ્પિત અધ્યારોપાપવાદનું ખંડન કર્યું છે.

અવિદ્યાથી જીવને જગતની પ્રતીતિ થાય છે તેવો કેવલાદ્વૈત સિદ્ધાંતનો વિચાર સ્વીકારવામાં આવ્યો નથી કારણ કે જીવોનું બ્રહ્મ સાથે તાદાત્મ્ય કહેવાયું છે. પરંતુ મિથ્યા જ્ઞાનથી તેમાં ભિન્નતા જણાય છે.[૧૬]

જીવના અવિદ્યા સાથેના સંબંધના પ્રશ્ને કેવલાદ્વૈત સિદ્ધાંતમાં આદિ શંકરાચાર્ય પછી જુદા જુદા ત્રણ વાદો અસ્તિત્વમાં આવ્યા. તેમાં વાચસ્પતિનો અવચ્છેદવાદ, સર્વજ્ઞાત્મમુનિનો પ્રતિબિંબવાદ અને સુરેશ્વરાચાર્યનો આભાસવાદ સમાવિષ્ટ થાય છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં ક્રમશ: ઉપર્યુક્ત ત્રણેય વાદોનું પોતાની શૈલીમાં નિરાકરણ કર્યું છે.

અવચ્છેદવાદ અનુસાર એક જ બ્રહ્મ અનેક અંત:કરણોમાં અવચ્છિન્ન થઇને અનેકરૂપે પ્રતીત થાય છે, જેમ એક જ આકાશ ઘટ, મઠ વગેરે.

ઉપાધિઓમાં અવચ્છિન્ન થઈને ઘટાકાશાદિ અનેક રૂપોમાં વિભક્ત થયેલું જોવા મળે છે.

આમ વાચસ્પતિ મિશ્ર અવિદ્યાથી જ્ઞાનને અવચ્છિન્ન માને છે પરંતુ આ અવિદ્યા જ્ઞાનના અભાવરૂપ નહીં, પરંતુ ભાવરૂપ છે આથી જીવ વિચિત્ર જગતની પ્રતીતિ કરે છે. આમ થવાથી જગત મિથ્યા છે.

અવચ્છેદવાદ અનુસાર અજ્ઞાનથી ઉપહિત જીવ જગતનું ઉપાદાન કારણ છે જયારે ઇશ્વર ઉપચારમાત્રથી જગત્કારણ માનવામાં આવે છે.[17]

અવચ્છેદવાદનો અસ્વીકાર :-

શ્રી વિઠ્ઠલનાથજી અવચ્છેદવાદનીધારણાનો અસ્વીકાર કરતાં જણાવે છે કે બ્રહ્મ સર્વજ્ઞ હોવાથી અનાદિ અવિદ્યા સાથે તેનો સંબંધ યુક્તિયુક્ત નથી.[18] અવિદ્યાના સંબંધથી યુક્ત બ્રહ્મ સર્વજ્ઞ નહીં પરંતુ અજ્ઞ હોય. આ પ્રમાણે જીવના સંબંધમાં પણ માનવામા આવે ! કારણ કે જીવ પણ અવિદ્યાના સંબંધથી અજ્ઞ થાય, વળી જીવ અને બ્રહ્મને એક માનવાથી બ્રહ્મ પણ અજ્ઞ થાય. આમ માયા અને અવિદ્યાના સ્વરૂપમાં ભેદ ન કરવાથી એક અવિદ્યાના સંબંધથી બ્રહ્મ સર્વજ્ઞ અને તે જ અવિદ્યાના સંબંધથી જીવ અજ્ઞ થાય, તેવા બે ભિન્ન સ્વરૂપોનું ઔચિત્ય નથી. આથી અવચ્છેદવાનો સ્વીકાર થઇ ન શકે.

પ્રતિબિમ્બવાદ :-

અવચ્છેદવાદમાં માયા અને અવિદ્યાને એક માન્યા હતાં. આથી પ્રતિબિંબવાદ તેના ભિન્ન ભિન્ન સ્વરૂપનું નિરૂપણ કરી

અવચ્છેદવાદના દોષનું નિરાકરણ કરે છે સંક્ષેપ શારીરકકાર સર્વજ્ઞાત્મમુનિ માયા અને અવિદ્યાને આ પ્રમાણે સમજાવે છે. તેઓના મત મુજબ બ્રહ્મનું માયામાં પ્રતિબિમ્બ તે ઇશ્વર અને બ્રહ્મનું અવિદ્યામાં પ્રતિબિંબ તે જીવાત્મા.

પ્રતિબિંબવાદનો અસ્વીકાર :-

શ્રી વિઠ્ઠલનાથજીએ અવચ્છેદવાદની જેમ પ્રતિબિંબવાદનો પણ અસ્વીકાર કર્યો છે. કારણ કે પ્રતિબિંબના સ્થાનમાં રૂપયુક્ત વસ્તુનું રૂપયુક્ત આધારમાં પ્રતિબિંબ પડે છે. જેમ રૂપયુક્ત ચંદ્રનું પ્રતિબિંબ રૂપયુક્ત જળમાં પડે છે, પરંતુ બ્રહ્મ રૂપહીન હોવાથી તેનું પ્રતિબિંબ રૂપહીન એવા અંતઃકરણમાં પડી ન શકે આથી જ શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે નહિતર વાયુ અને કાષ્ઠ બિંબ અને પ્રતિબિંબાશ્રય થાય![૧૯]

આભાસવાદ :-

વાર્તિકકાર સુરેશ્વરાચાર્ય આભાસવાદના પ્રવર્તક મનાય છે. તેમના મત અનુસાર આત્મા જ સત્ય છે પરંતુ અજ્ઞાનથી ઉપહિત આત્મા ચિદાભાસના અવિવેકથી અન્તર્યામી, સાક્ષી અને ઇશ્વર એ નામથી ઓળખાય છે[૨૦] આમ આભાસવાદ એક ઇશ્વર અને અનેક જીવમાં માને છે.

આભાસવાદ અનુસાર દર્પણમાં પ્રતિબિંબત મુખાકૃતિ જે પ્રતિબિંબનું અધિષ્ઠાર કે આશ્રય છે તે. મૂળ બિંબથી ભિન્ન અને અસત્ છે. આજ રીતે આત્મા પણ અજ્ઞાનથી ઉપહિત થઇને આભાસના મૂળ સ્વરૂપથી ભાનજ્ઞાન પામતો નથી.

આભાસવાદનો અસ્વીકાર :-

શ્રી વિઠ્ઠલનાથજીએ વિવિધ તર્કો અને પ્રમાણો દ્વારા આભાસવાદનું નિરાકરણ કર્યું છે. તેમના મતાનુસાર કેવલાદ્વૈત મત અંગુલિ વગેરેના સંપર્કથી ચંદ્રાદિમાં દ્વૈતનો ભાસ થાય છે, તેમ બ્રહ્મ અવિદ્યાથી અનેક હોય એમ ભાસે તે વિદ્યાવાનો એ આદર કરવા યોગ્ય મત નથી. કારણ કે બ્રહ્મને ભ્રમનો યોગ-સંયોગ ન હોવાથી તેવો ભ્રમ-આભાસ થતો નથી.[૨૧] વળી જીવને પણ આભાસ થતો નથી. કારણ કે આભાસનો વિષય છે. આથી જ "જીવ આભાસ જ છે" એમ કહ્યું છે. એટલે જ જીવમાં આનન્દાંશનો તિરોભાવ થયો છે.[૨૨] આમ જીવ બ્રહ્મ નથી પરંતુ બ્રહ્મ સમાન છે અર્થાત્ બ્રહ્મનો આભાસ છે. આભાસ વાદની ધારણા અનુસાર બ્રહ્મ અને અવિદ્યાનો સંબંધ છે, તેનો શ્રી વિઠ્ઠલનાથજીએ અસ્વીકાર કર્યો છે.

બ્રહ્મનો જીવ સાથે અવિદ્યાથી સંબંધ સ્થાપવાના કેવલાદ્વૈત સિદ્ધાંતને "તત્ત્વમસિ" મહાવાક્ય પુરસ્કૃત કરે છે પરંતુ શ્રી વિઠ્ઠલનાથજીએ મહાવાક્યના સીમિત શબ્દોનો નહિ, પરંતુ સંપૂર્ણ પ્રપાઠકનો મહાવાક્ય તરીકે સ્વીકાર કર્યો છે.

"તત્ત્વમસિ" મહાવાક્યનો વિચાર :-

શ્રી નવિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં તત્ત્વમસિ મહાવાક્યનો બે સ્થળે વિચાર પ્રસ્તુત કર્યો છે. ૧. આભાસવાદના અસ્વીકારની ચર્ચા પ્રસંગે. ૨. બ્રહ્મના સર્વરૂપ હોવાની અર્થાત્ અખંડ બ્રહ્મના જ્ઞાનની ચર્ચા પ્રસંગે. બન્ને સ્થળે કરેલી ચર્ચાનો સંદર્ભ જુદો હોવા છતાં તેમાં તત્ત્વની એકતા જ સમાયેલી છે.

શ્રી વિઠ્ઠલનાથજી જીવને બ્રહ્મરૂપે નહીં પરંતુ બ્રહ્મને સર્વરૂપે સ્વીકારે છે. આથી "તત્ત્વમસિ" એ મહાવાક્યના ચાર જ અક્ષર મહાવાક્ય નથી, પરંતુ અઢાર અક્ષરનું સંપૂર્ણ પ્રપાઠક-મહાવાક્ય છે.[23]

મહાવાક્યમાં નિરૂપિત "ઐતદાત્મ્ય" શબ્દ બ્રહ્મસ્વરૂપનો જ અર્થ સમજાવે છે. તેમાં રહેલ ભાવવાચક પ્રત્યય સદંશરૂપ ધર્મ અભિવ્યક્ત કરે છે. "તત્ત્વમસિ" ચિદંશરૂપ ધર્મ પ્રગટ કરે છે તત્ અને ત્વમ્ પદ જડ અને જીવ બ્રહ્મનું સાર્વરૂપ છે એમ અભિવ્યક્ત કરે છે તત્ સત્યમ પદમાં તત્ શબ્દ જડ જગતનો પરિચય કરાવે છે. આમ જગત સત્ય છે, એમ છતાં "અસત્માંથી સત્ કેવી રીતે થયું?[24] એ પ્રશ્નના ઉત્તરમાં જ તે જગત-સત્ય છે અર્થાત જગતની ઉત્પત્તિ કે નાશ થતાં નથી પરંતુ આવિર્ભાવ અને તિરોભાવ થાય છે.

આવિર્ભાવ- તિરોભાવ વિચાર :-

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં આવિર્ભાવ અને તિરોભાવનો વિચાર અત્યન્ત વિસ્તૃતરૂપમાં આપ્યો છે. અહીં પૂર્વપક્ષમાં નૈયાયિક પક્ષની દલીલોમાં જગતની ઉત્પત્તિ અને વિનાશની રજૂઆત થઇ છે જયારે ઉત્તરપક્ષમાં શ્રી વિઠ્ઠલનાથજી જગત્સત્યત્વ સ્થાપિત કરવા માટે અને આવિર્ભાવતિરોભાવના વિચારને પુષ્ટિ આપવા માટે વિવિધ પ્રમાણો અને તર્કો પ્રસ્તુત કરે છે.

આવિર્ભાવ અને તિરોભાવ એ બન્ને ભગવાનની શક્તિઓ છે.[25] જગત બ્રહ્મનું જ સ્વરૂપ છે માટે બ્રહ્મની શક્તિઓ તેમાં હોય એ

સ્વાભાવિક છે. પરમાત્માની વિવિધ અને અદભુત શક્તિ સંભળાય છે[26] અને પરમાત્મા વિવિધ શક્તિ યુક્ત થઇ અનેકરૂપે પ્રતીત થાય છે[27] આ વાક્યોમાં આવિર્ભાવ અને તિરોભાવ બ્રહ્મની શક્તિરૂપે જ સમજાય છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે આવિર્ભાવ તેવી શક્તિ છે જેના દ્વારા વસ્તુઓમાં અનુભવનો વિષય થવાની યોગ્યતા આવે છે અને તિરોભાવ તેવી શક્તિ છે જેના દ્વારા વસ્તુઓ એટલી આચ્છાદિત થઇ જાય છે કે તે અનુભવના યોગ્ય પણ રહેતી નથી.[28]

આવિર્ભાવ અને તિરોભાવનો વિચારવસ્તુની નિત્યતાનો બોધ કરાવે છે. આ વિચાર દષ્ટિ અનુસાર ભૂતકાળમાં થયેલી પ્રત્યેક વસ્તુઓ અને ભવિષ્યમાં થનારી વસ્તુઓ ભગવાનમાં અસ્તિત્વ ધરાવે છે અને ભગવાનની ઇચ્છા અનુસાર જ તેનું જ્ઞાન થાય છે કે થતું નથી.[29]

ભગવાન આવિર્ભાવ અને તિરોભાવરૂપ કાર્ય દ્વારા જીવોમાં કેટલીક શક્તિઓ અને ગુણો તિરોહિત કરે છે અને કેટલીક શક્તિઓ આવિર્ભૂત કરે છે, જે ભગવાનમાં અસ્તિત્વ ધરાવે છે.

આમ આવિર્ભાવ અને તિરોભાવ જીવનું બ્રહ્મના અંશ તરીકેનું પ્રમાણ પુરસ્કૃત કરે છે.

<u>બ્રહ્માંશ તરીકે જીવ :-</u>

વિદ્વન્મંડનમાં જીવતત્ત્વ વિશદ અને વિસ્તૃત ચર્ચા પામ્યું છે. શ્રી વિઠ્ઠલનાથજી જીવનું અંશ હોવાનું પ્રમાણ આપતાં કહે છે કે વેદથી,

બ્રહ્મસૂત્રોથી અને ભગવદ્‌ગીતાથી જીવ અંશ છે, અને તેઓનું પોતાના અર્થમાં પ્રામાણ્ય હોવાથી તેમના થકી જીવ અણુ જ છે.[30] આમ જીવ અણું છે એમ તેઓ ભાર-પૂર્વક જણાવે છે.

શાસ્ત્રોની આપ્તતા દવારા જીવનું અંશત્વ જાણી શકાય છે. કારણ કે જીવ બ્રહ્મનો અંશ છે, તે બ્રહ્મથી ભિન્ન છે. જેમ બધાય જીવો પરમાત્મામાંથી નીકળે છે વળી ખરાબ કર્મ કરનારાઓ (ખરાબ યોનિમાં જાય છે) અને સારા કર્મ કરનારાઓ (સારી યોનિમાં મેળવે છે)[31] શ્રુતિના વાકયોથી જીવનું બ્રહ્માંશત્વ અને બ્રહ્મ ભિન્નત્વ એમ બન્ને જોવા મળે છે. આથી બ્રહ્મમાંથી જડ અને જીવો, અગ્નિમાંથી તણખાની જેમ પરસ્પર વિલક્ષણતાથી બહાર આવ્યા.

જીવનું અંશત્વ ઔપચારિક નથી કારણ કે તેમ માનવાથી જીવ આભાસ કે પ્રતિબિંબ થાય છે આમ જીવ મિથ્યા ઠરે છે જ્ઞાનઘન એવા પરમાત્મા મિથ્યા જીવનું નિયમન કે તેમાં સ્થિતિ કરે તે સંભવતું નથી.[32] આથી જીવ અંશ છે.

શ્રી વિઠ્ઠલનાથજી જીવના અંશત્વનું પૂરી પ્રતિપાદન કરતાં જણાવે છે કે બ્રહ્મસૂત્ર અનુસાર વેદોના અર્થનું નિરૂપણ કરવામાં આવે તો જીવ અણુ જ સિદ્ધ થાય છે. વિપરીત તો વિપરીત જ થાય.[32]

જીવ અણુ છે તેથી તેનું ચૈતન્ય વ્યાપક નથી એમ માની ન શકાય કેમ કે ચંપક પુષ્પની સુગંધ દૂર દિશાઓમાંથી પણ આવે છે.

વિષમતા અને નિર્દયતા દોષનો પરિહાર :-

જીવ ભગવાનનો અંશ હોવાથી તેમાં ભગવદ્ ગુણોનો અભાવ અને દુષ્ટ ગુણોનો પ્રભાવ જોવા મળે છે ! આવી જાતની શંકા ભગવાનમાં વિષમતા અને નિર્દયતાના દોષની શંકા ઉત્પન્ન કરે છે.

આથી વિઠ્ઠલનાથજી કહે છે રાજાઓ જેમ પોતાના સેવકોના ધન ઇત્યાદિનું કયારેય પણ હરણ કરે છે અને તેનીસેવાથી સંતોષ પામીને ફરી પાછું એમને તે આપી દે છે. તોય પછી ભગવાન તો સંપૂર્ણ જગતના નિયંતા અને કારણના પણ કારણ હોવાથી પોતાના સેવકનું વિપરીત કરે તેવી શંકા શા માટે?[34] અર્થાત્ ભગવાનમાં દોષોની શંકા અસ્થાને છે.

ભગવાનમાં - બ્રહ્મમાં વિષમતા કે નિર્દયતા દોષો નથી. કારણ કે બ્રહ્મને જીવના પ્રયત્નની અપેક્ષા હોય છે આથી જ શાસ્ત્રના વિહિત અને નિષિદ્ધ કર્મો વ્યર્થ જતાં નથી.[35] જીવના પ્રયત્નથી પરમાત્માની ફલ-દાનની જે ઇચ્છા થાય તે જ કારણ પણાથી ઉંચે લઇ જવા ઇચ્છે છે, નીચે લઇ જવા ઇચ્છે છે. વાકયમાં દર્શાવી છે.

અહીં શ્રીમદ્વલ્લભાચાર્ય પણ નોંધે છે કે જ્યાં જીવને પરમાત્મા બીજી રીતે ફળ આપે છે, તે જીવ પુષ્ટિમાર્ગને છે.[36]

જીવના વ્યુચ્ચરણનો વિચાર :-

શ્રી વિઠ્ઠલનાથજીએ જીવના વ્યુચ્ચરણનો વિચાર વિદ્વન્મંડનમાં

પ્રસ્તુત કર્યો છે વ્યુચ્ચરણ. એટલે ઉત્પત્તિ નહીં, "જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગ વ્યુચ્ચરે છે"[37] દ્વારા જીવનું અંશત્વ કહેવામા આવ્યું છે અહીં પણ વિસ્ફુલિંગ ન્યાયથી જીવનું વ્યુચ્ચરણ એ ઉત્પત્તિ નથી કારણ કે વ્યુચ્ચરણ સમયે પરિચ્છિન્ન-મર્યાદિત સ્વરૂપવાળા શરીરનો અભાવ અને જીવના આગમનનો પણ અભાવ હોવાથી ઉત્પત્તિનો પણ અભાવ હોય છે.[38]

જીવોના વ્યુચ્ચરણને વિભાગ પણ કહેવાય છે. આથી વ્યુચ્ચરણના સમયે જીવોના સ્વરૂપ અને ધર્મમાં વિપરીતભાવ જોવા મળતો નથી. આમ બ્રહ્મમાંથી જીવોનું વ્યુચ્ચરણ થાય છે.

વિરૂદ્ધ ધર્માશ્રયત્વ :-

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને શાસ્ત્રોના સમન્વયનું વિરૂદ્ધધર્માશ્રયત્વ-માં એક સાથે દર્શન થાય છે. બ્રહ્મ-ભગવાન વિરૂદ્ધધર્મોનો આશ્રય કરે છે. તે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો મહત્વપૂર્ણ સિદ્ધાન્ત વિદ્વન્મંડનમા સવિસ્તર ચર્ચા પામ્યો છે.

બ્રહ્મ શ્રુતિના પ્રમાણના આધારે જગત્કર્તા છે આથી જ કહ્યું છે શ્રુતિ વાક્યોથી બ્રહ્મ કેવલ વેદના શબ્દોથી જ બરાબર જાણી શકાય છે.[39] આમ શ્રુતિના પ્રમાણેના આધારે બ્રહ્મ વિરૂદ્ધધર્મોનો આશ્રય છે. આથી જ બ્રહ્મ અણુથી પણ અણુ મહાનથી પણ મહાન,[40] અસ્થૂલ-જાડું નથી, અનણુ-અણુ નથી: ઝીણું નથી.[41] જેવા શ્રુતિવાક્યો બ્રહ્મનું વિરૂદ્ધ-ધર્માશ્રયપણું વ્યક્ત કરે છે.

બ્રહ્મનું વિરૂદ્ધધર્માશ્રયપણું જ બ્રહ્મનું સર્વધર્મત્વ અને સર્વરસત્વ પ્રકટ કરે છે. માટે જ કહ્યું છે કે બ્રહ્મ સર્વ ઇન્દ્રિયોના ગુણોથી ભાસતું, સર્વ ઇન્દ્રિયોથી અત્યન્ત રહિત, અસક્ત-સંબંધ રહિત અને સર્વને ધારણ કરનારું અને નિર્ગુણ તથા ગુણોને ધારણ કરનારું છે.[૪૨]

બ્રહ્મના ધર્મો-ગુણો લૌકિક નથી પરંતુ અલૌકિક દિવ્ય છે. આથી જ કહ્યું છે કે પ્રકૃતમાં- બૃ. ઉ. ના ગાર્ગી પ્રકરણમાં - આટલાપણાનો શ્રુતિ નિષેધ કરે છે, અને પછી ફરી અપ્રાકૃત ધર્મો કહે છે.[૪૩] આમ બ્રહ્મમાં જાગતિક ધર્મો નથી, પરંતુ સહજ અનન્તગુણો રહેલા છે. બ્રહ્મના બે સ્વરૂપોનું વર્ણન વેદોમાં પ્રાપ્તિ થાય છે તેથી તે સર્પના કૂંડાળાની જેમ હોય છે અર્થાત્ જેમ સર્પ સરળ સીધો હોય છે છતાં અનેક આકાર લે છે અને અને કૂંડાળું વાળીને રહે છે, તેમ બ્રહ્મ પણ સર્વ પ્રકારનું છે અને ભક્તની ઇચ્છા અનુસાર પ્રગટ થાય છે.[૪૪]

સગુણ બ્રહ્મવાદ :-

બ્રહ્મ સર્વધર્મ અને વિરૂદ્ધધર્મોથી વિભૂષિત છે એટલે બ્રહ્મના વિવિધ સ્વરૂપોમાં અનેકતા છતાં પણ એકતા સમાયેલી છે બ્રહ્મના સ્વરૂપનું વૈલક્ષણ્ય જોવા મળે છે કારણ કે કાર્ય અને કારણ, અંશ અને અંશીની વિલક્ષણતા યોગ્ય છે.[૪૫] આથી બ્રહ્મના સાકારપણાનું વ્યાપક સમર્થન વિદ્વન્મંડનમાં થયેલું જોવા મળે છે. જો કે બ્રહ્મ સર્વધર્મોને ધારણ કરે છે, છતાં સગુણ-સાકાર બ્રહ્મવાદને શ્રી વિઠ્ઠલનાથજીએ સમર્થન આપ્યું છે કારણ કે શ્રીમદ્ વલ્લભાચાર્ય પણ સાકાર બ્રહ્મવાદના સ્થાપક છે,[૪૬] એમ સ્વયં વિઠ્ઠલનાથજી કહે છે.

બ્રહ્મના સાકારપણાના નિરૂપણ દ્વારા જગત્સર્જનનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે. બધી બાજુએ નેત્રોવાળો, બધી બાજુએ મુખોવાળો, બધી બાજુએ હાથવાળો અને બધી બાજુએ પગવાળો છે. તે એકમાત્ર દેવ દ્યુલોક અને પૃથ્વીની રચના કરતો રહીને બે ભુજાઓ અને પતત્રથી-પગ અને પાંખોથી-યુકત કરે છે.[૪૭]

બ્રહ્મ સર્વવ્યાપક અને સર્વશકિતમાન હોવાથી તેના સગુણપણામાં કોઇ બાધ આવતો નથી. વળી તે વિરૂદ્ધધર્માશ્રયપણાને લીધે પણ સગુણ હોવાનું પ્રતીત થાય છે. આથી શ્રીમદ્ વલ્લભાચાર્ય પણ કહે છે, પ્રત્યક્ષ અને અનુમાનથી, શ્રુતિ અને સ્મૃતિથી, બ્રહ્મ સાકાર અને અનન્ત ગુણથી પરિપૂર્ણ છે, નહિ કે ફકત અવ્યકત જ છે એમ નિશ્ચય થાય છે.[૪૮]

લીલાની નિત્યતા :-

વિદ્વન્મંડનમાં બ્રહ્મની જ્ઞાનલક્ષી તત્ત્વચર્ચાનું જેટલું વિસ્તૃત નિરૂપણ થયું છે તેટલું ભગવલ્લીલાની દિવ્ય અને રમ્ય ચર્ચા દ્વારા ભકિતતત્ત્વનું પણ હૃદયંગમ નિરૂપણ થયું છે.

ભગવાનની લીલા ભગવાનનું સામર્થ્ય અને સર્વ વ્યાપકતાનું દર્શન કરાવે છે. આથી જ કહ્યું છે કે જે પૃથ્વીની અંદર રહે છે, છતાં પૃથ્વીથી અળગો રહે છે, જેને પૃથ્વી જાણતી નથી, પૃથ્વી જેનું શરીર છે, જે પૃથ્વીની અંદર રહ્યો રહ્યો તેને નિયમમાં રાખે છે તે તમારો આત્મા છે તે અંતર્યામી છે તે અમર છે.[૪૯] આમ આ શ્રુતિ વાકય બ્રહ્મને આધાર અને આધેય એમ બન્ને કહે છે. આથી બ્રહ્મની વિરૂદ્ધાધર્માશ્રયતાનું

જ પ્રતિપાદન થયું છે. આ લીલા નિત્ય છે તે દામોદર લીલાના પ્રસંગમાં જોઇ શકાય છે કારણ કે વ્યાપક બ્રહ્મ પણ પ્રાદેશમાત્ર અંગુષ્ઠ જેટલું - હોઇ શકે છે. આમ લીલા એ બ્રહ્મની ચિદ્રુતન-નિત્ય ક્રીડા છે જેનું ભક્તો તત્ત્વથી ચિન્તન કરતા હોય છે. શ્રીમદ્ભાગવતની કથાનું શ્રવણ કરાવતાં શ્રી શુકદેવજી પરીક્ષિત રાજાને જે કહે છે તેમાં ક્રિયાત્મક લીલાને લક્ષ્ય કરીને "વર્તમાન કાળ" કે કૃદંતનો ઉપયોગ કર્યો છે આમાં લીલાની નિત્યતા જ જોવા મળે છે. ગોપીગીતમાં પણ "તમારા જન્મથી વ્રજભૂમિ અધિક જય પામે છે."[50] માં વર્તમાન કાળની ક્રિયા જ લીલાનું નિત્યત્વ અનાવૃત કરે છે - પ્રગટ કરે છે.

ભગવાનના નામ, કર્મ અને સ્વરૂપની નિત્યતા :-

ભગવાનની લીલા નિત્ય છે તેમ નામ અને રૂપ પણ નિત્ય છે એમ શ્રી વિઠ્ઠલનાથજી માને છે. શ્રીમદ્ભાગવતમાં દશમસ્કંધમાં ભગવાન કૃષ્ણના નામકરણ સંસ્કારના પ્રસંગમાં ગર્ગ કહે છે તમારા પુત્રના ગુણ અને કર્મને અનુરૂપ નામ અને રૂપ અનેક છે તેને હું જાણું છું, બીજા કોઇ જાણતા નથી.[51] આમ ગુણ કર્મને અનુરૂપ ભગવાનના નામ અને રૂપની નિત્યતાનું અહીં દર્શન થાય છે.

જેમ ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને ધારણ કર્યો આથી તેમનું નામ "ગોવર્ધન ધરણ" પડ્યું એક હાથ ઉપર ગોવર્ધન અને એક હાથકમર ઉપર હોઇ તે શરણાગત ભક્તોને કૃપાદ્રષ્ટિ દ્વારા અભય વચન આપે છે. આ રૂપ છે. આમ નામ અને રૂપ લીલાના સંબંધથી નિત્ય માનવામાં આવે છે.

લીલાનું વૈદિક સ્વરૂપ અને વેદમાં લીલા સ્વરૂપનો વિચાર :-

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં વૈદિક મંત્રોના ઉદાહરણો અને તારણો દ્વારા લીલાની નિત્યતા સમજાવી છે. ઋગ્વેદ અને તૈત્તિરીય સંહિતાના મંત્રોના નવીનતમ અર્થો દ્વારા લીલાનું નિત્યત્વ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ઋગ્વેદના મંત્રમાં એ તમારાં બેનાં - કૃષ્ણ અને બલરામનાં રહેઠાણ મેળવવા ઇચ્છીએ છીએ. જ્યાં, ગોકુલમાં, મોટા શીંગડાવાળી ગાયો શુભ સ્થાનમાં તે બહુ કીર્તિવાળા ભગવાનનું ગોપીના કામને વરસાવનાર તે ગોકુલ વૈકુંઠથી વધારે પ્રકાશે છે.[૫૨]

અહીં ગોકુલની નિત્યતા સમજાવાઇ છે. વિષ્ણુના કર્મો જુઓ અને વિષ્ણુના પરમધામનું ભક્તો નિત્ય દર્શન કરે છે.[૫૩] વળી સૂરિઓ ભક્તો નિત્ય દર્શન કરે છે - અર્થાત્ સૂરિપણું, પરબ્રહ્મનું જ્ઞાન ભક્તિ દ્વારા થાય છે. આથી ભક્તો પરમપદને નિત્ય જુએ છે. આમ સર્વત્ર લીલાની નિત્યતાનું દર્શન કરાવેલ છે. ભગવાન-બ્રહ્મ નિત્ય હોઇ તેમની લીલા પણ નિત્ય હોય તે ભક્તિમાર્ગીય દ્રષ્ટિકોણથી સ્વીકાર્ય છે. શ્રી વિઠ્ઠલનાથજીએ લીલા સંબંધી સર્વ વસ્તુની નિત્યતાનો સ્વીકાર કરીને લીલા સાથેનો ભગવાનનો અભિન્ન સંબંધ સ્થાપ્યો છે અથવા લીલાનું ભગવત્સ્વરૂપ દિવ્યતાથી નિત્ય પ્રકાશે છે તેથી તે લીલાનો રસાનુભવ ભક્તો જ કરી શકે છે.

વિદ્વન્મંડનના વિભિન્ન વિષયો શુદ્ધાદ્વૈત જ્ઞાન તથા પુષ્ટિમાર્ગીય ભક્તિનું દર્શન કરાવે છે આથી જ વિદ્વન્મંડન વિદ્વાનોનું

આભૂષણ કહેવાય છે. અહીં જ્ઞાનનો પ્રકાશ અને ભક્તિની ભીનાશ સમન્વિત રીતે ઉદય પામ્યા છે. વેદાદિ શાસ્ત્રોના પ્રમાણો અને યુક્તિઓનું બળ વિદ્વન્મંડનની શક્તિના સ્રોત છે.

વાદ શૈલીને અનુરૂપ ગંભીર છતાં પ્રસાદ ગુણયુક્ત ભાષા વિદ્વન્મંડનનું વૈશિષ્ટ્ય છે.

સમીક્ષાત્મક નોંધ :-

શ્રી વિઠ્ઠલનાથજી વિરચિત "વિદ્વન્મંડન" શુદ્ધાદ્વૈત દર્શનનો પ્રતિપાદક અનુપમ વાદગ્રંથ છે. વિદ્વન્મંડનમાં વ્યક્ત થયેલી દલીલો અને ઉક્તિઓ દ્વારા એ સ્પષ્ટ થાય છે કે શ્રી વિઠ્ઠલનાથજી એક અસાધારણ બુદ્ધિ પ્રતિભા ધરાવનાર મહાન તત્ત્વજ્ઞાની અને ભગવાનના ભક્ત હતા.

શ્રીમદ્ વલ્લભાચાર્ય વેદ, રામાયણ, મહાભારત, પંચરાત્ર અન્ય શાસ્ત્ર વચનો, બ્રહ્મસૂત્રો વગેરેના અર્થનો નિર્ણય શ્રીમદ્ભગવદ્-ગીતામાં થયેલો જણાવે છે. આમ તેમણે ભક્તિમાર્ગ અને બ્રહ્મવાદનો નિર્ણય શ્રીમદ્ભગવદ્ગીતામાં આપી "ભગવદ્કર્મ" સમજાવ્યો છે. આથી જ શ્રી વિઠ્ઠલનાથજીએ તેમને સર્વોત્તમ સ્તોત્રમાં વેદપારગઃ કહ્યા છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય તત્ત્વાર્થદીપનિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં જ્ઞાનનું પ્રમાત્મક સ્વરૂપ સમજાવે છે. અહીં જ્ઞાન અને ભક્તિની

એકનિષ્ઠતાનો પરિચય પ્રાપ્ત થાય છે. વિદ્યાની દેવી વાણી-સરસ્વતી ચતુર્દશ વિદ્યા સ્વરૂપા છે. આથી જ ભગવાન કહે છે કે એ વાણીના હૃદયનું તાત્પર્ય મારા વિના બીજો કોઇ જાણી શકતો નથી. (શ્રીમદભગવદ્-૧૧।૨૧।૪૨) આમ જ્ઞાન અને ભક્તિનું સમન્વયાત્મક સ્વરૂપ સ્થાપિત થાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય સુબોધિની ૧।૯।૩૩ માં કહે છે, પ્રમાણ માર્ગમાં બુદ્ધિનું ફળ છે, પરંતુ પ્રમેયમાર્ગમાં વસ્તુ ભગવાનની શક્તિનું ફળ છે. પુષ્ટિ એ ભગવાનની શક્તિ છે. આમ ભગવાનની શક્તિ-પુષ્ટિથી પ્રતિ થતું ફળ એ પુષ્ટિમાર્ગનો પ્રમેયમાર્ગ છે. આથી જ શ્રી વિઠ્ઠલનાથજી વિદ્વન્મંડનમાં ભગવત્સ્વરૂપને પુષ્ટિસ્વરૂપ કહે છે. (વિદ્વન્મંડન, પૃ.૨૫૭)

ચિત્સુખીકાર શ્રી ચિત્સુખાચાર્ય પ્રમેયની સિદ્ધિ પ્રમાણને અધીન માને છે અને પ્રમાણોની સિદ્ધિ લક્ષણોને અધીન માને છે. (તત્વપ્રદીપિકા, શ્લોક, ૧૮) છતાં પુષ્ટિમાર્ગ કેવળ પ્રમાણની અધીનતા સ્વીકારતો નથી. પરંતુ પ્રમેય બળ - સર્વ વેદ વગેરેથી જાણવા યોગ્ય ભગવાનનું બળ જ સર્વશ્રેષ્ઠ માને છે.

વિદ્વન્મંડનના અભ્યાસ પરથી નીચેનાં મુદ્દાઓ સારભૂત તત્વ તરીકે વિચારણીય બની રહે છે.

(૧) વેદો અને પુરાણોનો પ્રતિપાદ્ય વિષય એકમાત્ર બ્રહ્મ જ છે.

(૨) બ્રહ્મમાં સવિશેષ સગુણનો કે નિર્વિશેષ નિર્ગુણનો ભેદ નથી. કારણ કે સર્વ વેદાન્તમાં પ્રસિદ્ધ બ્રહ્મનો ઉપદેશ છે.

(૩) બ્રહ્મમાં ઉપાધિ સંભવતી નથી. કારણ કે ઉપહિત બ્રહ્મ ઉપાધિને અધીન હોવાથી સ્વતંત્ર નથી. કર્તા સ્વતંત્ર હોય છે. તેથી અસ્વતંત્ર બ્રહ્મ કર્તા ન હોઇ શકે.

(૪) જગતની પ્રતીતિ શ્રુતિસિદ્ધ નથી. પરંતુ લોકસિદ્ધ છે.

(૫) સર્વજ્ઞ-બ્રહ્મને અજ્ઞ- અવિદ્યાનો સંબંધ હોઇ શકે નહિ.

(૬) દષ્ટાનુસાર-જોયેલી વસ્તુને અનુસરીને કલ્પના કરવી જોઇએ. આવું ન થાય તો પવન અને કાષ્ઠ બિંબ અને પ્રતિબિંબનો આશ્રય બને.

(૭) વેદ વ્યાવહારિક પ્રમાણ અને જીવના અજ્ઞાનથી કલ્પિત નથી.

(૮) બ્રહ્મના સાક્ષાત્કારથી જ નાશ પામનારી અવિદ્યા બ્રહ્મ સાક્ષાત્કાર થયા પછી રહી શકે નહિ.

(૯) બ્રહ્મને ભ્રમ હોતો નથી. તથી અવિદ્યાસંબંધથી તે અનેક હોય તેમ ભાસતું નથી.

(૧૦) "ભૂતઘટ" અને ભાવિ ઘટ" જેવાં વ્યવહાર વસ્તુની નિત્ય સત્તાનો સ્વીકાર કરે છે. આમ આવિર્ભાવ અને તિરોભાવનો અનુભવ કરી શકાય છે.

(૧૧) ભગવાનનો આવિર્ભાવ એ ભગવાનની શક્તિ છે.

(૧૨) બ્રહ્મજ્ઞાનથી સંસાર રૂપી અજ્ઞાન દૂર થાય છે. ભગવત્કાર્ય પ્રપંચ જગત નહિ.

(૧૩) જીવન ભગવાનો અંશ છે કારણ કે વિવિધ વ્યપદેશ નામથી જીવનું નિરૂપણ થયું છે.

(૧૪) આનન્દાંશનો તિરોભાવ જીવભાવનો આવિર્ભાવ કરે છે.

(૧૫) આનંદનો આવિર્ભાવ બ્રહ્મભાવનો આવિર્ભાવ કરે છે.

(૧૬) બ્રહ્મનું જ્ઞાન શ્રુતિ-વેદથી જ થાય છે.

(૧૭) જીવ અણુ છે. કારણ કે તેને વ્યાપક કહેનારી શ્રુતિઓ બ્રહ્મ-વર્ણન પ્રસંગમાં આવેલી છે.

(૧૮) બ્રહ્મ સર્વ વિરૂદ્ધધર્મનો આશ્રય છે. કારણ કે શ્રુતિ બ્રહ્મમાં પરસ્પર વિરૂદ્ધધર્મનું પ્રતિપાદન કરે છે.

(૧૯) બ્રહ્મનું સગુણ સ્વરૂપ વાસ્તવિક છે, અવિદ્યાકલ્પિત નથી. કારણ કે "જે બ્રહ્મને પ્રથમ બનાવે છે" એ શ્રુતિ બ્રહ્મ જ જગત્કર્તા હોવાનું નિરૂપે છે.

(૨૦) સત્યસંકલ્પવાળા ભગવાનના દર્શનથી પણ સ્વરૂપનું જ્ઞાન થતું નથી. કારણ કે તેમાં ભગવાનની ઇચ્છા જ પ્રતિબંધક હોય છે.

(૨૧) બ્રહ્મ લૌકિક ધર્મરહિત અને સહજ અનંત અલૌકિક ધર્મયુક્ત છે.

(૨૨) બ્રહ્મ રસસ્વરૂપ છે. આથી જ તે રસોમાં મુખ્ય એવા શ્રૃંગારરસનો આધાર છે.

(૨૩) બ્રહ્મના ધર્મો બ્રહ્મથી અભિન્ન છે તેથી તે સચ્ચિદાનન્દરૂપ છે.

(૨૪) ભગવાનની લીલા, નામ અને રૂપ નિત્ય છે.

(૨૫) વેદના કતિપય-કેટલાંક મંત્રોમાં ભગવાનની લીલાનું સ્વરૂપ નિગૂઢ રહેલું છે. વળી લીલાના સ્થાનો-ધામો વ્યાપક અને સત્ય છે.

(૨૬) પ્રભાસીય લીલા - ભગવાન શ્રીકૃષ્ણના સ્વધામગમનની લીલા અસુરોને વ્યામોહ પમાડનારી લીલા છે, કારણ કે ભગવાન વિષ્ણુના ક્યાંય દોષો નથી.

(૨૭) અભાવો ભાવસ્વરૂપ છે. કારણ કે બ્રહ્મમાં તેનો ઉપયોગ સંભવે છે.

(૨૮) શ્રુતિ અનુસાર ભક્તિથી જ બ્રહ્મનું જ્ઞાન થાય છે.

બ્રહ્મનું સર્વશક્તિમાન હોવાપણું સર્વ વેદાન્તોમાં સર્વસ્વીકૃત છે. ભક્તિથી ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત કરીને ભગવત્સ્વરૂપને પામવાનો ઉત્તમ "સન્માર્ગ" વિદ્વન્મંડનમાં પ્રશસ્ત કરવામાં આવ્યો છે. તત્ત્વથી પ્રભુને પામવાથી જ ભક્તિની સુદૃઢતા અને અનન્યતા આવે છે. આમ વિદ્વન્મંડન વિદ્વાનો - જ્ઞાની - ભક્તોનું આભૂષણ શોભા જ બની રહે છે.

०००००००००

## पाद टीप

1. भ. गी., 10/32 : पादः प्रवदतामहम् ।

2. वि. मं. सु. सू., पृ. 2.3, : इह हि श्रीमत्प्रभुचरणाः स्वीयानां मुख्यभक्तिमार्गं – तदुपयोगिब्रह्मवादा कुर्वन्तः स्वमार्गस्यातिगोप्यत्वं सकलप्रमाणमूर्दन्यश्रुतिसिद्धत्वं च ज्ञापयन्तः .... ।

3. वि. मं. उ., पृ.68 : त्रितयमखण्ड एकः पुष्टिमार्गः ।

4. भ. गी., 7/7 : मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणाइव ।

5. वि. मं., 3 : श्रुतिसूत्रादिमणिभिर्मंदितं युक्तिमौक्तिकैः ।
   ग्रथितं कुरुते विद्वन्मंडनं विठ्ठलः सुधीः ।।

6. ह. तो., पृ. 10 : विदुषां मण्डनस्यास्य ग्रन्थस्याध्ययेन
   सभायां विजयी भविष्यतीति शोभेति भावः

7 स.द.सं. पृ. 261 : विषयो विशयश्चैव पूर्वपक्षस्तथोत्तरतम् ।
   संगतिश्चेति पंचांगं शास्त्रेऽधिकरणंस्मृतम् ।।

8. बृ. उ., 2/4/5 : आत्मा वा अरे दृष्टव्यः श्रोतव्यो मन्तव्यो
   निदिध्यासितव्यः ।

9 वि. प. पृ. 11 : इति भवति विप्रतिपत्तिर्जिज्ञासूनाम् ।

10 वि. मं., पृ.21 : श्रोतत्वोपजीवत्वयोरविशेषादन्यातरबाधो
   न युक्तः ।

11 H.I.P., Vol. IV, P. 363 :

Such a contradiction would lead us to nihilism.

12 वि. मं., पृ. 23 : न चैवं ब्रह्मणि संभवति, सदेकरसत्वात् ।

13 वि.मं., पृ. 25 : अभेदादनुपाधित्वाज्जगद्प्रत्ययाश्रितः ।

सर्वाधारत्वतस्तावच्छक्तित्वान्नास्य बाधनम् ॥

14 तै. उ., 2/7 : तदात्मानं स्वयमकुरुत ।

तस्मात्तत्सुकृतमुच्यत इति ।

15 ब्र. सू., 2/2/29 : वैधर्म्याच्च न स्वप्नादिवत् ।

16 H. I.P., Vol.IV, P.364 :

The Jivas are said to be identical with Brahman and the observed difference to be
due to false knowledge.

17 सि. वि due to false knowledge.

जीवस्यैवाज्ञानोपहिततया जगदुपादानत्वात् ।

ईश्वरस्य च..... कारणोपचारादिति ।

18 वि. मं., पृ. 47 : ननु ब्रह्मणः सर्वज्ञस्याविद्यासम्बन्धोऽ-

शक्यवचनः ।

19 वि. मं., पृ. 47 : अन्यथा वायुदारुभिरपि बिम्बत्व-

प्रतिबिम्बाश्रयत्वप्रसङ्गात् ।

20 सि. बि., पृ. 42 : अज्ञानोपहित आत्मा अज्ञानतादात्म्या-
पन्नस्यचिदाभासाविवेकादन्तर्यामी साक्षी
जगत्कारणमीश्वर इति च कथ्यते ।

21 वि. मं., पृ. 66 : न तावद्ब्रह्मणः तत्र भ्रमायोगात् ।

22 अ. भा., 2/3/50 : आनन्दांशस्य तिरोहितत्वात् ।

23 छां. उ., 6/8/5 :
ऐतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि ।

24 तत्रैव, 6/2/2 : कथमसतः सज्जायेत् ।

25 त.दी.नि. [illegible] 2/140 :
आविर्भावतिरोभावौ शक्ती वै मुरवैरिणः ।

26 श्वे. उ. 6/8 : पराऽस्य शक्तिर्विविधैव श्रूयते ।

27 भाग. 11/12/20 : विश्लिष्टशक्तिर्बहुधेव भाति ।

28 वि. मं., पृ. 85-86 : अनुभवविषयत्वयोग्यता आविर्भावः ।
तदविषयत्वयोग्यता तु तिरोभावः ॥

29 H.I.P., P. 365 :
According to this view all things that happened in the Past and all that may happen in the future all these exist in God and are perceived or not Perceived according to His will.

30 वि. मं., पृ. 141 :
श्रुतितस्तत्वसूत्रैश्च स्मृतिभ्यश्चांश एव सः ।

30 वि. मं., पृ. 141 :

श्रुतितस्तत्त्वसूत्रैश्च स्मृतिभ्यश्चांश एव सः ।

स्वार्थे प्रामाण्यतस्तेषां तेभ्य एवाणुरेव च ।।

31 बृ. उ., 2/1/20 : सर्वं एवात्मानो व्युच्चरन्ति ।

छां. उ., 5/10/7 : कपूयचरणा रमणीयचरणाः ।

32 वि. मं., पृ. 147 न हि तन्मतीयजीवस्याभासत्वेन

प्रतिबिम्बत्वेन वाऽलीकस्य नियमनमतस्तस्मिन्

स्थितिर्वा ज्ञानैकधर्मस्य परमात्मनः सम्भवति ।

33 तत्रैव, पृ.186 : तत्त्वसूत्रानुसारेण वेदार्थस्य निश्चयो ।

जीवोऽणुरेव संसिद्धयत्यन्यथा त्वन्यथैव हि ।।

34 वि. मं., पृ. 157 : किं पुनः सकललोकक्रियामकस्य सकल-

जगत्कारणकारणस्य भगवतः स्वदासजीवस्यान्यथाकरणे

शङ्का नाम ।

35 ब्र. सू., 2/3/42 : कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्यः ।

36 अ. भा., 2/3/42 यत्रान्यथा स पुष्टिमार्गस्य इति ।

37 बृ. उ., 2/1/20 : यथाऽग्नेः क्षुद्राः विस्फुलिङ्गाव्युच्चरन्ति ।

38 वि.मं., पृ. 170 : परिच्छिन्नस्य शरीरस्याभावेन तस्मिन्

जीवागमनस्याप्यभावेनोत्पत्तिस्वरूपाभावात् ।

39 ब्र. सू., 2/1/27 : श्रुतेस्तु शब्दमूलत्वात् ।

40 क. उ., 1/2/20 : अणोरणीयान् महतो महीयान् ।

41 बृ. उ., 3/8/8 : अस्थूलमनण्व.... ।

42 भ॰ गी॰, 13/15 : सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम्।।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ।

43 ब्र॰सू॰, 3/2/22 : प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो-
ब्रवीति च भूयः ।

44 अ॰भा॰, 3/2/27 : यथा सर्पः स्वेच्छयाऽनेकाकारः कुण्डलश्च
भवति तथा ब्रह्मस्वरूपं सर्वप्रकारं भक्तेच्छया तथा स्फुरति ।

45 अ॰ भा॰, 3/2/14 : ब्रह्म तु तद्विलक्षणम् । कार्यकार-
णांशांशिनोर्वैलक्षण्यस्य युक्तत्वात् ।

46 स॰स्तो॰ श्लो॰ 8 : साकारब्रह्मवादस्थापक:

47 श्वे॰ उ॰, 3/3 :
विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोबाहुरुत विश्वतस्पात् ।
सं बाहुभ्यां धमति संपतत्रैर्द्यावाभूमी जनयन्देव एकः ।।

48 अ॰ भा॰, 3/2/24 : तस्मात्प्रत्यक्षानुमानाभ्यां श्रुतिस्मृतिभ्यां
वा ब्रह्म साकारमनन्तं पूर्णं वेति नाव्यक्तमेवेति
निश्चयः ।

49 बृ॰ उ॰, 3/7/3 : यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरो यं
पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः
पृथिवीमन्तरो यमयत्येष त आत्माऽन्तर्याम्यमृतः ।

50 भाग॰, 10/31/1 : जयति तेऽधिकं जन्मना व्रजः ।

51 तत्रैव, 10/8/15 : बहूनि सन्ति नामानि रूपाणि च सुतस्यते ।
गुणकर्मानुरूपाणि तान्यहं वेद नो जनाः ।

52 ऋ.सं. 1/154/6 :

ता वां वास्तून्युश्मसि गमध्यै
यत्र गावो भूरिशृङ्गा अयासः ।
अत्राह तदुरुगायस्य विष्णोः
परमं पदमव भाति भूरि ॥

53 तै. सं. 1/3/6 :

विष्णोः कर्माणि पश्यत ।
तद् विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः ।

## પ્રકરણ - ૪

## બ્રહ્મસ્વરૂપ વિચાર.

**પ્રસ્તાવના :-**

વિદ્વન્મંડન શુદ્ધાદ્વૈત વેદાન્ત સમ્પ્રદાયનો એક સ્વતંત્ર ગ્રંથ છે. તેમ છતાં શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાના પિતા શ્રીમદ્ વલ્લભાચાર્ય-ના સિદ્ધાન્તોનું પરંપરાગત અને શાસ્ત્રીય શૈલી અનુસાર નિરૂપણ કર્યું છે.

વર્તમાન યુગમાં ભક્તિનું તત્વ ફળદાયક રહ્યું નથી. કારણ કે જ્ઞાન, કર્મ અને ભક્તિથી શૂન્ય માનવ કલિયુગના પ્રભાવ હેઠળ કિંકર્તવ્યવિમૂઢ છે. આથી જ કહ્યું છે કે શ્રીકૃષ્ણની ભક્તિપૂર્વક સેવા કરવામાં આવે તો કલિયુગ અવશ્ય ફળદાયક થાય છે.[1]

શ્રીમદ્ વલ્લભાચાર્ય "કૃષ્ણની સેવા સદા કરવી જોઇએ."[2] એમ કહીને મુખ્ય ભક્તિમાર્ગ અને તેને ઉપયુક્ત બ્રહ્મવાદનું જ પ્રતિપાદન કરે છે આથી જ હું શ્રીહરિને નમન કરીને સ્વકીય- સિદ્ધાંતોનો

વિશેષ નિશ્ચય કહું છું.[3] તે વાક્ય મુખ્ય ભક્તિમાર્ગનું પ્રતિપાદન કરે છે અને આથી જ બ્રહ્મવાદથી શ્રીકૃષ્ણમાં બુદ્ધિ વિશેષપણે રાખવી.[4] વાક્ય બ્રહ્મવાદનું પ્રતિપાદન કરે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યની પરંપરાનું પાલન કરતાં શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં સાકારબ્રહ્મવાદનું સમ્પાદન કર્યું છે.[5]

મંગલાચરણ :-

ભારતીય પરંપરા પ્રમાણે મંગલાચરણ ઇષ્ટસિદ્ધિ માટે અને અનિષ્ટના નિવારણ માટે કરવામાં આવે છે. મંગલાચરણ ત્રણ પ્રકારના છે. આશીર્વાદાત્મક નમસ્કારાત્મક અને વસ્તુનિર્દેશાત્મક.

"વિદ્વન્મંડન" ગ્રંથના આરંભમાં સુન્દર આશીર્વાદાત્મક મંગલાચરણ કરવામાં આવ્યું છે. મંગલાચરણનું કાવ્યતત્વ ભક્તિમય બની રહેવા પામ્યું છે.

"પોતાની મુરલીના નાદથી બોલાવાયેલી વ્રજની સુન્દરીઓના અનુપમ પ્રેમના સાગરની અતિવિચિત્ર એવી લહેરોથી ચારે તરફ ભીનાં શ્રીકૃષ્ણ, પ્રત્યેક યુવતીના સંગ માટે પ્રગટ થતાં, અમારાં નેત્રોનો વિષય બની રહો.[6]

મંગલાચરણમાં "શુદ્ધપુષ્ટિસિદ્ધાન્ત" પ્રદર્શિત થયો છે. વળી પ્રભુની નિત્યલીલા અને શ્રીમદ્ભાગવદના પ્રભાવનો પરિચય મળી રહે છે.

શ્રી વિઠ્ઠલનાથજીની ઉત્કૃષ્ટ પિતૃભક્તિનો પરિચય બીજા શ્લોકમાં મળી રહે છે. શ્રી પુરૂષોત્તમજીએ સુવર્ણસૂત્રમાં પ્રશ્નોપનિષદ્‌નો સંદર્ભ આપીને કહ્યું છે કે તમે તો અમારા પિતા છો, જેમણે અવિદ્યાની પેલી પાર પહોંચાડી દીધા છે.[૭]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "ભગવાનના પ્રેમ માર્ગ (પુષ્ટિમાર્ગ) રૂપી કમળના સૂર્ય સ્વરૂપ પિતૃચરણોને પ્રણામ કરી, તેમની કૃપાથી પુરૂષાર્થથી - બુદ્ધિ અનુસાર હું કંઇક લખું છું.[૮] અહીં સૂર્ય માટે પ્રયુક્ત "માર્તંડ" શબ્દ વિશિષ્ટ અર્થ ધરાવે છે મૃત-અંડ અર્થાત બ્રહ્માંડ. મૃત થયું - નાશ પામ્યું એટલે તેમાં સૂર્ય થયો આથી માર્તંડ કહેવાય છે.[૯]

ત્રીજા શ્લોકમાં વિદ્વન્મંડનનું નામકરણ અને ગ્રન્થકરણ કરતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે શ્રુતિ-વેદ, સૂત્ર-બ્રહ્મસૂત્ર વગેરે (ગીતા-શ્રીમદ્‌ભાગવત) રૂપી મણિઓથી જડેલું, યુક્તિ-તર્ક રૂપી મોતીઓથી ગૂંથેલું વિદ્વન્મંડન સદ્‌બુદ્ધિમાન વિઠ્ઠલ (ગ્રન્થસ્થ) કરે છે. રચે છે.[૧૦]

વિદ્વન્મંડન એટલે વિદ્વાનોનું આભૂષણ.[૧૧] આ આભૂષણ પ્રમાણચતુષ્ટય - વેદ-બ્રહ્મસૂત્ર, ગીતા અને શ્રીમદ્‌ભાગવતરૂપી મણિઓથી જડિત અને યુક્તિરૂપી મોતીઓથી ગ્રંથિત છે. આવા વિદ્વાનોના આભૂષણ - વિદ્વન્મંડનને સદ્‌બુદ્ધિમાન શ્રી વિઠ્ઠલનાથજીએ રચેલું છે.

ઉપર્યુક્ત શ્લોકમાં ઉલ્લેખેલા ગ્રંથો આ શ્લોકમાંના પ્રમાણ-ચતુષ્ટયનો જ સ્વીકાર છે. વેદો, શ્રીમદ્ભાગવતગીતા, વ્યાસસૂત્રો-બ્રહ્મસૂત્રો અને વ્યાસની સમાધિભાષા-શ્રીમદભાગવત એમ ચાર પ્રમાણો છે.[12] શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનનો પ્રારંભ કરતાં વિષયનું પ્રતિપાદન કર્યું છે. સામાન્ય રીતે સંસારમાં પ્રત્યેકને અનેક પ્રકારના દુ:ખોનો અનુભવ થતો હોય છે. આ બધાં દુ:ખોથી દાઝેલાં માનવ માત્રને માટે મોક્ષનો માર્ગ પ્રશસ્ત કરવામાં આવ્યો છે. મોક્ષ પ્રાપ્તિ માટે વિવિધ વેદ અને પુરાણોમાં શ્રવણાદિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.[13] અંતિમ પુરૂષાર્થ મોક્ષની પ્રાપ્તિ માટે જીવ માત્ર બ્રહ્મનું જ અનુસંધાન કરે છે.

ત્રિવિધ તાપમાંથી મુક્તિ મેળવવાની ભારતીય જીવનની આકાંક્ષામાં જ પરમ પ્રાપ્તિ-પરમાત્માની પ્રાપ્તિનો જ ધ્યેય રહેલો છે એટલે જ અરે ! એ આત્માને જોવા જોઇએ, તેને સાંભળવો જોઇએ, તેનું મનન કરવું જોઇએ, તેનું ધ્યાન ધરવું જોઇએ.[14] એમ કહ્યું છે. આમ બ્રહ્મ જ એકમાત્ર મુમુક્ષુઓનો વિષય રહ્યો છે.

બ્રહ્મનું સ્વરૂપ જાણવાની ઉત્કટ ઇચ્છા જ મુમુક્ષુઓના મનને પૂર્ણ જિજ્ઞાસાથી ભરપૂર કરે છે. આથી જ જિજ્ઞાસુઓ બ્રહ્મના સ્વરૂપને જાણવાનો પ્રયત્નકરતાં સંશય વ્યક્ત કરે છે. બ્રહ્મનું સ્વરૂપ નિર્ગુણ નિર્ધર્મક છે કે સગુણ-સધર્મક છે? આવા સંશયનું કારણ એ છે કે વેદમાં-શ્રુતિમાં જે પ્રમાણો મળે છે તેમાં બન્ને પ્રકારના બ્રહ્મના સ્વરૂપ

વિષયક પ્રમાણે વાક્યો જોવા મળે છે.[૧૫]

<u>નિર્ગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરનારાં શ્રુતિવાક્યો :-</u>

વેદાદિ શાસ્ત્રોમાં બ્રહ્મના નિર્ગુણ-સ્વરૂપના પ્રતિપાદક વાક્યો નીચે પ્રમાણે જોવા મળે છે. તેમાં વેદ-ઉપનિષદના નિર્ગુણ પ્રતિપાદક વાક્યો આ પ્રમાણે છે.

૧. હવે બ્રહ્મનું વર્ણન અપાય છે : તેને "આ નહિ, આ નહિ." કહીને વર્ણવી શકાય.[૧૬] (બૃ.ઉ. ૨।૩।૬)

૨. હાથપગ વિના દોડનાર અને ગ્રહણ કરનાર આંખ વિના બધું જુએ છે.[૧૭] (શ્વે.ઉ. ૩।૧૯)

૩. હે ગાર્ગિ ! તેને બ્રાહ્મણો અક્ષર કહે છે તે જાડું નથી, ઝીણું નથી, ટૂંકું નથી, લાંબું નથી, રાતું નથી, ચીકણું નથી, છાયાવાળું નથી, અંધારાવાળું નથી, પવનવાળું નથી, આકાશવાળું નથી, કોઇથી લેપાય એવું નથી, તેમાં રસ નથી, ગંધ નથી, આંખ નથી, કાન નથી, વાચા નથી, તેજ નથી, પ્રાણ નથી, મુખ નથી, માપ નથી, તેનામાં અંદર અને બહાર એવા ભેદ નથી, ને કંઇ ખાતું નથી, તેને કોઇ ખાતું નથી.[૧૮] (બૃ.ઉ.૩।૮।૮)

૪. સાચે જ દિવ્ય પૂર્ણપુરૂષ આકારરહિત, સમસ્ત જગતની બહાર અને અંદર પણ વ્યાપ્ત, જન્માદિ વિકારોથી પર રહિત છે.[૧૯] (મું.ઉ. ૨।૧।૨)

૫. જે સ્થિર ન રહેનાર શરીરોમાં શરીર રહિત અને અચળભાવે સ્થિર છે તે મહાન અને સર્વવ્યાપક પરમાત્માને જાણીને બુદ્ધિમાન પુરૂષ શોક કરતો નથી.[૨૦]

૬. જે પ્રાણરહિત, મનરહિત હોવાથી સંપૂર્ણપણે શુદ્ધ છે.[૨૧]

૭. કારણ કે આ પુરૂષ આસક્તિરહિત છે.[૨૨]

<u>ગીતા તેમજ ભાગવતમાં ઉલ્લિખિત નિર્ગુણ-બ્રહ્મનું પ્રતિપાદન કરનારાં વાકયો.:-</u>

૧. આ આત્મા ઇન્દ્રિયોથી ન જાણી શકાય એવો, મન વડે ન જાણી શકાય એવો, વિકાર - રૂપાંતર ન પામે એવો ; અર્થાત અવ્યક્ત, અચિંત્ય અને અવિકારી કહેવાય છે.[૨૩]

૨. તે આદિરહિત કે ઉત્પત્તિ વિનાનું પર બ્રહ્મ, નથી સત્ કહેવાતું કે નથી અસત્ પણ કહેવાતું.[૨૪]

૩. જે ભગવાન દેવ, અસુર, મનુષ્ય કે પશુપક્ષી નથી. સ્ત્રી, પુત્ર, નપુંસક કે કોઇ પ્રાણી નથી વળી જે ગુણ, કર્મ, સ્થૂળ કાર્ય કે સૂક્ષ્મ કારણ નથી; કારણ કે જે સર્વવસ્તુનો નિષેધ કરતાં બાકી રહે છે, તે ભગવાન જય પામો.[૨૫]

<u>સગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરનાર ! શ્રુતિ-વેદ વાકયો :-</u>

સગુણ બ્રહ્મ - સધર્મક બ્રહ્મનું પ્રતિપાદન કરનારા ; વેદ વાકયો નીચે પ્રમાણે છે.

૧. જેનાથી આ બધાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, જેના આશ્રયથી ઉત્પન્ન થયેલા જીવતાં રહે છે અને પ્રયાણ કરતાં જેમાં પ્રવેશે છે.[૨૬]

૨. ખરેખર આનંદથી જ આ બધાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે.[૨૭]

૩. તેણે વિચાર કર્યો.[૨૮]

૪. તે ફક્ત પોતાને જ હું બ્રહ્મ છું એમ જાણતું હતું.[૨૯]

૫. તે સૌનો રાજા છે, સૌની સ્વામી છે.[૩૦]

૬. જે સર્વજ્ઞ અને સર્વને જાણનાર છે.[૩૧]

૭. બધી બાજુએ આંખવાળો, બધી બાજુએ મુખોવાળો, બધી બાજુએ હાથવાળો અને બધી બાજુએ પગવાળો છે તે એક માત્ર દેવ ધુલોક અને પૃથ્વીની રચના કરતો રહીને બે હાથ અને પગ તથા પૃથ્વીની રચના કરતો રહીને બે હાથ અને પગ તથા પાંખોથી યુક્ત કરે છે.[૩૨]

૭. સર્વ કામનાવાળો, સર્વ ગંધવાળો સર્વ રસવાળો.[૩૩]

ઉપર્યુક્ત શ્રુતિવાક્યો બ્રહ્મના સગુણ સવિશેષ સ્વરૂપનો બોધ કરાવે છે માટે તે સગુણ શ્રુતિઓ કહેવાય છે.

<u>ભગવદ્ગીતા અને નારદ પંચરાત્રના સગુણ બ્રહ્મના પ્રતિપાદક પ્રમાણ વાક્યો :-</u>

૧. સર્વ બાજુએથી તે (બ્રહ્મ) હાથપગવાળું છે; સર્વ બાજુથી તે નેત્ર, મસ્તક અને મુખવાળું છે, સર્વ બાજુએ તે કાનવાળું છે, અને લોકમાં તે સર્વને આવરીને રહે છે.[૩૨]

૨. નિર્દોષ, પૂર્ણ ગુણ રૂપી શરીરવાળા સ્વ-આત્મતંત્ર, નિશ્ચેતન શરીરના ગુણોથી રહિત, જેના હાથ, પગ, મુખ, ઉદર વગેરે આનંદ સ્વરૂપ જ છે તેવા અને સર્વત્ર સ્વગત ભેદથી રહિત (બ્રહ્મ છે.)[35]

ઉપર્યુક્ત પ્રમાણ વાચકો અનુસાર બ્રહ્મનું સગુણ સ્વરૂપ પ્રગટ થાય છે અર્થાત્ બ્રહ્મનું સગુણ સ્વરૂપ વેદાદિ શાસ્ત્રોમાં પ્રતિપાદિત થયું છે.

શાસ્ત્ર ગ્રંથમાં પંચાંગનું અધિકરણ :-

ભારતીય શાસ્ત્રો ગ્રંથોમાં, વિશેષતયા વાદગ્રંથોમાં પાંચ અંગો પર વિચાર કરવામાં આવ્યો છે તેને અધિકરણ અથવા પ્રકરણ કહેવાય છે. તેનો ક્રમ આ પ્રમાણે છે. ૧. જાણવાનો વિષય. ૨. સંશય બનાવનારા યુક્તિ વચનો. ૩. પૂર્વપક્ષ. ૪. ઉત્તરપક્ષ. ૫.સંગતિ.[36]

અહીં પ્રત્યેકનો સહ-સંબંધ રહેલો જોવા મળે છે. અર્થાત્ દરેક વિચારપક્ષની અન્ય વિચારપક્ષ સાથેની એકસૂત્રતા જળવાયેલી હોય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મનું સ્વરૂપ :-

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મના સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે. આથી જ તેમને "સાકાર બ્રહ્મવાદના સ્થાપક" કહેવાય છે.[37]

ભગવાન ભક્તિથી જાણી શકાય છે.[37] આથી ભગવાનના ભજનીય સ્વરૂપનો વિચાર કરીને જ બ્રહ્મ તત્ત્વને ઓળખી શકાય છે. "વેદાન્ત ચિંતામણિ" માં કહ્યું છે કે વેદો મહાત્મ્ય જ્ઞાન માટે અને ભક્તિ માટે સાકાર સ્વરૂપ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે, પરંતુ તે ધર્મો

અપ્રાકૃત-સંપૂર્ણ આકારવાળા છે, પ્રાકૃત-લૌકિક નહીં.[૩૯]

બ્રહ્મ સર્વશક્તિમાન છે, કારણ કે વેદમાં તેનું તે પ્રમાણે દર્શન થાય છે.[૪૦] અહીં બ્રહ્મમાં સર્વ સદ્ગુણોનો નિત્ય-નિવાસ પ્રતિપાદિત થયો છે. આથી જ "સત્ય" વગેરે સર્વ ગુણો ભગવાનમાં પરાકાષ્ઠાએ પ્રતિ થયેલા હોય છે.[૪૧]

ભક્તિ ભગવાનનું જ સ્વરૂપ ધરાવે છે. આથી જ આ સત્યાદિ ગુણોની અભિલાષા સેવવી જોઈએ. આ ગુણો ભગવાનમાં જરાય ક્ષીણ પામતાં નથી.[૪૨] આ જ વસ્તુ વેદમાં પણ જોવા મળે છે. જે સર્વજ્ઞ છે,[૪૩] સર્વશક્તિમાન છે,[૪૪] સર્વના કર્તા, સર્વ કામ છે.[૪૫]

સચ્ચિદાનન્દ સ્વરૂપ બ્રહ્મમાં વેદમાં જણાવેલા બધાં ધર્મો સિદ્ધ કરી શકાય છે. કારણ કે બ્રહ્મ સર્વસમર્થ છે.[૪૬] આમ બ્રહ્મની સાકારના જ સર્વશક્તિમત્તા બની રહે છે.

બ્રહ્મ ધર્મના આધાર સ્વરૂપ હોવાથી ધર્મી કહેવાય છે. આથી શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે સચ્ચિદાનન્દ સ્વરૂપ બ્રહ્મ વ્યાપક, અવ્યય, સર્વશક્તિમાન, સ્વતંત્ર સર્વજ્ઞ અને ગુણરહિત છે. અહીં બ્રહ્મ ગુણરહિત છે તેનું કારણ તે પ્રાકૃત ગુણોથી રહિત છે.[૪૭] આ પ્રમાણે શ્લોકમાં બ્રહ્મના છ ધર્મોનું નિરૂપણ છે.[૪૮]

ઉપર્યુક્ત "સત્ય" વગેરે ગુણો વૈદિક છે તે માટે શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે સર્વના આધારભૂત, માયાને વશમાં રાખનાર, આનંદાકાર, ઉત્તમ અને જાગતિક પદાર્થોના ગુણોથી વિશિષ્ટ છે.[૪૯]

સર્વના આધારભૂત બ્રહ્મ જ હોવાથી કહ્યું છે કે તે આ જગતને જુદા ટકાવી રાખનારી પાળ છે. સીમા છે.[૫૦] અર્થાત્ મર્યાદા બાંધનાર છે. અર્થાત્ તે બધાને પોત-પોતાનાં ધર્મમાં બાંધે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યની દૃષ્ટિએ બ્રહ્મની સાકારતાએ આનન્દાકારતા છે.[૫૧] અર્થાત્ સાકાર બ્રહ્મ આનંદ સ્વરૂપે વિલસતું હોવાથી તે અભ્યાસથી આનંદમય છે.[૫૨] આમ તેઓ બ્રહ્મને આનન્દમય જ કહે છે.[૫૩] આથી જ બ્રહ્મનું સ્વરૂપ આનંદમય છે.

વેદો બ્રહ્મના સગુણ સાકાર અને નિર્ગુણ નિરાકાર સ્વરૂપનું વર્ણન કરે છે. અર્થાત્ બ્રહ્મની સગુણતા કે નિર્ગુણતા સંબંધી એકતરફી શ્રુતિઓ જોવા મળતી નથી. છતાં શ્રુતિ સર્વત્ર બ્રહ્મના લૌકિક ધર્મનો નિષેધ કરે છે અને અલૌકિક ધર્મોનું વિધાન કરે છે.[૫૪] આથી નિર્ગુણ બ્રહ્મ એટલે લૌકિક ધર્મોથી રહિત અને સગુણ બ્રહ્મ એટલે દિવ્યધર્મોથી યુક્ત. આમ બ્રહ્મ આનંદ સ્વરૂપ, સર્વનું અધિષ્ઠાન અને સન્માત્ર છે.[૫૫]

શ્રીમદ વલ્લભાચાર્ય કોઇપણ શંકાના સમાધાન માટે વેદનું પ્રામાણ્ય સ્વીકારે છે આથી જ તેઓ બ્રહ્મના મૂળ સ્વરૂપ શબ્દને પ્રમાણ માને છે. કારણ કે વેદના શબ્દ પ્રમાણથી જ બ્રહ્મનું જ્ઞાન થઇ શકે છે.[૫૬] બ્રહ્મના સ્વરૂપને જાણવા અને અનુભવવા માટે વેદબાહ્ય કલ્પના કે વિચારોને અનુમોદન આપવાનું શ્રીમદ્ વલ્લભાચાર્ય યોગ્ય માનતા નથી. કારણ કે જે અચિન્ત્યભાવો છે, તેને તર્કથી યોજવા ન જોઇએ.[૫૭] અનુસાર બ્રહ્મના સ્વરૂપ વિશે પણ અનુચિત તર્કને સ્થાન ન આપતાં

ઉચિત ચિંતન અનુભવને આદર આપવો જોઇએ. બ્રહ્મ જગતનું કારણ અને જગત બ્રહ્મનું કાર્ય છે તે સમજાવતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે બ્રહ્મ જગતનું સમવાયી કારણ છે અને નિમિત્તકારણ છે તે ક્યારેક પોતાના સ્વરૂપમાં રમે છે તો ક્યારેક સુખપૂર્વક જગતમાં રમે છે.[58] શ્રીમદ ભાગવતમાં પણ કહ્યું છે કે ભગવાન બધી વિભક્તિઓનો પ્રકાર છે. "જ્યાં, જેના વડે, જેમાંથી, જેનું, જેને માટે, જે જે, જેમ, જ્યારે થાય તે આ ભગવાન સાક્ષાત પ્રધાન પુરૂષેશ્વર છે."[59]

સચ્ચિદાનન્દ બ્રહ્મ કર્તા અને ભોક્તા છે તે સમજાવવા માટે બાદરાયણ વ્યાસ રજૂ કરે છે કે જેમાંથી આ જગતની ઉત્પત્તિ વગેરે છે, કારણ કે શાસ્ત્રમાં બ્રહ્મ જગતનું કારણ વર્ણવવામાં આવ્યું છે.[60] અને "ભોક્તા છે, કારણ કે ચર અને અચરનું ગ્રહણ છે."[61]

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મનું સ્વરૂપ "આનંદમય" હોવાનું પ્રતિપાદિત કરતાં કહે છે કે બ્રહ્મવાદમાં આનંદ જ આકાર સમાન છે, તેથી લોકોમાં પણ સર્વના અંદર રહેલ આનંદમયનું નિરૂપણ કર્યું છે.[62]

બ્રહ્મ સર્વવ્યાપક છે તેથી તે સર્વને વ્યાપીને રહેલો છે.[63]

**પૂર્વપક્ષી-કેવલાદ્વૈત મતાનુસાર બ્રહ્મનું સ્વરૂપ :-**

કેવલાદ્વૈત મત બ્રહ્મના પારમાર્થિક અને વ્યાવહારિક સ્વરૂપો-નો સ્વીકાર કરે છે. આ બન્ને સ્વરૂપો પરબ્રહ્મ અને અપરબ્રહ્મ પણ કહેવાય છે. શ્રીમત્ શંકરાચાર્ય કહે છે કે જ્યાં અવિદ્યાજન્ય નામ અને

રૂપના અભાવથી અસ્થૂલ ..... વગેરે શબ્દોથી જે બ્રહ્મ ઉપદિષ્ટ થાય છે, તે પરબ્રહ્મ છે. તે જ પરબ્રહ્મ નામ-રૂપાદિના ભેદથી ઉપાસના માટે "મનોમય પ્રાણરૂપ શરીરવાળો, જ્ઞાન સ્વરૂપ" (છાં.૩।૧૪।૨) શબ્દોથી વિશિષ્ટ સ્વરૂપે ઉપદિષ્ટ થાય છે, તે અપરબ્રહ્મ છે.[૬૪]

બ્રહ્મ વસ્તુતઃ એક જ છે પરંતુ અવિભાજ્ય ઉપાધિને લીધે ભિન્ન લાગે છે આથી જ કહ્યું છે કે ઉપાધિઓ અવિભાજ્ય હોવાથી ભિન્નરૂપોમાં વિરોધ રહેતો નથી.[૬૫] શ્રીમત શ્રી શંકરાચાર્ય કહે છે "બ્રહ્મ બે રૂપનું જાણી શકાય છે એક નામ અને રૂપના વિકારભેદની ઉપાધિવાળું અને બીજાું તેથી વિરૂદ્ધ બધી જ ઉપાધિવગરનું."[૬૬] આમ સોપાધિક બ્રહ્મ અને નિરૂપાધિક બ્રહ્મનું સ્વરૂપને કહેવાય છે.

બૃહદારણ્યકોપનિષદ્માં બ્રહ્મના બે રૂપોનું નિરૂપણ છે મૂર્ત અને અમૂર્ત. આ બન્ને સ્વરૂપો સગુણ અને નિર્ગુણ એમ પણ કહેવાય છે.

વળી મૂર્ત એ છે કે, કે જે આકાશ અને વાયુ સિવાયના બીજાં - ત્રણઃ અગ્નિ, જળ, પૃથ્વી છે.[૬૭]

અમૂર્ત તે વાયુ અને આકાશ છે. એ અમૃત છે.[૬૮]

શ્રીમત્ શંકરાચાર્ય નિર્ગુણ બ્રહ્મને જ પારમાર્થિક સત્ય કહે છે. જ્યારે સગુણ બ્રહ્મને વ્યાવહારિક સત્ય કહે છે.

આમ કેવલાદ્વૈત સિદ્ધાંત પરબ્રહ્મનો શાશ્વત સત્ય તરીકે સ્વીકાર કરે છે. અન્ય સર્વ ભેદો દૂર થઇ જતાં એક માત્ર બ્રહ્મ જ પ્રતિષ્ઠિત થાય છે.

## શ્રી વિઠ્ઠલનાથજીએ નિર્વિશેષ-નિર્ગુણ બ્રહ્મનું પૂર્વપક્ષમાં કરેલું સ્થાપન :-

શ્રી વિઠ્ઠલનાથજી બ્રહ્મનું સ્વરૂપ સવિશેષ-સગુણ છે કે નિર્વિશેષ-નિર્ગુણ છે તે બ્રહ્મ વિષયક જિજ્ઞાસાના સમાધાન માટે બ્રહ્મના નિર્વિશેષ સ્વરૂપનું પૂર્વપક્ષમાં સ્થાપન કરવા નીચેની કારિકા પ્રસ્તુત કરે છે.

ઉપજીવ્યાપણાને લીધે, શ્રૌતવાક્યો અન્યપરક હોવાથી અને અન્તરંગપણાને લીધે બ્રહ્મનું નિર્વિશેષ સ્વરૂપ નિરૂપિત કરવામાં આવે છે.[૬૯]

ઉક્ત કારિકામાં નિર્વિશેષ બ્રહ્મના ત્રણ લક્ષણો આપવામાં આવ્યાં છે. ૧. ઉપજીવ્યપણું, ૨. અન્યપરકતા, ૩. અંતરંગપણું.

(૧) ઉપજીવ્યપણુ :-

ઉપજીવ્યપણું એટલે નિર્વાહકપણું કરનાર.[૭૦] સગુણ બ્રહ્મ ગુણયુક્ત હોવાથી ધર્મનું નિરૂપણ કરે છે. જ્યારે નિર્ગુણ બ્રહ્મ ગુણરહિતહોવાથી ધર્મનું નિરૂપણ કરતું નથી. આમ નિર્ગુણ બ્રહ્મ નિર્વાહક હોવાથી સગુણ બ્રહ્મનો આધાર કહેવાય છે. આધાર- નિર્ગુણ બ્રહ્મના નિરૂપણ વિના આધેય-સગુણ બ્રહ્મનું નિરૂપણ થઇ શકતું નથી. આથી નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ બ્રહ્મનું ઉપજીવ્ય હોવાથી જ નિરૂપણ આવશ્યક બને છે.[૭૧]

(૨) અન્યપરકતા :-

વેદના ધર્મબોધક વાક્યો ઉપાસનાપરક-અન્યપરક કહેવાય છે. અર્થાત્ બ્રહ્મના ગુણોનો બોધ કરાવનાર શ્રુતિ-વેદવાક્યો સગુણ બ્રહ્મનો નિર્દેશ કરે છે.

(3) અંતરંગપણું :-

નિર્વિશેષ બ્રહ્મ આધાર હોવાથી તેનું નિરૂપણ મુખ્ય ગણાય છે. આમ ધર્મી- નિર્ગુણ બ્રહ્મ ધર્મ-સગુણ બ્રહ્મનું અંતરંગ કહેવાય છે. ૭૩

પૂર્વપક્ષ :-

સવિશેષ બ્રહ્મના આધારરૂપે નિર્વિશેષ બ્રહ્મ છે. કારણ કે ગુણોનું નિરૂપણ દ્રવ્યને આશ્રયે-આધારે થાય છે. ૭૪ આથી જ સવિશેષનો આધાર નિર્વિશેષ કહેવાય છે.

આધારસ્વરૂપ - નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ નિર્વિશેષ શ્રુતિઓ કરે છે તેથી તે ઉપજીવ્ય કહેવાય છે. આધેય સ્વરૂપ સગુણ બ્રહ્મનું નિરૂપણ સવિશેષ શ્રુતિઓ ઉપજીવ્યને અન્યથા - વિપરીત ન બનાવી શકે ! આમ નિર્વિશેષ બ્રહ્મ જ મુખ્ય - ઉપજીવ્ય હોવાથી પરસ્પર બાદ્યબાધક ભાવ થતો નથી. ૭૫

ઉત્તર પક્ષ :-

ધર્મીના - નિર્વિશેષ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ અને ધર્મના- સવિશેષ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ ક્રમશઃ કરવાથી સગુણ અને નિર્ગુણ શ્રુતિ વાક્યો સાર્થક થાય છે. આમ બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રય થાય છે. ૭૬

પૂર્વ પક્ષ :-

બ્રહ્મ - નિર્વિશેષ હોવાથી અસ્થૂલ ..... ૭૭ વગેરે વાક્ય ધર્મનો નિષેધ કરે છે. આમ નિષેધ વાક્યોથી ઉભય પ્રકારક શ્રુતિના

વાક્યો સાર્થક થતાં નથી.[૭૮]

ઉત્તર પક્ષ :-

સગુણ બ્રહ્મના નિરૂપણ વિના નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ થઇ શકતું નથી. કારણ કે નિરૂપણ લક્ષણથી થાય છે અને લક્ષણ-વિલક્ષણ અર્થાત અસાધારણધર્મરૂપે હોય છે.[૭૯]

નિર્વિશેષ બ્રહ્મ ધર્મના અભાવયુક્ત હોય છે. આથી તેનું નિરૂપણ અસાધારણ-ધર્મ થકી જ થાય છે. "અસ્થૂલ" ..... વાક્યમાં ધર્મનો અભાવ હોવાથી ધર્મનું નિરૂપણ આવશ્યક છે. આમ સવિશેષનું નિરૂપણ કરનારી શ્રુતિઓ વિના નિર્વિશેષ શ્રુતિઓનું નિરૂપણ થઇ શકતું નથી.[૮૦] કારણ કે ધર્મનો અભાવ ધર્મના નિરૂપણને અધીન હોય છે. આથી જ ધર્માભાવનું નિરૂપણ પ્રતિયોગી-વિરુદ્ધધર્મના આધારે થાય છે. આમ સવિશેષ શ્રુતિઓ નિર્વિશેષ શ્રુતિઓની ઉપજીવ્ય છે.

અહીં બન્ને પ્રકારની શ્રુતિઓનું પરસ્પર સમાન ઉપજીવ્યપણું જોવા મળે છે. કારણ કે નિર્વિશેષ શ્રુતિ-આધારના નિરૂપણ વિના ધર્મનું નિરૂપણ થતું નથી, એ રીતે ઉપજીવ્યપણું છે. જ્યારે સવિશેષ શ્રુતિ-પ્રતિયોગી નિરૂપણ વિના અભાવનું નિરૂપણ થઇ શકતું નથી. એ રીતે ઉપજીવ્યપણું છે.[૮૧] બન્ને પ્રકારના શ્રુતિ વાક્યોમાં વિરોધથી બાધ-અભાવ ગણીએ, તો શ્રૌતત્વ-શ્રુતિનું વાક્ય હોવું એ અને ઉપજીવ્યત્વ સમાન હોવાથી બન્ને પ્રકારના શ્રુતિ વાક્યોનો બાધ-અભાવ થાય.[૮૨] આમ શૂન્યવાદ આવી પડે ! આ તો વીંછીના ભયથી ભાગતાં

ભયંકર ઝેરી સર્પના મુખમાં પડવાનું થાય । અર્થાત્ એક અનિષ્ટ દૂર કરતાં બીજું અનિષ્ટ આવી પડે ।

આ શૂન્યવાદ પણ સ્વીકાર્ય નથી. કારણ કે જો કોઇ બ્રહ્મ નથી, એમ સમજે છે તો તે અસત જ થાય છે.[૮૩] આમ શ્રુતિ-વેદ પણ શૂન્યવાદની નિંદા કરે છે.

પૂર્વ પક્ષ :-

શ્રુતિ વેદમાં કરેલા ધર્મનો નિષેધ નિર્વિશેષ બ્રહ્મમાં થતો નથી,[૮૪] પરન્તુ લૌકિક ધર્મ જેવાં કે સ્થૂલતા વગેરે ધર્મનો નિષેધ થાય છે. આથી સવિશેષ બ્રહ્મ શ્રુતિગત ધર્મનું ઉપજીવ્ય નથી.

ઉત્તર પક્ષ :-

સવિશેષ અને નિર્વિશેષ શ્રુતિ વચ્ચે વિરોધનું કારણ લૌકિક ધર્મ છે. પરંતુ તેનો નિષેધ થાય છે. આથી બન્ને પ્રકારની શ્રુતિઓમાં વિરોધનો અભાવ થાય છે. આમ નિષેધનો વિષય ભિન્ન હોવાથી એક પણ શ્રુતિનો બાધ-અભાવ થતો નથી. આથી સવિશેષ અને નિર્વિશેષ બન્ને બ્રહ્મ સિદ્ધ થાય છે.[૮૫]

પૂર્વ પક્ષ :-

ઉભયવિધ-બન્ને પ્રકારનું બ્રહ્મ ન સંભાળી શકે. કારણ કે "જ્યાંથી મન સહિત વાણી વગેરે ઇન્દ્રિયો તેને ન પામીને પાછી ફરે છે."[૮૬] આ શ્રુતિગત શ્રવણ ધર્મનો નિષેધ કરે છે. આમ સવિશેષ શ્રુતિનું

ઉપજીવ્યપણું બાધિત થતું નથી. વળી તેવું ઉપજીવ્યપણું કોઇ કાર્ય કરી શકતું નથી. અને બાધનો સ્વીકાર ન કરવાથી અભાવનું નિરૂપણ પણ થઇ શકતું નથી.[૮૭]

<u>ઉત્તર પક્ષ :-</u>

અભાવના નિરૂપણનો નાશ એ સાથે જ અસંગત બાબત છે.[૮૮] કારણ કે જગતમાં જે પદાર્થમાં જ્યારે જે ધર્મોનું પહેલાં અસ્તિત્વ હોય ત્યારે તેમાં નિષેધ કરી શકાય નહિ.

ઘડો પહેલાં શ્યામ રંગનો હોય છે પરંતુ પાકયા પછી લાલ રંગનો થાય છે. તેમ કાલના ભેદથી નિષેધ કરી શકાય.[૮૯] પરંતુ બ્રહ્મમાં આવું થતું નથી. કારણ કે તે હંમેશાં એકરસ હોય છે તેથી તેમાં ધર્મનિરૂપણ કે ધર્મનિષેધ સંભવતો નથી.[૯૦]

(૨) <u>અન્યપરકતા :-</u>

ધર્મનું નિરૂપણ કરનારી શ્રુતિ અન્યપરક કહેવાય છે. અર્થાત ઉપાસના માટે છે. અહીં દ્વિતીય કારણનું સમાધાન કહેવાય છે.

<u>પૂર્વ પક્ષ :-</u>

બ્રહ્મનું સોપાધિ-સગુણ સ્વરૂપ ધર્મનું નિરૂપણ કરે છે આથી આવી શ્રુતિઓ ઉપાસનાપરક કહેવાય છે. કારણ કે ઉપાસના દ્વારા ચિત્ત નિર્મળ બને છે અને તેથી નિર્વિશેષ-નિરૂપાધિ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે જ્ઞાન થાય છે.[૯૧]

વેદમાં પહેલાં સોપાધિ-સગુણ બ્રહ્મનું નિરૂપણ છે, પછી નિરૂપાધિ-નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન કરાવવા માટે પૂર્વોક્ત ધર્મ - સોપાધિ બ્રહ્મનો નિષેધ કરવામાં આવે છે.[૯૨] કારણ કે તે અવિદ્યાથી કલ્પિત જગતનું કર્તા છે.

બ્રહ્મના બે રૂપ છે એક સાકાર બીજું નિરાકાર.[૯૩] આ પ્રમાણે કહીને બ્રહ્મનું વર્ણન અપાય છે તેને આ નહિ, આ નહિ એમ વર્ણવાય છે.[૯૪] આમ નિર્વિશેષ શ્રુતિ સવિશેષ શ્રુતિનો નિષેધ કરે છે આમ શ્રુતિમાં વિરોધ જાગતો નથી.

શ્રી વિઠ્ઠલનાથજીએ સવિશેષ-સગુણ બ્રહ્મનું સિદ્ધાન્તપક્ષમાં કરેલું સ્થાપન:-

શ્રી વિઠ્ઠલનાથજી ઉપાધિયુક્ત ધર્મયુક્ત સગુણ બ્રહ્મનું કર્તાપણું સ્વીકારે છે. અર્થાત્ ઉપાધિયુક્ત સગુણ બ્રહ્મના કર્તાપણાનું સમાધાન આપે છે. તેઓ નીચેની કારિકામાં સવિશેષ બ્રહ્મની નિર્દોષતાનું નિરૂપણ કરે છે.

અભેદથી, ઉપાધિરહિત હોવાથી, જગતની અપ્રતીતિ થવાથી, સર્વના આધારરૂપ - પરસ્પર વિરૂદ્ધસર્વધર્મોનું આધાર હોવાથી - વિરૂદ્ધધર્મોના આધારને સિદ્ધ કરનારી શક્તિ હોવાથી એનું બ્રહ્મનું સવિશેષપણું બાધા પામતું નથી.[૯૫.] અર્થાત સવિશેષપણાનો અભાવ હોતો નથી.

(૧) અભેદ :-

બ્રહ્મના સવિશેષ અને નિર્વિશેષ સ્વરૂપોમાં ભિન્નતા નથી.[96] અર્થાત બન્ને સ્વરૂપોમાં અદ્વૈત છે. આમ સવિશેષ બ્રહ્મ ઉપાસનાપરક-અન્યપરક છે તેમ પૂર્વપક્ષે આપેલું નિર્વિશેષ બ્રહ્મનું કારણ - દોષિત કહેવાય છે.

(૨) અનુપાધિ :-

ઉપાધિ એટલે જેના વડે ભિન્ન સ્વરૂપો કરવામાં આવે છે તે ઉપાધિયુક્ત-સગુણ બ્રહ્મ સોપાધિ બ્રહ્મ કહેવાય છે જ્યારે ઉપાધિરહિત નિર્ગુણ બ્રહ્મ નિરુપાધિ બ્રહ્મ કહેવાય છે. બ્રહ્મના આ ઉભય સ્વરૂપોમાં કોઇ ભિન્નતા નથી. આથી તેમાં કોઇ ઉપાધિ હોતી જ નથી.[97]

વેદમાં બ્રહ્મના ધર્મો અભાવથી નિરૂપેલાં છે તેમ જ જગતના કર્તૃત્વના ધર્મો પણ નિરૂપેલાં છે. બ્રહ્મ ઉપાધિ-યુક્ત હોવાથી તેના બન્ને સ્વરૂપો એક જ છે. આથી જ ધર્મોનું નિરૂપણ કરનારી નિર્વિશેષ શ્રુતિ અંતરંગ છે અને ઉપજીવ્ય છે - તે બન્ને હેતુઓનું નિરાકરણ થાય છે.[98]

(૩) જગતની અપ્રતીતિ :-

બ્રહ્મ જગતના કર્તા છે. તે તેનો ઔપાધિક ધર્મ નથી પરંતુ વાસ્તવિક ધર્મ છે. કારણ કે જો વાસ્તવિક ધર્મ ન હોય તો જગતની ઉત્પત્તિ પણ ન હોય અને જગતની પ્રતીતિ પણ ન થાય ![99]

(૪) સર્વનો આધાર :-

બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રયને સાધનાર શક્તિ છે. આથી જ તે સર્વનો આધાર છે. આમ તે બન્ને સ્વરૂપોથી યુક્ત છે તેથી સવિશેષ-પણાનો બાધ થતો નથી.[100]

શ્રી વિઠ્ઠલનાથજી બ્રહ્મના સ્વરૂપ વિશેની ચર્ચાનો આરંભ કરતાં પ્રશ્ન પૂછે છે કે સગુણ-સવિશેષ બ્રહ્મ અને નિર્ગુણ નિર્વિશેષ બ્રહ્મમાં ભેદ છે કે અભેદ છે ?

પ્રથમ પ્રશ્નથી બે પ્રકારના ભેદ પડે છે. ૧. તાત્વિક કે વાસ્તવિક ભેદ. ૨. અતાત્વિક કે અવાસ્તવિક ભેદ.

(૧) તાત્વિક ભેદ :-

સગુણ અને નિર્ગુણ એમ બ્રહ્મના બન્ને સ્વરૂપોમાં તાત્વિક ભેદ નથી. કારણ કે "સર્વત્ર પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપદેશ છે."[101] સૂત્રમાં એક જ બ્રહ્મનું પ્રતિપાદન થયું છે. આમ તાત્વિક ભેદ હોઇ શકે નહિ.આથી જ શ્રીમદ વલ્લભાચાર્ય કહે છે કે "જે સગુણ અને નિર્ગુણના ભેદનું પ્રતિપાદન કરે છે તેઓ જાતે જ પોતાની બ્રહ્મજિજ્ઞાસાનો અનધિકાર બતાવે છે.[102]

વળી સંકલ્પ - ક્રતુ કરવો જોઇએ.[103] મનોમય, પ્રાણરૂપી શરીરવાળો, ભા-ચિતરૂપવાળો.[104] આ વિષયવાક્યમાં ધર્મયુક્ત બ્રહ્મની ઉપાસનાનું નિરૂપણ થયું છે.

તાત્વિક ભેદ જીવસ્વરૂપને પણ ભિન્ન કરે છે આથી "તે તું છે"[105] વાક્યનો વિરોધ થાય છે. બ્રહ્મના બન્ને સ્વરૂપોથી "એક જ અદ્વિતીય બ્રહ્મ છે."[106] નો પણ વિરોધ થાય છે.

અદ્વૈત મતાનુસાર બ્રહ્મમાં તાત્વિક ભેદ સ્વીકારવામાં આવતો નથી. કારણ કે તેમાં બ્રહ્મનીજ સત્તા અંતિમ સત્તા માનવામાં આવે છે. પરંતુ દ્વૈત મતાનુસાર બ્રહ્મમાં તાત્વિક ભેદ સ્વીકારવામાં આવે છે કારણ કે તેમાં ભેદને વાસ્તવિક માનવામાં આવે છે. અદ્વૈત મતાનુસાર વેદાન્ત જીવ અને બ્રહ્મની અભિન્નભાવના વ્યક્ત કરે છે, પરન્તુ આ વસ્તુ-સત્ય જ છે એમ ન કહી શકાય.

આગળ ઉપર જીવસ્વરૂપના વિચારના પ્રસ્તુતીકરણમાં બ્રહ્મના તાત્વિક ભેદનું નિરાકરણ કરવામાં આવ્યું છે. આમ બ્રહ્મના સગુણ અને નિર્ગુણ સ્વરૂપોમાં તાત્વિક ભેદ નથી.

(૨) અતાત્વિક ભેદ :-

કેવલાદ્વૈત મતમાં બ્રહ્મના અતાત્વિક ભેદનું અવચ્છેદવાદ અને આભાસવાદના રૂપમાં પ્રતિપાદન થયું છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે અતાત્વિક ભેદ પણ ઉપાધિજન્ય હોવાથી સંભવતો નથી.[107] કારણ કે જેમ એક મહાકાશ બધે જ છે, તેમ છતાં તે ઘટાકાશથી ભિન્ન છે. આમ ઉપાધિના કારણે ભિન્ન રૂપ બને છે.[108]

ઉપાધિના રૂપમાં રહેલાં માયા અને અવિદ્યા અતાત્વિક ભેદ સર્જે છે આથી જ શ્રી મધુસૂદન સરસ્વતી સિદ્ધાન્તબિંદુમાં કહે છે કે અજ્ઞાનનો વિષય જે ચૈતન્ય છે તે જ ઇશ્વર છે અને અજ્ઞાનનો આશ્રય ચૈતન્ય જીવ છે - આ વાચસ્પતિ મિશ્રનો મત છે.[109]

વળી શ્રી અપ્પય દીક્ષિત સિદ્ધાન્તલેશસંગ્રહમાં કહે છે કે માયામાં પ્રતિબિંબિત "ઇશ્વર" કહેવાય છે અને અવિદ્યામાં પ્રતિબિંબિત "જીવ" કહેવાય છે.[110] વળી પણ તેઓ કહે છે કે એક જ મૂળ પ્રકૃતિ - વિક્ષેપશક્તિ પ્રધાન હોવાથી "માયા" શબ્દ રૂપ બનેલ ઇશ્વર રૂપી ઉપાધિ છે. જ્યારે "આવરણશક્તિ" પ્રધાન હોવાથી "અવિદ્યા" જ્ઞાનના શબ્દ રૂપ બનેલ જીવ રૂપી ઉપાધિ છે.[111]

હવે માયા અને અવિદ્યા સાદિ-આદિયુક્ત છે કે અનાદિ-આદિરહિત છે, તે વિચારવું આવશ્યક છે. કારણ કે અદ્વૈત મત અનુસાર જીવ, ઇશ, અવિદ્યા વગેરે છ અનાદિ કહેવાય છે. શ્રી વિઠ્ઠલનાથજીના મંતવ્ય અનુસાર "અવિદ્યા રૂપી ઉપાધિ અનાદિ છે" એ પક્ષ અસંગત છે.[112] અસંબદ્ધ છે. કારણ કે ઉપાધિ અવિદ્યાને કારણે છે કે સત્વાદિ ત્રિવિધ ગુણોને કારણે છે? તે વિચારણીય વિષય છે.

(૧) <u>અવિદ્યા રૂપી ઉપાધિ અસ્વીકાર્ય :-</u>

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે અદ્વૈત મતાનુસાર બ્રહ્મ અને અવિદ્યા એ બન્ને અનાદિ હોઇ ઉપાધિયુક્ત-માયા રૂપી ઉપાધિથી યુક્ત

કહેવાય છે. આ પ્રમાણે ઔપાધિક સગુણ બ્રહ્મ કર્તા હોવાથી જગત સતત રચાય અને પ્રલયની કદી પણ સંભાવના ન રહે.[113] પરંતુ શ્રુતિ બ્રહ્મને "ઇચ્છા-વિશિષ્ટ" કહે છે. આથી જ "એક હું અનેક થાઉં"[114] એમ કહ્યું છે. અહીં બ્રહ્મને જગતની રચના માટે કોઇ સહકારી કારણની આવશ્યકતા નથી. આમ અવિદ્યાને કારણે ઉપાધિ હોવાની વાત અસ્વીકાર્ય છે.

(૨) <u>ત્રિવિધ ગુણ રૂપી ઉપાધિ અસ્વીકાર્ય :-</u>

સત્વ, રજ અને તમ એ ત્રણ પ્રકૃતિના ગુણો છે.[115] આ ત્રણ ગુણયુક્ત માયાથી ઉપાધિ થાય છે. અર્થાત અનુક્રમે ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. આ સાંખ્ય સિદ્ધાન્ત ઉપર્યુક્ત ગુણોના ક્રમનું કારણ આપી શકે તેમ નથી. આથી શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પ્રથમ સર્જન પછી પાલન અને અંતે વિસર્જન, એમ ગુણોના આવિર્ભાવનું કારણ કેવળ બ્રહ્મની ઇચ્છા જ કહી શકાશે. આમ ત્રિવિધ ગુણ રૂપી ઉપાધિ અસ્વીકાર્ય છે. પરંતુ પ્રત્યેક ગુણની ઉપાધિથી યુક્ત બ્રહ્મ જગતનું કારણ છે, એમ માનનાર પૂર્વપક્ષી પ્રમાણે તો બ્રહ્મની ઇચ્છા કારણ કહી ન શકાય?[116]

આથી વિઠ્ઠલનાથજી સાંખ્ય મતનું ખંડન કરતાં કહે છે કે ઉપાધિથી યુક્ત સવિશેષ બ્રહ્મની ઇચ્છા જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ કહી શકાય. પરંતુ ઔપાધિક બ્રહ્મ ઉપાધિને આધીન હોય છે. આવી સત્વાદિ ત્રણ ગુણો બ્રહ્મની ઇચ્છાના

કારણ થાય[117] હવે ગુણોના ક્રમનું કારણ સ્વભાવ હોય તો સ્વભાવથી યુક્ત ગુણ જ જગતનું કારણ માનવું પડે આમ થવાથી ગુણાધીન બ્રહ્મ થાય ! આથી ઇશ્વરની ગુણો પ્રત્યે અધીનતા રહેવાથી અનીશ્વરવાદ સર્જાય છે ![118]

વળી જડ ગુણો ઉપાધિ-કારણરૂપે હોય તો પ્રેરક ચૈતન્યની અપેક્ષા રહે છે. આથી ઉપાધિયુક્ત ઇશ્વર કારણ સિદ્ધ થાય છે આમ થવાથી "હે સૌમ્ય, આ પહેલાં સતજ હતું"[119] વાક્યમાં "જ" એ બ્રહ્મ સિવાયના અન્ય તત્ત્વોનો નિષેધ કરે છે.

પૂર્વ પક્ષ :-

પૂર્વપક્ષીના મંતવ્ય અનુસાર "પહેલાં" એ શબ્દ કાલવાચક છે. આથી "જ" અન્ય તત્ત્વોનો નિષેધ કરતો નથી. પરંતુ પહેલાં પણ બ્રહ્મ જ હતું આથી તે બ્રહ્મના અયોગ-અભાવનો જ નિષેધ કરે છે.[120]

ઉત્તર પક્ષ :-

અહીં કાલવાચક "પહેલાં" એ શબ્દ સત્તા માટે પ્રયોજાયો નથી. પરંતુ પહેલાંની સ્થિતિની જાણ માટે પ્રયોજાયો છે.[121] "પહેલાં" શબ્દથી કાલની સત્તા સ્વીકારાય તો "તેણે પોતાના સિવાય બીજું કંઇ જોયું નહિ"[122] એ શ્રુતિ વાક્યનો વિરોધ થાય।

ઉપર્યુક્ત શ્રુતિના આધારે પહેલાં અગ્ર એ શબ્દથી કાળને પણ બ્રહ્મ માની શકાય. આથી જ "હું કાળ છું"[123] એમ કહ્યું છે. "કાલરૂપે અવતરેલો છું "આદિ એમ કહ્યું છે.

અહીં "આદિ" એ શબ્દ દ્વારા "વિદ્યા અને અવિદ્યા મારું શરીર છે"[122] એનો સ્વીકાર કરેલો છે.

"પહેલાં આ સત જ હતું" વાકયથી શરૂ કરીને હે સૌમ્ય ! આ પ્રજા સતના મૂળવાળી છે, સતના આશ્રય વાળી છે, સતમાં પ્રતિષ્ઠાવાળી છે.[૧૨૫] આ શ્રુતિના વાકયોથી સત જ - જગતનો કર્તા થાય છે. "સત" શબ્દ ઉપાધિયુકત બ્રહ્મનું વાચક નથી. આથી જ કહ્યું છે " ૐ, તત્, અને સત્ એમ બ્રહ્મનો નિર્દેશ - નામ ત્રણ પ્રકારનો કહ્યો છે."[૧૨૬]

આમ સત-બ્રહ્મનો જ સર્વત્ર ઉલ્લેખ હોવાથી ઉપાધિયુકત બ્રહ્મને જગતનું કારણ ન કહી શકાય.

વળી પૂર્વપક્ષ પ્રમાણે ઉપાધિયુકત બ્રહ્મ ઉપાધિને અધીન હોય છે તેથી તે સ્વાધીન કહેવાતું નથી. "કર્તા સ્વતંત્ર હોય છે."[૧૨૭] આથી ઉપાધિયુકત બ્રહ્મ કર્તા હોઇ શકે નહિ. વળી જો કર્તાપણું હોય તો પણ ઉપાધિનું જ થાય પરંતુ બ્રહ્મ સ્વતંત્ર છે અને ઉપાધિ પરતંત્ર છે. તેથી જેમ ઘડામાં કોઇક ક્રિયા થાય ત્યારે તે ઉપાધિ રૂપ ઘડાની ક્રિયા કહેવાય છે પરંતુ ઉપાધિયુકત આકાશની ક્રિયા કહેવાતી નથી.[૧૨૮] તેમ જગતનું કર્તાપણું એ ઉપાધિની ક્રિયા કહેવાય છે. ઉપાધિયુકત બ્રહ્મની ક્રિયા ન કહેવાય.

<u>પૂર્વ પક્ષ :-</u>

ઉપાધિ કર્તા હોય તો પણ અનાદિ ઇશ્વરનો સ્વીકાર કરવાથી, સાંખ્ય મતની જેમ "અનીશ્વરવાદ" આવી જતો નથી.[૧૨૯]

ઉત્તર પક્ષ :-

શ્રી વિઠ્ઠલનાથજી ઉપાધિયુક્ત બ્રહ્મને જગતના કારણ તરીકે સ્વીકારતા નથી. કારણ કે એમ કરવાથી નીચે મુજબના શ્રુતિ, સ્મૃતિ અને સૂત્રના વાક્યોનો વિરોધ થાય છે.

(૧) આ પ્રાણીઓ જેનાથી ઉત્પન્ન થાય છે, જેનાથી ઉત્પન્ન થઇને જીવે છે, પ્રયાણ કરતાં જેમાં પ્રવેશ પામે છે.[130]

(૨) હું સર્વની પ્રભવ-ઉત્પત્તિકારણ છું.[131]

(૩) જેમાંથી આ જગતની ઉત્પત્તિ વગેરે છે. (તે બ્રહ્મ).[132]

પૂર્વ પક્ષ :-

જેમ જગતમાં સૈનિક યુદ્ધ કરે છે તે રાજામાં ઉપચાર પામે છે તેમ વેદમાં ઉપાધિ જ જગતનું કર્તા કારણ છે તે બ્રહ્મમાં ઉપચાર પામે છે.[133]

ઉત્તર પક્ષ :-

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે મુખ્ય અર્થનો બાધ-નિષેધ થતો નથી અને મુખ્ય અર્થની સંભાવતા હોય ત્યાં લગી કલ્પના કરવી પણ અનુચિત છે.[134] આથી બાદરાયણ વ્યાસ પણ ગૌણ તો નહિ, કારણ કે આત્મા શબ્દ છે."[135] સૂત્રમાં ઔપચારિક રીતે "આત્મા" શબ્દ યોજ્યો નથી. પરંતુ તેમાં - આત્મામાં નિષ્ઠાવાળાને મોક્ષનો ઉપદેશ કરવામાં આવ્યો છે તેથી"[136] સૂત્રમાં જગતનું કર્તૃત્વ ઔપચારિક નથી, પરંતુ

કારણ કે જગતનો કર્તા - આત્મા ગૌણ - ઔપચારિક હોય તો તેમાં નિષ્ઠાવાળાને સંસાર જ પ્રાપ્તિ થાય, મોક્ષ નહિ.[137] આથી જ કહ્યું છે કે જ્યારે આ જીવ અદૃશ્ય, શરીરરહિત, પ્રકટ- વ્યક્ત-વર્ણન ન થઇ શકે તેવું, આધાર વિનાના (બ્રહ્મમાં) નિર્ભયતાથી સ્થાન મેળવે છે ત્યારે તે નિર્ભયપદ મોક્ષ મેળવે છે."[138]

આમ બ્રહ્મ શુદ્ધ છે અને તે ઇચ્છાવિશિષ્ટ છે "આથી "હું જીવાત્માના રૂપે આ ત્રણેય દેવતાઓમાં પ્રવેશ કરીને નામ અને રૂપને પ્રગટ કરું!"[139] આમ "આત્મા" શબ્દ ઔપચારિક રીતે પ્રયોજાયો નથી, પણ મુખ્ય અર્થ - બ્રહ્મ માટે જ પ્રયોજાયો છે. અદ્વૈત સિદ્ધાંત માને છે કે જીવ પરમાત્માની બ્રહ્મથી જુદો નથી, તો પણ પરમાત્મા જ દેહ, ઇન્દ્રિય મન, બુદ્ધિરૂપ ઉપાધિઓથી પરિચ્છિન્ન થઇ - ઉપહિત થઇ જીવરૂપે જ બને છે.[140] પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે આમ જીવ અને બ્રહ્મ એક હોય તો વેદાન્તમાં સાધનોના ઉપદેશમાં પુત્રાદિની જેમ જગત્કર્તા ત્યાજ્ય હોવાનો ઉપદેશ નથી.[141]

આથી નિર્ગુણ બ્રહ્મ જગત્કર્તા છે.[142] એ સમજાવવા માટે બાદરાયણ વ્યાસ "ત્યાજ્ય કહ્યું નથી તેથી"[143] એવું જગતનું કારણ કહે છે.

બ્રહ્મસૂત્રના આરંભમાં નિર્ગુણ બ્રહ્મનો જ વિચાર પ્રતિજ્ઞા રૂપે રજૂ થયો છે. તેથી "બ્રહ્મનો વિચાર આરંભાય છે."[144] આ બ્રહ્મનું લક્ષણ "જેમાંથી આ જન્મની ઉત્પત્તિ વગેરે છે."[145] એ સગુણ બ્રહ્મનું નિરૂપણ કરે છે. એમ કહેવાથી પૂર્વાપરસંબંધ થાય નહિ. આથી પ્રતિજ્ઞાહાનિ

થાય. અર્થાત પ્રતિજ્ઞારૂપે રજૂ થયેલ સૂત્ર નિરર્થક નીવડે છે. અને ઉપક્રમ-આરંભનો વિરોધ થાય, એટલે સગુણ બ્રહ્મનું પ્રતિપાદક બીજું સૂત્ર નિર્ગુણ પ્રતિપાદક પ્રથમ સૂત્રનું વિરોધી થાય ! આમ થતાં વિસંગતિ ઉભી થાય ! "આવો દોષ બાદરાયણ વ્યાસે કર્યો" એમ કહેવું એ હૃદયશૂન્યતા જ કહેવાય ! શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મને ભિન્ન માનવાથી "બધા વેદો જેનું વારંવાર પ્રતિપાદન કરે છે"[146] અને વેદો વડે જે જાણવા યોગ્ય છે તે હું જ છું, "વેદાન્તનો કર્તા અને વેદવેત્તા વેદ જાણનાર પણ હું જ છું."[147] આવાં શ્રુતિ અને સ્મૃતિના વાકયોમાં વિસંગતિ ઉભી થાય છે. આથી સગુણ અને નિર્ગુણનો ભેદ અયોગ્ય જ છે.[148]

બન્ને વચ્ચે અભેદ હોવાનો મત પ્રતિપાદિત થયો છે આમ સગુણ અને નિર્ગુણ બ્રહ્મ વચ્ચે ઐકય પ્રતિપાદિત થયુ છે કારણ કે

(૧) ઉપાધિના અસ્વીકારથી બ્રહ્મ સ્વતંત્ર કર્તા છે.

(૨) તે (બ્રહ્મ) ની ઇચ્છા માત્રથી જ ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે.

(૩) બ્રહ્મની ઇચ્છાથી જ ઉત્પત્તિ વગેરે થવાથી સતત સર્જન થવાનો દોષ રહેતો નથી.

(૪) જગતના કારણ ઇશ્વર સ્વતંત્ર કર્તા હોવાથી અનીશ્વરવાદનો દોષ લાગુ પડતો નથી.

<u>પૂર્વ પક્ષ :-</u>

ઉપર્યુકત અભેદ મત સ્વીકાર્ય નથી. જેમ ઘડો તેનો અભાવ આ બન્નેમાં વિરોધ થવાથી એક જ જગ્યાએ તેની સ્થિતિ સંભવતી નથી

તેમ વેદમાં કહેલા કર્તૃત્વ અને અકર્તૃત્વ ધર્મોનો એક જ સ્થાનમાં સમાવેશ થવો સંભવિત નથી.[149] આથી સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ એકબીજાના વિપરીત હોવાથી એક ન હોઇ શકે.

ઉત્તર પક્ષ :-

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે "અસ્થૂલ ....." વગેરે શ્રુતિના વાક્યો દ્વારા જડ અને જીવના ધર્મો બ્રહ્મમાં નિષેધ પામે છે, નહિ કે શ્રુતિમાં પ્રસિદ્ધ એવા જગતના કર્તૃત્વ વગેરે ધર્મો.[150] આમ ધર્મોનો નિષેધ શ્રુતિઓનો વિષય નથી. આથી જ કહ્યુ છે કે હે ગાર્ગી ! આ અક્ષર - અવિનાશી બ્રહ્મની આજ્ઞાથી સૂર્ય અને ચંદ્ર પોતપોતાને સ્થાને સ્થિર રહે છે.[151] આમ અહીં કર્તૃત્વ આજ્ઞાના રૂપમાં કહેલું છે.

જેમ નીલ ઘડાવાળી પૃથ્વી પર ઘટત્વથી અવચ્છિન્ન-મર્યાદિત અભાવ આવતો નથી, પરંતુ પીળા ઘડાનો અભાવ આવે છે,[152] તેમ અહીં વેદમાં સવિશેષ બ્રહ્મમાં ધર્મનો અભાવ નથી, પરંતુ નિર્વિશેષ બ્રહ્મમાં જડ અને જીવના ધર્મનો અભાવ છે.

અદ્વૈત મતાનુસાર વેદમાં પ્રસિદ્ધ ધર્મો કહી ન શકાય. કારણ કે આત્માનું દર્શન કરવું, શ્રવણ કરવું જોઇએ વગેરે વેદવર્ણિત હોવા છતા "જ્યાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના પાછી ફરે છે."[153] આ ઉપર્યુક્ત શ્રવણાદિ ધર્મનો નિષેધ થાય છે. આમ સવિશેષ-સગુણ શ્રુતિ બ્રહ્મના શ્રવણ, મનન અને નિદિધ્યાસનનું નિરૂપણ કરે છે અને નિર્વિશેષ શ્રુતિ શ્રવણાદિનો નિષેધ કરે છે. આથી જેમ "કાદવમાં પડીને

કાદવ ધોવો તેના કરતાં દૂરથી જ તેનો સ્પર્શ ન કરવો એ શ્રેષ્ઠ છે." ન્યાય અનુસાર બ્રહ્મના ધર્મનું પ્રતિપાદન નિરર્થક બની રહે છે.[૧૫૪]

અદ્વૈત મતાનુસાર બ્રહ્મનું નિરુપણ કરનારી શ્રુતિ સાથે સૃષ્ટિનું નિરૂપણ કરનારી શ્રુતિ અસંગત – અસંબદ્ધ બને છે. કારણ કે સૃષ્ટિ નિરૂપક શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરતી નથી.[૧૫૫]

બ્રહ્મનું નિરૂપણ કરનાર મહાવાક્ય "બ્રહ્મને જાણનાર પરમ પદને પામે છે.[૧૫૬] અને સૃષ્ટિનું નિરૂપણ કરનારવાક્ય "આ આત્માંથી આકાશ ઉત્પન્ન થયું."[૧૫૭] આ બંને વાક્યોમાં સંગતિ દોષ થાય છે.

ઉપર્યુક્ત શ્રુતિ વાક્યોમાં સંગતિ થાય તે માટે અદ્વૈતવેદાન્તમાં અધ્યારોપાપવાદનો વિચાર કરવામાં આવ્યો છે. અધ્યારોપાપવાદ બ્રહ્મનિરૂપક અને સૃષ્ટિનિરૂપક શ્રુતિવાક્યોમાં સુંગતિ સ્થાપે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ સિદ્ધાંતપક્ષના સ્થાપન માટે આપેલી કારિકાના પ્રથમ બે હેતુઓ ૧. અભેદભાવ. ૨. અનુપાધિભાવ. ઉપર્યુક્ત ચર્ચામાં સિદ્ધ થાય છે. આમ બ્રહ્મના સ્વરૂપ વિષયક જ્ઞાન વેદશાસ્ત્ર દ્વારા પ્રમાણભૂત થયું છે.

## <u>અધ્યારોપાપવાદ</u>

### <u>પૂર્વપક્ષી-કેવલાદ્વૈત મતાનુસાર અધ્યારોપાપવાદનું સ્વરૂપ :-</u>

અધ્યારોપઅપવાદએ કેવલાદ્વૈત શાંકર વેદાંતનો એક મહત્વપૂર્ણ સિદ્ધાંત છે. અધ્યારોપાપવાદ-અધ્યારોપ અને અપવાદ એમ બે શબ્દો ધરાવે છે. અધ્યારોપ એટલે વસ્તુ-બ્રહ્મમાં અવસ્તુ-જગતનો આરોપ.[૧૫૮]

અપવાદ એટલે જેમ દોરીનું વિવર્ત-અતત્ત્વરહિત વિપરીતભાવ-સર્પ દોરી જ છે, તેમ વસ્તુ-બ્રહ્મનું વિવર્ત અજ્ઞાન જગત વસ્તુ બ્રહ્મ જ છે.[159]

શાંકર વેદાન્તની દષ્ટિએ સગુણ બ્રહ્મ જગત્કર્તૃત્વ અને ભોક્તૃત્વને ધારણ કરે છે. આથી અધ્યારોપાપવાદ બ્રહ્મના સ્વરૂપનો પરિચય કરાવે છે. આથી જ કહ્યું છે કે અધ્યારોપ અને અપવાદથી નિષ્પ્રપંચ બ્રહ્મનું પ્રપંચન-જગતના રૂપમાં વર્ણન થાય છે.[160]

અધ્યારોપાપવાદ "શાખારુંધતી ન્યાય"ના આધારે જાણી શકાય છે જેમ "અરૂધતી" નામના તારાને દર્શાવવા માટે કોઇ વ્યક્તિ નજીકના સ્થૂળ તારારૂપી ગૌણ "અરૂંધતી"ને બતાવે છે પછી તેનો નિષેધ કરીને મુખ્ય "અરૂંધતી" બતાવે છે.[161] તેમ સવિશેષ-સગુણ બ્રહ્મનું જ્ઞાન ચિત્તશુદ્ધિ માટે હોય પછી તેનો નિષેધ કરીને નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન મેળવી શકાય છે. આમ નિરૂપાધિક- નિર્ગુણ બ્રહ્મમાં સ્થિર થવાય છે.

<u>શ્રી વિઠ્ઠલનાથજીએ પૂર્વપક્ષમાં કરેલું અધ્યારોપાપવાદનું નિરૂપણ :-</u>

શ્રી વિઠ્ઠલનાથજી અધ્યારોપાપવાદની ચર્ચાનો પૂર્વપક્ષમાં આરંભ કરતાં જણાવે છે કે શ્રુતિના વાકયોમાં સંગતિ બેસાડવા માટે અધ્યારોપાપવાદનું સ્વરૂપ કહેવાય છે.[162] અર્થાત્ અધ્યારોપાપવાદથી સગુણ શ્રુતિઓ અને નિર્ગુણ શ્રુતિઓ વચ્ચે એકવાકયતા થાય છે.

અધ્યારોપાપવાદનું સ્વરૂપ જાણવા માટે તેમણે નીચે પ્રમાણે ત્રણ કારણો દર્શાવેલાં છે.

(૧) શુદ્ધ- નિર્ગુણ બ્રહ્મ દુર્જ્ઞેય - દુર્બોધ - જાણવું કઠિન હોવાથી અધ્યારોપાપવાદનું નિરૂપણ થયું છે. કારણ કે બ્રહ્મ અપ્રસિદ્ધ અજ્ઞાત હોવાથી તેને જાણવું શકય નથી.[૧૬૩]

(૨) સગુણ બ્રહ્મ જગત્કર્તા અને ભોકતા હોવાથી તેના દ્વારા નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન થાય છે આથી તે જગતની ઉત્પત્તિ કરનાર અને જીવનનું નિયામક કહેવાય છે.[૧૬૪]

(૩) પ્રથમ સગુણ બ્રહ્મનું કર્તૃત્વ ભોકતૃત્વ જાણવામાં આવે છે પછી ઉપાસનાથી ચિત્તની શુદ્ધિ થાય છે આમ બુદ્ધિ સિદ્ધ થવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આમ શાખારુંધતી ન્યાય પ્રમાણે કર્તૃત્વ વિશિષ્ટ સગુણ બ્રહ્મનો નિષેધ કરીને કેવલ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન મેળવી શકાય છે.

<u>શ્રીમદ્ વલ્લભાચાર્યે કરેલું અધ્યારોપાપવાદનું ખંડન :-</u>

કેવલાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે અધ્યારોપાપવાદનો વિચાર શ્રુતિ વાકયોમાં એકવાકયતા - સંગતિ માટે કરવામાં આવ્યો છે. અર્થાત્ એકવાકયતામાં અધ્યારોપાપવાદ સંભવે છે.[૧૬૫]

પહેલાં જગતની ઉત્પત્તિ વિષયક શ્રુતિ દ્વારા બ્રહ્મના કર્તૃત્વ અને ભોકતૃત્વનું પ્રતિપાદન કરવામાં આવે છે ત્યાર પછી શાખારુન્ધતી ન્યાયથી સોપાધિક-સગુણ બ્રહ્મમાં બુદ્ધિ સિદ્ધ થાય છે. પછી પૂર્વોકત વસ્તુનો ત્યાગ કરીને કર્તૃત્વ અને ભકિતૃત્વથી રહિત બ્રહ્મનું જ્ઞાન થાય છે.[૧૬૬]

આથી શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે કર્તા પણા વગેરેનો આરોપ અપવાદ-નિષેધ માટે જ છે તેનું પ્રયોજન બ્રહ્મમાં દઢ વિશ્વાસ સિદ્ધ કરવા માટે છે. વસ્તુતઃ બ્રહ્મ કર્તા નથી એમ કહેવું યોગ્ય નથી.[167]

વળી જગતનો અપવાદ-નિષેધ કરવામાં આવે તો તેની પ્રતીતિ પણ થાય નહીં. વેદમાં જગતની પ્રતીતિ પ્રથમ બોધ અને પછી નિષેધ એમ સિદ્ધ થતી નથી. આથી જગતની પ્રતીતિ લોકસિદ્ધ છે.[168] વેદમાં બ્રહ્મ જગત્કર્તા હોવાનું વર્ણન છે. આથી કર્તૃત્વનો બોધ અને નિષેધ કરવાથી કાર્ય જગતની હાજરીમાં અને બીજા કર્તા ન હોવાથી વેદનો વિષય બાધિત થાય છે, નહિતર અનુપપત્તિ બધાથી બળવાન હોય છે,[169] અર્થાત બ્રહ્મ જગતના કર્તા ન હોય તો જગતની પ્રતીતિ થાય નહીં।

વેદને ભ્રમથી કલ્પિત માનીએ તો તેના કર્તાનો પણ અભાવ જોવા મળે છે. આ રીતે પરસ્પરાનો પણ યોગ્યપણે નિર્વાહ થતો નથી.[170]

જગત, સ્વપ્ન સમાન નથી, કારણ કે તે જુદા ધર્મવાળું છે.[171] આમ જગતની પ્રતીતિ થતી હોવાથી વેદના મુખ્યાર્થનો બાધ થતો નથી.

શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે માયાનું કર્તૃત્વ સ્વીકારવાથી જગત પણ માયાજન્ય કહેવાશે.[172] આથી જેમ જગતમાં ઐન્દ્રજાલિક-જાદુગર પોતે માયાથી કર્તાપણું દર્શાવે છે, તેમ બ્રહ્મ જગત્કર્તા હોવાથી મિથ્યા ન હોઈ શકે.

આ પ્રમાણે એકવાક્યતા માટે કરેલો અધ્યારોપાપવાદનો વિચાર પણ યોગ્ય સિદ્ધ થતો નથી. કારણ કે શાખારૂંધતી ન્યાય પ્રમાણે અરૂંધતીને જોયા પછી શાખા છુટી જાય છે, તેમ બ્રહ્મદર્શન થતાં જગત છુટી થતું નથી. આમ દષ્ટાંતથી પણ અધ્યારોપાપવાદ અપ્રસ્તુત બની રહે છે.

શ્રી વિઠ્ઠલનાથજીના મતાનુસાર અધ્યારોપાપવાદનું ખંડન :-

શ્રી વિઠ્ઠલનાથજી અધ્યારોપાપવાદનો જગતની અપ્રતીતિને લીધે સ્વીકાર કરતા નથી. કારણ કે બ્રહ્મના કર્તૃત્વનો નિષેધ કરવાર્થ જગતનો પણ અભાવ થાય છે. આથી અધ્યારોપાપવાદનું ખંડન કરવા "જગતની અપ્રતીતિની પ્રાપ્તિથી" એમ કારિકામાં કહેલ હેતુ સિદ્ધ કરવામાં આવ્યો છે.[૧૭૩]

વેદમાં પ્રથમ જગતનો બોધ અને પછી નિષેધ થતો નથી કારણ કે જગતની પ્રતીતિ વેદસિદ્ધ નથી, પરંતુ લોકસિદ્ધ છે.[૧૭૪] આમ જગતના કર્તાની અપેક્ષા હોવાથી, વેદ એ કર્તાનો જ ઉપદેશ કરે છે પરંતુ લોકસિદ્ધ જગતનો અનુવાદ કરીને તેના કર્તાપણાનો બોધ અને નિષેધ યોગ્ય નથી.

સોપાધિક બ્રહ્મમાં કર્તાપણાનો નિષેધ કરવાથી કાર્ય જગતની પ્રતીતિ અને અન્ય કર્તાનો અભાવ જગતનો જ અભાવ લાવે છે. આથી છીપમાં રહેલી ચાંદીની જેમ જગતની પ્રતીતિ પણ ભ્રાંતિ જ કહેવાય.[૧૭૫]

આ રીતે જગતના કર્તાના અભાવથી જગતનો અભાવ, જગતના અભાવથી વેદના અનુવાદ - અર્થવાદનો બાધ થાય છે આમ જગત ન હોય તો વેદનો અનુવાદ - વિધિવિધાન યુકત વાકયનું અનુકરણ પણ નથી. આથી સર્વ અર્થનું પ્રતિપાદન કરનારવેદ "બેઠેલી ડાળ કાપવા જેમ" કે "મા વાંઝણી છે" એમ કહે[176] ન જ કહે.

આમ વેદ બ્રહ્મના જગત્કર્તૃત્વનો નિષેધ કરતા નથી જો જગતના કર્તા ન હોય તો જગત પણ ન હોય । વળી વેદમાં પણ તે જગતની ઉત્પત્તિ સંબંધી વસ્તુનો વિચાર ન હોય. અન્યથાનુપત્તિ એ સર્વથી અધિક બળવાન છે.[177] કારણ કે "બીજી કોઇ રીતે તે ન થવા"થી જ્યાં વસ્તુની સિદ્દિ કરવામાં આવે ત્યાં બીજાં વિરૂદ્ધ પ્રમાણોનું અન્યથાનુપત્તિ જ નિરાકરણ કરે છે. આથી બ્રહ્મના જગત્કર્તૃત્વનો પણ નિષેધ થઇ શકતા નથી.

<u>પૂર્વપક્ષ :-</u>

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં બ્રહ્મસૂત્રાણુભાષ્ય-૨।૨।૨૯ નું વાકય ટાંકતા કહે છે કે કેવળ જોવાથી વસ્તુની સિદ્દિ થતી નથી.[178] કારણ કે સ્વપ્ન, માયા અને ભ્રમમાં એ ભિન્ન પ્રકારમાં જોવાય છે. આમ સ્વપ્નની પ્રતીતિથી વસ્તુની સિદ્દિ થઇ શકતી નથી. આથી જ ત્યાં રથ નથી, અશ્વ નથી."[179] વાકય સ્વપ્નના જ્ઞાનનો બાધ-વિરોધ સૂચવે છે. આમ વેદની નિષેધક-શ્રુતિ જગતને અસત્ય કહે છે.

ઉત્તર પક્ષ :-

શ્રી વિઠ્ઠલનાથજી પ્રશ્ન કહે છે કે જો જગત મિથ્યા હોય તો તેની પ્રતીતિનું કારણ શું છે?

જગતની પ્રતીતિ વાસના-સંસ્કારથી થઇ શકતી નથી[૧૮૧] કારણ કે વાસના અનુભવજન્ય છે અર્થાત્ અનુભવ થયા પછી જ વાસના થાય છે. એટલે અનુભવ એ વાસનાનું કારણ છે.

હવે પૂર્વપક્ષી જગતને અસત્ય કહે તો અસત્ય જગતનો પૂર્વનો અનુભવ સંભવતો નથી.[૧૮૨]

પૂર્વ પક્ષ :-

વાસના સંસ્કાર અનાદિ હોય છે. તે વાસનાથી જગત અને જગતના પદાર્થોનો ભ્રમાત્મક અનુભવ થાય છે આથી જેમ બીજથી વૃક્ષ અને વૃક્ષથી બીજ થાય છે તેમ જીવની સાથે વાસનાનો અનાદિ સંબંધ રહેલો છે.

ઉત્તર પક્ષ :-

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જગતની પ્રતીતિ અનાદિ વાસનાથી થઇ શકતી નથી.[૧૮૩] કારણ કે સર્વ અનુભવો વાસના ઉત્પન્ન કરતાં નથી. આથી પદાર્થોનો અનુભવ થઇ શકતો નથી. વાસના નિશ્ચયાત્મક અનુભવોથી જ ઉત્પન્ન થાય છે.[૧૮૪] જેમ બજારમાં ફરતાં મનુષ્યને અનેક વસ્તુનો અનુભવ થાય છે, પરંતુ ઘેર આવ્યા પછી અમુક જ

વસ્તુનું સ્મરણ રહે છે. આમ વાસના-સંસ્કારનો ઉદ્બોધક- સ્મૃતિનો પ્રયોજક ન હોય તો જગતનો અનુભવ થતો નથી. કાલ રૂપી ઉપાધિ સર્વકાલ નિત્ય છે. તેથી તે સહકારિકારણ છે અર્થાત પોતે ભિન્ન હોવાછતાં પોતાના કાર્યને કરનાર એવું કારણ હોય છે. પરંતુ ઉદ્બોધક નથી[૧૮૫] - સ્મૃતિનો પ્રયોજક નથી. ઉદ્બોધક દૃષ્ટ - અનુભવ કરી શકાય તેવો છે કે અદૃષ્ટ - અનુભવ ન કરી શકાય તેવો છે? તેનો ઉત્તર એ છે કે ઉદ્બોધક દૃષ્ટ નથી અર્થાત અનુભવ કરી શકાય તેવો નથી. કારણ કે દૃષ્ટનું કારણ વાસના અને વાસનાનું કારણ દૃષ્ટ હોવાથી અન્યોન્યાશ્રય દોષ થાય છે.[૧૮૬] એટલે બે પદાર્થો પોતાની સિદ્ધિ માટે એકબીજાની અપેક્ષા રાખતા હોય એવું અનિષ્ટ દર્શાવવામાં આવે તે અન્યોન્યાશ્રય તર્કદોષ કહેવાય છે.

ઉદ્બોધક દૃષ્ટ નથી.[૧૮૭] કારણ કે દૃષ્ટસામગ્રી જ અદૃષ્ટનું કારણ છે. આથી દૃષ્ટ સામગ્રી અદૃષ્ટ વાસનાનું ઉદ્બોધક થશે. વળી અદૃષ્ટને પણ દૃષ્ટસામગ્રી આવશ્યક લાગવાથી અન્યોન્યાશ્રય દોષ થાય છે.

દૃષ્ટથી વાસના અને વાસનાથી દૃષ્ટની પ્રતીતિ થાય છે. આમ કારણનું કારણ શોધવા જતાં અનાદિ પ્રવાહથી અનવસ્થા દોષ આવે છે.[૧૮૮] જે આપત્તિનો ક્યાંય અન્ત થતો નથી અને અનંત ચાલ્યા કરે છે તે આપત્તિ અનવસ્થા દોષ છે. આથી જ સૂત્રકાર કહે છે કે "વૈધર્મ્યને લીધો"- ભિન્ન ધર્મને લીધે" જગત સ્વપ્નાદિ સમાનનથી.[૧૮૯]

અર્થાત્ જગત સ્વપ્ન કરતાં જુદાં ધર્મવાળું છે. - અસત નથી. જગત અને સ્વપ્ન ભિન્ન છે કારણ કે સ્વપ્નમાં અનુભવેલ - પદાર્થનો તેવી જ રીતે બીજા સ્વપ્નમાં અનુભવ થતો નથી. પરંતુ જાગ્રત અવસ્થામાં જગતમાં જોયેલા ઘર વગેરે પદાર્થોનું ફરી દસ વર્ષ પછી પણ તેવું જ દર્શન થાય છે.[૧૯૦]

વળી સ્વપ્નના સાધનનો અનુભવ જાગ્રત અવસ્થામાં ઉપયોગી નથી. જ્યારે જગતમાં કરવામાં આવતાં સાધનનો અનુભવ મોક્ષમાં ઉપયોગી થાય છે.[૧૯૧] આમ જગત અને સ્વપ્નની ભિન્નતા સમજી શકાય છે.

આથી જ કહ્યું છે કે સ્વપ્નસૃષ્ટિ માયામાત્ર હોઇ શકે, પરંતુ બ્રહ્મસૃષ્ટિ તેવી નથી.[૧૯૨]

આમ અધ્યારોપાપવાદના નિષેધ - અસ્વીકારનું નિરૂપણ જગતનું અસ્તિત્વ સિદ્ધ કરે છે.

## સમીક્ષાત્મક નોંધના મુદ્દા :-

"વિદ્વન્મંડન"ની આરંભ બ્રહ્મતત્ત્વના સ્વરૂપની ચર્ચાથી થયો છે એ અત્યન્ત સૂચક બાબત છે. કારણ કે બ્રહ્મ જ સર્વનું આદિ મૂળ છે. વળી બ્રહ્મમાં જ સર્વનું પર્યવસાન-સમાપ્તિ છે. આવી બૃહદ્-બ્રહ્મ તત્ત્વનું સ્વરૂપ જાણવાનો પુરૂષાર્થ વિવેક પુરસ્સર જ કરવો જોઇએ. વેદમાં પ્રાપ્ત પરસ્પર વિરોધી શ્રુતિઓનું યોગ્ય અને યુક્તિપૂર્ણ સમાધાન

શોધવાનો પ્રયત્ન કરવો જોઇએ, તો જ વિરોધનું શમન અને સમાધાન-નું દર્શન કરી શકાય તેમ છે.

વેદમાં બૃહ્ ધાતુ પરથી વૃદ્ધિના અર્થમાં "બ્રહ્મ" શબ્દ નિષ્પન્ન થયો છે. બ્રહ્મ વૃદ્ધિ પામેલ- વ્યાપક હોવાથી નિત્ય અને શુદ્ધ છે. આથી સર્વવ્યાપક અને સર્વશક્તિમાન બ્રહ્મનું પ્રમાણપુરસ્સર નિરૂપણ વેદમાં કરવામાં આવ્યું હોઇ તેના વિશે કોઇ પણ શંકા રહેતી જ નથી.

વિદ્વન્મંડનમાં પ્રતિપાદિત "શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ" અને શ્રીમત શંકરાચાર્ય પ્રતિપાદિત "કેવલાદ્વૈત બ્રહ્મવાદ" માં ભેદ જોવા મળે છે. તેનું નિરૂપણ નીચે મુજબ છે.

(૧) પૂર્વપક્ષ - કેવલાદ્વૈત મતાનુસાર બ્રહ્મનું નિર્વિશેષ- નિર્ગુણ સ્વરૂપ આધાર કે ઉપજીવ્ય કહેવાય છે. સગુણ સ્વરૂપ આધેય કે ઉપજીવક કહેવાય છે. પરંતુ શુદ્ધાદ્વૈત મતાનુસાર બ્રહ્મના સગુણ અને નિર્ગુણ સ્વરૂપોમાં તાત્ત્વિક કે અતાત્ત્વિક કોઇ ભેદ નથી.

(૨) કેવલાદ્વૈત મત નિર્વિશેષ બ્રહ્મને નિરૂપાધિક-મુખ્ય બ્રહ્મ કહે છે અને સવિશેષ બ્રહ્મને ગૌણ બ્રહ્મ કહે છે. પરંતુ શુદ્ધાદ્વૈત મત સચ્ચિદાનન્દસ્વરૂપ બ્રહ્મને અધિભૂત, આધ્યાત્મિક અને અધિદૈવ કહે છે અને તે પરબ્રહ્મથી અભિન્ન અનેઅદ્વૈત છે.

(૩) કેવલાદ્વૈત મતમાં બ્રહ્મની ત્રણ સત્તા માનવામાં આવી છે. ૧. પરમાર્થિક ૨. પ્રાતિભાસિક ૩. વ્યાવહારિક.

(४) પારમાર્થિક સત્તા એ કેવલ નિર્ગુણ બ્રહ્મ છે. અને સગુણ બ્રહ્મનો નિષેધ છે.

(२) જગતના અનુભવમાં ભાસમાન પદાર્થો તે પ્રાતિભાસિક સત્તા છે. જેમ રજ્જુમાં સર્પ.

(૩) પ્રત્યક્ષ દશ્યમાન જગત એ વ્યાવહારિક સત્તા છે.જેમ જગત.

શુદ્ધાદ્વૈત મતાનુસાર સગુણ અને નિર્ગુણ બ્રહ્મ ભગવાન સર્વ વિરૂદ્ધ ધર્મોનો આશ્રય છે. એટલે સર્વવિરૂદ્ધધર્મો ભગવાનમાં છે. આમ ભગવદ્ધર્મોને વેદમાં ગૌણ અર્થમાં પ્રયોજવામાં આવ્યાં નથી.આથી ગૌણ બ્રહ્મ સગુણ બ્રહ્મ છે તેવી માન્યતાને સમર્થન મળતું નથી.

(૪) કેવલાદ્વૈત મતમાં બ્રહ્મના લક્ષણો બે પ્રકારે આપવામાં આવ્યા છે.
१. સ્વરૂપ લક્ષણ २. તટસ્થ લક્ષણ.

१. સ્વરૂપ લક્ષણ :- લક્ષણમાં દર્શાવેલાં ધર્મો લક્ષ્યમાં રહી લક્ષ્યને સમજાવે તે સ્વરૂપ લક્ષણ. જેમ "બ્રહ્મ સત્ય, જ્ઞાન, અનન્ત છે." (તૈ.ઉ.२।१।१) બ્રહ્મનું સ્વરૂપ લક્ષણ છે.

२. તટસ્થ લક્ષણ :- લક્ષ્યનો પરિચય લક્ષણથી અલગ રહીને આપે તે. તટસ્થ લક્ષણ જેમ "જન્મ વગેરે જેનાથી થાય છે. (બ્ર.સૂ. १।१।२) બ્રહ્મનું તટસ્થ લક્ષણ છે.

શુદ્ધાદ્વૈત મતમાં બ્રહ્મ ખરેખર જગતની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ કરનાર છે, કારણ કે વેદમાં બ્રહ્મનું જગત્કર્તૃત્વ દર્શાવવામાં આવ્યું છે. વળી તે કર્તૃત્વ ગૌણ અન્યથા આરોપિત થવાને યોગ્ય નથી.

અહીં શ્રુતિનો વિરોધ નથી, કલ્પસૂત્રોનો પણ વિરોધ નથી, કારણ કે બ્રહ્મ સર્વભવનસમર્થ હોવાથી અચિન્ત્ય ઐશ્વર્યવાળું છે. (અ.ભા.૨૧૧૨)

(૫) કેવલાદ્વૈત મતાનુસાર બ્રહ્મના ધર્મો અન્યપરક-ઉપાસનાપરક છે. આમ સગુણ બ્રહ્મ એ માયાજન્ય હોઇ ઉપાસ્ય બ્રહ્મ કહેવાય છે. પરંતુ શુદ્ધાદ્વૈત મતાનુસાર બ્રહ્મનાં ધર્મો અન્યપરક-ઉપાસનાપરક નથી. કારણ કે તે શાસ્ત્રસંમત કે તર્ક પ્રમાણિત નથી.

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથજીના બ્રહ્મ સંબંધી વિચારોમાં સામ્ય-ભેદનું નિરૂપણ.

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં "સાકાર બ્રહ્મવાદ"નું જ પ્રતિપાદન કર્યું છે અને પિતા શ્રીમદ્ વલ્લભાચાર્યના વિચારોનો જ સ્વીકાર કર્યો છે. છતાં પણ શ્રી વિઠ્ઠલનાથજી એ સ્વતંત્ર પ્રતિભા અને બુદ્ધિ કૌશલ્યથી પોતાના વિચારો આપ્યાં છે.

(૧) બ્રહ્મ સર્વ ધર્મોથી વિશિષ્ટ છે. કારણ કે વેદો અને બ્રહ્મસૂત્રોમા તેનાં પ્રમાણો મળે છે.

(૨) બ્રહ્મનું કર્તૃત્વ સ્વાભાવિક છે, માયિક નથી.

(૩) બ્રહ્મના સ્વરૂપો-સગુણ-નિર્ગુણમાં અભેદ છે.

(૪) બ્રહ્મ સર્વોપાધિથી રહિત છે અર્થાત ઉપાધિવિશિષ્ટ બ્રહ્મ હોતું નથી.

(५) अविद्या जनित उपाधि अने सत्त्वादि गुणोनी उपाधिनो पण ब्रह्मवादमां स्वीकार करवामां आव्यो नथी.

(६) "अस्थूल" वगेरे वाक्यो जगत अने तेना धर्मोथी ब्रह्मनी विलक्षणतानुं प्रतिपादन करे छे.

(७) औपाधिक-उपाधियुक्त ब्रह्म जगत्कारण नथी.

(८) ब्रह्म जगत्कर्ता होइ ते स्वतंत्र छे.

(९) जगतनी प्रतीति श्रुतिमां प्रसिद्ध नथी परंतु लोकजगतमां प्रसिद्ध छे.

(१०) अध्यारोपापवादनो स्वीकार करीने ब्रह्मना जगत्कर्तृत्वनो निषेध करवो ए उपनिषदोने तिलांजलि छे.

(११) अध्यारोपापवादना खंडन माटे "जगतनी अप्रतीतिथी" ए हेतु सिद्ध करवामां आव्यो छे.

(१२) मुख्यार्थनी संभावना होय त्यां लक्ष्यार्थ स्वीकारी शकाय नहि.

उपर्युक्त मुद्दाओमां श्रीमद् वल्लभाचार्य अने श्री विठ्ठलनाथजीनुं विचार-साम्य जोइ शकाय छे. परंतु अध्यारोपापवादना खंडन माटे प्रस्तुत करवामां आवेली दलीलो श्री विठ्ठलनाथजीनी स्वतंत्र बुद्धि-शक्तिनो परिचय करावे छे.

(१) वासना-संस्कार अनुभवजन्य होय छे. आथी जगतनी प्रतीति न थती होय तेना अनुभवनो संभव नथी.

(२) वासना निश्चयात्मक अनुभवोथी ज उत्पन्न थाय छे.

(૩) વાસના ઉદ્બોધક- સ્મૃતિનો પ્રયોજક હોય તો જગતનો અનુભવ થાય છે.

(૪) ઉદ્બોધકનો અનુભવ કરી શકાય નહિ. કારણ કે અન્યોન્યાશ્રય દોષ થાય છે.

(૫) દષ્ટથી અનુભવ કરી શકાય, તેથી વાસના અને વાસનાથી દષ્ટની પ્રતીતિ થતાં અનવસ્થા દોષ આવે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ અધ્યારોપાપવાદના ખંડનમાં પ્રસ્તુત કરેલી દલીલોમાં મુખ્ય વસ્તુ "જગતની સત્યતા" નું પ્રતિપાદન છે. અર્થાત્ જગત સ્વપ્નની જેમ અસત્ય નથી. આમ કેવલાદ્વૈત સિદ્ધાન્તમાં બ્રહ્મનિરૂપક શ્રુતિ વાક્યો અને સૃષ્ટિનિરૂપક શ્રુતિ વાક્યોમાં સંગતિ સાધવા માટે અધ્યારોપાપવાદનું નિરૂપણ થયું છે. છતાં શ્રી વિઠ્ઠલનાથજીએ તેમાં બ્રહ્મનું જગત્કર્તૃત્વ અને જગતનું સત્યત્વ પણ સિદ્ધ કર્યું છે.

<u>ઉપસંહાર :-</u>

બ્રહ્મના સ્વરૂપની ચર્ચા વેદાદિ શાસ્ત્રોમાં સવિસ્તર કરવામાં આવી છે. બ્રહ્મને "પૂર્ણ", "અદ્વિતીય" "એક" એમ અનેકવિધ વિશેષણો અને ઉપમાનોથી અલંકૃત કરવામાં આવે છે. સગુણ બ્રહ્મની પ્રતિપાદક શ્રુતિ હોય કે નિર્ગુણ બ્રહ્મની પ્રતિપાદક શ્રુતિ હોય, પ્રશ્ન બ્રહ્મના શાસ્ત્રસમ્મત સ્વરૂપનો છે. "શાસ્ત્રૈકસમધિગમ્ય" બ્રહ્મનો શાસ્ત્રના ચિંતન દ્વારા જ અનુભવ કરી શકાય. આથી બ્રહ્મને જો कर्तुमकर्तुमन्यथाकर्तुंसमर्थः

કહેતાં હોઇએ તો બ્રહ્મને માટે શું અશક્ય છે? બ્રહ્મનું સર્વશક્તિમાનપણું જ તેનું સર્વસ્વરૂપોને ધારણ કરવાનું પ્રબળ પ્રમાણ છે. આથી પણ વિશેષ કહીએ તો બ્રહ્મનું સર્વવ્યાપીપણું એ જ તેનું અંતર્યામીપણું છે. ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે આ સંપૂર્ણ જગત સૂત્રમાં મણિઓની પેઠે મારામાં ગુંથાયેલું છે.

બ્રહ્મનું સર્વશક્તિમાનપણું અને સર્વવ્યાપીપણું એ જ ચિન્તનીય અને વિચારણીય વિષયો છે. સચ્ચિદાનન્દ સ્વરૂપ બ્રહ્મના જડ, જીવ અને અંતર્યામી એવાં સ્વરૂપો છે. પરબ્રહ્મ સત્-સ્વરૂપ ચિત્-સ્વરૂપ અને આનન્દ-સ્વરૂપ છે. સત્ સ્વરૂપમાં જડસૃષ્ટિ, ચિત્ સ્વરૂપમાં ચેતનસૃષ્ટિ અને આનન્દ સ્વરૂપમાં અક્ષરબ્રહ્મ છે. પરંતુ પૂર્ણ પુરૂષોત્તમ એ જ પરબ્રહ્મ છે. આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્ય સુબોધિની ૧।૧૦।૨૦ માં કહે છે કે જે સનાતન પુરૂષ છે તે ભગવાન જ છે. અન્ય હોઇ શકે નહિ. આમ, જે બ્રહ્મ અનાદિ પુરૂષોત્તમને જાણે છે. તે સર્વજ્ઞ છે, કારણ કે બ્રહ્મ સ્વયં જ્ઞાન છે. એટલે એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે. બ્રહ્મનો જ અંશ જીવ ચિદ્રૂપ છે. તે જીવ પણ જ્ઞાનસ્વરૂપ છે. તેનું નિરૂપણ બ્રહ્મના સંદર્ભમાં અત્યન્ત ઉપયોગી થઇ પડશે.

## पा द टी प

1. त॰ दी॰ नि॰, 1/19 : कृष्णश्चेत् सेव्यते भक्त्या
कलिस्तस्य फलाय हि ।

2 सि॰ मु॰, 1 : कृष्णसेवा सदा कार्या ।

3 तत्रैव, 1 : नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिद्धांत विनिश्चयम् ।

4 तत्रैव, 12 : अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।

5 वि॰ मं॰ उ॰, पृ॰ 70 : विद्वन्मण्डनेन साकारब्रह्मवादं
.... सम्पादितः ।

6 वि॰मं॰, श्लो॰ 1 :

निजमुरलिकानादाह्यानागतव्रजसुन्दरी
निस्त्रमनवस्नेहाम्भोधेर्विचित्रतरोर्मिभिः ।
किमपि परितश्चाद्रोऽस्तु प्रभुः प्रकटीभवन्
प्रतियुवतिसम्भिदनाऽस्मदृशां विषयः सदा ।।

7 प्र॰ उ॰, 6/8 : त्वं हि नः पिता योऽस्माकमविद्यायाः
पारं तारयसि ।

8 वि॰मं॰ श्लो॰ 2 : पितृचरणान् नत्वाऽहं हरिरतिमार्गाम्बुजातमार्तण्डान् ।
तदनुग्रहतः किंचिल्लिखामि यत्नाद् यथाबुद्धि ।।

9 सु.सू., पृ. 9 : मूर्तेण्ड एष एतस्मिन् पदभूततो मार्तण्ड इति
व्यपदेशः ।

10 वि.मं., श्लो. 3 : श्रुतिसूत्रादिमणिभिर्घटितं युक्तिमौक्तिकैः ।
ग्रथितं कुरुते विद्वन्मंडनं विठ्ठलः सुधीः ॥

11 ह.तो., पृ. 10 : विदुषां मण्डनरूपम् विद्वन्मंडनम् ।

12 त.दी.नि. 1/7 : वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥

13 वि.मं., पृ. 11 : ..अपवर्गाय श्रुतिपुराणेषु श्रवणादयः प्रतिपाद्यन्ते ।

14 बृ. उ., 2/4/5 : आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो-
मन्तव्यो निदिध्यासितव्यः ।

15 वि.मं., पृ. 11 : उभयरूपत्वेनापि श्रूयमाणत्वात् ।

16 बृ. उ., 2/3/6 : अथात आदेशो नेति नेति ।

17 श्वे. उ., 3/19 : अपाणिपादो जवनो ग्रहीता-
पश्यत्यचक्षुः स श्रृणोत्यकर्णः ।

18 बृ.उ., 3/8/8 : स होवाचैतद्वै तदक्षरं गार्गि ब्राह्मणा
अभिवदन्त्यस्थूलमनण्वह्रस्वमदीर्घमलोहितमस्नेह
मच्छायमतमोऽवाय्वनाकाशमसङ्गमर
समगन्धमचक्षुष्कमश्रोत्रमवागमनोऽतेजस्कम-
प्राणममुखममात्रमनन्तरमबाह्यं न तदश्नाति
किंचन न तदश्नाति कश्चन ।

19 मु.उ. 2/1/2 : दिव्यो ह्यमूर्तः पुरुषः ।
सबाह्याभ्यन्तरो ह्यजः ॥

20 क. उ., 1/2/22 : अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् ।
महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥

21 मु. उ., 2/1/1 : अप्राणो ह्यमनाः शुभ्रः ।

22 बृ. उ. 4/3/15 : असङ्गो ह्ययं पुरुषः ।

23 भ.गी., 2/25 : अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।

24 तत्रैव, 13/12 : अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ।

25 भाग., 8/3/24 :
स वै न देवासुरमर्त्यतिर्यङ् न स्त्री न षण्ढो न पुमान् न जन्तुः ।
नायं गुणः कर्म न न सन्न चासत् निषेधशेषो जयतादशेषः ।

26 तै. उ. 3/1 : यतो वा इमानि भूतानि जायन्ते,
येन जातानि जीवन्ति, यत्प्रयन्त्यभि-
संविशन्ति ।

27 तत्रैव, 3/6 : आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते ।

28 प्र. उ., 6/3/ : स ईक्षां चक्रे ।

29 बृ.उ., 1/4/10 : स आत्मानमेवावेदहं ब्रह्मास्मीति ।

30 तत्रैव, 4/4/22 : सर्वस्य वशी, सर्वस्येशानः ।

GUJARAT UNIVERSITY LIBRARY AHMEDABAD

31 मु॰ उ॰ 1/1/9 : यः सर्वज्ञः सर्वविद्यस्य... ।

32 श्वे॰ उ॰, 3/3 : विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोबाहु-
स्त विश्वतस्पात् । सं बाहुभ्यां धमति संपत्रै
द्यावाभूमी जनयन्देव एकः ।

33 छा॰ उ॰, 3/14/2 : सर्वकामः सर्वगन्धः सर्वरसः ।

34 भ॰ गी॰, 13/13 : सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥

35 ना॰ पं॰, त॰दी॰नि॰ 1/44 : निर्दोषपूर्णगुणविग्रह आत्मतन्त्रो
निश्चेतनात्मकशरीर गुणैश्च हीनः ।
आनन्दमात्रकरपादमुखोदरादिः
सर्वत्र च स्वगतभेदविवर्जितात्मा ॥

36 स॰ द॰ सं॰ पृ॰ 261 : विषयो विशयश्चैव पूर्वपक्षस्तथोत्तरम् ।
संगतिश्चेति पंचांगं शास्त्रेऽधिकरणं स्मृतम् ॥

37 स॰ स्तो॰, श्लो॰ 8 : साकारब्रह्मवादैकस्थापक: ।

38 भ॰गी॰, 18/55 : भक्त्या मामभिजानाति ।

39 वे॰चि॰, 9/1 : आप्राकृताखिलाकारः श्रुतिभिः प्रतिपाद्यते ।
माहात्म्याय स्फुटं भक्त्यै प्राकृतं तु निषिध्यते ॥

40 ब्र॰सू॰, 2/1/30 : सर्वोपेता च तद्दर्शनात् ।

41 भाग॰, 1/16/29 : इमे चान्ये च भगवन्नित्या यत्र महागुणाः ।

42 सुबो., 1/16/19 : ते भगवति....ईषदपि न क्षीयन्ते ।

43 मुं.उ., 1/1/9 : यः सर्वज्ञ....

44 श्वे. उ., 4/1 : ...बहुधा शक्तियोगात् ...

45 छां.उ., 3/14/2 : सर्वकर्ता सर्वकामः ।

46 अ. भा., 2/1/37 : वेदोक्ता धर्माः सर्वे ब्रह्मण्युपपद्यन्ते ।
सर्वसमर्थत्वादिति ।

47 त.दी.नि., 1/65 : सच्चिदानन्दरूपं तु ब्रह्म व्यापकमव्ययम् ।

48 सर्वशक्ति स्वतन्त्रं च सर्वज्ञं गुणवर्जितम् ।।

48 तत्रैव, 1/65 : एवं ब्रह्मधर्मा निरूपिताः ।

49 तत्रैव, 1/67 सर्वाधारं वश्यमायमानन्दाकारमुत्तमम् ।
प्रापञ्चिक पदार्थानां सर्वेषां तद्विलक्षणम् ।

50 बृ.उ., 4/4/12 : सेतुर्विधरण एषां लोकानामसम्भेदाय ।

51 त.दी.नि. 1/67 : साकारतामाह आनन्दाकारमिति ।

52 ब्र.सू., 1/1/11 : आनन्दमयोऽभ्यासात् ।

53 अ.भा., 1/1/11 : तस्मादानन्दमयं ब्रह्मैव ।

54 तत्रैव, 3/2/22 : सर्वत्र लौकिकं प्रतिषेधत्यलौकिकं विधत्ते ।

55 नृ. ह. उ., 2 : आनन्दरूपः, सर्वाधिष्ठानः सन्मात्रः ।

56 अ. भा., 2/1/27 : शब्दमूलत्वात्, शब्दैकसमधिगम्यत्वात् ।

57 म॰ पु॰, 113/7 : अचिन्त्याः खलु ये भावा न तां

स्तर्केण योजयेत् ।

58 त॰दी॰नि॰, 1/68 : जगतः समवायि स्यात्तदेव च निमित्तकम् ।

कदाचिद्रमते स्वस्मिन् प्रपञ्चोऽपि क्वचित् सुखम् ।।

59 भाग॰ 10/85/4 : यत्र येन यतो यस्य यस्मै यद्यथा यदा ।

त॰दी॰नि॰, 1/69 स्यादिदं भगवान् साक्षात् प्रधानपुरुषेश्वर ।।

60 तत्रैव, 1/2/9 : अत्ता चराचरग्रहणात् ।

61 त॰दी॰नि॰, (प्र॰) 1/44 : आनन्दो ब्रह्मवादे आकारसमर्पकः ।

अत एव पुरुषेऽपि सर्वान्तर आनन्दमयो निरूपितः

63 भ॰गी॰, 13/13 : सर्वमावृत्य तिष्ठति ।

64 ब्र॰सू॰शां॰भा॰ 4/3/14 : यत्राविद्याकृतनामरूपादिविशेष

प्रतिषेधादस्थूलादिशब्दैर्ब्रह्मोपदिश्यते

तत्परम् । तदेव यत्र नामरूपादि विशेषेण

केनचिद्विशिष्टमुपासना योपदिश्यते "मनोमयः

प्राणशरीरो भारूपः (छा॰ 3/14/2)

इत्यादिशब्दैस्तदपरम् ।

65 तत्रैव 3/2/15 : उपाधीनां चाऽविद्याप्रत्युपस्थापितत्वात् ।

66 तत्रैव 1/1/12 : द्विरूपं हि ब्रह्माऽवगम्यते, नामरूपविकारभेदो-

पाधिविशिष्टं, तद्विपरीतं च सर्वोपाधिविवर्जितम् ।

67 बृ.उ., 2/3/2 : तदेतन्मूर्तं यदन्यद्वायोश्चान्तरिक्षात्.. ।

68 तत्रैव, 2/3/3 : अथामूर्तं वायुश्चान्तरिक्षं चैतदमृतम्... ।

69 वि. मं., पृ. 19 : उपजीव्यत्वतः श्रौतवाक्यैश्चान्यपरत्यतः ।
अन्तरङ्गत्वतश्चापि निर्विशेषं निरूप्यते ।।

70 ह. तो., पृ. 19 : उपजीव्यत्वत् इति । निर्वाहकत्वादित्यर्थः

71 तत्रैव, पृ. 19 : निर्वाहकत्वान्निर्विशेषनिरूपणमावश्यकमितिभावः ।

72 तत्रैव, पृ. 20 धर्मबोधकवाक्यानामुपासनापरत्वादित्यर्थः ।

73 ह. तो., पृ. 20 : धर्मिण अन्तरङ्गत्वादित्यर्थः ।

74 वै. सू., 1/1/16 : द्रव्याश्रयी..... इति गुणलक्षणम् ।

75 ह. तो., पृ. 20 : निर्वाहकत्वात्, परस्परं बाध्यबाधक भावो नास्ति ।

76 तत्रैव, पृ. 20 : ब्रह्मणो: विरुद्धधर्म[धार]स्वीकारात् ।

77 बृ. उ., 3/8/8 : अस्थूलमनण्वह्रस्वम्...मनन्तरमबाह्यम् ।

78 ह. तो., पृ. 20 – 21 : निषेधस्य विद्यमानत्वादुभय सार्थकत्वं-
नास्तीत्यर्थः ।

79 वि. मं., पृ. 21 : निरूपणं हि लक्षणैः, तानि
चासाधारणधर्मरूपाणि ।

80 ह. तो., पृ. 21 : सविशेषनिरूपकश्रुतिं विना
निर्विशेषश्रुतिः निरूपणं कर्तुं न शक्नोति ।

81 तत्रैव, पृ. 21 : आधारनिरूपणं विना धर्मनिरूपणं न जायत इति
उपजीव्यात्वं निर्विशेष श्रुतेः, प्रतियोगिनिरूपणं
विना अभाव निरूपणं न सम्भावति इति
सविशेषश्रुते उपजीव्यत्वम् ।

82 द. सौ., पृ. 22 : श्रौतत्वोभजीवत्वयोरविशेषात्...
उभयबाधस्वीकारे... ।

83 तै. उ. 6/1 : असन्नेव स भवति असद्ब्रह्मेति वेद चेत् ।

84 वि. म. पृ. 22 न हि श्रुतिसिद्धा धर्मा निषिध्यन्ते ।

85 वि. मं., पृ. 22 : तथा योग्यत्वं सिद्धमिति...

86 तै. उ., 4/1 : यतो वाचो निवर्तन्ते । अप्राप्य मनसा सह ।

87 वि.मं., पृ. 23 : अन्यथा अभावविरूपणोच्छेदप्रसङ्गात् ।

88 तत्रैव, पृ. 23 : नन्विदमसंगतम् ।

89 तत्रैव, पृ. 23 : कालभेदेन तु शक्या निषेद्धुम् ।

90 तत्रैव, पृ. 23 : न ह्येवं ब्रह्मणि संभवति, सदैकरसत्वात् ।
धर्मनिरूपणं वा निषेध

91 वि.मं., पृ. 24 : तथा चित्तशुद्धौ सत्यां निर्विशेषं ब्रह्म
प्रतिपत्स्यते ।

92 तत्रैव, पृ. 24 : ततस्तादृशब्रह्मज्ञापनाय पूर्वोक्ताम् निषेधति ।

93 बृ. उ., 2/3/1 : द्वे वाव ब्रह्मणो रूपे मूर्तं चैवामूर्तं च ।

94 तत्रैव, 2/3/6 : अथात् आदेशो नेति नेति ।

95 वि.मं., पृ. 25 : अभेदादनुपायित्वाज्जगदुत्पत्त्यथाप्ततः ।
सर्वाधारत्वतस्तावच्छक्तित्वान्नास्य बाधनम् ।।

96 सु.सू., पृ. 25 : सविशेषनिर्विशेषयोर्भेदाभावादित्यर्थः

97 ह.तो., पृ. 26 : ब्रह्मण्युपाधिरेव नास्तीत्यर्थः ।

98 ह. तो., पृ. 26 : एतेनान्तरङ्गत्वत् उपजीव्यत्वत
इति हेतुद्वयं निरस्तम् ।

99 तत्रैव, पृ. 26 : ....वास्तविकत्वाभावाज्जगत
उत्पत्त्यभावान् प्रतीतिरेव न स्थादित्यर्थः

100 तत्रैव, पृ. 26 : सविशेषत्वस्यबाधनं नेत्यर्थः ।

101 ब्र.सू., 1/2/1 : सर्वत्र प्रसिद्धोपदेशात् ।

102 अ.भा., 1/2/1 : ये...सगुणनिर्गुणभेदं प्रतिपादयन्ति
ते स्वयमेव स्वस्य ब्रह्मजिज्ञासानधिकारं बोधयन्ति ।

103 छा. उ., 3/14/1 : स क्रतुं कुर्वीत

104 तत्रैव, 3/14/2 : मनोमयः प्राणशरीरः भारूपः ।

105 तत्रैव, 6/8/7 : तत्त्वमसि ।

106 तत्रैव, 6/2/1 : एकमेवाद्वितीयम्ब्रह्म ।

107 वि.मं., पृ. 29 : उपाधिकृत एव न सम्भवति ।

10

108 न्या॰ को॰, पृ॰ 107 : उपाधिना क्रियते भेदस्मः (श्रुतिः)

109 सि॰ बि॰, पृ॰ 37 : अज्ञानविषयीभूतं चैतन्यमीश्वरः । अज्ञाना-
श्रयीभूतं भूतं च जीवः इति वाचस्पतिमिश्राः ।

110 सि॰ ले॰ सं॰, पृ॰ 110 : मायाप्रतिबिम्ब ईश्वरो विद्याप्रतिबिम्बो
जीवः ।

111 तत्रैव, पृ॰ 110 : एकैव मूल प्रकृतिविक्षेपप्राधान्येन मायाशब्दिते-
श्वरोपाधिरावरणप्राधान्येनाविद्याज्ञानशब्दिता
जीवोपाधिः ।

112 वि॰ मं॰, पृ॰ 30 : अविद्यैवोपाधिः, सा चानादिरेवेति पक्षस्त्वसंगतः ।

113 तत्रैव, पृ॰ 30 : उपहितस्य...कर्तृत्वेन अविरतं सर्गः स्यान्न
जातु प्रलयः ।

114 तै॰ उ॰, 3/2/6
छां॰ उ॰, 6/2/3 : एकोऽहं बहु स्याम् ।
बृ॰ उ॰, 1/4/2

115 भाग॰, 1/2/23 : सत्त्वं रजस्तम इति प्रकृतेर्गुणाः ।

116 वि॰ मं॰, पृ॰ 31 : न चैवमपि...वक्तुं युक्तम् ।

117 तत्रैव, पृ॰ 31 : तद्गुणा एव हेतुत्वेन वाच्याः ।

118 तत्रैव, पृ॰ 32 : तदधीनब्रह्मणेत्यनीश्वरवादः प्रसज्जेयत् ।

119 छा.उ., 6/2/1-2 : सदेव सौम्येदमग्र आसीत् ।

120 वि.मं., पृ. 32 : अयोगव्यवच्छेदक इति वाच्यम् ।

121 ह. तो., पृ. 32 : पूर्ववृत्तान्तबोधनार्थमेवेत्यर्थः ।

122 बृ. उ. 1/4/1 : सोऽनुवीक्ष्य नान्यदात्मनोऽपश्यत् ।

123 भ.गी., 11/32 : कालोऽस्मि

124 भाग. : 11.11.3 : विद्याविद्ये मम तनू... ।

125 छा.उ., 6/8/4 : सन्मूलाः सौम्येमाः प्रजाः
सदायतनाः सत्प्रतिष्ठा ।

126 भ.गी., 17/23 : ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।

127 अ. अ. 1/4/54 : स्वतन्त्रः कर्ता ।

128 वि. मं., पृ. 34 : उपाधावेव स्यान्न तूपहिते घटक्रियेव ।

129 ह. तो., 34 : अनादीश्वराङ्गीकारेण सांख्यवदनीश्वरवादापत्ति-
र्नास्तीति भावः ।

130 तै. उ., 3/1 : यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि
जीवन्ति । यत्प्रयन्त्यभिसंविशन्ति ।

131 भ.गी., 10/8 : अहं सर्वस्य प्रभवो... ।

132 ब्र.सू., 1/1/2 : जन्माद्यस्य यतः ।

133 ह. तो., पृ. 34 : यथा लोके भटगतं युद्धकर्तृत्वं राज्ञि उप-
-पर्यते, तथा श्रुतावुपाधिगतं कर्तृत्वं ब्रह्मण्यु पचर्यत
इत्यर्थः ।

134 वि.मं., पृ. 34 : मुख्ये संभवति तथा कल्पनस्यायुक्तत्वाद्,
मुख्याबाधाच्च ।

12

135 ब्र.सू., 1/1/5 : गौणश्चेन्नात्मशब्दात् ।

136 तत्रैव, 1/1/6 : तन्निष्ठस्य मोक्षोपदेशात् ।

137 अ. भा., 1/16 : यदि जगत्कर्ता गौणः स्यात्
तन्निष्ठस्य संसार एव स्यात् । न मोक्षः ।

138 तै. उ., 2/7 : यदा ह्येवैष एतस्मिन्नदृश्येऽनात्म्येऽनिरुक्तेऽ-
निलयनेऽभयं प्रतिष्ठां विन्दते । अथ सोऽभयं
गतो भवति ।

139 छां. उ. 6/3/2 : अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरणाणि ।

140 ब्र.सू., शां. भा., 1/2/6 : पर एवात्मा देहेन्द्रियमनोबुद्ध्युपाधिभिः
परिच्छिद्यमानो बाल शरीर इत्युपचर्यते ।

141 अ. भा., 1/1/7 : वेदान्तेषु साधनोपदेशेषु पुत्रादि वज्जगत्कर्ता
हेयत्वेन नोपदिश्यते ।

142 तत्रैव, 1/1/7 : इतोऽपि निर्गुण एव जगत्कर्ता ।

143 ब्र.सू., 1/1/7 : हेयत्वावचनाच्च ।

144 तत्रैव, 1/1/1 : अथातो ब्रह्मजिज्ञासा

145 तत्रैव, 1/1/2 : जन्माद्यस्य यतः ।

146 क.उ., 1/2/15 : सर्वे वेदा यत्पदमामनन्ति ।

147 भ.गी., 15/15 : वेदैश्च सर्वैरहमेव वेद्यो वेदान्तकृद्वेदविदेव चाहम् ।

148 वि.मं., पृ. 37 : अतो भेदपक्षस्त्वसंगत एव ।

149 इ.तो., पृ. 38 : यथा घटतदभावयोर्विरोधादेकत्र-
स्थितिर्नास्ति, श्रुत्युक्तानां कर्तृत्वा कर्तृत्वादिध-
र्माणामेकत्र समावेशा संभवादित्यर्थः ।

150 वि.मं., पृ. 37-38 : अस्थूलादिवाक्यैर्जडजीवधर्मा एव ब्रह्मणि
निषिध्यन्ते, न श्रुतिसिद्धा जगत्कर्तृत्वादयः ।

151 बृ. उ., 3/8/9 : एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ
विधृतौ तिष्ठत द्यावापृथिव्यौ विधृते तिष्ठतः ।

152 इ. तो., पृ. 38 : यथा नीलघटवति भूतले घटत्वावच्छिन्नाभावो
नायाति, पीतघटाभाव आयाति ।

153 तै.उ., 2/4 : यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।

154 वि.मं., पृ. 38 : ....प्रतिपादनवैयर्थ्यापातात् ।

155 तत्रैव, पृ. 39 : तदनित्यकत्वात् ।

156 तै.उ., 2/1 : ब्रह्मविदाप्नोति परम् ।

157 तत्रैव, 1/1 : तस्माद्वा एतस्मादात्मन आकाश संभूतः ।

158 वे.सा., 27 : वस्तुन्यवस्त्वारोपाऽध्यारोपः ।

159 तत्रैव, 30 : अपवादो नाम रज्जुविवर्तस्य सर्पस्य...
रज्जुमात्रत्ववद् वस्तुविवर्तस्याऽवस्तुनोऽज्ञानादेः
प्रपञ्चस्य वस्तुमात्रत्वम् ।

14

160 प. क., पृ. 1 : अध्यारोपापवादाभ्यां निष्प्रपंचं प्रपञ्च्यते ।

161 ब्र.सू.शां.भा., 1/1/8 : यथारुन्धतीं दिदर्शयिषुः तत्समीपस्थां स्थूलां ताराममुख्यां प्रथममरुन्धतीति ग्राहयित्वा तां प्रत्याख्याय पश्चादरुन्धतीमेव ग्राहयति ।

162 वि.सं., पृ. 39 : संगतिरध्यारोपापवादलक्षणा ।

163 ब्र.सू.शां.भा., 1/1/1 : अप्रसिद्धं नैव शक्यं जिज्ञासितुमिति ।

164 सि.ले.,सं., 1, पृ. 71 : जगज्जननजीवननियामकत्वमुक्तम् ।

165 त.दी.नि., 1/85 : एकवाक्यतायां प्रकारोऽध्यारोपापवादः ।

166 तत्रैव, 1/85 : पूर्वोक्तमपोह्य कर्तृत्वाद्यपेत पश्चाद् ब्रह्म बोध्यते ।

167 तत्रैव, 1/85 : अपवादार्थमेवैतदारोपो वस्तुतो न हि ।
दृढप्रतीतिसिद्ध्यर्थमिति चेत् तन्न युज्यते ।

168 तत्रैव, 1/86 : लोकसिद्धा ह्येषा ।

169 त.दी.नि., 1/86 : सर्वतो बलवती ह्यन्यथानुपपत्तिः ।

170 तत्रैव, 1/86 : तथा सति पारम्पर्यं नोपपद्यते ।

171 ब्र.सू., 2/2/29 : वैधर्म्याच्च न स्वप्नादिवत् ।

172 त.दी.नि., 1/86 : मायासहितस्यैव कर्तृत्वमङ्गीक्रियेत,
प्रपञ्चस्य च मायिकत्वम् ।

15 173 ह.तो., पृ. 39 : अध्यारोपापवादखण्डनार्थं-
जगदप्रत्ययाश्रित" इति कारिकोक्तं
हेतुं साधयितुम्...।

174 वि.मं., पृ. 40 : न हि जगत्प्रतीतिः श्रुतिसिद्धा,
किन्तु लोकसिद्धा ।

175 ह.तो, पृ. 40 : तत्प्रतीतिः रजतप्रतीतिवद्भ्रमात्मिका
स्यादित्यर्थः ।

176 वि.मं., पृ. 30 : स्वाच्छन्दशाखाछेदनवन्मातावन्ध्येति वाक्यवच्च
सर्वार्थतत्त्वप्रतिपादिका श्रुतिः कथं वदेत् ।

177 तत्रैव, पृ. 40 : सर्वतो बलवती ह्यन्यथानुपपत्तिः ।

178 अ.भा., 2/2/29 : ननूपलब्धिमात्रेण न वस्तुसत्त्वम् ।

179 बृ.उ., 4/3/10 : " न तत्र रथा न रथयोगाः ।"

180 वि.मं., पृ. 41 :...प्रपञ्चासत्त्वमेवाभिप्रेतमिति चेत् ।
तर्हि प्रतीतिमुपपादयतु ।

181 वि.मं., पृ. 41 : न तावद्भासनयेति वक्तुं शक्यम् ।

182 तत्रैव, पृ. 41 : जगतश्चासत्त्वेन पूर्वमनुभवाऽसंभवात् ।

183 तत्रैव, पृ. 41 : न चानादित्वेन तदुपपत्तिः ।

184 वि.मं. (नि.) पृ. 7 : वासना निश्चयात्मकेभ्योऽनुभवेभ्य
एवोत्पद्यन्ते ।

6

185 ह. तो. पृ. 42 : कालोपाधेः सहकारिकारणत्वमेव,
न तद्बोधकत्वम् ।

186 वि.मं., पृ. 42 : अन्योन्याश्रयप्रसङ्गात् ।

187 तत्रैव, पृ. 42-43 : उद्बोधकं...नाप्यदृष्टम् ।

188 ह. तो., पृ. 43 : अनादिप्रवाहादनवस्थादोषः ।

189 ब्र.सू., 2/2/29 : वैधर्म्याच्च न स्वप्नादिवम् ।

190 ह. तो., पृ. 43 : जाग्रदवस्थायां तु दृष्टस्य-
गृहीदेर्पुनर्दशवर्षोत्तरमपि तस्य तथैव दर्शनम् ।

191 तत्रैव, पृ. 43 : स्वप्नादौ साधनस्य जाग्रदवस्थोपयोगाभावा-
ज्जगति साधनस्य मोक्षोपयोगादि ।

192 S.B., 2 : P. 105 : The Svapna Srsti may be
maya-matra, but the Brahma Srsti
is not so.

## પ્રકરણ - ૫

## જીવ સ્વરૂપવિચાર

### (૧) અવચ્છેદવાદનું સ્વરૂપ :

ભારતીય દર્શનમાં શંકરોત્તર અદ્વૈત-વેદાન્તમાં "અવચ્છેદવાદ" એક સ્વતંત્ર અને શાસ્ત્રીય વિચાર તરીકે અસ્તિત્વમાં આવ્યો છે, તેના પુરસ્કર્તા શ્રી વાચસ્પતિ મિશ્ર (ઇ.સ. ૮૪૦) છે. તેમણે બ્રહ્મસૂત્ર શાં.ભા.ઉપરની "ભામતી" ટીકામાં "અવચ્છેદવાદ" નો વિચાર આપ્યો છે, તેમ છતાં "અવચ્છેદવાદ" નું મૂળ બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમાં પણ રહેલું છે.

અવચ્છેદ એટલે મર્યાદા કે સીમા દર્શાવનાર સાધન. અવચ્છેદનું વિશિષ્ટરૂપ અવચ્છિન્ન છે. જેમ દ્રોણથી એક પરિમાણથી અવચ્છિન્ન ધાન્ય, તેમ અન્તઃકરણથી અવચ્છિન્ન મર્યાદિત ચૈતન્ય જીવ.[1]

અવચ્છેદવાદના સંકેત સ્થાનો ગીતા-શાંકરભાષ્ય બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્ય અને ભામતી ટીકામાં નિમ્નાનુસાર છે.

૧. ગીતા-શાંકરભાષ્યમાં શ્રી શંકરાચાર્ય કહે છે જેમ જળમાં દેખાતું સૂર્યનું પ્રતિબિંબ, તે જળરૂપ નિમિત્ત નાશ પામતાં સૂર્યને પામીને પાછું ફરતું નથી, તેમ પરમાત્માનો અંશ પણ પરમાત્માને પામીને પાછો ફરતો નથી, અથવા જેમ ઘટાદિ ઉપાધિથી પરિચ્છિન્ન આકાશ, તે આકાશનો અંશ છે અને ઘટાદિ નિમિત્ત નાશ પામતાં આકાશને પામીને પાછું ફરતું નથી.[૨]

૨. શ્રી શંકરાચાર્ય કહે છે જેમ ઘટ, કમંડલ વગેરે ઉપાધિના કારણે અપરિચ્છિન્ન આકાશ પણ પરિચ્છિન્ન લાગે છે, તેમ પરમાત્મા જ દેહ, ઇન્દ્રિય, મન અને બુદ્ધિ વગેરે ઉપાધિઓથી પરિચ્છિન્ન અજ્ઞાની જીવ કહેવાય છે.[૩]

3. શ્રી વાચસ્પતિ મિશ્ર કહે છે કે કૂટસ્થ, નિત્ય, અપરિણામી બ્રહ્મની ઉદાસીનતા વાસ્તવિક છે, છતાં પણ અનાદિ, અનિર્વચનીય અવિદ્યાથી અવચ્છિન્ન બ્રહ્મનું કર્તાપણું ભાસે છે, એ કર્તૃત્વનું જ્ઞાન છે.[૪]

વળી અનાદિ અવિદ્યાથી અવચ્છેદને પામેલ જીવભાવવાળો પરમાત્મા જ પોતે ભેદરૂપ લાગે છે, તેવા જીવોને જ અવિદ્યા હોય છે, નિરૂપાધિક બ્રહ્મને નહીં.[૫]

અજ્ઞાનનો વિષય જે ચૈતન્ય છે તે જ ઇશ્વર છે અને અજ્ઞાનનો આશ્રય ચૈતન્ય જીવ છે.[૬] આ વાચસ્પતિ મિશ્રનું મંતવ્ય છે.

અહીં અજ્ઞાનની વિવિધતાથી જીવોમાં વિવિધતા જોવા મળે છે. જીવોના વૈવિધ્યથી જગત ભેદયુક્ત લાગે છે. જીવ અજ્ઞાનની ઉપાધિથી જગતનું સર્જન કરે છે, તેથી તે ઉપાદાનકારણ છે. પ્રપંચ-

જગતની સાથે જીવની અવિદ્યા અધિષ્ઠાન હોવાથી ઈશ્વર ઔપચારિક રીતે જગતનું કારણ છે,[૭] આ જ અવચ્છેદવાદ છે.

શ્રી ગૌડપાદાચાર્ય કહે છે જેમ ઘડો વગેરે નષ્ટ થતાં ઘટાકાશો આકાશમાં સંપૂર્ણપણે લીન થઈ જાય છે. તે જીવો નષ્ટ ન થતાં અહીં આત્મામાં લીન થાય છે.[૮] અહીં શરીરની ઉપાધિથી જીવભાવની કલ્પના થઈ છે. આથી દેહાદિથી અવચ્છિન્ન જીવો અનવચ્છિન્ન આત્મામાં સમાઈ જાય છે.

વળી "જેમ ઘડો ફૂટી જવાથી ઘડાની અંદર રહેલ આકાશ, બહારના આકાશમાં મળી જાય છે, તેમ તું તારા આત્માને પરમાત્મામાં એક કરીને હંમેશને માટે શાંત થા."[૯] માં પણ ઘટાવચ્છિન્ન આકાશ અનવચ્છિન્ન મહાકાશમાં મળી જતાં અદ્વૈતનું દર્શન થાય છે.

શ્રી વાચસ્પતિ મિશ્ર શાંકરભાષ્ય ઉપરની પોતાની ભામતી ટીકા ૧-૩-૩૦ માં કહે છે કે જેમ મહાપ્રલયના સમયે અવિદ્યાની સમગ્ર ઉત્પત્તિ અંતઃકરણ પોતે પોતાની ક્રિયાઓ બંધ કરે છે, પરંતુ તેથી તેનો નાશ થતો નથી, તે સમયે તે પોતાના મૂળ કારણમાં અનિર્વચનીય અવિદ્યામાં વિલીન થઈ જાય છે.[૧૦]

આમ અવચ્છેદવાદમાં અજ્ઞાન મનોવૈજ્ઞાનિક છે, જેના માટે જીવ જવાબદાર છે,[૧૧] આથી અવચ્છેદવાદ જીવની અવચ્છિન્ન સ્થિતિનું નિરૂપણ કરે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યે કરેલું અવચ્છેદવાદનું ખંડન :

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મને જગતનું કારણ માને છે. આથી બ્રહ્મ જગત્કર્તા છે. કારણ કે "બ્રહ્મ સાચે જ જગતની ઉત્પત્તિ-સ્થિતિ અને નાશ કરનાર છે, તેના કર્તૃત્વનો વેદથી બોધ થાય છે, વળી તે અન્યથા-આરોપિત થવાને યોગ્ય નથી"[12] દ્વારા બ્રહ્મના કર્તાપણા વિશે નિઃસંદેહ કહેવામાં આવ્યું છે.

બ્રહ્મ જગત્કારણ છે તે સંબંધમાં દોષ કે અન્ય વિપ્રતિપત્તિનો નિષેધ કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જેની નિર્મલ બુદ્ધિ જતી રહી છે, તેવા કેટલાક પુરૂષો શબ્દના મુખ્ય અર્થ-અભિધાવૃત્તિનો ત્યાગ કરીને પરબ્રહ્મ-પુરૂષોત્તમનું જગત્કારણપણું દોષમય બનાવે છે.[13]

અહીં શ્રુતિ વાક્યોના આધાર આપીને જગતનું મૂળ કારણ બ્રહ્મ જ છે, તે સમજાવ્યું છે, કે હે સૌમ્યક પહેલાં આ જગત સત્ જ હતું."[14] આ જ વસ્ત સુબોધિનીમા સમજાવતાં કહે છે કે પહેલાં આ સમગ્ર જગત ભગવાન જ હતું.[15]

વળી "આકાશ એ ભગવાન છે, કારણ કે તેનાં જ્ઞાપક લિંગો છે."[16] સૂત્રનાં અણુભાષ્યમાં કહ્યું છે કે જ્યાં સુધી મુખ્ય અર્થ સંભવતો હોય ત્યાં સુધી કોઇપણ વેદાન્ત-વાક્યનો અપરબ્રહ્મપરક અર્થ ન કરવો એ મર્યાદા છે.[17]

આ પ્રમાણે શ્રુતિ અને સૂત્રના પ્રમાણો બ્રહ્મને જગતનું કારણ હોવાનું પ્રતિપાદિત કરે છે. પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે

કેટલાક શ્રુતિ અને સૂત્રનો બાધ કરે છે અને વાક્યાભાસ તથા યુકત્યાભાસથી બ્રહ્મની જગત્કારણતા દૂષિત કરે છે.[૧૮]

અહીં જગતના કારણનો અદ્વૈત મત અવચ્છેદ વાદ અનુસાર ઉલ્લેખ કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે "અનાદિ અવિદ્યાથી બદ્ધ બ્રહ્મ જગતનું કારણ છે તે પોતાની અવિદ્યાથી સંસારને પ્રાપ્ત કરે છે. વળી કલ્પિત વાક્યોથી મુક્તિને માને છે."[૧૯]

આ શ્લોકમાં અવચ્છેદવાદનો વિચાર જોઇ શકાય છે. અહીં "તત્વાર્થદીપનિબંધ" પરની "પ્રકાશ" ટીકામાં શ્રીમદ્ વલ્લભાચાર્યે ઉપર્યુકત શ્લોકનો વિચાર પ્રસ્તુત કર્યો છે. શ્રીમત્શંકરાચાર્ય સહિત અદ્વૈત વેદાન્તીઓએ જે વિચારો આપ્યા છે તેનો ઉલ્લેખ કરતાં કહ્યું છે - ભાવરૂપ અનાદિ અવિદ્યા "હું અજ્ઞાની છું" એવા અનુભવથી સિદ્ધ હોય છે.[૨૦] તેનાથી બંધાયેલ ચૈતન્ય અધ્યાસને લીધે જગતનું કારણ છે કારણ - ભાવરૂપ અનાદિ અવિદ્યા કાર્યાનુરૂપ જગતને અનુરૂપ હોવું જોઇએ. એટલે કાર્યરૂપ જડ-જગત ત્યાજ્ય અને તુચ્છ છે. આથી કારણ પણ કાર્યને અનુરૂપ હોવું જોઇએ.[૨૧] શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રુતિઓનું પ્રમાણ આપતાં કહે છે કે સ્વતઃ પ્રમાણભૂત વેદોથી કાર્યરૂપ જગતનું બ્રહ્મત્વ નિઃશંક પણે પ્રતિપાદિત થાય છે.[૨૨] જેમ કે સત્ય અને અસત્ય પણ તે સત્યસ્વરૂપ પરમાત્મા જ છે.[૨૩] આથી બ્રહ્મજ્ઞાનીના હૃદયમાં જગત પ્રત્યે તુચ્છતા જોવા મળતી નથી.[૨૪] કારણકે સર્વ બ્રહ્મરૂપ હોવાથી સમાનતા અને અભેદ વેદના તાત્પર્ય દ્વારા જાણી શકાય છે.[૨૫]

જેમ મનુષ્યને પોતાના શરીરમાં પૃથક્ ભાન થાય છે. અર્થાત્

આત્મબુદ્ધિનું તિરોધાન થાય છે તેમ બ્રહ્મથી જગતને ભિન્ન માનીએ તો તુચ્છતા પ્રતીત થાય છે.[२६] પરંતુ વેદમાં બ્રહ્મ સાથે જગતની અભિન્નતા સિદ્ધ થયેલી છે આથી જો જગત પ્રત્યે તુચ્છતાની પ્રતીતિ થાય તો "પ્રાણીમાત્રના ત્રિવિધ બીજ - અંડજ-પક્ષી જીવજ-ગર્ભોત્પન્ન, ઉદ્‌ભિજ્જ-બીજ અને મૂળથી ઉત્પન્ન સ્થાવર છે."[२७] અનુસાર બીજનું બ્રહ્મપણું મલદૃષ્ટાન્ત વડે સિદ્ધ ન થાય ! અર્થાત્ જગતની તુચ્છતાનું ભાન થાય તો મલદૃષ્ટાંન્ત વડે બીજાદિનું બ્રહ્મપણું બાધિત થાય.[२८] આ પ્રમાણે કાર્ય જગતમાં અને કારણ બ્રહ્મમાં તુચ્છતા થાય છે. તેમ થતાં સર્વ સત્ય માર્ગો નાશ પામે ![२९]

હવે વાક્યાભાસો દ્વારા પદનો અર્થ વાક્યાર્થમાં બંધબેસતો નથી, તે સમજાવવાં નીચે પ્રમાણે વેદવાક્યોના ઉદાહરણ આપે છે.

(૧) પરમાત્માએ જ પોતાની માયા દ્વારા ભિન્ન ભિન્ન રૂપો લીધાં છે લે છે.[30] (બૃ. ઉ. ૨. ૫. ૧૯.)

(૨) આવી તે સત્ય કામનાઓના ઉપર અનૃતનું અસત્યનું ઢાંકણ આવરણ છે.[31] (છાં. ઉ. ૮. ૩. ૧.)

(૩) વિકાર તો વાણીના આશ્રયવાળું નામમાત્ર જ છે.[32] (છાં. ઉ. ૬. ૧. ૪.)

(૪) માયા તો પ્રકૃતિને જાણવી જોઇએ.[33] (શ્વે. ૪।૧૦)

ગૌડપાદ કારિકામાં પણ કહ્યું છે કે જેવાં સ્વપ્ન અને જાદુ દેખાય છે, જેવું ગંધર્વનગર દેખાય છે, તેવી રીતનું બુદ્ધિમાનોએ વેદાન્તોમાં વિશ્વનું દર્શન કર્યું છે.[3૪]

ઉપર્યુકત વાક્યો અને શ્લોકમાં "માયા" શબ્દનો અર્થ ભિન્ન ભિન્ન રીતે થાય છે. પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્યના મન્તવ્ય મુજબ આ વાક્યોમાં સ્વપ્નાદિનાં દષ્ટાન્તથી જગતનું મિથ્યાપણું કહી શકાતું નથી.[૩૫] કારણકે ભગવાને શાસ્ત્રનો આવો અર્થ કરનારાઓને આસુરો કહ્યા છે,[૩૬] તેથી કહે છે કે જગત અસત્ય, આધારરહિત અને ઇશ્વર વિનાનું છે, સ્ત્રી-પુરૂષના સંયોગથી ઉત્પન્ન અને કામ જેનો હેતુ છે તેવું કહે છે બીજું શું ?[૩૭]

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે પુરૂષાર્થ કે શાસ્ત્રાર્થ એકલા શાસ્ત્રથી જ સમજી શકાય છે પોતાની બુધ્ધિથી કલ્પિત નહીં.[૩૮] આથી બ્રહ્મની પ્રાપ્તિ મોક્ષ જ પુરૂષાર્થ માનવામાં આવે છે. બ્રહ્મ અજ્ઞાનયુકત નથી કારણકે "હે મહાબુધ્ધિવાળા, આ મારા એક જ અંશ જીવને અવિદ્યાથી અનાદિ બંધ અને વિદ્યાથી મોક્ષ છે."[૩૯]

બ્રહ્મનું પ્રતિપાદન ઉપનિષદોમાં અને બ્રહ્મસૂત્રોમાં કરવામાં આવ્યું છે. તેવા બ્રહ્મના શ્રવણ, મનન અને નિદિધ્યાસનરૂપી અંતરંગ સાધનો છે અને શમ, દમ, વગેરે બહિરંગ સાધનો છે. તેના દવારા ચિત્ત શુધ્ધ થાય છે. પરંતુ જેઓ શમાદિ સાધનોથી રહિત છે અને ચિત્તના દોષ થકી જગતને દોષયુકત દેખે છે. તેઓનાં હૃદયમાં અવિદ્યાવાદ પ્રતીત થાય છે.[૪૦] શ્રીમદ્ વલ્લભાચાર્ય જગતને સત્યસ્વરૂપે સ્વીકારે છે. એટલે સત્યસ્વરૂપ પરમાત્મામાંથી સત્ય જગતનો આવિર્ભાવ થાય છે. આથી કાર્ય સમવેત જ ઉત્પન્ન થાય, અને સંબંધ બે પદાર્થો વચ્ચે હોઇ શકે એટલે પરંપરાથી કાર્યનો કારણ સાથે નિત્ય સંબંધ હોય છે એ યુકિત છે.[૪૧] અને તેણે પોતે પોતાની જાતને જ ઉત્પન્ન કર્યું.[૪૨] આમ, અહીં સત્કાર્યવાદ સિધ્ધ

થાય છે. જ્યારે અવચ્છેદવાદમાં વાચસ્પતિના મતાનુસાર માયા અવિદ્યા-જીવમાં રહેલી હોય છે, અને જીવો અનેક પ્રકારના હોય છે આમ અવિદ્યા પણ અનેકવિધ હોય છે. આથી અવિદ્યાથી ઉત્પન્ન જગત મિથ્યા કહેવાય છે. પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્યે અજ્ઞાન જન્ય મિથ્યા જગતનો સ્વીકાર કરતાં નથી, સત્ય જગતનો જ સ્વીકારે છે. આથી જ તેઓ કહે છે, કે ભગવાને ઇચ્છામાત્રથી મન વડે પ્રવાહ-સૃષ્ટિપ્રવાહને ઉત્પન્ન કર્યો.[૪૩] વળી તેઓ કહે છે કે આત્માના વિષયમાં બ્રહ્મરૂપ (જીવમાં) આકાશમાં જેમ છિદ્રો જોવામાં આવે છે તેમ બુદ્ધિઓ છે તે જીવોને સંસારીપણું આપે છે.[૪૪] આથી જ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ શ્રીકૃષ્ણમાં બુદ્ધિને સમર્પિત કરવાનું કહે છે. કહ્યું છે કે આથી જ બ્રહ્મવાદ વડે શ્રીકૃષ્ણનાં બુદ્ધિ અંતઃકરણ વિશેષ રીતે ધારણ કરવી જોઇએ.[૪૫]

શ્રી વિઠ્ઠલનાથજીએ પૂર્વપક્ષમાં પ્રસ્તુત કરેલ અવચ્છેદવાદ :-

શ્રીવિઠ્ઠનાથજી પૂર્વપક્ષમાં અવચ્છેદવાદ નિરૂપણ કરતાં જણાવે છે કે જગતનું કારણ જીવની અવિદ્યા જ છે.[૪૬] આથી "હું સ્થૂળ છું." "હું અંધ છું.", "હું જાઉં છું." એમ અધ્યાસને લીધે જ કહેવાય છે.[૪૭] એટલે આત્મામાં અનાત્માનું લક્ષણ જોવા મળે છે તે જ અધ્યાસને પંડિતો "અવિદ્યા" તરીકે માને છે.[૪૮]

અભેદબોધકશ્રુતિ હે શ્વેતકેતુ "તે તું છે."[૪૯] માં જીવ અને બ્રહ્મની એકતાનું પ્રતિપાદન થયું છે તેમાં રહેલો ભેદ વાસ્તવિક દૃષ્ટિએ અતાત્ત્વિક અને અજ્ઞાનજન્ય છે.[૫૦] આ ભેદરૂપી અજ્ઞાનને જ્ઞાનથી જ દૂર કરી શકાય છે.

જેમ છીપમાં ચાંદીનો ભ્રમ થાય છે તેમ જ્ઞાનમાં અજ્ઞાનનો ભ્રમ થાય છે. આથી ખરું જોતાં અજ્ઞાન જ્ઞાનનો અભાવ નથી પરંતુ ભાવરૂપ અજ્ઞાન છે. આ ભાવરૂપી અનાદિ અજ્ઞાનથી જીવ "હું અજ્ઞ છું." એમ અનુભવ કરે છે.[૫૧]

ભાવરૂપી અવિદ્યા જ ભેદની અવચ્છેદક છે[૫૨] અર્થાત જીવ અને બ્રહ્મને જુદી પાડનાર ભાવરૂપી અવિદ્યા છે. પાતંજલયોગસૂત્રમાં અવિદ્યાના પાંચ પર્વ વર્ણવ્યા છે "જે જ્ઞાન મિથ્યા છે માટે જેવું દેખાય છે તેવું નથી. પરંતુ વિરૂદ્ધ છે. તેને વિપર્યયવૃત્તિ કહેવાય છે."[૫૩] જેમ અનિત્યમાં નિત્યતા. આ પંચપર્વા અવિદ્યામાં અવિદ્યા-અજ્ઞાન સર્વ-પર્વનું મૂળ કહેવાય છે. અવિદ્યાના પાંચપર્વો તમ, મોહ, મહામોહ, તામિસ્ત્ર અને અંધ - તામિસ્ત્ર છે.[૫૪]

અવિદ્યા અનાદિ છે. આથી જીવનું બંધન પણ અનાદિ છે. કારણકે "અનાદિ અજ્ઞાનથી થયેલું જીવનું બંધન પણ અનાદિ છે."[૫૫] પ્રમાણે જીવ અને બ્રહ્મનો ભેદ અનાદિ છે.[૫૬]

અનાદિકાળથી બંધાયેલા જીવનું બ્રહ્મ સાથે ઐક્ય સંભવિત છે. જ્યારે જીવ અને બ્રહ્મ ભિન્ન સ્થિતિમાં હોય ત્યારે જીવ બદ્ધ કહેવાય છે[૫૭] અને જીવ અને બ્રહ્મ અભિન્ન સ્થિતિમાં હોય ત્યારે જીવ મુક્ત કહેવાય છે.

જેમ ભ્રમથી છીપમાં ચાંદીની પ્રતીતિ થાય છે. તેમ માયા-અવિદ્યાથી વિચિત્ર પરિણામશીલ જગતની પ્રતીતિ થાય છે.[૫૮] અર્થાત્ એક બ્રહ્મનું પણ વિચિત્ર શક્તિના સંબંધથી દૂધની જેમ વિચિત્રપરિણામ સિદ્ધ થાય છે.[૫૯] આમ કાર્ય અને કારણ સજાતીય હોવાથી કારણ-અવિદ્યા અને કાર્યજગત બન્ને તુચ્છ જ હોઈ શકે.[૬૦]

જેમ મુખ સાથેના સંબંધને લીધે દર્પણ વગેરે બિંબ અને પ્રતિબિંબના ભેદનું કારણ બને છે. તેમ ચિદ્રૂપ બ્રહ્મના સંબંધથી અવિદ્યા જીવ અને બ્રહ્મના ભેદનું કારણ થાય છે.[૬૧]

દર્પણ પાસે હોવાથી બિંબ અને પ્રતિબિંબ એવાં ભેદ પડે છે, તેમ અવિદ્યા પણ પાસે હોવાથી બ્રહ્મ અને જીવ એમ ભેદ પડે છે. આ પ્રમાણે અવિદ્યા જીવ અને બ્રહ્મના ભેદનું કારણ છે.

માયા કે અવિદ્યા બે કાર્ય કરે છે.

(૧) જીવ અને બ્રહ્મને જુદા પાડવાનું - કાર્ય - તે નૈમિત્તિક કાર્ય.

(૨) વિચિત્ર જગતની પ્રતીતિ કરાવનારૂં - ઉપાદેય કાર્ય.[૬૨]

જીવ પ્રતિબિંબરૂપ છે તેને "હું અમુક છું" એવો અધ્યાસ થાય છે. અર્થાત આત્મામાં અનાત્માની- શારીરની બુધ્ધિ જ્ઞાન થાય છે.[૬૩] આથી જીવ-આત્મા કર્તાપણા અને ભોકતાપણાનો ભાવ ધારણ કરે છે, વળી વિધિ અને નિયોજ્ય ભાવ પણ ધારણ કરે છે. અર્થાત પ્રવૃત્તિમાં પરાયણ વાક્ય વિધિ કહેવાય છે જેમ કે "સ્વર્ગની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર કરવો"[૬૪] વળી પ્રવૃત્તિ ન કરવાથી ઉત્પન્ન થતી પ્રવૃત્તિ તે નિયોજ્ય કહેવાય છે જેમ સ્વર્ગની ઇચ્છાવાળો યજ્ઞ ન કરે તો દોષ થાય.[૬૫] જેમ રજ્જુ-દોરડીના સ્વરૂપનું જ્ઞાન થવાથી પહેલાંના જોયેલા સર્પનો અનુભવ અને તેથી ઉત્પન્ન ભય દૂર થાય છે અને સ્વસ્થતા પ્રાપ્ત થાય છે,[૬૬] તેમ શમ - દમ વગેરેથી ગુરૂની ઉપસત્તિ- પાસે જવું તે, (शमादिषट्क-सम्पत्तिः) શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી અવિદ્યાથી અધિષ્ઠિત પોતાનો "આત્મા અદ્વૈત, કૂટસ્થ અને ચિદેકરસ છે." એવું સ્વરૂપનું જ્ઞાન થતાં અજ્ઞાન

દૂર થાય છે.[૬૭] આ પ્રમાણે અજ્ઞાન દૂર થવાથી તેના કાર્યરૂપ જગત પણ દૂર થાય છે.[૬૮] આથી "બ્રહ્મ જાણનાર બ્રહ્મ થાય છે."[૬૯] અનુસાર શ્રુતિ-વેદમાં નિરૂપેલ મોક્ષ પ્રાપ્ત થાય છે કારણ કે મોક્ષ એ બ્રહ્મનું જ સ્વરૂપ હોઇ સ્વયંસિધ્ધ છે.[૭૦]

જેમ દોરીમાં સર્પનો ભ્રમ દૂર થતાં સ્વસ્થ થવાય છે, તેમ બ્રહ્મમાં જગતનો ભ્રમ દૂર થતાં સત્ય સ્વરૂપ સમજાય છે, આથી અજ્ઞાનથી ઉત્પન્ન જગત્કાર્ય દૂર થાય છે અને મોક્ષ પ્રાપ્ત થાય છે.

ટૂંકમાં અવચ્છેદવાદ અનુસાર જીવ બ્રહ્મથી ભિન્ન પ્રતીત થાય છે, તેનું કારણ ભાવરૂપી અવિદ્યા છે. જીવ આ અનાદિ અવિદ્યાથી બંધનગ્રસ્ત છે. આથી તે વિવિધ ભાવો ધારણ કરે છે.

પરંતુ શમાદિ સાધનો અને શ્રવણાદિથી અવિદ્યાના અધિષ્ઠાનવાળો જીવાત્મા એ જ પરમાત્મા છે એવું જ્ઞાન થતાં ભેદ દૂર થાય છે. આમ જીવનું બ્રહ્મપણું સમજાય છે.

<u>પ્રતિબિંબવાદનું સ્વરૂપ</u> :-

અવચ્છેદવાદમાં માયા અને અવિદ્યાને એક માનવામાં આવ્યા હોઇ પ્રતિબિંબવાદનું સ્વરૂપ બન્ને વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરે છે. પ્રતિબિમ્બવાદના મુખ્ય પ્રવર્તક આચાર્યોમાં સંક્ષેપ શારીરકકાર શ્રીસર્વજ્ઞાત્મમુનિ - (A.D.-900 ) છે.

પ્રતિબિંબવાદના બીજ બૃહદારણ્યક ઉપનિષદ પરના શાંકરભાષ્યમાં તથા બ્રહ્મસૂત્રપરના શાંકરભાષ્યમાં જોવા મળે છે.

બૃ. ઉ. ના શાંકરભાષ્યમાં કહ્યું છે કે જેમ ચંદ્રાદિનું પ્રતિબિંબ જળના ધર્મનું અનુસરણ કરે છે, તેમ ચિત્પ્રતિબિમ્બ જીવ પણ પોતાની બુદ્ધિરૂપી ઉપાધિથી સ્વભાવનું અનુવર્તન અનુકરણ કરે છે.[૭૧]

વળી, જેમ પાણીમાં રહેલા સૂર્ય ચંદ્રાદિનું પ્રતિબિંબ પાણીની વૃદ્ધિ સાથે વધીને, પાણીના ઘટાડા સાથે ઘટેલું થઈને, પાણીના કંપન સાથે કંપન જેવું અને પાણીથી જુદું થયેલું પાણીના ધર્મનું અનુગમન કરે છે, તેવી જ રીતે પારમાર્થિક રીતે અવિકૃત એકરૂપ સત્બ્રહ્મ દેહાદિ ઉપાધિના વૃદ્ધિ અને હ્રાસ વગેરે ધર્મોનું અનુગમન કરે છે.[૭૨] બ્રહ્મસૂત્રના શાંકરભાષ્યમાં કહ્યું છે કે જેમ જળયુક્ત શકોરું વગેરેના કંપનથી તેમાં રહેલ સૂર્યનું પ્રતિબિંબ કંપિત થવા છતાં તે પ્રતિબિંબયુક્ત સૂર્ય કંપિત થતો નથી.

વળી, જે પ્રમાણે આ તેજસ્વરૂપ સૂર્ય એક હોવા છતાં પણ જુદા-જુદા જળમાં પ્રવેશીને, તે ઉપાધિના યોગે અનેક થાય છે, તે પ્રમાણે આ ચૈતન્ય-સ્વરૂપ અને જન્મરહિત આત્મા એક હોવા છતાં જુદા-જુદા શરીરમાં પ્રવેશીને, તે ઉપાધિના યોગે ભિન્ન સ્વરૂપે થાય છે.

પ્રત્યેક પ્રાણી અને વસ્તુમાં એક જ પરમાત્મા રહેલો છે જેમ પાણીથી ભરેલાં જુદાં-જુદાં વાસણોમાં ચંદ્ર પ્રતિબિંબ રૂપે જુદો જુદો દેખાય છે અને ચંદ્ર તરીકે એકરૂપે પણ દેખાય છે, તેમ જ એ આત્મા પણ દરેક પ્રાણીમાં જુદો જુદો અને આત્મા તરીકે એકરૂપ દેખાય છે.[૭૩]

આમ શ્રીમચ્છંકરાચાર્યના ગ્રંથોમાં પ્રતિબિંબવાદના મૂળ રહેલા છે.

પ્રતિબિંબવાદ અનુસાર બ્રહ્મનું માયામાં પ્રતિબિંબ તે ઈશ્વર. બ્રહ્મનું અવિદ્યામાં પ્રતિબિંબ તે જીવાત્મા.[૭૪] આથી જ કહ્યું છે કે રજ અને

તમથી અપ્રભાવિત શુદ્ધસત્વપ્રધાન માયા કહેવાય છે અને રજ અને તમથી પ્રભાવિત મલિન સત્વપ્રધાન અવિદ્યા કહેવાય છે. આમ માયા અને અવિદ્યાના ભેદની કલ્પના કરેલી છે.[૭૫] વળી, એક મૂળ પ્રકૃતિ વિક્ષેપશક્તિની પ્રધાનતાથી "માયા" શબ્દયુક્ત ઇશ્વરોપાધિ કહેવાય છે અને આવરણ શક્તિની પ્રધાનતાથી અવિદ્યા અજ્ઞાનથી શબ્દિત જીવની ઉપાધિ કહેવાય છે.[૭૬]

સંક્ષેપશારીરકમાં કાર્યની ઉપાધિ જીવ છે કારણની ઉપાધિ ઇશ્વર છે (ત્રિ. વિ. ચ. ના. ઉ. જ.) શ્રુતિ અનુસાર અવિદ્યામાં ચૈતન્યનું પ્રતિબિંબ ઇશ્વર છે જ્યારે અન્તઃકરણમાં ચૈતન્યનું પ્રતિબિંબ જીવ છે.[૭૭]

શ્રીસર્વજ્ઞાત્મમુનિ "સંક્ષેપશારીરક"માં કહે છે અનાદિ સિદ્ધ અજ્ઞાનરૂપી ઉપાધિમાં ચિદાભાસ ઇશ્વરત્વ છે. ચિદાભાસથી અન્વિતયુક્ત ચૈતન્ય ચિત્-પ્રતિબિમ્બ-ઇશ્વર પદનું વાચક છે. આભાસ અને શુદ્ધ ચિત્ જ બિંબ-બ્રહ્મ કહેવાય છે.[૭૮] અર્થાત આભાસનું કારણ શુદ્ધ ચિત જ બિંબ "ઇશ્વર" પદનું લક્ષ્યાર્થ કહેવાય છે.

વળી અન્તઃકરણરૂપી ઉપાધિમાં પ્રવિષ્ટ ચિદાભાસથી યુક્ત ચિત્ પ્રતિબિમ્બ "જીવ" પદવાચક છે. અજ્ઞાન અને આભાસથી રહિત શુદ્ધ ચૈતન્ય બિંબ છે.[૭૯] આ બિંબને જીવનું લક્ષ્યાર્થ કહેવાય છે.

આમ પ્રતિબિંબવાદ અનુસાર અજ્ઞાનમાં રહેલ આભાસથી અશુદ્ધ ચિત્ પ્રતિબિંબ "ઇશ્વર" છે. જ્યારે અન્તઃકરણમાં રહેલા આભાસથી અશુદ્ધ ચિત્ પ્રતિબિંબ "જીવ" કહેવાય છે. અજ્ઞાનથી ઉપાધિયુક્ત બિમ્બચૈતન્ય ઇશ્વર છે. અન્તઃકરણ અને અન્તઃકરણના સંસ્કારોથી

અવચ્છિન્ન અજ્ઞાનમાં પ્રતિબિમ્બત થયેલ ચૈતન્ય જીવ છે, આ વિવરણકારનું મન્તવ્ય છે. અજ્ઞાનમાં પ્રતિબિમ્બિત થયેલું ચૈતન્ય ઈશ્વર છે અને બુધ્ધિમાં પ્રતિબિમ્બિત ચૈતન્ય જીવ છે. અજ્ઞાનની ઉપાધિથી રહિત બિમ્બચૈતન્ય શુધ્ધ છે. આ સંક્ષેપશારીરકકારનો મત છે. આ બન્ને મતોમાં બુધ્ધિના ભેદથી જીવ અનેક પ્રકારના છે. પ્રતિબિમ્બ પારમાર્થિક હોવાથી તત્-ત્વમ્ પદોમાં "જહત્-અજહત્ લક્ષણા" જ છે. આ જ પ્રતિબિંબવાદ કહેવાય છે.[૮૦]

બિંબ પ્રતિબિંબ વિશે વેદાન્ત પરિભાષાકાર કહે છે કે જીવ અને પરમેશ્વરમાં સાધારણ ચૈતન્યમાત્ર બિમ્બ છે. તે બિમ્બની અવિદ્યારૂપી માયામાં પ્રતિબિમ્બને ઈશ્વરચૈતન્ય અને અન્તઃકરણમાં પ્રતિબિમ્બને જીવચૈતન્ય કહેવાય છે.[૮૧]

સ્વતંત્રતા વગેરે ગુણોને કારણે ઈશ્વર બિમ્બ સ્થાને છે અને - પરતંત્રતાને કારણે અવિદ્યામાં ચિદાભાસ જીવ છે. અર્થાત્ ઈશ્વર બિમ્બરૂપ છે, જીવ પ્રતિબિમ્બરૂપ છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યે કરેલું પ્રતિબિંબવાદનું ખંડન :-

શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રતિબિંબવાદ અનુસાર જીવને બ્રહ્મનું પ્રતિબિંબ સ્વીકારતા નથી. કારણ કે જીવ એ બ્રહ્મનો અંશ છે.[૮૨]

પ્રતિબિંબવાદ અનુસાર એક સૂર્ય જુદાં જુદાં જળમાં પ્રવેશીને - ઉપાધિના યોગે અનેક થાય છે તેમ ઉદાહના જેવો તે ઉપમાનો સ્વીકાર કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે જગતના ધર્મો ભગવાનમાં

ઔપચારિક રીતે કહેવાય છે. આનું ઉદાહરણ આપતાં આ નિર્ણયનું અનુસરણ કર્યું છે. "ઉધાઇના જેવો, નાગના જેવો, મચ્છરના જેવો, આ ત્રણ લોક જેવો, આ સર્વના જેવો." (બૃ. ઉ. ૧. ૩. ૨૨) અહીં નિરૂપમ ભગવાનનું જે ઉપમાન છે, તે એના ધર્મના સંબંધથી છે. અહીં બ્રહ્મને તેનો સ્વતંત્રધર્મ હોવાનું કહેવું તે યોગ્ય નથી.[૮૩]

વળી, શ્રીમદ્વલ્લભાચાર્ય કહે છે કે સૂત્રમાં પ્રકાશ શબ્દ યોજવામાં આવ્યો છે તે બ્રહ્મના ધર્મોનું દ્યોતક છે. આમ દુઃખ વગેરે બ્રહ્મના ધર્મો છે. આથી દ્વૈત ભિન્ન બુધ્ધિને લીધે અંશને જ - જીવને જ દુઃખ હોય છે પરમાત્માને નહીં.[૮૪]

આમ અહીં પ્રતિબિમ્બવાદના સિધ્ધાન્ત અનુસાર જીવ પ્રતિબિંબ નથી. પરંતુ અહીં બ્રહ્મનું જ નિરૂપણ થયું હોવાથી જીવને પ્રતિબિમ્બરૂપ માનવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જીવ પ્રતિબિંબરૂપ હોવાનું ન સ્વીકારતાં શ્રીમદ્વલ્લભાચાર્ય કહે છે કે આભાસતા અને પ્રતિબિમ્બતાનું પ્રતિપાદન કરનાર શ્રુતિઓનું તાત્પર્ય બ્રહ્મનું અનેકરૂપ હોવાપણું છે બીજું નથી. આનન્દાંગનો તિરોભાવ થવાથી જીવપણું ભાસે છે. આથી આનન્દાંશનો આવિર્ભાવ થતાં જીવ બ્રહ્મવત્ જણાય છે.[૮૫]

ઉપર્યુક્ત કારિકાની ચર્ચા કરતાં શ્રીમદ્વલ્લભાચાર્ય તેમની "પ્રકાશ" નામની ટીકામાં જણાવે છે કે શ્રુતિ બ્ર. બિ. ઉ. -૧૨ માં જણાવ્યા અનુસાર પ્રતિબિમ્બવાદી વિચારકો જીવને બ્રહ્મનું પ્રતિબિમ્બ કે આભાસ માને છે. પરન્તુ તે વાક્ય બ્રહ્મને સિધ્ધ કરે છે. આથી એક જ બ્રહ્મ ચંદ્રપ્રતિબિમ્બની જેમ અનેકરૂપે દેખાય છે. અહીં એક બ્રહ્મનું

અનેકપણું દર્શાવવું એ જ દષ્ટાન્તનો મર્મ છે, પ્રતિબિમ્બ નથી.[૮૬]

વળી જેમ પ્રતિમુખની મુખશ્રી - મુખની શોભા(भाग.,७।९।११) પ્રહ્લાદ સ્તુતિના વાક્યમાં પણ ભગવાન પ્રત્યે કરેલું કાર્ય જીવમાં ફળે છે. એ વસ્તુ બિમ્બ-પ્રતિબિંબભાવના દષ્ટાંન્તે દ્વારા કહેવાય છે. પરંતુ જીવનું પ્રતિબિમ્બપણું નથી.[૮૭]

પ્રતિબિંબ રૂપ અને સ્પર્શ વગેરેથી યુક્ત પદાર્થનું રૂપમાત્ર છે કે ક્રિયા પણ છે પરંતુ ધર્મનો સ્પર્શ નથી. જો ધર્મનો સ્પર્શ થાય તો જળનો ચંદ્રમા તેનો પ્રતિબિંબ ધર્મનો ત્યાગ કરીને બિંબ ચંદ્રના ધર્મોનો સ્પર્શ સ્વીકાર કરે ![૮૮] આનંદ અંશના તિરોધાનથી ગુપ્ત રહેવાથી જીવપણું ભાસે છે. તેથી આનંદ અંશ આવિર્ભાવ પામેલું હોય તેવું જીવ-સ્વરૂપ તે બ્રહ્મ સમાન ભાસે છે. કારણકે તેમાં ત્રણેય અંશની સ્ફૂર્તિ થવાથી જીવનું બ્રહ્મત્વ કહેવાય છે એવો નિર્ણય છે.

પ્રતિબિમ્બવાદનું ખંડન કરતાં શ્રીમદ્વલ્લભાચાર્ય બીજા એક શ્લોકમાં કહે છે કે બ્રહ્મ માયા રૂપી પડદાથી ઢંકાયેલુ હોવાથી તેનું પ્રતિબિમ્બ હોઇ શકે નહિ. જો એમ ન હોત તો પ્રતિબિમ્બ પડે. બ્રહ્મ વ્યાપક હોવાથી, "દ્વાસુપર્ણા" શ્રુતિથી અને "ગુહા પ્રવિષ્ટો" સૂત્રથી જીવ અને ઇશ્વરની એક જ સ્થળે સ્થિતિ હોવાથી પ્રતિબિમ્બ-પક્ષમાં વિરોધ થાય છે. વળી ભગવતગીતાથી પણ વિરોધ થાય.[૮૯]

શ્રીમદ્વલ્લભાચાર્ય ઉપર્યુક્ત કારિકાની પ્રકાશ ટીકામાં જણાવે છે કે પ્રતિબિમ્બને માટે કોઇ વ્યવધાનપડદાની કલ્પના અવશ્ય કરવી જોઇએ તે વ્યવધાન માયાદિક જ છે. માયારૂપી પડદાથી ઢંકાયેલું

બ્રહ્મ પ્રતિબિમ્બિત થતું નથી. જેમ દર્પણની સામે પડદો હોય તો પુરૂષનું પ્રતિબિમ્બ પડતું નથી.[૯૦]

વળી જે જેમાં વ્યાપે છે તે તેમાં પ્રતિબિમ્બિત થતું નથી. ઉપર રહેલું અને ભ્રાંતિથી પ્રતીત થતું આકાશ પ્રતિબિમ્બિત થાય છે. તે ખરેખર પ્રભામંડલનું જ રૂપથી પડતું પ્રતિબિમ્બ છે.[૯૧] વળી ભ્રાંતિથી નીલરૂપ દેખાય છે. તેનું ગન્ધર્વનગરની જેમ વસ્તુસામર્થ્યથી પ્રતિબિમ્બ પડે છે. પરંતુ જેમ દર્પણની રેખાનું સંપૂર્ણ પ્રતિબિમ્બ પડતું નથી તેમ જગતને વ્યાપીને રહેલા બ્રહ્મનું પણ પ્રતિબિમ્બ પડતું નથી.[૯૨]

શ્રુતિ, સૂત્ર અને સ્મૃતિના પ્રમાણો આપીને શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રતિબિમ્બવાદના બીજા દોષો પણ કહે છે.

બે પક્ષીઓ, એક સાથે રહેનારા અને એક જ વૃક્ષ પર બેઠેલાં છે. તે બેમાંથી એક સ્વાદિષ્ટ ફળ ખાય છે બીજો ખાતો નથી છતાં ફક્ત દેખે છે.[૯૩] અહીં જીવ કર્મફળનો ભોક્તા છે. જીવની પ્રતિબિંબની ક્રિયા થતી હોય તો બિંબનો-બ્રહ્મનો મૌન ભાવ વિરૂધ્ધ કહેવાય છે. પ્રતિબિંબની ક્રિયા બિમ્બને અધીન હોવાથી એક જ સ્થાને તેમની સ્થિતિ સંભવતી નથી. આમ પ્રતિબિમ્બની કલ્પના શ્રુતિવિરૂધ્ધ છે.[૯૪]

ગુહામાં-હૃદયાકાશમાં પ્રવેશેલાં બે આત્માઓ જીવ-બ્રહ્મ છે. કારણકે તે બેનું જ ત્યાં પ્રતિપાદન થયું છે.[૯૫] આ સૂત્રમાં હૃદયાકાશમાં એકવાર એક સમયે પ્રવિષ્ટ થયેલા જીવ અને પરમાત્મા છે. કારણકે "આ જીવ આત્માની સાથે પ્રવેશ કરીને" અનુસાર બન્નેના પ્રવેશનું શ્રવણ છે.[૯૬]

અર્થાત્ જીવ અને બ્રહ્મ એક જ સ્થાને રહે છે તેથી પ્રતિબિંબવાદ સંભવિત નથી. શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે "જીવલોકમાં જીવ થયેલો મારો જ સનાતન અંશ પ્રકૃતિમાં રહેલી મનસહિત છ ઇન્દ્રિયોને ખેંચે છે.[૯૭] અને ઉત્ક્રમણ કરતાં નીકળતાં, સ્થિતિ કરતાં ભોગ કરતાં કે ગુણોથી યુક્ત જીવને અત્યન્ત મૂઢ અજ્ઞાની લોકો જોતા નથી; પરંતુ જ્ઞાનનેત્રોવાળા જુએ છે.[૯૮] આ બન્ને શ્લોકોમાં જીવને પ્રતિબિંબ તરીકે નહીં પરંતુ બ્રહ્મના અંશ તરીકે વર્ણવેલ હોવાથી અર્થસંગતિ સંભવે છે. વળી પ્રતિબિંબનું ઉત્ક્રમણ-દેહનો ત્યાગ કરી બહાર જવું વગેરે સંભવતાં નથી. જીવ બ્રહ્મના અંશ તરીકે જ ઉપર્યુક્ત ક્રિયાઓ કરે છે.

પ્રતિબિમ્બવાદનો યુક્તિ દ્વારા નિષેધ કરતાં શ્રીમદ્વલ્લભાચાર્ય કહે છે કે જો જીવને પ્રતિબિમ્બ માનીએ તો જીવસ્વરૂપનો નાશ મુક્તિ કહેવાશે. લિંગશરીર સૂક્ષ્મશરીર રહેવાથી જીવન્મુક્તિ વિરૂદ્ધ થશે. જો અવિદ્યામાં પ્રતિબિમ્બ છે એમ કહીએ તો પણ એ જ વિરોધ થાય છે.[૯૯]

શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રકાશ ટીકામાં કહે છે કે પ્રતિબિમ્બવાદમાં મુક્તિ એટલે જીવની હાનિ-જીવનો નાશ માનવો પડે. આત્માની હાનિ આત્માનો નાશ પુરૂષાર્થ નથી, એટલે મોક્ષરૂપ પુરૂષાર્થ જ રહે નહીં.[૧૦૦]

લિંગશરીર - સૂક્ષ્મશરીર ઉપસ્થિત હોવાથી જીવ રહે પણ આમ જીવન્મુક્તિ થઇ શકતી નથી. આથી અવિદ્યા અને અન્તઃકરણમાં પ્રતિબિંબ સંભવતા નથી.[૧૦૧] "જીવન્મુક્ત એ મુક્ત જ છે" એવી પૂર્વપક્ષની માન્યતાનું ખંડન કરતાં શ્રીમદ્વલ્લભાચાર્ય કહે છે કે જેમ સૂતેલા પુરૂષનો દેહ કેવળ પ્રારબ્ધથી ચાલતો નથી. તેમ જીવન્મુક્તિમાં અધિષ્ઠાના - લિંગશરીર કે

અવિદ્યાના નાશથી દેહ ચાલી શકવાને માટે શક્તિમાન નથી.[૧૦૨]

જીવને પ્રતિબિંબ માનીએ તો અધિષ્ઠાતા-લિંગશરીર કે અવિદ્યાનો નાશ થવાથી સ્થૂલદેહ ચાલી શકતો નથી.[૧૦૩] પ્રારબ્ધ શરીરની ઉપસ્થિતિજ સમ્પાદિત કરે છે, પણ અધિક ભોજનાદિકાર્ય સમ્પાદિત કરતું નથી. સુષુપ્તિમાં લિંગશરીર-સૂક્ષ્મશરીર લય પામે છે આથી જીવ આભાસ કે પ્રતિબિંબ નથી.[૧૦૪]

જેમ સુષુપ્તિમાં કેવળ શરીર જ રહે છે, પરંતુ તેના દવારા ખાવું, પીવું, ચાલવું વગેરે થઇ શકે નહીં. તેમ જીવન્મુક્તનું શરીર રહે છે, પરંતુ તેના દવારા ચેષ્ટાઓ કે ભોગો થઇ શકે નહિ, કારણકે અધ્યાસ અજ્ઞાનનો નાશ થવા છતાં ઋષભદેવ, શુકદેવ અને વામદેવ વગેરે - જીવન્મુક્તો કાર્ય કરતાં સાંભળવા મળે છે. જો જીવન્મુક્ત જ ન હોય તો "બ્રહ્મજ્ઞાની બ્રહ્મસ્વરૂપ થાય છે."[૧૦૫] "નિરંજન આત્મા બ્રહ્મસ્વરૂપ જીવન્મુક્ત, શોક અને આકાંક્ષા રહિત થઇ જાય છે,"[૧૦૬] અનુસાર વાક્ય વ્યર્થ થઇ જાય ! આમ પ્રતિબિંબવાદ દોષગ્રસ્ત હોઇ સ્વીકાર્ય નથી.

<u>શ્રી વિઠ્ઠલનાથજી દવારા અવચ્છેદવાદ પર આક્ષેપ અને પ્રતિબિંબવાદથી સમાધાન</u> :-

અવચ્છેદવાદમાં માયા અને અવિદ્યાને અભિન્ન માનવામાં આવ્યાં છે. આથી નીચે પ્રમાણે શંકા વ્યક્ત કરીને આક્ષેપ કરવામાં આવે છે.

બ્રહ્મ સર્વજ્ઞ હોવાથી તેનો અવિદ્યા સાથેનો સંબંધ થઇ શકે નહીં. કારણકે અવિદ્યા સાથે જેનો સંબંધ હોય તે પણ "અજ્ઞ" જ કહેવાય. આથી અવિદ્યા સાથે બ્રહ્મનો સંબંધ સંભવતો નથી.[૧૦૭]

જીવ અને બ્રહ્મ એક હોવાથી તેનો અવિદ્યા સાથે પણ સંબંધ થઇ શકે નહીં. આથી જીવ અજ્ઞ ન કહેવાય.

હવે માયા અને અવિદ્યાને એક જ માનીએ તો એકના જ સંબંધથી શુદ્ધ ચિદ્રૂપ બ્રહ્મના સર્વજ્ઞ અને અજ્ઞ એવાં બે વિરુદ્ધ સ્વરૂપ કેમ થઇ શકે ![૧૦૮] આ પ્રકારનો અવચ્છેદવાદ પરનો આક્ષેપ થવાથી પ્રતિબિંબવાદ તેનું સમાધાન આપે છે.

પ્રતિબિંબવાદ જીવ અને ઇશ્વરને બિમ્બ-પ્રતિબિમ્બ ભાવ દ્વારા સ્પષ્ટ કરે છે. માયામાં પ્રતિબિમ્બિત ચૈતન્ય એ ઇશ્વર છે અને - અવિદ્યામાં પ્રતિબિમ્બિત ચૈતન્ય જીવ છે આમ પ્રતિબિંબવાદમાં ઉપર્યુકત દોષ રહેતો નથી.[૧૧૦] શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં પ્રતિબિંબવાદનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે જેમ જપાના પુષ્પથી લાલ થયેલ સ્ફટિકના થાંભલાની પંકિતમાં પડતું પુરૂષનું પ્રતિબિંબ લાલરંગનું હોય છે, તેમ બ્રહ્મનું અવિદ્યામાં પડતું પ્રતિબિંબ જીવની અજ્ઞાનતાનો આભાસ કરાવે છે.[૧૧૧] અર્થાત જીવ પ્રતિબિંબ હોઇ અજ્ઞાનતાનો આભાસ થાય છે, પરંતુ જેમ બ્રહ્મ બિંબ હોઇ ઉજ્જવળ હોય છે.[૧૧૨] તેમ પ્રતિબિંબ પણ ઉજ્જવળ હોય છે, લાલરંગનું હોતું નથી. આથી બિંબની ઉજ્જવળતાની જેમ બ્રહ્મની સર્વજ્ઞતા સિદ્ધ થાય છે.[૧૧૩]

આમ અજ્ઞાનતા અવિદ્યાના આધારે રહેલી હોવાથી બિંબ પ્રતિબિંબરૂપ જીવ અને બ્રહ્મનો અભેદ સિધ્ધ થાય છે.[૧૧૪]

જીવ એ બ્રહ્મનું અવિદ્યામાં પડતું પ્રતિબિંબ છે. આથી અજ્ઞાનતા અવિદ્યામાં જ હોય છે. આમ અવિદ્યાથી જ જગત પ્રતીત થાય છે.[૧૧૫]

સવિશેષ અને નિર્વિશેષ વચ્ચેની ભિન્નતા પણ અવિદ્યાજન્ય છે આથી જગત એ બ્રહ્મનું કાર્ય છે, તે ઔપચારિક ગૌણ જ ગણાય.[૧૧૬]

આમ બિંબ અને પ્રતિબિંબ ભાવ વડે જીવ અને ઇશ્વર, માયા અને અવિદ્યાની ભિન્નતા સમજાય છે. છતાં બિમ્બ પ્રતિબિંબની અભિન્નતાથી મોક્ષપ્રાપ્તિ થઇ શકે છે. આથી જ કહ્યું છે જેમ જળમાં રહેલા સૂર્ય વગેરે પ્રતિબિંબનો સૂર્ય વગેરેમાં પ્રવેશ થાય છે તેમ જળરૂપી આધાર શોષાઇ જતાં તે પરમ અક્ષર સ્વરૂપ પરમાત્મામાં સારી રીતે સ્થિર થાય છે.[૧૧૭]

શ્રી મધુસૂદન સરસ્વતી કહે છે કે જપાના પુષ્પનું રૂપ રૂપઅવયન રહિત હોય છે, છતાંય તેનું પ્રતિબિંબ સ્ફટિક વગેરેમાં જોવા મળે છે.[૧૧૮] આ જ રીતે રૂપરહિત બ્રહ્મનું પણ પ્રતિબિંબ હોઇ શકે છે.

બ્રહ્મના પ્રતિબિમ્બોના પ્રમાણો નીચે પ્રમાણે છે. બ્રહ્મ એક હોવા છતાં વિભિન્ન રૂપોમાં તેના જેવા જ રૂપવાળો થયો.[૧૧૯] એણે જુદા જુદાં રૂપો ધારણ કરેલાં છે, તેને જુદાં જુદાં નામથી વર્ણવી શકાય એટલા માટે તેણે આ જુદાં જુદાં રૂપો લીધાં છે.[૧૨૦] પરબ્રહ્મ નિર્ગુણ હોવાથી જ સૂર્ય વગેરેની ઉપમા ઘટે છે.[૧૨૧]

ઉપર્યુક્ત પ્રમાણોના આધારે પ્રતિબિંબવાદમાં પ્રતિબિંબ સત્ય જ કહેવાય છે.[૧૨૨] અર્થાત્ બિંબથી પ્રતિબિંબ જુદું નથી. આથી જ બિંબ

બ્રહ્મચૈતન્યનું પ્રતિબિંબ જીવચૈતન્ય જ હોય છે.

ઇશ્વર અને જીવના સ્વરૂપ વિશે શ્રી મધુસૂદન સરસ્વતી કહે છે કે અજ્ઞાનથી ઉપાધિયુકત બિંબરૂપી ચૈતન્ય ઇશ્વર છે. અજ્ઞાનમાં પ્રતિબિમ્બિત ચૈતન્ય જીવ છે.[123] આ જ વેદાન્તનો મુખ્ય સિદ્ધાન્ત કહેવાય છે. તે એક જીવવાદ છે અને આ જ દષ્ટિસૃષ્ટિવાદ પણ કહેવાય છે.[124] આમ પ્રતિબિંબવાદ અદ્વૈત વેદાન્તનો એક મહત્વપૂર્ણ વિચાર છે.

<u>શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલું પ્રતિબિંબવાદનું ખંડન :-</u>

શ્રી વિઠ્ઠલનાથજી પ્રતિબિંબવાદનું ખંડન કરતા કહે છે કે પહેલાં તો જગતનો ભ્રમ ઉત્પન્ન કરનારી જીવના સ્વરૂપની અવિદ્યા નામની શકિતનો વિચાર કરવો જોઇએ.[125] જીવ બ્રહ્મનું પ્રતિબિંબ છે, એ પ્રતિબિંબપક્ષ યુકિતસંગત નથી. કારણકે રૂપરહિત બ્રહ્મનો આશ્રય અશુદ્ધ અવિદ્યા છે. તેથી બિંબ બ્રહ્મનું પ્રતિબિંબ અજ્ઞાન-અવિદ્યામાં પડી શકે નહીં. અર્થાત રૂપરહિત બ્રહ્મનું પ્રતિબિંબ કદી પણ હોતું નથી.[126] બિંબ બ્રહ્મમાં રૂપ નથી, અજ્ઞાનરૂપી અવિદ્યામાં સ્વચ્છતા હોતી નથી. આથી પ્રતિબિમ્બરૂપી જીવની પારદર્શકતા હોતી જ નથી.[127]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે દષ્ટને અનુસરનારી જ કલ્પના કરવી જોઇએ. તેમ ન હોય તો પવન અને કાષ્ઠ બિંબ અને પ્રતિબિંબના આશ્રય થાય ![128] અર્થાત્ રૂપરહિત પવનનું પ્રતિબિંબ અશુદ્ધ કાષ્ઠમાં **પડતું** નથી.

पूर्वपक्षीनी दलील :-

અહીં પૂર્વપક્ષી તર્ક પ્રસ્તુત કરે છે કે આકાશનું પ્રતિબિંબ દર્પણમાં જોવા મળે છે.[૧૨૯] વળી ઇન્દ્રિયોથી ગ્રહણ થઇ ન શકે તેવા સાક્ષીથી પ્રત્યક્ષ લાગતા આકાશનું જળમાં પ્રતિબિંબ દેખાય છે.[૧૩૦]

સિધ્ધાન્તીનો ઉત્તર :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે તે પ્રતિબિંબ તે પ્રદેશમાં રહેલ રૂપયુક્ત પ્રભામંડલનું જ જણાય છે.[૧૩૧]

જેમ દર્પણની રેખાનું પ્રતિબિંબ, જયાં જે હોય ત્યાં તે પડતું નથી.[૧૩૨] તેમ સર્વત્ર સ્થિત-રહેલા બ્રહ્મનું સર્વત્ર રહેલી અવિદ્યામાં પ્રતિબિંબ પડતું નથી.[૧૩૨] વાસ્તવિક રીતે તો પ્રભાસહિત અવકાશ આકાશ જ પ્રતિબિમ્બિત થાય છે. આથી સ્વરૂપ સંબંધની વિશેષતાને લીધે રૂપની જ સત્તા પ્રયોજક છે.[૧૩૩]

પૂર્વપક્ષીની દલીલ :-

અહીં ઉપર્યુક્ત દૃષ્ટાન્તનું અનૌચિત્ય સમજાવતાં કહ્યું છે કે દર્પણની રેખામાં સંયોગસંબંધ રહેલો હોવાથી પ્રતિબિંબ પડતું નથી. પરંતુ બ્રહ્મ અને અવિદ્યા વ્યાપક હોવાથી તેમનો સંયોગસંબંધ નથી.[૧૩૪]

સિધ્ધાન્તનો ઉત્તર :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે પ્રભામંડલ તેજનું વર્તુળ દર્પણમાં સંયોગ-સંબંધથી જોડાયેલું છે. અર્થાત્ સંયુક્ત જોડાયેલા પ્રભામંડળની પણ

દર્પણરેખાની જેમ જ પ્રતીતિ થાય છે.[135] આમ પ્રતિબિંબ ન પડવાનું કારણ સંયોગસંબંધ નથી.

પૂર્વપક્ષીની દલીલ :-

જેટલા અંશમાં સંયોગસંબંધ હોય તેટલા અંશમાં પ્રતિબિંબ પડે નહીં અર્થાત્ જે અંશમાં પ્રભામંડલનો સંયોગસંબંધ હોય તે અંશમાં પ્રતિબિમ્બ પડે નહિ, પરંતુ જે અંશમાં પ્રભામંડળનો સંયોગસંબંધ ન હોય તે અંશમાં પ્રતિબિંબ પડે છે.

સિદ્ધાન્તીનો ઉત્તર :-

શ્રી વિઠ્ઠલનાથજી સદૃષ્ટાંત યુક્તિ રજૂ કરતાં કહે છે કે દર્પણ ઉપર આંગળી રાખવાથી કમલિનીના સૂત્ર-દોરી જેવો અવકાશ રહે છે, તેમાં રહેલ પ્રકાશનું દર્પણમાં પ્રતિબિમ્બ પડે છે.[137] અહીં આંગળીનો સંયોગસંબંધ દર્પણ સાથે થવાથી આંગળીમાં રહેલ પ્રકાશનો સંયોગસંબંધ થતો નથી. આથી જ "કમલિનીના સૂત્ર-બિસતંતુના જેટલા અંતરે" એમ કહ્યું છે. દર્પણમાં પ્રભાના સંયોગની અવ્યાપ્યવૃત્તિ વ્યાપીને ન રહેવું તે સૂચવવા માટે અંગુલીનો સ્વીકાર કરવામાં આવ્યો છે. વળી રાત્રિના અંધારામાં પ્રતિબિંબ દેખાતું ન હોવાથી કિરણનો સંયોગસંબંધ સૂચવવા માટે અંગુલીમાં રહેલ પ્રભાનો સ્વીકાર થયો છે.[138]

હવે શ્રી વિઠ્ઠલનાથજી શ્રુતિ અને સૂત્રના પ્રમાણો આપીને પ્રતિબિંબવાદનું ખંડન કરે છે.

૧. દ્વા સુપર્ણા સયુજા .... (શ્વે. ઉ., ૩. ૧. ૧.)
(મુ. ઉ., ૪. ૬.)

"બે પક્ષીઓ એક સાથે રહેનારા".....માં જુદી જુદી વિલક્ષણ-સ્થિતિ છે. આ શ્રુતિવાક્યમાં બે પક્ષીઓ, જીવાત્મા અને પરમાત્મામાં એકનું નિષ્ક્રિયપણું અને બીજાનું સક્રિયપણું કહેવાયું છે.[૧૩૯] આથી જીવની સાથે પરમાત્માનું એક સાથે રહેવું તે પ્રતિબિંબ માટે યોગ્ય નથી. આમ જીવ અને પરમાત્માની એકત્ર સ્થિતિ હોવાથી બિંબપ્રતિબિંબપક્ષની સંગતિ થતી નથી.[૧૪૦]

૨. કઠોપનિષદ્નું ઉદાહરણ પ્રમાણ આ પ્રમાણે છે. શુભ કર્મોના ફળ સ્વરૂપ મનુષ્ય-શરીરમાં પરબ્રહ્મના ઉત્તમ નિવાસસ્થાન હૃદયાકાશમાં બુધ્ધિરૂપી ગુફામાં છુપાયેલાં સત્યનું પાન કરનારાં બે જીવાત્મા અને પરમાત્મા છાયા અને આતપતડકાંની જેમ પરસ્પર ભિન્ન છે. આ વસ્તુ વાત બ્રહ્મજ્ઞાની મહાપુરૂષો કહે છે અને જે ત્રણવાર નાચિકેત અગ્નિનું ચયનસંગ્રહ કરનાર અને પંચાગ્નિયુક્ત ગૃહસ્થ છે, તેઓ પણ આ જ વાત કહે છે.[૧૪૧]

ઉપર્યુક્ત શ્રુતિ મંત્રમાં છાયા અને આતપનો બાદરાયણ વ્યાસ, આત્મા - જીવ અને બ્રહ્મ તરીકે નિર્ણય આપે છે અને બન્નેનો પ્રવેશ - ગુહાપ્રવેશ પણ કહ્યો હોવાથી તેનો વિરોધ થઇ શકતો નથી.[૧૪૨]

વળી છાયા પ્રકાશ તરફ રહેતી નથી અને પ્રતિબિંબ પ્રકાશશીલ પ્રદેશમાં જ રહે છે. આથી બિંબ અને પ્રતિબિંબ ભિન્ન પદાર્થ છે.[૧૪૩] શ્રુતિમાં જીવના બોધ માટે જેમ છાયા શબ્દ પ્રયોજ્યો છે તેમ બ્રહ્મના

બોધ માટે આતપ શબ્દ યોજયો છે. આતપનું પ્રતિબિંબ છાયા હોઇ શકે નહીં. આથી જ્ઞાન,આનન્દઐશ વગેરે, તિરોહિત થવાથી જીવની વિલક્ષણતા જોવા મળે છે. તેના જ્ઞાન માટે છાયા શબ્દનો પ્રયોગ થયો છે એટલે જીવ પ્રતિબિમ્બ નથી.[૧૪૪]

આમ આ શ્રુતિ મંત્ર દવારા પ્રતિબિંબવાદનો અસ્વીકાર થયો છે.

૩. ગુહામાં - હૃદયાકાશમાં પ્રવિષ્ટ થયેલા બે આત્માઓ જીવ અને બ્રહ્મ છે, કારણકે તે બેનું તેમાં પ્રતિપાદન થયું છે. (બ્ર.સૂ.૧!૨!૧૧) સૂત્રમાં જીવ અને બ્રહ્મનું જીવ વિષયક પ્રશ્ન અને બ્રહ્મ વિષયક પ્રશ્ન કરીને પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અહીં પણ જીવ અને બ્રહ્મની એકત્ર સ્થિતિ પ્રતિબિમ્બવાદના સિધ્ધાંત સાથે સંગત નથી.

૪. "રૂપં રૂપં પ્રતિરૂપો બભૂવ" - માં પ્રતિબિમ્બવાદની અયુકતતા

ઉપર્યુકત શ્રુતિમાં પ્રતિબિમ્બવાદની કલ્પના યોગ્ય નથી. કારણકે આ જે આત્મા છે, તે અમર છે, તે જ બ્રહ્મ છે, વિશ્વમાં જે કંઇ છે, તે સર્વ આ બ્રહ્મ જ છે. (બૃ.ઉ.,૨!૫!૧) આરંભમાં અને તે આ બ્રહ્મ છે, આ આત્મા જ બ્રહ્મ છે. (બૃ.ઉ.૨!૫!૧૯) અંતમાં બ્રહ્મને સર્વસ્વરૂપ માનવામાં આવ્યું છે. આ શ્રુતિઓની વચમાં જીવને પ્રતિબિંબ સિધ્ધ કરવા માટે કોઇ શ્રુતિ હોઇ ન શકે !

વળી તેણે બેપગાં જાનવરોનાં શરીર બનાવ્યા. તેણે ચોપગાં જાનવરોનાં શરીર બનાવ્યા (બૃ.ઉ.૨!૫!૧૮) પછી બ્રહ્મનો તેમાં પ્રવેશ થયો. આથી બ્રહ્મની સર્વસ્વરૂપતા મંત્રમાં અંતરાય આવ્યો.

કારણકે જે જેને બનાવે છે કે જેમાં પ્રવેશ કરે છે તે તેનાથી ભિન્ન હોય છે. આથી રુપમ રુપમ ... શ્રુતિ બ્રહમના સર્વસ્વરૂપના અંતરાયને દૂર કરવા માટે જ છે. આમ આ મંત્રનો પ્રસંગને અનુરૂપ અર્થ આ જ થઇ શકે કે બ્રહમ સર્વને બનાવીને સર્વરૂપ થઇ ગયાં. પરંતુ પ્રત્યેક જીવ પ્રતિબિમ્બ છે તેમ માની ન શકાય. અહીં આરંભ અને અંત દવારા બ્રહમ પ્રકરણનું જ્ઞાન થવાથી મધ્યમાં "રૂપં રૂપં" શ્રુતિ જીવના પ્રતિબિંબનો બોધ કરાવે તે યોગ્ય નથી આજ તત્વ સાર છે.[૧૪૫] આમ જીવ અને બ્રહમની એક જ સ્થાનમાં સ્થિતિ થવાથી બિમ્બ-પ્રતિબિમ્બ ભાવનું દર્શન થઇ શકતું નથી.[૧૪૬]

માયા અવિદ્યા અઘટિત ઘટના પટીયસી હોવાથી બિંબ-પ્રતિબિંબ ભાવરૂપ પરમાત્મા અને જીવની એકત્ર સ્થિતિ યોગ્ય નથી,[૧૪૭] તેવી શંકાના દોષો વર્ણવતાં શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે "બ્રહમનું અવિદ્યામાં પડતું પ્રતિબિમ્બ એ જીવ છે." અને અવિદ્યાનો નાશ એ મોક્ષ છે.[૧૪૮] આમ પૂર્વપક્ષીના મંતવ્ય અનુસાર તો જીવના સ્વરૂપનો જ નાશ જ મોક્ષ થાય છે અર્થાત્ મોક્ષમાં અવિદ્યાનો નાશ થાય છે તેથી બ્રહમનું - અવિદ્યામાં પડતું પ્રતિબિમ્બ જીવ પણ નષ્ટ થાય !

પરંતુ જીવહાનિ - આત્મહાનિ પુરૂષાર્થ નથી તેથી મોક્ષ પુરૂષાર્થ રૂપ સિધ્ધ થતો નથી.[૧૪૯] અને જીવ પણ પ્રતિબિંબ હોય તો મિથ્યા કહેવાય ! આ પ્રમાણે હોય તો કોઇપણ પારલૌકિક પ્રયત્ન મોક્ષ માટે પુરૂષાર્થ કરવા પ્રવૃત્ત થાય નહીં. કારણકે મોક્ષ મેળવવાની ઇચ્છા ધરાવનાર વ્યકિત મોક્ષનું સ્વરૂપ જાણી તેના સાધન માટે પ્રયત્ન કરે,

વળી બંધનથી મુકત પોતાનું સ્વરૂપ જાણીને પણ મોક્ષના સાધન માટે પ્રયત્ન કરે,[૧૫૦] પરંતુ જીવસ્વરૂપનો નાશ તે મોક્ષ, અને જીવ મિથ્યા છે. તે બન્નેના સ્વરૂપના જ્ઞાનમાં બાધક શું છે તેનો ઉત્તર આપતાં - શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે "સમ્પૂર્ણ જગત મિથ્યા છે" એમ જાણી અને લૌકિક તથા પારલૌકિક પ્રવૃત્તિ અવિદ્યાના અધ્યાસથી થયેલી છે એમ જાણે છે, તે લૌકિક પ્રવૃત્તિને ઉત્તમ અને પારલૌકિક પ્રવૃત્તિ મોક્ષ માટે પુરૂષાર્થ સ્વરૂપહાનિનું કારણ હોવાથી ઉત્તમ નહીં.[૧૫૧] એમ વિચારીને બધી પ્રવૃત્તિમાં અપ્રવૃત્ત રહે છે, તેથી નિવૃત્તિમાર્ગનો જ નાશ થાય ! કે બધા ચૂપચાપ બેસી રહે ! આમ વેદવિહિત અને વેદનિષિધ્ધ કર્મમાં કોઇ ભેદ રહેતો ન હોવાથી કોઇપણ કાર્ય કરતાં પાછો ફરે નહીં.[૧૫૨] આમ થવાથી સન્માર્ગ સત્યમાર્ગનો નાશ કરવા આવો મત ફેલાવનાર અને વેદને પણ વ્યાવહારિક પ્રમાણ તરીકે સ્વીકારનાર પ્રચ્છન્ન બુધ્ધ કહેવાય ! આથી જ કહ્યું છે કે "માયાવાદ અસત્ શાસ્ત્ર હોઇ તે પ્રચ્છન્ન બૌધ્ધ કહેવાય છે."[૧૫૩] વેદને પણ જીવના પોતાના અજ્ઞાનથી કલ્પિત કહેવામાં અતિ ઔધ્ધત્ય જ કહેવાય !

જગતની સત્યતાનો આધાર વેદ શાંકર મત અનુસાર :-

પૂર્વપક્ષ :-

શ્રી શંકરાચાર્ય કહે છે કે "વેદ અવેદ હોય છે" આ વચન પ્રમાણે જ્ઞાનની સ્થિતિમાં શ્રુતિનો-વેદનો અભાવ જ અમને ઇચ્છિત છે.[૧૫૪] આમ જ્ઞાનાવસ્થામાં વેદનો પણ અભાવ દેખાય છે.

શંકરાચાર્યના મત અનુસાર જગત મિથ્યા છે. અર્થાત્ પારમાર્થિક દષ્ટિએ જગતનો અભાવ જ છે. આમ મિથ્યા જગતની અંદર વેદ પણ આવી ગયા હોઇ તે પણ મિથ્યા કહેવાય !

શ્રીવિઠ્ઠલનાથજીના મતાનુસાર વેદની સત્યતા :-

પૂર્વપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં વેદની અસત્યતા હોવાનું દર્શાવતા કહે છે કે જગત અસત્ય હોય તો વેદ પણ જગતની અંદર રહેલા હોવાથી તે પણ અસત્ય જ કહેવાય ! જગતનું મિથ્યાપણું બ્રહ્મની અભેદબોધક શ્રુતિના અભિપ્રાયથી સિધ્ધ છે.[૧૫૫]

સિધ્ધાન્તીનો ઉત્તર :-

શ્રીવિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત દલીલનો ઉત્તર આપતાં કહે છે કે વેદને અસત્ય કહેવા એ યુક્તિયુક્ત બરાબર નથી, કારણકે જેમ આંબાના વૃક્ષના પ્રતિબિંબને જોઇને કોઇપણ કેરી લેવા માટે હાથ ફેલાવતો નથી,[૧૫૬] તેમ વેદને અસત્ય માનવાથી વેદવિહિત કર્મમાં - યજ્ઞમાં - સંન્યાસમાં પ્રવૃત્તિ થતી નથી, કારણકે વૈદિક પ્રવૃત્તિ પુરૂષાર્થ સ્વરૂપ છે, આથી સ્વજનનો ત્યાગ કરી સર્વ સુખનો ત્યાગ કરવો પડે !

પૂર્વપક્ષ :-

જેમ અસત્ય સ્વપ્નના ફળની પ્રવૃત્તિનો અનુભવ થાય છે, તેમ

અસત્ય જગતના ફળનો પણ અનુભવ થાય છે.

સિદ્ધાન્તીનો ઉત્તર :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે સ્વપ્નનું ફળ તત્કાળ પૂરતું જ સત્ય હોય છે. આમ (જાણનાર) વિદવાનની સ્વપ્ન પ્રવૃત્તિ દેખી શકાય છે. પરંતુ હું સ્વપ્ન જોઉં છું, પારમાર્થિક સત્ય જોતો નથી. આમ જાણનારની સ્વપ્નમાં પણ પ્રવૃત્તિ સંભવતી નથી.[૧૫૭] આ જ પ્રમાણે વેદમાં પણ અજ્ઞાનથી કલ્પિતપણું જાણનાર પુરૂષની યજ્ઞમાં-કર્મમાં પ્રવૃત્તિ થશે નહીં.

પૂર્વપક્ષ :-

જેમ દૂરથી કોઇ ઉંચી પુરૂષાકાર વ્યક્તિ જોવામાં આવે તેને જોઇ થડનો ભ્રમ થાય ! પછી તે સહેજ પાસે આવે એટલે પુરૂષમાં રહેલ હાથપગવાળો એ છે એવું વિશેષદર્શન થાય ! પરંતુ થડમાં રહેલ વક્રતા અને બખોલવાળું એ નથી. તે થડ નથી પણ પુરૂષ છે એવું પ્રમાત્મક જ્ઞાન થાય છે. અહીં થડનો ભ્રમ પ્રત્યક્ષાત્મક છે અને પુરૂષનો ભ્રમ પણ પ્રત્યક્ષાત્મક છે. આમ વિશેષ દર્શન પુરૂષનું દર્શન પોતાના સજાતીય ભ્રમને દૂર કરનાર સિદ્ધ થાય છે.[૧૫૮]

પ્રસ્તુતમાં પ્રપંચ-જગત એ ભ્રમ છે, મિથ્યા છે. "હું અમુક છું" એ અપરોક્ષ પ્રત્યક્ષરૂપ છે. તેનું વેદજન્ય શાબ્દનું વિશેષ દર્શન ભ્રમને દૂર કરનાર નથી. કારણકે પ્રત્યક્ષ અને શાબ્દ (પુરૂષ અને વેદ) એ બન્ને વિજાતીય હોવાથી અખંડ અર્થ રહેલો છે. આ પ્રમાણે જગતમાં પ્રવૃત્તિ

જોઇ શકાય છે. અર્થાત પ્રત્યક્ષ પ્રમાણ જગત શાબ્દ પ્રમાણ વેદ કરતાં વધારે બળવાન છે. આથી જગત અસત્ય છતાં પ્રત્યક્ષ જગત અસત્ય અનુભવાય છે.

સિધ્ધાન્તીનો ઉત્તર :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે પ્રત્યક્ષ પ્રમાણ બળવાન હોવાથી શબ્દ-પ્રમાણ તેનો વિરોધ ન કરી શકે. આમ જગત્પ્રતીતિ થાય છે પરંતુ પ્રવૃત્તિ તો થતી નથી. જળમાં આમવૃક્ષનું પ્રતિબિંબ અસત્ય હોવાનું અનુમાન છે. કારણકે જળગત પ્રતિબિંબ પ્રત્યક્ષ છતાં અસત્ય છે.[૧૫૯] અહીં બળવાન પ્રત્યક્ષ પ્રમાણનો અનુમાન પ્રમાણ વિરોધ કરી શકતું નથી. આમ પ્રત્યક્ષ પ્રમાણ વૃક્ષનું પ્રતિબિંબ જોઇ શકાય છે, પરંતુ ફળ લેવાની પ્રવૃત્તિ થઇ શકતી નથી. આ જ રીતે જગતની પ્રતીતિ થાય છે પણ પ્રવૃત્તિ થઇ શકતી નથી.[૧૬૦]

પહેલાં અધ્યયનના સમયે "યજ્ઞનું ફળ સ્વર્ગ છે" એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે. પછી શ્રવણ મનન અને નિદિધ્યાસનથી બ્રહ્મજ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આમ વેદમાંથી બન્ને પ્રકારનું જ્ઞાન થાય છે. કારણકે બન્નેનું કારણ શબ્દપ્રમાણ છે.

જેમ "રાફડામાં ઘડો છે" એવો આંખનો ભ્રમ રાત્રે તેના સ્પર્શથી દૂર થાય છે, વળી "રેશમી વસ્ત્ર કપાસ છે." તેવો સ્પર્શનો ભ્રમ દિવસે આંખથી કે તેને જાણનાર વચનથી દૂર થાય છે. તેમ વિશેષદર્શનમાં વિજાતીય ભ્રમને દૂર કરનારનું દર્શન થાય છે.[૧૬૧]

"વેદોક્ત યજ્ઞનું ફળ મિથ્યા છે" એવું પછી થયેલું જ્ઞાન પહેલાંના જ્ઞાનનો બાધ કરી શકતું નથી. આમ પહેલાં થયેલ સ્વર્ગના જ્ઞાનનું પછી થયેલા મોક્ષનું જ્ઞાન બાધક નથી.

ટૂંકમાં વેદનું જ્ઞાન અને જગતનું જ્ઞાન પૂર્વ-પહેલાં અને પર-પછી થાય છે એટલે પછી થયેલું જગતનું જ્ઞાન પહેલાંના જ્ઞાન વેદનો બાધક બનતું નથી. આથી વેદનું જ્ઞાન સત્ય છે એટલે જગતનું જ્ઞાન પણ સત્ય જ સિદ્ધ થઇ શકે !

માયા : વૈદિક કર્મમાં બાધારૂપ :-

પૂર્વપક્ષની દલીલ :-

શ્રીવિઠ્ઠલનાથજી પૂર્વપક્ષ રજૂ કરતા કહે છે કે દ્વૈતનું જ્ઞાન અનર્થરૂપ છે. આ અનર્થરૂપ દ્વૈતજ્ઞાનને અપરોક્ષ બ્રહ્મજ્ઞાન દ્વારા દૂર કરી શકાય છે.[૧૬૨] આમ બ્રહ્મજ્ઞાન માટે પ્રવૃત્તિ થાય છે.

સિદ્ધાન્તીનો ઉત્તર :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે અનર્થરૂપ દ્વૈત પ્રતીતિ અર્થાત્ કાર્ય અને કારણ ભાવનું જ્ઞાનવેદમાંથી થાય છે એમ કહેવાય તો દ્વૈતપ્રતીતિરૂપી અનર્થનું ઉન્મૂલન વેદથી જ થાય છે. આથી જ આનો નિઃશ્વાસ વેદો છે.[૧૬૩] જે બ્રહ્માને પ્રથમ મોકલે છે અને એને વેદ મોકલે છે.[૧૬૪] અમે સાંભળ્યું છે કે વેદ સાક્ષાત્ સ્વયંભૂ નારાયણ છે,[૧૬૫] સર્વ વેદથી વેદાન્તની રચના કરનાર વેદ જાણનાર હું જ વેદ્ય-જાણવા યોગ્ય

પણ છે.[૧૬૬] આ બધા શ્રુતિ, સ્મૃતિ અને પુરાણના વાક્યો વેદ વિરૂદ્ધ ન કહે. અર્થાત્ જેમ છીપમાં ચાંદી રહે તેમ ઉપરના વાક્યોને ભ્રમનું જ્ઞાન આપનાર લૌકિક વાક્યો માનીએ તો તે વાક્યોમાંથી વૈશિષ્ટ્ય જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આમ વેદને પોતાના અજ્ઞાનથી કલ્પિત માનીએ તો તે યોગ્ય નથી જ.

પહેલાં પારમાર્થિક સત્વના જ્ઞાન પછી ઉદાસીનતા આવે છે, પછી વેદનું શ્રવણ કરવામાં પ્રવૃત્ત થાય છે, વળી વેદ અને વૈદિક સાધનોને અજ્ઞાનકલ્પિત માને છે. આથી જેમ સ્વાપ્નિક ભોજન સંતુષ્ટ કરતું નથી તેમ અસત્ ગુરૂ કે તેમના અસત્વાક્યો પરમાર્થ સદ્રૂપ બ્રહ્મરૂપી ફળ કેમ આપે ![૧૬૭] આમ શંકાથી કે નિશ્ચયથી વેદવિહિત કર્મમાં પ્રવૃત્તિ થતી નથી.

પૂર્વપક્ષની દલીલ :-

વેદની અભેદબોધક શ્રુતિથી શ્રવણાદિના સાધન માટે પ્રવૃત્તિ થાય છે. આથી જ શ્રવણથી જ બ્રહ્મજ્ઞાન અને શ્રવણમાં પ્રવૃત્તિ કરવી એ બન્ને વેદથી જ થાય છે.[૧૬૮]

સિધ્ધાન્તીનો ઉત્તર :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે શ્રવણાદિથી બ્રહ્મજ્ઞાન થાય છે. આથી જ શ્રવણાદિમાં પ્રવૃત્તિ થાય છે. તેમ છતાં વેદ વર્ણિત અસત્ય સાધનોથી સત્ય બ્રહ્મ પ્રાપ્ત થાય છે.

જેમ સ્વાપ્નિક ભોજનથી સાચે જ સંતુષ્ટ થવાતું નથી, તેમ અસત્ય સાધનથી સત્ય બ્રહ્મ પ્રાપ્ત થતું નથી. આમ સાધનો અસત્ય અને બ્રહ્મ સત્ય છે. આથી કોઇપણ પ્રકારનો વિરોધ થઇ શકતો નથી. આમ અર્થ સંબંધી સંદેહ ઉત્પન્ન થાય છે.

૧. વેદ એના નિઃશ્વાસ છે. (બૃ. ઉ. ૨!૪!૧૦)

૨. જે પરમેશ્વર સર્વ પ્રથમ બ્રહ્માને ઉત્પન્ન કરે છે. (શ્વે. ઉ. ૬!૧૮)

૩. હું નામ અને રૂપને વિસ્તારૂં. (છાં. ઉ. ૬!૩!૨)

૪. આ સર્વનું આત્મ છે, એ જ સત્ય છે, (છાં. ઉ. ૬!૮!૭)

૫. એને પોતાને પોતાની મેળે બનાવ્યા. (તૈ. ઉ. ૨!૭)

૬. એ સત્ય છે એમ કહે છે. (તૈ. ઉ. ૨!૬)

૭. અસતમાંથી તે સત્ કેમ થાય ? (છા. ઉ. ૬!૨!૨!)

૮. વેદ સાક્ષાત નારાયણ છે. ( ભાગ. ૬!૧!૪૦)

૯. બધા વેદોથી હું જ વેદ્ય છું (ભ ગી. ૧૫!૧૫)

૧૦. હું સર્વનું ઉત્પત્તિ સ્થાન છું. (ભ ગી. ૧૦!૮)

૧૧. એમણે વેદનો આદિકવિ બ્રહ્મામાં પોતાના સંકલ્પથી પ્રકાશ કર્યો. ( ભાગ. ૧!૧!૧ )

૧૨. જેના હાથ, પગ, મુખ અને પેટ વગેરે આનન્દ માત્ર છે.

૧૩. આના જન્મ વગેરે જેનાથી છે. (બ્ર. સૂ. ૧!૧!૨)

૧૪. આનન્દમય, અભ્યાસને લીધે. (બ્ર. સૂ. ૧!૧!૧૧)

ઉપર્યુક્ત શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને સૂત્રના વાક્યોના આધારે કહી શકાય કે અસત્ય જ્ઞાનનો બાધ થાય છે અને વિચારક સાધનને

અસત્ય સમજી તેમાં પ્રવૃત્ત નહિ થાય.

પરંતુ વર્તમાન સમયમાં માયાથી મોહ પામેલા આસુર સૃષ્ટિમાં જન્મેલા લોકોને સાધનોના અસત્યજ્ઞાનનો બાધ થતો નથી. આ પ્રમાણે જગત સત્ય હોવાથી સાધન કરવામાં તેઓ પ્રવૃત્ત થાય છે. આથી જ કહ્યું છે કે "મહામાયા ભગવતી દેવી જ્ઞાનીઓના ચિત્તને બળથી ખેંચી મોહને અર્પણ કરે છે." વળી "કલિયુગમાં મનુષ્યાદિમાં કલા વડે ઉત્પન્ન થઇ તારા કલ્પિત શાસ્ત્રથી લોકોને મારાથી વિમુખ કર અને મને ગુપ્ત રાખ. જેથી આ સૃષ્ટિ ઉત્તરોત્તર થાય."[૧૭૦]

"મને પ્રાપ્ત કર્યા વિના પછી અધમગતિને પામે છે."[૧૭૧] વાક્ય અંધતમ જ ગતિ પ્રાપ્ત થવાનું સૂચન કરે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ દર્શાવેલા પ્રતિબિંબવાદના અન્ય દોષો :-

પ્રતિબિંબવાદ પ્રમાણે દષ્ટા અને દશ્યનો સંબંધ હોય છે. જેમ દર્પણના ચળકાટ જેવા દોષના સંબંધથી પ્રતિબિંબ દેખાય છે[૧૭૨] તેમ બ્રહ્મના અવિદ્યા સાથેના સંબંધથી જીવ પ્રતિબિંબ દેખાય છે.

બ્રહ્મનું અવિદ્યામાં પડતું પ્રતિબિંબ એ જીવ છે અને માયામાં પડતું પ્રતિબિંબ ઇશ્વર છે.[૧૭૩]

બ્રહ્મ અને અવિદ્યાનો સંબંધ છે તેથી બ્રહ્મ દષ્ટા અને નિયામક કહેવાય છે કારણકે "આનાથી બીજો દષ્ટા નથી."[૧૭૪] આમ બ્રહ્મ અવિદ્યામાં પડેલા બ્રહ્મના પ્રતિબિંબ જીવને જોઇ શકે છે.

પરંતુ શ્રી વિઠ્ઠલનાથજી પ્રતિબિંબવાદના વિચારો અનુસાર બ્રહ્મનો અવિદ્યા સાથેનો સંબંધ સ્વીકારતા નથી. કારણકે અવિદ્યાનો સંબંધ સ્વીકારવાથી બ્રહ્મ પણ જીવતુલ્ય થઇ જાય ![175]

પ્રતિબિંબવાદનું પ્રતિપાદન કરનારી દલીલો નીચે પ્રમાણે છે.

१. પ્રતિબિંબવાદ અનુસાર પ્રતિબિંબના દષ્ટાનું દશ્ય મિથ્યા નથી. તેમ બ્રહ્મનું જીવને જોવું એ મિથ્યા નથી. વળી બ્રહ્મ જીવને જુએ એટલે બ્રહ્મ અને જીવની તુલ્યતા સિદ્ધ થઇ જતી નથી.

२. બ્રહ્મનું અંતઃ કરણ કે અવિદ્યામાં પડેલું પ્રતિબિંબ જીવ છે.

૩. જીવન્મુકતને અવિદ્યાના કાર્યરૂપ અવશિષ્ટ પ્રારબ્ધ કર્મો ભોગવવા પડે છે આથી જીવન્મુકતનો દેહ ક્રિયાશીલ રહીને મુક્ત બને છે.

શ્રી વિઠ્ઠલનાથજી પ્રતિબિંબવાદના દોષો નીચે પ્રમાણે આપે છે.

१. <u>જીવ અને બ્રહ્મનો ગુહા પ્રવેશ અસંભવિત</u> :-

શ્રી વિઠ્ઠલનાથજી જીવ અને બ્રહ્મના ગુહા પ્રવેશને પ્રતિબિંબવાદના સંદર્ભમાં અસંભવિત માને છે કારણકે પરબ્રહ્મના ઉત્તમ નિવાસસ્થાનમાં - હૃદયમાં - આકાશમાં બુદ્ધિરૂપી ગુફામાં છુપાયેલા[176] શ્રુતિ જીવ અને બ્રહ્મનો સહ-પ્રવેશ પ્રતિપાદિત કરે છે. પરંતુ છીપમાં જેમ ચાંદીનો દષ્ટા નથી તેમ જીવના અજ્ઞાનથી કલ્પેલી ગુહા મિથ્યા હોવાથી ઉપાધિયુક્ત દષ્ટા પરમાત્મા હોઇ ન શકે. આથી જીવ અને બ્રહ્મનો સહપ્રવેશ સંભવતો નથી.[177]

"દ્વા સુપર્ણા" શ્રુતિ જીવ અને બ્રહ્મની સહસ્થિતિ સિદ્ધ કરે છે જ્યારે "ગુહાં પ્રવિષ્ટૌ" શ્રુતિ જીવ અને બ્રહ્મનું ગુહામાં સહપ્રવેશ સિદ્ધ કરે છે. પરંતુ નીરૂપ બ્રહ્મનું પ્રતિબિંબ હોતું નથી. આથી બ્રહ્મના વ્યાપકપણાની હાનિ થાય છે. વળી બિંબ અને પ્રતિબિંબ બન્ને વિજાતીય હોવાથી શુદ્ધ બ્રહ્મના સ્વીકારમાં હેતુનો અભાવ હોય છે.[૧૭૮]

આમ એક જ હૃદયાકાશમાં બે જીવો પ્રવેશ કરી શકે નહિ.[૧૭૯]

૨. <u>જીવન્મુક્તિ અસંભવિત</u> :-

પ્રતિબિંબવાદ અનુસાર જીવન્મુક્તિ સંભવતી નથી. કારણકે અન્તઃકરણ કે અવિદ્યામાં પડતું બ્રહ્મનું પ્રતિબિંબ જીવ છે.[૧૮૦] જીવન્મુક્તને અંતઃકરણ હોય તો તે જીવ સંસારી કહેવાય છે. અન્તઃકરણ પવિત્ર હોઇ શકે છે. પરંતુ બ્રહ્મમાં પ્રતિબિંબિત જીવ અહંકારને દૂર કરી શકતો નથી. આમ દ્વન્દ્વયુક્ત અન્તઃકરણથી સંસારીપણું આવે છે.

જીવન્મુક્તને અંતઃકરણ ન હોય તો મોક્ષની પ્રાપ્તિ થાય છે.[૧૮૧] વળી અન્તઃકરણ ન હોય તો બ્રહ્મનું અન્તઃકરણમાં પ્રતિબિંબ સંભવે નહિ. આમ જીવને પ્રતિબિંબ માનીએતો જીવસ્વરૂપનો નાશ એ જ મુક્તિ - કહેવાશે.[૧૮૨]

જીવન્મુક્તને અપરોક્ષ બ્રહ્મનું જ્ઞાન થયું હોવાથી અજ્ઞાન રહેતું નથી.[૧૮૩] અર્થાત્ કાર્યકારણ સ્વરૂપ તે પુરૂષોત્તમને તત્ત્વથી જાણવાથી જીવાત્માની હૃદયની ગાંઠ ખુલી જાય છે, સંપૂર્ણ સંશયો કપાઇ જાય છે અને બધા શુભાશુભ કર્મો નષ્ટ થઇ જાય છે.[૧૮૪] અજ્ઞાન કે અવિદ્યા ન

હોય ત્યારે તેમાં પડતું બ્રહ્મનું પ્રતિબિંબ પણ રહેતું નથી. આમ જીવ સ્વરૂપ જ ન હોય તો જીવન્મુક્તનો દેહ પણ ચાલી શકતો નથી. કારણકે જેમ સૂતેલા પુરૂષનું શરીર પ્રારબ્ધથી જ ચાલતું નથી, તેમ જીવન્મુક્તિમાં અધિષ્ઠાતા લિંગ શરીર કે અવિદ્યાના નાશથી શરીર ચાલવાને શક્તિમાન નથી.[૧૮૫] આમ પ્રતિબિંબવાદ પ્રમાણે જીવન્મુક્તિ સંભવતી નથી.

૩. <u>બ્રહ્મજ્ઞાનથી પ્રારબ્ધકર્મનો અંત અસંભવિત</u> :-

પ્રતિબિંબવાદ અનુસાર જીવન્મુક્ત કે બ્રહ્મજ્ઞાનીને પ્રારબ્ધકર્મ ભોગવવું પડે છે. અર્થાત્ બ્રહ્મનું દર્શન થતાં અવિદ્યાનો નાશ થાય છે. "પરંતુ પ્રારબ્ધકર્મો તો ભોગવ્યા પછી નાશ પામે છે"[૧૮૬] અનુસાર બ્રહ્મજ્ઞાનીને પણ પ્રારબ્ધકર્મ ભોગવવું પડે છે. આથી બ્રહ્મજ્ઞાનથી પ્રારબ્ધકર્મનો અંત સંભવતો નથી.

૪. <u>પ્રારબ્ધકર્મ અને અવિદ્યાની અભિન્નતા અસંભવિત</u> :-

બ્રહ્મજ્ઞાનથી અવિદ્યા નાશ પામે છે અને અવિદ્યાના નાશથી તેના કાર્યરૂપ પ્રારબ્ધકર્મ પણ નાશ પામે છે.[૧૮૭] જેમ રજ્જુમાં સર્પની ભ્રાંતિ ભય અને કંપ ઉત્પન્ન કરે છે પરંતુ રજ્જુના જ્ઞાન પછી અજ્ઞાનના કાર્યરૂપ ભય અને કંપ નાશ પામે છે તેમ જ્ઞાનનો ઉદય થતાં અજ્ઞાન દૂર થાય છે અને પ્રારબ્ધકર્મનો નાશ થાય છે. આમ બ્રહ્મજ્ઞાનથી અવિદ્યાના કાર્યરૂપ પ્રારબ્ધકર્મ નાશ પામે છે આથી જ કહ્યું છે કે હે અર્જુન ! જ્ઞાન રૂપી અગ્નિ બધા કર્મોને ભસ્મીભૂત કરે છે.[૧૮૮]

"પ્રતિબિંબવાદ" પ્રમાણે પ્રારબ્ધકર્મ ભોગથી જ નાશ પામે છે આથી બ્રહ્મ સાક્ષાત્કાર પછી પણ કર્મ-ફળ ભોગવવાં જ પડે છે જેમ કુંભાર ચાકડો ફેરવતાં દંડ દૂર કરી દે તો પણ ચાકડાની ગતિ રહે જ છે તેમ પ્રારબ્ધકર્મના અંત સુધી કર્મ પ્રવૃત્તિ રહે છે. અર્થાત કર્મનો આશ્રય કુંભારના ચાકડાની જેમ પ્રવૃત્ત વેગવાળા કર્મોમાં પ્રતિબંધને અસંભવિત બનાવે છે. આથી વેગના ક્ષય-નાશનું પ્રતિપાલન થાય છે.[189] આ રીતે પ્રતિબિંબવાદનો વિચાર અવિદ્યા અને પ્રારબ્ધકર્મમાં - અભિન્નતાને અસંભવિત બનાવે છે.

૫. <u>અધ્યાસની નિવૃત્તિ થતાં ભોગની પ્રવૃત્તિ અસંભવિત :-</u>

બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી કર્મ થઇ શકતું નથી. અર્થાત્ જીવન્મુક્ત દેહની ઉપસ્થિતિમાં પણ ભોગ ભોગવી શકતો નથી. કારણકે દેહાધ્યાસની નિવૃત્તિ જીવન્મુક્તનું પરમ લક્ષણ છે. આથી જેમ સુષુપ્તિમાં ભોગની પ્રવૃત્તિ સંભવતી નથી[190] તેમ જીવન્મુક્તની અધ્યાસથી નિવૃત્તિ થવાથી ભોગમાં પ્રવૃત્તિ થઇ શકતી નથી. આમ દેહાધ્યાસ-વાળા જીવની બ્રહ્મમાં યોજના ન કરવી જોઇએ.[191]

૬. <u>જીવન્મુક્તનું પ્રારબ્ધકર્મ ઉપદેશમાં બાધક :-</u>

સર્પમાં રજ્જુનું જ્ઞાન થયા પછી ઉત્પન્ન થયેલું કંપન "વેગ" નામના સંસ્કારથી રહે છે.[192] જીવન્મુક્ત પ્રારબ્ધ કર્મ ભોગવે છે પરંતુ તેમાં "વેગ" નામનો સંસ્કાર સંભવતો નથી. કારણકે પ્રારબ્ધ અદૃષ્ટ હોય છે અને "વેગ" નામનો સંસ્કાર દ્રવ્યાધીન હોય છે.[193] આમ પ્રારબ્ધને

અદષ્ટ માનીએ કે કર્મ માનીએ તો પણ તે દ્રવ્ય નથી. તેથી "વેગ" સંસ્કાર પ્રારબ્ધકર્મમાં ન જ હોઇ શકે. વળી બ્રહ્મનું જ્ઞાન પ્રારબ્ધ-કર્મનો નાશ ન કરે તો શુકદેવજી જેવા જીવન્મુક્તનો બ્રહ્મોપદેશ નિરર્થક સિધ્ધ થાય ! આથી જીવન્મુક્તનું પ્રારબ્ધકર્મ રહેવાથી પ્રતિબિંબવાદ દૂષિત કહેવાય છે.

૭. "જીવ પ્રતિબિંબ નથી" :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે જીવન્મુક્તિનું શ્રુતિ, સ્મૃતિ અને પુરાણમાં વર્ણન છે. આથી "તે નથી" એમ કહી ન શકાય. આમ ભૂતાર્થવાદ અનુસાર અનુચિત સમયે પણ તે ગુણ બતાવનાર શબ્દ હોવાથી પ્રામાણ્યની આવશ્યકતા થઇ પડે છે. આથી કેવલ પ્રવાદજ શુકદેવ મુક્ત છે, વામદેવ મુક્ત છે એ અસંગત છે.[૧૯૪] આમ જીવ એ બ્રહ્મનું પ્રતિબિંબ નથી.

આભાસવાદનું સ્વરૂપ :-

આભાસવાદના પ્રતિપાદક આચાર્ય શ્રીસુરેશ્વરાચાર્ય છે. તેમ છતાં શ્રીશંકરાચાર્ય રચિત ગ્રંથોમાં પણ આભાસવાદના સ્વરૂપ વિષયક અવતરણો અને શ્લોકો પ્રાપ્ત થાય છે.

(૧) પરમાત્માનો આભાસ આ જીવ જળમાં પ્રતિબિંબિત સૂર્ય વગેરેની જેમ જાણવો જોઇએ.[૧૯૫]

(૨) જીવ એ દેવનો આભાસમાત્ર છે.[૧૯૬]

(3) ચેતન-આત્માનું એક જ સ્વરૂપ હોવાથી એ સિવાય બીજી કોઇ વસ્તુ માનવી, તે કદી યોગ્ય નથી, જેમ દોરડીમાં ભ્રમથી સાપ દેખાય છે તે ખોટો છે, તેમ આત્મામાં "જીવ" પણું જે ભાસે છે, તે પણ ખોટું જ સમજવું.[૧૯૭]

(૪) જેમ દર્પણમાં રહેલ મુખાભાસ મિથ્યા હોવા છતાં મુખના રૂપે તે પ્રસિદ્ધ થાય છે, તેમ બુદ્ધિમાં રહેલ ચિદાભાસ જીવ પણ આત્માની જેમ પ્રતીત થાય છે.[૧૯૮]

(૫) અધિષ્ઠાન સ્વરૂપ ચિત, ચિદાભાસ અને બુદ્ધિ આ ત્રણેય જ્યારે અજ્ઞાનના કારણે એક સમાન પ્રતીત થાય છે, ત્યારે જીવભાવ થાય છે.[૧૯૯]

શ્રીગૌડપાદાચાર્ય પણ ગૌડપાદ કારિકામાં કહે છે કે એ પ્રકાશ-સ્વરૂપ આત્મા પોતાની માયા વડે પોતાને પોતાની અંદર કલ્પે છે. અહીં ચૈતન્યની કલ્પનામાં ચૈતન્યનું સ્ફુરણ આભાસ કહેવાય છે.[૨૦૦]

આભાસવાદના પ્રમાણો :-

આભાસવાદના પ્રમાણો શ્રુતિ સહિત અદ્વૈત વેદાન્તના વિભિન્ન ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. શ્રુતિ અનુસાર "માયા આભાસથી જીવ અને ઇશ્વર બનાવે છે."[૨૦૧] વાક્ય જીવ અને ઇશ્વરને આભાસમાત્ર પ્રતિપાદિત કરે છે. આમ બ્રહ્મ-આત્મા અવિદ્યાના તાદાત્મ્યથી અનેક સ્વરૂપે ભાસે છે. વળી મૂળતત્ત્વ બ્રહ્મ અને આભાસમાત્ર દ્વૈતરૂપ જગતમાં અભિન્નતા નથી.

અદ્વૈત મતમાં એક આત્મા જ સત્ય છે, તે સિવાય બીજું કંઇપણ સત્ય નથી અને વળી આત્મા અન્તર્યામી, સાક્ષી અને જગતનું કારણ નથી. છતાં પણ અજ્ઞાનરૂપી ઉપાધિથી યુક્ત આત્મા અજ્ઞાન સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરીને, પોતાના ચિદાભાસના અવિવેકને કારણે અન્તર્યામી, સાક્ષી, જગત્કારણ અને ઇશ્વર એમ કહેવાય છે.[૨૦૨]

વળી ઉપાધિભૂત સર્વ ઇન્દ્રિયોના ગુણો, જે નિશ્ચય, સંકલ્પ, શ્રવણ અને ભાષણ વગેરેથી જ્ઞેયબ્રહ્મ ભાસે છે.[૨૦૩] અર્થાત સર્વ - ઇન્દ્રિયોની ક્રિયાથી તે ક્રિયાવાળું હોય એવું લાગે છે. આથી જીવ સાક્ષાત પરમાત્મા નથી અને પરમાત્માથી ભિન્ન અન્ય વસ્તુ પણ નથી[૨૦૪] એટલે તે પરમાત્માનો આભાસ છે.

ઉપર્યુક્ત પ્રમાણ વાક્યો આભાસવાદનું પ્રતિપાદન કરે છે. હવે આભાસવાદ "तत्वमसि" મહાવાક્યમાં પ્રતિપાદિત થાય છે, તેનું નિરૂપણ છે.

## तत्वमसि મહાવાક્યમાં આભાસવાદ :-

"તત્વમસિ" મહાવાક્યમાં तत् અને त्वम् પદો દ્વારા પરમાત્મા અને જીવાત્માની એકતા યુક્તિ દ્વારા સિદ્ધ કરવામાં આવી છે.

પરમાત્મા અને જીવાત્માની અભિન્નતા એકતા લક્ષણાની સમાનતા પ્રદર્શિત કરવાના ઉપાય દ્વારા સ્વીકૃત થઇ છે. તે એકતા तत्वमसि વગેરે વાક્યોથી સ્પષ્ટપણે ભાગત્યાગથી વિરૂદ્ધાંશના ત્યાગથી લક્ષણા

વૃત્તિથી જાણી શકાય છે.[205] આ જ "જહદજહલ્લક્ષણા" પણ કહેવાય છે.

ઉપર્યુક્ત લક્ષણોને નીચેના ઉદાહરણ દવારા સમજી શકાય.

"તે આ દેવદત્ત છે." વગેરે વાક્યોમાં "તે" અને "આ" બન્ને દેશ અને કાળથી યુક્ત લક્ષણની એકતા સિદ્ધ થઇ શકતી નથી. આથી વિરુદ્ધ અંશના ત્યાગથી એક આશ્રય દેવદત્તના રૂપમાં જ લક્ષિત થાય છે.[206] અર્થાત "તે" અને "આ" બન્ને દેશ અને કાળમાં રહેલું દેવદત્તનું શરીર "તે" અને "આ" દેશ અને કાળમાં સમાન છે, એમ કહીં શકાય.

ચિદાભાસ જડ નથી, તેમ ચેતન પણ નથી, કારણકે તે ચિત્ નથી પરંતુ ચિતનો આભાસ છે. એટલે ચિદાભાસ ઉપાધિતન્ત્ર બુદ્ધિ-રૂપી ઉપાધિને અધીન હોય એમ લાગે છે. આવી સ્થિતિમાં ચિદાભાસ જડ અને ચેતનથી વિલક્ષણ જ છે, તેથી તે અનિર્વચનીય છે.[207] પરંતુ વાચ્યના એકદેશમાં રહેલ ઉપાધિના અંશ અને ચિદાભાસના અંશનો ત્યાગ તથા વાચ્યના એકદેશમાં રહેલ ચિદંશનો અત્યાગ ત્યાગ ન કરવો તે જહદજહલ્લક્ષણા કિંવા ભાગત્યાગ લક્ષણા કહેવાય છે.[208]

અર્થાત "तत्" અને "त्वम्" પદમાં ચિદાભાસના અંશનો ત્યાગથી અને तत् અને त्वम् પદમાં ચિદંશના અત્યાગથી 'तत्वमसि' મહાવાક્યમાં ભાગત્યાગલક્ષણા સિદ્ધ થાય છે.

આભાસવાદમાં બંધન અને મોક્ષ :-

આભાસવાદ અનુસાર ચિદાભાસ બદ્ધ બંધાયેલ નથી, પરંતુ ચિદાભાસથી ચિદાત્મા બદ્ધ છે આથી બંધન અને મોક્ષનું વૈયધિકરણ્ય

પણ નથી. આમ ચિદાભાસના નાશની પ્રવૃત્તિ સિદ્ધ થાય છે.[૨૦૯]

ચિદાત્માનું સ્વરૂપ વસ્તુનિષ્ઠ, શુદ્ધ અને મુખ્ય છે, તેનું જ કલ્પિત અને ગૌણ સ્વરૂપ ચિદાભાસ છે. તે "જીવ" શબ્દ વાચ્ય છે. ચિદાત્મામાં નિત્ય સ્થિતિ થાય તે માટે ચિદાભાસનો નાશ દોષપાત્ર નથી. આમ ગૌણ સ્વરૂપ ચિદાભાસના નાશની પ્રવૃત્તિ ચિદાભાસથી જ સંપન્ન થાય છે.[૨૧૦] કારણકે કાંટાથી જ કાંટો કાઢી શકાય છે.

વાર્તિકકાર કહે છે કે આ જ અમારા માટે અનર્થ છે, કે સંસારી આત્માનું દર્શન થાય છે.[૨૧૧] આથી એમ કહી શકાય કે શુદ્ધ ચૈતન્યનો આભાસ એ બંધન છે અને તેની નિવૃત્તિ એ મોક્ષ છે.[૨૧૨]

શ્રીસુરેશ્વરાચાર્યે કરેલી આભાસવાદની સ્થાપના :-

શ્રીસુરેશ્વરાચાર્ય "બૃહદારણ્યક ભાષ્યવાર્તિક" ના રચયિતા છે. તેમણે પોતાના ગ્રન્થમાં આભાસવાદની સ્થાપના કરી છે. - "આભાસવાદ" વિશે આમ કોઇ સ્પષ્ટ લક્ષણ પ્રાપ્ત થતું નથી. પરંતુ તેઓ કહે છે કે પ્રત્યક્ ચેતન સિવાય બીજા સમગ્ર નામ-રૂપાત્મક પદાર્થોને ચિદાભાસ કહેવાય છે.[૨૧૩]

ચિદાભાસના કારણે અજ્ઞાન અવિદ્યાને આભાસ સ્વરૂપ પણ કહેવાય છે.[૨૧૪] અવિદ્યા આભાસરૂપ છે એવી માન્યતાથી જ પ્રતિબિમ્બ અને અવચ્છેદ એ બન્ને જુદા પડે છે.

આગળ થયેલી ચર્ચા અનુસાર "અવચ્છેદવાદ" માં માયા અને

અવિદ્યાને વાચસ્પતિ મિશ્ર ભિન્નતા દર્શાવે છે. પરંતુ પ્રતિબિંબવાદ અને આભાસવાદમાં ભિન્નતા દર્શાવી નથી. આથી જ સુરેશ્વરાચાર્યે સ્પષ્ટ કહ્યું છે કે માયા અને અવિદ્યામાં કોઇ સ્વતઃ ભેદ નથી.[૨૧૫]

આભાસના કારણે અવિદ્યાથી ગ્રથિત અશરીર એવા પરમાત્મા કર્તા અને ભોકતા જેવા લાગે છે - ભાસે છે.[૨૧૬] અર્થાત્ તે જગતનું કારણ છે. બ્રહ્મ અને અવિદ્યા આ બે જ જગતનાં કારણ નથી. કૂટસ્થ બ્રહ્મ, મોહ અને ચિદાભાસ આ ત્રણેય જગતના કારણ સાક્ષી અને નિયન્તા કહેવાય છે.[૨૧૭] ચિદાભાસ અને અજ્ઞાન આ બન્ને જગતનું ઉપાદાન કારણ છે અને બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ છે છતાં આભાસ-યુકત અજ્ઞાન જગતનું ઉપાદાન કારણ છે.[૨૧૮] સુરેશ્વરાચાર્ય અવિદ્યા અને બ્રહ્મનો આશ્રિત-આશ્રય અને વિષયી-વિષય એમ બન્ને સંબંધ માને છે. જેમ મુખાકૃતિબિમ્બનું અરીસામાં પ્રતિબિંબ કિંવા આભાસ પડે છે, તેમ અવિદ્યાથી આશ્રિત બ્રહ્મનો-આત્માનો સંબંધ અવિદ્યા સાથે જ હોય છે. આથી જ અવિદ્યા સાથે આત્માનો સંબંધ અવિદ્યા પ્રકલ્પિત માનવામાં આવે છે.[૨૧૯]

આભાસ પૂર્વે કહ્યું તેમ અનિર્વચનીય છે આથી જ તેની ઉત્પત્તિનો સ્વીકાર કરવામાં આવે છે. સુરેશ્વરાચાર્ય અનુસાર અવિદ્યામાં રહેલ ચિદાભાસ એ ઇશ્વર છે.[૨૨૦]

અજ્ઞાન અને અજ્ઞાનથી ઉત્પન્નથી ઉત્પન્ન કાર્યાભાસથી યુકત આત્માભાસને બે સ્વરૂપે પ્રતિપાદિત કર્યાં છે. (૧) કારણાભાસ (૨) કાર્યાભાસ.[૨૨૧]

૧. મોહમાં રહેલ આભાસ એ કારણાભાસ કહેવાય છે. કારણાભાસ એ ચૈતન્યમાત્રનું ઉપાદાન કારણ છે આથી જ તે કૂટસ્થાત્મૈક હેતુત્ય-અર્થાત્ કૂટસ્થ આત્માના એક માત્ર હેતુ કારણથી ઉત્પન્ન કહેવાય છે.[૨૨૨] બ્રહ્મ આત્માના કારણ અજ્ઞાનમાં નિત્ય રહેવાના કારણે ચિદાભાસ એ કારણાભાસ છે.

૨. અજ્ઞાનથી ઉત્પન્ન વસ્તુમાં પ્રતિબિંબિત આભાસને કાર્યાભાસ કહેવાય છે. કાર્યાભાસને અવિદ્યાનું પરિણામ પણ કહેવાય છે.[૨૨૩]

ચિદાભાસના આ બે સ્વરૂપો આભાસના ભેદ નથી. કારણકે એક જ ચિદાભાસ જ્યારે અજ્ઞાનમાં આભાસ પામે છે ત્યારે તે કારણાભાસ કહેવાય છે અને જ્યારે તે અજ્ઞાનના કાર્યોમાં પ્રતિબિંબિત થાય ત્યારે તે કાર્યાભાસ કહેવાય છે.

<u>શ્રીમદ્ વલ્લભાચાર્યે કરેલું આભાસવાદનું ખંડન :-</u>

શ્રીમદ્ વલ્લભાચાર્ય પૂર્વપક્ષમાં પ્રસ્તુત કરેલ "આભાસવાદ" નો સિદ્ધાન્ત સ્વીકારતા નથી. તેઓ પણ પૂર્વપક્ષની જેમ બ્રહ્મસૂત્ર અને જીવ બ્રહ્મનો આભાસ છે.[૨૨૪] તો અનુવાદ પ્રસ્તુત કરે છે. પરંતુ "આભાસ" શબ્દનો અર્થ કેવલ બાહ્ય દેખાવ-ભાસ જ છે.

જીવ બ્રહ્મનો આભાસ હોવાનું કારણ જણાવતા શ્રીમદ્વલ્લભાચાર્ય કહે છે કે બ્રહ્મમાં જીવનો આનન્દ ગુણ અંશ તિરોહિતગુપ્ત છે.[૨૨૫] જેમ આચરણ હીન બ્રાહ્મણ બ્રાહ્મણાભાસ છે, કારણકે તેનામાં "બ્રાહ્મણ્ય" નામના દેવ હોતા નથી. તેમ જીવ બ્રહ્મનો આભાસ છે, કારણકે

જીવમાં આનંદ અને આકાર ભગવાનનો આકાર હોતા નથી. આમ જડ વસ્તુઓ પણ બ્રહમનો આભાસ જ છે.

પૂર્વપક્ષના મંતવ્ય સાથે અસમ્મત થતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે જીવ પ્રતિબિંબની જેમ સંપૂર્ણ રીતે મિથ્યા નથી, પરંતુ "જળમાં ચંદ્રની જેમ" વાક્ય એકના અનેક સ્વરૂપો થાય છે તે માટે આપેલું દષ્ટાન્ત છે.[૨૨૬]

શ્રીમદ્ વલ્લભાચાર્ય "જેમ જળના જુદાં જુદાં પાત્રોમાં ચંદ્ર" નું પ્રતિબિંબ જુદું જુદું દેખાય છે તેમ એક જ પરમાત્મા પ્રત્યેક પ્રાણી અને પદાર્થમાં રહેલો છે.[૨૨૭] શ્રુતિને "બ્રહમવાક્ય" તરીકે સ્વીકારે છે આથી એક જ બ્રહમ ચંદ્રની જેમ અનેકરૂપે દેખાય છે એમ દષ્ટાન્તમાં કહ્યું છે. આમ એકનું અનેક હોવાપણું એ જ દષ્ટાન્તનો અર્થ છે, પ્રતિબિંબ નહીં.[૨૨૮] આનંદ અંશનું જીવમાંથી તિરોધાન થયું હોવાથી તે આભાસ કહેવાય છે, પરંતુ આનંદાંશનો આવિર્ભાવ થાય ત્યારે જીવ બ્રહમની જેમ ભાસે છે. સત્ અંશની સ્ફૂર્તિ થતાં જીવ આભાસ કહેવાય છે. સત્ અને ચિત્ અંશની સ્ફૂર્તિ થતાં જીવ પ્રતિબિમ્બ કહેવાય છે અને સત્, ચિત્ તથા આનંદની સ્ફૂર્તિ થતાં જીવ બ્રહમરૂપ થાય છે, એવો નિર્ણય છે. અહીં "આભાસ" લૌકિક આભાસ નથી, કારણકે તે જીવને મિથ્યા માને છે.[૨૨૯]

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે પ્રમાણ-ભૂત વેદ સમગ્ર જગતને બ્રહમ-સ્વરૂપ કહે છે.[૨૩૦] બ્રહમજ્ઞાનીઓને પણ જગત બ્રહમરૂપ પ્રતીત થાય છે. જગત અસત્ય નથી, છતાં પણ ભગવાનની માયા-શક્તિથી જીવ મોહિત

થાય છે. મોહિતમોહ પામેલી બુધ્ધિ અન્યથા વિપરીત રૂપમાં પદાર્થોને જુએ છે. આવા માયાથી મોહિત પુરૂષની બુધ્ધિમાં બે પ્રકારની વિષયતા-માયા ઉત્પન્ન કરે છે. ૧. જગત બ્રહ્મરૂપ છે તેનું આચ્છાદન કરે છે તે આચ્છાદિકા માયા. ૨. બ્રહ્મરૂપ જગતને જગદ્રૂપ બતાવે છે તે અન્યથા પ્રતીતિ હેતુ માયા.[૨૩૧]

વિષયતાજન્ય માયા ૧. આભાસ અને ૨. તમ એમ બે દષ્ટાન્તો દ્વારા સમજાવી છે.

૧. આભાસ એટલે જળમાં દેખાતું ચંદ્રનું પ્રતિબિંબ સત્ય નથી, છતાં પણ તે સત્ય ચંદ્રના જેવું જ દેખાય છે, તે મિથ્યા છે. વળી જેમ ચંદ્ર એક છે છતાં તેને બે દેખાડે છે, તે એકને દેખાડતી નથી પણ બે નથી તેને દેખાડે છે, તે માયા છે. પ્રતીતિ પ્રમાણે બે ચંદ્રની કલ્પના કરવામાં આવતી નથી. આમ માયા વિષયતાને ઉત્પન્ન કરે છે.[૨૩૨] આ અન્યથાપ્રતીતિહેતુ માયાનું દષ્ટાન્ત છે.

આમ આભાસ એ માયા છે જે એક ચંદ્રને નહીં, પરંતુ બે ચંદ્રને દેખાડે છે.

૨. તમ એટલે અંધકાર જેમ "અંધકાર" નામનો પદાર્થ તેજ ન હોય ત્યાં ઉત્પન્ન થાય છે. જ્યાં તેજ નથી ત્યાં માયા અંધકારને ઉત્પન્ન કરે છે. આ મોહ કરનારી માયા વ્યામોહિકા માયા છે.[૨૩૩] તે આચ્છાદિકા માયાનું દષ્ટાન્ત છે.

આમ તમ અંધકારરૂપી માયા રાત્રે જોનાર પક્ષી ઘુવડમાં અંધકાર ઉત્પન્ન કરતી નથી, પરંતુ તેજનો અભાવ ઉત્પન્ન કરે છે.[234] આમ વિષયતાજન્ય માયા દષ્ટિનો વિષય બને છે.

"માયા" જીવના અજ્ઞાન સાથે સંલગ્ન છે. તે બ્રહ્મરૂપ જગતને અને બ્રહ્મને જીવ તથા જડથી ભિન્ન-ભિન્ન દેખાડે છે. આથી વસ્તુ બ્રહ્મને દૂર કરીને નિર્વિષયક જ્ઞાન વિષય બ્રહ્મના જ્ઞાન વગરનું જ્ઞાન જ માયાથી ઢંકાઇને કોઇ વિષય દષ્ટિ આગળ ઉપસ્થિત કરે છે.[235] જેમ છીપની ચાંદી તેનું યથાર્થજ્ઞાન ન હોવાથી વચ્ચે દેખાય છે, પરંતુ તલસ્પર્શી છીપલાનું યથાર્થજ્ઞાન થયા પછી તે ભ્રમ દૂર થાય છે.[236]

માયા આભાસરૂપી મૂળવાળી છે, એટલે તે બહુરૂપા-અનેકરૂપો-વાળી હોય છે, માયા સાથે બંધાયેલો જીવ અનેક રૂપવાળો હોય છે. આમ માયા વડે સર્વ અનેક રૂપવાળું દેખાય છે.[237]

શ્રીમદ્ વલ્લભાચાર્યે "આભાસવાદ"નું ખંડન વિશ્વ-જગતની સત્યતા સિદ્ધ કરવા માટે કરેલું છે, જગત આભાસમિથ્યા નથી. પરંતુ "આ સમ્પૂર્ણ જગત નિત્ય ભગવાનમાં જ રહેલું છે, આથી આ જગત સાક્ષાત ભગવાન છે. જગત અને ભગવાનમાં અણુમાત્રનો પણ ભેદ નથી, બન્ને એક જ છે.[238] આમ જગતની સત્યતા એ જ શ્રીમદ્ વલ્લભાચાર્યનું મુખ્ય લક્ષ્ય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે "ભગવાન જ સ્વેચ્છાથી જ સર્વરૂપે રહેલો છે" એમ મનમાં નિશ્ચય કરીને જેમ તમે-વસુદેવ મને શ્રીકૃષ્ણને

પરબ્રહ્મ તરીકે જુઓ છો, આ જ પ્રમાણે સમ્પૂર્ણ જગતને મારૂં સ્વરૂપ સમજો. આ જ અખંડાદ્વૈત બ્રહ્મવાદ છે.[239]

ઉપર્યુક્ત પ્રમાણોથી એ સમજાય છે કે "આભાસવાદ" શ્રીમદ્ વલ્લભાચાર્યની દૃષ્ટિમાં જીવ અને જગતના સંદર્ભમાં સિદ્ધ થઇ શકતો નથી.

શ્રીવિઠ્ઠલનાથજીએ રજૂ કરેલી આભાસવાદ સંબંધી પૂર્વપક્ષની દલીલો :-

શ્રીવિઠ્ઠલનાથજી પ્રતિબિમ્બવાદના દોષોનું નિરૂપણ કરીને અન્ય વાદ આભાસવાદનું પૂર્વપક્ષમાં સ્થાપન કરે છે. આભાસવાદ વસ્તુતઃ જીવનું બ્રહ્મત્વ સ્વીકારે છે. આથી કોઇ ભેદનું ભાન અને "જીવ" પદની વાચ્યતા દોષિત કહેવાય છે.[240]

"પ્રતિબિમ્બવાદ"માં પ્રતિબિમ્બના કારણભૂત આદર્શ-દર્પણ દૂર કરવાથી જેમ પ્રતિબિંબ મિથ્યા કહેવાય છે, તેમ જીવ પણ મિથ્યા કહેવાય છે. આથી "યજ્ઞાદિ વડે પરલોકની પ્રાપ્તિ થાય છે" તેવી શ્રુતિઓનો વિરોધ થાય છે, "જો જીવ જ નથી, તો કોનો મોક્ષ કે કોની જીવન્મુક્તતા ?" વગેરે દોષો સંભવે છે.[241] પરંતુ પ્રતિબિંબવાદના દોષો આભાસવાદમાં દૂર કરવામાં આવ્યા છે.

શ્રીવિઠ્ઠલનાથજી "આભાસવાદ"ના સમર્થનમાં પૂર્વપક્ષનું સ્થાપન નીચે મુજબની દલીલો કરે છે.

१. <u>અવિદ્યાના સંપર્કથી બ્રહ્મનો અનેક સ્વરૂપે આભાસ</u> :-

જેમ અંગુલિના સમ્પર્કથી એક ચંદ્રના બે ચંદ્ર દેખાય છે તેમ અવિદ્યાના સમ્પર્કથી એક બ્રહ્મના અનેકરૂપ દેખાય છે. આમ બે બ્રહ્મનો યોગ થતાં તેને જીવ કહેવાય છે.[२४२]

શ્રી શંકરાચાર્ય કહે છે કે જેમ છીપ ચાંદીની જેમ ભાસે છે, તેમ એક ચંદ્ર બીજા ચંદ્રની સાથે હોય એમ ભાસે છે. અહીં પણ અધ્યાસની ચર્ચામાં આભાસનો બોધ થાય છે.[२४3] શ્રુતિ "આભાસથી જીવ અને ઇશ્વરને કરે છે."[२४४] દ્વારા આભાસ વાદનું જ સમર્થન કરે છે. વળી "જીવ બ્રહ્મનો આભાસ છે"[२४५] એમ જીવ પ્રકરણમાં કહ્યું હોઇ જીવને આભાસ માનવામાં આવે છે.

२. <u>બ્રહ્મનો અવિદ્યાસંબંધ અને જીવવિભાગ શ્રુતિ અનુસાર કારણ અને કાર્ય</u>:-

અનાદિ અવિદ્યા સાથે બ્રહ્મનો સંબંધ છે. તેના વડે બ્રહ્મનો આભાસ થાય છે. આથી તે કારણ કહેવાય છે. અવિદ્યાના સંબંધ થકી જીવવિભાગ અનેક સ્વરૂપે દ્રષ્ટિગોચર થાય છે. આથી તે કાર્યાત્મક જીવ આભાસ કહેવાય છે. આ માટે જ કહ્યું છે કે આ જીવ કાર્યરૂપી ઉપાધિ છે અને ઇશ્વર એ કારણરૂપ ઉપાધિ છે.[२४६] આમ કાર્યકારણ ભાવનો શ્રુતિથી બોધ થાય છે.[२४७]

3. <u>ભાગવત-વાક્યાનુસાર જીવવિભાગ પણ અનાદિ</u> :-

જેમ અવિદ્યા અનાદિ છે, તેમ જીવવિભાગ પણ અનાદિ છે. -

કારણકે બન્ને વચ્ચે કાર્યકારણ સંબંધ છે. "જીવનું બંધન અવિદ્યાથી અનાદિ છે."[248] આ વાક્ય જ જીવવિભાગનું અનાદિપણું પ્રમાણિત કરે છે.

૪. અનાદિ અવિદ્યા બંધનકર્તા અને અનાદિ જીવ બંધનમુકત :-

અવિદ્યા અને જીવ અનાદિ છે, છતાં અવિદ્યાનો સ્વભાવ બંધન કરનાર છે જ્યારે જીવ બદ્ધ કે મુકત નથી. અવિદ્યાના સંબંધથી જીવ મુકત છે એમ કહી શકાય નહીં, કારણકે સાધનના અભાવથી તેને આગળ બંધન થાય છે;[249] જીવને સાધન કર્યા વિના મોક્ષ પ્રાપ્ત થતો નથી. મુકત થયેલ જીવને ફરી બંધન થતું નથી.[250] જીવનું બંધન ભવિષ્યમાં થનાર હોવાથી તે બદ્ધ કહી ન શકાય.[251] આમ તે સમયમાં જીવ બદ્ધ કે મુકત હોતો નથી. જીવની બદ્ધ અને મુકત અવસ્થા સિવાય બીજી કોઇ અવસ્થા પ્રસિદ્ધ નથી. આથી જીવની જેમ બંધન પણ અનાદિ કહેવાય છે.

૫. જીવ અને પરમાત્માનો ભેદ પારમાર્થિક નહીં, અવાસ્તવિક :-

જીવ અને પરમાત્માનો ભેદ અનાદિસિદ્ધ છે. કારણકે જીવ, ઇશ, કેવલજ્ઞાન, ઇશ્વર-જીવનો ભેદ, અવિદ્યા અને અવિદ્યાથી જીવનું બંધન આ છ પદાર્થો અનાદિ છે.[252]

શ્રુતિ જીવ અને પરમાત્માના અભેદનો બોધ કરાવે છે. વળી પરમાર્થથી જે ભિન્ન હોય તેનો અભેદ સંભવે નહિ. આથી અહીં અવાસ્તવિક ભેદ જોવા મળે છે.[253] જગતમાં બિંબ પ્રતિબિંબમાં અને

આભાસ તથા તેના આશ્રયમાં આ પ્રકારનો ભેદ જોઇ શકાય છે. જેમ સૂર્યનો પ્રકાશ દર્પણમાં પડે ત્યારે તેનો આભાસ ભીંત પર પડે તેમ આભાસ અને તેના આશ્રય દર્પણમાં તે જ હોય છે. આમ જીવ અને પરમાત્માનો ભેદ અવાસ્તવિક ભેદ છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલું આભાસવાદનું ખંડન :-

શ્રી વિઠ્ઠલનાથજી "આભાસવાદ"ની વિભાવનાનો અસ્વીકાર કરે છે. આથી "આભાસવાદ" નો પૂર્વપક્ષમાં સ્થાપિત કરેલ સિધ્ધાન્ત નીચે પ્રમાણે અસ્વીકૃત થયો છે.

"આભાસવાદ"ના અસ્વીકાર માટે પ્રસ્તુત કરેલી સિધ્ધાન્તપક્ષની દલીલો આ પ્રમાણે છે.

૧. બ્રહ્મમાં અને જીવમાં આભાસનો અસંભવ :-

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે બ્રહ્મ અવિદ્યાને કારણે અનેકરૂપે આભાસ પામે છે, તેમ કહેવું યોગ્ય નથી. કારણકે બ્રહ્મને ભ્રમતો હોતો નથી માટે તેનો આભાસ પણ ન હોય ! [૨૫૪]

જીવ આભાસ છે અર્થાત્ આભાસ કારણ છે અને જીવ એ કાર્ય છે એમ માનીએ તો કારણ પહેલાં કાર્યનો સ્વીકાર કરવો પડે ! આમ થઇ ન શકે માટે જીવ કાર્ય પહેલાં આભાસ કારણ હોતું નથી. આથી આભાસના વિષય જીવમાં જીવ આભાસ નથી. [૨૫૫]

અંગુલિના સંપર્કથી એક ચંદ્રના બે કે ત્રણ ચંદ્રો દેખાય છે. અહીં આભાસ એક સત્ય ચંદ્રને હોતો નથી. કારણ કે ચંદ્ર દોષરહિત છે. આભાસ અનેક મિથ્યા ચંદ્રને પણ હોતો નથી કારણ કે તે મિથ્યા અસત્ય છે.[૨૫૬] દષ્ટા અન્ય હોવાથી જ તે ચંદ્રોનું જ્ઞાન-ભાન થાય છે. આમ દોષનો સંબંધ જ ન હોવાથી આભાસ થઇ શકે નહિ. આથી જેમ મૂલ ચંદ્ર અને મિથ્યા ચંદ્ર આભાસ નથી તેમ બ્રહમ અને જીવ પણ આભાસ નથી.

૨. નિયમ્ય-નિયામક ભાવનો અભાવ :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે જીવ નિયમ્ય અને પરમાત્મા નિયામક છે. તે વસ્તુ જે અંદર રહી આત્માને નિયમનમાં રાખે છે[૨૫૭] દવારા સમજી શકાય છે. પરંતુ આભાસવાદ અનુસાર સત્ય ચંદ્ર મિથ્યા ચંદ્રનો નિયામક નથી, તેમ બ્રહમ જીવનો નિયામક નથી. આથી શ્રુતિનો અર્થ બાધિત થાય છે. અર્થાત્ વેદનો અર્થ વિરૂદ્ધ સિદ્ધ થાય છે. આથી જ કહ્યું છે કે જીવોના સમુદાયના નિયન્તા ભગવાન હરિ છે તેથી તે અણુ છે. જીવો વ્યાપક નથી જીવને જ્ઞાનીજનો ચિન્મય કહે છે.[૨૫૮] અહીં નિયમ્ય-નિયામક ભાવનું પ્રતિપાદન થયું છે. પરંતુ આભાસવાદમાં તેનો અભાવ જોવા મળે છે.

3. અવિદ્યા અને બ્રહમનો સંબંધ :-

શ્રીવિઠ્ઠલનાથજીને અવિદ્યા અને બ્રહમનો સંબંધ સહેજ પણ સ્વીકાર્ય નથી. અવિદ્યા અને બ્રહમનો સંયોગ સંબંધ, અધ્યાસ સંબંધ અને સ્વરૂપલક્ષણ

સંબંધ પૈકી કોઇપણ સંબંધ નથી.

૧. સંયોગ સંબંધ :-

બ્રહ્મ અને અવિદ્યા એ બન્ને વ્યાપક હોવાથી તેમનો સંયોગ સંબંધ સંભવતો નથી.[૨૫૯] વળી નિત્ય વસ્તુનો સંયોગ સંબંધ થઇ શકતો નથી. "અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ તે સંયોગ"[૨૬૦] એ સંયોગ સંબંધનું લક્ષણ પણ ઘટિત થતું નથી. આથી બ્રહ્મ અને અવિદ્યામાં સંયોગ સંબંધ નથી.

૨. અધ્યાસ સંબંધ :-

બ્રહ્મ અને અવિદ્યા વચ્ચે અધ્યાસ સંબંધ પણ શક્ય નથી. કારણ કે સર્વજ્ઞ બ્રહ્મનો જ્ઞાનને આચ્છાદિત કરનાર અવિદ્યા સાથે અધ્યાસ સંબંધ થઇ શકે નહિ.

3. સ્વરૂપલક્ષણ સંબંધ :-

અવિદ્યા અને બ્રહ્મ વચ્ચે સ્વરૂપલક્ષણ સંબંધ પણ નથી. કારણ કે મુક્તાત્મામાં પણ તે સંભવે છે. આથી તો તે સંસારી થઇ જાય![૨૬૧] આમ અવિદ્યા અને બ્રહ્મનો સ્વરૂપલક્ષણ સંબંધ શક્ય નથી.

૪. બ્રહ્મ, અવિદ્યા અને સંબંધનું અનાદિપણું અસંગત :-

બ્રહ્મ, અવિદ્યા અને તેનો સંબંધ આ ત્રણેય જો અનાદિ હોય તો જીવવિભાગ પણ અનાદિ જ કહેવાય! વળી બ્રહ્મ અને અવિદ્યાનો સંબંધ

તથા જીવવિભાગ અનાદિ હોવાથી કાર્યકારણભાવ થઇ શકે નહિં, કારણ કે તે બન્ને એકકાલીન હોવાથી અનાદિપણું તર્કસંગત લાગતું નથી.

## ૫. શ્રુતિ અનુસાર જીવવિભાગ અનાદિ નહિ, સાદિ :-

શ્રુતિ અનુસાર "કાર્યરૂપી ઉપાધિ જીવ છે, જ્યારે કારણરૂપી ઉપાધિ ઇશ્વર છે."[૨૬૨] આ ઉક્તિ અનુસાર જીવવિભાગ અનાદિ સિદ્ધ થતો નથી, પરંતુ સાદિ જ સિદ્ધ થાય છે. આમ કાર્યકારણભાવમાં શ્રુતિનું પ્રમાણ સિદ્ધ થાય છે.

## ૬. અવિદ્યા બંધનનું કારણ :-

પૂર્વોક્ત ભાગવતના શ્લોકમાં ૧૧.૧૧.૪ માં જીવવિભાગને અનાદિ જ કહ્યો નથી. વળી જીવના બંધનમાં સાદિપણાનો પૂર્ણ નિષેધ પણ કરવામાં આવ્યો નથી.[૨૬૩] જેમ દેવો કલ્પના અંતે મૃત્યુ પામે તો પણ તેઓ "અમર" કહેવાય છે તેમ સૃષ્ટિની શરૂઆતમાં ઉત્પત્તિ સમયે ચિરન્તન ભાવ હોય છે, એટલે અનાદિપણું નાશ પામતું નથી. આ જ શ્રુતિનું તાત્પર્ય છે.[૨૬૪] ઉપર્યુક્ત શ્રુતિ - દ્વિ. વિ. મ. ના. ઉ., અ, જ ના વાક્યનું તાત્પર્ય ન હોય તો "અવિદ્યાથી" એવો કરણબોધક તૃતીયાન્ત પ્રયોગ થાય નહિ. કારણ કે કરણ કારક કારણથી યુક્ત હોય છે અને કારણ કાર્ય પહેલાં જ હોય છે. આ રીતે શ્રુતિ અનાદિ - જો તેનું આદિ હોય જ નહિ તો - અવિદ્યાને -

કરણાર્થક ન કહે ! આમ જીવનું બંધન અવિદ્યાજન્ય હોવાથી તેનું અનાદિપણું સંભવતું નથી.[૨૬૫]

૭. અવિદ્યા ભગવાનની શક્તિનું સ્વરૂપ :-

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ભગવાનની મુખ્ય બાર શક્તિઓમાં અવિદ્યા પણ એક શક્તિ છે.[૨૬૬] કહ્યું પણ છે કે ભગવાન શ્રી, પુષ્ટિ, ગિરા, કાંતિ, કીર્તિ, તુષ્ટિ, ઇલા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા વગેરેથી સેવાયેલા છે.[૨૬૭] આમ અવિદ્યા પણ ભગવાનની ઇચ્છાને અધીન હોય છે. જેમ રાજા સેવક દ્વારા પોતાની ઇચ્છા અનુસાર સર્વ કાર્ય કરે છે, તેમ ભગવાન બાર શક્તિઓ દ્વારા પોતાની ઇચ્છાથી સર્વ કરે છે. આમ અવિદ્યા ભગવાનની શક્તિ હોવાથી બંધન કે મોક્ષ વગેરે જીવને અધીન હોતા નથી.[૨૬૮] આથી જ ભગવાનની ઇચ્છા જેનું બંધન કરવાની હોય તેનું બંધન કરે છે અને મુક્ત કરવાની હોય તેને મુક્ત કરે છે. આ કારણે જ શુકદેવજી અને સનકાદિકુમારો "નિત્ય-મુક્ત" જ હોય છે. તેમાં ભગવાનની તેમનું બંધન ન કરવાની ઇચ્છા જ અભિવ્યક્ત થાય છે.[૨૬૯]

૧. ભગવાનની ઇચ્છા જ જીવની મુક્તિનું કારણ :-

શ્રી વિઠ્ઠલનાથજી શ્રુતિનું પ્રમાણ આપતાં કહે છે કે આ લોકોમાંથી જેને ઉંચે લઇ જવા ઇચ્છે તેની પાસે આ જ ખરેખર સારું કર્મ કરાવે છે, અને જેને નીચે લઇ જવા ઇચ્છે તેની પાસે ખોટું કર્મ આ જ કરાવે છે.[૨૭૦] આમ ભગવાન જે જીવનો મોક્ષ ઇચ્છે છે તેની પાસે સાધનો કરાવે છે,

પછી તેને મોક્ષ આપે છે. આમ શ્રુતિ વાક્યાનુસાર સાધન અને મોક્ષનો કાર્યકારણભાવ નાશ પામતો નથી.[૨૭૧]

ભગવાનની ઇચ્છા જ જીવસ્વરૂપનું કારણ છે તે સંબંધમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે હું અનેક સ્વરૂપે થાઉં, હું જન્મને પામું એવી તેમની ઇચ્છા થઇ. તેમની એવી ઇચ્છાથી જ બ્રહ્મભૂત અંશો ચેતનરૂપે થયાં.[૨૭૨] અહીં બ્રહ્મમાંથી જીવવિભાગ થયો તે પહેલાં જીવનું સ્વરૂપ બ્રહ્મરૂપ જ છે. પરંતુ પછી જીવની ચાર અવસ્થા જોવા મળે છે. ૧. નિત્યમુક્ત ૨. બંધયોગ્ય-મુક્ત ૩. બધ્ધ ૪ મુક્ત.[૨૭૩]

એવી શંકા કરવામાં આવે છે કે શ્રુતિ અનુસાર "એ મુક્તજીવ - પાછો આવતો નથી" તો મુક્તનું પુનર્બંધન હોતું નથી.[૨૭૪] પરંતુ જયારે જીવભાવ જાગ્રત થાય ત્યારે બધ્ધ જીવ સાધન કરે તો મુક્તિ મળે છે. ત્યાર પછી ફરી બંધન થતું નથી. બંધન પહેલાં બ્રહ્મ નિત્ય-મુક્ત - સ્વભાવ હોવાથી મુક્તિ જ હોય છે. બ્રહ્મનું પોતાની ઇચ્છાથી બધ્ધ હોવું કે મુક્ત હોવું તે માયાની ઇચ્છાને અધીન હોય છે. આથી જ ભગવાન કહે છે કે જયારે માયાના ગુણો દેહેન્દ્રિયાદિમાં બંધાય તે બધ્ધ અને એમાં ન બંધાય તે મુક્ત, એટલે બંધમુક્ત શબ્દનું પ્રવૃત્તિ-નિમિત્ત ગુણ છે, ગુણ તો માયાથી થયેલ છે. હું માયાનો નિયંતા છું તેથી મારામાં બધ્ધ મુક્તપણું સંભવતું નથી, તેથી હું બંધાતો નથી તેમ હું મુક્ત પણ થતો નથી.[૨૭૫]

૨. અવિદ્યાના સંબંધનો દોષ :-

અવિદ્યાનો સંબંધ બંધન પહેલાં હોતો નથી એટલે જીવનું સ્વરૂપ કેવું છે એવો પ્રશ્ન થાય, તેનો ઉત્તર આપતાં શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે પૂર્વપક્ષના મતાનુસાર બ્રહ્મના અવિદ્યાના સંબંધથી જ જીવભાવ થાય છે અને શુદ્ધ બ્રહ્મને જ અવિદ્યાનો સંબંધ થાય છે.[૨૭૬] આમ હોવાથી બ્રહ્મ જીવભાવને પ્રાપ્ત ન થાય તેવું કોઇ કારણ નથી. વળી, બ્રહ્મનો થોડો અંશ અવિદ્યાના સંબંધથી જીવ થાય અને અન્ય અંશ બ્રહ્મ રહે તેમ પણ કહી ન શકાય. કારણ કે બ્રહ્મ નિરવયન - અવયવરહિત - છે.

અવિદ્યા પણ વ્યાપક અને નિરવયવ હોય તો અમુક જ અંશે તેનો બ્રહ્મ સાથે સંબંધ શક્ય નથી. આથી "સર્વજ્ઞપણું" વગેરે ગુણોથી વિશિષ્ટ પરમાત્મા" સિદ્ધ થઇ શકે નહિ.[૨૭૭] અર્થાત્ અવિદ્યાનો સંબંધ અલ્પજ્ઞપણાનો જ પરિચય કરાવે છે. આમ સર્વ શ્રુતિઓનો ઉત્પાત વિકાર થાય છે.

૮. મહાવાક્યનો સમ્પૂર્ણ પ્રપાઠક જડ, જીવ-બ્રહ્મના ઐક્યનો દ્યોતક અને બોધક :-

શ્રીવિઠ્ઠલનાથજી પૂર્વાપર સંબંધ જોડતાં શ્રુતિનો અર્થ સમજાવે છે. મહાવાક્ય છાંદોગ્ય ઉપનિષદના શ્વેતકેતુ ઉપાખ્યાનમાં આવેલું છે. શ્રીવિઠ્ઠલનાથજીના કથન અનુસાર મહાવાક્યમાં ભાગત્યાગલક્ષણા પણ છે પરંતુ તેમાં પૂર્વાપર સંબંધનો વિચાર કરવામાં આવ્યો નથી.[૨૭૮] જો

મહાવાક્ય તરીકે तत्वमसि જ હોત તો જીવ અને બ્રહ્મનો અવાસ્તવિક ભેદ હોઇ શકે. પરંતુ સમ્પૂર્ણ પ્રપાઠક - શ્વેતકેતુ ઉપાખ્યાનરૂપ મહાવાક્ય છે. પિતા ઉદ્દાલકે પુત્ર શ્વેતકેતુને પ્રશ્ન પૂછ્યો કે, તે એવો ઉપદેશ પૂછ્યો છે કે જેનાથી ન સાંભળેલું સાંભળેલું થાય, ન વિચારેલું વિચારેલું થાય, ન જાણેલું જાણેલું થાય ?[૨૭૯]

અહીં એક બ્રહ્મને જાણવાથી સર્વ જાણી શકાય છે. આમ પ્રતિજ્ઞા લીધેલી છે. એક જ તત્વ સર્વ થતું હોય, તો જ પ્રતિજ્ઞા સિધ્ધ થાય.[૨૮૦] જો તેમ ન થાય તો એકના જ્ઞાનથી સમ્પૂર્ણ જ્ઞાન ન થાય. અને પ્રતિજ્ઞા સિધ્ધ ન થાય. જેમ સુવર્ણના ટુકડાં અને સુવર્ણનો ઘાટ - અલંકાર વગેરે સર્વ સુવર્ણ જ કહેવાય છે. આથી સુવર્ણના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે, તેમ બ્રહ્મનું જ્ઞાન થવાથી સર્વનું જ્ઞાન થાય છે.

ઉપર્યુક્ત સુવર્ણના દષ્ટાન્તમાં "સુવર્ણખંડો" દવારા જીવનું અંશત્વ અને "સુવર્ણકાર્ય" દવારા જગતરૂપ કાર્ય સૂચવાય છે.[૨૮૧] બધુંજ બ્રહ્મરૂપ છે, તેનું નિરૂપણ હે સૌમ્ય, આ બધું પહેલાં સત્ જ હતું. વાક્યમાં થયું છે.[૨૮૨] આમ બ્રહ્મનું જ પરિણામ જણાતું હોઇ માયાની વિચિત્રતાનું નિરાકરણ થાય છે. આથી જ કહ્યું છે કે આ જે સૂક્ષ્મ છે તેમાં જ આ સમ્પૂર્ણ જગતનો આત્મા છે, એ જ સત્ય છે, એ જ આત્મા છે, હે શ્વેતકેતુ, તે તું છે.[૨૮૩] આમ છઠ્ઠા પ્રપાઠકમાં નવ વાર ઉપદેશ અપાયો છે. સર્વ જડ પદાર્થો - બ્રહ્માત્મક - ઇશ્વરમય છે તે "આ સર્વ ઐતદાત્મ્ય છે."માં નિરૂપણ કર્યું છે. અર્થાત આ બધુંજ સર્વત્ર દશ્યમાન ઐતદાત્મ્ય છે.[૨૮૪] અહીં આ આત્મા તે એતદાત્મા - મયૂરવ્યંસકાદિ

સમાસ છે. એતદાત્માનો ભાવ તે ઐતદાત્મ્ય છે. આથી જ સુવર્ણના દષ્ટાન્તમાં "આ બધું જ આત્મામય છે" એમ કહ્યું છે.[૨૮૫]

હવે જો જડ પદાર્થો વિનાશી હોય તો તેના અબ્રહ્મપણાની શંકા જાગે છે અર્થાત જડ બ્રહ્માત્મક હોઇ ન શકે આવી શંકાનું નિરાકરણ "તે સત્ય છે." વાક્ય દવારા કરવામાં આવ્યું છે.

જડ સત્ય હોઇ બ્રહ્માત્મક છે તેથી તેના ઉત્પત્તિ અને નાશ એ ભ્રમણા છે અર્થાત આવિર્ભાવ અને તિરોભાવને ઉત્પત્તિ અને નાશના રૂપે માનવામાં આવે છે. પરંતુ વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે તેથી હે મુનિવર, જન્મ ઉત્પત્તિ અને નાશના વિકલ્પની જેમ આવિર્ભાવ અને તિરોભાવયુક્ત આ સમ્પૂર્ણ જગત નિત્ય અને અક્ષય છે.[૨૮૬] આમ આવિર્ભાવ અને તિરોભાવ શ્રુતિસમ્મત સિદ્ધાંત છે. આથી જ જગત સત્ય હોવાનું પ્રતિપાદિત થાય છે

<u>સમીક્ષાત્મક નોંધ :-</u>

<u>"અવચ્છેદવાદ" વગેરેના પૂર્વપક્ષ અને સિદ્ધાન્તપક્ષમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથજીએ પ્રસ્તુત કરેલાં વિચારોનું સંક્ષિપ્ત નિરૂપણ :-</u>

(૧) શુદ્ધાદ્વૈત મતના પુરસ્કર્તા શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથજીએ અવચ્છેદવાદનો અસ્વીકાર કરીને સ્વકીય સિદ્ધાન્ત સ્થાપ્યો છે.

(૨) શ્રીમદ્ વલ્લભાચાર્ય સંક્ષેપમાં જ અવચ્છેદવાદનું પ્રસ્તુતીકરણ તત્ત્વાર્થદીપનિબંધ ૧।૭૯ માંથી આપે છે. અહીં તેમણે "અવચ્છેદવાદ"

એવો નામોલ્લેખ કર્યો નથી. પરંતુ "અવિદ્યાવાદ"નો ઉલ્લેખ કર્યો છે. જ્યારે શ્રી પુરૂષોત્તમજી "આવરણભંગ"માં "અવચ્છેદ" શબ્દનો પ્રયોગ કરે છે.

(૩) શ્રી વિઠ્ઠલનાથજી અવચ્છેદવાદનું અવિસ્તર પ્રસ્તુતીકરણ કરે છે. તેમાં "અવચ્છેદ" શબ્દનો સમાવેશ થયેલો જોઇ શકાય છે પરંતુ "અવચ્છેદવાદ" એવો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. જ્યારે શ્રી પુરૂષોત્તમજી "સુવર્ણસૂત્ર"માં "અવચ્છિન્નવાદ" નો ઉલ્લેખ કરીને ચર્ચાને સ્પષ્ટ રૂપ આપે છે.

(૪) શ્રીમદ્ વલ્લભાચાર્યે અવચ્છેદવાદનું ખંડન જગતની સત્યતા સિધ્ધ કરવા માટે કરે છે. જ્યારે શ્રી વિઠ્ઠલનાથજી જગત અને જીવના સ્વરૂપની સત્યતા સિધ્ધ કરવા અવચ્છેદવાદનું ખંડન કરે છે.

(૫) શ્રીમદ્ વલ્લભાચાર્યે "માયા"ને સર્વભવનરૂપા શક્તિ કહે છે. અવિદ્યાને પણ ભગવાનની શક્તિ કહે છે. પરંતુ તે સંસાર સાથે સંબંધ ધરાવે છે આથી તેઓ માયા અને અવિદ્યાને ભિન્ન માને છે.

(૬) શ્રી વિઠ્ઠલનાથજી અવચ્છેદવાદના ખંડનમાં નીચેનાં કારણો આપે છે.
   (૧) માયા અને અવિદ્યાને એક માનવાથી અવચ્છેદવાદ સ્વીકાર્ય બનતો નથી.
   (૨) સર્વજ્ઞ બ્રહ્મ અવિદ્યા સાથે સંબંધિત ન હોઇ શકે.
   (૩) જીવ અને બ્રહ્મની એકતા "જીવની અજ્ઞાનતા" નું કારણ હોઇ ન શકે.

(૭) પ્રતિબિંબવાદના પ્રસ્તુતીકરણમાં પૂર્વપક્ષમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મબિન્દૂપનિષદ-૧૨ નું ઉદાહરણ પ્રમાણ તરીકે ટાંકે છે. અહીં જીવને બ્રહ્મનું પ્રતિબિંબ કે બ્રહ્મનો આભાસ માનવામાં આવ્યો છે.

(૮) શ્રી વિઠ્ઠલનાથજીએ પૂર્વપક્ષમાં સિધ્ધાન્તબિન્દુ -(શ્રી મધુસૂદન સરસ્વતી રચિત ) ના શબ્દપાઠમાં પોતાની રીતે વિશિષ્ટતા મૂકીને પ્રતિબિંબવાદનું સ્થાપન કર્યું છે.

(૧) સિધ્ધાન્તબિન્દુ અનુસાર જપાનું પુષ્પ રૂપરહિત હોય છે, તો પણ સ્ફટિક વગેરેમાં તેનું પ્રતિબિંબ દેખાય છે.

(૨) વિદ્વન્મંડન અનુસાર જેમ જપાના પુષ્પ લાલ હોવાથી સ્ફટિકમાં બ્રહ્મનું પ્રતિબિંબ લાલ પડે છે તેમ અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિંબ પડે તે "જીવ" કહેવાય છે, અને માયામાં બ્રહ્મનું પ્રતિબિંબ પડે તે "ઇશ્વર" કહેવાય છે.

(૯) શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રતિબિમ્બવાદનું ખંડન તત્ત્વાર્થદીપનિબંધના ૧।૫૭ માં પ્રસ્તુત કરે છે. તેઓ એક ચંદ્રના અનેક ચંદ્રોનું દષ્ટાન્ત એક બ્રહ્મના અનેક રીતે થતાં દર્શનને કારણે આપે છે. આમ "પ્રતિબિંબ" નો અસ્વીકાર કર્યો છે.

(૧૦) શ્રી વિઠ્ઠલનાથજી અશુધ્ધ અવિદ્યામાં રૂપરહિત બ્રહ્મનું પ્રતિબિંબ "જીવ" હોઇ શકે નહિ એમ દર્શાવે છે. આમ પ્રતિબિંબવાદના ખંડનના પ્રસ્તુતીકરણમાં બન્ને આચાર્યો - શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથજીમાં ભિન્નતા જોવા મળે છે. છતાં આધારભૂત

શાસ્ત્રપ્રમાણોમાં ઐક્ય જોવા મળે છે. એટલે द्वा सुपर्णा અને गुहां प्रविष्टौ - જેવાં શ્રુતિવાક્યોનાં પ્રમાણો બન્નેએ આપ્યાં છે.

(૧૧) શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની પ્રતિબિંબવાદના ખંડનમાં પ્રસ્તુત થયેલી દલીલોમાં સામ્ય પ્રવર્તે છે. પરંતુ "પ્રભામંડલના પ્રતિબિંબ"ની શ્રીમદ્ વલ્લભાચાર્યની દલીલનો શ્રીવિઠ્ઠલનાથજીએ बिंसिनीसूत्र... માં વૈકલ્પિક પરિચય આપ્યો છે.

(૧૨) "પ્રતિબિમ્બવાદ" એ "માયાવાદ"નો જ પર્યાય બની ગયો હોવાનું જણાય છે. તેથી ન શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલ-નાથજીએ તેની તમામ ધારણાઓનો એક કે બીજી રીતે વિરોધ કર્યો છે.

(૧૩) શ્રી વિઠ્ઠલનાથજીએ પ્રતિબિંવાદના ખંડનની ચર્ચામાં "વૈદિક સૃષ્ટિ"નું નિરૂપણ કર્યું છે. આથી સત્ય બ્રહ્મના જ્ઞાન દ્વારા વેદ પણ સત્ય કહેવાય છે. આમ જગત સત્ય હોવાનું કારણ વેદ છે. આથી "માયાવાદ"નું પણ નિરાકરણ કરવામાં આવ્યું છે.

(૧૪) શ્રી વિઠ્ઠલનાથજી પ્રતિબિંબવાદના અન્ય દોષોનું નિરૂપણ - "પ્રકટાર્થવિવરણ"માંના પ્રતિબિંબવાદના છ મતોના સંદર્ભમાં કરે છે. તેમ છતાં અહીં પણ શ્રીમદ્ વલ્લભાચાર્યના જ વિચારોનું સમર્થન અને સંવર્ધન જોઇ શકાય છે.

(૧૫) શ્રી વિઠ્ઠલનાથજીના પ્રતિબિંબવાદના ખંડનનો મુખ્ય આધાર જીવનું સત્યપણું છે. પ્રતિબિંબ જીવ અસત્ય હોય તો બ્રહ્મનો અંશ જીવ પણ

અસત્ય કહેવાય ! આથી "અવિદ્યા" પર આધારિત પ્રતિબિંબવાદ શુધ્ધાદ્વૈતમાં સ્વીકાર્ય નથી.

(૧૬) શ્રીમદ્ વલ્લભાચાર્ય આભાસવાદનું બ્ર. સૂ. અ. ભા. ૨!૩!૫૦, સુબો. ૨!૯!૩૩ અને ત. દી. નિ., ૧!૫૭ અનુસાર ખંડન પ્રસ્તુત કરે છે. પ્રત્યેકમાં સંદર્ભ ભિન્ન છે. છતાં આભાસની પરિકલ્પના એકસરખી છે.

(૧) જીવ બ્રહ્મનો આભાસ છે, પરંતુ અહીં તે અસત્ય નથી. ( બ્ર. સૂ. અ. ભા., ૨!૩!૫૦ )

(૨) જીવમાં આનન્દાંશનું તિરોધાન થવાથી "જીવ"પણું આભાસ પામે છે, ( ત. દી. નિ., ૧!૫૭ )

(૩) દ્વિચન્દ્રાદિ આભાસ માયાથી ઉત્પન્ન થાય છે, બે ચન્દ્ર પ્રતીતિ અનુસાર મનાતા નથી. (સુબો, ૨!૯!૩૩)

(૧૭) શ્રી વિઠ્ઠલનાથજીના મતાનુસાર જીવને આભાસ થતો નથી. કારણ કે તે આભાસનો વિષય છે. છતાં જીવ અસત્ય નથી. "આભાસ"ના સ્વીકારમાં આભાસવાદનો અસ્વીકાર કરવામાં આવ્યો છે.

(૧૮) શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથજીએ આભાસવાદના વિરૂધ્ધ કરેલી દલીલોમાં મુખ્યરૂપે સમાનતા છે છતાં કેટલીક દલીલોમાં તેમણે વિશેષતા પ્રકટ કરી છે.

મહાવાક્યાર્થમાં બ્રહ્મની અખંડ સત્તાનું પ્રતિપાદન જગતને સત્ય સિધ્ધ કરે છે અને આવિર્ભાવતિરોભાવ શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદનો સિધ્ધાંત સમજાવે છે.

## पाद टीप

1. न्या. को. पृ. 83 : इयत्ताकरणसाधनम्, सीमाकरणम् ।
यथा द्रोणावच्छिन्नो व्रीहिः ।
एवमन्तःकरणावच्छिन्नं चैतन्यं जीवः ।

2. भ. गी. शां. भा. 15/7 : यथा जलसूर्यकः सूर्यांशो जलनिमित्ता-
पाये सूर्यमेव गत्वा न निवर्तते तथायम-
प्यंशस्तेनैवात्मना संगच्छत्येवमेव यथावा-
घटाद्युपाधिपरिच्छिन्नो घटाद्याकाश आकाशांशः
सन्घटादिनिमित्तापाय आकाशं प्राप्य न
निवर्तते ।

3. ब्र. सू. शां. भा., 1/2/6 : पर एवात्मा देहेन्द्रियमनोबुद्ध्युपाधिभिः
परिच्छिद्यमानो बाल शारीर इत्युपचर्यते । यथा-
घटकरकाद्युपाधिवशादपरिच्छिन्नमपि नभः परिच्छि-
न्न वदवभासते तद्वत् ।

4. ब्र. सू. भा., 1/1/5, यद्यपि च कूटस्थनित्यस्यापरिणामिन औदासीन्य-
मस्य वास्तवम्, तथाप्यनाद्यनिर्वचनीयाविद्यावच्छिन्न
स्य व्यापारवत्त्वमवभासते इति कर्तृत्वोपपत्तिः ।

5. तत्रैव, 1/2/6: अनाद्यविद्यावच्छेदलब्धजीवभाव: पर एवात्मा स्वतो-
भेदेनावभासते । तादृशानां जीवानां च अविद्या न
तु निरुपाधिनो ब्रह्मण: ।

6. सि. बि., पृ. 47 : अज्ञानविषयीभूतं चैतन्यमीश्वर: । अज्ञाना-
श्रयीभूतं च जीव: ।

7. तत्रैव, पृ. 47 : अज्ञाननानात्वज्जीवननात्वम् । प्रतिणीयं
च प्रपच्चभेद: । जीवस्यैवाज्ञानोपहिततया
जगदुपातानत्वात् । ईश्वरस्य च सप्रपच्च-
स्तीवाविद्याधिष्ठानत्वेन् कारणावोपचारादिति ।

8. गौ. कारि. 3/4 : घटादिषु प्रलीनेषु घटाकाशादयो यथा ।
आकाशे सम्प्रलीयन्ते तद्वज्जीवा इहात्मनि ।।

9. वि. चू. 289 : घटाकाशं महाकाश इवात्मानं परात्मनि ।
विलाप्याखण्डभावेन तूष्णीं भव सदा मुने ।।

10. H.I.P. Vol.II. P.109 : At the time of the great
dossolution(amahapralaya) all products
of avidya, such a Psychical frame.
(antahkarana), Cease to have any fra-
ctions of their own, but are not on
account of that destroyed; they are at
that time merged in the indescrabable
aridya, their root cause.

11. Ibid. P. 110 : The illusion is a Psychological one for which the individual person is responsible.

12. अ.भा., 1/1/27 उत्पत्तिस्थितिनाशानां जगतः कर्तृवै बृहत् ।
वेदेन बोधितं तद्धि नान्यथा भवितुं क्षमम् ।।

13 त.दी.नि., 1/877 केचिदत्रातिविमलप्रज्ञाः श्रौतार्थबाधनम् ।
कृत्वा जगत्कारणतां दूषयन्ति हरौ परे ।।

14. छां. उ., 6/2/17 सदेव सौम्येदमग्र आसीत् ।

15 सुबो., 3/5/23, इदं सर्वं जगत् पूर्वं भगवानेवास ।

16 ब्र.सू., 1/1/21, आकाशस्तल्लिङ्गात् ।

17 अ.भा., 1/1/21; यावन्मुख्यपरत्वं संभवति तावन्न कस्यापि-
वेदान्तरस्यापरब्रह्मपरत्वमिति मर्यादा ।।

18 त.दी.नि. 1/78 : तदुभयं बाधित्वा वाक्याभासं युक्त्याभासं-
(पृ.)
च पुरस्कृत्य ब्रह्मणो जगत्कारणतां दूषयन्ति ।।

19 तत्रैव. : 1/79 : अवधिविद्यया बद्धं ब्रह्म तत् किल कारणम् ।
स्वाविद्यया संसरति मुक्तिः कल्पमवाक्यतः ।।

20 तत्रैव (पृ.) 1/79 : अनादिरविद्या अहमज्ञ इत्युनुभवसिद्धाभावस्मा ।।

21 तत्रैव (पृ.) 1/79 : अतः कारणेनापि तथायुक्तेन भाव्यमिति ।

22 त.दी.नि. (पृ.) 1-79 : स्वतप्रमाणभूतैर्निःसन्दिग्धं प्रतिपाद्यते-
कार्यरूपस्य जगतो ब्रह्मत्वम् ।

23 तै॰ उ॰ 2/6/1 : सत्यं चानृतं च सत्यमभवत् ।

24 त॰ दी॰ नि॰ (प्र॰) 1.79 : कृत्स्नतत्त्वं न क्वचिदपि ब्रह्मविदां-
हृदये भासते ।

25 तत्रैव, आ॰ भं॰ 1.79 : सर्वस्य ब्रह्मत्वेन समानत्वमभेदश्च-
श्रुतितात्पर्यगोचरः ।

26 तत्रैव प्र॰ 1.79 : यथा स्वाङ्गे पुरुषस्य पृथग्भाव एव तथा प्रतीतिः ।

27 छां॰ उ॰ 6/3/1 : तेषां खल्वेषां भूतानां त्रीण्येव बीजानि-
भवन्त्याण्डजं जीवजमुद्भिज्जम् ।

28 त॰ दी॰ नि॰ (टि॰) 1.79 : कृत्स्नतत्त्वभावे प्रपञ्चस्य मलदृष्टान्तेन-
बीजादीनां ब्रह्मत्वकथनं बाधितं स्यात् ।

29 त॰ दी॰ नि॰ (प्र॰) 1.79 : तथा सति सर्वसन्मार्गनाशः ।

30 बृ॰ उ॰ 2/5/19 : इन्द्रो मायाभिः पुरुरूप ईयते ।

31 छां॰ उ॰ 8/3/1 : न एते सत्याः कामा अनृतापिधाना ।

32 तत्रैव 6/1/4 : वाचारम्भणं विकारः ।

33 श्वे॰ उ॰ 4/10 : मायां तु प्रकृतिं विद्यात् ।

34 गौ॰ पा॰ का॰ 2/31 : स्वप्नमाये यथादृष्टे गन्धर्वनगरं यथा ।

35 त॰ दी॰ नि॰ (प्र॰) 1.79 : न त्वत्र स्वप्नादिदृष्टान्तेन
मिथ्यात्वं वक्तुं शक्यते ।

5 36 अ॰भा॰ 1/1/3 : एतादृशशास्त्रार्थाङ्गीकर्तुरासुरेषु भग-
वता गणितत्वात् ।

37 भ॰ गी॰, 16/8 : असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥

38 अ॰भा॰ 1/1/3 : पुरुषार्थस्य शास्त्रार्थस्य वा स्वरूपं-
शास्त्रैकसमधिगम्यं न स्वबुद्धिपरिकल्पितम् ।

39 भाग॰ 11/11/4 : एकस्यैव ममांशस्य जीवस्यैव महामते ।
बन्धो स्याविद्ययानादिर्विद्यया न तथेतरः ।

40 त॰दी॰नि॰ 1/79 : अविद्यावादः केषाञ्चिद्हृदये शमादि-
(पृ॰) रहितानां चित्तदोषेण जगद् दुष्टमिति-
पश्यतां प्रतिभाति ।

41 अ॰भा॰, 1/1/18 : युक्तिस्तावत् समवेतमेव कार्य-
मुत्पाद्यत इति सम्बन्धस्य द्विनि-
ष्ठत्वान्नित्यत्वाच्च कारणान्तरेणापि-
परम्परया संबन्धः ।

42 तै॰उ॰, पृ॰ 1/7 : तदात्मानं स्वयमकुरुत ।

43 पु॰प्र॰म॰भे॰, श्लो॰ 9 : इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान्हरिः ।

44 सि॰मु॰, श्लो॰ 12 : आत्मनि ब्रह्मरूपे हि छिद्रा व्योम्नीव चेतनाः ।

45 तत्रैव, श्लो. 12 : अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।

46 वि. मं. पृ. 44 : जीवाविद्यैव जगत्प्रतीतौ हेतुः ।

47 ब्र. सू. शां. भा. (भा.) पृ. 5-6 : एतेन स्थूलोऽहमन्धोऽहं गच्छामीत्यादयोऽप्यध्यासतया व्याख्याताः ।

48 ब्र. सू. शां. भा. (अ.) पृ. 14 : तमेतमेवंलक्षणमध्यासं पण्डिता अविद्येति मन्यन्ते ।

49 छां. उ. 6/8/7 : "तत्वमसि श्वेतकेतो"

50 वि. मं., पृ. 44 : भेदस्यातात्त्विकत्वम्, अज्ञानकृतत्वं च ।

51 वे. सा., 11 पृ. 11 "अहमज्ञ" इत्याद्यनुभवात्...

52 वि. मं. पृ. 44-45 : भावरूपा तदवच्छेदिका ।

53 पा. यो. सू. 1/8 : विपर्ययो मिथ्याज्ञानमतद्रूपप्रतिष्ठम् ।

54 तत्रैव. (भा.) 1/8 : तयो महो महामोहस्तामिस्त्रो न्धतामिस्त्र इति ।

55 भाग. 11/11/4 : बन्धोऽस्याविद्यया नादिः ।

56 वि. मं., पृ. 45 : जीवब्रह्मविभागस्यानादित्वात् ।

57 इ. तो., पृ. 45 : विभागानन्तरमेव बद्धत्वस्वीकारात् ।

58 तत्रैव. : पृ. 45 : यथा दोषेण शुक्तौ रजतप्रतीतिः, एवं मायया विचित्रजगत्प्रतीतिरिति भावः

59 ब्र. सू. शां. भा. 2/1/24 : एकस्यापि ब्रह्मणो विचित्रशक्ति योगात्क्षीरादिवद्विचित्रपरिणाम उपपद्यते ।

60 वि. मं. पृ. 46 : कार्यस्य तुच्छत्वेन तत्कारणेनापि तादृशेनैव-
भवितव्यम् । कारणसतानियत्वान् कार्यस्य ।

61 वि. मं. पृ. 46 : यथा च मुखसम्बन्धमात्रेण दर्पणादिकं बिम्ब-
प्रतिबिम्बभेदनिमित्तं, तथा चिद्रूपब्रह्मसम्बन्धमात्रेण-
तद्वैतनिमित्तं सा ।

62 मु. सू. पृ. 46 : जीवब्रह्मभेदस्तत्स्यात्र नैमित्तिकं कार्यम्,
जगदुपादेयकार्यम् ।

63 ब्र. सू. शां. भा. (अ. ( पृ. 17 : अध्यासो नाम अतस्मिंस्तद्बुद्धि
(1/पृ. भा. (
रित्यवोचाम ।

64 न्या. को. पृ ७५२ : प्रवृत्तिपरं वाक्यम् । यथा अग्निहोत्रं
जुहुयात्स्वर्गकामः (शतपथ – 2)

65 तत्रैव पृ. ४२८ : प्रवर्तनाकिर्मत्वे तज्जन्यप्रवृत्तिमत्त्वम् (वाच.)
यथा स्वर्गकामो यागे नियोज्यः (चि. 4)

66 वि. मं. पृ. 47 : रज्जुस्वरूपज्ञानेनप्राचीनसर्पानुभवतत्कृतः
भयनिवृत्या स्वौस्थ्यमिव ।

67 तत्रैव : पृ. 47 शमदमादिभिगुरुमसत्तितदुपदेशश्रवणमनन-
निदिध्यासनैश्चाविर्भाधिष्ठानस्वस्वात्मनो द्वैत
कूटस्थचिदेकरसत्वलक्षणस्वरूपज्ञानेन अज्ञाननिवृत्या... ।

8

68 तत्रैव. पृ. 47 : तत्कार्यरूपप्रपञ्चस्यापि निवृत्तेः ।

69 मु. उ. 3/2/9...ब्रह्म वेद ब्रह्मैव भवति

70 ब्र. सू. शां. भा. 4/4/16 : संपत्तिः कैवल्यम्, ब्रह्मैव सन्ब्रह्मा-
प्येति – (बृ. 4/4/6)

71 बृ. उ. शां. भा., 2/1/19 बुद्ध्याद्युपाधिस्वभावानुविधायी
हि. स. चन्द्रादिप्रतिबिम्ब इवजलाद्यनु-
विधायी ।

72 ब्र. सू. शां. भा., 3/2/20 : तदुच्यते – वृद्धिह्रासभाक्त्वमिति ।
जलगतं हि सूर्यप्रतिबिम्बं जलवृद्धौ वर्धते जलह्रासे
ह्रसति जलचलने चलति जलभेदे भिद्येत, इत्येवं
जलधर्मानुविधायी भवति न तु सूर्यस्य तथात्वमस्ति ।

एवं परमार्थतो विकृतमेकरूपमिति सदब्रह्म देहाद्युपाध्यन्तर्भावाम्
भजत इवोपाधिधर्मान्वृद्धिह्रासादीन् ।

72 ब्र. सू. शां. भा., 2/3/46, यथा घोदशरावादिकम्पनात्तद्गते
सूर्यप्रतिबिम्बे कम्पमानेऽपि न तद्वान्सूर्यः-
कम्पते ।

73 तत्रैव, 3/2/18, यथाह्ययं ज्योतिरात्मा विवस्वानपो भिन्ना
बहुधैकोऽनुगच्छन् ।
उपाधिना क्रियते भेदरूपो देवः क्षेत्रेष्वेवमजोऽयमात्मा ।।
– एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः ।

74 सि. ले. सं., प्रथम परिच्छेद, पृ. 110, रजस्तमोऽनभिभूतशुद्धसत्त्वप्रधाना
माया तदभिभूतमलिनसत्त्वा त्वविद्येति ।

75 तत्रैव, पृ. 110, मायाप्रतिबिम्ब ईश्वरो विद्याप्रतिबिम्बो जीव ।

76 सि. ले. सं., (प्र. परि.) पृ. 110, एकै व मूलप्रकृतिर्विक्षेपप्राधान्येन-
मायाशब्दितेश्वरोपाधिरावरणप्राधान्ये-नाविद्या-
ज्ञानशब्दिता जीवोपाधिः ।

77 तत्रैव, पृ. 119, संक्षेपशारीरके तु कार्योपाधिरयं जीवः"
कारणोपाधिरीश्वरः ।" इति श्रुतिमनुसृत्य-
अविद्याया चित्प्रतिबिम्ब ईश्वरः । अन्तःकरणे
चित्प्रतिबिम्बो जीवः ।

78 सं. शा. 3/277, उपाधिरज्ञानमनादिसिद्धमस्मिंश्चिदाभासनमीश्वरत्वम् ।
तदन्यता चित्प्रतिबिम्बमेवमनन्वितो तामिह बिम्बमाहुः ।

80 सि. बि., पृ. 46, अज्ञानोपहितं बिम्बचैतन्यमीश्वरः । अन्तः
करणतत्संस्कारावच्छिन्नाज्ञानप्रतिबिम्बितं
चैतन्यं जीव इति विवरणकाराः । अज्ञान-
प्रतिबिम्बितं चैतन्यमीश्वरः । बुद्धिप्रतिबिम्बितं
चैतन्यं जीवः । अज्ञानानुपहित तु बिम्बचैतन्यं
शुद्धमिति संक्षेपशारीरककाराः ।
अनयोश्च पक्षयोर्बुद्धिभेदाज्जीवनानात्वम् ।

10

प्रतिबिम्बस्य पारमार्थिकत्वाज्जहदजहल्लक्षणैव तत्त्वमादिपदेषु । इममेव च प्रतिबिम्बवादमाचक्षते ।

81 वे.प.7., पृ. 379, जीवपरमेश्वरसाधारणं चैतन्यमात्रं बिम्बम्, तस्यैव बिम्बस्याविद्यात्मिकायां मायायां प्रतिबिम्बमीश्वरचैतन्यमन्तःकरणेषु प्रतिबिम्बं जीवचैतन्यम् ।

82 अ.भा., 2/3/43, जीवो नाम ब्रह्मणोंशः ।

83 तत्रैव. 3/2/18, प्रपञ्चधर्मा भगवत्युपचारादुच्यन्ते-इत्यत्र निदर्शनमाह । अत एवमेव निर्णयमाश्रित्य राम: प्लुषिणा समो नागेन समो मशकेन सम एभिस्त्रिभिर्लोकैः समोनेन सर्वेण {बृ.उ. 1/3/22} इति निरुपमस्य भगवतो यदुपमानं तत् तद्धर्मसंबन्धात् । न चात्रस्वतन्त्रातादृशधर्मवत्त्वं ब्रह्मणो वक्तुं युक्तम् ।

84 तत्रैव, 2/3/46, प्रकाशग्रहणं धर्मत्वद्योतनाय । दुःखादयोऽपि ब्रह्मधर्मा इति । अतो द्वैतबुद्धयांशस्यैव दुःखित्वं न परस्य ।

85 त.दी.नि., 1/57, आभासप्रतिबिम्बत्वमेवं तस्य न चान्यथा ।
आनन्दांशतिरोधानात् तत्तद्धस्तेन भासते ।।

11

86 तत्रैव, प्रकाशः 1/57, एकस्य नानात्वमेव दृष्टान्तार्थो,
न प्रतिबिम्बत्वम् ।

87 तत्रैव, टिप्पणी, 1/57, तथा सप्तमस्कन्धे ब्रह्मादवाको
भगवति कृतं जीवे फलमीति बिम्बप्रतिबिम्ब
दृष्टान्तनोच्यते, न तु जीवस्य प्रतिबिम्बमित्यर्थः ।

87 तत्रैव, प्रकाशः 1/57, रूपस्पर्शादियुक्तस्य द्रव्यस्य रूपमात्रो-
पलम्भः प्रतिबिम्बः । क्रियायाश्च । न तु
धर्मस्पर्शो वा । तथा सनि जलम्द्रुस्तं प्रक्षिप्य तं स्पृशेत ।

88 त.दी.नि. (प्रकाशः), 1/27, आनंदांशतिरोधानात् जीवत्वं भासते ।
तेन आनन्दांशेनाविभूतेन युक्तं यत् तद्ब्रह्मवदवभासते
इत्यर्थः । त्रितयस्फूर्तो ब्रह्मत्वमिति निर्णयः ।

89 तत्रैव, 1/58 मायाजवनिकाच्छन्नं नान्यथा प्रतिबिम्बते ।
तत्र वृत्ते द्वा• सुपर्णाश्रुतेरपि विरुद्धयते ॥

90 तत्रैव, प्रकाशः, 1/58, अवश्यं प्रतिबिम्बत्वसिद्ध्यर्थं व्यवधानं
कल्पनीयम् । तन्मात्रादिकमेव भवतीति माया-
जवनिकाच्छन्नं न प्रतिबिम्बते । यथा तिरस्कारिण्यां
विद्यमानायां पुरुषो न प्रतिबिम्बते ।

91 तत्रैव, 1/58, यो यत्र वर्तते स तत्र न प्रतिबिम्बते । वस्तुतस्तु
प्रभामण्डलस्यैव रूपतः प्रतिबिम्बः ।
उपरि स्थित एव भ्रान्त्या प्रतीत आकाशः प्रतिबिम्बते ।

92 त॰दी॰नि॰ (पृ॰), 1/58 तथा भ्रान्त्या प्रतीतनीलस्यास्यापि
गन्धर्वनगरवद्वस्तुसामर्थ्यात् तथा प्रतीतिः ।
सर्वथा दर्पणरेखावत् तत्र विद्यमानं न प्रतिबिम्बतो ।

93 मु॰उ॰, 3/1/1, द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ।।

94 त॰दी॰नि॰ (पृ॰), 1/58, प्रतिबिम्बक्रियाया बिम्बाधीनत्वादिकत्रास्थितेश्च
...प्रतिबिम्बकल्पना श्रुतिविरुद्धा ।

95 ब्र॰सू॰, 1/2/11, गु॰हां॰ प्रविष्टावात्मानौ हि तद्दर्शनात् ।

96 अ॰भा॰, 1/2/21॰, गु॰हा॰ हृदयाकाशः । तत्र सकृदेकस्मिन्प्रविष्टौ
जीवपरमात्मानावेन । अनेन जीवेनात्मनानुप्रविश्ये
(छां॰उ॰ 6/3/2) त्युभयोः प्रवेशश्रवणात् ।

97 भ॰गी॰, 15/7, ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ।।

98 तत्रैव, 15/10, उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ।।

99 त॰दी॰नि॰, 1/59, जीवहानिस्तदा मुक्तिर्जीवन्मुक्तिविरुध्यते ।
लिङ्गस्य विद्यमानत्वादविद्यायां ततोऽपि हि ।।

100 तत्रैव, (पृ॰) 1/59, प्रतिबिम्बपक्षे जीवहानिर्मुक्तिः स्यात् ।
आत्महानपुरुषार्थ इति मोक्षस्यापुरुषार्थत्वमापद्येत् ।

3

101 तत्रैव, (पृ.) 1/59, ततोऽप्यविद्यायां प्रतिबिम्बो विरुद्धयते ।

102 त.प्री.नि., 1/60, अधिष्ठानुर्विनष्टत्वान्न देह: स्पन्दितुंक्षम: ।
प्रारब्धमात्रशेषत्वे सुषुप्त्येव न व्रजेत् ।।

103 तत्रैव, (पृ.) 1/60, देह: स्पन्दितुं चलितुं न समर्थ: स्यात् ।

104 तत्रैव, (पृ.), 1/60, प्रारब्धं देहविद्यामानतामेव संपादयति,
नाधिकं भोजनादिकार्यम् । सुषुप्तौ तथोपलम्भात्
तस्माज्जीवो नाभासो, न वा प्रतिबिम्ब: ।

105 मु.उ., 3/2/9, ब्रह्मवेद ब्रह्मैव भवति ।

106 भ.गी., 18/54 ब्रह्मभूत: प्रसन्नात्मा न शोचति न कांक्षति ।

107 वि.म., पृ. 47, ननु ब्रह्मण: सर्वज्ञस्याविद्यासम्बन्धो -
शक्यवचन:, अज्ञत्वापादकत्वात् ।

108 तत्रैव, पृ. 47, न च जीवाश्रयैव सेति वाच्यम्, ऐक्या-
ङ्गीकारात्तयो: । अत एतेनैव
जीवस्याप्यज्ञत्वमनुपपन्नमिति ।

109 सु.सू., पृ. 47, तथा च माया विद्ययोरभेदस्वीकारादेकस्या-
एव सम्बन्धेन शुद्धचिद्रूपे ब्रह्माणि कथं -
विरुद्धस्वरूपद्वयमित्यर्थ: ।

110 तत्रैव, पृ. 48....तस्या प्रतिबिम्बतं वा चैतन्यमीश्वर: ।
अविद्यायां तत्प्रतिबिम्बो जीव इति पक्षे न कोऽपि दोष: ।

111 वि.म. पृ. 48, जपाकुसुमा स्फटिकस्तम्भश्रेणिगत-
पुरुषप्रतिबिम्बस्यारुणत्ववज्जीवस्याज्ञत्वा-
वभासोपपत्तेः ।

112 तत्रैव, पृ. 48, तद्बिम्बस्योज्ज्वलतेव ।

113 तत्रैव, पृ. 48, ब्रह्मणः सर्वज्ञत्वोपपत्तेः ।

114 तत्रैव, पृ. 48, अविद्याश्रयत्वेन नाभेदानुपपत्तिः ।

115 सुसू. पृ. 48, ....जगत्प्रतीतिरविद्यात एव... ।

116 तत्रैव, पृ. 48, .....कर्तृत्वमप्यौपचारिकमेव ।

117 प्र.उ.भा., 8/9, स च जलसूर्यकादिप्रतिबिम्बस्य सूर्यादि-
प्रवेशवज्जलाद्याधारशोषे परे अक्षरे आत्मनि सप्रतिष्ठते ।

118 सि.बि., पृ. 22 जपाकुसुमस्य नीरूपस्य निरवयस्यापि स्फटिकादौ-
प्रतिबिम्बदर्शनाम् ।

119 क.उ., 2/2/9.10, रूपं रूपं प्रतिरूपो बभूव ।

120. बृ.उ., 2/5/19, रूपं रूपं प्रतिरूपो बभूव तदस्य रूपं प्रतिचक्षणाय ।

121 ब्र.सू., 3/2/28 अत एव चोपमा सूर्यकादिवत् ।

122 सि.बि., पृ. 25, तस्य च प्रतिबिम्बस्य सत्यत्वमेवेति
प्रतिबिम्बवादिनः

123 तत्रैव, पृ. 48.89, अज्ञानोपहित बिम्बचैतन्यमीश्वरः । अज्ञान
प्रतिबिम्बतं चैतन्यं जीव इति ।

124 तत्रैव, पृ. 49, मुख्यो वेदान्तसिद्धान्त एकजीववादाख्यः ।
इयमेव च दृष्टिसृष्टिवादमाचक्षते ।

125 वि.मं., पृ. 49, पूर्वं जीवस्वरूपं विचारणीयम्, यस्य-
सा शक्तिः ।

126 त.दी.नि. 2/136, "न प्रतिस्फुरणं रूपरहितस्य कदाचन ।"

127 ह.तो., पृ. 49, बिम्बे ब्रह्मणि रूपं नास्ति, अज्ञानरूपायाम-
विद्यायां स्वच्छता नास्ति इति प्रतिबिम्बजीव-
प्रसक्तिरेव नास्तीति भावः ।

128 वि.मं., पृ. 49, दृष्टानुसारिणी हि कल्पनोचिता । अन्यथा
वायुदारूणोरपि बिम्बत्वप्रतिबिम्बाश्रयत्वप्रसङ्गात् ।

129 तत्रैव, पृ. 49-50, ननु दर्पणादावाकाश - प्रतिबिम्बो दृश्यते ।

130 सि.वि., पृ. 22 अनिन्द्रियग्राह्यस्य साक्षिप्रत्यक्षस्याप्या-
काशस्य जलादौ प्रतिबिम्बोपलम्भात् ।

131 वि.मं., पृ. 50, तावद्देशीयप्रभावमण्डलस्यैव रूपवत्त्वेन प्रतीतेः ।

132 तत्रैव, पृ. 50, यत्र यदस्ति तत्र तन्न प्रतिबिम्बते, दर्पणरेखावत् ।

133 सु.सू., पृ. 50, वस्तुतस्त्वकाशोऽपि प्रभासहित एव प्रतिबिम्बत
इति स्वरूपसम्बन्धविशेषेण रूपसत्तायां एव प्रयोजकत्व
मिति भावः ।।

134 वि.मं., पृ.50-51, एतयोश्च न संयोगो, विभुत्वादतो नानुपपत्तिरिति-
वाच्यम् ।

135 तत्रैव, पृ.59, संयुक्तस्यापि प्रभामंडलस्य तथा प्रतीतेः ।

136 तत्रैव, पृ. 51... यद्देशे संयोगस्तद्देशे न तथेति.... ।

137 वि.मं., पृ.51-52, बिसिनीसूत्रमात्रान्तरिताङ्गुलीतलभागस्थप्रभा
या अपि दर्पणे प्रतिबिम्बात् ।

138 ह.तो., पृ. 52, दर्पणे अङ्गुल्याः संयोगे जाते अङ्गुल्याः संयोगएव
तत्र भविष्यति, न तु अङ्गुलीस्थप्रभासंयोग इत्येतदर्थं
बिसिनीसूत्रमात्रान्तरितेत्युक्तम् । दर्पणे प्रभासंयोगस्या
व्याप्यवृत्तित्वसूचनार्थमङ्गुलीग्रहणम् । शत्राबन्धकारे
प्रतिबिम्बो न दृश्यते इति किरणसंयोगसूचनार्थमङ्गुली
स्थप्रभाग्रहणम् ।

139 सु.सू., पृ. 52, इतरेतरविलक्षणा स्थितिः । ..श्रुतौ द्वित्वादेरेक-
तूष्णीकत्वा परक्रिययोः कथनात्.... ।

140 टि.मं., पृ. 52, ...जीवपरमात्मनोरेकत्र स्थितिर्बिम्बप्रतिबिम्बपक्षे
न संगच्छते ।

141 क.उ. 1/3/1; ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ-
परमे परार्धे ।

142 छायातपौ ब्रह्मविदो वदन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ।।

142 सु.सू., पृ. 52, ...छायातपत्वोक्तावपि व्यासेनात्मानाविति-
निर्णीतत्वाद् द्वयोः प्रवेशस्योक्तत्वाच्च तेषां विरोधो-
दुर्वार इत्यर्थः ।

143 वि॰ मं॰ (नि॰), पृ॰ 12 छाया प्रकाशाभिमुखं नावतिष्ठते, प्रतिबिम्ब-
स्त्ववतिष्ठत इति छाया-प्रतिबिम्बौ भिन्नाविव पदार्थौ ।

144 तत्रैव, पृ॰ 12, अतो ज्ञानानन्दादि-तिरोभावेन यज्जीवे
परमात्मनोऽपेक्षया वैलक्षण्यं, तस्य बोधाय "छाया"-
शब्दः प्रयुक्तो, न तु जीवः प्रतिबिम्ब इति.... ।

145 सु॰ सू॰, (हि॰) पृ॰ 53, इत्थमुपक्रमोपसंहाराभ्यामिह ब्रह्म-
प्रकरणावगमान्न मध्ये "रूपं रूपमित्यस्य-
जीवप्रतिबिम्बत्वबोधकता युक्तेति तत्त्वम् ।

146 वि॰ मं॰, पृ॰ 52-54, तयोर्लोके तथा दर्शनात् ।

147 सु॰ सू॰, पृ॰ 54, ननु अविद्याया अघटितघटनापटीयःस्वभावत्वाद्बिम्ब
प्रतिबिम्बरूपयोः परमात्मजीवयोरेकत्रस्थितिरपि-
ना पुपपन्नेति.... ।

148 वि॰ मं॰, पृ॰ 54-55, अविद्यायां ब्रह्मप्रतिबिम्बो जीव इति,
मोक्षश्चाविद्यानाश इति.... ।

149 वि॰ मं॰ पृ॰-55
त॰ दी॰ नि॰ (पृ॰), 59, आत्महानमपुरुषार्थ इति मोक्षस्यापुरुषार्थत्व मापद्येत ।

150 तत्रैव, पृ॰ 55, तथा हि मुमुक्षुर्हि मोक्षस्वरूप, बद्धत्वेन स्वरूपं
ज्ञात्वा तत्साधने यतिष्यते ।

18

151 वि.मं., पृ. 56, वरमैहिक्येव, न तु पारलौकिकी, स्वरूपहानि
हेतुत्वादिति.... ।

152 तत्रैव, पृ. 56, निषिद्धविहितयोश्चाविशेषाम् कुतो पि न
निवर्तेतैवेति ..... ।

153 प.पु., 236.7, "मायावादमसच्छास्त्रं प्रच्छन्नं बौद्धमुच्यते ।"

154 ब्र.सू.शां.भा., 4/1/3,...वेद अवेदा ﴾बृ.उ. 4/3/22﴿उ﴾ इति
वचनादिष्यत एवास्माभिः श्रुतेरप्यभावः प्रबोधे ।

155 सु.सू., पृ. 57, प्रपञ्चस्याज्ञानकल्पितत्वं ब्रह्मीमेद बोधक श्रुत्य-
भिप्रायसिद्धम् ।

156 वि.मं., पृ. 57, न हि प्रतिबिम्बितामृतकदम्बफलादानाय-
प्रसारितबाहुः प्रतिबिम्बितन्वं जानन् दृष्टचरः
कश्चित् ।

157 ह.तो. पृ. 56, स्वप्नं पश्यामि न सत्यमेवं स्वप्न एव-
जानतः पुरुषस्य प्रवृत्तिर्न तु दृष्टचरीत्यर्थः ।

158 ह.तो., पृ.57, विशेषदर्शनमपि प्रत्यक्षात्मकमिति विशेष-
दर्शनस्य स्वजातीयभ्रमनिवर्तकत्वमुपपन्नम् ।

159 वि.मं., पृ. 58, प्रतिबिम्बत्वेनामुमिता सत्त्वानामपि तस्मां
चाक्षुषप्रतीतिवत् ।

160 वि.मं. पृ. 58. ... प्रपञ्चप्रतीशास्ता नाम, न तु जातु प्रवृत्तिः ।

19

161 सु.सू., पृ. 58, विशेषदर्शनं विजातीयभ्रमनिवर्तकस्यापि-
दर्शनात् ।

162 वि.मं.पृ.58-59, द्वैतप्रतीतिरेवानर्थरूपा, तन्निवृत्तिश्च
अपरोक्षब्रह्मज्ञानं विना न भवतीति... ।

163 बृ.उ. 2/4/10, निश्वसितमस्य वेदाः ।

164 श्वे. उ., 6/18, यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च –
प्रहिणोति तस्मै ।

165 भाग., 6/1/40, वेदो नारायणः साक्षात्स्वयम्भूरिति शुश्रुवः ।

166 भ. गी., 15-15, वेदैश्च सर्वैरहमेव वेद्यो वेदान्तकृद्वेदविदेवचाहम् ।

167 वि.मं., पृ. 60, स्वप्निकभोजनेन परमार्थतस्तृमिवदसत्तुस्यै-
गुयतद्वाक्यैः कथं परमार्थ सद्रूपं ब्रह्म फलिष्यति ।

168 ह.तो., पृ. 60, तथा च श्रवणेन ब्रह्मज्ञाने श्रवणे प्रवृत्तिः
कर्तव्येत्युभयमपि वेदादेवेति भावः ।

169 मा.पु., 81/42, ज्ञानिनामपि चेतांसि देवी भगवती सा ।
बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति ।।

170 प.पु., {उ.}, 55/3, {द्वापरस्ययुगस्यादौ.}
द्वापराद्यौ युगे भूत्वा कलया मानुषादिषु ।
स्वागमैः कल्पितैस्त्वं च जनान् मद्विमुखान्कुरु ।
मां च गोपय येन स्यात् सृष्टिरेषोत्तरोत्तरा ।।

171 भ.गी., 16/20, "मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ।"

172 वि.मं., पृ.61, ...दृष्टुरेव दर्पणादिदोषसम्बन्धात् प्रति-
बिम्बदर्शनं दृश्यते ।

183 सि.ले.सं., पृ. 110 : , मायाप्रतिबिम्ब ईश्वरो विद्याप्रतिबिम्बो
जीव इति ।

174 बृ. उ., 3/8/11, नाऽन्योऽतोऽस्ति द्रष्टा ।

175 वि.मं., पृ. 62-63, अविद्यासम्बन्धित्वे जीवतुश्यतापत्तिरिति ।

176 क.उ., 3/1, गुहां प्रविष्टौ परमे परार्द्धे

177 वि.मं., पृ. 63, जीवाज्ञानकल्पितत्वात् गुहाया: परमात्मन-
स्तददर्शित्वेन सहप्रवेशानुपपत्ति: ।

178 सं.भ., पृ. 63, नीरूपस्य प्रतिबिम्बासंभवात् विभुत्वहाने-
र्बिम्बप्रतिबिम्बवैजात्याच्च शुद्धब्रह्मण: प्रति-
बिम्बस्वीकारे हेत्वभत्वाश्च ।

179 अ.भा., 1/2/11, न ह्येकस्मिन् हृदयाकाशे जीवद्वयं प्रवेष्टुमर्हति ।

180 सि.ले.सं., पृ. 112, अन्त:करणे चित्प्रतिबिम्बो जीव: ।

181 वि.मं., पृ. 63, तदसत्वे परममुक्तिरेवेति ।

182 त.दी.नि., 1/59, जीवहानिस्तदा मुक्तिर्जीवन्मुक्तिर्विरुध्यते ।

183 वि.मं. पृ.63, तस्य अपरोक्षब्रह्मज्ञानत्वेन अज्ञानस्य निवृत्त्या...।

184 मु.उ., 2/2/8; भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ।

185 त.दी.नि. 1/60; अधिष्ठानुर्विनष्टत्वान्न देहः स्पन्दितुं क्षमः ।
प्रारब्धमात्रशेषत्वे सुषुप्तस्येव न व्रजेत् ।।

186 अ.भाग. 5/10/14; उपभोगेन कर्मारब्धं व्यपनयन् ।

187 प्राभ., पृ. 18; ज्ञानेन अविद्यानाशे प्रारब्धस्याविद्याकार्यस्य-
स्यातुमशक्यत्वात् ।

188 भ.गी., 4/37; ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते र्जुन ।

189 ब्र.सू.शांभा., 4/1/15; आश्रिते च तस्मिन्कुलालचक्रव-
त्प्रवृत्तवेगस्यान्तराले प्रतिबन्धासंभवाद्भवति
वेगक्षयप्रतिपालनम् ।

190. वि.मं., पृ. 64; सुषुप्तौ तथोपलम्भात् ।

191 अ.भा., 1/3/2, तेन शरीराद्यध्यासविशिष्टं न ब्रह्मणि
योजनीयमिति ।

192 वि.मं., पृ. 64-65; सर्पज्ञानजनितः कम्पो वेगाख्यसंस्कार-
वशादनुवर्तते ।

193 भा.प., श्लो 86; अथ द्रव्याश्रिता ज्ञेया.... गुणाः ।

194 सु.सू., पृ. 65, "भूतार्थवादत्वेन...प्रमाण्यस्या वश्यक-
त्वात्प्रवादमात्रतोपगमस्या संगतत्वादित्यर्थः ।

195 ब्र. सू. शां. भा., 2/3/50; आभास एव चैव जीवः परस्या-
त्मनो जलसूर्यकादिवत्प्रतिपत्तव्यः ।

196 छां. उ. भा., 6/3/2; जीवो हि नाम देवताया आभासमात्रः ।

197 अप. अ., श्लो. 43; चैतन्यस्यैकरूपत्वाद्भेदो युक्तो न कर्हिचित् ।
जीवत्वं च मृषा ज्ञेयं रज्जौ सर्पग्रहो यथा ॥

198 अ. अ. प्र., श्लो. 63; मुकुटस्य मुखं यमन्मुखवत्प्रयते मृषा ।
बुद्धिस्थाभासकस्मद्वुद्धात्मवत्प्रयते मृषा ॥

199 स्वा. प्र., श्लो. 36; अधिष्ठानं चिदाभासो बुद्धिरेतन्त्रयं यदा ।
अज्ञानदेकवत्भाति जीव इत्युच्यते तदा ॥

200 गौ. पा. का., 2/12; कल्पयत्यात्मनात्मानम् ।

201 नृ. उ. ता. उ., 9; माया...जीवेशावाभासेन करोति ।

202 सि. वि., पृ. 42; अज्ञानोपहित आत्मा अज्ञानतादात्म्या-
पन्नस्वचिदाभासाविवेकादन्तर्यामी साक्षी,
जगत्कारणमीश्वर इति च कथ्यते ।

203 भ. गी. शां. भा., 13-14; उपाधिभूतैः सर्वेन्द्रियगुणैः अध्यवसाय
संकल्पश्रवणवचनादिभिः अवभासते इति ।

204 ब्र. सू. शां. भा., 2/1/50, न स एव साक्षात् । नापिवस्त्वन्तरम् ।

205 पं.द., 1/43, परापरात्मनोरेवं युक्त्या संभावितैकता ।
तत्त्वमस्यादिवाक्यैः सा भागत्यागेन लक्ष्यते ।।

206 तत्रैव, 1/47, सोऽयमित्यादिवाक्येषु विरोधात्तदिदंतयोः ।
त्यागेन भागयोरेक आश्रयो लक्ष्यते यथा ।।

207 सि. बि., पृ. 44 आभासस्यापि जडाजडविलक्षणत्वेना-
निर्वचनीयत्वात् ।

208 सि. बि., सटीक., पृ. 44, किं तु वाच्यैकदेशयोरूपाध्यंशचिदा-
भासांशयोस्त्यागाद्वाच्यैकदेशस्य चिदंशस्यात्यागा-
ज्जहदजहल्लक्षणेयमिति ।

209 तत्रैव, पृ. 45, ना...स्वनाशार्थं प्रवृत्त्यनुपपत्तिः ।

210 तत्रैव, पृ. 45, गौणस्वरूपनाशार्था प्रवृत्तिश्चेयंगौणं
स्वरूपेणैव संपाद्यते ।

211 तत्रैव, पृ. 45, अयमेव हि कोऽनर्थो यत्संसार्यात्मदर्शनम् ।

212 तत्रैव, पृ. 45 , तेन शुद्ध चैतन्यस्याभास एव बन्धस्तन्निवृत्तिश्च
मोक्ष इति ।

213 बृ.उ.भा.वा., 2/3/192, "तदन्यद्यत्तदाभासं...।"

214 तत्रैव, 1/4/341, "चिदाभासं तमो ज्ञेयं....।"

215 तत्रैव, 4/3/1244, स्वतस्त्वविद्याभेदोऽत्र मनागपि-
4/4/599, न विद्यते ।

24

216 तत्रैव, 4/3/1569, अविद्या-ग्रथितः सोऽयं परमात्मा शरीरतः ।
कर्ता भोक्तेव भाभाति.... ।। "

~~217~~ ~~तत्रैव,~~

217 तत्रैव, 3/4/86, कूटस्थ दृष्टि तन्मोहौ दृष्ट्याभासश्च तन्त्रयम् ।
कारणं जगतः साक्षी नियन्तेति च भाष्यते ।।

218 तत्रैव, 3/4/371, अस्य द्वैतेन्द्रजालस्य यदुपादानकारणम् ।
अज्ञानं समुपाश्रित्य ब्रह्म कारणमुच्यते ।।

219 बृ.उ.भा.वा. 4/3/95, योऽयमविद्यादि सम्बन्धः सोऽप्य-
विद्याप्रकल्पितः ।

220 तत्रैव, 1/4/382, ईशादिविषयान्तं यत्तदविद्याविजृम्भितम् ।

221 तत्रैव, 4/3/1320, आत्माभासोऽपि धीऽज्ञाने तत्कार्ये-
चावभासते । कार्यकारणतारूप.... ।।

222 तत्रैव, 4/3/415, "कूटस्थात्यैकहेतुत्थापिद्बिम्बोमोहगस्तु यः ।"

223 तत्रैव, 4/3/394, परिणामो हि मोहादेश्चिदाभासः सदेष्यते ।

224 ब्र.सू., 2/3/50, आभास एव च ।

225 श.भा., 2/3/50, आनन्दांशस्य तिरोहितत्वात् ।

226 तत्रैव, 2/3/50, न तु सर्वथा प्रतिबिम्बवन्मिथ्यात्वंजलचन्द्र-
वदित्यैकस्यानेकत्वे दृष्टान्तः ।

227 ब्र.बि.उ., 12, एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः ।
एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ।।

25

228 त. दी. नि., 1,57, यद्यपि तद्वाक्यंब्रह्मवाक्यम् । तनैकं ब्रह्मैव
नानारूपं चन्द्रयत् दृष्टान्तेनोच्यते ।
एकस्य नानात्वमेव दृष्टान्तार्थो, न प्रतिबिम्बत्वम् ।

229 त. दी. नि. (पृ.), 1/57, सहसा एतत्तिरोधानाज्जीवत्वं भासते ।
तेन आनन्दांशेनाविर्भूतेन युक्तं यत् तद्वद् ब्रह्मवदवभासते
इत्यर्थः । सदंशे स्फूर्तावाभासत्वम् । उभयोः स्फूर्तौ
प्रतिबिम्बत्वम् । त्रितयस्फूर्तौ ब्रह्मत्वामिति निर्णयः,
न तु लौकिकाभासत्वम् । तथा सति अलीकता स्यात् ।

230 सुबो., 2/9/33, प्रमाणभूतो वेदः "सर्वं खल्विदं ब्रह्मैव"त्याह ।

231 तत्रैव, 2/9/33, आच्छादिकैका । अन्यथाप्रतीतिहेतुश्चा परा ।

232 सुबो., 2/9/33, यथा द्विचन्द्राधाभासो माययैव जन्यते ।
न तु प्रतीत्यनुरोधेन चन्द्रद्वयं कल्प्यते ।
एवं विषयताऽपि मायया जन्यते ।

233 तत्रैव, 2/9/33, यथा न्धकारः पदार्थस्तेजो भावे जन्यते ।
यत्रैव तेजो भावस्तत्रैवा न्धकारं जनयति माया ।
इयमेव व्यामोहिका ।

234 तत्रैव, 2/9/33, अत एव दिवाभीतान्प्रति ना न्धकारं जनयति ।
ते नु तेजो भावमेव गृह्यान्ति ।

26

235 तत्रैव, 3/7/15, वस्तु दूरीकृत्य निर्विषयकमेव ज्ञानं मायावृतं
यत्किञ्चिद्विषयत्वेन भाति ।

236 सुबो. 3/7/15, एवमेव हि शुक्तिकायां रजतप्रतीतिः
रन्तरा भासते तत्स्पर्शे च निवर्तते ।

237 तत्रैव, 2/9/2, सा ह्याभासमूलमाया बहुरूपा भवति ।
तथा सम्बद्धो ये स्वयमपि बहुरूपो भवति ।

238 तत्रैव, 1/5/20, तत्र जगतः स्थितिर्भगवत्येवेति भगवानेवजगतीति
स्वाधारत्वाद्भगवतः भगवानेवजगत् ।

239 तत्रैव, 10/85/25, स एव स्वेच्छया सर्वरूपेण तिष्ठतीति
विचारप्रवणं चित्तं कृत्वा यथा मां जानासि
तथैव मां जानीहि, इत्युपदेशः । एष एवाखण्डाद्वैत (ब्रह्म) वादः ।

240 सु.सू., पृ. 66, जीवस्य वस्तुतो ब्रह्मत्वे भेदभावरूप जीवपद-
वाच्यतायाश्च दुष्टत्वम् ।

241 ह.तो. पृ.66 जीव एव नास्तीति चेत्, कस्य मोक्षः कस्य वा
जीवन्मुक्ततेत्यादिदूषणानि संभवन्ति ।

242 वि.मं., पृ.66...अङ्गुल्यादिसम्पर्काश्चेन्द्रादिद्वैताभासवदविद्या-
तो ब्रह्माप्यनेकवदवभासमानं द्वित्रादिसंख्यायोगि
जीवपदवाच्यमिति ।

243 ब्र.सू.शां.भा., पृ.13 शुक्तिका हि रजतवदवभासते, एकश्चन्द्रः
सद्वितीयवदिति ।

244 नृ.ता.उ., 9, जीवेशावाभासेन करोति ।

245 ब्र.सू., 2/3/50, आभास एव च ।

246 त्रि.वि.म.उ....4, कार्योपाधिरयं जीवः कारणोपाधिरीश्वरः ।

247 वि.मं., पृ. 68, ....श्रुतिबोधितः कार्यकारणभावः ।

248 भाग., 11/11/4., बंधोऽस्यविद्ययाऽनादिः ।

249 वि.मं., पृ. 69, मुक्तमिति तु न वक्तुं शक्यम्,

साधनाभावादग्रे बन्धोस् ।

250 ह.तो., पृ. 69, साधनं विना मोक्षो नास्ति, मुक्तस्य-

पुनर्बन्धनं नास्तीत्यभिप्रायः ।

251 वि.मं., पृ. 69, न वा बद्धम्, तस्य भावित्वात् ।

252 तं.भ., पृ.72: जीव ईशो विशुद्धाचिद्विभागस्त्वनयोर्द्वयोः ।

अविद्या, तत्कृतो बन्धोः षडस्माकमनादवः ॥

253 वि.मं., पृ. 72, स च परमार्थतो चिन्तयोर्न सम्भवती-

त्यवास्तवो भेदोऽत्र वाच्यः ।

254 वि.मं., पृ. 66, न तावद्ब्रह्मणः, तत्र भ्रमायोगात् ।

255 ह.तो., पृ. 67, आभासविषये जीव आभासो नास्ति...।

256 तत्रैव, पृ. 67, अनेकचन्द्राणामलीकत्सत्त्वैव नास्ति,

एकस्मिंश्चन्द्रे दोषाभावाद्दवभासो नास्ति ।

257 बृ.उ., 3/7/22, य आत्मानमन्तरो यमयति ।

258 श्रु.गी., श्लो., 17, नियन्ता जीवसंघस्य हरिस्तेनाणवो मताः ।

जीवा न व्यापका क्वापि चिन्मया ज्ञानिना मताः ॥

.28

259 वि.मं., पृ. 67, तयोर्विभुत्वेन तदनङ्गीकारात् ।

260 न्या.सि.मु., 5/115, अप्राप्तयोस्तु या प्राप्तिः सैव संयोग ईरितः

261 वि.मं., पृ. 67, मुक्तात्मन्यपि तत्सम्भवेन संसारित्वापादकत्वप्रसंगात् ।

262 त्रि.वि.म.ना., उ., अ. 4, कार्योपाधिरयं जीवः कारणोपाधिरीश्वरः ।

263 वि.मं., पृ.68, न हि सर्वात्मना तत्र सादित्वनिषेधः ।

264 ह.तो., पृ. 68-69, यथा देवानामपि कल्पान्ते मरणसम्भवेऽपि ना मरव्याघातः, एवं सृष्टवादौ तस्योत्पत्तिसत्त्वेऽपि चिरन्तनत्वान्ना नादित्वहानिरिति श्रुतितात्पर्यमिति भावः ।

265 ह.तो., पृ. 69, तथा च बन्धस्याविद्याकृतत्वादनादित्वं न सम्भवतीति भावः ।

266 वि.मं., पृ. 70...मुख्यासु द्वादशशक्तिषु गणनादविद्याया भगवच्छक्तित्वेन...... ।

267 भाग., 10/39/55, श्रिया पुष्ट्या गिरा कान्त्या कीर्त्यातुष्ट्येलयोर्जया ।

विद्ययाविद्यया शक्त्या मायया च निषेवितम् ।

29

268 ह.तो., पृ. 70, तथा चाविद्यासा भगवच्छक्तित्वाज्जीवा-
धीने बन्धमोक्षादिकं किमपि नास्तीति भाव: ।

269 वि.मं., पृ. 70, तेषु तथेच्छाभावात् ।

270 कौ.उ., 3/9, "एष ह्येव साधु कर्म कारयति तं, यमेभ्यो
लोकेभ्य उन्निनीषति, एष उ एवासाधु कर्म
कारयति तं, यमेभ्यो लोकेभ्यो धो निनीषतीति ।

271 ह.तो., पृ.70, श्रुत्वोक्तत्वात्साधनमोक्षयो: कार्यकारणभावव्याघातो-
नास्ति ।

272 न.दी.वि., 1/27, बहु स्यां प्रजायेयति वीक्षा तस्य ह्यभूत् सती ।
तदिच्छामात्रतस्तस्माद् ब्रह्मभूतांशचेतना: ।।

273 गं.भ. पृ. 72, एवं च जीवस्वरूपं सदामुक्तबन्धयोग्यमुक्तबद्ध-
भेदेन चतुरवस्थम् ।

274 छां.उ., 8/12/1, न स पुनरावर्तते ।

275 भाग., 11/11/1, बद्धो मुक्त इति व्याख्या गुणतो मे न वस्तुत: ।
गुणस्य मायामूलत्वान्न मे मोक्षो न बन्धनम् ।।

276 वि.मं., पृ. 71-72, अविद्यासम्बन्धमात्रेण जीवभावं...,
शुद्धब्रह्मण्येवं च तत्सम्बन्धं..... ।

277 तत्रैव, पृ. 72, सर्वज्ञत्वादिविशिष्ट परमात्मासिद्धि: ।

278 वि.मं., पृ. 72 "महावाक्ये भागत्यागलक्षणापि, पर-
पूर्वाऽपरालोचनरहित: ।

279 छां.उ., 6/1/3; "अपि वा तमादेशमप्राक्षो येनाश्रुतं-
श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम् ।

280 वि.मं., पृ. 730; तदेकमेव चेत् सर्वं भवेत्, तदोपपद्यते ।

281 ह.तो., पृ. 74; तथा च दृष्टान्ते सुवर्णखण्डा इत्यनेना
जीवस्यांशत्वं, सुवर्णकार्यमित्यनेन जगत:
कार्यत्वं बोधितम् ।

282 छां.उ., 6/2/1, सदेव सौम्येदमग्र आसीत् ।

283 तत्रैव, 6/8/7, स च एषोऽणिमा ऐतदात्म्यमिदं सर्वं
तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो ।

284 सु.सू., पृ. 74, इदं परिदृश्यमानं सर्वमैतदात्म्यम्...।

285 ह.तो., पृ. 75, तथा च सुवर्णदृष्टान्तेन सर्वमात्ममयमितिभाव: ।

286 वि.पु., 1/22/60, तदेतदक्षयं नित्यं जगन्मुनिवराखिलम् ।
आविर्भावतिरोभावजन्मनाशविकल्पवत् ।

# પ્રકરણ - ૬

## આવિર્ભાવતિરોભાવવાદ

બ્રહ્મની સર્વશક્તિમત્તા-સામર્થ્ય સિધ્ધ કરવા માટે આવિર્ભાવ-તિરોભાવવાદનો શુધ્ધાદ્વૈત વેદાન્તમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. અવિકૃત બ્રહ્મ વ્યક્તભાવ વડે અક્ષર, જીવ અને જગત ના રૂપમાં આવિર્ભાવ પામે છે અને અવ્યક્તભાવ વડે તિરોભાવ પામે છે. આમ આવિર્ભાવ-તિરોભાવવાદ શુધ્ધાદ્વૈત-વેદાન્તનો એક મહત્ત્વપૂર્ણ સિધ્ધાન્ત છે.

આવિર્ભાવ એટલે પ્રગટભાવ[૧] અને તિરોભાવ એટલે અપ્રગટભાવ. આવિર્ભાવ એ કારણમાં રહેલ કાર્યનું બાહ્ય પ્રકટીકરણ છે.[૨] જ્યારે તિરોભાવ પ્રગટરૂપે બાહ્ય કાર્યનું કારણમાં વિલીન થવું અર્થાત્ અપ્રગટીકરણ છે.

બ્રહ્મ જગતનું નિમિત્તકારણ અને ઉપાદાનકારણ છે. પરન્તુ ઘટની જેમ તેમાં નિમિત્તકારણ અને ઉપાદાનકારણ ભિન્ન નથી. જેમ ઘટનું નિમિત્તકારણ કુંભાર વગેરે છે અને ઉપાદાનકારણ માટી છે તેમ જગતનું

કારણ બ્રહ્મ અભિન્નનિમિત્તોપાદાન કારણ છે. અર્થાત જગત બ્રહ્મમાંથી આવિર્ભાવ પામ્યું છે માટે તે બ્રહ્મ ઉપાદાનકારણ છે જ્યારે જગતના રચયિતા-નિર્માતા બ્રહ્મ છે માટે તે બ્રહ્મ નિમિત્તકારણ છે.

જ્યારે બ્રહ્મ ઉપાદાનકારણની સ્થિતિમાં હોય ત્યારે જગત રૂપી કાર્ય પ્રગટ હોતું નથી અર્થાત તિરોહિત હોય છે. પરંતુ જ્યારે બ્રહ્મ જગત રૂપી કાર્યની સ્થિતિમાં હોય ત્યારે તે નામ, રૂપ અને કર્મથી પ્રગટ થાય છે અર્થાત્ આવિર્ભાવ પામે છે. આ રીતે સત્ બ્રહ્મમાંથી સત્કાર્યરૂપ જગત આવિર્ભાવ પામે છે અસત્માંથી સદ્રૂપ જગત નહીં.[૩] આવિર્ભાવ અને તિરોભાવનું સ્વરૂપ સમજાવતાં શ્રીમદ વલ્લભાચાર્ય કહે છે કે આવિર્ભાવ અને તિરોભાવ ખરેખર મુરારિ-ભગવાનની બે શક્તિઓ છે. પ્રથમ આવિર્ભાવશક્તિ ભક્તિ દ્વારા જ્યારે દ્વિતીય તિરોભાવશક્તિ તેનો અભાવ હોવાથી હંમેશાં ભગવાનમાં જ હોય છે.[૪]

આમ આવિર્ભાવ તિરોભાવ એ ભગવાનની શક્તિઓ છે. - આવિર્ભાવશક્તિ ભક્તિ દ્વારા ભગવાનમાં નિત્ય રહે છે. જ્યારે તિરોભાવશક્તિ ભક્તિનો અભાવ હોવાથી ભગવાનમાં નિત્ય રહે છે.

આવિર્ભાવ અને તિરોભાવ ભગવાનના ધર્મો છે. ધર્મને ધર્મીનો આશ્રય હોય છે. આથી ધર્મી નિત્ય કહેવાય છે. તે ભગવાન જ હોય છે.[૫] તેથી ધર્મથી ધર્મીની સિદ્ધ થતાં તે કારણ કહેવાય છે.

૧. <u>વેદ-ઉપનિષદમાં આવિર્ભાવતિરોભાવવાદનો સંકેત સ્થાનો</u> :-

"આજે ભૂત અને[૬] ભાવી છે તે પુરુષ જ છે"માં જગતનું બ્રહ્મસ્વરૂપ પ્રતિપાદિત થયું છે.

"પ્રારંભમાં આ જગત અપ્રકટ હતું, પછી તે નામ અને રૂપ વડે પ્રગટ થયું."[૭] માં આવિર્ભાવતિરોભાવવાદના સ્પષ્ટ દર્શન થાય છે.

આત્મામાંથી આવિર્ભાવો અને તિરોભાવો, આત્મામાંથી અન્ન[૮] .... એમ આત્મામાંથી જ આ બધું જ થતું દેખાય છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયના આવિર્ભાવ-તિરોભાવને જાણનારો છતાં પોતે આવિર્ભાવતિરોભાવ વિનાનો સ્વયં પ્રકાશ આત્મા સાક્ષી કહેવાય છે[૯] વાક્યમાં આવિર્ભાવતિરોભાવવાદમાં રહેલો વિરૂધ્ધ ધર્મનો પરિચય થાય છે.

૨. <u>પુરાણોમાં આવિર્ભાવતિરોભાવનાં સંકેત સ્થાનો</u> :-

હે મુનિવર, આવિર્ભાવ અને તિરોભાવ અથવા જન્મ અને નાશવાળું જગત અક્ષય અને નિત્ય છે.[૧૦] અહીં આવિર્ભાવતિરોભાવને જન્મ અને નાશના વિકલ્પ તરીકે આલેખેલાં છે.

આવિર્ભાવ અને તિરોભાવ આ જોયેલું ને આ ન જોયેલું એવા લક્ષણવાળું આ જગત સરજાયું છે ને અંતે સંકેલાયેલું છે.[૧૧] આમ આવિર્ભાવ-તિરોભાવનો લક્ષણયુકત પરિચય આપવામાં આવ્યો છે.

બ્રહ્મવૈવર્તપુરાણના શ્રીકૃષ્ણ જન્મખંડમાં શ્રીકૃષ્ણ નંદરાય ને કહે છે પૃથ્વી પર પ્રત્યેક સ્થળે અને સમયે જે પ્રમાણે જોઇએ તે પ્રમાણે ઇશ્વરની ઇચ્છાથી આવિર્ભાવ થયો છે અને તે કોઇ રીતે અડચણ કરનારું થતું નથી. વારુ કેટલા બધાં બ્રહ્માંડનો આવિર્ભાવ કર્યો છે ને કેટલા બધાનો તિરોભાવ કર્યો છે, અને પ્રભુના ભ્રૂ-ભ્રમરના ભંગની લીલાથી

કેટકેટલાં ખેલ ક્યાં છે.[૧૨]

૩. શ્રીમદ્ભાગવતમાં આવિર્ભાવતિરોભાવનાં સંકેત સ્થાનો :-

શ્રીમદ્ભાગવતમાં પ્રથમ સ્કંધમાં યુધિષ્ઠિરની ઉક્તિ છે "જેમ રમનારાની ઇચ્છાથી રમતના સાધનોના સંયોગ અને વિયોગ થાય તે જ પ્રમાણે ઇશ્વરની ઇચ્છાથી મનુષ્યોના સંયોગ અને વિયોગ થાય છે.[૧૩]

તૃતીયસ્કંધમાં કહ્યું છે "આ સૃષ્ટિ વગેરેને થંભાવી દેવાની ક્રિયા તે પ્રભુનું શયન અને જે આવિર્ભાવ તે સંભવ.[૧૪]

દશમસ્કંધમાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે "આકાશ, વાયુ, તેજ, પાણી અને પૃથ્વી આ બધાં જે પ્રભુના કરેલા છે તેમાં ક્યાંક થોડો તો ક્યાંક ઝાઝો એમ બધે એ પ્રભુ જ આવિર્ભાવ અને તિરોભાવથી બિરાજે છે.[૧૫]

૪. મહાભારતમાં આવિર્ભાવતિરોભાવનાં સંકેત સ્થાનો :-

મહાભારતના આશ્રમવાસિકપર્વમાં આવિર્ભાવતિરોભાવનું નિરૂપણ થયું છે તે મુકતપુરૂષ અવ્યકતથી પ્રગટ થયા હતા, અને ફરી અવ્યકતમાં અદશ્ય થઇ ગયા. આ જ નિમિત્તે હું એને જાણતો નથી. એ મને જાણતો નથી, અને મને વૈરાગ્ય નથી.[૧૬]

ભગવદગીતમાં પણ કહ્યું છે, "જીવ જૂનાં શરીરોનો ત્યાગ કરી નવાં શરીરોમાં જોડાઇ જાય છે."[૧૭]

હું અજ, અવ્યયાત્મા અને પ્રાણીઓનો ઇશ્વર હોવા છતાં મારી પ્રકૃતિનું અધિષ્ઠાન કરી મારી માયાથી અવતારું છું.[૧૮] આમ આવિર્ભાવતિરોભાવ નિત્યસત્તાનું દર્શન કરાવે છે.

## બ્રહ્મસૂત્રોમાં આવિર્ભાવતિરોભાવનાં સંકેત સ્થાનો :-

બ્રહ્મસૂત્રોમાં નીચે પ્રમાણેના સૂત્રોમાં આવિર્ભાવતિરોભાવના સંકેતો જોવા મળે છે.

"પછીથી જો કહો તો જેનામાં સ્વરૂપ પ્રગટ થયું છે તે છે."[૧૯] ઉપર્યુક્ત સૂત્રમાં જીવમાં ભગવાનના આવિર્ભાવનો ઉલ્લેખ છે. અર્થાત્ સુષુપ્ત અવસ્થા-મોક્ષાવસ્થામાં જીવ પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

પરંતુ જીવનું ઐશ્વર્ય વગેરે ભગવાનની ભોગ કરવાની ઇચ્છાથી તિરોહિત છે, તેથી જ એને બંધન અને વિપરીત બુદ્ધિ થાય છે.[૨૦] અહીં ભગવાનના ધર્મોનું જીવમાં તિરોધાન દર્શાવ્યું છે.

બ્રહ્મની પાસે ગયા પછી જીવનું (આનંદસ્વરૂપ) આવિર્ભાવ પામે છે.[૨૧] અહીં ભગવત્સ્વરૂપ આનન્દ સ્વરૂપની શક્તિ વડે જ આવિર્ભાવ થાય છે.

ભગવાનના સ્વરૂપનો અનુભવ એક રીતે ગાઢનિદ્રામાં અને બીજી રીતે ભગવાનના મિલનમાં થાય છે.[૨૨] અહીં ભગવાનનો આવિર્ભાવ ઉપર્યુક્ત બે રીતો પૈકી કોઇ એક રીતે થાય છે.

બ્રહ્મસૂત્રાણુભાષ્યમાં આવિર્ભાવતિરોભાવનાં સંકેતસ્થાનો :-

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મસૂત્રાણુભાષ્યમાં આવિર્ભાવતિરોભાવના સંકેતો આપે છે, તે નીચે પ્રમાણે છે.

આવિર્ભાવ પામેલ સ્વરૂપ એટલે જેનામાં બ્રહ્મનું સ્વરૂપ પ્રકટ થયું છે તે જીવ. સુષુપ્તિ અવસ્થામાં અને બ્રહ્મસંપત્તિરૂપ મોક્ષાવસ્થામાં ભગવાન જીવમાં આવિર્ભાવ પામે છે.[૨૩] જેમ નૃસિંહના ઉપાસકમાં નૃસિંહનો આવિર્ભાવ થાય છે તેમ બ્રહ્મનો ઉપદેશ કરનારમાં ભગવાનનો આવિર્ભાવ થાય છે.[૨૪]

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મસૂત્ર ઉપરના અણુભાષ્યમાં પ્રશ્ન કરે છે કે જીવ ભગવાનનો અંશ હોવા છતાં દુઃખી શા માટે થાય છે ?[૨૫]

ઉપર્યુક્ત પ્રશ્નનો ઉત્તર આપતાં તેઓ કહે છે કે ભગવાનના ધર્મો જીવમાં ભગવાનની ઇચ્છાથી તિરોહિત થયા છે.[૨૬] અર્થાત ભગવાનના ધર્મો જેવાં કે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય છે. જેમાં પ્રથમ ચારથી જીવનું બંધન થાય છે અને પછીના બેથી જીવને વિપરીતબુદ્ધિ થાય છે. આનું કારણ ભગવાનના ધર્મોનો તિરોભાવ છે, બીજું નથી.[૨૭]

ઐશ્વર્ય વગેરે ભગવાનના ધર્મોમાંથી એકાદ અંશ પણ જીવમાં પ્રગટ થાય તો જીવ બંધનમાં આવતો નથી. સૃષ્ટિના આદિકાળથી જ જીવમાં આનન્દાંશનો તિરોભાવ થયો છે. આથી જીવભાવ પ્રાપ્ત થાય છે.[૨૮]

વળી પણ કહ્યું છે કે બ્રહ્મની પ્રાપ્તિ થયા પછી, પ્રભુ જો પરમ કૃપાથી સ્વરૂપાત્મક ભજનાનન્દનું દાન આપવા ઇચ્છે તો એ જીવ બહાર

આવિર્ભાવ પામે છે.[29] અહીં "સ્વ" શબ્દ ભગવાનનો વાચક છે. તેથી જ ભગવાન પોતાના સામર્થ્યથી જ આવિર્ભાવ કરે છે.[30] ભગવાનના સ્વરૂપનો આવિર્ભાવ "સ્વાપ્યય" એટલે ગાઢ નિદ્રામાં થાય છે. જ્યારે બીજો સંપત્તિ-બ્રહ્મસંપત્તિમાં થાય છે જે પુષ્ટિમાર્ગીય મોક્ષ કહેવાય છે. આમ પ્રભુની-પ્રાપ્તિ બે પ્રકારે થાય છે.

તત્ત્વાર્થદીપનિબંધમાં આવિર્ભાવતિરોભાવનાં સંકેતસ્થાનો :-

તત્ત્વાર્થદીપનિબંધમાં શાસ્ત્રાર્થપ્રકરણમાં આવિર્ભાવતિરોભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે આવિર્ભાવ અને તિરોભાવ દ્વારા બ્રહ્મ અનેકરૂપથી મોહ ઉત્પન્ન કરે છે. તે ઇન્દ્રિયોના સામર્થ્યથી અદૃશ્ય છે, પરંતુ સ્વેચ્છાથી દૃશ્ય પણ છે.[31]

આવિર્ભાવ એ અવતાર છે જેમ મત્સ્યાદિરૂપે ભગવાનનું પ્રાકટ્ય થાય છે તેમ આવિર્ભાવ અવતારનું જ સ્વરૂપ છે. જ્યારે તિરોભાવ એટલે અવતારની સમાપ્તિ. અર્થાત્ અવતાર કાર્યલીલા સમાપ્ત થતાં તિરોભાવ થાય છે.

વળી પણ કહ્યું છે કે આનંદરૂપ બ્રહ્મમાં જ્યારે શુદ્ધ સત્ત્વનું પ્રતિબિમ્બ પડે છે ત્યારે આવિર્ભાવમાં મરકતમણિ જેવું શ્યામ બ્રહ્મ પ્રકાશે છે.[32] અહીં બ્રહ્મનો સાક્ષાત્કાર આવિર્ભાવ દશામાં જોઇ શકાય છે. આમ બ્રહ્મઆંખનો વિષય થાય છે.

તત્ત્વાર્થદીપનિબંધના સર્વનિર્ણયપ્રકરણમાં પૂર્વે કહ્યું તેમ આવિર્ભાવ અને તિરોભાવને બ્રહ્મની મુરારિની શક્તિ તરીકે વર્ણવેલાં છે. -

શ્રીમદ્ વલ્લભાચાર્ય કાલનું નિરૂપણ કરતાં આવિર્ભાવતિરોભાવનું સ્વરૂપ સમજાવે છે. તેઓ કહે છે કે આવિર્ભાવ અને તિરોભાવ વગેરે બ્રહ્મમાંથી સ્વતઃ આપમેળે જ થાય છે.[33]

સુબોધિનીમાં આવિર્ભાવતિરોભાવનાં સંકેતસ્થાનો :-

શ્રીમદ્ભાગવત પર લિખિત સુબોધિની ટીકામાં આવિર્ભાવતિરોભાવના સંકેતસ્થાનો પ્રાપ્ત થાય છે. તદનુસાર શ્રીમદ્વલ્લભાચાર્ય ભગવાનના આવિર્ભાવ માટે જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ સૂચવે છે. આવિર્ભાવથી વિપરીતભાવ હોય તો જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ આવશ્યક બનતો નથી.[34]

વળી ભગવાન રુદન કરી રહેલી ગોપીઓની વચ્ચે જ આવિર્ભાવ પામ્યા, માયારૂપ પડદો દૂર કરી તે પ્રગટ થયા.[35] અહીં પણ આવિર્ભાવનું સ્પષ્ટ નિરૂપણ જોવા મળે છે.

ભગવાને આનંદાંશનો તિરોભાવ કર્યો ત્યારે ભગવાનનો જ તિરોભાવ પામેલ આનંદઅંશ જીવનારૂપમાં આવિર્ભાવ પામ્યો.[36] આમ ભગવાન જ જીવ થયા એમ સમજાવેલું છે.

આવિર્ભાવતિરોભાવ અને ન્યાયદર્શન :-

આવિર્ભાવતિરોભાવવાદ સાંખ્યના સત્કાર્યવાદને મળતો સિદ્ધાંત છે. અર્થાત્ વસ્તુની ઉત્પત્તિ પહેલાં તે કારણના રૂપે રહેલું હોય છે. અને નાશ પછી પણ ફરી તે કારણમાં જ વિલીન થાય છે. આમ વસ્તુ

નિત્ય રહે છે, તે આવિર્ભાવતિરોભાવવાદના મૂળમાં રહેલો વિચાર છે. આવિર્ભાવતિરોભાવવાદ અનુસાર વસ્તુની ઉત્પત્તિ કે નાશ થતો નથી; પરંતુ કાર્યકારણભાવની અનન્યતા વસ્તુની સત્યતા સ્થાપિત કરે છે. અર્થાત્ જેમ માટીમાંથી ઘડો બને છે તે કારણમાંથી કાર્યનું સર્જન થાય છે અને ઘડો ફૂટી જતાં ફરી માટીમાં વિસર્જન થાય છે. આમ ઘડો બનતાં પહેલાં તે માટીરૂપે વિદ્યમાન હતો ત્યારે ઘટની તિરોભાવ દશા હતી પરંતુ માટીમાંથી ઘડાનું નિર્માણ થાય ત્યારે ઘટની આવિર્ભાવ દશા કહેવાય છે. આ રીતે વસ્તુ સત્ય હોવાનું સમજાય છે.

ભારતીય દર્શનશાસ્ત્રમાં ન્યાયદર્શનનું પણ અગત્યનું અને આગવું સ્થાન છે. ન્યાયશાસ્ત્રનો ઉદ્દેશ્ય જ્ઞાનના વિષયોની તર્કબુદ્ધિ દ્વારા આલોચના અને શોધખોળ કરવી તે છે.

ન્યાયદર્શનથી સર્વશાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે. આથી જ કહ્યું છે કે તે સર્વ વિદ્યાઓના દીપક સમાન છે. બધા કર્મોનો ઉપાય છે અને બધા ધર્મોનું આશ્રયસ્થાન છે. વળી જ્ઞાનના વ્યાખ્યાનમાં સંપૂર્ણપણે પરીક્ષા પામી ચુકેલી (આ વિદ્યા) છે.[૩૭] વળી ગૌતમ મુનિએ રચેલું આ શાસ્ત્ર સર્વશાસ્ત્રો માટે ઉપકારક ગણાય છે.

આમ ભારતીય દાર્શનિક પરંપરામાં "ન્યાય" શબ્દનો અર્થ "પ્રમાણો દ્વારા અર્થની પરીક્ષા" થાય છે.[૩૮]

ન્યાયશાસ્ત્રના જ્ઞાતાઓ નૈયાયિકો કહેવાય છે. તેમના મંતવ્ય અનુસાર ઉત્પત્તિ પહેલાં કાર્ય હોતું નથી. આમ અસત્ કાર્યની ઉત્પત્તિ

થાય છે. આથી તેઓ અસત્કાર્યવાદી કહેવાય છે. તેઓ વસ્તુની નિત્યતા સ્વીકારતા નથી. અર્થાત્ સાંખ્યના સત્કાર્યવાદથી તદ્દન ભિન્ન એવો અસતત્કાર્યવાદ ન્યાયશાસ્ત્રનો સ્વીકૃત સિધ્ધાંત છે. અહીં ચાર પ્રકારના અભાવ માનવામાં આવે છે તે ૧. પ્રાગભાવ ૨. પ્રધ્વંસાભાવ 3. અન્યોન્યાભાવ અને ૪. અત્યન્તાભાવ તરીકે ઓળખાય છે.[૩૯]

પ્રાગભાવ - પ્રાક્ + અભાવ અર્થાત કાર્ય પહેલાં કારણમાં જે અભાવ હોય છે તે. ઉ. ત. ઘડો પહેલાં માટીમાં તેનો અભાવ હોય છે.

કાર્યનો નાશ થાય પછી જે અભાવ થાય છે તે પ્રધ્વંસાભાવ કહેવાય છે. ઉ. ત. ઘડો ફૂટી જતાં જે અભાવ સર્જાય છે તે પ્રધ્વંસાભાવ છે.

પરસ્પર એકબીજામાં વસ્તુનો અભાવ રહેવો તે અન્યોન્યાભાવ કહેવાય છે ઉ. ત. વસ્ત્રમાં ઘડાનો અભાવ છે અને ઘડામાં વસ્ત્રનો અભાવ છે.

વસ્તુનું અસ્તિત્વ જ કોઇપણ સમયમાં ન હોય તે અત્યન્તાભાવ કહેવાય છે. ઉ. ત. વન્ધ્યાનો પુત્ર.

ઉપર્યુકત ચાર પ્રકારના અભાવોનો શુધ્ધાદ્વૈત વેદાન્તમાં સ્વીકાર થયો નથી.

શુધ્ધાદ્વૈત વેદાન્ત આવિર્ભાવતિરોભાવનો સ્વીકાર કરે છે. આથી ઉપર્યુકત અભાવોને સ્વીકારવાનો પ્રશ્ન જ રહેતો નથી.

કારણ કે નૈયાયિકોના અભાવવાદની સામે આવિર્ભાવતિરોભાવવાદ ભાવ અસ્તિત્વનું જ મહત્ત્વ સ્વીકારે છે. આમ નૈયાયિકો આવિર્ભાવતિરોભાવને સ્વીકારતા નથી. તેથી શ્રીવિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં નૈયાયિકોના તર્કો દ્વારા આવિર્ભાવતિરોભાવનું ખંડન પ્રસ્તુત કરે છે.

શ્રીવિઠ્ઠલનાથજીએ આવિર્ભાવતિરોભાવના પૂર્વપક્ષમાં પ્રસ્તુત કરેલી - નૈયાયિકોની દલીલો :- ( આવિર્ભાવતિરોભાવનું ખંડન )

શ્રીવિઠ્ઠલનાથજી આવિર્ભાવ અને તિરોભાવના શુદ્ધાદ્વૈતવેદાન્તના સિદ્ધાન્તનું પ્રતિપાદન કરતા પહેલાં પૂર્વપક્ષ પ્રસ્તુત કરે છે. તેમાં તેઓ નૈયાયિક મતાનુસાર આવિર્ભાવતિરોભાવનો અસ્વીકાર કરતી ખંડનાત્મક દલીલો રજૂ કરે છે.

૧. આવિર્ભાવતિરોભાવના વસ્તુધર્મ તરીકેના દોષો :-

૧. ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ નિત્ય માનીએ તો આવિર્ભાવતિરોભાવની નિત્યતા અનિર્વચનીય :-

આવિર્ભાવતિરોભાવ અનુસાર ઘટ નિત્ય છે. આમ ઘટ નિત્ય ઉપલબ્ધ અને અનુપલબ્ધ થાય છે. પદાર્થ કે વસ્તુ આકૃતિ કે જાતિની અભિવ્યક્તિ હોય છે.[૪૦] આથી આવિર્ભાવતિરોભાવને નિત્ય માનીએ તો વસ્તુ જ્ઞેય બનતી નથી અને અનિર્વચનીયતા આવી પડે છે. સમ્પૂર્ણપણે આ વસ્તુ "આ રીતે છે" એમ કહેવાની યોગ્યતા નિર્વચનીયપણું છે. જ્યારે તેનો અભાવ એ અનિર્વચનીયપણું છે.[૪૧]

૨. આવિર્ભાવતિરોભાવરૂપ ધર્મો ભિન્ન ભિન્ન હોઇ ધર્મીમાં એકત્ર સ્થિતિનો અભાવ :-

આવિર્ભાવ અને તિરોભાવ વસ્તુના ધર્મો છે. વસ્તુની ઉત્પત્તિ અને નાશ અવિર્ભાવ અને તિરોભાવરૂપે કહેવાય છે. પરંતુ આ બન્ને ધર્મો પરસ્પર વિરૂદ્ધ હોવાથી એકસાથે વસ્તુમાં રહી શકતાં નથી.[૪૨] આમ આવિર્ભાવતિરોભાવ ધર્મ સંભવતો નથી. આવિર્ભાવ અને તિરોભાવ એ બન્ને ધર્મો ધરાવતો કોઇ પણ ધર્મી પ્રાપ્ત થતો નથી. હવે જો ધર્મી ન હોય તો ધર્મ સંભવે નહિ. કારણકે ધર્મો ધર્મીમાં આશ્રિત બુદ્ધિને જ જન્મ આપનાર હોય છે.[૪૩] આથી ધર્મ અને ધર્મી એ બન્નેનો અભાવ સર્જાય છે. આમ ધર્મી ન હોવાથી ધર્મ પણ સિદ્ધ થતો નથી અને શૂન્યવાદ આવી પડે છે.[૪૪]

૩. આવિર્ભાવતિરોભાવને નિત્ય માનવાથી યજ્ઞાદિ સાધનોમાં-પ્રવૃત્તિ અટકી જાય !

આવિર્ભાવતિરોભાવ નિત્યધર્મ માનવામાં આવે તો યજ્ઞાદિ સાધનના ફળ પણ નિત્ય માનવાં પડે ! હવે ફળ નિત્ય પ્રાપ્ત થતું હોય તો તે માટેની પ્રવૃત્તિ પુરૂષાર્થ થાય નહિ.[૪૫] આમ આવિર્ભાવ-તિરોભાવની નિત્યતા અકર્મણ્યતા લાવે છે.

૪. આવિર્ભાવતિરોભાવ ધર્મ વસ્તુના ધર્મ હોઇ ભગવાનના ધર્મો તરીકે અસ્વીકાર્ય :-

આવિર્ભાવ ધર્મ એટલે વર્તમાન વસ્તુના દર્શનની યોગ્યતારૂપ ધર્મ, અને તિરોભાવ ધર્મ એટલે વર્તમાન વસ્તુના દર્શનની અયોગ્યતારૂપ ધર્મ. આ બન્ને ધર્મો વસ્તુના ધર્મો છે તેથી તે ભગવાનની શકિતરૂપ ધર્મો કેમ હોઇ શકે ?[૪૬]

આવિર્ભાવતિરોભાવ વસ્તુના ધર્મો છે. તેથી ઘટની નિત્ય ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ થતી નથી. આમ ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ અનિત્ય હોય છે. ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિમાં કારણસમૂહની પરંપરા જોવા મળે છે. અર્થાત ઘટની વિષયતા જ્ઞાન તેની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિમાં કારણભૂત છે. આંખ સન્નિકર્ષસંયોગ છે, વિષયતાનું કારણરૂપ છે. સન્નિકર્ષનું કારણ ઇન્દ્રિય આંખ અને મનનો સંયોગ છે. તેનું કારણ આત્મા અને મનનો સંયોગ છે.[૪૭] આમ ઘટની અનિત્યતાનાકારણનું કારણ ઇશ્વરેચ્છા માનીએ તો તે નિત્ય છે. આથી ઘટની નિત્ય ઉપલબ્ધિ અને અનુપલબ્ધિથી - અનિર્વાચ્યતા કે શૂન્યવાદ જેવાં પૂર્વે કહેલાં દોષો આવી જાય છે.

હવે આવિર્ભાવતિરોભાવ અનુસાર વસ્તુને નિત્ય માનવાથી "જે થયું છે અને જે થવાનું છે"[૪૮] નો વિરોધ ઉપસ્થિત થાય છે. આથી આવિર્ભાવતિરોભાવવાદ અપસિદ્ધાન્ત કહેવાય છે. એટલે જે સિદ્ધાન્તનો સ્વીકાર કરીને વિવાદ શરૂ કર્યો હોય તેનાથી વિરૂદ્ધ

મતનો આધાર લેવો તે અપસિદ્ધાંત કહેવાય છે.[૪૯]

૫. સહકારી કારણ નિત્ય હોવાથી આવિર્ભાવતિરોભાવનું નિરૂપણ અસંભવિત :-

આવિર્ભાવતિરોભાવનું સહકારી કારણ કાલ નિત્ય છે. આથી પૂર્વે કહેલ દોષ આવે છે. અર્થાત ધર્મી સહકારી કારણ કાલ નિત્ય હોય તો આવિર્ભાવતિરોભાવ ધર્મનું નિરૂપણ સંભવતું નથી.

૨. આવિર્ભાવતિરોભાવના સ્વરૂપલક્ષણ સંબંધી દોષો :-

૧. વાયુ વગેરેમાં આવિર્ભાવના લક્ષણનો અભાવ :-

વાયુ "વગેરે" માં કાલ, દિશા અને આકાશનો સમાવેશ થાય છે. આ બધામાં આવિર્ભાવના લક્ષણનો અભાવ જોવા મળે છે. કેમકે આવિર્ભાવનું પૂર્વોક્ત લક્ષણ વર્તમાન વસ્તુના દર્શનની યોગ્યતા અહીં કહી શકાતું નથી.[૫૦] અર્થાત વાયુ રૂપરહિત હોવાથી પ્રત્યક્ષ નથી. આથી કહ્યું છે કે વાયુના સંબંધમાં જ્ઞાન પ્રત્યક્ષ જોઇ શકાતું નથી, પણ અનુભવથી જાણી શકાય છે.[૫૧]

આવિર્ભાવનું લક્ષણ અવ્યાપ્તિદોષ યુક્ત બને છે. કારણ કે જે લક્ષણના એક ભાગમાં રહે અને બીજા ભાગમાં ન રહે તે અવ્યાપ્તિદોષ કહેવાય છે. આથી વાયુ વગેરેમાં આવિર્ભાવના લક્ષણનો અભાવ જાણી શકાય છે.[૫૨]

૨. આવિર્ભાવની નિત્યતા તિરોભાવની ઉચ્છેદક નાશક :-

આવિર્ભાવનું ઉપર્યુક્ત લક્ષણ "દર્શન" પદને અનુભવના અર્થમાં પ્રયોજે છે એટલે વર્તમાન વસ્તુની અનુભવ થવાની યોગ્યતા એ આવિર્ભાવ છે. પરંતુ દર્શન પદ અનુભવના અર્થમાં છે એમ ન કહી શકાય.[૫૩] કારણ કે ભૂત અને ભવિષ્યની વસ્તુઓનો અનુભવ થવાથી તે ચાક્ષુષ કહેવાય છે અર્થાત્ આંખના તેજના કિરણો બહાર ફેલાય છે. તે વસ્તુ પર પડવાથી વસ્તુ પ્રકાશે છે. આમ વસ્તુ ચાક્ષુષ પ્રત્યક્ષ થાય છે. આમ "વર્તમાન વસ્તુની અનુભવની યોગ્યતા" આવિર્ભાવના લક્ષણમાં આવી જતાં તિરોભાવનો ઉચ્છેદ નાશ થાય છે.[૫૪]

૩. આવિર્ભાવતિરોભાવના ભગવાનની શક્તિ તરીકેના દોષો :-

શ્રીવિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં આવિર્ભાવતિરોભાવના દોષો ભગવાનની શક્તિ તરીકેના દોષોનું ભેદ અને અભેદના વિકલ્પ દવારા નિરૂપણ કરે છે.

(૧) પ્રશ્ન એ છે કે આવિર્ભાવ અને તિરોભાવ પ્રત્યેક વ્યક્તિમાં ભિન્ન છે કે અભિન્ન છે ?[૫૫] તેનો ઉત્તર છે અંતિમ-બીજો નથી. એટલે અભિન્ન નથી. આવિર્ભાવ અને તિરોભાવ પ્રત્યેક વ્યક્તિમાં અભિન્ન એક ન હોઇ શકે. કારણ કે તે જો અભિન્ન એક હોય તો બધી વસ્તુ એકસાથે જ પ્રાપ્ત થાય ![૫૬] પરંતુ તેમ થતું ન હોવાથી આવિર્ભાવતિરોભાવ પ્રત્યેક વ્યક્તિમાં અભિન્ન-એક નથી.

(૨) કોઇપણ વસ્તુમાં અભાવની પ્રતિયોગિતા વિરોધીપણાનો નિશ્ચય કરવા માટે તેનો કોઇ નિયામક–અવચ્છેદક ધર્મ માનવો પડે છે. આ નિયામક ધર્મ પ્રતિયોગિતાનો અવચ્છેદક ધર્મ કહેવાય છે. પ્રતિ-યોગી અર્થાત્ જેનો અભાવ હોય તે પોતાના અભાવનો પ્રતિયોગી હોય છે. ઉદાહરણ તરીકે ઘટ ઘટાભાવનો પ્રતિયોગી વિરોધી છે.[૫૭] આથી જ ઘટ ઘટાભાવના પ્રતિયોગીનો નિયામક અવચ્છેદક છે.

આવિર્ભાવના અવચ્છેદક-મર્યાદા બાંધનાર નિશ્ચય કરાવનાર સ્વરૂપને બતાવનાર અભિન્ન નથી. અર્થાત્ ભિન્ન ભિન્ન છે. આથી સર્વનો આવિર્ભાવ સાથે થતો નથી.[૫૮] કારણ કે આ વિચાર-તર્કથી સિધ્ધ થઇ શકતો નથી. ઘટાદિ પદાર્થ આવિર્ભાવના અવચ્છેદક છે. આ પ્રમાણે આવિર્ભાવનો અવચ્છેદક ઘટ એ ઘટાવચ્છિન્ન આવિર્ભાવ કહેવાય છે અને આવિર્ભાવનો અવચ્છેદક પટ એ પટાવચ્છિન્ન આવિર્ભાવ કહેવાય છે. આમ આવિર્ભાવ એક હોવા છતાં અવચ્છેદક સ્વરૂપ બતાવનાર ભિન્ન-ભિન્ન છે. આથી સર્વ વસ્તુ સાથે જ પ્રાપ્ત થતી નથી.[૫૯]

(૩) આવિર્ભાવનો અવચ્છેદક ઘડો નિત્ય હોય છે એટલે તેની પ્રાપ્તિ નિત્ય થાય. જ્યારે તિરોભાવના અવચ્છેદક ઘડાનો અભાવ નિત્ય હોય છે એટલે તેની નિત્ય પ્રાપ્તિ ન થાય.[૬૦]

(૪) આવિર્ભાવ અને તિરોભાવની અવચ્છેદક કાલ રૂપી ઉપાધિ અનિત્ય છે. વળી આ કાલ રૂપી ઉપાધિ ભિન્ન ભિન્ન છે અભિન્ન નથી.

આથી ઘટાદિ પદાર્થની નિત્ય પ્રાપ્તિ થતી નથી અને નિત્ય અપ્રાપ્તિ થતી નથી.[61]

(૫) આવિર્ભાવ અને તિરોભાવ નિત્ય હોય તો ઘટ નિત્ય હોય. આ જ પ્રમાણે કાલ અને કાલની ઉપાધિ નિત્ય કહેવાય. આથી આવિર્ભાવથી ઘટાદિની નિત્ય પ્રાપ્તિ થાય અને તિરોભાવથી નિત્ય અપ્રાપ્તિ થાય. આમ થવાથી એકવાર પ્રાપ્ત કરેલાં પદાર્થોને નિત્ય ન કહી શકાય.[62] કારણ કે આ પ્રમાણે પદાર્થોની અનિત્યતા માની શકાશે નહિ.

(૬) અવચ્છેદક કાલ રૂપી ઉપાધિ જુદી જુદી છે. આથી આવિર્ભાવનો આવિર્ભાવ કલ્પીને દોષ દૂર કરી શકાય નહિ.[63] કારણ કે આવિર્ભાવતિરોભાવવાદ અનુસાર ઘટાદિ નિત્ય છે તેમ કાલ અને કાલની ઉપાધિ પણ નિત્ય છે. આથી આવિર્ભાવને કારણે ઘટાદિની નિત્ય પ્રાપ્તિ અને તિરોભાવને કારણે નિત્ય અપ્રાપ્તિનો પ્રસંગ આવે. આમ એક વાર જે પદાર્થ પ્રાપ્ત થાય તે નિત્ય છે, એમ કહી શકાય નહિ, કારણ કે એક વાર પ્રાપ્ત થયેલ પદાર્થને નિત્ય માનવામાં આવે તો અનિત્ય પદાર્થ કોને કહી શકાય ? આમ આવિર્ભાવનો આવિર્ભાવ શક્ય નથી.

(૭) આવિર્ભાવનો આવિર્ભાવ નિત્ય છે કે અનિત્ય છે ? વળી તે પ્રત્યેક વસ્તુમાં ભિન્ન છે કે અભિન્ન છે ! આમ પૂર્વે કહેલાં વિકલ્પો દ્વારા વિચાર કરીએ તો આવિર્ભાવનો આવિર્ભાવ સ્વીકારવો પડે !

આમ નિત્ય પ્રાપ્તિથી ફરી આવિર્ભાવનો સ્વીકાર અનવસ્થાદોષ આણે છે. અનવસ્થાદોષને અવ્યવસ્થિત પરંપરારૂપી ઉપાધિનો અનિષ્ટ-પ્રસંગ કહેવાય છે.[૬૪]

આવિર્ભાવનો આવિર્ભાવ અનવસ્થાદોષ લાવે છે. તેમ તિરોભાવનો પણ અનવસ્થાદોષ લાવે છે.[૬૫]

તિરોભાવને નિત્ય માનીએ તો પદાર્થની નિત્ય અપ્રાપ્તિ થાય. આમ તિરોભાવનો તિરોભાવ પણ નિત્ય-નિરંતર થાય. આથી નિત્ય અપ્રાપ્તિરૂપ તિરોભાવનો સ્વીકાર અનવસ્થાદોષ આણે છે. આમ આવિર્ભાવતિરોભાવ પ્રત્યેક વસ્તુમાં ભિન્ન નથી અભિન્ન છે. એમ દોષ સિદ્ધ થાય છે.

આવિર્ભાવતિરોભાવના નિત્યપક્ષના દોષો :-

આવિર્ભાવતિરોભાવ પ્રત્યેક વસ્તુમાં ભિન્ન છે તે પ્રથમ નિત્ય પક્ષના દોષ હવે કહેવાય છે.

(૧) આવિર્ભાવ અને તિરોભાવ એ બન્ને ભગવાનની શક્તિ છે.[૬૬] આથી પ્રત્યેક વસ્તુમાં તેને ભિન્ન ભિન્ન માનીએ તો પ્રસ્તુત વાક્યના દ્વિવચનનો વિરોધ ઉપસ્થિત થશે. આથી જ આવિર્ભાવતિરોભાવ પ્રત્યેક વસ્તુમાં ભિન્ન ભિન્ન સંભવતાં નથી.[૬૭]

(૨) ભગવાન અનન્ત શક્તિમાન છે તે "પરબ્રહ્મની પરાશક્તિ વિવિધ છે" દ્વારા સિદ્ધ છે.[૬૮] પરંતુ અહીં અનન્ત શક્તિની કલ્પના પ્રમાણગમ્ય નથી. વળી શ્રુતિના પ્રમાણથી "ગૌરવ" દોષ થતો નથી.

કારણ કે એક શક્તિથી જ એક પ્રકારના કાર્યકારણની સિદ્ધિ સંભવે છે. વળી ઘટાદિની પ્રાપ્તિ અને અપ્રાપ્તિ અનિત્ય હોવાનું કારણ કહી શકાશે નહિ.[69] આમ આવિર્ભાવતિરોભાવ અનિત્ય સિદ્ધ થાય છે તેથી તે બન્ને પ્રત્યેક વસ્તુમાં ભિન્ન સંભવતાં નથી. આમ આવિર્ભાવતિરોભાવના નિત્યપક્ષના દોષો કહેવાયા છે.

આવિર્ભાવતિરોભાવના અનિત્યપક્ષના દોષો :-

(૧) આવિર્ભાવતિરોભાવ ભગવાનના નિત્ય ધર્મો છે. પરંતુ ઘટાદિની પ્રાપ્તિ અને અપ્રાપ્તિ અનિત્ય છે. આથી આવિર્ભાવતિરોભાવ ધર્મ નિત્ય નથી. વળી ભગવાનના ધર્મો નિત્ય હોઈ સ્વમતનો ઉત્પત્તિ નાશનો વિરોધ થાય.[70]

(૨) આવિર્ભાવતિરોભાવ અનિત્ય છે આથી તેને ઉત્પત્તિ અને નાશ એમ કહેવું વધારે યોગ્ય છે. કારણ કે ઘટાદિના ઉત્પત્તિ અને નાશ થાય છે, અને ઉત્પત્તિનો નિયમ અનિત્યતામાં હોય છે.[71] આથી આવિર્ભાવતિરોભાવ આવશ્યક નથી.

જેમ અજા બકરીના કંઠમાં રહેલ સ્તન નિરર્થક હોય છે. તેમ ભગવાનના ધર્મ એવાં આવિર્ભાવ અને તિરોભાવ ઉપર્યુક્ત રીતે અનવસ્થા-દોષને પ્રાપ્ત થાય છે તેથી નિરર્થક સિદ્ધ થાય છે.[72] આ પ્રમાણે આવિર્ભાવતિરોભાવનો સાંખ્યશાસ્ત્રસમ્મત સિદ્ધાન્ત અપસિદ્ધાન્ત થાય છે. વળી "આ સર્વ ખરેખર બ્રહ્મ છે"[73] અનુસાર બ્રહ્મની નિત્યતાના સિદ્ધાંતનો પણ ભંગ થાય છે.

(૩) આવિર્ભાવતિરોભાવ અનુક્રમે ઘટની ઉત્પત્તિ અને નાશનો બોધ કરાવે છે. કારણ કે ઘટાદિના આવિર્ભાવની ઉત્પત્તિ દંડને લીધે જોઇ શકાય છે, અને ઘટાદિના તિરોભાવની ઉત્પત્તિ હથોડાને લીધે જોઇ શકાય છે. આમ આવિર્ભાવતિરોભાવ ભગવાનની શકિતનું કારણ હોય તો દંડ અને હથોડાને પણ કારણ તરીકે અવશ્ય કહેવાં જોઇએ.[૭૪]

આમ દંડ અને હથોડો અનુક્રમે ઘટને ઉત્પન્ન કરે છે અને ઘટના ધ્વંસ-નાશને ઉત્પન્ન કરે છે. આથી આવિર્ભાવ અને તિરોભાવ ભગવાનની શકિત તરીકે સ્વીકારી શકાય નહિ.

(૪) ઘટાદિનો તિરોભાવ પણ કહી શકાય નહિ. કારણ કે તિરોભાવનો સ્વીકાર કરવામાં આવે તો વસ્તુની સત્તાને લીધે પદાર્થનો નાશ થતો નથી.[૭૫] આથી જ યોગીઓ લૌકિક પ્રત્યક્ષનું જ્ઞાન ન હોવા છતાં પણ ધ્વસ્ત-નષ્ટ ઘટને પ્રાપ્ત કરે છે. આમ લૌકિકપ્રત્યક્ષ એ ઇન્દ્રિયોના વિષયોના સન્નિકર્ષથી ઉત્પન્ન જ્ઞાન હોય છે.[૭૬] જયારે યોગીપ્રત્યક્ષ કે યોગજપ્રત્યક્ષ એ યોગાભ્યાસથી ઉત્પન્ન વિશેષ ધર્મ છે.[૭૭] તે અલૌકિક સન્નિકર્ષથી સૂક્ષ્મ અર્થો પ્રત્યક્ષ કરે છે. એટલે યોગીઓ રૂપયુકત પદાર્થોનું જ્ઞાન મેળવે છે.

પરંતુ આ બરાબર નથી. કારણ કે પ્રત્યક્ષપ્રમાણમાં ઇન્દ્રિયાર્થ સન્નિકર્ષ જ પ્રધાન છે. આથી ધ્વંસ પછી પદાર્થનું અસ્તિત્વ રહેતું નથી.[૭૮] આ સંબંધમાં મુચુકુંદરાજાની કથા ઉલ્લેખનીય છે. રાજા દેવતાઓની રક્ષા કરવા પોતાનું રાજ્ય છોડી સ્વર્ગમાં જાય છે. ત્યાં દીર્ઘકાલપર્યન્ત રક્ષા કરીને કાર્તિકસ્વામીને મળ્યા ત્યારે દેવતાઓએ

મુચુકુન્દરાજાને વરદાન આપ્યું હતું તે પ્રસંગમાં કહ્યું છે કે "એ સમયની પ્રજા આ સમયમાં નથી."[૭૯] આમ આવિર્ભાવ અને તિરોભાવ અનિત્ય છે એમ સમજાય છે. વળી અહીં સુધી પૂર્વપક્ષના નિરૂપણમાં આવિર્ભાવ-તિરોભાવ "વન્ધ્યાપુત્ર" ની જેમ સિધ્ધ થાય છે. આમ વસ્તુની નિત્ય સત્તા જ સિધ્ધ થતી નથી.

આવિર્ભાવતિરોભાવનું લક્ષણ અને મંડન :-

શ્રીવિઠ્ઠલનાથજી આવિર્ભાવતિરોભાવના સિધ્ધાન્તની સ્થાપના કરે છે. તેમણે પ્રસ્તુત કારિકામાં આવિર્ભાવતિરોભાવના સિધ્ધાન્તનું સ્વરૂપ નિરૂપ્યું છે.

અહીં તે આવિર્ભાવતિરોભાવનું સ્વરૂપ કહેવાય છે, જે સાંભળીને બુધ્ધિમાન લોકો સંશયો દૂર કરીને બ્રહ્મવાદમાં અંતઃકરણને સુદૃઢ કરીને શ્રીહરિને પ્રાપ્ત કરે છે.[૮૦]

આવિર્ભાવતિરોભાવ સત્યસ્વરૂપ ભગવાનનું જ અનુભવ સાક્ષાત્કાર વિષયક જ્ઞાન છે: આથી તે મિથ્યા નથી.

શ્રીવિઠ્ઠલનાથજી આવિર્ભાવતિરોભાવનું લક્ષણ આપતાં કહે છે "આવિર્ભાવ એટલે અનુભવનો વિષય થવાની યોગ્યતા" તિરોભાવ એટલે અનુભવનો વિષય ન થવાની યોગ્યતા.

અનુભવ એ સાક્ષાત્કાર કહેવાય છે. સાક્ષાત્કારનો વિષય હોવાનો ગુણ આવિર્ભાવ કહેવાય છે અને સાક્ષાત્કારનો વિષય ન હોવાનો ગુણ તિરોભાવ કહેવાય છે.[૮૧]

આવિર્ભાવતિરોભાવ એ બન્ને ધર્મ સ્વરૂપે રહેલા હોય છે. એટલે ધર્મરૂપ આવિર્ભાવતિરોભાવને ધર્મીની આવશ્યકતા હોય છે. આમ તે બન્ને વસ્તુની સત્તા દ્વારા જ અવચ્છિન્ન છે સ્વરૂપથી ભિન્ન જણાય છે.[૮૨]

આવિર્ભાવતિરોભાવ વસ્તુ-સત્ત્વની સત્તા છે. તેમાં વસ્તુના ધર્મો રહેલા છે. જેમ ગુણ દ્રવ્યનો આશ્રય કરે છે.[૮૩] તેમ આવિર્ભાવ-તિરોભાવરૂપ ધર્મો ધર્મી આશ્રય વિના રહી શકતાં નથી. વળી "ઘટત્વ" એ ઘટમાં રહેલો ધર્મગુણ છે. તેનો સત્-ભાવથી એટલે અસ્તિત્વની વિદ્યમાનતા "ઘટ" પદ છે. તે જ ધર્મી કહેવાય છે. આમ ધર્મી ઘટના આશ્રય વિના ધર્મ ઘટત્વ રહી શકે નહિ. આથી જ આવિર્ભાવતિરોભાવરૂપ ધર્મો અલીક-અસત્ત્વમાં સંભવતાં નથી.[૮૪]

નૈયાયિકો તિરોભાવની પરિસ્થિતિમાં વસ્તુની સત્તાનો સ્વીકાર કરતાં નથી. આથી જ શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ભાવિપણું કે ભૂતપણું એ બન્ને પ્રકારના ઘટના ધર્મો છે. આથી જ ભાવિ ઘટ "ભૂત ઘટ" એવાં વાક્યોનો વ્યવહાર પ્રયોગ કરવામાં આવે છે. હવે જો ઘટની વસ્તુની સત્તા ન હોય તો "ભાવિ ઘટ" કે "ભૂત ઘટ" એમ કહી ન શકાય. આમ ભાવિ અને ભૂત ધર્મનો આશ્રય ઘટ છે. આથી વસ્તુની સત્તાનો સ્વીકાર કરવો જોઈએ.[૮૫] તેનું કારણ એ છે કે ભાવિ અને ભૂત એ ઘટના ધર્મો છે. વળી ઘટના પ્રાગભાવ કાર્યની ઉત્પત્તિ પહેલાંનો અભાવ અને ધ્વંસ-નાશના સમયમાં ઘટની સત્તાનો અભાવ હોય છે. આમ આશ્રયરૂપ ધર્મી ઘટની વસ્તુની સત્તાનો અભાવ

હોય તો ભાવિપણું અને ભૂતપણું જેવાં ધર્મો આશ્રયરહિત બની જાય છે.[૮૬]

વળી ઘટનું ભાવિપણું વર્તમાન ઘટનું ભાન કરાવતું નથી. અજન્ય -અનુત્પન્ન ભાવિપણું ઘટાદિ કાર્ય સાથે સંબંધિત છે. આમ ઘટ વસ્તુની સત્તામાં ભાવિપણું અસ્તિત્વ ધરાવતું નથી. તેથી તે આશ્રય વિહોણું બને છે.[૮૭] આથી પણ ઘટાદિની સત્તા સ્વીકારવી જોઇએ. ઘટની ઉત્પત્તિ પહેલાં ઘટ બે ભિન્ન ભિન્ન કપાલમાં હોય છે. "આ કપાલમાં ઘટ થશે" આમ નૈયાયિકો તેને ઘટનો "પ્રાગભાવ" કહે છે. પ્રાગભાવ થનાર ઘટનો થાય છે. આથી વર્તમાનમાં પ્રાગભાવનો પ્રતિયોગી ભવિષ્ય કહેવાય છે.

"પ્રધ્વંસાભાવ" થયેલ ઘટનો થાય છે. આથી ધ્વંસનો પ્રતિયોગી ભવિષ્ય કહેવાય છે. આમ વર્તમાનમાં "ભાવિ ઘટ" અને "ભૂત ઘટ" એમ નિત્યતા સિધ્ધ થાય છે. આથી પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ થઇ શકતાં નથી. વળી તેના પ્રતિયોગી પણ થઇ શકતાં નથી. આમ વર્તમાન પ્રાગભાવનું પ્રતિયોગીપણું એ ભાવિપણું અને વર્તમાન ધ્વંસનું પ્રતિયોગીપણું એ ભૂતપણું હોઇ શકે નહિ. આ પ્રમાણે ભાવિ અને ભૂત વસ્તુઓની અનિર્વચનીયતાનું નિરાકરણ કરવામાં આવ્યું છે.[૮૮]

હવે પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષના અનુક્રમમાં આવિર્ભાવતિરોભાવવાદના સ્થાપન વિષયક ચર્ચા કરીશું.

શ્રીવિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં નૈયાયિકોની દલીલો પ્રસ્તુત કરે છે અને ઉત્તરપક્ષમાં સ્વકીય સિધ્ધાંતનું સ્થાપન કરે છે.

પૂર્વપક્ષ :-

"ભાવિ ઘટ" અને "ભૂત ઘટ" એ કારણ કપાલ કે ઘટનો આશ્રય લેતાં નથી. પરંતુ કાલ રૂપી ઉપાધિનો આશ્રય લે છે.[૮૯] કાલ રૂપી ઉપાધિ એટલે ક્ષણ, દિવસ વગેરે વ્યવહારના વિષયનો નિયામક ધર્મ. વળી તે કેવળ જન્યઅનિત્ય કે કેવળ ક્રિયાશીલ હોય છે.[૯૦]

ઉત્તરપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી સિધ્ધાન્તનું સ્થાપન કરતાં કહે છે કે કાલ રૂપી ઉપાધિ જ "ભાવિ ઘટ" અને "ભૂત ઘટ" નો આશ્રય લે છે, એમ ન કહી શકાય.[૯૧] કારણ કે સૂર્યના પરિસ્પંદગતિથી પ્રાગભાવ વગેરેના ભેદ પડે છે. આ કારણે સૂર્યપરિસ્પંદને "કાલોપાધિ" તરીકે ઓળખવામાં આવે છે. આ કાલરૂપી ઉપાધિ કાંતો ભવિષ્ય રૂપ હોય, કાંતો ભૂત રૂપ હોય કે કાંતો વર્તમાન રૂપ હોઇ શકે. જો તે ભવિષ્ય કે ભૂત રૂપ હોય તો ભવિષ્યકાલ અને ભૂતકાલના વ્યવહાર વખતે તેના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો નથી હોતો. તેથી ભાવિત્વ અને ભૂતત્વ નિરાશ્રય બની જશે, અને દોષ ત્યાંનો ત્યાં જ રહેશે. જો કાલોપાધિ વર્તમાન હોય તો તે પ્રાગભાવ વગેરેનો અવચ્છેદક હોવાથી તેમાં ભાવિત્વ અને ભૂતત્વની પ્રતીતિ થવી જોઇએ, પણ તેવું તો બનતું નથી. તેથી બન્ને બાજુએથી ફાંસામાં પડવા જેવું થઇ પડે છે.[૯૨]

પૂર્વપક્ષ :-

વૈશેષિકોના મન્તવ્ય અનુસાર મહર્ષિ કણાદ કહે છે કે "અહીં આ છે આ પ્રકારનો કાર્ય અને કારણનો જે સંબંધ છે તે સમવાય સંબંધ છે."[૯૩]

આચાર્ય પ્રશસ્તપાદે સમવાયની સુન્દર પરિભાષા આપી છે. તેઓ કહે છે બે અયુતસિધ્ધોનો, જેમાંથી એક આશ્રય અને બીજો આશ્રિત હોય, નો અહીં આ છે. આવા પ્રત્યક્ષનું કારણ હોય, તે જ સમ્બન્ધ સમવાય છે.[૯૪] ન્યાયલીલાવતીકાર શ્રીવલ્લભાચાર્ય કહે છે કે "અહીં તન્તુમાં પટ" અર્થાત "તન્તુઓ તારમાં વસ્ત્ર" એ જાતિગુણ વગેરેને જોઇ શકાય તેવો વિશિષ્ટ વ્યવહાર છે, કેમકે તે કેવલ ભાવ વિષયક છે અને તેમનું કોઇ બાધક જ્ઞાન પણ નથી.[૯૫]

શ્રીવિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં પ્રસ્તુત કરે છે કે જેમ તંતુ અને પટ અવયવ અને અવયવી છે. આ બન્નેનો સંબંધ સમવાયસંબંધ છે. તેમ કાલમાં પણ સમવાયસંબંધ રહેલો છે.[૯૬] આ જ પ્રમાણે કાલ એ સર્વનો આધાર છે, કહ્યું છે કે જન્ય-અનિત્ય પદાર્થોનું સાધારણ નિમિત્ત કારણ કાલ છે, તે સર્વ જગતનો આધાર છે.[૯૭] પરંતુ તંતુની જેમ કાલમાં સમવાયસંબંધ પ્રતીત થતો નથી. કારણ કે જેમ ઘટના પ્રાગભાવ ઉત્પત્તિ પહેલાં કાર્યના અભાવનો પ્રતિયોગી-વિરોધી ઘટ છે. તેમ પ્રાગભાવના કાલમાં ઘટ પ્રતિયોગી નથી.

ઘટ પ્રાગભાવનો પ્રતિયોગી છે. આથી "ભાવિ ઘટ" એમ પ્રતીત થાય છે, પરંતુ પ્રાગભાવના કાલમાં પ્રતિયોગી ઘટ - "ભાવિ ઘટ"

પ્રતીત થાય છે. આમ કાલ ભાવિપણાનો આશ્રય છે. તેમ છતાં તેમાં "ભાવિ ઘટ"ની પ્રતીતિ થતી નથી.

ઉત્તરપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે પ્રતિયોગીપણું એ અમુક પ્રકારનો સ્વરૂપસંબંધ છે.[૯૮] આથી જ દીધિતિકારના મતાનુસાર સ્વરૂપસંબંધ વિશેષ પ્રતિયોગી સ્વરૂપે સ્વીકારેલ છે.[૯૯] વળી પ્રાચીન આચાર્યોના લક્ષણ પ્રમાણે વસ્તુની પ્રતિયોગીતા એ અભાવનો વિરહાત્મભાવ - અભાવનો અભાવ કહેવાય છે.[૧૦૦] તેના બે પ્રકારના સ્વરૂપસંબંધ છે. ૧. પ્રતિયોગી સ્વરૂપસંબંધ ૨. પ્રાગભાવાદિ સ્વરૂપસંબંધ.

(૧) પ્રાગભાવનો પ્રતિયોગી ઘટ વગેરે સાથેનો સંબંધ પ્રતિયોગી સ્વરૂપસંબંધ કહેવાય છે.

(૨) પ્રાગભાવના કાલ સાથેનો સંબંધ પ્રાગભાવાદિ સ્વરૂપસંબંધ કહેવાય છે.

આથી જેમ પ્રતિયોગીપણું સ્વરૂપસંબંધને લીધે ઘટમાં જોઇ શકાય છે તેમ તે કાલમાં પણ જોઇ શકાય છે.[૧૦૧] આમ પ્રાગભાવના કાલમાં "ભાવિ ઘટ" પ્રતીત થાય છે.

પૂર્વપક્ષ :-

સ્વરૂપસંબંધ એટલે અન્ય સંબંધ દ્વારા વિશિષ્ટ પ્રતીતિ-જ્ઞાનને ઉત્પન્ન થવાની યોગ્યતાનો અભાવ. જેમ "પૃથ્વી પર ઘડો નથી" વગેરેમાં ઘટાભાવ વગેરેનો પૃથ્વી સાથેનો સંબંધ જોવા મળે છે.[૧૦૨]

આ સ્વરૂપસંબંધ પ્રતિયોગી ઘટમાં અને પ્રાગભાવયુકત કાલમાં ભિન્ન-ભિન્ન હોય છે. તે ઘટમાં ઘટસ્વરૂપ અને કાલમાં કાલસ્વરૂપ હોય છે. અહીં કાલમાં જે વિશેષ ભિન્ન હોય છે, તે પ્રતિયોગી ઘટમાં હોતો નથી અને પ્રતિયોગી ઘટમાં જે વિશેષ ભિન્ન હોય છે તે કાલમાં હોતો નથી. આમ તેવી પ્રતીતિ "ભાવિ ઘટ" અને "ભૂત ઘટ" ની પ્રતીતિનો અભાવ સિદ્ધ થાય છે.[૧૦૩]

ઉત્તરપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી "હન્ત" એમ ખેદ વ્યકત કરીને પૂર્વપક્ષની દુર્બળતા સૂચવે છે. તેઓ પ્રશ્ન કરે છે કે વિશેષ શું છે જેનામાં નૈયાયિકો આવી શ્રદ્ધા રાખે છે ? વળી તે દૃષ્ટ છે કે કલ્પિત છે ? તેના ઉત્તરમાં તેઓ કહે છે કે તે દૃષ્ટ નથી. કારણ કે તેનું ~~કોઈ~~ પ્રમાણ નથી. અર્થાત અન્ય પ્રતિયોગી ન હોવાથી અવિષયતા-અજ્ઞાનને લીધે તેનો અભાવ હોય છે.[૧૦૪]

પૂર્વપક્ષ :-

નૈયાયિકો વિશેષને દૃષ્ટ નહીં, પરંતુ કલ્પિત માને છે. જયાં ઘટ છે ત્યાં ઘટાભાવની બુદ્ધિ હોતી નથી. સામાન્યપણે ઘટની ઉત્પત્તિ પછી આ અનુભવથી સિદ્ધ હોય છે.

હવે જો ઘટની ઉત્પત્તિ થતાં પહેલાં ઘટ અને કાલનું પણ અસ્તિત્વ સ્વીકારવામાં આવે તો ઘટ અને કાલ બન્ને પ્રતિયોગી હોવાથી ઘટજ્ઞાન

થતું નથી. આમ વિશિષ્ટની અપ્રતીતિની અન્યથાનુપપત્તિ થાય છે. અર્થાત્ ઘટવિશેષની પ્રતીતિ કરાવનાર વિશેષ ઘટમાં હોય છે, કાલમાં નથી હોતો.[૧૦૫] આથી સ્વરૂપસમ્બન્ધ વિશેષ કલ્પિત કહેવાય છે.

અન્યથાનુપપત્તિ એ સ્વાભાવિક રીતે પ્રયોજવા યોગ્ય વસ્તુનો અસંભવ કહેવાય છે.[૧૦૬] જેમ દિવસે ભોજન ન કરનાર દેવદત્તની પુષ્ટતા રાત્રિના ભોજન વિના અસંભવ છે એવું જ્ઞાન થવાથી દિવસે ભોજન ન કરવાની વૃત્તિની પુષ્ટતાથી રાત્રિનું ભોજન કલ્પિત કહેવાય છે.

"વિશેષ" અન્ય બીજા સંબંધ વિના જ ઘટનું જ્ઞાન કરાવે છે. પરંતુ તે ઉત્પત્તિ પહેલાં હોતો નથી. આથી ઘટનું જ્ઞાન થતું નથી.

ઘટમાં વિશિષ્ટ પ્રતીતિ જ્ઞાન ઉત્પન્ન કરનાર "વિશેષ" હોય છે. આથી ઘટની ઉત્પત્તિ પછી પૃથ્વી અને કપાલ સાથે અનુક્રમે સંયોગ અને સમવાયસંબંધ થતાં ઘટનું જ્ઞાન થાય છે. પરંતુ કાલાદિમાં - વિશિષ્ટ પ્રતીતિ વ્યાવર્તક જુદું પાડનાર સ્વરૂપસંબંધ વિશેષ જ છે.[૧૦૭]

ઉત્તરપક્ષ :-

"સ્વરૂપસંબંધવિશેષ" કલ્પિત નથી. કારણ કે પ્રાગભાવના પ્રતિયોગી ઘટમાં વિશેષની કલ્પના ન થઇ શકે. આથી પૂર્વપક્ષીએ "વિશેષની સત્તા કાલમાં જ છે"[૧૦૮] એમ કહેવું પડશે.

"વિશેષ" નાશવંત હોવાથી જન્ય-અનિત્ય છે. જન્યનો આશ્રય કાલ હોય છે, પરંતુ વસ્તુ અન્ય વસ્તુમાં સમવાયસંબંધથી રહેલી હોય

તો જ કાલ આશ્રય થઇ શકે, નહિતર "સમવાયીના અભાવથી" એ કોઇપણ સ્થળે સમવાય કહી શકાશે નહિ.[૧૦૯] આથી કાલ આશ્રય ન થવાથી "વિશેષ" સિદ્ધ થતો નથી. આમ વિશિષ્ટતાની અપ્રતીતિની અન્યથાનુપપત્તિ બીજી કોઇપણ રીતે આનું ન થવાનો ઉપર કહેલ દોષનો ભય રહે છે. આથી વિશેષના સમવાયનું પ્રયોજક કારણ કહેવું જોઇએ.[૧૧૦] પરંતુ પ્રાગભાવના કાલમાં સમવાયી ઘટ ન હોવાથી કાલ આશ્રય ન થઇ શકે.

પૂર્વપક્ષ :-

જન્ય પદાર્થ અનિત્ય પદાર્થ અન્ય પદાર્થમાં સમવાય સંબંધથી રહેલ હોય તો જ કાલ આશ્રય થઇ શકે.[૧૧૧]

ઉત્તરપક્ષ :-

અસમવેત પદાર્થનો આશ્રય કાલ હોય તો શશશૃંગ સસલાના શિંગડાની જેમ અસત્ વસ્તુનો આશ્રય કાલ થાય ![૧૧૨]

કાલ અન્ય પદાર્થનો ધર્મનો આશ્રય છે તેથી તે પદાર્થનો ધર્મ સિદ્ધ થતો નથી. આમ તે અન્ય પદાર્થનો ધર્મ રહેતો નથી. તેથી "વિશેષ" પદાર્થની કલ્પના થઇ શકતી નથી. આથી "ભાવિપણા" કે "ભૂતપણા"ના વ્યવહાર સમયે પણ ઘટાદિની સત્તા સ્વીકારવી પડશે.[૧૧૩]

નિત્ય ઘટ જન્ય નહીં, પરંતુ અજન્ય નિત્ય કહેવાય છે એટલે

પ્રાગભાવના સમયમાં "ભાવિ ઘટ" એમ વ્યવહાર સંભવતો નથી. આમ ઘટ નિત્ય નથી.

પૂર્વપક્ષ અનુસાર ઘટનું "ભાવિપણું" વિશેષનો આશ્રય-યોગ્યતા છે.

યોગ્યતા એટલે કાર્ય વિશેષને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય.[૧૧૪] અહીં "વિશેષ"ના સ્વરૂપનું ઘટક બનેલી. ભાવિત્વ વગેરે અતિ વિશિષ્ટ જ્ઞાનને ઉત્પન્ન કરવાની ક્રિયા તે યોગ્યતા છે.[૧૧૫] આ યોગ્યતા વ્યાપ્ય ઘટનો ધર્મ છે. આથી એમ પૂછવામાં આવે કે યોગ્યતાનો - વ્યાપ્ય ઘટના ધર્મનો આશ્રય કોણ છે ?

પૂર્વપક્ષ :-

જયારે ત્યારે એ વસ્તુની સત્તાથી યોગ્યતાનો અવચ્છેદ આશ્રય થાય છે. કારણ કે ઘટની ઉત્પત્તિ પહેલાં ઘટનો અભાવ હોય છે. આમ "જયારે-ત્યારે" એવો પ્રયોગ થાય છે. ઘટની ઉત્પત્તિ પછી ઘટમાં "યોગ્યતા"ની સત્તા આવે છે. આથી "જયારે-ત્યારે" એ ઘટમાં અવચ્છેદ પામે છે - આશ્રિત થાય છે.[૧૧૬]

ઉત્તરપક્ષ :-

ઘટ વસ્તુની સત્તા નિત્યસત્તા હોય છે. એટલે "જયારે-ત્યારે" વસ્તુની સત્તાથી યોગ્યતાનો અવચ્છેદ આશ્રય થાય છે.[૧૧૭] એમ કહેવું એ અનુકૂળ તર્ક નથી. અર્થાત્ ઘટની ઉત્પત્તિ પછી જયાં સુધી એ રહે ત્યાં સુધી ઘટનું નિત્ય અસ્તિત્વ હોય છે. એટલે "જયારે-ત્યારે" કહેવું

અર્થહીન છે. આથી તે પ્રયોજન વગરનો અને ગૌરવદોષયુકત હોવાથી ત્યાજ્ય છે.

સ્વરૂપસંબંધ :-

"સ્વરૂપસંબંધ વિના"નો સામાન્ય અર્થ "સ્વરૂપસંબંધથી જુદા સંબંધ વિના" એમ થાય છે.

સ્વરૂપસંબંધ વિશિષ્ટ પ્રતીતિજનક હોય છે. તેનાથી થતું જ્ઞાન વિશિષ્ટજ્ઞાન હોય છે. આમ સ્વરૂપસંબંધ સ્વરૂપથી અભિન્ન હોય છે. આથી "અન્ય સંબંધ" એવું પદ સાર્થક બને છે.[૧૧૮]

લક્ષણના જ્ઞાનથી વિશિષ્ટનું જ્ઞાન થાય છે. આ માટે સ્વરૂપ-સંબંધનું જ્ઞાન આવશ્યક છે. આત્માશ્રય એ પોતાની પોતાના ઉપર અપેક્ષા આધાર રાખતો હોય એવું અનિષ્ટ જેમાં દર્શાવવામાં આવે તે દોષ કહેવાય છે.[૧૧૯] તેના બે પ્રકાર છે. ૧. પોતાના જ્ઞાનમાં પોતાના જ્ઞાનની અપેક્ષા તે જ્ઞપ્તિ જ્ઞાનમાં આત્માશ્રય છે. ૨. પોતાની ઉત્પત્તિમાં પોતાની ઉત્પત્તિની અપેક્ષા તે ઉત્પત્તિમાં આત્માશ્રય છે.[૧૨૦]

સંબંધ સ્વરૂપના જ્ઞાનથી સિદ્ધ થાય છે. ત્યાર પછી સંબંધ જ્ઞાનને અધીન સંબંધનું જ્ઞાન થાય છે. આમ જ્ઞપ્તિ જ્ઞાનમાં આત્માશ્રય દોષ છે.[૧૨૧]

પૂર્વપક્ષ :-

સન્નિકર્ષ છ પ્રકારના છે. તેના અભાવમાં પણ વિશિષ્ટ પ્રતીતિજનક

સ્વરૂપસંબંધ હોય છે. લૌકિક સન્નિકર્ષના પ્રકારો (૧) સંયોગ, (૨) સંયુક્તસમવાય, (૩) સંયુક્તસમવેતસમવાય, (૪) સમવાય, (૫) સમવેતસમવાય અને (૬) વિશેષણતા અર્થાત્ સંયુક્ત વિશેષણતા છે.[૧૨૨] આ છ સન્નિકર્ષ પૈકી કોઇપણ એક સન્નિકર્ષ હોય ત્યારે વસ્તુ પ્રત્યક્ષ થાય છે.

સ્વરૂપસંબંધ છ પદાર્થો - દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય વિશેષ અને સમવાય સિવાય ભાવરૂપ પદાર્થવિશેષ છે.[૧૨૩]

અહીં સન્નિકર્ષના અભાવમાં સંયોગ કે સમવાયસંબંધ રહેતો નથી. પરંતુ સ્વરૂપસંબંધ જ રહે છે.

સ્વરૂપસંબંધથી છ સન્નિકર્ષના અભાવમાં પણ વિશેષ પ્રતીતિ ઉત્પન્ન કરનારી યોગ્યતા થાય છે. આમ "વિશેષ"નું લક્ષણ છે.

ઉત્તરપક્ષ :-

પરંતુ ઉપર્યુક્ત મત સ્વીકારી શકાય નહિ. કારણ કે "વિશેષ"નું ઉપર્યુક્ત લક્ષણ આપવામાં આવે તો યોગજ ધર્મમાં તેની અતિવ્યાપ્તિ થાય છે.

અતિવ્યાપ્તિ એ લક્ષણનો દોષ છે. જે લક્ષણ અલક્ષ્યમાં પણ જતું રહે તેને અતિવ્યાપ્ત લક્ષણ કહેવાય છે. જેમ "ગાય શીંગડાવાળી છે." એમ લક્ષણ આપવામાં આવે તો તે શીંગડાવાળા બધાં જ પ્રાણીઓને લાગુ પાડી શકાશે.[૧૨૪]

યોગજ યોગાભ્યાસથી ઉત્પન્ન વિશેષ ધર્મ છે.[૧૨૫] તેમાં છ માંથી એક પણ સન્નિકર્ષ નથી. તેમ છતાં યોગીઓને યોગજ ધર્મથી જ ઘટની પ્રતીતિ થાય છે.

આ પ્રમાણે અલક્ષ્યમાં લક્ષણનું જવાથી યોગજ ધર્મમાં "વિશેષ"નું લક્ષણ અતિવ્યાપ્તિદોષ લાવે છે.

પૂર્વપક્ષ :-

યોગજ ધર્મ અલૌકિક સન્નિકર્ષવિશેષ છે.[૧૨૬] એટલે યોગીઓ યોગજન્ય ધર્મ દ્વારા અલૌકિક સન્નિકર્ષથી પ્રત્યક્ષ કરે છે. આમ યોગજ ધર્મ અલૌકિક પ્રતીતિજનક છે. તેથી "વિશેષ"ના લક્ષણમાં અતિવ્યાપ્તિદોષ આવતો નથી. પરંતુ લૌકિક સન્નિકર્ષો "વિશેષ"નું લક્ષણ - "લૌકિક વિશિષ્ટ પ્રતીતિ જનક" એમ કહે છે. આમ યોગજ ધર્મથી ઉત્પન્ન પ્રત્યક્ષમાં અલૌકિકપણું હોવાથી અતિવ્યાપ્તિદોષ નથી.[૧૨૭]

ઉત્તરપક્ષ :-

સામાન્ય પ્રત્યાસત્તિ એટલે ગાઢ સંબંધ સામાન્ય એટલે સમાન પદાર્થોનો ભાવ પ્રકારીભૂતધર્મ તે ક્યાંક નિત્ય તો ક્યાંક અનિત્ય હોય છે. ધૂમત્વ, પટત્વ વગેરેમાં નિત્ય છે, જ્યારે ઘટ, પટ વગેરેમાં અનિત્ય છે.[૧૨૮]

સામાન્ય પ્રત્યાસત્તિમાં "વિશેષ"ના લક્ષણની અતિવ્યાપ્તિ થાય છે.

સામાન્ય પ્રત્યાસત્તિ વ્યાપ્તિની સાથે વિશિષ્ટતાનું જ્ઞાન ઉત્પન્ન કરે છે. જેમ "જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં અગ્નિ છે"માં ધૂમ વ્યાપ્ય છે અને વ્યાપક છે. અહીં અગ્નિની વ્યાપ્તિની વિશિષ્ટતા ધૂમમાં છે[૧૨૯] અને ધૂમમાં ધૂમત્વ સામાન્ય છે. સામાન્ય ધૂમ ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં રહે છે. અહીં છ પ્રકારના સન્નિકર્ષમાંથી એક પણ સન્નિકર્ષ નથી. આથી સામાન્ય પ્રત્યાસત્તિથી થતું જ્ઞાન લૌકિક છે.

જેમ વર્તમાન ધૂમના ધૂમત્વનું જ્ઞાન થાય તેમ ભવિષ્યના ધૂમના ધૂમત્વનું જ્ઞાન થાય, તેના પ્રકારમાં સાદશ્ય-સરખાપણું છે. અહીં વર્તમાન ધૂમના ધૂમત્વનું જ્ઞાન લૌકિક છે. આથી વિશિષ્ટ જ્ઞાન ઉત્પન્ન કરનારી સામાન્ય પ્રત્યાસત્તિમાં "વિશેષ"ની અતિવ્યાપ્તિ થાય છે.[૧૩૦]

પૂર્વપક્ષ :-

જન્ય ઉત્પન્ન થનાર લૌકિક પ્રત્યાસત્તિ વિના એટલે "વિશિષ્ટ-જ્ઞાન ઉત્પન્ન કરનાર યોગ્યતા" એવો અર્થ સંભવતો નથી.[૧૩૧]

"અન્ય સંબંધ વિના"નો અર્થ "જન્ય લૌકિક પ્રત્યાસત્તિ વિના" એમ વિશેષનું લક્ષણ કહીએ તો સામાન્ય પ્રત્યાસત્તિમાં પણ અતિવ્યાપ્તિ દોષ થશે નહિ. અહીં "જન્ય" પદમાં "સામાન્ય પ્રત્યાસત્તિ" છે. આથી અતિવ્યાપ્તિ દોષ થતો નથી.[૧૩૨]

સામાન્યપ્રત્યાસત્તિમાં ષટ્ સન્નિકર્ષ હોતાં નથી, છતાં "વિશેષ"નું લક્ષણ "વિશિષ્ટજ્ઞાન ઉત્પન્ન કરનાર" થાય છે. આથી

સામાન્યપ્રત્યાસત્તિમાં અતિવ્યાપ્તિ દોષ થતો નથી.

ઉત્તરપક્ષ :-

યોગજધર્મમાં વિશેષનો અતિવ્યાપ્તિદોષ થાય છે. એટલે કે તેમાં "ઘટત્વના વિશેષથી યુક્ત ઘટ" એવું જ્ઞાન અતિવ્યાપ્તિદોષ લાવે છે.[૧૩૩]

પૂર્વપક્ષ :-

સામાન્યપ્રત્યાસત્તિ, યોગજ ધર્મ, જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિ, અને ષટ્ સન્નિકર્ષના સંબંધ વગર પણ સંબંધ એ "અન્યસંબંધ એમ કહેવાય નહિ. કારણ કે તેવો સંબંધ પ્રસિદ્ધ નથી.[૧૩૪]

સમાન્યપ્રત્યાસત્તિ દ્વારા ધર્મના આશ્રય ધર્મીનું જ્ઞાન થાય છે અને જ્ઞાનલક્ષણાપ્રત્યાસત્તિ દ્વારા સૌરભાદિના અલૌકિકજ્ઞાનનો સંબંધ-વિશેષ થાય છે.[૧૩૫]

આમ ઉપર્યુક્ત "સમાન્યાદિ" નવ પ્રત્યાસત્તિગાઢ સંબંધના અભાવમાં "વિશેષ"નું લક્ષણ "વિશિષ્ટ જ્ઞાન ઉત્પન્ન કરવાની યોગ્યતા" એમ થાય છે.

ઉત્તરપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે ઉપર્યુક્ત સામાન્ય વગેરે નવ પ્રકારની પ્રત્યાસત્તિ વિના વિશિષ્ટજ્ઞાનની ઉત્પત્તિની યોગ્યતા સિદ્ધ થતી નથી.[૧૩૬] આમ "વિશેષ"નું લક્ષણ સ્વીકાર્ય નથી.

અહીં વિવાદનું કારણ ભાવિ અને ભૂતનું નિરાશ્રયપણું છે. આ નિરાશ્રયપણાને ન્યાયવૈશેષિકની દલીલો દૂર કરી શકતી નથી. આથી સાંખ્યના અનુમાન દ્વારા પ્રાગભાવવાળા કાલમાં પણ ધર્મી ઘટનું જ્ઞાન થાય છે.

જો ઘટાદિની ઉત્પત્તિ પહેલાં ઘટાદિનો અભાવ હોય તો "ભાવિપણું" નિરાશ્રય બની જાય ![137] આથી જ ભાવિપણાના આશ્રય તરીકે ઘટાદિ ધર્મી સિદ્ધ થાય છે.

સમવાયસંબંધ વડે ઘટના પ્રાગભાવના પ્રતિયોગી ઘટની પ્રતિયોગીતા હોય છે. આથી પ્રાગભાવની પ્રતિયોગીતાધર્મી ઘટનું જ્ઞાન સંયુક્ત સમવેત સમવાય સન્નિકર્ષથી થાય છે.[138] ચક્ષુ એ ઇન્દ્રિય છે તે ચક્ષુની સંયુક્ત ઘટમાં રૂપ સમવેત હોય છે. અર્થાત્ કોઇપણ દ્રવ્ય-ગુણ-કર્માત્મક વસ્તુમાં સમવાયસંબંધથી રહે છે.[139] આ રૂપમાં રૂપત્વ સમવાયસંબંધથી રહેલું છે.

ઘટાદિથી સમવેત જે પ્રાગભાવનું પ્રતિયોગીપણું છે, તેનું સંયુક્ત સમવેત સમવાયસન્નિકર્ષથી જ્ઞાન થાય છે.

આમ "ભાવિ ઘટ"ની પ્રતીતિ થાય છે. આથી જ ભાવિપણાનું કારણ એ જ્ઞાનનો સંબંધ છે. પૂર્વપક્ષી નૈયાયિકોના મંતવ્ય અનુસાર ઉપર્યુક્ત છ પ્રકારની પ્રત્યાસત્તિ હોય છે, પરંતુ પ્રત્યાસત્તિ એ સંયુક્ત-સમવેતસમવાય જ છે. આથી જ શ્રી પુરૂષોત્તમજી કહે છે કે ઉપર્યુક્ત યુક્તિ દ્વારા ધર્મી ઘટની સત્તા અન્યોન્યાશ્રય દોષ દૂર કરે છે. એટલે

આવિર્ભાવતિરોભાવની પણ સિદ્ધિ થાય છે. આમ શૂન્યવાદ - અત્યન્તાભાવનો પરિહાર કરવામાં આવ્યો છે.[૧૪૦]

ધર્મી-ઘટની સત્તા અન્યોન્યાશ્રય દોષ દૂર કરે છે. અર્થાત્ ભાવિપણું અને ભૂતપણું જેવાં ઘટના ધર્મો નિરાશ્રય બનતાં નથી.

આવિર્ભાવતિરોભાવવાદ ધર્મીની નિત્યતા સિદ્ધ કરે છે. આથી ધર્મનો ધર્મી સાથેનો નિત્ય સંબંધ સ્થાપિત થાય છે. ઉદાહરણ તરીકે ઘટ રૂપી ધર્મી સાથે તેનો ભાવિત્વ અને ભૂતત્વ જેવાં ધર્મો નિત્ય આશ્રિત હોય છે. આથી ધર્મી ઘટની નિત્ય સિદ્ધિ થાય છે.

ભારતીય ન્યાય વૈશેષિક દર્શન અસત્કાર્યવાદમાં માને છે. તેને "અભાવવાદ" પણ કહેવાય છે. અસત્કાર્યવાદ અનુસાર ઉત્પત્તિ પહેલાં કાર્યનું અસ્તિત્વ હોતું નથી. આથી અસત્ કે અસ્તિત્વ વિહોણા કાર્યની ઉત્પત્તિ થાય છે.

ન્યાય વૈશેષિક દર્શનના અસત્કાર્યવાદથી તદન ભિન્ન તે સાંખ્ય દર્શનનો સત્કાર્યવાદ છે. સત્યમાંથી સત્ય થાય છે. કારણના પહેલાં કાર્ય હોય છે. પરંતુ કારણથી જ કાર્યની અભિવ્યક્તિ થાય છે. આ જ આવિર્ભાવ છે. આવિર્ભાવ જ કારણથી કાર્યની ભિન્નતા દર્શાવે છે. ઈશ્વરકૃષ્ણ વિરચિત સાંખ્યકારિકામાં સત્કાર્યવાદના કારણો નીચે પ્રમાણે નિરૂપેલાં છે.[૧૪૧]

(૧) **असद् अकरणात् :-**

અસત્ વસ્તુની ઉત્પત્તિ થઇ શકતી નથી. જેમ રેતીમાંથી તેલ ઉત્પન્ન કરી શકાતું નથી.

(૨) **उपादानग्रहणात् :-**

કાર્યની ઉત્પત્તિ ઇચ્છનાર યોગ્ય ઉપાદાન કારણને ગ્રહણ કરે છે જેમ દહીં ઇચ્છનાર દૂધનો ઉપયોગ કરે છે, પાણીનો નહીં. આમ કારણમાં કાર્ય અવ્યકતરૂપે રહેલું હોય છે.

(૩) **सर्वसम्भवाभावात् :-**

કોઇ પણ વસ્તુ બીજી કોઇ વસ્તુમાંથી ઉત્પન્ન થઇ શકતી નથી. અર્થાત્ કાર્ય-કારણ સંબંધની યોગ્ય ભૂમિકાથી જ વસ્તુની ઉત્પત્તિ નિશ્ચિત નિયમ અનુસાર થાય છે. જેમ ઘાસ, ધૂળ કે રેતીમાંથી સોનું બનતું નથી.

(૪) **शक्तस्य शक्यकरणाम् :-**

શકિતમાન વ્યકિત જ કારણ કાર્ય કરવાની શકિત ધરાવે છે. જેમ ઘટની રચનામાં કુંભકાર જ શકિતમાન છે.

(૫) **कारणभावात् :-**

કાર્યમાં કારણનો જ સ્વભાવ રહેલો હોય છે. કાર્ય અને કારણ અભિન્ન છે. કારણમાંથી તદન ભિન્ન કાર્ય ઉત્પન્ન થતું નથી. જેમ ઘડો માટી સિવાય અન્ય પદાર્થમાંથી બનતો નથી.

સત્કાર્યવાદ કારણમાં કાર્યનું સૂક્ષ્મ અસ્તિત્વ સ્વીકારે છે. - કાર્યનું પ્રકટીકરણ એ કાર્યનું સત્-સત્ય હોવાનું પ્રમાણ છે. વળી વ્યકત

થયેલ કાર્ય અવ્યક્ત કારણ સિદ્ધ કરે છે.

ભાવિપણાના અજ્ઞાનનું નિવારણ અને આવિર્ભાવતિરોભાવનું નિષ્કર્ષરૂપ

લક્ષણ :-

શ્રીવિઠ્ઠલનાથજી પૂર્વપક્ષી અસત્કાર્યવાદીનું "વિતંડા" દ્વારા પરમતખંડન પ્રસ્તુત કરે છે.

પૂર્વપક્ષ :-

અસત્કાર્યવાદી નૈયાયિક કહે છે કે "મારી તો ગમે તે ગતિ - જ્ઞાન થશે." અર્થાત્ મારા મતને સિદ્ધ કરવાની આવશ્યકતા નથી. પરંતુ "તમારી ગતિ જ નથી." અર્થાત્ તમારો મત યોગ્ય નથી.

ઉપર્યુક્ત પરિસ્થિતિનું કારણ આપતાં નૈયાયિક જણાવે છે કે સિદ્ધાન્તી ઘટાદિની નિત્ય સત્તા સ્વીકારે છે. આ નિત્યતા એ ભાવિત્વની પ્રતિબંધક છે. એટલે વસ્તુની નિત્ય સત્તા ભાવિત્વને અસંભવિત બનાવે છે. વળી શ્રુતિ સ્મૃતિ અને લૌકિક વ્યવહાર પણ ભાવિત્વને સિદ્ધ કરે છે. આથી ઇષ્ટાપત્તિ પણ કહી શકાય નહિ.[૧૪૨]

ઉત્તરપક્ષ :-

ઘટની સત્તા નિત્ય હોય છે. છતાં પણ તે કારણના વ્યાપાર કાર્યના પહેલાં લૌકિક-પ્રત્યક્ષનો વિષય બનતો નથી. લૌકિકપ્રત્યક્ષ એટલે લૌકિક સંનિકર્ષથી ઉત્પન્ન જ્ઞાન એ લૌકિક પ્રત્યક્ષ.[૧૪૩]

કારણના કાર્ય પૂર્વે લૌકિકપ્રત્યક્ષનો વિષય ભાવિ હોય છે. આથી "ભાવિ ઘટ" એમ ઉપચાર વ્યવહાર થાય છે.[૧૪૪]

પૂર્વપક્ષ :-

આમ કહી ન શકાય. કારણ કે લૌકિકપ્રત્યક્ષનો વિષય જગતથી અભિન્ન છે. વળી સિધ્ધાન્તીના મન્તવ્ય મુજબ સંપૂર્ણ જગત નિત્ય જ હોય છે. આથી લૌકિકપ્રત્યક્ષનો ઘટની જેમ યોગક્ષેમ થાય છે.[૧૪૫] "યોગક્ષેમ" એટલે અનુભવના અનુરોધથી થતું વસ્તુસ્થિતિનું જ્ઞાન" જેમ "પૃથ્વી પર ઘડો નથી." વાક્યમાં ઘડાના અંશમાં પૃથ્વીની વૃત્તિનો અભાવ જાણી શકાય છે.[૧૪૬]

હવે જો ઘટ નિત્ય હોય તો લૌકિકપ્રત્યક્ષ પણ નિત્ય જ કહેવાય. આથી લૌકિકપ્રત્યક્ષને ભાવી કહી શકાય નહિ.

જો લૌકિકપ્રત્યક્ષ કારણના પહેલાં ઘટનો સ્વીકાર કરી ન શકે તો તેમાં રહેલ ભાવિપણું આશ્રયરહિત થઇ જાય, આથી પોતાની ઉક્તિના દોષના ભયથી પણ તેમ કહી શકાય નહિ. અર્થાત્ લૌકિક-પ્રત્યક્ષનું કારણના પહેલાં અસ્તિત્વ હોતું નથી એમ કહી શકાય નહિ.[૧૪૭]

લૌકિકપ્રત્યક્ષ અનિત્ય હોય તો પણ ભાવિપણું સ્વીકારી શકાય છે. તેમાં ઘટાદિનો કોઇ અપરાધ જ નથી.

આ પ્રમાણે લૌકિકપ્રત્યક્ષની અનિત્યતાનો સ્વીકાર કરવામાં અપસિધ્ધાંત થાય છે અને લૌકિકપ્રત્યક્ષનો અસ્વીકાર કરવામાં ભૂત અને

ભાવી વસ્તુની અનિર્વચનીયતા દૂર થઇ શકતી નથી. આથી બન્ને બાજુએથી ફાંસામાં પડવા જેવું થાય છે.[૧૪૮] આથી પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે કે જૂનાં ઘાસના પાંદડાથી ઢંકાયેલાં વિવિધ મત-સિધ્ધાન્ત રૂપી ભવન મકાનવાળા વર્ણ રૂપી નગરમાં સિધ્ધાન્તી નિવાસ કરે છે અને દોષ રૂપી અગ્નિને ઉત્પન્ન કરતાં પોતાના ભવનના દાહનું તેને કેમ ધ્યાન રહેતું નથી ?[૧૪૯]

ઉત્તરપક્ષ :-
-----

શ્રીવિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે હે વત્સ, યુક્તિ રૂપી સુવર્ણના કાદવથી જોડાયેલાં વિવિધ વેદરૂપી મહામણિ છે. તેના દ્વારા વિરચિત મારા બ્રહ્મવાદ રૂપી ભવનનું શું તમને જ્ઞાન નથી ?[૧૫૦]

સાંખ્ય સિધ્ધાંત કરતાં વેદનો સિધ્ધાંત શ્રેષ્ઠ છે. તેનું પ્રતિપાદન કરતાં તેઓ કહે છે કે તે આટલા - આ જે કંઇ છે, તે બધું જ તે બની ગયા. (બૃ. ઉ., ૧!૪!૩) આ સર્વ ઐતદાત્મ્યજગતનો આત્મા છે, તે જ સત્ય છે. (છાં. ઉ., ૬!૮!૭) આ સર્વ ભૂત અને ભાવી છે તે પુરૂષ જ છે. (શ્વે. ઉ., ૩!૧૫), (ઋ. ૧૦!૯૦!૨) આ સર્વ શ્રુતિઓમાં જગતનું બ્રહ્મ હોવાપણું પ્રતિપાદિત થયું છે. આથી જગત બ્રહ્માત્મક છે.

પુરૂષસૂક્તના ઉપર્યુક્ત મન્ત્રમાં "સર્વ" પદમાં અસંકુચિતવૃત્તિ છે. અર્થાત્ જેની સંકુચિત વૃત્તિ શક્તિ નથી તેવા "સર્વ" પદમાં ભૂત અને ભાવિનો સમાવેશ થયો છે.[૧૫૧] છતાં પણ ફરીથી "ભૂત" અને "ભાવિ" એવું વર્ણન કર્યું છે.

અહીં એવી શંકા ઉદ્ભવે છે કે પુરૂષ બ્રહ્મ નિત્ય છે. આથી જગત પણ નિત્ય છે. જગતની નિત્યતાથી વર્તમાન સ્થિતિની જ સંભાવના રહે છે. આમ ભાવિ અને ભૂત વ્યવહાર અપ્રમાણિક બની રહે છે.

ઉપર્યુક્ત શંકાના ઉત્તરમાં જણાવ્યું છે કે આ બધું પુરૂષ બ્રહ્માત્મક જ છે. આટલાથી સંપૂર્ણ જગત પુરૂષરૂપ બ્રહ્માત્મક હોવાનું જાણી શકાય છે. "જે ભૂત છે અને જે ભાવિ છે." આટલો અંશ ભાવિપણું અને ભૂતપણું અપ્રમાણિક હોવાની શંકા દૂર કરવા પ્રયોજાયેલ છે.[૧૫૨]

જગત બ્રહ્મરૂપ હોવાથી સર્વ ધર્મો પણ બ્રહ્મરૂપ છે. આથી ઘટાદિમાં બ્રહ્માત્મક ભાવિપણાના ધર્મો રહેલાં છે.[૧૫૩] અહીં વેદ સ્વતઃસિધ્ધ પ્રમાણ હોઈ બળવાન છે. સ્વતઃ પ્રમાણ્ય એટલે વિજ્ઞાનની સામગ્રી ઉત્પન્ન થાય ત્યારે તે સિવાયના હેતુ ઉત્પન્ન ન થાય તે પ્રમા-જ્ઞાન સ્વતઃ કહેવાય છે.[૧૫૪] આથી વિરોધની સંભાવના રહેતી નથી.

<u>પૂર્વપક્ષ</u> :-

એક જ વસ્તુના આધારરૂપ ત્રણેય કાલમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં પરસ્પર વિરોધ નથી - એમ કહીએ તો ઘટના દર્શન સમય વર્તમાન સમયમાં પણ ભૂત અને ભાવિ વ્યવહાર થાય. પ્રાગભાવ વગેરેના કાલમાં વર્તમાન વગેરે કાલનો વ્યવહાર થાય ! આમ નિત્ય અનુભવ થવાથી ત્રણેય કાલનો પરસ્પર વિરોધ રહે નહિ.[૧૫૫]

ઉત્તરપક્ષ :-

શ્રી વિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત વિરોધના ઉચ્છેદનું સમાધાન આપતાં કહે છે કે જેમ પૃથ્વી રૂપ બ્રહ્મમાં ગંધરૂપ બ્રહ્મના તે ધર્મની સત્તા હોય છે, તેમ ભૂતાદિના વિરોધરૂપ બ્રહ્મના ધર્મની સત્તા હોય છે.[૧૫૬]

પૃથ્વી રૂપી બ્રહ્મમાં ગંધાત્મક બ્રહ્મની સત્તા હોય છે. પરંતુ અન્ય તત્ત્વો જેવાં કે જળ, તેજ, વાયુ અને આકાશમાં તે સત્તા હોતી નથી. કારણ કે ભગવાનની ઇચ્છા જ એવી છે. આ જ રીતે જે સમયે, જે વસ્તુમાં જે પ્રકારનો વ્યવહાર ન થવાનો નિયમ હોય, તે સમયે તે વસ્તુમાં તેવા વિરોધાત્મક બ્રહ્મની સત્તા એ વિરોધ.[૧૫૭] અર્થાત્ જ્યારે, જેનામાં જેવા વ્યવહારના અભાવનો નિયમ હોય છે ત્યારે તેનામાં જ તેવી રીતના વિરોધવાળા બ્રહ્મની વિદ્યમાનતા હોવાથી વિરોધ થાય છે. આથી પૂર્વપક્ષમાંના "દર્શન સમય"ના ત્રણેય દોષો દૂર થાય છે.

ક્યાંક ભગવાનની ઇચ્છાથી જ્યાં તેવો નિયમ ન હોય ત્યાં તેમ નથી. એટલે ભગવાનની ઇચ્છાથી અમુક જગ્યાએ વિરૂદ્ધ વ્યવહાર થાય. પરંતુ આવા વ્યવહારનો વિરોધ કે બાધ હોતો નથી.[૧૫૮] - શ્રીમદ્ભગવતગીતામાંના "વિશ્વરૂપદર્શનયોગ"માં કહ્યું છે કે કેટલાક દાંતોની વચ્ચે કચરાઇ ગયેલાં માથાવાળા દેખાય છે. અહીં અર્જુન કેટલાક યોદ્ધાઓનો ભગવાનના મુખમાં નાશ જુએ છે[૧૫૯] અને આગળ ઉભા રહેલાં યોદ્ધા પણ જુએ છે. આમ જે બહાર દેખાય છે તે તિરોહિત જ છે એમ ભગવાને અર્જુનને દર્શાવ્યું છે.

આશ્રમવાસિક પર્વની કથાનો સારાંશ અને વિદવન્મંતમાં તેનું ઔચિત્ય :

આશ્રમવાસિક પર્વની કથાનો સારાંશ આ પ્રમાણે છે :-

પૃથ્વીનો ભાર ઉતારનાર ભગવાન શ્રી કૃષ્ણની ઇચ્છાથી - મહાભારતના યુદ્ધમાં સમગ્ર કૌરવ કુળનો સંહાર થયો. જીવિત રહેલાં ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુન્તી વગેરે શોકથી વિહવળ બન્યાં. તેઓ પોતાના શોકને શાંત કરવાની ઇચ્છાથી વ્યાસાશ્રમમાં ગયા. વ્યાસે તેમના શોકને દૂર કરવા માટે ઉપદેશ વચનો સંભળાવ્યાં. ત્યાર પછી ધૃતરાષ્ટ્ર અને કુન્તીએ વ્યાસને વિનવણી કરી. વ્યાસે તેમના શોકને શાંત કરવા માટે મહાભારતના યુદ્ધમાં મરણ પામેલાં પુરૂષોનું પુનદર્શન કરાવવું યોગ્ય માન્યું. તેમણે ધૃતરાષ્ટ્ર વગેરેને રાત્રિએ ગંગાસ્નાન કરીને આશ્રમમાં આવવા જણાવ્યું. ત્યાર પછી વિદાય થઇને રાત્રે ગંગાસ્નાન કરી તેઓ વ્યાસાશ્રમમાં આવ્યાં.

સૌ પ્રથમ વ્યાસે ધૃતરાષ્ટ્રને દિવ્યચક્ષુ આપ્યાં. પછી તેમણે ગંગાસ્નાન કરીને મૃતાત્માઓનું આવાહન કર્યું. આવાહન કરતાંની સાથે કૌરવ યોદ્ધાઓ જેવાં કે દુર્યોધન, દુઃશાસન, કર્ણ, વિકર્ણ અને શકુનિ વગેરે પ્રગટ થયાં. આથી ધૃતરાષ્ટ્ર વગેરે અતિ પ્રસન્ન થયાં. પ્રગટ થયેલાં પુરૂષોએ તે રાત્રિ વિહાર કરવામાં વિતાવી. પછી તેઓએ વિમાનમાં બેસી સ્થાનાનુસાર પ્રસ્થાન કર્યું.

તદનુસાર શ્રી વિઠ્ઠલનાથજીએ મહાભારતીય આશ્રમવાસિક પર્વના શ્લોકો યોગ્યતા અનુસાર આપ્યાં છે. બાદરાયણ વ્યાસ,ગાંધારીને

કહે છે કે દેવ, દાનવ, નિર્મલ બ્રહમર્ષિવૃન્દ આ બધાં જન્મ લઈને કુરુક્ષેત્રના યુદ્ધમાં મૃત્યુ પામ્યા છે.[૧૬૦] ત્યાર પછી ધૃતરાષ્ટ્ર અને ભીમ વગેરેના સ્વરૂપનો પરિચય આપીને ગાંધારી વગેરેના દુઃખના નિવારણ માટે કહે છે કે તમે બધા ભાગીરથી નદીના કિનારે જાઓ જે લોકો આ યુદ્ધ ભૂમિમાં મૃત્યુ પામ્યાં છે તે બધાં તમને ત્યાં દેખાશે.[૧૬૧]

પછી મહાતેજસ્વી મહામુનિ વ્યાસે ભાગીરથીના પવિત્ર જળમાં પ્રવેશીને પાંડવ અને કૌરવ પક્ષના બધા લોકોનું આવાહન કર્યું.[૧૬૨]

પાંડવો અને કૌરવોના પક્ષના અનેક દેશ નિવાસી બધાં મહાભારતીય યોધ્ધા રાજાઓનું આવાહન કર્યું.[૧૬૩]

હે જનમેજય ! પછી જળની વચ્ચે કુરુ અને પાંડવોની સેનાઓનો પહેલાંની જેમ તુમુલ શબ્દ ઉત્પન્ન થયો.[૧૬૪]

પછી ભીષ્મ અને દ્રોણને આગળ રાખી તે બધાં રાજાઓ સૈન્ય સહિત હજારોની સંખ્યામાં જળમાંથી બહાર નીકળ્યાં.[૧૬૫]

આમ જે રાજાઓ જળમાંથી બહાર નીકળ્યાં તે રાજાઓનું નામપૂર્વક નિરૂપણ કરીને કહ્યું. તે બધાં વીરગણ અને તે સ્ત્રીઓ આ જ રીતે એક રાત્રિ વિહાર કરીને પરસ્પર આમંત્રણ અને આલિંગન કર્યાં પછી જ્યાંથી આવ્યા હતા, ત્યાં ચાલ્યા ગયા.[૧૬૬]

આમ સાંભળીને જનમેજય પૂછે છે. અહીં નૈયાયિક મતનો આધાર જોઈ શકાય છે. શરીર છોડેલા પુરુષોનું ફરી એ જ રૂપમાં દેખાવું

કેવી રીતે શક્ય છે ? [૧૬૭] આ પ્રશ્નનો ઉત્તર આપતાં વૈશમ્પાયન કહે છે કે હે મહારાજ, એવો નિશ્ચય છે કે સર્વ કર્મોનું ફળ ભોગવ્યા વિના તેનો નાશ થતો નથી તે કર્મોથી જ જીવોના શરીર અને આકૃતિ સમૂહ ઉત્પન્ન થાય છે. ભૂતાધિપતિના સંયોગથી મહાભૂતો નિત્ય છે. [૧૬૮] વળી એવો નિશ્ચય છે કે ક્ષેત્રજ્ઞ નશ્વર પ્રાણીઓમાં મુક્ત થઇને પણ અવિનાશી અને નિત્ય છે, ભૂતોની સાથે આત્મભાવ હોવા છતાં તે નિશ્ચલ છે એમ જાણો. [૧૬૯] તે મુક્ત પુરૂષ અવ્યક્ત-માંથી પ્રગટ થયા હતા, તે ફરી અવ્યક્તમાં અદ્રશ્ય થઇ ગયા. આ જ કારણે હું એને જાણતો નથી, તે પણ મને જાણતા નથી. એમાં મને વૈરાગ્ય નથી. [૧૭૦] આમ વિદ્વન્મંડનમાં મહાભારતીય આશ્રમ-વાસિક પર્વના કેટલાક શ્લોકો લેવામાં આવ્યા છે. આ શ્લોકો આવિર્ભાવ અને તિરોભાવના સિધ્ધાંતના સમર્થક તરીકે સ્વીકાર્ય છે. પરંતુ અહીં એમ શંકા વ્યક્ત કરવામાં આવે છે કે ઉપર્યુક્ત "પુત્રદર્શનપર્વ"માં માયા દવારા પ્રદર્શિત કરવામાં આવ્યું છે. [૧૭૧]

શ્રી વિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત શંકાનુ નિવારણ કરતા નીચેનાં હેતુઓ જણાવે છે.

(૧) ઉપર્યુક્ત કથા પ્રસંગમાં "માયાથી દર્શાવ્યું છે" "તેવાં વચનનો અભાવ" જોવા મળે છે. વળી હે ભરતશ્રેષ્ઠ ! રાજા ધૃતરાષ્ટ્ર મહામુનિ વ્યાસની કૃપાથી દિવ્યનેત્રના સહારે ને બધાં લોકોને દેખીને અત્યંત આનંદ પામ્યા. [૧૭૨]

(૨) ઉપર્યુકત શ્લોકમાં "મુનિની કૃપાથી" એમ કહીને માયિકપણાનો નિષેધ કર્યો છે.

(૩) પતિવ્રતા સ્ત્રીઓના પોત-પોતાના પતિઓ સાથેના વિહારનું કથન માયિક-મિથ્યા ન હોઇ શકે. કારણ કે પાતિવ્રત્યધર્મથી માયિકપણું નાશ પામે છે.[૧૭૩]

(૪) ગંગામાં સ્નાનના સાધનનો ઉપદેશ માયિકપણાને લીધે સિદ્ધ થઇ શકતો નથી. અર્થાત્ ગંગાસ્નાનનું ફળ માયિક ન હોઇ શકે !

ઉપર્યુકત ચાર હેતુઓ આશ્રમવાસિક પર્વના આ આખ્યાનનું માયિકપણું દૂર કરે છે.

આશ્રમવાસિકપર્વના પુત્રદર્શનપર્વમાં ૪૨મા અધ્યાયનો ૧૬મો શ્લોક "અદર્શન-અવ્યકતમાંથી પ્રગટ થયેલો" એ સંબંધી વિચાર વ્યકત કરે છે. અહીં "લ્યપ્" પ્રત્યયનો લોપ થતાં પંચમી વિભકિત થયેલી છે.[૧૭૪] અર્થાત "અદર્શન કે અક્ષરને પ્રાપ્ત કરીને" એવો અર્થ થાય છે. આથી "પુનઃ" શબ્દ દર્શન પૂર્વે વસ્તુની સત્તા સિદ્ધ કરે છે. કારણ કે હે ભારત ! ભૂતોનું આદિ અવ્યકત છે, મધ્ય-વ્યકત અનુભવગમ્ય છે અને લય અવ્યકતમાં થાય છે એમાં શોક કરવા જેવું શું છે ?[૧૭૫] અહીં અવ્યકત એટલે અક્ષર જેમનું આદિ મૂળ કારણ છે તે "અવ્યકત જીવો" એમ થાય છે. અદર્શન એટલે જેનું દર્શન નથી તે અદર્શન મૂળકારણ "અક્ષર બ્રહ્મ" થાય છે. મુંડકોપનિષદમાં પણ કહ્યું છે હે પ્રિય ! તે સત્ય આ છે, જેમ પ્રજ્જવલિત અગ્નિમાંથી તેના જેવા રૂપવાળા

હજારો તણખાં અનેક પ્રકારે પ્રગટ થાય છે. તેવી જ રીતે અક્ષર બ્રહ્મમાંથી અનેક પ્રકારના ભાવો-મૂર્ત-અમૂર્ત પદાર્થ ઉત્પન્ન થાય છે અને તેમાં જ વિલીન થઇ જાય છે.[૧૭૬]

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે જે જે સ્થળ અને કાલના અવચ્છેદ મર્યાદાથી જેની જેવી પ્રતીતિ જ્ઞાન થાય, તે ભગવાનની ઇચ્છાનો વિષય બને તે તે સ્થળ અને કાલના અવચ્છેદમર્યાદાથી તેની તેવી પ્રતીતિ થાય છે.[૧૭૭] અર્થાત ભગવાનની ઇચ્છાથી અમુક વસ્તુની અમુક કાળમાં અને અમુક સ્થળમાં પ્રતીતિ થાય છે. આમ તે વસ્તુની તે કાળ અને સ્થળમાં પ્રતીતિ થાય છે.

બ્રહ્મસૂત્રનું પ્રમાણ આ સૂત્રમાં કહેવાયું છે કે પણ જીવનું કર્તૃત્વ બ્રહ્મમાંથી છે. કારણ કે બ્રહ્મ જ કરનાર અને કરાવનાર છે એમ શ્રુતિ કહે છે. આથી ભગવાન સર્વરૂપ હોઇ એમનામાં દોષ હોતો નથી.[૧૭૮] આમ જીવનિષ્ઠ કર્તૃત્વ બ્રહ્મને અધીન છે. તેથી જીવની ક્રિયા પણ બ્રહ્માધીન છે. આમ ભગવાનની ઇચ્છા જ કારણરૂપ છે. તેથી યોદ્ધાઓએ સ્ત્રીઓ સાથે વિહાર કર્યો તે બંધનનો દોષ આવતો નથી.[૧૭૯]

<u>વસ્તુસત્તાની સિદ્ધિના પ્રમાણો</u> :-

શ્રીવિઠ્ઠલનાથજી ભગવાનની ઇચ્છા સત્ય હોવાના પ્રમાણો નીચે પ્રમાણે આપે છે.

(૧) "ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિની અનિત્યતા સિદ્ધ થતી નથી. કારણ કે તેનું કારણ કહી શકાતું નથી.[૧૮૦] પૂર્વપક્ષના આ કથનનું નિરાકરણ-સમાધાન એ છે કે ભગવાનની ઇચ્છા જ અનિત્યતાનું કારણ છે.

(૨) "ભૂત અને ભાવિ પદાર્થો લૌકિક પ્રત્યક્ષનો ઇન્દ્રિયાર્થ સન્નિકર્ષથી ઉત્પન્ન થયું હોય, તેનો વિષય ન હોય તો પણ વસ્તુસત્તાને લીધે તે યોગીને પ્રત્યક્ષ થવા જોઇએ." પૂર્વપક્ષના આ મંતવ્યનું નિરાકરણ એ છે કે ભૂત અને ભાવિ પદાર્થો યોગીઓને પ્રત્યક્ષ થાય તેવી ભગવાનની ઇચ્છા નથી.[૧૮૧] તેથી તેઓને તે પદાર્થો પ્રત્યક્ષ થતાં નથી.

(૩) ભગવાનની ઇચ્છા ફળના બળથી કલ્પી શકાય છે.[૧૮૨] આથી યોગીઓને ભૂત અને ભાવિ પદાર્થો પ્રત્યક્ષ થતાં નથી. કારણ કે ભગવાનની ઇચ્છા જ એવી છે. અહીં કાર્યલિંગક અનુમાન જ પ્રમાણ છે. જે જે કાર્ય છે, તે તે ઉત્પત્તિને અનુકૂળ (ભેદ) કારણ દ્વારા ઉત્પન્ન થાય છે. જેમ દંડનું કાર્ય ઘટ છે, એમ જાણવું જોઇએ.[૧૮૩]

(૪) યોગીઓને ભૂત અને ભાવિ પ્રત્યક્ષ થાય છે. કારણ કે યોગીઓને તે પ્રત્યક્ષ હોય તેમાં વિરોધનો અભાવ છે.[૧૮૪] આમ ઉક્ત પ્રમાણો દ્વારા ભૂત અને ભાવિની સત્તા સિદ્ધ થાય છે. એ ન્યાયોચિત છે. ભૂત અને ભાવી પદાર્થો યોગીઓને પ્રત્યક્ષ હોય છે. આથી જ કહ્યું છે ભવિષ્ય, ભૂત, ઇન્દ્રિયથી પર, વર્તમાન,

દૂર અને વ્યવહિતને યોગીઓ સારી રીતે જાણે છે.[૧૮૫]

શ્રીવિઠ્ઠલનાથજી આવિર્ભાવનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે "આ કાલમાં, આ સ્થળમાં આ કાર્ય આ પ્રમાણે થાઓ" એવી ઇચ્છાનો વિષય એ આવિર્ભાવ કહેવાય છે. "ત્યારે ત્યાં તેમ તે ન થાઓ" એવી ઇચ્છાનો વિષય એ તિરોભાવ કહેવાય છે.[૧૮૬]

અહીં તે પ્રકારણે ઇચ્છાના વિષયરૂપ યોગ્યતા કહેવાયેલી છે. આથી પૂર્વે આપેલા લક્ષણમાં અને આ લક્ષણમાં એકવાક્યતા સૂચિત થાય છે.

"યોગ્યતા" એ બાધ-વિરોધના અભાવરૂપ છે.[૧૮૭] બાધ એ શૂન્યતાત્મા, અભાવ છે. પ્રતિયોગિસ્વરૂપના નિયમથી અભાવનો અભાવ સાક્ષાત્કારના વિષયરૂપ જ છે.

બાધના અભાવને અનુકૂળ ભગવાનની ઇચ્છાનો વિષય જ યોગ્યતા છે. જો કે "અનુભવનો વિષય" એ લક્ષણ સ્વરૂપલક્ષણ હોવાથી ભગવાનની ઇચ્છાનો સ્વીકાર થયો નથી. છતાં પણ સિદ્ધાન્તમાં કારણને લીધે તેનો સર્વત્ર સ્વીકાર થાય છે. આમ તે કહ્યા વિના જ સિદ્ધ થાય છે. આથી જ "સાક્ષાત્કારનો વિષય થાઓ, એવી ઇચ્છાનો વિષય તે આવિર્ભાવ" તે પૂર્વોક્ત સ્વરૂપલક્ષણ સિદ્ધ થાય છે.[૧૮૮] આમ બન્ને લક્ષણોમાં કોઇ વિરોધ નથી. આવિર્ભાવ અને તિરોભાવના લક્ષણોમાં દોષ અને અસંગતિ દર્શાવતાં પૂર્વપક્ષી શંકા વ્યક્ત કરે છે.

પૂર્વપક્ષ :-

સ્થળ અને કાલ નિત્ય હોવાથી ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળની એકસાથે જ ઉપલબ્ધિ અને અનુપલબ્ધિની સંગતિ થાય છે.[૧૮૯] અર્થાત્ દેશકાલની નિત્યતા સર્વકાલમાં સર્વ વસ્તુની પ્રાપ્તિ અને અપ્રાપ્તિ શક્ય બનાવે છે. આમ તિરોભાવનો પ્રતિબન્ધ - સ્વીકારવો પડે !

ઉત્તરપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત પ્રશ્ન_શંકાનું સમાધાન આપતાં જણાવે છે કે એવું કહી ન શકાય. કારણ કે આ સૃષ્ટિની કાલરૂપી સ્થૂળ કાલની ઉપાધિ છે. તેમાં તેના અવયવ વર્ષ, દિવસરૂપી ક્રમિક કાલની ઉપાધિ હોય છે. ક્રમિકતા એટલે જે તે કાલની ઉપાધિમાં અવચ્છિન્ન-મર્યાદિત આવિર્ભાવપણું.[૧૯૦] આ ક્રમિક કાલની ઉપાધિમાં તે પુરૂષને તે વસ્તુ પ્રાપ્ત થાઓ, એવી ઇચ્છાનો વિષય તે આવિર્ભાવ.[૧૯૧] આમ દેશ-કાલ નિત્ય હોવા છતાં ક્રમિક આવિર્ભાવ થાય છે.

પૂર્વપક્ષ :-

આવિર્ભાવના લક્ષણમાં "ક્રમિક" શબ્દનો સમાવેશ થવાથી "આત્માશ્રય" દોષ આવે છે.

ઉત્તરપક્ષ :-

અહીં ક્રમિક ઇચ્છાના પ્રકારરૂપ દેશ અને કાલ છે. આથી તે

આવિર્ભાવસ્વરૂપ ભગવાનની ઇચ્છાનો વિષય છે. આથી દેશ અને કાલ વગેરે આવિર્ભાવના લક્ષણની અંદર આવી જાય છે. આથી આત્માશ્રય દોષ રહેતો નથી.

શ્રીપુરૂષોત્તમજી કહે છે કે વેદમાં "હું બહુ થાઉં, ઉત્પન્ન કરું" એમ ભગવાનની ઇચ્છાના બે પ્રકાર કહ્યા છે.[૧૯૨] "હું બહુ અનેક સ્વરૂપે થાઉં"માં વિભિન્ન સ્વરૂપનો આવિર્ભાવ છે. અર્થાત્ દેશ, કાલ, અને પુરૂષ વગેરેનો ભગવાનમાંથી જ આવિર્ભાવ થાય છે.[૧૯૩]

"ઉત્પન્ન કરું" પ્રકર્ષ ઉત્કૃષ્ટ વાક્ય છે તેથી તેમાં જુદી જુદી વસ્તુનો વિવેક થાય છે.[૧૯૪] અર્થાત્ પ્રથમ ઇચ્છાના અવચ્છેદક તરીકે દ્વિતીય ઇચ્છામાં પ્રકારભેદ વડે વિવેક થાય છે.

અહીં આવિર્ભાવનું જ્ઞાન થવામાં બીજા કોઇના આવિર્ભાવના જ્ઞાનની જરૂર પડતી નથી. આથી દેશ અને કાલના આવિર્ભાવનું જ્ઞાન અન્યના આવિર્ભાવના જ્ઞાનમાં બાધારૂપ નથી. આમ આવિર્ભાવનું લક્ષણ આત્માશ્રય કે અન્યોન્યાશ્રય દોષરહિત છે. તેથી તે નિત્ય છે.

<u>પૂર્વપક્ષ</u> :-

અહીં એવી શંકા વ્યક્ત થઇ છે કે દ્વિતીયા ઇચ્છા-વિવેક પછી આવિર્ભાવ થાય છે. આવિર્ભાવ વસ્તુનો થાય છે માટે તે વસ્તુની શક્તિ છે. ભગવાનની નથી કેમ કે ભગવાનની શક્તિનો વિવેક પછી આવિર્ભાવ ન હોઇ શકે.

ઉત્તરપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી શંકાનું સમાધાન આપતાં કહે છે કે સર્વ બ્રહ્માત્મક હોવાથી આવિર્ભાવ પણ ભગવાનનો જ છે. તેથી તે ભગવાનની જ શક્તિ છે.[૧૯૫]

પૂર્વપક્ષ :-

અહીં એવી શંકા વ્યક્ત કરાય છે કે ઘટપટાદિ પદાર્થો ભિન્ન છે. એટલે આવિર્ભાવ પણ ભિન્ન-ભિન્ન શક્તિ છે. તેથી તે વસ્તુની જ શક્તિ જણાય છે.[૧૯૬]

ઉત્તરપક્ષ :-

શ્રીગિરિધરજી "હરિતોષિણી"માં સમાધાન આપતાં કહે છે કે ઘટપટાદિ પદાર્થો બ્રહ્મરૂપ છે. આથી તેનો આવિર્ભાવ એ ભગવાનનો જ આવિર્ભાવ છે.[૧૯૭] ઘટપટ વગેરે ભિન્ન-ભિન્ન છે તેથી તેમાં રહેલી શક્તિઓ ભિન્ન-ભિન્ન નથી. "છૂટી પડેલી શક્તિ અનેક જણાય છે."[૧૯૮] માં એક શક્તિ અનેક પ્રકારની હોવાનું ભાન થાય છે.

પૂર્વપક્ષ :-

સર્વ દેશકાલ વગેરે નિત્ય હોય તો પ્રલયકાલ અને સૃષ્ટિકાલ કહેવાય નહીં.

ઉત્તરપક્ષ :-

સર્વ વસ્તુની નિત્યતા ભગવાનની ઇચ્છા પર અવલંબિત છે. તેથી જે કાળમાં સર્વને પરસ્પર અનુભવનો વિષય ન થાય તે ભગવાનને સમ્મત કાળ પ્રલયકાલ કહેવાય છે. જે કાલમાં સર્વને પરસ્પર અનુભવનો વિષય થાય તે સૃષ્ટિકાલ કહેવાય છે. આમ અનુભવનો વિષય ન થવો અને અનુભવનો વિષય થવો તે અનુક્રમે પ્રલયકાલ અને સૃષ્ટિકાલ છે. અહીં ભગવાનની વિશિષ્ટ ઇચ્છા જ નિયામિકા છે.[૧૯૯] અર્થાત્ સૃષ્ટિકાલ છે. "હું અનેક થાઉં", ઉત્પન્ન કરું," એ શ્રુતિનો સિધ્ધાન્ત સ્વીકાર્યો છે.

શ્રી વિઠ્ઠલનાથજી આવિર્ભાવતિરોભાવવાદની સમાપ્તિ સૂચવતાં મંગલ શ્લોકમાં કહે છે કે પિતાના ચરણરૂપી કમળની રજ સ્વયં - આવિર્ભાવ પામીને કમલનયનભગવાન શ્રીકૃષ્ણમાં ભક્તિ પ્રગટ કરે છે, તે અમારું રક્ષણ કરો અને દુષ્ટોનું તિરોધાન કરો.[૨૦૦]

ક્રમિક દેશ અને કાલની નિત્યતા, સર્વની ઉપલબ્ધિ અને તેમનું નિરાકરણ :-

શ્રીવિઠ્ઠલનાથજી આવિર્ભાવતિરોભાવવાદની ચર્ચાનું સમાપન કરીને પણ ક્રમિક દેશ અને કાલની નિત્યતા સિધ્ધ કરે છે.

પૂર્વપક્ષી નૈયાયિક ક્રમિક દેશ અને કાલની નિત્યતાનું અનુસંધાન કરવા માટે ફરી શંકા વ્યક્ત કરે છે.

અહીં ઉત્થાપ્યાકાંક્ષા અનિયતાકાંક્ષા વ્યક્ત કરાઇ છે. જે

કાવ્યશાસ્ત્રમાં "સમાપ્તપુનરાત્તત્વ" દોષ તરીકે ઓળખાય છે. અર્થાત્ જેમ "ચન્દ્ર કુમુદબાંધવ ઉગે છે." વાક્યમાં "ચંદ્ર" અને "કુમુદબાંધવ" એ બન્ને પદોમાં અનિયતાકાંક્ષા - ઉત્થાપ્યાકાંક્ષા છે. તેમ આવિર્ભાવ અને તિરોભાવની નિત્યતા સિદ્ધ કરવામાં આવી છે છતાં ક્રમિક દેશ અને કાલની નિત્યતા પ્રત્યે શંકા સેવાય છે. આમ ઉત્થાપ્યાકાંક્ષા કોઇ આકાંક્ષાની પૂર્તિ કરતી નથી.

કાલની ક્રમિકતાને નીચે પ્રમાણે ઓળખી શકાય છે.

(૧) દક્ સાથે જોડાયેલી કાલની ક્રમિકતા કાલ્પનિક કહેવાય છે.

(૨) દશ્ય સાથે જોડાયેલી કાલની ક્રમિકતા વાસ્તવિક કહેવાય છે.

(૩) દક્-દશ્ય સાથે જોડાયેલી કાલની ક્રમિકતા નિરપેક્ષ કહેવાય છે.

(૪) દગ્દશ્યાતીત સાથે જોડાયેલી કાલની ક્રમિકતા સાપેક્ષ કહેવાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય કાલને "ભગવાનની ચેષ્ટારૂપ" કહે છે.

ઉપર્યુક્ત કાલની ક્રમિકતા ષડ્ભાગવિકારના રૂપમાં કે ઉત્પત્તિ, સ્થિતિ અને લયના રૂપમાં પણ હોય છે.

## પૂર્વપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં શંકા વ્યક્ત કરતાં કહે છે કે આવિર્ભાવ અને તિરોભાવ અનુસાર સર્વની નિત્યતા સિદ્ધ છે. આથી બધાનો એકસાથે જ ત્રણેય કાલમાં અનુભવ થાય છે કે અનુભવ થતો નથી. અર્થાત્ દેશ અને કાલ નિત્ય હોવાથી આવિર્ભાવ સમયે ઉપલબ્ધિ અનુભવ અને તિરોભાવ સમયે અનુપલબ્ધિ અનુભવનો અભાવ થાય છે.[૨૦૨]

અહીં પૂર્વપક્ષમાં ઘટાદિના પ્રાગભાવ વગેરેથી વિશિષ્ટ દેશ સ્થળની નિત્યતા અને ક્રમિકતાના બોધક કાલની નિત્યતા પ્રત્યે શંકા દર્શાવાઇ છે.

ઉત્તરપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી શંકાનું સમાધાન આપતાં કહે છે કે જે તે દેશ સ્થલ અને કાલથી અવચ્છિન્ન-વિશિષ્ટ ગુણોને લીધે જુદાં તરી આવતાં, તે તે પુરૂષ અને વ્યવહાર પણ છે. અર્થાત્ તે તે કાલમાં પુરૂષ અને વ્યવહાર થાય છે. આથી અહીં અનુપપત્તિ અયોગ્યનો અભાવ છે.[૨૦૩]

પૂર્વપક્ષ :-

દેશ અને કાલના વ્યવહારો વર્તમાનકાલમાં પણ થાય તો ત્રણેય કાલની વર્તમાનમાં ઉપલબ્ધિ અનુભવ થવો જોઇએ.

ઉત્તરપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે અનુપલબ્ધિ અપ્રાપ્ત અવચ્છેદક કાલ વડે અવચ્છિન્ન હોય છે.[૨૦૪] ભાવિ, ભૂત અને વર્તમાન એ ત્રણ કાલની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ એકસાથે જ થાય તેમાં કોઇપણ જાતનો વિરોધ નથી.[૨૦૫]

સામાન્ય પુરૂષોને ભૂત અને ભાવિ પદાર્થોની ઉપલબ્ધિ થતી નથી. પરંતુ યોગીઓને ઉપલબ્ધિ થાય છે. આથી તેઓને ત્રણેય કાલમાં પદાર્થોની ઉપલબ્ધિ થાય છે.[૨૦૬]

ઉપલબ્ધિનો અવચ્છેદક અને અનુપલબ્ધિનો અવચ્છેદક સ્વરૂપસંબંધ વિશેષ કાલ ભિન્ન છે. આમ ભિન્ન કાલમાં રહેલા યોગીઓ અને સામાન્ય પુરૂષો પણ ભિન્ન હોય છે. તેમ છતાં તેવા ભિન્ન કાલમાં ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ એકસાથે થાય છે. કારણ કે તે કાલમાં અવચ્છિન્ન યોગી અને સામાન્ય એકસાથે હોય છે. આથી ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ એકસાથે થાય છે. તેમાં કોઇ વિરોધ નથી. અર્થાત જયારે સામાન્ય નો "ભાવિઘટ" અનુપલબ્ધ હોય છે ત્યારે યોગીનો "ભાવિઘટ" ઉપલબ્ધ હોય છે. આમ ઘટની પ્રાપ્તિ અને અપ્રાપ્તિની જેમ એકસાથે હોવું વિરૂધ્ધ નથી.[૨૦૭] આથી જ બધા પદાર્થો એકસાથે હોવાથી નિત્ય છે. જેમ કોઇ એક સમયે "સૂર્ય કયાંક ઉગશે", કયાંક "ઉગે છે" અને કયાંક "ઉગ્યો" એવો વ્યવહાર થાય છે તેમ કાલ ભિન્ન હોવા છતાં વ્યવહાર એકસાથે જ થવાથી વિરૂધ્ધ નથી.[૨૦૮]

પૂર્વપક્ષ :-

પૂર્વપક્ષી નૈયાયિક શંકા વ્યકત કરે છે કે ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ એક વ્યકિત પુરૂષને એકસાથે થતી નથી. આથી તે નિત્ય કહી ન શકાય. જેમ "મેં જે ઘટનો પહેલાં અનુભવ કર્યો તેનો અત્યારે અનુભવ કરું છું." આ પ્રત્યભિજ્ઞા અનુપપન્ન પણ નથી.[૨૦૯] અર્થાત્ પ્રત્યભિજ્ઞા સિધ્ધ થાય છે. પ્રત્યભિજ્ઞા એટલે પ્રત્યક્ષ ભૂતકાળની અવસ્થાથી અવચ્છિન્ન વસ્તુનું ગ્રહણ. પ્રત્યભિજ્ઞા પ્રત્યક્ષ હોય ત્યારે [illegible] પૂર્વની અવસ્થા પ્રગટ કરે છે.[૨૧૦]

ઉપર્યુક્ત વાક્યમાં **"पूर्वम्"** અને **"इदानीम्"** એ બન્ને પદો ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ એક જ સમયમાં નથી એમ સૂચવે છે. આમ એકસાથે પદાર્થની ઉપલબ્ધિ અને ઉપલબ્ધિ થતી નથી. આથી તે નિત્ય નથી.

ઉત્તરપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી કહે છે કે બધું જ બ્રહ્મમય છે. એટલે જગત પણ બ્રહ્મરૂપ છે. એક જ બ્રહ્મને એક જ સમયે ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ થાય છે. આમ જગત બ્રહ્માત્મક છે અને બ્રહ્મ અદ્વિતીય છે. તેથી ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ નિત્ય છે.[૨૧૧]

વળી બ્રહ્મ એક હોવાથી તે અન્યનિષ્ઠ કે અન્યકાલિક છે. આથી એકને ઘટની ઉપલબ્ધિ થાય ત્યારે અન્યને તેની અનુપલબ્ધિ થાય છે. તેમ છતાં તે બન્ને બ્રહ્મરૂપ છે અને બ્રહ્મ એક છે એટલે એકસાથે જ ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ થાય છે. આથી તે નિત્ય છે.

પૂર્વપક્ષ :-

જો ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ બ્રહ્માત્મક કે બ્રહ્મને આશ્રિત હોય તો તે નિત્ય કહેવાય. આથી તો અલ્પજ્ઞ અને પણ સર્વજ્ઞ થઇ જાય ![૨૧૨] આમ અતિપ્રસંગ રૂપ દોષ - અતિ નિકટતા આવી જાય ! આથી જ જ્યારે અલ્પજ્ઞને એક પદાર્થનું જ્ઞાન થાય ત્યારે એક બ્રહ્મમાં રહેલ સર્વ પદાર્થનું જ્ઞાન થાય. આમ તે સર્વજ્ઞ થયો કહેવાય !

ઉત્તરપક્ષ :-

શ્રીવિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત શંકાનું સમાધાન આપતાં જણાવે છે કે ઘટની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ બ્રહ્માત્મક છે.[૨૧૩] આથી જ્યાં ભગવાન સ્વેચ્છાએ ઉપલબ્ધિના રૂપે આવિર્ભાવ પામે, ત્યાં તે ઘટની ઉપલબ્ધિ થાય છે અને જ્યાં અનુપલબ્ધિના રૂપમાં આવિર્ભાવ પામે ત્યાં અનુપલબ્ધિ થાય છે.

પૂર્વપક્ષમાં એ અતિપ્રસંગ છે કે એક પદાર્થના જ્ઞાનથી સર્વ પદાર્થનું જ્ઞાન થાય છે. કારણ કે તે આત્મામાં સમવાય સંબંધથી રહેલા જ્ઞાનને અમુક સ્થાનમાં રહેલું માને છે.[૨૧૪] જ્યારે અહીં ભગવાનની ઇચ્છાથી જ્ઞાન નિયમમાં હોય છે. આથી કોઇ પણ અતિપ્રસંગ આવતો નથી.

પૂર્વપક્ષી નૈયાયિકોના મંતવ્ય અનુસાર આત્મા વ્યાપક છે છતાં તેમને જ્ઞાનનું અલ્પપણું સ્વીકારવું પડે છે. પરંતુ અહીં ભગવાનની ઇચ્છા જ નિયામક હોવાનું સ્વીકારાય છે.[૨૧૫] ન્યાય વૈશેષિક ચિંતકો પ્રાગભાવમાં ઘટની ઉપલબ્ધિ માનતા નથી. આથી ઘટની અનુપલબ્ધિનું કારણ પ્રાગભાવ છે. જ્યારે અહીં ભગવાનની ઇચ્છા જ તેનું કારણ છે.[૨૧૬]

શ્રીવિઠ્ઠલનાથજી ઉદાહરણ આપતાં કહે છે કે જેમ પૃથ્વીમાં ગંધના રૂપે આવિર્ભાવ છે, પરંતુ જળ વગેરેમાં તે નથી.[૨૧૭] અહીં કાર્યની નિત્યતાના અભાવનો ઉત્તર અપાયો છે. અર્થાત્ બ્રહ્મવાદમાં ભગવાનની

ઇચ્છાથી જ અનુપપત્તિ અસિધ્ધિનું નિરાકરણ કરવામાં આવે છે.[218] આમ આવિર્ભાવ અને તિરોભાવ ઉપલબ્ધિ અને અનુપલબ્ધિના રૂપે રહેલાં છે. રૂપ પ્રપંચમાં એટલે દૃશ્યમાન જગતમાં આવિર્ભાવ અને તિરોભાવની સિધ્ધિ જોઇ શકાય છે.

રૂપ પ્રપંચ દૃશ્ય જગતની નિત્ય સિધ્ધિ પછી હવે નામપ્રપંચ નામયુકત પ્રપંચની નિત્ય સિધ્ધિનું પ્રમાણ આપતાં શ્રી વિઠ્ઠલનાથજી શ્રીમદ્ વલ્લભાચાર્યના તત્ત્વાર્થદીપનિબંધના શાસ્ત્રાર્થપ્રકરણના શ્લોક ઉદ્ધૃત કરે છે - "અથવા નામલીલાના અનેક વાક્યોને લીધે બ્રહ્મનું સર્વરૂપત્વ છે. આથી વિરૂધ્ધાંશના ત્યાગથી સર્વ શાસ્ત્ર જ પ્રમાણ છે.[219] પૂર્ણપણે જ્ઞાનનો ઉદય થાય પછી શબ્દ જ પ્રમાણ છે. કારણ કે તેનો અર્થ ભગવદ્રૂપ છે. આથી નામલીલા પણ રૂપલીલાની જેમ જુદા જુદા વાક્યો દ્વારા સિધ્ધ થાય છે.

વિરૂધ્ધ અંશનો ત્યાગ, ભગવાનના અલૌકિક પ્રકારના સામર્થ્ય દ્વારા કે ભગવાનના સર્વરૂપ દ્વારા થાય છે.[220] આમ પૂર્ણજ્ઞાનીને બે રીતે અવિરોધનો અનુભવ થાય છે. ભગવાન સર્વરૂપ છે. આથી અગ્નિ ઉષ્ણતાના રૂપમાં અને અનુષ્ણતાના રૂપમાં હોય છે.[221] પરંતુ બન્નેનું અધિકરણ ભગવાન છે. આથી ઉષ્ણરૂપમાં કે અનુષ્ણરૂપમાં અગ્નિ સામાનાધિકરણ્ય છે.

"સામાનાધિકરણ્ય" એટલે બે વસ્તુઓનો સમાન અધિકરણ સાથેનો સંબંધ.[222]

શ્રી વિઠ્ઠલનાથજી ઉક્ત પ્રમાણનું કારણ આપે છે કે સર્વત્ર અખંડ બ્રહ્મનું જ્ઞાન વિરોધાંશની સ્ફૂર્તિ કરતું નથી. આથી વિરૂધ્ધ અંશનો ત્યાગ એ જ વાક્યનો અર્થ છે.[223]

અહીં રૂપલીલામાં નિરાકાર બ્રહ્મ પુરૂષરૂપે, શક્તિરૂપે અને કાર્યરૂપે થાય છે. આ વસ્તુ "અથવા પહેલાં જે સિધ્ધ કરવામાં આવ્યું છે તેવું બ્રહ્મ છે."[224] માં સમજાવેલ છે તેમ નામલીલામાં પણ ભિન્ન ભિન્ન વાક્યો બ્રહ્મનો બોધ કરે છે. આમ વિરોધ રહેતો નથી.

સર્વત્ર અખંડ અદ્વૈતનું જ્ઞાન થતાં વિરોધી અંશનો ત્યાગ થાય છે. આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે અખંડ અદ્વૈતનું જ્ઞાન થાય ત્યારે બધું જ બ્રહ્મ હોય છે અથવા જ્ઞાન વિપરીત જ્ઞાન થતું નથી. જ્ઞાનથી ભેદબુદ્ધિનો નાશ થાય છે. પરંતુ સ્વરૂપથી જગતનો વિરોધ નથી.[225]

સમીક્ષાત્મક નોંધ :-

આવિર્ભાવતિરોભાવના પૂર્વપક્ષમાં નૈયાયિક મતનું સ્થાપન કરવામાં આવ્યું છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય નીચેની બે દલીલોમાં આવિર્ભાવતિરોભાવવાદનો સુબોધિનીમાં પૂર્વપક્ષ સ્થાપે છે.
(૧) ઘટની ઉત્પત્તિ જોઇ શકાય છે. છતાં તેમાં "ભગવત્ત્વ" - ભગવાનનું તત્ત્વ કેમ હોઇ શકે ? (૨) આકાશ નિત્ય છે, છતાં તેની સર્વત્ર ઉત્પત્તિ કેમ સમ્ભવે ?

ઉપર્યુક્ત પૂર્વપક્ષનો સિધ્ધાન્તપક્ષ આ પ્રમાણે છે :-
(૧) શ્રીમદ્ વલ્લભાચાર્ય આવિર્ભાવ અને તિરોભાવને બ્રહ્મની શક્તિ

કહે છે. આ શક્તિથી જ બીજમાંથી શરીર વગેરે થાય છે. ભગવાનની આવિર્ભાવ શક્તિ ઘટાદિના રૂપમાં આવિર્ભાવ પામે છે. જ્યારે મૃત્તિકાના રૂપમાં તિરોભાવ થાય છે. આમ ઘટ મૃત્તિકાના રૂપમાં સર્વત્ર સર્વદા નિત્ય હોય છે. આથી તેમાં "ભગવદ્રૂપ" કહેવાય છે.

(૨) ન્યાયશાસ્ત્ર અનુસાર જેમ જિહવાના આઘાતરૂપે સમવાયિ અને નિમિત્ત કારણરૂપ, આકાશ વગર પણ શબ્દ ઉત્પન્ન થાય, તેમ તન્તુ વિના પણ પટ-વસ્ત્ર થઇ શકે. આમ સત્કાર્યવાદમાં કારણમાં કાર્ય સમવેત હોય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે કાર્યમાં કારણ અનુપ્રવેશ કરે અને કાર્ય-કારણ એ બન્ને સાથે જ ઉત્પન્ન થાય ! આમ શબ્દ આકાશરૂપ કાર્ય નિત્ય હોવા છતાં તે કારણ-શ્રોત્ર સાથે જ સમવેત જ ઉત્પન્ન થાય છે. આમ કાર્ય-કારણ બન્નેની આવશ્યક્તા સિદ્ધ થાય છે. ( સુબોધિની ૨!૯!૩૪ )

આવિર્ભાવતિરોભાવ વિષયક અન્ય વસ્તુ નીચે મુજબ છે.

(૧) શ્રી ભાગવત વેદસ્તુતિના સુબો- ૧૦!૮૭!૧૫ અનુસાર આવિર્ભાવ-તિરોભાવ જગતના ઉદય અને અસ્ત છે. ઉદય એટલે જન્મમાં "जनि प्रादुर्भावे" ધાતુ છે. અસ્ત એટલે નાશમાં "णश् अदर्शने" ધાતુ છે. તદનુસાર જગતના ઉદય અને અસ્ત ઉત્પત્તિ અને નાશ નથી પરંતુ આવિર્ભાવ અને તિરોભાવ છે.

(૨) વિકૃત જગત નાશ પામે છે ત્યારે અવિકૃત-આશ્રય જગતરૂપ બ્રહ્મ અવશિષ્ટ રહે છે.

આવિર્ભાવ તિરોભાવની વ્યાખ્યા :-

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીએ આપેલી આવિર્ભાવ-તિરોભાવની વ્યાખ્યામાં મુખ્યત્વે શ્રીમદ્ વલ્લભાચાર્યની વ્યાખ્યા અતિ સંક્ષિપ્ત અને ગહન છે. જયારે શ્રી વિઠ્ઠલનાથજીની વ્યાખ્યા પ્રમાણમાં સરલ અને સ્પષ્ટ છે. આથી શ્રી વિઠ્ઠલનાથજીની જ વ્યાખ્યા ઉત્તરકાલીન આચાર્યો અને વિવેચકોએ આધાર તરીકે અપનાવી છે.

"આવિર્ભાવતિરોભાવવાદ"ને બ્રહ્વાદનું અભિધાન આપનાર શ્રી વિઠ્ઠલનાથજી વિદ્વન્મંડનમાં તેની સવિસ્તર ચર્ચા કરે છે. તેનાં મુખ્ય અને ઉપયોગી અંશોનો નીચેનાં મુદ્દાઓમાં સમાવેશ કર્યો છે.

(૧) વેદના પ્રમાણને આધારે આવિર્ભાવ અને તિરોભાવની એકસાથે સ્થિતિ શક્ય છે.

(૨) યોગીઓને ત્રિકાલમાં પદાર્થોનું દર્શન અનુભવ થાય છે.

(૩) પ્રત્યેક પદાર્થની નિત્ય સત્તા છે. એટલે અવસ્થા વિશેષ બોધક ભૂત અને ભાવિ એવો વ્યવહાર બાધારૂપ નથી.

(૪) આવિર્ભાવ થતાં પહેલાંના સમયને <u>ભાવી</u> કહેવાય છે. આવિર્ભાવ પછી અને તિરોભાવ પહેલાંનો સમય <u>વર્તમાન</u> કહેવાય છે. અને તિરોભાવ પછી <u>ભૂત</u> કહેવાય છે.

(૫) આવિર્ભાવતિરોભાવ અનુસાર ભાવિ અને ભૂતની પ્રતીતિ થાય છે. તે પૂર્વપક્ષના "સ્વરૂપ સંબંધથી જુદા સંબંધ વિના" કરતાં વધારે સારી રીતે વસ્તુની સત્તા સિદ્ધ કરે છે.

(૬) મહાભારતના આશ્રમવાસિક પર્વના ૩૨મા અધ્યાયથી શરૂ થતી કથા વસ્તુની નિત્ય સત્તાનું સમર્થન કરે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ "આવિર્ભાવતિરોભાવવાદ"ના નિરૂપણમાં અત્યન્ત સાવધાનપણે અને ગંભીરપણે નવ્યન્યાય પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

"આવિર્ભાવતિરોભાવવાદ"ની સમીક્ષા કરતાં એમ લાગે છે કે આ વાદ શ્રીમદ્ વલ્લભાચાર્યનો પોતાનો આવિષ્કાર છે. સાંખ્યના સત્કાર્યવાદ કરતાં પણ વધારે સાર્થક અને સજ્જડ પ્રેરક "આવિર્ભાવ-તિરોભાવવાદ" છે. સત્યને ત્રિકાલાબાધિત કહેવાય છે તે આ જ હોઈ શકે. કારણ કે તે કોઈ પણ કાલમાં હોય છે. આમ સર્વત્ર સર્વદા બ્રહ્મનું જ્ઞાન થાય છે. વળી વેદના વાક્યો પણ બ્રહ્મનો જ બોધ આપે છે.

## पाद - टीप

1. त. दी. नि., 2/140; आविः प्रकटं भावयतीत्याविर्भावः ।
   (पृ.)

2 तत्रैव, (आ.भ.), 2/140; कारणान्तस्थं कार्यं बहिः प्रकटीकरोति ।

3 तत्रैव, 1/23; नाप्यसतः सत्तारूपः ।

4 त. दी. नि., 1/140 ; आविर्भाव तिरोभावौ शक्ती वै मुरवैरिणः ।

5 त. दी. नि., 1/140 भक्त्या त्वाद्यो द्वितीयस्तु तदभावाद्धरौ यथा ।।
(क्र.) अतो द्वितीय सदानन्दो वक्तव्यः। स भगवानेव भवति।

6 ऋ.सं.10/10/2 ; पुरुष एवेदं सर्वम् यश्च भूतं यच्च भाव्यम् ।
श्वे. उ., 3/15

8 छा. उ., 7/26/1 ; आविर्भावतिरोभावावात्मानोऽन्नमात्मनः

7. बृ. उ., 1/4/7 ; तद्धेदं तर्ह्यव्याकृतमासीत्तन्नामरूपाभ्यामेव
   व्याक्रियतासौनाम्नाऽयमिदंरूप इति ।

9. स.सा.उ., 17; ज्ञातृज्ञानज्ञेयानामाविर्भावतिरोभावज्ञाना
   स्वयमाविर्भावतिरोभावरहितः स्वयं ज्योतिः साक्षीत्युच्यते ।

10 वि.पु., 1/12/60; तदेतदक्षयं नित्यं जगन्मुनिवराऽखिलम् ।
   आविर्भावतिरोभावजन्मनाशविकल्पवत् ।।

11. मा.पु., 4/39; आविर्भावतिरोभावदृष्टादृष्टविलक्षणम् ।
   वदन्ति यत्सृष्टमिदं तथैवान्ते च संहृतम् ।।

12 ब्र.वै.पु., 21/9/121; स्थानेस्थाने पृथिव्या च कालेकाले यथोचितम् ।
इच्छयाऽविर्भूता हि न भवेत्प्रतिबन्धकम् ॥21॥
ब्रह्माण्डे वा कतिविधमाविर्भूता तिरोहितम् ।
विधेया वा कतिविधास्तस्य भ्रूभङ्गलीलया ॥

13 भाग., 1/13/42: यथा क्रीडोपस्कराणां संयोगविगमाविह ।
इच्छया क्रीडितुः स्यातां तथैवेशेच्छया नृणाम् ॥

14 तत्रैव, 3/31/44; तन्निरोधोऽस्य मरणमाविर्भावस्तु संभवः ।

15 तत्रैव, 10/85/25; खं वायुर्ज्योतिरापो भूस्तत्कृतेषु यथाशयम् ।
आविस्तिरोऽल्पभूर्येको नानात्वं यात्यसावपि ॥

16 म.भा.आ.वा.प., 42/16;
अदर्शनादापतितः पुनश्चादर्शनं गतः ।
नाहं तं वेद्मि नासौ मां, न च मेऽस्ति विरागता ॥

17 भ. गी., 2/22 ; तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि-
संयाति नवानि देही ।

18 तत्रैव, 4/6; अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥

19 ब्र. सू., 1/3/9; उत्तराच्चेदाविर्भूतस्वरूपस्तु ।

20 तत्रैव, 3/2/5, पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य
बन्धविपर्ययौ ।

.3

21 तत्रैव, 4/4/1; सम्पद्याविर्भावः स्वेन शब्दात् ।

22 तत्रैव, 4/4/16; स्वाप्ययसम्पत्त्योरन्यतरापेक्षमाविष्कृतं हि ।

23 अ.भा. 1/3/19; आविर्भूतस्वरूपः । स्वाप्ययसम्पत्त्यो

भगवद्‌आविर्भावो जीवे भवति ।

24 अ.भा., 1/3/19; नृसिंहोपासकस्य नृसिंहाविर्भावपत् ब्रह्मण-

उपदेशसमये भगवदाविर्भावात् ।

25. तत्रैव, 3/2/5; अंशश्चायम् । कथमस्य दुःखित्वम् ।

26 तत्रैव., 3/1/5 ; तिरोभावादेवैवं नान्यथा ।

27 तत्रैव, 3/2/5 ; ईश्वरेच्छया जीवस्य भगवद्धर्मतिरोभावः ।

28 तत्रैव, 3/2/5 ; आनन्दांशस्तु पूर्णमेव तिरोहितो येन-

जीवभावः ।

29 तत्रैव. 4/4/1 ; ब्रह्म सम्पद्यापि स्थितस्य जीवस्य प्रभो-

रत्यनुग्रहवशाद स्वात्मकभजनानन्ददित्सायां-

तन्कृत आविर्भावो भवत्येय ।

30 तत्रैव, 4/4/1; स्वशब्दोऽत्र भगवद्वाची । तथा च -

भगवत्स्वरूपबलेनैवाविर्भाव इत्यर्थः ।

31 त. दी. नि., 1/72, आविर्भावतिरोभावैर्मोहनं बहुरूपतः ।

इन्द्रियाणां तु सामर्थ्याद्‌वैषम्यं स्वेच्छया तु तत् ।

32 तत्रैव, 1/73, आनन्दरसो शुद्धस्य सत्त्वस्य फलनं यदा ।

तदा मरकतश्याममाविर्भावि प्रकाशते ।।

33 त.दी.नि., 3/3-10-87, आविर्भावादिकं स्वतः ।

34 सु.बो. 10/26/16; ज्ञानभक्त्यो स्तु आविर्भावार्थमुपयोगः ।

आविर्भावश्चेदन्यथा सिद्धः, तदा न ज्ञानभक्त्योरुपयोगः ।

35 तत्रैव, 10/29/2, तासां मध्य एव भगवानाविर्भूतः ।

मायाजवनिकां दूरीकृत्य भगवान् प्रकटो जातः ।

36 तत्रैव, 3/5/24, तदा जीवां भूत्वा निरोभावप्रकारेण आविर्भूतः ।

37 न्या. सू. भा., 1/1/1 : प्रदीपः सर्वविद्यानामुपायः सर्वकर्मणाम् ।

आश्रयः सर्वधर्माणां विद्योद्देशे प्रकीर्तिता ।

38 न्या. भा., 1/1/1: प्रमाणैरर्थपरीक्षणं न्यायः ।

39 न्या. ली., पृ. 567;नप्राक्ध्वंसात्पन्नान्योन्यभावात्मा ।

40 गौ. 2/2/68, स च जात्याकृतिव्यक्तयः पदार्थः ।

41 सु.सू. पृ. 76, : नितरामिदमित्थतया वस्तु-

योऽयत्थं निर्वाच्यत्वम्, तदभावः अनिर्वाच्यत्वम् ।

42 ह. तो. पृ. 88: धर्मयोः परस्परविरोधैनैकत्र स्थित्यभावात् ।

43 न्या. ली., पृ. 730, : धर्माणां धर्मिण्याश्रितबुद्धिकत्वेनैव... ।

44. ह. तो., पृ. 88 : धर्म्यसिद्धौ धर्मस्यासिद्धया शून्यवादापत्तिरिति ।

45 सु.सू., पृ.77 : फलस्थापि नित्यत्वेन प्रवृत्तिरनुपपन्नास्यात् ।

46 वि.मं., पृ.78 : तथा सति कृ भगवच्छक्तित्वम् ।

47 सु.सू., पृ.78 : तन्निकर्षस्व च कारणमिन्द्रियमनःसंयोगः
तत्कारणात्मकमनः संयोगः ।... ।

48 ऋ.सं. 10/10/2, : यद्भूतं यच्च भाव्यम् ।

49 न्या.सू., 1/2/6 : सिद्धान्तमभ्युपेत्य तद्विरोधी विरुद्धः ।

50 वि.मं., पृ.79 : नाप्युक्तयोग्यतात्मकत्वं तत्वमिति वक्तुं शक्यम् ।

51 वै.सू., 2/1/15 : वायुसन्निकर्षे प्रत्यक्षाऽभावाद्दृष्टं
लिंगं न विद्यते ।

52 सु.सू., पृ. 80 : आविर्भावलक्षणस्य वाध्वाह्नावभावेन तथेत्यर्थः ।

53 वि.मं., पृ. 79-80 : न च दर्शनपदमनुभवपरमिति वाच्यम् ।

54 ह.तो., पृ. 80 : अनुभवयोग्यताया आविर्भावलक्षणे निवेशे-
सति । तिरोभावोच्छेद इति ।

55. वि.मं., पृ. 80 : तौ प्रतिव्यक्ति भिन्नावभिन्नौ वा ।

56 तत्रैव, पृ. 80 : युगपत् सकलोपलम्भप्रसङ्गात् ।

57 न्या.को., पृ. 534 : घटाभावस्य घटो विरोधी भवति इति
...दीधि. 2) (ब.पृ.)

58 ह.तो., पृ. 81 : ..अतो न युगपत्सकलोपलम्भ इत्यर्थः ।

6

59 सु. सू., पृ. 80 : तथा आविर्भावस्यैकत्वेऽप्यवच्छेदभेदान्न
युगपत्सकलोपलम्भप्रसङ्गः ।

60 वि. मं., पृ. 81 : तथा पावच्छेदकस्य नित्यत्वात्सदो-
पलम्भः स्यात् । अनुपलम्भो वा ।

61 तत्रैव, पृ. 81 / न च तत्तत्कालोपाध्यवच्छेदभेदान्न तत्प्रसङ्ग-
इति वाच्यम्

62 तत्रैव, पृ. 81–82 : न ह्येकदोपलभ्यमानानां तथात्वमनु-
पपन्नम् ।

63 ह.तो., पृ. 82 : आविर्भावान्तरं कल्पयित्वा दूषण-
निङ्गसनं न वक्तुं शक्यमित्यर्थः ।

64 न्या. को., पृ. 20 : अव्यवस्थितपरंपरोपाधीनो निष्टप्रसङ्गः ।

65 पि.पं., पृ. 82 : तिरोभावोऽप्येतेन व्याख्यातः ।

66 त.दी.नि., 2/120 : आविर्भावतिरोभावौ शक्ती वै-
मुखैरिणः ।

67 गं.भ., पृ. 82–83 : तौ प्रतिव्यक्ति भिन्नौ न संभवत इत्यर्थः ।

68 श्वे. उ., 6/8 : परास्य शक्तिर्विविधैव श्रूयते ।

69 वि.पं., पृ. 84 : ...कादाचित्कत्वेहेतुरपि न निरूपयितुं
शक्यः ।

70 ह.तो., पृ. 84 : भगवद्धर्माणां नित्यत्वेन स्वमतविरोधा-
दित्यर्थः ।

71 सि.शो., पृ. 30 : अनित्यत्वे उत्पत्तिनियम, इत्यर्थः ।

72 तत्रैव. पृ. 30 : अन्तर्गडुभ्याम् अजागलस्तनायमाना–
भ्याम् । ...तद्धर्माविर्भावतिरोभावा
वुक्तरीत्या नवस्थापादकौ स्वस्यापि वैफल्यं
गमयत इति ।

73 छा. उप, 3/14/2 : सर्वं खल्विदं ब्रह्म ।

74 ह.तो. , पृ. 85 : भगवच्छक्तयोः कारणतावादिना...
दण्डमुद्गरादिकं कारणत्वद्वयं वाच्यमित्यर्थः ।

75 ह.तो. पृ. 85 : तिरोभावे पदार्थनाशो न जायत इति भावः ।

76 न्या. सू., 1/1/4 : इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानं प्रत्यक्षम् ।

77 न्या. कौ. पृ. ६७२: योगाभ्यासजनितो धर्मविशेषः ।

78 ह.तो., पृ. 85 : ध्वंसानन्तरं पदार्थसत्वं नास्ति ।

79 भाग., 10/51/18 : प्रजाश्च तुल्यकालीया नाधुनासन्ति
कालिताः ।

80 वि.मं., पृ. 85 : अत्रोच्यते तत्स्वरूपं तच्छ्रुत्वाऽपास्य संशयान् ।
ब्रह्मवादे कृतात्मानः प्राप्नुवन्तु हरिं बुधाः ॥

81 तत्रैव, पृ. 85-86 : अनुभवविषयत्वयोग्यता आविर्भावः ।
तदविषयत्वयोग्यता तु तिरोभावः ।

82 तत्रैव, पृ. 86 : ते च वस्तुसत्वेनैवावच्छिद्येते ।

83 वै.सू., 1/1/16 : द्रव्याश्रयी.....इति गुणलक्षणम् ।

84 वि. मं., पृ.86 : न ह्यलीके ते संभवतः ।

85 तत्रैव. पृ. 87 : ....वस्तुनोः सत्ता...उररीकार्या ।

8

85 तत्रैव, पृ. 87 : ....वस्तुनो: सत्ता...उररीकार्या ।

86 तत्रैव, पृ. 87 : तयोर्घटादिधर्मत्वेन तदभावे निराश्रयत्व-
प्रसङ्गात्× ।।

87 तत्रैव (हि.) पृ. 87. : स्वसत्तादशायां तस्यासत्त्वेन
निराश्रयं च तिष्ठतीति भाव: ।

88 ह. तो., पृ. 88 : एतेन भाविभूतवस्तूनामनिर्वाच्यत्वं निरस्तम् ।

89 वि. मं., पृ. 88 : ....कालोपाधिरेव तदाश्रय: .... ।

90 न्या. को. पृ. 235 : (गु)णादिनादिव्यवहारविषयत्वनियामको
धर्म: । स च जन्यमात्रं (अनित्यभावं) क्रियामात्रं
वा कालोपाधि: ।

91 वि. मं., पृ.88 : न च कालोपाधिरेव तदाश्रय इति वाच्यम् ।

92 सु.सू., पृ. 88–89 : ...यद्यन्त्यस्तदा वर्तमाने प्रागभावा-
द्यवच्छेदके तस्मिन् भाविभूतप्रतीतिप्रसङ्ग
इत्युभयत: पाशया त इत्यर्थ: ।

93 वै.सू., 7/2/26 : "इहेदमिति यत: कार्यकारणयो:
स समवाय: ।

94 प्र.भा., पृ.6 पृ.156 : अयुतसिद्धानामाधार्याधारभूतानां य:
सम्बन्ध: इह प्रत्ययहेतु: स समवाय: ।

95 न्या.ली., पृ.704,708–709 : "तन्तुषु पटः"...
जात्यादिगोचरो विशिष्टव्यवहारः...भावमात्र
विषयाबाधितविशिष्टव्यवहारत्वात् ।

96 वि.मं., पृ. 89 : यथा तन्तत्वधिकरणकपटनिरुपित
समवायस्य काले सत्त्वे पि.... ।

97 न्या.सि.मु., का.45 : जन्यानां जनकः कालो जगतामाश्रयो
मतः ।

98 वि.मं., पृ. 90 : प्रतियोगित्वस्य स्वरूपसम्बन्धविशेषत्वेना-
ङ्गीकारात् ।

99 न्या.को., पृ.534 : ...दीधितिकारमते च तस्य स्वरूपसम्बन्ध-
विशेषात्मत्येन प्रतियोगिस्वरूपत्वम्...स्वीकार्यम् ।

100 सु.सू., पृ. 90 : अभावविरहात्मत्वं वस्तुनः प्रतियोगिता
न्या. को., पृ. 535 :

101 वि. मं., पृ. 90 : ...तस्य यात्रापि सत्वात् ।

102 न्या. को. , पृ. 1057 : सम्बन्धान्तरेण विशिष्टप्रतीतिजनना-
योग्यतम् (चि.1) यथा भूतले घटोनास्ति इत्यादौ
घटाभावादेर्भूतलेन सबन्धः ।

103 ह.तो., पृ. 91 : तत्र काले यो विशेषः स प्रतियोगिनि नास्ति,
प्रतियोगिनि यो विशेषः स काले नास्तीति
तादृशप्रतीत्यभावोपपत्तिरित्यर्थः ।

10

104 सु.सू., पृ. 92 : प्रतियोगिनोऽन्यस्य चासत्वेनाविषय-
तया तदभावादित्यर्थः ।

105 ह.तो., पृ. 12 : एवं च तादृशवैशिष्टिवाप्रतीत्यन्यथानुपपत्त्या
घटविशिष्टप्रतीतिजनकत्वरूपो विशेषो घटे वर्तते,
काले नास्तीति कल्प्यते ।

106 न्या.को., पृ. 40 : अन्यथानुपपत्तिः - स्वाभावप्रयोज्यासंभवः ।

107 ग.भ., पृ. 92 : कालादौ वैशिष्टयप्रतीतिव्यावर्तकः
स्वरूपसम्बन्धविशेष एवेति ।

108 वि.मं., पृ. 92 : ...काल एव सत्त्वम्... ।

109 तत्रैव, पृ. 93 : ...समवायाभावेन...समवायस्य कुत्रापि
वक्तुमशक्यत्वात् ।

110 तत्रैव, पृ. 93 : तथा चोक्तदूषणभिया तत्समवायस्य
प्रयोजकत्वं वाच्यम् ।

111 वि.मं., पृ. 93-94 : जन्यभावस्यान्यत्र समवेतस्यैव-
कालाधारत्वनियमात् ।

112 बं.भ., पृ. 94 : असमवेतस्यापि कालेऽङ्गीकारश्चेच्छ-
शशृङ्गस्यापि शशेऽसमवेतस्य काले
आधार इत्यङ्गीकारः स्यात् ।

113 वि. मं., पृ. 94 : अतो भावित्वभूतत्वव्यवहारकालेऽपि
घटादिसत्ता ऊरीकार्या ।

114 न्या॰को॰, पृ॰675 : योग्यता – कार्यविशेषजनने सामर्थ्यम्

115 वि॰मं॰ (टि) विशेषस्वरूप घटकीभूता भावित्वादि-
पृ॰95 प्रविशिष्टप्रत्ययजननयोग्यता ।

116 ह॰ तो॰, पृ॰ 95 : उत्पत्त्यनन्तरं घटे योग्यताया सत्ता-
सत्त्वाद् यदा कदाचिदपच्छिद्यते ।

117 वि॰मं॰, पृ॰ 95 : ...यदा कदाचिद्वस्तुसत्तवैवावच्छिद्यते ।

118 तत्रैव, पृ॰ 96 : स्वरूपस्य सम्बन्धत्वे सिद्धे सम्बन्धान्तरपदं
सार्थकं भवेत् । 119

119 न्या॰ को॰, पृ॰ 121 : स्वस्य स्वापेक्षितत्वे अनिष्टप्रसङ्गरूपो
दोषः (गौ॰ वृ॰ 1/1/40)

120 ह॰ तो॰ पृ॰ 97 : आत्माश्रयो द्विविधः – स्वज्ञाने स्वज्ञानापेक्षेति
ज्ञप्तावात्माश्रयः, स्वोत्पत्तौ स्वोत्पत्त्यपेक्षेत्युप-
त्यतावात्माश्रयः ।

121 सु॰सू॰, पृ॰ 97 : स्वरूपस्य च तथात्वे ज्ञाने सम्बन्धत्वमिति
सम्बन्धत्वज्ञानाधीन सम्बन्धत्वज्ञानमिति ज्ञमावा-
त्माश्रयः

122 न्या॰ को॰, पृ॰ 142 : तत्र लौकिकः षड्विधः संयोगः संयुक्त
समवाय संयुक्तसमवेतसमवायः समवायः समवेतसमवाय
विशेषणविशेष्यभावश्चेति ।। (न्या॰म॰। पृ॰ 7)

123 तत्रैव, पृ. 1057 : ...षट्पदार्थातिरिक्तः भावरूपः पदार्थविशेषः स्वरूपसम्बन्धः ।

124 न्या. को. पृ. 7 : अलक्ष्यवृत्तित्वम् । यथा गोः शृङ्गित्वस्य लक्षणत्वेऽतिव्याप्तिः ।

125 तत्रैव, पृ. 672 : योगाभ्यासजनितो धर्मविशेषः ।

126 तत्रैव, पृ. 672 : अयं....अलौकिकसन्निकर्षविशेषः ।

127 ह. तो., पृ. 98 : योगजधर्मजन्यप्रत्यक्षे लौकिकत्वाभावान्नातिव्याप्तिरिति भावः ।

128 न्या. सि.मु., का. 63, पृ. 114 : ..समानानां भावः सामान्यं, तच्च क्वचिन्नित्वं धूमत्वादि, क्व. क्वचिच्चानित्यं घटादि,...... ।

129 गं. भ., पृ. 98 : "धूमे वह्निमव्याप्तिविशिष्टत्वम्... ।"

130 ह. तो., पृ. 98 : विशिष्टज्ञानजनकत्वात् सामान्यलक्षणायामनिव्याप्तिरिति भावः ।

131 वि. सं., पृ. 98 : न च जन्यलौकिकप्रत्यासत्तिं विनाऽपि तथात्वं तदर्थ इति वाच्यम् ।

132 गं. भ. : पृ. 98 : जन्यपदेन सामान्यप्रत्यासत्तावतिव्याप्तिर्वारिता ।

133 तत्रैव, पृ. 98 : योगजधर्मेऽपि घटत्वविशिष्टो घट इति ज्ञानेऽतिव्याप्तेः ।

.13

134 वि. मं., पृ. 99 न च सामान्ययोगजधर्मज्ञानलक्षण-
घोढा प्रत्यासत्त्यभावे तथात्वं तदर्थ
इति वाच्यम् । असिद्धेः ।

135 न्या. सि. मु., का. 65, पृ. 118 : सामान्यलक्षणाप्रत्यासत्तिर्हि
तदाश्रयस्य ज्ञानं जनयति, ज्ञानलक्षणाप्रत्यासत्तिस्तु
यद्विषयकं ज्ञानं तस्यैव प्रत्यासत्तिरिति ।

136 वि. मं., पृ. 99-100, न ह्युक्ततदभावे तथात्वे कचित् सिद्धम् ।

137 ह. तो., पृ. 100, घटोत्पत्तेः पूर्वं यदि घटो न स्यात्तर्हि
भावित्वस्य निराश्रयत्वेन भावी
घट इति व्यवहारो न स्यात्... ।

138 तत्रैव, पृ. 100, घटादिसमवेतं यत् प्रागभावप्रतियोगित्वं
तदपि संयुक्तसमवेतसमवायेन विषयी
भवतीत्यर्थः ।

139 न्या. को., पृ. 193, कस्मिंश्चित् द्रव्यगुणकर्मात्मके वस्तुनि
समवायेन विद्यमानम् ।

140 सु. सू., पृ. 101 : एवं युक्त्या धर्मिसत्तासाधनेनान्यो-
न्याश्रये निवृत्ते आविर्भावादेरपि सिद्धया
शून्यवादापत्तिः परिहृता ।

14

141 सां का॰ श्लो॰ 9 :

असदकरणादुपादानग्रहणात्सर्वसंभवाभावात् ।

शक्तस्य शक्यकरणात् कारणभावाश्च सत्कार्यम् ।।

142 वि॰ मं॰, पृ॰ 104 : श्रुतिस्मृतिलौकिकव्यवहारसिद्धत्वेन नेष्टापत्तिः कर्तुं शक्या ।

143 न्या॰ को॰, पृ॰ 722 : लौकिकसन्निकर्षजन्यं ज्ञानं प्रत्यक्षम् (ल॰ प्र॰) ।

144 वि॰ मं॰, पृ॰ 104 : भावित्वं घटादावुपचर्यते.... ।

145 वि॰ मं॰, पृ॰ 104–105 : तस्यापि घटसमानयोगक्षेमत्वात् ।

146 न्या॰ को॰, पृ॰ 671 : अनुभवमनुरुध्य वस्तुस्थितिसंगमनम् । यथा भूतले न घटः इत्यादौ घटांशे भूतलवृत्तित्वाभावः संगम्यते इति ।

147 ह॰ तो॰, पृ॰ 105 : लौकिकप्रत्यक्षविषयत्वस्य पूर्वमसत्त्वाद् वक्तुं न शक्यते ।

148 सु॰ सू॰, पृ॰ 105 : तथा चानित्यत्वाङ्गीकारे अपसिद्धान्तः, अनङ्गीकारे भूतभाविवस्त्वनिर्वाच्यत्वा-परिहार इत्युभयतः पाशः....।

149 वि॰ मं॰, पृ॰ 105 : जीर्णतार्णपर्णाकीर्णविविधमतभवनमये वर्णपुरे वसन् दूषणदहनमुद्भावयन् निज-भवनदाहं किं नानुसंधत्से ।

5 150 तत्रैव, पृ. 105–106 : वत्स । न वेत्सि किं युक्ति कनकपङ्कसंघट्टितविविधनिगममहामणिविरचित ब्रह्मवादभवनं मम ।

151 ह. तो., पृ. 106 : न सङ्कुचिता वृत्तिः शक्तिर्यस्य एतादृशेन सर्वपदेनेत्यर्थः...यद्भूतं यच्च भाव्यमित्युक्तिरित्यर्थः ।

152 वि. मं. ॥टि.॥ पृ. 106 : "यद्भूतं यच्चभाव्य "मित्यंशस्तु-भावित्वभूतत्वव्यवहारो प्रामाणिक इति शङ्कानिरासाय.... ।

153 ह. तो., पृ. 107 : ब्रह्मात्मकभावित्वादिसत्त्वम् ।

154 न्या. को., पृ. 1048 : विज्ञानसामग्रीजन्यत्वे सति तदतिरिक्त हेत्वजन्यत्वं प्रमायाः स्वतस्त्वम् । ॥सर्व. सं. पृ. 183 जैमि.॥

155 सु.सू., पृ. 108 : सर्वदा तत्त्रितयसत्त्वात्तत्त्रितयविरोधो च्छेदश्चेत्यर्थः ।

156 सु. सू., पृ. 108 : यथा पृथिव्यात्मके ब्रह्मण्येव गन्धात्मक-ब्रह्मधर्मसत्ता...तथा भूतादिविरोधात्मक ब्रह्मधर्मसत्त्वम् ।

16

157 वि. मं., पृ. 108 : यदा यस्मिन् यथा व्यवहाराभावनियमस्तदा
तस्मिन्नेव तथाविधविरोधात्मकतत्सत्त्वमिति ।

158 वि. मं. (टि) पृ. 109 : ...."न तथे त्यंशस्य न विरोधा-
त्यक्ततत्सत्त्वमित्यर्थः ।

159 भ. गी., 11/27: केचिद्विलग्ना दशनान्तरेषु
संदृश्यन्ते चूर्णितैरुत्तमाङ्गैः ।।

160 म. भा. आ.श्र. प., 39/7:
देवाश्च दानवाश्चैव तथा ब्रह्मर्षयोऽमलाः ।
त एते निधनं प्राप्ताः कुरुक्षेत्रे रणाजिरे ।।

161 म. भा. आ.श्र. प., 39/18 :
सर्वे भवन्तो गच्छन्तु नदीं भागीरथीं प्रति ।
ततो द्रक्ष्यथ सर्वांस्तान् ये हताः स्म रणाजिरे ।।

162 तत्रैव, 80/4 : ततो व्यासो महातेजाः पुण्यं भागीरथीजलम् ।
अवगाह्याजुहावाऽथ सर्वांल्लोकान् महामुनिः ।।

163 तत्रैव, 40/5 : पांडवानां च ये योधाः कौरवाणां य सर्वशः ।
राजानश्च महाभागा नानादेशनिवासिनः ।।

164 तत्रैव, 40/6 : ततः सुतुमुलः शब्दो जलान्ते जनमेजय ।
प्रादुरासीन् यथा पूर्वं कुरुपांडवसेनयोः ।।

165 तत्रैव, 40/7 : ततस्ते पार्थिवाः सर्वे भीष्मद्रोणपुरोगमाः ।
ससैन्याः सलिलात्तस्मात्समुत्तस्थुः सहस्रशः ।।

166 तत्रैव, 49/11 : एका रात्रिं विहृत्यैवं ते वीरास्ताश्च योषितः ।
आमन्त्र्यान्योन्यमाश्लिष्य ततो जग्मुर्यथागतम् ।।

167 म॰ भा॰ आ॰ प॰, 42/2 : कथं च त्यक्तदेहानां पुनस्तद्रूपदर्शनम् ।

168 तत्रैव, 42/405 : अविप्रणाशः सर्वेषां कर्मणामिति निश्चयः ।
कर्मजानि शरीराणि तथैवाकृतयो नृप ।।
महाभूतानि नित्यानि भूताधिपतिसंश्रयात् ।

169 तत्रैव, 42/6 : अविनाशी तथा नित्यः क्षेत्रज्ञ इति निश्चयः ।
भूतानामात्मभावो यो ध्रुवोऽसौ संप्रजानताम् ।।

170 तत्रैव, 42/16 : अदर्शनादापतितः पुनश्चादर्शनं गतः ।
नाहं तं वेद्मि, नासौ मां, न च मेऽस्तिविरागता ।

171 वि॰ मं॰, पृ॰ 113 : मायया प्रदर्शितं व्यासेनेति वाच्यम् ।

172 म॰ भा॰ आ॰ प॰, 40/21 :
धृतराष्ट्रस्तु तान्सर्वान् पश्यन् दिव्येन चक्षुषा ।
मुमुदे भरतश्रेष्ठ प्रसादात्तस्य वै मुनेः ।।

173 ह॰ तो॰, पृ॰ 113 : पातिव्रत्यधर्मेण मायिकत्वभङ्गः स्यात्
इति भावः ।

174 वि॰ मं॰, पृ॰ 113-114 : "अदर्शनादपतितः" इत्यत्र ल्यब्लोपे-
पञ्चमीति ।

175 भ. गी., 2/28 : अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥

176 मु.उ., 2/1/1 : तदेतत्सत्यं यथा सुदीप्तात्पावकाद्विस्फुलिङ्गाः
सहस्त्रशः प्रभवन्ते सरूपाः ।
तथाक्षराद्विविधाः सोम्य भावाः प्रजायन्ते
तत्र चैवापियन्ति ।

177 वि. मं., पृ. 114 : यद्देशकालावच्छेदेन यस्य यथा प्रतीति
र्भगवदिच्छाविषयः कृताऽस्ति, तत्तद्देशकाला
वच्छेदेन तथा प्रतीतिर्भवति.... ।

178 ब्र.सू.अ.भा., 2/3/41 : परात्तु तच्छ्रुतेः, सर्वरूपत्वान्न
भगवति दोषः ।

179 ह. तो., पृ. 118 : तत्र भगवदधीना जीवनिष्ठा विहारादि-
क्रियेति तत्र भगवदिच्छया न बन्ध इत्यर्थः ।

180 वि. मं., पृ. 114 : घटोपलम्भानुपलम्भयोः कादाचित्कत्व
मनुपपन्नम्, तादृशतद्धेतोर्वक्तुमशक्यत्वात् ... ।

181 तत्रैव, पृ. 114-115 : यतस्तथा तदिच्छा न तत्र चकास्ति ।

182 तत्रैव, पृ. 115 : फलबलकल्प्या हि सा ।

183 सु.सू., पृ. 115 :...कार्यलिङ्गकानुमानमेव मानम्... ।
यद्यत्कार्यं तत्तज्जननानुकूल §प्रकारक§

9

184 वि. मं., पृ. 115 : ...तद्विषयत्वम्, बाधकाभावात् ।

185 भ.ग., 10/50/21 : अनागतमतीतं च वर्तमानमतीन्द्रियम् ।
विप्रकृष्टं व्यवहितं सम्यक् पश्यन्ति योगिनः ॥

186 वि. मं., पृ. 115-116 :...अस्मिन् कालेऽस्मिन् देश इदं-
कार्यमिदं भवत्वितीच्छाविषयत्वमाविर्भावः,
तदा तत्र तथा तन्मा भवत्वितीच्छा ।
विषयत्वं तिरोभावः.... ।

187 सु. सू., पृ. 116 : योग्यता हि बाधाभावरूपा ।

188 वि. मं., (टि.), पृ. 116 : तथा च साक्षात्कारविषयो
भवत्वितीच्छाविषयत्वमाविर्भाव इति
पूर्वोक्तलक्षणस्वरूपं फलितम् ।

189 वि. मं., पृ. 117 : तत्तद्देशकालयोरपि नित्यत्वाद् युगपत्सकलो-
-पलम्भप्रसङ्गोऽनुपलम्भप्रसङ्गो वा स्यादिति ।

190 सु. सू., पृ. 118 : क्रमिकत्वं नाम तत्तत्कालोपाध्यवच्छिन्ना-
विर्भावशालित्वम् ।

191 वि. मं., पृ. 118 अस्मिन्...कालोपाधौ क्रमिके तस्य
तस्य पुरुषस्य तत्तदुपलम्भो भवत्वितीच्छा-
च्छाविषयत्वस्य तत्वात् ।

192 सु. सू., पृ. 118 : श्रुतौ हि बहु स्यां प्रजायेयेतीच्छायाः
प्रकारद्वयमुक्तम् ।

20 193 तत्रैव, पृ. 118 : ....भगवत: सकार्त्स्न्यकालदेशप्रसङ्गादि-
विभाग: ।

194 तत्रैव, पृ. 118 : द्वितीये प्रकर्षकथनात्तत्प्रकारविवेक: ।

195 वि. मं., पृ. 119 : भगवदाविर्भावस्य भगवच्छक्तित्वम्... ।

196 ह. तो., पृ. 119 : ....आविर्भावस्य वस्तुशक्तित्वं प्रतिभाति ।

197 तत्रैव, पृ. 119 : घटपटादीनामपि ब्रह्मस्मात्वात्तदाविर्भावो
भगवदाविर्भाव एवेति भाव: ।

198 भाग., 11/12/20 : विश्लिष्टशक्तिर्बहुधेव भाति ।

199 वि. मं., पृ. 120 : सर्वत्र विशिष्टेच्छैव नियामिका.... ।

200 तत्रैव, पृ. 120 : आविर्भूयारविन्दाक्षो भक्तिमाविष्करोति च: ।
सोऽव्यान्न: पितृपद्रेणुस्तिरोधानं च दुर्हृदाम् ।।

201 सुबो., 10/3/26 : अतो भगवच्चेष्टात्मककाल काल: ।

202 वि. मं. पृ. 121 : "...देशकालयोरपि नित्यत्वा-
द्युगपत्सकलोपलम्भप्रसङ्गोऽनुपलम्भप्रसङ्गश्च स्यात् ।

203 ह. तो., पृ. 121 : तत्तत्कालिकपुरुषव्यवहारस्य
जायमानत्वेनानुपपत्त्यभाव इत्यर्थ: ।

204 वि. मं., पृ. 121-122 : अनुपलम्भावच्छेदककालावच्छिन्न-
त्वात् ।

205 वि. मं., पृ. 120 : तत्तत्कालस्य भिन्नत्वात्......
तदुपालम्भानुपलम्भयोर्युगपत्सत्वं न विरुद्धम् ।

206 ह. तो., पृ. 120 : ...योगिनां कालत्रयवर्तिपदार्थोपलम्भो
जायत इति भावः ।

207 तत्रैव, पृ. 120 : यदाऽस्मदादीनां भाविघटानुपलम्भस्तदा
योगिनां भाविघटोपलम्भ इति घटतद्भाव-
येरिव युगपत्सत्वं न विरुद्धमित्यर्थः ।

208 सु. सू., पृ. 120 : यथैकस्मिस्मिन्काले कचिद्देष्यति-
क्वचिद्गच्छति क्वचिदुदित इति च सूर्ये
तत्तद्व्यवहारस्य युगपत्सत्वं न विरुद्धम्-
... ।

209 वि. मं., पृ. 112-123 : न च योऽहं पूर्वं घटमन्वभूवं स एवा-
हमधुना नाऽनुभावामीति प्रत्यभिज्ञानुपपत्तिः ।

210 न्या. को., पृ. 543 : प्रत्यक्षम् - अतीतावस्थावच्छिन्नवस्तु-
ग्रहणम् । प्रत्यभिज्ञाप्रत्यक्षे हि अतीतापि
पूर्वावस्था स्फुरत्येव । (त. भा. प्रमाणः
शब्द. पृ. 19)

211 वि. मं., पृ. 123 : सर्वस्य ब्रह्मात्मकत्वेन तस्य चैकत्वेन
तदुपपत्तेः ।

212 ह. तो., पृ. 123 : किंचिज्ज्ञस्य सर्वज्ञत्वापत्तिस्माति-
प्रसङ्ग इत्यर्थः ।

213 वि॰ मं॰, पृ॰ 123 : उपलम्भानुपलम्भयोरपि ब्रह्मात्मकत्वात् ।

214 सु॰ सू॰, पृ॰ 123 : आत्मसमवेतस्यापि ज्ञानस्य प्रदेश
विशेषवृत्तित्वं ....अभिमतम् ।

215 ह॰ तो॰, पृ॰ 123 : तथा ....भगवदिच्छाया नियामकत्वं
स्वीक्रियत इति ।

216 ह॰ तो॰, पृ॰ 124 : ...भगवदिच्छाया हेतुत्वं कल्प्यते ।

217 वि॰ मं॰, पृ॰ 124 : यथा पृथिव्यामेव गन्धधर्मेणाविर्भावो, न जलादिषु ।

218 सु॰ सू॰, पृ॰ 124 : ...अनुपपत्तयो भगवदिच्छास्वरूप
विचारेणैव ब्रह्मवादे परिहरणीयाः ।

219 त॰ दी॰ नि॰, 1/9 : अथवा सर्वरूपत्वान्नामलीलाविभेदतः
विरुद्धांशपरित्यागात्प्रमाणं सर्वमेव हि ॥

220 त॰ दी॰ नि॰ "प्र॰ 8, 1/9 : विरुद्धांशपरित्यागो.... ।
भगवत्सामर्थ्येनाऽलौकिकप्रकारेण,
भगवतः सर्वरूपत्वेन वा ।

221 ह॰ तो॰, पृ॰ 125 : ब्रह्मण इति । सर्वरूपत्वेनेति ।
वह्निरूपत्वेनानुष्णरूपत्वेनेत्यर्थः ।

222 न्या. ली. पृ. 718 : द्वयोः समानेनाधिकरणेन सम्बन्धः

सामानाधिकरण्यम् ।

223 वि. मुं., पृ. 125 : सर्वत्राखण्डब्रह्मभावेन विरोधाशास्फूर्त्या

विरोधाशास्त्यक्त एवेति वाक्यार्थः ।

224 ब्र. सू., 3/2/29 : पूर्ववद्वा ।

225 त.दी. नि., 1/91 : अखण्डाद्वैतभावे, तु सर्वं ब्रह्मैव नान्यथा ।

ज्ञानाद्विकल्पबुद्धिस्तु बाध्यते न स्वरूपतः ॥

# પ્રકરણ - ૭

## જીવ અને બ્રહ્મનું ઐકય

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ આવિર્ભાવ-તિરોભાવની શકિત દ્વારા જીવ અને જગતની પણ સત્તા સિદ્ધ કરે છે. તદનુસાર જીવનું બ્રહ્મ સાથે અનન્યપણું ઐકયનું જ દર્શન કરાવે છે.

ભારતીય વેદાન્ત દર્શનમાં જીવ અને બ્રહ્મના ઐકયનું નિરૂપણ મહાવાકયના અર્થમાં અભિવ્યકત થાય છે. વિભિન્ન આચાર્યોએ તેને જુદી જુદી રીતે મુલવવાનો પ્રયત્ન કર્યો છે.

તત્ત્વમસિ મહાવાકયના "તે તું છે," એવા ઉપદેશમાં "તે" અને "તું" ના ઐકયનો ઉપદેશ છે. છાંદોગ્ય ઉપનિષદના શ્વેતકેતુ ઉપાખ્યાનના છઠ્ઠા પ્રપાઠકમાં મહાવાકયનો ઉલ્લેખ આવે છે. અહીં પિતા ઉદ્દાલક ઋષિ પુત્ર શ્વેતકેતુને નવ વાર મહાવાકયનો ઉપદેશ આપે છે. આથી પણ મહાવાકયનું ગૌરવ પ્રકટ થાય છે.

શ્રી વિઠ્ઠલનાથજી વિદ્વત્મંડનમાં મહાવાક્યાર્થનું નિરૂપણ આવિર્ભાવ તિરોભાવવાદની વિસ્તૃત ચર્ચાને અંતે કરે છે, તે અત્યન્ત સૂચક છે. કારણ કે જીવ કે આત્માની નિત્યતા બ્રહ્મની આવિર્ભાવ-તિરોભાવની શક્તિને આભારી છે. આમ મહાવાક્યાર્થનું નિરૂપણ કેવલાદ્વૈત સિદ્ધાંત અને શુદ્ધાદ્વૈત સિદ્ધાંતના સંદર્ભમાં કેમ થયું છે તે જોવાનો પ્રયાસ કરીશું.

ભારતીય જીવનમાં વેદના અન્ય મહાવાક્યો કરતાં તત્ત્વમસિ મહાવાક્ય વધારે પ્રચલિત અને પરિચિત છે. કારણ કે શાસ્ત્રોમાં અને વેદાન્ત ગ્રંથોમાં આ વાક્યની ચર્ચા ખૂબ જ વ્યાપક પ્રમાણમાં થઇ છે. આમ મહાવાક્યનો પૂર્વપક્ષી શાંકર મતાનુસાર વિચાર કરીએ.

<u>પૂર્વપક્ષ અનુસાર મહાવાક્યનું નિરૂપણ :</u>

કેવલાદ્વૈત વેદાન્તનો સિદ્ધાન્ત "તત્ત્વમસિ" મહાવાક્યનો વિચાર કરે છે, તેનું કારણ આત્મતત્ત્વનું યથાર્થજ્ઞાન છે.[1] "તત્, ત્વમ્, અસિ" માં "તત્" અને "ત્વમ્" પરમાત્મા અને જીવાત્માના વાચક પદો છે. "તત્" પદ માયાની ઉપાધિવાળા, સર્વજ્ઞ અને સર્વ-શક્તિમાન પરમાત્માનું વાચક છે. "ત્વમ્" પદ અવિદ્યાની ઉપાધિ-વાળું, અલ્પશક્તિમાન જીવાત્માનું વાચક છે. જ્યારે "અસિ" પદ ઉપર્યુક્ત બન્ને પદોનું સામાનાધિકરણ્ય સૂચવે છે.[2]

"તત્ત્વમસિ" મહાવાક્યમાં ત્રણ સમ્બન્ધ છે. આ ત્રણ સંબંધ મહાવાક્યના અખંડ-અર્થનો બોધ કરાવે છે, તે ત્રણ સંબંધોના નામ

છે. ૧. પદોનું સામાનાધિકરણ્ય ૨. પદાર્થોનો વિશેષણ વિશેષ્ય-ભાવ 3. પ્રત્યગાત્માનો લક્ષ્યલક્ષકભાવ.[3]

૧. સામાનાધિકરણ્યસંબંધ આ પ્રમાણે છે :
"તે આ દેવદત્ત છે." વાકયમાં ભૂતકાલનું વાચક પદ "તે" અને વર્તમાનકાલનું વાચક પદ "આ" નો દેવદત્તમાં તાત્પર્યસંબંધ થાય છે.

૨. વિશેષણવિશેષ્યભાવસંબંધ આ પ્રમાણે છે :
"તે" પદ તે સમયમાં રહેલા -વિશેષણ-દેવદત્તનો અર્થ અને "આ" પદ વર્તમાન સમયમાં રહેલા -વિશેષ્ય દેવદત્તનો અર્થ ભેદને દૂર કરે છે.

3. પ્રત્યગાત્માનો લક્ષ્યલક્ષકભાવસંબંધ આ પ્રમાણે છે :
"તે" પદ અને "તુ" પદમાં વિરૂદ્ધ ધર્મના અંશનો ત્યાગ કરીને લક્ષ્યલક્ષકભાવસંબંધ થાય છે. આ જ ભાગત્યાગલક્ષણા છે.

"તત્વમસિ" લક્ષણાથી લક્ષ્ય :
-------------------

"તત્વમસિ" મહાવાકયની "લક્ષણા" નામની શબ્દશકિત દ્વારા બરાબર જાણકારી મેળવવી જોઇએ. ઉપર જણાવ્યું છે, તે પ્રમાણે બન્ને પદો તત્ અને ત્વમ્ પરમાત્મા અને જીવાત્માની ઉપાધિ છે. પરન્તુ તે જયારે ઉપાધિરહિત બને છે, ત્યારે તે એક જ કહેવાય છે. આથી એમ કહી શકાય કે "તત" અને "ત્વમ" પદ વાચ્યાર્થમાં ભિન્ન છે. પરંતુ લક્ષ્યાર્થમાં એક છે.[૪]

## "તત્ત્વમસિ" મહાવાક્યમાં ભાગત્યાગલક્ષણા :

"તત્ત્વમસિ" મહાવાક્યમાં ભાગત્યાગલક્ષણા છે, તે આ શ્લોકમાં સ્પષ્ટ થાય છે "તે આ દેવદત્ત છે." વાક્યમાં રહેલા પદોની જેમ "તત્ત્વમસિ" વાક્યમાં પણ "ભાગત્યાગલક્ષણા" છે. તે જહદજહલ્લક્ષણા વૃત્તિ કહેવાય છે, અન્ય નહીં.[૫]

જેમ "એ આ દેવદત્ત છે." વાક્યમાં એ અને "આ" પદો જુદા-જુદા હોવા છતાં દેવદત્ત શબ્દમાં વિરૂદ્ધ ધર્મના અંશનો ત્યાગ કરીને એકતા કહેવાય છે, તેમ "તત્ત્વમસિ" વાક્યમાં પણ તે અને તું પદો જુદા જુદા છે. છતાં બન્નેમાં રહેલા ઉપાધિના વિરૂદ્ધ ધર્મોનો ત્યાગ કરીને એકતા કહેવાય છે.[૬] આમ સર્વજ્ઞ અને અલ્પજ્ઞ એવી ઉપાધિનો ત્યાગ કરીને અખંડ બ્રહ્મનું જ્ઞાન થાય છે.

ભાગત્યાગલક્ષણા કે જહદજહલ્લક્ષણા એટલે પદના વાચ્યાર્થના કેટલાક ભાગનો સ્વીકાર થાય છે અને કેટલાક ભાગનો ત્યાગ થાય છે.[૭] આમ ઉપાધિયુક્ત અર્થનો ત્યાગ અને ઉપાધિરહિત અર્થ ચૈતન્યનો સ્વીકાર થાય છે.

## શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુસાર મહાવાક્યાર્થ નિરૂપણ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય જગતની સત્યતા સિદ્ધ કરવા વાચારમ્ભણ શ્રુતિનું પ્રતિપાદન કરે છે. તેઓ જગતનો બ્રહ્મ સાથે સંબંધ સ્થાપિત કરે છે. આથી કહે છે કે "વાચારમ્ભણ" વાક્યો બ્રહ્મની

અનન્યતાનું ભાન કરાવે છે. તેથી જગતને અસત્ય પ્રતિપાદિત કરતા નથી. વ્યાસના ગૌરવથી જગતની બ્રહ્મ સાથે અભિન્નતા માની શકાય તેમ નથી.[૮]

"વાચારમ્ભણ" શ્રુતિ કહે છે કે હે સૌમ્ય, શ્વેતકેતુ, જેમ એક માટીના પિંડથી માટીની બધી વસ્તુઓ જાણી શકાય છે. વિકાર એ કહેવા પૂરતો જ છે. અર્થાત્ કોઇ નથી. નામ-અવસ્થા વિશેષની પ્રતીતિ કરાવે છે. આથી ઘટ, શકોરૂં વગેરે કારણના જ નામ છે. વળી માટીથી બનેલાં તેમનું કારણ માટી સત્ય છે.[૯]

ઉપર્યુક્ત શ્રુતિ પહેલાં એક પ્રતિજ્ઞા વાકય છે કે "જેનાથી ન સાંભળેલું સંભળાય.[૧૦] આમ એક બ્રહ્મના જ્ઞાનથી બધાનું જ્ઞાન થાય છે.

શ્રુતિનું મન્તવ્ય બ્રહ્મસૂત્રમાં પણ જોઇ શકાય છે. "આરમ્ભણ" શબ્દ વગેરે દ્વારા બ્રહ્મનું જગત સાથે અનન્યપણું છે.[૧૧] કારણ કે કાર્યનું કારણ સાથે અનન્યપણું મિથ્યાપણું નથી.[૧૨] આમ જગત બ્રહ્મ સાથે અભેદ સંબંધ ધરાવે છે, તેથી તે મિથ્યા નથી.

કેવલાદ્વૈત મતમાં જીવ અને બ્રહ્મની એકતા અન્યથાનુપપત્તિથી થાય છે. અર્થાત્ અન્ય કોઇ રીતે સિદ્ધિ ન મળતાં વિરૂદ્ધ પ્રમાણો પ્રયોજાય છે. આમ "તત્વમસિ" વાકયની બિંબ-પ્રતિબિંબભાવ અનુસાર એકતા સ્થાપી શકાય છે.[૧૩]

શ્રીમદ્ વલ્લભાચાર્ય બિમ્બ-પ્રતિબિંબભાવની એકતાનો અસ્વીકાર કરે છે. તેઓ મહાવાકય તરીકે "તત્વમસિ" એટલાનો જ સ્વીકાર

કરતાં નથી. આથી કહ્યું છે કે યુક્તિથી જ શોધેલા "તત્ત્વમસિ" વાક્યમાં વિદ્યા ઉત્પન્ન કરવાની શક્તિ નથી, પરંતુ તે વાક્ય અન્ય પ્રયોજન માટે કહ્યું છે. આથી તે વાક્યમાં જડ અને જીવનું અલગ નિરૂપણ કરીને બ્રહ્મના સર્વરૂપપણાનું નિરૂપણ કર્યું છે.[૧૪]

અહીં સંદર્ભ એવો છે કે ઉદ્દાલક ઋષિએ શ્વેતકેતુને કહ્યું કે "ગુરૂને તે એવો ઉપદેશ પૂછ્યો છે કે જેનાથી નહિ સાંભળેલું સાંભળેલું થાય. નહીં જાણેલું જાણેલું થાય ?[૧૫] આ શ્રુતિવાક્યમાં એકને જાણવાથી સર્વને જાણવાનો સંકેત મળે છે. જેમ સોનાનાં ટુકડાં, સોનાનો પાટ એ બધું જ સોનું છે, તેમ સુવર્ણના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે.[૧૬]

શ્રીમદ્ વલ્લભાચાર્ય છાં.ઉ.ના શ્વેતકેતુ ઉપાખ્યાનના સમ્પૂર્ણ પ્રપાઠકને મહાવાક્ય સ્વીકારે છે : એ જે આવો સૂક્ષ્મ-અણું છે, તેમાં જ આ સમ્પૂર્ણ જગતનો આત્મા છે, એ સત્ય છે. એ આત્મા છે. હે શ્વેતકેતુ, તે તું છે.[૧૭] અહીં સમ્પૂર્ણ જડ જગતનું બ્રહ્માત્મકપણું સ્વીકારવામાં આવ્યું છે અને "તે સત્ય છે." દ્વારા જડના દોષોનું સમાધાન આપવામાં આવ્યું છે. વાક્યમાં પહેલાં અને પછી જડ અને જીવની સત્યતાનું નિરૂપણ છે. મધ્યમાં "તે આત્મા" એવો હેતુ પ્રદર્શિત થયો છે. આમ સમ્પૂર્ણ મહાવાક્ય સમ્પૂર્ણ જગતને બ્રહ્માત્મક સિદ્ધ કરે છે.[૧૮]

બ્રહ્મસૂત્રમાં કહ્યું છે કે વારંવાર-શ્રવણાદિ સાધનો-શ્રવણ-મનન અને નિદિધ્યાસન કરવા જોઇએ, કારણ કે ઉપદેશ અનેકવાર કરવામાં આવ્યો છે.[૧૯] અહીં નવ વાર ઉપર્યુક્ત મહાવાક્ય દ્વારા ઉપદેશ

આપવામાં આવ્યો છે. વારંવાર આપવામાં આવતા ઉપદેશનું પ્રયોજન એ છે કે જેમ ખાંડવાથી ડાંગરના ફોતરાં જુદા થાય છે, તેમ વારંવાર ઉપદેશથી અંતઃકરણના દોષો દૂર થાય છે અને તેનું અંતિમ ફલ બ્રહ્મનો સાક્ષાત્કાર છે.[૨૦]

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાવાક્યનો અર્થ લક્ષણાથી નહિ, પરંતુ અભિધાથી આપે છે. આમ અહીં કેવલાદ્વૈત મતાનુસાર ભાગત્યાગલક્ષણાનો સ્વીકાર કરવામાં આવતો નથી.

શ્રી વિઠ્ઠલનાથજીનું મહાવાક્યાર્થ નિરૂપણ :

શ્રી વિઠ્ઠલનાથજી વિદ્વન્મંડનમાં બ્રહ્મની સર્વવ્યાપકતા અને સર્વરૂપતા સિદ્ધ કરે છે. આ માટે તેઓ "વાચારમ્ભણ" શ્રુતિનો સંદર્ભ આપી મહાવાક્ય સમજાવે છે.

છાંદોગ્ય ઉપનિષદની છઠ્ઠા પ્રપાઠકની શ્રુતિ બ્રહ્મની સર્વ-વ્યાપકતા અને સર્વશક્તિમત્તાનો પરિચય આપે છે.

સમ્પૂર્ણ જગત બ્રહ્માત્મક છે. એટલે આ બધું જ ખરેખર બ્રહ્મ છે.[૨૧] વળી અહીં કંઇ પણ વિભિન્ન નથી.[૨૨] આથી વાચારંભણ વિકાર નામમાત્ર છે. મૃત્તિકારૂપ જ સત્ય છે. અર્થાત્ વાણીથી કારણનો જે આરંભ-ઉચ્ચાર થાય છે, તે નામમાત્ર છે,[૨૩] કારણ જ કાર્યની સિદ્ધિ માટે જુદા-જુદા નામથી વ્યક્ત થાય છે. આથી કારણ અને કાર્ય અભિન્ન છે.

ઘટાદિ નામો માટીના વિકારો છે. આથી માટીરૂપ કારણના જ્ઞાનથી ઘટાદિ કાર્યનું જ્ઞાન થાય છે. આમ કારણરૂપ માટી જ સત્ય છે. આથી જ શ્રી પુરૂષોત્તમજી સ્પષ્ટતા કરતાં કહે છે કે ભિન્નતા અજ્ઞાનાવસ્થામાં જ હોઇ શકે, પરંતુ જ્ઞાનાવસ્થામાં તે હોતી નથી.[૨૪]

શ્રી વિઠ્ઠલનાથજી પણ શ્રીમદ્ વલ્લભાચાર્યની જેમ મહાવાકયના સમ્પૂર્ણ પ્રપાઠકનો સ્વીકાર કરે છે. "તત્ત્વમસિ" વાકયનો જ નહિં.

શ્રી વિઠ્ઠલનાથજી મહાવાકયના અર્થનું નિરૂપણ કરતાં કહે છે કે પ્રપાઠકના પૂર્વમાં જડનું સદંશપણું અને ઉત્તરમાં જીવનું સદંશપણું રહેલું છે. કારણ કે મધ્યમાં રહેલાં જડ અને જીવના આત્મા ભગવાન છે. આમ આત્માનું સ્વરૂપ આરોપરહિત અને સ્વાભાવિક છે.[૨૬]

સદંશથી યુકત જડ પદાર્થ બ્રહ્માત્મક છે તેમ જીવ પણ બ્રહ્માત્મક છે એ "તે તું છે." દ્વારા જાણી શકાય છે. છાંદોગ્ય ઉપનિષદ્‌ના અષ્ટમ પ્રપાઠકનો અંતિમ ખંડ હે શ્વેતકેતુ, "તે તું છે,"[૨૭] એમ વારંવાર ઉપદેશ આપે છે. વારંવાર આપવામાં આવતાં ઉપદેશનું પ્રયોજન અંતઃકરણના દોષો દૂર કરવાનું છે. આમ શ્રી વિઠ્ઠલનાથજી પણ શ્રીમદ્ વલ્લભાચાર્યની જેમ બ્રહ્મના સાક્ષાત્કારને શ્રવણાદિ સાધનનું અંતિમ ફળ માને છે.[૨૮]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે "ઐતદાત્મ્ય" માં સદંશપણું છે.[૨૯]

આથી "ભાગત્યાગલક્ષણા" હોઇ ન શકે. વળી "તત્વમસિ" વાકયમાં પણ ચિદંશપણું છે. આથી "ભાગત્યાગલક્ષણા" હોઇ ન શકે.

હવે જો ભાગત્યાગલક્ષણાનો સ્વીકાર કરીએ તો સદંશપણું રહેતું નથી. આથી "ઐતદાત્મ્ય" અને સર્વં શબ્દો નિરર્થક નિવડવાનો ભય સર્જાય છે ! અર્થાત્ "ઐતદાત્મ્ય" શબ્દના અર્થમાંથી ધર્મરૂપતા અને "ઇદં" શબ્દના અર્થમાંથી આકારનો ત્યાગ કરવાથી સદંશપણું જ જણાતું નથી.[30] આમ સદંશ અને ચિદંશમાં પણ ભાગાત્યાગલક્ષણા સ્વીકાર્ય નથી.

આ પ્રપાઠક સમ્પૂર્ણપણે બ્રહ્મવાકય છે. એટલે લક્ષણા વિના જ જીવ-બ્રહ્મ અને જડ-બ્રહ્મનો તાદાત્મ્ય સંબંધ થાય છે. આમ સર્વં બ્રહ્મ છે.[31]

ઉપર્યુક્ત મહાવાકયના એક ભાગરૂપ "તત્વમસિ" વાકય જીવ અને બ્રહ્મનો અભેદ સાધી શકતું નથી. આથી અર્થનો ભેદ વાકયમાં ભેદ ઉત્પન્ન કરે છે.[32]

વાકયભેદ એટલે એકબીજા સાથે આકાંક્ષા ન રાખતા પદના સમુદાયો,[33] જે વાકયો એકબીજા સાથે આકાંક્ષા ન રાખતાં હોય તે વાકયો પરસ્પર ભિન્ન હોય છે.

જેમ દોરડીમાં સર્પ ભાસે છે તેમ સદંશ-જગતરૂપમાં વિકારરૂપી ભેદબુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેને દૂર કરવા માટે "ઐતદાત્મ્ય" શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

ચિદંશમાં-જીવમાં "તત્ત્વમસિ" માંથી લક્ષણા દ્વારા ભેદ-બુદ્ધિ દૂર કરવામાં આવે છે. આમ બન્ને શબ્દોમાં વિભિન્ન અર્થે વાક્યમાં ભેદ કરે છે.

બીજું વાક્યભેદને કારણે ઉપક્રમ-આરંભમાં પણ ભેદ ઉત્પન્ન થાય છે. કારણ કે "હે સૌમ્ય, આ પહેલાં સત્ જ હતું." માં જડ-જગતનું ઉપાદાનકારણ બ્રહ્મ છે અને હે સૌમ્ય, આ પ્રજાનું મૂળ સત છે."[34] માં જીવનું ઉપાદાનકારણ બ્રહ્મ છે. પરંતુ કેવલાદ્વૈતવાદી પૂર્વપક્ષી જડ-જગત અને જીવને બ્રહ્મના વિવર્ત માને છે. વળી વિવર્તને ઉપાદાનકારણ પણ માનતા નથી. આમ ઉપક્રમનો વિરોધ થાય છે.

પ્રસ્તુત પ્રસંગમાં શ્રી પુરૂષોત્તમજીએ "સુવર્ણસૂત્ર" માં નૃસિંહોત્તરતાપિની ઉપનિષદનો નવમા ખંડનો પાઠ આપ્યો છે, તેના દ્વારા તેમણે "જડ અને જીવનો બ્રહ્મ સાથે તાદાત્મ્ય સંબંધ સ્થાપ્યો છે. નહિ કે બ્રહ્મનો જીવ સાથે અભેદ."[35]

શ્રી વિઠ્ઠલનાથજી વિવર્તવાદનો અન્ય દોષ દર્શાવતાં કહે છે કે "જીવ આભાસ હોવાથી મિથ્યા છે."[36] એમ હોય તો "તે આત્મા છે." સુધી જ બ્રહ્મનું નિરૂપણ કર્યું હોત, ત્યાર પછી "તું નથી" એવું કહયું હોત, "તે તું છે" એમ ન વર્ણવ્યું હોત !

શ્રી પુરૂષોત્તમજીએ સુવર્ણસૂત્રમાં કહયું છે કે બ્રહ્મસૂત્ર શાંકર-ભાષ્યમાં સાંખ્ય મતનો દોષ કહયો છે, "અને તે છોડી દેવા યોગ્ય છે એમ કહયું નથી, તેથી."[37] માં વિવર્તવાદનો દોષ-આભાસ જોઈ શકાય છે.

શ્રી વિઠ્ઠલનાથજી એક બીજો દોષ કહે છે કે જીવનો અભાવ સત્તાવાચક भू ધાતુના મધ્યમપુરૂષનો અભાવ લાવે છે.[38] આથી "તું થાય છે," એવો પ્રયોગ સાધી શકાતો નથી.

અહીં તિઙવાચ્ય કારકનું વાચક યુષ્મદ્ સર્વનામ પ્રયોગ કરવા યોગ્ય કે પ્રયોગ ન કરવા યોગ્ય બને એટલે મધ્યમ પુરૂષ થાય છે.[39]

## જગતના અવિદ્યાજન્યપણાનું અને બ્રહ્મના અકર્તાપણાનું નિરાકરણ

### પ્રસ્તાવના :

કેવલાદ્વૈત મતાનુસાર જગત અવિદ્યાજન્ય છે. અર્થાત્ તે માયા કે અવિદ્યાથી ઉત્પન્ન છે. આથી મિથ્યા કહેવાય છે. વળી જગત સગુણ બ્રહ્મનું કાર્ય છે, તેથી વિકારસ્વરૂપ છે. આમ વિકારનો સમૂહ અસત્ય કહેવાય છે.[40]

બ્રહ્મ જગતકર્તા છે. પરંતુ આ જગત્કર્તા સગુણ બ્રહ્મ કે અપરબ્રહ્મ છે. બ્રહ્મનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ નિર્ગુણબ્રહ્મ છે, જે પરબ્રહ્મ નિષ્કલ અને નિષ્ક્રિય છે.[41]

### પૂર્વપક્ષ અનુસાર જગત અવિદ્યાજન્ય અને બ્રહ્મ અકર્તા :

કેવલાદ્વૈત મત બ્રહ્મને સત્ય અને જગતને મિથ્યા માને છે.

કારણ કે સત્ય બ્રહ્મ બાધરહિત-મિથ્યાપણા વગરનું છે, જ્યારે કેવળ બ્રહ્મના સાક્ષીપણાને લીધે જગત મિથ્યા છે.[૪૨]

જગતના કર્તા બ્રહ્મ નથી, પરંતુ અકર્તા છે. કારણ કે જગતથી વિલક્ષણ બ્રહ્મ ચેતન અને શુદ્ધ સંભળાય છે. વળી વિલક્ષણ-તામાં પ્રકૃતિનો વિકારભાવ દેખાતો નથી. પરંતુ બ્રહ્મ તો જગત્કારણ કહેવાય છે અને જગત બ્રહ્મનું કાર્ય કહેવાય છે. આથી જગદ્રૂપકાર્ય બ્રહ્મરૂપ કારણ સાથે અનન્ય હોવાનું સંભળાય છે.[૪૪]

આવી શંકાને દૂર કરવાનો ઉપાય એ છે કે જગત રૂપી કાર્યના ધર્મો અવિદ્યામાં આરોપિત છે, એટલે અવિદ્યાથી બ્રહ્મ જગતનું કારણ નથી.[૪૫] આમ બ્રહ્મ જગતનું કારણ નથી, પરંતુ અવિદ્યા જગતનું કારણ છે. આથી જ જગત અવિદ્યાજન્ય કહેવાય છે.

માયાના વ્યવહારના કારણે બ્રહ્મ કર્તા કહેવાય છે, જ્યારે પારમાર્થિક રીતે તો બ્રહ્મ અકર્તા જ છે. આથી કહ્યું છે કે તે બ્રહ્મનું કાર્ય-શરીર નથી, કારણ-ઈન્દ્રિય નથી.[૪૬] આમ નિર્ગુણ બ્રહ્મ સર્વ રીતે જગત્કર્તા નથી. આથી જ પારમાર્થિક સ્વરૂપે બ્રહ્મ સર્વ વ્યવહારોથી રહિત અને પરિણામરહિત છે.[૪૭]

શ્રી વિઠ્ઠલનાથજીએ જગતના મિથ્યાપણાનું પૂર્વપક્ષમાં કરેલું સ્થાપન :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જેમ છીપમાં ચાંદી અજ્ઞાનને કારણે દેખાય છે, તેમ બ્રહ્મમાં આરોપ પામેલું જગત દેખાય છે.[૪૮]

GUJARAT UNIVERSITY AHMEDABAD

આ જ સંબંધનો એક શ્લોક વિવેક-ચૂડામણિમાં છે તે નીચે મુજબ છે : જેમ છીપમાં ભ્રમથી દેખાતી ચાંદી છે જ નહિ, ખરી રીતે તે છીપ જ છે, તેમ ભ્રાંતિ પામેલાં અજ્ઞાનીને ભ્રમરૂપ અજ્ઞાનને લીધે જે જે દેખાય છે, એ બધું બ્રહ્મ જ છે. "આ જગત છે." વાક્યમાં "આ" શબ્દ બ્રહ્મને સૂચિત કરે છે. એ બ્રહ્મમાં જગતનો આરોપ જ થયો છે - કલ્પનામાત્ર છે અને તે નામમાત્ર છે.[૪૯]

વળી જગત એ અવિદ્યાનું કાર્ય છે, તેનો નાશ બ્રહ્મના જ્ઞાનથી થાય છે, કારણ કે બ્રહ્મજ્ઞાન થકી જગત લય-નાશ પામે છે. જેમ દોરીને દોરીના રૂપમાં ન જાણીએ તો તેમાં સર્પ દેખાય છે, પરંતુ ફરી "આ સર્પ નથી," દોરી છે. એવું સમજાતાં તેમાં થયેલ સર્પનો ભાસ નાશ પામે છે.[૫૦] આમ બ્રહ્મનું જ્ઞાન જગત્રૂપ અવિદ્યાનો નાશ કરે છે.

## શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર જગદ્રૂપ ભગવત્કાર્ય અને ભગવાન જગતનું કારણ હોવાનું પ્રતિપાદન :

શ્રીમદ્ વલ્લભાચાર્ય જગતને ભગવાનનું સ્વરૂપ માને છે. આથી જ તેઓ કહે છે કે જગત ભગવત્કાર્ય છે. ભગવાન માયાથી જગદ્રૂપ થયા. વળી ભગવાનની અવિદ્યાશક્તિ દ્વારા જીવને સંસાર પ્રાપ્ત થાય છે.[૫૧]

જગત ભગવાનનું કાર્ય હોવાથી સત્ય છે. આથી જે લોકો

જગતને અસત્ય માને છે, તેઓ ભગવાનનું શુદ્ધ ભજન અટકાવે છે.[૫૨] શ્રીમદ્ વલ્લભાચાર્ય અન્ય મતોનું નિરાકરણ કરતાં કહે છે કે જગત પ્રાકૃત, પરમાણુજન્ય, વિવર્ત, અદૃષ્ટ દ્વારા ઉત્પન્ન કે અસતની સત્તારૂપ નથી, પરંતુ ભગવાનનું કાર્ય હોવાથી પરાકાષ્ઠાને પ્રાપ્ત વસ્તુ શ્રીકૃષ્ણની કૃતિથી સિદ્ધ કરી શકાય છે. આમ કાર્યરૂપમાં પરિણત જગત પણ ભગવદ્રૂપ છે.[૫૩]

શ્રીમદ્ વલ્લભાચાર્ય ભગવત્કાર્યરૂપ જગતનું શુદ્ધ સ્વરૂપ સમજાવે છે. આથી તેઓ કહે છે કે જો જગત ભગવાનનું કાર્ય ન હોય તો અસતની સત્તા આવે ![૫૪]

બ્રહ્મનું અવિકૃતપરિણામ જગત છે. આથી બ્રહ્મના જ ધર્મો જેવાં કે નિત્યતા, સત્યતા વગેરે જગતમાં પણ આવે છે. આમ કાર્યનું કારણ સાથેનું અનન્યત્વ મિથ્યાપણું લાવતું નથી.[૫૫] શ્રીમદ્ વલ્લભાચાર્ય જગતને બ્રહ્મ કહે છે, કારણ કે બ્રહ્મ નિત્ય છે. તેથી આવિર્ભાવ અમે તિરોભાવ થાય છે. આવિર્ભાવ તિરોભાવ વર્તમાન-નિત્ય વસ્તુનો જ થાય છે. અનિત્ય વસ્તુને નહિ. આમ સત્થી અસત્ નથી અને અસત્ની સત્તા નથી.[૫૬]

આમ જગત સત્ય બ્રહ્મનો આવિર્ભાવ છે, તેથી તેની અસત્તા નથી. જ્યારે સંસાર ભગવાનની "અવિદ્યા" શક્તિથી થાય છે, એટલે અવિદ્યા અસત્ હોવાથી સંસારની સત્તા નથી. આમ સંસાર અસત છે.[૫૭] સંક્ષેપમાં કહીએ તો જગત પરમાત્માનું જ રૂપ હોવાથી

સત્ય છે, જ્યારે સંસાર એ અવિદ્યાનું રૂપ હોવાથી મિથ્યા છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ ઉત્તરપક્ષમાં બ્રહ્મના કર્તૃત્વનું કરેલું નિરૂપણ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે "છીપમાં ચાંદીની જેમ અવિદ્યાથી બ્રહ્મમાં આરોપિત જગત પ્રતીત થાય છે," તે પૂર્વપક્ષનો મત સંભવિત નથી. કારણ કે અધિષ્ઠાન બ્રહ્મનું જ્ઞાન આરોપમાં કારણ છે.[58] અહીં અધિષ્ઠાનનું જ્ઞાન એટલે છીપનું જ્ઞાન. છીપ પ્રત્યક્ષ દેખાય છે. તેથી તેમાં ચાંદી પ્રતીત થાય છે, તેવી જ રીતે બ્રહ્મનું પ્રત્યક્ષ દર્શન થતાં તેમાં આરોપ પ્રતીત થાય છે.

આંખના સામીપ્યથી છીપમાં ચાંદી દેખાય છે. પરંતુ બ્રહ્મમાં આંખનું સામીપ્ય હોતું નથી. આથી તેમાં જગતનો આરોપ પ્રતીત થતો નથી.[59] અહીં શ્રી વિઠ્ઠલનાથજી શ્રુતિનું પ્રમાણ આપે છે કે સ્વયંભૂ ભગવાને ઇન્દ્રિયોને બહિર્મુખ બનાવી છે."[60] આથી બ્રહ્મ ઇન્દ્રિયોનો વિષય નથી. આમ બ્રહ્મમાં આરોપિત જગત પ્રતીત થતું નથી.

બ્રહ્મજ્ઞાન જગદ્રૂપ અજ્ઞાનને દૂર કરે છે. તે સંબંધમાં શ્રી વિઠ્ઠલનાથજી કહેછે કે આમ કહેવું બરાબર નથી. કારણ કે વિષ્ણુનું સ્મરણ વગેરે અજ્ઞાન-કાર્ય સિવાયના પાપનો પણ નાશ કરે છે.[61]

આથી જ કહ્યું છે કે મને કર્મ લેપતા નથી, મારે કર્મફલની ઇચ્છા નથી. એમ જે મને જાણે છે તે કર્મથી બંધાતો નથી.[62] આમ બ્રહ્મજ્ઞાન અજ્ઞાનના કાર્ય વિનાના કર્મબંધન કે પાપને પણ દૂર કરે છે.

હવે એવી શંકા થાય કે જેમ વિષ્ણુસ્મરણ અને જ્ઞાનથી અજ્ઞાનના કાર્યરૂપ પાપનો નાશ થાય તેમ અજ્ઞાનના કાર્યરૂપ જગતનો પણ નાશ થવો જોઈએ. પરંતુ જગતનો નાશ સ્વીકારીએ તો શ્રુતિ અને સ્મૃતિનો વિરોધ ઉપસ્થિત થાય![63] આથી શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે બ્રહ્મજ્ઞાન અજ્ઞાનમાત્રને દૂર કરે છે. અજ્ઞાન સંસારરૂપ છે. જગદ્રૂપ નથી. કારણ કે જગત ભગવત્કાર્ય છે.[64] વળી અવિદ્યાના પાંચ પર્વો કહેવાયા છે. (૧) સ્વરૂપનું અજ્ઞાન (૨) દેહ (૩) ઇન્દ્રિય (૪) પ્રાણ (૫) અન્તઃકરણ. આ ચાર અધ્યાસો અવિદ્યાના પાંચ પર્વો-અવિદ્યાની ગાંઠો છે, જેનાથી બંધાયેલો જીવ સંસારને પ્રાપ્ત કરે છે.[65]

સંસાર અહંતા અને મમતાના કારણરૂપ અભિમાનનો હોય છે, ઇન્દ્રિયો કે પંચમહાભૂતોનો હોતો નથી. આથી જ કહ્યું છે કે આત્માને સંસાર સંભવતો નથી. કારણ કે તે દ્રષ્ટા છે. શરીરને પણ સંસાર સંભવતો નથી. કારણ કે તે દૃશ્ય છે.[66] આમ અહંતા-મમતાત્મક સંસારનો નાશ જ્ઞાનનું કાર્ય છે. પરંતુ જગતનો નાશ જ્ઞાનનું કાર્ય નથી. વળી બ્રહ્મજ્ઞાન થકી જગતનો નાશ થાય તો બ્રહ્મજ્ઞાનીઓ પોતાનાં પુત્ર અને સ્ત્રીને પણ જોવા ન પામે![67] આથી બ્રહ્મજ્ઞાનથી જગતનો નાશ સંભવતો નથી.

બ્રહ્મના કર્તાપણાનું કારણ :

બ્રહ્મ જગતનું કારણ છે. આથી જગદ્રૂપ કાર્યના કર્તા બ્રહ્મ છે.

બ્રહ્મજ્ઞાનથી જ અજ્ઞાનનો નાશ થાય છે. આથી શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે વાસ્તવિક દૃષ્ટિએ બ્રહ્મજ્ઞાન અજ્ઞાનને જ દૂર કરતું નથી.[૬૮] પરન્તુ "એના કર્મનો ક્ષય થાય છે."[૬૯] અનુસાર પુણ્ય-પાપનો પણ નાશ કરે છે.

અહીં પુણ્ય અને પાપ અજ્ઞાનના કાર્ય નથી. કારણ કે જગત એ ભગવાનનું કાર્ય છે, તેથી તે પ્રતીત થાય છે, તેમ પાપ-પુણ્ય પણ પ્રતીત થાય છે. આથી તે અજ્ઞાનના કાર્ય નથી. આમ જગત-બ્રહ્માત્મક છે, તેથી "આ સર્વ ઐતદાત્મ્ય છે."[૭૦] અનુસાર બ્રહ્મનું જ કાર્ય છે. આભાસવાદના ખંડનના પ્રસ્તુતીકરણમાં અને આવિર્ભાવ-તિરોભાવના નિષ્કર્ષરૂપ લક્ષણના પ્રસ્તુતીકરણમાં જગતનું જ બ્રહ્માત્મક હોવાનું પ્રતિપાદિત થયું છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છેકે અવિદ્યાને અસત્ય માનીએ તો બ્રહ્મજ્ઞાનથી પણ તેનો નાશ કરી શકાય નહિ. કારણ કે અવિદ્યા-અસત્-અસ્તિત્વરહિત હોય તો તેનો નાશ હોય જ નહિ. આમ અસત્ એની અવિદ્યાનો અભાવ હોવાથી તેના નાશનો સંભવ જ નથી.[૭૧]

બ્રહ્મનો અવિદ્યા સાથેનો સંબંધ અશકય છે. તેનું કારણ આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે સંબંધ બન્નેમાં થઇ શકે. અર્થાત્ તે દ્વિનિષ્ઠ હોય છે.[૭૨]

અહીં પૂર્વપક્ષ અનુસાર અસત્-અવિદ્યાને કારણે દ્વિનિષ્ઠ-સંબંધ સંભવતો નથી. આથી એક જ બ્રહ્મ અવિદ્યાથી અનેક હોય એમ

લાગે છે.[૭૨] તે બે-ત્રણ વગેરે સંખ્યાવાળું થઇ જીવ કહેવાય છે, તે જીવનું સ્વરૂપ સંભવતું નથી. આમ કોઇપણ પુરૂષને કોઇપણ વસ્તુની કોઇપણ રૂપમાં પ્રતીતિ થઇ શકતી નથી.

હવે પ્રશ્ન એ થાય છે કે જીવ અસત્ હોય તો જીવનો વિભાગ કરનારી અવિદ્યાનો પણ અભાવ થાય. આથી અવિદ્યા અને બ્રહ્મનો સંબંધ અસત્ની જ પ્રતીતિ કરાવે ![૭૩]

આથી શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જેમ કોઇ પૂર્વપક્ષી સ્વપ્નમાં સૂર્ય-કિરણોના તાપથી તપી થાય, પછી જાગી જાય. હવે જાગ્રત અવસ્થામાં નિહાળેલાં ઝાંઝવાના જળરૂપી સમુદ્રના તરંગોનો ભ્રમ થાય. આથી સ્વપ્નમાં જોયેલા તાપની શાંતિનાં અભિમાનથી સુખનું અભિમાન રાખે છે ! તેમ મિથ્યા-અસત્ અવિદ્યા જીવની આભાસરૂપ પ્રતીતિ કરાવે છે.[૭૪] વળી જે મિથ્યા હોય તે પ્રતીતિ કેવી રીતે કરાવે ? અર્થાત્ અવિદ્યા અને જીવ અસત્ હોય તો તેમની પ્રતીતિ થઇ શકે નહિ. આથી જ "કારણ કાર્યને અનુરૂપ-યોગ્ય હોવું જોઇએ.[૭૫] અનુસાર કાર્ય જગત તુચ્છ હોય તો તેનું કારણ અવિદ્યા પણ તુચ્છ હોવી જોઇએ. શ્રી વિઠ્ઠલનાથજી કાર્ય-જગતની તુચ્છતાનું નિરાકરણ "કારણ કાર્યાનુરૂપ હોવું જોઇએ" દ્વારા કરે છે. આમ પૂર્વપક્ષના મતને અનુરૂપ વસ્તુનું નિરૂપણ કરે છે. પરંતુ તેમનો ઉદ્દેશ જગતની સત્યતાનું પ્રતિપાદન છે. આથી "તેમણે જગત સર્જીને તેમાં જ પ્રવેશ કર્યો" અનુસાર બ્રહ્મનું જગદ્રૂપ જ કહેવાયું છે.

શ્રી વિઠ્ઠલનાથજી સંસારરૂપ કાર્યની તુચ્છતા કે સ્વચ્છતાનો વિચાર ગ્રંથની સમાપ્તિ સમયે કરવાનો નિર્ણય આપીને કહે છે કે હમણાં તો સંસારરૂપ કાર્યની તુચ્છતાનો-પૂર્વપક્ષનો સ્વીકાર કરીને વિચારાય છે, પરંતુ કલ્પના લોકોને અનુસરતી હોવી જોઇએ.[૭૭] આમ અસત્‌નો હેતુ સત્‌ હોતો નથી. અર્થાત્ અસત્યનું કારણ સત્ય હોઇ શકે નહિ.

જેમ જાદુગર મણિ અને મંત્ર વગેરેથી આંબો કે કદંબના વૃક્ષોનો સમૂહ બતાવે છે, પરંતુ ત્યાં તે થોડીક વારમાં અદૃશ્ય થાય છે. કારણ કે તે અસત વસ્તુનું દર્શન જણાય છે. પરન્તુ મન્ત્ર વગેરેનું સામર્થ્ય અસત્ નથી.[૭૮] મન્ત્ર અસત્ હોય તો આમ્રવૃક્ષનું દર્શન થાય જ નહિ. વળી જાદુગર અને સામાન્ય વ્યક્તિમાં કોઇ ભેદ ન હોય તો બધાં આમ્રવૃક્ષ વગેરેનું દર્શન કરાવી શકે ![૭૯] આમ અવિદ્યાથી થતી જગત્પ્રતીતિ કે જીવની ભિન્નતા યુક્તિસંગત નથી. આથી બ્રહ્મનું કર્તૃત્વ નિષેધી શકાય નહિ. આમ બ્રહ્મનું કર્તાપણું નિરૂપણ કરવા યોગ્ય છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ પૂર્વપક્ષના મતનો આધાર લઇને સ્વમતની સ્થાપના કરી છે. જગત અવિદ્યાજન્ય નથી, પરંતુ બ્રહ્માત્મક છે. વળી જીવની ભિન્નતા પણ અનુચિત છે. કારણ કે તે બ્રહ્મનો જ અંશ છે. જગત બ્રહ્મનું કાર્ય હોવાથી તેનું કારણ બ્રહ્મ જ હોઇ શકે. આમ સત્ય બ્રહ્મ જ સત્ય જગતના કર્તા હોવાનું કહેવાય છે.

## જીવ અને બ્રહ્મનો અભેદ અનુચિત અને ઔપાધિક બ્રહ્મના કર્તૃત્વનો વિચાર

**પ્રસ્તાવના :**

કેવલાદ્વૈત સિદ્ધાન્ત "ભાગ ત્યાગલક્ષણા" દ્વારા જીવ-બ્રહ્મના અભેદનું પ્રતિપાદન કરે છે. પરંતુ આ અભેદ વાસ્તવિકતાના આધારે સ્થપાયેલો છે. પરસ્પર વિરૂદ્ધ ભેદ અને અભેદ કેમ સંભવી શકે ? તેનો ઉત્તર છે કે આ દોષ નથી. કારણ કે મહાકાશ અને ઘટાકાશના દૃષ્ટાન્તથી ભેદ અને અભેદનું જે તે સ્થાને પ્રતિપાદન કરવામાં આવ્યું છે.[80]

વ્યાવહારિક રીતે જે ભિન્નતા દેખાય છે, તે ઔપાધિક છે. ઉપાધિના કારણે અનેકતા દેખાય છે. જેમ આકાશનો ઘટાદિની સાથે યોગ થાય એટલે તેના અનેક નામ અને રૂપ થાય છે.

ઉપાધિનો ભેદ અજ્ઞાન સર્જે છે. જ્ઞાન ઉપાધિજન્ય ભેદનો નાશ કરે છે. આમ બ્રહ્મનું જ્ઞાન થતાં જીવ બ્રહ્મ થાય છે, આથી જ કહ્યું છે કે બ્રહ્મને જે જાણે તે બ્રહ્મ જ થાય છે.[81] આમ કેવલાદ્વૈત સિદ્ધાન્ત અનુસાર જીવ અને બ્રહ્મનો ભેદ ઔપાધિક છે. ઉપાધિનો નાશ થતાં અભેદ સ્થપાય છે. આમ તે પારમાર્થિક કે પરબ્રહ્મનું સ્વરૂપ કહેવાય છે.

કેવલાદ્વૈત સિદ્ધાન્ત અનુસાર જગતનું સર્જન કરનાર બ્રહ્મ ઔપાધિક બ્રહ્મ કહેવાય છે. કારણ કે મિથ્યા જગતનું કારણ પણ

અવિદ્યાથી ઉપહિત બ્રહ્મ જ હોઇ શકે. અર્થાત્ સગુણ બ્રહ્મ થકી જ જગતનું સર્જન થાય છે. આથી જ કહ્યું છે કે સાપેક્ષ ઇશ્વર જ વિષમ સૃષ્ટિનું નિર્માણ કરે છે.[૮૨] નિરપેક્ષ ઇશ્વર-પરબ્રહ્મ જગતનું સર્જન કરતા નથી. આમ જગત્સર્જન ઔપાધિક બ્રહ્મનું કર્તૃત્વ છે.

## શ્રી વિઠ્ઠલનાથજીએ જીવ-બ્રહ્મના અભેદની અનુચિતતાનું અને ઔપાધિક બ્રહ્મના કર્તૃત્વનું પૂર્વપક્ષમાં કરેલું સ્થાપન

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં કેવલાદ્વૈત સિદ્ધાન્તનું સ્થાપન કરતાં જણાવે છે, શુદ્ધ બ્રહ્મ જગતનું કારણ ભલે હોય, પરંતુ શ્રુતિ અનુસાર જીવનો બ્રહ્મ સાથે સંબંધ કેમ જણાય છે ?[૮૩]

શ્રી પુરૂષોત્તમજી "સુવર્ણસૂત્ર" માં અભેદના આઠ પ્રકાર દર્શાવે છે.

(૧) ઐકયના રૂપમાં અભેદ (૨) ભેદના અભાવ રૂપમાં અભેદ

(૩) અવિભાગ કે આવિર્ભાવના રૂપમાં અભેદ

(૪) અભેદની પ્રતીતિમાં અભેદ (૫) તાદાત્મ્ય સંબંધમાં અભેદ

(૬) અવિનાભાવ રૂપમાં અભેદ (૭) ઉપચારમાં અભેદ[૮૪]

(૮) જીવ-અંશના રૂપમાં અભેદ.

હવે જીવ અને બ્રહ્મમાં અભેદ સંબંધનો અસંભવ હોવાના કારણોનું નિરૂપણ નિમ્નાનુસાર છે.

૧. જીવ અને બ્રહ્મ પરસ્પર વિરૂદ્ધધર્મવાળા છે, તેથી ઐકયના રૂપમાં તે બન્નેનો અભેદ સંભવતો નથી.[૮૫]

૨. પરમાર્થથી ભિન્નનો અભેદ સંભવતો નથી. ભેદ ઔપાધિક હોવાથી તે દૂર થાય ત્યારે જ અભેદ સંભવતો નથી. કારણ કે પૂર્વોક્ત-ઉપાધિરૂપ અવિદ્યાની તુચ્છતાના ન્યાયથી ઉપાધિ થઇ શકતી નથી. આથી ભેદના અભાવમાં અભેદ સંભવતો નથી.[86]

૩-૪ તાત્ત્વિક ભેદવાળા બે પાણી મળે ત્યારે તેમનો અભેદ જણાય છે, તેમ અહીં પણ નામ અને રૂપનો ત્યાગ કરી પ્રવેશ કરેલી નદીઓની જેમ[87] જીવ અને બ્રહ્મથી ભિન્ન નથી. આથી અભેદ સંભવતો નથી.

અભેદના અસંભવનું કારણ દર્શાવતા જણાવાયું છે કે બન્ને પ્રકારના પાણી અન-ત્સાવયવી-પરમાણુરૂપ અવયવવાળા, સાવયવી, દ્વણુક અવયવવાળા અને એકજાતીય દ્રવ્ય છે. આથી ઉભય જલમાં એક જાતનું કાર્ય ઉત્પન્ન થાય છે કે આવિર્ભાવ થાય છે. આમ અભેદ જણાય છે.[88]

પરન્તુ પ્રસ્તુત જીવ અને બ્રહ્મના વિષયમાં બન્ને મહત્-વ્યાપક હોવાથી અવયવરહિત છે. આથી તેઓ કાર્ય ઉત્પન્ન કરી શકતાં નથી.[89] વળી આવિર્ભાવ ન થવાથી અભેદ થતો નથી. આથી જ કહ્યું છે કે "આત્મા અવિનાશી અને અનુચ્છિત્તિધર્મવાળો છે."[90] આમ આત્મા અવિનાશી અને અવયવરહિત છે.

## જીવ અને બ્રહ્મના સંબંધનો પ્રકાર :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં જીવ અને બ્રહ્મના સંબંધના પ્રકારની ચર્ચા કરતાં જણાવે છે કે તેમનામાં સંયોગ-સંબંધ નથી. કારણ કે બન્ને વ્યાપક હોવાથી તેનો સ્વીકાર થઇ શકતો નથી.[૯૧] વળી સમવાયસંબંધ પણ હોઇ ન શકે. કારણ કે બન્ને આશ્રયરહિત છે. વળી ગુણ અને ગુણી, ક્રિયા અને ક્રિયાવાન, અવયવ અને અવયવી, જાતિ અને વ્યક્તિનો સમવાયસંબંધ છે. આથી જેમ ગુણ દ્રવ્યમાં આશ્રિત છે, એટલે ગુણનો દ્રવ્યમાં સંબંધ થઇ શકે છે, પરંતુ જીવ અને બ્રહ્મનો સમવાયસંબંધ નથી.[૯૨]

જીવ અને બ્રહ્મનો સ્વરૂપસંબંધ પણ ન હોઇ શકે. કારણ કે સર્વવ્યાપક જીવની બ્રહ્મની જેમ નિત્ય ઉપલબ્ધિ-જ્ઞાન થતી નથી.[૯૩] જીવ અણુ છે" એમ માનીએ તો પણ બ્રહ્મની સર્વવ્યાપક હોવાથી અને જીવ નિત્ય હોવાથી પ્રતીત થતાં નથી, આથી બ્રહ્મ અને જીવનો સ્વરૂપસંબંધ નથી.

"જે બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ થાય છે."[૯૪] શ્રુતિ અનુસાર જીવ બ્રહ્મસાક્ષાત્કાર પછી બ્રહ્મભાવને પામે છે. આથી જીવ અને બ્રહ્મનો જ્ઞાતૃજ્ઞેયભાવસંબંધ જ કહી ન શકાય. કારણ કે આ સંબંધ પારમાર્થિક ભેદ દૂર ન કરી શકે. આમ જીવ અને બ્રહ્મનો અભેદ સંબંધ સંભવતો નથી.

હવે જો જ્ઞાતૃજ્ઞેયભાવસંબંધથી અભેદ સાધી શકાય તો બે પુરૂષ-દેવદત્ત અને વિષ્ણુમિત્રનો પણ અભેદ સિદ્ધ થવો જોઇએ. પરંતુ તેમ થતું નથી. આથી જીવ અને બ્રહ્મનો અભેદ સિદ્ધ થતો નથી.

જ્ઞાતૃજ્ઞેયભાવસંબંધ-દ્વિવનિષ્ઠ સંબંધને કારણે બ્રહ્મ સાંસારિક જીવને જાણે છે. આથી જીવ જ્ઞાતૃત્વસંબંધવાળો હોવાથી અભેદ સિદ્ધ થઇ શકે. પરંતુ બ્રહ્મનું નિરૂપણ કરનાર જ્ઞાતૃત્વ અભેદ સિદ્ધ ન કરી શકે.[૯૫] અર્થાત્ જ્ઞાતા-જીવ બ્રહ્મનું નિરૂપણ જ કરતો નથી. કારણ કે જ્યાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના પાછી ફરે છે.[૯૬] વળી અદૃશ્ય દૃષ્ટ[૯૭] શ્રુતિના વચનો અનુસાર બ્રહ્મ જ્ઞેય નથી. આમ જીવને બ્રહ્મનું જ્ઞાન થતું નથી. આથી તેમનો જ્ઞાતૃજ્ઞેયભાવ સંબંધ થઇ શકતો નથી.

૫. જીવ અને બ્રહ્મનો તાદાત્મ્ય સંબંધ પણ સંભવતો નથી. કારણ કે તે સંબંધ ધર્મ-ધર્મિભાવમાં સંભવે છે. પરંતુ જીવ-બ્રહ્મનો સંબંધ તેવો નથી. ધર્મધર્મિભાવ કનક અને કુંડલના જેવો હોય છે.[૯૮] અર્થાત્ તાદાત્મ્યસંબંધનો અભેદ પારમાર્થિક અભેદ કહેવાય છે. વળી પારમાર્થિક રીતે ભિન્નનો અભેદ હોતો નથી.

૬. જીવ અને બ્રહ્મનો અવિનાભાવસંબંધથી પણ અભેદ નથી. અવિનાભાવ એટલે એકબીજા વિના હોઇ ન શકે તેવો ભાવ.

"જેમ માટીના એક પિંડને જાણવાથી માટીની સર્વ બનાવટો જાણી શકાય છે,"[૯૯] એ દૃષ્ટાન્ત અવિનાભાવસંબંધથી સિદ્ધ થતું

નથી. કારણ કે "જેનાથી ન સાંભળેલું સાંભળેલું થાય છે.[૧૦૦] એ પ્રતિજ્ઞા અવિનાભાવસંબંધથી જીવ અને બ્રહ્મનો ભેદ દર્શાવે છે. આમ જીવ અને બ્રહ્મનો અવિનાભાવસંબંધથી અભેદ નથી.

૭. બ્રહ્મ અને જીવમાં ચેતનતા વગેરે ધર્મનું સારૂપ્ય હોય છે.[૧૦૧] આજ વસ્તુ બ્ર.સૂ.શાં.ભા.માં આ પ્રમાણે નિરૂપિત છે. ચૈતન્યના યોગ-સંબંધથી જીવાત્મા જ પરમાત્માના જેવા રૂપવાળા થાય છે.[૧૦૨] આથી તેમનો અભેદ ઔપચારિક ન કહી શકાય. કારણ કે બ્રહ્મ વિકારયુકત હોય તો પૂર્વોકત પ્રતિજ્ઞા સિદ્ધ થઇ શકતી નથી. શ્રુતિ બ્રહ્મને અવિકારી આ પ્રમાણે કહે છે : કલારહિત, ક્રિયા-રહિત, સંપૂર્ણપણે શાન્ત, નિર્દોષ, નિર્મળ, અમૃતના પરમ સેતરૂપ અને બળેલા ઈંધણથી યુકત અગ્નિ જેવા.[૧૦૩] વળી તે કદી પણ જન્મતો નથી, મરતો નથી." વાકયોથી જીવ પણ અવિકારી છે. આમ જીવ અને બ્રહ્મ અવિકારી છે,[૧૦૪] તેથી તેમનામાં ઔપચારિક અભેદ નથી.

૮. જીવ બ્રહ્મનો અંશ ન હોઇ શકે. કારણ કે બ્રહ્મ નિરવયવ-અવયવરહિત છે. વળી જુદા-જુદા નામથી જીવ બ્રહ્મનો અંશ છે.[૧૦૫] પરન્તુ તે આંશિકતા ઔપચારિક જ છે. કારણ કે નિરવયવ-નિર્ગુણ બ્રહ્મનો સાવયવ જીવ મુખ્ય અંશ ન હોઇ શકે.[૧૦૬] આમ જીવ-બ્રહ્મનો અંશાંશિભાવરૂપ ભેદ સંબંધ સંભવતો નથી.

જીવ અને બ્રહ્મના ભેદનું કારણ ઉપાધિ છે. આથી જીવ અને બ્રહ્મના લક્ષણમાં ઉપાધિને કારણે જ ભેદ જોવા મળે છે.[૧૦૭] કારણ કે

અભેદબોધકશ્રુતિ "તત્ત્વમસિ" આ જ વસ્તુ નિરૂપિત કરે છે.

પહેલાં ઉપહિત બ્રહ્મના કર્તૃત્વના નિરાકરણમાં "અવિદ્યા ઉપાધિ નથી," તેમ નિરૂપણ થયું છે. તદનુસાર અવિદ્યાની ઉપાધિ સંભવતી નથી. પરંતુ શ્રૌત અર્થની અનુપપત્તિ અતિ શક્તિશાળી હોય છે.[108] અર્થાત્ વેદાર્થ વ્યર્થ ન થાય તે માટે ઉપાધિ સંભવતી નથી. આમ ઉપાધિયુક્ત બ્રહ્મ અને જીવનો અભેદ સંભવિત નથી. વળી અભેદ સિદ્ધ થાય તે માટે ઉપાધિનો "પ્રાતીતિક સત્ત્વ" તરીકે સ્વીકાર કરવો જોઇએ. અર્થાત્ જેમ છીપમાં ચાંદી પ્રતીત થાય છે તેમ અવિદ્યાની ઉપાધિ પણ પ્રતીત થાય છે.[109] આજ "પ્રાતિભાસિક સત્ય" કહેવાય છે. પરંતુ પારમાર્થિક સત્ત્વમાં ઉપાધિનો જ્ઞાનથી નાશ થતો નથી. જ્ઞાનથી નાશ પામતી ઉપાધિ અસત્ય હોય છે. આથી જ ઉપાધિના કાર્યરૂપ જગત પણ અસત્ય જ છે.

"જ્યાં દ્વૈત જેવું હોય છે ત્યાં એકબીજાને જુએ."[110] અનુસાર દ્વૈતદર્શન અવિદ્યાની સ્થિતિમાં જ થાય છે. વળી જ્યાં સર્વ એનું આત્મા જ થયું, ત્યાં કોઇ કોઇને શી રીતે જુએ ?"[111] શ્રુતિ દ્વૈતદર્શનનો નિષેધ કરે છે. આમ જ્ઞાનની સ્થિતિમાં દ્વૈતદર્શન થતું નથી. આથી જ દ્વૈતદર્શન અસત્ય છે તેમ અવિદ્યાજન્ય જગત પણ અસત્ય છે.

"જેનાથી આ પ્રાણીમાત્ર જન્મે છે,"[112] શ્રુતિ બ્રહ્મ જગતના કર્તા હોવાનું કહે છે. આથી બન્ને પ્રકારની શ્રુતિઓ કર્તૃત્વ અને

અકર્તૃત્વ, સગુણ અને નિર્ગુણ-ના સામંજસ્ય-ઐક્ય માટે અવિદ્યાની ઉપાધિવાળું બ્રહ્મ જ જગતનું કારણ છે. વળી "એના વિના અન્ય કોઇ દૃષ્ટા નથી."[૧૧૩] શ્રુતિ ઔપાધિક બ્રહ્મને જગત્કર્તા કહે છે.

## શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુસાર જીવના અંશત્વનું નિરૂપણ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય જીવને બ્રહ્મનો અંશ પ્રતિપાદિત કરે છે. કારણ કે શ્રુતિ અનુસાર બ્રહ્મમાંથી અનેક જીવો નીકળ્યા અને છુટા પડયા.[૧૧૪]

બ્રહ્મનો અંશ જીવ છે. પરંતુ જીવ બ્રહ્મ જેવી જ પ્રકૃતિ ધરાવતો નથી. આમ જીવમાં બ્રહ્મનો અતિ ઉત્તમ અને આવશ્યક ધર્મ-આનંદ લુપ્ત રહે છે.[૧૧૫]

બ્રહ્મસૂત્રના ૨ જા અધ્યાયના ૩જા પાદના ૧૬-૫૩ સૂત્રો જીવાત્માના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુસાર જીવો અગ્નિના તણખાની જેમ બ્રહ્મમાંથી બહાર નીકળે છે, તે ઉત્પત્તિ નથી. કારણ કે જીવને નામ અને રૂપ સાથે સંબંધ નથી.[૧૧૬]

તત્ત્વાર્થ દીપનિબંધમાં પણ કહ્યું છે કે ભગવાનની ઇચ્છાથી જ બ્રહ્મભૂત અંશો ચેતનરૂપે સૃષ્ટિ પહેલાં નિરાકાર પ્રકટ થયા. જેમ અગ્નિમાંથી તણખા નીકળે તેમ પ્રભુના સદંશમાંથી જડ પ્રકટ

થયા અને આનંદાંશ-સ્વરૂપે સર્વના અન્તર્યામી પણ પ્રકટયા. (ત. દી. નિ., ૧।૨૭-૨૮)

સત્, ચિત્, અને આનંદ સ્વરૂપોમાંથી પહેલાં બેમાં અન્ય આનંદ લીન હોય છે, તેથી આનન્દનો લોપ થતાં જડ અને જીવ નિરાકાર હોય છે. જડ, જીવ અને અન્તરાત્મા એમ ત્રણ રીતે વ્યવહાર થાય છે. (ત. દી. નિ., ૧।૨૯-૩૦)

શ્રીમદ્ વલ્લભાચાર્યે ત. દી. નિ. પરની પ્રકાશ ટીકામાં કહે છે કે જીવોઅનેક છે તેમ અન્તર્યામી પણ અનેક છે. પ્રત્યેક હૃદયમાં જીવ અને અન્તર્યામી હંસના રૂપમાં પ્રવેશ કરે છે.[૧૧૭]

"જીવલોકમાં જીવ થયેલો મારો જ સનાતન-નિત્ય અંશ છે."[૧૧૮] મા ભગવાન શ્રીકૃષ્ણે જીવને અંશત્વ જ કહયો છે.

શ્રી વિઠ્ઠલનાથજીના મતાનુસાર જીવના અંશત્વનું પ્રતિપાદન :

શ્રી વિઠ્ઠલનાથજી જીવ એ બ્રહ્મનો અંશ છે તે મન્તવ્યનું પ્રતિપાદન કરતી કારિકામાં કહે છે કે શ્રુતિથી, બ્રહ્મસૂત્રોથી, સ્મૃતિઓથી અર્થાત્ શ્રીમદ્ ભગવદગીતા વગેરેથી જીવ એ બ્રહ્મનો અંશ જ છે. વળી શ્રુતિ વગેરેનું જીવના અર્થમાં પ્રામાણ્ય છે, તેથી શ્રુતિ વગેરેથી જીવ અણું છે.[૧૧૯]

જીવ અવિદ્યાની ઉપાધિથી યુકત હોત તો પૂર્વપક્ષમાં કહયા અનુસાર ઔપાધિક બ્રહ્મ જગત્કર્તા કહેવાય. પરંતુ જીવ તો સત્ય છે. અર્થાત્ પારમાર્થિક છે.

પૂર્વપક્ષ એમ માને છે કે જીવ સત્ય હોય તો અભેદબોધકશ્રુતિ "તત્વમસિ" સિદ્ધ થઇ ન શકે. કારણ કે જીવ અને બ્રહ્મનો અંશાંશિભાવસંબંધ જ છે. આમ બન્ને વચ્ચે અભેદ સિદ્ધ થાય છે.[120]

પૂર્વપક્ષ એવી પણ દલીલ કરે છે કે જીવ બ્રહ્મનો અંશ હોય તો બ્રહ્મનું નિરવયવપણું અંતરાયરૂપ બને છે. અર્થાત્ અવયવરહિત બ્રહ્મનો અવયવસહિત જીવ અંશ ન હોઇ શકે.

શ્રી વિઠ્ઠલનાથજી જીવના અંશત્વનું પ્રતિપાદન કરતાં પ્રશ્ન કરે છે કે બ્રહ્મનું સ્વરૂપ શ્રુતિથી ગમ્ય-જાણી શકાય તેવું છે કે લૌકિક પ્રમાણોથી ગમ્ય છે ?[121]

બ્રહ્મ લૌકિક પ્રમાણથી ગમ્ય નથી. વળી રૂપરહિત બ્રહ્મનું કે જીવનું નેત્રથી જ્ઞાન થઇ શકતું નથી. સ્પર્શગુણથી રહિત બ્રહ્મનું કે જીવનું સ્પર્શથી જ્ઞાન થઇ શકતું નથી. જેમ નાસિકાથી ગંધ લઇ શકાય છે, કારણ કે તેમાં ગંધનો ગુણ રહેલો છે. તેમ આત્મા નાસિકાથી સુગંધની જેમ પ્રત્યક્ષ થતો નથી, કારણ કે તેમાં ગંધના ગુણનો અભાવ હોય છે.[122]

આમ રસ અને શબ્દનો પણ અભાવ છે. આથી બ્રહ્મનું સ્વરૂપ જીભ કે કાનથી પ્રત્યક્ષપણે જાણી શકાતું નથી.

જેમ પ્રત્યક્ષ પ્રમાણથી બ્રહ્મનું સ્વરૂપ જાણી શકાતું નથી, તેમ અનુમાન પ્રમાણથી પણ જાણી શકાતું નથી.[123] જીવ-આત્માને

અનુમાન પ્રમાણથી જાણવા માટે જ્ઞાન અને પુરૂષાર્થનો આશ્રય લેવો જોઇએ.

શ્રી પુરૂષોત્તમજી સુવર્ણસૂત્રમાં સદૃષ્ટાંત સમજાવે છે કે જેમ કાથો, ચૂનો, પાન અને સોપારી જુદા-જુદા ખાઇએ તો આનંદ આવતો નથી. પરંતુ બધી જ વસ્તુ પ્રમાણસર ભેગી કરીને ખાઇએ તો આનંદ આવે છે, તેમ પૃથ્વી વગેરે પંચમહાભૂત જુદા-જુદા હોય તો ચેતના આવતી નથી. પરંતુ પ્રમાણસર એકઠા થાય તો જે ચેતના આવે છે તે આત્મા-જીવની ચેતના છે.[૧૨૪]

હવે પ્રશ્ન એ છે કે આત્મા બાહ્ય પૃથ્વી વગેરેના સમૂહનું ચૈતન્ય છે કે શરીરની અંદર ચૈતન્ય છે ?

શ્રી પુરૂષોત્તમજી પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે બાહ્ય સમૂહના શરીરરૂપે જ આત્મા છે. કારણ કે તે જ્ઞાન અને પ્રયત્નનો આધાર છે.[૧૨૫] જ્ઞાન અને પ્રયત્નનો આધાર જેને ન હોય તેને આત્મા કહેવાય નહીં. આથી શરીર આત્મા નથી.

પરિશેષથી અર્થાત્ વર્જિતનો-ત્યજેલાનો અવશેષ, નિરંતર નિષેધ સંબંધરહિત છે,[૧૨૬] તે પરિશેષથી જ્ઞાન અને પ્રયત્નના આધારરૂપે આત્માને સિદ્ધ કરી શકાય છે. અર્થાત્ અનુમાન પ્રમાણથી આત્માને જાણવા માટે જ્ઞાન અને પ્રયત્નનો આધાર આવશ્યક છે. પરંતુ આત્મા પ્રાણથી જુદો પદાર્થ નથી. આમ પ્રાણને જ આત્મા માનવાનું લાઘવ-ચાતુર્ય પ્રાણને જ સિદ્ધ કરે છે,

આત્માને નહીં. યોગીઓ પ્રાણને રોકે છે-નિરોધ કરે છે. આથી તેઓ નિરોધ કરનાર પ્રાણ સિવાયની વસ્તુની વિભાવના કરે તો પણ ચૈતન્ય ધર્મથી યુક્ત આત્મા જ સિદ્ધ થાય છે. પરન્તુ ઉપનિષદમાં વિચારેલ ચિદ્રૂપ આત્મા સિદ્ધ થતો નથી.[127] આમ સ્વતઃસિદ્ધપ્રામાણ્યથી યુક્ત ઉપનિષદનો વિરોધ થાય છે. આથી અનુમાન પ્રમાણથી આત્મા સિદ્ધ થઇ શકે નહિ.

આત્મા શબ્દ પ્રમાણથી પણ ગમ્ય નથી. શબ્દ એટલે આપ્તવાક્ય. આપ્ત એટલે યથાર્થવક્તા.[128] પતંજલિ અનુસાર આપ્ત અનુભવથી જ વસ્તુતત્વનો પૂર્ણ નિશ્ચય કરે અને રાગાદિના કારણે પણ અનુભવ વિરૂદ્ધ ન કહે તે આપ્ત.[129] આપ્ત વ્યક્તિ અનુભવી હોય છે, તેથી અનુભવ વગર આપ્તને વાક્ય સંભવે નહિ. વળી આત્મા અદૃશ્ય હોય છે, તેથી આત્માનો અનુભવ આપ્તને પણ થતો નથી. આમ આપ્તવાક્યથી આત્માનું જ્ઞાન થઇ શકે નહિ.

આત્મા પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દપ્રમાણથી જાણી શકાતો નથી, તેમ ઉપમાનપ્રમાણથી પણ જાણી શકાતો નથી. કારણ કે અન્ય પ્રમાણો પર ઉપમાન પ્રમાણ આધાર રાખે છે.

શ્રી વિઠ્ઠલનાથજી શ્રુતિ પ્રમાણની સાર્થકતા સમજાવતાં કહે છે કે આત્માનું જ્ઞાન શ્રુતિગમ્ય છે.[130] આથી જ કહ્યું છે કે "એ ઔપનિષદ પુરૂષ વિશે હું પૂછું છું."[131] બધા વેદો જે પદનું મનન કરે છે.[132] બધા વેદોથી હું જ જાણવા યોગ્ય છું.[133] આ શ્રુતિ અને સ્મૃતિના

પ્રમાણવાક્યો છે. આથી તેનો લૌકિક રીતે અર્થનિર્ણય કરવો યોગ્ય નથી. કારણ કે વેદ અલૌકિક છે અને તે લોકથી વિલક્ષણ અસામાન્ય છે.[૧૩૪] અર્થાત્ અલૌકિક વેદાર્થનો લૌકિક રીતે વિચાર ન કરી શકાય.

વેદાર્થનો વિચાર વેદના વિભાગ કરનાર અને પ્રતિજ્ઞા-પૂર્વક બ્રહ્મમીમાંસાના રચયિતા મહર્ષિ વેદવ્યાસના સૂત્રો દ્વારા જ કરી શકાય. કારણ કે તેઓ જ વેદાર્થને સારી રીતે જાણે છે.[૧૩૫]

જીવ અને બ્રહ્મના સંબંધમાં વેદવ્યાસ બ્રહ્મસૂત્રમાં કહે છે કે જીવ બ્રહ્મનો અંશ છે. કારણ કે અનેક પ્રકારના નામ છે.[૧૩૬]

શ્રી વિઠ્ઠલનાથજી સૂત્રના "નાના વ્યપદેશ" પદોનો સમજાવતાં કહે છે કે શાસ્ત્રોમાં જીવનું ભિન્ન-ભિન્ન રીતે શ્રુતિમાં નિરૂપણ થયેલું છે.

(૧) <u>બ્રહ્મ તરીકે જીવનું નિરૂપણ</u> :

શ્રુતિમાં ક્યાંક જીવનું બ્રહ્મના રૂપમાં વર્ણન થયેલું જોવા મળે છે. જેમ કે "આ આત્મા સર્વનો અનુભવ કરનાર બ્રહ્મ છે."[૧૩૭]

(૨) <u>ઉત્પન્ન તરીકે જીવનું નિરૂપણ</u> :

શ્રુતિમાં ક્યાંક જીવનું ઉત્પન્ન તરીકે નિરૂપણ થયું છે. જેમ કે બધા આત્માઓ વ્યુચ્ચરણ પામે છે.[૧૩૮]

(3) અજ્ઞ તરીકે જીવનું નિરૂપણ :

શ્રુતિમાં કયાંક જીવનું અજ્ઞ-અજ્ઞાની તરીકે નિરૂપણ થયું છે. જેમ કે બે જ્ઞ અને અજ્ઞ ઇશ અને અનીશ.[139]

(૪) ચિદ્રૂપ તરીકે જીવનું નિરૂપણ :

શ્રુતિમાં કયાંક જીવનું ચિદ્રૂપ તરીકે પણ નિરૂપણ થયું છે. જેમ કે આ ભૂતોમાંથી વિજ્ઞાનઘન....[140]

(૫) ઇશિતવ્ય તરીકે નિરૂપણ :

શ્રુતિમાં કયાંક જીવને ઇશિતવ્ય કહીને વર્ણવ્યો છે. અર્થાત્ જીવ નિયમ્ય છે. જેમ કે એક દેવ ક્ષર જડ-તત્વ અને ચેતન આત્મા બન્નેને પોતાના શાસનમાં રાખે છે.[141]

(૬) અણુ તરીકે નિરૂપણ :

શ્રુતિમાં કયાંક જીવને અણુ કહયો છે. જેમ કે આ આત્માને મનથી પણ જાણવો.[142]

(૭) વ્યાપક તરીકે નિરૂપણ :

શ્રુતિમાં કયાંક જીવને વ્યાપક પણ કહયો છે. જેમ કે આ જે વિજ્ઞાનમય છે તે મહાન, અજ આત્મા છે.[143]

આમ જીવ વિરૂદધધર્મયુકત છે. કારણ કે બ્રહ્મ વિરૂદધ-ધર્માશ્રય છે. જીવ પણ વિરૂદધધર્માશ્રય હોવાથી તે બ્રહ્મનો જ અંશ છે.

જીવ બ્રહ્મથી ભિન્ન નથી. આથી બ્રહ્મથી અભિન્ન જીવનું સ્વરૂપ સિદ્ધ થાય છે. પરંતુ વિરૂદ્ધધર્માશ્રયત્વ બ્રહ્મ વિના અન્ય કોઇનું સંભવતું નથી. આથી જીવ બ્રહ્મનો અંશ કહેવાય છે.[૧૪૪]

શ્રી વિઠ્ઠલનાથજી બ્રહ્મના અંશ તરીકે જીવનું પ્રતિપાદન કરતાં એક અન્ય અર્થ આપે છે. અહીં તેઓ "નાના વ્યપદેશ" માંનાં "નાના" શબ્દનો અર્થ "ભેદ" એમ કહે છે. વળી ભેદના વ્યપદેશ-નામનું શ્રુતિ પ્રમાણ આ પ્રમાણે છે. જેમ અગ્નિમાંથી નાનાં તણખા વ્યુચ્ચરે છે, તેમ આ આત્મામાંથી સર્વ પ્રાણો વ્યુચ્ચરે છે. અર્થાત્ આવિર્ભાવ પામે છે. આ પ્રમાણે આરંભ કરીને દુરાચરણ વાળા અને સદાચરણવાળા જીવો બ્રહ્મમાંથી આવિર્ભાવ પામે છે.[૧૪૫]

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષના મંતવ્યનું પુનરૂચ્ચારણ કરતાં જણાવે છે કે જીવ બ્રહ્મની ઉપાધિ છે. જીવ અને બ્રહ્મમાં તણખાની ઉષ્ણતાની જેમ ચૈતન્ય એ સામાન્ય ધર્મ છે. આથી અંશત્વ એ ઔપચારિક છે.[૧૪૬] "જેમ અગ્નિમાંથી નાના તણખા,"[૧૪૭] જીવ અને બ્રહ્મમાં ભેદનું નિરૂપણ કરે છે. વળી "આ આત્મામાં રહીને આ આત્માનું અંદરથી નિયમન કરે છે.[૧૪૮] આમ વાકય પણ ભેદનું નિરૂપણ કરે છે. વાસ્તવિક રીતે તો અભેદબોધકશ્રુતિ "તત્ત્વમસિ" જ વધારે બળવાન છે, તેથી જીવ અને બ્રહ્મમાં અભેદ સિદ્ધ થાય છે. આમ ઔપાધિક ભેદ અને સ્વરૂપના અભેદનું જ્ઞાન અંશત્વનું જ્ઞાન કરાવે છે.[૧૪૯]

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષના વિરોધાભાસી મંતવ્યનો

અસ્વીકાર કરતાં કહે છે કે પૂર્વાં પર સંબંધના વિરોધને લીધે વિદ્વાનોએ પૂર્વપક્ષના મતની ઉપેક્ષા કરવી જોઇએ.

જીવ આભાસ અને પ્રતિબિમ્બ છે. આથી તે મિથ્યા છે. જયારે કેવલ જ્ઞાનઘન પરમાત્મા મિથ્યા જીવનું નિયમન કરે કે જીવમાં સ્થિતિ-નિવાસ કરે તે શકય નથી.

વળી વિસ્ફુલિંગ દૃષ્ટાન્ત અનુસાર જીવ અને બ્રહ્મનો સામાન્યધર્મ ચૈતન્ય છે,[૧૫૦] એટલે જીવ ઔપચારિક રીતે અંશ છે એમ પણ કહી ન શકાય.

આમ જો જીવ મિથ્યા હોય તો તેનું અંશત્વ ઔપચારિક જ ગણાશે. વળી ઘટાકાશની જેમ અવિદ્યાથી અવચ્છિન્ન ચૈતન્ય જીવ થશે.[૧૫૧] આમ જીવનું અંશત્વ જાણવા માટે જ "જેમ અગ્નિમાંથી નાનાં તણખા વ્યુચ્ચરે છે," એ શ્રુતિવાકય કહેવાયું છે.

કેવલાદ્વૈત મતાનુસાર જીવ અને બ્રહ્મનો સંબંધ :

કેવલાદ્વૈત મત જીવને બ્રહ્મનો અંશ સ્વીકારતો નથી. જીવ એ જ બ્રહ્મ છે તેવું સ્પષ્ટ મંતવ્ય સ્વીકૃત છે. આથી જીવ અને બ્રહ્મની ભિન્નતાનું કેવલાદ્વૈત મતમાં સ્થાન નથી. તેમ છતાં ભેદ દેખાય છે. કારણ કે જયાં સુધી બુદ્ધિ રૂપી ઉપાધિ સાથે જીવનો સંબંધ હોય છે, ત્યાં સુધી જીવનું જીવપણું અને સંસારીપણું હોય છે. આમ પારમાર્થિક રીતે તો બુદ્ધિરૂપ ઉપાધિના સંબંધથી કલ્પિત સ્વરૂપથી ભિન્ન "જીવ" નથી.[૧૫૨]

બ્રહ્મસૂત્રના ૨જા અધ્યાયના ૩જા પાદના ૪૩ મા સૂત્રમાં જીવને બ્રહ્મનો અંશ કહ્યો છે. પરંતુ શ્રીમત્ શંકરાચાર્યે અંશના સ્થાનમાં "અંશ ઇવ" એમ પરિવર્તન કરે છે. તેઓ કહે છે કે અગ્નિનો અંશ વિસ્ફુલિંગ છે, તેમ ઇશ્વરનો અંશ જીવ થવા યોગ્ય છે. પરંતુ તે અંશ સમાન હોવાથી અંશ કહેવાય છે.[૧૫૩]

નિરવયવ પરમાત્માનો અવયવ અંશ શાથી હોઇ શકે ? તેના ઉત્તરમાં શ્રીમત્ શંકરાચાર્યે કહે છે કે અવિવેકથી ઉત્પન્ન ઉપાધિ દ્વારા પરિચ્છિન્ન-પરિમિત રૂપવાળો જીવ અંશ સમાન કલ્પેલો છે.[૧૫૪] અવિદ્યાની ઉપાધિવાળું બ્રહ્મ જ જીવ છે. આથી જ કહ્યું છે કે જ્યારે ઘટનો નાશ થાય છે, ત્યારે ઘટમાં રહેલું આકાશ બહારના મહાકાશમાં ભળી જાય છે, પરંતુ ઘટનો નાશ થતાં ઘટમાં રહેલું આકાશ નાશ પામતું નથી. આમ આકાશની જેમ જીવ છે.[૧૫૫]

આમ કેવલાદ્વૈત મત જીવ અને બ્રહ્મનો ભેદ ઉપાધિના કારણે જ સ્વીકારે છે. વસ્તુતઃ બ્રહ્મ જ સર્વસ્વ છે.

<u>શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર જીવ અને બ્રહ્મનો સંબંધ</u> :

શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુસાર જીવ બ્રહ્મનો અંશ છે. અંશત્વ એ સામાન્ય દૃષ્ટિએ ભિન્નતાનું વાચક બની જાય છે ! વળી શ્રુતિવાક્યો પણ જીવની ભિન્નતા દર્શાવે છે. ઉ.ત. બધા ય આત્માઓ પરમાત્મામાંથી નીકળે છે.[૧૫૬] ખરાબ કર્મ કરનારાઓ

(ખરાબ યોનિમાં જાય છે) અને સારા કર્મ કરનારાઓ (સારી યોનિમાં જાય છે)

હવે શંકા થાય કે નિરવયવ-નિરંશ બ્રહ્મનો સાવયવ-સાંશ જીવ હોઇ ન શકે ! તેનું સમાધાન આપતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે બ્રહ્મ નિરંશ-અંશરહિત છે કે સાંશ-અંશસહિત છે, તેવું જગતમાં કદીય સિદ્ધ થયું નથી. કારણ કે બ્રહ્મ એકમાત્ર વેદથી જ જાણી શકાય છે.[૧૫૮]

શ્રીમદ્ વલ્લભાચાર્ય જીવ અને બ્રહ્મનો તાદાત્મ્ય સંબંધ સ્વીકારે છે. તાદાત્મ્ય સંબંધ "ભેદ સહિષ્ણુ અભેદ" કહેવાય છે.[૧૫૯]

જીવ બ્રહ્મના ચિદંશમાંથી નીકળે છે. આથી તેમાં આનંદાંશનો તિરોભાવ થયેલો છે. પરન્તુ જયારે જીવમાં આનંદાંશની અભિવ્યકિત-પ્રકટીકરણ થાય ત્યારે તેમાં કરોડો બ્રહ્માંડો પ્રતીત થાય છે, તેની જીવની મર્યાદા એ જ તેની વ્યાપકતા બને છે.[૧૬૦] આમ જીવ અને બ્રહ્મનો ભેદ હોવા છતાં અભેદ એ જ મુખ્ય અને મહત્વપૂર્ણ છે. આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જીવ એ ભગવાનની જ અવસ્થા છે.[૧૬૧]

## શ્રી વિઠ્ઠલનાથજીના મતાનુસાર જીવબ્રહ્મનો તાદાત્મ્ય સંબંધ :

બ્રહ્મ નિરંશ છે કે સાંશ છે ? તે પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે બન્નેમાંથી કયા પ્રકારનું બ્રહ્મ છે, તે

જગતમાં પ્રસિદ્ધ નથી. આથી લૌકિક યુક્તિઓ અનુસાર કંઇપણ કહી શકાય નહિ. કારણ કે બ્રહ્મનું જ્ઞાન કેવલ વેદથી થાય છે.[૧૬૨] વેદમાં નિરૂપેલ બ્રહ્મ જ માનવા યોગ્ય છે. આથી જ કહ્યું છે કે આ બુદ્ધિ તર્કથી મળી શકતી નથી.[૧૬૩] વળી જે અલૌકિક ભાવો છે તેને તર્કથી યોજવા નહિ.[૧૬૪] આ વાક્યો લૌકિકયુક્તિઓથી વેદ-જ્ઞાનનો વિરોધ સ્વીકારતાં નથી. આમ ઉપર્યુક્ત વેદ-શ્રુતિવાક્ય વેદજ્ઞાનનું ઔચિત્ય સિદ્ધ કરે છે.

વેદશાસ્ત્રથી વિરૂદ્ધ લૌકિકયુક્તિઓ પ્રમાણે શ્રુતિનો અર્થ કરવામાં આવે તે વ્યર્થ અને વિરૂદ્ધ થઇ જાય ! આથી જ જેમ લોહચુંબકની પાસે લોહનું પરિભ્રમણ થાય છે, તેમ લોક-જગતમાં પણ વસ્તુનો સ્વભાવ જ કાર્યના કારણરૂપ હોય છે, તેમાં યુક્તિની સંભાવના નથી.[૧૬૫]

લોહચુંબકની પાસે લોહનું આકર્ષણ તેનો વસ્તુગત સ્વભાવ છે. તેમાં ચુંબકમાં રહેનાર કોઇ દેવતા આકર્ષણ કરતા નથી. કારણ કે દેવતા કારણ હોય તો પણ દેવતાનો સ્વભાવ જ કારણ છે. કારણ કે આવશ્યકતા અને અલ્પતાને લીધે ચુંબકનો સ્વભાવ જ કારણ છે.[૧૬૬]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે શ્રુતિવાક્યની શક્તિથી વસ્તુનો સ્વભાવ-બ્રહ્મનું નિરવયવપણું જ માની શકાય. આમ યુક્તિની અપેક્ષા કરવી યોગ્ય નથી.

શ્રુતિ બ્રહ્મનું નિરવયવપણું જણાવે છે કે નિષ્કલ, નિષ્ક્રિય..[167]
અહીં બ્રહ્મના સાંશત્વનું નિરાકરણ કરવામાં આવ્યું છે. અર્થાત્
બ્રહ્મ અંશયુક્ત-સાવયવ નથી, એમ કહ્યું છે. જેમ અગ્નિમાંથી
નાનાં-નાનાં તણખાં નીકળે છે, તેમ આ આત્મામાંથી સર્વ
ઇન્દ્રિયો, સર્વ લોકો, સર્વ દેવો અને સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય
છે.[168] આ શ્રુતિ જીવને બ્રહ્મનો અંશ કહે છે.

"જીવ બ્રહ્મનો અંશ છે," તે સમજાવવા માટે સૂત્રકાર
બાદરાયણ નીચેનાં બે સૂત્રો આપે છે.

૧. "મંત્રવર્ણ છે તેથી,"[169] આ સૂત્રમાં ઋગ્વેદના બે મન્ત્રોનો સંદર્ભ અને સંકેત આપીને જીવને બ્રહ્મનો અંશ કહ્યો છે. "પુરૂષ જ આ સર્વ છે"[170] અને બધા પ્રાણીઓ આ પુરૂષનો પાદ-અંશ છે.[171]

૨. "સ્મૃતિ પણ કહે છે,"[172] આ સૂત્રમાં શ્રીમદ્ ભગવદગીતાનો સંદર્ભ આપીને કહ્યું છે કે મારો જ અંશ જીવલોકમાં સનાતન જીવરૂપ બનેલો છે.[173]

આમ જીવ બ્રહ્મનો અંશ છે, તેથી તેનો બ્રહ્મ સાથે તાદાત્મ્ય
સંબંધ છે. પરન્તુ તે પ્રતિબિંબ નથી. આથી અહીં અભેદશ્રુતિ
"ઉપદ્રષ્ટા-પાસે રહીને જોનાર સાક્ષી અને અનુમન્તા-પોતાનામાં
જ અધ્યાસયુક્ત પ્રાણ અને બુદ્ધિ વગેરેને નિકટ હોવાને લીધે

અનુમતિ આપનાર - આ આત્મા "સિંહ" અર્થાત્-બન્ધનનાશક પરમાત્મા જ છે, ચિત્સ્વરૂપ જ છે."[૧૭૪] સિદ્ધ થાય છે. કારણ કે તણખો અગ્નિ નથી, એમ માની શકાય નહિ, તેમ જીવ બ્રહ્મનો અંશ છે. આથી તે બ્રહ્મ જ છે.

જીવ-બ્રહ્મના અભેદનું ખંડન અને શ્રુતિ-સૂત્ર દ્વારા તેનું મંડન :

કેટલાક તાત્વિક ભેદવાદીઓ - જેવાં કે રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય અને ભાસ્કરાચાર્ય જીવ બ્રહ્મના તાદાત્મ્ય સંબંધનો અસ્વીકાર કરે છે. મધ્વના મતાનુસાર જીવ અને બ્રહ્મનો તાદાત્મ્ય-સંબંધ નથી. પરંતુ તાત્વિકભેદ છે. આથી મધ્વાચાર્ય 'ज्ञोऽत एव' (ब्र.सू. २।३।१८) સૂત્રનો અર્થ જ્ઞ :- જીવ, અત્-એવ - પરમેશ્વરમાંથી જ ઉત્પન્ન થાય છે. શબ્દથી જ એમ કરે છે. આમ જીવ અને બ્રહ્મની તાત્વિક ભિન્નતા સ્વીકારાયેલી છે. વળી સર્વજ્ઞ બ્રહ્મ સાથે અજ્ઞાનથી યુકત જીવનો અભેદ સંબંધ પણ યોગ્ય નથી.[૧૭૫]

જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે છે. આથી તેમનો અભેદ સંબંધ છે, તે પણ વિષયતા-માયાના જ્ઞાનથી સ્વીકારી શકાય નહિ. કઠોપનિષદ્ તેનું પ્રમાણ આપે છે : જેમ શુદ્ધ જલમાં વાદળથી બધી બાજુથી વરસાવેલું જલ શુદ્ધ જ થઇ જાય છે, તેમ હે ગૌતમ નચિકેતા, જાણનાર મુનિનો આત્મા બ્રહ્મને પ્રાપ્ત કરે છે."[૧૭૬] અહીં જલનો અભેદ તાત્વિક અભેદ નથી, આમ તાત્વિક ભેદ જ સ્વીકાર્ય છે.

ભાસ્કરાચાર્ય વિયદાદિ સૃષ્ટિ પ્રકરણ (છાંદોગ્ય ઉપનિષદ્) ના આધારે જીવની ઉત્પત્તિ કહે છે. તેઓ જીવ અને બ્રહ્મનો ઉપાધિજન્ય ભેદ સ્વીકારે છે. "જેમ અગ્નિમાંથી નાના તણખા" શ્રુતિના દૃષ્ટાન્ત અનુસાર જેવી રીતે પૃથ્વીના અધિષ્ઠાન-આધારથી અલગ આકાશનું કાનરૂપી છિદ્ર છે. આ જ પ્રમાણે જીવ બ્રહ્મથી ભિન્ન અને અભિન્ન છે.[૧૭૭] જીવનું અભિન્ન સ્વરૂપ સ્વાભાવિક છે અને ભિન્ન સ્વરૂપ ઔપાધિક છે.

## શ્રી વિઠ્ઠલનાથજીએ સ્થાપેલ જીવ-બ્રહ્મના ભેદનો પૂર્વપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં જીવ અને બ્રહ્મના તાત્વિક-ભેદનું નિરૂપણ કરે છે. આ માટે તેઓ શ્રી મધ્વાચાર્ય અને શ્રી ભાસ્કરાચાર્યના મતનો ઉલ્લેખ કરે છે.

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં શ્રી, મધ્વાચાર્યના મતનું નિરૂપણ કરતાં કહે છે કે જીવ અને બ્રહ્મનો તાત્વિક અભેદ હોય તો જીવ પણ બ્રહ્મની જેમ સર્વજ્ઞ જ હોઇ શકે. આથી જેમ હાથ અને શરીરનો અભેદ છે, તેમ સર્વજ્ઞ બ્રહ્મનો અલ્પજ્ઞ જીવ સાથેનો અભેદ છે. આમ જીવ અસર્વજ્ઞ હોઇ ન શકે. કારણ કે વિસ્ફુલિંગના દૃષ્ટાંતમાં વિસ્ફુલિંગ-તણખો દાહક કે પ્રકાશક હોય છે.[૧૭૮] અર્થાત્ અગ્નિબ્રહ્મ સર્વજ્ઞ અને વિસ્ફુલિંગ-જીવ અલ્પજ્ઞ હોય છે. આમ અગ્નિ કરતાં વિસ્ફુલિંગની દાહકતા અને પ્રકાશ અલ્પ હોય છે. પરંતુ જીવ ભ્રમયુકત ન હોઇ શકે.

શ્રી ભાસ્કરાચાર્યના મતાનુસાર જીવ-બ્રહ્મનો ભેદાભેદ એ છે કે જીવ અને બ્રહ્મની અભિન્નતા સ્વાભાવિક છે અને ભિન્નતા ઔપાધિક છે.[179] આથી વિસ્ફુલિંગના અલ્પપ્રકાશની જેમ જીવની અલ્પજ્ઞતા હોઇ શકે. પરંતુ જીવ ભ્રમયુક્ત નથી. જીવનું અનીશપણું, ભ્રમ વગેરે શરીરસંબંધથી થતાં નથી. કારણ કે શરીરસંબંધ જીવભાવ પછી થાય છે.[180] આથી અનીશપણું, ભ્રમ વગેરેથી યુક્ત જીવ ઇશ્વરથી ભિન્ન હોઇ નિત્યબદ્ધ છે. વળી ભગવત્કૃપાજન્ય જ્ઞાનથી તે મુક્ત થાય છે. આમ જીવ બ્રહ્મનો અંશ નથી. શ્રુતિમાંનું વિસ્ફુ-લિંગનું દૃષ્ટાંત પ્રલય સમયે ભગવાનમાં રહેલાં જીવોની સર્જન સમયે "નિર્ગમનપ્રકાર" કહે છે. આમ તે દૃષ્ટાંત જીવ-બ્રહ્મનો તાદા-ત્મ્યસંબંધ નિરૂપતું નથી. પરંતુ પ્રલય સમયમાં ભગવાનમાં સમાસીન જીવોનું સર્જન સમયમાં બહાર આવવાનું નિરૂપે છે.

"આનાથી બીજો દૃષ્ટા નથી,"[181] શ્રુતિના વાક્યમાં જીવ અને જડ વગેરે સર્વ પદાર્થોનો દર્શનનો નિષેધ થયો છે. પરંતુ પરિચ્છિન્ન-મર્યાદિત દર્શનનો નિષેધ નથી. અર્થાત્ ઉપર્યુક્ત શ્રુતિનું વાક્ય ભગવાન સિવાય અન્ય કોઇ સર્વદૃષ્ટા ન હોવાનું સમર્થન કરે છે. પરંતુ જીવમાં પરિચ્છિન્ન દર્શન છે, તેથી તે દૃષ્ટા નહીં, પરંતુ અલ્પદૃષ્ટા છે. જેમ "અર્જુન ધનુર્ધર છે," તેનો અર્થ "અર્જુન સિવાય બીજો કોઇ ધનુર્ધર નથી." એવો થતો નથી. પરંતુ અર્જુન જેવો ધનુર્ધર બીજો નથી, તે જ પ્રમાણે જેમ ઇશ્વર

સર્વજ્ઞ છે તેમ જીવ સર્વજ્ઞ નથી. આથી જ જીવ ભિન્ન અંશ કે ઔપચારિક અંશ કહેવાય છે.[૧૮૨]

શ્રી વિઠ્ઠલનાથજીએ જીવ-બ્રહ્મના ભેદનું ઉત્તરપક્ષમાં કરેલું ખંડન :

શ્રી વિઠ્ઠલનાથજી વેદાર્થ રૂપી સોનેરી સૂર્ય સમા ભગવાન બાદરાયણના સૂત્રોથી વિરૂદ્ધ સિદ્ધાંતોનો સ્વીકાર કરતા નથી. કારણ કે "વિભિન્ન નામને લીધે જીવ બ્રહ્મનો અંશ છે." સૂત્રમાં જીવના અંશત્વનો જ સ્વીકાર છે.[૧૮૩]

વિસ્ફુલિંગનું દૃષ્ટાન્ત જીવોની ઉત્પત્તિનું જ નિરૂપણ કરતું નથી. પરંતુ સર્વ પ્રાણો, લોકો, દેવો અને પ્રાણીમાત્રની સૃષ્ટિનું સર્જનનું નિરૂપણ કરે છે. ત્યાર પછી "સર્વ આ આત્મામાંથી વ્યુચ્ચરે છે." અનુસાર જીવ બ્રહ્મનો અંશ છે. આમ જીવ-બ્રહ્મનો તાત્વિકભેદ ઉચિત નથી. જીવ-બ્રહ્મનો ભેદ પ્રાણ વગેરેની નિત્યતા અને જીવોના વ્યુચ્ચરણનો સ્વીકાર કરતો નથી. વળી શ્રુતિવાક્યના ક્રમપાઠમાં જીવ-આત્માની નિત્યતા સ્વીકારે છે.[૧૮૫]

શ્રુતિમાં પ્રાણાદિની ઉત્પત્તિનું નિરૂપણ છે, આત્માની ઉત્પત્તિનું નિરૂપણ નથી. અર્થાત્ આત્મા નિત્ય છે. આથી આત્મા ઈશ્વરમાંથી બહાર નીકળે છે એમ કહી શકાય નહિ. વળી પ્રાણાદિની જ ઉત્પત્તિ પણ કહી શકાય નહિ.[૧૮૬] કારણ કે ભિન્ન અર્થથી વાક્યભેદ થાય છે. વાક્યમાં પણ "બહાર નીકળવાની" નિત્યતા રૂપી વિધેયનો ભેદ એ વાક્યભેદ છે.[૧૮૭] વળી વિનિગમકનો

અભાવ છે. કારણ કે ક્રમાનુસાર એક વિધેય વાકયનો અભાવ હોય ત્યારે પ્રાણની નિત્યતા અને આત્માની ઉત્પત્તિ આમ વિરૂદ્ધ પણ થઇ જાય ![૧૮૮]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામધેનુ અને યોગી વગેરેની જેમ બ્રહ્મમાંથી પ્રાણાદિની ઉત્પત્તિનો સંભવ છે. આથી "જેમ અગ્નિમાંથી" શ્રુતિવાકય જીવના અંશપણાનો કે તેના અભાવનો નિશ્ચય કરી શકે તેમ નથી. છતાં શ્રુતિ અને સૂત્રોથી અને તેમાં ઉલ્લેખેલાં શ્રુતિ અને સ્મૃતિના વાકયો જીવને બ્રહ્માંશ જ કહે છે. આમ જીવની અજ્ઞાનતાનો વિરોધ થઇ શકશે નહિ. કારણ કે સર્વજ્ઞતા વગેરે ધર્મો ભગવાનની ઇચ્છાથી જ જીવમાં તિરોભાવ પામ્યાં છે. આથી જ કહયું છે "પરંતુ એનું- જીવનું - ઐશ્વર્ય વગેરે ભગવાનની ભોગ કરવાની ઇચ્છાથી તિરોહિત થયેલું છે, તેથી જ એને બન્ધ અને વિપર્યય-વિપરીત બુદ્ધિ થાય છે.[૧૮૯] અહીં એના એટલે જીવના ઐશ્વર્ય વગેરે તિરોહિત છે. અને "પરના અભિધ્યાનથી" એ હેતુ છે. "પર" નું અને પરમાત્માનું અભિધ્યાન એટલે સર્વ તરફનું ધ્યાન અર્થાત્ પોતાની અને જીવની સર્વ રીતે ભોગની ઇચ્છા.[૧૯૦] આથી જ ઐશ્વર્યાદિ ભગવાનના ગુણો જીવમાં હોય તો તે વિચિત્રતા કહેવાય નહિ. આથી ભોગ થતો નથી. આમ ભગવાને ભોગની ઇચ્છાથી જીવનાં ઐશ્વર્યાદિ ગુણોનો તિરોભાવ કર્યો છે. તિરોભાવથી જીવને બંધન અને વિપરીત ધર્મ પ્રાપ્ત થાય છે.

(૧) ઐશ્વર્યના તિરોભાવથી દીનતા અને પરાધીનતા આવે છે.

(૨) વીર્યના તિરોભાવથી બધા દુ:ખો સહન કરવા પડે છે.

(૩) યશના તિરોભાવથી સર્વથી હીન થાય છે.

(૪) શ્રીના તિરોભાવથી જન્મ વગેરે આપત્તિઓ આવે છે.

(૫) જ્ઞાનના તિરોભાવથી દેહાત્મબુદ્ધિ થાય છે અને અપસ્માર ફેફરું જેવા રોગવાળા મનુષ્યની જેમ સર્વનું વિપરીત જ્ઞાન થાય છે.

(૬) વૈરાગ્યના તિરોભાવથી વિષયોમાં-સાંસારિક પદાર્થોમાં આસક્તિ થાય છે.[૧૯૧] આમ ભગવાનના છ ઐશ્વર્યોનો જીવમાં તિરોભાવ થયો છે. આથી જીવમાં બંધન અને વિપરીત-બુદ્ધિ હોય છે. ભગવાનનો આનન્દાંશ પહેલાં જ સૃષ્ટિ સમયે જ જીવમાં તિરોભાવ પામ્યો છે. આથી જ તેને જીવભાવ પ્રાપ્ત થયો છે.[૧૯૨]

સૂત્રકાર બાદરાયણ પણ જીવ આનન્દમય નથી, કારણ કે એમાં અસંગતિ છે.[૧૯૩] અર્થાત્ ફળના રૂપમાં જીવનું આનન્દમય હોવું ઘટતું નથી. આમ જીવમાં આનન્દાંશનો તિરોભાવ થયો છે. વળી અને ભેદથી કથન છે તેથી." સૂત્રમાં પણ જીવ આનન્દમય નથી. એમ દર્શાવ્યું છે. કારણ કે બેનો ભેદ દર્શાવનારું વાક્ય છે.[૧૯૪] અર્થાત્ "ખરેખર રસ મેળવીને આ આનન્દી બને છે,"[૧૯૫] દ્વારા જીવનો "આનન્દનીય" ભાવ કહેવાય છે. પરંતુ આનંદનો ભાવ નથી. આમ જીવ આનન્દમય નથી. આથી જીવભાવ આગંતુક હોવાથી તાત્ત્વિક ભેદ દૂર થયો છે.

525

## કારણ-બ્રહ્મના ઐક્યથી કાર્ય-જગતની વિચિત્રતાની અસંગતિ અને ભગવદિચ્છાથી તેનું સમાધાન

કેવલાદ્વૈત સિદ્ધાન્ત કારણને જ સર્વસ્વ માને છે. કારણ જ સત્ય છે અને કારણ સિવાય અન્ય સર્વ અસત્ય છે. આમ એકમાત્ર કારણમાં જ સર્વનો સમાવેશ થયેલો જોઇ શકાય છે. આથી જ કહ્યું છે કે બ્રહ્મ એક-અદ્વિતીય છે, પરંતુ તે અવિદ્યાની સહાયથી, જગતના ત્રિવિધ કાર્યો કરવા માટે શક્તિમાન બને છે. અવિદ્યામાં રહેલી વિવિધ પ્રકારની શક્તિઓથી જગતનો કાર્યક્રમ થઇ શકે છે.[૧૯૬]

આથી જેમ દૂધનું દહીં બને છે, તેમ એક પરમાત્માનું પણ વિચિત્ર શક્તિના સંબંધથી વિચિત્ર પરિણામ સિદ્ધ થાય છે.[૧૯૭]

હવે એમ શંકા થાય કે બ્રહ્મ વિચિત્ર શક્તિથી યુક્ત છે એ કેવી રીતે જાણી શકાય ? તેનું સમાધાન શ્રીમત્ શંકરાચાર્ય આપે છે કે તે સર્વશક્તિમાન એવા પરમાત્માનું શાસ્ત્રના જ્ઞાનથી જાણી શકાય છે.[૧૯૮] વળી જે સર્વજ્ઞ-સર્વવેત્તા છે. શ્રુતિનું વાક્ય પણ પરમાત્મામાં સર્વશક્તિ હોવાનું સૂચવે છે. આમ કાર્ય-બ્રહ્મ એક છે છતાં પણ કાર્ય-જગત-જીવ વગેરેમાં વિભિન્નતા જોવા મળે છે.

## શ્રીમદ્ વલ્લભાચાર્યે કરેલું સચ્ચિદાનન્દ સ્વરૂપ બ્રહ્મના અંશોનું નિરૂપણ :

બ્રહ્મના ત્રણ સ્વરૂપો છે. સત્, ચિત્ અને આનંદ. આ ત્રણ

સ્વરૂપોમાંથી ત્રિવિધ સૃષ્ટિ ઉત્પન્ન થઇ. તે અનુક્રમે સત્વ, રજ અને તમ કહેવાય છે. અહીં કાશકૃત્સ્ન-પ્રાચીન આચાર્યનો મત વ્યકત થયો છે. આમ જીવ એ ભગવાનની જ અવસ્થા છે.[199] આથી જીવભાવ આગન્તુક છે.

જેમ કરોળિયો પોતાના મુખમાંથી લાળ કાઢે છે, તેમ સચ્ચિદાનંદરૂપ ભગવાનમાંથી વિવિધ સૃષ્ટિની રચના માટે ત્રણ ગુણો-સત્વ, રજ, અને તમ ઉત્પન્ન થાય છે.[200] નિર્ગુણ ભગવાને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય માટે પોતાના સ્વરૂપમાંથી ગુણોનું સર્જન કર્યું. સમર્થ-જગત્કર્તા ભગવાનની માયા શકિત છે, જે સર્વરૂપ ભગવાનના સંબંધથી સર્વની પ્રતિકૃતિ-પ્રતિમા-રૂપ છે.[201] માયાથી ઉત્પન્ન ગુણો પુત્રની જેમ માયાના વશમાં રહે છે. આથી જ ભગવાનનો અંશ-જીવ માયામાં રચવા ઇચ્છા કરે છે. આમ ગુણથી બંધાયેલો જીવ-"નિયમ્ય" કહેવાય છે અને ગુણનો કર્તા ભગવાન-"નિયામક" કહેવાય છે. આથી એક બ્રહ્મમાં બે રૂપો સિદ્ધ થાય છે.[202]

શ્રી વિઠ્ઠલનાથજીએ સ્થાપેલ પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી બ્રહ્મમાં સમાનતા-એકતા હોવા છતાં જગતમાં ભિન્નતા કેમ દેખાય છે ? તે સંબંધ પૂર્વપક્ષમાં શંકા પ્રસ્તુત કરતાં કહે છે કે કારણ-બ્રહ્મ સમ છે તો જગતમાં જડતા અને જીવોમાં ચૈતન્ય એવું વૈષમ્ય કેમ છે ? અને જ્ઞાનનો તિરોભાવ થવાથી જીવ કેમ અલ્પજ્ઞ છે ?

શ્રી વિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત શંકાનું સમાધાન આપતાં જણાવે છે કે પ્રાચીન આચાર્યો સચ્ચિદાનન્દ સ્વરૂપ બ્રહ્મના ત્રણ અંશો વિશે કહે છે. શ્રુતિ પણ બ્રહ્મને સત્ય, જ્ઞાન અને અનન્ત કહે છે.[૨૦૩] વળી "જે સર્વજ્ઞ, સર્વને જાણનાર છે,"[૨૦૪] દ્વારા ભગવાન ધર્મરૂપ જ્ઞાન છે. અહીં "ભગવાન" શબ્દની વ્યુત્પત્તિ "જેમાં ભગ-જ્ઞાન છે" એમ થાય છે.[૨૦૫]

શ્રી વિઠ્ઠલનાથજી બ્રહ્મના સચ્ચિદાનન્દ સ્વરૂપમાંથી થયેલાં જડ અને જીવનો નિર્દેશ આ પ્રમાણે આપે છે.

(૧) બ્રહ્મના સ્વરૂપાત્મક સત્-અંશમાંથી જડનો ઉદ્ભવ થાય છે.[૨૦૬] જડ સદંશનું કાર્ય છે. આથી ચિદંશ અને આનંદાંશ જડમાં તિરોભાવ પામ્યા છે.

(૨) બ્રહ્મના ચિત્-અંશમાંથી જીવનો ઉદ્ભવ થાય છે. જીવ ચિદંશનું કાર્ય છે. આથી ચિદ્રૂપ કહેવાય છે. વળી સદંશથી જીવ ઉપલબ્ધ થાય છે. આથી તેમાં આનંદાંશ તિરોભાવ પામ્યો છે.[૨૦૭]

જીવમાં બ્રહ્મના સ્વરૂપભૂત સદંશ અને ચિદંશનો તિરોભાવ હોય તો જીવનું સ્વરૂપ નષ્ટ થયું કહેવાય![૨૦૮] આથી જીવમાં બ્રહ્મના સ્વરૂપભૂત સચ્ચિદંશનો તિરોભાવ નથી. પરંતુ ભગવાનની ઇચ્છાથી ધર્મરૂપ જ્ઞાનનો તિરોભાવ થયો છે. આથી પ્રસ્તુત સિદ્ધાન્ત નિર્દોષ છે. આમ જ્ઞાનના તિરોભાવમાં ભગવાનની ઇચ્છા જ "નિયામક" છે.[૨૦૯]

અહીં જડ અને જીવના ભેદ અને અભેદનો વિચાર લીલાની નિત્યતાના વિચારમાં કરવા વિશે નિર્દેશ આપવામાં આવ્યો છે.

ઉપર્યુક્ત વિમર્શમાં બ્રહ્મનું ઐકય પ્રતિપાદિત થયું છે. જગત રૂપી કાર્યમાં જે ભિન્નતા દેખાય છે, તે વિચિત્રશક્તિના પરિણામરૂપે છે, સત્ત્વાદિ ગુણો માયાથી ઉત્પન્ન હોઇ જગત્કાર્ય થાય છે. પરંતુ જીવમાં જ્ઞાનનો તિરોભાવ તો ભગવાનની ઇચ્છાનું જ કારણ છે. આથી જ ચિદ્રૂપ જીવ ભગવાનના જ્ઞાનથી તિરોહિત થયો છે. અર્થાત્ જીવ ભગવાનના જ્ઞાન વિના ભિન્ન લાગે છે.

પરમાત્મા સંબંધી ઉપસ્થિત-હાનિ-અકૃતાભ્યાગમદોષનો વિચાર :

જગતમાં ઉપસ્થિત હાનિ અને અકૃતાભ્યાગમ દોષ પરમાત્માના દોષ હોય એવી શંકા અને અજ્ઞાન પ્રવર્તે છે. અર્થાત્ પરમાત્મા જીવના ધર્મોની ઉપસ્થિતિ-પ્રાપ્તિને હાનિ પહોંચાડે છે. આમ જીવ જ્ઞાન, વૈરાગ્ય વગેરે ધર્મથી વિમુખ બને છે. વળી અકૃતાભ્યાગમ એટલે જે કાર્ય કર્યું નથી, તેની પ્રાપ્ત કરાવે છે. જેમ કે અજ્ઞાન, રાગ વગેરે જીવને મળે છે. આમ ઉપસ્થિતિ હાનિ અને અકૃતાભ્યાગમ એ પરમાત્માના દોષ હોવાનો પ્રશ્ન થાય ! પરંતુ આ દોષ પરમાત્માના લીધે જીવમાં આવતાં નથી. કારણ કે પરમાત્મા સ્વયં શુદ્ધ, નિર્દોષ અને નિર્વિકાર છે.

ઉપસ્થિતહાનિ એટલે જે ધર્મો નિત્યસિદ્ધ છે તેની હાનિ. પરંતુ તે કરેલાં કર્મનો નાશ ન કહેવાય. અકૃતાભ્યાગમ એટલે ન

કરેલાં કર્મોના ફળની પ્રાપ્તિ.[૨૧૦] ઉપર્યુક્ત બન્ને દોષો ભગવાનની ઇચ્છાથી જીવને પ્રાપ્ત થાય છે. આવી શંકાનું સમાધાન આ પ્રમાણે છે. શ્રીમત્ શંકરાચાર્ય બ્રહ્મસૂત્રશાંકરભાષ્યમાં કહે છે કે જીવે કરેલાં ધર્મ અને અધર્મને જોઇને જ પરમાત્મા પ્રવૃત્તિ કરાવે છે.[૨૧૧] જેમ વરસાદ ભિન્ન-ભિન્ન બીજથી ઉત્પન્ન થનારા ધાન્યાદિનું નિમિત્ત કારણ છે, તેમ પરમાત્મા જીવના પૂર્વજન્મના કાર્યોને જોઇને તેની પાસે સારા કે નરસાં કાર્યો કરાવે છે. વિધિશાસ્ત્ર અને નિષેધશાસ્ત્ર-પાપ-પુણ્ય પણ જીવના કર્મો અનુસાર જ છે. જીવના સારાં-નરસાં કર્મો-પ્રયત્નો જોઇને જ પરમાત્મા તેમનો પ્રેરક બને છે.[૨૧૨]

## શ્રીમદ્ વલ્લભાચાર્યનો વૈષમ્ય-નૈર્ઘૃણ્યદોષ સમ્બન્ધી વિચાર :

શ્રીમદ્ વલ્લભાચાર્ય વૈષમ્ય-નૈર્ઘૃણ્યદોષ-વિષમતા અને નિર્દયતાના દોષ સમ્બન્ધમાં કહે છે કે પરમાત્મા કોઇને સુખી તો કોઇને દુ:ખી કરે છે. પરંતુ અહીં કર્મની સાપેક્ષતાને લીધે તે પરમાત્માનો દોષ નથી. પરમાત્માની આ સૃષ્ટિ વાસ્તવિક રીતે તો આત્મસૃષ્ટિ-પોતાનામાંથી બનાવેલી સૃષ્ટિ છે. આથી તેમનાં દોષનો સંભવ જ નથી.[૨૧૩] ભગવાન વૃષ્ટિના જેવા છે અને કર્મ બીજના જેવું છે. આમ શ્રુતિ પણ કહે છે : આ લોકોમાંથી જેને ઊંચે લઇ જવા ઇચ્છે છે, તેની પાસે ભગવાન સારા કર્મ કરાવે છે અને જેને નીચે લઇ જવા ઇચ્છે તેની પાસે ખરાબ કર્મ કરાવે છે.[૨૧૪]

આમ કર્મ સાપેક્ષતાને લીધે પરમાત્મા જીવને સુખદુ:ખ આપે છે.

વૈષમ્યનૈર્ઘૃણ્યદોષ એ જ ઉપસ્થિતિ હાનિ અને અકૃતાભ્યાગમ-દોષનું રૂપાંતર છે. આમ વૈષમ્યનૈર્ઘૃણ્યદોષ અને ઉપસ્થિત હાનિ-અકૃતાભ્યાગમદોષ પરસ્પર સમાનતા ધરાવે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વ્યકત કરેલ ઉપસ્થિતિહાનિ-અકૃતાભ્યાગમ-દોષનો વિચાર :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં શંકા પ્રસ્તુત કરતાં કહે છે કે ભગવાન સ્વેચ્છાએ બ્રહ્મસ્વરૂપ જીવોના સહજ ગુણોનો તિરોભાવ કરે છે[૨૧૫] અને અજ્ઞાન વગેરે દોષો મૂકે છે. પરંતુ ભગવાનની ઇચ્છા જીવના ભગવદ્ધર્મના તિરોભાવનું કારણ ન સંભવે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ કૃતિ-કર્મનાં દોષ છે કે કર્તાના દોષ છે. અર્થાત્ તે જીવના દોષ છે કે ભગવાનના દોષ છે ?

અહીં જીવ રૂપી કૃતિનો દોષ નથી. કારણ કે લૂંટારા સજ્જનને લૂંટે તેમાં સજ્જનનો દોષ ન ગણાય.[૨૧૬] અર્થાત્ જીવ રૂપી સજ્જનને દોષ રૂપી લૂંટારા લૂંટે તેમાં જીવનો દોષ નથી.

જીવ કર્તા હોય તો તે અસ્વતંત્ર-પરતંત્ર જીવની કૃતિમાં દોષરૂપ થાય છે, પરંતુ સ્વતંત્ર જીવની કૃતિમાં દોષરૂપ નથી. જેમ રાજાઓ પોતાના વિહાર માટે પ્રાચીન વિવિધ મકાનો,

ભીંત, મુખ્ય દરવાજો વગેરેનો નાશ કરે છે અને ત્યાં જ આંગણ કે ઉદ્યાન બનાવે છે. તેવી જ રીતે સ્વતંત્ર રાજાઓ જડ પદાર્થોનો જ નાશ કરતાં નથી. પરંતુ પોતાના સેવકોનાં ઐશ્વર્ય વગેરે ગુણો લઈ લે છે અને ફરી સેવાથી સંતોષ પ્રાપ્ત કરી એ ગુણો પાછાં આપી દે છે.[૨૧૭] ભગવાન સમ્પૂર્ણ જગતના ચાલક અને કારણના પણ કારણ છે. આથી તે પોતાના દાસ-સેવક જીવના ઐશ્વર્યાદિ ગુણોને વિપરીત બનાવી દે તે શંકા યોગ્ય નથી.

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા ભગવાન છે. આથી તે ઉત્પત્તિ કરે ત્યારે જીવને અકૃતાભ્યાગમ દોષ થાય છે અને પ્રલય કરે ત્યારે ઉપસ્થિતની હાનિ થાય છે. આ બન્ને દોષ ભગવાનને લાગે. દોષના ભયથી ભગવાનને કર્તા ન માનીએ તો પ્રલય વગરનું જગત નિત્ય બની જાય ! આથી અહીં મીમાંસાનો મત આવે ! વળી જગતની ઉત્પત્તિ જ ન હોય તો તેના અસ્તિત્વની સંભાવના જ ન રહે ![૨૧૮] આથી જ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે જે સાત્વિક, રાજસ અને તામસ ભાવો છે, તે મારામાંથી જ છે, એમ તું જાણ. હુ તેમનામાં નથી, તેઓ મારામાં છે.

તે ત્રણ ગુણમય ભાવોથી મોહ પામેલું આ સર્વ જગત તેનાથી પર-અવ્યય મને જાણતું નથી.[૨૧૯] આમ માયાના મોહથી સ્વનું-જીવનું અજ્ઞાન કહ્યું છે. વળી ભગવાનની સ્વેચ્છાથી માયા મોહ પમાડે છે, આથી જ કહ્યું છે કે આ ગુણમય દૈવી માયા મારી છે.[૨૨૦]

આથી બંધન ભગવાનની ઇચ્છાને અધીન છે. આમ માયાનું સ્વાધીનપણું નિરૂપિત થયું છે. પરંતુ માયાએ કરેલો સ્નેહ ભગવાન સિવાય બીજા કોઇથી દૂર થતો નથી.[૨૨૧] આમ જીવ જેવી ઇચ્છા ધરાવે તેવી અવિદ્યાદિ શક્તિઓ સત્વ, રજ અને તમના ભેદથી તેને વ્યાપે છે. અર્થાત્ માયા ગુણો-સત્વાદિથી જીવને વ્યાપે છે. આ ભગવાનનું જ મહાન ઐશ્વર્ય છે. આથી જ કહ્યું છે કે હે અર્જુન, દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ તો મને પ્રાણીમાત્રના કારણરૂપ અને અવિનાશી જાણીને અનન્ય મનથી ભજે છે.[૨૨૨] અહીં ભગવદ્ધર્મો આત્મા સાથે સંબંધ રાખત હોવાથી અન્તરંગ છે.[૨૨૩]

વળી જુદા-જુદા પ્રકારના પ્રાણીઓના ભાવો મારાથી જ થાય છે.[૨૨૪] અહીં સાક્ષાત શ્રુતિ જ ભગવાન ફલદાતા હોવાનું પ્રમાણ આપે છે.[૨૨૫]

મારામાંથી સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મરણ થાય છે.[૨૨૬] આમ બ્રહ્મવાદ અનુસાર માયા ભગવાનથી ભિન્ન નથી.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પોતાના તર્કથી કલ્પિત અર્થમાં ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ એ બન્ને દોષો કલ્પી શકાય. પરંતુ વેદના અર્થમાં તેની કલ્પના અસ્થાને છે. કારણ કે જેમ રાજાની આજ્ઞા અવજ્ઞાને યોગ્ય નથી.[૨૨૭] આથી જ કહ્યું છે કે આ જેનો લોકોમાંથી ઉદ્ધાર કરવા ઇચ્છે, તેની પાસે સારા કર્મ કરાવે છે અને જેનું અધઃપતન કરવા ઇચ્છે તેની પાસે નરસાં કર્મ

કરાવે છે.[228] વળી જે આ ત્મામાં રહી આ ત્માનું અંતરથી નિયમન કરે છે.[229] આથી જ આનાથી બીજો કોઇ દ્રષ્ટા નથી.[230] જેવાં વાકયોની સંગતિ-અનુરૂપતા થઇ શકે છે. કારણ કે ભગવાન સિવાય બીજું કોઇ સ્વતંત્ર કર્તા કે દ્રષ્ટા નથી. આથી જીવનું કર્તૃત્વ વર્ણવેલું છે.[231] જીવનું કર્તૃત્વ પોતાનું છે કે પરમાત્માનું છે, તેવી શંકાના સમાધાનમાં સૂત્ર છે કે એ પરથી છે, શ્રુતિને લીધે. આમ જીવ સમ્પૂર્ણપણે પરતન્ત્ર છે. આથી તેમાં અકૃતાભ્યાગમદોષ આવતો નથી.

## પૂર્વમીમાંસા-દર્શન અનુસાર ધર્મ અને ઇશ્વરનું સ્વરૂપ :

પૂર્વમીમાંસાદર્શન ભારતીય ષડ્દર્શનમાંનું એક દર્શન છે, તે ધર્મના સ્વરૂપનું પરીક્ષણ કરે છે. આથી તેને ધર્મમીમાંસા કે કર્મ-મીમાંસા પણ કહેવાય છે. પૂર્વમીમાંસાદર્શન વેદના કર્મકાંડ વિષયક વિભાગને સ્વીકારે છે. તેમ છતાં ઉત્તર-મીમાંસા-વેદાન્તદર્શન સાથે સમન્વયનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પૂર્વમીમાંસાના સૂત્રકાર "જૈમિનિ" છે. તેમણે મીમાંસા-સૂત્રમાં ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. ધર્મ એક આદેશ છે.[233] "ચોદના" એટલે નિષેધાજ્ઞા ધર્મનું લક્ષણ છે. શબર ભાષ્ય "ચોદના" નો અર્થ જે મનુષ્યોને કર્મમાં પ્રવૃત્ત થવાની પ્રેરણા આપે છે." એમ કરે છે. પાર્થસારથિ મિશ્ર શાસ્ત્રદીપિકામાં કહે છે કે "ચોદના" શબ્દ પ્રવર્તક અને નિવર્તક વાકય કહે છે.[234] આમ વિધિ અને

નિષેધ દર્શાવનારાં વેદના વાક્યોનો વિચાર અને આચાર પૂર્વમીમાંસા દર્શનનો આધાર છે.

પૂર્વમીમાંસાદર્શન અનુસાર ઇશ્વર જગતના સર્જક છે. પરંતુ કર્મફલના દાતા નથી. કર્મનો સંબંધ ફલ સાથે છે. આથી કર્મફલ કર્મ પૂર્ણ થતાં પહેલાં કોઇ અદષ્ટ ફલ આપે છે. જૈમિનિ કર્મફલના દાતા તરીકે એક અદષ્ટ શકિતની કલ્પના કરે છે અને તેને "અપૂર્વ" કહે છે.[235] શ્રી ભીમાચાર્ય ન્યાયકોશમાં કહે છે કે યાગાદિથી ઉત્પન્ન સ્વર્ગાદિને ઉત્પન્ન કરનાર કોઇ ગુણવિશેષ-અપૂર્વ છે.[236] અર્થાત્ કાર્ય અને પરિણામ વચ્ચે અપૂર્વ એક અત્યન્ત લૌકિક કડી છે. મીમાંસકોના મતાનુસાર પરિણામ-ફલ ઇશ્વરેચ્છા પર નિર્ભર નથી. કારણ કે અનેક કાર્યોનું કારણ કોઇ એક જ ન હોઇ શકે.[237]

જૈમિની અનુસાર જગતની વિષમતાઓની જવાબદારી એક ઇશ્વરની જ હોત તો તે પક્ષપાત અને નિર્દયતાના દોષથી મુકત થઇ શકે નહિ. આથી જ મનુષ્યના ભિન્ન-ભિન્ન ભાગ્યનું કારણ પૂર્વજન્મ કર્મનું ફલ છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યે સ્થાપેલ જૈમિનિનો પૂર્વપક્ષ :

બ્રહ્મસૂત્રમાં જણાવ્યા પ્રમાણે જૈમિનિ ધર્મને જ ફળનું કારણ માને છે.

ધર્મ-કર્મ અનુસાર ફળ મળે છે. આથી "ઇશ્વરવાદી પણ કર્મનિરપેક્ષ ઇશ્વર ફળ આપે છે," એમ કહી શકશે નહિ. કારણ કે તેમ માનવાથી વેદના વિધિ વાક્યો-કર્મ અને ફલ દર્શાવનારાં વાક્યો-વ્યર્થ થઇ જાય અને પ્રવૃત્તિ સંભવે નહિ.[૨૩૮] વળી કર્મ સાપેક્ષ ઇશ્વર ફળ આપે છે, એમ કહી ન શકાય. કારણ કે કર્મ અચેતન છે, તેથી ચેતનના આશ્રય પામે તો જ તે કાર્ય કરી શકે. આમ કર્મ ફલનું કારણ નથી - એમ કહી શકાય નહિ. કર્મ અને સ્વર્ગ લોકસિદ્ધ નથી, પરંતુ શ્રુતિસિદ્ધ છે.[૨૩૯] કારણ કે વેદના અર્થવાદ-વાક્યોમાં કર્મનું જ વર્ણન કરવામાં આવ્યું છે. અર્થવાદ એટલે વિહિત કર્મની પ્રશંસા અને નિષિદ્ધ કર્મની નિંદા.

જેમ ઇશ્વરવાદી વેદાન્તી ઇશ્વરમાં નિત્યજ્ઞાન રૂપ ધર્મ સ્વીકારે છે, તેમ કર્મવાદી મીમાંસક મનના પ્રતિબન્ધ દૂર કરવા સ્વર્ગને ફલ માને છે. કર્મ નાશવંત છે. છતાં કર્મ ફલનું કારણ હોવાનું શ્રુતિમાં કહેલું છે. આમ કર્મનું કારણ અપૂર્વ છે, તેનું રક્ષણ કરવા કર્મના વ્યાપાર-પ્રવૃત્તિની કલ્પના કરી છે. વેદાન્તમત સમદૃષ્ટિ ઇશ્વરના ભિન્ન-ભિન્ન ફલને સ્વીકારતો નથી. આમ ઇશ્વરમાં પક્ષપાત અને નિર્દયતા એમ બે દોષો આવી જાય છે. આથી જૈમિનિ અનુસાર ધર્મ-કર્મથી જ ફળ પ્રાપ્ત થાય છે.[૨૪૦]

## શ્રીમદ્ વલ્લભાચાર્યનો કર્મસાપેક્ષતાના સંબંધમાં અભિપ્રાય :

## પૂર્વમીમાંસાના મતનો ઉત્તરપક્ષ :

શ્રીમદ્ વલ્લભાચાર્યે બ્રહ્મના પક્ષપાત અને ક્રૂરતા એ બે દોષોનો પરિહાર કરતાં જણાવે છે કે જેમ કોઇ વસ્તુ મેળવવા પ્રયત્ન કરી રહેલ પુત્રને કે બાળકને પિતા તે વસ્તુ અપાવે છે, પિતા તે બાળકને વસ્તુના ગુણદોષ કહી દે છે. છતાં જે તરફ પિતાના પ્રયત્નનો આગ્રહ હોય તે કર્મ બાળક પાસે કરાવે છે.[241] આ જ રીતે બ્રહ્મ પણ વેદ દવારા વસ્તુના ગુણદોષ કહી દે છે. છતાં જીવના પ્રયત્નના આગ્રહ અનુસાર કર્મ કરાવે છે. આથી બ્રહ્મમાં દોષ નથી.

શ્રુતિ અનુસાર જીવને ફલનું દાન કરવામાં બ્રહ્મને કર્મની અપેક્ષા રહે છે. જીવને કર્મ કરાવવામાં જીવના પ્રયત્નની અપેક્ષા રહે છે. જીવને પ્રયત્ન કરાવવામાં તેના કામ-ઇચ્છાની અપેક્ષા રહે છે. સ્વર્ગાદિની ઇચ્છામાં લોક-પ્રવાહની ઇચ્છા રહે છે. આથી બ્રહ્મમાં દોષની ગંધ પણ નથી અને ઇશ્વરત્વનો અભાવ નથી.[242] તેનું કારણ એ છે કે મર્યાદામાર્ગનું નિર્માણ ઇશ્વરના ઐશ્વર્યનો નાશ ન થાય તે માટે છે. અર્થાત જીવની ઇચ્છા, પ્રયત્ન અને કર્મની અપેક્ષાથી ભગવાન ફલ આપે તો પણ ઇશ્વરના ઐશ્વર્યનો નાશ થતો નથી. પરંતુ જીવની ઇચ્છા, પ્રયત્ન અને કર્મની અપેક્ષા વિના જીવને ફલદાન કરવામાં આવે તો તે પુષ્ટિ-માર્ગનો સ્વીકાર છે.[243]

જીવના કર્મ વગેરેની અપેક્ષાનું કારણ ભગવાને કરેલી મર્યાદા જ છે. વળી તેમાં ક્રીડા કરવાની ઇચ્છા જ મુખ્ય કારણ છે. આમ આ સમૃષ્ટિ દ્વારા જ ભગવાનનું માહાત્મ્ય અને પરમ રહસ્ય પ્રકટ થયું છે.

<u>પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં જીવની અદૃષ્ટ નિરપેક્ષતાનું નિરાકરણ</u>

<u>અને ભગવાનની ક્રીડા કરવાની ઇચ્છા બંધનનું કારણ</u> :

<u>પૂર્વપક્ષ</u> :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં પૂર્વમીમાંસાના મતનું નિરૂપણ કરે છે.

પૂર્વમીમાંસકો જીવના અકૃતાભ્યાગમ દોષની શંકાનું સમાધાન આપે છે અને સ્વમતનું સમર્થન કરે છે.

"ઇશ્વર જીવના ધર્મ કે અધર્મ અનુસાર કર્મ કરાવે છે.[૨૪૪] અર્થાત્ ઇશ્વર સ્વતંત્રપણે નહીં, પરંતુ પૂર્વજન્મના કર્માનુસાર કર્મ કરાવે છે. જો ઇશ્વર સ્વેચ્છાથી કર્મ કરાવતા હોય. અર્થાત્ તે કર્મના પ્રવર્તક કે નિવર્તક હોય તો "સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો.[૨૪૫] "બ્રાહ્મણને હણવો નહિ. જેવાં વાકયોમાં વિધિ અને નિષેધ વ્યર્થ બની જાય ! આમ વિધિ-નિષેધ દ્વારા જ ઇશ્વર પ્રવર્તમાન અને નિવર્તમાન કર્મમાં પ્રવૃત્તિ કરાવે છે અને નિવૃત્તિ કરાવે છે.[૨૪૬]

કોઇ વિહિતકર્મમાં પ્રવૃત્ત છે, તો કોઇ તેમાં પ્રવૃત્ત હોતો નથી. કોઇ નિષિદ્ધ કર્મમાંથી નિવૃત્ત હોય છે, તો કોઇ નિવૃત્ત નથી. આમ કર્મનો પ્રવાહ અનાદિ છે, તેથી પૂર્વનું કર્મ જ નિમિત્ત બને છે. આથી જીવને અકૃતાભ્યાગમ- ન કરેલાં કર્મોની પ્રાપ્તિનો દોષ હોતો નથી.[૨૪૭]

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પૂર્વમીમાંસકોના મતાનુસાર કર્મથી સુખદુ:ખનો સ્વીકાર અનીશ્વરવાદ લાવે છે ! કારણ કે કર્મ જડ છે, તેથી તે ફળ આપનાર ન હોઇ શકે. અને ફલ આપનાર તરીકે ઇશ્વર પણ સિદ્ધ થઇ ન શકે. કારણ કે અન્યથાનુપપત્તિથી કરેલા કર્મની કલ્પના જ કર્મનું ફલ આપી શકે. અર્થાત "પુષ્ટ દેવદત્ત દિવસે જમતો નથી." વાકયમાં રાત્રિભોજનની જેમ ઇશ્વર સુખદુ:ખ વગેરે આપતાં નથી. પરંતુ જીવો તેનો અનુભવ કરે છે. આમ તેવા કર્મની કલ્પના કરવામાં આવે છે.[૨૪૯]

પૂર્વપક્ષ :

ઇશ્વર કરેલા પ્રયત્નની અપેક્ષાવાળા હોઇ વિહિત અને નિષિદ્ધ કર્મો વ્યર્થ થતાં નથી.[૨૫૦] સૂત્રાનુસાર ભગવાન પૂર્વકર્માનુસાર કર્મ કરાવે છે.

<u>ઉત્તરપક્ષ</u> :

શ્રી વિઠ્ઠલનાથજી ઉપર્યુકત બ્રહ્મસૂત્રના અર્થનો અસ્વીકાર કરતાં જણાવે છે કે જીવનું કર્તાપણું બ્રહ્મના કારણે છે. આથી જ "શ્રુતિ બ્રહ્મ જ કરનાર અને કરાવનાર છે," [૨૫૧] એમ કહે છે. આમ ઇશ્વર જીવના કર્તા છે, તેથી તે જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે. આથી ઇચ્છિત વિધિ અને નિષેધ નિરર્થક બની જાય ! [૨૫૨] વળી સાક્ષાત્ ઇશ્વર કોઇપણ જીવની પ્રવૃત્તિ કે નિવૃત્ત કરતાં નથી. પરંતુ વિધિ અને નિષેધથી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે. પરંતુ પ્રસ્તુત સમાધાન યોગ્ય લાગતું નથી. કારણ કે આ પ્રમાણે તો બધાં જીવો સન્માર્ગમાં જ પ્રવૃત્તિ કરે ! [૨૫૩]

વિધિ અને નિષેધ હોવા છતાં જીવો અપ્રવૃત્ત અને અનિવૃત્ત રહે છે. અર્થાત્ વિધિ અનુસાર કર્મમાં પ્રવૃત્તિ કરતાં નથી અને નિષેધ અનુસાર કર્મમાંથી નિવૃત્ત થતાં નથી. આથી જીવની સફળતા-સિદ્ધિ માટે પૂર્વકર્મની કલ્પના યોગ્ય નથી. [૨૫૪]

આ માટેના કારણો નીચે પ્રમાણે છે.

૧) કર્મપ્રવાહ અનાદિ છે. આથી અતિ પૂર્વના કર્મથી જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ થાય છે. આમ વિધિ અને નિષેધ વ્યર્થ થઇ થાય ! વળી તેની આવશ્યકતા પણ ન રહે ! [૨૫૫]

૨) વિધિ અને નિષેધ વ્યર્થ સિદ્ધ થાય તો, પ્રામાણિકતાના અભાવને લીધે યજ્ઞાદિ કર્મો અંધપરંપરા જ કહેવાય. [૨૫૬]

3) ધર્મની હાનિ થાય. કારણ કે વિહિત કર્મમાં જ પ્રવૃત્તિ થાય નહિ તેથી ધર્મ જ ન રહે.[૨૫૭]

૪) કર્મફલના ઉદ્દેશ્યનો અભાવ રહે છે. આથી ઉદ્દેશ્યરહિત કર્મથી ફલ આપનાર "અપૂર્વ" ની કલ્પના પણ પ્રયોજન-રહિત થાય છે. વળી કર્મ નાશ પામે છે. આથી આગામી-ભાવિ કર્મમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિનું કારણ પણ જણાવવું અશકય બને ![૨૫૮]

ઉપર્યુકત સ્થિતિનું સમાધાન એ છે કે વિધિ અને નિષેધ જ પ્રવૃત્તિ અને નિવૃત્ત કરાવે છે. આથી વિધિ નિષેધનું જ્ઞાન હોય તો પણ વિહિતકર્મમાં પ્રવૃત્તિ અને નિષિદ્ધકર્મમાં નિવૃત્તિનો અભાવ જોવા મળે છે. કારણ કે ઇશ્વરની ઇચ્છા જ વિચિત્ર છે.[૨૫૯] વળી આવશ્યકતા અને લઘુતાને લીધે ઇશ્વરની ઇચ્છા જ સ્વીકાર્ય છે. આમ વિધિનિષેધ વ્યર્થ માની શકાશે નહિ. યજ્ઞાદિ કર્મમાં અંધપરંપરા સંભવતી નથી. કારણ કે તે ઇશ્વરની ઇચ્છાથી જ ઉત્પન્ન થાય છે. આથી જ વિધિ ન જાણનાર બાળક સ્વાભાવિક-પણે ધર્મમાં પ્રવૃત્તિ કરે છે. આમ ઇશ્વરેચ્છા સ્વીકાર્ય છે. આથી જ કહ્યું છે કે વેદાન્તીઓના મતાનુસાર પૂર્વમીમાંસકોની વિધિની વ્યર્થતા દોષકારક નથી.[૨૬૦]

<u>પૂર્વપક્ષ</u> :

પૂર્વમીમાંસક પૂર્વપક્ષી ઇશ્વરેચ્છાનો સ્વીકાર કરવામાં

આવે તો પણ દોષ દૂર થવાનું સ્વીકારતા નથી. કારણ કે ઇશ્વર જીવની પાસે સ્વતંત્ર પુરૂષાર્થરૂપે પ્રવૃત્તિ અને નિવૃત્તિ કર્મ કરાવતા નથી. પરંતુ સ્વર્ગાદિ ફલની સિદ્ધિ માટે કર્મ કરાવે છે.[261] ભગવાન સ્વયં વિહિત અને નિષિદ્ધ કર્મનું ફલ આપવા સમર્થ છે. આથી વિધિનિષેધરૂપ યજ્ઞ અને બ્રાહ્મણનું હનન વ્યર્થ બની જાય છે.

ભગવાન અકૃતાભ્યાગમ દોષ દૂર કરવા માટે જીવ પાસે કર્માનુરૂપ ફલપ્રાપ્તિ કરાવતા નથી. કારણ કે જીવ સ્વયં કર્તા હોય તો અકૃતાભ્યાગમ દોષ થાય. પરંતુ જીવ સ્વયં કર્તા નથી. આથી તેને અકૃતાભ્યાગમ દોષ થતો નથી. ભગવાન જીવને જેવા ફલનું દાન કરવા ઇચ્છે તેવા કર્મ જીવ પાસે કરાવે છે. જીવ સ્વયં અસમર્થ છે. આથી તેનું કર્મ ન કર્યા જેવું થાય છે. આમ અકૃતાભ્યાગમ દોષ દૂર થતો નથી. વિધિનિષેધ પણ વ્યર્થ બની જતા જીવનું કર્તૃત્વ ભગવાનને અધીન નથી.[262]

<u>ઉત્તરપક્ષ</u> :

પૂર્વપક્ષની શંકાનું સમાધાન આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે "કરેલા પ્રયત્નની અપેક્ષાવાળા......"[263] સૂત્રમાં એક હું અનેક થાઉં[264] એવી ઇચ્છાથી જ ભગવાને જગતમાં લીલા કરવા પ્રયત્ન કર્યો. અહીં લીલા-ક્રીડા જ મુખ્ય છે. અન્ય સર્વ ગૌણ છે. આમ ક્રીડાની અપેક્ષાવાળા ભગવાન વિચિત્ર રસનો અનુભવ કરે છે. આથી જે કોઇ

આમ કરશે તેને હું આવું આપીશ' એવી મર્યાદા સ્થાપી. આથી જ કહ્યું છે કે વેદમાં સર્વના સાધન અને ફલ-સ્વરૂપ સ્પષ્ટપણે કહ્યાં છે. જો તેમ પ્રવર્તી ન શકે તો નરક પણ ન હોય ![૨૬૫]

વળી ભગવાન પોતે કરેલી મર્યાદાની સારી રીતે રક્ષા કરવા માટે[૨૬૬] અને ધર્મરૂપી સેતુના વકતા, કર્તા અને અભિરક્ષિતા[૨૬૭] જેવાં વાકયોમાં ઉપર્યુકત મર્યાદાનો જ નિશ્ચય થઇ શકે છે.

ભગવાને પોતે રચેલી મર્યાદાનું રક્ષણ કરવા અને જ્ઞાન કરાવવા માટે વેદની રચના કરી છે. વળી "જીવોની ઉત્પત્તિ સમયે અમુક જીવને, અમુક દેશમાં, અમુક કાલમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ-વાળો બનાવી ફળ આપીશ." એમ મોક્ષ સુધી જીવોનો વિચાર કર્યો. ભગવાનના વિચાર અનુસાર જ જીવ કર્મ કરે છે અને ફલ મેળવે છે. આથી ભગવાન ક્રીડામાં વિચિત્ર રસનો અનુભવ કરે છે. અર્થાત ઉદ્યમની અપેક્ષાથી કે તેને અધીન રહીને કર્મ કરાવે છે. કારણ કે યાગાદિ વિહિત અને બ્રાહ્મણહનન જેવા નિષિદ્ધ કર્મ સ્વર્ગ અને નરક આપનાર હોવાથી નિરર્થક નથી. બીજી રીતે ઇશ્વર જ જીવ પાસે કર્મ કરાવતા હોય તો અને ફલનું દાન આપતા હોય તો વિધિ અને નિષેધ નિરર્થક થાય. આથી જ સૂત્રમાં "આદિ" પદ કર્મ વિના ફલનું દાન ન કરવાનું સૂચવે છે.[૨૬૮] આમ વેદ પણ કર્મ કરવામાં ફલદાનની ઇચ્છાને જ હેતુરૂપ કહે છે, જેને ભગવાન આ લોકમાંથી ઊંચે લઇ જવા ઇચ્છે, તેની પાસે સારાં કર્મો કરાવે છે અને નીચે પાડવા ઇચ્છે તેની પાસે અશુભ કર્મો કરાવે છે.[૨૬૯]

જીવના કર્મની સાપેક્ષતાનું કારણ ભગવાને સ્થાપેલી મર્યાદા છે. વળી તેમાં ક્રીડા કરવાની ઇચ્છા જ મુખ્ય કારણ છે.[૨૭૦]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે અમારું મંતવ્ય સત્ય છે પૂર્વમીમાંસકોનું નહિ. "જીવના ધર્મ અને અધર્મની સાપેક્ષતાથી ભગવાન કર્મ કરાવે છે"- તે પૂર્વપક્ષી પૂર્વમીમાંસકના મતનો અસ્વીકાર કરતાં તેઓ કહે છે કે આત્માનો ધર્મ "પ્રયત્ન" ક્રિયાથી પહેલાં થયેલો છે. આથી પ્રયત્ન શબ્દનો અર્થ ધર્મ અને અધર્મ થતો નથી.[૨૭૧]

વિધિ અને નિષેધ પ્રવૃત્તિ અને નિવૃત્તિનું કારણ છે. અર્થાત પ્રવૃત્તિ અને નિવૃત્તિ જ વિધિ અને નિષેધની સાર્થકતા સિદ્ધ કરે છે - એમ માનવાથી તો "વિધિ અને નિષેધની નિરર્થકતા ન હોવાથી સૂત્ર બને.[૨૭૨] પરંતુ બાદરાયણ પોતાના વિધિ અને નિષેધ શબ્દો મૂકતાં નથી, પરંતુ વિહિત અને પ્રતિષિદ્ધ એવાં શબ્દો મૂકે છે.[૨૭૩]

શ્રી વિઠ્ઠલનાથજીએ ભગવાનના પક્ષપાત અને નિર્દયતાના દોષનો પરિહાર "લીલા" ના સિદ્ધાન્ત દ્વારા કર્યો છે.

"બુદ્ધિને પ્રેરનાર શ્રીકૃષ્ણ છે," અનુસાર ભગવાન જ સર્વના પ્રેરક છે. આમ ભગવાન જીવ પાસે વિવિધ કર્મો કરાવી વિવિધ રસનો ઉપભોગ કરે છે. વેદમાં કહેલાં વિહિત અને નિષિદ્ધ કર્મોની વ્યર્થતા ન થાય તે માટે ભગવાન તે તે કર્મનું ફલ આપે છે અને "લીલા" જ સિદ્ધ કરે છે.

## સમીક્ષાત્મક નોંધ

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં જીવ અને બ્રહ્મની એકતા સિદ્ધ કરવા માટે વિસ્તૃત ચર્ચા કરી છે, તેમાં જીવ એ બ્રહ્મનો અંશ છે અને અંશ-અંશી ભાવરૂપે જીવ-બ્રહ્મનું ઐક્ય પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. જીવના અંશત્વ વિશે કરેલા મહત્વપૂર્ણ વિધાનોનો સાર નીચેના મુદ્દાઓમાં સ્પષ્ટ થાય છે.

૧. વલ્લભદર્શન કિંવા શુદ્ધાદ્વૈત દર્શન અનુસાર જીવ બ્રહ્મનો અંશ છે. કારણ કે વેદાદિ શાસ્ત્રોના પ્રમાણો જીવને બ્રહ્મનો અંશ જ સિદ્ધ કરે છે.

૨. જીવાત્મા જ્ઞાન અને પ્રયત્નના આધારસ્વરૂપ છે.

૩. બ્રહ્મસૂત્રમાં પ્રયોજેલ "नानाव्यदेशा" શબ્દ જ જીવના અંશ તરીકેના સ્વરૂપનું દર્શન કરાવે છે.

૪. પ્રત્યક્ષાદિ પ્રમાણો દ્વારા જીવનું દર્શન થતું નથી, એટલે જીવને પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી જાણી શકાતો નથી. પરંતુ શ્રુતિનું પ્રમાણ જ શ્રેષ્ઠ હોવાથી તેના દ્વારા જીવને જાણી શકાય છે.

૫. વિસ્ફુલિંગન્યાય અનુસાર જીવ બ્રહ્મનો અંશ છે, એટલે કે જીવ અને બ્રહ્મનો સાધારણધર્મ ચૈતન્ય છે.

૬. સૂત્રકાર બાદરાયણ વ્યાસ જીવના અંશત્વને નિરૂપિત કરવા માટે વિભિન્ન સૂત્રો આપે છે.

૭. જીવ કિંવા આત્મા નિત્ય છે, તે વ્યુચ્ચરણ શ્રુતિ દ્વારા સિદ્ધ થાય છે. વળી જીવ અને બ્રહ્મનો ભેદ સ્વીકાર્યો નથી. કારણ કે તેનાથી બ્રહ્મની નિત્યતા અને જીવના વ્યુચ્ચરણનો સ્વીકાર થતો નથી.

૮. ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામધેનુ અને યોગી વગેરેના દૃષ્ટાંત દ્વારા જીવને અંશ સિદ્ધ કરવામાં આવ્યો છે. કારણ કે કામધેનુ વગેરેમાંથી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. આમ બ્રહ્મમાંથી જ જીવનું વ્યુચ્ચરણ થયું છે. ઉત્પત્તિ નહિ. આથી જ તે નિત્ય અંશ છે.

૯. જીવ અંશ હોવા છતાં અનેક પ્રકારના અભાવોથી યુક્ત છે. કારણ કે ભગવાને આવિર્ભાવ-તિરોભાવ શક્તિથી તે જીવના સ્વરૂપ-ચૈતન્યનો તિરોભાવ કર્યો છે. આમ ભગવાનની ઇચ્છાને જ "નિયામક" માનીને જીવની ભિન્ન ભિન્ન દશાનું સમાધાન આપવામાં આવ્યું છે.

સંક્ષેપમાં કહીએ તો જીવ ભગવાનનો જ છે. ભગવાનથી ભિન્ન નથી. જીવ પોતાને ભગવાનથી ભિન્ન માનીને જ અજ્ઞાની બને છે. ભગવાનનું જ્ઞાન જીવ-બ્રહ્મનું ઐક્ય સાધે છે. વળી બ્રહ્મના અંશ તરીકે જીવનું અણુત્વ જ સમજાય છે. કારણ કે અંશ જીવ બ્રહ્મની જેમ મહાન ન હોઈ શકે. પરંતુ અણુ જ હોવાનું સ્વાભાવિક છે.

## पाद टीप

1 सि. बि., पृ. 3 : तस्य चात्मतत्वस्य....

वेदान्तमहावाक्यमेव प्रमापकम् ।

2. T.V., P. 23 : 'asi' Signifies the apposition or

Samanadhikaranya of these two.

3. वे. सा. पृ. 23 सामानाधिकरण्यं च विशेषणविशेष्यता ॥

लक्ष्यलक्षणसम्बन्धः पदार्थप्रत्यगात्मनाम् ॥

4. वि. चू., श्लो. 244 : ऐक्यं तयोर्लक्षितयोर्न वाच्ययोः...

5 प. द., 7/74 : तत्वमस्यादिवाक्येषु लक्षणा भागलक्षणा ।

सोऽयमित्यादिवाक्यस्यपदयोरिव नापरा ॥

6 वि. चू., श्लो. 250 :

स देवदत्तोऽयमितीह चैकता विरुद्धधर्मांशमपास्य कथ्यते ।

यथा तथा तत्त्वमसीति वाक्ये विरुद्धधर्मानुभयत्र हित्वा ॥

7 वे. प., पृ. 235 : यत्र हि विशिष्टवाचकः शब्दः एकदेशं विहाय

एकदेशे वर्तते तत्र जहदजहल्लक्षणा ।

8 त. दी. नि., 1/83 : वाचारम्भणवाक्यानि तदनन्यत्वबोधनात् ।

न मिथ्यात्वाय कल्पन्ते जगतो व्यासगौरवात् ॥

9 छां॰उ॰, 6/1/4 : यथा सौम्यैकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं विज्ञातं भवति ।

वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् ।

10 तत्रैव, 6/1/3 : येनाश्रुतं श्रुतं भवति ।

11 ब्र॰सू॰, 2/1/14 : तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः ।

12 अ॰भा॰, 2/1/14 : कार्यस्य कारणानन्यत्वं न मिथ्यात्वम् ।

13 त॰दी॰नि॰, पृ॰ 1/61 : जीवब्रह्मणोरैक्यान्यथानुपपत्त्या तत्त्वमसीत्यादिवाक्यानुरोधेन बिम्बप्रतिबिम्बयोरैक्यं युक्तम् ।

14 त॰दी॰नि॰, 1/61 : तत्त्वमस्यादिवाक्यस्य शोधितस्यापि युक्तितः ।

न विद्याजनने शक्तिरन्यार्थं तच्च कीर्तितम् ।।

ब्रह्मणः सर्वरूपत्वमवयुज्य निरूपितम् ।।

15 छां॰उ॰, 6/1/3 : अपि वा तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवति, ....अविज्ञातं विज्ञातं भवति ।

16 त॰दी॰नि॰, (पृ॰) 1/62 : सुवर्णज्ञाने तज्ज्ञानं भवति ।

17 छां॰उ॰, 6/8/7 : स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वम् तत्सत्यं स आत्मा तत्त्वमसि ।

18 त॰दी॰नि॰ (पृ॰), 1/61 : जडस्यापि सर्वस्यापि तदात्मकत्वमुक्तम् ।

19 ब्र॰सू॰, 4/1/1 : आवृत्तिरसकृदुपदेशात् ।

20 अ॰भा॰, 4/1/1 : एतेन....अन्तःकरणदोषनिवर्तनं ....चरमस्य तस्य ज्ञानसाधकत्वम् ।

21 छां॰उ॰, 3/14/1 : सर्वं खल्विदं ब्रह्म ।

22 बृ॰उ॰, 4/4/19 : नेह नानास्ति किंचन ।

23 छां॰उ॰, 6/1/4 : वाचारम्भणं विकारो नामधेयं
मृत्तिकेत्येव सत्यम् ।

24 सु॰सू॰, पृ॰ 126 : तथा चाविद्वद्दशायामेव नानात्वं, न तु
विद्वद्दशायामित्यर्थः ।

25 छां॰उ॰, 6/8/7 : स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत्सत्यं
स आत्मा तत्त्वमसि श्वेतकेतो ।

26 ह॰तो॰, पृ॰ 126 : अनारोपितानागन्तुकरूपमिति यावत् ।

27 छां॰उ॰, 6/8/7 : तत्त्वमसि श्वेतकेतो ।

28 अ॰भा॰, 4/1/1 : ...उपदेशानां चरमस्य तस्य ज्ञानसाधकत्वमिति
मन्तव्यम् ।

29 वि॰मं॰, पृ॰ 126 : ऐतदात्म्यमित्यत्र न भागत्यागलक्षणा संदेशे ।

30 सु॰सू॰, पृ॰ 126 : ऐतदात्म्यपदार्थाद्धर्मरूपतामिदंपदार्थाद्दृग्कारा-
दिकं च त्यक्त्वा केवलसन्मात्रता न बोध्यते ।

31 तत्रैव, पृ॰ 127 : एवं सिद्धे सर्वस्य ब्रह्मवाक्यत्वे, लक्षणां
विनैव तादात्म्येन सर्वस्य ब्रह्मोपपत्तिः ।

32 ह॰तो॰, पृ॰ 127 : अर्थभेदप्रयुक्तवाक्यभेदप्रसङ्गादित्यर्थः ।

33 मी॰द॰, 2/1/47 : समेषु वाक्यभेदः स्यात् ।

34 छां॰उ॰, 6/8/4 : सन्मूलाः सौम्येमाः सर्वाः प्रजाः ।

35 सु.सू., पृ. 128 : अतोऽत्रापि जडजीवयोर्ब्रह्माभिन्नत्वं तादात्म्येन सिध्यति, न तु ब्रह्मणो जीवाभेदः ।

36 वि.मं., पृ. 129 : जीवस्याभासत्वेन अलीकत्वात् ।

37 ब्र.सू., 1/1/8 : हेयत्वावचनाच्च ।

38 वि.मं., 129-130 : सत्तावाचकधातोर्मध्यमपुरुषप्रयोगानुपपत्तिश्च ।

39 अ.अ., 1/4/105 : युष्मद्युपपदे समानाधिकरणे स्थानिन्यपि मध्यमः ।

40 ब्र.सू.शां.भा., 2/1/14... विकारजातस्यानृतत्वाभिधानात् ।

41 श्वे. उ., 6/19 : निष्फलं निष्क्रियं.... ।

42 पं.द., 3/99 : सत्यत्वं बाधराहित्यं जगद्बाधैकसाक्षिणः ।

43 ब्र.सू.शांभा., 2/1/4 : ब्रह्म च जगद्विलक्षणं चेतनं शुद्धं च श्रूयते । न च विलक्षणत्वे प्रकृतिविकारभावो दृष्टः ।

44 तत्रैव, 2/1/9 :...कार्यस्य कारणानन्यत्वं श्राव्यते ।

45 तत्रैव, 2/1/9 : कार्यस्य तद्धर्माणां चाविद्याध्यारोपितत्वान्न तैः कारणं संसृज्यते ।

46 श्वे.उ., 6/8 : न तस्य कार्यं करणं च विद्यते ।

47 ब्र.सू.शां.भा., 2/1/27 : परिमार्थिकेन च रूपेण सर्वव्यवहारातीतमपरिणतमवतिष्ठते ।

48 वि.मं., पृ. 130 : अविद्यया कृत्वा ब्रह्मण्यारोपितं जगत्प्रतीयते रजतमिव शुक्तिकामिति ।

49 वि.चू., 238 : भ्रान्तस्य यद्यद् भ्रमतः प्रतीतं ब्रह्मैव तत्तद्रजतं हि शुक्तिः ।

इदंतया ब्रह्म सदैव रूप्यते त्वारोपितं ब्रह्मणि नाममात्रम् ।।

50 भाग., 10/14/25 : ज्ञानेन भूयोऽपि च तत्प्रलीयते–

रज्ज्वामहेर्भोगभवाभवौ यथा ।

51 त.दी.नि., 1/23 : प्रपञ्चो भगवत्कार्यस्तद्रूपो मायया ऽभवत् ।

तच्छक्त्या ऽविद्यया त्वस्ये जीवसंसार उच्यते ।।

52 तत्रैव, (पृ.) 1/23 : प्रपञ्चमेव मिथ्येत्युक्त्वा शुद्धं भजनं वारयन्ति ।

53 तत्रैव, 1/23 : अयं प्रपञ्चो न प्राकृतः नापि परमाणुजन्यः,

नापि विवर्तात्मा, नाप्यदृष्टादिद्वारा जातः

नाप्यसतः सत्तारूपः, किन्तु भगवत्कार्यः

परमकाष्ठापन्नवस्तुकृतिसाध्यः ।

54 तत्रैव, 1/23 : अन्यथा असतः सत्ता स्यात् ।

55 अ.भा., 2/1/14 : कार्यस्य कारणानन्यत्वं न मिथ्यात्वम् ।

56 त.दी.नि., (पृ.), 1/23 : नासतः, सतश्च नासत्त्वम् ।

57 त.दी.नि., (पृ.), 1/23 : असत्वमेव सम्पद्यते संसारस्य ।

58 वि.मं., पृ. 130 : आरोपे ह्यधिष्ठानं कारणम् ।

59 ह.तो., पृ. 130 : ब्रह्मणि तु चक्षुः सन्निकर्षाभावान्न जगत्प्रतीतिः

60 क.उ., 2/4/1 : पराञ्चि खानि व्यतृणत्स्वयम्भूः ।

61 वि.मं., पृ. 131 : विष्णुस्मरणादिना अतद्रूपाणां पापानां नाशात् ।

62 भ.गी., 4/14 : न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।
इति मां यो भिजानगति कर्मभिर्न स बध्यते ।।

63 ह.तो., पृ. 131 : अत्र..प्रपञ्चस्यापि नाशस्वीकारे...
बहुश्रुतिस्मृतिविरोधः स्यात्.... ।

64 त.दी.नि., 1/23 : प्रपञ्चो भगवत्कार्यः ।

65 तत्रैव, 1/32 : स्वरूपाज्ञानमेकं हि पर्व देहेन्द्रियासवः ।
अन्तःकरणमेषां हि चतुर्ध्याध्यास उच्यते ।।
पञ्चपर्वा त्वविद्येवं यद्बद्धो याति संसृतिम् ।।

66 भाग., 11/28/10 : नैनात्मनो न देहस्य संसृतिद्रष्टृदृश्ययोः ।

67 वि.पं., 133 : ब्रह्मविदः स्वयुगादिदर्शनाभावप्रसङ्गाद् ।

68 वि.मं., पृ. 233 : वस्तुतस्तु ब्रह्मज्ञानस्य नाज्ञाननिवर्तकत्वम् ।

69 मु.उ., 2/2/8 : क्षीयन्ते चास्य कर्माणि ।

70 छां.उ., 6/8/5 : ऐतदात्म्यमिदं सर्वं.... ।

71 वि.मं., पृ. 134 : अविद्याया असत्वेनाङ्गीकारात्तन्नाशो प्य-
शक्यनिरूपण ।

72 तत्रैव, पृ. 134 : सम्बन्धस्य द्विनिष्ठत्वात् ।

72 ब्र.सू.शां.भा., 1/3/19 : एक एव परमेश्वरः.... अविद्यया
अनेकधा विभाव्यते ।

73 वि.मं., पृ. 134 : अत एवासन्नेव प्रतीयते ।

7

74 तत्रैव, पृ. 134 : असतोऽपि प्रत्यायिका ह्यविद्या ।

75 तत्रैव, पृ. 134-135 :...कार्यानुरूपेण कारणेन भाव्यम् ।

76 प्रा.भा., पृ. 33 : "तत्सृष्ट्वा तदेवानुप्राविशत्"..." (तै. उ. 2/6) इत्यादि श्रुतौ ब्रह्मण एव जगद्रूपत्वमुक्तम् ।

77 वि.मं., पृ. 135 : कल्पना हि लोकानुसारिणी ।

78 तत्रैव, पृ. 135 : न तु तन्त्रान्त्रादिसामर्थ्यमपि ।

79 तत्रैव, पृ. 135 सर्वोऽपि च तथा प्रदर्शयिद विशेषात् ।

80 ब्र.सू.शां.भा., 2/1/22 : कथं भेदा भेदौ विरुद्धौ सम्भवेयाताम् नैष दोषः । आकाशघटाकाश न्यायेनोभयसम्भवस्य तत्र तत्र प्रतिष्ठापितत्वात् ।

81 मु.उ., 3/2/9 : ब्रह्म वेद ब्रह्मैव भवति ।

82 ब्र.सू., शां.भा. 2/1/34 : सापेक्षो हीश्वरो विषमां सृष्टिं निर्मिमीते ।

83 वि.मं., पृ. 135-136 : नन्वास्तां शुद्धमेव ब्रह्म जगत्कारणम्, तेन सहाभेदो जीवस्य कथं श्रुत्या बोध्यते ।

84 सु.सू., पृ. 136 : ...ऐक्यरूपेण, भेदाभावरूपेण, अविभागरूपेण, अभेदप्रतीतिविषयत्वेन, तादात्म्यरूपेण, अविनाभाव-रूपेण, उपचारेणेति ।

85 वि.मं., पृ. 136 : परस्परां विरुद्धधर्मत्वादुभयोः भेदासम्भवश्च ।

86 तत्रैव, पृ. 136 : पूर्वोक्तन्यायेनोपाधेरेव निर्वक्तुमशक्यत्वात् ।

87 भाग., 11/12/12 : नद्य: प्रविष्टा इव नामरूपे ।

88 वि.मं., पृ. 136 :...उभाभ्यामेकं स्वसजातीयं कार्यमुत्पाद्यत
इति युक्तं तदभेददर्शनम् ।

89 तत्रैव, पृ. 136-137 :...निरवयवत्वेनारम्भकत्वासंभवात् ।

90 बृ.उ., 4/5/18 : अविनाशी वा अरेऽयमात्माऽनुच्छित्तिधर्मा ।

91 वि.मं., पृ. 137 : तथोर्विभुत्वेन तदनङ्गीकारात् ।

92 ह.तो., पृ. 117 : गुणगुणिनो: क्रियाक्रियावतोरवयवावयविनो-
र्जातिव्यक्त्यो: समवाय इति यथा द्रव्यत्वस्या-
श्रितत्वाद्, द्रव्ये तस्य सम्बन्धो युक्तो, जीव-
ब्रह्मणोस्तु तथात्वं नास्तीति भाव: ।

93 वि.मं., पृ. 137 : तस्य सार्वदिकत्वेन सर्वदा जीवानुपलब्धिप्रसङ्गात् ।

94 मुं. उ., 2/2/9 : ब्रह्म वेद ब्रह्मैव भवति ।

95 वि.मं., पृ. 138 : ब्रह्मनिरूपितमेव तत्तदभेदसाधकम् ।

96 तै.उ., 4/1 : यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।

97 बृ.उ., 3/8/11...-"अदृश्यं द्रष्टृ"... ।

98 ह.तो. पृ. 138 : कनककुंडलवद्धर्मधर्मिभाव इत्यर्थ: ।

99 छा.उ., 6/1/4 : यथैकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं विज्ञातं भवति ।

100 तत्रैव, 6/1/2 : येनाश्रुतं श्रुतं भवति ।

101 वि.मं., पृ. 139 : ...चेतनत्वादिधर्मसारूप्येण... ।

9

102 ब्र॰ सू॰ शां॰ भा॰, 2/3/17 : जीवात्मानो हि परमात्मना सरूपा
भवन्ति चैतन्ययोगात् ।

103 श्वे॰ उ॰, 6/19 : निष्फलं निष्क्रियं शांतं निरवद्यं निरञ्जनम् ।
अमृतस्य परं सेतुं दग्धेन्धनमिवानलम् ।

104 भ॰ गी॰, 2/20 "न जायते म्रियते वा कदाचित् ।"

105 ब्र॰ सू॰, 2/3/43 : अंशो नानाव्यपदेशात्... ।"

106 ब्र॰ सू॰ शां॰ भा॰ 2/3/43 : ...नहि निरवयवस्य मुख्योऽशः सम्भवति ।

107 ब्र॰ सू॰ शां॰ भा॰, 2/3/17 : लक्षणभेदोऽप्यनयोरूपाधिनिमित्त एव ।

108 वि॰ मं॰, पृ॰ 140 : श्रौतानुपपत्तेर्बलिष्ठत्वम् ।

109 ह॰ तो॰, पृ॰ 140 : शुक्तौ रजतप्रतीतिर्यथा, तथोपाधेरपि प्रतीतिरित्यर्थः ।

110 बृ॰ उ॰, 2/4/14 : यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति ।

111 तत्रैव, 2/4/14 : यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत्के न कं पश्येत् ।

112 तै॰ उ॰, 3/1 : यतो वा इमानि भूतानि जायन्ते ।'

113 बृ॰ उ॰, 3/7/23 : "नान्योऽतोऽस्ति द्रष्टा ।"

114 अ॰ भा॰, 2/3/43 : जीवो नाम ब्राह्मणोंऽशः..नानाव्यपदेशात् ।

115 D.V., P.50 : The Soul is a part of God, but it is not of the same nature as God because in it is missing the most essential attribute of Brahman namely joy.

116 अ॰ भा॰, 2/3/17 : विस्फुलिङ्गवदुच्चरणं नोत्पत्तिः । नामरूपसम्बन्धाभावात् ।

555

10

117 त॰ द्री॰ नि॰, (पृ॰), 1/29 : यथा जीवानां नानात्वं तथान्तकर्मिणा-
मध्येकस्मिन् हृदये हंसरूपेण उभयप्रवेशात् ।

118 भ॰ गी॰, 15/7 : ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।

119 वि॰ मं॰, पृ॰ 141 : श्रुतितस्तत्वसूत्रैश्च स्मृतिभ्यश्चांश एव सः ।
स्वार्थे प्रामाण्यतस्तेषां तेभ्य एवाणुरेव च ।।

120 तत्रैव, पृ॰ 141 : अंशांशिभावेनैव तदुपपत्तेः ।

121 तत्रैव, पृ॰ 141 : ब्रह्मस्वरूपं च श्रुतिगम्यं लौकिकप्रमाणगम्यं वेति ?

122 तत्रैव, पृ॰ 142 : नापि गन्धादिवद् घ्राणेन्द्रियादिप्रत्यक्षम्,
अणुत्वात् ।

123 वि॰ मं॰, पृ॰ 142 : नाप्यनुमानगम्यम् ।

124 सु॰ सू॰, पृ॰ 142 : यथा केवलैः खदिरपूर्णताम्बूलपर्णपूगैर्न
मदः, समुदितैश्च मदस्तथा केवलपरमाणूनाम चेतनत्वं,
विविधपरमाणुपुञ्जस्य चेतनत्वमिति ।

125 तत्रैव, पृ॰ 142 : बाह्य, पुञ्जः शरीररूप आत्मा; ज्ञान-
प्रयत्नाधारत्वाम् ।

126 तत्रैव, पृ॰ 142 : परिशेषेण... वर्जितस्य शेषः, प्रसक्ते निषेधे तत्संसर्ग-
रहितः परिशेषस्तेनः ।

127 सु॰ सू॰, पृ॰ 143-144 : ... न तूपनिषद्विचारितचिद्रूपस्यसिद्धिः ।

128 त॰ सं॰, 59 : आप्तवाक्यं शब्दः । आप्तस्तु यथार्थवक्ता ।

129 ह.तो., पृ. 144 : "आप्तो नामानुभवेन वस्तुतत्वस्य कार्त्स्न्येन निश्चयवान् रागादिवशादपि नान्यथावादी यः स" इति चरके पतञ्जलिः ।

130 वि.मं., पृ. 144 : श्रुत्येकसमधिगम्यम् ।

131 बृ.उ., 2/9/26 : तन्त्वौपनिषदं पुरुषं पृच्छामि ।

132 क.उ., 9/9/15 : सर्वे वेदा यत्पदमामनन्ति ।

133 भ.गी., 15/15 : वेदैश्च सर्वैरहमेव वेद्यः ।

134 वि.मं., पृ. 145 : अलौकिकत्वात् । तस्य च लोकविलक्षणत्वात् ।

135 तत्रैव, पृ. 145 : तस्यैतदर्थोऽभिज्ञत्वात् ।

136 बृ.उ., 2/5/19 : अयमात्मा ब्रह्म सर्वानुभूः ।

137 ब्र.भा., 2/3/43 : जीवो नाम ब्रह्मणोंशः । कुतः । नानाव्यपदेशात् ।

138 तत्रैव, 2/1/20 : सर्व एवात्मानो व्युच्चरन्ति ।

139 श्वे. उ., 1/9 : ज्ञाज्ञौ द्वावजावीशानीशौ.... ।

140 बृ.उ., 1/4/11 : "विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः"

141 श्वे. उ., 1/10 : क्षरात्मानावीशते देव एकः ।

142 मु.उ., 3/1/9 : एषोऽणुरात्मा चेतसा वेदितव्यः ।

143 बृ.उ., 4/1/22 : स वा एव महानज आत्मा यो यं विज्ञानमयः ..।

144 वि.मं., पृ. 146 : ...विरुद्धधर्माश्रयत्वं ब्रह्मातिरिक्तस्य न सम्भवतीति ब्रह्मांश एव जीव इत्यर्थः ।

2

145 बृ.उ., 2/1/20 : "यथाऽग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्ये-
वमेवाऽस्मादात्मनः सर्वे प्राणा"..."सर्व एवात्मानो
व्युच्चरन्ति" । समस्यान्यवस्था ।

छां.उ., 5/10/7 : कपूरचरणा रमणीयचरणा" इति ।

146 वि.मं., पृ. 147 : ...औपचारिकमंशत्वम् ।

147 बृ.उ., 2/1/20 : ...यथाऽग्नेः क्षुद्रा विस्फुलिङ्गाः ।

148 तत्रैव, 3/7/22 : य आत्मनि तिष्ठन्नात्मानमन्तरो यमयति ।

149 ब्र.सू.शां.भा., 2/3/43 : अतो भेदाभेदावगमाभ्यामंशत्वावगमः ।

150 वि.मं., पृ. 147 : विस्फुलिङ्गौष्ण्यदृष्टान्तेन चेतनत्वं साधारणं धर्मम् ।

151 सु.सू., पृ. 147 : ..घटाकाशवदविद्यावच्छिन्नं चैतन्यमेव जीवोऽस्तु ।

151 ब्र.सू.शां.भा., 2/3/30 : यावदेव चायं बुद्ध्युपाधिसम्बन्ध
स्तावज्जीवस्य जीवत्वं संसारित्वं च ।

परमार्थतस्तु न जीवो बुद्ध्युपाधिसम्बन्धपरिकल्पितस्वरूपव्यतिरेकेणास्ति ।

153 तत्रैव, 2/3/43 : जीव ईश्वरस्यांशो भवितुमर्हति, यथाग्नेर्विस्फुलिङ्गः ।
अंश इवांशो.... ।

154 भ.गी.,भा., 15/7 : अविद्याकृतोपाधिपरिच्छिन्नः..अंश इव
कल्पितः ।

155 ब्र.बि.उ., श्लो. 13 :

घटसंभूतमाकाशं लीयमाने घटे यथा ।
घटो लीयेत नाकाशं तद्वज्जीवो नभोपमः ।।

7.13 156बृ.उ., 2/1/20 : सर्व एवात्मनो व्युच्चरन्ति ।

157 छा.उ., 5/10/7 : कपूयचरणा रमणीयचरणाः ।

158 अ.भा., 2/3/43 : न हि ब्रह्म निरंशं सांशमिति वा
कचिल्लोके सिद्धम् । वैदैकसमधिगम्यत्वात् ।

159 सुबो., 1/5/20 : "भेदसहिष्णुरभेदस्तादात्म्यमिति ।

160 त.दी.नि., 1/54 : आनन्दांशाभिव्यक्तौ तु तत्र ब्रह्माण्डकोटयः ।
प्रतीयेरन् परिच्छेदो व्यापकत्वं च तस्य तत् ॥

161 अ.भा., 1/4/22 : भगवत एवावस्था जीव इति ।

162 वि.मं., पृ. 148 : वैदैकसमधिगम्यम् ।

163 क.उ., 1/2/9 : नैषा तर्केण मतिरापनेया ।

164 म.भा.भी.प., 5/12 : अलौकिकास्तु ये भावा
न तांस्तर्केण योजयेत् ।

165 वि.मं., पृ. 148 : लोकेऽपि यत्र वस्तुस्वभाव एव
कार्यहेतुर्न तत्र युक्तिसम्भावना ।

166 तत्रैव, पृ. 149 : ...आवश्यकत्वाल्लाघवाच्च मधि-
स्वभावस्यैव तत्वेन वक्तुमुचितत्वात् ।

167 श्वे. उ., 6/19 : निष्कलं निष्क्रियं... ।

168 बृ.उ., 2/1/20 : यथाऽग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येव-
मेवास्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः
सर्वाणि भूतानि व्युच्चरन्ति ।

14

169 ब्र.सू., 2/3/44 : मन्त्रवर्णात् ।

170 ऋ.सं., 10/90/2 : पुरुष एवेदं सर्वम् ।

171 तत्रैव, 10/90/3 : पादोऽस्य विश्वा भूतानि ।

172 ब्र.सू., 2/3/45 : अपि स्मर्यते ।

173 भ.गी., 15/7 : ममैवांशो जीवलोके जीवभूत: सनातन: ।

174 नृ.ता.उ., 9 : उपद्रष्टाऽनुमन्तैष आत्मा सिंहश्चिद्रूप: ।

175 सु.सू., पृ. 150 : ... सार्वज्ञ्यादिगुणवता ब्रह्मणा सहाभेदो-
ऽज्ञानादिमतो न युक्त: .... ।

176 क.उ., 2/4/15 : यथोदकं शुद्धे शुद्धमासिक्तं तादृगेव भवति: ।
एवं मुनेर्विजानत आत्मा भवति गौतम ।।

177 सु.सू., पृ. 152 : ... यथाऽवकाशस्य पार्थिवाधिष्ठाना
वच्छिन्नं कर्णच्छिद्रं....तथायमपि पराद्भिन्नाभिन्नस्वरूप: ।

178 वि.मं., पृ. 152-153 : हि विस्फुलिङ्गो..दाहक: प्रकाशको वा ।

179 ह.तो., पृ. 152-153 : भास्कराचार्यमते भेदाभेदस्तत्र जीवब्रह्मणो-
रभिन्नं स्वाभाविक रूपं, भिन्नमौपाधिकमिति ।

180 वि.मं., पृ. 153 : तस्यापि जीवभावोत्तरकालीनत्वात् ।

181 बृ.उ., 3/7/23 : नान्योऽतोऽस्ति द्रष्टा ।

182 ह.तो., पृ. 153 : इति हेतोर्विभिन्नांशत्वमौपचारिकोंऽशत्वं
वेति चेदित्यर्थ: ।

183 ब्र.सू., 2/3/43 : अंशो नानाव्यपदेशात् ।

184 बृ.उ., 2/1/20 : सर्वे एवात्मनो व्युच्चरन्ति ।

185 वि.मं., पृ. 154 : ...तत्प्रक्रमपठितानामात्मना तथात्वम्...।

186 वि.मं., पृ. 154 : न चात्मना निर्गमनप्रकारमेवाह,
प्राणादीनामेवोत्पत्तिहेत्यपि वक्तुं शक्यम् ।

187 ह.तो. पृ. 154 : वाक्येऽपि निर्गमनित्यत्वरूपविधेय
भेदाद्वाक्यभेद इत्यर्थः ।

188 तत्रैव, पृ. 154 : क्रमेणैकविधेयाभावे प्राणानां नित्यत्व मात्माना-
मुत्पत्तिमिति विपरीतमपि स्यादित्यर्थः ।

189 ब्र.सू., 3/2/5 : पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य
बन्धविपर्ययौ ।

190 अ.भा., 3/2/5 : परस्य भगवतोऽभितो ध्यानं स्वस्यै-
तस्य च सर्वतो भोगेच्छा... ।

191 अ.भा., 3/2/5 : वैराग्यतिरोभावाद्विषयासक्तिः ।

192 वि.मं., पृ. 155 : आनन्दांशस्तु पूर्वमेव तिरोहितो येन
जीवभावः ।

193 ब्र.सू., 1/1/15 : नेतरोऽनुपपत्तेः ।

194 तत्रैव, 1/1/16 : भेदव्यपदेशाच्च ।

195 तै.उ., 2/7 : रसं ह्येवायं लब्ध्वा आनन्दीभवति ।

196 ब्र.सू.शां.भा., उपसंहारदर्शनाधिकरण-8, न्या.वै.न्या.भा.,
अद्वैतं तत्वतो ब्रह्म तच्चाविद्यासहायवत् ।
नानाकार्यकरं कार्यक्रमोऽविद्यास्थशक्तिभिः ॥

16

197 तत्रैव, 2/1/24 : ए तस्मादेकस्यापि ब्रह्मणो विचित्रशक्ति-
योगात्क्षीरादिवद्विचित्रपरिणाम उपपद्यते ।

198 तत्रैव, 2/9/30 : तथा हि दर्शयति श्रुतिः सर्वशक्तियोग
परस्या देवतायाः ।

199 अ. भा., 1/4/22, भगवत एवावस्था जीव इति ।

200 सुबो., 2/5/18-19 : यथोर्णनाभिः सृष्टयर्थमिकामूर्णा मुद्गमते
तथा भगवानपि त्रिविधसृष्टयर्थं त्रीन्गुणानुद्गमते ।

201 तत्रैव, 2/5/18-19 : समर्थस्य जगत्कर्तुरित्यर्थः । सा हि तच्छक्तिः
सर्वरूपभगवत्सम्बन्धोत्सर्वप्रतिकृतिरूपा ।

202 तत्रैव, 2/5/18-19 अतो गुणबद्धो नियोज्यो गुणकर्ता नियोजक
इत्येकस्मिन्नेव रूपद्वयमुपपद्यते ।

203 तत्रैव, 2/5/18-19 अतो गुणबद्धो नियोज्यो गुणकर्ता
नियोजक इत्येकस्मिन्नेव रूपद्वयमुपपद्यते ।

203 तै. उ., 2/1 : सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।

204 मु. उ., 1/1/9 : यः सर्वज्ञ सर्वविधस्य... ।

205 ह. तो., पृ. 156 : व्युत्पत्त्या भगं ज्ञानं यस्मिन्निति व्युत्पत्त्या ।

206 वि. मं., पृ. 156 : तत्र स्वरूपात्मकेन संदंशेन जडोद्भमः ।

207 तत्रैव, पृ. 156 : जीवे ...आनन्दांशतिरोभाव एव

208 तत्रैव, पृ. 156 : ..इच्छितोरपि तिरोभावे स्वरूप हानिरेव स्यात् ।

209 तत्रैव, पृ. 156 : अत्र नियामिका भगवदिच्छैवेति ज्ञेयम् ।

210 सु.सू., पृ. 157 : उपस्थितहानिरत्र नित्यसिद्धस्य धर्मस्य
निवृत्तिर्न तु कृतनाशः, अकृताभ्यागमो कृत-
कर्मसम्बन्धिफलावाप्तिः ।

211 ब्र.सू., शां.भा., 2/3/42 : ...जीवस्य धर्माधर्मलक्षणस्तद-
पेक्ष एवैनमीश्वरः कारयति ।

212 तत्रैव, 2/3/42 : ...कुर्वन्तं हि तमीश्वरः कारयति ।

213 अ.भा., 2/1/34 : वस्तुतस्त्वामसृष्टेर्वैषम्यनैर्घृण्यसंभावनैव नास्ति ।

214 कौ.उ., 3/8 : एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य
उन्निनीषति । एष उ एवासाधु कर्म कारयति तं
यमधो निनीषति ।

215 वि.मं., पृ. 157 ननु ब्रह्मस्वरूपाणामेव जीवानां
सहजगुणांस्तिरोहितान् विधाय... ।

216 सु.सू., पृ. 157 : न..., चौरादिलुण्ठितसज्जनादावपि दुष्टत्वापत्तेः ।

217 वि.मं., पृ. 157 : निजसेवकेष्वपि कदाचित् स्थितस्या
प्यैश्वर्यादेर्हरणाम्, पुनर्दानं च सेवया संतोषे ।

218 ह.तो., पृ. 158 : सर्वाभावसंभव एव स्यात् ।

219 भ.गी., 7/12-13: ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ।।
त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ।।

18

220 तत्रैव, 7/14 : दैवी ह्येषा गुणमयी मम माया.... ।

221 सु.बो., 1/8/40 : मायाकृतस्तु स्नेहो न भगवद्व्यतिरेकेण अन्यस्मादपगच्छति ।

222 भ.गी., 9/13 : महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः । भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ।

223 अ.भा., 3/4/33 : एतेन भगवद्धर्माणामात्मधर्मत्वेनान्तरङ्गत्वात् ।

224 भ.गी., 10/5 : भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ।

225 भ.गी., 15/15 : मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।

226 अ.भा., 3/2/39 : इह तु साक्षाच्छ्रुतिरेव फलदातृत्ववाचिकां प्रमाणयति ।

227 वि.मं., पृ. 158 : राजाऽऽज्ञायाः पर्यनुयोगानर्हत्वात् ।

228 कौ.उ., 3/9 : एष ह्येव साधु कर्म कारयति तं, यमेभ्यो लोकेभ्य उन्निनीषति । एष उ एवासाधु कर्म कारयति तं, यमधो निनीषति ।

229 बृ.उ., 3/7/22 : य आत्मनि तिष्ठन्नात्मानमन्तरो यमयति ।

230 तत्रैव, 3/7/23 : नान्योऽतोऽस्ति द्रष्टा ।

231 ब्र.सू., 2/3/33 : कर्ता शास्त्रार्थवत्त्वात् ।

232 तत्रैव, 2/3/41 : परात्तु तच्छ्रुतेः ।

233 पू.मी.सू., 1/1/2 : चोदनालक्षणोऽर्थो धर्मः ।

234 शा.दी., पृ. 91 : चोदनाशब्देन च प्रवर्तकं निवर्तकं च
वाक्यमुच्यते ।

235 पू.मी.सू., 2/1/5 : चोदना पुनरारम्भः ।

236 न्या.को., पृ. ६० : यागादिजन्यः स्वर्गादिजनकः
कश्चन् गुणविशेषः ।

237 ब्र.सू.शां.भा., 3/2/40 : ईश्वरस्तु फलं ददातीत्यनुपपन्नम् ।
अविचित्रस्य कारणस्य विचित्र कार्यानुपपत्तेः... ।

238 अ.भा., 3/2/40 : विधिवैचर्ष्यप्रवृत्यनुपपत्तिप्रसंगाभ्याम् ।

239 तत्रैव, 3/2/40 : कर्मस्वरूपं च स्वर्गादिकं च न लोकसिद्धम् ।
किंतु श्रुतिसिद्धम् ।

240 तत्रैव, 3/2/40 : अतः कर्मण एव फलमिति जैमिनिर्मनुते ।

241 अ.भा., 2/3/42 : यथा बालं पुत्रं यतमानं पदार्थगुणदोषौ
वर्णयन्नपि तत्प्रयत्नाभिनिवेशं दृष्टवा कारयति ।

242 तत्रैव, 2/3/42, ततो न ब्रह्मणि दोषगन्धोऽपि ।
न यानीश्वरत्वम् ।

243 तत्रैव, 2/3/43 : यत्रान्यथा स पुष्टिमध्य इति ।

244 वि.पं., पृ. 160... धर्माधर्मसापेक्ष एवेश्वरः कारयति, ।

245 आ.सू., 10/2/1.... स्वर्गकामो यजेत ।

246 वि.मं., पृ. 160 : अतो विधिनिषेधाभ्यामेव प्रवर्तमानं
निवर्तमानं चेश्वरः प्रवर्तयति निवर्तयति च ।

.20

247 तत्रैव, पृ. 160 : अतो नाकृताभ्यागमो जीवः ।

248 तत्रैव, पृ. 160-161 : तेषामनीश्वरवाद एवापद्यते ।

249 ह.तो., पृ. 169 : पृष्टो देवदत्तो दिवा न भुङ्क्त इत्यत्र रात्रिभोजनवदीश्वरस्तु सुखदुःखादि न ददाति, जीवैस्त्वनुभूयत इति तादृश कर्मण एव कल्पनम् ।

250 ब्र.सू., 2/3/42 : कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्यः ।

251 तत्रैव, 2/3/41 : परात्तु तच्छ्रुतेः ।

252 वि.मं., पृ. 161 : ...अभिमतविधिनिषेधे पैयर्थ्यमापतितम् ।

253 तत्रैव, पृ. 161 : सर्वस्यैव सन्मार्गवर्त्तित्वापातात् ।

254 तत्रैव, पृ. 162 : तदुपपत्त्यर्थं पूर्वकर्मकल्पनं त्वनुपपन्नम् ।

255 वि.मं., पृ. 162 : प्रवृत्तिनिवृत्त्युपपत्तौ विधिनिषेधवैयर्थ्यापातात् ।

256 तत्रैव, पृ. 162 : प्रामाण्यत्वाभिावेणान्धपरम्परापत्तिः-यागादिकरणस्य ।

257 ह.तो., पृ. 162 : धर्मत्वहानिश्चेति । विधिहीनत्वादिति भावः ।

258 वि.मं., पृ. 162 : ..कर्मणो नष्टत्वेनाग्रिमप्रवृत्तिनिमित्तमपि निरूपयितुमशक्यम् ।

259 तत्रैव, पृ. 162-163 : ....विचित्रेश्वरेच्छयेति... ।

21

260 ह.तो., पृ. 163 : तथा च वेदान्तिनामस्माकं मते पूर्वमीमांसकाभिमतविध्यादिवैयर्थ्यं न दोषायेति भाव: ।

261 वि.मं., पृ. 163 : न हीश्वर : स्वतन्त्रपुरुषार्थत्वेन कर्म कारयिष्यति किन्तु स्वर्गादि साधयितुम् ।

262 तत्रैव, पृ. 163-164 - ...इतीश्वराधीनं जीवकर्तृकत्वं नोपपद्यत इति ।

263 ब्र.सू., 2/3/42 कृतप्रयत्नापेक्षास्तु... ।

264 तै.उ., 2/6 एकोऽहं बहु स्याम ।

265 त.दी.नि., 2/180 : साधनानि स्वरूपं च सर्वस्याह श्रुति: फलम् ।
न प्रवर्तयितुं शक्तास्तथा चेन्नरको न हि ।।

266 भाग. 10/58/37 : स्वकृतसेतुपरीप्सया...

267 तत्रैव 10/33/28 : ...धर्मसेतूनां वक्ता कर्ताभिरक्षिता ।

268 वि.मं., पृ. 164 : आदिपदाद् विनापि कर्म तत्फलदानमपि नात एव ।

269 कौ.उ., 3/8 एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषति । एष उ एवासाधु कर्म कारयति तं यमधो निनीषति ।

270 वि.मं., पृ. 165 : मर्यादाकरणे च क्रीडेच्छामृते हेत्वन्तरस्यासम्भवात्.... ।

7.22 271 तत्रैव, पृ. 165 : क्रियापूर्वकालीनात्मधर्मस्यैव प्रयत्नशब्दार्थत्वेन वक्तुमुचितत्वान्न धर्माधर्मौ तद्वाच्यौ ।

272 वि.मं., पृ. 165 : "विधिनिषेधावैयर्थ्यादिभ्य: ।"

273 ब्र.सू., 2/3/42 : ...विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्य: ।

## પ્રકરણ - ૮

### બ્રહ્માંશ જીવનું અણુત્વ :

શુદ્ધાદ્વૈત વેદાન્ત મતાનુસાર જીવ બ્રહ્મનો અંશ હોવાનું સિદ્ધ થયું છે. આથી જીવ અણુ કહેવાય છે. અણુ જીવ સ્વાભાવિક રીતે જ વ્યાપક ન હોઇ શકે. જો કે શ્રુતિઓમાં જીવને વ્યાપક તરીકે વર્ણવાનો છે. પરંતુ ત્યાં તેમું વર્ણન બ્રહ્મીભૂત જીવનું છે. આથી જ કહ્યું છે કે જ્યારે જીવમાં આનન્દાંશની અભિવ્યક્તિ થાય છે, ત્યારે તેમાં કરોડો બ્રહ્માંડો પ્રતીત થાય છે. આ જ તેની મર્યાદા છે અને આ જ તેની વ્યાપકતા છે. આમ જીવ અણુ હોવા છતાં તેનું વ્યાપકપણું સિદ્ધ છે.[1]

શ્રીમદ્ વલ્લભાચાર્ય ઉત્ક્રાંતિ-બહાર નીકળવું તે, ગતિ-ગમન અને આગમનને જીવના અણુપરિમાણ તરીકે સ્વીકારે છે. તેઓ ચૈતન્યનો જીવના સ્વરૂપ સાથેનો સંબંધ સ્વીકારે છે અને તે માટે શ્રુતિઓના ચાર પ્રમાણો આપે છે.

(૧) જેમ કરોળિયો તંતુઓને ઉત્પન્ન કરે છે અને ખેંચી લે છે, તેમ જીવ જાગૃતિ અને સ્વપ્નમાં જાય છે અને ફરીથી આવે છે.[૨] (બ્રહ્મોપનિષદ્)

(૨) આ જીવની સાથે આ આત્મા થી પ્રવેશ કરીને[3] (છાં.ઉ., ૬।૩।૨)

(૩) બ્રહ્મમાં લય પામે છે.[૪] (બૃ.ઉ., ૪।૪।૬)

(૪) ઇચ્છાનુસાર રૂપવાળો થઇને ફરે છે.[૫] (તૈ.ઉ., ૩।૧૦)

૧લી શ્રુતિ જાગ્રત અને સ્વપ્ન, ૨ જી શ્રુતિ સર્જન, ૩ જી શ્રુતિ બ્રહ્મસાયુજ્ય અને સુષુપ્તિ ૪ અને ૪ થી શ્રુતિ મુક્તિ - એમ છ પ્રકારની જીવની અવસ્થાનું નિરૂપણ કરે છે.

જાગ્રત અવસ્થામાં જીવને શરીરનો સંબંધ હોય છે. પરંતુ સ્વપ્નમાં ઇન્દ્રિયોનો લય થાય છે, તેથી સાક્ષી જ રહે છે. આમ જીવ ઉપાધિરહિત બને છે. સર્જનાવસ્થામાં પણ પ્રવેશ પહેલાં કોઇ ઉપાધિ રહેતી નથી. બ્રહ્મસાયુજ્ય અને સુષુપ્તિમાં પણ ઉપાધિ રહેતી નથી. મુક્તિમાં પણ ઉપાધિ નથી. અર્થાત જાગ્રત અવસ્થામાં લિંગદેહ હોય છે, પરંતુ અન્ય અવસ્થાઓમાં લિંગદેહ હોતો નથી. આમ જીવ ઉપાધિરહિત હોઇ બધી અવસ્થાઓમાં રહે છે, આથી તે અણુ જ છે.[૬]

શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર "પાછળના બેનો પોતાના આત્મા સાથે[૭] સૂક્ષ્મ જીવનું અણુત્વ દર્શાવે છે. કારણ કે "યમે સત્-વાનના અંગૂઠા જેવા પુરૂષને જોરથી ખેંચ્યો."[૮] વાક્યાનુસાર

ગતિ સિવાય ઉત્ક્રમણમાં જીવ સ્વતંત્ર નથી. જીવનો, પોતાના સ્વરૂપથી અને સૂત્રના પ્રકારથી ઇન્દ્રિયોથી, ગમન અને આગમન સાથે સંબંધ છે. આથી "જીવનું મધ્યમ પરિણામ અયોગ્ય છે." આમ જીવ અણુ જ છે.[૯]

બ્રહ્મસૂત્ર ૨।૩।૧૯-૨૮ માં જીવાત્માનું અણુત્વ જ સમજાવેલું છે. શ્રુતિમાં જીવાત્માનું અણુત્વ વર્ણવ્યું છે. પરંતુ ચૈતન્ય જીવ અણુ હોય તો "સર્વ શરીરવ્યાપી" હોઇ શકે નહિ. આથી કહયું છે કે જેમ શરીરના એક ભાગમાં રહેલું ચંદન આખા શરીરને શીતળતા આપે છે તેમ જીવાત્માનું ચૈતન્ય અણુ પણ શરીરના એક ભાગમાં રહે છે. છતાં પણ પોતાના સામર્થ્યથી આખા શરીરમાં રહે છે.[૧૦]

જીવનું ઔપચારિક અંશત્વ :

મધ્વ અને પ્રાભાકર જેવાં દ્વૈતવાદી આચાર્યો જીવ અને બ્રહ્મને ભિન્ન માને છે. તેઓ જીવ અને બ્રહ્મનું દ્વૈત સ્વીકારે છે. આથી જ શ્રી મધ્વાચાર્ય બ્રહ્મ અને જીવના ભેદને યથાર્થ માને છે.[૧૧] તેઓ માને છે કે બે ભિન્ન પદાર્થો કોઇપણ સમયે એક થઇ શકતાં નથી અને અભિન્ન પદાર્થો અનેક થઇ શકતાં નથી. આથી મોક્ષની સ્થિતિમાં પણ જીવ-બ્રહ્મનું ઐકય સંભવતું નથી. મધ્વ મતાનુસાર ઇશ્વર, જીવ અને જગત - આ ત્રણેય અનાદિ છે અને મૂલતઃ એક-બીજાથી ભિન્ન છે.[૧૨] આમ જીવ બ્રહ્મનો ઔપચારિક અંશ છે.

શ્રી મધ્વાચાર્ય "અંશ" નો શાબ્દિક અર્થ "જયારે તેનાથી ભિન્ન અસ્તિત્વ હોય ત્યારે તે બાકી રહે છે," એમ કરે છે.[૧૩] ભેદનો શાબ્દિક અર્થ સત્યનું પ્રસ્તુતીકરણ છે. અભેદનો અર્થ લાક્ષણિક છે, જયારે તે ન્યૂન-અલ્પ હોય ત્યારે કંઇક તેના સમાન હોય છે.[૧૪] આમ ભેદ અને અભેદનો અર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. વળી શ્રી મધ્વાચાર્ય "અંશ" શબ્દના સૂચિત અર્થમાં ઉમેરો કરે છે.

પ્રભાકરના મતાનુસાર પૂર્વમીમાંસકો પણ જીવને ઇશ્વરથી ભિન્ન માને છે. આથી જ તેઓ તેને ચિદચિદ્રૂપ માને છે. વળી સુષુપ્તિ અવસ્થામાં તેઓને "હું પોતાને જાણતો નથી" એવું જ્ઞાન અને અજ્ઞાન બન્નેનું ભાન થાય છે.[૧૫]

માધ્વ અંશને બે પ્રકારના કહે છે. કેટલાંક અંશો હાથપગની જેમ અભિન્ન હોય છે, તો કેટલાંક અંશો પુત્રાદિની જેમ ભિન્ન હોય છે. તેમાં પ્રથમ મત્સ્યાદિ અવતારો અભિન્ન છે અને બીજાં જીવો ભિન્ન છે.[૧૬]

શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર જીવનું અંશત્વ સ્વાભાવિક :

શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત જીવ અને બ્રહ્મના અનન્ય સંબંધનો સ્વીકાર કરે છે. પરન્તુ જીવ બ્રહ્મનો અંશ હોય તો જેમ હાથ વગેરેમાં દુ:ખ થાય તો મનુષ્યને દુ:ખ થાય છે, તેમ જીવને દુ:ખ થાય તો બ્રહ્મને પણ દુ:ખ થાય ![૧૭]

ઉપર્યુક્ત શંકાનું સમાધાન આપતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જીવને દ્વેષના કારણે દુઃખનો અનુભવ થાય છે, જ્યારે બ્રહ્મ સર્વરૂપ હોવાથી દુઃખનો અનુભવ થતો નથી.[18] આમ જીવ-બ્રહ્મની દ્વૈતબુદ્ધિ અંશ-જીવને દુઃખ આપે છે. પરમાત્માને નહિ.[19]

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જેમ પ્રકાશને પ્રકાશ્યરૂપ-નો દોષ નથી. કારણ કે રૂપ પણ પ્રકાશનો જ અંશ છે.[20] આમ બ્રહ્મનો અંશ જીવ દોષમુક્ત છે. છતાંય બ્રહ્મ જીવ કરતાં અધિક-મહાન છે.

જીવ ભગવાનનો અંશ હોય તો વેદમાં વિહિત અને નિષિદ્ધ કર્મનો ઉપયોગ કરી શકશે નહિ. એવી શંકાનું સમાધાન આપતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે દેહના સંબંધથી જ જીવને વિધિ અને નિષેધ કર્મો આચરવાના હોય છે. આમ બ્રહ્મના સંબંધથી જીવમાં ઐશ્વર્ય વગેરેની જેમ કર્તાપણું આવે છે, કારણ કે જીવ બ્રહ્મનો અંશ છે. વળી જીવનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ સ્વાભાવિક છે, ઔપાધિક નથી. આથી જીવનું અંશત્વ પણ સ્વાભાવિક છે.

## શ્રી વિઠ્ઠલનાથજીએ નિરૂપેલું જીવનું ઔપચારિક અંશત્વ અને તેનું નિરાકરણ :

### પૂર્વપક્ષ :

મધ્વ અને પ્રભાકરના મત પ્રમાણે જીવો ઈશ્વરથી નિત્ય ભિન્ન છે, વળી તેઓ ચેતન અને અણુ અને શરીરના એક ભાગમાં

હૃદયમાં રહેલ છે. આથી તેમનું અંશત્વ ઔપચારિક છે, મુખ્ય નથી. આથી જ કહ્યું છે કે એક નિત્ય ચેતન અનેક નિત્ય ચેતન આત્માઓને-જીવોને અનેક ભોગો આપે છે."[24] વળી આ અણુ એવો આત્મા-જીવ ચિત્ત વડે જાણવો જોઇએ[25] જેવા શ્રુતિ વચનો જીવની નિત્ય ભિન્નતા, ચેતનતા અને અણુત્વનું પ્રતિપાદન કરે છે.

ઉત્તરપક્ષ :

જીવના ઔપચારિક અંશત્વના ઉપર્યુકત મધ્વ અને પ્રભાકરના મતનો અસ્વીકાર કરતાં શ્રી વિઠ્ઠલનાથજી જણાવે છે કે મુખ્ય અંશ-જીવનું મુખ્ય અંશ સંભવે છે, ત્યાં ગૌણ અંશનો સ્વીકાર કરવો યોગ્ય નથી. આથી જ કહ્યું છે કે એનો એક જ પાદ બધા ભૂતો-પ્રાણીમાત્ર છે[26] અને હું એક છું. અનેક થાઉં[27] એ ભગવાનની ઇચ્છામાં જીવનું ઔપચારિક અંશત્વ ન હોઇ શકે.

જીવ બ્રહ્મનો મુખ્ય અંશ ન હોય તો તે સત્ય અંશ ન બની શકે. આથી બ્રહ્મસૂત્રમાં કરેલા દોષનો પરિહાર પણ સંભવે નહિ.

જીવને મુખ્ય અંશ ન માનવાથી થતાં દોષના પરિહાર માટેનાં સૂત્રો :

(૧) બ્રહ્મસૂત્રમાં કહ્યું છે કે પ્રકાશ વગેરેની જેમ, પરમાત્મા જીવની જેમ (દુઃખનો અનુભવ કરતા નથી)[28] આ સૂત્રમાં પૂર્વપક્ષમાં એવી શંકા વ્યકત કરવામાં આવી છે કે જીવ બ્રહ્મનો મુખ્ય અંશ

હોય તો જેમ હાથ-પગમાં થતાં દુઃખથી મનુષ્યના આખા શરીરને દુઃખ થાય તેમ જીવના દુઃખથી બ્રહ્મ પણ દુઃખી થાય.[२૯]

ઉપર્યુક્ત શંકાનું નિરાકરણ કરતાં શ્રીમદ વલ્લભાચાર્ય જણાવે છે કે જીવ દ્વેષથી દુઃખી થાય છે, જ્યારે બ્રહ્મ સર્વરૂપ હોવાથી દુઃખી નથી. જેમ અગ્નિને ગરમી લાગતી નથી, બરફને ઠંડી લાગતી નથી,[30] તેમ બ્રહ્મને ભેદબુદ્ધિ હોતી નથી. આથી તે દુઃખી નથી.

(૨) બીજા સૂત્રમાં કહ્યું છે કે જ્યોતિ વગેરેની જેમ વિધિ અને નિષેધ (જીવને જ) હોય છે, કારણ કે તેને શરીરનો સંબંધ હોય છે.[૩૧]

અહીં "ઋતુમાં ભાર્યાની પાસે જવું" એ વિધિવાક્ય આજ્ઞા આપે છે અને ગુરુની પત્ની પાસે ન જવું" એ નિષેધવાક્ય પરિહાર કરે છે. આમ વિધિ અને નિષેધનું કારણ જીવનો દેહ સાથેનો સંબંધ છે.[32] આમ દેહમાં સંબંધને લીધે જીવ-અંશદોષયુક્ત છે, જ્યારે અંશી ભગવાન દોષમુક્ત છે.

જીવ બ્રહ્મનો મુખ્ય અંશ છે, માટે ઉપર્યુક્ત બ્રહ્મસૂત્રોમાં તેના અંશત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આથી જ જીવ અંશ ન હોવાથી થતા દોષનો પરિહાર સૂત્રમાં આપવામાં આવ્યો છે.

જીવ બ્રહ્મથી સ્વતંત્ર અને ભિન્ન માનવામાં આવે તો "એકના વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થાય છે" તેવી પ્રતિજ્ઞા સિદ્ધ થઇ શકશે નહિ.[33]

પૂર્વપક્ષ :

નૈયાયિકો એમ માને છે કે જ્ઞાનપ્રાપ્તિ ત્રણ પ્રકારની પ્રત્યાસત્તિથી થાય છે. ૧. જ્ઞાન પ્રત્યાસત્તિ ૨. સામાન્ય પ્રત્યાસત્તિ ૩. યોગ જ ધર્મ.[34] આ ત્રણ પ્રત્યાસત્તિઓની જેમ તત્વજ્ઞાનથી ઉત્પન્ન અલૌકિક ધર્મથી પણ સર્વનું જ્ઞાન થાય છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે અલૌકિક ધર્મ કે અલૌકિક પ્રત્યાસત્તિથી જ્ઞાન થાય, પરંતુ હે સૌમ્ય, એક માટીના પિંડને જાણવાથી બધા માટીના સાધનોનું જ્ઞાન થાય છે.[35] આમ એકના જ્ઞાનથી બધાનું જ્ઞાન થાય છે. અલૌકિક પ્રત્યાસત્તિથી સર્વનું જ્ઞાન થાય, પરંતુ ઉપર્યુકત દ્રષ્ટાંત પ્રમાણે સર્વનું જ્ઞાન ન થાય તો દૃષ્ટાંત નિરર્થક નિવડે.

વળી હે સૌમ્ય પહેલાં આ સત્ જ હતું, એ શ્રુતિ વાકયનો વિરોધ થાય![36] જ" માં બ્રહ્મ સિવાયના સર્વનો નિષેધ કરવામાં આવ્યો છે.

વળી અવ્યકતનો અક્ષરમાં લય થાય છે. અક્ષરનો તમમાં લય થાય છે, અને તમ પરદેવમાં એક થાય છે.[37] આ શ્રુતિ વાકયોમાં લય-અર્થાત શ્લેષ-વિભાગ-ભિન્નતાનો અભાવ થાય છે, જયારે બીજા વાકયમાં બ્રહ્મ સાથેનાં એકીભાવનું નિરૂપણ છે. આમ બ્રહ્મ

સાથે જીવનું નિત્ય એકત્વ જ એકીભાવને સ્થાપે છે. જીવની બ્રહ્મથી નિત્ય ભિન્નતા એકીભાવને સ્થાપતી નથી. આથી જીવનું અંશત્વ ઔપચારિક કે ગૌણ નથી, પરંતુ મુખ્ય છે.

શુદ્ધાદ્વૈત મત જીવનું સ્વાભાવિક અંશત્વ સ્વીકારે છે. અર્થાત કાર્ય-કારણભાવ અનુસાર કાર્યનો કારણ સાથે અનન્ય સંબંધ સત્ય હોય છે. આમ અંશત્વ ઔપચારિક નહીં પણ સ્વાભાવિક હોવાનું સ્વીકાર્યું છે. આ સાથે શુદ્ધાદ્વૈતનો "ભેદસહિષ્ણુ અભેદ" નો તાદાત્મ્ય સંબંધ પણ સ્વીકાર્ય બને છે.

<u>કેવલાદ્વૈત મતાનુસાર વ્યુત્ક્રમણ શ્રુતિનું વર્ણન ઔપાધિક</u> :

બ્રહ્મસૂત્ર ૨।૩।૧૭ અનુસાર જીવ ઉત્પન્ન થતો નથી. કારણ કે શ્રુતિમાં તેની ઉત્પત્તિ વિશે કહ્યું નથી. વળી શ્રુતિવાક્યો આત્મા-જીવની નિત્યતા સિદ્ધ કરે છે.[૩૮]

ઉપર્યુક્ત સૂત્રના ભાષ્યમાં શ્રીમત્ શંકરાચાર્ય પૂર્વપક્ષમાં કહે છે કે જેમ બ્રહ્મમાંથી આકાશ વગેરેની ઉત્પત્તિ થાય છે, તેમ જીવો પણ ઉત્પન્ન થવા જોઇએ, કારણ કે બૃ.ઉ.૨।૧।૨૦ અનુસાર અગ્નિના તણખાની જેમ જીવો પરબ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે.[૩૯]

શ્રીમદ્ શંકરાચાર્ય ઉત્તરપક્ષમાં કહે છે કે શ્રુતિમાં જીવની ઉત્પત્તિનું વર્ણન નથી. બૃ.ઉ.૨।૧।૨૦ માં આપેલી અગ્નિ-

વિસ્ફુલિંગની ઉપમા ઉપાધિના કારણે છે. મુખ્ય નથી. આમ જીવ બ્રહ્મથી ભિન્ન નથી. વ્યવહારમાં જે ભિન્નતા છે, તે આરોપિત છે.[૪૦] વાસ્તવિક દૃષ્ટિએ બન્નેમાં અભેદ છે.

શુદ્ધાદ્વૈત મતાનુસાર વ્યુચ્ચરણ શ્રુતિનો અર્થ :

વ્યુચ્ચરણ શ્રુતિમાં અગ્નિના તણખાની જેમ જીવો બ્રહ્મમાંથી બહાર નીકળે છે તે ઉત્પત્તિ નથી. કારણ કે જીવને નામ અને રૂપનો સંબંધ નથી.[૪૧] આમ શ્રીમદ્ વલ્લભાચાર્ય પણ જીવની ઉત્પત્તિ સ્વીકારતાં નથી. કારણ કે શ્રુતિના પ્રમાણો અનુસાર જીવ નિત્ય છે. અર્થાત નિત્યની ઉત્પત્તિ થતી નથી.

"વ્યુચ્ચરણ" નો અર્થ "ઉત્પત્તિ" કરવાથી થતી આશંકાનો પરિહાર અને અગ્નિવિસ્ફુલિંગના દૃષ્ટાંતગત પ્રકારો :

જીવો બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ પામે છે. તે વ્યુચ્ચરણ એ ઉત્પત્તિરૂપ છે. આવું માનવાથી જીવોની અનિત્યતા આવી જાય છે. આમ થતાં બ્રહ્મસૂત્રનો પણ વિરોધ ઉપસ્થિત થાય છે. એટલે કે જીવના વ્યુચ્ચરણને ઉત્પત્તિ માનવાથી તેનું અનિત્યપણું અસ્વીકાર્ય બને છે. આથી જ કહ્યું કે જીવાત્મા ઉત્પન્ન થતો નથી, તેનું એક કારણ એ છે કે શ્રુતિમાં તેની ઉત્પત્તિ કહી નથી અને બીજુ કારણ એ છે કે શ્રુતિમાંના વાકયોથી આત્માની નિત્યતા સિદ્ધ થાય છે.[૪૨]

"દેવદત્તે જન્મ્યો" આ વાક્યમાં તેના શરીરની ઉત્પત્તિનું વર્ણન છે. આત્માનું નહીં" કારણ કે જે એક નિત્ય ચેતન પરમાત્મા અનેક ચેતન-આત્માઓના કર્મફલનું વિધાન કરે છે, તે જ્ઞાનયોગ અને કર્મયોગથી પ્રાપ્ત કરવા લાયક કારણરૂપ પરમાત્માને જાણીને મનુષ્ય બધા બંધનોથી મુક્ત થાય છે.[43] અહીં આત્માનું વ્યુચ્ચરણ એ ઉત્પત્તિ ન કહેવાય. કારણ કે આત્મા નિત્ય છે, એમ પ્રમાણિત થયું છે.

અગ્નિ-વિસ્ફુલિંગના દૃષ્ટાંતગત પ્રકારો :

શ્રી વિઠ્ઠલનાથજી આત્માનું વ્યુચ્ચરણ-ઉત્પત્તિ નથી એ સંબંધમાં શ્રુતિનું દૃષ્ટાંત આપતાં કહે છે કે જેમ અગ્નિમાંથી નાના તણખા નીકળે છે તેમ આ આત્મામાંથી સર્વ ઇન્દ્રિયો, સર્વ જગતો, સર્વ દેવો, સર્વ પ્રાણીઓ જન્મે છે.[44]

જીવ બ્રહ્મનો અંશ છે. આથી આત્માની જીવની ઉત્પત્તિ થતી નથી, એ સ્પષ્ટ થાય છે. વિસ્ફુલિંગ ન્યાય પ્રમાણે પણ જીવનું વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી. બ્રહ્મસૂત્ર અનુસાર જીવનું વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી. કારણ કે વ્યુચ્ચરણ ઉત્પત્તિના રૂપમાં થતું નથી. અને જ્યારે શરીર પરિચ્છિન્ન-મર્યાદિત આકારયુક્ત હોતું નથી. ત્યારે જીવનું આગમન થતું નથી. આથી તે ઉત્પત્તિના સ્વરૂપવાળો ન કહી શકાય.[45]

પદાર્થના બે પ્રકાર હોય છે. ૧. નિત્ય ૨. અનિત્ય. નિત્ય પદાર્થના બે પ્રકાર છે. ૧. પરિચ્છિન્ન ૨. અપરિચ્છિન્ન. ઉત્પત્તિના પ્રકારો આ પ્રમાણે છે. અનિત્ય પદાર્થોનો જન્મ થાય છે. નિત્ય અને પરિચ્છિન્ન વસ્તુનો સમાગમ થાય છે. નિત્ય છતાં અપરિચ્છિન્નનું પ્રાકટ્ય-પ્રાદુર્ભાવ થાય છે. આમ જન્મ, સમાગમ અને પ્રાદુર્ભાવ એમ ત્રણ ઉત્પત્તિના પ્રકારો છે.[૪૬]

અનિત્ય પ્રાણ વગેરેનો જન્મ ઉત્પત્તિ કહેવાય છે. જીવ બ્રહ્મમાંથી વ્યુચ્ચરણ પામે છે, માટે તેનો વિભાગ થાય છે. પરંતુ આ વિભાગ થતાં જીવના સ્વરૂપ કે ધર્મમાં વિપરીત ભાવ ઉત્પન્ન થતો નથી, આથી જ વ્યુચ્ચરણ ઉત્પત્તિ નથી.[૪૭]

જીવના વ્યુચ્ચરણનું અને અંશપણાથી થતી નિત્યતાનું જ્ઞાન મેળવવું અઘરું છે કારણ કે તે જીવ યોગથી, ભગવદ્ દૃષ્ટિથી કે દિવ્ય દૃષ્ટિથી પ્રકાશે છે.[૪૮]

જીવમાં સાત ધર્મો જોવા મળે છે. ૧. અંશત્વ. ૨. અંશીમાંથી વિભાગ. 3. અણુત્વ ૪. અંશીનું અંશ કરતાં મહત્વ. ૫. અંશીમાં અંશની પ્રવેશ યોગ્યતા ૬. પ્રવેશમાં અભેદની પ્રતીતિ. ૭. પુનર્નિર્ગમન યોગ્યતા.[૪૯]

ઉપર્યુક્ત ધર્મો-પ્રકારો અગ્નિવિસ્ફુલિંગના દૃષ્ટાન્તમાં જોવા મળે છે. આથી જ અગ્નિવિસ્ફુલિંગનું દૃષ્ટાંત આપીને વેદ બધા ધર્મોનું જ્ઞાન સુગમ-સરળ બનાવે છે.[૫૦]

ઉપર્યુક્ત સાતેય ધર્મોનું નીચે પ્રમાણે નિરૂપણ છે.

(૧) અંશત્વ :

જીવ પરમાત્માનો અંશ છે, તેથી જ જીવલોકમાં જીવ થયેલો મારો જ સનાતન અંશ છે[૫૧] એમ કહયું છે. વળી જીવ બ્રહ્મનો અંશ છે, કારણ કે એ અનેક અને ભિન્ન છે.[૫૨]

(૨) અંશીમાંથી વિભાગ :

જીવ અને બ્રહ્મનો વિભાગ સહજ છે. અંશી બ્રહ્મમાંથી અંશ-જીવનું જુદું પડવું અવિદ્યાથી કલ્પિત-માનેલું નથી. કારણ કે તે પ્રાણીઓમાં અવિભક્ત છતાં વિભક્ત હોય તેમ રહેલું છે.[૫૩]

વળી અનન્તમૂર્તિ તે બ્રહ્મ અવિભક્ત છતાં વિભક્ત પણ છે, હું અનેક થાઉં, ઉત્પન્ન કરૂં આમ તેમને ઇચ્છા થઇ.[૫૪] આ રીતે જીવો ભગવાનની ઇચ્છાથી જ બ્રહ્મમાંથી વિભક્ત થયેલાં છે.

(૩) અણુત્વ :

જીવ અણું છે. કારણ કે વાળના અગ્ર ભાગના સો ટુકડાના સો ટુકડા કરવાથી જે ભાગ પડે તેવો અણુમાં અણું જીવ છે.[૫૫]

વળી આ અણુ આત્મા જીવ ચિત્તથી મનથી જાણી શકાય તેમ છે.[૫૬] માં જીવનું અણુત્વ જોઇ શકાય છે.

(૪) <u>અંશીનું અંશ કરતાં મહત્વ</u> :

અંશી-બ્રહ્મનું અંશ-જીવ કરતાં અને જગત કરતાં વધારે મહત્વ છે. આથી જ કહ્યું છે કે બ્રહ્મ જીવથી અધિક છે, કારણ કે તે ભિન્ન છે.[૫૭]

(૫) <u>અંશીમાં અંશની પ્રવેશ યોગ્યતા</u> :

જીવ-અંશ બ્રહ્મમાં અંશીમાં પ્રવેશ કરે છે. આથી જ કહ્યું છે કે તે જીવ બ્રહ્મ સ્વરૂપ હોઇ બ્રહ્મને પ્રાપ્ત કરે છે.[૫૮]

બ્રહ્મપ્રાપ્તિના સાધનો ભિન્ન-ભિન્ન છે. આથી જ કહ્યું છે કે અહંકાર, બળ, દર્પ, કામ, ક્રોધ અને પરિગ્રહ ત્યજી દઈને, મમતાથી રહિત અને શાંત એવો પુરૂષ બ્રહ્મભાવ-બ્રહ્મ સાક્ષાત્કાર માટે યોગ્ય બને છે.[૫૯]

વળી આનંદમય-બ્રહ્મમાં જીવનો યોગ એ બ્રહ્મની પ્રાપ્તિ ફળરૂપે કહેવી છે.[૬૦] આમ જીવ બ્રહ્મભાવને પામે છે.

જેનો વિવિધ જય કે વિગત જય છે તેવા અર્જુનના રથ રૂપ કુટુંબનું સર્વ પ્રકારે રક્ષણ કર્યું છે,[૬૧] તેવા વિજય રથ કુટુંબ શ્રીદેવકી-પુત્ર શ્રીકૃષ્ણ કહે છે. બ્રહ્મભાવ પામેલો, પ્રસન્ન આત્માવાળો શોક કરતો નથી. અને આકાંક્ષા રાખતો નથી. તે સર્વ પ્રાણીઓ પ્રત્યે સમાન હોવાથી મારી પરાભક્તિ-ઉત્તમ ભક્તિ મેળવે છે.[૬૨]

પછી તત્વથી હું જેટલો છું અને જે છું તેમ મને ભક્તિથી જાણે છે. મને તત્વથી જાણીને પછી મારામાં પ્રવેશ કરે છે.[63]

આ પ્રમાણે અંશી-બ્રહ્મમાં અંશ-જીવની પ્રવેશ યોગ્યતાને સમર્થન મળે છે.

(૬) જીવ અને બ્રહ્મના અભેદની પ્રતીતિ :

બધા જીવો સાક્ષાત કે પરંપરાના ભેદથી ભગવાનમાં જ લય પામે છે. આથી મોક્ષનું સ્થાન પણ ભગવાન જ છે.

આથી જ કહ્યું છે કે જેમ બધાં પાણી વહીને છેવટે સમુદ્રમાં જાય છે-થી શરૂ કરીને બધા વેદો એક વાણીમાં ભેગા છે.[64] આ દૃષ્ટાન્તનું નિરૂપણ કરીને કહ્યું છે. મીઠાના ગાંગડાને પાણીમાં નાખ્યો હોય તો પાણીમાં ઓગળી જાય છે. આ લયનું દૃષ્ટાન્ત છે, પછી તે વિજ્ઞાનમય છે ને તેમાં વિજ્ઞાન સિવાય બીજું કંઇ જ નથી. તે આ મહાભૂતોમાંથી ઉત્પન્ન થાય છે ને તે મહાભૂતો નાશ પામ્યા પછી આ જીવભાવ નાશ પામે છે, મરી ગયા પછી જ્ઞાન રહેતું નથી.[65] માં લયનું નિરૂપણ છે.

"જ્યાં દ્વૈત જેવું હોય, એટલે કે બેની વચ્ચે જુદાઇ હોય, ત્યાં એકબીજાને જુએ છે" થી શરૂ કરી જે સર્વને જાણનાર છે તે કોનાથી જાણી શકાય ?[66]

આમ લય-મોક્ષની અવસ્થામાં જીવ ભગવાનથી અભિન્ન લાગે છે. આ જ વસ્તુ સમજાવવા કહ્યું છે કે ગતિ-મોક્ષ સમાનનો ભાવ

હોય છે.[67] એટલે મોક્ષની સ્થિતિમાં જીવ અને બ્રહ્મ વચ્ચે સમાન ભાવ હોય છે. મોક્ષપ્રાપ્તિમાં જીવ અને બ્રહ્મમાં અભેદ હોય છે. આથી આદિ, મધ્ય અને અંતમાં શુદ્ધ બ્રહ્મ ઉપાદાન કારણ છે. આમ બધાં વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય યોગ્ય છે,[68]

(૭) <u>પુનર્નિર્ગમનયોગ્યતા</u> :

જયારે ભગવાન અવતાર ધારણ કરે છે ત્યારે તેમની લીલામાં પ્રત્યક્ષપણે યોગ્ય હોય તેવા જીવને ભગવાન જન્મ ધારણ કરાવે છે, તે પુનર્નિર્ગમન યોગ્યતા કહેવાય છે.

"મુકત જીવથી ગમ્ય છે, એમ કથન હોવાથી"[69] સૂત્રમાં જીવન્મુકત પુરૂષોની બ્રહ્મ પાસે જવાની યોગ્યતાનું કથન છે.[70] આમ પુનર્નિર્ગમન યોગ્યતા જીવન્મુકતોની બ્રહ્મ પાસે જવાની યોગ્યતા વિશે કહે છે. આમ થવાથી તે ફરી પાછો આવતો નથી[71] અને "અનાવૃત્તિ" - શબ્દને લીધે[72] સૂત્રમાં વિરોધ આવતો નથી.

અહીં પાછા ન ફરવાનું-અનાવૃત્તિ એ ભકતો અને જ્ઞાનીઓની કહેવાય છે. આથી જ કહ્યું છે. આ માનવલોકના ચકકરમાં ફરતા નથી.[73] આમ આ પ્રમાણે માર્ગે વેદ અને બ્રહ્મસૂત્ર દવારા જાણી શકાય છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં સ્થાન પામેલાં જીવોની આવૃત્તિ-પુનરાગમન થાય છે. જયારે મર્યાદામાર્ગમાં સ્થાન પામેલાં જીવો "પ્રવેશમાં અભેદની પ્રતીતિ" સુધી જ રહે છે. આથી પુનર્નિર્ગમન-યોગ્યતા ભગવાનના અત્યન્ત અનુગ્રહથી જ મેળવી શકાય તેમ છે,

તેથી તે "અતિદુર્લભ" કહેવાય છે. ભકિતયોગની મહત્તા દર્શાવતાં પણ કહ્યું છે કે ભગવાન મુકુંદ ભજન કરનારને કદાચ મુકિતનું દાન કરે છે. પરંતુ ભકિતયોગનું નહીં.[૭૪]

આવા પુષ્ટિમાર્ગીય ભક્તો સંસારમાં ફરી આવતા નથી. કારણ કે બ્રહ્મભાવ પામેલા મુકત-જીવો સ્વેચ્છાથી જ શરીર ધારણ કરે છે. આથી જ કહ્યું છે, મુકતો પણ લીલાવિગ્રહ ધારણ કરીને ભજે છે."[૭૫]

ભગવાનના વિશેષ અનુગ્રહનું ઉદાહરણ દ્વારા સ્પષ્ટીકરણ :

શ્રી વિઠ્ઠલનાથજી ભગવાનના વિશેષ અનુગ્રહ વિશે કહે છે કે લાંબા સમયથી વાવેલાં અને એકઠાં થયેલાં પ્રાચીન અતિશય કૃપાના સારરૂપ ભગવાનના ચરણરૂપી કમલમાં પ્રેમરૂપી આનંદના અભિલાષારૂપી બીજ હતાં.

વળી તે ભૂમિ પોતાનાં સ્વજનો, શ્વસુર વગેરેના અટકાવવાથી ભગવાનના દર્શન માટે પ્રતિક્ષણ વિવિધ બહાનાથી ઉત્પન્ન ગમન-આગમનથી ખેંચાયેલી હતી.

વળી દિવસે ભૂમિમાં પ્રિયગમનથી ઉત્પન્ન વિરહ રૂપી સૂર્યના તાપથી તપતા અન્તઃકરણ રૂપી ક્ષેત્રો હતા.

સાયંકાલે પ્રિયના વનમાંથી આગમનના ટાણે ઇષ્ટદર્શન રૂપી સિંચનથી ઉત્પન્ન હાસ્યથી વલિત-વલય જેવી કંકણ જેવી,

વિવશ અને ચાંચલ્યથી સુંદર બન્ને આંખથી દેખાયેલાં અનેક રસ અને ભાવ રૂપી અંકુરો હતા.

વળી અતિ વિશાળ યમુનાજીના કિનારાના આકાશરૂપી કંકણમાં રહેલી મુરલિકાના મધુર નાદના ગર્જનથી આનંદિત સ્વલ્પ ભૂમિમાં નવીન વાદળ જેવા શ્રીનન્દકુમારે નિજાનંદ રૂપી અમૃતની વર્ષા કરી, તે વર્ષા સર્વત્ર કરશે તે જાણવું શકય નથી. "સ્વલ્પ ભૂમિમાં" નો સૂચિતાર્થ એ છે કે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહયું છે તેમ "કોઇક જ મને તત્વથી જાણે છે" અનુસાર વ્યાસ, વામદેવ અને શુકદેવ જેવા જ જાણે છે. વળી "તે વર્ષા સર્વત્ર કરશે" એનો અભિપ્રાય એ છે કે સાધન વિના જ ભગવાન કૃપા કરશે. આથી જ કહયું છે કે "નિ:સાધન ફલાત્મા આ ભગવાન શ્રીકૃષ્ણ ગોકુલમાં પ્રાદુર્ભાવ પામ્યા." આમ મર્યાદાથી ભગવાનનું ભજન એ જ પ્રત્યેક જીવનું કર્તવ્ય છે. આથી જ કહયું છે કે અકામ કે સર્વકામ કે મોક્ષની ઇચ્છાવાળા ઉદારબુદ્ધિ મનુષ્યે તીવ્ર ભકિત-યોગ વડે પરમ પુરૂષ ભગવાનનું જ ભજન કરવું (ભાગ. ૨।૩।૧૦) વિશેષ કૃપાનું દાન કરવા જ મુકત જીવોનું ભગવાન નિર્ગમન કરે છે. આ સર્વની વિસ્તારપૂર્વક ચર્ચા દશમસ્કંધ સુબોધિનીના મૃત્સ્નાભક્ષણ અને વરદાનાર્થે આગમન પ્રસંગમાં કરવામાં આવી છે. (સુબો. ૧૦।૮।૧૦।૨૨)

<u>અંશત્વ ધર્મનું પ્રતિપાદન</u> :

શ્રુતિ જેમ જીવમાં જીવત્વ ધર્મનું પ્રતિપાદન કરે છે, તેમ અંશત્વના અલગ ધર્મનું પણ પ્રતિપાદન કરે છે. શ્રુતિમાં જીવ માટે પાદ" શબ્દ વપરાયો છે. જ્યારે સ્મૃતિ અને સૂત્રમાં "અંશ" શબ્દ વપરાયો છે.

બૃ.ઉ.૪।૧।૩ અનુસાર પત્ની એ આત્માનો અર્ધો ભાગ છે. આથી શ્રુતિમાં પત્ની માટે અંશ શબ્દ વપરાય છે. બૃ.ઉ.૨।૧।૨૦ ભાગ.૨।૫।૫ અનુસાર ઉર્ણનાભિ-કરોળિયાનું દૃષ્ટાંત "અંશ" શબ્દની વ્યુચ્ચરણયોગ્યતા સિદ્ધ કરે છે. અંશ જીવ અવિકૃત અને વ્યુચ્ચરણ યોગ્ય છે, પરંતુ તે નિત્ય ભિન્ન રૂપ નથી. "હું અનેક થાઉં" એ ભગવાનની ઇચ્છાથી અનેક જીવો થયા. "હું પ્રજાને ઉત્પન્ન કરું" એ ઇચ્છાથી વિચિત્રતા માટે જીવમાં જીવત્વ ધર્મ છે તેમ "અંશત્વ" પૃથક ધર્મ છે. આમ અહીં અંશત્વનું સમર્થન થયું છે. આથી જીવ-બ્રહ્મનું તાદાત્મ્ય છે. આમ કોઇપણ અસંભાવના રહેતી નથી.

## <u>જીવનો બ્રહ્મમાં પ્રવેશ</u>

### <u>કેવલાદ્વૈત શાંકર મતાનુસાર પૂર્વપક્ષની વિભાવના</u>

કેવલાદ્વૈત મતાનુસાર જીવ બ્રહ્મનો અંશ નથી, પરંતુ જીવ બ્રહ્મ છે અન્ય નહીં.[૭૬] આથી "જીવ બ્રહ્મમાં પ્રવેશ કરે છે" તે

વિચાર સ્વકાર્યો નથી. વળી શ્રીમત શંકરાચાર્યે "તે ભક્તિ વડે હું જેવો છું તેવો બરાબર મને જાણીને પછી મારામાં તે પ્રવેશ કરે છે." ના ગીતાભાષ્યમાં કહે છે કે જ્ઞાનરૂપ ભક્તિથી ઉત્પન્ન થતું ફળ જ્ઞાનરૂપ જ છે, બીજું નથી, માટે જ્ઞાન અને પ્રવેશ જુદાં-જુદાં નથી. કારણ કે "ક્ષેત્રજ્ઞ પણ મને જ જાણ," દ્વારા જીવ અને બ્રહ્મની એકતા જ દર્શાવાઇ છે.[૭૭] આમ પ્રવેશનો વિચાર અસંગત છે.

કેવલાદ્વૈત મત અનુસાર પરિણામવાદ સ્વીકાર્ય નથી. પરંતુ વિવર્તવાદ સ્વીકાર્ય છે. અર્થાત મૂળ તત્વ સાથે વિપરીતભાવ થવો એ વિકાર કે પરિણામ કહેવાય છે. જ્યારે મૂળતત્વ વિના વિપરીતભાવ થાય. એ વિવર્ત કહેવાય છે. વિકાર-પરિણામમાં માટી સહિત ઘટનું અસ્તિત્વ છે. જ્યારે વિવર્તમાં દોરી વગર સર્પનું અસ્તિત્વ છે.

આમ નિર્વિકાર બ્રહ્મનો કાર્ય-પરિણામ વિકાર સ્વરૂપે સ્વીકાર થતો નથી. બ્રહ્મ અંદર-બહાર વ્યાપેલું હોવાથી એમ કહ્યું છે કે હે મૈત્રેયી ! જેમ મીઠાનો ગાંગડો અંદર અને બહાર ખારો હોય છે, તેમ આત્મા અંદર અને બહાર કેવલ જ્ઞાનમય હોય છે.[૭૮]

ઉપર્યુક્ત શ્રુતિવાક્યના આધારે એમ કહી શકાય કે બ્રહ્મ જ સર્વત્ર વ્યાપ્ત હોવાથી અન્ય સર્વ ઉપાધિઓ રહેતી નથી. અર્થાત અંદર અને બહાર એવાં શબ્દોથી ઓળખાતી ઉપાધિ બ્રહ્મના

વ્યાપકપણાને લીધે નિરર્થક સિદધ થાય છે. આથી જીવનો બ્રહ્મમાં પ્રવેશ થવો એ વિચાર પણ કેવલાદ્વૈત મતાનુસાર અસંગત બને છે. આમ જીવનો બ્રહ્મમાં પ્રવેશ થતો નથી.

શ્રીમદ્ વલ્લભાચાર્યનો જીવના પ્રવેશ સંબંધી મત :

બ્રહ્મ સર્વત્ર વ્યાપક છે, છતાં તે સર્વને શરીરરૂપ માની તેમાં પ્રવેશ કરીને પ્રકાશે છે, પરંતુ શરીર તે બ્રહ્મને જાણતું નથી.[૮૦]

આથી જ કહ્યું છે જે પૃથ્વીની અંદર રહે છે, છતાં પૃથ્વીથી અલગ છે, જેને પૃથ્વી જાણતી નથી. પૃથ્વી જેનું શરીર છે, જે પૃથ્વીની અંદર રહયો-રહયો તેને નિયમમાં રાખે છે તે આત્મા, અંતર્યામી, અમર છે.[૮૧]

બ્રહ્મનો જગતના રૂપે પ્રવેશ પણ આ વાકયમાંથી જોવા મળે છે કે બ્રહ્મ પ્રવેશ કરીને મૂર્ત અને અમૂર્ત થયા.[૮૨]

યથાર્થજ્ઞાન થયા પછી જીવ પુરૂષોત્તમમાં પ્રવેશ કરે છે. આ પ્રમાણે જ જ્ઞાન પછી જ સાયુજ્ય ભકિત મળે છે.[૮૩]

શ્રીમદ વલ્લભાચાર્ય સેવાના ત્રણ ફળ (૧) અલૌકિક સામર્થ્ય (૨) સાયુજ્ય (૩) વૈકુંઠમા સેવોપયોગી દેહ એમ કહે છે.[૮૪] આમ સાયુજ્યભકિત ભગવાનના જ્ઞાન પછી જ પ્રાપ્ત થાય છે.

ભગવાનનું જ્ઞાન થયા પછી જીવનો તેમાં પ્રવેશ થાય છે. આથી જ શ્રી શુકદેવ ભગવાનની સાથે છે, તેમના અંતઃકરણમાં ભગવાન જ પ્રવેશ કરીને જવાબ આપે છે.[૮૫]

જેઓ ભગવાનમાં નિત્યભાવ રાખે છે, તેઓ ભગવાનમાં પ્રવેશ કરીને ભગવદાત્મક બને છે. અર્થાત ભગવાનનો પ્રવેશ સ્ફુરે છે. આમ સર્વત્ર ભગવાનના આવેશ-પ્રવેશથી ભગવદભાવ સ્ફુરિત થાય છે. આથી જ શ્રી શુકદેવ ભાવનાથી ગોકુલમાં રહીને કહે છે.[૮૬]

આ સંબંધમાં એમ કહેવાનું કારણ એ છે કે શ્રી શુકદેવે આ બાબત કાલ્પનિક ચિંતનશીલતા દવારા કહી છે. કારણ કે તેઓ તે સમયે ગોકુલમાં હતા.[૮૭]

વૈરાગ્યથી યુકત લોકો સંગ દોષથી મુકત હોય છે. આથી તેઓ અંદર અને બહાર સંગથી મુકત હોય છે. વળી વિષયમાં પ્રવેશેલ મનવાળાઓનો ભગવાનમાં પ્રવેશ થતો નથી. આમ ભગવાનનો સાક્ષાત્કાર થતો નથી.[૮૮]

પુરૂષોત્તમમાં સારી રીતે પ્રવેશવાનું સાધન તે "સંપરાય" કહેવાય છે. સંપરાય એટલે પર-પુરૂષોત્તમ અય-જ્ઞાન સારી રીતનું પુરૂષોત્તમનું જ્ઞાન. આ સંપરાય તે જ ભકિતમાર્ગ છે.[૮૯]

"પછીથી મને તત્વતઃ જાણીને" આ વાકય દવારા એમ માની શકાય કે ભકિતમાર્ગ ભગવદ્ વિષયક સત્યજ્ઞાનનો ભગવાનમાં પ્રવેશ સિદધ કરે છે.[૯૦]

ભગવાનની પ્રાપ્તિને જ મુક્તિ લેખાવતાં શ્રીમદ્ વલ્લભાચાર્યં કહે છે કે બ્રહ્મભાવ પછી જ જીવની ભગવદ્ભાવની પ્રાપ્તિ સંભવે છે અને તેથી જ પુરૂષોત્તમમાં પ્રવેશ થાય છે.[૯૧]

આમ જીવનો પુરૂષોત્તમમાં પ્રવેશ સિદ્ધ કરવા માટે શ્રીમદ વલ્લભાચાર્યં ભિન્ન-ભિન્ન શાસ્ત્ર પ્રમાણોનો આધાર આપે છે. પરંતુ અહીં આવેશ કે પ્રવેશ તે જ "ભગવદ્દર્શન" કે "સાક્ષાત્કારનો જ અનુભવ" એમ માનવું યોગ્ય ગણાશે.

<u>શ્રી વિઠ્ઠલનાથજીએ સ્થાપેલ પૂર્વપક્ષ</u> :

શ્રી વિઠ્ઠલનાથજી જીવના બ્રહ્મમાં પ્રવેશ અંગે પૂર્વપક્ષનું સ્થાપન કરતાં જણાવે છે કે જીવ પૂર્ણપુરૂષોત્તમમાં પ્રવેશ થવો શક્ય નથી. કારણ કે બહારની વસ્તુનું અંદર જવું તે પ્રવેશ છે. પ્રવેશ અને બહિર્ગમન પરિચ્છિન્ન-મર્યાદિત વસ્તુમાં જ થઇ શકે છે. બ્રહ્મ અપરિચ્છિન્ન હોવાથી પરિચ્છિન્ન જીવનો તેમાં પ્રવેશ થવો શક્ય નથી.[૯૨]

<u>શ્રી વિઠ્ઠલનાથજીએ ઉત્તરપક્ષમાં વ્યક્ત કરેલ જીવપ્રવેશ વિચાર</u> :

શ્રી વિઠ્ઠલનાથજી અનુસાર જીવ બ્રહ્મનો વિભાગ અને અંશ છે. આત્મા-બ્રહ્મથી ભિન્ન કંઇ નથી. અર્થાત આ જે કંઇ છે તે આત્મા છે,[૯3] તેથી જે ગુણો બ્રહ્મમાં છે, તે ગુણો જીવમાં પણ હોય છે. આથી જ કહ્યું છે કે મીઠાના ગાંગડાને પાણીમાં

નાખ્યો હોય તો પાણીમાં ઓગળી જાય છે. પછી તે ગાંગડાને પાણીમાંથી કાઢી શકાતો નથી.[૯૪] આમ જીવનો બ્રહ્મમાં પ્રવેશ થાય છે. આથી જ કહ્યું છે કે જ્યાં ઉભયનો દોષ સમાન હોય અથવા ઉભયના દોષનો પરિહાર પણ સમાન હોય ત્યાં એવા અર્થનો વિચાર કરવામાં કોઇ દોષપાત્ર નથી.[૯૫] આમ શ્રુતિ અને ન્યાયનો નિર્ણય સમાન છે.

જીવના પ્રવેશ સંબંધમાં નીચે પ્રમાણે અર્થાપત્તિ પ્રમાણ આપવામાં આવ્યું છે.

૧. બ્રહ્મનું સામર્થ્ય સર્વત્ર રહેલું છે. એટલે જેમ બ્રહ્મમાં અંદરપણું અને બહારપણું છે તેમ પ્રવેશ અને નિર્ગમ પણ છે. આથી જ કહ્યું છે કે તે બધે જ હાથ અને પગવાળું છે, બધે જ આંખ, મસ્તક અને મુખ-વાળું છે. બધે જ શ્રુતિ-કાનવાળું છે, તે સર્વને ઢાંકીને રહે છે.[૯૬] આથી જીવની બ્રહ્મમાં પ્રવેશની અનુપપત્તિ અસંભવ રહેતી નથી.

કેવલાદ્વૈત મતાનુસાર જીવ બ્રહ્મની ઉપાધિ છે કારણ કે જીવ રૂપી ઉપાધિમાં પ્રવેશેલું, વાણી, મન, પ્રાણ અને ઇન્દ્રિયોના સમૂહમાં પ્રવેશેલું બ્રહ્મ કહેવાય છે.[૯૭] આ રીતે જીવ ઉપાધિ હોવાથી તેનો બ્રહ્મમાં પ્રવેશ થઇ શકે નહિ.

જીવને ઉપાધિનો સંબંધ હોવાથી જ ચૈતન્ય સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. આથી કહ્યું છે કે ઉપાધિના સંબંધની અધીનતાને લીધે સવિશેષધર્મોના ચૈતન્ય સમાન સ્વરૂપનો સંભવ નથી.[૯૮]

મોક્ષની દશામાં ભેદ રહેતો નથી. આથી મુકત પુરૂષ-જીવ પરબ્રહ્મ સાથે એકરૂપ થઇ જાય છે. જેમ શુદ્ધ જળમાં બધી બાજુથી વરસેલું શુદ્ધ જળ તેવું જ થઇ જાય છે, તેમ હે ગૌતમ ! જ્ઞાની મુનિનો આત્મા પણ પરબ્રહ્મ સ્વરૂપ થઇ જાય છે.[૯૯] આમ ઉપાધિ રૂપી ભેદનો નાશ થવાથી જીવનો બ્રહ્મમાં પ્રવેશ થવો શકય નથી. છતાં પણ પ્રવેશ તો થાય છે. આથી જીવ બ્રહ્મ બની શકતો નથી. આમ અદ્વૈત મતમાં પ્રવેશના સંબંધમાં શ્રુત્યર્થની સંગતિ બેસાડવા માટે લક્ષણનો આશ્રય લેવો પડે છે.[૧૦૦] પરંતુ શુદ્ધાદ્વૈતમાં તેમ કરવું પડતું નથી.

<u>અયોગ્યતાના જ્ઞાનથી વાકયાર્થબોધ અસંભવ :</u>

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષ માંડતા જણાવે છે કે વેદ જીવનો બ્રહ્મમાં પ્રવેશ નિરૂપે છે એ સાચું છે. પણ વાકયમાં અયોગ્યતાથી અર્થનો બોધ થઇ શકતો નથી.[૧૦૧]

પરિચ્છિન્ન જીવનો અપરિચ્છિન્ન બ્રહ્મમાં પ્રવેશ થાય છે. તેથી અયોગ્યતાના જ્ઞાનથી વાકયાર્થનું જ્ઞાન થતું નથી.

યોગ્યતા શબ્દ સંબંધી જ્ઞાનમાં પ્રયોજાનારી શબ્દયોગ્યતા કહેવાય છે.[૧૦૨] અહીં અયોગ્યતામાં શબ્દ સંબંધી જ્ઞાનમાં ન પ્રયોજાનારી શબ્દાયોગ્યતા છે.

જેમ કે "પોતાના શરીરની મજ્જાનું ઉત્થાનન અયોગ્ય છે.[૧૦૩] આ વાકય અયોગ્યતાજ્ઞાનથી શાબ્દબોધ ન થવાથી પ્રમાણ બની શકતું નથી.

વળી જેમ વથાના હોમમાં પ્રશંસાવાચક અર્થવાદ રૂપ વાકય હોય છે, તેમ પ્રવેશ-વાકય પણ અયોગ્યતા જ્ઞાનની ઉપાધિ દૂર થતાં જીવના બ્રહ્મસ્વરૂપનું બોધક બને છે.[૧૦૪]

શ્રી વિઠ્ઠલનાથજીનો વાકયાર્થ-બોધ વિષયક મત :

શ્રી વિઠ્ઠલનાથજી પોતાનું મંતવ્ય જણાવતાં કહે છે કે અયોગ્યતાના જ્ઞાનથી વાકયાર્થબોધ થતો નથી. આથી એમ વિચારી શકાય કે દોષ શબ્દગત કે શ્રોતાગત હોય છે. શબ્દ-વેદવાકય છે, તેથી તેમાં દોષ નથી. અર્થાત શબ્દ નિર્દોષ છે, તેથી તે દોષ શ્રોતામાં જ હોઇ શકે.[૧૦૫]

વેદમાં અવિદ્યાથી રહિત, બ્રહ્મજ્ઞ-વેદજ્ઞ ઋષિઓની અનુભૂતિનો વિષય અને ઉપદેશથી જ ઓળખી શકાય. તેવા બ્રહ્મનું વર્ણન કરવામાં આવ્યું છે. આવાં મહનીય વેદોનું જ્ઞાન પ્રાપ્ત કરવાની શકિત અવિદ્યાથી ગ્રસ્ત અલ્પબુદ્ધિવાળા લોકોમાં હોતી નથી. આથી તેમને વેદવાકયમાં અયોગ્યતા લાગે, પરંતુ અયોગ્યતાના જ્ઞાનથી વેદવાકયને વિરૂદ્ધ અર્થવાળું બનાવવું શકય નથી.[૧૦૬]

સામાન્ય લોકોને ઉપદેશથી પ્રાપ્ત કરી શકાય તેવા મણિ, મંત્ર વગેરેનું માહાત્મ્ય-જ્ઞાન હોતું નથી. પરંતુ જેમણે માહાત્મ્ય જ્ઞાન આપનાર ગુરૂઓની ઉપાસના કરી હોય તેમને તે જ્ઞાન સહજ હોય છે.[૧૦૭]

પિત્તથી દૂષિત જીભવાળો મનુષ્ય પહેલીવાર સાકર ખાય તો તેને તીખી લાગે તેથી "સાકર મીઠી છે" વાકય બીજો કોઇ બોલે તો તેમાં એને અયોગ્યતા લાગે.[૧૦૮] પરંતુ એમ અયોગ્યતાના જ્ઞાનથી વાક્યાર્થ વિપરીત બનતો નથી.

પિત્તથી સાકર તીખી લાગવાનું પ્રમાણ આ છે : હે હંસ કુલભૂષણ ! પિત્તથી દુ:ખી થયેલી જીભને સાકર પણ તીખી લાગે છે.[૧૦૯]

પિત્તથી પીડિત પુરૂષને પિત્ત મટી જાય પછી યોગ્યતાનું જ્ઞાન થાય છે. આ જ પ્રમાણે સામાન્ય પુરૂષોની અવિદ્યા દૂર થાય પછી જીવનો બ્રહ્મમાં પ્રવેશ થાય છે. આથી શ્રુતિમાં યોગ્યતાનું જ્ઞાન થાય છે. યોગ્યતાના જ્ઞાન પહેલાં શ્રુતિમાં અયોગ્યતા હોય તો પણ શ્રુતિ અન્યથી-વિપરીત બનતી નથી. આથી જ કહ્યું છે કે "આચાર્યવાન પુરૂષ જાણે છે."[૧૧૦] અને જેવું વેદમાં બ્રહ્મનું વર્ણન છે તેવું જ બ્રહ્મ છે.

૧. અહીં જો એક જ બ્રહ્મ પોતાના આત્માને જગત બનાવે તો સંપૂર્ણ બ્રહ્મનું જગતરૂપ એક જ કાર્ય થાય ![૧૧૧]

૨. અને બ્રહ્મના જુદાં-જુદાં અંશો છે એમ માની જગતની વ્યવસ્થા કરવામાં આવે તો બ્રહ્મ નિષ્કલ-અંશરહિત-નિષ્ક્રિય, શાન્ત છે. [શ્વે., 6/11] અનુસાર બ્રહ્મનાં નિરવયવપણાંનો વિરોધ થાય છે.[૧૧૨]

ઉપર્યુક્ત બન્ને શંકાઓનું સમાધાન આ સૂત્રમાં આપવામાં આવ્યું છે, "પરંતુ બ્રહ્મ એકલા વેદના શબ્દથી જ જાણી શકાય છે."[113] અનુસાર બ્રહ્મ જગત્કારણ હોવાનું અને નિરવયવ હોવાનું વેદ પ્રતિપાદન કરે છે. આથી વેદથી જ બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.[114]

કેવલાદ્વૈત મતાનુસાર જીવનું સ્વરૂપ :

કેવલાદ્વૈત સિદ્ધાંત બ્રહ્મને જ સર્વસ્વ માને છે, આથી બ્રહ્મ સિવાયની અન્ય સર્વ સત્તાને તે નકારે છે. બ્રહ્મની જ એક-માત્ર વસ્તુ-સત્તાને સિદ્ધ કરવા માટે શ્રીમત શંકરાચાર્યે અધ્યાસ-ભાષ્યમાં કહે છે કે શરીર યુષ્મત્પ્રત્યયગોચર અને આત્મા અસ્મત્પ્રત્યયગોચર છે, તે બન્ને વિષય-જડ અને વિષથી ચેતન હોવાથી અંધકાર અને પ્રકાશની જેમ વિરૂદ્ધ સ્વભાવ ધર્મવાળા છે, આથી તેમનો અન્યોન્યભાવ અયોગ્ય સિદ્ધ થવાથી, તેમના ધર્મોનો પણ અન્યોન્યભાવ અયોગ્ય થાય છે. આમ વિષથી ચૈતન્ય આત્મામાં વિષય-શરીરનો અને તેના ધર્મોનો અધ્યાસ અને તેથી વિરુદ્ધ વિષય-શરીરમાં વિષથી આત્માનો અને તેના ધર્મોનો અધ્યાસ મિથ્યા હોવાને લાયક છે.[115]

અધ્યાસ એટલે સ્મૃતિરૂપે બીજામાં-છીપમાં પહેલાં જોયેલી ચાંદીનો અવભાસ.[116]

આ અધ્યાસના નાશ માટે જ વેદાન્તશાસ્ત્રની રચના કરવામાં આવી છે. આત્મા-બ્રહ્મ સિવાય સંપૂર્ણ જગત અધ્યાસ છે, તેથી જીવ પણ કલ્પનામાત્ર છે. પરમાર્થ સ્વરૂપે તો બુદ્ધિરૂપી ઉપાધિના સંબંધથી કલ્પિત સ્વરૂપથી અલગ જીવ નથી.[૧૧૭] એટલે કે શુદ્ધ, બુદ્ધ, મુક્ત આત્મા-ચેતન બ્રહ્મ અવિદ્યાથી અવચ્છિન્ન હોવાથી જીવ કહેવાય છે.

જીવ પારમાર્થિક રીતે એક છે. પરંતુ ઉપાધિના ભેદથી ભિન્ન જણાય છે. શરીર-જીવ પરમાત્માથી જુદો નથી. કારણ કે "પરમાત્મા સિવાય અન્ય દ્રષ્ટા નથી, શ્રોતા નથી."[૧૧૮] આ શ્રુતિ વાક્યમાં પરમાત્મા સિવાયના અન્ય આત્માનો નિષેધ કરવામાં આવ્યો છે.[૧૧૯] આમ જીવને બ્રહ્મ માનવામાં આવે છે.

## શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર જીવનું સ્વરૂપ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય જીવને સર્વશક્તિમાન પુરૂષોત્તમની અંશ માને છે - જીવ બ્રહ્મનો અંશ છે.[૧૨૦] બ્રહ્મના સચ્ચિદાનન્દ સ્વરૂપમાંથી જીવ એ ચિદ્રૂપવે પામેલો છે, તેથી તે ચિદંશ પણ કહેવાય છે. આ ચિદંશમાંથી જ જીવનું વ્યુચ્ચરણ થાય છે. ચિદંશ જીવમાં સત્ અને ચિત્ અંશો આવિર્ભાવ પામેલા છે, જ્યારે આનંદ અંશનો તેમાં તિરોભાવ થયેલો છે. આમ જીવ બ્રહ્મનો અંશ છે, અને બ્રહ્મ અંશી છે.

જીવના ચૈતન્ય-ચિત્સ્વરૂપનું નિરૂપણ કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જીવ આરાગ્ર-ડાંગરની અણી જેવડો જ છે, તેમ છતાં તે ગન્ધની જેમ પ્રસરણશીલ છે. તેનું વ્યાપકત્વ શ્રુતિમાં વર્ણવેલું છે, તે તેના ભગવત્તત્વના પ્રવેશથી યુકત કહેવાય છે.[૧૨૧]

અહીં જીવનું ગંધની જેમ પ્રસરણશીલ હોવું તે વ્યતિરેકને કારણે છે. અર્થાત વ્યતિરેક દ્રવ્ય કરતાં વધારે ભાગમાં ફેલાય છે. જેમ સુગંધ પુષ્પથી વધારે ભાગમાં ફેલાય છે, તેમ ચૈતન્ય ગુણ પણ સમગ્ર શરીરમાં વ્યાપેલું છે.[૧૨૨] આમ જીવ આરાગ્રમાત્ર હોવા છતાં તે સમ્પૂર્ણ દેહમાં વ્યાપેલો હોય છે.

જીવ સંપૂર્ણ શરીરમાં વ્યાપીને રહેલો ન હોય તો મારા માથામાં દુખાવો છે અને હાથમાં સુખ છે એમ અન્યથાનુપપત્તિથી પ્રતીતિ ન થાય, આથી જીવ શરીરના માપ જેટલો છે, તેવી શંકા અસ્થાને છે. આમ વેદશાસ્ત્રમાં વેદની આજ્ઞાને જ વ્યવસ્થા માનવામાં આવે છે.[૧૨૩]

જીવનું સ્વરૂપ શરીર કરતાં નાનું માનવાથી અનિત્યતાનો દોષ પણ આવતો નથી. કારણ કે જેમ હંસાકૃતિ ભગવાન પ્રાદેશ-માત્ર-અંગુષ્ઠપર્વ માત્ર છે, તેમ હંસાકૃતિ જીવ આરાગ્રમાત્ર છે.[૧૨૪]

જીવ વ્યાપક છે, એમ નિત્ય રહેનાર, સર્વત્ર વ્યાપક અને સ્થિર આ આત્મા છે,[૧૨૫] દ્વારા જાણી શકાય છે. પરંતુ જીવની વ્યાપકતા - અર્થાત ભગવાનનો આવેશ-પ્રવેશ થતાં ભગવાનના

ધર્મો, વ્યાપકતા વગેરે જીવમાં જોવા મળે છે. આમ ભગવાનના પ્રવેશથી ભગવાનના ધર્મો વ્યાપકતા વગેરે જીવમાં આવે છે. આમ જીવ વ્યાપક નથી. જેમ લોખંડનો ગોળો દાહક હોવા છતાં તે લોખંડના રૂપે તે દાહક નથી. તેમ જીવ પણ એના રૂપમાં વ્યાપક નથી, આથી તેનું અણુ હોવાપણું વ્યર્થ સિદ્ધ થતું નથી.[૧૨૬]

વેદમાં જણાવ્યા અનુસાર "બ્રહ્મને જાણનાર બ્રહ્મ જ થાય છે,"[૧૨૭] આથી જીવનું ઉપર જણાવ્યા પ્રમાણે આરાગ્રમાત્ર હોવાપણું વસ્તુતઃ સિદ્ધ થઇ ન શકે. આવી શંકાનું નિરાકરણ કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય જણાવે છે કે જ્યારે જીવમાં આનંદાંશની અભિવ્યક્તિ થાય ત્યારે તેમાં કરોડો બ્રહ્માંડ પ્રતીત થાય છે. આ જ એનો પરિચ્છેદ અને એની વ્યાપકતા છે.[૧૨૮] અહીં જીવમાં આનંદાંશનો આવિર્ભાવ થતાં બ્રહ્મભાવમાં થતી વ્યાપકતા અધિક પરિમાણ પર આધારિત નથી. આથી બ્રહ્મ અણુ હોવા છતાંય વ્યાપક છે.[૧૨૯] જેમ યશોદાના ખોળામાં રહ્યા છતાં તે સમ્પૂર્ણ જગતના આધાર કહેવાય છે, તેમ આનંદાંશનો આવિર્ભાવ થતાં કરોડો બ્રહ્માંડો પ્રતીત થાય છે. અહીં પરિચ્છેદ-મર્યાદા પણ વ્યાપકતા સિદ્ધ કરે છે. જીવના બ્રહ્મભાવને પામવાથી થતાં અલૌકિક ધર્મો પ્રમાણને જ અનુસરે છે, લૌકિક યુક્તિને નહીં. આમ જીવની વ્યાપકતા આરાગ્રમાત્ર હોવાપણામાં દોષરૂપ બનતી નથી.[૧30]

જીવના ધર્મોના સંબંધમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જીવનું ચૈતન્ય પ્રકાશક છે અને ચૈતન્યથી જ જીવ તેજોમય પ્રકાશે છે.

જીવ પ્રાકૃત-લૌકિક ઇન્દ્રિયોથી પકડી શકાતો નથી, કે કોઇ બીજાથી પ્રકાશિત કરી શકાય તેવો નથી, પરંતુ તે યોગથી, ભગવદ્દૃષ્ટિથી કે દિવ્ય દૃષ્ટિથી પ્રકાશે છે.[૧૩૧]

જીવ ચૈતન્યગુણ ધરાવે છે. આથી પ્રકાશક એવું તેનું તેજોમય સ્વરૂપ શોભતું હોય છે. આ જ તેજોમય સ્વરૂપ "જ્યોતિ" પ્રયોગમાં વ્યક્ત થયેલું જોઇ શકાય છે. તેથી હે શત્રુદમનક રાજા, વૃત્તાસુરના શરીરમાંથી નીકળેલી આ આત્મજ્યોતિ (તેજ) બધા લોકોનાં જોતાં લોકાતીત ભગવાનમાં મળી ગયું.[૧૩૨] અહીં તે જ એ ત્રીજું મહાભૂત હોઇ બ્રહ્મની જ પ્રકૃતિ છે. ચૈતન્યમય આ આત્મસ્વરૂપ જ્યોતિ રૂપાદિરહિત અને સન્નિકર્ષ-રહિત ઇન્દ્રિય અને પદાર્થનો સંયોગ છે.[૧૩૩] અને આથી જ કહ્યું છે કે જે આકાશની જેમ અંદર અને બહાર વ્યાપ્ત છે. છતાં પણ મન, બુદ્ધિ અને જ્ઞાનેન્દ્રિયો-જ્ઞાનશક્તિથી જાણી શકતાં નથી અને પ્રાણો-કર્મેન્દ્રિયો-ક્રિયાશક્તિથી જેમનો સ્પર્શ કરી શકતાં નથી, તે બ્રહ્મને હું નમસ્કાર કરું છું.[૧૩૪]

જેમ સૂર્યથી પ્રકાશિત ઘડો આંખથી જોઇ શકાય છે, તેમ ઇન્દ્રિયને પકડવા માટે અન્ય કોઇપણ પ્રકાશક નથી.[૧૩૫] આમ જ્યોતિ અન્યથી પ્રકાશિત કરી શકાય, તેવી નથી. આથી જીવ ઇન્દ્રિયોથી સમજી શકાતો નથી.

અહીં "જ્યોતિ" ભગવાનના સ્વરૂપમાં મળી ગઇ તેવું વર્ણન પ્રાપ્ત થાય છે. કારણ કે શિશુપાલના શરીરમાંથી નીકળેલું

તેજ-જ્યોતિ આકાશમાંથી પડેલું ઉંભાડિયું પૃથ્વીમાં પેસી જાય, તેમાં સર્વના દેખતાં વાસુદેવમાં પેસી ગયું." [136] આમ કેવી રીતે સંભવે તેવા પ્રશ્નનું સમાધાન આપતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જીવનું ત્રણ પ્રકારે દર્શન-જ્ઞાનનું સાધન થઇ શકે છે. ૧. યોગિક મન ૨. ભગવદ્દૃષ્ટિ ૩. દિવ્યજ્ઞાનદૃષ્ટિ.

જીવ ભગવાનનો જ અંશ છે, તે સંબંધમાં સ્પષ્ટતા કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જ્યાં અંશ પ્રગટ થયો ત્યાં ભગવાન પણ પ્રકટ હોય. આથી જ પુરૂષોમાં પહેલાં ભગવાનનું આરાધન-પૂજન કરવાનું કહ્યું છે. [137]

આમ છતાં જીવને દુ:ખ પડે છે, તે સંબંધમાં સમાધાન આપતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે પહેલા ચાર ભગવાનના ધર્મોના તિરોધાનથી જીવને બંધન થાય છે અને બાકીના બે ધર્મોના તિરોધાનથી વિપરીત-જ્ઞાન-અજ્ઞાન થાય છે. [138]

જીવ બ્રહ્મનો અંશ છે - અણુ છે. છતાં પણ વ્યાપક છે. કારણ કે જીવમાં આનંદાંશનું પ્રકટીકરણ થાય ત્યારે તે બ્રહ્મ કહેવાય છે. જેમ રાજાનો જયેષ્ઠ પુત્ર રાજા થવાનો છે, તેવી જ રીતે જીવનું બ્રહ્મ તરીકે વર્ણન થાય છે. [139] આમ જીવની વ્યાપકતા ભગવાનના પ્રવેશને આભારી છે. જીવના રૂપે નહીં. આથી ગુપ્ત આનંદાંશ પ્રકટ થતાં જ જીવાત્મા વ્યાપક બને છે. [140]

આમ જીવાત્મા અને પરમાત્માનો અંશાંશિ ભાવ સંબંધ છે. [141] આથી તે બન્નેનું કાર્ય-કારણનું અનન્યત્વ અભિન્નતા જોવા મળે છે.

શ્રીમદ વલ્લભાચાર્ય અનુસાર જીવ, સત્ય અને અણું છે, તે કર્તા અને ભોકતા છે. બ્રહમનો અંશ અને બ્રહમથી અભિન્ન છે. પરંતુ બ્રહમભાવનો અનુભવ થતાં જીવ-વિભુ-વ્યાપક થાય છે.

<u>શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલું "જીવ અણુ નથી" પૂર્વપક્ષનું સ્થાપન</u> :

શ્રી વિઠ્ઠલનાથજી બ્રહમના પ્રવેશ વિષયક વિચારને રજૂ કરતાં શંકા વ્યકત કરે છે કે આ રીતે જીવનો બ્રહમમાં પ્રવેશ થાય તો તેની વ્યાપકતાને હાનિ પહોંચે છે.[142] સર્વવ્યાપક બ્રહમનો પ્રવેશ અપ્રસ્તુત અને અસંગત બની રહે છે.

ઉપર્યુકત શંકાનું સમાધાન આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે સસલું પોતાનું શિંગડું ભાંગી જવાના ભયથી સાંકડા મુખ-વાળી ગુફામાં પ્રવેશ કરે ! અર્થાત કરતું નથી !![143]

જેમ "જીવ વ્યાપક છે" એવી ભૂલના ભયથી જીવનો બ્રહમમાં પ્રવેશ થતો નથી.[144] તેમ સસલાને શિંગડું ભાંગી જવાના ભયથી સાંકડા મુખની ગુફામાં પ્રવેશ થઇ શકતો નથી.

વળી સસલાને શિંગડા નથી હોતાં. આથી તેનો ભય પણ હોતો નથી. આમ તે સાંકડા મુખની ગુફામાં પ્રવેશ કરી શકે છે. આ જ રીતે જીવ વિભુ કે વ્યાપક નથી, પણ અણું છે, તેથી બ્રહમમાં જીવનો પ્રવેશ થઇ શકે છે.

"જીવ અણુ જ છે" એમ શ્રુતિવેદથી જાણી શકાય છે. જેમ કે બીજો જીવ પણ આરના અગ્રભાગ જેવડા આકારવાળો જોવામાં-જાણવામાં આવ્યો છે.[૧૪૫]

વળી સો ભાગમાં વહેંચાયેલા વાળના અગ્રભાગનો જે સોમો ભાગ છે, તેના જેવડો તે જીવને જાણવો જોઇએ, પરંતુ તે જ અનંત-રૂપ થઇ જાય છે.[૧૪૬]

જેમાં પાંચ પ્રકારના પ્રાણ સારી રીતે પ્રવેશેલા છે, તે આ અણુ આત્મા મનથી જાણી શકાય છે.[૧૪૭]

જીવની વ્યાપકતા :

હવે શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષની જીવની વિચારણા પ્રસ્તુત કરે છે. જીવને અણુ કહેવો યોગ્ય નથી. કારણ કે શ્રુતિ અને સ્મૃતિમાં જીવને વિભુ અથવા વ્યાપક કહયો છે. જીવની વ્યાપક-તાના પ્રમાણરૂપ વેદવાકયો અને ગીતાવાકય આ પ્રમાણે છે. આ તે મહાન, અજ આત્મા જે પ્રાણોમાં વિજ્ઞાનમય છે,[૧૪૮] તે આકાશની જેમ નિત્ય અને વ્યાપક છે.[૧૪૯]

વળી નિત્ય રહેનાર, સર્વત્ર વ્યાપક અને સ્થિર આ આત્મા છે. જો જીવને અણુ માનીએ તો ઉપર્યુકત વાકયોનો વિરોધ થાય છે.

તત્ત્વમસિ મહાવાકયમાં જીવ અને બ્રહ્મના અભેદનું નિરૂપણ થયું છે. પરંતુ વાસ્તવિક રીતે જોઇએ તો અણુ અને વ્યાપકનો

અભેદ સંભવતો નથી.[151] અર્થાત અણુ, જીવ અને વ્યાપક બ્રહ્મ વ એનો અભેદ શક્ય નથી. આમ વ્યાપક બ્રહ્મનો વ્યાપક જીવ સાથે અભેદ થઇ શકે છે. આથી જીવ વ્યાપક છે.

જીવની વ્યાપકતા :

૧. શ્રી વિઠ્ઠલનાથજી જીવની વ્યાપકતાનું નૈયાયિક શૈલીથી નિરૂપણ કરતાં એમ કહે છે કે જીવ અણુ હોય તો સમગ્ર શરીરમાં તેનું ચૈતન્ય ન હોય.[152] જેમ દ્રવ્ય હોય ત્યાં જ ગુણ હોય, પરંતુ દ્રવ્ય ન હોય ત્યાં ગુણ ન હોય. આથી જ દ્રવ્યના આશ્રયરૂપ ગુણ કહેવાય છે.[153]

જેમ શરીરના એકભાગમાં લગાવેલ ચંદન બિંદુની શીતળતાનું સંપૂર્ણ શરીરમાં જ્ઞાન થાય છે, તેમ શરીરના એકભાગમાં રહેલા જીવનું ચૈતન્ય સંપૂર્ણ શરીરમાં જાણી શકાય છે.[154]

ઉપર્યુક્ત વિચાર શ્રીમત્ શંકરાચાર્યના બ્રહ્મસૂત્રનાં શાંકરભાષ્યમાં આ પ્રમાણે છે :

જેમ હરિ ચંદનનું એક બિંદુ શરીરના એક ભાગ પર રહે છે, છતાં તે આખા શરીરને શાંતિ આપે છે, તેમ જીવાત્મા હૃદયમાં હોવા છતાં આખા શરીરનું જ્ઞાન ઉત્પન્ન કરે છે.[155]

ઉપર્યુક્ત ચંદનના દૃષ્ટાન્તમાં ચંદન શરીરના એક ભાગમાં હોવાનું સ્પષ્ટપણે પ્રત્યક્ષ જોઇ શકાય છે, જ્યારે દાર્ષ્ટાન્તિક

જીવ શરીરના એક ભાગમાં હોવાનું સંદેહને લીધે નિશ્ચિત કહી શકાતું નથી. આમ દૃષ્ટાન્તરૂપે ચંદન અને દાર્ષ્ટાન્તિકરૂપે જીવ સમાનતા ધરાવતા નથી. આથી તેનું ઔચિત્ય સિદ્ધ થતું નથી.[૧૫૬]

અહીં બ્રહ્મસૂત્રનું પ્રમાણ આપતાં એમ કહેવાયું છે કે ચંદન એક સ્થળે છે, જ્યારે જીવ સર્વત્ર નથી, કારણ કે જીવાત્મા હૃદયમાં છે, એમ શ્રુતિ સ્વીકારે છે.[૧૫૭]

૨. અનુમાન પ્રમાણથી પણ જીવનું અણુત્વ સિદ્ધ થઇ શકે નહિ. કારણ કે જીવ-ચૈતન્ય પ્રસરણશીલ ગુણવાળું હોવાથી સમ્પૂર્ણ શરીરમાં વ્યાપેલું છે, જ્યારે ધર્મી-હૃદય શરીરના એક ભાગમાં હોય છે.[૧૫૮] તેવી જ રીતે ચંદન શરીરના એક ભાગમાં લગાવેલ હોય તો પણ સંપૂર્ણ શરીરમાં શીતળતા વ્યાપેલી હોય છે.[૧૫૯]

અહીં જીવ ચૈતન્ય પ્રસરણશીલ ગુણધર્મ ધરાવે છે, તેવો હેતુ સિદ્ધ થતો નથી. વળી તે હેતુ સાધ્યના જેવો જ છે.[૧૬૦] અર્થાત જીવ ચૈતન્ય ધર્મી-હૃદય કરતાં શરીરના વધારે ભાગમાં હોય છે. આમ પ્રસરણશીલ ગુણવાળો હેતુ અને ધર્મી-હૃદય કરતાં જીવ-ચૈતન્યનું શરીરના વધારે ભાગમાં રહેવું તે સાધ્ય એ બન્નેમાં કોઇ ભિન્નતા નથી.

બીજું જીવ-હૃદય શરીરના એકભાગમાં હોવાનું સિદ્ધ થતાં જીવ-ચૈતન્યનો પ્રસરણશીલ ગુણ - વિસર્પિ ગુણ સિદ્ધ થાય છે[૧૬૧] અને ચૈતન્ય પ્રસરણશીલ ગુણ સિદ્ધ થતાં જીવ-હૃદય શરીરના એકભાગમાં હોવાનું સિદ્ધ થાય છે. આમ બન્નેમાં અન્યોન્યાશ્રયદોષ આવે છે.

ચંદનનું દૃષ્ટાન્ત પ્રમાણિત થતું નથી. કારણ કે શરીરના એક ભાગમાં રહેલ ચંદનના સૂક્ષ્મ અવયવો સંપૂર્ણ શરીરમાં ફેલાય છે, પરંતુ શીતળતા ફેલાતી નથી.[૧૬૨] તેવી જ રીતે જીવને અણું માનવાથી તેના અવયવો સંપૂર્ણ શરીરમાં ફેલાય છે. પરંતુ ચૈતન્ય પ્રાપ્ત થતું નથી.

ચંદનના દૃષ્ટાંતની જેમ ચંપક પુષ્પની ગંધનું દૃષ્ટાંત પણ પ્રમાણિત થતું નથી. ચંપકના પુષ્પની સુગંધ સૂક્ષ્મ અવયવો સુદૂર દિશાઓમાં ફેલાવાથી આવે છે. આથી ચંપક પુષ્પ કરતાં એની સુગંધ આધિક્ય ધરાવે તેમ નથી. આમ ગુણી-દ્રવ્ય વિના ગુણમાં ક્રિયાનો સંભવ નથી.[૧૬૩] અર્થાત ચંપક પુષ્પના અવયવ રૂપ દ્રવ્ય વિના તેમાં રહેલી સુગંધમાં ગમન-જવાની ક્રિયા સંભવતી નથી. આમ કર્મ-દ્રવ્યની વૃત્તિવાળું હોવાથી ગુણવૃત્તિનો અભાવ જોવા મળે છે.[૧૬૪]

અહીં સુગંધ-ગુણ ચંપક પુષ્પનો ત્યાગ કરે તો ચંપક કે પૃથ્વી ન હોય તેવી જગ્યાએ પણ સુગંધ આવે છે. આથી "ગંધ-વાળી પૃથ્વી" એ પૃથ્વીનું[૧૬૫] લક્ષણ અતિવ્યાપ્તિ દોષયુક્ત થાય છે.

ચંપકપુષ્પ કરતાં વધારે ભાગમાં તેની સુગંધ આવે છે. કારણ કે તેના અવયવોને પવન દૂર સુધી લઇ જાય છે. આમ ચંપકના અવયવથી સુગંધનું જ્ઞાન થાય છે.

પરંતુ આ પ્રમાણે પવનથી ચંપક પુષ્પના સર્વ અવયવો લઇ જવાતાં હોય તો તેના કારણે ચંપક પુષ્પનો નાશ થતો નથી.[૧૬૬]

આથી જેમ પવન ચંપક પુષ્પના અવયવને દૂર લઇ જાય છે, તેમ અદૃષ્ટ ચંપક પુષ્પમાં અવયવોની પૂર્તિ કરે છે. જો આવું ન થાય તો ચંપક-પુષ્પનો નાશ થાય, પરંતુ અન્યથાનુપપત્તિ અતિ બળવાન પુરવાર થાય છે. આથી દૃષ્ટનો સંભવ ન હોય ત્યાં અદૃષ્ટ કલ્પના ન્યાયસંગત છે.[૧૬૭]

અહીં ગુણ ગુણીથી જુદો રહી શકે, પુષ્પરૂપી ગુણીના ગંધરૂપી ગુણની જેમ.[૧૬૮] આ બ્રહ્મસૂત્રની જેમ સુગંધ ગુણ ગુણી-પુષ્પથી જુદો છે, તેમ ચૈતન્ય ગુણ ગુણી-જીવાત્માથી જુદો પડી શરીરમાં બધે ફેલાય છે. આ સૂત્રમાં કહેલું વિચાર દોષયુકત થાય છે. કારણ કે જીવ અને ચૈતન્યમાં અગ્નિની ઉષ્ણતા અને પ્રકાશની જેમ ગુણ અને ગુણીની ભિન્નતા હોતી નથી.[૧૬૯]

જીવનો ચૈતન્ય ગુણ છે, આથી સૂક્ષ્મ જીવનો ચૈતન્ય ગુણ સંપૂર્ણ શરીરમાં અનુભવી શકાય. જેમ એક દીવો સમગ્ર ખંડમાં પ્રકાશે છે, તેવા લોકવ્યવહારની જેમ.[૧૭૦]

ઉપર્યુકત સૂત્ર અનુસાર મણિ કરતાં વધારે વિસ્તારમાં એની પ્રભા-પ્રકાશ ફેલાય છે, પરંતુ દ્રવ્ય ગુણીથી વધારે વિસ્તારમાં ગુણનો ફેલાવો થતો નથી.[૧૭૧] કારણ કે પ્રભા મણિથી ઉત્પન્ન થતું એના જેવું બીજુ વિરલ દ્રવ્ય છે. આથી જ અહીં મણિ અવિરલ છે, પરંતુ પ્રભા વિરલ છે. આ જ ભિન્નતા હોવાથી તે પ્રભા સજાતીય અન્ય દ્રવ્ય કહેવાય છે.[૧૭૨] વળી શ્રીમત્ શંકરાચાર્ય

પણ કહે છે કે પ્રવિરલ-અત્યન્ત વિરલ અવયવવાળા તેજ રૂપી દ્રવ્યને જ પ્રભા કહેવાય છે.[૧૭૩]

ઉપર્યુક્ત દ્રષ્ટાંતની જેમ પ્રદીપ અને સૂર્યનું દ્રષ્ટાંત પણ સમજી શકાય. પ્રદીપ અને સૂર્યનો પ્રકાશ દ્રવ્ય-ગુણી છે, ગુણ નથી. આમ દ્રવ્યથી વધારે વિસ્તારમાં ગુણનો વિસ્તાર હોતો નથી.

આથી જીવ ચૈતન્ય ગુણ ધરાવતો હોવાથી તે સર્વના શરીરમાં વ્યાપક હોવાથી અણુ કહી ન શકાય. પરન્તુ વ્યાપક કહેવાય છે.

અહીં પરમાત્માને "દુર્જ્ઞેય" કહેવાનો અભિપ્રાય એ છે કે તે અસ્મત્પ્રત્યયગોચર છે.[૧૭૪] અર્થાત ચેતન છે. પરંતુ જીવ પરમાત્માનું જ સ્વરૂપ હોવાથી તેનું દુર્જ્ઞેયત્વ નથી.

શ્રી વિઠ્ઠલનાથજીના મતાનુસાર જીવનું અણુત્વ :

શ્રી વિઠ્ઠલનાથજી જીવનું અણુ તરીકે પ્રતિપાદન કરતાં એમ જણાવે છે કે બ્રહ્મસૂત્રને અનુસરીને વેદના અર્થનું નિરૂપણ કરવામાં આવે તો જીવ અણુ જ સિદ્ધ થાય છે. નહિતર બ્રહ્મસૂત્રને અનુસર્યા સિવાય વેદનો અર્થ કરવાથી જીવનું અણુત્વ સિદ્ધ થતું નથી.[૧૭૫]

પૂર્વપક્ષની દલીલમાં આપેલ શ્રુતિનું પ્રમાણ "આ એ મહાન આત્મા"[૧૭૬] માં જીવનું નિરૂપણ નથી, પરંતુ બ્રહ્મનું નિરૂપણ છે, કારણ કે આ શ્રુતિઓ બ્રહ્મપ્રકરણમાં છે.

જીવ અણુ નથી, કારણ કે શ્રુતિમાં વર્ણન નથી, એમ નથી, કારણ કે શ્રુતિમાં પરમાત્માને મહાન કહ્યો છે અને શ્રુતિમાં અન્ય-પરમાત્માનું પ્રકરણ છે.[૧૭૭] આ સૂત્રમાં વર્ણવ્યા પ્રમાણે શ્રુતિ બ્રહ્મનું નિરૂપણ કરે છે.

"જીવ અણું છે" એમ સમજાવતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જેમ ચંપકની સુગંધ સુદૂર સ્થળે જાય છે, તેમ જીવ પણ શરીરના એક ભાગમાં રહેવા છતાં ચૈતન્ય ગુણ સંપૂર્ણ શરીરમાં રહે છે.[૧૭૮]

જીવનું અણુત્વ સિદ્ધ કરવા માટે શ્રી વિઠ્ઠલનાથજી જુદી-જુદી શંકાઓ પ્રસ્તુત કરીને તેનું સ્વ-સિદ્ધાંત મુજબ સમુચિત-સમાધાન આપે છે.

<u>શંકા-૧</u> :

જીવ અણુ હોય તો સમ્પૂર્ણ શરીરમાં રહેલ ચૈતન્ય ગુણ ઉપલબ્ધ થાય છે.

<u>સમાધાન</u> :

જેમ ચંપકના પુષ્પની સુગંધ દૂર સુધી ફેલાય છે,[૧૭૯] તેમ અણુ જીવ પણ શરીરના એકભાગમાં રહે તોપણ ચૈતન્ય ગુણ સમ્પૂર્ણ શરીરમાં ઉપલબ્ધ થાય છે.

<u>શંકા-૨</u> :

"જેમ ગુણી-દ્રવ્ય વિના ગુણ નથી.[૧૮૦] તેમ જીવ વિના ચૈતન્ય નથી," એમ કહેવું યોગ્ય નથી.

સમાધાન-૨ :

જેમ અક્ષપાદીય-નૈયાયિકો સંબંધી વિના પણ સમવાય સંબંધનો સ્વીકાર કરે છે, તેમ ગંધના સ્થાનમાં ગુણી વગર-ચંપક પુષ્પ વગર ગુણ-ગંધ સંભવે છે. આથી જ કહ્યું છે કે "જે બન્નેમાં ગમે તે એક નાશ ન પામતાં અપરાશ્રિત-સ્વાશ્રિત રહે છે, તે બન્ને અયુતસિદ્ધ છે," જે ગુણ અને ગુણીભાવમાં પણ નિયામક છે.[૧૮૧]

શંકા-૩ :

ગુણી વિના ગુણ રહે તો ગંધની જેમ રસ અને રૂપ પણ બીજે સ્થળે ઉપલબ્ધ થાય !

સમાધાન-૩ :

ગુણ પોતાના આશ્રય સ્થાન રૂપ ગુણી-દ્રવ્યનો ત્યાગ કરીને બીજે સ્થળે રહે તો ગુણી કરતાં ગુણ અધિક પ્રદેશમાં ઉપલબ્ધ થાય છે.

આથી કેવળ ગંધની જ પોતાના આશ્રય વિના દૂરના પ્રદેશમાં પ્રતીતિ થાય છે.[૧૮૨]

શંકા-૪ :

ગુણી-દ્રવ્યનો ત્યાગ કરીને ગંધ-ગુણ બીજે રહે તો, ગુણની ઉપસ્થિતિમાં ગુણીની ઉપસ્થિતિ નિયામક ન કહેવાય અને રસ

ગુણ ગુણીને છોડીને બીજે સ્થળે રહે, આથી ચંપક પુષ્પના ગંધ સ્થાનમાં તેના અવયવો-અણુઓનું અસ્તિત્વ સ્વીકારવું જોઇએ.

ઉપર્યુક્ત વસ્તુ સમજાવતાં મુક્તાવલીકાર કહે છે કે ઘટાદિ કાર્યોનો પોતાના કારણ કપાલાદિની સાથે, ગુણ-કર્મોનો દ્રવ્યોની સાથે અને જાતિનો દ્રવ્ય, ગુણ, અને કર્મ ત્રણેય સાથે જે સંબંધ છે, તે સમવાય સંબંધ કહેવાયો છે.

અહીં રસ વગેરે ગુણોનું બીજે સ્થળે ગમન જોવા મળતું નથી. એટલે ગુણનું અસ્તિત્વ હોવાનો નિયમ સ્વીકારી શકાય. આથી જ ચંપક પુષ્પના સૂક્ષ્મ અવયવો અણુઓ અન્યત્ર જાય છે, તે સ્વીકારવું જોઇએ.[૧૮૩]

સમાધાન-૪ :

અહીં શ્રી ગિરિધરજી જણાવે છે કે આ પૂર્વપક્ષ ઉપર પ્રતિવાદીનો પૂર્વપક્ષ છે.[૧૮૪]

સમવાય સંબંધનો સંબંધી વિના સંબંધ સ્વીકારવાથી - ગુણીમાં ગુણનો અભાવ સ્વીકારવાથી સંબંધની ઉપસ્થિતિમાં સંબંધીની ઉપસ્થિતિ નિયામક રહે નહીં. આથી સંયોગ સંબંધ સંબંધી રહિત સ્થાનમાં થવો જોઇએ.[૧૮૫] આમ તેને સમવાયની જેમ ભિન્ન પદાર્થ માનવો જોઇએ. પરન્તુ તેમ ન હોવાથી સમાધાન કરવા માટે જ્યાં સંબંધી હોય ત્યાં જ સંબંધ છે. અર્થાત સંબંધીનો નિયામક તરીકે સ્વીકાર કરવો જોઇએ.

સમવાય સંબંધ નિત્ય સંબંધ તરીકે સ્વીકારાયો છે. આથી તેનો નિર્વાહ-પાલન થાય તે માટે ઘટનો નાશ થવા છતાંય સૂક્ષ્મ ઘટનો સ્વીકાર કરવો જોઈએ. અહીં સાંખ્યમત એ દર્શાવે છે કે તાદાત્મ્યની પાછળ ગયેલ ઉપાદાન કારણની અભિવ્યક્તિ ચેતનથી જુદી છે.[१८६]

શંકા -૫ :

જયાં જન્ય સંબંધ હોય ત્યાં સંબંધી નિયામક હોય છે.

સમાધાન-૫ :

અહીં ગંધથી ભિન્ન ગુણમાં જ દ્રવ્ય ગુણી નિયામક છે. આથી ગંધ એના આશ્રય ચંપક વિના રહી શકે છે. આથી જ તેમાં સમાનતા છે.

શંકા -૬ :

સમવાય નિત્ય સંબંધ છે, જયારે સંબંધીઓ અનિત્ય છે. આથી જયાં જન્ય સંબંધ હોય ત્યાં સંબંધીઓ હોય. આમ અન્યથાનુપપત્તિથી જન્ય પદ ઉપાદાને કારણ બન્યું છે.[१८८]

પરંતુ ચંપક પુષ્પની સુગંધના દૃષ્ટાંતમાં અન્યથાનુપપત્તિ નથી. ચંપકના અવયવો-અણુઓ પવનથી દૂર સુધી ફેલાય છે, તેથી સુગંધનો અનુભવ થાય છે.

ગંધાતિરિકત-ગંધ વિનાના ગુણો જયાં સાધારણ યોગ્ય-તામાં નિયામક હોય ત્યાં દ્રવ્ય નિયામક છે. એટલે સામાન્ય નિયમ વ્યર્થ બને છે.[૧૮૯] અને આથી "ગંધાતિરિકત" એવું વિશેષણ ગૌરવદોષને લીધે વ્યર્થ છે.

સમાધાન-૬ :

અહીં "ગંધાતિરિકત" વિશેષણ પ્રામાણિક હોવાથી વ્યર્થ નથી, વળી દ્રવ્યાશ્રય વિના ગન્ધ-ગુણનો પણ અનુભવ થાય છે.

હવે તે અનુભવના પ્રભાવથી વિશેષણની વ્યર્થતા દૂર કરતાં અને ગૌરવદોષની પ્રામાણિકતા સમજાવતાં શ્રી વિઠ્ઠલનાથજી[૧૯૦] કહે છે કે જેમ વણિક સમુદાય વિવિધ ચર્મ-પોટલીઓમાં વીંટાળેલ કસ્તૂરીની ગંધ અનુભવે છે. અહીં કસ્તૂરીના અવયવો-અણુઓ-નું બહાર નીકળવું અને અપૂર્વથી-અદૃષ્ટથી તેઓનું અંદર પ્રવેશવું સંભવતું નથી.[૧૯૧]

બીજું કસ્તૂરીના અવયવો યોગ્ય હોવાથી, અર્થાત તેમાંથી ઉત્પન્ન સુગંધના ગુણવાળા હોવાથી, મુખ ખોલનારને તેના રસની અનુભૂતિ થવી જોઇએ.

જો આમ ન થાય તો કસ્તૂરીની ગંધ પણ પ્રાપ્ત ન થાય, કારણ કે ગંધની પ્રાપ્તિમાં-અનુભવમાં નિયામક-દ્રવ્યનો અભાવ જોવા મળે છે.[૧૯૨]

શંકા -૭ :

જયાં કંઇ પણ મળતું નથી, ત્યાં અદૃષ્ટની કલ્પના કરવી જોઇએ.[૯૩] આથી અદૃષ્ટ જ નિયામક છે.

સમાધાન-૭ :

શ્રી વિઠ્ઠલનાથજી આ સ્વયપૂર્વક કહે છે કે અવયવોનું બહાર નીકળવું, વળી તે અવયવોની પૂર્તિ થવી, તેના કારણરૂપ અદૃષ્ટની કલ્પના કરવી અને રસાદિના અનુભવમાં પ્રતિબંધક અન્ય અદૃષ્ટની કલ્પના કરવી તેમાં ગૌરવદોષ આવતો નથી અને "ગંધાતિરિકત" એટલું જ કહેતાં ગૌરવ આવી જાય છે ![૯૪]

હવે શ્રી વિઠ્ઠલનાથજી દ્રવ્યના અવયવ વિના પણ ગન્ધની સ્થિતિમાં અનુભવને પ્રમાણિત કરતાં કહે છે કે ઉગ્ર ગંધવાળા પુષ્પનો કે લસણનો સ્પર્શમાત્ર થાય તો પણ, હાથ માટીથી વારંવાર ધોવા છતાં તેની ગંધ દૂર થતી નથી.[૯૫] વળી સ્પર્શથી લાગેલા પુષ્પ કે લસણના અવયવો-અણુઓ એકવાર હાથ લૂછવાથી રહેતા નથી. તો વારંવાર તેમ કરવાથી અવયવો રહે જ નહિ. આથી ગંધ તેના આશ્રિત દ્રવ્ય કરતાં અધિક પ્રદેશમાં વિસ્તરેલા હોય છે.[૯૬]

ગુણ એના આશ્રય દ્રવ્ય વિના રહી શકે છે. કારણ કે દ્રવ્યનો નાશ થયા પછી ઓછામાં ઓછું એક ક્ષણ સુધી ગુણોનું અસ્તિત્વ ચાલુ રહે છે.[૯૭]

ઉપર્યુકત ન્યાયશાસ્ત્રના નિયમ પ્રમાણે પહેલાં દ્રવ્યનો

નાશ પછી ગુણનો નાશ થાય છે. દ્રવ્યના આશ્રય વિના નાશ પામતા ગુણો રહે છે, તેમ ગંધ પણ તેના આશ્રય વિના રહે છે. વળી-અનુભવથી દ્રવ્યથી અધિક પ્રદેશમાં ગુણની વૃત્તિ સ્વીકારવી જોઇએ.

આ જ વસ્તુ બ્રહ્મસૂત્રકાર "ગંધની જેમ વધારે જગ્યામાં"[198] સૂત્ર દ્વારા સમજાવતાં જીવનું અણુત્વ સિદ્ધ કરે છે. અર્થાત જેમ ગંધ પોતાના આશ્રય દ્રવ્ય ચંપક પુષ્પથી વિસ્તૃત પ્રદેશમાં રહે છે,[199] તેમ ચૈતન્ય પણ તેના આશ્રય જીવ કરતાં વધારે પ્રદેશમાં હોય છે.

વળી "જેમ પુષ્પોવાળા વૃક્ષનો ગન્ધ દૂર સુધી જાય છે, તેમ પુણ્ય-કર્મનો ગંધ પણ દૂર સુધી જાય છે.[200] અહીં "દૂર" પદ પુષ્પના અવયવોનો અભાવ સૂચવે છે.[201] અર્થાત પુષ્પના અવયવો નથી, તે દર્શાવવા દૂર પદ છે. ગંધ અને કીર્તિ પોતાના આશ્રય દ્રવ્યથી દૂર રહે છે, તેથી સાધર્મ્ય-સમાન ધર્મને લીધે કીર્તિ જ ગંધ છે.[202]

આ આત્મા હૃદયમાં છે,[203] (પ્ર.ઉ. ૩।૬। આ તે આત્મા હૃદયમાં છે; જે પ્રાણોમાં વિજ્ઞાનમય અને હૃદયમાં અન્તર્જયોતિ છે.[204]

હૃદય-ગુફામાં પ્રવેશેલા[205] ।ક.ઉ. ૧।૩।૧। વગેરે શ્રુતિ વાક્યો જીવની હૃદય-પ્રદેશમાં જ સ્થિતિ દર્શાવે છે, એટલે તે વ્યાપક નથી, પરંતુ અણુ જ છે.

જીવ પોતાના ચૈતન્ય ગુણથી જ સમ્પૂર્ણ શરીરમાં વ્યાપક બને છે તે માથાના વાળથી તે નખના અગ્ર સુધી[206] શ્રુતિમાં પ્રમાણિત થાય છે.

## સાંખ્ય-દર્શનમાં આત્માનું ચૈતન્ય :

સાંખ્ય-દર્શનમાં આત્મા-પુરૂષ ચિત્સ્વરૂપ માનવામાં આવે છે. ચૈતન્ય જ આત્મા કે પુરૂષ છે. આત્મા કે પુરૂષ વ્યાવહારિક અર્થમાં સર્વ વસ્તુઓને જાણતો નથી. કારણ કે તેનું જ્ઞાન શરીરની મર્યાદાઓમાં જ સંભવે છે. આથી સાંખ્યના પુરૂષમાં ત્રિગુણાદિથી વિપરીત ધર્મો હોવાથી પુરૂષનું સાક્ષીપણું, કૈવલ્ય, મધ્યસ્થપણું દૃષ્ટાપણું અને અકર્તૃત્વ સિદ્ધ થાય છે.[૨૦૭]

આત્મા-પુરૂષ વિશે વિજ્ઞાનભિક્ષુ સાંખ્યપ્રવચન ભાષ્યમાં સૂર્યપુરાણનો શ્લોક ટાંકતાં કહે છે કે જેમ એક વિશુદ્ધ મણિના ઉપર લાલ રંગની સામગ્રી રાખવાથી લોકોને તે લાલ રંગની દેખાય છે, તેવી જ અવસ્થા મહાન પુરૂષની છે.[૨૦૮]

આત્માનું ચૈતન્ય સાંખ્યદર્શનનો મહત્વપૂર્ણ વિચાર છે. સાંખ્યનો પુરૂષ સંબંધી વિચાર ઉપનિષદોના આત્મા-સંબંધી ધારણા દ્વારા નિર્ધારિત છે.[૨૦૯] ડૉ. રાધાકૃષ્ણનના મંતવ્ય અનુસાર ઉપનિષદો-બૃહદારણ્યક ઉપનિષદ ૪।૩।૧૬, શ્વેતાશ્વતર ઉપનિષદ ૬।૧૧ અને ૧૬, અમૃતબિંદુ, ૫।૧૦ સાંખ્યના પુરૂષ સંબંધી વિચારોના સંકેતો આપે છે.

આમ સાંખ્યદર્શનમાં પુરૂષ ચૈતન્ય લક્ષણવાળો હોવાનું પ્રતિપાદિત થયું છે.

## શ્રીમદ વલ્લભાચાર્યના મતાનુસાર જીવનું અણુત્વ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય જીવનો "અણુ" તરીકે સ્વીકાર કરે છે. આમ તેઓના મતાનુસાર જીવ બ્રહ્મનો અંશ હોઇ સત્ય છે અને તેનું વિભુત્વ ઔપચારિક છે. શ્રીમત્ શંકરાચાર્ય જીવની "વિભુ" તરીકે સ્વીકાર કરે છે. આમ તેઓ જીવ બ્રહ્મ જ હોવાથી "જીવ" ને ઔપચારિક માને છે અને વિભુત્વને સત્ય માને છે.

જીવ અણુ છે, વિભુ છે કે મધ્યમપરિમાણવાળો છે તે સંબંધમાં બ્રહ્મસૂત્ર ૨।૩।૧૯ થી સવિસ્તર ચર્ચા કરવામાં આવી છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય જીવના અણુપરિમાણ વિશે નીચેની દલીલો પ્રસ્તુત કરે છે.

૧. કૌષીતકિ ઉપનિષદ્, ૩।૩ અનુસાર જીવની ઉત્ક્રાંતિ, ગતિ અને આગતિ છે. આથી જીવ અણુ છે.

૨. બૃહદારણ્યક ઉપનિષદ્, ૪।૩।૯ અનુસાર "સ્વ" શબ્દ અણુપરિમાણવાળા જીવનો બોધ કરાવે છે.[૨૧૦]

૩. બૃહદારણ્યક ઉપનિષદ્, ૪।૪।૨૨ અનુસાર આત્મા "મહાન" "અજ" છે. અહીં આત્મા શબ્દ બ્રહ્મના અર્થમાં પ્રયોજાયો છે. જીવના અર્થમાં નહીં. આમ અન્ય અર્થમાં પ્રયુક્ત શબ્દો યોગથી - વ્યુત્પત્તિના બળથી - બ્રહ્મના અર્થમાં પ્રયોજાશે.[૨૧૧]

૪. શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૫।૯ અનુસાર જીવ અણુ છે.

૫. કૌષીતકિ ઉપનિષદ, ૩।૬ અનુસાર "પ્રજ્ઞા" તૃતીયા વિભક્તિમાં છે. તે પ્રજ્ઞા - ચૈતન્ય ધર્મ છે. જ્યારે જીવ ધર્મી

છે. આમ પ્રજ્ઞા જીવથી ભિન્ન રીતે વર્ણિત છે. આથી તે જીવનો ધર્મ છે. આમ જીવનું દર્શન યોગ-દૃષ્ટિ, ભગવદ્-દૃષ્ટિ અને દિવ્ય-દૃષ્ટિથી થાય છે.

૬. શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુસાર જીવમાં તેના બ્રહ્મના ગુણોનો સાર છે, તેથી જડમાં નથી. આમ જીવના સંબંધમાં બ્રહ્મનો વ્યપદેશ છે.[૨૧૨] જેમ પુંસ્ત્વ-પુરૂષત્વ બાલ્યાવસ્થામાં હોય છે અને તે જ યુવાવસ્થામાં પ્રકટ થાય છે, તેમ આનન્દાંશ જીવમાં હોય છે, તે જ મોક્ષાવસ્થામાં પ્રકટ થાય છે.[૨૧૩] આથી જ કહ્યું છે કે અહંતામમતાનો નાશ થતાં નિરભિમાની જીવ સ્વસ્વરૂપમાં રહીને "મુકત" કહેવાય છે.[૨૧૪]

## જીવની વ્યાપકતા અને અણુત્વના પ્રમાણો :

### શ્રી વિઠ્ઠલનાથજીએ સ્થાપેલ પૂર્વપક્ષ :

અદ્વૈત વેદાન્તની જેમ સાંખ્ય મત પણ જીવના ચૈતન્યને સ્વીકારે છે. જીવ સમ્પૂર્ણ શરીરમાં ચૈતન્ય સ્વરૂપે વ્યાપે છે, તેથી તેને અણુ કહી ન શકાય.[૨૧૫] જેમ અગ્નિ ઉષ્ણતા અને પ્રકાશથી યુકત હોય છે તેમ જીવ ચૈતન્ય છે. આથી અગ્નિનું દૃષ્ટાન્ત જીવનું ચૈતન્યપણુ-વ્યાપકતા સાધે છે અને અણુત્વનો બાધ કરે છે.[૨૧૬] આમ સાંખ્ય સિદ્ધાન્ત જીવની વ્યાપકતાનું સમર્થન કરે છે.

જીવનું અણુત્વ :

૧. શ્રી વિઠ્ઠલનાથજી જીવની વ્યાપકતાનો નિષેધ કરતાં જણાવે છે, તેનો વિદ્વાનોએ આદર કરવો જોઇએ નહિ. કેમ કે "પ્રજ્ઞા-ચૈતન્યથી શરીર પર આરૂઢ થઇને"[૨૧૭]... વાકયમાં પ્રજ્ઞા ચૈતન્ય-કરણ-સાધન છે અને આરૂઢ થનાર જીવ કર્તા છે. આમ સાધન અને કર્તા ભિન્ન હોય તો ચૈતન્ય અને જીવની ભિન્નતા યોગ્ય કહેવાય.

અહીં શ્રી ગિરિધરજી કહે છે કે પ્રજ્ઞા ચૈતન્ય સ્વરૂપ છે, તેથી જીવ તેની સાથે છે, એટલે જીવ સાથે હોવાથી ચૈતન્ય ભિન્ન છે. આમ જીવ ચૈતન્ય સ્વરૂપ નથી.[૨૧૮]

૨. ચૈતન્ય જીવથી ભિન્ન છે, તે સંબંધી બીજુ પ્રમાણ આપતાં કહે છે કે "પોતાના પ્રાણોના વિજ્ઞાને વડે ઇન્દ્રિયોના વિજ્ઞાનને લઇને"[૨૧૯] વાકયમાં "વિજ્ઞાનને લઇને" પદમાં વિજ્ઞાનને કર્મ છે, વિજ્ઞાન ગુણ છે. અહીં પણ ચૈતન્ય-વિજ્ઞાન અને જીવ ભિન્ન છે. કારણ કે સૂત્રકાર પણ ચૈતન્ય જીવથી ભિન્ન છે એમ ઉપદેશ હોવાથી ચૈતન્ય જીવનો ધર્મ છે" એમ કહે છે.

3. શ્રી વિઠ્ઠલનાથજી યુક્તિ દ્વારા ચૈતન્ય અને તેના ધર્મની ભિન્નતા સમજાવતાં કહે છે કે ઉષ્ણતાને અગ્નિ કરી શકાય નહિ, તેના કારણો આ પ્રમાણે છે.

(૧) મણિ કે મંત્રના પ્રભાવથી ઉષ્ણતા નહી, પરંતુ અગ્નિ અનુભવાય છે.[૨૨૧] આથી અગ્નિ ઉષ્ણતાના ગુણવાળો કહી ન શકાય.

(૨) સ્પર્શનો ગુણ ઉષ્ણતા અને શીતળતા છે. જો અગ્નિને ઉષ્ણતાયુકત માનીએ તે દ્રવ્ય ન કહેવાય.[૨૨૨]

(૩) પ્રકાશ એ અગ્નિ છે એમ કહી ન શકાય. કારણ કે તે ઉષ્ણજળમાં અગ્નિ છે. પરંતુ પ્રકાશ નથી.[૨૨૩] આથી પ્રકાશને અગ્નિ માનીએ તો ઉષ્ણજળમાં પ્રકાશ નથી હોતો, તેથી અગ્નિનો પણ અનુભવ ન થાય. પરંતુ ગરમ પાણીમાં અગ્નિનો અનુભવ થાય છે, તેથી પ્રકાશ અગ્નિ નથી.

(૪) જીવ વ્યાપક નથી. પરંતુ અણુ છે, તે સંબંધમાં અન્ય પ્રમાણ આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જીવ જયારે આ શરીરમાંથી બહાર નીકળે છે, ત્યારે સર્વ સાથે જ બહાર નીકળે છે,[૨૨૪] જે કોઇ આ લોકમાંથી જાય છે તે સર્વ ચંદ્ર-લોકમાં જ જાય છે,[૨૨૫] તે લોકમાંથી ફરી આ લોકમાં કર્મ કરવા સારુ આવે છે."[૨૨૬] શ્રુતિવાકયો જીવનું શરીરમાંથી ઉત્ક્રમણ, ગમન અને આગમન કહે છે, તેથી જીવ અણુ હોય તો જ આમ થઇ શકે. જીવની વ્યાપકતામાં ઉપર્યુકત કાર્ય થઇ શકતા નથી."[૨૨૭]

જેમ કોઇ મોટો રાજા પોતાની પ્રજાને સાથે લઇને પોતાના દેશમાં ઇચ્છાનુસાર ફરે છે, તેમ આ વિજ્ઞાનરૂપી પુરૂષ પણ જ્યારે સ્વપ્નમાં હોય ત્યારે પોતાની ઇન્દ્રિયોને સાથે લઇને પોતાના શરીરમાં ઇચ્છાનુસાર ફરે છે.[228] વળી તે "પોતે જ વિહાર કરીને"[229] શ્રુતિમાં વર્ણવેલ પરિવર્તન અને વિહાર જીવ અણુ હોય તો જ સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષ :

જીવ અને બ્રહ્મમાં અભેદ છે, એમ અભેદ-બોધકશ્રુતિ "તે તું છે,"[230] માં નિરૂપિત થયું છે. જીવ એ બ્રહ્મ તરીકે નિરૂપિત થયો હોઇ તે પણ બ્રહ્મની જેમ સર્વવ્યાપક જ કહેવાય. જીવ અણુ હોય તો ઉપર્યુક્ત શ્રુતિનો અર્થ સિદ્ધ થતો નથી. અર્થાત જીવ અણુ નથી, તેથી વ્યાપક છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જીવ અને બ્રહ્મનો અભેદ ઔપચારિક જ છે, જેમ મંત્રીને "રાજા" એવા પદનો પ્રયોગ કરીને સંબોધવામાં આવે તેમ જીવને બ્રહ્મ કહેવામાં આવે છે. વાસ્તવિક દૃષ્ટિએ જીવ બ્રહ્મ નથી. કારણ કે જીવમાં કોઇપણ સ્વાભાવિક ગુણ નથી.[231] પ્રજ્ઞા, ચૈતન્ય, દૃષ્ટૃત્વ વગેરે ગુણો ભગવાનના જ ગુણો છે, તે ગુણો ભગવાનના હોવાથી જ ઉત્તમ છે. આથી જ

કહયું છે કે એના વિના બીજો કોઇ જોણનારો નથી, એના વિના બીજો કોઇ સાંભળનારો નથી.[232]

જીવ બ્રહમનો અંશ છે, એટલે તેમાં ભગવાનના જ ગુણો રહેલા છે. આથી જીવમાં વિકારરહિત અંશત્વ છે, તેથી જ કહયું છે કે મારો જ અંશ જીવ લોકમાં સનાતન જીવભૂત છે.[233]

આમ જીવ બ્રહમનો અંશ હોવાથી "બ્રહમ" એવા નામથી ઓળખાય છે, આથી જીવ જડથી જુદો વિલક્ષણ કહેવાય છે.[234]

પૂર્વપક્ષ :

જીવ અને બ્રહમનો અભેદ ઔપચારિક છે, એમ શાથી જાણી શકાય ?

ઉત્તરપક્ષ :

ઉપર્યુકત પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી વિઠૃલનાથજી કહે છે કે બ્રહ્મના પ્રજ્ઞા, દ્રષ્ટૃત્વ વગેરે ગુણો જીવમાં પ્રધાન હોવાથી જીવને બ્રહમ કહેવામાં આવે છે, પ્રાજ્ઞની જેમ.[235]

જીવ-આત્મા અવિનાશી છે, એવો તેનો ધર્મ છે.[236] શ્રુતિના આધારે જીવ સહજ રીતે અણુ પરિમાણવાળો છે.

વિસ્ફુલિંગન્યાય પ્રમાણે અગ્નિમાંથી જેમ તણખાં ઝરે છે, તેમ બ્રહ્મમાંથી જીવો વ્યુચ્ચરે છે.[237]

ભગવાને જીવોને બે કારણોને લીધે આવિર્ભૂત કર્યાં છે. ૧. સ્વ-સેવા એટલે ભગવાનની સેવા. ૨. ભગવાનના ઐશ્વર્યનું પ્રકટીકરણ.[૨૩૮]

જીવ સહજ રીતે હરિનો દાસ છે અને ભગવાનનો અંશ હોવાથી બ્રહ્મરૂપ છે. આથી સ્વ-સ્વભાવરૂપ પ્રભુ શ્રી ગોકુલના ચરણકમળનું દાસ્ય એ જ સ્વધર્મ છે.[૨૩૯]

વળી "જીવો અનંત અવિનાશી; તત્સ્વરૂપે જ નિત્ય અને સર્વવ્યાપી હોય તો જીવોમાં અને ભગવાનમાં સમાનતા આવે, આથી જીવો શાસ્ય-નિયમ્ય કહેવાય નહિ."[૨૪૦] વેદ સ્તુતિના આ વાક્યોથી પણ ભગવાનનું દાસ્ય અધિક રસયુક્ત છે.

ભગવાન જીવના સેવાભાવથી સત્યની સંતુષ્ટ થઈને સ્વયં પ્રગટ થઈ ગુણો-ભગવદ્-ગુણોનું દાન કરે છે અને સ્વરૂપાનંદનો અનુભવ કરાવવા માટે જીવનો પોતાની અંદર પ્રવેશ કરાવે છે.[૨૪૧]

પ્રભુનો જીવ પર અનુગ્રહ કૃપા થાય તો તેને પોતાની પાસે છે. આથી જ ભગવાન કહે છે સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને એકત્વ પણ આપવામાં આવે તો પણ લોકો મારી સેવા વિના લેતાં નથી.[૨૪૨] આમ ભગવાનનું દાસ્ય અધિક રસયુક્ત છે.

આ પ્રમાણે જીવનું પરિમાણ સ્વાભાવિક છે. વળી બ્રહ્મ-સૂત્રાદિના આશય અનુસાર જીવ અણુ જ છે એમ નિશ્ચય કરવામાં આવ્યો છે.

## "ઉત્ક્રાંતિગત્યધિકરણ" ના સૂત્રોના શાંકર મતનું નિરાકરણ :

"જીવ અણુ છે" એમ સમજાવવા માટે શ્રી વિઠ્ઠલનાથજી શાંકરમતના જીવના વ્યાપક સ્વરૂપનું નિરાકરણ કરે છે. જ્યારે શ્રી શંકરાચાર્યે જીવની વ્યાપકતા સમજાવવા માટે ઉત્ક્રાંતિ ગત્યધિકરણના દસ સૂત્રોમાં "જીવ અણુ છે" એમ પૂર્વપક્ષ સ્થાપે છે અને પછી અગિયારમાં સૂત્રમાં સિદ્ધાન્તરૂપે સ્વમતનું સ્થાપન કરે છે.

"ઉત્ક્રાંતિગત્યધિરણ" ના દસ સૂત્રોનો શંકરાચાર્યે પૂર્વપક્ષમાં સમાવેશ કર્યો છે, તે નીચે મુજબ છે.

૧. જીવાત્મા અણુ છે, કારણ કે શ્રુતિમાં તેની ઉર્ધ્વ ગતિ, ગમન અને આગમનને બતાવનારાં વાક્યો છે.[૨૪૩]

૨. જીવાત્મા અણુ છે, કારણ કે ગમન અને આગમનનો સંબંધ જીવ સાથે છે.[૨૪૪]

3. જીવાત્મા અણુ નથી, કારણ કે શ્રુતિમાં એને મહાન કહયો છે. આ કથન બરાબર નથી, કારણ કે શ્રુતિમાં પરમાત્માને મહાન કહયો છે અને ત્યાં પરમાત્માનું પ્રકરણ છે.[૨૪૫]

૪. જીવાત્મા અણુ છે, કારણ કે શ્રુતિમાં જીવાત્માને ઉદ્દેશીને "અણુ" એ શબ્દ વાપર્યો છે અને એનું માપ પણ બતાવ્યું છે.[૨૪૬]

૫. જેમ ચંદનનું એક ટપકું પણ આખા શરીરને શાંતિ આપે છે, તેમ જીવાત્મા અણુ હોવા છતાં આખા શરીરનો અનુભવ લે છે.[૨૪૭]

૬. ચંદન તો એક ઠેકાણે છે અને જીવ તો સર્વવ્યાપી છે, એ કથન બરોબર નથી, કારણ કે જીવાત્મા હૃદયમાં છે, એમ શ્રુતિ સ્વીકારે છે.[૨૪૮]

૭. જેમ લોકમાં દ્રવ્યનો ગુણ વ્યાપક બને છે, તેમ જીવાત્માનો ચૈતન્ય ગુણ વ્યાપક છે."[૨૪૯]

૮. જેમ સુગંધ ગુણ પદાર્થથી જુદો રહે છે, તેમ ચૈતન્ય ગુણ જીવાત્માથી જુદો પડી શરીરમાં બધે ફેલાય છે.[૨૫૦]

૯. શ્રુતિ એ જ બાબત કહે છે.[૨૫૧]

૧૦. જીવાત્મા અને તેનો ચૈતન્ય ગુણ જુદો છે એમ શ્રુતિમાં જણાવ્યું છે.[૨૫૨]

હવે સિદ્ધાન્ત પક્ષમાં નીચેનાં સૂત્રમાં જીવની વ્યાપકતા નિરૂપિત છે.

જેમ ચેતન આત્મા ઉપાસના માટે અણુ જેવો છે, તેમ બુદ્ધિના ગુણને લીધે જીવ અણુ જેટલો ગણાય છે.[૨૫૩]

જીવની વ્યાપકતા વિશે શ્રી શંકરાચાર્ય કહે છે કે જે પરિમાણવાળા પરબ્રહ્મ છે, તે જ પરિમાણ જીવનું પણ છે. પરબ્રહ્મની વ્યાપકતા વેદમાં કહી છે, માટે જીવ વ્યાપક છે.[૨૫૪]

વળી બુદ્ધિરૂપ ઉપાધિના ગુણો વિના કેવળ આત્મા-પરમાત્માને સંસારીપણું નથી. અર્થાત્ બુદ્ધિની ઉપાધિનો ધર્મ અધ્યાસને કારણે છે, તેથી આત્માને કર્તાપણું અને ભોક્તાપણારૂપ-સંસારીપણું પ્રાપ્ત થાય છે.[૨૫૫] આમ જીવ બ્રહ્મનું જ સ્વરૂપ હોઇ વિભુ વ્યાપક છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યનો "ઉત્ક્રાંતિગત્યાગતીનામ" અધિકરણનો વિચાર :

શ્રીમદ્ વલ્લભાચાર્ય ઉત્ક્રાંતિ....વગેરે ઉપર્યુક્ત દસસૂત્રોમાં જીવનું અણુત્વ સિદ્ધાન્તરૂપે સ્વીકારે છે. જીવ બ્રહ્મથી વિલક્ષણ છે એવું દર્શાવવા જીવના ઉત્ક્રમણ વિશે કહેવાયું છે.[૨૫૬] આમ ઉત્ક્રાંતિ જીવની જ હોય છે. બ્રહ્મની નહીં. આથી જીવ અણું છે.

૧. જીવનો ઉત્ક્રાંતિ વગેરે સાથેનો સંબંધ સમજાવતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રુતિના ઉદાહરણો આપતાં કહે છે કે જેમ કરોળિયો તંતુઓને ઉત્પન્ન કરે છે અને ખેંચી લે છે, તેમ જીવ જાગૃતિ અને સ્વપ્નમાં જાય છે અને ફરીથી આવે છે." (બ્ર.ઉ.)[૨૫૭]

૨. આ જીવની સાથે આત્મા વડે પ્રવેશ કરીને (છાં. ૬।૩।૨)[૨૫૮]

૩. બ્રહ્મમાં લય પામે છે. (બૃ.ઉ. ૪।૪।૬)[૨૫૯]

૪. ઇચ્છાનુસાર રૂપવાળો થઇને ફરે છે. (તૈ.ઉ. ૩।૧૦)[૨૬૦]

ઉપર્યુક્ત ચાર શ્રુતિ વાક્યો દ્વારા જીવની છ અવસ્થાઓ પ્રદર્શિત થઇ છે.[૨૬૧]

પહેલી શ્રુતિમાં જાગૃતિ અને સ્વપ્ન અવસ્થાઓ, બીજી શ્રુતિમાં સૃષ્ટિ, ત્રીજી શ્રુતિમાં બ્રહ્મ સાયુજ્ય અને સુષુપ્તિ અને ચોથી શ્રુતિમાં મુક્તિ. આમ જીવ છ અવસ્થાઓમાં પોતાના સ્વરૂપમાં જ સ્થિર રહે છે.

જાગ્રત અવસ્થામાં જીવનો દેહ સાથે સંબંધ હોય છે, તેમ છતાં સ્વપ્નાવસ્થામાં ઇન્દ્રિયોનો લય થવાથી કેવલ સાક્ષી જ રહે છે. આથી જીવને ઉપાધિ હોતી નથી.[262]

સૃષ્ટિ સર્જનાવસ્થામાં જીવના અનુપ્રવેશ થતાં પહેલાં ઉપાધિ હોતી નથી, બ્રહ્મ સાયુજ્ય અને સુષુપ્તિમાં ય ઉપાધિ હોતી નથી, અને મુક્તાવસ્થામાં પણ ઉપાધિ નથી.

શ્રીમદ્ વલ્લભાચાર્યે જીવ અને બ્રહ્મની એકતા વિશે સ્પષ્ટતા કરતાં જણાવે છે કે જીવ પરબ્રહ્મ હોય તો તેનું અણુત્વ કેમ હોય ? કારણ કે પ્રજ્ઞા, દ્રષ્ટૃત્વ વગેરે બ્રહ્મના જ ગુણો જીવમાં સારરૂપે છે, એટલે જડ કરતાં વિલક્ષણતા આપનારાં છે, આથી જ જેમ મંત્રીને ઉપચાર-ગૌણ રીતે રાજા કહેવામાં આવે તેમ જીવને પણ ઉપચારથી ભગવાન કહેવાય છે.[263]

વળી પહેલાં જીવનો આરંભ કરીને તેને જાણનાર સર્વના વિજ્ઞાન માટે સર્વનું બ્રહ્માત્મકત્વ કહેવાય છે. આથી વેદાદિ પણ તેના નિઃશ્વાસરૂપ છે, તેથી બ્રહ્મના ધર્મોનું તેમાં પણ જ્ઞાન થવાથી જીવને ભગવાન કહેવાય છે.[264]

"ઉત્ક્રાંતિ" વગેરે સૂત્રોના નિરાકરણ માટે - શ્રી વિઠ્ઠલનાથજીએ સ્થાપેલ પૂર્વપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી શાંકરમત અનુસાર "ઉત્ક્રાંતિગત્યધિકરણ"ના પ્રથમ દસ સૂત્રો બ્ર.સૂ. ૨. ૩. ૧૯ થી ૨૮ સુધીનો પૂર્વપક્ષ તરીકે

ઉલ્લેખ કરે છે અને ત્યારપછીના બ્ર.સૂ. ૨. ૩. ૨૯ સૂત્રનો સિદ્ધાંત તરીકે ઉલ્લેખ કરે છે."[૨૬૫]

શ્રી શંકરાચાર્યે જીવને અણુ તરીકે પૂર્વપક્ષમાં રજૂ કરે છે, જ્યારે ઉત્તરપક્ષમાં જીવની વ્યાપકતાનું પ્રતિપાદન કરે છે.

શ્રી વિઠ્ઠલનાથજી શાંકર સિદ્ધાન્તનો ઉલ્લેખ કરતાં કહે છે કે ઉપાધિના ગુણરૂપ અણુત્વ વગેરેથી જીવમાં અણુત્વ વગેરે કહેવાય છે.[૨૬૬]

આવા જ વિચારોનો બ્ર.સૂ. ૨. ૩. ૨૯ માં સિદ્ધાન્ત પક્ષમાં ઉલ્લેખ કરતાં શ્રી શંકરાચાર્યે કહે છે કે આ રીતે ઉપાધિના ગુણના સારને લીધે પ્રાજ્ઞ-પરમાત્માની જેમ જીવનું અણુત્વ કહેવાય છે.[૨૬૭]

શ્રીમત્ શંકરાચાર્યે જીવને વ્યાપક હોવાનું સિદ્ધ કરતાં કહે છે કે પરબ્રહ્મ જ જીવ છે, તેથી જે પરિમાણ પરબ્રહ્મનું છે, તે પરિમાણ જીવનું પણ થવા યોગ્ય છે. પરબ્રહ્મની વ્યાપકતા વેદમાં કહેલી છે, જેથી જીવ વ્યાપક છે.[૨૬૮]

શ્રી વિઠ્ઠલનાથજીએ સિદ્ધાન્તપક્ષમાં સ્થાપેલ જીવનું અણુત્વ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે શ્રુતિ, સ્મૃતિ અને ન્યાયથી વિરુદ્ધ હોવાથી અને પહેલાં જ નિરાકરણ થઇ ગયું હોવાથી બુદ્ધિરૂપી ઉપાધિથી જીવને અણુ કહેવો શક્ય નથી.[૨૬૯]

બીજું, બુદ્ધિરૂપી ઉપાધિનું ઉત્ક્રમણ થતાં પહેલાં ઉપહિત જીવનાં ઉત્ક્રમણ વગેરે શક્ય નથી. આમ બુદ્ધિના ઉત્ક્રમણથી જીવનું ઉત્ક્રમણ થઇ શકતું નથી.[૨૭૦]

શ્રુતિ કહે છે કે ઉત્ક્રમણ કરનાર જીવની પાછળ પ્રાણ ઉત્ક્રમણ કરે છે.[૨૭૧] આથી જીવનું ઉત્ક્રમણ એ સર્વનું ઉત્ક્રમણ કહેવાય છે.[૨૭૨] અર્થાત્ જીવના ઉત્ક્રમણ પહેલાં બુદ્ધિ-ઉપાધિનું ઉત્ક્રમણ થાય તો ઉપર્યુક્તશ્રુતિવાક્ય ખોટું પડે !

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે બુદ્ધિરૂપી ઉપાધિના ગુણો અનર્થરૂપ હોવાથી તેને સાર કહી ન શકાય. પરંતુ ભગવાનના ગુણો જ સાર છે.[૨૭૩]

શ્રુતિ કહે છે કે એ જ્યાં શયન કરે છે ત્યાં બધીય ઇન્દ્રિયો-વાળા આ લોકમાંની એક જ ઇન્દ્રિય લઇને પોતે વિહાર કરે છે, પોતે જ નિર્માણ કરે છે, પોતાના પ્રકાશથી અને પોતાની જ્યોતિથી શયન કરે છે.[૨૭૪]

ઉપર્યુક્ત શ્રુતિના વાક્યથી અને ન્યાયથી ચૈતન્યનો બોધ કરનાર "સ્વયં વિહાર કરીને" એ મંતવ્ય સિદ્ધ થતું નથી.[૨૭૫]

સિદ્ધાન્તશોભા ટીકામાં એમ કહયું છે કે જો "વિહાર" ને ઉપાધિનો જ ગુણ માનીએ તો "લોકની જેમ આ કેવળ લીલા છે," એ ન્યાય છે. આ ન્યાય પદ પૂર્વપક્ષ વગેરે પંચાંગનું સાધર્મ્ય-ધર્મપણું સૂચવે છે. વળી વ્યાપક જીવની ક્રિયા સંભવતી નથી, તે પૂર્વપક્ષનો ઉત્તરપક્ષ લીલા છે.[૨૭૬]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે શ્રી શંકરાચાર્ય ભગવાનની આજ્ઞાથી ઉમાપતિ શંકર દ્વારા પ્રવર્તિત માર્ગનું અનુસરણ કરે છે, તેથી વધારે લખવાનું કોઇ પ્રયોજન નથી.[૨૭૭]

ઉપર્યુક્ત મંતવ્યની ચર્ચા સિદ્ધાન્તશોભામાં આ પ્રમાણે કરવામાં આવી છે. ઉમા ભગવાનની રાજસી શક્તિ છે. જગત્સર્જનમાં નિયામક અંશ ભગવાન શંકર તેના પતિ છે. સગુણ શાસ્ત્રોનું અનુસરણ કરતી તે સૃષ્ટિ-જગતની વૃદ્ધિ કરે છે. આમ ગુણપ્રધાન અને માયાપ્રધાન શાસ્ત્રોની રચના કરવા પ્રભુએ આજ્ઞા આપી.

વળી વ્યાસ મહાન છે, તેમ શંકર પણ મહાન છે એ નિબંધના વાક્ય અનુસાર અને સુરેશ્વરના કહયા પ્રમાણે સ્વયંભૂ-શંકર સાક્ષાત શંકર-શંકરાચાર્ય છે. આવા વાક્યોનું માન રાખતાં ઉમાપતિ દ્વારા પ્રવર્તિત શાસ્ત્રોનું પ્રતિપાદન કર્યું, એમ જાણી શકાય છે.[૨૭૮]

બીજું, જીવવાચક "સ્વ" શબ્દ અને પરિમાણથી પણ જીવ અણુ છે એ બ્રહ્મસૂત્રના અણુભાષ્યમાં પણ કહયું છે કે વ્યાપક કે શરીરના પરિમાણના જીવનો સ્વપ્નમાં વિહાર સંભવતો નથી. આથી જીવ વ્યાપક નથી, પરંતુ અણુ છે.

"અને જીવ બ્રહ્મનો આભાસ છે," સૂત્ર અનુસાર જેમ જેમ અનાચારી બ્રાહ્મણમાં સર્વ બ્રાહ્મણધર્મનો અભાવ હોવાથી બ્રાહ્મણાભાસ એવો પ્રયોગ થાય છે, તેમ જીવમાં આનંદાંશનો તિરોભાવ

થયો હોઇ બ્રહ્મના બધા ધર્મોનો અભાવ હોય છે.[૨૮૨] જીવ બ્રહ્માંશ છે, એટલે બ્રહ્મરૂપ છે. અર્થાત્ જીવ બ્રહ્મનો આભાસ છે એમ સૂત્રમાં કહ્યું છે, જીવ મિથ્યા છે એમ કહ્યું નથી.

## સમીક્ષાત્મક નોંધ

શ્રી વિઠ્ઠલનાથજીએ બ્રહ્મના અંશ તરીકે જીવનું નિરૂપણ કરીને જીવનું અણુ-પરિમાણ સમજાવ્યું છે. જીવ એ અણું છે, તે તો ઉપનિષદોમાં પ્રતિપાદિત છે. પરંતુ શુદ્ધાદ્વૈત દર્શનમાં જીવનું અણુત્વ વિશેષતયા પ્રતિપાદિત છે. વિદ્વન્મંડનમાં જીવના અણુત્વનો સૂક્ષ્મ વિચાર કરવામાં આવ્યો છે.

જીવના અણુત્વની સાથે જીવની વ્યાપકતાનો પણ વિચાર આવે છે. અહીં કેવલાદ્વૈત વિચાર અને સાંખ્ય સિદ્ધાંતને પૂર્વપક્ષમાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ અંશ-જીવના અણુ પરિમાણનું વિવિધ શાસ્ત્ર પ્રમાણો અને યુક્તિપ્રમાણો દ્વારા નિરૂપણ કર્યું છે, તેમાં તેમણે મુખ્યત્વે શ્રીમદ્ વલ્લભાચાર્યની જ શાસ્ત્ર પ્રમાણોનો આધાર લીધો છે. યુક્તિ પ્રમાણો તેમણે સ્વકીય તર્કો દ્વારા આપ્યાં છે.

બ્રહ્મસૂત્રના વિવિધ સૂત્રોમાં પણ જીવના અણુત્વનું જ નિરૂપણ છે. જેમ ગંધ પોતાના ધર્મ કરતાં વિસ્તૃત ક્ષેત્રમાં હોય છે, તેમ જીવ-ચૈતન્ય પોતાના કરતાં અધિક પ્રદેશમાં રહે છે, તે સિદ્ધાંતસૂત્રમાં પ્રતિપાદિત છે. શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાના સિદ્ધાંતના સમર્થન માટે નૈયાયિક મતનો પણ આધાર લીધો છે.

જીવની સ્થિતિ હૃદયપ્રદેશમાં છે, તેથી પણ જીવનું અણુત્વ પ્રમાણિત થાય છે.

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં જીવનું અણુત્વ જ જીવની ભગવાનના "દાસ" તરીકેની અનુભૂતિનું પરિચાયક છે. જ્યારે કેવલાદ્વૈત બ્રહ્મવાદમાં જીવ જ બ્રહ્મની અનુભૂતિનું પરિચાયક છે. આમ પુષ્ટિભક્તિમાર્ગીય રીતે અણુત્વ એ "દાસત્વ" ભાવની વૃદ્ધિ કરે છે.

જીવનું અણુત્વ બ્રહ્મના વિરુદ્ધધર્માધારને પણ પ્રતિપાદિત કરે છે. કારણ કે બ્રહ્મ નાનામાં નાનું અને મોટામાં મોટું છે. આમ બ્રહ્મ વિરુદ્ધધર્મોનો આશ્રય છે. જીવના અણુત્વ પરથી સમજાય છે. કારણ કે અણુ-જીવ નિયમ્ય છે, જ્યારે મહાન-બ્રહ્મ નિયામક છે. આમ જીવ બ્રહ્મના નિત્ય સંયોગમાં રહે તો જીવમાં પણ આનન્દાંશનો આવિર્ભાવ થાય છે. સંક્ષેપમાં કહીએ તો અણુ-જીવ બ્રહ્મના દર્શન પછી વ્યાપક અને અપરિચ્છિન્ન બને છે. આમ અનન્ત શક્તિ બ્રહ્મની વિરુદ્ધધર્માશ્રયતા ભગવદ્ભાવ અને લીલાના સ્વરૂપનું અનુસંધાન કરાવે છે.

## पाद टीप

1. त॰ दी॰ नि॰, 1/54 : आनन्दांशाभिव्यक्तौ तु तत्र ब्रह्माण्डकोटयः ।
   प्रतीयेरन् परिच्छेदो व्यापकत्वं च तस्य तत् ॥

2. बृ॰ उ॰ : उर्णनाभिर्यथा तन्तून्सृजते संचरत्यपि ।
   जाग्रत्स्वप्ने तथा जीवो गच्छत्यागच्छते पुनः ॥

3. छां॰ उ॰, 6/3/2 : अनेन जीवेनात्मनानुप्रविश्य...

4. बृ॰ उ॰, 4/4/6 : ब्रह्माप्येति ।

5. तै॰ उ॰, 3/10 : कामरूप्यनुसंचरन् ।

6. भा॰ पु॰, 2/3/20 : तासु जाग्रत्युपाधिपरिष्वङ्गेऽपि स्वप्न इन्द्रियाणां
   लयेन साक्षिण एव केवलस्य सर्वादुपाधिशून्यत्वं
   सृष्टावप्येवमनुप्रवेशस्योपाधिसंबन्धघटकत्वादनु
   प्रवेशदशायां पूर्वं तदभावः । अप्ययः सुषुप्तेरप्युच
   लक्षकः, तत्राप्युपाधिलयात् कैवल्यम् मुक्तौ तु
   प्राणोऽपि नास्ति बुद्धिरपि, तथा चैतच्छ्रुत्युक्तयो
   र्गत्यागत्योः केवलस्वरूपसाध्यत्वात् स्वतोऽणुरेवेत्यर्थः ।

7. ब्र॰ सू॰, 2/3/20 : स्वात्मना चोत्तरयोः ।

8. म॰ भा॰, 3/197/17 : अङ्गुष्ठमात्रं पुरुषं निश्चकर्ष यमो बलात् ।

9. अ॰ भा॰, 2/3/20 : अतो मध्यपरिमाणमयुक्तमित्यणुरेव भवति ।

2 10. S.B. P.74 : Just as Candana though applied to one part produces coolness in the whole body, Similarity the Caitanya of jivatman. atomic as he is, spreads over the whole body.

11. भा.द., भा. 2 : पृ. 745, 10

12. वही भा.2 : पृ. 742, 9

13 T.V., P.94 : Madhva understands the world 'amsa' to 'mean literally तद्भिन्नत्वे सति तच्छेषत्वम् ।

14. "ततो न्यूनत्वे सति किंचितत्सदृशत्वम् ।"

15 द्वा.द.सं., 11/97, पृ. 299 : ....प्राभाकारा: किलात्मानम् । चिदचिद्रूपं प्राहुर्भाट्टा: सुप्तावुभयदृष्ट: ।

16 भा.पृ., 2/3/53 : माध्वास्तु – अंशान् द्विविधान् वदन्ति । केचिदभिन्ना: करचरणादिवत्, केचिद्भिन्ना: पुत्रादिवत् । तत्राद्या मत्स्याद्यवतारा: । द्वितीया जीवा: ।

17 अ. भा., 2/3/46 : जीवस्यांशत्वे हस्तादिवत् तद्दु:खेन परस्यापि दु:खित्वं स्यात्.... ।

18 तत्रैव, 2/3/46 : द्विष्टत्वेनाऽनुभव इति यावत् । अन्यथा, सर्वस्यत्वात् ।

6351

19 तत्रैव, 2/3/46 : अतो द्वैतबुद्धया अंशस्यैव दुःखित्वं, न परस्य ।

20. तत्रैव, 2/3/46 : ..प्रकाशः प्रकाश्यदोषेण यथा न दुष्टः ।
रूपस्यापि तदंशत्वादिति ।

21. Sv. B.. p. 90: Still brahman is adhika, greater than the jivatman.

22. अ.भा., 2/3/48 :... विधिनिषेधौ, जीवस्य देहसम्बन्धात्... ।

23 तत्रैव, 2/3/41 : तत्संबन्धादेव जीवे कर्तृत्वं तदंशत्वादैश्वर्यादिवत् ।

24 श्वे. उ. 6/13 : नित्यो नित्यानां चेतनश्चेतनानामेको
बहूनां यो विदधाति कामान् ।

25 मु.उ., 3/1/9 : एषोऽणुरात्मा चेतसा वेदितव्यः ।

26 छां.उ., 3/12/6 : पादोऽस्य विश्वा भूतानि ।

27 तै.उ., 2/6 : एको हं बहु स्याम् ।

28 ब्र.सू., 2/3/46 : प्रकाशादिवन्नैव परः ।

29 अ.भा., 2/3/48 : जीवस्यांशत्वे हस्तादिवत् तद्दुःखेन
परस्यापि दुःखित्वं स्यादिति ।

30 श्रीमद्भाग.,11/23/56 : नाग्नेर्हि तापो न हिमस्य तत्स्यात् ।

31 ब्र.सू., 2/3/48 : अनुज्ञापरिहारौ देहसम्बन्धाज्ज्योतिशादिवत् ।

32 अ.भा., 2/3/48 : विधिनिषेधौ जीवस्य देहसंबंधात्...

33 वि.मं. पृ. 68 : जीवानां स्वतन्त्रभिन्नत्वे चैकविज्ञानेन-
सर्वविज्ञानप्रतिज्ञानुपपत्तिः । पृ.

3.4

34. न्या. सि. मु., 63 : अलौकिकस्तु व्यापारस्त्रिविधः परिकीर्तितः
सामान्यलक्षणो ज्ञानलक्षणो योगजस्तथा ॥

35. छां. उ., 6/1/4 : यथा सौम्यैकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं
विज्ञातं स्यात् ।

36. छां. उ., 6/2/1 : सदेव सोम्येदमग्र आसीत् ।

37. सु. उ. 2 : अव्यक्तमक्षरे लीयते अक्षरं तमसि लीयते
तमः परे देवे एकीभवति ।

38. ब्र. सू., 2/3/17 : नात्मा श्रुतेर्नित्यत्वाच्च ताभ्यः ।

39. ब्र. सू. शां. भा. 2/3/17...अग्निस्फुलिङ्गादिनिदर्शनैर्जीवात्मनः
परस्माद् ब्रह्मण उत्पत्तिराम्नायते ।

40. तत्रैव., 2/3/17 : लक्षणभेदो ऽप्यनयोरुपाधिनिमित्त एव ।

41. अ. भा., 2/3/17 : विस्फुलिङ्गवदुच्चरणं नोत्पत्तिः ।
नामरूपसम्बन्धाभावात् ।

42. ब्र. सू., 2/3/17 : "नात्मा श्रुतिर्नित्यत्वाच्च ताभ्यः

43. श्वे. उ., 6/13 : नित्यो नित्यानां चेतनश्चेतनाना-
मेको बहूनां यो विदधाति कामान् ।
तत्कारणं साङ्ख्ययोगाधिगम्यं-
ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ।

44 बृ. उ., 3., 2/1/20 : यथाऽग्ने क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्यादात्मनः सर्वे प्राणा सर्वे लोका सर्वे देवा सर्वाणि भूतानि व्युच्चरन्ति ।

45 वि.मं., पृ. 170 : परिच्छिन्नस्य शरीरस्याभावेन तस्मिन्‌जीवागमनस्याप्यभावेनोऽन्यत्तित्स्वरूपम्‌ ।

46 सुबो., का., 2/6/1 : अनित्ये जननं नित्ये परिच्छिन्ने समागमः ।
नित्यापरिच्छिन्नतनो प्राकट्यं चेति सा त्रिधा ॥

47 वि.मं., पृ. 170 : व्युच्चरणं नोत्पत्तिः ।

48 त.दी.नि. 1/56 : योगेन भगवदृष्टया दिव्यया वा प्रकाशते ।

49 वि.मं., पृ. 171 अंशत्वम्, अंशिनः सकाशात्‌-विभागत्वम्, अणुत्वम्, अंशिन अंशान्महत्वं पुनरंशस्यांशिनि प्रवेशयोग्यत्वं, प्रवेशे सत्यभेद प्रतीतिविषयत्वं, पुनर्निगमनयोग्यत्वं ।

50 तत्रैव, पृ. 171 : श्रुतिः सर्वधर्मबोधकोक्यर्थमाग्निविस्फुलिङ्गदृष्टान्तोक्तवती ।

51 भ.गी., 15/3 : "ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।

52 ब्र.सू., 2/3/43 : अंशो नानाव्यपदेशात्‌.... ।

53 भ.गी., 13/16 : अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम्‌ ।

54 त.दी.नि., 1/26 : अनन्तमूर्ति तद् ब्रह्म ह्यविभक्तं विभक्तिमत्‌ ।
बहुस्यां प्रजायेयेति वीक्षा तस्य ह्यभूत्‌ सती ॥

55 श्वे. उ., 5/9 : बालाग्रशतभागस्य शतधा कल्पितस्य तु ।
भागो जीवः विज्ञेय.... ॥

56 मु.उ., 3/1/9 : एषोऽणुरात्मा चेतसा वेदितव्यो..... ।

57 ब्र.सू., 2/1/22 : अधिकं तु भेदनिर्देशात् ।

58 बृ.उ., 3/4/6 : ब्रह्मैव सन् ब्रह्माप्येति ।

59 भ.गी., 18/53 : अहंकार बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शीतो ब्रह्मभूयाय कल्पते ॥

60 ब्र.सू., 1/1/18 : अस्मिन्नस्य च तद्योगं शास्ति ।

61 सुबो., 1/2/39 : अर्जुन स्य रथः सर्वथा परिपाल्यः अत एव
तस्य रथः कुटुम्बं यस्य ।
विविधो जयो विगतो जयो यस्येति विजयं अर्जुनः ।

62 भ.गी., 18/24

63 तत्रैव, 18/55

64 बृ.उ., 2/4/11 : स यथा सर्वासामपां समुद्रं एका-
यनं.... सर्वेषां वेदानां वागेकायनम् ।

65 तत्रैव, 2/4/12 : स यथा सैन्धवखिल्य उदके प्रास्त उदकमेवानुविलीयेत..
विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानु
विनश्यति न प्रेत्य संज्ञाऽस्ती ....

7

66 बृ.उ., 2/4/14 : यत्र हि द्वैतमिव भवति...

तदितर इतरं पश्यति....

विज्ञातारमरे केन विजानीयादिति ।

67 ब्र.सू., 1/1/9 : गतिसामान्यात् ।

68 अ.भा., 1/19 : आदिमध्यावसानेषु शुद्ध ब्रह्मण एवोपादानात्

सर्वेषां वेदान्तानां ब्रह्मसमन्वय उचित इति ।

69 ब्र.सू., 1/3/2 : मुक्तोपसृप्यव्यपदेशात् ।

70 अ.भा., 1/3/3 :..मुक्तानां जीवन्मुक्तानां...तदुपसृप्यता-

व्यपदिश्यते ।

71 छां. उ., 8/15/1 : न च पुनरावर्तते ।

72 ब्र.सू., 4/4/21 : अनावृत्तिः शब्दात्.... ।

73 छां. उ., 4/15/6 : इमं मानवमावर्तं नावर्तन्ते ।

74 भाग., 5/6/18 : भगवान् भजतां मुकुन्दो मुक्तिं

ददाति कर्हिचित्स्य न भक्तियोगम् ।

75 वि.मं., पृ. 176 : मुक्ता अपि लीलाविग्रहं कृत्वा भजन्ते ।

76 ब्र.ज्ञा.मा., श्लो.20 : ...जीवो ब्रह्मैव नापरः ।

77 भ.गी.शां.भा., 16/55 : फलान्तराभावज्ञानमात्रमेव,

क्षेत्रज्ञं चापि मां विद्धीत्युक्तत्वात् ।। {13/2}

78 वे.सा., 30 : सतत्त्वतोऽन्यथा प्रथा विकार इत्युदीरितः ।

अतत्त्वतोऽन्यथा प्रथा विवर्त इत्युदीरितः ।

79 बृ.उ. 4/5/13 : यथा सैन्धवघनो..... अरेऽयमात्मा -
नन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघनः ।

80 त.दी.नि., 1/70 : शरीरं तं न वेदेत्थं येऽनुविश्य प्रकाशते ।

81 बृ.उ., 3/7/3 : यः पृथिव्यां तिष्ठन्पृथिवीमन्तरो यं पृथिवी
न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो
यमयत्येव त आत्माऽन्तर्याम्यमृतः ।

82 तै.उ., 2/6/ : सच्च त्यच्चाभवत् ।

83 अ. भा., 3/2/11 : इति ज्ञानानन्तरमेव सायुज्यप्राप्तेः ।

84 से.फ.वि., 1 : सेवायां फलत्रयम् अलौकिकसामर्थ्यं सायुज्यं
सेवोपयोगिदेहो वैकुण्ठादिषु ।

85 सुबो., 10/1/14 : भगवता सहितः । तदन्तःस्थितो-
भगवानेवोत्तरं प्रयच्छतीत्यर्थः ।

86 तत्रैव, 10/26/16 : भावनया गोकुले स्थित आह ।

87 V.L.G.K., p.71 : Suka has said these things
through imagining Meditatively
that he himself was in Gokul
at this time.

88 सुबो., 1/2/20 : "विष्णुर्विष्टचित्तानां विष्णुर्वैशस्तु दूरता"
इति न्यायेन....
न भगवदादर्शः । अतो न साक्षात्कारः ।

89 अ.भा., 3/3/27 : परे पुरुषोत्तमेऽयनमयो गमनं प्रवेश इति
यावत्तथा च सम्यक् परायो येन स तथा
भक्तिमार्ग इत्यर्थः ।

90 तत्रैव, 3/3/19 : ततो मां तत्वतो ज्ञात्वा {भ.गी. 18/55}
इति वचनात् भक्तिमार्गे तत्वज्ञः भगवज्ज्ञानमेव
प्रवेशसाधनमिति मन्तव्यम् ।

91 तत्रैव, 3/3/33 : ब्रह्मभावानन्तरमेव भगवद्भावसंभवात्तेन पुरुषोत्तमे
प्रवेशात् ।

92 वि.सं. पृ. 180 ब्रह्मणोऽपरिच्छिन्नत्वान्न संभवः ।

93 बृ. उ., 2/4/6 : इदं सर्वं यदयमात्मा ।

94 तत्रैव, 2/4/12 : स यथा सैन्धवखिल्य उदके प्रास्त उदकमेवा-
नुविलीयेत न हास्योद्ग्रहणायेव स्यात् ।

95 सु.सू., पृ. 180 : यत्रोभयोः समो दोषः परिहारोऽपि वा समः ।
नैकः पर्यनुयोज्य स्यात्तादृगर्थविचारणे ।।

96 भ.गी., 13/13 : सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरो मुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ।।

97 न्या. को., पृ. : उपाधिप्रविष्टं वाङ्मनः प्राणकरण-
ग्रामानुप्रविष्टं ब्रह्म जीवः ।

98 ब्र.सू.शां.भा., 4/4/6 : उपाधिसम्बन्धाधीनत्वात्तेषां न
चैतन्यवत्स्वरूपत्व सम्बन्धः ।

.10

99 क.उ., 2/1/15 : यथोदकं शुद्धे शुद्धमासिक्तं तादृगेव भवति ।
एवं मुनेर्विजानत आत्मा भवति गौतम ।

100 सु.सू., पृ. 180 : तथा च भवन्मते मुनिविरोधी लक्षणा वा ।

101 वि. मं., पृ. 181 : वाक्यार्थबोध एवं न संभवति, अयोग्यताज्ञानात् ।

102 न्या.को.पृ. : योग्यता..... शाब्दबोधप्रयोजिका-
शब्दयोग्यता इति व्यवह्रियेत ।

103 तै.सं. , 2/1/1/4 : आत्मनो वपामुदखिदत्तामग्नौ-
प्रागृह्णात्ततोऽजतूपरः समभवत् ।
बृह.तो., पृ. 181 : "स्वीयशरीरवयोत्खननमयोग्यम् ।"

104 तत्रैव : " उपाध्यपगमे जीवस्य ब्रह्मस्वरूपत्वबोधकम् ।

105 वि.मं., पृ. 181 : शब्दस्यादृष्टत्वाच्छ्रौतगत एव स वाच्यः ।

106 तत्रैव, पृ. 181 : "अयोग्यताज्ञानेन नान्यथयितुं शक्या ।

107 तत्रैव, पृ. 181 : न ...इत्युपासिततद्गुणमध्यविषयः ।

108 तत्रैव, पृ. 181 : सिता मिष्टेति वाक्ये अयोग्यताज्ञानम्

109 नै. च. 3/94 : पित्तेन दूने रसने सिताऽपि तिक्तायते
हंसकुलावतंस ।

110 छां.उ. 6/14/2 : आचार्यवान् पुरुषो वेद ।

111 ब्र. भा. 2/1/26 : यद्येकमेव ब्रह्म स्वात्मानमेव जगत्कुर्यात्,
तदा कृत्स्नं ब्रह्मैकमेव कार्यं भवेत् ।

11

112 तत्रैव, 2/1/16 : अथांशभेदेन व्यवस्था तथा सति-
निरवयवत्वश्रुतिविरोधः । निष्कलं
निष्क्रियं शान्तम् (श्वे. 6/19)

113 ब्र.सू., 2/1/27 : श्रुतेस्तु शब्दमूलत्वात् ।

114 अ.भा., 2/1/27 : शब्दैकसमधिगम्यत्वात् ।

115 ब्र.सू.शां.भा., 1 :
युष्मदस्मत्प्रत्ययगोचरयोर्विषयविषयिणोस्तमःप्रकाशवद्
विरुद्धस्वभावयोरितरेतरभावानुपपत्तौ सिद्धायां तद्धर्माणामपि-
सुतरामितरेतरभावानुपपत्तिरित्यतोऽस्मत्प्रत्ययगोचरे विषयिणि
चिदात्मके युष्मत्प्रत्ययगोचरस्य विषयस्य तद्धर्माणां चाध्यासः,
तद्विपर्ययेण विषयिणस्तद्धर्माणां च विषयेऽध्यासो मिथ्येति भवितुं युक्तम् ।

116 तत्रैव, 3 : स्मृतिरूपः परत्र पूर्वदृष्टावभासः ।

117 ब्र.सू. शां.भा., 2/3/30 : परमार्थतस्तु न जीवो नाम बुद्ध्यु-
पाधिसम्बन्धपरिकल्पितस्वरूप व्यतिरेकेणास्ति ।

118 बृ. उ., 3/7/23 : नान्योऽतोऽस्ति द्रष्टा नान्योऽतोऽस्ति श्रोता ।

119 ब्र.सू.शां.भा., 1/2/6 : इत्येवंजातीयका परमात्मनोऽन्यमात्मानं
वारयति ।

120 अ.भा. 2/3/43 : जीवो नाम ब्रह्मणोंऽशः ।

121 त.दी.नि., 1/53 : जीवस्त्वाराग्रमात्रो ...
व्यापकत्वश्रुतिस्त्वस्य भावत्वेन युज्यते ।

122 तत्रैव, 1/53 : यथा गन्धः सूक्ष्मापेक्षयाऽधिकदेशं व्याप्नोति,
तथा चैतन्यगुणः सर्वदेहव्यापीत्यर्थः ।

123 तत्रैव, 1/53 : वैदिकेशास्त्रे वाचनिक्येन व्यवस्था ।

124 तत्रैव, 1/53 : यथा भगवतः प्रादेशमात्रस्य अङ्गुष्ठपर्यमात्रस्य
हंसाकृतिस्तथाऽरोग्रमात्र एव हंसाकृतिः ।

125 भ.गी., 2/24 : नित्यः सर्वगतः स्थाणुः ।

126 त.दी.नि., 1/53 : यथा अयोगोलकस्य दाहकत्वे ऽपि, ना यो-
रूपेण तथात्वम् एवं जीवरूपेणास्य न व्यापकत्वमतो
नाणुत्वसाधनं व्यर्थमित्यर्थः ।

127 मु.उ., 3/2/9 : ब्रह्मविद् ब्रह्मैव भवति ।

128 त.दी.नि., 1/54 : आनंदांशाभिव्यक्तौ तु तत्र ब्रह्माण्डकोटयः ।
प्रतीयेरन् परिच्छेदो व्यापकत्वं च तस्य तत् ॥

129 तत्रैव, 1/54 : अण्वपि ब्रह्म व्यापकं भवति ।

130 त.दी.नि., 1/54 : अतो व्यपकत्वेऽपि नाराग्रमात्रत्वं, दोषाय ।

131 तत्रैव, 55-56 : प्रकाशकं तच्चैतन्यं तेजोयत्तेन भासते ।
न प्राकृतिन्द्रियैर्ग्राह्यं न प्रकाश्यं च केनचित् ॥
योगेन भगवद्दृष्ट्वा दिव्यया वा प्रकाशते ॥

13

132 भाग., 6/12/35 : पुत्रस्य देहान्निष्क्रान्तमात्मजैतिररिन्दम ।
पश्यतां सर्वलोकनामलोकं समपद्यत ॥

133 त.दी.नि., 1/55-36 : स्थाद्यभावात् सन्निकर्षाभावाच्च ।

134 भागव, 6/16/23 : यन्न स्पृशन्ति न विदुर्मनोबुद्धीन्द्रियासव: ।
अन्तर्बहिश्च विततं व्योमवत्तन्नतो स्म्यहम् ॥

135 त.दी.नि. 1-55-56 : यथा सूर्येण प्रकाशितो घट चक्षुषापि
गृह्यते, न तथेन्द्रियग्रहणार्थं किञ्चित्
प्रकाशकमस्तीत्यर्थः ।

136 भाग., 10/74/45 : चैद्यदेहोत्थितं ज्योतिर्वासुदेवमुपाविशत् ।
पश्यतां सर्वभूतानामुल्केव भुवि खाच्युता ॥

137 सुबो., 10/87/39 : यत्रांश प्रकटः भगवांश्च प्रकटस्तत्र तथैव ।
अतएव पूर्वं पुरुषेणैव भगवदाराधनमुक्तम् ।

138 अ.भा., 3/2/5 : बन्धप्राचतुर्णां कार्यं विपर्ययो: द्वयो: ।

139 तत्रैव, 2/3/30 : यावदात्मा ब्रह्म भक्त्यानन्दांश प्राकट्येन
तावदेव तद्व्यपदेशः । राजज्येष्ठपुत्रवत् ।
एतदेवोक्तम् ।

140 S.B., P.247 : The human Soul may become omnipresent
(Vitha) when its latent anandams'a
become. manifest.

14 141 अ.भा., 2/1/94 : कार्यस्य कारणानन्यत्वम् ।

142 वि.मं., पृ. 182 : प्रवेशकथने जीवस्यव्यापकत्वव्याहतिरिति ।

143 तत्रैव, पृ. 182 : राशस्यापि निजशृङ्गभिया तनूदरकन्दराप्रवेशः ।

144 इ.तो. पृ. 182 : जीवस्य व्यापकत्वमेव नास्तीति
तद्भङ्गभिया जीवस्य ब्रह्मण्यप्रवेशः ।

145 श्वे. उ. 5/7 : आराग्रमात्रो ह्यपरोऽपि दृष्टः ।

146 तत्रैव 5/8 : बालाग्रशतभागस्य शतधा कल्पितस्य च ।
भागो जीवस्य विज्ञेयः स चाननयाविकल्पते ।

147 मु.उ. 3/1/9: एषोऽणुरात्मा चेतसा वेदितव्यो यस्मिन्-
प्राणः पञ्चधा संविवेश ।

148 बृ. उ., 4/4/22 : स वा एष महानज आत्मा यो यं-
विज्ञानमयः प्राणेषु ।

149 शां इ., 2/1/3 : आकाशवत्सर्वगतश्च नित्यः ।

150 भ.गी., 2/24 : नित्यः सर्वगतः स्थाणुः ।

151 वि.मं., पृ. 183 : न हि तत्त्वतो णोर्व्यापिकाभेदः सम्भवति ।

152 तत्रैव, पृ. 183 : जीवस्याणुत्वे सर्वशरीरगतचैतन्यानुपलम्भप्रसङ्गः ।

153 वै. सू., 1/1/16 : द्रव्याश्रयी....इति गुणलक्षणम् ।

154 वि.मं. 183-184 : यथैकदेशस्थचन्दनबिन्दुशैत्योपलम्भः सकलशरीर-
व्यापकतया भवत्येवमेकदेशस्थजीवचैतन्योपलम्भोऽपि ।

155 ब्र.सू.शां.भा. 2/3/23 : यथा हि हरिचन्दनबिन्दुः शरीरै-
कदेशसम्बद्धो पि सन्सकलदेहव्यापिनमाह्लादं
करोत्येदमात्मापि देहैकदेशस्थः सकलदेह-
व्यापिनीमुपलब्धिं करिष्यति ।

156 तत्रैव, 2/3/24 : तदयुक्त दृष्टान्तदार्ष्टान्तिकयोरतुल्यत्वात् ।

157 ब्र.सू., 2/3/24 : "अवस्थितिवैशेष्यादिति चेन्नाभ्युपगमाद् धृदि च ।"

158 वि.मं., पृ. 184 : सर्वशरीरव्यापि चैतन्यं स्वधर्म्येकदेशवृत्तिः ।
विसर्पिगुणत्वात् ।

159 वि.मं., पृ. 184 : शरीरैकदेशस्थचन्दनजन्यार्वशरीरव्यापि-
शैत्यवत्.... ।

160 तत्रैव, पृ. 184 : साध्याविशिष्टत्वाच्च ।

161 तत्रैव, पृ. 184 : एकदेशवृत्तित्वे सिद्धे जीवस्य चैतन्यस्य
विसर्पिगुणत्वसिद्धिः ।

162 हस्तौ., पृ. 185 : तथा चैकदेशस्थचन्दनसूक्ष्मावयवानामेव
सर्वशरीरप्रसर्पणं, न तु शैत्यस्येति भावः ।

163 वि.मं., पृ. 185 : न हि गुणिनं विना गुणे क्रिया सम्भवः ।

164 ह.तौ., पृ. 185 : कर्मणो द्रव्यवृत्तित्वेन गुणवृत्तित्वाभासदिति
भावः ।

165 त.सं., 10 : गन्धवती पृथिवी

6

166 वि.मं., पृ. 185 : न चैवं तन्नाशप्रसक्तिः ।

167 वि.मं., पृ. 185 : दृष्टासंभवे सत्यदृष्टाकल्पनतयान्याय्यत्वात् ।

168 ब्र.सू., 2/3/26 : व्यतिरेको गन्धवत् ।

169 ब्र.सू., शां.भा., 2/3/29 :...अग्नेरिवाष्ण्यप्रकाशौ, नात्रगुणगुणि-
विभागो विद्यत इति ।

170 ब्र.सू., 2/3/25 : गुणाद्वा लोकवत् ।

171 वि.मं., पृ. 185 : न च मणिप्रभावत्तदुपपत्तिः ।

172 ह.तो., पृ. 185 : मणित्त्वविरलः प्रभा विरलेत्येतावान्
विशेष इति सजातीयं द्रव्यान्तरमिति भावः ।

173 ब्र.सू.शां.भा., 2/3/25 : प्रविरलावयवं तु तेजोद्रव्यमेव प्रभेति ।

174 सि.शो., पृ. 60 : दुर्ज्ञेयत्वं....परमात्मन एव, अहंप्रत्ययवेद्यत्वात् ।

175 वि.मं., पृ. 186 : तत्त्वसूत्रानुसारेण वेदार्थस्य निरूपणे ।
जीवोऽणुरेव संसिद्ध्यत्यन्यथा त्वन्यैव हि ॥

176 बृ. उ. 4/4/22 : स वा एष महानज आत्मा ।

177 ब्र.सू., 2/3/21 : नाणुरतच्छ्रुतेरिति चेन्नेतराधिकारात् ।

178 वि.मं., पृ. 186 : एवं सकलशरीरगतचैतन्योपलम्भानुपपत्तेः ।

179 वि.मं., पृ. 186 : चम्पकगन्धवदेवोपपत्तेः ।

180 तत्रैव, पृ. 186...."गुणिनं विना गुणासंभवात् ।"

181 तत्रैव, पृ. 186 : सम्बन्धिनं विनापि सम्बन्धस्य समवायस्या-
ङ्गीकारो यथाऽक्षपादीयानाम्....

17

181 सि॰शो॰, पृ॰ 62 : "ययोर्द्वयोरेकतरमविनश्यदपराश्रितमेवावतिष्ठते (त॰भा॰, पृ॰ 29) तावयुतसिद्धौ" गुणगुणिभावेऽपि नियामकौ ।

182 ह॰तो॰, पृ॰ 186 : "केवलं गन्धस्यैव स्वाश्रयं विना दूरदेशे प्रतीतिर्जायते.... ।

183 ह॰तो॰, पृ॰ 186-187 : रसादीनामन्यत्र गमनं न दृश्यत इति कृत्वा गुणसत्त्व इति नियमः स्वीकर्तव्यः । तेन चम्पक-सूक्ष्मावयवान्समत्यत्र गमनं स्वीकर्तव्यमिति भावः ।

184 तत्रैव, पृ॰ 187 :..पूर्वपक्षोपरि प्रतिबन्धा अयं पूर्वपक्षः ।... ।

185 सि॰शो॰, पृ॰ 64 : सम्बन्धिनं विहायावस्थानमिति यावत् ।

186 सि॰शो॰, पृ॰ 64 : अत्र तादात्म्येनानुगतोपादानव्यक्तिश्चेतना-तिरिक्ता ।

187 वि॰मं॰, पृ॰ 187 : अत्रापि गन्धातिरिक्त एव गुणे द्रव्यसत्त्वस्य नियामकत्वम् ।

188 तत्रैव, पृ॰ 187 : तदन्यथानुपपत्त्या जन्यपदोपादानम् ।

189 सिशो॰, पृ॰ 64 : साधारणयोग्यतानियामके गुणसत्वे.. द्रव्यसत्वं नियामकमिति साधारणनियमे-वैयर्थ्यं बोध्यम् ।

190 सु॰सू॰, पृ॰ 187 : "विशेषणवैयर्थ्यमनुभवबलेन परिहरन्तो गौरवस्य प्रामाणिकत्वं व्युत्पादयन्ति ।

18

191 वि.मं., 187 : न हि तत्र तदवयवनिर्गमापूर्वतन्प्रवेशौ संभवतः ।

192 वि.मं., 188 : अन्यथा गन्धोऽपि नोपलभ्येत, गन्धस्योपलम्भे नियामकाभावाच्च ।

193 ह.तो., 188 : यत्र किञ्चिन्नोपलभ्यते तत्रादृष्टं कल्पनीयम्

194 वि.प., 188 : गन्धातिरिक्तेतिभागकथने संकोचः ।

195 तत्रैव, 188 : उग्रगन्धस्य कस्यचित्कुसुमस्य लशुनादेर्वा स्पर्शमात्रे ऽपि ततो मुहुर्मृत्स्नया क्षालने ऽपि करस्य न त गन्धापगमो ऽनुभूयते ।

196 वि.मं., पृ. 188 : अतो द्रव्याधिकदेशवत्त्वं गन्धस्य मन्तव्यम् ।

197 त.भा. पृ. 29 : विनश्यदवस्थासु क्षणमनाश्रिता एव अवतिष्ठन्ते ।

198 ब्र.सू., 2/3/26 : व्यतिरेको गन्धवत् ।

199 अ.भा. 2/1/26 : चम्पकादिगन्धश्चम्पकव्यवहितस्थलेऽप्युपलभ्यते ।

200 महा.ना.उ., 11 : यथा वृक्षस्य संपुष्पितस्य दूराद्गन्धो वात्येवं पुण्यस्य कर्मणो दूराद्गन्धो वाति ।

201 वि.मं., पृ. 189 : अत्र तदवयवासत्त्वनिरूपणार्थमिव दूरपदम् ।

202 तत्रैव, पृ. 189 :..."कीर्तिरिव गन्धत्वं..साधर्म्येण ।

203 प्र.उ., 3/6 : हृदि ह्येष आत्मा ।

204 बृ.उ., 4/4/22 : स वा एष आत्मा हृदि यो ऽयं विज्ञानमयः प्राणेषु ह्यन्तर्ज्योतिः पुरुषः ।

19

205 क.उ., 1/3/1 : गुहां प्रविष्टौ...... ।

206 छां.उ., 8/8/1 : "आलोमभ्यः आनखेभ्यः "... ।

207 सां. का., 19 : तस्माच्च विपर्यासात् सिद्धं साक्षित्वमस्य पुरुषस्य ।
कैवल्यं माध्यस्थ्यं दृष्टृत्वमकर्तृभावश्च ।।

208 सां.प्र.भा., 1/19 : यथा हि केवलो रक्तः स्फटिको लक्ष्यते जनैः ।
रञ्जकाद्युपधानेन तद्वत्परमपुरुषः ।।

209 भा.द. : 4थे अ., पृ. 280

210 अ.भा., 2/3/22 : स्वशब्दोऽणुपरिमाणं जीवं बोधयति ।

211 तत्रैव, 2/3/21 : अन्यपरा अपि योगेन ब्रह्मपरा भविष्यन्ति ।

212 तत्रैव, 2/3/29 : तस्य ब्रह्मणो गुणाः.... जीवे सारा इति
जडवैलक्षण्यकारिण....जीवे भगवद्व्यपदेशः ।

213 तत्रैव, 2/3/21 : यथा पुंस्त्वं..."बाल्ये विद्यमानमेव यौवने
प्रकाशते तथानन्दांशस्यापि सत एव व्यक्तियोगः ।

214 बा.बो., 7 : अहंताममतानाशे सर्वथा निरहंकृतौ ।
स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ।।

215 वि.मं., पृ. 190 : चैतन्यस्यनश्य सर्वशरीरव्यापित्वे जीवो
नाणुः स्यात् । चैतन्यमात्र स्वरूपत्वादेव तस्य ।

216 तत्रैव, पृ. 190 आष्ण्यप्रकाशव्यक्तस्याग्नेरियत्यग्निदृष्टान्तेन-
चैतन्यात्मकत्वं जीवस्य साधयन्तो गुत्वं
बाधयन्तं व्यापकत्वं वदन्ति ।

217 कौ.उ., 3/6 : प्रज्ञया शरीरं समारुह्य.... ।

218 ह.तो., पृ. 190 : प्रज्ञायाश्चैतन्यात्मकत्वात्तत्साहित्यस्यो-
कृतत्वादेव एव साहित्यं घटत इति न
चैतन्यात्मकत्वं जीवस्य इति भावः ।

219 बृ. उ., 2/1/17 : तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय ।

220 ब्र.सू., 2/3/28 : पृथगुपदेशात् ।

221 वि.मं., पृ. 120 : मणिमन्त्रादिनौष्ण्यानुपलम्भे पि वह्न्युपलम्भात् ।

222 तत्रैव, पृ. 190-191 : औष्ण्यशैत्यादेः स्पर्शधर्मत्वेन वह्नेर्द्रव्यत्व-
हानिश्च ।

223 तत्रैव, पृ. 191 : नापि प्रकाशात्मकत्वम् । तद्व्यवारिस्य-
तदनुपलम्भप्रसङ्गात् ।

224 कौ. उ. 3/4 : स यदास्माच्छरीरादुत्क्रामति, सहैवैतैः
सर्वैरुत्क्रामति ।

225 तत्रैव, 1/2 : ये के चास्माल्लोकात् प्रयान्ति, चन्द्रमस-
मेव ते सर्वे गच्छन्तीति ।

228 बृ.उ., 4/4/6 : जीवस्य देहादुत्क्रान्तिः, परलोकगतिश्च पुनरा-
गतिश्चाणुत्व एव घटते, न तु व्यापकत्वे ।

226 बृ.उ., 4/4/6 : तस्माल्लोकात् पुनरेत्यस्मै लोकायकर्मणे ।

21

228 बृ.उ., 2/9/18 : स यथा महाराजो जानपदान् गृहीत्वा
स्वे जनपदे यथाकामं परिवर्तेत, एवमेवैष एतत्प्राणम्

229 बृ.उ., 4/3/9 : गृहीत्वा स्वे शरीरे यथाकामं परिवर्तते ।
स्वयं विहृत्य...

230 छां. उ., 6/8/7 : तत्त्वमसि ।

231 वि.मं., पृ. 191 : न हि जीवे कश्चन स्वाभाविकोगुणोऽस्ति ।

232 बृ.उ., 3/7/23 : नान्योऽतोऽस्ति द्रष्टा नान्योऽतोऽस्ति श्रोता ।

233 भ.गी., 15/7 : ममैवांशो जीव लोके जीवभूतः सनातनः ।

234 वि.मं., 192 : जडवैलक्षण्यं च तत एव ।

235 ब्र.सू., 2/3/29 : तद्गुणसारत्वात्तु तद्व्यपदेशः प्राज्ञवत् ।

236 बृ.उ., 4/5/14 : अनुच्छित्तिधर्मा ।

237 तत्रैव. 2/1/20 : ...यथाऽग्नेः क्षुद्राः विस्फुलिंगा
व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वाणि भूतानि
व्युच्चरन्ति ।

238 वि.मं., पृ. 122 : ...स्वसेवार्थमेव निजैश्चर्यस्य
......प्रकटीकृतस्य... ।

239 तत्रैव, पृ. 192 : निजनिसर्गप्रभुश्रीगोकुलनाथचरणकमलदास्यमेव
स्वधर्मः ।

22

240 वै. भाग., 10/87/30 : अपरिचिता ध्रुवास्तनुभृतो यदि-
स्तर्हि न शास्यतेति नियमो

241 वि.मं., पृ. 192 – 193 : "स्वस्मिन् प्रवेशयति स्वरूपानन्दानु-
भवार्थम् ।

242 भाग., 3/29/13 : सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत ।
दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥

243 ब्र.सू., 2/3/19 : उत्क्रान्तिगत्यागतीनाम् ।

244 तत्रैव, 2/3/20 : स्वात्मना चोत्तरयोः ।

245 तत्रैव, 2/3/21 : नाणुरतच्छ्रुतेरिति चेन्नेतराधिकारात् ।

246 तत्रैव, 2/3/22 : स्वशब्दोन्मानाभ्याम् च ।

247 ब्र.सू., 2/3/23 : अविरोधश्चन्दनवत् ।

248 तत्रैव, 2/3/24 : अवस्थिति वैशेष्यादिति चेन्ना-
भ्युपगमात् ।

249 तत्रैव, 2/3/25 : गुणाद् वा लोकवत् ।

250 तत्रैव, 2/3/26 : व्यतिरेको गन्धवत् ।

251 तत्रैव, 2/3/27 : तथा च दर्शयति ।

252 तत्रैव, 2/3/28 : पृथगुपदेशात् ।

253 तत्रैव, 2/3/29 : तद्गुणसारत्वात् तद्व्यपदेशः प्राज्ञवत् ।

23 254 ब्र.सू.शां.भा., 2/3/29, परमेव चेद्ब्रह्म जीवस्तस्माधावत्परं
ब्रह्म तावानेव जीवोभवितुमर्हति, परस्य च
ब्रह्मणो विभुत्वमाम्नातम्, तस्माद्विभुर्जीवः ।

255 तत्रैव, 2/3/29 : नहि बुद्धेर्गुणैर्विना केवलस्यात्मनः संसारित्वमस्ति,
बुद्धयुपाधिपाधिधर्माध्यासनिमित्तं हि कर्तृत्व-
भोक्तृत्वादिलक्षणं संसारित्वम्.... ।

256 अ.भा., 2/3/19 : ब्रह्मैलक्षण्यार्थयुत्क्रान्तिपूर्वकमुक्तम् ।

257 बृ.उ., अग्नाभिर्यथा तन्तून्सृजते संहरत्यपि ।
जागरस्वप्ने तथा जीवो गच्छत्यागच्छते पुनः ॥

258 छां. उ., 6/3/2 : "अनेन जीवेनात्मनानुप्रविश्य" ।

259 बृ.उ., 4/4/6 : ब्रह्माप्येति ।

260 तै.उ., 3/10 : कामरूप्यनुसंचरन्

261 भा.पृ., 2/3/20 : एवं श्रुतिचतुष्टयेन जीवस्यष्ठवस्थाः-
प्रदर्शिता

262 तत्रैव, 2/3/20 : जागृत्युपाधिभिरिष्यङ्गेऽपि स्वप्न इन्द्रियाणां
लयेन साक्षिण एव केवलस्य सत्त्वादुपाधिशून्यत्वम् ।

263 अ.भा., 2/3/29 : परमेव ब्रह्म जीव कथं अणुत्वम्... ।
तस्य ब्रह्मणो प्रज्ञादृष्टुत्वादवस्त एकत्र जीवे सारा
इति जडवैलक्षण्यकारिण इति राजपदप्रयोग वज्जीवे
भगवद्व्यपदेशः ।

264. भा.पृ., 2/3/29, जीवमुपक्रम्याग्रे तद्विजानतः सर्वविज्ञानार्थं
सर्वस्य तदात्मकत्वकथनेन वेदादीनांतर्कन्नः-
श्वासत्वकथनादिना च ब्रह्मधर्माणां तत्र
बोधनाम् भगवत्त्वेन जीव उक्तः ।

265 ब्र.सू., 2/3/29 : तद्गुणसारत्वात्तुतद्व्यपदेशः प्राज्ञवत् ।

266 वि.मं., पृ. 193, उपाधिगुणरूपत्वादिप्रयुक्तो जीवोऽणुत्वा-
त्वादिव्यपदेशः प्राज्ञवत् ।

२६७ ब्र.सू. शां. भा. २।३।२९ : बुद्धयुपाधिगुणसारत्वाज्जीवस्याणुत्वादिव्यपदेशः प्राज्ञवत् ।

268 तत्रैव, 2/3/29, परमेव चेदब्रह्म जीवस्तस्माद्यावत्परं-
ब्रह्म तावानेव जीवो भक्तिमर्हति
परस्य च ब्रह्मणो विभुत्वमान्मातम्,
तस्माद्विभुर्जीवः ।

269 वि.मं., पृ. 193, यथौपाधिकजीवत्वं स्यात्, तदेव तु
न संभवति ।

270 तत्रैव, पृ. 193, न ह्युपाधेः पूर्ववोपहितस्योत्क्रान्त्यादिः
संभवति ।

271 बृ. उ., 4/4/2, तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति ।

272 वि.मं., पृ. 193,....जीवोत्क्रान्त्या सर्वोत्क्रान्तिं वदति ।

273 तत्रैव, पृ. 193, न चोपाधिगुणानां सारस्यं युज्यते ।
अनर्थत्वात्, किन्तु भगवद्गुणानामेव ।

274 बृ.उ., 4/3/9, स यत्र प्रस्वपित्यस्य लोकस्य सर्वावतो-
मात्रामपादाय स्वयं विहृत्य स्वयं निर्माय
स्वेन भासा स्वेन ज्योतिषा प्रस्वपित्यत्रायं
पुरुषः स्वयं ज्योतिर्भवति ।

275 वि.मं., पृ. 194, प्रस्वापादिषु विहारादिचेतनधर्मबोधक-
स्वयं विहृत्ये त्यादिश्रुतिन्यायसहस्त्रबाधितत्वात्

276 सि.शो., पृ. 68, विहारस्योपाधिगुणत्वमेवेति चेत्, लोकवत्तु-
लीलाकैवल्यम् [ब्र.सू., 2/1/33] इति न्यायेत्यर्थः ।
न्यायपदात् पूर्वपक्षादिपञ्चाङ्गवत्तया..सूच्यते
साङ्गर्म्यमत्र । तथा च व्यापकस्य क्रिया न संभवती
त्येय पूर्वपक्षः, तत्रोत्तरम्, "लीले"ति ।

277 वि.मं., पृ. 194, भगवदाप्तोमापरिवृढप्रवर्तितमार्गानुसारित्वात्
तत्पक्षस्य लिखेननालम् ।

278 सिशो., पृ. 68 : उमा राजसी भगवतः शक्तिः । तस्याः
सकलजगत्सृष्टिनियामकमंशं परिवृढं कुर्वन् सगुणः
शास्त्रानुसारिणी सृष्टिर्वर्द्धत इति गुणप्रधानेमाया-
प्रधानं शास्त्रं प्रणेतुं प्रभुराज्ञापयामास ।

278 वि.मं., सि.शो., पृ. 68, व्यासोऽपि महान् शङ्करोऽपीति-
निबन्धानुसारात्स्वयं प्रभवः सुरेश्वरोक्तं
शङ्करः शङ्करः साक्षातदित्यादिवचनं
मानयन्तस्तच्छास्त्रस्योमापरिवृढप्रवर्तितत्वं-
प्रतिपादितवन्त इति ज्ञायते ।

279 ब्र.सू., 12/3/22 : स्वशब्दोन्मानाभ्यां च ।

280 अ.भा., 2/3/22, न हि स्वप्ने व्यापकस्य वा शरीरपरिमाणस्य
वा विहरणं संभवति ।

281 ब्र.सू., 2/3/50, आभास एव च ।

282 वि.मं., पृ. 194, यथा नाचारिब्राह्मणे ब्राह्मणाभासप्रयोगो
खिलब्राह्मणधर्माणामभावात्, तथा नन्दांशस्य
निरोधानाद् ब्रह्मधर्माणां सर्वेषामभावात् ।

## પ્રકરણ - ૯

## વિરુદ્ધધર્માશ્રયતા

શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત બ્રહ્મ વિરૂદ્ધધર્મનું આશ્રય હોવાનું સમર્થન કરે છે. નિરાકાર અવ્યકત બ્રહ્મ પણ ભકતોને દર્શન આપવા સાકારરૂપે વ્યકત બને છે.

વિરૂદ્ધધર્માશ્રયતા વિશે શ્રીમદ્ વલ્લભાચાર્યે બ્રહ્મસૂત્ર-૩।૨।૨૪ પરના અણુભાષ્યમાં કહે છે કે ભગવાનની સારી સેવા-સંશધન કરવાથી તે પ્રસન્ન થાય છે અને દર્શન આપે છે.[૧] અહીં તેઓએ શ્રુતિ અને સ્મૃતિના પ્રમાણો આપીને બ્રહ્મના દ્વિવિધ રૂપ-સાકાર અને નિરાકારનું નિરૂપણ કર્યું છે. આથી બ્રહ્મ લૌકિક પ્રત્યક્ષ અને અલૌકિક પ્રત્યક્ષનો વિષય બનવાથી બન્ને પ્રકારના-સાકાર અને નિરાકારનું પ્રતિપાદન કરનાર રૂપવાળું છે.[૨]

બ્રહ્મસૂત્રકારે દૃષ્ટાન્ત આપીને ૩।૨।૨૭ માં વિરુદ્ધ-ધર્માશ્રયનું નિરૂપણ કર્યું છે. આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે જેમ સર્પ સીધો છે, છતાં અનેક આકાર ધારણ કરે છે અને કુંડાળું વાળીને રહે છે, તેમ બ્રહ્મનું સ્વરૂપ સર્વ પ્રકારનું છે અને ભક્તની ઇચ્છા પ્રમાણે સ્ફુરે છે.[3]

શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુસાર શ્રુતિ પ્રમાણ અને અનુભવ પ્રમાણ યોગ્ય જ છે. આથી યુક્તિની અપેક્ષા રહેતી જ નથી. લોકમાં પણ શરીર અન્તઃકરણ વગેરે અને દયા હિંસા વગેરે ધર્મો પરસ્પર વિરુદ્ધધર્મો પદાર્થના ભેદથી એક જ ક્ષણે પ્રતીત થાય છે, આથી સર્વ વિરુદ્ધ ધર્મો ભગવાનમાં જ રહેલાં છે.[૪]

શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કે તે સર્વ ઇન્દ્રિયોના ગુણોના આભાસવાળું અને સર્વ ઇન્દ્રિયોથી રહિત છે, આસક્તિ રહિત તેમ જ સર્વને ધારણ કરનાર છે. નિર્ગુણ તેમજ ગુણોનો ભોગ કરનાર છે.[૫]

આમ બ્રહ્મ અનંત અને અવ્યક્ત હોવાથી સર્વત્ર હાથ અને પગના અંતવાળું સર્વત્ર આંખ, મસ્તક અને મુખવાળું છે. સર્વત્ર કાનવાળું છે. લોકમાં સર્વને ઢાંકીને રહે છે. શ્રુતિ પણ કહે છે કે તે હાથ-પગ વગરના છતાં દોડનાર અને ગ્રહણ કરનાર છે, તે ચક્ષુ વગર જુએ છે અને કાન વગર સાંભળે છે.[૬]

આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્યે કહે છે કે "અસ્થૂલાદિ" વાક્યમાં નિષેધમુખે બ્રહ્મસ્વરૂપ વર્ણવ્યું છે તેમ "સર્વત્ર હાથપગના અંતવાળું" માં વિધિમુખે બ્રહ્મસ્વરૂપ દર્શાવ્યું છે. આથી ઉભય-પ્રકારક શ્રુતિઓ સમાન શક્તિયુક્ત હોવાથી બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રય છે.[૭]

શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે ભગવાન આત્મારામ હોવા છતાં રમણ કરે છે.[૮] અહીં "अपि" શબ્દ એમ સૂચિત કરે છે કે આત્મારામ ભગવાને ફક્ત આત્માથી જ રમણ કર્યું નથી, પરંતુ મન, વાણી, પ્રાણ, ઇન્દ્રિય અને શરીરથી પણ રમણ કર્યું છે,[૯] આમ અહીં ભગવાનનું વિરૂદ્ધધર્માશ્રયપણું જોઇ શકાય છે.

બ્રહ્મ નિર્ગુણ-નિર્ધર્મક છતાં સધર્મક-સગુણ છે. આમ બ્રહ્મમાં પ્રાકૃત-લૌકિક ધર્મો નથી, પરંતુ તેઓ આનન્દ સ્વરૂપે અલૌકિક ધર્મો છે. આથી આનન્દરૂપ ધર્મ અને તેને ધારણ કરનાર બ્રહ્મ-ધર્મી વચ્ચે સંબંધ છે. આમ બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રય છે.

"આ મારા બાળકનો સ્વાભાવિક આત્મયોગ ભગવાનની પોતાની યોગરૂપ વિભૂતિ છે" અનુસાર બ્રહ્મમાં સર્વ વિરૂદ્ધધર્મો છે.[૧૦]

બ્રહ્મ "અનંતમૂર્તિ" છે, તે જ બ્રહ્મ સર્વમૂર્તિ પણ છે. આથી જ બ્રહ્મ સગુણ અને નિર્ગુણ હોઇ વિરૂદ્ધધર્માશ્રય છે.

## વિરૂદ્ધધર્માશ્રયત્વમાં શંકા અને પરિહાર :

શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રુતિના પમાણને આધાર તરીકે સ્વીકાર્યો છે, તેથી બ્રહ્મનું કર્તૃત્વ શ્રુતિથી સિદ્ધ કર્યું છે. બ્રહ્મ જગતનું સમવાયી કારણ છે તે યુક્તિ-તર્કથી જાણી શકાય તેમ નથી, પરંતુ શ્રુતિ-વેદથી જાણી શકાય છે.[૧૧] બ્રહ્મ સમવાયી-કારણ અને અવિકારી છે, એટલું જ નહિ, તે વિરૂદ્ધધર્મનો આશ્રય પણ છે. અર્થાત બ્રહ્મ નિરાકાર છે તો પણ સાકાર છે, નિર્ગુણ છે તો પણ સગુણ છે. આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્યે કહે છે કે પ્રત્યક્ષ અને અનુમાનથી, શ્રુતિ અને સ્મૃતિથી, બ્રહ્મ સાકાર અને અનન્ત ગુણથી પરિપૂર્ણ છે, નહિ કે ફક્ત અવ્યક્ત જ આવો નિશ્ચય છે."[૧૨] આમ વિરૂદ્ધધર્માશ્રયપણું બ્રહ્મમાં રહેલું છે.

## કેવલાદ્વૈત મતાનુસાર જગતનું કારણ :

કેવલાદ્વૈત મતમાં શ્રીમત્ શંકરાચાર્યે "જગતનું કારણ બ્રહ્મ ઉપાદાનકારણ અને નિમિત્ત કારણ એમ બન્ને છે, ફક્ત નિમિત્ત-કારણ નથી,"[13] એમ માને છે. પરંતુ શંકરોત્તર આચાર્યો અને વિચારકોમાં પરિવર્તન જોવા મળે છે. "વેદાન્ત પરિભાષા" પમાણે જગતનું પરિણામી ઉપાદાન કારણ માયા છે, બ્રહ્મ નથી એવો સિદ્ધાન્ત છે.[૧૪]

વાચસ્પતિ મિશ્ર એમ માને છે કે જીવને આશ્રયે રહેલી માયાથી વિષયરૂપ બનેલ બ્રહ્મ સ્વયં જડતાના આશ્રયરૂપ જગતના સ્વરૂપમાં વિવર્તમાન હોવાથી ઉપાદાનકારણ છે, જ્યારે માયા સહકારી કારણ છે.[૧૫]

સિદ્ધાન્તમુક્તાવલીકારના મતે એકમાત્ર માયા જ જગતનું ઉપાદાનકારણ છે, બ્રહ્મ નહીં.[૧૬]

બ્રહ્મ જગતનું સમવાયીકારણ હોય તો જગતરૂપકાર્ય પરિણામરૂપ હોવાથી વિકાર કહેવાય ! પરંતુ આથી બ્રહ્મના નિરવયવપણાનો બાધ આવતો નથી, કારણ કે વેદમાં શ્રવણ-વર્ણન હોવાથી નિરવયવપણાનો સ્વીકાર કરવામાં આવે છે.[૧૭]

આમ બ્રહ્મ પારમાર્થિક રીતે બધા વ્યવહારોથી રહિત અને પરિણામરહિત રહે છે.[૧૮] આથી જ કહ્યું છે કે ખરેખર કારણથી ભિન્ન કાર્ય નથી.[૧૯]

કારણ અને કાર્યની અભિન્નતાને કારણે બ્રહ્મ પણ વિચિત્ર જગત સાથે અભિન્ન હોઇ દુ:ખરૂપ થશે અને બ્રહ્મ સાથે અભિન્ન જીવ પણ દુ:ખરૂપ થશે. આમ પરમપુરૂષાર્થ-મોક્ષની પ્રાપ્તિ થઇ શકશે નહિ.

પરંતુ બ્રહ્મ સ્વયં પ્રકાશરૂપ અને પરમાનંદરૂપ છે. સમગ્ર જગતરૂપી ભ્રમનું અધિષ્ઠાન આધાર કે આશ્રય બ્રહ્મ છે, તે જગતનું કારણ કહેવાય છે. અધ્યસ્ત-મિથ્યા પ્રતીત થયેલ જગતની સાથે સંબંધ ન હોવાથી બ્રહ્મમાં સહેજ પણ અનર્થ નથી.[૨૦]

આમ બ્રહ્મ ઉપાદાનકારણ કે નિમિત્તકારણ એમ બન્ને માયાને કારણે છે, તેથી કેવલાદ્વૈત સિદ્ધાન્ત (બ્રહ્મ) માયાને વશ હોય તે બ્રહ્મને જ જગતનું કારણ માને છે, આથી જ શ્રીમદ્

શંકરાચાર્ય કહે છે કે જે સર્વજ્ઞ, સર્વશક્તિમાન, નિત્ય શુદ્ધબુદ્ધ-મુક્ત સ્વભાવ અને શારીર-જીવથી પણ અધિક વિશિષ્ટ બ્રહ્મ છે તે જ જગતના સ્રષ્ટા-સર્જનહાર છે.[21]

કેવલાદ્વૈત વેદાંત-શાંકરમત બ્રહ્મનું કર્તૃત્વ સ્વીકારતો નથી. અર્થાત બ્રહ્મ જગત્કર્તા હોવાનું માયિક પણે સ્વીકારાય છે. જગત માયાજન્ય છે. આથી જ જગત પણ અનર્થરૂપ અને દુ:ખપૂર્ણ જોવા મળે છે. અહીં જગતને બ્રહ્મનું પરિણામ નહીં, પરંતુ વિવર્ત માનવામાં આવે છે. આ જ શાંકર સિદ્ધાન્તનું સાર સ્ય-સાર છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યે કરેલું પૂર્વપક્ષનું ખંડન :

શ્રીમદ્ વલ્લભાચાર્યે બ્રહ્મને જ જગતનું ઉપાદાનકારણ અને નિમિત્તકારણ માને છે. આથી જ તેઓ કહે છે કે બ્રહ્મ જગતનું સમવાયી-ઉપાદાનકારણ છે અને તે જ નિમિત્તકારણ છે. એ બ્રહ્મ ક્યારેક પોતાના સ્વરૂપમાં રમે છે અને ક્યારેક સુખપૂર્વક જગતમાં રમે છે.[22]

સમ્પૂર્ણ કાર્યરૂપ જગતનું કારણ બ્રહ્મ જ સમવાયીકારણ છે.[23] આથી જ અક્ષરબ્રાહ્મણમાં કહ્યું છે કે હે ગાર્ગિ ! એ અક્ષરમાં આકાશ તાણાવાણાની જેમ વણાયેલું છે.[24] વળી બ્રહ્મ નિમિત્ત-કારણ પણ છે, અર્થાત કર્તા છે. તેથી જ કહ્યું છે કે સાચે જ તે આ પરમાત્માથી આકાશ-તત્ત્વ ઉત્પન્ન થયું.[25] [illegible]ભાચાર્ય

LIBRARY AHMEDABAD

જગતની રચના પાછળનું કારણ કહે છે કે જ્યારે બ્રહ્મ સ્વાત્મા-રામમાં રમણ કરે છે, ત્યારે જગતને પોતાનામાં સમાવી લે છે. પરંતુ જ્યારે જગતમાં રમણ કરે છે, ત્યારે જગતને વિસ્તારે છે અને ભગવાનમાં લીન થયેલ જગતનું અસ્તિત્વ પ્રગટ થાય છે.[૨૬]

વળી "જ્યાં, જેના વડે, જેમાંથી, જેનું, જેને માટે જે જે જેમ જ્યારે થાય તે આ ભગવાન સાક્ષાત પ્રધાન પુરૂષેશ્વર છે."[૨૭] આથી જ અભિન્નનિમિત્તોપાદાન બ્રહ્મ જગતનું કારણ છે એમ કહેવાય છે.[૨૮]

બ્રહ્મ જગત્કારણ છે તે પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ નથી. પરંતુ શ્રુતિના પ્રમાણથી સિદ્ધ છે.[૨૯]

૬૫૬

શ્રી વિઠ્ઠલનાથજીએ પૂર્વપક્ષમાં કરેલી રજૂઆત :

શ્રી વિઠ્ઠલનાથજી શાંકરમતને પૂર્વપક્ષમાં રજૂ કરતાં જણાવે છે કે શુદ્ધ બ્રહ્મ જગતનું કર્તા હોય તો પણ કુલાલન્યાયથી નિમિત્તકારણ જ છે, સમવાયીકારણ નથી.[30] જો બ્રહ્મ સમવાયી-કારણ હોય તો માટીના પિંડમાંથી ઘડો વિકાર-પરિણામ-કાર્ય હોવાથી તે વિકારી થઇ જાય અને અવયવયુક્ત બની જાય.[31] કાર્યરૂપ જગત અનર્થ હોવાથી બ્રહ્મને તેવું સમવાયીકારણ કહેવું યોગ્ય નથી.[3૨] આથી બ્રહ્મ જગતનું સમવાયીકારણ નથી, નિમિત્ત-કારણ છે.

ઉપર્યુક્ત પ્રમાણોના આધારે એમ કહી શકાય કે શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મને જ જગતનું નિમિત્તકારણ અને ઉપાદાનકારણ માને છે.

**શ્રી વિઠ્ઠલનાથજીએ વિરૂદ્ધધર્માશ્રયનું સિદ્ધાન્તરૂપે કરેલું સ્થાપન :**

બ્રહ્મ જગત્કર્તા છે. જગત્કર્તા બ્રહ્મનું કર્તાપણું સ્વબુદ્ધિથી કલ્પિત માનીએ તો તે સમવાયીકારણ ન કહેવાય.[33] કુલાલન્યાય-દૃષ્ટાંતથી તે નિમિત્તકારણ જ કહેવાય. પરંતુ બ્રહ્મનું કર્તાપણું બુદ્ધિકલ્પિત નથી. શ્રુતિસિદ્ધ છે. આથી સમવાયીકારણ પણ શ્રુતિસિદ્ધ છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે શ્રુતિ સ્વતઃસિદ્ધ પમાણના ભાવથી યુક્ત છે. પ્રમાણનો સ્વભાવ એ છે કે જે વસ્તુ જેવી હોય તેવી રીતે જ તે જ્ઞાન આપે છે. પરંતુ પોતે નિરૂપેલાં પ્રકારની રચના કરતી નથી.[34] આમ વેદ પણ જેવું બ્રહ્મ છે તેવું જ બ્રહ્મ પ્રતિપાદિત કરે છે. આથી દોષના પ્રયોજન વિશે જિજ્ઞાસા કરવી ન જોઇએ. એટલે અપસિદ્ધાન્ત સિદ્ધ કરીને પ્રેરવો નહિ.

ન્યાયકોશ અનુસાર "પર્યનુયોગ" નો અર્થ "દોષના પ્રયોજન વિશે જિજ્ઞાસા" એવો થાય છે.[35]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જગતમાં સમવાયિકારણોમાં વિકારાદિ ધર્મો જોવા મળે છે. અર્થાત માટીના પિંડમાંથી

ઘટાદિ પદાર્થો બને છે, તે સમવાયિકારણના વિકારરૂપે છે. આથી લૌકિક તેમજ અલૌકિક બન્ને ભાવોની રક્ષા માટે અધિકારી બ્રહ્મ જ સમવાયિકારણ છે, જયારે લોકમાં વિકાર-યુકત સમવાયિકારણની વ્યવસ્થા માનવી જોઈએ.

બ્રહ્મ એક અંશથી જગદ્રૂપ કાર્ય કરે છે અને નિરવયવ રહે છે તે માટે બ્રહ્મસૂત્રકાર કહે છે કે ફકત શ્રુતિના શબ્દથી જ બ્રહ્મને સારી રીતે જાણી શકાય છે.[37] આમ સમવાયિકારણ યુકિતથી નહીં, પરંતુ વેદથી જાણી શકાય છે.

બ્રહ્મ સમવાયિકારણ અને અવિકારી એ બન્ને વસ્તુ "ગુડજિહ્લિકા" છે. અર્થાત જીભ પર ગોળ મૂકવામાં આવે તે કેવલ બધા ગોળના માધુર્યજ્ઞાન માટે જ છે તેમ શ્રુતિ અવિકારી અને સમવાયિકારણ બ્રહ્મનો બોધ કરાવતી નથી. પરન્તુ બ્રહ્મ વિરૂધ્ધ સર્વ ધર્મનું આશ્રય છે.[38]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ખરેખર બ્રહ્મ વિરૂદધ સર્વ ધર્મોનું આશ્રય પણ છે. આ વસ્તુ સમજાવવા માટે નીચે પ્રમાણે શ્રુતિ-પ્રમાણો આપવામાં આવ્યાં છે.

૧. અરે ! આત્માનું શ્રવણ કરવું જોઈએ, મનન કરવું જોઈએ.
(બૃ.ઉ. ૪।૫।૬)[39]

૨. જયાંથી વાણી પાછી ફરે છે. (તૈ.ઉ. ૨।૪।૧)[40]

3. તે ચાલે છે, તે નથી પણ ચાલતું. (ઇ.ઉ. ૧૫)[41]

૪. હાથ અને પગ વિના ઝડપવાળો, પકડનાર, આંખ વગર જુએ છે, કાન વગર સાંભળે છે. ( શ્વે.ઉ. ૩।૧૯)[૪૨]

૫. બધી બાજુ હાથ અને પગના અંતવાળા ( શ્વે.ઉ. ૩।૧૬)[૪૩]

૬. અણુથી પણ અણુ, મહાનથી પણ મહાન (ક.ઉ. ૧.૨.૨૦)[૪૪]

૭. અસ્થૂલ, (નાનામાં નાનું), અનણુ (મોટામાં મોટું) (બૃ.ઉ. ૩।૮।૮)[૪૫]

ઉપર્યુક્ત શ્રુતિવાક્યો પરસ્પર વિરૂદ્ધ અનેક ધર્મો બ્રહ્મમાં પ્રતિપાદિત કરે છે. આ બધા ધર્મો શ્રુતિના છે. શ્રૌત છે. આથી એક ધર્મ બ્રહ્મમાં છે અને બીજો ધર્મ બ્રહ્મમાં નથી, એમ માની શકાતું નથી.[૪૨] આથી બ્રહ્મમાં વિરૂદ્ધધર્મો રહેલાં છે.

<u>વિરૂદ્ધ સર્વધર્માશ્રયતાનું નિરસન અને બ્રહ્મની નિર્વિશેષતા :</u>

કેવલાદ્વૈત મત બ્રહ્મના સગુણ અને નિર્ગુણ એવા ઉભય સ્વરૂપોનો સ્વીકાર કરે છે. બ્રહ્મનું સગુણ સ્વરૂપ ઉપાસના પરક છે અને નિર્ગુણ સ્વરૂપ મોક્ષપરક છે. અર્થાત અપર બ્રહ્મ અને પરબ્રહ્મ એમ બે રીતે ઓળખાતું બ્રહ્મ વિરૂદ્ધ ધર્મનો આશ્રય લેતું નથી. પરંતુ સ્વતંત્રપણે તેનું સાર્થક્ય સિદ્ધ કરે છે. છતાં ઉપાધિના ભેદથી બન્નેનું ભિન્નત્વ કલ્પિત છે. વાસ્તવિક રીતે તો નિર્ગુણ બ્રહ્મ જ અવિદ્યા દ્વારા ઉપહિત થઇને નામ અને રૂપના ભેદથી સગુણ સ્વરૂપે દ્રષ્ટિગોચર થાય છે. આથી કેવલાદ્વૈતમતમાં

વિરૂદ્ધ સર્વધર્માશ્રયાનું સ્થાન નથી. ભેદ ઉપાધિને લીધે છે અને તે સાપેક્ષ જગતમાં જ હોય છે. નિરપેક્ષ જગતમાં ભેદને અવકાશ જ નથી. આમ બ્રહ્મનું વિરૂદ્ધ સર્વધર્માશ્રયપણું સ્વીકાર્ય નથી. કારણ કે નામ અને રૂપનું નિરંકુશ-સ્વતંત્ર નિયંત્રણ બ્રહ્મ સિવાય બીજે ક્યાંય સંભવતું નથી.[૪૭] આમ શાંકર સિદ્ધાંત-કેવલાદ્વૈત મત બ્રહ્મના નિર્વિશેષ સ્વરૂપને જ મહત્વ આપે છે. કારણ કે જે સર્વ-વસ્તુનો નિષેધ કરતાં બાકી-શેષ રહે છે, તે ભગવાન-બ્રહ્મ જય પામો.[૪૮] આ નિર્વિશેષ બ્રહ્મ જ પરબ્રહ્મ તરીકે ઓળખાય છે. આથી જ કહ્યું છે, સમજુ માણસો, એ પરમ તત્વને જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન - એ ત્રણેય ભેદથી રહિત અવિનાશી, માયાના ગુણો વગરનું અને કેવળ અખંડ ચેતનમાત્ર સમજે છે.[૪૯]

નિર્વિશેષ બ્રહ્મનું સ્વરૂપ :

શ્રીમત્ શંકરાચાર્યે બ્રહ્મસૂત્ર ૧।૩।૧૩ ના શાંકર ભાષ્યમાં પરબ્રહ્મ અને અપરબ્રહ્મ એમ બે ભેદ પાડ્યા છે. અહીં તેમણે પરબ્રહ્મ જ ધ્યાન કરવા યોગ્ય છે, એમ ઉપદેશ આપ્યો છે. કેમ ? કારણ કે દર્શન કર્મના રૂપે બ્રહ્મનું જ કથન છે.[૫૦]

પરબ્રહ્મ એ નિર્વિશેષ બ્રહ્મ છે કારણ કે તેમાં ધર્મોનો-ગુણોનો અભાવ હોય છે. આ અભાવ અભાવાત્મક હોતો નથી, પરંતુ ભાવાત્મક હોય છે. આથી કહ્યું છે કે કોઇ પરમાર્થનો-

સત્યનો આશ્રય લઇ અસત્યનો નિષેધ કરાય છે. જેમ દોરડીમાં સર્પનો નિષેધ થાય છે. પરંતુ પરમાર્થનો આશ્રય અને નિષેધ ભાવાત્મક વસ્તુમાં જ શેષ રહે છે.[૫૧]

ડૉ. રાધાકૃષ્ણન લખે છે કે મન સાપેક્ષસત્તામાં આનંદ-આરામ મેળવી શકતું નથી. આથી બ્રહ્મની ધારણા વિના અનુભવ થઇ શકતો નથી.[૫૨]

બ્રહ્મ જગતનું કારણ મનાય છે. એટલે તેનું સામાન્ય-સમાન-ભાવ તરીકે નિરૂપણ થયું છે. આથી જ સામાન્યમાંથી વિશેષો ઉત્પન્ન થતાં જોઇ શકાય છે. જેમ માટીમાંથી ઘડા વગેરે. પરંતુ વિશેષમાંથી સામાન્ય ઉત્પન્ન થતાં જોઇ શકાતાં નથી.[૫૩] અહીં સામાન્યનું કારણ સ્વરૂપે નિરૂપણ થયું છે.

અહીં અનેક સામાન્ય અને વિશેષ યુકત, ચૈતન્ય અને ચૈતન્ય-રહિત વિલક્ષણતાઓ છે. તેમાં સામાન્ય પરમ્પરાગત રીતે એક જ મહા સામાન્યમાં-પ્રજ્ઞાનબ્રહ્મમાં રહેલ છે.[૫૪]

શ્રીમત શંકરાચાર્ય કહે છે કે સર્વશકિતમાન-સર્વવ્યાપક બ્રહ્મની સત્તાને સમજવાથી જ તેમાં રહેલા વિશેષણો પણ સમજી શકાય છે.[૫૫]

બ્રહ્મ અવાક્મનસગોચર છે, એટલે વાણી તથા મનથી જાણી શકાતું નથી, તેમ છતાં બ્રહ્મનું સ્વરૂપ અભાવથી ઓળખાતું નથી.[૫૬] અર્થાત નિષેધમાં પણ ભાવ જ મહત્વ ધરાવે છે.

બ્રહ્મ સવિશેષ છે કે નિર્વિશેષ છે તે પ્રસંગની ચર્ચામાં શ્રીશંકરાચાર્ય બ્રહ્મનું નિર્વિશેષ સ્વરૂપ જ સ્વીકારે છે. કારણ કે કોઇપણ એક લિંગ-સ્વરૂપનો સ્વીકાર કરી શકાય, તે એક-લિંગનો સ્વીકાર કરવાથી બધા વિશેષો-ભેદોથી રહિત નિર્વિકલ્પ-નિર્ગુણ બ્રહ્મ જ સમજી શકાય તેમ છે, વિપરીત-સગુણ બ્રહ્મ નહીં. જેથી બ્રહ્મના સ્વરૂપનું પ્રતિપાદન કરનારા વાક્યો "શબ્દ, સ્પર્શ, રૂપરહિત, નિર્વિકાર નિત્ય બ્રહ્મ છે" માં બધા વિશેષોથી રહિત બ્રહ્મનો જ ઉપદેશ આપવામાં આવે છે.[૫૭]

આમ અનેક પ્રમાણો અને ઉદાહરણો દ્વારા એમ સમજી શકાય છે કે"બ્રહ્મ નિર્વિશેષ જ બુદ્ધિગમ્ય કે શ્રુતિગમ્ય છે" એમ કહી શકાય. કારણ કે બ્રહ્મનું જ્ઞાન નિર્વિશેષ શ્રુતિવાક્યો થકી જ થાય છે.

## શ્રી વિઠ્ઠલનાથજીએ પૂર્વપક્ષમાં કરેલું નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ :

બ્રહ્મ વિરૂદ્ધસર્વધર્માશ્રય છે, તેનું સિદ્ધાંતપક્ષમાં સ્થાપન કરીને પૂર્વપક્ષમાં વિરૂદ્ધધર્માશ્રયપણાનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. કારણ કે વિરૂદ્ધધર્માશ્રયના સ્વીકાર વિના જ વિરૂદ્ધશ્રુતિવાક્યોનું સમર્થન થાય છે એમ નિર્વિશેષવાદીઓ માને છે. આથી જ કહ્યું છે કે એક જ વસ્તુ આપમેળે જ સવિશેષ છે કે નિર્વિશેષ છે, એ વિરોધને લીધે નિશ્ચય થઇ શકતો નથી.[૫૮]

બ્રહ્મને તાત્ત્વિક ઉપાધિના રૂપે સ્વીકારનાર સવિશેષ-વાદીઓ સમાધાન આપતાં જણાવે છે કે બ્રહ્મ સર્વજ્ઞ હોવાથી તેનો પૃથ્વી વગેરે ઉપાધિ સાથે સંબંધ છે, આથી તેનો સંબંધ અસ્થૂલતા વગેરે છે.[૫૯] અર્થાત અસ્થૂલ વગેરે ધર્મો ઉપાધિના સંબંધથી બ્રહ્મમાં આવે છે. આ વસ્તુને સ્પષ્ટ કરવા અણુ ભાષ્યનું પ્રમાણ આપતાં કહ્યું છે કે "અસ્થૂલમાં અસ્થૂલ અનણુમાં (અણુ ન હોય તેમાં) અનણુ, વિવિધ કર્તામાં વિવિધ કર્તા, વિવિધ કામના-વાળામાં વિવિધ કામવાળા, પૃથ્વીમાં સર્વ ગંધવાળા, જળ વગેરેમાં ગંધ વિનાના. આમ સગુણ-સધર્મક અને નિર્ગુણ-નિર્ધર્મક-એમ બ્રહ્મના બે સ્વરૂપો સિદ્ધ થાય છે.[૬૦] આમ થવાથી બ્રહ્મના ધર્મોમાં વિરૂદ્ધધર્માશ્રયપણામાં વિરોધ આવતો નથી.

પરન્તુ બ્રહ્મના ધર્મો જેવાં કે - અસ્થૂલ, અનણુ.....વગેરે ઉપાધિના સંબંધ થકી બ્રહ્મના ધર્મો કહી શકાય નહીં. કારણ કે ઔપાધિકપણામાં ઉપાધિયુક્ત ગુણમાં વસ્તુનો સ્વભાવ સંભવતો નથી.[૬૧]

અહીં પ્રશ્ન એ થાય છે કે ઉપાધિ સાથેનો સંબંધ સ્વા-ભાવિક છે, આરોપિત છે કે આગન્તુક છે?[૬૨] નીચેનાં દૃષ્ટા-ન્તોમાં ઉપર્યુક્ત ત્રણેય સંબંધોનો અભાવ જોવા મળે છે.

૧. જપાકુસુમની લાલિમાં લેનાર સ્ફટિક લાલ થતો નથી.[૬3] પરંતુ સફેદ જ રહે છે. અહીં ઉપાધિ સાથેનો સંબંધ સ્વાભાવિક કે

 673

આરોપિત નથી, પરંતુ વાસ્તવિક છે. જેમ સ્ફટિક લાલ રંગનો થતો નથી, તેમ બ્રહ્મમાં આરોપિત થયેલ અણુત્વગુણ પણ નથી.[૬૪]

૨. પડદાને લાલરંગથી કે વિવિધ રંગોથી ચિત્રિત કરવામાં આવે તો તે બે રૂપવાળો થતો નથી.[૬૫] અર્થાત જેમ પડદો અન્ય રૂપ કે સ્વકીય રૂપથી બે-રૂપવાળો થતો નથી, તેમ ઉપાધિગત અને સ્વગત, કર્તૃત્વ અને અકર્તૃત્વ દ્વારા બે વિરૂદ્ધ રૂપવાળું બ્રહ્મ હોઇ ન શકે.[૬૬] અહીં ઉપાધિ સાથેનો આગન્તુક સંબંધ નથી.

બ્રહ્મ અવયવ રહિત હોવાથી અવયવના અવચ્છેદ-સીમા-મર્યાદાની કલ્પના પણ કરી શકાય નહીં.[૬૭] અર્થાત જેમ અગ્ર-ભાગ ઉપર-ટોચ પર વૃક્ષ વાનરના સંયોગ સંબંધવાળું હોય છે. પરંતુ મૂળ ભાગમાં તેનો અભાવ જોવા મળે છે. આ વાકયમાં સંયોગ સંબંધના અવ્યાપ્યવૃત્તિપણાના નિયામક મૂળ અને અગ્ર વગેરે ભાગ એક જ વૃક્ષના અવયવરૂપ છે.[૬૮]

ઉપાધિ અવિદ્યાથી યુકત છે, અર્થાત ઉપાધિનો સંબંધ અવિદ્યાજન્ય છે,[૬૯] માટે ઉપાધિના ધર્મ બ્રહ્મમાં હોઇ ન શકે. આથી નિર્ધર્મક-વિશેષણ રહિત નિર્વિશેષ બ્રહ્મ જ સ્વીકારી શકાય.[૭૦]

સવિશેષ બ્રહ્મ વેદ-સિદ્ધ હોવા છતાં નિર્વિશેષનો નિષેધ થઇ શકતો નથી.[૭૧] કારણ કે સવિશેષ બ્રહ્મ પરિચ્છિન્ન-મર્યાદા-યુકત હોય છે, તેથી તેનો પરિચ્છેદ-મર્યાદા હોય છે. પરિચ્છિન્ન-બ્રહ્મ ભિન્ન હોવાથી પ્રત્યેક વિદ્યાઓમાં બ્રહ્મનો આકાર

ભિન્ન કહેવાય છે. આથી નિર્વિશેષ બ્રહ્મની જેમ સવિશેષ બ્રહ્મનો પણ ભેદ સ્વીકારી શકાય.[૭૨] આ પ્રમાણે સવિશેષ બ્રહ્મ પરિચ્છિન્ન-પણાને લીધે અનેક થઇ જાય તો "એક જ અદ્વિતીય બ્રહ્મ" છે. એ શ્રુતિવાકયોનો વિરોધ થાય છે.[૭૩]

નિર્વિશેષ બ્રહ્મ વ્યાપક હોય છે. આ વ્યાપક બ્રહ્મ "મચ્છરના સમાન, હાથીના સમાન"[૭૪] એ શ્રુતિવાકયમાં ઉપાધિના સંબંધથી અનેક પરિમાણવાળું કહેવાય છે. આમ સ્વતઃ નિર્વિશેષ વ્યાપક અપરિચ્છિન્ન-બ્રહ્મ જ શ્રુતિનું વાકય સિદ્ધ કરે છે.[૭૫] સવિશેષ બ્રહ્મ અવ્યાપક હોય છે. અવ્યાપક બ્રહ્મ "મચ્છરના સમાન, હાથીના સમાન." ઉપાધિના પરિમાણવાળું હોતું નથી. આથી તેમાં અન્યોન્યાશ્રયાશ્રયીભાવનો અભાવ હોય છે.[૭૬] અન્યોન્યાશ્રય-એક તર્કનો પ્રકાર છે. સર્વ દર્શનસંગ્રહના અક્ષપાદદર્શનમાં તેને "ઇતરેતરાશ્રય" કહેવાયો છે. (સર્વ.દ.સં.પૃ.૨૩૯)[૭૭]

અવ્યાપક ઉપાધિરૂપ મચ્છર અને હાથી અન્યોન્યાશ્રય-ભાવરહિત છે. આથી હાથીનું માપ-પરિમાણ મચ્છરમાં હોતું નથી અને મચ્છરનું માપ-પરિમાણ હાથીમાં હોતું નથી.[૭૮] આમ એ બ્રહ્મનું એક સમાન માપ-પરિમાણ થઇ શકતું નથી. અર્થાત ઉપાધિના પરિમાણોનો પરસ્પર-અન્યોન્ય આશ્રયાશ્રયીભાવ નથી.[૭૯]

હાથ પગ વગેરે લૌકિક વિશેષો-ગુણો છે, જયારે બ્રહ્મનું સ્વરૂપ અલૌકિક છે, આથી અલૌકિક બ્રહ્મમાં લૌકિક હાથ-પગનો

નિશેષ યોગ્ય જ છે. કારણ કે અલૌકિક બ્રહ્મ કરતાં લૌકિક હાથ-પગ વગેરે વિશેષો અધમ છે-જઘન્ય છે.[૮૦]

અલૌકિક બ્રહ્મ હોવાથી એક સહસ્ર મસ્તકવાળા....[૮૧] શ્રુતિ અનુસાર હાથ-પગવાળું બ્રહ્મ કહી શકાય નહીં. કારણ કે હાથ-પગ વગેરે વિશેષો અલૌકિક માનવાથી અને બ્રહ્મમાં સર્વભવન-સામર્થ્ય અને વિરુદ્ધધર્માશ્રયપણું જેવી અલૌકિક શક્તિ માનવાથી ગૌરવ દોષ થાય છે.[૮૨]

પ્રામાણિક ગૌરવની નિર્દોષતા વિશે કહ્યું છે કે હાથ-પગને અલૌકિક માનવાથી અને હાથપગને બ્રહ્મના વિશેષ માનવાથી અસ્થૂલ.....વગેરે શ્રુતિવાક્યોનો વિરોધ થાય છે. આથી હાથ-પગનું અલૌકિકપણું કહી શકાય નહીં.[૮૩]

"સર્વત્ર હાથ અને પગના અંતવાળું" હાથપગના અલૌકિક હોવાપણાની કલ્પના છે. પરંતુ નિર્વિશેષશ્રુતિ બળવાન છે અને સવિશેષ શ્રુતિ દુર્બળ છે. આથી ઉપજીવ્યપણાને લીધે.....એ કારિકામાં નિષેધો વધારે બળવાન છે." ન્યાયથી વિશેષો અવિદ્યાકલ્પિત હોવાથી સ્વીકારાયા છે, એમ કહ્યું છે.[૮૪]

સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારા શ્રુતિવાક્યો બ્રહ્મ સ્વરૂપનું નિરૂપણ કરતાં નથી. સવિશેષ શ્રુતિવાક્યો દ્વારા કરેલું બ્રહ્મનું નિરૂપણ-અલૌકિક હોય છે. આથી બ્રહ્મનું તે અલૌકિક નિરૂપણ કલ્પિત નહીં, પરંતુ સ્વાભાવિક કહેવાય છે.

આમ સવિશેષ બ્રહ્મ અલૌકિક હોઇ ગૌરવદોષ ઉપસ્થિત થતો નથી.[૮૬]

બ્રહ્મના શુદ્ધસ્વરૂપનું જ્ઞાન થવું મુશ્કેલ છે, તેથી તે દુર્જ્ઞેય કહેવાય છે. સવિશેષ બ્રહ્મમાં મહામુસીબતે ચિત્ત પ્રવણ થાય છે.-પરોવાય છે તો તે શુદ્ધ થાય છે.[૮૭] ચિત્તશુદ્ધિ પછી આપમેળે જ પ્રત્યક્બ્રહ્મ-નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય છે.[૮૮]

ઉપાસના અધિકારસિદ્ધિ માટે હોય છે. વળી ઉપાસનામાં ભાવ-ભક્તિ સહેલાઇથી પ્રાપ્ત થાય તે માટે લૌકિક હાથ-પગ જેવાં પ્રસિદ્ધ વિશેષો-ગુણો પ્રયોજનપૂર્વક કહેવાય છે.[૮૯]

ઉપાસના પછી અધિકાર સિદ્ધ થતાં નિર્વિશેષ બ્રહ્મના અનુભવની આકાંક્ષા થાય છે. આથી અસ્થૂલ.....શ્રુતિ નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરે છે. આ માટે જ બ્રહ્મ પોતે રૂપરહિત જ છે. કારણ કે "શ્રુતિનું તાત્પર્ય તે જ છે" દ્વારા સૂત્રકાર નિર્વિશેષ બ્રહ્મ નિરૂપે છે.[૯૦]

બ્રહ્મનું નિર્ગુણ સ્વરૂપ જ પ્રધાન-મુખ્ય છે, જયારે સગુણ-સ્વરૂપ ઉપાસના પ્રધાન છે, તે ગૌણ છે. આથી નિર્ગુણ-નિર્વિશેષ બ્રહ્મનાં પ્રતિપાદક વાક્યોમાં શ્રુતિ પ્રમાણે નિરાકાર બ્રહ્મનો જ નિશ્ચય થાય છે. બીજા સાકાર-બ્રહ્મનું પ્રતિપાદન કરનારા વાક્યો ઉપાસના પ્રધાન છે.[૯૧]

આ પ્રમાણે હોય તો સવિશેષ શ્રુતિ બ્રહ્મ સ્વરૂપનું નિરૂપણ કરે છે. પરંતુ ઉપાસનાનું નિરૂપણ કરે છે અને નિર્વિશેષશ્રુતિ બ્રહ્મના

સ્વરૂપનું નહીં, પણ અન્ય પ્રયોજન નિરૂપે તે યોગ્ય નથી.[૯૨] કારણ કે તેથી કોણ કોનાથી જુએ ?[૯૩] (બૃ.ઉ. ૨।૩।૬) શ્રુતિ વાકય અનુસાર બ્રહ્મ વૃત્તિનો વિષય નથી.[૯૪]

"વૃત્તિ" એ જ્ઞાન ઉત્પન્ન કરનાર મનનો ધર્મ છે, તે આંખના કિરણ દ્વારા બહાર જાય છે. આગળ રહેલા ઘટાદિ પદાર્થોના સંપર્કમાં આવે છે, તેથી તે તેના જેવા આકારની બને છે. આ જ પ્રમાણે વૃત્તિથી બહાર નીકળેલ સાક્ષીચૈતન્યનો પણ તેવો જ આકાર બને છે, જેમ મહાસરોવરનું જળ નહેર દ્વારા બહાર નીકળી કયારામાં જાય છે અને પછી જુદાં-જુદા ખાડામાં તેના જેવા આકારનું થાય છે. આમ જીવ અને ઘટરૂપી વિષય ચૈતન્યનો એક થતાં સાક્ષાત્કાર થાય છે.[૯૫]

વૃત્તિનો વિષય ન હોવાની નિર્વિશેષ બ્રહ્મ જાણવું અશકય છે.[૯૬] આથી જ હવે અહીંથી "નેતિ નેતિ" એમ આદેશ છે. (બૃ.ઉ. ૨।૩।૬)[૯૭]

જાણેલા પદાર્થ સમુદાયથી તે જુદો જ છે અને ન જાણેલાથી ઉપર છે. (કે.ઉ. ૧।૩)[૯૮] આ શ્રુતિ વાકયોમાં નિષેધાત્મક રીતે નિર્વિશેષ-બ્રહ્મનું નિરૂપણ છે.

આમ બ્રહ્મનું નિષેધાત્મક રૂપે વર્ણન કરવામાં આવે તો જેમ નિર્વિષય-વિષય વિનાનું કેવળ જ્ઞાન પ્રતિયોગી વિનાનો કેવળ અભાવ હોય છે, તેમ બ્રહ્મનું નિર્વિશેષ સ્વરૂપ પણ પ્રતિયોગી રહિત કેવળ અભાવ જ હોય ![૯૯]

અહીં વિષય એ વિષયતાવાન કહેવાય છે – જેમ "આ ઘટ" એવું જ્ઞાન એ ઘટ ત્વનો વિષય છે[100] અને પ્રતિયોગી એટલે ઘટાભાવનો વિરોધી ઘટ હોય છે.[101] અર્થાત જ્ઞાન રહિત જ્ઞાન વિરોધી વિનાનો અભાવ કહેવાય । આવી શંકા દૂર કરવા માટે શ્રુતિ નિર્વિશેષ બ્રહમને ચિત્સ્વરૂપ કહે છે. "જેમ મીઠાના ગાંગડામાં અંદર કે બહાર એવો ફરક હોતો નથી, એ આખો જ ગાંગડો જ હોય છે અને સ્વાદમાં નર્યો ખારો લાગે છે, તેમ આ આત્મામાં અંદર અને બહાર એવો ફરક હોતો નથી. આખો ય આત્મા જ હોય છે અને તે કેવળ જ્ઞાનમય હોય છે.[102]

વળી, બ્રહમનાં બે રૂપ છે. મૂર્ત અને અમૂર્ત.[103] (બૃ.ઉ.૨.૩.૧) થી આરંભીને બ્રહ્મના બે રૂપોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. હવે અહીંથી નેતિ નેતિ એમ આદેશ છે.[104] એમ ફરી કહેવામાં આવ્યું છે.

અહીં ન + ઇતિ – "એવું નહિ" માં ઇતિ શબ્દ સન્નિહિતાર્થવાચક છે.[105] અર્થાત "ઇતિ" શબ્દની પહેલાં નજીક આવેલાં મૂર્ત અને અમૂર્ત એવા બે રૂપો માટે વપરાયો છે.

"એમ ઉપાધ્યાયો બોલ્યા"[106] માં પણ "ઇતિ" શબ્દ સન્નિહિત-નિકટ હોવાનું જ સૂચન કરે છે.

અહીં પ્રસ્તુત વસ્તુની ચર્ચામાં પણ પહેલાં નિરૂપેલાં બે રૂપો-મૂર્ત અને અમૂર્ત છે, તે બન્ને રૂપો સન્નિહિત-નિકટ-હોવાથી

"નેતિ નેતિ" વાક્ય દ્વારા બ્રહ્મમાં તેના નિષેધનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.[૧૦૭] આથી એમ સમજાય છે કે સવિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ નિષેધ્ય-નિષેધ કરવા યોગ્ય શ્રુતિઓનું નિરૂપણ કરે છે.[૧૦૮] વિશેષો અવિદ્યાથી કલ્પિત હોય છે, તેથી તેમનો નિષેધ થઇ શકે છે. કારણ કે સત્-વસ્તુનો નિષેધ થઇ શકતો નથી.[૧૦૯] આમ વિશેષો અવિદ્યાથી કલ્પિત કહેવાય છે. વળી, "તેને જ તું બ્રહ્મ જાણ, જે તત્વની ઉપાસના કરે છે, તે આ બ્રહ્મ નથી"[૧૧૦] માં ઉપાસનાનું "અબ્રહ્મત્વ" કહ્યું છે.

આથી જ કહ્યું છે કે "આ બ્રહ્મ નથી" વાક્ય દ્વારા અનાત્માનું અબ્રહ્મત્વ કહેવાયું છે.[૧૧૧] આમ બ્રહ્મ-વિશેષ રહિત-નિર્વિશેષ જ છે, એમ માનવું જોઇએ.

કઠોપનિષદ્ના બીજા અધ્યાયની પ્રથમ વલ્લીના પ્રથમ મંત્રમાં કહ્યું છે કે કોઇ ભાગ્યશાળી બુદ્ધિમાન મનુષ્યે જ અમરપદ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતા, આંખ વગેરે ઇન્દ્રિયોને બાહ્ય વિષયોમાંથી પાછી ફેરવીને અન્તરાત્માને જોયો.[૧૧૨] આ શ્રુતિ બ્રહ્મના અવિષય-નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરતી નથી, પરંતુ બ્રહ્મનો વિષય-સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરે છે. આથી બ્રહ્મ બધા વિશેષોથી રહિત છે-નિર્વિશેષ એમ કહેવું યોગ્ય નથી.[૧૧૩]

ઉપર્યુક્ત શંકાનું સમાધાન આ પ્રમાણે આપી શકાય. પૂર્વોક્ત કારિકા ઉપજીવ્યપણાને લીધે, શ્રુતિના વાક્યો અન્યપરક

છે અને અન્તરંગ છે તેથી બ્રહ્મને નિર્વિશેષ કહેવાય છે"[૧૧૪] અનુસાર બધા શ્રુતિવાક્યોની સમાનતાનો વિચાર થાય છે, ત્યારે જગતના ધર્મો-વિશેષો અવિદ્યાથી કલ્પિત છે. આથી દ્વૈત-જગત અવિદ્યાથી કલ્પિત હોઇ સવિશેષ શ્રુતિઓનો યોગ અને ક્ષેમ સમાનપણે થઇ શકે છે.[૧૧૫] દ્વૈદ્વૈ સ્વભાવ અવિદ્યા હોય ત્યાં સુધી જ સંભવે છે. પરંતુ નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થતાં દ્વૈદ સ્વભાવ દૂર થાય. થાય છે. આથી જ "ત્યારે કોનાથી કોને જુએ"[૧૧૬] આ શ્રુતિ વાક્યમાં દ્વૈતનો નિષેધ થયો હોવાથી દ્વૈતપણું અવિદ્યાથી કલ્પિત જણાય છે.[૧૧૭]

પૂર્વોક્ત કઠોપનિષદ્ના શ્રુતિવાક્ય-૪૧૧ માં દર્શાવ્યા પ્રમાણે દર્શન અવિદ્યાનું કાર્ય છે. આથી દર્શન સમયે અવિદ્યાનો સમગ્રપણે નાશ થયો હોતો નથી. વળી દર્શન સમયે અવિદ્યાનો નાશ થવાથી દ્વૈતપણું અવિદ્યાજન્ય રહેતું નથી. અર્થાત જ્યાં સુધી દર્શનમાં અવિદ્યાનો નાશ ન થાય ત્યાં સુધી દ્વૈતપણું અવિદ્યાકલ્પિત હોય છે. પરંતુ અવિદ્યાનો નાશ થતાં તે અવિદ્યાકલ્પિત હોતું નથી. આથી એક પરબ્રહ્મનું બાહ્યવિષયોને જોવા માટે તત્પર પ્રત્યગાત્માનું દર્શન સંભવતું નથી.[૧૧૮]

સવિશેષ બ્રહ્મ સૂર્ય, દીપ, ચન્દ્ર, તારા, વીજળી, અગ્નિ વગેરેથી પ્રકાશ છે તેથી તે વ્યાવહારિક, ચાક્ષુષ અને ક્રિયાયુક્ત કહેવાય છે. આમ સગુણ બ્રહ્મનો નિશ્ચય થઇ શકતો નથી. કારણ

કે એક જ વસ્તુ-બ્રહ્મ આપમેળે જ રૂપાદિથી યુક્ત (સગુણ) છે અને તેનાથી વિરૂદ્ધ-નિર્ગુણ છે, એવો નિશ્ચય થઇ શકતો નથી.[૧૧૯] આથી કહ્યું છે કે -

૧. ત્યાં ન તો સૂર્ય પ્રકાશે છે, ન ચંદ્રમા અને તારાઓનો સમૂહ પ્રકાશે છે. વીજળી પણ પ્રકાશતી નથી, તો પછી આ અગ્નિ કેવી રીતે પ્રકાશિત થાય ! કારણ કે તેના પ્રકાશવાથી ઉપર્યુક્ત સૂર્ય બધા પ્રકાશે છે, તેના પ્રકાશથી આ સમ્પૂર્ણ જગત પ્રકાશે છે.[૧૨૦] અહીં તે સ્વાત્મભૂત બ્રહ્મમાં

૨. સર્વને પ્રકાશિત કરનાર સૂર્ય પ્રકાશતો નથી, તે બ્રહ્મ પ્રકાશ્ય નથી.[૧૨૧]

૨. આંખથી વાણીથી, અન્ય દેવોથી, તપથી કે કર્મથી પરમાત્મા ગ્રહણ કરી શકાતાં નથી. (મું.ઉ. ૩!૧!૮)[૧૨૨]

૩. જે જ્ઞાન ઇન્દ્રિયોથી અદૃશ્ય અને કર્મેન્દ્રિયોથી અગ્રાહ્ય છે. તે બ્રહ્મ છે. (મું.ઉ. ૧!૧!૬)[૧૨૩]

૪. કલારહિત, ક્રિયારહિત, સર્વ રીતે શાંત પરમાત્મા છે.[૧૨૪] (શ્વે.ઉ. ૬!૧૯)

ઉપર્યુક્ત શ્રુતિવાક્યો બ્રહ્મના સગુણ સ્વરૂપમાં રહેલાં લક્ષણો જેવાં કે પ્રકાશ્ય, વ્યવહાર્ય, ચાક્ષુષ અને સક્રિય હોવાનો નિષેધ કરે છે. અર્થાત સવિશેષ બ્રહ્મ ઉપાધિનું કારણ છે. આથી વસ્તુ-સ્વરૂપ નિરાકાર-નિર્વિશેષ બ્રહ્મનો ધર્મ અનુચિત છે.[૧૨૫]

આમ "જે પ્રસ્તુત-આટલાપણું-જે પૂર્વે વર્ણવેલાં મૂર્ત અને અમૂર્ત બે રૂપનો બ્રહ્મમાં નિષેધ કરે છે, તેથી ફરી કરે છે."[૧૨૬] સૂત્રમાં "નેતિ નેતિ" શ્રુતિવાક્ય મૂર્ત અને અમૂર્ત એમ બે રૂપનો બ્રહ્મમાં નિષેધ કરે છે. નિષેધ પછી બ્રહ્મના સદ્ભાવના પ્રમાણ વિશે કહે છે. આ બ્રહ્મથી પર બીજું નથી.[૧૨૭] આમ સવિશેષ બ્રહ્મ જ અવિદ્યાકલ્પિત હોવાથી ગૌણ છે, જ્યારે નિર્વિશેષ બ્રહ્મ જ મુખ્ય છે.

<u>શ્રીમદ્ વલ્લભાચાર્યે નિરૂપેલ "ઉભયલિંગાધિકરણ" નો પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ</u> :

શ્રીમદ્ વલ્લભાચાર્યે બ્રહ્મના સ્વરૂપનો વિચાર કરવા માટે "ઉભયલિંગાધિકરણ" નો આરંભ કરે છે. બ્રહ્મ જ્ઞાનનો વિષય છે, તેથી તેના સ્વરૂપનો નિર્ણય આવશ્યક છે. બીજું વેદના પરસ્પર વિરૂદ્ધ વચનોનો નિર્ણય કરવાથી બ્રહ્મના ધર્મોનો વિરોધ દૂર થાય છે. આમ બ્રહ્મનું જ્ઞાન થાય છે. બ્રહ્મના સ્વરૂપનો નિર્ણય ન કરવાથી તેનું જ્ઞાન થઇ શકતું નથી. અહીં બીજા પાદમાં જડ અને જીવના ધર્મો તરીકે જણાતા ધર્મોનો વિચાર કરવામાં આવ્યો છે.[૧૨૮]

જડ અને જીવના ધર્મોનો કેટલીક જગ્યાએ ભગવાનમાં બોધ કરવામાં આવ્યો છે, જ્યારે કેટલીક જગ્યાએ નિષેધ કરવામાં

આવ્યો છે. આમ શંકા થાય કે બ્રહ્મ બન્ને પ્રકારના ધર્મો-સધર્મક અને નિર્ધર્મક ધરાવે છે ! કે એક ધર્મ ધરાવે છે ![129]

પૂર્વપક્ષ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય પૂર્વપક્ષમાં ઉપનિષદ્ અને બ્રહ્મસૂત્રના પ્રમાણો આપીને જડ અને જીવના ધર્મોથી બ્રહ્મની વિલક્ષણતા સમજાવે છે.

૧. સર્વ કર્મોવાળા, સર્વ કામો - ઇચ્છા - વાળા.

(છાં.ઉ. ૩।૧૪।૨)

૨. જીવ આનન્દમય બ્રહ્મ નથી, કારણ કે સ્વતંત્ર રીતે જગત ઉત્પન્ન કરવાની શક્તિ એનામાં નથી. (બ્ર.સૂ. ૧।૧।૧૫)

અહીં પ્રથમ પ્રમાણમાં જીવના ધર્મોનો ભગવાનમાં બોધ દર્શાવાયો છે, કારણ કે જીવમાં પણ વિવિધ કર્મો અને ઇચ્છાઓ જાણી શકાય છે.[130]

દ્વિતીય પ્રમાણ જીવ બ્રહ્મથી વિલક્ષણ હોવાનું જણાવે છે. કારણ કે તેમાં બ્રહ્મના ધર્મનો નિષેધ કરવામાં આવ્યો છે.

જગતરૂપી કાર્યના ધર્મ બ્રહ્મરૂપી કારણમાં કહી શકાતાં નથી અને કારણના ધર્મો કાર્ય-જગત એ અંશ-જીવમાં પણ કહી શકાતાં નથી. કારણ કે સ્થૂલ નથી, અણુ નથી. (બૃ.ઉ. ૩।૮।૮) વગેરે વાક્યો જગતના બધા ધર્મો - લક્ષણોથી બ્રહ્મનું વિલક્ષણપણું

દર્શાવે છે. આમ પૂર્વપક્ષ છે કે ધર્મશ્રુતિ બ્રહ્મની ઉપાસના માટે હોવાથી ગૌણ છે અને નિષેધશ્રુતિ બ્રહ્મના સ્વરૂપનું જ જ્ઞાન કરાવ-નાર છે, તેથી નિર્વિશેષલિંગ જ જાણવા યોગ્ય છે.[131]

અહીં બીજો પણ પૂર્વપક્ષ બ્રહ્મવાદી ઋષિઓના મત અનુસાર જણાવાયો છે. - ભગવાન બધે જ કારણરૂપે રહેલાં છે, એટલે અસ્થૂલમાં અસ્થૂલ અનણુમાં અનણુ........ભગવાન રહેલાં છે. આમ સ્થાનથી-કાર્યરૂપથી બ્રહ્મ બે ધર્મવાળું - સધર્મક અને નિર્ધર્મક-સિદ્ધ થાય છે.[132]

પૂર્વપક્ષમાં બીજો મત એવો પણ છે કે કારણ-બ્રહ્મમાં અવચ્છેદ - સ્થાનના ભેદથી કે અચિંત્ય સામર્થ્યથી રૂપ અને અરૂપ એવાં બે ધર્મો છે. આ પ્રમાણે ન માનીએ તો બૌદ્ધ દર્શનનો અસત્માંથી સતની ઉત્પત્તિનો પ્રસંગ ઉપસ્થિત થાય ![133] સૂત્રમાંના "अपि" પદમાં તે જોઇ શકાય છે.

## ઉત્તરપક્ષ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય ઉત્તરપક્ષમાં બ્રહ્મસૂત્ર ૩।૨।૧૧ ટાંકતાં જણાવે છે કે ઉપાધિના ભેદથી બ્રહ્મ ઉભય ધર્મવાળું નથી, કારણ કે, બધાં બ્રહ્મવાક્યોમાં ભગવાનના તેવા રૂપનું વર્ણન નથી.[134]

શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુસાર ભગવત્સ્વરૂપનું પ્રતિપાદન કરનારાં વાક્યો ઉપાધિયુક્ત-અનુવાદક નથી. કારણ કે, તેવા વાક્યો હોય તો - શાસ્ત્ર - વ્યર્થ સિદ્ધ થાય ! વળી બ્રહ્મને

અચિન્ત્ય સામર્થ્યવાળું માનવાથી તેનું જ્ઞાન થઇ શકશે નહિ. કારણ કે, તે બ્રહ્મને જ જાણીને મનુષ્ય મૃત્યુને ઓળંગી જાય છે. ( શ્વે.ઉ. ૩।૮) આમ બ્રહ્મજ્ઞાનથી જ સાયુજ્ય મુક્તિ મળે છે.[૧૩૫]

ભગવાનમાં ભેદ નથી, કારણ કે બ્રહ્મના પ્રકરણનો આરંભ "એક જ , અદ્વિતીય" (છાં.ઉ. ૬।૨।૧) અનુસાર થાય છે. બ્રહ્મ અલ્પ છે, એમ માનીએ તો શ્રુતિનો વિરોધ છે, તેથી જ બીજાં મતો અનુસાર જડ અને જીવના ધર્મો સત્વ અને અસત્વરૂપ બ્રહ્મમાં હોવાથી જ ઉભયલિંગના વિરોધનું સમાધાન થઇ શકતું નથી.[૧૩૬]

પૂર્વપક્ષ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય પૂર્વપક્ષમાં શંકા પ્રસ્તુત કરતાં કહે છે કે ભેદ કારણ અને કાર્યમાં બધે જ સ્વીકારવામાં આવ્યો છે. આથી એક જગતથી જુદું બ્રહ્મ અને બીજું જગતના ધર્મોવાળું બ્રહ્મ. વળી એક જ્ઞાત-જાણેલું બ્રહ્મ અને બીજું નહિ જાણેલું બ્રહ્મ, આમ બ્રહ્મનો એક ભેદ સ્વીકારવાથી બધું જ શકય બને છે.[૧૩૭]

ઉત્તરપક્ષ :

શ્રીમદ્ વલ્લભાચાર્ય શંકાનું સમાધાન આપતાં કહે છે કે પ્રત્યેક બ્રહ્મ પ્રકરણમાં અભેદ વચનો છે. આમ કાર્ય કારણરૂપ અને પ્રકારના ભેદનો નિષેધ કરવામાં આવ્યો છે, તેથી ભેદના સ્વીકાર વડે શ્રુતિવાકયો યોજી ન શકાય.[૧૩૮]

શ્રીમદ્ વલ્લભાચાર્યે બ્ર.સૂ. અ.ભા. ૩।૨।૧૩ માં જણાવે છે કે આ જ પ્રમાણે કેટલાક શાખાવાળા ભેદના નિષેધ દ્વારા અભેદ વિશે કહે છે.[139] આથી જ ભેદ જોનારની નિન્દા કરવામાં આવી છે કે મનથી જ આ મેળવવા યોગ્ય છે. આમાં કોઇ ભિન્નતા નથી, જે એમાં ભેદ જુએ છે તે મૃત્યુથી મૃત્યુમાં જાય છે. (ક.ઉ. ૪।૧૧) આમ ભેદનો સ્વીકાર કરી શકાય નહિ. આથી ઉપનિષદોમાં સર્વ રીતે અવિરોધ સિદ્ધ થાય છે.[140]

બ્રહ્મ સ્વયં વિરોધી ધર્મોવાળું છે, એમ બ્રહ્મનું પ્રતિપાદન કરનારી સર્વ શ્રુતિઓ કહે છે. વળી "ઉભયલિંગ" બ્રહ્મ કહે છે. આથી બ્રહ્મ જ સાકાર અને નિરાકાર ઉભય બન્ને છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ "उभयलिङ्गाधिकरण ના આધારે કરેલું પૂર્વપક્ષીના મતનું ખંડન :

શ્રી વિઠ્ઠલનાથજી બ્રહ્મસૂત્રના "उभयलिंगाधिकरण" દ્વારા પૂર્વપક્ષ સાથે સમાધાન કરવા માટે પ્રતિજ્ઞા કરે છે. અહીં તેઓ "વિશેષોને અવિદ્યાથી કલ્પિત માનનાર" પૂર્વપક્ષીને પ્રશ્ન પૂછે છે કે જે અવિદ્યાથી વિશેષની કલ્પના કરવામાં આવી છે, તે અવિદ્યા જીવમાં રહેલી છે કે બ્રહ્મમાં રહેલી છે ![141] અવિદ્યા એટલે અજ્ઞાન. અજ્ઞાન બ્રહ્મનું કે જીવનું ? તેમાં બ્રહ્મનું અજ્ઞાન હોઇ શકે નહિ. કારણ કે અજ્ઞાન જ્ઞાનને ઢાંકી દે છે કે જીવને ઢાંકી દે છે.

બ્રહ્મની અવિદ્યા કે અજ્ઞાન નથી, તે સંબંધમાં સોદાહરણ સ્પષ્ટતા કરતાં હરિતોષિણીકાર શ્રી ગિરિધરજી કહે છે કે જેમ છીપમાં ચાંદીનો ભ્રમ થાય, તેમ જ્ઞાનને ઢાંકનાર-અજ્ઞાનનો બધાને હંમેશાં ભ્રમ થાય; કારણ કે અજ્ઞાન સર્વસામાન્ય હોય છે. આથી જ્ઞાનને ઢાંકી દેનાર અજ્ઞાન જેમ ચાંદી જેવું નથી, તેમ બ્રહ્મને ઢાંકનાર અજ્ઞાન વિશેષના ધર્મો જેવું નથી.[૧૪૨] આથી અજ્ઞાન કે અવિદ્યા બ્રહ્મની ન કહી શકાય.

અવિદ્યા જીવની પણ કહી ન શકાય. કારણ કે જીવમાં અવિદ્યા હોય છે, તેથી તેમાં બ્રહ્મના ધર્મની કલ્પના કરવાનું સામર્થ્ય હોતું નથી.[૧૪૩] વળી વિશેષના ધર્મોની કલ્પના શુદ્ધ બ્રહ્મમાં જ કહેવાય. તે શુદ્ધ બ્રહ્મ મન અને વાણીથી અગોચર છે. આથી જ કહ્યું છે કે "જ્યાંથી મન સહિત વાણી વગેરે ઇન્દ્રિયો તેને પ્રાપ્ત કર્યા વિના જ પાછી ફરે છે."[૧૪૪] આમ જીવને તેના અધિષ્ઠાન-આધાર-બ્રહ્મનું જ્ઞાન હોતું નથી. આથી જીવને ઢાંકનાર લિંગ-શરીરની નિષ્ઠા-સ્વરૂપમાં સ્થિતિનો અવિદ્યા સાથે સંબંધ-હોઇ ન શકે.[૧૪૫]

બીજું, "ઇન્દ્રિયોને ભગવાને બહિર્મુખ બનાવી છે"[૧૪૬] દ્વારા ઇન્દ્રિયોનો વિષય અવિદ્યાના સંબંધમાં નથી. પરંતુ તે અવિદ્યાથી રહિત પુરૂષનો છે. આથી જ કહ્યું છે કે "કોઇ બુદ્ધિમાન પુરૂષ અમૃત-અમરપદ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી આંખ વગેરે ઇન્દ્રિયોને બાહ્ય વિષયોમાંથી પાછી ફેરવીને અંતરાત્માનું દર્શન કર્યું."[૧૪૭] તે

અવયવરહિત પરમાત્માનું તો વિશુદ્ધ અંતઃકરણવાળા (સાધક) તે વિશુદ્ધ અન્તઃકરણથી ધ્યાન કરતાં જ જ્ઞાનની નિર્મળતાથી દર્શન કરે છે.[૧૪૮] અનુસાર વેદમાં જ્ઞાનીને જ દર્શન થાય છે, એમ કહ્યું છે. આથી અવિદ્યાનો જ્ઞાનથી નાશ થતો હોવાથી દર્શન સમયે "તે-અવિદ્યા છે" એમ કહી શકાશે નહીં. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે સમાધિમાં રહેલાં યોગીઓ જેને ગુણથી પર થયા પછી જોઇ શકે છે.[૧૪૯] અર્થાત "વૈકુંઠ" નામના ભગવાનના સ્થાનને મનનશીલ મુનિઓ પણ ગુણોનો ત્યાગ કરીને જ જોઇ શકે છે.[૧૫૦] આમ ત્રિગુણાત્મિકા અવિદ્યા દૂર ન થાય ત્યાં સુધી બ્રહ્મદર્શન થતું નથી. વળી ઉપર્યુક્ત શ્રીમદ્ ભાગવતના વાક્યનો વિરોધ થાય છે.

<u>પૂર્વપક્ષ</u> :

અહીં પૂર્વપક્ષમાં શંકા વ્યક્ત કરાઇ છે કે જ્ઞાનીની અવસ્થામાં પણ દૃષ્ટા અને દૃશ્યભાવ હોય છે, એટલે અવિદ્યાનો સંપૂર્ણપણે નાશ થતો નથી. કારણ કે દૃષ્ટા અને દૃશ્યભાવ નિર્વિશેષ બ્રહ્મના દર્શનમાં રહેતાં નથી. શ્રુતિ "કોનાથી કોને જુએ ?"[૧૫૧] કહે છે. આથી બ્રહ્મના દર્શનમાં પણ જીવમાં અવિદ્યા હોય છે. પરંતુ પારમાર્થિક રીતે આત્મા સિવાય બીજુ કંઇ જ હોતું નથી.[૧૫૨]

<u>ઉત્તરપક્ષ</u> :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષના જ્ઞાન-ના સમયમાં અવિદ્યા હોવાના વિચારને સમજીને પણ તેનો દોષ રજૂ કરે છે. તેઓ

કહે છે કે પૂર્વપક્ષીને બ્રહ્મનું દૃશ્ય અવિદ્યાયુક્ત જ પ્રિય છે![153] અવિદ્યાથી બ્રહ્મમાં વિશેષની કલ્પના કરીએ તો બ્રહ્મ દૃશ્ય થાય. બ્રહ્મ દૃશ્ય થતાં અધિષ્ઠાન બ્રહ્મનું જ્ઞાન થાય છે. અર્થાત્ જેમ છીપમાં ચાંદીની કલ્પના છીપના જ્ઞાન-રૂપના અધિષ્ઠાનના જ્ઞાન વિના થતી નથી, તેમ અધિષ્ઠાન-બ્રહ્મના જ્ઞાન વિના વિશેષના ધર્મની કલ્પના થતી નથી. આમ અવિદ્યાથી બ્રહ્મમાં વિશેષની કલ્પનાથી દૃશ્યપણું અને દૃશ્યપણામાં અધિષ્ઠાનના જ્ઞાનથી વિશેષની કલ્પના અન્યોન્યાશ્રય દોષ લાવે છે.[154]

અન્ય દોષ પણ કહેવાયો છે કે "નિષ્કલ" અને "પ્રત્યગાત્મા" એ બન્ને પદો અવિદ્યાથી રહિત બ્રહ્મના દર્શનનો વિષય વ્યક્ત કરે છે. આમ શ્રુતિનું વાક્ય વિરોધ કરે છે.

<u>પૂર્વપક્ષ</u> :

પૂર્વપક્ષી કેવલાદ્વૈતવાદી કહે છે કે વેદમાં દૃષ્ટા અને દશ્યના ભેદનું નિરૂપણ થયું છે, તેથી દર્શન અવિદ્યાયુક્ત જ છે. "નિષ્કલ" અને "પ્રત્યગાત્મા" એ બન્ને પદો બ્રહ્મના વાસ્તવિક રૂપ ન કહેવાય. કારણ કે અવિદ્યાની સત્તાના સમયે બ્રહ્મનું વાસ્તવિક રૂપ અગમ્ય હોય છે. એટલે દર્શન ક્રિયાના કર્મની સિદ્ધિ થતી નથી.[155]

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ક.ઉ. ૨।૧।૧ "કોઇ ધીર પુરૂષે પ્રત્યગાત્માને જોયા." માં "જોયા" ક્રિયાનું કર્મ "પ્રત્યગાત્મા" જ છે. આ પ્રત્યગાત્મા એ નિર્વિશેષ બ્રહ્મ છે. અહીં આત્મા-બ્રહ્મ પદ અકર્મપણાને લીધે જોવાની ક્રિયા સંભવતી નથી.[૧૫૬] આમ નિર્વિશેષ બ્રહ્મનું દર્શન થઇ શકતું નથી. આથી શ્રુતિ અને સ્મૃતિના વાક્યોનો તો ઉપપ્લવ-અંધેર થઇ જાય ! તે શ્રુતિ વાક્યો આ પ્રમાણે છે.

૧. બ્રહ્મને જાણનાર બ્રહ્મ જ થાય છે. (મુ.ઉ. ૩।૨।૯)
૨. એને જાણીને જ મૃત્યુને તરે છે. ( શ્વે.ઉ. ૩।૮)
૩. કાર્યકારણસ્વરૂપ તે પરાત્પર પુરૂષોત્તમને તત્વથી જાણી લીધા પછી (મું.ઉ. ૨।૨।૮)
૪. કોઇક બુદ્ધિમાન મનુષ્યે જ અન્તરાત્માનું દર્શન કર્યું.
૫. બધા વેદોથી જાણવા યોગ્ય હું જ છું. (ભ.ગી. ૧૫।૧૫)
૬. ભક્તિથી મને જાણે છે. (ભ.ગી .૧૮।૫૫)

પૂર્વપક્ષનો બ્રહ્મના "વાસ્તવ" રૂપનો પરિચય ઉપર્યુક્ત ઉદાહરણ "પ્રત્યગાત્મા" અને "નિષ્કલ" પદમાં આપવામાં આવ્યો છે. આથી અહીં પ્રશ્ન કર્યો છે કે "અવાસ્તવ" એટલે શું ?"

પૂર્વપક્ષ :

પૂર્વપક્ષી ઉત્તર આપતાં કહે છે કે વસ્તુના સ્વનો સ્વાભાવિક ધર્મ એ વાસ્તવ કહેવાય છે, તેનાથી અલગ આગન્તુક કે આકસ્મિક ધર્મ એ "અવાસ્તવ" કહેવાય છે.[૧૫૭]

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ઘટના આકારો જેવાં કે પહોળો મધ્યભાગ, સાંકડું મુખ વગેરે માટીના સ્વાભાવિક ધર્મો નથી. પરંતુ ઘટની રચના પછી માટીમાં તેવા આકારો આવે છે. આથી તે આગન્તુક ધર્મ કહેવાય છે. આગન્તુક ધર્મ આકારજનિત હોવાથી તે અવિદ્યાથી કલ્પિત કહી શકાય. ટૂંકમાં માટીમાં રહેલો સ્વાભાવિક ધર્મ ઘટમાં હોતો નથી, તેથી અવાસ્તવ ઘટ અજ્ઞાનથી કલ્પિત કહેવાય છે.[૧૫૮] જેમ છીપમાંની ચાંદીથી કોઇપણ કાર્ય થતું નથી તેમ ઘટથી પણ થતું નથી. પરંતુ ઘટની વસ્તુ છીપની ચાંદીની જેમ નથી.

આથી શ્રી વિઠ્ઠલનાથજી તર્ક પ્રસ્તુત કરતાં કહે છે કે માટીનો આકાર ઘટ કુંભાર, દંડ અને ચક્ર વગેરે સહકારી કારણોથી રચાય છે. આમ જો તેને અવિદ્યાથી કલ્પિત છે, એમ કહીએ તો પ્રત્યક્ષ પ્રમાણનો વિરોધ થાય છે ![૧૫૯]

હવે પૂર્વપક્ષના આધારે એમ પણ કહી શકાય કે ઘટ અવિદ્યાથી કલ્પેલો છે, તેથી તેની કુંભાર વગેરે સહકારી કારણો વિના જ રચના થઇ લાગે છે ! વળી અજ્ઞાનથી કલ્પિત ઘટ વડે જાગ્રતાવસ્થામાં જ પાણી લાવી શકાય ! પાણી લાવનારને ઘટની આવશ્યકતા જ ન રહે ! કારણ કે જેમ અવિદ્યાથી કલ્પિત મૃગજળનું પાન કરવા તૃષાર્ત વ્યક્તિ પણ તત્પર બનતી નથી, તેમ અવિદ્યાથી કલ્પિત ઘટનું જળ લાવવાની પ્રવૃત્તિ પણ થઇ શકતી નથી.[૧૬૦]

પૂર્વપક્ષ :

દોષની અવસ્થામાં જે પ્રતીયમાન હોય-દેખાય તે "અવાસ્તવ" નું લક્ષણ છે. આથી જ છીપમાં રહેલ ચાંદીમાં દોષાવસ્થા હોવાથી "અવાસ્તવ" ધર્મ છે. પરંતુ ઘટમાં તેવું નથી. આ જ છીપની ચાંદી અને ઘટ વચ્ચેનો તફાવત છે.[૧૬૧]

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસાનો સિદ્ધાન્ત રજૂ કરતાં કહે છે કે "આ" અંશ પણ દોષાવસ્થામાં જ આવે છે.[૧૬૨] અર્થાત છીપમાં આ ચાંદી છે, એવો ભ્રમ થાય ત્યારે "આ"-"इदम्" અંશમાં પ્રમાત્મક જ્ઞાન થાય છે, જ્યારે ચાંદીના અંશમાં ભ્રમાત્મક જ્ઞાન થાય છે.

પૂર્વપક્ષ :

દોષથી પ્રયુક્ત થઇ દોષાવસ્થામાં દેખાય તે "અવાસ્તવ" નું લક્ષણ છે. આમ "આ" કે "શુક્તિ" છીપમાં દોષાવસ્થા છે, જ્યારે "રજત" ચાંદી દોષપ્રયુક્ત છે,[163] અર્થાત દોષથી ઉત્પન્ન દોષાવસ્થા તે "અવાસ્તવ" છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષની દલીલનો અસ્વીકાર કરતાં કહે છે કે અંધકારથી પીડિત વ્યક્તિ જ્યારે નેમદર્પણ-ઉપનેત્ર-ચશ્મા ધારણ કરે છે, ત્યારે સૂક્ષ્મ વર્ણો પણ ભ્રમથી સ્થૂલ જણાય છે અને વર્ણનું જ્ઞાન થાય છે. આથી વર્ણના અંશમાં પણ ભ્રમ આવે છે.[164]

પૂર્વપક્ષ :

નેત્રદર્પણ-ચશ્મા વર્ણાદિ-અક્ષરનું જ્ઞાન કરાવે છે. આથી તે ગુણ જ છે,[165] દોષ નથી.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી પણ પૂર્વપક્ષના મતાનુસાર કહે છે કે અવિદ્યાને પણ બ્રહ્મના ગુણ તરીકે સ્વીકારો તો સર્વ શ્રુતિવાક્યોની એકવાક્યતા થઇ જાય !

અહીં શ્રી પુરૂષોત્તમજી "સુવર્ણસૂત્ર" ટીકામાં માર્કંડેય પુરાણના રૌચ્ય મન્વન્તરનો શ્લોક ટાંકતા કહે છે કે "ઉપાયથી યોજેલી

અવિદ્યા પણ વિષની જેમ લોકોનો ઉપકાર કરે છે.[૧૬૬] આમ પૂર્વ-પક્ષની રીતે તો બ્રહ્મદર્શન-જ્ઞાન પણ અવિદ્યાયુક્ત થઇ જાય !

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ખરી રીતે તો બ્રહ્મના સર્વ ધર્મો-ગુણો નિત્ય હોવાથી સ્વાભાવિક જ છે.[૧૬૭] કારણ કે વેદ પણ તે પ્રમાણે જ નિરૂપણ કરે છે. શ્વેતાશ્વતરોપનિષદમાં કહ્યું છે કે તેનું કાર્ય-શરીરરૂપી કાર્ય અને કરણ-અન્તઃકરણ અને ઇન્દ્રિય-રૂપી કરણ નથી. તેનાથી મોટો અને તેના સમાન પણ અન્ય દેખાતો નથી. વળી આ પરબ્રહ્મની જ્ઞાન, બળ અને ક્રિયારૂપી સ્વાભાવિક દિવ્ય શક્તિ વિવિધ જ સંભળાય છે.[૧૬૮]

શ્રી વિઠ્ઠલનાથજી આ શ્રુતિના મંત્રની ટીકા કરતાં કહે છે કે બ્રહ્મના સંબંધનું કોઇપણ કાર્ય જન્ય-અનિત્ય નથી, પરંતુ અજન્ય-નિત્ય જ છે.[૧૬૯] વળી "તેનું" એમ ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ ભેદ-સમ્બન્ધનું નિરૂપણ કરે છે. આથી જીવની જેમ બ્રહ્મને જ્ઞાન અને ક્રિયાનાં કરણ-ઇન્દ્રિયો સ્વ-સ્વરૂપથી ભિન્ન નથી, તેનું એક કારણ આ છે. (૧) બ્રહ્મના હાથ, પગ, મુખ, ઉદર વગેરે કેવલ આનંદનાં જ છે.[૧૭૦] (૨) અને બીજું કારણ આ છે - બ્રહ્મનું જ્ઞાન અને ક્રિયા વગેરે નિત્ય છે, તેથી તેના કારણભૂત ઇન્દ્રિયો નથી.[૧૭૧] આથી જ "તેના સમાન નથી." કારણ કે જીવો નિત્ય જ્ઞાન અને ક્રિયા વિનાનાં હોય છે. આથી બ્રહ્મને "સર્વના સ્વામી" (બૃ.ઉ.૪।૪।૨૨) એમ કહ્યું છે. કારણ કે બ્રહ્મમાં જ જ્ઞાન અને ક્રિયા વગેરે નિત્ય હોય છે, તેથી જ જીવો ભગવાનના દાસ છે.

હવે મંત્રના ઉત્તરાર્ધની ટીકા કરતાં જણાવે છે કે પર એટલે મન અને વાણીથી પણ જેના વિશે જાણી ન શકાય તેવો, બ્રહ્મની વિવિધ શક્તિઓ છે.[૧૭૨] છતાં શ્રુતિમાં એકવચનમાં "શક્તિ" શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. કારણ કે શક્તિના સ્વરૂપનો વિચાર કરીએ તો "શક્તિ" બ્રહ્મ-સ્વરૂપથી જુદી નથી. આથી જ એક-વચનનો પ્રયોગ કર્યો છે. વળી બ્રહ્મ અચિન્ત્ય અને અનન્ત શક્તિ-વાળું છે. પરંતુ તે શક્તિઓ સ્વાભાવિક છે, આગન્તુક નથી.[૧૭૩] આમ જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને બલશક્તિ પણ સ્વાભાવિક જ છે.

પરંતુ બ્રહ્મની જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ શરીર અને ઇન્દ્રિય વિના જાય છે, એવો શ્રુતિનો અર્થ નિષ્પન્ન થતો નથી. આમ બ્રહ્મ ઉપનિષદો દ્વારા પ્રતિપાદ્ય કરવા યોગ્ય છે, તેથી નિત્ય સત્ય એવું બ્રહ્મ અવિદ્યાથી કલ્પેલું કહી ન શકાય.[૧૭૪] કારણ કે શ્રુતિના મંત્રમાં વર્ણવ્યા અનુસાર બ્રહ્મની શક્તિઓ નિત્ય હોય છે.

ઉપર્યુક્ત શ્રુતિનો અન્ય મત-અદ્વૈત મત આ પ્રમાણે છે. એનું કોઇપણ કાર્ય કે કર્તવ્ય નથી તેને કરણ કે ઇન્દ્રિય વગેરે પણ નથી. આથી જ "તેના સમાન કોઇ નથી," તેના કારણો આ પ્રમાણે છે.

૧. બ્રહ્મને કર્તવ્ય નથી છતાં પણ વિવિધ શક્તિઓ છે.

૨. બ્રહ્મને ઇન્દ્રિયો નથી. છતાં પણ જ્ઞાન અને ક્રિયા વગેરે છે.

આમ બ્રહ્મની સર્વ શક્તિઓ સ્વાભાવિક જ છે.[૧૭૫] આમ ઉપર્યુક્ત મંત્રની વ્યાખ્યા અતિ દોષપૂર્ણ નથી. અર્થાત દોષ તો છે જ !

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જગતની સર્જન પહેલાં અને પછી પણ બ્રહ્મની બધી જ શક્તિઓ નિત્ય હોય છે. આમ જગતના સર્જન પહેલાં અને પછી પણ બ્રહ્મનું કોઇ કર્તવ્ય નથી, તેમ છતાં કર્તવ્યનો સામાન્ય નિષેધ દોષપૂર્ણ છે.[૧૭૬] કારણ કે "ઇક્ષત્યધિકરણ" માં કર્તવ્યના સામાન્ય નિષેધનો વિરોધ જોવા મળે છે. તેમાં કહ્યું છે કે હે સૌમ્ય, આ પહેલાં સત જ હતું, એક જ અદ્વિતીય. (છાં.ઉ. ૬.૨.૧.) "તેણે ઇક્ષા કરી -વિચાર કર્યો કે હું બહું થાઉં અને ઉત્પન્ન કરૂં. તેણે તેજ ઉત્પન્ન કર્યું. (છાં.ઉ. ૬.૨.૩)

આ શ્રુતિવાકયો જગતના સર્જન સમયનું બ્રહ્મનું કર્તવ્ય નિરૂપે છે. વળી ઐતરેયોપનિષદ પણ કહે છે કે આ જગત પહેલાં એકમાત્ર પરમાત્મા જ હતું, બીજું કોઇપણ ચેષ્ટા કરનાર નહોતું, તે પરમ પુરૂષ પરમાત્માએ નિશ્ચય જ લોકની રચના કરું, આમ વિચાર કર્યો. તેણે આ બધા લોકની રચના કરી."[૧૭૭] આ શ્રુતિ વાકયો જગતના સર્જન પહેલાં બ્રહ્મનું અશરીરપણું અને તેજ વગેરે- અર્થાત્ તેજ, જળ, અન્ન લોકનું કર્તાપણું દર્શાવે છે. આ વસ્તુનો પૂર્વપક્ષીને પણ સ્વીકાર કરવો પડે એમ છે. વળી જગતના સર્જન પહેલાં નિર્વિશેષ બ્રહ્મ હતું. તેણે જગત સર્જ્યું. આથી જગતના સર્જન રૂપ કર્તવ્યનો નિષેધ યોગ્ય નથી.[૧૭૮] કારણ કે તે સમયે કોઇ જીવ નહોતો, કે પોતાની અવિદ્યાથી બ્રહ્મના તે કર્તા તરીકેના વિશેષની કલ્પના કરી શકે !

હવે જો જીવ "છે," એમ કહીએ તો "હે સૌમ્ય, પહેલાં એક જ સત હતું" એ શ્રુતિવાકયનો વિરોધ થાય છે. વળી "એના"

એ શ્રુતિમાં ભેદમાં ધર્મનો નિર્દેશ જોવા મળે છે. આમ સ્વાભાવિક જ્ઞાન અને ક્રિયા વગેરે શક્તિઓ બ્રહ્મના જ ધર્મો છે. વળી "તે પરમ પુરૂષ પરમાત્મા સર્વત્ર હાથ-પગવાળા, સર્વત્ર આંખ, મસ્તક અને મુખવાળા છે."[180] આથી બ્રહ્મના સ્વરૂપભૂત હાથ, પગ વગેરે આનન્દમાત્ર છે. આમ "તેના કાર્ય અને કરણ નથી."[181] શ્રુતિ હાથ, પગ વગેરે ઇન્દ્રિયોનો નિષેધ કરતી નથી. પરંતુ કાર્યરૂપી ઇન્દ્રિયોનો નિષેધ કરે છે. આમ સર્વ ઇન્દ્રિયો ભગવાન સાથે સંબંધિત હોવાનું વેદમાં પ્રતિપાદિત થયું છે.[182]

## કેવલાદ્વૈત મતાનુસાર સવિશેષ બ્રહ્મ અવિદ્યાથી કલ્પિત :

કેવલાદ્વૈત મત બ્રહ્મના સવિશેષ સ્વરૂપને અવિદ્યાથી કલ્પિત માને છે. સવિશેષ બ્રહ્મ સાપેક્ષ છે. આ સાપેક્ષ બ્રહ્મ-ઇશ્વર જ સંસારની રચના કરે છે. વળી જે પર જ્યોતિ છે તે જ પરબ્રહ્મ છે તે જ પાપરહિતધર્મવાળું છે, તે જ જીવનું પારમાર્થિક સ્વરૂપ છે. ઉપાધિથી કલ્પિત બ્રહ્મનું બીજું સ્વરૂપ-સગુણ બ્રહ્મ પારમાર્થિક નથી.[183]

બ્રહ્મસૂત્રના ૧ લા અધ્યાયના ૧લા પાદના ૭મા, ૮મા, ૯મા અને ૧૦મા અધિકરણમાં અનુક્રમે સૂર્યમાં બ્રહ્મનું દર્શન, આકાશ એ બ્રહ્મ, પ્રાણ એ પરબ્રહ્મ અને જ્યોતિ એ પરબ્રહ્મનું નિરૂપણ થયું છે.

હિરણ્મય પુરૂષ શ્રુતિ (છાં.ઉ.૧૧૬) માં વર્ણિત સૂર્ય-મંડળની અંદર જે સુવર્ણમય પુરૂષ દેખાય છે તે પરમેશ્વર જ છે. કોઇ ઉચ્ચ પ્રતિષ્ઠા પામેલ જીવ નહીં.[૧૮૪]

આકાશ, પ્રાણ અને જ્યોતિ આ બધાં પદો પરબ્રહ્મવાચક છે. આ વસ્તુ બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમાં પ્રતિપાદિત છે.

શ્રી મધુસૂદન સરસ્વતી "સિદ્ધાન્તબિન્દુ" માં ઇશ્વરના પ્રકારો આપતાં કહે છે કે તે પોતાની ઉપાધિભૂત અવિદ્યાના ત્રણ ગુણોના ભેદથી વિષ્ણુ, બ્રહ્મા, અને રુદ્ર એમ ત્રણ પ્રકારના છે.[૧૮૫]

પારમાર્થિક રીતે - તત્ત્વતઃ બ્રહ્મ અને ઇશ્વર એક જ છે, તેમ જીવ પણ બ્રહ્મ જ છે, છતાં પણ ઉપાધિના કારણે ભેદ લાગે છે. આથી જ કહ્યું છે કે પરમાર્થ અવસ્થામાં ઇશિતા ઇશિતવ્ય વગેરે વ્યવહારનો અભાવ જોવા મળે છે. જ્યારે વ્યવહાર અવસ્થામાં શ્રુતિમાં પણ ઇશ્વરાદિનો વ્યવહાર કહેવાયો છે. આમ સવિશેષ બ્રહ્મ અવિદ્યારૂપી ઉપાધિથી કલ્પિત કહેવાય છે.[૧૮૬]

<u>શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર સવિશેષ બ્રહ્મ</u> :

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મના સવિશેષ-સાકાર સ્વરૂપના પ્રતિપાદક છે. છતાં તેઓ બ્રહ્મના સગુણ અને નિર્ગુણ બન્ને સ્વરૂપનો સ્વીકાર કરે છે. કારણ કે બ્રહ્મમાં બન્ને ગુણો સ્વાભાવિક છે. આથી જ કહ્યું છે કે પરમાત્માની વિવિધ પ્રકારની જ શક્તિ શાસ્ત્રમાં જણાય છે, તે જ્ઞાનક્રિયા અને બલક્રિયા સ્વાભાવિક છે.[૧૮૭]

છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે "એણે જોયું કે હું બહુ-અનેક થાઉં, હું જન્મને પામું."[188] અહીં બ્રહ્મ સર્વભાવમાં સમર્થ હોવાનું સિદ્ધ થાય છે.[189]

"ભગવાન જેને વરે તેને પ્રાપ્ત થાય છે,"[190] અનુસાર વરણ એ જ ભગવત્પ્રાપ્તિનું સાધન માનવામાં આવ્યું છે. અહીં અક્ષરબ્રહ્મનું જ્ઞાન અવિદ્યા દૂર કરે છે. આથી લૌકિક ધર્મો ન રહેવાથી શુદ્ધતા-પવિત્રતા આવે છે. આ રીતે પુરુષોત્તમની પ્રાપ્તિ માટે સ્વરૂપની યોગ્યતા સિદ્ધ થાય છે.[191] પછી જીવ અનન્ય ભક્તિથી ભગવાનને પ્રાપ્ત કરી શકે છે.

સૂત્રકાર પણ કહે છે કે પણ ભગવાનની સારી સેવા થાય-અર્થાત ભગવાન પ્રસન્ન થાય અને એમનાં દર્શન થાય, કારણ કે શ્રુતિ અને સ્મૃતિ કહે છે કે બ્રહ્મ સાકાર અને અનન્તગુણવાળું છે.[192] અહીં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે સાકાર અને નિરાકાર એ બન્ને પ્રકારનાં બ્રહ્મનાં રૂપ જોવામાં આવે છે.[193] આમ ભક્તિથી જ ભગવદ્દર્શન થઇ શકે છે.

શ્રીમદ વલ્લભાચાર્યનો સવિશેષ બ્રહ્મનો અભિપ્રાય એવો છે કે તે સત્યાદિ સર્વ ધર્મોને ધારણ કરે છે. જો બ્રહ્મ સર્વથા ધર્મ-રહિત હોય તો "સામાનાધિકરણ્ય" થઇ શકે નહિ. કારણ કે તે સત્ય, જ્ઞાન વગેરે ધર્મોની વિભિન્નતાથી જ થઇ શકે છે.[194]

શ્રીમદ વલ્લભાચાર્ય અનુસાર અંદર છે તે પરમાત્મા છે, કારણ કે તેના પરમાત્માના ધર્મોનો ઉપદેશ છે.[195] સૂત્ર અણુભાષ્યમાં

સૂર્યની અંદર દેખાતો પુરૂષ પરમાત્મા જ છે. તે આ સર્વ પાપોની ઉપર છે. આમ ઉદિતિ વગેરે ધર્મોનો ઉપદેશ છે.[196] જયાં એકપણ અસાધારણ ધર્મ હોય ત્યાં અન્ય સંદેહયુકત ધર્મો બ્રહ્મના જ ધર્મો છે. આમ અહીં સાકાર બ્રહ્મનું નિરૂપણ અને પ્રતિપાદન થયું છે.

આકાશ પરમાત્મા જ છે, કારણ કે લિંગ અર્થાત્ બીજાની અપેક્ષા વિના અર્થનો બોધ કરાવવાની શબ્દની શકિત છે.[197] આમ સર્વ બ્રહ્મશ્રુતિઓની એકરૂપતાનું કારણ બ્રહ્મ જ છે. અહીં આકાશનો અર્થ બ્રહ્મ છે, આમ બ્રહ્મ મુખ્યાર્થની સંભાવના હોય ત્યાં શ્રુતિનો અન્ય-અબ્રહ્મપરક અર્થ કરી શકાય નહિ.[198]

"આથી જ પ્રાણ બ્રહ્મ છે,"[199] સૂત્રમાં છાંદોગ્ય ઉપનિષદના શ્રુતિવાકયમાં "તે દેવતા કયો ? ઉષસ્તિએ પ્રાણ એમ કહયું."[200] અહીં પણ શ્રુતિના સામર્થ્યરૂપ લિંગ છે, તેથી પ્રાણ શબ્દનો અર્થ બ્રહ્મ છે.

"જયોતિ" બ્રહ્મ છે, કારણ કે ચરણનું કથન છે.[201] આ બ્રહ્મ-સૂત્રના અણુભાષ્યમાં શ્રુતિવાકય આપવામાં આવ્યું છે કે હવે જે જયોતિ આ સ્વર્ગની પાર-ઉપર દીપી રહે છે, જે વિશ્વની ઉપર, સર્વની ઉપર, અદ્વિતીય ઉત્તર લોકોમાં પ્રકાશે છે, તે જ ખરેખર આ પુરૂષની અંદર આવેલું જયોતિ છે."[202] અહીં "જયોતિ" એ બ્રહ્મ છે. વળી આ અધિકરણ બ્રહ્મના ધર્મોનો નિર્ણય કરે છે અને ચરણો ઔપચારિક નથી એમ દર્શાવે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલું "જીવની અવિદ્યાથી બ્રહ્મ સવિશેષ છે."
નું ખંડન :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે સગુણ બ્રહ્મ અવિદ્યાથી કલ્પિત નથી. કારણ કે તે "અવયવરહિત પરમાત્માને તો શુદ્ધ અન્તઃકરણવાળો સાધક શુદ્ધ અન્તઃકરણથી ધ્યાન કરતો જ્ઞાનની પ્રસન્નતાથી જુએ છે."[203] વળી "પરમાત્માના તે મહિમાને કામનારહિત અને ચિન્તારહિત કોઇ વિરલ સાધક સર્વાધાર પરબ્રહ્મ પરમેશ્વરની કૃપાથી જ જુએ છે."[204] "પરમાત્મા તેની આગળ પોતાનું યથાર્થ સ્વરૂપ પ્રગટ કરે છે."[205] વગેરે શ્રુતિઓ અનુસાર ભગવત્કૃપાથી ભગવત્પ્રાકટય અને ભગવદ્દર્શન થાય છે. આમ સગુણ બ્રહ્મ અવિદ્યાથી કલ્પિત હોય તો ઉપર્યુક્ત શ્રુતિવાકયો અનુસાર ભગવદ્દર્શન થઇ શકે નહિ. આથી દર્શન અવિદ્યાથી યુકત નથી. જો તે અવિદ્યાથી યુકત હોય તો દર્શનનાં સાધન તપસ્યા વગેરેમાં પ્રવૃત્તિ પણ ન થાય ! તપસ્યા વગેરે સાધનોનું ફલ દોષનો ઉદ્દભવ જ નથી.[206] વળી તપસ્યા વગેરે સાધનોથી જ અવિદ્યા વડે બ્રહ્મમાં હાથ-પગનો ભ્રમ સંભવતો નથી. કારણ કે તપસ્યા વગેરે સાધનનું ફલ દોષનો ઉદ્દભવ હોય તો શ્રુતિમાં કહેલાં સાધનો ચિત્તદોષનો નાશ કરી શકે નહિ. વળી તે સાધનો અનેક દોષો ઉત્પન્ન કરનાર હોઇ નિંદિત કહી શકાય નહિ. આથી સગુણ બ્રહ્મ અવિદ્યાથી કલ્પિત નથી.

"સ્વયંભૂ ભગવાને સર્વ ઇન્દ્રિયો બહિર્મુખ બનાવી."[207] શ્રુતિ અનુસાર અવિદ્યાથી યુકત ઇન્દ્રિયોથી જાણી ન શકાય તેવું બ્રહ્મ છે

અને અવિદ્યાથી રહિત ઇન્દ્રિયોથી જાણી શકાય તેવું બ્રહ્મ છે.

ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે કે "જેવાં મારાં તને દર્શન થયા તેવાં દર્શન વેદોથી, તપથી, દાનથી તથા યજ્ઞથી થવા શક્ય નથી.[૨૦૮]

આમ અહીં વેદ વગેરે અન્ય સાધનથી ભગવદ્દર્શન અસાધ્ય હોવાનું કહેવાયું છે. વળી "પરન્તુ હે અર્જુન ! અનન્ય ભક્તિથી આવા પ્રકારનો હું (દર્શન થવાને) શક્ય છું."[૨૦૯] આમ અનન્ય - ભક્તિથી જ બ્રહ્મદર્શનનો નિર્ણય કરેલો છે.

શ્રી વિઠ્ઠલનાથજી અનુસાર અવિદ્યાથી કલ્પિત દર્શન વગેરે હોય તો શ્રુતિ અને સ્મૃતિના પ્રમાણો અને પરલોકનો સત્યમાર્ગ નાશ પામે. આમ "પ્રવૃત્તિ અને નિવૃત્તિને આસુરી મનુષ્યો જાણતા નથી."[૨૧૦] અનુસાર તેઓ આસુર કહેવાય ! આથી સજ્જનોએ તેની ઉપેક્ષા કરવી જોઇએ.

"આ સર્વ અવિદ્યાથી કલ્પિત છે" તે પૂર્વપક્ષનો અન્ય દોષ કહે છે. કલ્પના અંતમાં જીવ ભગવાનમાં પ્રવેશે છે. કારણ કે શરીર અને ઇન્દ્રિયના અભાવથી બ્રહ્મ કલ્પના કરી શકતું નથી. છતાં નારાયણનું શયન કલ્પિત નથી. પરંતુ સત્ય છે. આમ જો બ્રહ્મ શરીરરહિત હોય તો શયન સંભવે નહિ. આથી જ પ્રલયની સંભાવના પણ ન રહે ![૨૧૧]

"જે બ્રહ્માને સર્વ પ્રથમ ઉત્પન્ન કરે છે."[212] શ્રુતિ અનુસાર પ્રાથમિક-સગુણ બ્રહ્મનું સૃષ્ટિનું નિરૂપણ સંભવતું નથી. કારણ કે તે સમયે ઇશ્વર વિના અન્ય કંઇપણ નહોતું. આથી સૃષ્ટિ અવિદ્યાથી કલ્પિત હોઇ ન શકે. ઇશ્વરને સૃષ્ટિના કલ્પક-કલ્પના કરનાર ન કહી શકાય. કારણ કે તેમ માનવાથી ઇશ્વરનું ઐશ્વર્ય જ ન રહે. અને "જે ઉત્પન્ન છે," તે ઉપર્યુક્ત શ્રુતિવાક્યમાં કહેલ કર્તૃત્વ-કર્તાપણા પણ ન રહે. અર્થાત અવિદ્યાની કલ્પના કરવાથી કર્તાપણાનો અભાવ આવે છે.[213]

બ્રહ્મસૂત્રકારે સર્વ વેદોના બ્રહ્મમાં સમન્વયની પ્રતિજ્ઞા કરી છે. આથી જ શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે આ ઉત્તરમીમાંસારૂપી વિચારશાસ્ત્રમાં શંકાનું સમાધાન કરીને વેદાન્તવાક્યોનો બ્રહ્મમાં સમન્વય જ પ્રતિપાદિત થાય છે.[214]

આમ બ્રહ્મપરક શ્રુતિવાક્યો સંદેહરહિત હોવાથી તેનું નિરૂપણ સૂત્રકાર કરતા નથી. પરંતુ સંદેહાસ્પદ શ્રુતિવાક્યોનું નિરૂપણ કરે છે.

૧. જેમ "જે આ આદિત્યની અંદર રહેલો પ્રસિદ્ધ હિરણ્મય-સુવર્ણ જેવો પ્રજ્વલિત પુરૂષ દેખાય છે, જે હિરણ્ય દાઢીવાળો છે"-[215] શ્રુતિવાક્યની સંગતિ બ્ર.સૂ. ૧।૧।૧૯ સાથે કરવામાં આવે છે. સૂત્રમાં કહ્યું છે કે અંદર છે તે પરમાત્મા છે, કારણ કે પરમાત્માના જ ધર્મનું કથન છે.[216]

૨. "આ લોકની શી ગતિ ? "આકાશ" એમ (પ્રવાહણે) કહ્યું."[217] શ્રુતિવાક્યની સંગતિ બ્ર.સૂ. ૧।૧।૨૧ સાથે કરવામાં આવે છે. સૂત્ર પ્રમાણે છે : આકાશ પરમાત્મા છે. કારણ કે લિંગ છે.[218] અર્થાત અન્યની અપેક્ષા વિના અર્થબોધ કરાવવાની શબ્દની શકિત છે.

3. "તે દેવતા કયો ? પ્રાણ એમ (ઉપસ્તિએ) કહ્યું."[219] શ્રુતિવાક્યની સંગતિ બ્ર.સૂ. ૧।૧।૨૨ સાથે કરવામાં આવે છે. તે સૂત્ર આ પ્રમાણે છે. "તેથી જ પ્રાણ બ્રહ્મ છે."[220]

૪. "હવે જે જ્યોતિ આ સ્વર્ગની પાર-ઉપર દીપી રહે છે."[221] શ્રુતિવાક્યની સંગતિ બ્ર.સૂ. ૧।૧।૨૩ સાથે કરવામાં આવે છે. સૂત્ર આ છે : જ્યોતિ (બ્રહ્મ) છે, કારણ કે ચરણનું કથન છે.[222] ચરણ બ્રહ્મનો ધર્મ છે, આથી જ કહ્યું છે કે આનો આટલો મહિમા છે, આનાથી પુરૂષ મોટો છે. સર્વ ભૂતો એનો એક પગ છે અને એના ત્રણ અમૃત પગો સ્વર્ગમાં છે.[223]

આમ ઉપર્યુકત શ્રુતિ-પ્રમાણો સર્વ વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય સિદ્ધ કરે છે.

<u>કેવલાદવૈત મતાનુસાર સવિશેષશ્રુતિઓ ઉપાસનાપરક</u> :

કેવલાદવૈત મત બ્રહ્મના સગુણ સ્વરૂપનું આલંબન કરીને ભકિત-તત્વનો ઉપદેશ આપે છે. "સવિશેષશ્રુતિઓ ઉપાસના દવારા

ચિત્તશુદ્ધિ" કરે છે. પછી વેદાન્તનો સિદ્ધાન્તનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

શ્રીમત્ શંકરાચાર્યે બ્રહ્મસૂત્રના "શાસ્ત્રયોનિત્વાધિકરણ" માં "પરબ્રહ્મને માટે વેદાદિ પ્રમાણ છે."[224] સૂત્ર પૂર્વપક્ષમાં આપે છે. આથી જ તેમણે કહ્યું છે કે શાસ્ત્રરૂપ પ્રમાણથી જ જગતની ઉત્પત્તિના કારણરૂપ બ્રહ્મ જાણી શકાય છે.[225] પરંતુ તેનું ઉપસંહાર વાક્ય એ છે કે આથી બ્રહ્મ શાસ્ત્ર દ્વારા જાણી શકાતું નથી.[226] આમ છતાં કહ્યું છે કે શાસ્ત્રવાક્યોનો સમન્વય બ્રહ્મનું સ્વરૂપ જાણવામાં થાય છે.[227] આથી શાસ્ત્ર બ્રહ્મમાં પ્રમાણ છે. આમ શાસ્ત્રનું પ્રમાણ બ્રહ્મમાં છે. પરન્તુ તે ઉપાસનાની વિધિરૂપે જ શાસ્ત્ર-પ્રમાણ છે.

શ્રીમત્ શંકરાચાર્યે કહે છે કે બ્રહ્મનું જ્ઞાન સમ્પદાદિરૂપ નથી.[228] અર્થાત તે કોઇ ઉપાસનાની વિધિ ન હોઇ શકે. બ્રહ્મ જ્ઞાન થયા પછી ઉપાસ્ય-ઉપાસકનો ભેદ રહેતો જ નથી. આથી જ કહ્યું છે બ્રહ્મવિદ્યા પુરૂષ-વ્યાપારતન્ત્ર નથી, વસ્તુતન્ત્ર છે.[229] વળી જેની લોકો ઉપાસના કરે છે, તે બ્રહ્મ નથી.[230] અનુસાર બ્રહ્મ ઉપાસનાનો વિષય નથી, જ્ઞાનનો વિષય છે. આમ કેવલાદ્વૈત મત સવિશેષ શ્રુતિઓને ઉપાસનાપરક માને છે, જ્યારે નિર્વિશેષ શ્રુતિઓને બ્રહ્મપરક માને છે.

૮

**શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મસૂત્રોમાં બ્રહ્મના ઉભય-સ્વરૂપોનું પ્રતિપાદન :**

શ્રીમદ વલ્લભાચાર્ય "સાકાર બ્રહ્મવાદ" ના સ્થાપક મનાય છે. તેમ છતાં તેઓ નિર્ગુણ બ્રહ્મનો પણ સ્વીકાર કરે છે. આથી જ તેઓ કહે છે કે "આત્મા" શબ્દ સર્વ ઉપનિષદોમાં નિર્ગુણ પરબ્રહ્મના વાચક તરીકે સિદ્ધ થયેલો છે, અને તેને જ શ્રુતિ જગતના કર્તા કહે છે.[૨૩૧]

બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે. આમ ઉપનિષદોનાં વાક્યોનો બ્રહ્મમાં સમન્વય દર્શાવાય છે.[૨૩૨] વળી નિર્ગુણ બ્રહ્મ અને સગુણ બ્રહ્મ એવા ભેદ નથી. આથી જ કહ્યું છે કે અસ્થૂલાદિ ગુણવાળો જ પરમાત્મા વિકાર પામ્યા વિના જ આત્માને કરે છે. એ ઉપનિષદોનો અર્થ સંગત થાય છે. બ્રહ્મ બધા વિરૂદ્ધધર્મોનો આશ્રય છે, તે બ્રહ્મના ભૂષણરૂપ છે.[૨૩૩]

શ્રીમદ વલ્લભાચાર્ય અનુસાર શાસ્ત્રાર્થનું સ્વરૂપ શાસ્ત્રથી જ જાણી શકાય છે, સ્વબુદ્ધિથી કલ્પિત નહીં.[૨૩૪]

છાંદોગ્ય ઉપનિષદની શાંડિલ્યવિદ્યામાં બ્રહ્મનું વર્ણન છે, કારણ કે ત્યાં બધા વેદાન્તમાં પ્રસિદ્ધ એવા બ્રહ્મનો ઉપદેશ છે.[૨૩૫] આમ બ્રહ્મ નિઃસંદેહપણે બ્રહ્મવાક્યો-ઉપનિષદોનો બ્રહ્મમાં સમન્વય સ્વતઃસિદ્ધ જ છે. આથી જ કહ્યું છે કે જે લોકો કોઇ કોઇવાર

સગુણ અને નિર્ગુણ એમ બ્રહ્મમાં ભેદ દર્શાવે છે. તેઓ પોતે જ પોતાનો બ્રહ્મજિજ્ઞાસાનો અનધિકાર દર્શાવે છે.[236] આમ શ્રીમદ્ વલ્લભાચાર્ય સવિશેષશ્રુતિઓ ઉપાસનાલક્ષી છે અને નિર્વિશેષ-શ્રુતિઓ બ્રહ્મલક્ષી છે, તેવો ભેદ સ્વીકારતાં નથી. અર્થાત સર્વ વેદો એકમાત્ર બ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે.

"બ્રહ્મસૂત્રોથી સવિશેષશ્રુતિઓની ઉપાસના માટે બ્રહ્મપરાયણતા સિદ્ધ થાય છે," તેનું ખંડન :

પૂર્વપક્ષ અનુસાર સવિશેષશ્રુતિઓ ઉપાસના માટે જ છે. અર્થાત તેનું ઉપાસનાપરક સ્વરૂપ બ્રહ્મજ્ઞાન પર્યન્ત લઇ જતું નથી. આથી બ્રહ્મસૂત્રોમાં પ્રતિપાદિત સવિશેષશ્રુતિઓ કેવલ ઉપાસનાલક્ષી જ નથી. પરંતુ બ્રહ્મલક્ષી પણ છે.

પૂર્વપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં સવિશેષશ્રુતિઓની ઉપાસના-પરકતા વિશે કહે છે કે સવિશેષશ્રુતિઓ પણ બ્રહ્મપરક હોય તો જ ઉપાસના દ્વારા ફલપ્રાપ્તિ થાય છે".[237] પરંતુ તે શ્રુતિઓની ઇશ્વરપુરૂષ, આકાશ, પ્રાણના રૂપમાં "અબ્રહ્મ" સમજીને ઉપાસના કરવાથી ફલપ્રાપ્તિ થતી નથી. આથી સવિશેષશ્રુતિઓને બ્રહ્મ-સ્વરૂપે જાણીને ઉપાસના કરવામાં આવે છે. આમ સૂત્રકાર બાદ-રાયણ બ્રહ્મના જ્ઞાન માટે જ "આ સર્વ બ્રહ્મ છે" એમ નિર્ણય આપે છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે એમ કહી ન શકાય. કારણ કે સવિશેષશ્રુતિઓ "અબ્રહ્મ" નથી. ખરેખર જો તેમ હોય તો "વેદાન્તવાક્યો બ્રહ્મનું નિરૂપણ કરે છે," તે નિયમનો ભંગ થાય ! આ રીતે તો બ્રહ્મસૂત્રના રચયિતા સૂત્રકાર બાદરાયણ પણ પ્રતારક-છેતરનાર કહેવાય ![૨૩૮]

બીજું અવિદ્યાથી કલ્પિત હોવા-પણું એ સમાન છે, તેથી ઇશ્વરપુરૂષ બ્રહ્મ કે જીવ હોય તો પણ પૂર્વપક્ષ અનુસાર અવિદ્યા-કલ્પિત જ કહેવાય. આમ શ્રુતિ ઇશ્વરપુરૂષ, આકાશ વગેરે પ્રસિદ્ધ પદાર્થનો અનુવાદ-પૂર્વપક્ષનું પુનરૂચ્ચારણ કરે છે. વળી શ્રુતિ "આ નથી."[૨૩૯] કહીને તેમનો નિષેધ કરે ! આમ થવાથી "સર્વ વેદાન્તવાક્યો બ્રહ્મમાં સમન્વય પામે છે" એવી બાદરાયણ વ્યાસની સમન્વયપ્રતિજ્ઞા સત્ય સિદ્ધ થઇ શકે નહિ.[૨૪૦]

સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરવાની શ્રુતિઓ બ્રહ્મનિરૂપક શ્રુતિઓ ન હોય તો તે અબ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ જ કહેવાય. આમ થતાં "સર્વ વેદો જે પરમપદનું વારંવાર પ્રતિપાદન કરે છે.[૨૪૧] શ્રુતિનો વિરોધ ઉપસ્થિત થાય ! આ રીતે સવિશેષશ્રુતિ બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરવા પ્રવૃત્ત નથી. તે સિદ્ધાન્તનું નિરાકરણ થાય છે. શ્રીમદ ભાગવતમાં કહ્યું છે કે સત્યયુગમાં ભગવાન શ્વેત-વર્ણવાળા,[૨૪૨] ચાર ભુજાઓવાળા અને તમોગુણી જે સંકર્ષણ નામની ચોથી મૂર્તિ છે.[૨૪૩] અનુસાર ભગવાન ઇલાવૃત્ત વગેરે દેશોમાં નિશ્ચિત

૧

સમયમાં નિશ્ચિત રૂપવાળા હોવાના વાક્યો નિરર્થક નિવડે। કારણ કે અવિદ્યા નિશ્ચિત સમયમાં નિશ્ચિત વસ્તુની કલ્પના કરે અને ત્યાર પછી અન્ય સમયમાં તે જ વસ્તુની અન્ય રીતે કલ્પના કરે તે સંભવિત નથી.

પૂર્વપક્ષ :

"જન્ય-ઉત્પન્ન થનારનો જનક-ઉત્પન્ન કરનાર કાલ જગતનો આશ્રય છે."[૨૪૪] અનુસાર કાલ કલ્પનાનું કારણ છે.

ઉત્તરપક્ષ :

કાલ પણ અવિદ્યાનું કારણ છે, આથી તે અવિદ્યા સમાન જ કહી શકાય.[૨૪૫]

પૂર્વપક્ષ :

અવિદ્યાનો સ્વભાવ કલ્પનાનું કારણ છે.

ઉત્તરપક્ષ :

"એક જ અદ્વિતીય બ્રહ્મ"[૨૪૬] આ અદ્વૈતનું પ્રતિપાદન કરનારી શ્રુતિ અનુસાર પૂર્વપક્ષ માને છે કે બ્રહ્મ સિવાય અન્ય અસત છે. આમ અવિદ્યા પણ અસત છે. આથી તેનો સ્વભાવ પણ અસત જ કહેવાય. આમ જડ અવિદ્યા અસત સ્વભાવવાળી હોવાથી કલ્પના કરી શકે નહિ. તેથી કારણ કોણ હોઇ શકે ?

પૂર્વપક્ષ :

જેમ કાર્ય-કલ્પિત અસત છે તેમ કારણ-અવિદ્યા પણ અસત હોય છે. "જેવો યક્ષ તેવો બોલ" એ ન્યાયાનુસાર કાર્યને અનુરૂપ કારણ હોય છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે કાર્ય અસત હોય. પરંતુ કારણ તો સત્ય જ હોવું જોઇએ. જેમ મણિમંત્ર-ન્યાય અનુસાર જાદુવિદ્યામાં કાર્ય આમ્રવૃક્ષ વગેરે અસત છે, પરંતુ કારણ મણિ મંત્ર વગેરે સત્ય છે.[૨૪૭] આમ ભગવાનના અનેક કાર્યો અસત ભલે હોય, પરંતુ કારણ તો સત્ય તો સત્ય જ હોય. આ મત પણ પૂર્વપક્ષનો જ છે.

પરંતુ વસ્તુતઃ જોઇએ તો "આથી બ્રહ્મનો વિચાર આરંભાય છે."[૨૪૮] સૂત્ર અનુસાર બાદરાયણ વ્યાસ બ્રહ્મનું સવિશેષ સ્વરૂપ સમજાવે છે. વળી જે અંદર છે તે પરમાત્મા છે, કારણ કે તેના જ ધર્મોનું નિરૂપણ છે." સૂત્ર અનુસાર વિશેષણો બ્રહ્મસ્વરૂપમાં નિરૂપાયાં છે. પરંતુ પૂર્વપક્ષ તેને અવિદ્યાકલ્પિત કહે છે. આથી બાદરાયણ વ્યાસની જ પ્રતિજ્ઞાની હાનિ થાય છે.

ઉપર્યુક્ત "બ્રહ્મજિજ્ઞાસા" માં કર્મવાચક ષષ્ઠી નથી, પરંતુ સંબંધવાચક ષષ્ઠી છે. આમ બ્રહ્મની સાથે સંબંધયુક્ત અને બ્રહ્મજ્ઞાનને ઉપયોગી સર્વ પ્રતિજ્ઞા કરવામાં આવી છે.[૨૪૯] અહીં "બ્રહ્મસંબંધી વિષયની જિજ્ઞાસા" એવો અર્થ બ્રહ્મને ગૌણત્વ અપાવે છે. પરંતુ તે

ગૌણત્વ શબ્દથી છે અર્થથી નહીં. આમ વેદનું પ્રમાણ્ય દર્શન-શાસ્ત્રમાં સિદ્ધ છે. આથી સર્વધર્મયુક્ત બ્રહ્મનો વિચાર કરવામાં આવ્યો છે.[૨૫૦]

"વળી અંદર છે તે પરમાત્મા છે, કારણ કે પરમાત્માના ધર્મોનું કથન છે," સૂત્રમાં બ્રહ્મના ધર્મોનો ઉપદેશ આપવામાં આવ્યો હોઇ સૂર્યમંડલમાં રહેલ પુરૂષ પરમાત્મા જ છે.[૨૫૧] આમ સગુણબ્રહ્મ સવિશેષ હોવાથી તેને અવિદ્યાકલ્પિત માનવું તે વેદાન્તવાક્યો અને વેદાન્તસૂત્રોથી વિરૂદ્ધ છે.

કેવલાદ્વૈત મતાનુસાર બ્રહ્મ-એકરસ :

કેવલાદ્વૈત મતાનુસાર બ્રહ્મ-આત્મા સર્વત્ર વ્યાપ્ત છે. અર્થાત એકરસ છે. આથી જ કહ્યું છે કે જેમ મીઠાનો ગાંગડો અંદર કે બહારના ભેદથી રહિત છે, સમ્પૂર્ણ છે અને રસઘન છે, તેમ અરે આ આત્મા અંદર કે બહારના ભેદથી રહિત છે, સમ્પૂર્ણ છે અને પ્રજ્ઞાનઘન છે.[૨૫૨] અહીં કાર્ય-કારણના સંઘાતમાંથી ગયા પછી તેને કોઇ સંજ્ઞા જ રહેતી નથી.[૨૫૩] અર્થાત નામ-રૂપાદિની વિશેષતા-ભિન્નતા જે જીવભાવમાં આવિર્ભૂત થાય છે તે રહેતી નથી. વળી પણ જેમ જલ, અલકતક-અળતો વગેરે કારણો દૂર કરવામાં આવે તો સૂર્ય, ચંદ્ર, સ્ફટિક વગેરેનું પ્રતિબિંબ નાશ પામે છે. ચંદ્રાદિનું સ્વરૂપ જ પરમાર્થરૂપે રહે છે, તેવી જ રીતે પ્રજ્ઞાન-ઘન, અનન્ત અને અપાર એવું સ્વચ્છ બ્રહ્મ રહે છે.[૨૫૪]

છાંદોગ્ય ઉપનિષદ્‌ના ૬।૧૩ ખંડમાં પણ શ્વેતકેતુ ઉદ્દાલક મુનિને આ જ સંબંધમાં કહે છે કે જે આવો સૂક્ષ્મ છે તે આ સર્વનો આત્મા છે, તે સત્ય છે. હે શ્વેતકેતુ ! તે તું છે.[૨૫૫]

શ્રીમત શંકરાચાર્યના મતાનુસાર જીવ અને બ્રહ્મના લક્ષણમાં રહેલો ભેદ ઉપાધિના કારણે જ છે.[૨૫૬] આથી જીવ પણ નિત્યતા જ છે. આમ વ્યાવહારિક રીતે જીવાત્મા અને પરમાત્મા ભિન્ન છે, પરંતુ પારમાર્થિક રીતે તો અભિન્ન છે.

બ્રહ્મનું આ રીતે સર્વત્ર સમરસ-એકરસ હોવું એ તેના જ સ્વ-સ્વરૂપનું દર્શન છે. આથી જ કહ્યું છે કે જયાં સુબધું જ આત્મ-સ્વરૂપ હોય ત્યાં કોણ કોને જુએ ![૨૫૭]

ગીતા-શાંકરભાષ્યમાં પણ કહ્યું છે કે બ્રહ્મ સમ અને એક છે. આથી જ એ સમદર્શી પુરૂષો બ્રહ્મમાં રહેલાં હોય છે.[૨૫૮]

શ્રીમદ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મ - વિરૂદ્ધ સર્વધર્માશ્રય :

શ્રીમદ વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ "સાકાર બ્રહ્મવાદ" પર રચાયેલો છે. આથી બ્રહ્મ વેદોકત સર્વધર્મયુકત કહેવાય છે. કારણ કે તે સર્વસમર્થ છે.[૨૫૯] બ્રહ્મનું સર્વસામર્થ્ય જ તેના પરસ્પર વિરૂદ્ધ સર્વધર્મના આશ્રયનું કારણ છે. શ્રીમદ ભગવદ્-ગીતામાં કહ્યું છે કે તે ભૂતો-પ્રાણીમાત્રની અંદર અને બહાર છે. અચર અને ચર છે, સૂક્ષ્મ હોવાથી તેનું જ્ઞાન થઈ શકે તેમ નથી, તે દૂર અને પાસે છે.[૨૬૦] આમ બ્રહ્મના વિરૂદ્ધ ધર્મો છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુસાર પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ છે, તે અગણિતાનન્દ છે. પરંતુ ગણિતાનંદ અક્ષરબ્રહ્મ એક સર્વ જગદ્રૂપ અને એક તેનાથી વિલક્ષણ-જ્ઞાનીઓને ઉપાસ્ય એમ બે રૂપવાળું છે.[૨૬૧] અહીં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ઉભય પ્રકારના ધર્મ અક્ષરબ્રહ્મમાં રહેલા હોવાનું શ્રુતિના પ્રમાણથી સિદ્ધ છે, તેથી વિરોધ નથી.[૨૬૧] ઇશાવાસ્ય ઉપનિષદ પણ કહે છે કે તે ચાલે છે, ને નથી પણ ચાલતો તે દૂર છે ને પાસે છે.[૨૬૩]

શ્રીમદ્ વલ્લભાચાર્ય સુબોધિનીમાં કહે છે કે જ્યાં પ્રત્યક્ષ અદૃષ્ટ વસ્તુઓ હોય ત્યાં શ્રુતિએ ઉપદેશેલાં વિરૂદ્ધધર્મો સ્વીકારવા જોઇએ. કારણ કે તે એક મુખ્ય બીજો ગૌણ એવાં નથી. વળી પણ કહે છે કે સર્વ દૂષણ અને દૂષ્ય પણ સ્વયં હરિ જ છે. બધા વિરૂદ્ધ પક્ષો ભગવાનમાં જ શોભે છે.[૨૬૪]

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ બ્રહ્મના નિરાકાર અને સાકાર સ્વરૂપને એક અને સમાન માને છે. આથી ભગવાનમાં જ સર્વ વિરૂદ્ધધર્મો રહેલાં છે. આમ શ્રુતિ ક્યાંય પણ ગૌણ અર્થયુક્ત નથી, એમ સિદ્ધ થયું છે.[૨૬૫]

<u>શ્રી વિઠ્ઠલનાથજીના મતાનુસાર બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રય છતાં એકરસ :</u>

<u>પૂર્વપક્ષ :</u>

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં કહે છે કે બ્રહ્મ એકરસ છે. આથી જ કહ્યું છે કે "જેમ મીઠાનો ગાંગડો અંદર કે બહારના ભેદરહિત છે,

આખો છે, એકરસઘન છે તેવી રીતે આ આત્મા અંતર કે બહારના ભેદથી રહિત છે, આખો છે, પ્રજ્ઞાનઘન છે.[266] પરંતુ સવિશેષ-શ્રુતિઓ બ્રહ્મને અનેકરસ કહે છે. આથી સવિશેષ બ્રહ્મ સંભવતું નથી.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે આ યોગ્ય નથી. કારણ કે ધર્મીનું ગ્રહણ કરાવનાર પ્રમાણ વેદથી સિદ્ધ થાય છે. અર્થાત એકરસ ધર્મ અને અનેકરસ ધર્મનો આશ્રય બ્રહ્મરૂપ ધર્મી છે. તેનું ગ્રહણ કરાવનાર પ્રમાણ વેદ એ ધર્મની સિદ્ધિ છે. બ્રહ્મ કેવલ વેદથી જ જાણી શકાય છે.[267] અર્થાત કેવલ નિર્વિશેષ શ્રુતિથી જ બ્રહ્મ જાણી શકાય એવો નિષ્કર્ષ નથી. પરંતુ ઉભય પ્રકારક-શ્રુતિઓ - નિર્વિશેષ અને સવિશેષ સર્વ શ્રુતિઓ દ્વારા બ્રહ્મ જાણી શકાય છે.

શ્રુતિ અને સ્મૃતિમાં સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મનું જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આથી જ કહ્યું છે કે સર્વ કામનાવાળો, સર્વ ગંધવાળો સર્વ રસવાળો.[268].......વળી તે સર્વત્ર હાથ અને પગવાળું છે, સર્વત્ર આંખ, મસ્તક અને મુખોવાળું છે, સર્વત્ર કાનવાળું છે અને લોકમાં સર્વને ઢાંકી રહે છે. તે ઇન્દ્રિયોના ગુણોના આભાસવાળું અને સર્વ ઇન્દ્રિયોથી રહિત છે, આસક્તિરહિત તેમજ સર્વને ધારણ કરનાર છે, નિર્ગુણ તેમજ ગુણોનો ભોગ કરનાર છે.[269] અહીં ભગવાન શ્રીકૃષ્ણે જ આત્મસ્વરૂપનું જ પ્રતિપાદન કર્યું છે. ઉપર્યુક્ત શ્લોકમાં "अन्त" પદ હાથ અને પગનો અવચ્છેદ ધર્મ-

પણ મુકિતના દાનથી સાધ્ય સિદ્ધ કર્યું. આથી જ શ્રીકૃષ્ણ સાક્ષાત પુરૂષોત્તમ છે.[૨૭૨]

દશમસ્કંધમાં દામોદરલીલાના પ્રસ્તુતીકરણમાં કહ્યું છે કે જેને અંદર કે બહાર એવો ભેદ નથી, પૂર્વ કે અપર ભેદ નથી, જગતની પૂર્વ, અપર બહાર અને અંદર છે અને જગદ્રૂપ પણ છે, જે સર્વની બહાર છે તેને પોતાનો પુત્ર માની ઇન્દ્રિયથી અગોચરને મનુષ્યના જેવા માની એમને ઊખળી સાથે પ્રાકૃતની જેમ બાંધ્યા.[૨૭૩] અહીં શ્રીકૃષ્ણને બાંધવામાં બધી જ દોરી ઓછી પડી, બધી દોરી ભેગી કરીને પણ શ્રીકૃષ્ણને બાંધી શકાય એમ નહોતું. આમ દોરીની ન્યૂનતા નિરૂપિત થઇ છે. આથી શ્રીકૃષ્ણ પૂર્ણ હોવાનું પ્રતિપાદિત થયું છે.[૨૭૪]

વળી વેદ, ઉપનિષદો, સાંખ્યયોગ, અને વૈષ્ણવતંત્રો જેમના માહાત્મ્યનું ગાન કરે છે તેવા ઇશ્વરને પોતાનો પુત્ર છે એમ યશોદા માનવા લાગ્યા.[૨૭૫] અહીં પણ શ્રીકૃષ્ણનું પરબ્રહ્મ હોવાનું પ્રતિપાદિત થયું છે. શ્રીકૃષ્ણના મૃત્તિકાલક્ષણ પછી યશોદાએ તેની ખાતરી કરવા શ્રીકૃષ્ણનું મુખ જોયું. તેણે વ્રજ, સંપૂર્ણ લોક અને પોતાને પણ જોયાં આથી યશોદાને વસ્તુસત્યની જિજ્ઞાસા થઇ. આમ અન્ય અનેક પક્ષનું સમાધાન કરવામાં આવ્યું. અન્તે પૂતનામોક્ષ અને શકટભંજન વગેરે દવારા પુત્રનું જન્મસિદ્ધ ઐશ્વર્ય સિદ્ધ કરવામાં આવ્યું છે. આથી તત્ત્વનો નિર્ધાર કરનાર વાક્ય આ પ્રમાણે છે :

મર્યાદા સૂચવે છે. આથી શ્રીમદ વલ્લભાચાર્યે સુબોધિનીમાં કહે છે કે "પૌગંડલીલા સમયનું જેટલા પરિમાણનું સ્વરૂપ છે, તેટલા જ પરિમાણનું એ જ સ્વરૂપ પૂતનાને મુક્તિ આપવાની સ્થિતિમાં પણ છે." આમ ભગવાનનાં સર્વ સ્વરૂપો નિત્ય હોય છે.

ઉપર્યુક્ત સુબોધિનીની ઉક્તિ સુવર્ણ સૂત્રકાર શ્રી પુરૂષોત્તમજી હરિતોષિણીકાર શ્રી ગિરધરજી અને ગંગાધર ભટ્ટીકાર શ્રી ગંગાધર શાસ્ત્રીના મંતવ્યાનુસાર છે.

હવે એમ પ્રશ્ન થાય કે સર્વ રૂપો અને અવયવો નિત્ય હોવાનું સ્વીકારીએ તો તેમની હંમેશા એક જ રૂપમાં પ્રતીતિ કેમ થતી નથી ?[૨૭૦] શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પૂતનાને મુક્તિ આપ્યા પછી ભગવાને પ્રત્યેક લીલાનો ક્રમાનુસાર પ્રાદુર્ભાવ થાય છે. કારણ કે બાલ્યાવસ્થામાં તેમના હાથ-પગ વગેરેનો અલ્પપ્રદેશમાં અવચ્છેદ-મર્યાદા હોય છે અને પૌગંડ અવસ્થામાં અધિક પ્રદેશમાં અવચ્છેદ હોય છે. આમ ભક્તો પર અનુગ્રહ-કૃપા કરવા માટે જ ભગવદ્દર્શન હોય છે. શ્રીમદ ભાગવતના દ્વિતીય સ્કંધમાં બ્રહ્મા કહે છે કે બાલ્યાવસ્થા એટલે છ દિવસના થયા ત્યાં પૂતનાને મારી, ત્રણ માસના થતાં ગાડાને પગે ઊંધુ વાળ્યું, અને ઘૂંટણે ચાલતાં આકાશમાં પહોંચે એવા અર્જુનવૃક્ષને ઉખેડી નાખ્યાં, તે કામ બધા ભગવાન વિના બીજાથી બને તેવાં નથી.[૨૭૧] અહીં ભગવાન શ્રીકૃષ્ણ બ્રહ્મ હોવાનું સમજાવતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે સાધન વિના

અથવા આ મારા પુત્રનો જન્મસિદ્ધ આ આત્મયોગ એટલે એનું એવી જાતનું ઐશ્વર્ય જ છે ?"[276] આમ "આત્મયોગ" એટલે આત્માની જ ભગવાનની આ યોગરૂપ વિભૂતિ-ઐશ્વર્ય છે.[277] કારણ કે જે પૃથિવીમાં રહીને પૃથિવીની અંદર છે, જેનો પૃથિવી જાણતી નથી, જેનું પૃથિવી શરીર છે, જે અંદર રહી પૃથિવીનું યમન કરે છે તે આત્મા અંતર્યામી છે, અમર છે,[278] શ્રુતિ બ્રહ્મના ધર્મનું નિરૂપણ કરે છે તે જ ધર્મ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ હોવાનું સિદ્ધ કરે છે. શ્રીમદ વલ્લભાચાર્ય કહે છે કે એક પણ અસાધારણ ધર્મ હોય તો બાકીના સંદેહવાળા ધર્મો પણ બ્રહ્મના જ ધર્મો છે એમ તે દર્શાવે છે. શ્રુતિનો આ જ અભિપ્રાય સ્વીકારીને સૂત્રકાર બાદરાયણ પણ સર્વત્ર બ્રહ્મવાક્યોનો નિર્ણય કરે છે.[279]

ઉપર્યુક્ત સર્વ વસ્તુનું વિસ્તૃત નિરૂપણ શ્રીમદ વલ્લભાચાર્ય વિરચિત સુબોધિની-ભાગવતવિવરણ અને તત્વસૂત્રભાષ્ય-અણુભાષ્યમાં થયું છે. આથી શ્રી વિઠ્ઠલનાથજીએ અહીં સંક્ષેપમાં જ દિશાસૂચન કર્યું છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે સર્વ ઇન્દ્રિયો નેત્ર, વાણી વગેરે તથા તેના દ્વારા ગ્રહણ કરવા યોગ્ય અલૌકિક ગુણોની જેમ શુદ્ધ બ્રહ્મ જ પ્રકાશે છે. અર્થાત સર્વ ઇન્દ્રિય અને અલૌકિક ગુણોની જેમ શુદ્ધ બ્રહ્મ પ્રકાશે છે. આમ બ્રહ્મ કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયથી પ્રકાશે છે. પરંતુ તે ઇન્દ્રિયો લૌકિક નથી. આથી જ કહ્યું છે કે તે સર્વ ઇન્દ્રિયોથી રહિત છે. આસક્તિ-રહિત છે"[281] એમ સ્પષ્ટપણે કહ્યું છે. આમ વિરૂદ્ધધર્મનો આશ્રય સિદ્ધ થાય છે.

બ્રહ્મસૂત્રના પ્રથમાધ્યાયનો દ્વિતીય પાદ "વૈશ્વાનરાધિકરણ" છે. "વૈશ્વાનર પરમાત્મા જ છે, કારણ કે સાધારણ શબ્દથી વિશેષ છે."[૨૮૨] માં કહ્યું છે કે પરંતુ જે આ પ્રાદેશમાત્ર અભિવિમાન-વ્યાપક-વૈશ્વાનરની ઉપાસના કરે છે.[૨૮૩] અહીં એમ શંકા થાય કે ઉપાસના માટે ઉપચાર-લક્ષણાથી તેવી કલ્પના થઇ શકશે. તેના સમાધાનરૂપે વાજસનેયીઓ આ પુરૂષનું આ પ્રમાણે વર્ણન કરે છે. "તે આ અગ્નિ વૈશ્વાનર જે પુરૂષ છે જે આ પુરૂષના જેવા અને પુરૂષની અંદર રહેલા અગ્નિવૈશ્વાનરને જાણે છે.[૨૮૪] અહીં વૈશ્વાનર પુરૂષ છે, પુરૂષવિધ છે અને પુરૂષની અંદર પ્રતિષ્ઠિત છે. આમ પરસ્પર વિરૂદ્ધ ધર્મ બ્રહ્મમાં જ સંભવે છે. કારણ કે બ્રહ્મ જ વિરૂદ્ધ સર્વધર્મનો આશ્રય છે. આથી જ શ્રીમદ વલ્લભાચાર્ય કહે છે કે ભગવાન સિવાય બીજો કોઇ વિરૂદ્ધ ધર્મોનો આશ્રય બની શકશે નહિ, કારણ કે તેમાં સર્વ ભગવનસામર્થ્ય નથી.[૨૮૫]

જૈમિનિ, આશ્મરથ્ય અને બાદરિ વૈશ્વાનર એ પરમાત્મા-બ્રહ્મ છે, એમ સ્વીકારતાં નથી. આમ તેઓ બાદરાયણ વ્યાસના મતથી જુદા પડે છે. બ્રહ્મસૂત્રના ૧!૨!૨૮ થી ૧!૨!30 સુધીના સૂત્રોમાં ઉપર્યુક્ત ઋષિઓના-ચિંતકોના મંતવ્યો નિરૂપાયાં છે.

બ્રહ્મ પરસ્પર વિરૂદ્ધધર્મનું આશ્રય છે, પરંતુ અગ્નિ વગેરેમાં તે નથી. આથી જ કહ્યું છે કે વિરૂદ્ધધર્મો હોવાથી ભગવાન પરત્વે વાક્યનો પ્રયોગ કરી શકાશે નહિ. શબ્દાદિ અને અંદર

સ્થિતિ કરવી તે વિરૂદ્ધ ધર્મ છે.[૨૮૬] બાદરાયણ વ્યાસ કહે છે કે જૈમિનિ સાક્ષાત જ અવિરોધ માને છે.[૨૮૭] અર્થાત વ્યાપક બ્રહ્મ પ્રાદેશમાત્ર હોય તેમાં સાક્ષાત પણ-કલ્પના કર્યા સિવાય સ્વરૂપના વિચારથી જ વિરોધ નથી.[૨૮૮]

અભિવ્યક્તિને લીધે એમ આશ્મરથ્ય માને છે.[૨૮૯] અભિવ્યક્તિથી જણાનું સાકારપણું સ્વાભાવિક નથી, કેમ કે તે માયા દૂર થવાથી જ થાય છે. આમ છતાં આશ્મરથ્ય નિર્દેશ કરવામાં આવતાં સચ્ચિદાનન્દરૂપને જ માને છે.[૨૯૦]

અનુસ્મૃતિને-ચિન્તનને-લીધે એમ બાદરિ માને છે.[૨૯૧] અર્થાત તાર્કિકાદિ મતો તેવા યુક્તિપ્રધાન છે. આથી યુક્તિ અનુસાર બ્રહ્મવાદને પણ અન્ય રીતે સમજાવવો જોઇએ એમ માને છે.[૨૯૨]

ઉપર્યુક્ત ત્રણેય મતોમાં બાદરાયણ વ્યાસ અરૂચિ દર્શાવે છે. પછી સિદ્ધાન્તનું નિરૂપણ આ સૂત્રમાં કરે છે. વળી, આમાં આનું મનન કરે છે.[૨૯૩] આ સૂત્રનો અર્થ આ પ્રમાણે છે : "એનમ"-એનું-વ્યાપક પરમેશ્વરનું અસ્મિત-આમાં-મસ્તક અને ચિબુક- દાઢી ની વચમાં પ્રાદેશમાત્રના રૂપે જાબાલો મનન કરે છે.[૨૯૪] આથી જ કહ્યું છે કે "આ અનન્ત અવ્યક્ત આત્મા છે, જે અવિમુક્તમાં પ્રતિષ્ઠિત છે. તે અવિમુક્ત શામાં પ્રતિષ્ઠિત છે ?[૨૯૫]

અહીં શ્રુતિ "અનન્ત" પદથી દેશ અને કાલથી અપરિચ્છિન્ન-અમર્યાદિત બ્રહ્મની મર્યાદિત સ્થાનમાં સ્થિતિ વિશે કહે છે.

આમ પ્રાદેશમાત્ર-અંગુષ્ઠ જેટલો આત્મા પણ વ્યાપક હોવાનું સંગત થાય છે. અહીં શ્રુતિ બ્રહ્મનું વિરૂદ્ધધર્માશ્રયપણું હોવાનો અભિપ્રાય આપે છે. જો બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રય ન હોય તો તેને "અનન્ત" કહેવાનું કોઇ પ્રયોજન જ નથી.

કેવલાદ્વૈત મતાનુસાર ઉપાસનાનું સ્વરૂપ :

કેવલાદ્વૈત મતાનુસાર સગુણબ્રહ્મ ઉપાસ્યબ્રહ્મ કહેવાય છે, એટલે ઉપાસના માટે સગુણબ્રહ્મનું મહત્વ સ્વીકારાયું છે.

બૃહદારણ્યકોપનિષત ૧।૪।૭ અનુસાર "આત્મા છે," એમ સમજીને જ તેની ઉપાસના કરવી જોઇએ.[૨૯૬] અહીં શ્રીમદ શંકરાચાર્ય કહે છે કે જેમ "યજન કરવું જોઇએ." "હોમ કરવો જોઇએ." વગેરે કર્મની વિધિ છે, તેની સાથે "આત્મા છે," એમ સમજીને તેની ઉપાસના કરવી જોઇએ." અરે, "આત્માનું દર્શન કરવું જોઇએ." વગેરે આત્મોપાસનાની વિધિનો ભેદ જણાતો નથી.[૨૯૭] આમ આત્મોપાસના પણ કર્મની વિધિ છે.

"પરબ્રહ્મ મનોમય છે, કારણ કે જે પ્રસિદ્ધ બ્રહ્મ છે તેનો જ આ વાક્યમાં ઉલ્લેખ છે."[૨૯૮] સૂત્રમાં છાંદોગ્ય ઉપનિષદના મનોમય, પ્રાણરૂપી શરીરવાળો, ભા-ચિતરૂપવાળો,"[૨૯૯] મંત્રનું અનુસંધાન છે. અહીં મનોમય તરીકે પરબ્રહ્મ જ ઉપાસ્ય છે.[300] મનોમય અને પ્રાણ-શરીર વગેરે વિશિષ્ટધર્મો વાસ્તવિક નથી, પરંતુ ઉપાસનાર્થ છે.

અપરબ્રહ્મ એ ૐકાર છે, તે ૐકારની ઉપાસના મુક્તિ આપે છે. આથી જ કહ્યું છે કે મંદ અને મધ્યમ બુદ્ધિના સાધકોને પરબ્રહ્મના વાચક અને પ્રતીક પ્રતિમાની જેમ ૐકારની ઉપાસના મુક્તિફળ આપે છે.[૩૦૧]

અપરબ્રહ્મ પરબ્રહ્મ સાથે સંલગ્ન જ છે, એટલે તેમાં કોઇ વિરોધાભાસ નથી. વાસ્તવિકતા તો એ છે કે પરબ્રહ્મ જ સ્વયં અપરબ્રહ્મ છે, તે પરિવર્તનશીલ જગતના નિશ્ચિત ગુણોને ધારણ કરતું હોઇ ફરી ઉપાસનાનું પ્રયોજન વર્ણવાયું છે.[૩૦૨]

ઉપર્યુક્ત પ્રમાણોથી એમ કહી શકાય કે કેવલાદ્વૈત મતમાં ઉપાસના આધારરૂપે પ્રતિષ્ઠિત છે.

<u>શ્રીમદ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મ-વિલક્ષણ :</u>

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મને વિલક્ષણ કહે છે. આમ તેઓ "બ્રહ્મ ઉપાસનાલક્ષી અને આત્મલક્ષી" એવા ભેદને ધ્યાનમાં આપતાં નથી. અર્થાત સગુણ બ્રહ્મ ઉપાસ્ય છે અને નિર્ગુણ બ્રહ્મ પરબ્રહ્મ છે. અંતિમ ધ્યેય છે. આ વસ્તુને સ્વીકારતાં નથી.

શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર ઉપાસના ધર્મરૂપ છે, છતાંય બ્રહ્મ ધર્મરૂપ નથી. કારણ કે બ્રહ્મ જ્ઞાનરૂપ અને ધર્મ ક્રિયા-રૂપ છે.[૩૦૩] આમ બ્રહ્મનું સ્વરૂપ વિલક્ષણ છે. આથી જ કહ્યું છે કે "સ્થૂલ નથી, અણુ નથી." (બૃ.ઉ. ૩।૮।૮) વગેરે વાક્યો જગતના સર્વ ધર્મોથી બ્રહ્મની વિલક્ષણતા પ્રતિપાદિત કરે છે.[૩૦૪]

બ્રહ્મની વિલક્ષણતા જ તેની વિરૂદ્ધધર્માશ્રતાનો આધાર બની શકે એમ છે. આથી જ તેઓ કહે છે કે બ્રહ્મ અનન્તમૂર્તિ છે, કૂટસ્થ અને ચલ છે, તે વિરૂદ્ધધર્મોનો આશ્રય છે અને યુક્તિથી જાણી શકાતું નથી.[305] અહીં "અનન્તમૂર્તિ" પદ દ્વારા બ્રહ્મની વ્યાપકતા એકતા અને બહુરૂપતામાં અભિવ્યકત થાય છે. આમ બ્રહ્મ પરસ્પર વિરૂદ્ધધર્માશ્રય છે.

ઉપનિષદોમાં-વેદાન્તવચનોમાં સર્વત્ર બ્રહ્મનો જ ઉપદેશ આપવામાં આવ્યો છે.[306] આથી ઉપાસ્ય બ્રહ્મને કલ્પિત કહી શકાતું નથી. કારણ કે સમ્પૂર્ણ જગતની બ્રહ્મરૂપે ઉપાસના કરવાથી પરમશાન્ત મનુષ્યનું હૃદય શુદ્ધ થાય છે, તેને સર્વ વેદાન્તમાં પ્રસિદ્ધ બ્રહ્મનો મનનરૂપ ઉપદેશ આપવો યોગ્ય છે.[307]

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે મૂર્ખ લોકો મારો પરમભાવ ન જાણવાથી મનુષ્ય શરીર ધારણ કરેલા મારી ભૂતોના મહેશ્વરની અવગણના કરે છે.[308] અહીં પરમભાવ એટલે અચિન્ત્ય માહાત્મ્યરૂપ અને આનંદમાત્રના લક્ષણવાળા બ્રહ્મતત્વને મૂઢ લોકો જાણતા નથી. આમ બ્રહ્મનું સ્વરૂપ વિલક્ષણ છે.

<u>કેવલાદ્વૈત મતાનુસાર ઉપાસનાના દોષ અને અવિરોધનું પ્રતિપાદન :</u>

<u>પૂર્વપક્ષ</u> :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં કહે છે કે સવિશેષ બ્રહ્મ ઉપાસના માટે છે. આથી "અનન્ત" કહેવાનું પ્રયોજન ઉપાસનાલક્ષી જ છે. આમ બ્રહ્મ નિર્ધર્મક-નિર્વિશેષ જ છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે મેં કાન ખોલીને સાંભળ્યું છે. વળી પૂર્વપક્ષ બધિર છે, જે મારું કહેલું સાંભળતો નથી. આથી કારણ કે ઉપાસનાનો સ્વીકાર તો હું પણ કરું છું.

પૂર્વપક્ષ :

જો ઉપાસનાની સ્વીકાર કરવામાં આવે તો પછી શી અનુપપત્તિ-અશકયતા છે ?

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે સવિશેષ બ્રહ્મનું ઉપાસના માટે જ વર્ણન કરવામાં આવ્યું છે. આમ કહેવું એ જ અનુપપત્તિ છે. ઉપાસનામાં સગુણ બ્રહ્મની ભાવના જ કરવામાં આવે છે. પરંતુ તે બ્રહ્મ સવિશેષ-સગુણ નથી, એમ પૂર્વપક્ષ માને છે.

શ્રી વિઠ્ઠલનાથજી ઉપાસનાનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે તે "આત્મા" ના ભાવથી જ કરવામાં આવે છે. "અનાત્મા" ના ભાવથી કરવામાં આવતી નથી.[309] આથી જ કહ્યું છે કે તે "આત્મા" છે, એમ માનીને આત્મારૂપે જ તેની ઉપાસના કરવી જોઇએ,[310] વળી જે મનુષ્ય બીજા કોઇ દેવની ઉપાસના કરે છે, તે માને છે દેવ જુદા અને હું જુદો. પશુની જેમ તે જાણતો નથી. આમ તે દેવોના પશુ જેવો છે.[311] આ શ્રુતિઓ આત્માની ઉપાસનાનો

જ ઉપદેશ આપે છે. વળી પણ કહ્યું છે કે એક પ્રકારના આત્માને જે અન્ય પ્રકારે સમજે છે, તે આત્માનું અપહરણ કરનાર ચોર કયું પાપ નથી કરતો ?[312] અનુસાર જેવો આત્મા નથી, તેવો આત્મા માનનાર નિંદિત છે. આથી જેવો આત્મા હોય તેવા જ આત્માની ઉપાસના કરવી જોઇએ. આ સ્વભાવથી જ અનંતરૂપ બ્રહ્મની ઉપાસના શ્રુતિ સમ્મત છે. આમ "આ રૂપથી ઉપાસકને આવું ફલદાન કરીશ."[313] આવી ભગવાનની ઇચ્છા જ અનન્ત રૂપ ધારણ કરાવે છે. આથી શ્રુતિમાં ઉપાસનાના ભેદથી ફલમાં ભેદ જણાય છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પૂર્વપક્ષ કેવલાદ્વૈત મત ઉપાસ્ય બ્રહ્મ-સગુણ બ્રહ્મને કલ્પિત માને છે. અર્થાત સગુણ બ્રહ્મની નિરૂપક શ્રુતિઓ અબ્રહ્મપરક હોવાનું માને છે. આમ થવાથી "કારણ કે ત્યાં સર્વત્ર વેદાન્તમાં પ્રસિદ્ધ બ્રહ્મનો ઉપદેશ છે."[314] એ બ્રહ્મસૂત્રનો વિરોધ થાય છે. અસત્ય ભાવનાથી અસત્ય ફલ મળે છે, "તેમાં નિષ્ઠાવાળાને મોક્ષનો ઉપદેશ કરવામાં આવ્યો છે,"[315] અનુસાર બ્રહ્મ-જગત્કર્તા ગૌણ હોય તો તેમાં નિષ્ઠા રાખનારને સંસાર જ પ્રાપ્ત થાય, મોક્ષ નહિ. આમ બ્રહ્મસૂત્રનો પૂર્વપક્ષથી વિરૂદ્ધ મત છે. બ્રહ્મને અસત્ જાણે તો એ અસત્ જ થાય છે.[316] શ્રુતિ અનુસાર જેની ઉપાસના કરવામાં આવે તેને અસત્ માનવાથી અંધતમ નરકમાં જ પ્રવેશ થાય છે. આમ અસુરપણું જ ફલ તરીકે પ્રાપ્ત થાય છે. અસુર સેનાપતિઓ સર્વ-પ્રમાણથી વિરૂદ્ધ હોય છે. તેઓ અધર્મ-

બુદ્ધિથી શ્રુતિ, સ્મૃતિ અને આચરણમાં પરાયણ લોકોનો, પોતાના સગાં અને મિત્રોનો પણ વધ-વિરોધ કરવા પ્રયત્ન કરે છે. આથી શ્રી દેવકીનંદન શ્રીકૃષ્ણ તેવા વધથી વિમુખ વિજય પ્રાપ્તિનું શિક્ષણ આપતાં અને સર્વ સજ્જનોનું સારી રીતે પાલન કરતાં કહે છે કે મારો પરભાવ નહિ જાણવાથી મૂર્ખ લોકો મનુષ્ય શરીર ધારણ કરેલા મારી ભૂતોના મહેશ્વરની અવગણના કરે છે.[૩૧૭]

આમ અસુરો પરમાત્માનું ભજન કરતાં નથી. આ શ્લોકનું અનુસંધાન શ્રીમદ્ ભાગવત ૩।૨।૧૭ ઉપરનાં સુબોધિનીમાં પ્રાપ્ત થાય છે. વળી પણ પરંતુ હે અર્જુન ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ મને ભૂતોના આદિ અને અવ્યય જાણી અનન્ય મનથી ભજે છે.[૩૧૮]

અહીં આસુરભાવનું લક્ષણ આ પ્રમાણે આપવામાં આવ્યું છે. તેઓ જગતને અસત્ય, અપ્રતિષ્ઠ અને અનીશ્વર કહે છે.[૩૧૯] શ્લોકથી શરૂ કરીને હે કુંતીપુત્ર ! જન્મે જન્મ-પ્રત્યેક જન્મમાં આસુરી યોનિને પ્રાપ્ત થયેલા મૂર્ખ લોકો મને પ્રાપ્ત કર્યા વિના જ પછી અધમ ગતિને પ્રાપ્ત કરે છે."[૩૨૦]

ઉપર્યુક્ત ઉક્તિ "મનુષ્ય શરીરનો આશ્રય કરેલાંનો ભાવ એ છે કે અસુરો ભગવાનને મનુષ્ય જ જાણે છે. આમ અહીં તેમના જ્ઞાનનો પ્રકાર કહ્યો છે. પરંતુ સ્વરૂપ વિશે કહ્યું નથી. કારણ કે પૂર્વે કહેલ યુક્તિ-વિરૂદ્ધધર્મોના આધાર હોવાથી યશોદાનંદન શ્રીકૃષ્ણના મુખમાં સંપૂર્ણ જગતની સ્થિતિથી આનન્દરૂપ ભગવાનનો જ નિર્ણય કરવામાં આવ્યો છે. આથી જ કહ્યું છે કે અહીં

યોગ્યતાવાળા પુરૂષો આ પુરૂષ શરીરમાં નેત્રેન્દ્રિયથી ગ્રહણ ન થઇ શકે તેવો ચારો સાક્ષાત્કાર કરી શકે છે. અહીં બે પ્રકાર છે કે અર્થાપત્તિથી બુદ્ધિ જડ છે. છતાં પદાર્થ ગ્રહણ કરે છે, આથી તેનો પ્રકાશક છે. જ્યારે અનુમાનથી બુદ્ધિ ભગવાનને વશ છે, કારણ કે તે જડ છે. જડ પરપ્રેર્ય હોય છે. અહીં બુદ્ધિ વગેરે સાધનો ભગવાનના પ્રકાશથી પ્રકાશે છે.[321]

અહીં ત્રણ પ્રકારના પરિચ્છેદ-મર્યાદિતતાથી પર-ત્રિગુણાતીત, સર્વ વેદથી વેદ્ય-જાણવા યોગ્ય, સંપૂર્ણ જગતના આધારરૂપ આનન્દમય બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રય છે. એ શ્રુતિથી સિદ્ધ છે.[322] શ્રીમદ વલ્લભાચાર્ય આનન્દ મયાધિકરણમાં નિરૂપે છે કે જો આકાશ આનન્દ ન હોય તો કોણ શ્વાસ લઇ શકે ? કોણ વિશેષ રીતે જીવી શકે ? આથી આ જ આનંદ આપે છે. આમ આનન્દમયનો અભ્યાસ છે. અન્તમાં શ્રુતિ કહે છે કે આ આનન્દમય આત્માને તે મેળવે છે. આમ ઉપક્રમમાં પરબ્રહ્મની પ્રાપ્તિ ફલરૂપ છે, તેમ ઉપસંહારમાં પણ તે જ છે.[323] આથી જ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે "પરભાવને અજાણતાં....અહીં "પરભાવ" આનન્દમાત્ર છે.[324]

વિશેષો-અવયવો લૌકિક છે અને બ્રહ્મ અલૌકિક છે. આથી વિશેષનો નિષેધ યોગ્ય જ છે. હવે વિશેષોને અલૌકિક કલ્પીએ અને બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રય હોય તો વિશેષો અને બ્રહ્મમાં અલૌકિક શક્તિની કલ્પના ગૌરવદોષનું નિરાકરણ કરે છે. કારણ કે

શ્રુતિના પ્રમાણોથી એ સિદ્ધ છે કે બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રય છે અને વિશેષો અલૌકિક છે, આથી અહીં કલ્પનાનું કોઇ સ્થાન નથી.[325] પોતાની યુક્તિ-તર્કથી કરેલી કલ્પનાથી ગૌરવદોષ આવે, પરંતુ શ્રુત્યાદિના પ્રમાણથી સિદ્ધ વસ્તુમાં ગૌરવદોષ આવતો નથી. પ્રમાણસિદ્ધ વસ્તુમાં ગૌરવદોષ હોય તો બ્રહ્મનો સ્વીકાર કરવામાં પણ ગૌરવદોષ થાય. આમ બ્રહ્મનો સ્વીકાર ન કરવાથી તો શૂન્યવાદ આવી જાય ![326]

શ્રી વિઠ્ઠલનાથજી શૂન્યવાદના દોષનો શેષ વ્યક્ત કરતાં કહે છે કે ગંગાના તરંગના સંગવાળા કમલ હોય, તેના પરાગથી ધૂળિયા બનેલ પવનનું સુખ હોય, તેના ભયથી જનતા સમક્ષ પોતાનો વૈરાગ્ય દર્શાવતાં હોય તેવાં દૂર ભાગતાં દુઃખી થયેલા શઠ માયાવાદીનું શૂકરની ગર્તમાં પતન થાય છે.

શ્રી વિઠ્ઠલનાથજી અસ્થૂલાદિ વાક્યના વિરોધ દોષનો પરિહાર કરતાં જણાવે છે. પૂર્વપક્ષ વિશેષોને કલ્પિત કહે છે. આમ બ્રહ્મ સવિશેષ હોય તો અસ્થૂલાદિ વાક્ય દ્વારા શ્રુતિ બ્રહ્મનું નિરૂપણ કરે નહિ. પરંતુ વિરોધ વાક્યનો વિરોધ વાક્યાર્થમાં હોય છે, તેથી તે વિરોધ શાના અર્થમાં છે ?[327]

<u>પૂર્વપક્ષ</u> :

પરસ્પર અત્યન્તાભાવ અને સમાનાધિકરણનો વિરોધ હોય છે,[328] જેમ ઘોડો ગાય નથી અને ગાય ઘોડો નથી. આમ ઘોડો અને

ગાય એ બન્નેનો પરસ્પર અત્યન્તાભાવ છે. હવે આ બન્નેનું સમાનાધિકરણ કરીએ તો ઘોડો ગાય છે, એમ કહેતાં વિરોધ થાય છે. અહીં પણ સવિશેષ બ્રહ્મ નિર્વિશેષ નથી અને નિર્વિશેષ બ્રહ્મ સવિશેષ નથી. આમ પરસ્પર અત્યન્તાભાવ છે. પરંતુ સમાનાધિકરણમાં અર્થાત બ્રહ્મને સવિશેષ અને નિર્વિશેષ એમ બન્ને કહીએ તો વિરોધ થાય છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી પૂછે છે કે આવો પરસ્પર અત્યન્તાભાવ અને સમાનાધિકરણનો વિરોધ એક ધર્મી-બ્રહ્મમાં જ જોવાય છે. આ વિરોધ સર્વત્ર માનવો જોઇએ કે જ્યાં જોવાય ત્યાં જ માનવો જોઇએ ? [329] તેના ઉત્તરમાં કહે છે કે ત્યાં પ્રથમ નથી. અર્થાત એક જ જ્યાએ વિરોધ હોય ત્યાં સર્વત્ર વિરોધ કહી ન શકાય. કારણ કે ઘોડો અને ગાયનો પરસ્પર અત્યન્તાભાવ-વિરોધ છે. પરન્તુ નિષ્ક્રમણ-ઘરમાંથી બહાર નીકળવું અને પ્રવેશમાં એક જ કર્મ-ધર્મીમાં અનુભવ થાય છે. આમ નિષ્ક્રમણ અને પ્રવેશનો અત્યન્તાભાવ છે. છતાં તે બન્ને એક જ કર્મ ધર્મીમાં હોવાથી સમાનાધિકરણનો વિરોધ નથી. આમ જો વેદાદિના પ્રમાણથી પ્રતીતિ સિદ્ધ થવાથી વિરોધ નથી. તો બ્રહ્મમાં ઉભયધર્મી-સગુણ-નિર્ગુણ-અપ્રામાણ્યની શંકાના કલંકથી રહિત વેદથી સિદ્ધ છે. આમ વિરોધ નથી. [330] અર્થાત બન્નેમાં સમાનાધિકરણ છે.

આમ દ્વિતીય પક્ષ-સમાનાધિકરણ જ સિદ્ધ છે. સારો છે. આથી લોકમાં લૌકિક પ્રતીતિ થવાથી વિરોધ થાય છે. પરંતુ અલૌકિક ધર્મો ધર્મીને ગ્રહણ કરાવનાર પ્રમાણથી સિદ્ધ છે. આમ ધર્મી-બ્રહ્મને ગ્રહણ કરાવનાર પ્રમાણ વેદ છે, તે બ્રહ્મના ધર્મથી સિદ્ધ છે. તેથી વિરોધ રહેતો નથી.

કેવલાદ્વૈત મતાનુસાર અધ્યારોપનું સ્વરૂપ :

કેવલાદ્વૈત મતમાં અધ્યારોપનું સવિશેષ મહત્વ પ્રતિષ્ઠિત થયું છે. અધ્યારોપ વસ્તુના જ્ઞાન માટે કરવામાં આવે છે. જેમ દોરીમાં સર્પનો આરોપ થાય છે અને પછી દોરીનું સત્ય જ્ઞાન થાય છે, ત્યારે તે આરોપ દૂર થાય છે; તેમ બ્રહ્મમાં જગતનો અધ્યારોપ થાય છે. પછી બ્રહ્મનું જ્ઞાન થાય છે ત્યારે જગદ્રૂપ આરોપ દૂર થાય છે. આમ અધ્યારોપ એટલે વસ્તુમાં અવસ્તુનો આરોપ.[331] અર્થાત અજગદ્રૂપ બ્રહ્મમાં જગદ્રૂપનો આરોપ.

ભક્તિયોગમાં પણ કેવલાદ્વૈત મત પ્રથમ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવા ચિત્તની એકાગ્રતા સૂચવે છે. આમ મૂર્તિમાં ભગવાનનો આરોપ કરવામાં આવે છે. પછી ભક્ત આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લે એટલે તે મૂર્તિ અદૃશ્ય થાય છે. આમ આરોપથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે, એમ કહી શકાય. શ્રીમત શંકરાચાર્યે પણ ગીતાભાષ્યમાં કહે છે કે અધ્યારોપ અને અપવાદ દ્વારા પ્રપંચરહિત પરમાત્મા-બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવે છે,[332] "જે નથી" તેના પર આરોપ

કરી "તે છે." એમ સમજવું, તે અધ્યારોપ. અધ્યારોપ દ્વારા બ્રહ્મમાં ગુણો-ધર્મોનો આરોપ કરવામાં આવે છે અને અપવાદ દ્વારા તે ગુણો-ધર્મોનું નિરાકરણ-નિષેધ કરવામાં આવે છે. આમ કેવલાદ્વૈત મત બ્રહ્મના નિર્ધર્મક-નિર્ગુણ સ્વરૂપનું જ પરબ્રહ્મ સ્વરૂપે પ્રતિપાદન કરે છે. અર્થાત બ્રહ્મ કે સર્વાશ્રય આત્મા સ્વયં જ્ઞાન કે આત્મ-સાક્ષાત્કાર છે. જે નિર્ગુણ અને નિર્વિકાર છે.[333]

બ્રહ્મનું તટસ્થલક્ષણ બ્રહ્મની પરોક્ષ પરિભાષા આપે છે. બ્રહ્મ જગતના જન્મ, સ્થિતિ અને નાશનું કારણ છે.[334] આ જ સગુણ બ્રહ્મ છે, જ્યારે બ્રહ્મનું સ્વરૂપલક્ષણ પ્રત્યક્ષ પરિભાષા આપે છે. બ્રહ્મ સત્ય, ચિત અને આનન્દ છે.[335] આ જ નિર્ગુણ બ્રહ્મ છે.

આમ કેવલાદ્વૈત મપ અધ્યારોપ દ્વારા સત્યના સાક્ષાત્કારનો માર્ગ સૂચવે છે.

<u>શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મના અપ્રાકૃત સ્વરૂપનું નિરૂપણ :</u>

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મના અપ્રાકૃત સ્વરૂપનું પોતાના અણુભાષ્યાદિ ગ્રંથોમાં નિરૂપણ કરે છે. બ્રહ્મ પ્રાકૃત ગુણોથી રહિત છે. અર્થાત અપ્રાકૃત-અલૌકિક ધર્મો ધારણ કરે છે.

ઈક્ષત્યધિકરણમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે "આત્મા" શબ્દ સર્વે ઉપનિષદોમાં નિર્ગુણ પરબ્રહ્મના વાચક તરીકે સિદ્ધ થયો છે. તેને જ શ્રુતિ જગત્કર્તા કહે છે.[336] આમ ઈક્ષણ કરનાર બ્રહ્મ

"આત્મા" શબ્દનો વાચક હોવાથી તેના પ્રાકૃત ગુણોનું નિવારણ થયું છે. આથી બ્રહ્મ અપ્રાકૃત ધર્મયુક્ત છે.

વળી પ્રાપંચિક ધર્મથી રહિત બ્રહ્મમાં નિષ્ઠાવાળો મુક્ત થાય છે.[337] વાક્ય દ્વારા બ્રહ્મની ઉપાસના કરનારને મોક્ષરૂપી ફળ પ્રાપ્તિ થાય છે. આથી બ્રહ્મ અપ્રાકૃત ધર્મયુક્ત છે.

ઉપનિષદોમાં બધે જ સાધનોનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ત્યાં પુત્રાદિની જેમ જગત્કર્તા બ્રહ્મ ત્યજવા યોગ્ય છે, એવો ઉપદેશ આપવામાં આવ્યો નથી.[338] આથી બ્રહ્મ અપ્રાકૃત ધર્મયુક્ત છે. આમ ત્રણેય સૂત્રોમાં નિર્ગુણ બ્રહ્મના સ્વરૂપ અને કાર્યનું નિરૂપણ થયું છે.

બ્રહ્મનું સર્વરૂપપણું જડ અને જીવને અલગ કરીને નિરૂપ્યું છે. તે પ્રમેય અલૌકિક છે અને તે લૌકિકયુક્તિથી જાણી શકાતું નથી.[339]

અહીં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે બ્રહ્મ વૈદિક છે. આથી વેદથી પ્રતિપાદિત બ્રહ્મનું જ્ઞાન શબ્દના સાધારણ પ્રકારથી થતું નથી.[340] આમ બ્રહ્મ અલૌકિક છે. વળી બ્રહ્મ જાગતિક સર્વ પદાર્થો કરતાં ભિન્ન છે-વિલક્ષણ છે. આમ તે ગુણાતીત-નિર્ગુણ હોવા છતાં વર્ણવાય છે. આથી કહ્યું છે કે વિચક્ષણ પુરૂષો ભગવદીયો ગુણાતીતપણાથી શુદ્ધ અને સચ્ચિદાનન્દરૂપ વિષ્ણુના બધા જ ગુણોને સારી રીતે વર્ણવે છે.[341] આમ બ્રહ્મ નિર્ગુણ છતાં સગુણ હોવાનું પ્રતિપાદિત થાય છે. પરંતુ બ્રહ્મના સર્વ ગુણો સ્વાભાવિક છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર ભગવાદ કૃષ્ણ લૌકિક નથી. આથી તેઓને લૌકિકજનોએ-બહિર્મુખ લોકોએ કરેલી સેવા માન્ય નથી.[342]

"બ્રહ્મમાં ધર્મનો આરોપ જ્ઞાન માટે છે" તેનું નિરાકરણ અને બ્રહ્મના અપ્રાકૃત-અલૌકિક ધર્મોનું નિરૂપણ :

પૂર્વપક્ષ :

અહીં પૂર્વપક્ષમાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જો શ્રુતિ પરસ્પર વિરૂદ્ધ અનેક ધર્મનો બોધ કરે તો ધર્મનો નિષેધ થઇ ન શકે. પરંતુ આવું નથી. અર્થાત શ્રુતિ બ્રહ્મમાં દર્શાવેલાં ધર્મોનો નિષેધ પણ કરે છે. આથી જ કહ્યું છે કે "જ્યાંથી મન સહિત વાણી તેને ન મેળવીને પાછી ફરે છે.[343] વળી "અસ્થૂલ છે, અગુણ છે, અહ્રસ્વ છે.[344] અનુસાર શ્રુતિવાક્યોની સિદ્ધિ માટે પણ બ્રહ્મ નિર્ધર્મક છે. અર્થાત નિર્ગુણ છે. કારણ કે તે સ્વયં ધર્મનું નિરૂપણ કરે છે અને સ્વયં નિષેધ પણ કરે છે.[345] અહીં ધર્મનું નિરૂપણ ધર્મી-ધર્મને ધારણ કરનાર બ્રહ્મના જ્ઞાન માટે જ હોઇ શકે.[346] કારણ કે જો તેમ ન હોય તો ધર્મીનું નિરૂપણ થઇ ન શકે અને બ્રહ્મનું જ્ઞાન ન થવાથી મોક્ષ પણ ન થાય. આમ ધર્મી-સવિશેષ બ્રહ્મનું જ્ઞાન સિદ્ધ થાય છે. પછી બ્રહ્મના ધર્મોનો નિષેધ કરી શુદ્ધ બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવે છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે શ્રુતિ પોતે જ કહેલા ધર્મનો નિષેધ કરતી હોય તો ઉપર્યુક્ત ધર્મના નિષેધને માની શકાય. આમ શ્રુતિ પોતે જ કહેલા ધર્મનો નિષેધ કરતી જ નથી. પરન્તુ બ્રહ્મના ધર્મોનું નિરૂપણ કરતાં તેમનામાં પ્રાકૃતપણાની શંકા થાય ! આ શંકાની નિવૃત્તિ માટે જ શ્રુતિ પ્રાપંચિક-ધર્મો-જગતના ધર્મોનો બ્રહ્મમાં નિષેધ કરે છે.[347]

હવે જો બ્રહ્મ સમ્પૂર્ણપણે ધર્મરહિત હોય તો તે અસત્ પદાર્થ કહેવાય અને શ્રુતિ આવા અસત્ પદાર્થ બ્રહ્મનું નિરૂપણ કરે તો તેનું પણ પ્રામાણ્ય ગણાય નહિ. શ્રુતિ બ્રહ્મના ધર્મનું નિરૂપણ ન કરે તો તે પણ તેની પ્રતારણા-ઠગાઇ જ કહી શકાય. આમ શ્રુતિમાં નિરૂપણ પામેલાં ધર્મો અસત્ હોય તો ધર્મનું નિરૂપણ કરનારાં શ્રુતિવાક્યો પ્રમાણ ગણી ન શકાય.

પૂર્વપક્ષ અનુસાર ધર્મનો નિષેધ કર્યા સિવાય ધર્મ રહિત બ્રહ્મનું નિરૂપણ થઇ શકતું નથી. આમ શ્રુતિ બ્રહ્મના નિરૂપણ માટે પોતે જ વર્ણવેલાં ધર્મોનો નિષેધ કરે છે. આથી શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે તે શ્રુતિ ધર્મનો નિષેધ કરીને બ્રહ્મજ્ઞાન કરાવે તો સંસારમાં પ્રસિદ્ધ દુઃખાદિ ધર્મોનો નિષેધ કરવાથી બ્રહ્મજ્ઞાન થઇ શકે.[348] અર્થાત ધર્મનો નિષેધ કરવાથી બ્રહ્મજ્ઞાન થતુ હોય તો લૌકિક દુઃખાદિનો નિષેધ કરીને પણ નિર્ધર્મક બ્રહ્મનું જ્ઞાન થઇ શકે છે.

હવે "હાથ-પગ વગરના....."માં લોક અને વેદમાં પ્રસિદ્ધ હાથ વગેરેનો આકાર અવયવ નથી. આથી પૂર્વપક્ષ અનુસાર શ્રુતિમાં કહેલાં ધર્મો લૌકિક જ છે.[349]

શ્રી વિઠ્ઠલનાથજી સમાધાન આપતાં કહે છે કે સર્વત્ર હાથ અને પગના અંતવાળા, સર્વના પરમેશ્વર અને શ્રુતિમાં કહેલાં કેવલ આનંદયુક્ત હાથ-પગવાળા એક જ ધર્મી-બ્રહ્મ જ છે. આવા બ્રહ્મ સિવાય કોઇ અન્ય જોવા કે સાંભળવા મળયા નથી. આથી શ્રુતિ ધર્મના નિરૂપણમાં લૌકિક ધર્મોનો જ અનુવાદ કરતી નથી.

પૂર્વપક્ષ :

આ શ્રુતિમાં કહેલાં ધર્મો જગતમાં અપ્રસિદ્ધ છે, છતાં પણ બ્રહ્મનું નિરૂપણ કરીને તેનો નિષેધ કરે છે.[350]

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે શ્રુતિ બ્રહ્મના ધર્મોનું નિરૂપણ કરીને તેનો નિષેધ કરે છે, એમ કહી શકાય નહીં. કારણ કે આગળ કહ્યું તેમ ધર્મરહિત બ્રહ્મ અસત્ કહેવાય. શ્રુતિ અસત્નું નિરૂપણ કરે તો વેદનું પ્રમાણ સિદ્ધ ન થાય. વળી ધર્મનું નિરૂપણ ન કરે તો પણ શ્રુતિની પ્રતારણા થઇ કહેવાય.[351]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે શ્રુતિમાં વર્ણવેલ બ્રહ્મમાં આશ્વાસન-સાંત્વન ન રહે તો તે મોટો અપરાધ થયો કહેવાય ![352]

આથી શ્રુતિ જો અપ્રસિદ્ધ ધર્મનું નિરૂપણ કરે તો "અસત" નું નિરૂપણ પણ તેમાંથી જ થયું એમ કહેવાય. આમ બ્રહ્મમાં આ આસનનો ભાવ રહેવા પામે નહિ.

અન્ય દૂષણ પણ કહે છે કે બાદરાયણ વ્યાસ બ્રહ્મનું લક્ષણ "જેમાંથી આ જગતની ઉત્પત્તિ વગેરે છે."[૩૫૩] સૂત્રમાં આપે છે. તેના પહેલાં તેઓ "તેથી બ્રહ્મનો વિચાર આરંભાય છે."[૩૫૪] પ્રતિજ્ઞાસૂત્ર આપે છે. આથી જ કહ્યું છે કે બ્રહ્મના સંબંધવાળી અને બ્રહ્મના જ્ઞાનમાં ઉપયોગી સર્વની પ્રતિજ્ઞા થઇ છે, એમ જાણવું.[૩૫૫] અહીં પ્રતિજ્ઞા કરીને અસ્થૂલાદિ શ્રુતિવાક્યનો વિચાર આપવામાં આવ્યો છે. હવે ફરીથી ઉપર્યુક્ત પ્રતિજ્ઞાસૂત્ર આપવામાં આવે તો સર્વ વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય થઇ શકે નહિ. આમ સર્વ વેદાન્ત બ્રહ્મનું નિરૂપણ કરે છે, તેનો સ્વીકાર થઇ શકે નહિ. આથી જ બ્રહ્મસૂત્રના સમન્વયાધિકરણમાં બ્રહ્મસૂત્રથી સમર્થિત સર્વ ઉપનિષદોમાં પ્રતિપાદિત સર્વ ધર્મવાળું સવિશેષ બ્રહ્મ નિરૂપાયું છે.[૩૫૬]

બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયના પ્રથમ પાદના સત્તરમાં સૂત્રમાં કહ્યું છે કે "અસત્" એમ કહેવાથી ઉત્પત્તિ પૂર્વ કાર્યની સત્તા નથી : એનો ઉત્તર છે કે ના, કારણ કે બીજા - અવ્યાકૃત ધર્મથી અને શ્રુતિના બીજા વાક્યમાં બ્રહ્મ પોતે જ કાર્ય થાય છે.[૩૫૭]

ઉપર્યુક્ત સૂત્ર અસત્કાર્યવાદનું નિરાકરણ કરે છે. શ્રુતિ ઉત્પત્તિ પહેલાં કાર્ય ન હોવાનું કહે છે કે "પહેલાં આ અસત હતું." પરંતુ અહીં અવ્યાકૃત - નામ અને રૂપ વ્યક્ત નથી તેવા - બીજા ધર્મની દૃષ્ટિએ "અસત" કહ્યું છે.[358]

આ વસ્તુ વાક્યશેષ - બાકીના વાક્યથી જાણી શકાય છે. તે બ્રહ્મે પોતે પોતાની જાતને ઉત્પન્ન કર્યું.[359] આ વાક્યશેષથી કારણ અસત્ નહોતું. પરંતુ અવ્યાકૃત અવસ્થાથી જ તે અસત્ કહેવાયું છે.

અહીં શ્રુતિવાક્યમાં બ્રહ્મના સવિશેષ સ્વરૂપના વિરોધનો બ્રહ્મસૂત્રમાં પરિહાર કરવામાં આવ્યો છે. હવે જો વિશેષોનો નિષેધ જ કરવાનો હોય તો વિરોધના પરિહારની જરૂર જ ન રહે. આમ શ્રુતિઓનું પરસ્પર અવિરોધચિંતન અર્થહીન થઇ જાય. કારણ કે નિષેધ્ય યોગ્ય ધર્મનો અવિરોધમાં કે વિરોધમાં કોઇ વિશેષ નથી.[360]

હવે બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયના સૂત્રો અનુસાર પૂર્વપક્ષ શંકા વ્યક્ત કરે છે કે બ્રહ્મ પોતે રૂપરહિત જ છે. કારણ કે શ્રુતિનું મુખ્ય તાત્પર્ય તે જ છે.[361] વળી પ્રકરણગત પરબ્રહ્મનો મર્યાદિત લક્ષણાનો નિષેધ કરે છે અને તે નિષેધ પછી રહેનાર પરબ્રહ્મ વિશે વિશેષ જણાવે છે."[362] આ બન્ને સૂત્રો મુખ્યત્વે નિર્વિશેષ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે સૂત્રકાર જડ અને જીવના ધર્મો બ્રહ્મમાં છે કે નહિ તેનો વિચાર કરે છે.[363] વળી જે શ્રુતિઓ બ્રહ્મમાં ધર્મોનો નિષેધ કરે છે તે શ્રુતિઓના પરસ્પર અવિરોધના પરિહારનો પણ વિચાર કરે છે. શ્રુતિઓ ઉભય-પ્રકારક છે. આથી એક પ્રકારની શ્રુતિ અન્ય પ્રકારની શ્રુતિનો વિરોધ કરી શકે નહીં, એમ જાણે છે.

ઉભય પ્રકારક શ્રુતિઓમાં ઔપાધિક બ્રહ્મ સવિશેષ શ્રુતિનો વિષય છે. નિર્ધર્મક સ્વરૂપ બ્રહ્મ નિર્વિશેષ શ્રુતિનો વિષય છે. આમ સવિશેષ અને નિર્વિશેષ બ્રહ્મ એ શ્રીમત્ શંકરાચાર્યનો મત છે.[364] આ મતનું ખંડન "સ્થાન ભેદથી બ્રહ્મ ઉભય ધર્મોવાળું નથી, કારણ કે એ સર્વત્ર છે."[365] સૂત્રમાંથી કરવામાં આવ્યું છે.

અહીં ઔપાધિક બ્રહ્મનો તેવો સ્વભાવ સંભવતો નથી. આથી જ કહ્યું છે કે ઉપાધિના સંબંધથી પણ અન્ય પ્રકારની વસ્તુનો અન્ય પ્રકારનો સ્વભાવ સંભવતો નથી.[366] આથી શ્રુતિઓ અબ્રહ્મનું નિરૂપણ કરનારી કહેવાય. આમ સમન્વયાધિકરણનો પણ વિરોધ થાય છે.

હવે શ્રુતિઓના વિરોધનો પરિહાર કરે છે કે ઉપહિત અને અનુપહિત બ્રહ્મ ભિન્ન છે - ઉભયરૂપ છે. અહીં પૂર્વપક્ષના મતનું સમાધાન આ સૂત્રમાં આપવામાં આવ્યું છે. બ્રહ્મ પ્રપંચ સહિત અને પ્રપંચરહિત એમ ભેદ માનવાથી વિરોધ ન રહે. જો એમ

પૂર્વપક્ષ કહે તો ઉત્તર છે કે ના, કારણ કે પ્રત્યેક સ્થાનમાં બ્રહ્મ એક જ હોવાનું વચન છે.[367] અહીં સિદ્ધાન્તીના કથનાનુસાર વિરોધ સંભવતો નથી. કારણ કે ભેદ કારણ અને કાર્યમાં સ્વીકારાય છે. એક જગતથી ભિન્ન બ્રહ્મ અને બીજું જગતના ધર્મવાળું બ્રહ્મ. એમ બે પ્રકારનું બ્રહ્મ છે.[368] પરંતુ બ્રહ્મના પ્રત્યેક સ્વરૂપમાં અભેદવચન છે. આથી જ કહ્યું છે કે "આ તે જ છે જે આ છે."[369]

બીજું અને બાકી કેટલાક આ પ્રમાણે-બ્રહ્મનો અભેદ-કહે છે.[370] સૂત્રમાં કોઇ શાખાવાળાઓ ભેદનો નિષેધ કરીને અભેદનું નિરૂપણ કરે છે. અહીં શ્રુતિનું પ્રમાણ સૂત્રનો આધાર બની રહ્યું છે. મનથી જ પરમાત્મતત્ત્વ પ્રાપ્ત કરવા યોગ્ય છે. આ જગતમાં ભિન્ન-ભિન્ન કંઇ પણ નથી. આથી જ જે આ જગતમાં ભિન્નની જેમ જુએ છે તે મૃત્યુથી મૃત્યુને પ્રાપ્ત થાય છે."[371]

હવે આકાર પ્રપંચવ્યાપાતી છે. અર્થાત આકાર જગતમાં હોય છે. તે પ્રાપંચિક છે. પ્રપંચ-જગત જન્ય છે. ઉત્પન્ન થાય છે. આથી આકાર પણ જન્ય છે. આમ સવિશેષ-સાકાર બ્રહ્મનો નિર્વિશેષ-નિરાકાર બ્રહ્મ સાથે અભેદ સંભવતો નથી.

વળી અભેદનું જ્ઞાન પણ ઔપચારિક જ હોવું જોઇએ. આથી સાકારનું નિરૂપણ કરનારી શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરતી નથી. આથી શંકા દૂર કરવા કહે છે કે જેનું નિરૂપણ થતું નથી -જે સર્વ-વ્યવહારનો વિષય બનતું નથી,- તે બ્રહ્મ જ વર્ણવવામાં આવે છે, કારણ કે સ્વરૂપવાક્યોમાં બ્રહ્મનું પ્રાધાન્ય છે.[372]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે આકાર જગતના ગુણોથી યુક્ત હોય તો પૂર્વપક્ષનો મત યોગ્ય ગણાય. પરંતુ જ. આકાર જગતના ગુણોથી યુક્ત પ્રાપંચિક નથી. કારણ કે જગતમાં રહેવાથી જ જગતના ગુણોથી યુક્ત કહી શકાય નહિ. વળી નિર્ગુણ બ્રહ્મ પણ પ્રપંચમ઼ વ્યાપ્ત હોવાથી પ્રાપંચિક બની જાય,[373] આથી નિરાકારવાદી શ્રુતિઓની જેમ સાકારવાદી શ્રુતિઓ પણ अरूप બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. આમ જે રૂપાય છે, જેનું નિરૂપણ થાય છે, તે રૂપ કે જેનો વ્યવહાર થાય છે, તે રૂપ, અર્થાત સર્વવ્યવહારનો વિષય રૂપથી યુક્ત તે રૂપવત અર્થાત વિશ્વ. પરંતુ બ્રહ્મ તો વિશ્વથી વિલક્ષણ છે, કારણ કે કાર્ય અને કારણ, અંશ અને અંશીની વિલક્ષણતા યોગ્ય છે.[374] શ્રીમદ ભાગવતમાં પણ કહ્યું છે કે અથવા મારા આ પુત્રનો જન્મસિદ્ધ આ આત્મયોગ એટલે એનું એવી જાતનું ઐશ્વર્ય જ છે?[375] અહીં શ્રીમદ વલ્લભાચાર્ય સુબોધિનીમાં જણાવે છે કે આત્મયોગ એ આત્મા-ભગવાનની જ આ યોગરૂપી વિભૂતિ છે.[376]

જેનાથી રૂપ અને વ્યવહાર થાય છે, તે હાથ અને પગ કહેવાય છે. આથી જ જેમ જગતમાં હાથ વગેરે જુદા અને હાથ વગેરેથી યુક્ત અભિમાની જુદાં છે તેમ હાથ વગેરેથી જુદું અને હાથ વગેરેથી યુક્ત અભિમાની તરીકે શ્રુતિ બ્રહ્મનું નિરૂપણ કરતી નથી. પરંતુ હાથ વગેરે બ્રહ્મ જ છે, તેથી ભેદનો અભાવ છે. આથી રૂપનું જ નિરૂપણ થાય છે. રૂપવત-રૂપ જેવાનું નહીં.

હવે પ્રશ્ન થાય કે હાથ વગેરે પણ બ્રહ્મ જ છે, બ્રહ્મથી ભિન્ન નથી, આવું કયાંથી જાણવા મળે છે ? ઉત્તરમાં નિશ્ચય કરાવનાર કારણ કહે છે કે સ્વરૂપવાકયોમાં તેનું પ્રાધાન્ય છે. કારણ કે સર્વ ઉપનિષદોનો પ્રતિપાદ્ય વિષય પ્રધાનતયા-મુખ્યત્વે બ્રહ્મ જ છે.[377]

શ્રી વિઠ્ઠલનાથજી સૂત્રના તાત્પર્યને સ્પષ્ટ કરતાં જણાવે છે કે હાથ વગેરે અબ્રહ્મ હોય તો તેનું નિરૂપણ કરનારા વેદાન્ત-વાકયો-ઉપનિષદો પણ અબ્રહ્મ-બ્રહ્મરહિત કહેવાય ! વળી વેદાન્તવાકયોની બ્રહ્મપરાયણતાને પણ હાનિ પહોંચે ! અર્થાત ઉપનિષદોમાં વર્ણિત વેદાન્તવાકયોનો સ્વીકાર ન કરવાથી ઔચિત્યનો ભંગ થાય છે. આથી હાથ વગેરેનું નિરૂપણ કરનારી શ્રુતિઓ સાક્ષાત બ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે.[378]

બધા વેદાન્તમાં પ્રસિદ્ધ બ્રહ્મનો ઉપદેશ છે[379] અને એને-વૈશ્વાનરને, આમાં-મસ્તક અને ચિબુકની વચ્ચે-જાબાલો વર્ણવે છે.[380] આ બન્ને સૂત્રો અધિકરણોની સંગતિ બેસાડવા માટે પૂર્વોકત સૂત્રમાં "હિ" શબ્દ જોડાયેલો છે.

જેમ સૈન્ધવ ઘન-મીઠાનો ગાંગડો અન્તર વિનાનો બાહ્ય વિનાનો, સંપૂર્ણ રસઘન જ છે, તેમ જ અરે મૈત્રેયી ! આ આત્મા અન્તર વિનાનો, બાહ્ય વિનાનો, સમ્પૂર્ણ પ્રજ્ઞાનઘન જ છે."[381] સત્ય, વિજ્ઞાન, આનન્દ એ બ્રહ્મ છે.[382] કેવલ આનન્દના હાથ,

પગ, મુખ અને ઉદરવાળા, [૩૮૩] પરમાત્મા આનન્દમય છે, એવું વારંવાર કહેવાય છે.[૩૮૪] આ બધાં શ્રુતિ, સ્મૃતિ અને ન્યાય એકવાક્યતાથી હાથ વગેરે "સચ્ચિદાનન્દરૂપ" છે, એવો નિર્ણય આપે છે. આથી જ સૂત્રકાર બાદરાયણ આગળ ઉપર બ્રહ્મ પ્રજ્ઞાનઘન જ છે એમ શ્રુતિ કહે છે.[૩૮૫] અહીં ઉપર્યુક્ત શ્રુતિવાક્યોનું જ અનુસંધાન છે. અર્થાત્ બૃ.ઉ., ૪!૫!૧૩ આ શ્રુતિવાક્યથી બ્રહ્મના સ્વરૂપથી ભિન્ન ઇન્દ્રિયોનો અભાવ છે.[૩૮૬]

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષના વ્યાખ્યાન અનુસાર "अरूपम्" શબ્દ પર ટિપ્પણી કરતાં કહે છે કે બ્રહ્મ રૂપાદિ આકાર રહિત છે.[૩૮૭] એમ કહેવાનો સૂત્રકાર બાદરાયણનો અભિપ્રાય હોય તો "अरूपम् " એવો જ પ્રયોગ સૂત્રમાં કર્યો હોય ! પરંતુ તેમણે "अरूपवत् " નો પ્રયોગ કર્યો છે.

હવે "अरूपम् " શબ્દનો અર્થ "રૂપરહિત" બ્રહ્મ થાય છે. અર્થાત્ બ્રહ્મ રૂપવત્ નથી એમ પૂર્વપક્ષ સ્વીકારે છે. ઉત્તરપક્ષ પણ બ્રહ્મના હાથ-પગ વગેરેને રૂપ નથી. અર્થાત્ બ્રહ્મ અરૂપવત છે, એમ માને છે. આથી શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે બ્રહ્મનું રૂપયુક્ત હોવું તે બન્ને પક્ષો-વાદી-પ્રતિવાદીને સમ્મત નથી.[૩૮૮] આમ વિવાદ ન હોવાથી બ્રહ્મ રૂપયુક્ત છે, તેનો નિષેધ આવશ્યક નથી. અર્થાત્ બ્રહ્મ અરૂપ છે એમ નિષેધ કરવાનો અર્થ રહેતો નથી. કારણ કે સૂત્રકાર બાદરાયણ અનુસાર બ્રહ્મ-પરતત્ત્વ अरूपवत्

માત્ર છે, કારણ કે પરતત્ત્વમાં તે अस्मवत् સ્વરૂપ प्रधान અથવા મુખ્ય છે.[389] આમ બ્રહ્મ સ્વરૂપ છે. અર્થાત બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ જ યોગ્ય છે, જગતનું નિરૂપણ નહિ.

હવે શ્રી વિઠ્ઠલનાથજી બ્રહ્મસૂત્રના प्रकृतैतावत्त्वं... સૂત્રનો અર્થ અને પ્રયોજન આપતાં કહે છે કે ભગવાનમાં સર્વ વિરૂદ્ધધર્મો જોવામાં આવે છે."[390] સૂત્ર બ્રહ્મના વિરૂદ્ધધર્માશ્રયપણાના વિરોધનો પરિહાર કરે છે.

અહીં શ્રુતિ અને સ્મૃતિથી (ભગવાનમાં જડના અને જીવના ધર્મો નથી એમ) શ્રુતિ દર્શાવે છે, અને સ્મૃતિ પણ આ પ્રમાણે કહે છે.[391] સૂત્રના વિરોધનો પરિહાર કરવામાં આવ્યો છે.

"ભગવાનમાં સર્વ વિરૂદ્ધધર્મો જોવામાં આવે છે," સૂત્રના વિરોધનો પ્રત્યક્ષ પ્રમાણથી પરિહાર કરવામાં આવ્યો છે.

ભગવાનમાં જડ અને જીવના ધર્મો નથી એમ શ્રુતિ દર્શાવે છે. વળી પરબ્રહ્મને આદિ નથી, તે સત્ કે અસત્ કહેવાતું નથી. એમ સ્મૃતિ કહે છે.[392] આમ શ્રુતિ અને સ્મૃતિ અનુસાર વિરૂદ્ધધર્માશ્રયના વિરોધનો પરિહાર થાય છે.

ભગવાનમાં વિરૂદ્ધધર્મોનું દર્શન થાય છે. આમ દૃષ્ટ વસ્તુમાં કંઇ અઘટિત-અનુચિત કહી શકાય નહિ.[393] આથી પ્રત્યક્ષ પ્રમાણથી વિરૂદ્ધધર્માશ્રયના વિરોધનો પરિહાર થાય છે.

હવે અનુમાન પ્રમાણથી બ્રહ્મમાં વિરૂદ્ધધર્મના વિરોધનો નિષેધ કરવામાં આવ્યો છે. સૂત્રકાર કહે છે : પ્રકૃતમાં - બ્ર.ઉ. માં આવેલ ગાર્ગી પ્રકરણમાં, ગાર્ગીના પ્રશ્નમાં - બ્રહ્મને વિશે આટલા પણાનો -મર્યાદિતતાનો -જગતમાં જણાતા ધર્મોનો -શ્રુતિ નિષેધ કરે છે, અને પછી ફરીથી એને વિશે અપ્રાકૃત ધર્મો - અલૌકિક ધર્મો, સ્વરૂપ ધર્મો કહે છે.[394]

અહીં એમ શંકા થાય કે "अस्थूलमनणु" (બૃ.ઉ. ૩।૮।૮) વગેરે દ્વારા બ્રહ્મમાં સ્થૂલતા, અણુપણું, ટૂંકાપણું જેવા વિરૂદ્ધ ધર્મોનો નિષેધ થયો છે, આથી અવિરોધ-સમાધાન શાથી જણાય?

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે શ્રુતિ "અસ્થૂલાદિ" માં નિરૂપિત વિશેષ ધર્મોનો બ્રહ્મમાં નિષેધ કરે છે, તે લૌકિક ધર્મોનો જ નિષેધ છે. પરંતુ તે પોતે કહેલાં "સર્વના ઇશ" હોવું વગેરે ધર્મોનો નિષેધ કરતી નથી.[395] આમ "અસ્થૂલાદિ" થી બ્રહ્મ જગતથી વિલક્ષણ હોવાનું પ્રતિપાદિત થાય છે. કારણ કે વેદમાં કહેલાં બ્રહ્મના ધર્મોનો નિષેધ કરી શકાય નહિ.[396]

હવે "नेति नेति" બૃ.ઉ.૨।૩।૬ શ્રુતિનો અર્થ થાય છે : જેમ ઉપર્યુકત સૂત્રમાં "प्रकृत" શબ્દ લૌકિકનો વાચક છે, તેમ શ્રુતિમાં "इति" શબ્દ પ્રકારનો વાચક છે. "इति" શબ્દ પ્રકાર-વાચક હોવાથી બૃહદારણ્યક ઉપનિષદ શ્રુતિ પહેલાં બ્રહ્મનાં મૂર્ત અને અમૂર્ત વિભૂતિરૂપનું "જે આમ જાણે છે"[397] સુધી નિરૂપણ કરે છે.

"એવાં તે પુરૂષનું રૂપ"[398] માં ષષ્ઠી વિભક્તિ છે. આથી બ્રહ્મના મૂર્ત અને અમૂર્ત રૂપના ભેદનું નિરૂપણ કરવામાં આવ્યું છે. "આમ બ્રહ્મનાં બે રૂપ છે" માં ઈતિ શબ્દ મૂર્ત અને અમૂર્ત બ્રહ્મના ભેદનું નિરૂપણ કરે છે. આવો ભેદ અન્ય શ્રુતિવાક્યોમાં પણ નિરૂપિત થયો છે. આથી કહયું છે કે "તે પરમ પુરૂષ પરમાત્મા સર્વત્ર હાથ-પગના અંતવાળો છે.[399] અહીં લૌકિક જ્ઞાનનો "હવે આવો આદેશ છે. "આ નહિ, આ નહિ" શ્રુતિ નિષેધ કરે છે.

શ્રી વિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત સમગ્ર વસ્તુને સ્પષ્ટ કરતાં જણાવે છે કે મૂર્ત અને અમૂર્તરૂપ બ્રહ્મ "સર્વત્ર હાથ અને પગના અંતવાળું" શ્રુતિ અનુસાર જાણવું જોઇએ. પરંતુ તે બ્રહ્મના રૂપોનું લૌકિક જ્ઞાન ન થવું જોઇએ, તે રૂપો "બ્રહ્મ જ છે" એવું જ્ઞાન થવું જોઇએ.[400]

હવે સૂત્રકાર નિશ્ચય કરાવનાર "અને પછી ફરીથી એને વિશે અપ્રાકૃત ધર્મો - અલૌકિક ધર્મો, સ્વરૂપ ધર્મો કહે છે." વાકય કહે છે અહીં જે વાકય કે પ્રકરણમાં શ્રુતિ પહેલાં બ્રહ્મમાં ધર્મોનો નિષેધ કરે છે તેમાં જ ફરી ધર્મનું વિધાન કરે છે.[401]

જેમ "ઇન્દ્રિયો પરાઙ્મુખ છે"[402] એમ પહેલાં નિષેધનું નિરૂપણ થયું છે. પછી "અંતર્યામી-પરમાત્માનું દર્શન કર્યું."[403] માં ધર્મનું વિધાન થયેલું જોવા મળે છે.

"જયાંથી વાણી મન સહિત બ્રહ્મને પહોંચ્યા વિના પાછી ફરે છે"[404] માં ધર્મનો નિષેધ છે. પછી બ્રહ્મનો આનંદ જાણનાર

કોઇથી પણ ભય પામતો નથી"[405] માં બ્રહ્મના ધર્મનું વિધાન થયું છે. "અસ્થૂલ" વગેરેમાં પણ પહેલાં લૌકિક ધર્મનો બ્રહ્મમાં નિષેધ કરવામાં આવ્યો છે. પછી હે ગાર્ગી ! આ અક્ષર-અવિનાશી બ્રહ્મની આજ્ઞાથી આકાશ અને પૃથ્વી પોતપોતાના સ્થાને સ્થિર રહે છે."[406] શ્રુતિ ધર્મનું વિધાન કરે છે. આમ મૂર્ત અને અમૂર્ત એ બ્રહ્મનાં રૂપ નથી, બ્રહ્મ જ છે. આથી "नेति नेति" એ નિષેધશ્રુતિનો અભિપ્રેતાર્થ બ્રહ્મ જ છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પૂર્વપક્ષના મંતવ્ય અનુસાર ઉપર્યુક્ત સૂત્રમાંનું प्रकृत પદ વ્યર્થ બની જાય છે. કારણ કે एतावत् આટલું એ પદ પાસે હોવાથી બન્ને રૂપની પ્રતીતિ સંભવે છે.[407] આથીજ કહ્યું છે કે પ્રકૃત-પ્રકરણમાં પ્રાપ્ત જે એતાવત્-આટલું-મર્યાદાથી પરિમિત છે, તે મૂર્ત અને અમૂર્ત સ્વરૂપ બ્રહ્મનું રૂપ છે, તેનો નિષેધ "नेति नेति" શબ્દ કરે છે.[408]

પૂર્વપક્ષ "પ્રકૃત" શબ્દની વ્યર્થતાનો અસ્વીકાર કરતાં જણાવે છે કે ઉપર્યુક્ત વાક્યમાં દર્શાવ્યા પ્રમાણે "પ્રકૃત" પદ વિશેષતયા મૂર્ત અને અમૂર્ત સ્વરૂપનો પરિચય કરાવે છે, જ્યારે "એતાવત" પદ ઇયત્તાસૂચક છે, તેથી સામાન્યવાચક છે.[409]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પૂર્વપક્ષ અદ્વૈત મત સામાન્ય રીતે મૂર્ત અને અમૂર્તનો નિષેધ કરે છે. પરંતુ લૌકિક મૂર્ત અને અમૂર્તનો નિષેધ કરતો નથી.[410] આથી પ્રકૃત પદ સામાન્યવાચક હોવાથી

બન્ને શબ્દો સમાન જ છે. અર્થાત "એતાવત" શબ્દ સામાન્ય રીતે નિષેધ સૂચવે છે અને "પ્રકૃત" શબ્દ વિશેષ રીતે નિષેધ સૂચવે છે તે યોગ્ય નથી. આથી પ્રકૃત અને એતાવત્ એ બે શબ્દો સમાન બની રહે છે.

"नेति नेति" શ્રુતિવાકયમાં નિષેધનો વિચાર એ છે કે સૂત્રમાં "प्रकृत" શબ્દ બ્રહ્મના બે રૂપ:મૂર્ત અને અમૂર્તનો વિચાર આપે છે. હવે સૂત્રકારનો આ મત હોય તો "प्रकृतत्वं प्रतिषेधति" એમ સૂત્રનું ગ્રથન કરે. કારણ કે આટલાં શબ્દોથી પૂર્વપક્ષનું મંતવ્ય ચરિતાર્થ થાય છે. આમ "एतावत्" પદ વ્યર્થ બને છે. આથી શ્રી વિઠ્ઠલનાથજી સૂત્રકાર બાદરાયણ વ્યાસને સમ્મત પોતાનો મત જણાવે છે. આમ સવિશેષ અને નિર્વિશેષ શ્રુતિઓ વિરોધ નથી. કારણ કે શ્રુતિ બધે જ લૌકિક ધર્મનો નિષેધ કરે છે. અલૌકિક ધર્મનું વિધાન કરે છે.[૪૧૧] આમ બ્રહ્મ લૌકિક ધર્મરહિત, સહજ અનંત અલૌકિક ધર્મોથી યુકત સિદધ થાય છે.[૪૧૨] આમ "સત્ય, જ્ઞાન, અનન્ત બ્રહ્મ છે.[૪૧૩] એ શ્રુતિવાકયની સંગતિ થાય છે. અહીં શ્રી વિઠ્ઠલનાથજી બ્રહ્મના સાકાર સ્વરૂપનો સ્વીકાર કરે છે.

કેવલાદ્વૈત મતાનુસાર બ્રહ્મના દર્શનનો વિચાર :

કેવલાદ્વૈત મત બ્રહ્મના નિર્ગુણ સ્વરૂપને પરબ્રહ્મ માને છે. આ નિર્ગુણ સ્વરૂપ અદૃશ્ય અને અગ્રાહ્ય છે. અર્થાત તે આંખથી જોઇ

શકાતું નથી કે હાથથી પકડી શકાતું નથી. આથી જ કહ્યું છે કે અદૃશ્યતા વગેરે ગુણોથી યુકત પરમેશ્વરના ધર્મો છે.[૪૧૪] અહીં શ્રીમદ્ શંકરાચાર્યે પણ કહે છે કે અદૃશ્ય વગેરે ગુણયુકત જે ભૂતયોનિ છે તે પરમાત્મા જ હોઇ શકે, અન્ય કોઇ નહિ. વળી પણ કહ્યું છે કે અવ્યકત બ્રહ્મ રૂપરહિત છે.[૪૧૫] આથી જ તે ઇન્દ્રિયોથી ગ્રહણ કરી શકાય તેવું નથી. શ્રુતિ કહે છે કે બ્રહ્માત્મા આંખથી જોઇ શકાતો નથી, વાણીથી કહી શકાતો નથી, બીજાં દેવો ઇન્દ્રિયોથી ગ્રહણ થતાં નથી, તપ કે કર્મથી પણ ગ્રહણ થતાં નથી.[૪૧૬] આથી જ આત્મા "નેતિ નેતિ" એમ કહ્યો છે, તે ઇન્દ્રિયોથી ગ્રહણ કરવા યોગ્ય નથી. આથી ઇન્દ્રિયોથી ગ્રહણ કરી શકાતો નથી.[૪૧૭] જે જ્ઞાન ઇન્દ્રિયોથી અદૃશ્ય અને કર્મેન્દ્રિયોથી અગ્રાહ્ય છે તે બ્રહ્મ છે.[૪૧૮]

જ્યારે સાધક અદૃશ્ય, અગ્રાહ્ય, અશરીર, અવાચ્ય, નિરાધાર બ્રહ્મમાં અભય સ્થાન મેળવે છે ત્યારે તે અભય મેળવે છે.[૪૧૯] શ્રીમદ્ ભગવદ્ગીતા પણ કહે છે કે આત્મા અવ્યકત અચિન્ત્ય અને અવિકારી કહેવાય છે.[૪૨૦] શ્રીમદ્ શંકરાચાર્યે કહે છે કે આત્મા સર્વ ઇન્દ્રિયોનો અવિષય છે, તેથી તે વ્યકત થતો નથી. માટે તે અવ્યકત કહેવાય છે.[૪૨૧] આમ છતાં આત્મા જ્ઞાનનો વિષય હોવાથી તે અત્યન્ત અવિષય નથી. અર્થાત આત્મા સ્વયંપ્રકાશ છે. તેથી અવિષય છે તેમ છતાં અવિદ્યાથી કલ્પિત અધ્યાસને લીધે આત્મા પ્રકાશે છે. આમ આત્મા અપરોક્ષ-સ્વયંપ્રકાશ હોવાથી પ્રસિદ્ધ છે,

તેથી અપરોક્ષાનુભૂતિ થાય છે. ઉપર્યુકત પ્રમાણોના આધારે કહી શકાય કે કેવલાદ્વૈત મત બ્રહ્મના ઇન્દ્રિયગ્રાહ્ય દર્શનનો નિષેધ કરે છે.

<u>શ્રીમદ્ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મના દર્શનનો વિચાર :</u>

શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મના બન્ને સ્વરૂપોના દર્શનને શાસ્ત્ર-સંમત માને છે. તેઓ કહે છે કે બ્રહ્મનું સંશધન-સારી સેવા કરવાથી તે પ્રસન્ન થાય છે અને દર્શન થાય છે.[૪૩૨]

બ્રહ્મના ઉભય-સગુણ અને નિર્ગુણ સ્વરૂપોના દર્શનની શ્રુતિઓ અનુસાર દર્શન સાકારના હોય છે, તેમ નિરાકારના પણ હોય છે. આથી જ કહ્યું છે કે પછીથી તે ધ્યાન કરતો નિષ્કલ, નિરવયવ પરમાત્માનાં દર્શન કરે છે. અહીં નિર્ગુણ સ્વરૂપના દર્શનનો વિચાર વ્યકત થાય છે. વળી અનેક હાથ, ઉદર, મુખ અને નેત્રવાળા, સર્વજ્ઞ અનન્તરૂપવાળા હું તમને જોઉં છું. અહીં સગુણ સ્વરૂપના દર્શનનો વિચાર વ્યકત થયો છે. આમ બ્રહ્મના ઉભયરૂપોનું દર્શન થઇ શકે છે.

બ્રહ્મ પ્રકાશ સમાન છે. અર્થાત સૂર્યનો પ્રકાશ વ્યવહાર યોગ્ય છે કે વ્યવહારયોગ્ય નથી તે આપમેળે જાણી શકાતું નથી. પરંતુ જેમ સૂર્યનું આગમન થતાં અને વાદળરહિત આકાશમાં સૂર્યના પાસે રહેવાથી સૂર્યનો વ્યવહાર થાય છે, તેમ લૌકિક વાણી અને મનથી બ્રહ્મ વ્યવહાર-યોગ્ય બનાવી શકાતું નથી, પરંતુ બ્રહ્મની પાસે

રહેવાથી જ તે વ્યવહારયોગ્ય થાય છે.[423] આમ બ્રહ્મનું દર્શન શકય છે.

ભગવાનની ઇચ્છાના પ્રભાવ દ્વારા જ બ્રહ્મા પણ ભગવાનના લોકનું દર્શન કરી શકે છે. જો તેમની ઇચ્છા ન હોય તો સેંકડો ઉપાયોથી પણ આંખ વડે અક્ષરાત્મક લોકના દર્શન થઇ શકતા નથી.[424] આથી એમ કહી શકાય કે ભગવાનની ઇચ્છા વિના ભગવાનના લોકનું દર્શન પણ અસંભવ છે. ભગવાનનું દર્શન ભગવાનની કૃપાથી જ થાય છે. આથી જ કહયું છે કે આ પરમાત્મા જેને વરે છે, તેને જ તે પ્રાપ્ત થાય છે.[425] આમ બ્રહ્મના દર્શન કૃપાસાધ્ય છે.

સગુણ અને નિર્ગુણ શ્રુતિઓ અનુસાર બ્રહ્મની સ્વેચ્છાથી દર્શનાદિનો વ્યવહાર :

પૂર્વપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં જણાવે છે કે સવિશેષ બ્રહ્મ દૃશ્ય અને પ્રકાશ્ય હોય છે. પરંતુ નિર્વિશેષ બ્રહ્મ તો અદૃશ્ય અગ્રાહ્ય" છે.[426] એમ શ્રુતિ કહે છે. આથી બ્રહ્મ અદૃશ્ય છે. વળી "ત્યાં સૂર્ય પ્રકાશતો નથી.[427] વગેરે શ્રુતિ બ્રહ્મ પ્રકાશ્ય નથી, એમ કહે છે. આથી બ્રહ્મ અપ્રકાશ્ય છે. જો બ્રહ્મ સવિશેષ હોય તો ઉપર્યુકત શ્રુતિઓનો વિરોધ થાય છે. આથી નિર્વિશેષ બ્રહ્મ જ સ્વીકાર્ય છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પૂર્વપક્ષનું મંતવ્ય સત્ય નથી.

કારણ કે શ્રુતિ અને સ્મૃતિઓ બ્રહ્મને દૃશ્ય પણ કહે છે. શ્રુતિના પ્રમાણો છે : કોઇ બુદ્ધિશાળી મનુષ્યે અમૃતપદ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરી આંખ વગેરે ઇન્દ્રિયોને બાહ્ય વિષયોમાંથી પાછી ફેરવીને અંતરાત્માનું દર્શન કર્યું.[428]

જ્ઞાનની નિર્મળતાથી વિશુદ્ધ અન્તઃકરણવાળો થઇ ધ્યાન કરતો તે નિષ્કલ-અવયવરહિત બ્રહ્મને દેખે છે.[429] સ્મૃતિના પ્રમાણો છે : હે અર્જુન ! હે પરંતપ ! અનન્ય ભક્તિથી એવા પ્રકારનો હું જ્ઞાન થવાને, દર્શન થવાને અને તત્ત્વથી પ્રવેશ થવાને શક્ય છું.[430]

જે મનુષ્યો તમારું ચરિત્ર વારંવાર સાંભળે છે, ગાય છે, શ્રોતાઓને કહી સંભળાવે છે, તેનું સ્મરણ કરે છે ને બીજાઓ વર્ણવે ત્યારે અભિનંદન આપે છે, તેઓ જ સંસારના પ્રવાહને શાંત કરનાર તમારા ચરણકમળનાં તુરત દર્શન કરે છે.[431]

હવે શ્રુતિ અને સ્મૃતિના પ્રમાણોથી બ્રહ્મ અદૃશ્ય અને દૃશ્ય એમ બન્ને રીતે સિદ્ધ થાય છે. આથી અહીં બન્નેમાં અવિરોધ માટે નિશ્ચય વ્યક્ત કરતાં કહ્યું છે કે બ્રહ્મની અદૃશ્યતા વગેરેનું નિરૂપણ કરનારી શ્રુતિ ઇન્દ્રિયોના સામર્થ્યને લીધે બ્રહ્મનું દૃશ્યપણું નકારે છે. જ્યારે બ્રહ્મની દૃશ્યતા વગેરેનું નિરૂપણ કરનારી શ્રુતિ ભગવત્કૃપાથી જ ભગવાનનું દૃશ્યપણું સ્વીકારે છે.[432] અર્થાત ઇન્દ્રિયોની પ્રબળતાને કારણે અગોચર એવા બ્રહ્મનું દર્શન થઇ શકતું નથી. પરંતુ ભગવાન કૃપાથી સાધ્ય છે, એટલે કૃપાના બળથી અદૃશ્ય ભગવાન

પણ દૃશ્ય બને છે. આમ શ્રુતિવાકયોનો વિરોધ દૂર કરી શકાય છે. અહીં શ્રી વિઠ્ઠલનાથજી પ્રમાણ આપતાં કહે છે કે હે અર્જુન ! મેં પ્રસન્ન થઇને આ આત્મયોગથી તને આ પર રૂપનું દર્શન કરાવ્યું.[433] આમ ભગવાને આ આત્મયોગથી પ્રસન્ન થઇને ઉત્તમ-અક્ષર વિશ્વરૂપદર્શન અર્જુનને કરાવ્યું. તે તેમના પોતાના સામર્થ્યનું જ દાન છે. અર્થાત શ્રીકૃષ્ણે પ્રસન્ન થઇ પોતાના ઐશ્વર્યના યોગથી વિશ્વરૂપદર્શન કરાવ્યું. તેમાં અર્જુન પ્રત્યેની ભગવત્કૃપાનું સામર્થ્ય જ દેખાઇ આવે છે.

શ્રીમદ્ ભાગવતના દ્વિતીય સ્કંધમાં ભગવાને બ્રહ્માને કહેલા વાકયનું પ્રમાણ છે કે મારા લોકનું દર્શન એ મારી ઇચ્છાનો જ પ્રભાવ છે.[434] આથી ભગવાન પોતાના સામર્થ્યથી અદૃશ્ય છે, એટલે અદૃશ્યનું નિરૂપણ કરનારી શ્રુતિઓની સંગતિ થાય છે.[435] આથી જ અહીં સૂત્રકાર પણ આધારરૂપે અદૃશ્યપણાના પૂર્વપક્ષમાં કહે છે : પણ ભગવાનની સારી સેવા થાય, કારણ કે શ્રુતિ અને સ્મૃતિ કહે છે કે બ્રહ્મ સાકાર અને અનન્ત ગુણોવાળું છે.[436] અહીં "अपि" શબ્દ પૂર્વપક્ષની નિંદા માટે છે. અહીં પૂર્વપક્ષ કરનારને મૂર્ખ કહયો છે. કારણ કે સારી રીતે આરાધના-સેવા કરવામાં આવે ત્યારે ભગવાન પ્રસન્ન થાય છે અને તેથી દર્શન થાય છે.[437]

આમ ભગવાનની ઇચ્છાથી જ ભકતોને દર્શન થાય છે. તો કેવી રીતે તે દર્શન થાય છે, તેનો ઉત્તર છે : પ્રત્યક્ષ અને અનુમાનથી

ભગવાનના દર્શન થાય છે. આથી જ કહ્યું છે કે "હું અનેક હાથ, ઉદર, મુખ અને નેત્રવાળાં આપને જોઉં છું."[૪૩૮] અહીં અર્જુન પ્રત્યક્ષ પ્રમાણનું ઉદાહરણ છે. ધ્રુવ અનુમાન પ્રમાણનું ઉદાહરણ છે.[૪૩૯] વળી શ્રુતિનું પ્રમાણ-પ્રત્યક્ષ પ્રમાણ એ છે કે કોઇ ધીર પુરૂષે અન્તર્યામીનું દર્શન કર્યું.[૪૪૦] સ્મૃતિનું પ્રમાણ-અનુમાન પ્રમાણ એ છે કે હું અનન્ય ભક્તિથી દર્શન થવાને શક્ય છું.[૪૪૧] આમ બ્રહ્મનું સંશોધન-ઉત્તમ આરાધના કરવાથી જ બ્રહ્મનું દર્શન થાય છે.

ઉપર્યુક્ત ભાગવતના પ્રમાણ અનુસાર ભગવાનની ઇચ્છા દર્શનનું કારણ છે. આથી "સર્વે મને જુએ" એવી સાધારણ ઇચ્છાથી ભગવાનનો પ્રાદુર્ભાવ થાય છે, અવતારદશામાં ભક્ત અને અભક્ત સર્વેને ભગવાનના દર્શન થાય છે. પરંતુ અવતારદશા વિના કેવળ ભક્તિથી જ ભગવાન દર્શન આપે છે. "હું વેદોથી નહિ!"[૪૪૨] અને "અનન્ય ભક્તિથી" જેવાં વાક્યો ભક્તિથી જ ભગવાનનું દર્શન સિદ્ધ કરે છે.

ભક્તો અવતારદશામાં ભક્તિથી જ ભગવાનનું દર્શન કરે છે, જ્યારે બીજા લોકો ભગવાનની સાધારણ ઇચ્છાથી જ દર્શન કરે છે. ભક્તોને સાધારણ ઇચ્છાથી દર્શન થતાં નથી, કારણ કે ભક્તો માટે જ ભગવાનની ભક્તિ દ્વારા પ્રાદુર્ભાવ થાય છે.[૪૪૩]

ભગવાનની સાધારણ ઇચ્છા પણ ભક્તો માટે જ હોય છે. કારણ કે ભક્તોને લોકમાં સુખ આપવા જ તેમનો પ્રાદુર્ભાવ થાય છે.

જો તેમ ન હોય તો તેમનું પ્રાકટ્ય પ્રયોજન વિનાનું બની જાય ! ૪૪૪
આથી ભકતોને સુખ આપવા માટે ભગવાન અવતાર લે છે.

હવે એમ શંકા થાય કે શત્રુઓને પણ ભગવાનના દર્શન થાય છે. પરંતુ મોહ દૂર થતો નથી ! તેનું કારણ ભગવાનની ઇચ્છા જ તેમાં પ્રતિબંધક છે. વળી ભગવાન સત્યસંકલ્પ છે, એટલે દર્શન થવા છતાં ભગવાનની જ ઇચ્છાથી લોકોનો મોહ દૂર થતો નથી. ૪૪૫
તેવી જ રીતે ભગવાનના સ્વરૂપનું અજ્ઞાન થવાથી પણ મોહ દૂર થતો નથી.

જો બ્રહ્મ અવતાર ધારણ કરે તો તેના અલૌકિક તેજનું દર્શન થવું જોઇએ. તેવી ધારણાનો ઉત્તર આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ભગવાન અલૌકિક તેજનું પ્રદર્શન કરતાં નથી. અને લીલા કરવા માટે જ લૌકિકનું અનુકરણ કરે છે. ૪૪૬ આમ ન થવાથી તો લીલા જ સંભવે નહિ. વળી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થવાથી બધા તરત જ મોક્ષ મેળવી લે ! ભગવાનની લીલા થાય નહિ તો બધા મોક્ષ મેળવી શકે તેવી જગતની મર્યાદાનો લોપ થાય છે. આમ ભગવાન સ્વેચ્છાએ જ દર્શન દે છે, તેમ પ્રકાશે પણ છે.

અવતારના સમયે સૂર્ય અને ચંદ્રના તેજથી ભગવાન પ્રકાશે છે. એટલે તે બ્રહ્મ નથી એમ ન માની શકાય. કારણ કે "ત્યાં સૂર્ય પ્રકાશતો નથી" એ શ્રુતિનો વિરોધ થાય છે, આથી જ કહ્યું છે કે જે સૂર્યનું તેજ અખિલ જગતને પ્રકાશે છે, જે ચંદ્રમાં તથા જે અગ્નિમાં

તેજ છે, તે તેજ મારું છે, એમ તું જાણ.[447] આ ગીતોકત ઉપદેશમાં ભગવાનના અવતાર સમયે પણ સૂર્યમાં તથા ચંદ્રમાં પોતાના તેજનો પ્રકાશ છે. આથી કોઇ દોષ સંભવતો નથી.[448]

બ્રહ્મત્વમાં વ્યવહાર બાધક નીવડે છે, એવી શંકાનો ઉત્તર એ છે કે ભગવાન બધા વ્યવહાર-વિષયનાં કર્તા છે.[449] અર્થાત જે જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયથી કરવામાં આવે છે, તે વ્યવહાર છે. તેના કર્તા ભગવાન છે. આથી જ કહ્યું છે કે જગતના કર્તા ભગવાન સ્વતંત્ર જ છે, તો પણ તે સગુણ નથી.[450] જીવ પોતે જ તે વ્યવહારનો વિષય થઇ ન શકે. આથી ભગવાન જ વ્યવહારના વિષય છે. સૂત્રકાર બાદરાયણ પણ કહે છે કે બ્રહ્મ પ્રકાશના જેવું છે, જો આમ માનીએ તો શાસ્ત્ર વ્યર્થ નહિ થાય.[451]

પહેલાં નિરૂપિત સૂત્ર "अरूपवत् " માં બ્રહ્મમાં આકારનું પ્રતિપાદન થયું છે. પરંતુ જયાંથી વાણી પહોંચ્યા વિના મનસહિત પાછી ફરે છે.[452] શ્રુતિવાકયમાં બ્રહ્મનો વ્યવહાર થતો નથી. જયારે "હું તે ઔપનિષદ પુરૂષને પૂછું છું."[453] શ્રુતિવાકયમાં બ્રહ્મનો વ્યવહાર થાય છે. આમ બન્નેમાં વિરોધનો પરિહાર થયો નહિ. અર્થાત શ્રુતિવાકયનો વ્યવહારનો વિષય અને વ્યવહારનો અવિષય એ બન્નેમાં વિરોધ દૂર થવાથી શાસ્ત્ર-બ્રહ્મસૂત્ર નિષ્ફળ બની જાય છે. આથી વિરોધનો પરિહાર કરવા માટે અને બ્રહ્મના વ્યવહાર માટે ઉપર્યુકત સૂત્ર ૩।૨।૧૫ ની યોજના કરી છે. જેમ સૂર્ય

વગેરેના પ્રકાશનો વ્યવહાર થાય છે અને થતો નથી તેમ બ્રહ્મનો વ્યવહાર થાય છે અને થતો નથી. અહીં શ્રી વિઠ્ઠલનાથજી પોતાના પિતાશ્રી શ્રીમદ વલ્લભાચાર્યના અણુભાષ્યના પાઠાનુસાર સૂત્રના ભાષ્યનું નિરૂપણ કરે છે. તેઓ કહે છે કે જેમ સૂર્યનો પ્રકાશ વ્યવહારયોગ્ય છે કે વ્યવહારયોગ્ય નથી. તેનું આપમેળે જ સંપાદન બે સ્થાપન થઇ શકતું નથી, જેમ સૂર્યોદયમાં અને વાદળોના અભાવમાં ફકત તેની પાસે રહેવાથી જ તેને વ્યવહારયોગ્ય બનાવી શકાય છે, તેમ લૌકિક વાણી અને મનથી બ્રહ્મ વ્યવહારયોગ્ય બનાવી શકાતું નથી.[454] આમ શ્રુતિ બે પ્રકારોનું નિરૂપણ કરે છે.

અહીં શંકા વ્યકત થઇ છે કે આમ કેમ જણાય છે ? તેનો ઉત્તર આપતાં સૂત્રકાર બાદરાયણ કહે છે કે આ પ્રમાણે માનીએ તો શાસ્ત્ર બની ન શકે ! કારણ કે એમ ન માનીએ તો શ્રુતિનું એક વાકય વ્યર્થ થાય ![455] આથી "કોઇક ધીરે અન્તરાત્માનું દર્શન કર્યું." શ્રુતિમાં દર્શનનો વ્યવહાર વ્યકત થયો છે. આમ દર્શનનો વ્યવહાર શ્રુતિથી સિદ્ધ થયો છે. જેમ બ્રહ્મના દર્શનનો વ્યવહાર થાય છે, તેમ બીજાં વ્યવહારનો નિર્ણય કરવામાં આવ્યો છે. શ્રીમદ ભાગવતમાં કહયું છે કે હે માતા ! તે મારા ભકતો પ્રસન્ન મુખવાળાં, લાલ નેત્રોવાળાં અને વરદાયક મારાં સુંદર દિવ્ય સ્વરૂપોનાં દર્શન કરે છે અને તેમની સાથે પ્રેમપૂર્વક વાતચીત પણ કરે છે.[456] અહીં શ્રીમદ વલ્લભાચાર્ય કહે છે કે, મારા ભકતો રૂપોનું જ દર્શન કરતાં નથી. પરંતુ નિરન્તર

ભગવત્સાક્ષાત્કાર કરે છે. વળી જેમ મિત્રોની સાથે પ્રિય-મધુર વાતચીત થાય છે તેમ ભકતો ભગવાન સાથે પ્રેમપૂર્વક વાતચીત કરતાં જ જીવે છે.[૪૫૭] અહીં ભગવાનના અન્ય વ્યવહારનું પ્રતિપાદન થયું છે. "આ જેનું વરણ કરે છે-પસંદ કરે છે તેનાથી જ પ્રાપ્ય છે."[૪૫૮] શ્રુતિવાકય પ્રાપ્તિરૂપી વ્યવહારનું નિરૂપણ કરે છે. આમ શ્રુતિ અનુસાર બ્રહ્મ દર્શન, વાતચીત અને પ્રાપ્તિ વગેરે સર્વ વ્યવહારનો વિષય છે.

પૂર્વપક્ષ :

હવે એમ શંકા વ્યકત કરાય છે કે દર્શનનો અર્થ જ્ઞાન થાય છે. શ્રુતિ પણ દર્શનનો અર્થ જ્ઞાન કરે છે. ચાક્ષુષપ્રત્યક્ષ નહિ. બ્રહ્મ અરૂપી -રૂપરહિત છે એટલે તેનું ચાક્ષુષદર્શન થઇ ન શકે. આમ દર્શનનો અર્થ જ્ઞાન જ યોગ્ય છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષના મંતવ્યનો અસ્વીકાર કરતાં જણાવે છે કે શ્રીમદ્ ભગવદ્ગીતામાં હે પરંતપ ! અનન્ય ભકિતથી હું જ્ઞાન થવાને, દર્શન થવાને અને તત્વથી પ્રવેશ થવાને યોગ્ય છું.[૪૫૯]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ઉપર્યુકત શ્લોકમાં જ્ઞાન દર્શન અને પ્રવેશનું ભિન્ન રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે. અર્થાત દર્શન જ્ઞાનના અર્થમાં નથી.

રાસલીલાના વ્યવહારમાં સંશયને દૂર કરતાં શ્રી વિઠ્ઠલનાથજી જણાવે છે કે ભગવાનનો રાસ વગેરે વ્યવહાર પ્રમાણથી સિદ્ધ છે. રાસલીલામાં પ્રસિદ્ધ કામ, વિભાવ અનુભાવ વગેરે ભાવો અન્યનું રૂપ લેવું કે અન્ય થવું એ રચવાની ઇચ્છા શુદ્ધ-બ્રહ્મના જ ધર્મો છે. આથી શ્રુતિ તેને "સર્વ-શક્તિ"[૪૬૦] કહે છે. વળી આ પરમાત્માની શક્તિ વિવિધ પ્રકારની જ શાસ્ત્રમાં જણાય છે, તે શક્તિ સ્વાભાવિક જ્ઞાન, બળ અને ક્રિયારૂપ છે."[૪૬૧] અનુસાર બ્રહ્મ સહજ અનન્તશક્તિઓવાળું છે. આથી સર્વ અર્થ-કામ વગેરે સિદ્ધ થઇ શકે છે. આમ કામના સમયે જ ભગવાન કામના-રહિત હોય છે.[૪૬૨] અર્થાત "સર્વકામ" ભગવાન "અકામ" હોય છે.

ભગવાન સર્વ અર્થરૂપ હોવાનું સિદ્ધ કરતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પોતાના ચરણના નખની સુન્દરતાના અંશમાત્રથી સર્વ સુન્દરીઓને જીતનાર, સર્વ સ્ત્રીઓમાં રત્ન એવી ઉત્તમ વ્રજવનિતાઓના નિર્દોષ અને આનન્દપ્રદ સ્તનરૂપી મેરૂ પર વિહાર કરતાં પણ ભગવાન "આત્મારામ" જ છે. આથી જ કહ્યું છે કે આત્મારામ ભગવાને પણ રમણ કર્યું." અહીં "अपि" શબ્દથી એમ સૂચિત થાય છે કે આત્મારામ ભગવાને કેવળ આત્માથી જ રમણ ન કર્યું. પરંતુ મન, વાણી, પ્રાણ, ઇન્દ્રિય અને શરીરથી પણ રમણ કર્યું.[૪૬૩]

રાસલીલાના પ્રસંગમાં પ્રિયાના વિયોગમાં ભગવાન શોકયુકત થાય છે. આ સમયે ભગવાન તેને એમ કહે કે "તું કયાં ગઇ છે તે નહિ જાણતો હોવાથી તને પ્રસન્ન કરી શકતો નથી."[464] અહીં ભગવાનનું જ્ઞાન નથી, છતાં પણ તે વ્યાપક છે, પરમાનન્દ-રૂપ છે, સર્વજ્ઞ છે.

## કેવલાદ્વૈત મતાનુસાર વિરુદ્ધધર્માશ્રયત્વ ઔપાધિક :

કેવલાદ્વૈત મત બ્રહ્મના વિરુદ્ધધર્માશ્રયપણાનો સ્વીકાર કરતો નથી. બ્રહ્મ-પરબ્રહ્મનું સ્વરૂપ નિર્ગુણ છે. અર્થાત રૂપરહિત છે. કારણ કે વેદાન્તનાં વાકયોમાં બ્રહ્મ રૂપરહિત સિદ્ધ થયું છે. પ્રત્યક્ષ-શ્રુતિ અને અનુમાન-સ્મૃતિ પ્રમાણથી પરબ્રહ્મના સ્વરૂપનું જે જ્ઞાન થાય છે, તે ભ્રમયુકત જ્ઞાનનો અનુવાદ કરવામાં આવે છે. આમ એક વસ્તુના બે વિરુદ્ધ ધર્મો અસંભવિત છે.[465]

"પૃથ્વી વગેરે ઉપાધિના સંયોગથી પણ પરબ્રહ્મનાં બે પ્રકારનાં સ્વરૂપો મળી આવતાં નથી, કારણ કે બધાં વેદાન્ત વાકયોમાં સ્વરૂપરહિત પરબ્રહ્મનો ઉપદેશ છે."[466] બ્રહ્મસૂત્રના ભાષ્યમાં શ્રીમદ્ શંકરાચાર્ય કહે છે કે ઉપાધિઓ બ્રહ્મમાં અવિદ્યાથી ઉત્પન્ન થાય છે.[467] આથી ઉપાધિથી ઉત્પન્ન વિશેષ-ભેદ સત્ય હોઇ શકે નહિ.

"જ્ઞેય-બ્રહ્મ બધી બાજુથી હાથ-પગવાળું છે." શ્રીમદ ભગવદ્ગીતા શ્લોકના ભાષ્યમાં શ્રીમત શંકરાચાર્ય કહે છે કે બધા પ્રાણીઓની

કેવલાદ્વૈત મત-પૂર્વપક્ષ અનુસાર જગત વિલક્ષણ કૌતુકરૂપ દેખાય છે, એટલે તેના માટે જ માયાનો સ્વીકાર કરવો જોઇએ. પરંતુ શ્રી વિઠ્ઠલનાથજી તેનો અસ્વીકાર કરતાં કહે છે કે ઉપર્યુક્ત યુક્તિ અને શ્રુતિ દ્વારા સત્ય જગતને અસદ્રૂપ માયા દર્શાવે છે, એમ કહી શકાય નહિ.[509] અર્થાત અસત-માયા સત-બ્રહ્મનું દર્શન કરાવવા સમર્થ નથી.

માયા ત્રિગુણાત્મિકા છે, એટલે તેનો સ્વીકાર કરવો જોઇએ એવા પૂર્વપક્ષના મંતવ્યનો અસ્વીકાર કરતાં શ્રી વિઠ્ઠલ-નાથજી કહે છે કે બ્રહ્મ જ્ઞાનક્રિયા બલક્રિયા વગેરે સ્વાભાવિક શક્તિઓ ધરાવે છે. આથી જ બ્રહ્મના સગુણપણાનું નિરાકરણ કરવામાં આવ્યું છે.[510] કારણ કે સગુણપણું એ પ્રાકૃત ગુણો-સત્વ, રજ અને તમનો સ્વીકાર છે. અર્થાત પ્રાકૃત ગુણવાળું "સગુણ" છે. પરંતુ બ્રહ્મ સ્વતઃશક્તિમાન છે - સહજ અનન્ત શક્તિમાન છે, એટલે તેનામાં પ્રાકૃત ગુણો સંભવતાં નથી.[511] આમ બ્રહ્મમાં રહેલી અવિદ્યા બ્રહ્મમાં ભેદની કલ્પના કરાવે છે, તે પ્રથમ વિકલ્પના દ્વિતીયપક્ષનું નિરાકરણ થાય છે. અર્થાત બ્રહ્મના સ્વરૂપથી ભિન્ન બ્રહ્મમાં રહેલી અવિદ્યા કે માયા હોય છે, તે બ્રહ્મમાં ન હોય તેવા ભેદો દર્શાવે છે. આ બીજો પક્ષ માયા બ્રહ્મથી ભિન્ન અસદ્રૂપ અને અસત્કાર્ય કરનારી[512]-એ ઉચિત નથી.

ઇન્દ્રિયોરૂપી ઉપાધિથી ક્ષેત્રજ્ઞનું અસ્તિત્વ-જ્ઞેય બ્રહ્મ પ્રકટ થાય છે. વળી ક્ષેત્રરૂપ ઉપાધિ હાથપગ વગેરે ભેદોથી અનેક રીતે ભિન્ન-ભિન્ન છે.[૪૬૮]

આમ બાહ્ય દૃષ્ટિએ સાચા લાગતાં પદાર્થો વાસ્તવિક દૃષ્ટિએ સાચા હોતાં નથી. આથી જ કહ્યું છે કે પ્રત્યક્ષ દેખાવ અને આચાર-વ્યવહારના કારણે માયાના-બનાવટી હાથીને ય હાથી કહેવાય છે, તેવી જ રીતે પ્રત્યક્ષ દેખાવ અને આશ્રમધર્મ વ્યવહારના કારણે જ વસ્તુ છે એમ કહેવાય છે.[૪૬૯] આમ પ્રત્યક્ષ અને અનુમાનથી દ્વૈતવસ્તુ પારમાર્થિક સત્ય નથી.

લૌકિક ભેદ ઉપાધિથી ઉત્પન્ન થાય છે. પરંતુ પરબ્રહ્મ બધી ઉપાધિઓના ભેદથી મુકત છે. એટલે તેમાં કોઇપણ ભેદ હોતો નથી.[૪૭૦] આમ બ્રહ્મ નિરૂપાધિક હોવાથી ઔપાધિક ભેદયુકત વિરૂદ્ધધર્મો તેમાં હોતાં નથી.

## શ્રીમદ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મની વિરૂદ્ધધર્માશ્રયતા

### શ્રુતિસિદ્ધ :

શ્રીમદ વલ્લભાચાર્ય શ્રુતિના મંત્રોના અભિધેયાર્થના આધારે બ્રહ્મને વિરૂદ્ધસર્વધર્મોનું આશ્રય માને છે. બ્રહ્મ અચિન્ત્ય, અનન્ત અને અપરિમેય છે. તેથી તેના વિશે નિશ્ચિતપણે કંઇ કહી શકાતું નથી. શ્રુતિના વર્ણનોના આધારે બ્રહ્મના પરસ્પર વિરૂદ્ધધર્મો

જોવા મળે છે. અર્થાત બ્રહ્મ નિર્ગુણ છે, તો પણ સગુણ છે. અનંત છે. છતાં વ્યાપક છે. અકર્તા છે, છતાં કર્તા છે. અદૃશ્ય છે, છતાં દૃશ્ય છે. આમ બ્રહ્મ અદ્‌ભુત-અલૌકિક ધર્મોને ધારણ કરે છે. આથી જ તે વૈશ્વાનર સાધારણ શબ્દથી વિશેષ છે.[૪૭૧] અહીં શ્રીમદ વલ્લભાચાર્ય કહે છે કે ભગવાન વિના અન્ય કોઇ પદાર્થ વિરુદ્ધ ધર્મોનો આશ્રય બની શકશે નહિ, કારણ કે તેમાં સર્વભવન સામર્થ્ય નથી.[૪૭૨]

શ્રીમદ વલ્લભાચાર્ય શ્રુતિ, સ્મૃતિ અને પુરાણ-શ્રીમદ-ભાગવતના ઉદાહરણો આપીને બ્રહ્મનું વિરૂદ્ધધર્માશ્રયપણું સિદ્ધ કરે છે. તેઓની દૃષ્ટિએ વિરૂદ્ધધર્માશ્રયને લીધે જ બાલ્યાવસ્થાથી વિરૂદ્ધ એવું ગોવર્ધન પર્વતને ધારણ કરવાનું ભગવાન શ્રીકૃષ્ણનું કાર્ય જોઇ શકાય છે. આમ ભગવાન શ્રીકૃષ્ણના નામને બાધ ન આવે તે માટે જે જોવામાં આવે તે અનુચિત નથી.[૪૭૩] વળી ભગવાન વિરૂદ્ધધર્મયુક્ત હોવાના નિર્ણય પ્રામાણિક છે. કારણ કે ભગવાન શ્રીકૃષ્ણને યશોદાએ ખાંડણિયે બાંધ્યા. તેમાં અનેક દોરડાંથી પણ ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ બંધાયું નહિ અને પહેલાંના પ્રમાણ કરતાં તે સ્વરૂપ વધ્યું નહિ. આમ વિરૂદ્ધધર્મનું પ્રમાણ શ્રીમદ ભાગવતમાં યશોદાના મુખે ઉચ્ચારાયું છે અથવા આ મારા બાળકનો સ્વાભાવિક આત્મયોગ - ભગવાનની પોતાની યોગરૂપ વિભૂતિ છે."[૪૭૪]

શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રીમદ્ ભાગવતને પણ પ્રમાણ તરીકે સ્વીકારે છે. આમ વિરૂદ્ધધર્માશ્રયપણું બ્રહ્મનું સર્વશક્તિમાન અને સર્વવ્યાપક સ્વરૂપ સિદ્ધ કરે છે.

## વિરૂદ્ધધર્મનો આધાર શ્રૌત હોવાથી લૌકિક દોષ અસંભવ :

**પૂર્વપક્ષ :**

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પ્રતિયોગી અને તેના અભાવની એક અવચ્છેદ-પ્રતિયોગીમાં સ્થિતિ હોતી નથી. અર્થાત જેમ પ્રતિયોગી ઘટ અને તેનો અભાવ એક જ અવચ્છેદ-પ્રતિયોગીમાં રહી શકે નહિ તેમ એક જ બ્રહ્મ દૃશ્ય અને અદૃશ્ય એમ વિરૂદધ-ધર્મયુકત કહી શકાય નહિ.[૪૭૫]

**ઉત્તરપક્ષ :**

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષની શંકાનું સમાધાન આપતાં કહે છે કે બ્રહ્મ વિરૂદધધર્માશ્રય છે, એમ હું કહેતો નથી. પરંતુ શ્રુતિમાં જે કહયું છે, તેનો અનુવાદ કરું છું. અર્થાત શ્રુતિના પ્રાપ્ત અર્થ પ્રયોજન સહિત અનુકથન કરૂં છું. આમ હું દોષપાત્ર નથી. વળી શ્રુતિને દોષપાત્ર કરવાની પૂર્વપક્ષની ઇચ્છા એક મોટું સાહસ ગણાશે. કારણ કે તે સૂર્યનો દોષ કાઢવા તત્પર થયેલા આગિયા જેવી છે. જેમ સૂર્ય ઉદયાચલ શિખર પર એક પ્રદેશમાંથી સમ્પૂર્ણ જગતના અંધકારરૂપી દવારને ખોલવા સમર્થ છે, તેમ આગિયો સમર્થ નથી. આમ સમર્થ સૂર્યને દોષિત કહેવો યોગ્ય નથી.

**પૂર્વપક્ષ :**

લોક-જગતમાં વિરૂદધધર્મો નથી. આથી લોકાનુસાર જ શ્રુતિનો અર્થ કરવો જોઇએ. આમ સગુણ અને નિર્ગુણ એમ બન્ને

પ્રકારના શ્રુતિ વાક્યો સમાન છે. આથી સવિશેષ શ્રુતિઓ સગુણ બ્રહ્મનું નિરૂપણ કરે છે અને નિર્વિશેષ શ્રુતિઓ નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ કરે છે.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી આશ્ચર્યપૂર્વક કહે છે કે આ રીતે લોકાનુસાર શ્રુતિનો અર્થ કરવામાં આવે તો પણ ધર્મરહિત પદાર્થનું દર્શન-અનુભવ થતું નથી.[૪૭૬] કારણ કે કાળ જેનો આધાર છે અને સમવાય જેનો ધર્મ છે, તેવી સત્તા પણ ધર્મરહિત નથી. આમ બ્રહ્મના નિર્વિશેષ સ્વરૂપનો જગતમાં અનુભવ થતો નથી. આથી જગત અનુસાર શ્રુતિનો અર્થ કરીએ તો બ્રહ્મ નિર્વિશેષ સિદ્ધ થઇ શકતું નથી. સત્તામાં પણ કાળનો આધાર અને સમવાયનું પ્રતિયોગિપણું છે, એટલે જગતમાં ધર્મરહિત પદાર્થ-નિર્વિશેષ બ્રહ્મ નથી. આમ અર્થ કરવાથી મોટી હાનિ થાય છે. અર્થાત નિર્વિશેષ બ્રહ્મ સિદ્ધ થતું નથી.[૪૭૭]

ન્યાય સિદ્ધાંત અનુસાર નિત્યસત્તા કાળના સંબંધથી કાળમાં અને સમવાયસંબંધથી દ્રવ્યમાં હોય છે. આથી નિત્યસત્તા વ્યાપ્ત નથી.

પૂર્વપક્ષ :

શ્રુતિ નિર્વિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. આથી શ્રુતિના બળથી જ બ્રહ્મ નિર્વિશેષ છે.

સ્વ-સ્વરૂપમાં સર્વ ઇન્દ્રિયોનો નિરોધ કરાવે છે. આથી જ યશોદા કહે છે, "અથવા આ મારા બાળકનો સ્વાભાવિક આ સ્વયોગ-ભગવાનની પોતાની યોગરૂપ વિભૂતિ છે"[૪૮૦] આમ ભગવાનના ધર્મનું જ નિરૂપણ થયું હોઇ સૂત્રકાર બાદરાયણ પણ "જોવામાં આવે છે તેથી"[૪૮૧] સૂત્ર યોજે છે.

<u>કેવલાદ્વૈત મતાનુસાર માયાથી અનેકરૂપતાનું દર્શન</u> :

કેવલાદ્વૈત મત માયાથી વ્યષ્ટિ-વ્યક્તિ એ સમષ્ટિ હોવાનું દર્શન કરાવે છે, જેમ એક વનની વ્યષ્ટિના અભિપ્રાયથી "અનેક વૃક્ષો" એવો વ્યવહાર થાય છે, જેમ જળાશયની વ્યષ્ટિના અભિપ્રાયથી "પુષ્કળ જળ" એવો વ્યવહાર થાય છે, તેમ અજ્ઞાનની વ્યષ્ટિના અભિપ્રાયથી અનેકતાનો વ્યવહાર થાય છે. આથી જ કહ્યું છે કે પરમાત્મા માયાથી અનેક જીવરૂપે પ્રતીત થાય છે. અહીં વ્યસ્ત અને સમસ્તમાં વ્યાપેલ હોવાથી વ્યષ્ટિ અને સમષ્ટિ એવો વ્યવહાર થાય છે. વ્યષ્ટિ એ નિકૃષ્ટ-નિમ્ન ઉપાધિ છે, તેથી તેમાં મલિન સત્ત્વની પ્રધાનતા હોય છે.[૪૮૨]

કેવલાદ્વૈત મતમાં વાચસ્પતિ મિશ્રનો અવચ્છેદવાદ માયા-અજ્ઞાનથી જીવની વિભિન્નતાનું દર્શન કરાવે છે. તેમના મંતવ્ય મુજબ અજ્ઞાનનું વિષયીભૂત ચૈતન્ય ઇશ્વર છે અને અજ્ઞાનનો આશ્રયીભૂત ચૈતન્ય જીવ છે.[૪૮૩] અજ્ઞાન કિંવા માયા અનેક છે. અજ્ઞાન જ

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પૂર્વપક્ષ શ્રુતિના બળથી બ્રહ્મને નિર્વિશેષ માને છે, તેમ અમે-સિદ્ધાન્તો પણ શ્રુતિના બળથી જ બ્રહ્મને વિરૂદ્ધધર્માશ્રય માનીએ છીએ. આથી જ લોકમાં અપ્રતીત-ન દેખાતું ધર્મરહિત-નિર્વિશેષ બ્રહ્મ છે, તેમ પ્રતિયોગી અને તેનો અભાવ એક જ અવચ્છેદ-પ્રતિયોગીમાં રહે છે. આથી જ શ્રુતિ પણ કહે છે. "આ બુદ્ધિ તર્કથી દૂર કરવી નહિ."[૪૭૮] અર્થાત વેદાન્તમાં જેવું બ્રહ્મ જણાય છે તેવું જ માનવું જોઇએ. તેમાં જરા પણ વિરૂદ્ધ કલ્પના દોષપાત્ર ગણાય છે. વળી જે અલૌકિક ભાવો છે, તેમને તર્કથી યોજવા નહિ.[૪૭૯] આમ અલૌકિક વસ્તુમાં લૌકિક દૃષ્ટિએ આવતો વિરોધ માનવો ન જોઇએ.

બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રય છે, તે પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. આથી જ યશોદાના સ્તનનું પાન કરનાર ભગવાન શ્રીકૃષ્ણમાં માટીનું ભક્ષણ અને ઉલૂખલ સાથે બંધન વગેરે પ્રસંગોમાં વિરૂદ્ધધર્મ જોવા મળે છે. વળી પ્રત્યક્ષ પ્રમાણમાં વિરોધ આવે તેથી જે દૃષ્ટ છે - પ્રત્યક્ષ છે. તેમાં કંઇ જ અનુચિત નથી.

ભગવાન માયાથી વિરૂદ્ધધર્મ પ્રદર્શિત કરે છે ! તેનો ઉત્તર એ છે કે ભગવાન યશોદાનો અધ્યાસ છોડાવવા મૃત્તિકા-ભક્ષણની લીલા કરે છે. આમ લૌકિકનો ત્યાગ કરાવે છે અને

ઈશ્વરની ઉપાધિ છે. આમ અજ્ઞાન-માયાની અનેકતાથી જીવો પણ અનેક છે.

શ્રીમદ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મ સર્વભવનસમર્થ :

શ્રીમદ વલ્લભાચાર્ય બ્રહ્મને વેદોક્ત સર્વધર્મયુક્ત કહે છે. કારણ કે તે સર્વસમર્થ છે.[૪૮૪] સર્વસમર્થ બ્રહ્મની શક્તિઓ પણ અનંત છે. આથી જ કહ્યું છે કે બ્રહ્મના શક્તિઓ વિચિત્ર છે અને તે બધું થવા માટે સમર્થ છે - સર્વભવનસમર્થ છે.[૪૮૫]

બ્રહ્મની શક્તિ સ્વાભાવિક છે - સ્વરૂપાત્મક છે. આથી બ્રહ્મમાં જ્ઞાન અને બળ માયાની ઉપાધિના કારણે નથી. કારણ કે શ્રુતિમાં "स्वाभाविकी" શબ્દનો તેમની સાથે પણ સંબંધ છે.

આમ શ્રુતિ કહે છે કે તે શક્તિ સ્વાભાવિક જ્ઞાનક્રિયા અને બલક્રિયા છે.[૪૮૬]

શ્રીમદ વલ્લભાચાર્ય કહે છે કે જેમ સર્પ સીધો હોવા છતાં અનેક આકાર ધારણ કરે છે અને કુંડાળું વાળીને રહે છે, તેમ બ્રહ્મનું સ્વરૂપ સર્વપ્રકારનું અને ભક્તની ઇચ્છા પ્રમાણે સ્ફુરે છે. આમ ભગવાન સર્વ વિરૂદ્ધ ધર્મોના આશ્રય છે.[૪૮૭]

માયા ભગવાનની શક્તિવિશેષ છે. આથી જ કહ્યું છે કે હે મહાભાગ ! દ્રષ્ટા અને દૃશ્યનું અનુસંધાન તે પરમાત્માની કાર્ય-કારણરૂપ જે શક્તિ છે તેનું નામ જ માયા છે. જેના વડે એ

વ્યાપક પ્રભુએ આ જગત સર્જ્યું છે.[488] આમ માયા ભગવાનની ચિત-શક્તિ છે. આ માયારૂપી શક્તિ ભગવાનનો ધર્મ છે, એટલે ધર્મી ભગવાનના ધર્મ રૂપે માયાશક્તિ રહે છે. "मया सह वर्तते सा मया।" અર્થાત મારી સાથે-આત્માની સાથે જ જે રહે છે તે માયા.

ભગવાન માયાની ઉપાધિવાળા નથી. કારણ કે તેમની સ્વેચ્છા જ નિયામક છે.[489] આમ માયારૂપી શક્તિ ભગવાનનું સામર્થ્ય છે ઉપાધિ નહીં. જો ઇચ્છા, વગેરેને અવિદ્યાજન્ય માનવામાં આવે તો સ્વાભાવિકતાનો નાશ થાય છે. આમ ઉપર્યુક્ત શ્રુતિ-વાક્ય સિદ્ધ થતું નથી. આથી બ્રહ્મ-ભગવાન-સર્વશક્તિમાનની શક્તિરૂપે જ માયાનો સ્વીકાર થયો છે.

શ્રીમદ વલ્લભાચાર્ય અનુસાર બ્રહ્મ "અનંતમૂર્તિ"[499] છે. અર્થાત બ્રહ્મ એક છતાં અનેકરૂપ ધારણ કરે છે. શ્રુતિમાં પણ પ્રમાણ છે કે "જે એક, અવ્યક્ત, અનન્તરૂપ, વિશ્વ, પુરાણ અને અન્ધકારની પેલે પાર છે."[500] આમ બ્રહ્મનું સ્વરૂપ સહજ અનન્ત છે. એટલું તેનું સામર્થ્ય પણ અત્યન્ત અપરિમેય છે.

"વિશ્વરૂપદર્શન" વગેરે માયિક છે," તેનું ખંડન :

શ્રી વિઠ્ઠલનાથજી "વિશ્વરૂપદર્શન વગેરે માયિક છે" તેનું ખંડન કરતાં પૂર્વપક્ષને પૂછે છે કે ભગવાન માયા વડે વિરુદ્ધ ધર્મો દર્શાવે છે, તેમાં (૧) "માયા" શબ્દનો અર્થ ભગવાનનું સામર્થ્ય છે કે - (૨) તે ભગવત્સ્વરૂપથી ભિન્ન અસદ્રૂપ અને અસત કાર્ય કરનારી છે?

પ્રથમ પક્ષ પ્રમાણે "ભગવાનનું સામર્થ્ય એ જ માયા," તે સ્વીકાર્ય છે. પરંતુ ભગવાને પોતાનાં સામર્થ્યથી અસતનું દર્શન કરાવ્યું, તે સ્વીકાર્ય નથી.

(૧) પ્રથમ પક્ષમાં શકિત-માયા અને શકિતમાન-ભગવાન વચ્ચે અભેદસંબંધ છે.[૫૦૧] જયારે દ્વિતીય પક્ષમાં ભગવાન અસત્ય જગત વગેરેનું કર્તાપણું પોતાની માયાથી દર્શાવે છે. આથી અકર્તા ભગવાનનું કર્તાપણું માયાથી દેખાય છે. પરંતુ તે બન્ને કર્તાપણું અને અકર્તાપણું માયાથી ભગવાનમાં વિરૂદ્ધધર્મનું પ્રતિપાદન કરતાં નથી. કારણ કે "જે પૃથ્વીની અંદર રહે છે, છતાં પૃથ્વીથી અલગ રહે છે."[૫૦૨] શ્રુતિ-વાકય દ્વારા બ્રહ્મના ધર્મનું જ નિરૂપણ થયું છે. આમ આધાર અને આધેયરૂપ વિરૂદ્ધધર્માશ્રયનું બ્રહ્મના ધર્મ તરીકે નિરૂપણ કરવામાં આવ્યું છે. આથી જ કર્તાપણું અને અકર્તાપણું બ્રહ્મનિષ્ઠ જ છે."[૫૦૩] બ્રહ્મ વિરૂદ્ધધર્મનું આધાર ન હોય તો ધર્મરહિત બ્રહ્મમાં ધર્મો રહી શકે નહિ. આમ બ્રહ્મ ઉપર્યુકત શ્રુતિના આધારે વિરૂદ્ધ-ધર્મનું આશ્રય છે.

"માયા અસત્ય જગત દર્શાવે છે" એવો સ્વીકાર દોષપાત્ર છે, એટલે ભગવાન અસૂરોને જ અસત્ય ગુણો દર્શાવે છે. કારણ કે તેઓને જ ભગવાન મોહિત કરે છે.[૫૦૪] શ્રીમદ ભાગવતમાં વિરૂદ્ધ-ધર્મના પ્રદર્શનમાં અસુરો નથી. આથી ભગવાન અસુરોને માયાથી વિરૂદ્ધ ધર્મ દર્શાવતાં નથી. પરંતુ કહયું છે કે એમ જયારે યશોદા

ભગવાનનું તત્વ જાણી ગયાં ત્યારે સમર્થ ઇશ્વરે પુત્રમાં સ્નેહ કરાવનારી વિષ્ણુ સંબંધી માયાનો વિસ્તાર કરી દીધો.[૫૦૫]

(૨) દ્વિતીય પક્ષ - બ્રહ્મથી ભિન્ન માયા અસદ્રૂપ અને અસત્કાર્ય કરનારી છે, તે સ્વીકારી શકાય નહિ. કારણ કે માયા સ્વતંત્રપણે જ અસત કાર્ય કરે છે કે બ્રહ્માધીન બનીને અસત્કાર્ય કરે છે. આ વિકલ્પનો ઉત્તર આપી શકાતો નથી.[૫૦૬]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે અહીં પ્રથમ વિકલ્પ-માયા સ્વતંત્રપણે જ અસત્કાર્ય કરે છે, તે ન સ્વીકારી શકાય. કારણ કે કેવલાદ્વૈત મત માયાને જડ માને છે, એટલે તે ચેતન નથી. આમ જડ માયા સ્વતંત્રપણે કાર્ય કરી શકે નહિ.

દ્વિતીય વિકલ્પ-માયા બ્રહ્માધીન રહીને કાર્ય કરે છે, તે કુહાડીની જેમ કરણ-સાધન કહેવાય છે. આથી જેમ કઠિયારો કુહાડી વિના કાર્ય કરી શકતો નથી, તેમ બ્રહ્મ માયા વિના કાર્ય કરી શકતું નથી.[૫૦૭] એટલે જ સહજ અનન્તશક્તિમાન-ષડૈશ્વર્ય-સમ્પન્ન ઇશ્વર સ્વ-સ્વરૂપનું દર્શન કરાવવા અશક્તિમાન નથી, જેથી તેમને માયાનો સ્વીકાર કરવો પડે ! અર્થાત સ્વાભાવિક રીતે જ અનન્તશક્તિયુક્ત ભગવાન પોતાનું સ્વરૂપ દર્શાવવા શક્તિમાન છે, તેથી તેમને માયારૂપી કરણનો સ્વીકાર કરવો પડતો નથી. શ્રુતિ પણ કહે છે કે ભગવાનની શક્તિ સ્વાભાવિક જ્ઞાનક્રિયા અને બલક્રિયા છે.[૫૦૮]

કેવલાદ્વૈત મત જીવથી ભિન્ન બ્રહ્મમાં અવિદ્યાનો અસ્વીકાર કરે છે.[૫૧૩] અવિદ્યા બ્રહ્મની ઉપાધિ છે. તેનો સ્વીકાર કરવામાં ભગવાનની ઇચ્છા જ પ્રયોજિકા-પ્રેરણા આપનારી છે. અર્થાત અવિદ્યારૂપી ઉપાધિ ઇશ્વરેચ્છારૂપે ન સ્વીકારવાથી તો તે સ્વાભાવિક-વાસ્તવિક બની જાય ! આમ અવિદ્યાનો નાશ થાય નહિ અને મોક્ષ પણ સંભવે નહિ. આથી ઇશ્વરેચ્છા જ અવિદ્યારૂપી ઉપાધિની પ્રયોજિકા છે.[૫૧૪]

ભગવાન સર્વભવનસમર્થ ષડૈશ્વર્યસમ્પન્ન ઇશ્વર છે. વળી અવિદ્યા ઇશ્વરેચ્છાને વશ છે. આથી પૂર્વપક્ષી કેવલાદ્વૈત મતાનુસાર "જગત અસત્ય છે," એનું કોઇ કારણ નથી.

કેવલાદ્વૈત મતાનુસાર ભગવાનની ઇચ્છા ઉપાધિ પહેલાં હોતી નથી. આથી કારણનો અભાવ હોવાથી ઉપાધિની ઉત્પત્તિ જ થઇ શકશે નહિ.[૫૧૫]

"ભગવાનની ઇચ્છાશક્તિ અવિદ્યાને આશ્રિત છે," એનો દોષ એ છે કે અવિદ્યાજન્ય ઇચ્છા હોય તો સ્વાભાવિકપણું નાશ પામે છે. અર્થાત આ પરમાત્માની શક્તિ વિવિધ પ્રકારની જ શાસ્ત્રમાં જણાય છે તે શક્તિ જ્ઞાનક્રિયા અને બલક્રિયા છે.[૫૧૬] આ શ્રુતિનો વિરોધ થાય છે.

શ્રીમદ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મની રસરૂપતા :

શ્રીમદ વલ્લભાચાર્યે દશમ સ્કંધ પૂર્વાર્ધના ૨૧ મા અને સુબોધિની અનુસાર સળંગ ૧૮મો અધ્યાય અને દ્વિતીય તામસ પ્રકરણના અવાન્તર પ્રમેય પ્રકરણના ૭ મા અધ્યાય વેણુગીતમાં રસરૂપ ભગવાનનું રસાત્મક સ્વરૂપ વર્ણવે છે. અહીં સ્નેહની ઉત્તરાવસ્થામાં ગોપીઓ અને ગોપો આસક્તિ દવારા ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્રનુંક વર્ણન કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું વર્ણન કરતાં તેઓને લીલાનું સ્મરણ થયું. આથી તેમના ચિત્તમાં સ્મર-કામના વેગથી વિક્ષેપ ઉત્પન્ન થયો. પરિણામે તેઓ લીલાનું વર્ણન કરી શક્યા નહિ. આમ ભગવાને નાદબ્રહ્મથી પોતાનું સ્વરૂપ ગોપીઓનો હ્રદયમાં પહોંચાડ્યું.

ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ મોરના મુકુટવાળું છે, નટ અને વરના જેવું શ્રીઅંગ-શરીર છે. કાન ઉપર કર્ણિકારનાં પુષ્પ ધારણ કર્યાં છે. સુવર્ણ જેવું પીળું વસ્ત્ર અને વૈજયન્તી નામની માળા શ્રીઅંગમાં ધારણ કરી છે. વેણુનાં છિદ્રોને અધરામૃતથી પૂરે છે. ગોપસમૂહો જેની કીર્તિનું ગાન કરતાં આવે છે, એમ પોતાના ચરણથી રમ્ય દેખાતા વૃન્દાવનમાં શ્રીકૃષ્ણે પ્રવેશ કર્યો. ૫૭

શ્રીમદ્ વલ્લભાચાર્યે ઉપર્યુક્ત શ્લોકના સુબોધિનીમાં કહે છે કે ભગવાન શ્રીકૃષ્ણ મોરપિચ્છનો મુકુટ ધારણ કરે છે, ત્યારે તેમનામાં રસાવેશ થાય છે, એટલે રસનો પ્રવેશ થતાં ભગવાન ઉદબુદ્ધ-ઉદ્દીપ્ત રસાત્મક સૂચિત થાય છે.[518]

ભગવાન શ્રીકૃષ્ણ "નટવરવપુ:" છે. અર્થાત નટની જેમ અને વરની જેમ છે. નટ એ કેવળ રસ છે-વિપ્રયોગ છે. વર એ સંયોગરસ છે.[519] ભગવાન આ બન્ને રસ ધારણ કરે છે. આમ સ્વયં ભગવાન રસરૂપ જ છે, એટલે નટવરવપુ કહેવાય છે. નટ અને વરનું શરીર ધારણ કરવાનું પ્રયોજન ભગવાન જ્ઞાનીઓની જેમ ભકતોના હૃદયમાં પણ રહે છે. પરંતુ તેઓને સુખ પ્રાપ્ત થતું નથી. આથી. ભગવાન રસરૂપ શરીર ધારણ કરે છે.[520]

ભગવાન શ્રીકૃષ્ણે કાન પર પીળાં કર્ણિકારનાં પુષ્પ ધારણ કર્યાં. કારણ કે તે શૃંગારબોધક હોય છે. કાન સંયોગ અને વિપ્રયોગ બન્ને રસનો દર્શાવે છે, એટલે કાન પર ધારણ કરાતું કર્ણિકાર પુષ્પ રસનો ઉદ્દીપક થાય છે, તેવો રસ ગુપ્ત રહે તો બ્રારસ છે અને પ્રગટ થઇ જાય તો રસાભાસ છે. આથી રસરૂપને ગુપ્ત રાખવા પીતાંબર ધારણ કર્યું. પીતાંબર માયારૂપ છે. માયા સુવર્ણની જેમ મોહક હોય છે. આથી વસ્ત્રની આકૃતિથી પણ સારી રીતે જોઇ શકાતી નથી. તો તે વસ્ત્રથી ઢંકાયેલ રસને ગોપીઓ શી રીતે પ્રકટ કરી શકે ? આમ રસ ગુપ્ત રહે છે, તેથી સુરક્ષિત છે.

ભગવાન કૃષ્ણમાં રહેલા રસને વનમાળા પણ આચ્છાદિત કરે છે. આ કીર્તિરૂપી વૈજયન્તીમાળા નિશ્ચયપૂર્વક ભગવાનના જયનો પ્રકાશ કરે છે. આમ અહીં ભગવદ્દસમાં બે રસનું, આચ્છાદકનું અને વિક્ષેપકનું નિરૂપણ થયું છે.[૫૨૨] આમ શ્લોકના પૂર્વાર્ધમાં ભગવાન શ્રીકૃષ્ણના રૂપનું નિરૂપણ થયું છે.

શ્લોકના ઉત્તરાર્ધમાં નામલીલારૂપ વેણુનાદનું નિરૂપણ છે. વેણુનાં સાત છિદ્રહોય છે. તેના નાદથી ધર્મીસહિત ભગવાન પોતાના છ ધર્મનો બોધ કરે છે. ધર્મી સ્વયં ભગવાન છે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ ભગવાનના ધર્મ છે.

સુધા-અમૃતના ત્રણ પ્રકાર છે. ૧. દેવભોગ્ય. ૨. ભગવદ્દભોગ્યા ૩. સર્વભોગ્યા. ૧. ગાયો, પશુ, પક્ષી, નદી, સરોવર અને પર્વતોમાં સ્થાપન કરેલી સુધા દેવભોગ્યા છે. ૨. ભગવાનના અધરમાં સુધા છે તે ભગવદ્દભોગ્ય છે, એટલે તેનો ભગવાન જ અનુભવ કરે છે. ૩. વેણુનાદથી બહાર નીકળતી સુધા સર્વભોગ્યા છે. અર્થાત તેને બધાં જીવો ભોગવી શકતાં નથી, પરંતુ નાદથી એ ભોગવી શકાય છે. વેણુનાદરૂપી સુધા કાનથી જ પીવા યોગ્ય છે, કારણ કે ઉચ્છિષ્ટ મુખથી તેનું પાન થઇ શકતું નથી. કાનથી પીધેલી સુધા સર્વને અવદીયતા આપે છે. તે બ્રહ્માનંદ કરતાંય વધારે આનંદરૂપ છે. પરંતુ ભગવાને સુધાને વેણુના છિદ્રમાં પૂરી. પરંતુ તે સુધા વેણુને સ્પર્શતી નથી. કારણ કે તે નાદથી વેણુના છિદ્રમાંથી નીકળી જાય છે, વળી તે કાન દવારા હૃદયમાં પ્રવેશ કરીને વર્ણન સમયે મુખમાં આવે છે, અને મુખ

ભગવાનના ગુણ ગાવા માટે યોગ્ય થાય છે. સુધાનો હૃદયમાં પ્રવેશ ન થાય ત્યાં સુધી ભગવાનના આગમનની યોગ્યતા આવતી નથી. આથી જ ગોપીઓએ સુધાનું કાનથી પાન કર્યું. અને ભગવાનના ગુણગાનનું વર્ણન કર્યું. આમ જે કક્ષા સુધી સુધાનો રસ હૃદયમાં પ્રવેશ કરે છે તે કક્ષા સુધી ભગવાનમાં નિરોધ થાય છે.[૫૨૪]

રસનું જ્ઞાનપૂર્વક પાન કરવાથી જીવને અત્યન્ત આનંદ પ્રાપ્ત થાય છે. ભગવા વેણુથી અધરરૂપી સુધા દ્વારા જીવને ભગવદીય બનાવે છે. આમ જીવને સ્વચ્છંદ-બંધનરહિત બનાવે છે.[૫૨૫]

ભગવાનના ચરણના રમણથી ભક્તિ સ્થાપિત થાય છે. ગોપવૃન્દથી ધર્મ સ્થાપિત થાય છે અને કીર્તિના ગાનથી સમગ્ર પુરૂષાર્થ સ્થાપિત થાય છે. આમ પુષ્ટિમાર્ગમાં ગોપીઓ-સ્ત્રીઓએ વર્ણન કરેલો વેણુનાદ ગૂઢતત્વ છે.[૫૨૬]

ગોપીઓ બોલી - હે સખીઓ? મિત્રોની સાથે પશુઓને વનમાં લઇ જતા વ્રજપતિ નંદરાયના પુત્ર શ્રીકૃષ્ણ તથા બળદેવનું વેણુને વગાડવાથી પ્રિયકર, સ્નેહાળ કટાક્ષોને ફેંકનારું મુખકમળ જેમણે જોયું છે. તેમણે પોતાના નેત્રોનું ~~કૃ...~~ આ ફળ મેળવ્યું છે. એ વિના બીજું કંઇ પણ અમે જાણતાં નથી.[૫૨૭]

ઉપર્યુક્ત શ્લોકના સુબોધિનીમાં શ્રીમદવલ્લભાચાર્ય કહે છે કે જે સ્વરૂપલીલા અને નાદનું શ્રી શુકદેવે એક શ્લોકમાં નિરૂપણ કર્યું તેનું વર્ણન ગોપીઓ ચાર શ્લોકોમાં કરે છે. અહીં ધર્મસહિત રસનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

ઇન્દ્રિયોવાળા કે નેત્રોવાળાને પોતાના હૃદયમાં પોતાના મનોરથ પ્રમાણે દેખાતું શ્રીકૃષ્ણનું મુખ એ જ ફળ છે.[528] ગોપીઓ કહે છે કે સાયુજ્યાદિ મોક્ષ નેત્રવાળાને ફળરૂપ હોય એમ અમે જાણતાં નથી. વળી અમે ઉપનિષદરૂપી છીએ એટલે ઇન્દ્રિયોવાળાને ઉત્તમ શું છે તે અમે જાણીએ છીએ અનુભવથી વિરૂદ્ધ અનુભવ નિશ્ચિતપણે શ્રુતિમાં કહેલ ફળ હોઇ શકતું નથી.[529] આથી ઇન્દ્રિયરહિતને મોક્ષફળ છેપરંતુ ઇન્દ્રિય-યુકતને તો ભગવાનના મુખનું દર્શન જ મુખ્ય ફળ છે આમ નિર્ગુણ જીવોના અધિકાર અનુસાર ફળનું વર્ણન કરવામાં આવ્યું છે.

હવે સાત્વિક જીવોના અધિકાર અનુસાર ફળનું વર્ણન કરવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણના મુખનું દર્શન સાત્વિક અવસ્થાવાળાને મોટા ફળરૂપ છે. સાત્વિક અવસ્થાવાળા ભકતને ભગવાનના મુખનું દર્શનજ યોગ્ય છે. શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યું છે કે બીજા કોઇ અંગનું ચિંતન ન કરતાં સુંદર સ્મિતવાળા ભગવાનના મુખનું ચિંતન કરવું.[530]

જેઓ ગીતાના રસને જાણે છે તેઓ વેણુના શ્રવણ માટે ભગવાન શ્રીકૃષ્ણનું મુખ જૂએ છે. વેણુને લક્ષ્ય કરીને જે મુખનું દર્શન કરે છે તે પણ મુખદર્શનનું મહાન ફળ મેળવે છે. આ દર્શન રાજસગુણવાળા માટે છે.

જે મુખથી પ્રેમયુકત કટાક્ષ છુટે છે, તે મુખનું દર્શન પણ કામનાવાળા-ને મહાન ફળ આપે છે, આ પ્રમાણે તામસ અધિકારવાળાને હોય છે. આમ નિર્ગુણ અને સગુણના ભેદથી એક જ ભગવાનના સ્વરૂપના દર્શનનું નિરૂપણ કરવામાં આવ્યું છે.[531]

રસશાસ્ત્રમાં વર્ણિત રસ જ ભગવાનનું રસાત્મક સ્વરૂપ છે. જ્યારે રસાત્મા ભગવાન પ્રકટ થાય ત્યારે રસાનુભવ થાય છે.

રસ, રૂપ અને સુગંધ એ ત્રણના પરસ્પર ગુણપ્રધાન ભાવથી નવ રસ થાય છે.[535] આ રસનાં પોષક ગાદ્ય અને ગીત છે. ગોવાળોની સભા પ્રકટ છે તેથી અહીં રસ સુલભ છે. વાદ્ય, ગીત અને નૃત્યની સમાનતા એ ઉત્તમતા છે રંગમાં-રંગભૂમિમાં શાસ્ત્રને અનુસરીને નૃત્ય, ગાન થાય છે તેઓ શ્રીકૃષ્ણ અને બલભદ્ર અમુક સ્થાનમાં હાથનો અભિનય કરીને શ્રમરહિત ગાન કરે છે.[566] આમ પ્રસ્તુત શ્લોકમાં રસશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે રસ સિદ્ધ કરવામાં આવ્યો છે.

## બ્રહ્મ રસરૂપ હોવાથી અને વિરૂદ્ધધર્મોનો આધાર હોવાથી કામાદિ લીલાઓ લોકનું અનુકરણ નથી.

**પૂર્વપક્ષ :-**

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષની શંકા વ્યક્ત કરે છે કે બ્રહ્મ પૂર્ણ પરમાનન્દ સ્વરૂપ અને કેવલ જ્ઞાનઘન છે. તેમની લીલામાં પ્રિયાનો વિપ્રયોગ અને તેનાથી ઉત્પન્ન ક્લેશ વગેરે થાય છે. આથી કામાદિ લીલા લોકનું અનુકરણ હોવાથી કહી શકાય નહિ.

**ઉત્તરપક્ષ :-**

શ્રી વિઠ્ઠલનાથજી સમાધાન આપતાં કહે છે કે એ વાત સાચી છે કે પ્રિયાના વિપ્રયોગ-વિયોગથી ભગવાનની પૂર્ણતાનો નાશ થતો હોય

આંબાના નવાંકુરો, મોરનાં પીંછાં, પુષ્પોના ગુચ્છ કાળા કમળો અને બીજી જાતના કમળોની રંગબેરંગી માળાઓને લીધે શોભતાં નીલ અને પીતવસ્ત્રોથી વિચિત્રવેશવાળા જાણે શ્રેષ્ઠ બે નટો હોય એમ અત્યંત શોભતા હતા.[532] પ્રસ્તુત શ્લોકમાં કેવળ રસનું વર્ણન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણે કાનમાં આંબાના નવાંકુરો, મસ્તક પર મયૂરપિચ્છના ગુચ્છ અને કંઠમાં કમળની માળા ધારણ કરી હતી અને પીતાંબર ધારણ કર્યું છે. આમ વિચિત્રવેશવાળા શ્રીકૃષ્ણ અને બલભદ્ર ઉત્તમ નટની જેમ ગોવાળોની સભામાં શોભતાહતાં. અહીં વાદ્ય, ગાન અને નૃત્ય એ ત્રણેય રસપોષક છે.

અહીં ગુણો અને માયા એટલે અંકુરો, મયૂરપિચ્છ, કમળનીમાળા અને પીતાંબર વેષ માટે ઉપયોગી હોવાથી રસના અભિનયમાં ચાર અર્થો નિરૂપિત થયાં છે.[533]

રસ, રૂપ અને સુગંધની સ્થિતિ અનુક્રમે અંકુર, પિચ્છ અને કમળમાં છે. ધર્મીના આચ્છાદન માટે માયાનું પણ નિરૂપણ કરવામાં આવે છે.[534]

વસ્તુના નિર્દેશ બતાવવા માટે પહેલાં અંકુર વિશે કહ્યું છે. જ્યારે રસશાસ્ત્રના આધારે ભાવોનું જ્ઞાન થાય એટલે તે ભાવ કલિકારૂપ થાય છે અને ભાવનો વિકાસ થતાં કથાવૈચિત્ર્ય થાય છે.

ભાવની પુષ્પાવસ્થાથી સુગંધ નીકળે તે રસનું સ્વરૂપ ગુપ્ત રાખવા માટે તેને માયાથી આચ્છાદિત કરવો પડે છે.

તો તે કામાદિ લીલા કરી ન શકાય. પરંતુ પૂર્ણતાનો નાશ થતો નથી. કારણ કે અંગુષ્ઠમાત્ર બ્રહ્મ વ્યાપક પણ છે.[૫૩૭] આમ વિરુદ્ધધર્માશ્રયતાને લીધે પૂર્ણતાનો ભંગ થતો નથી.[૫૩૮]

પૂર્વોકત શંકા-પૂર્વપક્ષની શંકામાં વ્યકત અનુકરણની શંકાનું ખંડન કરતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે લીલાનું માત્ર અનુકરણ અનુચિત છે. કારણ કે ભગવાનનું સ્વરૂપ એકમાત્ર શ્રુતિથી જ જાણી શકાય છે. આથી જ કહ્યું છે કે ભગવાન "સર્વ કામનાવાળો, સર્વ ગંધવાળો, સર્વ રસવાળો" છે.[૫૩૯] આથી ભગવાન સર્વકામરૂપ, સર્વ-કામયુકત, સર્વ રસરૂપ અને સર્વ રસયુકત હોવાથી સર્વરસભોકતા પ્રતિપાદિત થાય છે. આમ શ્રુતિમાં ભગવાનનું સ્વરૂપ "રસયુકત" નિરૂપિત થયું છે, એટલે લીલાનું અનુકરણ નથી, પરંતુ મુખ્યતા છે.

"સર્વરસ" શબ્દનો બહુવ્રીહિ સમાસ-સર્વ રસ જેમાં છે તે-કરવાથી ભગવાન "રસયુકત" સિદ્ધ થાય છે. પરંતુ રસરૂપ ભગવાન સિદ્ધ થતાં નથી. આથી જ તૈત્તિરીય ઉપનિષદમાં કહયું છે કે તે ખરેખર રસ છે. આ રસ પ્રાપ્ત કરીને આનંદી થાય છે."[૫૪૦] આમ બ્રહ્મ રસરૂપ અને કામરૂપ પણ સિદ્ધ થાય છે.

બ્રહ્મ રસરૂપ સિદ્ધ થવા છતાંય શંકા થાય છે. આથી શ્રુતિમાં કહ્યું છે કે જો આ આનંદસ્વરૂપ આકાશ-વ્યાપક પરમાત્મા ન હોય તો કોણ જીવી શકે ? કોણ પ્રાણોની ચેષ્ટા-ક્રિયા કરી શકે ?[૫૪૧] નિઃસંદેહ આ પરમાત્મા જ સર્વને આનંદ પ્રદાન કરે છે.

અહીં શ્રુતિ અનુસાર રસ આનંદ છે, પ્રાણ ધારણનું કારણ છે, હૃદયાકાશ નિવાસ કરે છે અને આનંદજનક છે.

નાટયશાસ્ત્રકાર ભરતમુનિનું રસ-સૂત્રનું પ્રમાણ છે કે "વિભાવ, અનુભાવ અને વ્યભિચારિભાવના સંયોગથી રસ નિષ્પન્ન-ઉત્પન્ન થાય છે."[542] આમ મનમાં "પ્રમોદ" નામનો વિકાર થાય છે, તે રસાત્મક ભગવાનનું જ કાર્ય છે અને તેનો અંશ છે. કારણ કે "અન્ય પ્રાણીઓ આ જ આનંદના અંશ પર જીવિત રહે છે."[543]

પ્રસ્તુત લીલાના અનુકરણમાં રસોત્પત્તિ નથી. આથી પ્રથમ શૃંગારરસનું સ્વરૂપ કહેવાયું છે : સર્વ રસોમાં શૃંગારરસ મુખ્ય છે. તેનો "રતિ" નામક સ્થાયીભાવ છે. આથી જ કહયું છે કે વિભાવ, અનુભાવ અને વ્યભિચારિભાવ દવારા અભિવ્યકત ભાવ સ્થાયીભાવ માનવામાં આવે છે.[544] આમ ભગવાન રસરૂપ અને રસયુકત સિદધ થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ ઉત્તમ વ્રજવનિતાઓના આલંબનવિભાવ છે. આમ બ્રહમ રસરૂપ છે.

શ્રીમદ વલ્લભાચાર્યે સુબોધિનીના દશમસ્કંધના વેણુગીતમાં શ્રીકૃષ્ણની રસરૂપતા અને વ્રજસ્ત્રીઓનું આલંબનપણું દર્શાવ્યું છે. આથી શ્રી વિઠ્ઠલનાથજીએ અહીં કેવળ દિશાસૂચન જ કર્યું છે.

ભગવાન શ્રીકૃષ્ણ આલમ્બન છે, તેથી તેમને રસરૂપ અને રસયુકત કહેવાય છે. વ્રજવનિતાઓ પ્રત્યે તેમનો તેવો ભાવ હતો.

આમ ભગવાન શ્રીકૃષ્ણ વ્રજવનિતાઓના વિભાવ અને અનુભાવથી યુકત છે. કારણ કે તેમનામાં સ્વરૂપના રસરહિત ભાવ હોતો નથી.[૫૪૫]

શ્રી વિઠ્ઠલનાથજી અર્થાપત્તિનું પ્રમાણ આપતાં કહે છે કે જો ભાવની રસરૂપતા ન હોય તો શ્રુતિમાં કહેલ "તે જ ખરેખર રસ છે."[૫૪૬] અનુસાર ભગવાન રસભોકતા અને રસરૂપ સિદ્ધ થઇ શકે નહિ. આમ શ્રુતિમાં પ્રતિપાદિત ભગવાન રસસ્વરૂપ અને રસયુકત કહેવાય છે. આથી રસશાસ્ત્રમાં શૃંગારરસની સર્વ મર્યાદાઓ શિષ્ટાચારના નિયમો ભગવાન શ્રીકૃષ્ણમાં માનવા યોગ્ય, કારણ કે તેમ ન માનીએ તો ભગવાનના રસસ્વરૂપનો ભંગ થાય છે.[૫૪૭]

અનુકરણમાં તો ભગવાનની રસરૂપતા અને રસયુકતતા હોતાં નથી. કારણ કે લોકના અનુકરણમાં ભગવાનને રસ પ્રાપ્ત થાય નહિ. વળી વ્રજવનિતાઓમાં પણ રસની ઉત્પત્તિ થાય નહિ. કારણ કે રસશાસ્ત્રની મર્યાદા અનુસાર અન્યોન્ય રસનો આવિર્ભાવ ન થાય તો રસ જ નથી.[૫૪૮] આમ અનુકરણમાં રસનો આવિર્ભાવ થતો નથી. આથી લીલા લોકનું અનુકરણ નથી. વળી હાથીનું દૃષ્ટાંત પણ તેનું જ પ્રમાણ આપે છે. અર્થાત જેમ ગજેન્દ્રની લીલામાં લોકનું અનુકરણ નથી, તેમ ભગવાનની લીલામાં પણ લોકનું અનુકરણ નથી.[૫૪૯]

જેમ ગજેન્દ્રલીલા સ્વીકાર કરનાર,[૫૫૦] હાથણીથી વિંટાયેલા મદ ઝરતા હાથીની જેમ,[૫૫૧] જેમ હાથણીઓની સાથે થાકેલો હાથી પાળાઓને તોડી નાખે તેમ.[૫૫૨]

શ્રીમદ ભાગવતના ઉપર્યુક્ત શ્લોકાંશોમાં ગજનાં દૃષ્ટાંતો છે. ભગવાન શૃંગારરસરૂપ છે. આથી તેમને પ્રિયાનો સંયોગ, વિયોગથી ઉત્પન્ન ક્લેશ વગેરે કાર્યો, પ્રિયાનો સંગમ અને તેમના સર્વ કાર્યો થાય છે. આમ ભગવાન-બ્રહ્મનાં કાર્યો-ધર્મોથી તેમનું બ્રહ્મત્વ હાનિ પામતું નથી. કારણ કે બ્રહ્મ જ વિરૂદ્ધસર્વધર્મનો આધાર છે, તેથી બ્રહ્મત્વ સાધક છે.[553]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે વાસ્તવિક દૃષ્ટિએ તો બ્રહ્મના ધર્મોમાં કોઇ વિરોધ જ નથી. કારણ કે તે શ્રુતિ અને ભક્તાનુભવોથી સિદ્ધ છે. આથી જ શ્રીમદ ભાગવતમાં કહ્યું છે કે બ્રહ્મ-ભગવાનમાં બન્ને ધર્મોમાં વિરોધ નથી. કારણ કે અગણિત ગુણ-સમૂહોવાળા ઇશ્વર છે. તેમનું માહાત્મ્ય તર્ક-બુદ્ધિમાં આવી શકતું નથી. આથી વિકલ્પો, વિતર્કો, વિચારો, મિથ્યા-પ્રમાણો અને કુતર્કોથી યુક્ત શાસ્ત્રો દ્વારા વ્યાકુળ અંતઃકરણરૂપ આશ્રયવાળા અને દુરાગ્રહને લીધે વાદ કરતા અર્વાચીન પુરૂષોના વિવાદના આશ્રયસ્થાન નથી.[554]

શ્રી વિઠ્ઠલનાથજી પરમતનો સ્વીકાર કરીને શ્રુતિના અર્થ અનુસાર બ્રહ્મરસનો સ્વકીય વિચાર પ્રસ્તુત કરતાં કહે છે કે જો "આત્મારામ" વગેરે ધર્મો દુરાગ્રહથી બ્રહ્મમાં છે અને અન્ય ધર્મો જેવા કે પ્રિયાનો વિયોગ, અને સંયોગ બ્રહ્મમાં નથી. તો પણ બ્રહ્મમાં અમુક ધર્મ છે. અમુક નથી. આથી આત્મારામપણું બ્રહ્મ-ધર્મની મર્યાદા છે.

ભગવાન ભક્તો પર અત્યન્ત કૃપા કરે છે, જ્યારે ભક્તો ભગવાનની અત્યન્ત ભક્તિ કરે છે. આથી ભગવાન સ્વ-સ્વરૂપની મર્યાદાનું પણ ઉલ્લંઘન કરે છે અને ભક્તોની અધીનતા-પરતંત્રતા સ્વીકારે છે. ભક્તોની ઇચ્છાનુસાર લીલા કરે છે અને ઉપર્યુક્ત ધર્મ-પ્રિયાનો વિયોગ, વિયોગદુ:ખ, પ્રિયાનો સંગમ અને કાર્ય જેવાં સર્વ ગુણો-ભાવ ભગવાન સ્વયં ધારણ કરે છે. આ જ ભગવાનનું "પુષ્ટિ સ્વરૂપ" કહેવાય છે.[૫૫૫]

શ્રીમદ ભાગવતમાં ભગવાન દુર્વાસાને "હે બ્રાહ્મણ, હું પરતંત્ર હોઉં"તેમ ભક્તને અધીન છું.[૫૫૬] શ્લોકથી શરૂ કરીને "જેમ સારી સ્ત્રીઓ સત્પતિને વશ કરે છે, તેમ ભક્તો મને ભક્તિથી વશ કરે છે."[૫૫૭] સુધી કહે છે. અહીં ભગવાનની ભક્તાધીનતા જ પુષ્ટિ છે.

ઉપર્યુક્ત શ્લોકોમાં "सत्" શબ્દ બે વાર આવે છે. આથી જેમ સત્પતિ સત્સ્ત્રીઓને વશ હોય છે, તેમ ભગવાન ભક્તને અધીન છે. ભગવાનની પ્રાપ્તિ શરણાગતિથી થાય છે, માયાથી નહિ. માયાથી થતી શરણાગતિ સત્ય હોતી નથી. ભગવાન ભક્તોને વશ છે. આથી તેમના ઐશ્વર્યનો નાશ થતો નથી. કારણ કે ભગવાન સિવાય અન્ય કોઇ પોતાના સ્વરૂપની મર્યાદાનો ત્યાગ કરવા સમર્થ નથી.[૫૫૮] આથી જ શ્રીમદ ભાગવતમાં "भिन्नसेतुः" શબ્દ - "મર્યાદાનું ઉલ્લંઘન કરનાર" ભગવાન માટે પ્રયોજાયો છે.

વળી "જ્યાંથી વાણી પાછી ફરે છે."[559] શ્રુતિ ઈશ્વરના અચિન્ત્ય મહિમાનો પરિચય કરાવે છે. આ શ્રીકૃષ્ણ બ્રહ્મ સિદ્ધ થાય છે.

નૈયાયિકોના ઈશ્વર સંબંધી વિચારો :

નૈયાયિકો-ન્યાયશાસ્ત્રના પ્રતિપાદક આચાર્યો ઈશ્વરને જગતના કારણરૂપ સ્વીકારે છે. પરંતુ તેને ગુણવિશિષ્ટ આત્મા જ માને છે. પ્રશસ્તપાદ પદાર્થ ધર્મસંગ્રહમાં ઈશ્વરને "મહેશ્વર" કહે છે. જીવો પોતાના કર્મોનું ફળ ભોગવી શકે તે માટે મહેશ્વર જગત્કાર્ય કરે છે. ન્યાયવાર્તિકકાર ઉદ્યોતકર અનુસાર ઈશ્વર જીવોના કર્મોની સહાયથી પરમાણુઓમાંથી સર્વ કાર્યો ઉત્પન્ન કરે છે.[560] વળી ઈશ્વર જગતને ઉત્પન્ન કરે છે તેનું કારણ તેઓ કહે છે કે જગતને ઉત્પન્ન કરવું તે ઈશ્વરનો સ્વભાવ છે.[561] ઘટ એ કાર્ય છે તે કર્તા કુંભાર વિના શક્ય નથી, તેમ પૃથ્વી વગેરે કાર્યોનો કર્તા પણ ઈશ્વર જ સિદ્ધ થાય છે. નૈયાયિકો ઈશ્વરને સર્વજ્ઞ અને સર્વશક્તિમાન માને છે. વળી ઈશ્વરની ઈચ્છા પણ સ્વરૂપથી નિત્ય માનવામાં આવે છે.

ઈશ્વર કર્તા છે એટલે તે શરીરવાળો જ હોવો જોઈએ. અશરીરી ઈશ્વર કર્તા બની શકે નહિ. વળી જગતમાં પણ અશરીરી કર્તા જોવા મળતો નથી. આથી ન્યાયમંજરીકાર જયંત કહે છે કે ઈશ્વરના સંબંધમાં કર્તાપણું એટલે જ્ઞાન, ચિકીર્ષા

અને પ્રયત્નનો યોગ, તે ઇશ્વરમાં હોય જ છે. અશરીર જીવાત્મા પણ શરીરને પ્રેરણા આપે છે, એટલે પ્રેરણાના કર્તાપણા માટે શરીર આવશ્યક નથી. ઇશ્વરની ઇચ્છામાત્ર અનન્ત કાર્યો કરી શકે છે અને તેને કોઇ પણ જાતનો કલેશ થતો નથી.[562]

શ્રીધર પણ કહે છે કે કર્તૃત્વમાં શરીરની અપેક્ષા નથી. કારણ કે શરીરવ્યાપાર વિના કેવળ ઇચ્છા અને પ્રયત્નથી જ ચેતન જડ વસ્તુઓને પ્રેરતો જોવા મળે છે.

## શ્રીમદ વલ્લભાચાર્યના મતાનુસાર આનંદ સ્વરૂપ પરમતત્વ એ જ બ્રહ્મ :

શ્રીમદ વલ્લભાચાર્ય વેદથી પ્રતિપાદિત બ્રહ્મનો સ્વીકાર કરે છે. આથી તેઓ બ્રહ્મને સર્વધર્મયુકત અને વિરૂદ્ધસર્વધર્માશ્રય બ્રહ્મ કહે છે. બ્રહ્મ અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન છે.[563] તે હાથ પગ વિના પણ દોડનાર અને વસ્તુને ગ્રહણ કરનાર,[564] અને વિચિત્રશકિતઓથી યુકત અને જગતના કર્તાપણાના ધર્મ વગેરેથી યુકત બ્રહ્મ છે. આથી સિદ્ધાન્ત-મુકતાવલીમાં શ્રીકૃષ્ણને પરબ્રહ્મ કહેવાયા છે.[565] વળી ભકિતવર્ધિનીમાં પણ નિવૃત્ત થયા વિના પૂજા અને શ્રવણથી શ્રીકૃષ્ણથી જ સેવા કરવી જોઇએ.[566] એમ કૃષ્ણનો બ્રહ્મસ્વરૂપે સ્વીકાર શાસ્ત્રનો સારરૂપે આવિષ્કાર છે.

શ્રીમદ વલ્લભાચાર્ય સાકારબ્રહ્મવાદના પ્રતિપાદક છે. અહીં તેઓ આકારને આનન્દસમર્પક કહે છે. એટલે રસાત્મક શ્રીકૃષ્ણ જ પરમતત્વ છે. રસાત્મક પરબ્રહ્મના હાથ, પગ, મુખ, ઉદર વગેરે આનન્દમાત્ર હોય છે. આમ સાકાર બ્રહ્મ સિદ્ધ થાય છે. આથી જ સાકારબ્રહ્મ અનન્તમૂર્તિરૂપે સર્વત્ર વ્યાપક છે.

શ્રીમદ વલ્લભાચાર્ય બ્રહ્મના જગત્કર્તૃત્વને સિદ્ધ કરવા અન્વય અને વ્યતિરેકની પદ્ધતિનો સ્વીકાર કરે છે. શ્રીમદ ભાગવતમાં કહ્યું છે કે તત્વજિજ્ઞાસુએ આત્મા માટે આટલું જાણવું જ જોઇએ કે અન્વય અને વ્યતિરેકથી તે સર્વત્ર અને સર્વદા હોઇ શકે.[૫૬૭] આ શ્લોક પરના સુબોધિનીમાં નૈયાયિકોના ઉત્તરમાં શ્રીમદ વલ્લભાચાર્ય જણાવે છે કે અન્વયથી બ્રહ્મપણું સિદ્ધ થતું નથી. જગતમાં જગતનો પણ અન્વય છે. જગત ઘટાદિથી જુદું છે. પણ ઘડો જગતથી જુદો નથી. આકાશનું પુષ્પ જગતથી જુદું પડે છે, તેનો જગતમાં અન્વય-નિત્ય સાહચર્ય નથી. સત જગતથી જુદું પડે છે. કારણ કે ભગવાન સત છે, કારણ પણ સત છે. આથી જેના અન્વય અને વ્યતિરેક હોય તે સર્વરૂપ જાણવું જોઇએ.[૫૬૮]

<u>શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં વ્યક્ત કરેલી "ઇશ્વરનું શરીર સ્વાભાવિક નથી" ની ન્યાયશાસ્ત્રીય દલીલો :</u>

૧. લીલા એ અનુકરણ છે. અનુકરણ શરીર વિના થઇ શકતું નથી. આથી અનુકરણ માટે જ શરીરનો સ્વીકાર કરવામાં આવે છે. પરંતુ શરીર અને અનુકરણ વાસ્તવિક નથી, એટલે સ્વાભાવિક નથી. આથી શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત પ્રસ્તુત કરતાં કહે છે કે ભૂતનો શરીરમાં આવેશ થાય તે - ભૂતાવેશન્યાયની જેમ ઇશ્વર જીવના અદૃષ્ટ-ભાગ્યથી પ્રાપ્ત શરીરમાં કાર્ય માટે પ્રવેશ કરે છે અને પછી પ્રવેશ ત્યજે છે. આમ ઇશ્વરને સ્વાભાવિક શરીર નથી. સ્વાભાવિક એટલે પોતાના અદૃષ્ટથી ઉત્પન્ન. કારણ કે ઇશ્વરમાં જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન સિવાય બીજાં વિશેષ ધર્મો હોતાં નથી.[૫૬૯] ન્યાયમંજરીકાર જયંત ભટ્ટ ઇશ્વરમાં જ્ઞાન, સુખ, ઇચ્છા, પ્રયત્ન અને ધર્મ એમ પાંચ ગુણો દર્શાવે છે.

૨. ઘટની જેમ વાયુ કાર્ય હોવાથી અનિત્ય હોવાનું અનુમાન કરવામાં આવે છે. આમ ઘટાદિમાં લિંગ -કાર્યનું રૂપસાહચર્ય-રૂપનું સાથે હોવાપણું જોઇ શકાય છે. અર્થાત જ્યાં રૂપ છે, ત્યાં કાર્ય જોઇ શકાય છે. આમ રૂપથી વિશિષ્ટ કાર્ય અનિત્ય વ્યાપ્ય હોય છે.[૫૭૦] આથી રૂપરહિત વાયુ અનિત્ય સિદ્ધ થતો

નથી. કારણ કે તે વાયુ નિત્ય સિદ્ધ થાય તો રૂપ પણ નિત્ય સિદ્ધ થાય ! પરન્તુ પ્રત્યક્ષ પ્રમાણનો વિરોધ થવાથી વાયુ રૂપયુક્ત સિદ્ધ થતો નથી. આમ સાહચર્યને લીધે ઇશ્વરનું શરીર સિદ્ધ થઇ શકતું નથી.

૩. (૧) ઇશ્વર કર્તા છે, તેથી તેના કર્તૃત્વનું પ્રયોજક જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન છે. જેમ વાયુમાં સાહચર્ય એ પ્રયોજક નથી. તેમ પ્રસ્તુત ઇશ્વરમાં પણ કર્તૃત્વનું પ્રયોજક શરીરનું સાહચર્ય હોતું નથી. પરંતુ જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન જ છે.[૫૭૧]

ઇશ્વરનું શરીર એ સાહચર્ય જ છે. આથી ઇશ્વરનું શરીર સિદ્ધ થતું નથી.

(૨) જેમ ઘટાદિના કર્તાને શરીર હોય છે, તેમ દ્વયણુક વગેરે જગતના કર્તા પણ શરીરધારી જ હોઇ શકે. આથી નૈયાયિક મત અનુસાર જો દ્વયણુક વગેરેના કર્તાને શરીરધારી સ્વીકારીએ તો દૃષ્ટાન્તનાં બધા ધર્મો પક્ષમાં આવી જાય ![૫૭૨] અર્થાત દૃષ્ટાંત ઘટકર્તાના બધા ધર્મ પક્ષ-જગત્કર્તામાં આવે." આથી જ ઘટના દૃષ્ટાન્તમાં જલ પક્ષ છે. દૃષ્ટાંતના બધા ધર્મ પક્ષમાં હોય તો ઘટના બધા ધર્મ જળમાં હોવા જોઇએ. આમ ઘટ પાર્થિવ-પૃથ્વીથી બનેલો હોઇ જળ પણ પાર્થિવ સિદ્ધ થાય !

(૩) કુંભારની ચેષ્ટા વિના કર્તાપણું સંભવતું નથી. શરીરનું ફરકવું તે ચેષ્ટા કહેવાય છે.[૫૭૩] આથી તે આવશ્યક છે. વળી તે આશ્રયયુક્ત શરીર વિના સંભવતી નથી. આમ ઇશ્વરને પણ શરીર તો હોય છે. આથી નૈયાયિક મત, અનુસાર કુંભાર વગેરે ચેષ્ટા વિના કેવળ પ્રયત્નથી જ ઘટાદિ કાર્ય કરવામાં સમર્થ નથી. કુંભારમાં ચેષ્ટા હોવાથી તેનું આશ્રય શરીર પણ હોય છે, પરંતુ તે સહકારી છે. અર્થાત કુંભાર ચેષ્ટા વિના ઘટ બનાવી શકતો નથી. આથી ચેષ્ટાનો આશ્રય શરીર ઘટ બનાવવામાં સહકારી છે. પરંતુ ઇશ્વર પ્રયત્નમાત્રથી જ સર્વ કાર્ય કરવા-સમ્પૂર્ણ જગત રચવા સમર્થ છે અને તેને ચેષ્ટાની આવશ્યકતા નથી.[૫૭૪]

(૪) ઇશ્વરનું શરીર પણ પરિચ્છિન્ન કે સીમિત જ હોઇ શકે. વળી તેવું શરીર એક સાથે બધે જ કાર્યની ઉત્પત્તિ કરી શકતું નથી.[૫૭૫] આમ ઇશ્વરને શરીર નથી.

૪. ઇશ્વર ચેષ્ટા વિના પ્રયત્નમાત્રથી જ કાર્ય કરવા સમર્થ છે. આથી ચેષ્ટાના આશ્રયરૂપ શરીરની આવશ્યકતા હોતી નથી. આમ ઇશ્વરને શરીર નથી.

૫. ઇશ્વરનું શરીર પરિચ્છિન્ન હોય તો તેવા શરીરથી જ જગતની રચના થઇ શકતી નથી. આમ પરિચ્છિન્ન શરીર એક સાથે બધે જ કાર્ય કરી શકતું નથી.

૬. નૈયાયિક એકદેશીમત એવો છે કે ઇશ્વર શરીરરૂપી સાધનવાળા છે, કારણ કે તે કર્તા છે. કર્તા શરીરવાળા હોય તો કુંભારની જેમ ઇશ્વર કર્તા હોવાથી શરીરી કહેવાય છે.

ઇશ્વર શરીરી છે. આથી કર્તા છે, એવું અનુમાન કરવાથી તે શરીર સિદ્ધ થાય છે, ઇશ્વર નહીં. પરંતુ શરીર જીવ સમાન છે. એટલે ઇશ્વરનું શરીર સાધતાં આશ્રય ઇશ્વર સિદ્ધ થતો નથી. વળી ધર્મી ઇશ્વરનો સ્વીકાર કરાવનાર અનુમાન પ્રમાણથી શરીરરહિત ઇશ્વર જ સિદ્ધ થાય છે. આથી ઇશ્વરના શરીરનો બાધ થાય છે.[576] આથી જ કહ્યું છે કે જે સ્થળે પક્ષમાં સાધ્ય ન હોય ત્યાં બાધદોષ થાય છે. જેમ કોઇ ઉત્પત્તિના સમયમાં અવચ્છિન્ન ઘટ પૃથ્વી હોવાથી ગંધયુક્ત છે. આવા અનુમાનમાં બાધદોષ સમજાય છે,[577] આમ ઇશ્વરને શરીર હોતું નથી.

૭. ઇશ્વર સ્વયં અનુમાનથી કર્તા છે, તે કર્તા સિદ્ધ થતાં કર્તાપણાનો નિર્વાહ કરનાર સર્વધર્મયુક્ત કહેવાય છે. આમ તેવો કર્તા ધર્મ વિના સિદ્ધ થઇ શકે નહિ. આ કર્તૃત્વનો નિર્વાહ કરનાર ધર્મ જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન છે.

૮. લોક-જગતમાં કર્તા શરીરયુક્ત હોય છે. કર્તા ન હોય તે શરીરરહિત હોય છે. આથી જગત્કર્તા ઇશ્વર જ્ઞાન, ઇચ્છા પ્રયત્ન અને શરીરયુક્ત જ સિદ્ધ થાય છે.

૯. મહત અને ઉદભૂતરૂપવાળા પ્રત્યક્ષપ્રયોજક ધર્મ ચાક્ષુષ હોય છે.[પૃ૭૮] આથી ઇશ્વરનું શરીર પણ ચાક્ષુષ જ હોઇ શકે. પરંતુ ઇશ્વરનું શરીર ચાક્ષુષ નથી. જોઇ શકાતું નથી. આમ ઇશ્વરને શરીર હોય તો તે ચાક્ષુષ જ હોઇ શકે. પરંતુ ઇશ્વરનું શરીર નથી માટે તે ચાક્ષુષ નથી. જોઇ શકાતું નથી.

<u>શ્રી વિઠ્ઠલનાથજીએ "ઇશ્વરનું શરીર સ્વાભાવિક નથી" નું ઉત્તરપક્ષમાં કરેલું ખંડન</u> :

(૧) શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ન્યાયશાસ્ત્ર અનુસાર "ઇશ્વરને સ્વાભાવિક શરીર નથી, એમ માનીએ તો ઇશ્વર જગત્કર્તા કહેવાય નહિ. ન્યાયમત સાવયવ-અવયવયુક્તના જ કાર્યનું અનુમાન કરે છે. આથી જ "પૃથ્વી" પક્ષ છે. અર્થાત અહીં સાધ્ય હશે કે નહીં તેવો સંદેહ થાય છે.[પૃ૭૮] પૃથ્વીનો કર્તા જેમાં પૂર્વ છે તે સાધ્ય છે, એટલે પૃથ્વીના કર્તા તેના પહેલાં છે. આમ જે સિદ્ધ કરવાનું હોય તે સાધ્ય કહેવાય છે અને સાધ્યને સિદ્ધ કરે તે હેતુ કે લિંગ કહેવાય છે. આમ પૃથ્વી-પક્ષમાં હેતુ અને સાધ્ય રહે છે. જે ઘટકાર્યના રૂપે અને ઘટકર્તા કુંભારના રૂપે રહે છે. આથી જ અનુમાન વડે જગત્કર્તા ઇશ્વર જ સિદ્ધ થાય છે.

શ્રી ગિરિધરજી સારરૂપે કહે છે કે જેમ પર્વત પર ધૂમાડાનો નિશ્ચય કર્યા વિના અગ્નિનું અનુમાન થતું નથી. આથી જ

ધૂમાડારૂપી હેતુના નિશ્ચયની જરૂર પડે છે, તેમ કાર્યરૂપી હેતુના નિશ્ચયથી કર્તા-જગતના કર્તા જેમાં પહેલાં છે તે ઇશ્વર સિદ્ધ થાય છે.[૫૮૦]

કર્તા ઉપાદાનગોચર-સમવાયિકારણ અપરોક્ષજ્ઞાન-પ્રત્યક્ષાત્મક જ્ઞાન, ચિકીર્ષા-કાર્ય કરવાની ઇચ્છા અને કૃતિ-વાળો કુંભાર જોઇ શકાય છે. આથી દ્વયણુક-નૈયાયિક મત પ્રમાણે કાર્યદ્રવ્યનાં પરિણામ-થી પર્વત અને સાગર, પૃથ્વી, જળ, તેજ અને પવન પક્ષ છે. તેમના કર્તા બધાનું સમવાયિકારણ-ઉપાદાનકારણ, અપરોક્ષજ્ઞાન, ચિકીર્ષા અને કૃતિવાળા છે, તે નિત્ય અને સર્વજ્ઞ ઇશ્વર જ સિદ્ધ થાય છે. આથી જેમ જગતમાં જ્ઞાની હોય તે કર્તા છે, તેથી ઇશ્વરમાં જ્ઞાન વગેરે સિદ્ધ થાય છે, તેમ જગતમાં શરીરી જ કર્તા છે, તેથી ઇશ્વરમાં પણ શરીરીપણું નિર્વિઘ્નપણે સિદ્ધ થાય છે. કારણ કે કર્તાપણું શરીરીભાવથી વ્યાપ્ય હોય છે.[૫૮૧]

(૨) અનુમાનમાં સાહચર્ય - જ્યાં હેતુ અને સાધ્ય એક જ સમાન અધિકરણ-પક્ષમાં રહેતા હોય છે, પ્રયોજક નથી.[૫૮૨] પરંતુ વ્યાપ્તિ પ્રયોજક છે. વ્યાપ્તિ એટલે જ્યાં જ્યાં ધૂમાડો છે, ત્યાં ત્યાં અગ્નિ છે. એ બે વસ્તુઓના નિયત સાહચર્યરૂપ છે.[૫૮૩] તે કાર્યની અને અનિત્યતાની હોય છે. અર્થાત જે કાર્ય છે તે તે અનિત્ય છે. વાયુ કાર્ય છે એટલે તે અનિત્ય છે. આથી ઇશ્વર

કારણ હોવાથી શરીરી છે. વળી તે કર્તા હોવાથી શરીરી-પણામાં નિરૂપેલી વ્યાપ્તિ કર્તાપણામાં હેતુ છે. આમ કર્તારૂપ હેતુથી ઇશ્વર શરીરરૂપ શરીરી સિદ્ધ થાય છે.[૫૮૪]

(૩) ઇશ્વરનું શરીરીપણું જ્ઞાનાદિની જેમ અન્વય અને વ્યતિરેકથી સિદ્ધ થાય છે. અન્વય એટલે એક પદાર્થની હાજરીમાં બીજો પદાર્થ હોય તે. જેમ ધૂમાડો છે, ત્યાં અગ્નિ છે તે અન્વય છે. વ્યતિરેક એટલે એક પદાર્થ ન હોય તો બીજો પદાર્થ પણ ન જ હોય તે. જેમ અગ્નિ ન હોય તો ધૂમાડો ન હોય. કુંભાર કર્તા છે, એટલે શરીરી છે. જ્યારે મુક્ત આત્માઓ અશરીરી છે. પણ કર્તા નથી. ઇશ્વર કર્તા છે એટલે શરીરી છે. આમ જો ઇશ્વરનું શરીર વ્યાપ્તિના બળથી સ્વીકારવામાં ન આવે તો ઇશ્વરની ઇચ્છા સિદ્ધ થાય નહિ. અર્થાત જેમ પ્રયત્ન હોય તોય શરીરની આવશ્યકતા નથી, તેમ ઇચ્છાની પણ આવશ્યકતા નથી. આ અવિશેષ-પરસ્પર અભિન્ન હોય છે.[૫૮૫]

(૪) ઇશ્વર ઇચ્છા અને પ્રયત્ન વગર કેવળ જ્ઞાનથી જ જગતની રચના કરવા સમર્થ છે. આથી એમને ઇચ્છા વગેરે નથી, એમ ન કહી શકાય. અર્થાત જેમ યત્ન હોય તો શરીરની આવશ્યકતા નથી, તેમ જ્ઞાન હોય તો કોઇની પણ આવશ્યકતા નથી એમ કહેવું અશક્ય છે. આથી જેમ ઇચ્છા વગેરે સિદ્ધ છે, તેમ શરીર પણ સિદ્ધ છે.

(૫) સશરીર ઈશ્વર જ જગતની રચના કરી શકે છે. અશરીર ઈશ્વર નહિ. આથી ઈશ્વર અશરીર હોય તો જગત સિદ્ધ થતું નથી. અનુપપન્ન થાય છે. અન્યથાનુપપત્તિ સ્વાભાવિક રીતે પ્રયોજવા યોગ્ય અસંભવ - સર્વ રીતે બળવાન છે, તેનાથી સિદ્ધ ઈશ્વરનું શરીર, જેવા શરીરથી અનુપપત્તિ દૂર થાય તેવા પ્રકારનું સિદ્ધ થાય છે.[૫૮૬]

શરીર પરિચ્છિન્ન-મર્યાદિત અને અનિત્ય હોવાનો નિયમ પણ અનુપપન્ન-અસંભવિત છે. કારણ કે પક્ષધર્મના-હેતુનું પક્ષમાં હોવું તે, પર્વત (પક્ષ) માં ધૂમાડો (પક્ષનો ધર્મ) હોવો તેના[૫૮૭] બળથી અપરિચ્છિન્ન-અમર્યાદિત અને નિત્ય શરીર સિદ્ધ થાય છે. અહીં જગતકર્તા ઈશ્વર એ પક્ષ છે. તેનો ધર્મ કર્તાપણું છે. તેના વડે જગતની ઉત્પત્તિને અનુકૂળ ક્રિયા થાય છે - તે પક્ષધર્મતાના બળ વિના જગતની ઉત્પત્તિ થશે નહિ. આથી અન્યથાનુપપત્તિરૂપ ઈશ્વરનું શરીર નિત્ય અને અપરિચ્છિન્ન છે.

વાસ્તવિક દૃષ્ટિએ અશરીર ઈશ્વર કર્તા હોય તો શરીર સિદ્ધ થતું નથી. કર્તા સશરીર જ હોઈ શકે. તેથી "આકાશ જેનું શરીર છે તે બ્રહ્મ." જો આ આકાશ આનંદ-સ્વરૂપ ન હોય તો.[૫૮૮] વગેરે શ્રુતિવાક્યોમાં આકાશનું આનંદ-સ્વરૂપમાં વર્ણન એ આનંદનું શરીર છે. આમ બ્રહ્મનું શરીર

પરિચ્છિન્ન અને અનિત્ય છે, તેવો નિયમ કુંઠિત-શિથિલ બની જાય છે. જો ઈશ્વર પરિચ્છિન્ન અને અનિત્ય હોવાનો સાર્વત્રિક સ્વીકાર કરીએ તો નૈયાયિક મત અનુસાર જ્ઞાન અનિત્ય ~~માન~~ હોવાથી ઈશ્વરનું જ્ઞાન પણ અનિત્ય થઈ જાય.[૫૮૯]

(૬) નૈયાયિક મત વિચાર કર્યા ન હોય ત્યાં લગી જ સુન્દર લાગે છે. અહીં ધર્મી-કરણનો સ્વીકાર કરાવનાર પ્રમાણ કયું ? તેનો ઉત્તર કાર્યલિંગ અનુમાન એટલે જગત કર્તાથી ઉત્પન્ન અને કાર્ય હોવાથી ઘટની જેમ અનુમાન "કાર્ય" લિંગ-હેતુ છે.[૫૯૦] આ અનુમાન ધર્મી જગત્કર્તાનું ગ્રહણ કરાવે છે. આથી ધર્મીગ્રાહક અનુમાન પ્રમાણથી જગત્કર્તા ઈશ્વર જ સિદ્ધ થાય છે.

(૭) કર્તાપણાના નિર્વાહક ત્રણ ધર્મો - જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્ન છે. કર્તા સશરીર હોય છે અને અકર્તા અશરીર હોય છે. આથી શરીર જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્નના સમાન જ કહી શકાય. આમ યોગક્ષેમ સમાન હોવાથી કર્તા-ઈશ્વર જ્ઞાન, ઈચ્છા, પ્રયત્ન અને શરીરવાળો જ સિદ્ધ થાય છે.[૫૯૧] જો આ પ્રમાણે સિદ્ધ ન થાય તો જ્ઞાન ઈચ્છા અને પ્રયત્ન પણ સિદ્ધ થાય નહિ. કારણ કે જગતમાં જ્ઞાનદર્શન સમાન જ સિદ્ધ થાય છે.

(૮) ઈશ્વર લૌકિકપ્રત્યક્ષનો વિષય નથી. અર્થાત પ્રત્યક્ષપણે જોઈ શકાતો નથી. ઈન્દ્રાદિ દેવો સશરીર છે. છતાં અપ્રત્યક્ષ હોવાનું શાસ્ત્રોમાંથી જાણવા મળે છે. આમ ઈન્દ્રાદિ દેવોને શરીર હોવા છતાં તે જોઈ શકાતું નથી,[૫૯૨] તો દેવોનાં પણ દેવ ઈશ્વરનું શરીર અપ્રત્યક્ષ હોય એમાં શંકા શી ? અર્થાત ઈશ્વરનું શરીર પ્રત્યક્ષપણે જોઈ શકાતું નથી.

વળી ઈશ્વરનું શરીર એ પ્રત્યક્ષવિષય છે. એવું સિદ્ધ થાય તો કેમ ઈશ્વરને જોઈ શકતાં નથી ? તેનો ઉત્તર એ છે કે ઈશ્વર પ્રત્યક્ષનો વિષય જ સિદ્ધ થતો નથી. આથી ઉપર્યુક્ત શંકાનો ઉદય સંભવતો નથી.

<u>મીમાંસકમતનું ખંડન</u> :

ઈશ્વર કાર્યની પૂર્વે શરીરાદિની જેમ કર્તા હોય છે. આ ન્યાય મતની વ્યાપ્તિને પૂર્વમીમાંસકો સ્વીકારતાં નથી. આ નિયમનો વ્યભિચાર-ભંગ આ પ્રમાણે છે : પ્રત્યેક ઘાસના તણખલાના અગ્રભાગ ઉપર ઉત્પન્ન અંકુર કાર્ય છે, તો પણ તેને ઉત્પન્ન કરનાર શરીરધારી કર્તા જોઈ શકાતો નથી. આથી પૂર્વોક્ત યુક્તિથી સશરીર કર્તા જ સિદ્ધ થાય છે. જેમ "ધૂમાડાથી પર્વત અગ્નિવાળો" માં પર્વત પર અગ્નિનો સંદેહ થાય તો પણ ધૂમાડામાં કંઈ પણ ખોટું નથી, તેમ અંકુરમાં પણ

સશરીર કર્તા પૂર્વ-પહેલાં હોય છે. આથી આ ન્યાયમત જ્ઞાનથી દુર્બળ લોકોને મોહિત કરવા માટે જ છે, તેવો વેદશાસ્ત્રનો આદર કર્યો છે. પરંતુ સત શાસ્ત્રીય નથી. અર્થાત સત્કાર્ય-વાદને માનનાર નથી. આથી વિદ્વાનોએ તેની ઉપેક્ષા કરવી જોઈએ. નૈયાયિકોએ વેદપ્રામાણ્યનો અસ્વીકાર કરનાર બૌદ્ધમતનું ખંડન કર્યું છે. આથી ઉદયનાચાર્યે ન્યાયકુસુમાંજલિમાં કહે છે કે જગત ઈશ્વરરૂપી કારણનું કાર્ય, આયોજન કરનાર ધારણ કરનાર, પદ-સંકેતનો પ્રવર્તક, વેદરૂપી જ્ઞાનનું પ્રમાણ, શ્રુતિનો કર્તા, વેદવાક્યના કર્તા પરમાણુઓની સંખ્યાને ભિન્ન ભિન્ન રૂપમાં સંયોજિત કરનાર અવિનાશી, વિશ્વનો જ્ઞાતા ઈશ્વર સિદ્ધ કરવો જોઈએ.[૫૬૩] આમ ઈશ્વરના અસ્તિત્વનો પ્રમાણસહિત સ્વીકાર કર્યો છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે સર્વજ્ઞ હાથ-પગના અંતવાળા અચિન્ત્ય અને અનન્ત શક્તિવાળા ભગવાન વેદશાસ્ત્રથી સિદ્ધ છે. આથી અનુમાનરૂપી મચ્છરના ગણગણાટની આવશ્યકતા નથી. આમ કૃષ્ણદ્વૈપાયન વ્યાસ પ્રવર્તિત મતને અનુસરનારા અમારા સત્કર્ણ-સજ્જનોનાં કાન અને જીભના અગ્રભાગ પર જાગરૂક-શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને બ્રહ્મસૂત્રના દુંદુભિના ઘોષથી શબ્દ-પ્રમાણથી બ્રહ્મ સિદ્ધ થયું છે. આથી અનુમાન પ્રમાણ આવશ્યક નથી.

અહીં શ્રી વિઠ્ઠલનાથજી શબ્દપ્રમાણનો જ સ્વીકાર કરે છે. શાસ્ત્રો-વેદ વગેરે શબ્દ પ્રમાણ પર આધારિત હોવાથી બ્રહ્મ શબ્દપ્રમાણથી જ જાણી શકાય છે. નૈયાયિકોનું અનુમાન પ્રમાણ તર્ક અને યુક્તિ પર આધારિત હોવાથી તેનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. બ્રહ્મની મીમાંસા કરનારા શાસ્ત્રોમાં બ્રહ્મ તત્ત્વનું વિશદ પ્રતિપાદન થયું છે, એટલે તેનો જ આધારભૂત ગ્રંથો તરીકે સ્વીકાર કર્યો છે.

## કેવલાદ્વૈત મતાનુસાર બ્રહ્મ-એક જ અદ્વિતીય :

કેવલાદ્વૈત શાંકર સિદ્ધાંત બ્રહ્મનું એકમાત્ર પારમાર્થિક તત્ત્વ જ સ્વીકારે છે. બ્રહ્મ સર્વવિશેષણોથી રહિત છે, એટલે નિર્વિશેષ છે. બ્રહ્મ સ્વયં એક છે, અદ્વિતીય છે. કારણ કે જેમ પ્રકાશ અને તેનો આશ્રય સૂર્ય તેજના રૂપે એક છે, તેમ પરબ્રહ્મ પણ એક છે. અહીં સૂર્ય એ પ્રકાશનો આશ્રય છે, સૂર્ય અને તેનો પ્રકાશ એમ જુદો એમ વ્યવહાર થાય છે. પરંતુ વાસ્તવિક રીતે તો તે બન્ને એક જ સ્વરૂપ છે. પરબ્રહ્મ પણ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન વગેરે ભેદથી અનેક થાય છે. પરંતુ વાસ્તવિક દૃષ્ટિએ તે એક જ છે.

જેમ સૂર્યનો પ્રકાશ અને પ્રકાશનો આશ્રય સૂર્ય એ બન્નેમાં તેજરૂપ સ્વભાવ છે. આથી તેઓ અત્યન્ત ભિન્ન નથી. અને તેજના

રૂપે જ ભિન્ન અને અભિન્ન છે. આમ તેઓમાં ભેદના વ્યવહારનો આશ્રય થાય છે.[૫૬૪]

કેવલાદવૈત મતમાં અહિકુંડળ અને પ્રકાશાશ્રયનાં દૃષ્ટાંતો પરબ્રહ્મમાં યોગ્ય રીતે ઘટિત થતાં નથી. કારણ કે તેમાં આશ્રયનો ભેદ અને અંશનો ભેદ વાસ્તવિક સિદઘ થાય છે. આથી જ ઉપાધિગત ભેદનું દૃષ્ટાંત પરબ્રહ્મમાં ઘટિત થાય છે. આમ પરબ્રહ્મ એક જ, અદિવતીય તત્વ છે, તેનાથી પર શ્રેષ્ઠ કોઇ નથી. "એનાથી બીજો કોઇ દૃષ્ટા નથી."[૫૬૫] આ બ્રહ્મને કારણ નથી, કર્મ નથી, જેથી અંદર કંઇ નથી, જેની બહાર કંઇ નથી.[૫૬૬] આમ બ્રહ્મ સિવાય જગત છે જ નહિ અને બ્રહ્મ જ શાશ્વત સત્ય છે. આથી જ બ્રહ્મ એક જ અને અદિવતીય છે. બ્રહ્મની એકતા અને અદિવતીયતા જ અદવૈતનું કારણ છે. આથી જ શ્રીમત શંકરાચાર્ય અનુસાર અદવૈત પ્રત્યેક ક્ષણિક અને અનુભવ-મૂલક દવૈતનો આધાર છે, તે દવૈતના સાધારણ સ્પર્શથી પણ મુકત છે, તે કેવળ અદવૈત છે.[૫૬૭]

<u>શ્રીમદ વલ્લભાચાર્યના મતાનુસાર બ્રહ્મ : સર્વધર્મયુકત</u> :

શ્રીમદ વલ્લભાચાર્ય બ્રહ્મને સર્વધર્મયુકત સ્વીકારે છે. બ્રહ્મને સર્વધર્મયુકત સ્વીકારવામાં તેઓ વેદનો આધાર ગ્રહણ કરે છે. બ્રહ્મ સર્વશકિતમાન અને સર્વવ્યાપક છે, એટલે તેની

શક્તિ અચિન્ત્ય અને અદ્ભુત છે. શક્તિમાન બ્રહ્મની શક્તિ ધર્મમાં રહેલી હોય છે. બ્રહ્મની શક્તિ વિવિધ પ્રકારે શાસ્ત્રમાં જણાય છે, તે શક્તિ સ્વાભાવિક જ્ઞાનક્રિયા અને બળક્રિયા છે.[598] આમ બ્રહ્મમાં અપ્રાકૃત-અલૌકિક ધર્મોનો જ બોધ થાય છે અને પ્રાકૃતધર્મોનો નિષેધ થાય છે. બ્રહ્મ કિંવા ભગવાન સત્ય, શૌચ, દયા વગેરે ગુણોથી સ્વાભાવિક રીતે જ યુક્ત છે. આથી જ તે સર્વના આધારભૂત, માયાને વશ રાખનાર, આનન્દાકાર, ઉત્તમ અને જગતના પદાર્થોના ગુણથી વિલક્ષણ છે.[599]

બ્રહ્મ સાકાર છે, તેનો અર્થ "ભૌતિક શરીરવાળું" એમ નથી થતો. પરંતુ બ્રહ્મનું શરીર રસાત્મક આનંદપૂર્ણ છે. બધાનાં અંગે બધે જ ફેલાયેલાં છે, તે સર્વને ઢાંકીને રહે છે.[600]

બ્રહ્મને ધર્મયુક્ત માનવાથી દ્વૈતની શંકા અસ્થાને છે. કારણ કે સૂર્યનો પ્રકાશ અને તેનો આશ્રય સૂર્ય પ્રકાશથી ભિન્ન અને અભિન્ન છે, તેમ બ્રહ્મ પોતાના ધર્મોથી ભિન્ન અને અભિન્ન છે, કારણ કે શ્રુતિમાં બ્રહ્મના ધર્મો, તેજ, પ્રકાશ તરીકે વર્ણવાયાં છે.[601] અહીં તડકો-ધર્મ અને સૂર્ય-ધર્મીની એકતાનું પ્રતિપાદન થયું છે.[602] આમ બ્રહ્મના ધર્મો બ્રહ્મથી ભિન્ન દેખાતાં હોવા છતાં તે ધર્મો ભગવાનમાં જ અભિન્ન થયેલાં હોય છે.

બ્રહ્મનું સચ્ચિદાનન્દ સ્વરૂપ ધર્મરહિત બ્રહ્મનું દર્શન કરાવતું નથી. પરંતુ સચ્ચિદાનન્દરૂપ બ્રહ્મ વ્યાપક, અવિનાશી,

સર્વશક્તિમાન, સ્વતંત્ર, સર્વજ્ઞ અને પ્રાકૃત ગુણરહિત છે. આમ અહીં બ્રહ્મના ઐશ્વર્ય વગેરે ધર્મોનું નિરૂપણ થયું છે, તેથી બ્રહ્મ સર્વધર્મયુક્ત છે.[૬૦૩]

શ્રી વિઠ્ઠલનાથજીએ "બ્રહ્મના ધર્મો બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન છે"-નો પ્રસ્તુત કરેલો પૂર્વપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષમાં અદ્વૈતમત પ્રસ્તુત કરતાં કહે છે કે બ્રહ્મના ધર્મો બ્રહ્મથી અલગ ન હોઇ શકે. કારણ કે તે નિત્ય છે. જો આ નિત્ય બ્રહ્મધર્મોને ભિન્ન માનવામાં આવે તો એક જ અદ્વિતીય બ્રહ્મ છે[૬૦૪] અને આ પુરૂષ અસંગ છે.[૬૦૫] શ્રુતિવાક્યોનો વિરોધ સંભવે છે. આમ બ્રહ્મના ધર્મો નિત્ય હોવાથી બ્રહ્મને "એક જ અદ્વિતીય" એમ ન કહી શકાય. બ્રહ્મના ધર્મો બ્રહ્મથી અભિન્ન પણ ન હોઇ શકે. કારણ કે અભેદમાં ધર્મ અને ધર્મીભાવ હોતો જ નથી. આથી એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનની સિદ્ધિ માટે પ્રપંચ-જગતના જેવાં બ્રહ્મનાં કાર્યો જ ધર્મો હોવાનું માનવું પડે. આમ સર્વ ~~પ્રકાર~~ કલ્પનાથી રહિત કે સર્વધર્મરહિત-નિર્વિશેષ બ્રહ્મ જ સિદ્ધ છે. આથી જ તે કેવળ "સચ્ચિદાનન્દરૂપ" કહેવાય છે.[૬૦૬]

૪3

335

**શ્રી વિઠ્ઠલનાથજીએ બ્રહ્મના ધર્મો બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન છે, નો પ્રસ્તુત કરેલો ઉત્તરપક્ષ :**

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે તેજ સ્વરૂપ સૂર્યનો પ્રકાશ પણ તેજરૂપ હોય છે, એટલે તે પ્રકાશ સૂર્યના તેજ-ધર્મરૂપ મનાય છે.[૬૦૭] સૂર્ય અને તેનો પ્રકાશ તેજ હોવાથી મૂળ સૂર્યની અવિચ્છિન્ન હોય છે. આમ મૂળથી -સૂર્યથી અલગ થયા વિના તેજ પ્રકાશ રૂપે પ્રતીત થાય છે. આથી એ પ્રકાશ સૂર્યરૂપ ન હોવાનું કહી શકાય નહિ. સૂર્યથી ભિન્ન સૂર્યનો પ્રકાશ પ્રતીત થાય છે, એટલે પ્રકાશ સૂર્યનો ધર્મ પણ છે. આથી જેમ પ્રકાશ પ્રત્યક્ષ હોવાથી ઉત્પત્તિ-શિષ્ટ-પ્રાથમિકજ્ઞાનથી સિદ્ધ થાય છે, તે પ્રમાણે પ્રકાશ સૂર્યરૂપ અને સૂર્યધર્મરૂપ છે. આમ અભેદબોધક શ્રુતિ तत्त्वमसि છાં.ઉ., ૬।૯।૮ અનુસાર બ્રહ્મના ધર્મો પણ બ્રહ્મરૂપ જ છે.[૬૦૮]

વળી "આ પરમાત્માની શક્તિ વિવિધ પ્રકારની જ શાસ્ત્રમાં જણાય છે."[૬૦૯] વગેરે ભેદબોધક શ્રુતિઓમાં ષષ્ઠી વિભક્તિથી બ્રહ્મના ધર્મો બ્રહ્મથી ભિન્ન હોવાનું પ્રતિપાદિત થાય છે. આમ અભેદબોધક અને ભેદબોધક શ્રુતિવાક્યોમાં બ્રહ્મના ધર્મો બ્રહ્મથી અભિન્ન અને ભિન્ન સિદ્ધ થાય છે. કારણ કે બ્રહ્મના ધર્મો લૌકિકધર્મોનો અનુવાદ કરે છે અને નિષેધ કરનારી શ્રુતિ ધર્મોનો નિષેધ કરે છે. એ નિર્વિશેષ બ્રહ્મનું નિરાકરણ પૂર્વે

કરવામાં આવ્યું છે. આથી જ કહ્યું છે કે अस्थूलम् - बृ. उ. ३।८।८ વગેરે વાકયોથી બ્રહ્મ જગતથી વિલક્ષણ હોવાનું પ્રતિપાદિત થાય છે. પરંતુ વેદોકત બ્રહ્મના ધર્મોનો (નિષેધ) થઈ શકતો નથી.[610] આમ બ્રહ્મના ધર્મો પણ બ્રહ્મથી અભિન્ન અને ભિન્ન હોવાનું સૂર્ય અને પ્રકાશના દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે.

પ્રકાશ સૂર્યથી ઉત્પન્ન થયેલું અન્ય તેજ કહેવાય નહિ. કારણ કે "જે સૂર્યમાં રહેલું તેજ........"[611] એ શ્લોકમાં પ્રકાશ ભગવાનનું તેજ હોવાથી નિત્ય-અજન્ય છે. આમ પ્રકાશ સૂર્યથી ઉત્પન્ન અન્ય તેજ હોવાનું પ્રમાણિત થતું નથી. કારણ કે ભેદની કલ્પના-સૂર્ય અને તેજ ભિન્ન હોવાની માન્યતા-પ્રમાણ-રહિત છે અને ગૌરવદોષયુકત છે. આથી જ કહ્યું છે કે ભગવાન સ્વપ્રકાશ છે, તેનાથી આ બધું પ્રકાશી રહ્યું છે કે પોતાના આત્માને પ્રકાશિત કરે છે. તે "સ્વરોચિ:" કહેવાય છે.[612] આમ ભગવાન સ્વયં પ્રકાશમાન છે. આથી પ્રલયકાળમાં સૂર્યનો લય થાય ત્યારે તેજ ભગવાને જ આપેલું હોવાથી ભગવાનમાં જ સ્થાન મેળવે છે. આમ પ્રલયમાં સૂર્યના તેજનો કહેવાતો નાશ થવા છતાં તેની અનિત્યતા એ ભગવદીયતા રહિત નથી, એટલે તેજયુકત સૂર્યનો ભગવાનમાં જ લય થાય છે.[613] અર્થાત નાશ થતો નથી. સૂત્રકાર બાદરાયણ વ્યાસ કહે છે કે જેમ પ્રકાશના આશ્રયો-સૂર્ય વગેરે પ્રકાશથી ભિન્ન નથી, તેમ અભિન્ન પણ

નથી. કારણ કે સૂર્ય અને પ્રકાશ બન્નેય તેજ કહેવાય છે.[૬૧૪] અહીં "ત" શબ્દ પૂર્વપક્ષના નિરાકરણ જેમ પ્રકાશ અને તેનો આશ્રય સૂર્ય વગેરેનો અભેદ છે, તેમ બ્રહ્મ અને બ્રહ્મના ધર્મનો અભેદ છે. આથી જ કહ્યું છે કે જેમ પ્રકાશના આશ્રયો પ્રકાશથી ભિન્ન નથી, કારણ કે તે બન્ને અલગ રહી શકતાં નથી, એકબીજામાં જોડાયેલાં છે, અને મૂળ-સૂર્ય-માંથી છૂટા પડયા વિના સૂર્યને આધારે રહેલાં છે.[૬૧૫]

પ્રકાશ અને તેનો આશ્રય સૂર્ય તેજથી ભિન્ન છે. અર્થાત પ્રકાશ ભિન્ન છે અને સૂર્યાદિ રૂપ તેજ ભિન્ન છે એવી શંકાના નિરાકરણનું કારણ છે : "પોતાના આશ્રયથી અભિન્ન તેજ હોવાથી" એમ અર્થ થાય છે.[૬૧૬] અર્થાત પ્રકાશના આશ્રય સૂર્યથી તેજ અભિન્ન હોય છે.

"બ્રહ્મમાં તેજ નથી" એવી શંકા દૂર કરવા બીજું કારણ આપવામાં આવે છે :"તેજથી ભિન્ન કોઇપણ વસ્તુમાં આવી ધર્મની અભિન્નતા જોવા મળતી નથી. આથી બ્રહ્મમાં જ તેજ હોવાનો હેતુ કહેવાય છે. કારણ કે જે જ્યોતિ સ્વર્ગની પાર દીપી રહે છે."[૬૧૭] શ્રુતિ બ્રહ્મમાં જ તેજનું પ્રતિપાદન કરે છે. "સૂર્યમાં રહેલું તેજ"....એ ગીતાના વાકયમાં તેજ બ્રહ્મના ધર્મ તરીકે નિરૂપિત થયું છે. આથી બ્રહ્મ તેજ સ્વરૂપ છે. આમ ધર્મ-તેજ અને ધર્મી-બ્રહ્મનું ઐક્ય સમજાય છે. કારણ કે ધર્મથી

વિશિષ્ટ બ્રહ્મનું "એક જ અદ્વિતીય બ્રહ્મ" એ શ્રુતિ વાકયથી પ્રતિપાદન થાય છે. અહીં "જ" શબ્દ ભગવાન અને ભગવાનના ધર્મ સિવાયની જ વસ્તુને જુદી કરે છે, પરંતુ ભગવાનના ધર્મો ભગવાનથી જુદાં નથી.[૬૧૮] કારણ કે ભગવાનના સ્વરૂપમાં જ તેમના ધર્મોનો અન્તર્ભાવ-સમાવેશ થાય છે. જેમ "બપોરે આકાશમંડળમાં સૂર્ય છે." એ વાકયથી સૂર્યની પ્રભાની સત્તાનો નિષેધ કરવામાં આવતો નથી, તેમ "એક જ, અદ્વિતીય બ્રહ્મ" શ્રુતિથી બ્રહ્મધર્મનો નિષેધ થતો નથી. આથી જ શ્રીમદ ભાગવતના દ્વિતીય સ્કંધમાં બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરતાં રાજા પરીક્ષિત દ્વારા પૂછાયેલા શુકદેવ કહે છે કે જયાં માયા નથી, તો બીજાં કયાંથી હોય ? જયા ભગવાનના સેવક દેવો અને દૈત્યોએ પૂજેલાં રહે છે.[૬૧૯]

ભગવાનના સેવકો ભગવાનની જેમ શ્યામ અને શુદ્ધ છે. કમળ જેવા નેત્રવાળા છે, પીતાંબરધારીઓ, સારી કાંતિવાળા, અતિ કોમળ, પરવાળું, વૈડૂર્યમણિ અને કમળના તન્તુ જેવી કાંતિવાળા છે. કાનમાં કુંડળ અને મસ્તક ઉપર મુકુટથી શોભાયમાન તે બધા ભકતો દેખાય છે.[૬૨૦]

મહાપુરૂષોનાં શોભા આપતાં વિમાનોથી તે દેદીપ્યમાન લોક દેખાય છે. પણ જેમ વાદળાં અને વીજળીઓ આકાશને શોભાવે તેમ ઉત્તમ સ્ત્રીઓની કાંતિઓ તેની શોભામાં વધારો કરે છે.[૬૨૧]

જયાં સાક્ષાત લક્ષ્મી સ્વરૂપ ધરીને નાના વૈભવ વડે અનેક રીતે ઉરુગાય-પુરૂષોત્તમ ભગવાનને માન આપે છે, તે જયારે હિંડોળામાં બેસીને પ્રિયનું કર્મ ગાય છે ત્યારે વસન્ત-ઋતુના ગાયક ભ્રમરોને લક્ષ્મીનું ગાન કરે છે.[૬૨૨]

તે વ્યાપિ વૈકુંઠમાં સર્વ ભકતોનો પતિ, યજ્ઞના પતિ, જગતના પતિ, સુનંદ, નંદ, પ્રબળ, અર્હણ વગેરે મુખ્ય પાર્ષદોથી સેવાયેલા ભગવાનને બ્રહમાએ જોયા.[૬૨૩]

દાસ-સેવક પર કૃપાવાળા, માદક દૃષ્ટિવાળા, પ્રસન્ન હાસ્ય અને સુન્દર આંખવાળા, મુકુટધારી, કુંડળવાળા, ચાર-ભુજાવાળા પીતાંબરધારી અને વક્ષ: સ્થળમાં લક્ષ્મીને રાખનાર ભગવાનને બ્રહમાએ જોયા.[૬૨૪]

અત્યંત પૂજય આસન ઉપર બેઠેલા, ચાર, સોળ અને પાંચ શકિતઓથી વીંટાયેલા, પોતાના સિવાય તે શકિતઓ બીજે કયાંય સ્થાયી રૂપે નિવાસ કરતી નથી, તે પ્રભુ પોતાના સ્વરૂપમાં જ રમણ કરનાર ઇશ્વર છે.[૬૨૫]

આથી જ ભગવાનના ધર્મો ભગવાનમાં જ નિત્ય નિવાસ કરે છે. ઐશ્વર્ય વગેરે ભગવાનના ધર્મો ભગવાનની ઇચ્છા સુધી ભકતમાં રહે છે. આથી જ કહયું છે કે ભગવાને કૃપાથી આપેલાં ઐશ્વર્યાદિ નિત્ય હોતાં નથી. આમ ભગવાન આનંદમય હોવાથી સર્વ સામગ્રી નિત્ય હોવા છતાંય તે સ્વસ્વરૂપમાં જ રમણ કરે છે.[૬૨૬]

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધના અક્રૂરે કરેલા ભગવાનના સ્વરૂપના દર્શનમાં કહ્યું છે કે શ્રી, પુષ્ટિ, ગિરા, કાંતિ, કીર્તિ, તુષ્ટિ, ઇલા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા વગેરે બાર શક્તિઓથી સેવાયેલા.[૬૨૭] અહીં તૃતીયા વિભક્તિનો પ્રયોગ ઇશ્વરથી ધર્મોના ભેદ નિરૂપે છે. જ્યારે સત્ય, જ્ઞાન અનન્ત એ ધર્મોના અભેદ નિરૂપે છે. તે આ પ્રમાણે છે.

દશમ સ્કંધ પૂર્વાર્ધના પ્રક્ષિપ્ત અધ્યાય-૨ જામાં બ્રહ્માએ ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરી તે પ્રસંગમાં કહ્યું છે કે અણિમા વગેરે આઠ ઐશ્વર્ય અને અજા વગેરે ઐશ્વર્ય જેની સેવામાં હાજર રહે છે, મહદ વગેરે ચોવીશ તત્ત્વો જે સ્વરૂપોની સેવા કરી રહ્યાં છે.[૬૨૮]

કાલ, કર્મ સ્વભાવ સંસ્કાર કર્મ, કામ ગુણ વગેરે પોતાના મહિમાથી બીજાના માહાત્મ્યને દૂર કરી દે એવા છે, તે પણ પ્રભુની સેવા માટે મૂર્તિ ધારણ કરીને સેવા કરે છે.[૬૨૯]

સત્ય, જ્ઞાન, અનંત અને આનંદમાત્ર એક રસાત્મક સ્વરૂપ, ઉપનિષદના જ્ઞાનવાળા પણ જેના મહિમાને જાણી શકતાં નથી.[૬૩૦] આમ વાક્યોની એકવાક્યતા થાય છે, એટલે બધાં ધર્મો સચ્ચિદાનન્દરૂપ સિદ્ધ થાય છે. ભગવાનની લીલા પણ સચ્ચિદાનન્દરૂપ છે, એટલે તે ભગવાનમાં જ નિત્ય રહે છે. કારણ કે તે "ભગવાનના જ્ઞાનની જેમ ભગવાનમાં એકનિષ્ઠ છે," એમ અનુમાનથી પણ લીલાની નિત્યતા સિદ્ધ થાય છે.[૬૩૧]

## સમીક્ષાત્મક નોંધ

શ્રી વિઠ્ઠલનાથજીએ વિરૂદ્ધધર્માશ્રયતાનું વિદ્વન્મંડનમાં વિસ્તારપૂર્વક નિરૂપણ કર્યું છે. વિરૂદ્ધધર્માશ્રયતા એ બ્રહ્મના ધર્મોને કારણે છે. કારણ કે બ્રહ્મ પરસ્પર અનેક વિરોધી ધર્મોનો આધાર છે. શુદ્ધાદ્વૈત દર્શન અને પુષ્ટિમાર્ગના આધારભૂત સિદ્ધાંત તરીકે વિરૂદ્ધધર્માશ્રયતાનું મહત્વ અનેક રીતે વિચારણીય છે.

૧. બ્રહ્મ "સર્વત્ર હાથ અને પગના અંતવાળું છે," તેનો વિશદ વિચાર થયો છે. અર્થાત બ્રહ્મની અનન્તશકિત જ વિરૂદ્ધધર્માશ્રયનું કારણ છે.

૨. શુદ્ધાદ્વૈત દર્શનમાં શ્રુતિવાકયના નિષેધ અને વિશેષનો વિચાર થયો નથી. આથી બ્રહ્મના નિર્વિશેષ કે સવિશેષ સ્વરૂપમાં ભિન્નતા નથી.

૩. એક જ બ્રહ્મ વિભિન્ન અનેક ધર્મોને ધારણ કરે છે. આમ વિરૂદ્ધધર્માશ્રયતા બ્રહ્મની શકિત અને સામર્થ્યનો પરિચય કરાવે છે.

૪. બ્રહ્મના વિરૂદ્ધધર્માશ્રયથી જ ભગવાનની વિવિધ લીલાઓના સ્વરૂપનું જ્ઞાન થઇ શકે છે. કારણ કે પૌગંડલીલામાં જે ભગવાનનું સ્વરૂપ છે, તે જ સ્વરૂપ પૂતનાને મુકિત આપવાની સ્થિતિમાં પણ રહે છે.

૫. બ્રહ્મના અપ્રાકૃત ધર્મો જ વિરૂદ્ધધર્માશ્રયતાની પ્રતીતિ કરાવે છે. આમ લૌકિક ધર્મોથી રહિત બ્રહ્મ જ સહજ અનન્તધર્મયુક્ત છે.

૬. રસરૂપ બ્રહ્મ પણ વિરૂદ્ધસર્વધર્મનો આધાર છે. આથી બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રય છે.

૭. સચ્ચિદાનન્દરૂપ બ્રહ્મની લીલા નિત્ય છે. કારણ કે "સચ્ચિદાનન્દ" એ બ્રહ્મના જ ધર્મો છે.

સચ્ચિદાનન્દ બ્રહ્મની લીલાઓ વિરૂદ્ધસર્વધર્મનું દર્શન કરાવે છે. આથી સચ્ચિદાનન્દ સ્વરૂપ બ્રહ્મ જ વિરૂદ્ધધર્માશ્રય હોવાથી જ લીલાના ધર્મો ધારણ કરે છે.

વિરૂદ્ધધર્માશ્રયતાના નિરૂપણ પછી લીલાની નિત્યતાનું નિરૂપણ એમ નિર્દેશ કરે છે કે વિરૂદ્ધધર્માશ્રય બ્રહ્મ જ લીલા-વિગ્રહ ધારણ કરે છે. આમ લીલાને ધારણ કરનાર બ્રહ્મની લીલા પણ નિત્ય જ છે.

## पाद टीप

1. अ॰भा॰ 3/2/24 : यतः संराधने सम्यक् सेवायां भगवत्तोषे जाते दृश्यते ।

2 तत्रैव, 3/2/24 : अतो लौकिकालौकिकप्रत्यक्षविषयावादृश्य वाक्यार्थरूपमपि ब्रह्म ।

3 तत्रैव, 3/2/27 : यथा सर्प भुजुरनेकाकारः कुण्डलश्च भवति तथा ब्रह्मस्वरूपं सर्वप्रकारं भक्तेच्छया तथा स्फुरति ।

4 तत्रैव, 3/2/27 : तस्मात्सकलविरुद्धधर्मा भगवत्येव वर्तन्त इति ।

5 भ॰गी॰, 13/14 : सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ।।

6 श्वे॰ उ॰, 3/19 : अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।

7 सुबो॰, 2/9/32 : सर्वरूपसमर्थत्वमतो ब्रह्मणि गीयते ।

8 भाग॰, 10/29/42 : आत्मारामोऽप्यरीरमत् ।

9 सुबो॰ 10/26/42 : आत्मारामस्य आत्मनैव रमणं व्यावर्तयितुमपि-शब्दः ।

2

10 भाग. 10/8/40 : अथो अमुष्यैव ममार्भकस्य
य: कश्चनौत्पत्तिक आत्मयोग: ।

11 वि.मं., पृ. 195 :...ब्रह्मणो समवायित्वं न युक्तिगम्यम्
किन्तु श्रुत्येकगम्यम् ।

12 अ.भा., 3/1/24 : तस्मात्प्रत्यक्षानुमानाभ्यां श्रुतिस्मृतिभ्यां
वा ब्रह्म साकारमनन्तगुणपरिपूर्णमिति
नाव्यक्तमेवेति निश्चय: ।

13 ब्र.सू.शां.भा., 1/4/23 : प्रकृतिश्चोपादानकारणं च ब्रह्माभ्युपगन्तव्यं
निमित्तकारणं च । न केवलं निमित्तकारणम् ।

14 व.प., 6, पृ. 306 : प्रपञ्चस्य परिणाम्युपादानं माया, न
ब्रह्म इति सिद्धान्त: ।

15 सि.ले., 1, पृ. 104-105 : जीवाश्रितमायाविषयीकृतं ब्रह्म
स्वत एव जाड्याश्रयप्रपञ्चाकारेण विवर्तमानत-
योपादानमिति मायासहकारिमात्रत्वम् ।

16 तत्रैव, 1, पृ. 107 : मायाशक्तिरेवोपादानम्, न ब्रह्म ।

17 ब्र.सू.शां.भा., 2/1/27 : न च निरवयवत्वशब्दकोपोऽस्ति,
श्रूयमाणत्वादेव निरवयवत्वस्याप्यभ्युपगम्यमान-
त्वात् ।

18 तत्रैव, 2/1/27 : पारमार्थिकेन च रूपेण सर्वव्यवहारातीतमपरिणतमवतिष्ठते ।

19 तै.उ.शां.भा., 2/1 : न हि कारणव्यतिरेकेण कार्यं नाम वस्तुतोऽस्ति ।

20 सि.बि., पृ. 84 : ननु ब्रह्मणो जगदुपादानत्वेनोपादानोपादेययोश्चाभेदाद्विचित्रजगदभिन्नत्वेन ब्रह्मणो-दुःखरूपत्वान्न तदभिन्नत्वेन जीवस्य परमपुरुषार्थप्राप्तिरित्याशङ्क्य ब्रह्मणः स्वप्रकाशपरमानन्दरूपत्वान्निखिलजगद्भ्रमाधिष्ठानत्वेन कारणव्यपदेशार्हस्य तेन च समं सम्बन्धाभावान्न-तत्रानर्थलेशोऽप्यस्ति ।

21 ब्र.सू.शां.भा., 2/1/22 : यत्सर्वज्ञं सर्वशक्ति ब्रह्म नित्यशुद्धबुद्धमुक्तस्वभावं शरीरादधिकमन्यत् तद्वयं जगतः स्रष्टृ ब्रूमः ।

22 त.दी.नि., 1/68 : जगतः समवायि स्यात्तदेव च निमित्तकम् ।
कदाचिद्रमते स्वस्मिन् प्रपञ्चेऽपि क्वचित् सुखम् ॥

23 त.दी.नि. (पृ. ), 1/68 : सर्वस्यापि जगतः कार्यरूपस्य च ब्रह्मैव समवायिकारणम् ।

24 बृ.उ., 3/7/11 : "एतद्वै तदक्षरं गार्गि यस्मिन्नाकाश ओतश्च प्रोतश्चेति ।"

25 तै.उ., 2/1 : तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः ।

26 त.दी.नि., (पृ.) 1/68 : यदा स्वस्मिन् रमते तदा प्रपञ्चमुप-
संहरति । यदा प्रपञ्चे रमते तदा प्रपञ्चमुप
विस्तारयति । प्रपञ्चभावो भगवत्येव लीना-
प्रकटीभवतीत्यर्थः ।

27 भाग., 10/85/4 : यत्र येन यतो यस्य यस्मै यद्यथा यदा ।
त.दी.नि., 1/69 : स्यादिदं भगवान् साक्षात् प्रधानपुरुषेश्वरः ॥

28 सुबो., 1/1/1 : अतो भिन्ननिमित्तोपादानं जगद्ब्रह्मकारणकमित्यु-
क्तं भवति

29 तत्रैव, 1/1/1 : न हि ब्रह्मणो जगत्कारणत्वं प्रत्यक्षसिद्धम् ।
श्रुतिसिद्धं तु तत् ।

30 वि.मं., पृ. 194-195 : शुद्धस्यैव कर्तृत्वेऽपि निमित्तत्व-
मात्रमस्तु कुलालन्यायेन, न तु समवायित्वमपि ।

31 तत्रैव, पृ. 195 : तथा सति ब्रह्मणो विकृतत्वापातो मृत्पिण्डवत् ।
सावयवत्वापातश्च ।

32 तत्रैव, पृ. 195 : कार्यस्यानर्थरूपत्वेन तद्रूपत्वस्य वक्तुमयुक्तत्वम् ।

33 वि.मं., पृ. 195 : यदि स्वबुद्धिकल्पितं ब्रह्मणः कर्तृत्वं स्याद्,
न स्यात् समवायित्वम् ।

34 तत्रैव, पृ. 195 : प्रमाणस्य ह्ययं स्वभावो यद् यथास्थितं वस्तु प्रभापयति, न तु स्वनिरूपकप्रकारं निर्मिमीते ।

35 न्या.को., पृ. 489 : पर्यनुयोगः दूषणार्थं जिज्ञासा ।

36 वि.मं., पृ. 195 : विकृतत्वादिधर्माश्च लोके समवायिषु दृश्यन्ते ।

37 ब्र.सू., 2/1/27 : श्रुतेस्तु शब्दमूलत्वात् ।

38 ह.तो., पृ. 196 : गुडार्थी जिह्वयैका सर्वगुडस्य माधुर्यज्ञानार्थं जिह्वायां यत्किञ्चिद्गुडस्थापनक्रिया । तथा या विकृतसमवायित्वं केवलं न बोधयति श्रुतिः । किन्तु विरुद्धसर्वधर्माश्रयत्वमपीति भावः ।

39 बृ.उ., 4/5/6 : आत्मा वा दृष्टे श्रोतव्यो मन्तव्यः ।

40 तै.उ., 2/4/1 : यतो वाचो निवर्तन्ते ।

41 ई.उ., 1/5 : तदेजति तन्नैजति ।

42 श्वे. उ., 3/19 : अपाणिपादो जवनो गृहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।

43 तत्रैव, 3/16 : सर्वतः पाणिपादान्तम् ।

44 क.उ., 1/2/20 : अणोरणीयान् महतो महीयान् ।

45 बृ.उ., 3/8/8 : अस्थूलमनणु...

46 वि.मं., पृ. 196 : श्रौतत्वान्नैकतरबाधो वक्तुं शक्यः ।

47 ब्र. सू. शां. भा., 1/3/41 : नामरूपयोरपि निर्वहणं निरङ्कुशं-

न ब्रह्मणो न्यत्र सम्भवति ।

48 भाग., 8/3/24 : निषेधशेषो जयतादशेषः ।

49 वि. चू., 241 : ज्ञातृज्ञेयज्ञानशून्यमनन्तं निर्विकल्पकम् ।

केवलाखण्डचिन्मात्रं परं तत्वं विदुर्बुधाः ॥

50 ब्र. सू., शां. भा., 1/3/13 : परमेव ब्रह्मेहाभिध्यातव्यमुप-

दिश्यते । कस्मात् ? ईक्षतिकर्मव्यपदेशात् ।

51 तत्रैव, 3/2/22 : किंचिद्धि परमार्थमालम्ब्यापरमार्थः

प्रतिषिध्यते यथा रज्ज्वादिषु सर्पादयः ।

तच्च परिशिष्यमाणे कस्मिंश्चिद्भावेऽवकल्पयते ।

52 भा. द., भा. 2, पृ. 529

53 ब्र. सू. शां. भा., 2/3/9 : सामान्याद्धि विशेषा उत्पद्यमाना दृश्यन्ते

मृदादेर्घटादयो, न तु विशेषेभ्यः सामान्यम् ।

54 बृ. उ. शां. भा., 2/4/9 : अनेका हि विलक्षणाः चेतनाचेतनरूपाः

सामान्यविशेषाः, तेषां पारम्पर्यगत्या एकस्मिन्

महासामान्ये अन्तर्भावः प्रज्ञानघने.... ।

55 तत्रैव, 2/4/7 : सामान्यस्यग्रहणेनैव तद्गताः विशेषा गृहीता भवन्ति ।

56 ब्र. सू. शां. भा., 3/2/22 : वाङ्मनसातीतत्वमपि ब्रह्मणो नाभावाभि-

प्रायेणाभिधीयते ।

57 तत्रैव, 3/2/11 : अतश्चान्यतरलिङ्गपरिग्रहेऽपि समस्तविशेषरहितं निर्विकल्पकमेव ब्रह्म प्रतिपत्तव्यं न तद्विपरीतम् ।

सर्वत्र, हि ब्रह्म ब्रह्मस्वरूपप्रतिपादनपरेषु वाक्येषु "अशब्दमस्पर्शमरूपम व्ययम् (क॰ 3/1/5, मुक्तिको॰ 2/72) इत्येवमादिष्वपास्तसमस्त-विशेषमेव ब्रह्मोपदिश्यते ।

58 वि॰मं॰, पृ॰ 196-197 : न ह्येकं वस्तु स्वत एव सविशेषं-निर्विशेषं चेत्यवधारयितुं शक्यम्, विरोधात् ।

59 तत्रैव, पृ॰ 197 : सर्वगतत्वेन पृथिव्याद्युपाधिसम्बन्धोऽस्तीति-तन्निबन्धनमस्थूलत्वादिकम् ।

60 अ॰भा॰, 3/2/11 : अस्थूलेऽस्थूलोऽनणावनणुरुच्चावचकर्तर्युच्चा-वचकर्तोच्चावचकामे चोच्चावचकामः पृथिव्यां-सर्वगन्धो जलादावगन्ध इत्युभयरूपत्वमुपपद्यत इति ।

61 वि॰मं॰, पृ॰ 197 : न ह्यौपाधिकत्वे वस्तुस्वभावता संभवति ।

62 सु॰सू॰, पृ॰ 197 : उपाधिसम्बन्धेनोपगम्यमानमणुत्वादिकं स्वाभाविकत्वेनोपगम्येत ? उत आरोपितत्वना-ध्वागन्तुकत्वेन ?

63 वि॰मं॰, पृ॰ 197 : न हि जपाकुसुमारुण्णिमानं गृह्यानं स्फटिकोऽरुणो भवति ।

64 ह.तो., पृ. 197 : यथा स्फटिकोऽरुणो न भवति, तथा ब्रह्मण्यारोपितमकर्तृत्वादिकमादाय तथा न भवतीत्यर्थः ।

65 वि.मं., पृ. 197 : न वा परोऽरुणश्चित्रो वा भवन् त्रिरूपो भवति ।

66 ह.तो., पृ. 197 : यथा पटोऽन्यरूपस्वकीयरूपाभ्यां द्विरूपो न भवति, तथा ब्रह्माप्युपाधिगतस्वगतकर्तृत्वाकर्तृत्वाभ्यां- विरुद्धोभयरूपं न भवतीत्यर्थः ।

67 वि.मं., पृ. 197–198 : तत्रावयवावच्छेदकल्पनया तथा वचनेऽपि- ब्रह्मणि न तथा वक्तुं शक्यम् । निरवयवत्वात् ।

68 न्या.को. पृ. 83 : अवच्छेदः – यथा अग्रे वृक्षः कपिसंयोगी न मूल इत्यादौ संयोगादेरव्याप्यवृत्तित्वनियामको वृक्षा- कावयवो मूलाग्रादिप्रदेशः (वाच० (पृ. 83)

69 ब्र.सू.शां.भा., 3/2/15 : उपाधीनां चाविद्याप्रत्युपस्थापितत्वात् ।

70 वि.मं., पृ. 198 : तस्मात्...अस्तसमस्तविशेषं तदिति प्रतिपत्तव्यम् ।

71 तत्रैव, पृ. 198 : न च सविशेषस्यापि श्रौतत्वान्निर्विशेषस्यैवबाधो वक्तुं शक्यः ।

72 ब्र.सू., शां.भा., 3/2/12 : भिन्नं हि प्रतिविधं ब्रह्मण आकारा- उपदिश्यन्ते । तस्मात्सविशेषत्वमपि ब्रह्मणो भ्यु- पगन्तव्यम् ।

73 वि.मं., पृ. 198 : ...बृह्मनिकप्रसक्त्वै कमेवाद्वितीयं मिति श्रुतिविरोधश्च ।

74 बृ.उ., 1/3/22 : समो मशकेन समो नागेन ।

75 वि.मं., पृ. 198 : तच्च स्वतो निर्विशेषत्वे हवोपपद्यते ।

76 तत्रैव, पृ. 198 : ...अन्योन्याश्रय: तर्कविशेष: । अयमितरेतराश्रयशब्देन सर्वदर्शनसंगृहे अक्षपाददर्शने उक्त: (सर्व द. पृ. 239) ।

78 इ.तो., पृ. 198-199 : मशकपरिमाणाश्रयत्वं नागे नास्ति, नागपरिमाणं नागे नास्ति ।

79 तत्रैव, पृ. 198 - 199, : इत्युपाधिपरिमाणानां परस्पराश्रयाश्रयिभावो नास्तीत्यर्थ: ।

80 वि.मं., पृ. 199 : अलौकिकापेक्षया लौकिकस्तु जघन्यत्वात् ।

81 ऋ.सं., 10/99/1 : सहस्त्रशीर्षा..... ।

82 वि.मं., पृ. 119 : तदलौकिकविकल्पनेन बृह्मणि सर्वभवनसमर्थविरुद्ध सर्वाधारत्वादिरूपा लौकिक शक्तिकल्पनेन च गौरवात् ।

83 तत्रैव, पृ. 119 : अस्थूलादिश्रुतिविरोधेन, तत्कल्पनमप्यशक्यम् ।

84 गं.भ., पृ. 199 : उप जीव्यस्य कारिकायां निषेधाश्च बलीयांस इति न्यायेन विशेषाणामविद्याकल्पितत्वेनाङ्गीकारादित्युक्तम् ।

.10

85 वि. मं., पृ. 200 : न हि सविशेषनिरूपिका श्रुतिर्ब्रह्मस्वरूपं निरूपयितुं प्रवृत्ता ।

86 तत्रैव, पृ. 200 : ... इति न गौरवादिदूषणग्रास इत्युच्यते ।

87 तत्रैव, पृ. 200 : किन्तु तस्य दुर्ज्ञेयत्वे यथाकथंचित्तत्प्रवणत्वे चित्तस्य शुद्धिर्भविष्यति ।

88 तत्रैव, पृ. 200 : ततः स्वयमेव प्रत्यक्ब्रह्म स्वरूपं ज्ञास्यति... ।

89 तत्रैव, पृ. 200 ... भावनासुगमत्वाय च लौकिक प्रसिद्ध विशेषवत्तदनुवदति ।

90 तत्रैव, पृ. 200 : अत एव अरूपवदेव हि तत्प्रधानकत्वम् इति सूत्रकारो व्याह ।

91 ब्र. सू. शां. भा., 3/2/14 : तस्मादेवंजातीयकेषु वाक्येषु यथाश्रुतं निराकारमेव ब्रह्मावधारयितव्यम् ...... उपासनाविधिप्रधानानि हितानि... ।

92 वि. मं., पृ. 200-201 : न ह्येवं सति सविशेषरूपकश्रुतिवन्निर्विशेषरूपकाणां स्वरूपमात्रनिरूपणं विहायान्यत्प्रयोजनं घटते ।

93 बृ. उ., 2/3/6 : तत्केन कं पश्येत् ।

94 वि. मं., पृ. 201 : तस्य वृत्त्यविषयत्वात् ।

)• ।।

95 सु.सू., पृ. 200 : वृत्तिज्ञानाभिव्यञ्जको मनोधर्मः, सा नेत्र किरणद्वारा बहिर्निर्गच्छन्ती पुरः स्थितेन घटादिना विषयेण संसृज्य तदाकारा भवति तदा तद्वारा निर्गतं साक्षिचैतन्यमपि तथा भवति; कुल्याद्वारा निर्गतं महासरःसलिलं केदारं प्राप्य तनुवर्ताधाकारतां यथा प्नोति तद्वत् । एवं जीवचैतन्यविषयचैतन्ययोरैक्ये विषयसाक्षात्कारः... ।

96 सु.सू., पृ. 201 : वृत्त्यविषयत्वेन दुर्ज्ञेयत्वादेव ।

97 बृ.उ., 2/3/6 : अथात आदेशो नेति नेतीति ।

98 के.उ., 1/3 : अन्यदेव तद्विदितादथो अविदितात् ।

99 वि.मं., 201 : एवं च सति निर्विषयज्ञानस्वरूपवन्निष्प्रतियोगिका भावरूपविमेव भवेत् ।

100 न्या. को. पृ. 711 : विषयताकान् । यथा अयं घट इति ज्ञाने घटत्वम् विषयः ।

101 तत्रैव, : घटाभावस्य घटो विरोधी भवति ।

102 बृ.उ., 4/5/13 : स यथा सैन्धवघनो नन्तरो बाह्यः कृत्स्नो रसधन एवैवं वारे अयमात्मा नन्तरो बाह्यकृत्स्नः प्रज्ञानधन एव ।

103 बृ.उ., 2/3/1 : "द्वे वाव ब्रह्मणो रूपे मूर्तं चैवामूर्तं च" ।

12

104 तत्रैव, 2/3/6 : "अथात् आदेशो नेति नेतीति ।"

105 वि.मं., पृ. 202 : तत्रेतिशब्दस्य संनिहितावलम्बनत्वम् ।

106 ब्र.सू.शां.भा. 3/2/22 : इति ह स्मोपाध्याया ऊचुः ।

107 वि.मं., पृ. 202 : प्रकृते पि पूर्वनिरूपितरूपद्वयस्य सन्निहितत्वेन तन्निषेध एव ब्रह्मणि" नेति नेतीत्यनेन प्रतिपाद्यते ।

108 तत्रैव, पृ. 202 : एवं सति विशेषनिरूपिकाः श्रुतयो निषेध्यकोटि निरूपिकाः... ।

109 तत्रैव, पृ. 203 : न हि वस्तु सन्निषेधार्हं भवति ।

110 के.उ., 1/4 : तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।

111 के.उ., 1/6 : ...नेदं ब्रह्म इत्यनात्मनो ब्रह्मत्वं पुनरुच्यते.... ।

112 क.उ. 1/41/1 : "कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन् ।"

113 ह.तो., पृ. 203 : ब्रह्मणि सर्वविशेषशून्यत्वमुचितं नेत्यर्थः ।

114 वि.मं., पृ. 19 : उपजीव्यत्वात्, श्रौतवाक्येषु चान्यपरत्वतः । अन्तरङ्गत्वतश्चापि निर्विशेषं निरूप्यते ।।

115 ह.तो., पृ. 203 : दृश्यस्याविद्याकल्पितत्वेन सविशेषश्रुतिसमानयोगक्षेमत्वात् ।

116 बृ.उ., 4/5/15 : तत् केन कं पश्येत् ।

117 इ.तो., पृ. 203 : इति प्रतिपाद्यदर्शनस्याविधकत्वमवगम्येत ।

118 क.उ.शां.भा., 2/4/1 : न हि बाह्यविषयालोचनपरत्वं-
प्रत्यगात्मेक्षणं चैकस्य संभवति ।

119 ब्र.सू.,शां.भा., 3/2/11 : न ह्येकं वस्तु स्वत एव रूपादि-
विशेषोपेतं तद्विपरीतं चेत्यवधारयितुं शक्यं-
विरोधात् ।

120 क.उ., 2/5/15 : न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो
भान्ति कुतो यमग्निः ।

श्वे.उ., 6/14 : तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं
मुं.उ., 2/2/10 : विभाति ॥

121 क.उ.शां.भा., 2/5/15 : न तत्र तस्मिन्स्वात्मभूते ब्रह्मणि सर्ववि-
भासको पि सूर्यः भाति तद्ब्रह्म न प्रकाशयतीत्यर्थः ।

122 मु.उ., 3/1/8 : न चक्षुषा गृह्यते नापि वाचा नान्यैर्देवैस्तपसा
कर्मणा वा ।

123 तत्रैव, 1/1/6 : यत्तदद्रेश्यमग्राह्यम्

124 श्वे. उ., 6/19 : निष्कलं निष्क्रियं शान्तं.... ।

125 ब्र.सू.शां.भा., 3/2/15 : उपाधिनिमित्तस्य वस्तुधर्मत्वानुपपत्तेः ।

14

126 ब्र.सू., 3/2/22 : प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः ।

127 बृ.उ., 2/3/6 : न ह्येतस्माद् इति "ब्रह्मणः" परमन्यदस्ति ।

128 अ.भा., 3/2/11 : जडजीवधर्मत्वेन प्रतीतानामत्र विचारः क्रियते ।

129 अ.भा.प्र., 3/2/11 : तथा च संशयः..... ब्रह्मोभयलिङ्गमुतैकविधलिङ्गमिति ।

130 अ.भा., 3/2/11 : उच्चावचकर्मणां कामानां च जीवगतत्वप्रतीतेः ।

131 भा.प्र., 3/2/13 : तत्र धर्मश्रुतेरुपासनार्थतयोपचारात्...., निषेधश्रुतेस्तु.....स्वरूपबोधनमात्रैक फलत्वात् निर्विशेषलिङ्गमेव प्रतिपत्तव्यमिति पूर्वः पक्षः ।

132 अ.भा., 3/2/11 : एवं स्थानतः परस्योभयलिङ्गमुपपद्यते ।

133 तत्रैव, 3/2/11 : अन्यथासतः सज्जननप्रसंग.... ।

134 ब्र.सू., 3/2/11 : न स्थानतोऽपि परस्योभयलिङ्गं सर्वत्र हि ।

135 अ.भा., 3/2/11 :.. ज्ञानानन्तरमेव सायुज्यप्राप्तेः ।

136 तत्रैव, 3/2/11 : तस्मान्न मतान्तरानुसारेण जडजीवधर्माणां सत्त्वासत्त्वे परिहर्तुं शक्ये ।

137 तत्रैव, 3/2/12 : एकस्य भेदस्याङ्गीकारे सर्वमुपपद्यते

9.15

138 तत्रैव, 3/2/12 : तस्मान्न भेदाङ्गीकारेण श्रुतयो योजयितुं शक्याः ।

139 अ.भा., 3/2/13 : एवमेवाभेदमेव भेदनिषेधेनैकेशाखिनो वदन्ति ।

140 तत्रैव, 3/2/13 : तस्मादुपनिषत्सु सर्वप्रकारो विरोधः सिद्धः ।

141 वि.मं., पृ. 204 - 205 : जीवगता ब्रह्मगता वा, यत्कल्पिता-
विशेषाः ।

142 ह.तो., पृ. 204-205 : तस्माद्विष्यावरकमज्ञानं यथा रजतकल्पकं
न भवति, तद्वद्भावरकमज्ञानं विशेषधर्मकल्पकं न
भवति.... ।

143 वि.मं., पृ. 205 : तस्या ब्रह्मतद्धर्मकल्पने सामर्थ्याभावात् ।

144 तै.उ., 2/4 : यतो वाचो निवर्तन्ते । अप्राप्य मनसा सह ।

145 ह.तो., पृ. 205 : जीवावरकलिङ्गशरीरनिष्ठाया अविद्यायाः
सम्बन्धो दूरतर इत्यर्थः ।

146 क.उ., 2/1/1 : पराञ्चि खानि व्यतृणत्स्वयंभूः ।

147 तत्रैव, 2/1/1 : कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुर-
मृतत्वमिच्छन् ।

148 मुं. उ., 3/1/8 : ज्ञानप्रसादेन विशुद्धसत्त्वस्ततस्तु तं पश्यते
निष्कलं ध्यायमानः ।

149 भाग., 10/28/15 : यद्धि पश्यन्ति मुनयो गुणापाये समाहिताः ।

150 सुबो., 10/28/15 : वैकुण्ठारण्यं भगवत्स्थानं मुनयो मननशीला
अपि गुणापाय एव पश्यन्ति ।

151 बृ.उ., 2/4/14
4/5/15 : तत्केन कं पश्येत् ।

152 बृ.उ.भा., 2/4/14 : न तु परमार्थत आत्मव्यतिरेकेणास्ति किंचित् ।

153 वि.मं., पृ. 206 :... ब्रह्मणो दृश्यत्वमप्याविधकं ..मनीषिणाम् ।

154 वि.मं., पृ. 207 : अविद्यया ब्रह्मणि विशेषकल्पनायां दृश्यत्वं,
दृश्यत्वे च सत्यधिष्ठानज्ञाने सति तत्कल्पनमित्य-
न्योन्याश्रयः ।

155 सु.सू., पृ. 207 : अविद्यालेशसत्तासमये वास्तवस्यास्या
गोचरत्वाद्दर्शनक्रियाकर्मत्वानुपपत्तेः ।

156 वि.मं., पृ. 207 : अत्रावाचकत्वादीक्षणक्रियेत्यनुपपत्तिश्च ।

157 वि.मं., पृ. 208 : वस्तुनो नैसर्गिको धर्मो वास्तवस्तद्भिन्न
आगन्तुको धर्मस्त्ववास्तव इति ।

158 ह.तो., पृ. 208 : मुल्निष्टो यो नैसर्गिको धर्मः स घटे
नास्तीति घटो वास्तवो ज्ञानेन कल्पितः ।

159 वि.मं., पृ. 208 : तथा च प्रत्यक्षविरोधः ।

160 वि.मं., पृ. 208 : न ह्यज्ञानकल्पितमरुमरीचिकापाथसः
पानार्थी पिपासोर्नियमेन प्रवृत्तिः संभवति ।

825

7

161 ह.तो., पृ. 208 : तथा च शुक्तिकारजते दोषदशायां प्रतीयमानत्वमस्ति, घटे तथात्वं नास्तीति तयोर्भेद इति भावः ।

162 वि.मं., पृ. 208 : इदमंशस्यापि तथात्वापत्तेः ।

163 ह.तो., पृ. 209 : परन्तु दोषप्रयुक्तत्वं रजतांशे ।

164 वि.मं., पृ. 209 :.... इति वर्णांशेऽपि भ्रमत्वापत्तेः ।

165 तत्रैव, पृ. 209 :... तस्मिन्नंशे तस्य गुणत्वमेव ।

166 मा.पु., १२/२२: अविद्याप्युकाराय विषवज्जायते नृणाम् ।
अनुष्ठिताभ्युपायेन........ ॥

167 वि.मं., पृ. 210 : वस्तुतस्तु ब्रह्मधर्माः सर्वे एवागन्तुका एव, यतो नित्याः ।

168 श्वे. उ., 6/8 : न तस्य कार्यं करणं च विद्यते, न तत्समश्चाभ्यधिकश्च दृश्यते ।

। परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥

169 वि.मं., पृ. 210 : तत्सम्बन्धि यत्किञ्चित् कार्यं जन्यं नास्ति, किन्त्वजन्यमेव ।

170 तत्रैव, पृ. 211 : आनन्दमात्रकरपादमुखोदरादित्वात् ।

171 ह.तो., पृ. 211 : ज्ञानक्रियादीनां नित्यत्वात्तद्धेतुभूतमिन्द्रियादिकं नास्तीत्यर्थः ।

18 172 वि.मं., पृ. 211-212 : परा मनोवचनामयीदमित्थाया

ज्ञातुमशक्या विविधा..... शक्तयः ।

173 तत्रैव, पृ. 212 : सापि शक्तिः स्वाभाविकी, नत्वागन्तुकी ।

174 वि.मं., पृ. 212 : एवं सति नित्यं वस्तु सदविषया कल्पित-

मिति वक्तुं न शक्यम् ।

175 तत्रैव, पृ. 212 : तथापि निषेधपरत्वेन पृमेव ।

अतः सर्वा अपि शक्तयः स्वाभाविक्यः ।

176 तत्रैव, पृ. 212 : तथापि निषेधपरत्वेन दृष्टमेव ।

177 ए. उ., 1/1/1-2 : आत्मा वा इदमेक एवाग्र आसीन्नान्यत् ।

किं चन मिषत्, स ऐक्षत लोकान्नुसृजा इति इमां-

ल्लोकान् सृजत ।

178 वि.मं., पृ. 213 : अतः कर्तव्याशंकासामान्यनिषेधस्तु नोपपद्यते ।

179 छां.उ., 6/2/1 : सदेव सोम्येदमग्र आसीत् ।

180 श्वे.उ., 3/16 : सर्वतः पाणिपादान्तं सर्वतो क्षिशिरोमुखम् ।

181 तत्रैव, 6/8 : न तस्य कार्यं करणं च विद्यते ।

182 ह.मो., पृ. 213 : एतावता सर्वेषां भगवत्सम्बन्धीन्द्रियाणां

वेदप्रतिपाद्यत्वं समर्थितम् ।

183 ब्र.सू.,शां.भा., 1/3/19 : यत्परं ज्योति... तत्परं ब्रह्म,

तच्चापहतपाप्मत्वादिधर्मकं, तदेव जीवस्य

पारमार्थिकं स्वरूपं...नेतरदुपाधिकल्पितम् ।

827

19 184 T.V., P.56 : The golden Person seen within the sun and the Person seen within the eye, mentioned in Chand Up.I.6. are not some individual Soul of high eminence but the supreme Brahman.

185 सि. बि., पृ. 130 : स्वोपाधिभूताविद्यागुणत्रयभेदेन विष्णुब्रह्मरुद्रभेदात् ।

186 ब्र.सू.शां.भा., 2/1/14 : परमार्थावस्थायामीशित्रीशितव्यादिव्यवहाराभावः प्रदर्शयति । व्यवहारावस्थायां तूक्तः श्रुतावपीश्वरादिव्यवहारः ।

187 श्वे.उ., 6/8 : परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ।

188 छां.उ., 6/2/3 : तदैक्षत । बहु स्यां प्रजायेय ।

189 अ.भा., 1/1/2 : सर्वभावसमर्थत्वात्.... ।

190 मु.उ. 3/2/2 : यमेवैष वृणुते तेन लभ्यः ..... ।

191 वे.अ.भा., 1/1/11 :....पुरुषोत्तमप्राप्तौ स्वरूपयोग्यता सम्पाद्यते ।

192 ब्र.सू., 3/2/24 : अपि संराधने प्रत्यक्षानुमानाभ्याम् ।

193 अ.भा. 3/2/24 : द्विविधमपि रूपं दृश्यते ।

194 तत्रैव, 1/1/2 : सर्वथा निर्धर्मकत्वे सामानाधिकरण्यविरोधः । सत्यज्ञानादिपदानां धर्मभेदेनैव तदुपपत्तेः ।

195 ब्र.सू., 1/1/19 : अन्तस्तद्धर्मोपदेशात् ।

196 अ.भा., 1/1/19 : अन्तर्दृश्यमानः परमात्मैव । ... तस्य ब्रह्मणो धर्मा उदित्यादिधर्मा उपदिश्यन्ते ।

197 ब्र.सू., 1/1/21 : आकाशस्तल्लिङ्गात् ।

198 अ.भा., 1/1/21 : यावन्मुख्यपरत्वं संभवति तावन्न कस्यापि वेदान्तस्यापरब्रह्मपरत्वमिति मर्यादा ।

199 तत्रैव, 1/1/22 : अत एव प्राणः ।

200 छा.उ., 1/11/4 : कतमा सा देवतेति प्राण इति होवाच ।

201 ब्र.सू., 1/1/23 : ज्योतिश्चरणाभिधानात् ।

202 छा.उ., 3/13/7 : अथ यदतः दिवो ज्योतिर्दीप्यते ।

203 मु.उ., 3/1/8 : ज्ञानप्रसादेन विशुद्धसत्त्वस्ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः ।

204 क.उ., 1/2/20 : तमक्रतुः पश्यति वीतशोको धातुप्रसादान्महिमानमात्मनः ।

205 मु.उ., 3/2/3 : .... तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ।

206 वि.मं., पृ. 214 : न हि तपस्यादिसाधनानां दोषोद्भव एव फलम् ।

207 क.उ., 2/1/1 : पराञ्चि खानि व्यतृणत्स्वयंभूः.... ।

208 भ.गी., 11/53 : नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥

21

209 भ.गी., 11/54 : भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधो र्जुन ।

210 तत्रैव, 16/7 : प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुरा: ।

211 वि.मं., पृ. 215 : इत एव प्रलयानुपपत्तिरपि ज्ञेया ।

212 श्वे.उ., 6/18 : यो ब्रह्माणं विदधाति पूर्वम् ।

213 ह.तो., पृ. 216 : कल्पनासत्वे कर्तृत्वाभावादिति भाव: ।

214 अ.भा., 1/1/3 : वेदान्तवाक्यानामस्मिन् शास्त्रे समन्वय एव
प्रतिपाद्यते संदेहनिराकरणद्वारा ।

215 छां.उ., 1/6/7 : य एषो न्तरादित्ये हिरण्मय: पुरुषो
दृश्यते हिरण्यश्मश्रु:..... ।

216 ब्र.सू., 1/1/19 : अन्तस्तद्धर्मोपदेशात् ।

217 छां.उ., 1/9/1 : अस्य लोकस्य का गतिराकाश इति
होवाच ।

218 ब्र.सू., 1/1/21 : आकाशस्तल्लिङ्गात् ।

219 छां.उ., 1/115 : कतमा सा देवता प्राण इति होवाच

220 ब्र.सू., 1/1/22 : अत एव प्राण: ।

221 छां.उ., 3/13/7 : अथ यदत: परो दिवो ज्योतिर्दीप्यते... ।

222 ब्र.सू., 1/1/23 : ज्योतिश्चरणाभिधानात् ।

223 छां.उ. , 3/12/6 : एतावानस्य महिमा, अतो ज्यायांश्च पूरुष: ।
पादो स्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि ।।

224 ब्र.सू., 1/1/3 : शास्त्रयोनित्वात् ।

830

22

225 ब्र.सू.शां.भा., 1/1/3 : शास्त्रादेव प्रमाणाज्जगतो
जन्मादिकारणं ब्रह्माधिगम्यते.... ।

226 तत्रैव, 1/13 : तस्मान्न ब्रह्मण: शास्त्रयोनित्यम्... ।

227 ब्र.सू., 12*/4 : तत्तु समन्वयात् ।

228 ब्र.सू.शां.भा., 1/1/4 : तस्मान्न सम्पदादिरूपं ब्रह्मात्मैक-
त्वविज्ञानम् ।

228 तत्रैव, 1/1/3 : अतो न पुरुषव्यापारतन्त्रा ब्रह्मविद्या
.....वस्तुतन्त्रा ।

230 के.उ., 1/6 :.....नेदं यदिदमुपासते ।

231 अ.भा., 12*/5 : आत्मशब्द: पुन: सर्वेषु वेदान्तेषु निर्गुणपर-
ब्रह्मवाचकत्वेनैव सिद्ध: । तस्यैव जगत्कर्तृत्वं
श्रुतिराह ।

232 ब्र.सू., 1/1/3 : तत्तु समन्वयात् ।

233 अ.भा., 1/1/3: तथा च अस्थूलादिगुणयुक्त एव । अविक्रियमाण ।
एव । आत्मानं करोतीति वेदान्तार्थ: संगतो
भवति । विरुद्धधर्माश्रयत्वं तु ब्रह्मणो भूषणाय ।

234 तत्रैव, 1/1/3 :...शास्त्रार्थस्य...स्वरूपं शास्त्रैकसमधिगम्यं न
स्वबुद्धिपरिकल्पितम् ।

235 ब्र.सू., 1/2/1 : सर्वत्र प्रसिद्धोपदेशात् ।

23

236 तत्रैव, 1/2/1 : ये पुनः कश्चित्सगुणनिर्गुणभेदं प्रतिपादयन्ति-
ते स्वयमेव स्वस्य ब्रह्मजिज्ञासानधिकारं बोधयन्ति ।

237 वि.मं., पृ. 218 : ननु ब्रह्मपरत्वेनैवोपासनानि तत्तत्फल-
साधकानि ।

238 तत्रैव, पृ. 218 : वस्तुतस्तेषामब्रह्मत्वे तन्निरूपिकाणां श्रुती-
नामब्रह्मपरत्वापत्त्या तन्नियमव्याहतेः, प्रतार-
कत्वापत्तेश्च ।

239 के.उ., 4 :......नेदं........ ।

240 वि.मं., पृ. 218 : समन्वयप्रतिज्ञामेव च न कुर्यात् ।

241 क.उ., 1/2/15 : सर्वे वेदा यत्पदमामनन्ति ।

242 भाग., 11/5/21 : कृते शुक्लश्चतुर्बाहुः..... ।

243 तत्रैव, 5/17/16 : तुरीयां तामसीं मूर्तिम् ।

244 भा. प. श्लो. 45 : जन्यानां जनकः कालो जगतामाश्रयो मतः ।

245 वि.मं., पृ. 219 : तस्याप्येतत्तुल्यत्वात् ।

246 छां.उ., 6/2/1 : एकमेवाद्वितीयम्ब्रह्म ।

247 ह.तो., पृ. 219 : मण्यादेः सद्रूपत्वं, तत्कार्यस्यासद्रूपत्वं
लोके गारुडीविद्यायां दृश्यत इत्यर्थः ।

248 ब्र.सू., 1/1/1 : अथातो ब्रह्मजिज्ञासा ।

24

249 अ.भा., 1/11 : तथा च ब्रह्मसम्बन्धी तज्ज्ञानोपयोगि सर्वमेव प्रतिज्ञातं..... ।

250 तत्रैव, 1/1/1 : तस्माद्ब्रह्म जिज्ञासितव्यमिति सिद्धम् ।

251 तत्रैव, 1/1/19 : अतो ब्रह्मधर्मोपदेशात्सूर्यमण्डलस्थः परमात्मैव ।

252 बृ.उ., 4/5/13 : स यथा सैन्धवघनो नन्तरो बाह्यः कृत्स्नो रसघन एवैवं वा अरे यमात्मानन्तरो बाह्यः कृत्स्नः प्रज्ञानघनः.... ।

253 बृ.उ.शां.भा., 2/4/12 : न तत्र प्रेत्य विशेषसंज्ञास्ति कार्यकारण-संघातेभ्यो विमुक्तस्य – ।

254 तत्रैव, 2/4/12 : यथा उदकालक्तकादिहेत्वपनये सूर्यचन्द्रस्फटिको दिप्रतिबिम्बो विनश्यति, चन्द्रादिस्वरूपमेव परमार्थो नो व्यवतिष्ठते, तद्वत् प्रज्ञानघनन्तमपारं स्वच्छं व्यवतिष्ठते ।

255 छां. उ., 6/13/3 : स च एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो ।

156 ब्र.सू.शां.भा., 2/3/17 : लक्षणभेदोऽप्यनयोरुपाधिनिमित्त एव ।

157 बृ.उ., 2/4/14 : यत्र...सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत् ।

5 158 भ.गी.शां.भा., 5/19 : अतः समं ब्रह्म एकं च । तस्मात् ब्रह्मणि
एव ते स्थिताः ।

259 अ.भा., 2/1/37 : वेदोक्ता धर्माः सर्वे ब्रह्मण्युपपद्यन्ते ।
सर्वसमर्थत्वादिति ।

260 भ.गी., 13/15 : बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥

261 सि.मु., श्लो. 2 : परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानन्दकं बृहत् ।
द्विरूपं तद्धि सर्वं स्यादेकं तस्माद्विलक्षणम् ॥

262 तत्रैव, वि.वि.वि., श्लो.3 : उभयोर्धर्मयोरेकत्र प्रमाणसिद्धत्वेन विरोधा-
भावात् ।

263 ईशो.उ., 5 : तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके ।

264 सुबो. का. 2/9/32-1 : प्रत्यक्षादृष्टविषये पदार्थाः श्रुतिबोधिताः ।
परस्परं विरुद्धास्ते नैकदोषं भवन्ति हि ॥

6-7 : यत्किंचित् दूषणं त्वत्र दूष्यं चापि हरिः स्वयम् ।
विरुद्धपक्षाः सर्वे ऽपि सर्वमत्रैव शोभते ॥

265 अ.भा., 3/2/27 : तस्मात्सकलविरुद्धधर्मो भगवत्येव वर्तन्त
इति न कापि श्रुतिरुपचरितार्थेति सिद्धम् ।

266 बृ.उ., 4/5/13 : "यथा सैन्धवघनो ऽनन्तरो ऽबाह्यः कृत्स्नो रसघन
एवैवं वा अरे ऽयमात्मानन्तरो ऽबाह्यः कृत्स्नः
प्रज्ञानघन एव.... ।

267 वि.मं., पृ. 220 : ब्रह्म वेदैकसमधिगम्यम् ।

268 छां.उ., 3/14/2 : "सर्वकाम सर्वगन्धः सर्वरसः ।

269 भ.गी., 13/13-14 : सर्वतः पाणिपादान्तं सर्वतोऽक्षिशिरोमुखम् ।

सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ।।

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।

असक्तं सर्वभृ चैव निर्गुणं गुणभोक्तृ च ।।

270 इ.तौ., पृ. 220-221 : ननु यदि सर्वेषां रूपाणामवयवानां नित्यत्वं स्वीक्रियेत चेत्तेषामेकरूपेण सर्वदा प्रतीतिः कुतो न जायेत ।

271 भाग., 2/7/27 : तोकेन जीवहरणं यदुलूकिकाया-

स्त्रैमासिकस्य च पदा शकटोऽपवृत्तः ।

यद्रिङ्गतान्तरगतेन दिविस्पृशोर्वा

उन्मूलनं त्वितरथार्जुनयोर्न भाव्यम् ।।

272 सुबो., 2/7/27 : अतः साधर्म्यव्यतिरेकेणैव साधकरणोन्मुक्ति-दानाच्च साक्षात्पुरुषोत्तमः कृष्णः ।

273 भाग., 10/9/13-14 : न चान्तर्न बहिर्यस्य न पूर्वं नापि चापरम् ।

पूर्वापरं बहिश्चान्तर्जगतो यो जगच्च यः ।।

तं मत्वात्मजमव्यक्तं मर्त्यलिङ्गमधोक्षजम् ।

गोपिकोलूखले दाम्ना बबन्ध प्राकृतं यथा ।।

274 वि.मं., पृ. 221 : ...रज्जुन्यूनतानिरूपणेनापि पूर्णत्वं तस्यैव प्रतिपादितम् ।

275 भाग., 10/8/45 : त्रय्या चोपनिषद्भिश्च सांख्ययोगैश्च सात्वतैः ।
उपगीयमानमाहात्म्यं हरिं सा मन्यतात्मजम् ॥

276 तत्रैव, 10/8/40 : अथो अमुष्यैव ममार्भकस्य यः कश्चनौत्पत्तिक आत्मयोगः ।

277 सुबो., 10/8/40 : अत आत्मयोगः आत्मन एव भगवतो योगरूपेयं विभूतिरित्यर्थः ।

278 बृ.उ., 3/7/3 : यः पृथिव्यां तिष्ठन् पृथिवीमन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति स आत्मान्तर्याम्यमृतः ।

279 अ.भा., 1/1/19 : एकोऽप्यसाधारणो धर्मो विद्यमानः शिष्टान् संदिग्धानपि ब्रह्मधर्मानिव गमयति । इयमेव श्रुत्यभिप्रायमङ्गीकृत्य सर्वत्र ब्रह्मवाक्यनिर्णयमाह सूत्रकारः ।

281 भ.गी., 13/14 : सर्वेन्द्रियविवर्जितम् । असक्तम् ।

282 ब्र.सू., 1/2/24 : वैश्वानरः साधारणशब्दविशेषात् ।

283 छां.उ., 5/18/2 : यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमानं वैश्वानरमुपास्ते.... ।

8

284 श.ब्रा., 10/6/1/11 : स एषोऽग्निर्वैश्वानरो यत्पुरुषस्तं
यो हैतमेवमग्निं वैश्वानरं पुरुषविधं
पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद ।

285 अ.भा. 1/2/24 : न हि विरुद्धधर्माश्रयत्वं भगवद्व्यतिरिक्ते
संभवति । सर्वभवनसामर्थ्याभावात् ।

286 अ.भा., 1/2/26 : न तु विरुद्धधर्माणां विद्यमानत्वाद् भगवत्परत्वं
वाक्यस्य । विरुद्धधर्माः शब्दादयोऽन्तःप्रतिष्ठानं च ।

287 ब्र.सू., 1/2/28 : साक्षादप्यविरोधं जैमिनिः ।

288 अ.भा. 1/2/28 : व्यापकस्य प्रादेशमात्रत्वे साक्षादपि कल्पना
व्यतिरेकेणापि स्वरूपविचारेणैव विरोधं मन्यते
जैमिनि ।

289 ब्र.सू., 1/2/29 : अभिव्यक्ते रित्याश्मरथ्यः

290 अ.भा., 1/2/29 : अभिव्यक्तेर्हेतोः साकारत्वमपि मायापगमनकृत-
त्वान्न स्वाभाविकत्वं तथापि निर्दिश्यमानं
सच्चिदानन्दरूपमेवाश्मरथ्यो मन्यते ।

291 ब्र.सू., 1/2/30 : अनुस्मृतिबोदरिः

292 अ.भा. 1/2/30 : ...तार्किकादिमतेष्वपि तथात्वाद्युक्त्यनुरोधेन
ब्रह्मवादोऽप्यन्यथा नेय इति हि मन्यते ।

9

293 ब्र.सू., 1/2/32 : आमनन्ति चैनमस्मिन् ।

294 वि.मं., पृ. 224 : एवं परमेश्वरं व्यापकमेवास्मिन् मूर्द्धचिबुका-
न्तराले प्रादेशमात्रं जाबालाः समामनन्ति ।

295 जा.उ., 1 : य एषोऽनन्तोऽव्यक्त आत्मा सोऽविमुक्ते च प्रतिष्ठित
इति, सो विमुक्तः कस्मिन् प्रतिष्ठित इति
वरणायां नास्यां च मध्ये प्रतिष्ठित ।

296 बृ.उ., 1/4/7 : आत्मेत्येवोपासीत ।

297 बृ.उ.शां.भा.ड 1/4/7 : यथा यजेत "जुहुयात्" इत्यादयः कर्मविधयः,
न तैरस्य "आत्मेत्येवोपासीत्" "आत्मा वा अरे
द्रष्टव्यः "इत्याद्यात्मोपासनविधेर्विशेषोऽवगम्यते ।

298 ब्र.सू., 1/2/1 : सर्वत्र प्रसिद्धोपदेशात् ।

299 छां.उ., 3/14/2 : मनोमयः प्राणशरीरो भारूपः.... ।

300 ब्र.सू.शां.भा., 1/2/1 : परमेव ब्रह्म मनोमयत्वादिभिर्धर्मैरुपास्यम् ।

301 भ.गी.शां.भा., 8/11 : ...परस्यब्रह्मणो वाचकरूपेण प्रतिमावत्
प्रतीकरूपेण वा, मन्दमध्यमबुद्धीनां...
ओंकारस्य उपासनं...मुक्तिफलम् ।

302 S.V., P. 103 : The higher Brahman itself is the lower
Brahman, so far as it (the former) is
now and again for the purpose of worship
described as possessing certain qualities
of the changeble world.

303 अ.भा., 1/1/1 : उपासनाया धर्मत्वेऽपि न ब्रह्मणो धर्मत्वम् । ज्ञान-
रूपत्वात् । धर्मस्य च क्रियारूपत्वात् ।

304 तत्रैव, 3/2/1 : इस्थूलमनणु {बृ.उ., 3/8/8} इत्यादिवाक्यैः
प्रापञ्चिकसर्वधर्मविलक्षण्यस्योक्तत्वात् ।

305 त.दी.नि. 1/71 : अनन्तमूर्ति तद्ब्रह्म कूटस्थं चलमेव च ।
विरुद्धसर्वधर्माणामाश्रयं युक्त्यगोचरम् ।।

306 ब्र.सू., 1/2/1 : सर्वत्र प्रसिद्धोपदेशात् ।

307 अ.भा., 1/2/1 : ...परमशान्तस्य सर्वस्य जगतो ब्रह्मत्वेनोपासनया
शुद्धान्तःकरणस्य सर्ववेदान्तप्रसिद्धोपदेश एव युक्तो
मननरूपो... ।

308 भ.गी., 9/11 : अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ।।

309 वि.मं., पृ. 225 : उपास्यं चात्मत्वेनैव, न त्वतत्त्वेन ।

310 बृ.उ., 1/4/7 : आत्मेत्येवोपासीत् ।

311 तत्रैव, 1/4/10 : अथ योऽन्यां देवतामुपास्ते अन्यो सा
वन्यो हमस्मीति न स वेद यथा पशुरेवं
हि स देवानां पशुः ।

312 म.भा., 12/221/27 : योऽन्यथासन्तमात्मानमन्यथा प्रतिपद्यते ।
किं तेन न कृतं पापं चौरेणात्मापहारिणा ।।

313 वि.मं., पृ. 225 : तथा चानेन रूपेणैतादृशोपासकस्यैतादृशं फलं दास्यामि.... ।

314 ब्र.सू., 1/2/1 : सर्वत्र प्रसिद्धोपदेशात् ।

315 तत्रैव, 1/1/6 : तन्निष्ठस्य मोक्षोपदेशात् ।

316 तै. उ., 2/6 : असन्नेव स भवति असद्ब्रह्मेति वेद ।

317 भ.गी., 9/11 : अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥

318 भ.गी., 9/13 : महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥

319 तत्रैव, 16/8 : असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम्

320 तत्रैव, 16/20 : आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ॥

321 भाग., 11/7/23 : अत्र मां मार्गयन्त्यद्धा युक्ता हेतुभिरीश्वरम् ।
गृह्यमाणैर्गुणैर्लिङ्गैरग्राह्यमनुमानतः ॥

322 सु.सु., पृ. 227,228:..परिच्छेदत्रयातीतत्वसर्ववेदवेद्यत्वसकल जगदाधारत्वादिभिरित्यर्थः । ब्रह्मण आनन्दमयस्य विरुद्धधर्माधारत्वं श्रुत्यादिसिद्धम् ।

323 अ.भा., 1/1/11 : को ह्येवान्यात्कः प्राण्यात् । यदेष आकाश आनन्दो न स्यात् । एष ह्येवानन्दयाति [तै.उ. 2.7] इत्यर्थतोभ्यासः... । ...अन्ते वदन्ति – एतमानन्दमयमात्मानमुपसंक्रामति [तै.उ. 2.8] एवं सत्युपक्रमे फलप्राप्तेः फलत्वेनोक्तेरुपसंहारेपि ।

324 वि.मं., पृ. 218 : परो भाव आनन्दमात्रविलक्षणः ।

325 तत्रैव, पृ. 228 : सर्वस्यैव प्रमाणैसिद्धत्वेनाकल्पितत्वात् ।

326 तत्रैव, पृ. 228 : तथा च शून्यवाद आपद्येत... ।

327 ह.तो., पृ. 229 : वाक्यार्थविरोधे हि वाक्यविरोधः । तथा च वाक्यार्थ विरोधे....कयोरर्थयो र्विरोध इत्यर्थः ।

328 वि.मं., पृ. 299 : विरोध...परस्परात्यन्ताभावसमानाधिकरणयो रिति ।

329 ह.तो., पृ. 229 : एतादृशो विरोध एकस्मिन्धार्मिण्युभयोदृष्टः स सर्वत्र मन्तव्यो वा, यत्र दृष्टस्तत्रैव मन्तव्यो वेति.... ।

330 वि.मं., पृ. 229 : तदा ब्रह्मण्य प्रामाण्यशङ्काकलङ्करहितवेदसिद्धत्वा दुभयधर्मिणो न विरोध इति तुल्यम् ।

331 वे.सा., 27 : वस्तुन्यवस्त्वारोपाऽध्यारोपः ।

33 332 भ.गी.शां.भा., 13/13 : "अध्यारोपापवादाभ्यां निष्प्रपञ्चं प्रपञ्च्यते" इति ।

333 T.V. P.21 : The Brahman or the Supreme spirit is knowledge or realisation itself, without qualification and without possibility of change.

334 ब्र.सू. 1/1/2 : जन्माद्यस्य यतः

335 नृ. ता. उ., : 7

336 अ.भा. 1/1/5 : आत्मशब्दः पुनः सर्वेषु वेदान्तेषु निर्गुणपरब्रह्म-वाचकत्वेनैव सिद्धः । तस्यैव जगत्कर्तृत्वं श्रुतिराह ।

337 तत्रैव, 1/1/6 : प्रापञ्चिकधर्मरहिते ब्रह्मणि...परिनिष्ठितो मुक्तो भवति ।

338 तत्रैव, 1/1/7 : वेदान्तेषु सर्वत्र साधनोपदेशेषु पुत्रादिवज्जगत्कर्ता हेयत्वेन नोपदिश्यते ।

339 त.दी.नि., 1/62 : ब्रह्मणः सर्वरूपत्वमप्ययुज्य निरूपितम् । अलौकिकं तत्प्रमेयं न युक्त्या प्रतिपद्यते ।।

340 त.दी.नि. (प्र.) 1/62 : ब्रह्म तु वैदिकम् । वेदप्रतिपादितार्थ-बोधो न शब्दसाधारणविषया भवति ।

341 ज.श्रे., श्लो. 16-17 : गुणातीततया शुद्धान् सच्चिदानन्दरूपिणः । सर्वानेव गुणान्विष्णोर्वर्णयन्ति विचक्षणाः ।।

८८५२

342 शि. श्लो. : श्लो. 2 : न लौकिक प्रभुः कृष्णो मनुते नैव लौकिकम् ।

343 तै.उ., 2/4 : यतो वाचो निवर्तन्ते । अप्राप्य मनसा सह ।

344 बृ.उ., 3/8/8 : अस्थूलमनाव्हस्वम्..... ।

345 वि.मं., पृ. 230 : यतो धर्मान् स्वयमेवोक्त्वा स्वयमेव तत्र निषेधति ।

346 तत्रैव, पृ. 230 : धर्मनिरूपणं तु यथा कथंचिद्प्रतिपत्त्यर्थम् ।

347 तत्रैव, पृ. 230 : तन्निवृत्त्यर्थं प्रापच्चिकधर्मानिव ब्रह्मणि निषेधति ।

348 वि.मं., पृ. 231 : लोकप्रसिद्ध्दुःखित्वादिधर्मनिषेधेनापि निर्धर्मकतन्निरूपणस्य शक्यत्वात् ।

349 तत्रैव, पृ. 231 :...श्रुत्युक्ता अपि लौकिका एव ।

350 तत्रैव, पृ. 231 :..अप्रसिद्धानपि बोधनार्थं स्वयमेवोक्त्वा निषेधति ।

351 तत्रैव, पृ. 230 : असत्पदार्थनिरूपकत्वेन प्रतारकत्वेन श्रुतेरप्रामाण्यं स्यात् ।

352 वि.मं., पृ. 232 : तदुक्तब्रह्मण्यध्ययनाश्वासप्रसङ्गेन महानिवानयो भवेत् ।

353 ब्र.सू., 1/1/2 : जन्माद्यस्य यतः..... ।

354 तत्रैव, 1/1/1 : अथातो ब्रह्मजिज्ञासा ।

355 अ.भा., 1/1/1 : तथा च ब्रह्मसम्बन्धि तज्ज्ञानोपयोगि सर्वमेव प्रतिज्ञातं वेदितव्यम् ।

356 तत्रैव, 1/1/3 : तस्मान्न्यायोपबृंहितसर्ववेदान्तप्रतिपादितसर्वधर्मवद्ब्रह्म ।

357 ब्र.सू., 2/1/17 : असद्व्यपदेशान्नेति चेन्न धर्मान्तरेण वाक्यशेषात्

358 अ.भा., 2/1/17 : अव्याकृतत्वेन धर्मान्तरेण तथा व्यपदेशः ।

359 तै.उ., 2/7 : तदात्मानं स्वयमकुरुत ।

360 वि.मं., पृ. 233 : निषेध्यानामविरोधे विरोधे वा विशेषाभावात् ।

361 ब्र.सू., 3/2/14 : अरूपवदेव हि तत्प्रधानत्वात् ।

362 तत्रैव, 3/2/22 : प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः ।

363 वि.मं., पृ. 233 : तत्र जडजीवधर्मा ब्रह्मणि सन्ति न वेति विचारयन्... ।

364 ह.तो., पृ. 234 : तथा च निर्विशेषं सविशेषं ब्रह्मेति तेषां मतमिति भावः ।

365 ब्र.सू., 3/2/11 : न स्थानतोऽपि परस्योभयलिङ्गं सर्वत्र हि ।

366 ब्र.सू.शां.भा., 3/2/11 : नह्युपाधियोगादप्यन्यादृशस्य वस्तुनोऽन्यादृशः स्वभावः संभवति ।

367 ब्र.सू., 3/2/12 : न भेदादिति चेन्न प्रत्येकमतद्वचनात् ।

368 अ.भा., 3/2/12 : न भवदुक्तो विरोधः संभवति । भेदात् ।
कारणकार्येषु सर्वत्र भेदाङ्गीकारात् । प्रपञ्च
विलक्षणं ब्रह्म भिन्नम् । प्रपञ्चधर्मवद् ब्रह्म भिन्नम् ।

369 बृ.उ., 2/5/1 : अयमेव स योऽयम् ।

370 ब्र.सू., 3/2/13 : अपि चैवमेके ।

371 क.उ., 4/11 : मनसैवेदमाप्तव्यम् नेह नानास्ति किंचन ।
मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ।।

372 ब्र.सू., 3/2/14 : अरूपवदेव हि तत्प्रधानत्वात् ।

373 वि.मं., पृ. 235 : त्वदभिमतस्यापि तथात्वापत्तेः ।

374 अ.भा., 3/2/14 : रूप्यते निरूप्यते व्यवह्रियत इति रूपं
सर्वव्यवहारविषयत्वं तद्युक्तं रूपवद्विश्वम् ।
ब्रह्म तु तद्विलक्षणम् । कार्यकारणांशांशिनो-
र्वैलक्षण्यस्य युक्तत्वात् ।

375 भाग., 10/8/40 : अथो अमुष्यैव ममार्भकस्य यः कश्चनौत्पत्तिक
आत्मयोगः ।

376 सुबो., 10/8/40 : अत आत्मयोगः, आत्मन एव भगवतो योगरूपेयं
विभूतिरित्यर्थः ।

845

37

377 वि.मं., पृ. 235 : सर्वेषां वेदान्तानां ब्रह्मैव प्राधान्येन प्रतिपाद्यं यतः ।

378 तत्रैव, पृ. 236 : अतः करादिनिरूपकाः साक्षाद्ब्रह्मप्रतिपादका एवेति ।

379 ब्र.सू., 1/2/1 : सर्वत्र प्रसिद्धोपदेशात् ।

380 तत्रैव, 1/2/32 : आमनन्ति चैनमस्मिन् ।

381 बृ.उ., 4/5/13 : स यथा सैन्धवघनो नन्तरो बाह्यः कृत्स्नो रसघन, एवं वा अरे यमात्मा नन्तरो बाह्यः कृत्स्नः प्रज्ञानघन एव ।

382 बृ.उ., 3/9/28 : (सत्यं) विज्ञानमानन्दं ब्रह्म ।

383 त.दी.नि., 1/44 : आनन्दमात्रकरपादमुखोदरादिः ।

384 ब्र.सू., 1/1/11 : आनन्दमयोऽभ्यासात् ।

385 तत्रैव, 3/2/16 : आह च तन्मात्रम् ।

386 अ.भा., 3/2/16 : इति स्वरूपातिरिक्तानामिन्द्रियाणामभावात्

387 ब्र.सू.शां.भा., 3/2/14 : रूपाद्याकाररहितमेव ब्रह्म... ।

388 वि.मं., पृ. 236 : रूपवत्त्वरूपयोरुभयपर्यवसायित्वेन... ।

389 ब्र.सू. अ. भा., पृ. 184

390 ब्र.सू., 3/2/21 : दर्शनाच्च ।

391 तत्रैव, 3/2/17 : दर्शयति चाथो अपि स्मर्यते ।

392 अ.भा., 3/2/18 : दर्शयति श्रुतिरेव जडजीवधर्माणां भगवत्यभाव इति । अपि स्मर्यते । "अनादि मत्परं ब्रह्म न सत् तन्नासदुच्यते" इति ।

393 तत्रैव, 3/2/21 : भगवति सर्वे विरुद्धधर्मा, दृश्यन्ते । "न हि दृष्टे नुपपन्नं नाम ।"

394 ब्र.सू., 3/2/22 : प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः ।

395 वि.मं., पृ. 237 : न तु स्वोक्तान् धर्मान् सर्वविरुद्धत्वादीनित्यर्थः ।

396 अ.भा., 3/2/22 : अतो जगद्विलक्षण्यमेवास्थूलादिवाक्यैः प्रतिपाद्यते, न तु वेदोक्ता ब्रह्मधर्मा निषेद्धुं शक्यन्ते ।

397 बृ.उ., 2/6/3 :... य एवं वेद... ।

398 तत्रैव, 2/6/3 : तस्य ह वा एतस्य पुरुषस्य रूपम् ।

399 श्वे. उ., 3/16 : सर्वतः पाणिपादान्तं.. ।

400 वि.मं., पृ. 238 : ब्रह्मैवेति वेदितव्ये इत्यर्थः ।

401 अ.भा. 3/2/22 : यत्रैव वाक्ये पूर्वं निषेधति, तस्मिन्नेव वाक्ये पुनस्तमेव विधत्ते ।

402 क.उ., 2/1/1 : पराञ्चि खानि... ।

403 तत्रैव, 2/1/1 : प्रत्यगात्मानमैक्षत् ।

39

861

404 तै.उ., 2/9 : यतो वाचो निवर्तन्ते । अप्राप्य मनसा
सह ।

405 तत्रैव, 2/9 : आनन्दं ब्रह्मणो विद्वान् । न बिभेति कुतश्चनेति ।

406 बृ.उ., 3/8/9 : एतस्यैवाक्षरस्य प्रशासने गार्गि । द्यावापृथिवी
विधृते तिष्ठतः... ।

407 वि.मं., पृ. 238 : एतावत्पदेनैव सान्निध्यतो रूपद्वयप्रतीतेः
संभवात् ।

408 ब्र.सू.शां.भा. 3/2/22 : प्रकृतं यदेतावदियत्तापरिच्छिन्नं मूर्तामूर्तलक्षणं ब्रह्मणो रूपं तदेष शब्दः प्रतिषेधति ।

409 वि.मं., पृ. 239 :..एतावत्पदस्य सामान्यवाचकत्वाद्विशेषात्मकत्वं तस्येति (प्रकृतस्येति) वाच्यम् ।

410 इसतो., पृ. 239 : ...सामान्यतो मूर्तामूर्तयोर्निषेधः, न तु
लौकिकयोस्तयोः ।

411 अ.भा., 3/2/22 : सर्वत्र लौकिकं प्रतिषेधत्यलौकिकं विधत्ते... ।

412 वि.पं., पृ. 240 :...प्रापञ्चिकधर्मरहितं सहजानन्तधर्मयुक्तं
ब्रह्मेति सिद्धम् ।

413 तै.उ., 2/1 : सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।

414 ब्र.सू., 2/1/21 : अदृश्यत्वादिगुणको धर्मोक्तेः ।

415 तत्रैव, 3/2/23 : तदव्यक्तमाह हि ।

416 मुं.उ., 3/1/8 : न चक्षुषा गृह्यते नापि वाचा नान्यै-
देवैस्तपसा कर्मणा वा ।

417 बृ.उ., 3/9/26 : स एष नेति नेत्यात्मा गृह्यो नहि गृह्यते ।

418 मुं.उ., 1/1/6 : यत्तदद्रेश्यमग्राह्यम्... ।

419 तै.उ., 2/7/1 : यदा ह्येवैष एतस्मिन्नदृश्येऽनात्म्येऽनिरुक्ते
निलयने... ।

420 भ.गी., 2/25 : अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।

421 भ.गी., शां.भा., 2/15 : सर्वकारणाविषयत्वात् न व्यज्यत इति
अव्यक्तः अयम् आत्मा ।

422 अ.भा., 3/2/24 : यतः संराधने सम्यक् सेवायां भगवत्तोषे
जाते दृश्यते ।

423 तत्रैव, 3/1/15 : आगते तु सूर्ये मेघाद्यभावे च सांनिध्यमात्रेण
व्यवहारः कर्तुं शक्यते । तथा लौकिक
वाङ्मनोभिर्न शक्यते व्यवहर्तुम् । ईश्वरसंनि
धाने तु शक्यते ।

424 सुबो., 2/9/21 : परीक्षितस्य अनुभावः । यमेवैषेच्छा यदयं
वैकुण्ठं पश्यत्विति । अन्यथा अक्षरात्मकस्य
चक्षुषा दर्शनमुपायसहस्त्रेणापि न भवति ।

425 क.उ., 2/23 : यमेवैष वृणुते तेन लभ्यः ।

426 मु.उ., 1/1/6 : अद्रेश्यमग्राह्यम्.... ।

427 तत्रैव, 2/2/10 : न तत्र सूर्यो भाति.... ।

428 क.उ., 2/1/1 : कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षु-
रमृतत्वमिच्छन् ।

429 मु.उ., 3/1/8 : ज्ञानप्रसादेन विशुद्धसत्वस्ततस्तु तं पश्यते
निष्कलं ध्यायमानः ।

430 भ.गी., 11/54 : भक्तया त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्वेन प्रवेष्टुं च परंतप ।।

431 भाग. 1/8/36 : शृण्वन्ति गायन्ति गृणन्त्यभीक्ष्णशः ।
स्मरन्ति नन्दन्ति तवेहितं जनाः ।
त एव पश्यन्त्यचिरेण तावकं भवप्रवाहो-
परमं पदाम्बुजम् ।।

432 वि.मं., पृ. 241 : ...उभयाविरोधायादृश्यत्वादिरूपिका श्रुतिरि-
न्द्रियादिसामर्थ्येन दृश्यत्वं निषेधति, दृश्यत्व
रूपिका भगवदनुग्रहेणैव भगवतो दृश्यत्वं वदती-
त्यवधारणीयम् ।

433 भ.गी., 11/47 : मया प्रसन्नेन तवार्जुनेदं रूपं परं दर्शितमात्मयोगात् ।

434 भाग., 2/9/21 : मनीषितानुभावो यं मम लोकावलोकनम् ।

435 ह.तो., पृ. 242 : एतेन स्वसामर्थ्येनादृश्यत्वं तस्येत्यदृश्यत्व
बोधिका: श्रुतय: संगमनीया:.... ।

436 ब्र.सू., 2/3/24 : अपि संराधने प्रत्यक्षानुमानाभ्याम् ।

437 अ.भा., 2/3/24 : अपीति पूर्वपक्षहानियाम् । सर्वथा मुक्तः पूर्वपक्षवादी ।
यतः संराधने सम्यक् सेवायां भगवत्तोषे जाते दृश्यते ।।

438 भ.गी., 11/16 : अनेकबाहूदरवक्त्रनेत्रं पश्यामि ।

439 अ.भा., 3/2/24 : संराधकस्य स्वानुभवो ध्यानादीनामनुमापकत्वं च ।

440 क.उ., 2/1/1 : कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षत् ।

441 भ.गी., 11/54 : भक्त्या त्वनन्यया.... ।

442 तत्रैव, 11/53 : नाहं वेदैः....

443 वि.मं., पृ. 243 : तद्भक्त्यैव तदर्थमेव प्रादुर्भावात् ।

444 तत्रैव, पृ. 243 : अन्यथा लोके स्वप्राकट्यं निष्प्रयोजनकं स्यात् ।

445 वि.मं., पृ. 243 : सर्वेषां भगवद्दर्शनेऽपि यन्मोहानपगम स्तत्र
तदिच्छैव प्रतिबन्धिका ।

446 तत्रैव, पृ. 144 : अलौकिकतेजो प्रदर्शनं लौकिकानुकरणं च लीलार्थमेव ।

447 भ.गी., 15/12 : यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ।।

448 वि.मं., पृ. 244 : स्वतेजसा स्वस्य प्रकाश्यत्वमपि नाति विरोधि ।

449 तत्रैव, पृ. 244 : सर्वव्यवहारविषयत्वं भगवत्कृतमेव ।

450 त.दी.नि., 1/77 : कर्ता स्वतन्त्र एव स्यात्तथापि सगुणो न हि ।

451 ब्र.सू., 3/2/15 : प्रकाशवच्चावैयर्थ्यात्

452 तै.उ., 2/9 : यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।

453 बृ.उ., 3/9/26 : तं त्वौपनिषदं पुरुषं पृच्छामि ।

454 अ.भा., 3/2/15 : आगते तु सूर्ये मेघाद्यभावे सान्निध्यमात्रेण
व्यवहारः कर्तुं शक्यते । तथा लौकिक-
वाङ्मनोभिर्न शक्यते व्यवहर्तुम् ।

455 वि.प्र., पृ. 245 : अन्यथैतस्याः श्रुतेर्वैयर्थ्यापत्तेरिति ।

456 भाग., 3/25/35 : पश्यन्ति ते मे रुचिराण्यम्ब सन्तः
प्रसन्नवक्त्रारुणलोचनानि ।
रूपाणि दिव्यानि वरप्रदानि
साकं वाचं स्पृहणीयां वदन्ति ।।

457 सुबो., 3/25/35 : न मे रूपाणि पश्यन्ति निरन्तरं..
भगवत्साक्षात्कारी भवति ।...जीवन्ति
एवैते एतस्मिन्नेव लोके भगवता सह स्पृहणीयां
वाचं वदन्ति, यथा मित्रैः सह इष्टालापाः क्रियन्ते ।

458 मु.उ., 3/2/3 : यमेवैष वृणुते तेन लभ्यः ।

459 भ.गी., 11/54 : भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधो ऽर्जुन ।
ज्ञातुं द्रष्टुम् च तत्त्वेन प्रवेष्टुम् च परंतप ॥

460 छा.उ., 3/14/2 : सर्वशक्तिः ।

461 श्वे. उ., 6/8 : परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी
ज्ञानबलक्रिया च

462 चि.ग्रं., पृ. 246 : तेन कामसमय एवाकामो ऽपि ।

463 सुबो., 10/26/42 : आत्मारामस्य आत्मनैव रमणं
व्यावर्तयितुमपि - शब्दः ।

464 गी.गो., 3/7/5 : तन्न वेद्मि कुतो गतासि न तेन ते नुनयामि ।

465 वै.न्या.मा., ब्र.सू., 3/2/11 : ...उभयत्वं विरुध्यते ।

466 ब्र.सू., 3/2/11 : न स्थानतो ऽपि परस्योभयलिंगम् सर्वत्र हि ।

467 ब्र.सू.शां.भा., 3/2/11 : उपाधीनां पाविद्याप्रत्युपस्थापितत्वात् ।

468 भ.गी.शां.भा., 13/13 : सर्वप्राणिकरणोपाधिभिः क्षेत्रज्ञस्य अस्तित्व
विभाव्यते ।...क्षेत्रं च पाणिपादादिभिः अनेकधा
भिन्नम् ।

469 गौ.पा.का., 4/44 : उपलम्भात्समाचारात्मायाहस्ती यथोच्यते ।
उपलम्भात्समाचारादस्ति वस्तु यथोच्यते ॥

470 बृ.उ.शां.भा., 2/3/6 : ...सर्वोपाधिविशेषापोहेन ।...
यस्मिन्न कश्चिद्विशेषो ऽस्ति ।

471 ब्र.सू., 1/2/24 : वैश्वानरः साधारणशब्दविशेषात् ।

472 अ.भा., 1/2/24 : न हि विरुद्धधर्माश्रयत्वं भगवदतिरिक्ते सम्भवति । सर्वभवनसामर्थ्याभावात् ।

473 तत्रैव, 3/2/21 : "न हि दृष्टे नुपपन्नं नाम ।" व्याघातात् ।

474 भाग., 10/8/40 : अथो अमुष्यैव ममार्भकस्य यः कश्चनौत्पत्तिक आत्मयोगः ।

475 वि.मं., पृ. 246 : प्रतियोग्यभावपोर्टकावच्छेदेन स्थितिर्न वक्तुं शक्या, तथैव विरुद्धसर्वधर्माश्रयापच्यतो नैवं वक्तुं युक्तम्.... ।

476 तत्रैव, पृ. 246 - 247 :...एवं लोकानुसारेण तदर्थनिर्णये निर्धर्मकपदार्थस्यापि लोके दर्शनात् ।

477 ह.तो., पृ. 247 : एवं च कालाधारत्वं समयावप्रतियोगित्वं सत्त्वयिमिप्यस्तीति लोके निर्धर्मकपदार्थाभावेन तदनुरोधेनार्थकरणे महती क्षति... ।

478 क.उ., 2/9 : नैषा तर्केण मतिरापनेया ।

479 म.भा.भी., 5/12 : अलौकिकास्तु ये भावा न तांस्तर्केण योजयेत् ।

480 भाग., 10/8/40 : अथो अमुष्यैव ममार्भकस्य यः कश्चनौत्पत्तिक-आत्मयोगः ।

481 ब्र.सू., 3/2/21 : दर्शनाच्च ।

482 वे.सा., 13 : यथा वनस्य व्यष्ट्यभिप्रायेण वृक्षा इत्यनेकत्वव्यपदेशः,
यथा वा जलाशयस्य व्यष्ट्यभिप्रायेण जलानीति;
तथा अज्ञानस्य व्यष्ट्यभिप्रायेण तदनेकत्वव्यपदेशः ।
"इन्द्रो मायाभिः पुरुरूप ईयते" इत्यादिश्रुतेः ।।
अत्र व्यस्तसमस्तव्यापित्वेन व्यष्टिसमष्टिताव्यपदेशः ।
इयं व्यष्टिर्निकृष्टोपाधितया मलिनसत्त्वप्रधाना ।

483 सि.बि., पृ. 47 : अज्ञानविषयीभूतं चैतन्यमीश्वरः । अज्ञानाश्रयी-
भूतं च जीव इति वाचस्पतिमिश्राः ।

484 अ.भा., 2/1/27 : वेदोक्ता धर्मा सर्वे ब्रह्मण्युपपद्यन्ते । सर्व
समर्थत्वादिति ।

485 तत्रैव, 2/1/28 : विचित्रशक्तियुक्तत्वात्सर्वभवनसमर्थत्वाच्च ।

486 श्वे. उ., 6/8 : ....स्वाभाविकी ज्ञानबलक्रिया च ।

487 अ.भा., 3/2/27 : यथा सर्प ऋजुरनेकाकारः कुण्डलश्च भवति तथा
ब्रह्मस्वरूपं सर्वप्रकारं भक्तेच्छया स्फुरति । ..अतः
सर्वविरुद्धधर्माणामाश्रयो भगवान् ।

488 भाग., 3/5/25 : स वा एतस्य संद्रष्टुः शक्तिः सदसदात्मिका ।
माया नाम महाभाग ययेदं निर्ममे विभुः ।।

489 अ.भा., 1/1/3 : भगवदिच्छाया नियामकत्वात्.... ।

490 त.दी.नि., 1/71 : अनन्तमूर्ति तद् ब्रह्म.... ।

500 म.ना.उ., 1/5 : यदेकमव्यक्तमनन्तरूपं विश्वं पुराणं तमसः परस्यात् ।

501 ह.तो., पृ. 248 :...शक्तिशक्तिमतोरभेदादिति भावः ।

502 बृ.उ., 3/7/3 : यः पृथिव्यां तिष्ठन् पृथिवीमन्तर... ।

503 ह.तो., पृ. 249 : तथा च कर्तृत्वमकर्तृत्वं चोभयमपि ब्रह्मनिष्ठ-

मेवेति भावः ।

504 वि.मं., पृ. 249 : यतो मोहनं तेषामेव भगवता क्रियते ।

505 भाग., 10/8/43 : इत्थं विदिततत्त्वायां गोपिकायां स ईश्वरः ।

वैष्णवीं व्यतनोन्मायां पुत्रस्नेहमयीं विभुः ॥

506 वि.मं., पृ. 249 : विकल्पासहत्वात् ।

507 तत्रैव, पृ. 249 : द्वितीयपक्षे तु करणत्वं स्याद्दाभीवत् ।

508 श्वे. उ., 6/8 : ...स्वाभाविकी ज्ञानबलक्रिया च ।

509 वि.मं., पृ. 249 -250 :...उक्तयुक्तिभ्यः सद्रूपं स्वरूप-

प्रसरूपया तया दर्शयतीति वैकुण्ठशब्दम् ।

510 तत्रैव, पृ. 250 : एतेनैव सगुणत्वमपि प्रत्याख्यातम् ।

511 वि.मं., पृ. 250 : तद्धि प्राकृतसत्त्वादिगुणाङ्गीकारस्यम् ।

तच्च स्वतःशक्तस्यानुपपन्नम्.... ।

512 गं.भ., पृ. 250 : द्वितीयपक्ष इति । तद्भिन्ना सद्रूपा असत्कार्य-

कर्त्रीत्यर्थः ।

513 वि.मं., पृ.250 : ब्रह्मणि जीवातिरिक्ते तथा मङ्गीकाराच्च ।

514 तत्रैव, पृ. 250 :...उपाधिभावे प्रयोजिकेश्वरेच्छैव... ।

515 ह.तो., पृ. 251 : इच्छत्या: पूर्वसत्त्वेन कारणाभावादुपादेयोत्पत्तिरेव न भविष्यतीत्यर्थः ।

516 श्वे.उ., 6/8 : परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ।

## પ્રકરણ - ૧૦

## લીલાની નિત્યતા

સચ્ચિદાનન્દવિગ્રહ ભગવાનની સહજ ક્રીડા એ લીલા કહેવાય છે. લીલા શબ્દ જ ભગવાનના દિવ્ય અને લોકોત્તર ચરિત્રનું જ્ઞાન કરાવે છે. વળી તે સર્વને સન્માર્ગે વાળવાની રીત-કલાનું જ સૂચન કરે છે. આથી જ કહ્યું છે કે He is perfectly proficient to lead the humanity comprising people of innumerable tastes and calibre with effortless case.

ભગવાન જાત-જાતની ને ભાત-ભાતની રુચિ-મતિશક્તિ ધરાવતા લોકોને તદ્દન સહજ રીતે દોરવાને માટે પૂર્ણ શક્તિ-શાળી છે. આમ લીલા ભક્તોદ્ધારક અને જગત્તારક કહી શકાય.

"લીલા" શબ્દ " लेला दीप्तौ" ધાતુ પરથી નિષ્પન્ન થયો છે. દીપ્તિ એટલે પ્રકાશ અથવા સૌન્દર્ય. ભગવાનનું ઐશ્વર્ય લીલાના પ્રસંગોમાં પ્રગટ થાય છે. એટલે લીલા સર્વેશ્વર પ્રભુની જ આનંદમય ક્રીડા છે. "લીલા" શબ્દનો અર્થ રમત, વિલાસ અને

શ્રૃંગારની ભાવનાથી ઉત્પન્ન ક્રિયા થાય છે.[1] અમરકોષમાં પણ લીલાનો અર્થ "વિલાસ" એમ કર્યો છે.[2]

શ્રીમદ્ વલ્લભાચાર્યે "લીલા" નો અર્થ સમજાવતાં કહે છે કે તે વિલાસની ઇચ્છા છે, જે પ્રયોજનથી રહિત કેવળ કૃતિ જ છે. તે કૃતિથી બાહ્ય કાર્ય ઉત્પન્ન થતું નથી. ઉત્પન્ન થયેલ હોય તો પણ તે ઇચ્છિત નથી, તેમજ કરનારને શ્રમ કરાવતું નથી. પરંતુ અન્તકરણમાં પૂર્ણ આનંદ થતાં, તેના ઉલ્લાસથી કાર્ય ઉત્પન્ન કરતી હોય તેવી કોઇક ક્રિયા ઉત્પન્ન થાય છે, તે લીલા કહેવાય છે.[3] આમ લીલા અહેતુક છે. જેમ મોટી ઉંમરની વ્યક્તિ નિઃસ્વાર્થભાવે બાળકને કાજે જ બાળક સાથે રમે છે, તેમ ભગવાન ભકતોને માટે જ અહેતુક લીલા કરે છે. અર્થાત તે રમતમાત્ર છે.

ભગવાનની લીલા ભગવાન સાથે જોડાયેલી જ છે. આથી લીલાનું સ્વરૂપ પણ ભગવાનના નિત્ય શુદ્ધ સ્વરૂપ જેવું જ છે. આમ ભગવાન નિત્ય લીલાનો આનંદ પ્રકટાવનાર કહેવાય છે.[4]

ભગવાનની લીલા એક નહીં, પરંતુ અનેક છે-અનન્ત છે. ભગવાન અનન્ત લીલાઓ દ્વારા પોતાના ભકતોને સ્વ-સ્વરૂપનું ભાન કરાવે છે. લીલા ભગવાનની શકિત છે અને અનન્ત એ શેષ-સંકર્ષણ છે. તેમનાથી ભગવાન દુષ્ટોનું હનન કરે છે.[5]

બ્રહ્મ પૂર્ણ છે. નિષ્પ્રયોજન છે. આથી બ્રહ્મને કોઇ પ્રયોજન હોતું નથી.[૬] આમ તે જગતનું કારણ બની શકે નહિ. આવી પૂર્વપક્ષ-કેવલાદ્વૈત મતની દલીલનો પ્રત્યુત્તર શ્રીમદ્ વલ્લભાચાર્ય અણુભાષ્યમાં આપે છે : બ્રહ્મનું જગત્સર્જનનું કર્મ કેવલ લીલા જ છે. જેમ લોકમાં રાજા વગેરે રમત માટે જ કોઇ કર્મ કરે છે, તેમ બ્રહ્મની લીલા પ્રયોજનરહિત છે. તેથી તેનું પ્રયોજન પણ લીલા જ છે. આ લીલા જ કૈવલ્ય-મોક્ષ છે.[૭]

વળી શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રીમદ્ ભાગવતના અર્થને જ આનંદ-રૂપ હરિની લીલા કહે છે. અહીં તેઓ આનન્દરૂપ ભગવાનની લીલાને આનંદરૂપ કહે છે. વળી ભગવાનની લીલાને "સર્વ દુઃખોનો નાશ કરનારી" કહે છે,[૮] તે જ લીલાની મહત્તા અને દિવ્યતા પ્રતિપાદિત કરે છે.

ભગવાનની નિત્ય લીલા નિત્ય આનંદ આપનારી હોય છે. રસાત્મક ભગવાન ભક્તોને પોતાની નિત્ય લીલાના દર્શન કરાવે છે. આમ આનંદનું દાન લીલાના દર્શનમાંથી થાય છે. પરંતુ આવું લીલાનું દર્શન નિત્ય-નિરંતર ભગવાનના ચિંતન દ્વારા પ્રેમ સિદ્ધ કરે છે.[૯]

ભગવાન પ્રત્યેનો અત્યન્ત પ્રેમ ભક્તને લીલાના સુખનો અધિકારી બનાવે છે. આમ ભગવાનની નિત્ય લીલા ભક્તહૃદયને આનંદમગ્ન બનાવે છે.

૪

**શ્રીમદ્ વલ્લભાચાર્યે કરેલું ભગવાનની નિત્યલીલાનું નિરૂપણ :**

શ્રીમદ્ વલ્લભાચાર્યના બ્રહ્મવાદનો સિદ્ધાન્ત બ્રહ્મના સર્વ ધર્મો બ્રહ્મરૂપ પ્રતિપાદિત કરે છે. આ બ્રહ્મરૂપ ધર્મો સત્ય છે, નિત્ય પણ છે. તેમ બ્રહ્મની લીલાઓ સત્ય હોવાથી તે વર્તમાન-નિત્ય છે. લીલાની નિત્યતા નીચેના શ્લોકમાંથી પ્રમાણિત થાય છે.

શ્રીમદ્ ભાગવતમાં મહર્ષિ વેદવ્યાસ કહે છે કે મનુષ્યોમાં જેનો નિવાસ છે તેવા, દેવકીમાં જન્મ થયો એ તો કહેવા માત્ર છે તેવા, યાદવશ્રેષ્ઠ સેવક વર્ગ જેનો છે એવા, જેણે પોતાની ચાર ભુજા વડે જેણે અધર્મ દૂર કર્યો છે તેવા, સ્થાવર અને જંગમના પાપને દૂર કરનાર અને સ્મિત સહિત મુખ વડે વ્રજવનિતાઓના તેમ જ પુરવનિતાઓના કામદેવને વધારનાર શ્રીકૃષ્ણનો નિત્ય ઉત્કર્ષ-વિજય થાય છે.[૯]

શ્રીમદ્ ભાગવતમાં ઉત્તરાર્ધના અંતિમ ૯૦મા અધ્યાય અને સુબોધિની અનુસાર અંતિમ ગુણ પ્રકરણના છઠ્ઠા તથા ઉત્તરાર્ધના ૪૧મા અધ્યાયના ૪૮મા શ્લોકના સુબોધિનીમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે ભગવાન કૃષ્ણ વર્તમાન સમયમાં પણ નિત્ય પોતાના સંબંધીજનોમાં વિજય પામે છે.[૧૦] આમ ભગવાન સર્વના હૃદયમાં સ્વાભાવિકપણે જ નિવાસ કરે છે.

પ

ઉપર્યુક્ત શ્લોકમાં મહર્ષિ વેદવ્યાસ जयति, वर्धयन्, अस्यन् જેવાં વર્તમાન કાલ અને વર્તમાન કૃદંતના પ્રયોગો કરે છે. આથી એમ કહી શકાય કે ભગવાનની લીલા કાલના બંધનથી પર છે. આમ લીલાની નિત્યતા જ સમજાય છે.

ભગવાન સ્વયં સત્યસ્વરૂપ તેમજ નિત્ય છે. તેમ ભગવાનની લીલા પણ નિત્ય જ છે. કારણ કે ભગવાનની લીલા ભગવાનથી અભિન્ન છે.

## પૂર્વપક્ષની દલીલ :

બ્રહ્મના સગુણ સ્વરૂપના વિચારથી લીલાની નિત્યતા પ્રમાણિત થઇ છે. આથી તેનું નિરૂપણ અતિ આવશ્યક નથી.[11] આવી પૂર્વપક્ષની શંકા રજૂ કરતાં એમ દલીલ કરવામાં આવી છે કે પર્વત, વન, યમુનાનો કિનારો, પશુ, પક્ષી અને મનુષ્ય વગેરે સાથે સંબંધવાળી લીલા છે.[12] આ બધુ અનિત્ય છે. આથી લીલા નિત્ય કેમ હોઇ શકે ? અર્થાત અનિત્ય સાથે સંબંધ ધરાવનારાં લીલાધામોમાં કે શરીરોમાં લીલાની નિત્યતાનો સંબંધ હોઇ શકે નહીં.

## લીલા વિશિષ્ટ ભગવાનના સ્વરૂપની નિત્યતાનું પ્રતિપાદન :

શ્રી પુરૂષોત્તમજી કહે છે કે લીલા પ્રયત્ન વિના કરવામાં આવતું કર્મ છે.[13] અર્થાત તે સ્વાનન્દનો પરમાત્માના આનંદનો

રસાસ્વાદ છે. આથી શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ભગવાનની લીલાની નિત્યતા સાંભળવાની ઇચ્છા જ ઉત્તમવાણીનું લક્ષણ દર્શાવે છે. આથી તેનો પ્રમાણથી નિશ્ચય થઇ શકે છે.[14] કારણ કે, મનુષ્યમાં જેનો નિવાસ છે તેવા, જેનો દેવકીમાં જન્મ થયો છે તે કહેવા માત્ર છે તેવા, જેનો સેવક વર્ગ યાદવશ્રેષ્ઠ છે તેવા, જેણે ચાર ભુજાઓ વડે અધર્મને દૂર કર્યો છે તેવા, સ્થાવર-જંગમના પાપને દૂર કરનાર અને સ્મિત સહિત મુખ વડે વ્રજવનિતાઓના તેમજ પુરવનિતાઓના કામદેવને વધારનાર શ્રીકૃષ્ણ નિત્ય જય પામે છે.[15]

ઉપર્યુક્ત શ્લોકનું પ્રમાણ રજૂ કરીને શ્રી વિઠ્ઠલનાથજી તેમાં રહેલ લીલાની નિત્યતા સમજાવતાં કહે છે કે દ્વારિકા, ગોકુલ, અને મથુરામાં ભિન્ન-ભિન્ન સમયે લીલા કરનાર ભગવાન શ્રીકૃષ્ણનો નિત્ય વિજય જોવા મળે છે. કૃષ્ણાવતાર થયા પછી પણ શ્રીમદ્ ભાગવતના વક્તા શ્રી શુકદેવજી વર્તમાનકાળનો "જયતિ" પ્રયોગ કરે છે.[16] વળી જે તે સમયમાં કરેલી લીલા નિત્ય છે. તે પ્રમાણિત કરવા એકકાલીનવાચક એક જ કાલની છે એવો બોધ કરનાર-શતૃપ્રત્યયાન્ત "અસન," "વર્ધયન" પ્રયોગો કર્યા છે.[17] આમ ઉપર્યુક્ત શ્લોકમાં રહેલાં વર્તમાનકાળ અને વર્તમાનકૃદંતના ત્રણ પ્રયોગો લીલાની-નિત્યતા વર્તમાનપણું દર્શાવે છે. આ લીલાનું વર્તમાનપણું નિત્યતા હોય તો જ સંભવે છે. અનિત્યતામાં વર્તમાનપણું સંભવે નહિ.[18]

GUJARAT UNIVERSITY LIBRARY AHMEDABAD

શ્રી શુકદેવજીએ શ્રીમદ્ ભાગવતની કથાના સમયે પણ ભૂતકાળની લીલાનું વર્તમાનકાળમાં નિરૂપણ કર્યું છે, તેથી લીલાની નિત્યતા પ્રમાણિત થાય છે.

જો શ્લોકમાં લીલાના કર્તાની જ નિત્યતા અભિપ્રેત - ઇચ્છિત હોય અને લીલાની નિત્યતા અભિપ્રેત ન હોય તો લીલાઓનું નિરૂપણ જ શ્લોકમાં કરવામાં આવ્યું ન હોત !

પરિચય આપવા માટે "લીલાઓના કર્તા ભગવાન જય પામે છે" એમ કહ્યું હોય તો તે પણ યોગ્ય નથી. કારણ કે "લીલાના કર્તા જય પામે છે" એમ હોય તો, અન્ય ગતિ હોવા છતાં - અર્થાત શતૃપ્રત્યયાંત અસન વર્તયન જેવાં પ્રયોગો વિના ચાલે તેમ હોવા છતાં તે પદોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આથી લીલાનું વર્તમાનપણું મુખ્ય અભિપ્રેત હોવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે.[૧૯] લીલાની નિત્યતા અભિપ્રેત હોવાથી ભગવાનના વિશેષણો બે શત્રન્ત પદો મુખ્ય છે, કારણ કે વિશેષણ અમુખ્યાર્થનું પ્રતિપાદન કરતા નથી.[૨૦] અર્થાત મુખ્યાર્થનું પ્રતિપાદન કરે છે.

આ વસ્તુ સમજાવવા માટે શ્રી વિઠ્ઠલનાથજી શ્રુતિના ઉદાહરણો આપતાં કહે છે કે "દંડી -મૈત્રાવરૂણ પ્રેમ-હુકમ પછી કહે છે."[૨૧] અહીં અગ્નિષ્ટોમ યજ્ઞમાં હુકમ પછી કહેલી વસ્તુ પહેલાં

વાક્યમાં કહી છે, તે મુખ્યાર્થ નથી. આથી અહીં "દંડી કહે છે" એ મુખ્યાર્થ છે. આમ "દંડીપણું" અપૂર્વ હોવાથી વિશેષણ છે.

વાજપેયયજ્ઞમાં "લાલ પાઘડીવાળા ઋત્વિજો વિચરે છે."[22] વાક્યમાં પ્રચાર - વિચરણ વિશે પહેલાં કહ્યું હોવાથી મુખ્યાર્થ નથી. આથી લાલ પાઘડીવાળા એ જ મુખ્યાર્થ છે. આમ "લાલ-પાઘડીવાળાપણું" અપૂર્વ હોવાથી વિશેષણ છે.

અપૂર્વ પૂર્વ-મીમાંસાનો પારિભાષિક શબ્દ છે. જૈમિનિ અનુસાર "અપૂર્વ એક અદૃષ્ટ શક્તિ છે."[23] અર્થાત જે પહેલાં જાણી લેવાઇ નથી તેવી નવી વસ્તુ.

શ્રી ભીમાચાર્ય ન્યાયકોશમાં જણાવે છે કે "અપૂર્વ" યજ્ઞાદિકથી મળતાં સ્વર્ગાદિક ફળ આપનાર કોઇ વિશિષ્ટ ગુણ છે.[24]

ઉપર્યુક્ત ઉદાહરણમાં "દંડી" અને "લાલ પાઘડીવાળા" એ બન્ને અપૂર્વપણાને લીધે વિશેષણ છે તેમ ભગવાન નિત્ય-વર્તમાન હોવાથી લીલાકાર્ય પણ નિત્ય વર્તમાન છે.[25]

પાણિનીય સૂત્ર- "વર્તમાનમાં જે પ્રત્યયો કહયા છે તે વર્તમાનના સમીપ ભૂતકાળમાં કે વર્તમાનના સમીપ ભવિષ્યમાં પણ વિકલ્પથી થાય છે."[26] ના નિયમ અનુસાર અહીં પણ શતૃ પ્રત્યયાન્ત પ્રયોગ કરવામાં આવ્યો છે.

પરંતુ શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે શ્રુતિ અને પુરાણના વાક્યોથી લીલાની નિત્યતામાં સહેજ પણ શંકા ન થાય અને વાક્યોની એકવાક્યતા થાય તે માટે "अस्पन्" અને "वर्धयन्" જેવાં વર્તમાન કૃદંતનો પ્રયોગ કર્યો છે. આ પ્રયોગ વર્તમાનકાળના સમીપના કાળ માટે થયો હોય તો તે પ્રયોગ સુન્દર છે. પરંતુ સમીપતાના ગુણને લીધે પ્રયોગ કરવામાં આવે તે પ્રયોગ ગૌણ છે, મુખ્ય નથી.[27] અર્થાત મુખ્યાર્થનો પ્રયોગ ન સંભવે ત્યારે જ ગૌણ અર્થનો પ્રયોગ કરી શકાય. પરંતુ મુખ્યાર્થ સંભવતો હોય ત્યારે ગૌણ અર્થનો પ્રયોગ કરી શકાય નહિ.[28]

અહીં शतृ પ્રત્યયાન્ત अस्यन्, वर्धयत् એ પદોના મુખ્યાર્થનો બાધ-વિરોધ થતો નથી, તેથી તેના સંબંધમાં પાછળથી પ્રભાસીય લીલામાં વિચારવામાં આવ્યું છે.[29]

ઉપર્યુક્ત ચર્ચામાં શ્રી વિઠ્ઠલનાથજીએ शतृ પ્રત્યયાન્ત પ્રયોગ દ્વારા નિષ્પન્ન થતી નિત્યતા પ્રતિપાદિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તદુપરાંત शतृ પ્રત્યયાન્તના પ્રયોગોમાં મુખ્યાર્થ હોય છે. વળી વિશેષણો પણ મુખ્યાર્થનું જ પ્રતિપાદન કરે છે. આમ લીલાની નિત્યતા સ્થાપવા માટે વિવિધ પ્રમાણો અને તર્કો પ્રસ્તુત થયાં છે.

## શ્રીમદ્ વલ્લભાચાર્યે કરેલું નામની નિત્યતાનું નિરૂપણ :

શ્રીમદ્ વલ્લભાચાર્યે નામની નિત્યતાનું પ્રતિપાદન કરતાં જણાવે છે કે ભગવાનમાં હંમેશાં નામ, રૂપ અને ક્રિયાની નિત્યતા છે, એ "સન્તિ" ક્રિયાપદમાં જોઇ શકાય છે.[30]

ભગવાનના નામ અને રૂપ અનેક છે અને તે ક્રિયા પૂરી થવાં છતાં પણ તેમના તેમ રહે છે. અર્થાત નામમાં અનિત્યતા આવતી નથી. જેમ પાચક અને પાઠક ક્રિયા પૂરી થતાં તે નામથી ઓળખાતાં નથી,[31] પરંતુ ભગવાન માટે તો નામનું નિત્યત્વ જ છે.

રૂપમાં પણ કદીક ગુણનો સંયોગ થતાં નામ આવશ્યક બની જાય છે. જો ગાયમાં ગાયના ગુણનો સંયોગ થાય તો તે "ગાય" નામ આવશ્યક બની જાય છે.[32]

ભગવાન શ્રીકૃષ્ણ ગોવર્ધન પર્વતને ધારણ કરે છે, એટલે પર્વતને ધારણ કરવાની ક્રિયા અને નામ સાથે ગોવર્ધનને ધારણ કરનાર રૂપ આજે પણ ભકતોને તે પ્રતિમાનો અનુભવ કરાવે છે.[33]

સ્તુતિને અનુરૂપ ન હોય તેવાં નામો હોવા છતાંય સ્તુતિ માટે કહેવાય છે. કારણ કે ગુણ અને કર્મને અનુરૂપ અર્થાત ઉદારતા વગેરે ગુણોના અને કાલિયદમન વગેરે કર્મોના અલૌકિક નામો જોવા મળે છે.[34]

જન અર્થાત લોકો જન્મન. ઉત્પન્ન થવાના સ્વભાવવાળા હોવાથી નામને જાણી શકાતા નથી.[35]

શ્રીમદ્ વલ્લભાચાર્યે કહે છે કે આ સંબંધમાં વિચાર એવો છે કે ક્રિયા તો અનિત્ય છે અને રૂપ પણ કાળ વડે પ્રતિક્ષણ બદલાતું રહે છે.[36] ક્રિયા અને રૂપ ઉપરથી નામ પડયું તેનો બીજા સાથે સંબંધ થઇ શકતો નથી. આથી તે નામ વાચક અને વાચ્ય ન થવાથી ફળી શકતાં નથી.[36] સ્વરૂપના જ્ઞાન વિના ફકત મુખથી જ ઉચ્ચારેલા નામ અને રૂપનો સંબંધ હોતો નથી.[37] આથી જેમ અગ્નિ શબ્દનો ઉચ્ચાર કરતાં અગ્નિનો દાહ થતો નથી, તેમ રૂપ અને ક્રિયાના અનુસંધાન વિનાનાં કેવળ નામથી પ્રપંચની નિવૃત્તિ સંસારમાંથી છુટકારો થતો નથી.[38] નામનો અર્થ ઉચ્ચાર કરનારની પાસે બીજાને નમાવે છે, આથી તે નામ કહેવાય છે.

નામનાં પણ રૂપ છે. જેમ ભગવાનનું રૂપ સામાન્ય લૌકિક વ્યકિત જેવું દેખાય છે તેમ નામ પણ ગ્રહણ કરનારના દોષને લીધે લૌકિક વર્ણ-અક્ષર ધરાવતું પ્રતીત થાય છે. વસ્તુતઃ નામ અખંડ છે. તેને યથાર્થ જાણી તત્વનો ઉદબોધ કરી ઉચ્ચારેલાં નામ બધા પુરૂષાર્થને સફળ બનાવે છે. લોકવત્-સાંસારિક નામની જેમ તેનો ઉચ્ચાર કરે તેને તે સફળ થતાં નથી. એમાં નામનો દોષ નથી, પરંતુ ઉચ્ચાર કરનારના ભાવનો દોષ છે.[39]

આમ નામ દ્વારા જ ચિત્તની અતિશય શુદ્દિધ થાય છે.[40] નહિતર આધિદૈવિક ભાવ સહિત આવૃત્ત-સંલગ્ન રહેનારને તે કયારેક ફળે છે, નામના માહાત્મ્યજ્ઞાનથી ઉચ્ચાર કરનારના કાલાદિનો-દોષનો પરિત્યાગ થાય છે.[41]

સારૂપ્ય (ભગવાન સાથે એકરૂપ થવું તે) દ્વારા સાધક છે. આથી લૌકિક ભાવ થવો એ અપરભાવ-અન્યભાવ નહિ હોવાથી મોક્ષદાતા છે. આથી જ અજામિલોપાખ્યાન વ્યર્થ નથી.[42]

આમ ભગવાનના અનન્ત નામો ઉપાસ્ય-ઉપાસના યોગ્ય ભગવાનના રૂપમાં છે, જે અંતઃકરણને પવિત્ર બનાવે છે. આવી સ્થિતિમાં ભગવાનના રૂપનું સ્મરણ કરી નામ લેવું જોઇએ. આમ ન થાય તો નામના પ્રસંગમાં રૂપનું કથન નિરર્થક નીવડે ![43]

શ્રીમદ્ વલ્લભાચાર્યે નામ અને રૂપનું એકત્વ સિદ્ધ કરે છે. ભગવાનનું સ્વરૂપ સ્મરણપટ પર આવતાં નામનું ઉચ્ચારણ પણ સહજ-ભાવે થઇ આવતું હોય છે. આમ નામ અને રૂપનો અભેદ સંબંધ સ્થાપવાનો પ્રયત્ન થયેલો જોઇ શકાય છે.

ઉપર્યુક્ત ચર્ચામાં શ્રીમદ્ વલ્લભાચાર્યે નામની મહત્તા સ્થાપવા માટે તેની નિત્યતાનું જ પ્રતિપાદન કરે છે. નામની નિત્યતા જ તેના અર્થની ભાવનામાં પ્રગટ થાય છે.

<u>ભગવાનના નામોની નિત્યતા, જગતમાં વિલક્ષણતા અને અનૌપચારિકતા વગેરેનું પ્રતિપાદન :</u>

શ્રી વિઠ્ઠલનાથજી ભગવાનના નામોની નિત્યતાનું પ્રતિ-પાદન કરવા શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના નામકરણ -

સંસ્કારના પ્રસંગમાં ગર્ગાચાર્યે કથિત-કહેલો શ્લોક ટાંકતાં કહે છે, "ગુણ અને કર્મને અનુરૂપ તમારાં પુત્રનાં અનેક નામ અને રૂપ છે. હું એ જાણું છું, લોકો જાણતાં નથી."[૪૪]

ઉપર્યુક્ત શ્લોકમાં "સન્તિ" - છે. પદ ભગવાનના અનેક-વિધ નામ અને રૂપોનું વર્તમાનપણું-નિત્યતા જણાવે છે.[૪૫]

વળી નામ અને રૂપ ગુણ અને કર્મને અનુરૂપ હોય છે, એટલે ઉદારતા જેવાં ગુણ અને કાલિય-દમન જેવાં કર્મને અનુરૂપ નામ અને રૂપ હોય છે.[૪૬]

અનુરૂપ એટલે તે સમયને યોગ્ય આકાર, ક્રિયા અને ગુણ-યુક્ત.[૪૭] અર્થાત ગુણ અને કર્મના સમયને યોગ્ય આકાર કિંવા આકૃતિ પૂતનાવધપ્રસંગમાં બાળકની આકૃતિરૂપ હોય છે અને ક્રિયા સ્તન-પાનરૂપ હોય છે.[૪૮]

ભગવાન શ્રીકૃષ્ણ ગોવર્ધનલીલામાં-કર્મમાં ઉભા રહે છે, હાથ ઉંચા કરે છે, ગોવર્ધન પર્વત ધારણ કરે છે અને ગોકુલના ગ્રામવાસીઓનું રક્ષણ કરે છે. આ સર્વ ક્રિયાઓને અનુરૂપ-યોગ્ય નામ પડેલાં છે. અર્થાત "ગોવર્ધનધરણ" એવું નામ ક્રિયાને અનુરૂપ છે.[૪૯] નામનું પ્રયોજક રૂપ અને ક્રિયા છે. અર્થાત રૂપ અને ક્રિયા વર્તમાન નિત્ય હોય તો જ નામો પણ વર્તમાન નિત્ય હોઇ શકે.[૫૦] આમ લીલાની નિત્યતા વિના તેનું વર્તમાનપણું હોતું નથી.[૫૧]

જેમ પાચક-રસોઇયો-રસોઇનું કામ કરતો હોય તો જ તે પાચક કહેવાય છે. પાચકનું કામ કરતો ન હોય તો પાચક કહેવાતો નથી. તેમ ક્રિયાથી નિવૃત્ત થનાર તે ક્રિયા સાથે જોડાયેલા નામવાળો પાચક-પાઠકની જેમ કહેવાતો નથી.[૫૨]

પૂર્વપક્ષની દલીલ :

જેમ જગતમાં ક્રિયા પ્રમાણે પાચક પાઠક વગેરે નામ પડે છે, પરંતુ તે ક્રિયા ન કરતો ન હોય તો પણ "પાચકને બોલાવો" એવો પ્રયોગ કરવામાં આવે છે.[૫૩] કારણ કે તેણે પહેલાં ક્યારેક એવી ક્રિયા કરેલ છે. આથી હમણાં તે ક્રિયા ન કરતો હોવા છતાં ઉપચારથી ગૌણી-થી "પાચક" કહેવાય છે.

તેમ ગુણ અને કર્મના યોગથી, ગુણ અને કર્મથી રહિત અવસ્થામાં પણ ઉપચારથી-ગૌણીથી નામનો પ્રયોગ સંભવે છે.[૫૪] આથી ગોવર્ધનધારી, કાલિયદમન વગેરે નામોના વર્તમાનપણાનું જ્ઞાન થાય છે. અને "છે" પદથી "અનેક નામો છે," એ પ્રયોગનું ઔચિત્ય સમજાય છે. આથી લીલા નિત્ય હોવાનું સિદ્ધ થઇ શકતું નથી.

સિદ્ધાન્તીનો ઉત્તર :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જે પ્રયોગ ઔપચારિક હોય તે

નામના અભાવવાળો હોય છે.[૫૫] કારણ કે નામ મુખ્યવૃત્તિથી યુક્ત હોય છે. અર્થાત મુખ્યવૃત્તિ જ મુખ્ય અર્થ ધરાવે છે અને શબ્દનું કાર્ય અભિધાવૃત્તિ છે.[૫૬]

જગતમાં ડિત્થ-કપિત્થ-યદૃચ્છાત્મક ધર્મો જેવાં શબ્દો રૂઢિથી-સંકેતાત્મક રીતે જાણી શકાય છે. પરંતુ નરસિંહ વગેરે શબ્દો ઉપચારથી જાણી શકાતાં નથી. કારણ કે સિંહનો આકાર, અવયવ કે સમાનતા ન હોવા છતાં પણ તેવો પ્રયોગ કરવામાં આવે છે. વળી તદ્દન નિર્બળ વ્યક્તિ માટે પણ "નરસિંહ" શબ્દનો પ્રયોગ કરવામાં આવે તો તે ઉપચારથી જાણી શકાતો નથી.[૫૭]

આથી જ ડિત્થ-કપિત્થ પ્રયોગ જેમ લૌકિક છે, તેમ લૌકિક વ્યક્તિ માટે પ્રયોજેલ "શ્રીકૃષ્ણ" વગેરે નામો ભગવાનના નામો નથી.[૫૮] કારણ કે ભગવાન સદાનન્દ સ્વરૂપ છે, જ્યારે લૌકિક નામને ધારણ કરનાર શ્રીકૃષ્ણ સદાનન્દ નથી.[૫૯]

લૌકિક નામ ધારણ કરનાર વ્યક્તિમાં "સદાનન્દ સ્વરૂપ" નો અભાવ હોય છે. આથી ભગવાનનો વાચક "શ્રીકૃષ્ણ" એવો એક વિશિષ્ટ શબ્દ જ છે, એમ માની શકાય. પરંતુ ભગવાનના નામો અખંડ શબ્દ બ્રહ્મસ્વરૂપ હોય છે.[૬૦]

<u>પૂર્વપક્ષની દલીલ :</u>

ભગવાનના નામો ગુણ અને કર્મને અનુરૂપ હોય છે.[૬૧] આથી ગુણ અને કર્મ પછી લીલા કર્યા પછી તેમને અનુરૂપ નામો ઉત્પન્ન થાય છે. ન્યાયની પરિભાષામાં કહીએ તો પ્રાગભાવનો પ્રતિયોગી કાર્ય હોય છે તે પ્રમાણે કાર્ય હંમેશા ઉત્પન્ન થાય છે. આથી ઉત્પન્ન થયેલાં નામોને બ્રહ્મ કેમ કહેવાય ? વળી નામનો પ્રાગભાવ હોય તો ત્રણેય કાળમાં નામની નિત્યતા બાધિત થાય છે.[૬૨]

<u>સિદ્ધાન્તીનો ઉત્તર :</u>

ઉપર્યુક્ત પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ભગવાનના સ્વરૂપની જેમ કર્મનો પણ પ્રાદુર્ભાવ-આવિર્ભાવ થાય છે અને તેને અનુરૂપ નામનો પણ પ્રાદુર્ભાવ થાય છે, પરન્તુ ઉત્પત્તિ થતી નથી.[૬૩]

એમ-પ્રાદુર્ભાવ ન હોય તો પોતાના યજ્ઞના નાશથી ગુસ્સે થયેલા ઇન્દ્રે કરેલ વીજળીથી યુકત વરસાદની ધારાથી દુઃખિત, પોતાના વ્રજ જનોના રક્ષણ માટે ડાબા હાથરૂપી કમળના નખના અગ્રભાગ ઉપર પર્વતશ્રેષ્ઠ ગોવર્ધન પર્વત ધારણ કરનાર, પ્રાણથી પણ અતિપ્રિય શ્રી ગોકુલના નાથ શ્રીકૃષ્ણમાં જેમણે સમ્પૂર્ણ ગર્વ દૂર કર્યો છે, તે ઇન્દ્ર અને સુરભિ વગેરેએ કરેલા મહાભિષેક સમયે

સારી રીતે અનુભવેલું "શ્રી ગોવિંદ" નું નામ ભવિષ્યમાં થનાર પૂતનાના પ્રાણરૂપી દૂધના પાન પછી ઉત્તમ વ્રજવધૂઓ-ગોપીઓ બીજન્યાસ કરતી ગાન કરે છે.[૬૪]

"ક્રીડા કરતાં ગોવિંદ રક્ષા કરો"[૬૫] અને ભગવાનના ગુણોનું ગાન કરતાં ગોવિંદની વેણુ-વાંસળી અનુસાર મત્ત-મયૂરનું નૃત્ય થતું.[૬૬]......આમ વર્ણન થયેલું છે, તેથી શ્રીકૃષ્ણનો ઇન્દ્ર અને સુરભિ વગેરેએ મહાભિષેક કરી, "ગોવિંદ" નામ પાડયું,[૬૭] તે પહેલાં પણ ભગવાન શ્રીકૃષ્ણનું ગોવિંદ નામ હતું, તે ઉપર્યુક્ત બન્ને વાક્યો દવારા જાણી શકાય છે. વળી તે વાક્યો પૂતનાના વધ પછી વ્રજમાં ગાયેલાં છે, તેથી નામની નિત્યતા માની શકાય એમ છે."[૬૮]

અહીં તર્ક વ્યક્ત કરતાં હરિતોષિણીકાર શ્રી ગિરિધરજી કહે છે, "જો ભગવાનના નામો નિત્ય ન હોય તો નામના પ્રાદુર્ભાવ પહેલાં ગોપીઓએ કરેલ ગાનનો વિષય હોય નહિ. પરંતુ ગાનનો વિષય છે, તેથી નામો નિત્ય છે. જેમ આ પર્વત જો અગ્નિવાળો નથી તો ધૂમવાળો નથી. પરંતુ ધૂમવાળો છે. એટલે અગ્નિવાળો છે જ. આમ ભગવાનના નામો નિત્ય છે.[૬૯]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જે કર્મથી વિશિષ્ટ જે રૂપનું નામ હોય, તે કર્મથી વિશિષ્ટ રૂપ પણ નિત્ય જ હોય છે. અર્થાત પ્રાદુર્ભાવ થતાં પહેલાં જ નામ વિશે કહેવાથી તો રૂપ પણ નિત્ય

૪૭૯

જ સિદ્ધ થાય છે.[૭૦] પરન્તુ ભગવાન આ જગતમાં પોતાના ભક્તોને જુદાં-જુદાં રસોનો અનુભવ કરાવે છે. આ માટે ભગવાન કોઇક અંશનો-રૂપનો ક્રમથી આવિર્ભાવ કરે છે અને કોઇક અંશનો-રૂપનો તિરોભાવ કરે છે.[૭૧]

ભગવાન ગોવર્ધન પર્વતને ધારણ કરતાં નિત્ય નિવાસ કરે છે. આથી જ તે "ગોવર્ધનોદ્ધરણધીર" કહેવાય છે. તેમનું ક્રિયા અને સહિત સ્વરૂપ નિત્ય છે,[૭૨] તે લીલાથી વિશિષ્ટ છે. આથી આજે પણ તે પોતાનાં ભક્તોને ક્યાંક દર્શન આપે છે. ભગવાનની આવી પ્રતિમાનું ભજન અને સ્મરણ કરવું જોઇએ.

હવે જો ભગવાનની લીલા નિત્ય છે એ ન સમજાય તો નિત્ય હોવાપણાના અભાવવાળી નિત્યતાની ભાવનાથી એક પ્રકારના આત્માને જે અન્ય પ્રકારનો સમજે છે તે આત્માનું અપહરણ કરનાર ચોર કયું પાપ નથી કરતો ?[૭૪] એ વચન અનુસાર અપરાધ થાય છે. ભગવાનની પ્રસન્નતાનું કારણ ભજન નથી. પરંતુ ભજનમાં પ્રસન્નતાનો અનુભવ થાય છે.[૭૫] આ પ્રમાણે શબ્દાર્થના સંબંધની નિત્યતાથી રૂપમાં નામની આવશ્યકતા છે. આથી તે કર્મને અનુરૂપ નામ પણ નિત્ય છે.[૭૬] અર્થાત નિત્યયોગથી જોડાયેલ નામ પણ નિત્ય જ છે. આમ ભગવાનનું નામ ઉપચારથી ગૌણ રીતે લેવામાં આવતું નથી. એટલે કે ભગવાનનું નામ ઔપચારિક નથી.

શ્રી ગર્ગાચાર્ય કહે છે "ગુણ અને કર્મને અનુરૂપ તમારા પુત્રના અનેક નામ અને રૂપ છે. હું એ જાણું છું. લોકો જાણતાં નથી," તેથી જેમ રૂપ ઔપચારિક નથી તેમ નામ પણ ઔપચારિક નથી.[૭૭] ઉપર્યુક્ત શ્લોકમાં ગુણ અને કર્મને અનુરૂપ નામ અને રૂપ કહેલા છે, તે ગુણ અને કર્મની નિત્યતાનું પ્રતિપાદન કરે છે.[૭૮]

જો ગુણ-કર્મની નિત્યતાનો સ્વીકાર થયો ન હોય તો શ્રી ગર્ગાચાર્યને નન્દે કરેલી પ્રાર્થના "તમે દ્વિજાતિના સંસ્કાર કરો"[૭૯]- અનુસાર નામકરણ સંસ્કાર જ કર્યો હોત અને કોઇપણ પ્રયોજન ન હોવાથી નામ અને રૂપ, ગુણ અને કર્મને અનુરૂપ હોવાનું નિરૂપ્યું ન હોત. આથી જ ગર્ગાચાર્ય કહે છે કે મેં કહેલાં નામ મારા બનાવેલા-પાડેલાં નથી, પરંતુ પહેલાંથી જ પ્રસિદ્ધ છે. આથી હું તે નામનો કેવળ ઉલ્લેખ કે અનુવાદ જ કરું છું.[૮૦]

પરંતુ "તમારા પુત્રનાં અનેક નામ અને રૂપ છે" એમ એક સાથે ઉચ્ચારણ થયું છે. આથી નંદપુત્ર હોવાનું પણ અનાદિ-નિત્ય છે, એમ જાણી શકાય છે.[૮૧]

આ જ પ્રમાણે નન્દનું પણ "હવે મારે પુત્ર થયો" એવું જ્ઞાન અનાદિ હોવાનું જાણી શકાય છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ગર્ગાચાર્યનો પણ નામકરણ-લીલામાં પ્રવેશ થયેલો જોઇ શકાય છે. આથી તેમનું આગમન અને

વચન પણ નિત્ય-અનાદિ જ કહી શકાય.[૮૩]

ભગવાનની લીલા પહેલાંથી જ પ્રસિદ્ધ છે. અર્થાત તે શાશ્વત કે નિત્ય છે. માટે જ તે ભગવાનની ઇચ્છાથી ક્રમશ: આવિર્ભાવ પામે છે. આમ ગુણ અને કર્મની નિત્યતા દર્શાવવા માટે શ્રુતિનું પ્રમાણ છે"તે ચાલે છે, તે નથી ચાલતું, તે દૂર છે, તે નજીક પણ છે."[૮૪]

આ મંત્રમાં એક જ સમયમાં એકની ક્રિયાશીલતા અને ક્રિયારહિતતા-નિષ્ક્રિયતા એવાં બે વિરૂદ્ધધર્મો જોવા મળે છે. ગુણ અને કર્મને અનુરૂપ રૂપ અને નામ નિત્ય છે. માટે જ જે રૂપ ચાલે છે, તે રૂપ અને તેનું ચાલવું નિત્ય છે, બ્રહ્મ પણ નિત્ય આવે છે.[૮૫] વળી જે રૂપ ચાલતું નથી-તે રૂપ અને તેનું ન ચાલવું-સ્થિરતા એ નિત્ય છે, તેથી બ્રહ્મ પણ નિત્ય ચાલતું નથી.[૮૬] આ રીતે ઉભયધર્મવિશિષ્ટ બ્રહ્મના સક્રિય-સગુણ અને નિષ્ક્રિય-નિર્ગુણ સ્વરૂપમાં ભેદની શંકા ન રાખવી જોઇએ. કારણ કે તે શંકા દૂર કરવા માટે જ શ્રુતિ "એ" શબ્દની પુનરાવૃત્તિ કરે છે અને પૂર્વના "એ" શબ્દનો સંબંધ બધે જ ઔચિત્યપૂર્ણ લાગે છે.[૮૭] આમ બ્રહ્મ અનેકનિત્યરૂપયુકત, અનેકનિત્યક્રિયાયુકત અને અનેક નિત્યનામયુકત હોવાનું પ્રમાણિત થાય છે. આથી જ ભગવાનની લીલા નિત્ય કહેવાય છે.

ઋગ્વેદમાં લીલાની નિત્યતા :

શ્રી વિઠ્ઠલનાથજી બ્રહ્મસૂત્રાણુભાષ્યમાં કહે છે કે ભગવાન ભક્તના વિરહભાવમાં ભાવને ઉત્કૃષ્ટ બનાવે છે અને પછી તે આવિર્ભાવ પામે છે તથા સ્વરૂપાનંદનું દાન કરે છે. આ પ્રકારનું દર્શન આ લોકમાં તેમજ વૈકુંઠમાં પણ જોવા કે સાંભળવા મળતું નથી. પરંતુ તે વસ્તુઓ પ્રકૃતિ અને કાલથી પર અને વૈકુંઠથી પણ વિશિષ્ટ એવા ગોકુલમાં જોવા અને સાંભળવા મળે છે.[88]

ઋગ્વેદની આ ઋચા[89] ગોકુલના મહત્વ અંગેનું પ્રમાણ-પ્રતિપાદિત કરે છે. તા અર્થાત એ, વામ્ - તમારા બેનાં અર્થાત ભગવાન અને અંતરંગ ભક્તનાવાસ્તૂનિ-(સંબંધી) વસ્તુઓ ગમધ્યૈ-મેળવવા માટે, ઉશ્મસિ-અમે ઇચ્છા રાખીએ છીએ કઈ વસ્તુઓની ઇચ્છા છે, તેનો ઉત્તર આપતાં શ્રુતિ ગૂઢ વસ્તુ પ્રગટ કરે છે. યત્ર-જ્યાં ગાવ:-ગાયો ભૂરિશ્રૃંગા: અનેક શિંગડાવાળાં રુરુ વગેરે હરણ જાતનાં પ્રાણીઓ નિવાસ કરે છે, તે અયાસ: શુભ કરનારાં છે. તદ-તે આવા ગુણોથી યુક્ત ઉરુગાયસ-ગોપીઓ જે પ્રભુનું સતત ગાન કરે છે. આથી જ પ્રભુ એમના ભક્તોની ઇચ્છા પરિપૂર્ણ કરે છે. (વૃષ્ણ:-એ વૃષનનું ષષ્ઠી એકવચન છે) માટે તેમને વૃષ્ણ: કહેવાય છે. પરંમ-પ્રકૃતિ તથા કાલથી પર પદ-સ્થાન જે સ્થાન વૈકુંઠથી પણ વિશિષ્ટ કે ઊંચું છે, તે ગોકુલ છે. એ અત્ર-અહીં જગતમાં અવભાતિ-પ્રકાશે છે.[90]

છતાં પણ अह શબ્દ દ્વારા શ્રુતિને તે પરમ પદના દર્શન થઇ ન શકવાનું દુ:ખ વ્યકત થાય છે.[૬૧] ઉરૂગાય અને વૃષા એ બે વિશેષણોનું તાત્પર્ય આ પણ છે : પ્રભુનાં ગુણગાન તો બધે થાય છે, પરંતુ ભકતની ઇચ્છાનું વર્ષણ-ભકતેચ્છાની પૂર્તિ તો ભકતો માટે જ હોય છે.[૬૨]

યમુનાના સુન્દર રેતીવાળા પ્રદેશો, ઉપવનો, નિકુંજો, ગુફાઓ અને ગિરિરાજ વગેરે રમણીય સ્થાનો છે, માટે આવા સ્થાનને "ભૂરિ" કહ્યું છે.[૬૩]

શ્રુતિમાં એમ કહેવા માગે છે કે ઉપર્યુકત વસ્તુઓની અમને ઇચ્છા છે. અહીં સૂત્રમાં "तानि" ના સ્થાનમાં તે હોવું જોઇએ. કારણ કે "ते पदार्थाः" એ કહેતા "પદાર્થો" શબ્દ પુલ્લિંગમાં છે. છતાંય तानि- નપુંસકલિંગનો પ્રયોગ વિષયવાકય "ता वास्तूनि" ના અનુરોધથી થયો છે.[૬૪] हि- નો પ્રયોગ એટલા માટે થયો છે કે ભગવાનના સંબંધી પદાર્થો જયાં ભગવાનનું પ્રાકટય થાય ત્યાં જ પ્રકટ થાય એ યુકત-યોગ્ય છે.[૬૫]

અણુભાષ્યમાં સૂત્ર ૪-૪-૨૦ માં પણ ઉપર્યુકત ઋગ્વેદના મન્ત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહીં જે બન્ને સૂત્રો ઉપરના ભાષ્યમાં ઋગ્વેદના મંત્રનું જે ટિપ્પણ છે, તે જ વિદ્વન્મંડનમાં છે. અહીં અણુભાષ્યના ઉત્તર ભાગનું કર્તૃત્વ અને વિદ્વન્મંડનનું કર્તૃત્વ શ્રી વિઠ્ઠલનાથજીનું જ હોવાથી એ સ્વાભાવિક લાગે છે.

લીલાની નિત્યતા સિદ્ધ કરનારાં પ્રમાણો :

શ્રી વિઠ્ઠલનાથજી ભગવાનની નિત્ય લીલા હોવાનું સિદ્ધ કરવા જુદાં-જુદાં પ્રમાણો આપે છે. સૌપ્રથમ ઋગ્વેદના પ્રથમ મંડળમાંથી નીચેનો મંત્ર આપીને નિત્ય લીલાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

એ તમારા બેનાં-કૃષ્ણ અને બલરામનાં કે ગોપી અને માધવના નિવાસસ્થાનો પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ. જ્યાં ગોકુલમાં મોટા શિંગડાવાળી ગાયો, રુરુ મૃગો વગેરે છે. શુભ-કલ્યાણકારી આ સ્થાનમાં તે લોક અને વેદમાં પ્રસિદ્ધ મહાન કીર્તિવાળા ભગવાનનું ગોપીના કામને વરસાવનાર તે ગોકુલ પરમધામ વૈકુંઠ છે. તેનાથી પણ વધારે શ્રેષ્ઠ એવું સ્થાન અત્યન્ત પ્રકાશે છે.[૯૬]

ઉપર્યુક્ત મંત્રના અણુભાષ્યમાં ટિપ્પણી આપેલ છે, તે અણુભાષ્ય ૪।૨।૧૫ અને ૪।૪।૨૦ માં જોઇ શકાય છે. છતાં પણ વિદ્વન્મંડનમાં ઉપર્યુક્ત મંત્રની વ્યાખ્યામાં જે જુદું કે ભિન્ન લાગે છે તે નીચે પ્રમાણે છે.

અણુભાષ્યમાં "વાં" નો અર્થ ભગવાન અને અંતરંગ ભક્તની એમ દર્શાવ્યું છે. વિદ્વન્મંડનમાં કૃષ્ણ અને બલરામનાં કે ગોપી અને માધવના" એમ દર્શાવેલ છે.[૯૭]

ઉરૂગાય સ્ય કૃષ્ણનો અર્થ લોક અને વેદમાં પ્રસિદ્ધ મહાન કીર્તિવાળા ભગવાનનું ગોપીઓના કામને વરસાવનાર" એવો કરવામાં આવ્યો છે.[૯૮]

આવું એ બે-કૃષ્ણ અને બલરામનું સ્થાન- તે સ્થાનના સંબંધવાળું નિવાસસ્થાન અમે પ્રસાદ-કૃપા તરીકે મેળવવા ઇચ્છીએ છીએ.[૯૯] ભૂરિ શબ્દ બહુલતા વાચક છે. અર્થાત અનેકતાનો અર્થ ધરાવે છે, એમ નિરૂકતમાં કહ્યું છે.[૧૦૦]

"ભૂ" ધાતુ અર્થ આપ્તિ-વ્યાપ્તિ કે વ્યાપક એમ થાય છે. તેથી ગોકુલ એ પરમ ભગવદ્ધામ હોવાથી અને વૈવિધ્યસભર સ્થાનવાળું હોવાથી નિત્ય છે.[૧૦૧]

ઉપર્યુકત મંત્રમાં સાયણાચાર્ય વાં નો અર્થ "યજમાન અને તેની પત્ની" એમ કરે છે.[૧૦૨] બાકી અર્થો સામાન્યપણે જ વ્યકત થયાં છે, તેમાં યાસ્કના કરેલા અર્થો પણ સમાવિષ્ટ કર્યા છે, જેમાં ગો શબ્દ, શૃંગ શબ્દ, પદશબ્દ વગેરેની વ્યુત્પત્તિનો નિર્દેશ છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ મંત્રના શબ્દોમાં ભગવાનના ધામની ગોકુલધામની સાર્થકતા સ્થાપી છે, તે વસ્તુ "બધા વેદો જે પરમ પદનું વારંવાર પ્રતિપાદન કરે છે"[૧૦૩] દ્વારા સમજાય છે. અર્થાત વેદોમાં ભગવાનનો અને ભગવાન સંબંધી સર્વ સ્થાનોનો જ ઉલ્લેખ છે.

આમ ગોકુલ સંબંધી વસ્તુની પ્રાપ્તિ મુક્તિ-મોક્ષ કરતાંય વધારે ફળ આપે છે.[૧૦૪]

શ્રી વિઠ્ઠલનાથજી "ગોકુલ" નામની સાથે વ્યાપકતાનો નિર્દેશ આપે છે તે જ ભગવદ્‌ધામની નિત્યતા અને અભિન્નતાનો પરિચય આપે છે.

ભગવાનની જેમ ભગવાનનું ધામ પણ તેમનાથી અભિન્ન છે. આમ ધામ તેમજ ધામીનું અદ્‌વૈત અદ્‌ભુત આનંદનું દાન કરે છે. શ્રી વિઠ્ઠલનાથજી ભગવાનના લીલા સ્થળોની નિત્યતા દર્શાવવા તૈત્તિરીય સંહિતામાંથી પ્રમાણ આપે છે.

જ્યાં વિશાળ શિંગડાવાળી શુભ કરનારી ગાયો છે, તેવા (હે વિષ્ણુ), તમારાં એ સ્થાનોમાં જવા અમે મનોરથો સેવીએ છીએ. સર્વત્ર જેના યશનું ગાન થાય છે તેવા અનેક સ્વરૂપો ધારણ કરી શૃંગારરસનું સુખ આપતા એ સર્વોત્કૃષ્ટ સ્થાન અહીં ભૂતલ ઉપર દેખાય છે.[૧૦૫]

ઉપર્યુક્ત મંત્ર અણુભાષ્યના તદભૂત સૌત્યધિકરણમાં ૩-૪-૩૯ માંના સૂત્રના સમર્થનમાં આપવામાં આવ્યું છે.

ભગવદ્‌ભાવ ભગવાનની કૃપાથી જાગે તો કર્મનું નિરૂપણ કરનાર જૈમિનિ પણ મોક્ષપ્રાપ્તિ કરે અને ભગવદભાવનો લોપ ન થાય.[૧૦૬] અહીં જેના પર ભગવાન કૃપા કરે તેને જ ભગવાન પ્રાપ્ત થાય.[૧૦૭] એ શ્રુતિનું વાક્ય ભગવાન પ્રત્યેનો ભાવ એ મુક્તિનું ફળ છે.

સાધન નથી. આમ સાધન કરતાં ફળ ઉત્તમ હોય છે.[૧૦૮] ભગવદભાવ એ સર્વોત્તમ છે. આથી તેનું ફળ મુક્તિ નથી. ભક્તિનું સ્વરૂપ અહીં નિરૂપ્યું છે કે ભગવદભાવ દ્વારા જ જેના બધા મનોરથો પરિપૂર્ણ થઇ ગયા છે, તેવા જે ભક્તો તે ભક્તિ દ્વારા પ્રાપ્ત થતી પરમ શાંતિને લઇ સામાન્ય રીતે પરમ પુરૂષાર્થ મનાતો જે નિત્ય મોક્ષ તે સામે ચાલીને આવે તો પણ એને સ્વીકારતા નથી.[૧૦૯]

શ્રી વિઠ્ઠલનાથજી વિદ્વન્મંડનમાં ઉપર્યુક્ત તૈત્તિરીય સંહિતાનો મંત્ર લીલાની નિત્યતાનું પ્રમાણ પ્રસ્તુત કરવા માટે કહે છે.

આ મંત્રનો પાઠભેદ ઋગ્વેદના પૂર્વોક્ત મંત્રમાં થોડા ફેરફાર સાથે જોવા મળે છે.

અહીં ભૂરેઃ નો અર્થ "બહુરૂપવાળાના" થાય છે. રાસોત્સવ વગેરેમાં ભગવાન પ્રગટ થવાની બહુરૂપ ધારણ કરે છે.[૧૧૦]

વળી વેદ નિત્ય હોવાથી અવભાતિ એમ કહેતા પોતાના ભાનના પ્રકાશના વિષયરૂપ ભગવાનનું પરમધામ ગોકુલ પણ નિત્ય જ છે.[૧૧૧] આથી અવભાવપક્ષમાં પણ વર્તમાનકાળના પ્રયોગથી વિષયનું-ગોકુલનું પણ વર્તમાનપણું જ સિદ્ધ થાય છે.[૧૧૨] અર્થાત નિત્ય વેદ "અવભાતિ""પ્રકાશે છે" એમ વર્તમાનકાળના લટ્લકારનો પ્રયોગ કરે છે, તેથી ભાનનો વિષય ગોકુલ નિત્ય છે.

વળી પણ ઇન્દ્રના હંમેશના સાથીદાર વિષ્ણુનાં કર્મો જુઓ કે જેના દ્વારા એ કાયદાઓ નિયમો ઉપર બરાબર ધ્યાન આપે છે.[૧૧૩]

ભગવાન વિષ્ણુના એ પરમ ધામનું દર્શન ભક્તો નિત્ય કરે છે. આકાશમાં જેમ આંખ ચારે તરફ જોયા કરે છે તેમ.[૧૧૪]

ઉપર્યુક્ત મંત્રમાં ભક્તો સૂરિ શબ્દથી કહેવાયા છે. તેઓ પુરૂષોત્તમના સ્વરૂપનું જ્ઞાન ધરાવનારા વિદ્વાન ભક્તો છે. આવું સ્વરૂપજ્ઞાન ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થાય છે. આથી સૂરિઓને ભક્તોને લીલા સ્થાનનું નિત્ય દર્શન સદા પદની થાય છે.[૧૧૫]

અહીં મંત્રોનો ક્રમ નીચે પ્રમાણે રહ્યો છે. સૌપ્રથમ "જ્યાં શુભકારિણી મોટાં શિંગડાવાળી ગાયો છે, ત્યાં મહાન કીર્તિવાળાનું-વિષ્ણુંનું પરમ પદ છે."[૧૧૬]

ત્યાંના કરેલા કર્મો પણ ભગવાનના જ છે તે બતાવવા "વિષ્ણુના કર્મ જુઓ".[૧૧૭].....મંત્રનું નિરૂપણ થયું છે.

પૂર્વવર્ણિત લીલા સ્થાનનું વર્ણન "તે વિષ્ણુનું પરમ ધામ છે"[૧૧૮] મંત્ર દ્વારા કરવામાં આવ્યું છે અને તેની નિત્યતાનું-નિરૂપણ "સૂરિઓ હંમેશા સદા જુએ છે"[૧૧૯]- મંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

શ્રી વિઠ્ઠલનાથજી "સૂરિ" શબ્દનો અર્થ સમજાવતાં કહે છે કે સૂરિઓ એટલે વિદ્વાનો. જે શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મનું સ્વરૂપ

જાણે છે તે સૂરિ-વિદ્વાન કહેવાય છે.[૧૨૦] અર્થાત વેદ અને પુરૂષોત્તમને જાણનાર જ વિદવાન છે.

પુરૂષોત્તમ-પરબ્રહ્મ ભકત દ્વારા જ જાણી શકાય છે. આથી જ કહ્યું છે, "ભકિતથી મને જાણે છે"[૧૨૧] અને વળી "હું એકમાત્ર ભકિતથી જ ગ્રહણ કરવા યોગ્ય છું"[૧૨૨]- જેવાં ભગવદ્ગીતાના વાકયો સૂરિ શબ્દ ભકત અર્થ પરક કહી શકાય.[૧૨૩]

ઉપર્યુકત "અહીં એ મહાન "કીર્તિવાળાનું-વિષ્ણુનું" અને સૂરિઓ હંમેશા જુએ છે" એ બન્ને મંત્રોની -વાકયોની એકવાકયતા આ વાકયમાં થાય છે : ભૂમિ પર તે પરમપદ -વિષ્ણુના ધામને ભકતો જ હંમેશાં જુએ છે."[૧૨૪]

વન, યમુના, તેનો કિનારો, પર્વત અને ગુફા વગેરે મહાન અને પ્રકટ રૂપવાળા -ઉદ્ધતરૂપવાળા છે. અર્થાત તે લૌકિક દર્શન માટે પ્રયોજક-હેતુરૂપ છે.[૧૨૫] છતાં પણ તે પરમ પદનું કેવળ સૂરિઓ કે ભકતો જ હંમેશા દર્શન કરી શકે છે.[૧૨૬] સાધારણ વ્યકિત તેનું દર્શન કરી શકતી નથી.

જેમ મહત્ અને ઉદ્ધતરૂપ વસ્તુ જયાં હોય છે, ત્યાં ભ્રમથી -નિકટવર્તી ત્યાંની વસ્તુ અન્ય જનો જોતાં નથી. પરંતુ ત્યાંના જ - ગોકુલના જ લોકો જુએ છે. તેમ સાધારણ વ્યકિત ગોકુલનું દર્શન કરી શકતી નથી, પરંતુ ભકતો જ દર્શન કરી શકે છે.[૧૨૭]

ઉપર્યુક્ત શંકાનું નિરાકરણ કરવા માટે આ દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે. "સ્વર્ગમાં સર્વત્ર-વ્યાપ્ત આંખની જેમ"[૧૨૮] અહીં દિવિ એટલે સ્વર્ગમાં, આ સમન્તાત તતમ્ એટલે વ્યાપ્ત છે, "જે દુઃખનું નથી" એ વાક્યથી તે એકમાત્ર સુખનું જ સાધન છે. તે સુખ રૂપ-પદાર્થને-સ્વર્ગને ત્યાં નિવાસ કરનારાઓની આંખ જ જુએ છે, બીજાની નહિ.

આમ સ્વર્ગસ્થ જીવોની આંખ જેમ સુખના-સાધનરૂપ પદાર્થને જુએ છે, તેમ ભક્તોની આંખ વન અને યમુના વગેરેને જુએ છે, બીજાને નહિ.[૧૨૯]

આથી જ ભક્તોનો લીલામાં સમાવેશ થયો હોય તેઓ પરમ યુક્ત થયેલા હોઇ તે જ ગોકુલનું દર્શન કરે છે.[130] સાધારણ વ્યક્તિને દર્શન થતું નથી. ઉપર્યુક્ત શંકાનું નિરાકરણ આ પ્રમાણે પણ કરવામાં આવે છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે સ્વર્ગનું દર્શન અસંભવ છે. છતાં પણ જેમ યોગીઓ પહેલાં પૃથ્વીથી યોગની ધારણાથી દૂર-ગ્રહણસિદ્ધિ પ્રાપ્ત કરે છે.[131] આવી સ્થિતિમાં યોગીની આંખ આતત એટલે સર્વ દિશાઓમાં વ્યાપ્ત સર્વને ગ્રહણ કરવા સમર્થ થાય છે[132] અને પૃથ્વી પરથી જ સ્વર્ગના પદાર્થોનું દર્શન કરે છે, તેમ ભક્તને પહેલાં ગોકુલનું દર્શન થઇ શકતું નથી. છતાં એવાં અદૃશ્ય ભગવાનના અનુગ્રહથી ભક્તિની પ્રાપ્તિ થાય છે. પછી તે દર્શનનો

30

અધિકાર પ્રાપ્ત થાય છે.[133] આથી ભગવાન પ્રગટ થાય છે, એટલે ભક્તને દર્શન આપવા આવરણ દૂર કરીને પ્રગટ થાય છે[134] અને દર્શન આપે છે.

ભગવાનની કૃપાથી ભક્તિ મળે છે અને ભક્તિ વડે ભગવાનનું દર્શન થાય છે અને તેમના સ્થાનો-ગોકુલ-વગેરેનું પણ દર્શન થાય છે. આમ આધુનિક ભક્તોને પણ અધિકાર મળે છે અને ભગવાનનું દર્શન થાય છે.

ત્રણ દૃષ્ટાન્તોનું નિરૂપણ :

શ્રી વિઠ્ઠલનાથજીએ ત્રણ દૃષ્ટાંતો દ્વારા ઉપર્યુક્ત સિદ્ધાન્તનું નિરૂપણ કર્યું છે, "સ્વર્ગમાં ચારે બાજુએ વ્યાપ્તની જેમ" એ વાક્યમાં દિવિ-સ્વર્ગમાં હોય તેમ, ચક્ષુ: આંખની જેમ અને વ્યાપ્તચક્ષુની-આંખની જેમ.[135]

(૧) મંત્રમાં વર્ણવેલ પરમપદ લોકના જેવું છે. અર્થાત ગોકુલ પણ એક લોક અથવા સ્થાન હોવાથી તેમાં પણ ઇતર લોકન્યાય પ્રમાણે દુ:ખ સંભવે છે.[136] પરંતુ ભગવાનની લીલા આનંદરૂપ છે, તેથી ગોકુલ આનંદરૂપ ન હોય તો ભગવાનની લીલા આનંદરૂપ હોઈ શકે નહિ![137] આવી શંકાનું નિરાકરણ કરવા માટે "સ્વર્ગમાં જેમ" એવું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

જેમ અન્ય લોક દુઃખથી મિશ્રિત સુખવાળો હોય છે, સ્વર્ગ દુઃખરહિત સુખવાળું હોય છે તેમ ગોકુલ એકમાત્ર આનંદરૂપ જ છે.[૧૩૮] તેમાં સાધારણ પણ દુઃખ નથી.

ઇતરલોકન્યાય અનુસાર પરમ લોક દુઃખથી મિશ્રિત હોય છે, લોકની જેમ એટલે નરલોકની જેમ. સ્વર્ગ એટલે "જે દુઃખથી મિશ્રિત નથી તે" અર્થાત્ દુઃખ રહિત હોય છે. પરમ લોક કેવળ સુખરૂપ હોય છે. તે પરમ હોવાથી સ્વર્ગ લોકની જેમ એવો સત્પ્રતિપક્ષ છે.[૧૩૯] સત્પ્રતિપક્ષ સમાન બળવાળા બેની વચ્ચે જ હોય છે, અસમાન બળવાળા વચ્ચે નહીં.

(૨) આમ સ્વર્ગમાં સુખ છે તેમ ગોકુલમાં આનંદ છે.[૧૪૦] વળી ગોકુલનું દર્શન કેવળ ભક્તોને જ કેમ થાય છે ? અને ગોકુલ મહત્ અને ઉદ્ભૂતરૂપવાળું છે. આથી સાધારણ લોકોને પણ તેનું દર્શન થઇ શકે તેવી શંકાનું નિરાકરણ કરવા "આંખની જેમ" એવું દૃષ્ટાંત આપે છે.

(અ) જેમ આંખ રૂપને ગ્રહણ કરે છે, કાન વગેરે રૂપને ગ્રહણ કરતાં નથી.[૧૪૧] ઇન્દ્રિય તરીકે આંખ અને કાનમાં સમાનતા છે. પરંતુ રૂપ-ગ્રહણનું સામર્થ્ય આંખમાં જ છે, કાનમાં નથી. કારણ કે વસ્તુ-સત્ય તે જ પ્રકારનું છે.[૧૪૨] અર્થાત્ કેવળ આંખ જ રૂપને ગ્રહણ કરી શકે છે, તેમ કેવળ ભક્તો જ ગોકુલનું દર્શન કરી શકે છે. અભક્તોમાં ગોકુલના દર્શનનું સામર્થ્ય નથી.

(બ) આ દૃષ્ટાન્ત આ પ્રમાણે પણ અર્થઘટિત થઇ શકે છે. જેમ દોષરહિત આંખ વસ્તુતત્વને ગ્રહણ કરે છે, વળી ભ્રમ, કમળો વગેરેના દોષયુકત આંખને પૃથ્વી ફરતી હોય તેવો ભ્રમ થાય છે અને કમળાના દોષથી યુકત આંખ સફેદ શંખમાં પણ પીળાશનો અનુભવ કરે છે.[૧૪૩] આમ દોષયુકત આંખ વસ્તુતત્વને ગ્રહણ કરતી નથી, આ જ પ્રમાણે અવિદ્યા વગેરે દોષો વગરના સૂરિઓ-ભકતો જ ગોકુલ વગેરેના સ્વરૂપનું દર્શન કરી શકે છે. બીજા લોકો દર્શન કરી શકતા નથી. આમ ચક્ષુ-દૃષ્ટાન્તનો અભિપ્રાય છે.[૧૪૪] આથી જ ગોકુલમાં વૃક્ષનું છેદન કે સ્થળનો અન્યથાભાવ-અભાવ હોતો નથી.[૧૪૫] પરંતુ આંખ દોષયુકત હોવાથી વસ્તુતત્વને જોઇ શકતી નથી.

(ક) અહીં "चक्षु इव" દૃષ્ટાન્તમાં "ચક્ષુ": પદ દ્વિતીયા વિભકિતના એકવચનમાં આવેલું છે, તે પ્રમાણે આમ અર્થ સમજી શકાય.

જેમ આંખ એવી એક ઇન્દ્રિય છે, જે અતીન્દ્રિય છે. અર્થાત આંખથી-ઇન્દ્રિયથી જોઇ શકાતી નથી. એટલે અદૃશ્ય છે, તે ગોલકમાં રહીને સર્વને બતાવે છે[૧૪૬] અને ગોલકને "આંખ" એવું નામ આપે છે, એટલે આંખનું નામ ગોલકને મળે છે અને યોગીઓના જ પ્રત્યક્ષનો વિષય આંખ બને છે. અર્થાત યોગીઓ જ પ્રત્યક્ષપણે આંખનું દર્શન કરે છે,[૧૪૭] તેવી જ રીતે ગોકુલ પણ અલૌકિક અને

અતીન્દ્રિય છે અને સાધારણ લોકો જોઇ શકે તેવા પોતાના યોગ્ય સ્થાનમાં તે રહે છે, તથા તે સ્થાનને પ્રકાશિત કરે છે. આથી "ગોકુલ" એવું નામ પ્રાપ્ત કરે છે. અર્થાત પોતાનું "ગોકુલ" એવું નામ આપે છે.[૧૪૮]

અહીં "ત્યાં જ રહેલું હોય છે," એટલે "સાધારણ લોકો જોઇ શકે તેવા ગોકુલમાં અલૌકિક ગોકુલ રહેલું હોય છે."[૧૪૯]

પહેલાં કહેલ સૂરિઓ-ભકતો દર્શન કરે છે. અર્થાત શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મને જાણનારા ભકતો અને બ્રહ્મજ્ઞાનીઓ જોઇ શકે છે.[૧૫૦] આથી આવાં-આંખ જેવા પરમપદ્ને અલૌકિક ગોકુલધામને સૂરિઓ ભકતો જ હંમેશા જોઇ શકે છે.[૧૫૧]

અહીં ચક્ષુ અને ગોલક-ગોળો એ બે દ્રૃષ્ટાંત છે, જયારે અલૌકિક ગોકુલ અને લૌકિક ગોકુલ દ્રૃષ્ટાંત છે. જેમ આંખ લૌકિક હોવાથી સાધારણ વ્યકિતને માટે તે અતીન્દ્રિય છે-અદ્રૃશ્ય છે. પરંતુ ગોલક દ્રૃશ્ય-જોઇ શકાય છે, તેમ ગોકુલ પણ અલૌકિક અને અતીન્દ્રિય હોવાથી સાધારણ વ્યકિતને માટે અદ્રૃશ્ય છે, પરંતુ લૌકિક ગોકુલ દ્રૃશ્ય-જોઇ શકાય છે.

(૩) શ્રી વિઠ્ઠલનાથજી ત્રીજું દ્રૃષ્ટાંત "आततं चक्षुरिव सर्वत्र વ્યાપ્ત આંખની જેમ" આપે છે. અહીં અધિષ્ઠાનપક્ષ અને અન્યથા-ભાનપક્ષ રજૂ કરી સૌપ્રથમ શંકા વ્યકત કરાઇ છે.

લૌકિક ગોકુલને સાધારણ વ્યકિતઓ જોઇ શકે છે. જ્યારે અલૌકિક ગોકુલનું અધિષ્ઠાન-આધાર લૌકિક ગોકુલ છે. અર્થાત સાધારણ વ્યકિતઓ જે લૌકિક-ગોકુલનું દર્શન કરે છે, તે જ અલૌકિક ગોકુલ છે. આ અધિષ્ઠાનપક્ષ-આશ્રય છે.[152] સાધારણ વ્યકિતના કરણના દોષથી-સાધન દોષથી-તૃતીયા વિભકિતના દોષથી અન્યથાભાન થાય છે.[153] અર્થાત સાધારણ વ્યકિતઓ ઇન્દ્રિય દોષથી લૌકિક ગોકુલનું દર્શન કરે છે. પરંતુ અલૌકિક ગોકુલના દર્શન કરતાં નથી. આ અન્યથાભાનપક્ષ છે.[154]

ઉપર્યુકત બન્ને પક્ષોમાંથી ગમે તે એકનો સ્વીકાર કરીએ તો પણ ગોકુલમાં રહેનાર લોકોના દુ:ખ, કામ, ક્રોધ વગેરે અનુચિત છે. કારણ કે ગોકુલ પરમ-આનન્દરૂપ અને ગુણાતીત છે.[155]

કરણ-સાધનનો દોષ ભલે હોય, પરંતુ ભૂમિનો દોષ-ગોકુલની ભૂમિનો દોષ નથી, એમ હોય તો ત્યાંના લોકોને કામ વગેરે કેમ હોઇ શકે ? અર્થાત કામાદિ હોઇ ન શકે.[156]

દૃષ્ટાના કરણદોષથી-ઇન્દ્રિયદોષથી ગોકુલમાં રહેતાં લોકોનાં દુ:ખનું દર્શન થતું નથી.[157] કારણ કે કરણ-દોષ સાધન દોષ કહી શકાય નહીં.[158] અર્થાત કરણદોષ એકનો-દૃષ્ટાનો હોય છે. પરંતુ બધાનો દોષ હોતો નથી.[159]

ત્યાં-ગોકુલમાં લોકો પરસ્પર કામક્રોધાદિના દર્શનથી દુ:ખી છે![160] આવી શંકાના સમાધાન માટે જ શ્રુતિ "આતત-સર્વત્ર વ્યાપ્ત આંખની જેમ,"[161] એમ દૃષ્ટાંત આપે છે.

જેમ દેવદત્તની આંખ વિષ્ણુમિત્રના શરીરમાં સર્વત્ર ફેલાયેલી હોય છે, અને તેજસ છે. છતાં પણ તેનું રૂપ અને સ્પર્શ ઉદ્‌ભૂત નથી. આથી ગાઢ અંધકારમાં પ્રકાશિત કરતી નથી કે દઝાડતી નથી.[૧૬૨] તેમ ગોકુલ ભગવાનની ઇચ્છાથી જ ગુપ્ત પ્રભાવ-યુકત છે. આથી ઉપર્યુકત બન્ને પક્ષમાં-અધિષ્ઠાનપક્ષમાં અને અન્યથા ભાનપક્ષમાં, વર્તમાન સમયના ગોકુલના લોકોમાં દોષ જોઇ શકાય છે. અર્થાત ભગવાનની કૃપાથી જ્યારે પ્રકટ પ્રભાવ હોય ત્યારે આ પ્રમાણે દોષ હોતો નથી.

ભગવાનની ઇચ્છા ગુપ્ત પ્રભાવયુકત હોવાના બે કારણો છે. ૧. સર્વ લોકોની મુકિત-મોક્ષ ન થાય તે માટે. ૨. આસુરી જીવોને વ્યામોહ થાય તે માટે.[૧૬૩] આથી જ ભગવાન ગોકુલનો પ્રભાવ પ્રગટ કરવા ઇચ્છતા નથી. તેમજ આંખ યોગીઓને પ્રત્યક્ષ હોય છે, તેમ પ્રકટ પ્રભાવવાળું ગોકુલ પણ ભકતોને પ્રત્યક્ષ હોય છે.

<u>ભગવાનનાં કર્મોની નિત્યતા દર્શાવનારાં સાધનો</u> :

શ્રીમદ્ વલ્લભાચાર્ય દશમ સ્કંધ સુબોધિનીમાં ભગવાને ઇન્દ્રના યજ્ઞનો ભંગ કર્યો, તેનો મર્મ સમજાવતાં કહે છે. ભગવાન પોતે માનેલાં કર્મોનો બાધ કરે છે અને યુકિતથી તે કર્મોને હેતુપૂર્ણ સિદ્ધ કરે છે.[૧૬૪] અર્થાત જેમના તે કર્મો આત્મસાત કરનારાં થયા છે, તેમને યજ્ઞના ફળની ઇચ્છાનો અભાવ હોવાથી યજ્ઞની જ ઇચ્છા હોતી નથી.

ભગવાને દેવોનાં હવિષ લીધાં તેનો અર્થ એ થાય છે કે જે વસ્તુમાં તેઓ (દેવો) નું મમત્વ હતું તે વસ્તુ ભગવાને લઇને મમત્વ દૂર કરાવ્યું. આમ ઇન્દ્રના યજ્ઞનો ભંગ એ ભગવાનનું સાત્વિક દેવોનાં ઉદ્ધારનું કર્મ છે.[૧૬૫]

અહીં વૈરાગ્યનું નિરૂપણ થયું છે. અહીં દશમ સ્કંધ પરની સુબોધિનીના તામસ સાધન પ્રકરણના ચોવીસમા અધ્યાયમાં તર્કથી કલ્પિત કર્મનું યુક્તિથી નિવારણ કરવામાં આવ્યું છે અને પછી વૈદિક કર્મ કરાવ્યું તે વસ્તુ કહેવામાં આવી છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યે "ત્રિવિધનામાવલી" માં પણ કહે છે કે લોક અને વેદનું ઉલ્લંઘન કરનાર શરણાગત ભક્તના સર્વે દુ:ખોને દૂર કરનાર ભગવાનને હું નમન કરું છું.[૧૬૬]

ભગવાન પરમકૃપાળુ છે - અક્લિષ્ટકર્મા છે. આથી લોક અને વેદમાં નિંદનીય કર્મ કરનાર શરણાગતને ક્ષમા આપે છે. અને દુ:ખ દૂર કરે છે. અહીં ઇન્દ્રે પ્રથમ અપરાધ કર્યો, પછી વિવેક ઉત્પન્ન થતાં ભગવાનને શરણે ગયો. આમ તેના બધાં દુ:ખો દૂર થયાં. આથી સ્પષ્ટ થાય છે કે ભગવાનનાં કર્મો નિત્ય છે. અર્થાત તે નિત્ય લીલા છે.

અણુભાષ્યમાં વિષ્ણો: કર્માણિ.....નું સ્થાન :

શ્રી વિઠ્ઠલનાથજી विष्णोः कर्माणि....મંત્રને અણુભાષ્ય-૩-૪-૩૯ માં, ૪-૨-૧૬ માં અને ૪!૪!૧૪ માં સમાવિષ્ટ કરીને

બ્રહ્મસૂત્રના ભાષ્યમાં તેનું નિરૂપણ કરે છે.

મંત્રના પાઠનો પુષ્ટિમાર્ગીય પદ્ધતિ પ્રમાણે અર્થ આ છે.: વિષ્ણુની લીલાઓનાં દર્શન કરો કે જે લીલાઓ દ્વારા એમણે ભક્તોના મનોરથો પૂર્ણ કર્યા. અને જે વિષ્ણુએ ઇન્દ્રનો માનભંગ કરી, તેને સ્વ-સ્વરૂપનું ભાન કરાવી એના તરફ ઉત્તમ મિત્રતા દાખવી.[૧૬૭]

૧. અણુભાષ્ય ૩।૪।૩૯ માં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ભગવદ્ભાવ-સાધન એ શ્રેષ્ઠ છે. છતાં તે અતદ્રૂપ છે. અર્થાત ભગવદ્ભાવ સાધનરૂપ નથી. પરંતુ મોક્ષના-મુક્તિના ફળરૂપ છે. આથી જ કહ્યું છે "સિદ્ધ મુક્તોમાં એ પ્રશાન્ત-ચિત્તવાળો ભગવદ્ભાવ અત્યન્ત દુર્લભ છે.[૧૬૮]

૨. અણુભાષ્ય ૪।૨।૧૬ માં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ભગવાન પોતાની લીલામાંથી કોઇને અલગ કરતા નથી.[૧૬૯] કારણ કે વેદનું વચન છે. અહીં વિષ્ણુના કર્મો જુઓ એટલે ભગવાન વિષ્ણુની કૃષ્ણની લીલાનાં દર્શન કરો. ભગવાનની લીલાના સહજ દર્શન સર્વને થાય છે.

૩. ભગવાનની લીલામાં ક્યારેક વિપરીત ભાવ જાગે છે અર્થાત મનુષ્યની જેમ દુઃખ, વિષાદ વગેરે જોવા મળે છે. પરંતુ આ સર્વ લીલા આસુરી લોકોને મોહ પમાડનારી છે. ભગવાન તો પોતે પોતાના ભક્તોને સ્વ-સ્વરૂપના આનન્દનો અનુભવ કરાવે છે. એટલે તે કોઇ પ્રયોજન વિના જ લોકની જેમ લીલા કરે છે. આવી લીલા-ભગવત્કર્મ એ ભગવત્સ્વરૂપ જ હોય છે. માટે જ તે નિત્ય છે અને કૈવલ્ય છે- મોક્ષ

છે. આથી જ લીલામધ્યપાતા-લીલામાં. પ્રવેશ પામવું તે પરમમુક્તિ કહેવાય છે.[૧૭૦]

વિદ્વન્મંડનમાં વિષ્ણો : કર્માણિનું વ્યાખ્યાન :

શ્રી વિઠ્ઠલનાથજીએ ભગવાનનાં કર્મની નિત્યતા દર્શાવનારી સાધનનું નિરૂપણ કર્યું છે. તે "विष्णो: कर्माणि" મંત્રના વ્યાખ્યાનમાં જોઇ શકાય છે.

અહીં પહેલાંના મંત્રમાં - તૈ.સં. 1/3/6/1 માં ગોકુલનું વર્ણન છે. આથી આ મંત્ર - તૈ.સં. 1/3/6/2 માં ભગવાને ગોકુલમાં કરેલા યશોદાનું સ્તનપાન, પૂતનાના પ્રાણરૂપી દૂધનું પાન, રિંગણ કર્મોને "कर्माणि" કહ્યાં છે. એટલે કર્મપદનો પ્રયોગ કર્યો છે.[૧૭૧] આ માટે જ "यत: प्रतानि જે કર્મોથી અર્થાત કારણભૂત કર્મોથી प्रतानि એટલે કાત્યાયની-અર્ચન વગેરે વ્રતોનું સાન્નિધ્ય છે માટેજ વિષ્ણુએ તેનો સ્પર્શ કર્યો.[૧૭૨] અર્થાત તેના વ્રતના ફળરૂપ બની વ્રત કરનારી ગોપીઓમાં પ્રકટ થયા અને બધી લીલા કરી.[૧૭૩] રેફહીન પાઠમાં સ્પશ્ ધાતુ સ્પર્શ અને બાધના અર્થમાં વપરાય છે.[૧૭૪] તેના પરોક્ષ ભૂતકાળના લિટ્ લકારનો આ "પસ્પર્શ" પ્રયોગ છે. આ પ્રયોગઉભય અર્થમાં છે આથી વ્રતો એટલે લોકમર્યાદાના વ્રતો-અર્થાત પતિવ્રત વગેરેનો બાધ કર્યો. અહીં વેદની મર્યાદાનો ત્યાગ કરનારા કર્મો દોષયુક્ત હોય છે તેની શંકા દૂર કરવા યત:અવ્યય મૂકેલો છે. આથી ભગવાનના કર્મો દોષહીન. કિંવા અધિકારી છે એમ સ્પષ્ટ થાય છે.[૧૭૫]

તદુપરાંત પોતાના વ્રતો, આત્મારામપણું, પૂર્ણકામપણું જેવાં જે ભગવાનનાં નિયમરૂપ વ્રતો છે, તેમનો ભગવાને ગોપીઓની સાથે લીલા કરીને બાધ કર્યો. આ અર્થમાં પ્રશ્લેષમાં નગ્ થાય છે. અર્થાત યતોઽવ્રતાનિ પસ્પર્શેની સંધિનો યતઃ અવ્રતાનિ પસ્પર્શે એમ સંધિવિચ્છેદ કરતાં અવ્રતનો સ્પર્શ કર્યો,[176] આ પ્રમાણે અર્થ પણ થાય છે. અર્થાત ભગવાને પોતે આત્મારામ અને પૂર્ણકામ છે. છતાં પોતાનાં વ્રતોનો ત્યાગ કરીને અવ્રતનો સ્વીકાર-સ્પર્શ કર્યો. "તે કર્મો જુઓ." એટલે ગોપીઓ સાથેના ક્રીડારૂપી કર્મો જુઓ, એમ વેદો ઉપદેશ રૂપે કહે છે. પરંતુ સમ્પૂર્ણ લીલાનું વર્ણન કરવા તે સમર્થ નથી.[177]

જો કે તે કર્મનું દર્શન છે. માટે ભગવાનની સમ્પૂર્ણ લીલાનું દર્શન કરાવવાની શક્તિ કર્મોમાં નથી. અર્થાત યજ્ઞ પોતાની કૃતિથી -કર્મથી સિદ્ધ થઇ શકે છે. પરંતુ સ્વર્ગાદિ યજ્ઞના ફળથી સિદ્ધ થઇ શકતાં નથી.[178]

આવું ભગવાનના કર્મનું દર્શન કૃપાથી જ મેળવી શકાય છે. છતાં વેદ તે કર્મોનું દર્શન કરવાનો ઉપદેશ આપે છે. કારણ કે ભગવાન સ્વયં મોક્ષરસથી પણ વધારે રસવાળા છે, તેમનાં કર્મો સ્વતઃ સ્વયંભૂ-પુરૂષાર્થ સ્વરૂપ અતિ આનંદ આપનારાં છે, માટે

તેમના કર્મોનું સ્મરણ શ્રુતિને પણ પરવશ બનાવે છે અને તેમાં કર્મદર્શનની ઉત્સુકતા જગાડે છે.[૧૭૯]

શ્રુતિમંત્રમાં કહેલ વસ્તુનો આશય એ છે કે ભગવાનનાં કર્મોનું દર્શન કરવા સાધનની આવશ્યકતા છે. આથી તે કર્મના દર્શન રૂપી સાધનનો ઉપદેશ આપેલો છે. આ પ્રમાણે ભગવત્કર્મોની નિત્યતા જાણી શકાય છે. આમ કર્મોને નિત્ય ન માનવાથી ઉપર્યુક્ત ઉપદેશ સંભવતો નથી.[૧૮૦]

ભગવાન ઇન્દ્રના યોગ્ય કે અનુકૂળ મિત્ર છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણે ઇન્દ્રના યજ્ઞનો ભંગ કર્યો હોવા છતાં તેના તે શત્રુ નથી. પરંતુ મિત્ર છે તેનો તાત્પર્યાર્થ આપવામાં આવ્યો છે.[૧૮૧]

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે ઇન્દ્રનો યજ્ઞનો ભંગ કર્યો ત્યારે ઇન્દ્રે વાદળ વરસાવીને ક્રોધ કર્યો અને સર્વસમર્થ હોવા છતાં ક્રોધના કારણરૂપ ઇન્દ્રના મદનો તેમણે નાશ કર્યો. પરંતુ ઇન્દ્રને કે તેના અધિકારને દૂર કર્યો નહીં. આથી ભગવાને તેનો-ઇન્દ્રનો દોષ દૂર કર્યો. એટલે કે તેઓ ભગવાન ઇન્દ્રને "અનુકૂળ" છે.[૧૮૨]

આ પ્રસંગ પછી ઇન્દ્રનો અભિષેક, ગોવિંદ નામ ધારણ કર્યું. આથી ભગવાન ઇન્દ્રના જેવા ધર્મવાળા થયા. આમ સમાન ધર્મવાળા હોવાથી "સમાનશીલ અને વ્યસન હોય ત્યાં મિત્રતા હોય છે" તે ન્યાયે ભગવાન ઇન્દ્રના સખા-મિત્ર છે.

ઉપર્યુક્ત પ્રસંગનું મહત્વ સમજાવતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ઇન્દ્ર ભગવાનનો ભક્ત ન હતો અને અતિ વરસાદ વરસાવીને અપકાર કર્યો હતો. છતાં પણ તેમણે પોતે પુરૂષાર્થ કરીને તેનો દોષ દૂર કર્યો. વળી તેનો ધર્મ તેમણે આત્મસાત કર્યો.[૧૮૩] આવા કાર્ય કરનાર ભગવાન સિવાય બીજાં કોઇ હોઇ ન શકે. આમ તે "પરમકૃપાલુ" છે, એમ જોઇ શકાય. આથી તેમનું "ભજનોપયોગી" રૂપ કહેવાય છે.

બીજી રીતે પણ ઉપર્યુક્ત મન્ત્રનો અન્વય કરીને અર્થાનુસંધાન કરી શકાય છે.

જે કર્મને માટે ઇન્દ્રના યાગ વગેરે વ્રતોનો બાધ કર્યો તે કર્મો જુઓ. આ પ્રમાણે અન્વય કરતાં કર્મો કેવળ આત્મસાત્ કરનારાં છે. અર્થાત જેને કર્મો આત્મસાત થયાં છે, તેને યાગજન્ય ફળની ઇચ્છા હોતી નથી. એટલે યાગાદિની પણ અપેક્ષા હોતી નથી.[૧૮૪]

અથવા ભગવાને ઇન્દ્રનો યજ્ઞ ભંગ કર્યો. વળી તેને આત્મસાત્ કર્યો. તેને લીધે યજ્ઞમાં બાધા આવી. તેનો પ્રચાર થયો નહિ.[૧૮૫] આ પ્રસંગનું વિસ્તૃત વિવરણ દશમસ્કંધ વિવરણમાં સુબોધિનીમાં કરવામાં આવ્યું છે. (સુબોધિની ૧૦।૨૪।

ઇન્દ્રે કોઇ સાધન કર્યું નહોતું. અર્થાત ભગવાનનું ભજન કર્યું નહોતું. પરંતુ વિપરીત સાધન-વૃષ્ટિ કરી હતી. છતાંય ભગવાને

તેને અપનાવ્યો. આ આત્મસાત્ કર્યો. એ જ તેમનો અસાધારણધર્મ પરમદયાળુંવાળું છે.[૧૮૬] આથી જ ભગવાન શ્રીકૃષ્ણ ભજનીય કહેવાય છે.

અન્ય દેવો સાધનરૂપ સંપત્તિ પ્રાપ્ત કર્યા પછી જ પોતાના ભકતોને ફળ આપે છે. સાધન કર્યા વિના તેઓ ભકતોને ફળ આપતાં નથી.[૧૮૭]

યોગ્ય ગોપીઓ તડિતરૂપ-વીજળી રૂપ હોવાથી અને ભગવાન નીલમેઘના જેવા શ્યામ હોવાથી તેમનો સંબંધ યોગ્ય છે. સખા એ સમાન શીલ અને વ્યસનવાળા હોય છે.[૧૮૮]

અહીં युज्यः શબ્દમાં युज् ધાતુ, બહુ અર્થમાં પ્રયોજાયો છે, તેથી કયપ્ પ્રત્યય લાગે છે.[૧૮૯] પરંતુ કિત્વને લીધે "उ" નો ગુણ થયો નથી. આથી "યુજ્ય:" રૂપ સિદ્ધ થયું છે.

ઋગ્વેદના એક અન્ય મંત્રમાં ભગવાનના-વિષ્ણુના પરમ પદનું નિરૂપણ કર્યું છે.

તે વિષ્ણુના ધામનું તાદૃશ વર્ણન ભગવાનની સ્તુતિ કરતાં જ્ઞાની-ઋષિઓ કરે છે. આ મંત્રનું ઉદાહરણ અણુભાષ્ય-૪-૪-૧૪ "ભકતોને લૌકિકની જેમ જે વસ્તુ-લીલા પદાર્થો જોવા મળે છે, તે ભાવમાં-વાસ્તવિક રીતે હોય છે. જેમ જાગ્રત દશામાં ભ્રમ-

રહિત મનુષ્યને જે પદાર્થ હોય તે જ દેખાય છે. તેમ ભક્તને ભગવાનનું સ્વરૂપ અને ધર્મો દેખાય છે." સૂત્ર અણુભાષ્યમાં આપવામાં આવ્યું છે.

તે વિષ્ણુના પરમપદને બુદ્ધિમાન, વિશેષ સ્તુતિ કરનાર, શબ્દાર્થમાં પ્રમાદ કર્યા વિના જાગ્રત રહેનારા સારી રીતે દીપાવે છે.[૧૯૦]

શ્રી વિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત મન્ત્રનો ભાવાર્થ સમજાવતાં કહે છે કે મેધાવી -બુદ્ધિમાનનો અર્થ એ થાય છે કે તેઓ પૂર્વે કહેલી ભગવાનની લીલા અને સ્વરૂપ વગેરેના અનુસંધાનવાળા હોય છે.[૧૯૧] અર્થાત્ ભગવાનની લીલા અને સ્વરૂપના જ્ઞાનને પ્રાપ્ત થયેલા લોકો મેધાવી કહેવાય છે.

આવાં મેધાવી -જ્ઞાની ભક્તો શબ્દ અને અર્થમાં પ્રમાદ - બેદરકારી વિનાનાં હોય છે. એટલે વાચ્ય અને વાચક ભગવાનના રૂપો અને નામો નિત્ય છે. આવી વિચારધારાથી બુદ્ધિ ખરાબ તર્કથી અંતરાય વિનાની -બાધારહિત હોય છે, તેથી તેઓ जागृवांसः - જાગ્રત રહેનારાં છે. વળી તેઓ ભગવાનની નિત્ય કીર્તન રૂપ સ્તોત્રો દ્વારા સ્તુતિ કરે છે. આવા સ્તોત્ર-રૂપી સાધનોથી તેઓ ભગવાનનું પરમપદ પ્રગટ કરે છે.[૧૯૨] આમ विपन्यवः - "વિશેષ રીતે સ્તુતિ કરનારા" એ પદનો તાત્પર્યાર્થ

સમજી શકાય છે. આમ ભગવાનના સ્તોત્ર-સ્તુતિ વગેરે સાધનો કરવાથી દર્શનનું સામર્થ્ય આવે છે. આથી શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે, "જે મનુષ્યો તમારું ચરિત્ર વારંવાર સાંભળે છે, ગાય છે, શ્રોતાઓને કહી સંભળાવે છે, તેનું સ્મરણ કરે છે તે બીજાઓ વર્ણવે ત્યારે અભિનંદન આપે છે, તેઓ જ સંસારના પ્રવાહને શાંત કરનાર તમારા ચરણકમળનાં તુરત દર્શન કરે છે."[૯૩]

ઉપર્યુક્ત મંત્રમાં "દીપાવે છે" તે નિત્ય રહેલા પરમપદનું જ વર્તમાનપણું દર્શાવે છે. આથી તે પરમપદમાં ગોકુલમાં રહેલાં વન, પશુ, પક્ષી અને મનુષ્યો પણ ભગવાનની લીલા સાથે સંબંધ ધરાવે છે, તેથી તેઓ પણ નિત્ય છે અને ગોકુલ સાથે સંબંધિત લીલા પણ નિત્ય છે.

નિત્ય લીલાનાં સ્થાન અને અધિષ્ઠાનોની નિત્યતા :

શ્રી વિઠ્ઠલનાથજી નિત્ય લીલાનાં સ્થાનનો નિર્દેશ આપતાં નીચે પ્રમાણે છાંદોગ્ય ઉપનિષદ્નો મંત્ર ટાંકે છે, "હવે જે આ બ્રહ્મપુરમાં નાના કમળ જેવું ઘર છે, તેમાં નાનું અન્તરાકાશ છે, તેમાં જે અંદરનું છે તેને શોધવું જોઇએ. અવશ્ય તેની જ જિજ્ઞાસા કરવી જોઇએ."[૯૪]

ત્યારપછી આ પ્રમાણે પ્રશ્ન અને ઉત્તર આપેલાં છે.

પ્રશ્ન : ત્યાં તે એવું શું જણાય છે કે જેને શોધવું પડે અને જેની જિજ્ઞાસા કરવી પડે ?[૧૯૫]

ઉત્તર : જેટલું મોટું આ બહારનું આકાશ છે, તેટલું મોટું ખરે આ અંતર હૃદયમાં એ આકાશ છે. આકાશ અને પૃથ્વી એ બન્ને એની અંદર સમાઇ જાય છે"[૧૯૬] તેમજ અગ્નિ અને વાયુ, સૂર્ય અને ચંદ્ર વિદ્યુત અને નક્ષત્ર કહેલાં છે.

એનું અહીં છે તે અને નથી તેય સર્વ એમાં જ સમાઇ જાય છે, આવી જાય છે.[૧૯૭]

ફરી નીચે મુજબ પ્રશ્ન અને ઉત્તર છે.

પ્રશ્ન : એ બ્રહમપુર જયારે જીર્ણ થાય કે ભાંગી જાય ત્યારે એના આશ્રયમાં રહેલું બાકી શું રહે છે ?

ઉત્તર : આના જીર્ણ થવાથી એ બ્રહમપુર જીર્ણ થતું નથી. આના વધથી તે હણાતું નથી. આ સત્ય બ્રહમપુરમાં કામનાઓ સમાઇ રહે છે. આત્મા પાપથી મુકત છે.[૧૯૮]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ઉપર્યુકત છાંદોગ્ય ઉપનિષદના મંત્રમાં બ્રહમપુર શબ્દ એટલે બ્રહમનું-ભગવાનનું પુર-લીલા સ્થાન શ્રી ગોકુલ-મથુરા વગેરે છે. બ્રહમપુરનો અર્થ શરીર કરીએ તો "આ સત્ય બ્રહમપુર છે." તે આગળના વાકયમાં વિરોધ થઇ શકે છે.

અહીં પ્રથમ તો જરા-જીર્ણતા ઘડપણથી તે બ્રહમપુરનો આશ્રય કરતાં લીલા સ્થાનોનો નાશ થાય છે, એ પૂર્વપક્ષ છે.

વાસ્તવિક રીતે તો તેમાં ઘડપણ કે મરણ વગેરેની સંભાવના જ નથી. કારણ કે આ સત્ય બ્રહ્મપુર છે. આમ ભગવાનની લીલાનું સ્થાન નિત્ય છે. છતાં પણ દુર્જન સંતોષ પામો એ ન્યાયથી "એના જીર્ણ થવાની."...... કહ્યું છે તે તર્કયુક્ત કહી શકાય. આથી જ બધા ભક્તોની કામનાઓ તેમાં સારી રીતે રહેલી છે.

આ જ વસ્તુ આનન્દમયાધિકરણમાં ૧।૧।૧૧ "આ વિદ્વાનો બ્રહ્મ સાથે બધી જ કામનાઓ ભોગવે છે" માં બ્રહ્મની સાથે સર્વકામનાઓ ભોજન કહેવાય છે. આમ હોવાથી "કામ" પદનો "કામોપભોગ કરનારા" એવો અભિપ્રેત અર્થ છે.

અણુભાષ્યમાં પણ તેવું જ મંતવ્ય પ્રકટ થયું છે. જીવ પુરૂષોત્તમની સાથે બધી કામનાઓનો ઉપભોગ કરે છે અને તે જ મન અને વાણીનો વિષય ન થાય તેવા આનંદનો અનુભવ છે.

"દહર" પદનો અર્થ ગોકુલમાંના ભક્તોનું હૃદય છે, તે સમજાવવા માટે દહરાધિકરણમાં દહર એ ભગવાન છે.[203] આ પ્રકારનો નિર્ણય બાદરાયણ વ્યાસે આપ્યો છે.

ભગવાનનું સ્થાન શ્રીગોકુલ ભગવાનના ધર્મોથી યુક્ત છે. આથી ગોકુલમાં રહેનારા ભક્તના હૃદયકમળને પણ દહર કહેવાય છે. આથી જ કહ્યું છે કે બ્રહ્મનું પુર એટલે શરીર. તેમાં સૂક્ષ્મ હૃદયકમલ છે.[204]

ભગવાન ભકતના હૃદયમાં વ્યાપીને રહેલા છે, એટલે ભગવાન પ્રગટ થાય છે, તે સર્વ વ્યવહારના હેતુરૂપ છે, એટલે તે આકાશ કહેવાય છે. કારણ કે બ્રહ્મના પ્રકરણમાં આકાશ વ્યોમ વગેરે શબ્દોનો પ્રયોગ બ્રહ્મને માટે જ થાય છે. આથી જ કહ્યું છે કે હૃદયમાં આરાના અગ્રભાગ જેટલો જ જીવ આકાશ છે.[૨૦૫]

સાક્ષાત શ્રી પુરૂષોત્તમની લીલામાં ઉપયોગી પદાર્થો ભગવાનની અંદર રહેલા હોય છે. પરંતુ તે કાલાધીન કે કાલાશ્રિત હોતાં નથી. આથી જ ભગવાન કહે છે "જેઓએ મારા માટે લોકધર્મનો ત્યાગ કર્યો છે, તેઓનું હું પોષણ કરું છું."[૨૦૬] અનુસાર લીલોપયોગી પદાર્થ ભગવાનમાં જ રહેલા હોય છે.

આ જેટલું આકાશ છે, તેટલું આ હૃદયની અંદર આકાશ છે." શ્રુતિ વાકયમાં પરિમાણની સમાનતા ઉપલક્ષણવિધિ-શાખાદિની ન્યાયથી કહી છે.

આથી લીલાના પદાર્થો સ્વરૂપની અલૌકિક જ છે, તેમ છતાં "લોકની જેમ લીલા કેવલ-મોક્ષ છે"[૨૦૭] અનુસાર લૌકિક જેવી ભગવાનની લીલા જણાય છે.

ભગવાન શ્રીકૃષ્ણની લીલાભૂમિ ગોકુલ નિત્ય છે. કારણ કે તે પૃથ્વીનો લય થાય તો પણ લય પામશે નહિ. આમ મનુષ્યોએ લીલાની નિત્યતાની નિર્વિકલ્પણે હૃદયમાં ભાવના

કરવી જોઇએ. આવા મનુષ્યો કેવાં હોવાં જોઇએ ? તેનો ઉત્તર છે. અતિ મહાભાગ્યશાળી મનુષ્યો. લીલાની નિત્યતા કેવી છે ? વેદસમૂહ દ્વારા જેનું ઉચ્ચસ્વરે ગાન કરવામાં આવ્યું છે, તેવી. વળી જેમાં આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણ છે તેવી. આમ લીલાની નિત્યતા એ ગૂઢ ભાવનાનો વિષય છે. ભક્તિરસપૂર્ણ ભક્તો જ રસાત્મક શ્રીકૃષ્ણની દિવ્યાતિદિવ્ય લીલાના દર્શન કરી શકે છે. આથી જ શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે મહાભાગ્યશાળી મનુષ્યોએ વેદોથી ઉચ્ચસ્વરે ગાન કરાયેલ, આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણની નિત્યલીલાની હૃદયમાં નિર્વિઘ્નપણે ભાવના કરવી જોઇએ.[૨૦૮]

<u>બૃહદ્વામનપુરાણના પ્રમાણ દ્વારા લીલાની નિત્યતાનું સમર્થન</u> :

શ્રી વિઠ્ઠલનાથજીએ બૃહદવામનપુરાણના શ્લોકોનો સપ્રસંગ સંદર્ભ આપીને લીલાની નિત્યતા પ્રતિપાદિત કરી છે.

બૃહદ્વામનપુરાણ એ વામનપુરાણનો ઉત્તરભાગ છે. તેમાં "માહેશ્વરી," "ભાગવતી," "સૌરી" અને "ગાણેશ્વરી" એમ એક હજારની સંખ્યાવાળી અલગ-અલગ ચાર સંહિતાઓ છે. આ ચાર હજાર શ્લોકોની સંખ્યા ધરાવતો સંહિતાથી યુક્ત વામન-પુરાણનો ઉત્તરભાગ બૃહદ્વામનપુરાણ હમણાં પ્રાપ્ય નથી. આ પુરાણના કતિપય શ્લોકો લઘુભાગવતામૃત, વીરમિત્રોદ્ય વગેરે

નિબંધગ્રંથો અને વૃન્દાવનના ગોસ્વામીઓ-ચૈતન્ય મહાપ્રભુના અનુયાયીઓના કૃષ્ણભક્તિ વિષયક ગ્રંથોમાં જોવા મળે છે.[૨૦૯] આમ શ્રી વિઠ્ઠલનાથજીએ બૃહદ્‌વામનપુરાણના સુન્દર શ્લોકોનો લીલાની નિત્યતામાં સમાવેશ કરીને તેનું સમર્થન કર્યું છે.

બૃહદ્‌વામનપુરાણના ઉત્તર ભાગમાં અને ખિલય ભાગમાં ભૃગુ વગેરેને બ્રહ્માએ કહેલા વાક્યો-શ્લોકો નીચે પ્રમાણે છે.

૧. નન્દ, ગોપ અને વ્રજની સ્ત્રીઓની ચરણધૂલિની પ્રાપ્તિ માટે મેં પહેલાં સાઇઠ હજાર વર્ષ તપ કર્યું.[૨૧૦]

૨. તેમ છતાં તેમની ચરણધૂલિ મને પ્રાપ્ત ન થઇ. બ્રહ્માનું આ વાક્ય સાંભળીને ભૃગુઋષિએ આદરસહિત પૂછયું.[૨૧૧]

૩. તમારા જેવા વૈષ્ણવની ચરણધૂલિને ગ્રહણ કરે છે. હે પ્રભુ! જગતમાં નારદ વગેરે અનેક વૈષ્ણવો છે."[૨૧૨]

૪. તેમની ચરણધૂલિ છોડીને ગોપીઓની ચરણધૂલિની તમે ગ્રહણ કરો. આ વિષયમાં મારો સંશય છે. માટે તમે તેનું કારણ કહો.[૨૧૩]

૫. પછી બ્રહ્માએ બધા વેદોના રહસ્યરૂપ અત્યન્ત અદભૂત એવી પ્રાચીન કથાનો વિચાર કરીને ભૃગુ ઋષિને કહ્યું.[૨૧૪]

૬. બ્રહ્મા બોલ્યા : હે પુત્ર ! વ્રજની સુન્દરીઓ સ્ત્રીઓ નથી, તેઓ ખરેખર શ્રુતિઓ છે. હું (બ્રહ્મા), શિવ, શેષ અને લક્ષ્મી પણ કદી તેમના સમાન નથી.[૨૧૫]

૭. પહેલાં જ્યારે પ્રાકૃત-પ્રલય થયો ત્યારે વ્યકત અવ્યકત થયું. કાલ અને માયાથી પાર એવું ચિન્માત્ર અક્ષર બ્રહ્મ હતું.[૨૧૬]

૮. તે સમયે કેવલ અક્ષર બ્રહ્માનંદમય, નિર્ગુણ, અનાદિ અને અનન્ત વ્યાપિવૈકુંઠ નામનો લોક હતો.[૨૧૭]

૯. વેદોનું પરમ-ઉચ્ચ સ્થાન એ અક્ષરબ્રહ્મ છે. તે લોકમાં રહેનાર પરથી પણ પરની ત્યાં રહેનારા વેદોએ સ્તુતિ કરી.[૨૧૮]

૧૦. પછી લાંબા સમયની સ્તુતિથી સંતુષ્ટ થઇ પરોક્ષવાણીથી તેમને હે બુદ્ધિમાનો ! હું સંતુષ્ટ છું. તમારા મનમાં જે વર ઇચ્છિત હોય તે કહો એમ કહ્યું.[૨૧૯]

૧૧. શ્રુતિઓ બોલી, હે અચ્યુત, અમે નારાયણ વગેરે રૂપો જાણ્યા. હે સર્વ ! આ સગુણ બ્રહ્મ છે, તેમાં અમારી વસ્તુબુદ્ધિ-નિર્ગુણ ત્વબુદ્ધિ નથી.[૨૨૦]

૧૨. જે નિર્ગુણ પર રૂપને અમે "બ્રહ્મ" એમ કહીએ છીએ. તે વાણી અને મનથી અગોચર-હોવાથી જાણતા નથી.[૨૨૧]

૧૩. જો અમને વરદાન આપવું હોય તો પુરાણ જાણનારાઓ જેને "આનંદમાત્ર" કહે છે, તે રૂપનું દર્શન અમને કરાવો.[૨૨૨]

૧૪. આ સાંભળીને પ્રકૃતિથી પર, કેવલ અનુભવના જ આનન્દ-સ્વરૂપ, અક્ષરની અંદર રહેલા તેમણે પોતાના લોકનું દર્શન કરાવ્યું.[૨૨૩]

૧૫. જયાં ઇચ્છાઓ પૂરી પાડનાર વૃક્ષોથી સર્વ ઋતુઓમાં સુખ આપનાર, મનોરમ્ય નિકુંજવાળું વૃન્દાવન આવેલું છે.[૨૨૪]

૧૬. જયાં સુન્દર ઝરણાં અને ગુફાઓવાળો, રત્ન અને ધાતુ-વાળો સારા પક્ષીઓના સમૂહથી મિશ્રિત શોભાયુક્ત ગોવર્ધન પર્વત છે.[૨૨૫]

૧૭. જયાં નિર્મળ પાણીવાળી, રત્નથી બાંધેલા બન્ને તટવાળી, હંસ, પદ્મ વગેરેથી મિશ્રિત, નદીઓમાં ઉત્તમ કાલિન્દી-યમુના છે.[૨૨૬]

૧૮. જયાં વિવિધ રાસના રસમાં ઉન્મત્ત ગોપીઓનો સમૂહ છે અને તે સમૂહની વચ્ચે રહેલા કિશોરવયની આકૃતિવાળા અચ્યુત છે.[૨૨૭]

૧૯. આમ દર્શન કરાવીને કહ્યું કે, "હે તમારું (પ્રિય) શું કરું તે કહો. આ મારો લોક જોયો જેનાથી વધારે શ્રેષ્ઠ નથી."[૨૨૮]

૨૦. શ્રુતિઓ બોલી : કરોડો કામદેવના સમાન સુન્દરતા-વાળા તમારા દર્શન થવાથી અમારાં મન કામિનીભાવને પ્રાપ્ત કરીને કામદેવથી ક્ષોભ પામ્યાં તેમાં શંકા નથી.[૨૨૯]

૨૧. જેમ તમારા લોકમાં રહેનાર ગોપીઓ રમણ-ક્રીડા માનીને કામતત્વથી ભજન કરે છે તેવી અમને ઇચ્છા ઉત્પન્ન થઈ.[૨૩૦]

૨૨. શ્રી ભગવાન બોલ્યા : તમારો સુન્દર મનોરથ દુર્લભ અને દુર્ઘટ છે, અને મારું અનુમોદન પામીને સારી રીતે સત્ય થવા યોગ્ય છે.[231]

૨૩. જ્યારે આગામી બ્રહ્મા સૃષ્ટિના સર્જન માટે ઉદ્યત-તૈયાર થાય ત્યારે તમે સારસ્વત કલ્પમાં વ્રજમાં ગોપીઓ થશો.[232]

૨૪. પૃથ્વી ઉપર ભારત ક્ષેત્રમાં, મારા મથુરા મંડળમાં વૃન્દાવનમાં રાસમંડળમાં હું તમને પ્રિય થઈશ.[233]

૨૫. મારામાં જારધર્મ થી સુદૃઢ અને સર્વથી અધિક સુન્દર સ્નેહ પામીને-રાખીને તમે કૃતકૃત્ય ધન્ય થશો.[234]

૨૬. બ્રહ્મા એ કહ્યું : આમ સાંભળીને લાંબા સમય સુધી ભગવાનના રૂપનું ધ્યાન કરી, કહેલો સમય મેળવીને ગોપીઓ થઇ હરિને પ્રાપ્ત થઈ.[235]

ઉપર્યુક્ત શ્લોકોનું તાત્પર્ય સમજાવતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે અહીં શ્રુતિઓએ સર્વ વેદાન્તપ્રત્યય-અનેક રૂપોનું નિરૂપણ કરનારાં સર્વ વેદાન્તથી જેનું જ્ઞાન થાય છે તે ગુણાતીત, વાણી અને મનથી અગોચર આનંદ જ માત્ર જેનું રૂપ છે, તેવા ભગવાનના દર્શનની પ્રાર્થના કરી છે.

ભગવાને ગોકુલ, ત્યાંનું સ્વસ્વરૂપ અને ત્યાં થઇ રહેલી લીલાના દર્શન કરાવ્યાં.

ભગવાન ઉપર્યુક્ત ગુણો-સર્વ વેદાન્તપ્રત્યય વગેરેથી યુક્ત છે. તેથી જ ગોકુલ વગેરેથી વિશિષ્ટ ભગવાનનું સ્વરૂપ છે.

આ પ્રમાણે ભગવાનનું લોકમાં વિશિષ્ટ-ગોકુલ વિશિષ્ટ સ્વરૂપ છે, એટલે રૂપનું અસ્તિત્વ છે. આથી જ લોકનિત્યતા સ્વરૂપની અંદર રહેલી હોવાથી નિર્વિઘ્નપણે સિદ્ધ થાય છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ભગવાનનું સ્વરૂપ જ નિત્ય છે. પરંતુ ગોકુલ લીલા વગેરે નિત્ય નથી એમ ન કહી શકાય. કારણ કે શ્રુતિઓએ ભગવાનના સ્વરૂપના દર્શનની પ્રાર્થના કરી હતી. પરંતુ ભગવાનના લોકના દર્શનની પ્રાર્થના કરી નહોતી. આમ ભગવાને પોતાના લોકનાં દર્શન કરાવ્યાં તે વ્યર્થ થઈ જાય. આથી જ ભગવાનના સ્વરૂપના દર્શન માટે પ્રાર્થના કરી હોવા છતાં વૃન્દાવન વગેરે પોતાના લોકનું પણ દર્શન કરાવ્યું. આમ હોવાથી ભગવાનનું રૂપ હંમેશા વૃન્દાવન વગેરેમાં વર્ણવેલ સામગ્રીથી યુક્ત છે.[૨૩૬] અર્થાત ભગવાનનું સ્વરૂપ નિત્ય તેમના લોકની લીલાથી વિશિષ્ટ હોય છે.

અહીં શંકા વ્યક્ત કરવામાં આવી છે કે લોક સ્વરૂપની અંદર રહેલ હોય તો જેમ વૃક્ષ ફળ, પુષ્પ અને પાંદડા વગેરેથી સ્વગતદ્વૈત કહેવાય છે તેમ આ લોકમાં પણ સ્વગતદ્વૈત આવી જાય ! એટલે ભગવાન અને ભગવાનનો લોક વગેરે ભિન્ન હોય તો એમાં કોઈ પણ દોષ નથી.

શ્રી પુરૂષોત્તમજી ગોપાલતાપનીયશ્રુતિનો પાઠ આપે છે કે તેથી આ ભિન્ન નથી અને પ્રભુ એનાથી ભિન્ન નથી. સ્વર્ગમાં રહેનારાઓનું સમ્પૂર્ણ વૈકુંઠ ભૂમિ ઉપર ઉતાર્યું છે.

આમ ભગવાનનો લોક અને ત્યાંની વસ્તુઓ ભગવાનથી અત્યન્ત ભિન્ન નથી અને અત્યન્ત અભિન્ન નથી. પરંતુ ભિન્ન-ભિન્ન હોવાથી વૃક્ષ અને ફળના જેવો સ્વગતભેદ સ્વીકારી શકાય છે.

ભગવાનનું સ્વરૂપ લીલાવિશિષ્ટ છે. આથી "તે કેવલ" નથી" એમ જાણી શકાય છે. વસ્તુ-ભગવાનનું સ્વરૂપ જ-તે પ્રકારે લીલાથી વિશિષ્ટ છે, તેથી આ બાબતમાં જરાય શંકાને સ્થાન નથી. આ માટે જ બ્રહ્મના ધર્મસ્વરૂપના વિચારમાં બાદરાયણ વ્યાસ બ્રહ્મસૂત્રમાં કહે છે કે "જેમ પ્રકાશના આશ્રયો-સૂર્ય વગેરે પ્રકાશથી ભિન્ન નથી, તેમ અભિન્ન પણ નથી, કારણ કે સૂર્ય અને પ્રકાશ બન્ને તેજ કહેવાય છે[૨૩૮] - તેમ બ્રહ્મ અને તેના ધર્મો અભિન્ન અને ભિન્ન છે.

લીલાની નિત્યતાનું નિરૂપણ ઋગ્વેદની અન્ય ઋચામાં કરવામાં આવ્યું છે.

આ ઋચાનો અર્થ આ પ્રમાણે છે : ગોકુલમાં જન્મ થવાથી જ પૂતના, તૃણાવર્ત વગેરે શત્રુઓને ભગવાને વિવિધ પ્રકારે કે

વિશેષે રીતે હણ્યાં. પછી શૂરવીરે, મથુરા વગેરેમાં પોતાના પૌરૂષ-પુરૂષાર્થને યોગ્ય દૈત્યો સાથે સંગ્રામનો અનુભવ કર્યો.[૨૩૯]

અહીં પૃથ્વી પરના દૈત્યોનો નાશ વર્ણવી શ્રીકૃષ્ણ ઇન્દ્રના મદનો ભંગ કરનાર હોવાનું કહે છે : શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને ધારણ કર્યો. જળનું સ્રવણ કરતા ઇન્દ્રે પ્રેરેલા વર્ષાજળનું નિવારણ કર્યું. વળી ગોકુલમાં લીલા કરવાની ઇચ્છાથી વિશાળ સ્વર્ગ પર પ્રતિબંધ મૂકયો. અર્થાત ઇન્દ્રાદિ દેવોનો મદ નષ્ટ કર્યો.

"વ્યબાધન" એ પદમાં ભૂતકાલ છે. વર્તમાનકાળ નથી. અહીં હિંસાનું ભૂતકાળમાં હોવું જાણી શકાતું નથી. પરંતુ લીલાનું નિત્યત્વ જ જાણી શકાય છે. જેમ "હે સૌમ્ય, પહેલાં આ સત્ જ હતું."[૨૪૦] વાકયમાં ભૂતકાળનો પ્રયોગ છે. અહીં "સત્" નો પ્રયોગ ભૂતકાળમાં જ કરવામાં આવ્યો નથી. પરંતુ વર્તમાનમાં પણ છે.

ભગવાનની ઇચ્છાને અધીન રહીને તિરોભાવશકિતથી જ ભૂતકાળના અનુભવનું સમર્થન થાય છે. અર્થાત દૈત્યનાશની થયેલી ક્રિયાનો અનુભવ તે જ તિરોભાવ શકિતની ક્રિયાનો અનુભવ છે. આમ ભૂતકાળનો પ્રયોગ હોવાથી વર્તમાનમાં તે ક્રિયાનો અનુભવ ન હોવાનું માની શકાય નહિ.

<u>કાલની નિત્યતા, ભૂત અને ભવિષ્યનો ક્રમિક આવિર્ભાવ અને અનુભવ વગેરેની તર્કશુદ્ધ લીલાની નિત્યતાનો ઉપસંહાર</u> :

શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધ પૂર્વાર્ધના ૨૨ મા અધ્યાયમાં ગોપીઓએ કરેલા કાત્યાયની વ્રતનું વર્ણન આવે છે. આ વ્રત પછી ભગવાન શ્રીકૃષ્ણે ગોપીઓને વરદાન આપ્યું હતું.

શ્રીમદ્ વલ્લભાચાર્યે સુબોધિની અનુસાર શ્રીકૃષ્ણ ગોપીઓને સાધ્ય નહિ. પરંતુ સિદ્ધ કહે છે.[૨૪૧] આથી તેઓને વ્રજમાં જવાનું કહી અલૌકિક દૃષ્ટિ આપીને કહે છે, "તમે આ રાત્રિઓ મારી સાથે ક્રીડા કરશો."[૨૪૨] અર્થાત આ પરિદૃશ્યમાન-દેખાઇ રહેલી રાત્રિઓ મારામાં વિદ્યમાન-વર્તમાન છે. અહીં અન્તનો સમીપનો સંયોગ થતાં "ક્ષપાઃ" પદ દ્વિતીયાન્ત છે, તે રાત્રિઓ રમણ-યુક્ત દર્શાવી છે, તેથી તેમાં કોઇ સંદેહ નથી.[૨૪૩]

<u>શ્રી વિઠ્ઠલનાથજીએ કાત્યાયની વ્રતના વરદાનનું કરેલું નિરૂપણ</u> :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પ્રસ્તુત શ્લોકમાં જે "આ રાત્રિઓ એમ કહ્યું છે તે બધી રાત્રિઓને આગળ-સામે રાખીને દર્શાવ્યું છે. આથી જ અહીં "ઇદમ" શબ્દનો પ્રયોગ થયો છે.[૨૪૪] જો તેમ ન હોય તો "તે રાત્રિઓ" એમ પ્રયોગ થાય નહિ.

ભગવાન શ્રીકૃષ્ણે ઉપર્યુકત વરદાન પ્રાતઃકાળમાં આપ્યું છે. એટલે દિવસની રાત્રિ રમણની રાત્રિ-અલૌકિક રાત્રિ જેવી છે. આથી સાજાત્ય અર્થાત લૌકિક રાત્રિનું સાજાત્ય હોવાથી - સમાનતાયુકત હોવાથી જાતિના સામાન્યના અભિપ્રાયથી જ આ રાત્રિઓમાં-લૌકિક રાત્રિઓમાં એવો પ્રયોગ કરી શકાય નહીં. અર્થાત પ્રાતઃકાલમાં રાત્રિ હોતી નથી.

ભગવાને પ્રાતઃકાળમાં "તમે આ રાત્રિઓ મારી સાથે ક્રીડા કરશો" એમ કહયું છે. તેમાં ઇશ શબ્દ વાચી આગળ રહેલી લૌકિક રાત્રિઓમાં જ અલૌકિક રમણની રાત્રિઓનો પ્રયોગ છે. કારણ કે તેમાં સાજાત્યનો અભિપ્રાય છે.

"બ્રાહ્મણો પૂજ્ય છે" આ વાકયમાં જાતિના સામાન્યના પૂજ્યત્વ વિશે કહેવાયું છે, તેથી બહુવચન છે. અર્થાત એકવચન પણ બહુવચનની જેમ થાય છે.[૨૪૬] (अष्टा. १।२।५८) તેમ પ્રસ્તુતમાં રાત્રિના સામાન્ય વિશે કહયું નથી. કારણ કે તેમાં ભગવાનનો વિયોગ સંભવતો નથી અને સૂત્રનો ઉપર્યુકત સૂત્રનો પણ અસ્વીકાર થાય છે. આથી "આ રાત્રિઓ" એ બહુવચન તર્કશુદ્ધ નથી.

"આ" શબ્દ ભગવાનની બુદ્ધિમાં રહેલી રાત્રિઓનું બહુવચન દર્શાવે છે,[૨૪૭] તેથી બધુ તર્કશુદ્ધ કહી શકાય.નહીં. કારણ કે કથન-વાકય બીજાના જ્ઞાન માટે હોય છે, તેથી ભગવાન

બુદ્ધિમાં રહેલી રાત્રિઓનું બહુવચન કહે તો કુમારીઓને તે કથનનું જ્ઞાન સંભવે નહિ. આથી કથન વ્યર્થ થઇ જાય ! આમ અસત પદાર્થ બુદ્ધિમાં સંભવતો નથી.

બીજુ ભગવાન સત્યસંકલ્પ છે. આથી તત્વસ્વરૂપ સત્યસંકલ્પ ભગવાનનો વિષય અબાધિત છે.

પૂર્વપક્ષ એમ શંકા કરે છે કે અહીં તે રાત્રિઓનો-અલૌકિક રાત્રિઓનો અચાનક અભાવ થાય છે. તેમ થતાં પૂર્વોકત સત્ય સંકલ્પ તર્કશુદ્ધ નથી-અર્થાત મારી સાથે આ રાત્રિઓ રમણ કરશો" તે સત્યસંકલ્પ તર્કશુદ્ધ નથી.

લીલાની નિત્યતા વિશે ફરી શંકા વ્યકત કરતા નીચે પ્રમાણે કહેવાનું છે. કે : શ્રીમદ્ ભાગવતના આ પ્રમાણો લીલાની નિત્યતામાં શંકા પ્રેરે છે.

૧. હે સુન્દર ભ્રમરવાળી, હું તારા ઘેર આવીશ.
(ભાગ. ૧૦।૪૨।૧૨)

૨. "હું આવીશ" એમ દૂત દવારા. (ભાગ. ૧૦।૩૯।૩૫)

૩. તમને સંબંધીજનોને જોવા-મળવા આવીશું.
(ભાગ. ૧૦।૪૫।૨૩)

ઉપર્યુકત વાકયોમાં ભગવાનના ભવિષ્યમાં થનાર આગમનનું વર્ણન છે, તેથી ભગવાનનું ભાવી આગમન શ્લોકની રચના સમયે

હોય તેમ કહી શકાય નહીં. આમ થવાથી ભગવાનની લીલાના નિત્યપણામાં વિરોધ થાય છે.

જો લોક રચના સમયે પણ ભગવાનનું આગમન થયું હોય તો ઉપર્યુક્ત કથન નિરર્થક સિદ્ધ થઇ જાય અને અનુભવથી પણ વિરૂદ્ધ કહેવાય ।

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ઉપર્યુક્ત શંકા બરાબર નથી. કારણ કે ભગવાનની બધી લીલા નિત્ય છે, તેથી પૂર્વથી સિદ્ધ-પહેલાંથી જ પ્રસિદ્ધ લીલા ક્રમથી જ આવિર્ભાવ પામે છે.[૨૪૮]

જ્યારે લોકની રચના થઇ ત્યારે પણ ભગવાનનું આગમન તો હતું, પરંતુ તે અપ્રગટ હતું. આથી લોક-રચના સમયે પ્રકટ લીલામાં સમાવેશ-પ્રવેશ પામનારાને ભગવાનનું આગમન અપ્રકટ હોય છે. એટલે તે લીલા - આગમનનો અનુભવ થતો નથી. પરંતુ ભગવાન સર્વજ્ઞ છે, એટલે તેમની લીલા પણ અનુભવનો વિષય છે. આથી બધુ તર્કશુદ્ધ જ છે.[૨૪૯]

ભવિષ્યમાં થનારા ભગવાનના આગમનનો પૂર્વ તિરોભાવ હોય છે. પછી આવિર્ભાવ હોય છે, પણ ઉત્પત્તિ હોતી નથી. જેથી અનિત્યતા આવે. આ વસ્તુને સ્પષ્ટ કરતાં શ્રી ગિરિધરજી કહે છે કે તિરોહિત અને અતિરોહિત-આવિર્ભૂત લીલા ભગવાનના અનુભવનો વિષય છે અને આવિર્ભાવ સમયની લીલા ભક્તના

916

અનુભવનો વિષય છે.[૨૫૭] આમ આવિર્ભાવ તિરોભાવવાદના સિદ્ધાંત અનુસાર ભગવાનની ભવિષ્યની લીલા પણ નિત્ય હોવાનું સમાધાન પ્રાપ્ત થાય છે.

સર્વ લીલાઓનો ક્રમથી આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે. પરંતુ તેની અનિત્યતા નથી. એમ જે કહ્યું તેમાં ક્રમ સંભવતો નથી. પૂર્વપક્ષની શંકા વ્યક્ત કરતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે આવિર્ભાવ અને તિરોભાવ-પ્રકટ અને અપ્રકટ લીલા ભક્ત સંબંધી હોવાનો અનુભવી પ્રમાણિત કરે છે. અહીં એવી શંકા વ્યક્ત થઇ છે કે વર્તમાન સમયમાં પ્રકટ લીલામાં સમાવેશ પામનારા ભક્તોનો જ ભવિષ્યમાં પ્રકટ થનારુ લીલામાં સમાવેશ થાય છે. કારણ કે તેવા લીલા સંબંધી ભક્તોનો અનુભવ એવો હોય છે કે પહેલાં મને કહ્યું હતું. "હું આવીશ"[૨૫૮] એટલે તે આવ્યા. આમ ન હોય તો પહેલાં અને પછી પ્રકટ થનાર લીલા સમ્બન્ધી ભક્તોમાં ઐક્ય ન હોઇ શકે અને વળી પછીના સમયમાં પ્રગટ થયેલ લીલામાં ભવિષ્યનો અનુભવ થાય છે. આથી ક્રમથી આવિર્ભાવ નથી. ભગવાન એક સ્થળે કહે છે કે "આવીશ" અને અન્ય સ્થળે જાય ! તો તે સત્યવાણી કહેવાય નહિ. વળી જેમને ભગવાને કહ્યું હોય તેવા ભક્તોને ભગવદાગમનની આશા રહે નહીં. આથી નિત્યલીલાનો ક્રમથી આવિર્ભાવ સંભવતો નથી.

શ્રી વિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત શંકાનું સમાધાન આપતાં કહે છે કે લીલાની નિત્યતા એ કેવળ લૌકિક યુક્તિ નથી, પરંતુ "જનનિવાસનો જય થાય છે" એ ઉપર્યુક્ત શ્રુતિ અને સ્મૃતિઓના પ્રમાણથી જાણી શકાય છે.[૨૫૨] અબાધિત પ્રમાણોથી સિદ્ધ વસ્તુ અસિદ્ધ થઇ શકતી નથી. કારણ કે તે પ્રમાણોથી જ સિદ્ધ થાય છે. તેમાં જે અસિદ્ધિ-અનુપપત્તિ દેખાય છે, તે કેવળ પોતાની બુદ્ધિથી કલ્પિત છે.

બુદ્ધિથી કલ્પિત અસિદ્ધિનો પરિહાર નીચે પ્રમાણે રસસ્વરૂપવિચારમાં આપવામાં આવ્યો છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ભગવાન સર્વરસરૂપ છે. કારણ કે શ્રુતિનું પ્રમાણ છે. "તે સાચે જ રસસ્વરૂપ છે."[૨૫૩] "તે સર્વરસ છે."[૨૫૪] આથી ભગવાન ભક્તને "હું આવીશ" એમ કહે ત્યારે ભક્તને ભગવાનના ભાવી આગમનની અત્યન્ત આર્તિ વિરહનું દુ:ખ જાગે છે. આમ ભગવાન ભક્તના હૃદયમાં આર્તિરૂપી રસના પોષણ માટે એમ કહે છે કે "હું તારા ઘેર આવીશ." ભક્તના હૃદયમાં પણ "મારા ઘેર પ્રિય આવશે અને ત્યાં આમ જ મારા મનોરથો પૂર્ણ થશે" એવો નિશ્ચય થાય છે. આમ અત્યન્ત આનન્દરૂપ અતિવિલક્ષણ રસભાવ ઉત્પન્ન થાય છે. વળી ભગવાનને ભક્તના ભાવના દર્શનથી ઉત્પન્ન સમયાનુરૂપ પરમાનન્દભાવનો અનુભવ

થાય છે.[૨૫૫] "તે ખરેખર રસ છે"[૨૫૬] શ્રુતિવાક્ય અનુસાર ભગવાનનો રસ સ્વરૂપાત્મક છે. આથી તેઓ સ્વરૂપાત્મક રસનો જ નિત્ય અનુભવ કરે છે.

વાણીથી કેવળ આશ્વાસન આપ્યા પછી જે રસાનુભવ હતો, તે વર્ણવ્યો. હવે જ્યાં આશ્વાસન આપ્યું હતું તે ઘેર ગયા પછી જે રસનો અનુભવ કર્યો તેનું વર્ણન શ્રી વિઠ્ઠલનાથજી કરે છે.[૨૫૭] ભગવાને ભક્તને આશ્વાસન આપ્યું કે "હું પહેલાં તારા ઘેર આવીશ." પછી તેઓ તેના ઘેર જાય છે, ત્યારે પહેલાંની સમયમર્યાદાનો વિચાર કરે છે. વળી ભગવાન કહેલા સમયનું ઉલ્લંઘન કરીને કે ઉલ્લંઘન કર્યા વિના આવે છે, તે સમયે ભગવદ્રૂપ રસાત્મક ભાવોનો રસરૂપ ભગવાન અનુભવ કરે છે.[૨૫૮]

અહીં પહેલાં ભગવાનમાં રસાત્મક ભાવો કહેલા છે, તે અને ભગવદ્રૂપ રસાત્મક ભાવોનો રસરૂપ ભગવાન અનુભવ કરે છે, તે ભિન્ન નથી. અર્થાત બન્નેમાં રસતત્વ જ પ્રધાન છે.

જે રીત રસની ઉત્પત્તિ રસશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તે જ રીત સ્વીકાર્યા છે. કારણ કે "પહેલાં મને જ આવું કહ્યું હતું" એ અનુસંધાન જ એવા રસની ઉત્પત્તિનો અનુભવ કરાવે છે. જો ઉપર્યુક્ત વાક્યનું અનુસંધાન ન હોય તો રસાનુભવ થતો જ નથી.[૨૫૯]

બધા જ જુદાં-જુદાં રસો-સંયોગ અને વિયોગાદિ રૂપ રસો અનેક ભાવરૂપ હોય છે, તેથી રસ પણ ભગવદ્રૂપ છે. આથી જ જયાં, જે, જેવો અને જેવા પ્રકારનો રસ શાસ્ત્ર પ્રમાણે સિદ્ધ થાય છે ત્યાં, તેવો, તેવા પ્રકારનો રસ "ભગવાન" જ સિદ્ધ થાય છે.[૨૬૦]

"ભગવાન એક જ - અદ્વિતીય છે." આથી લીલામાં રહેલી સમ્પૂર્ણ સામગ્રી ભગવદ્રસરૂપ જ છે. તેથી તે નિત્ય છે. આમ શ્રુતિ-સ્મૃતિ વગેરેના પ્રમાણોથી ભગવાન સર્વરસ છે અને "તે રસ છે"- દ્વારા તે નિર્દોષ સિદ્ધ થાય છે.

કાત્યાયનીવ્રતના પ્રસંગમાં ભગવાને કુમારીઓને વરદાન આપ્યું કે "મારી સાથે આ રાત્રિઓમાં રમણ કરશો," તે રમણસમયની રાત્રિઓનું દર્શન તેની નિત્યતામાં જ સંભવે છે. આમ ભવિષ્યમાં અને નિત્ય વચ્ચે પરસ્પર વિરોધ નથી. ભગવાને ભવિષ્યની રમણલીલાનું વરદાન આપ્યું તે કાત્યાયની વ્રતના ફળ તરીકે જ આપ્યું છે. આથી ભવિષ્યની રમણલીલા નિત્ય જ હોય તે શંકા લીલાની સામગ્રી ભગવદ્રસની અંદર જ રહેલી હોવાથી દૂર કરી શકાય છે, કારણ કે ભગવાન સર્વરસરૂપ છે. આથી કંઇપણ અનુચિત નથી.[૨૬૧]

ઉપપત્તિનો અર્થ સમજાવતાં શ્રી ગિરિધરજી કહે છે કે નિત્ય પદાર્થમાં નિત્યતા-સદાતનતા અને ભવિષ્યમાં ઉત્પન્ન

થનાર પદાર્થમાં ભવિષ્યતા - આ બન્ને પરસ્પર વિરૂદ્ધ છે, તેમ છતાં ભગવદ્રૂપસ્થી યુક્ત હોવાથી વિરૂદ્ધ નથી.[૨૬૨]

નન્દ અને યશોદાને ભગવાનની લીલાના આનન્દનો અનુભવ થયો તેમાં કારણ શું ? તે જાણવા રાજા પરીક્ષિતે શ્રી શુકદેવને પ્રશ્ન કર્યો છે : હે બ્રહ્મન્, નન્દરાયે એવું શું શ્રેય કર્યું હતું, યશોદાએ પણ શું શ્રેય કરેલું કે જેનું ભગવાને સ્તનપાન કર્યું ?[૨૬૩]

ઉપર્યુક્ત પ્રશ્નના ઉત્તરમાં શ્રી શુકદેવ કહે છે કે : વસુઓમાં શ્રેષ્ઠ દ્રોણ નામનો વસુ હતો તેની સ્ત્રી ધરા હતી. તેમણે બ્રહ્માની આજ્ઞા માથે ઉઠાવીને તેમને વિનંતી કરી.[૨૬૪]

"અમે પૃથ્વી પર જન્મ લઈએ ત્યારે મહાદેવ વિશ્વેશ્વર હરિમાં અમારી પરમ ભક્તિ થાઓ, જેથી દુર્ગતિ ત્વરિત દૂર થાય."[૨૬૫]

"તેમ થાઓ" એમ કહેવાયેલા એ જ મહાયશસ્વી દ્રોણ વ્રજમાં "નંદ" નામે પ્રસિદ્ધ થયા અને ધરા યશોદા થઈ.[૨૬૬]

હે ભારત ! પછી ગોપ અને ગોપીઓમાં દંપતી એવાં એમની પુત્ર થયેલા ભગવાન જનાર્દન ઉપર અત્યન્ત ભક્તિ હતી.[૨૬૭] આમ શ્રી શુકદેવનો ઉત્તર સર્વરૂપ ભગવાનની નિત્યતામાં અને ભવિષ્યત્તામાં અવિરોધ સમન્વય સિદ્ધ કરે છે. આથી ઉપર

કહ્યું તે પ્રમાણે ઉપર્યુક્ત રીતે જ દેવકી અને વસુદેવ તથા બીજાં બધાં ભગવાનની લીલાનો આનંદ પામી શક્યા. અર્થાત્ તેઓ લીલામાં સમાવિષ્ટ થયાં.

શ્રી વિઠ્ઠલનાથજી લીલાની નિત્યતાના નિર્ણયથી ઉત્પન્ન ફળની પ્રાર્થના કરે છે.

મેં ખૂબ જ પ્રયત્નપૂર્વક અત્યન્ત સ્પષ્ટ, ભ્રમરહિત, હજારો શ્રુતિઓ, અને વિચારોથી ભરપૂર, ચાતુર્યમાં સચિવરૂપી સત્ય પુરાણો વડે ગોપીપતિની-શ્રીકૃષ્ણની દેહી પ્રમાન લીલાની નિત્યતાનો સુન્દર રીતે નિર્ણય કર્યો છે, તેથી તે જ મને અહીં ફળરૂપ બનો.[૨૬૮] અર્થાત્ તે નિર્ણય વડે લીલાની નિત્યતા જ મને અહીં ફળીભૂત થાઓ.

શ્રી વિઠ્ઠલનાથજીએ લીલાની નિત્યતાનું પ્રતિપાદન શ્રુતિ અને સ્મૃતિના વિવિધ પ્રમાણોથી કર્યું. તેમાં તેમની ભગવાન શ્રીકૃષ્ણની લીલાની રસજ્ઞતા અનુભવાય છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલા લીલાની નિત્યતાના નિરૂપણમાં પોતાના પિતાશ્રી શ્રીમદ્ વલ્લભાચાર્યના શ્રીમદ્ ભાગવત પરના સુબોધિનીના તામસ પ્રમાણ પ્રમેય, સાધન અને ફલ પ્રકરણના અનુક્રમે ૫ થી ૧૧, ૧૨ થી ૧૮, ૧૯ થી ૨૫ અને ૨૬ થી ૩૨ અધ્યાયોનો તથા છેલ્લા ગુણ પ્રકરણના ૮૭ મા અધ્યાયનો

સમાવેશ થાય છે. આમ શ્રી વિઠ્ઠલનાથજીએ પુષ્ટિમાર્ગના આધારરૂપ ભગવાન શ્રીકૃષ્ણની લીલાની રસાત્મકતા અને દિવ્યતાનો યુક્તિયુક્ત પરિચય આપ્યો છે.

અનિત્યતાના આક્ષેપનો પરિહાર અને આધુનિક ભક્તોનો લીલામાં પ્રવેશ :

શ્રી વિઠ્ઠલનાથજી આધુનિક ભક્તોનો લીલામાં પ્રવેશ થાય છે કે કેમ તેનો વિચાર પ્રસ્તુત કરતાં કહે છે કે હજારો જન્મોમાં તપ, જ્ઞાન અને સમાધિથી જેમના પાપ નાશ પામ્યા છે તેવા પુરૂષોની કૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે.[૨૬૯] આ નારદની ઉક્તિ અનુસાર અનેક જન્મોના સંચિત સત્કર્મો કરનાર ભક્ત ભગવાનનો કૃપાપાત્ર હોય છે, તે મહાપુરૂષોના ચરણરજથી અભિષિક્ત હોય છે. આવો પુરૂષવિશેષ-ભક્ત ઉપર્યુક્ત શ્લોકના ન્યાય અનુસાર નિત્યલીલામાં પ્રવેશે છે, તેના જેવો ભાવ ઉત્પન્ન થતાં તે ભાવ અનુસાર નિત્યલીલામાં પ્રવેશની અભિલાષા રાખે છે. આમ ભજન કરી રહેલા તે ભક્તોનો લીલામાં પ્રવેશ થાય છે કે થતો નથી ? અહીં શું યોગ્ય છે ?

આધુનિક-વર્તમાન ભક્તોનો લીલામાં પ્રવેશ થતો જ નથી. તે વિચાર પૂર્વપક્ષમાં રજૂ કરતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે

આધુનિક ભકત નિત્યલીલાના રસનો અનુભવ ઇચ્છે છે. આમ તેણે ભગવાનનું ભજન કર્યું હોવાથી ભકત સાથે નિત્ય લીલા કરશે, એમ કહી શકાય.

પરંતુ ભકતમાં થતી લીલા જન્ય છે. એટલે ભજન વગેરે સાધનથી ઉત્પન્ન છે. આથી તે લીલા નિત્ય ન કહેવાય. આથી જ ભગવાન કોઇ સમયે પ્રગટ થાય છે. લીલાનું સુખ આપે છે અને પોતાની અંદર પ્રવેશ કરાવે છે. અર્થાત "જ્યાં જઇને ભકતો પાછાં ફરતા નથી તે મારું પરમ ધામ" છે. અનુસાર ભગવાન મુકિત આપે છે.[૨૭૦] આથી આધુનિક-વર્તમાન ભકતનો નિત્ય લીલામાં પ્રવેશ થતો નથી.

ગૌતમીય સિદ્ધાંતના અનુયાયીઓ ઇશ્વરના જ્ઞાનને નિત્ય માને છે. ઇશ્વરનું જ્ઞાન નિત્ય કેવી રીતે છે ? તેના ઉત્તરમાં કહ્યું છે કે સૃષ્ટિની સ્થિતિ દરમ્યાન જો એક ક્ષણ પણ જ્ઞાન રહિત બની જાય તો કર્માધીન વિવિધ પ્રકારનો વ્યવહાર જ જગતમાં અટકી જાય. કારણ કે કર્મો ઇશ્વર-પ્રેરણાથી જ કાર્યમાં પ્રવૃત્ત થાય છે. આ તો ઇષ્ટ નથી. એટલે સૃષ્ટિની સ્થિતિ દરમ્યાન તો તેનો નાશ નથી, તે નિત્ય છે. પ્રલય સમયે તેના નાશનું કોઇ કારણ ન હોઇ તેનો નાશ થતો નથી. સર્જન સમયે તેની ઉત્પત્તિનું કોઇ કારણ ન હોઇ તેનો ઉત્પાદ થતો નથી. આમ ઇશ્વરીય જ્ઞાન નિત્ય છે.[૨૭૧]

શ્રી વિઠ્ઠલનાથજી પૂર્વપક્ષની દલીલનો પ્રત્યુત્તર આપતા કહે છે કે ગૌતમીય ન્યાયશાસ્ત્રને માનનારા ઇશ્વરને સર્વજ્ઞ માને છે.[૨૭૨] જેમ જન્ય પદાર્થો અનિત્ય હોવા છતાં તેમનું ભગવાન વિષયક જ્ઞાન નિત્ય હોય છે. કારણ કે ધર્મી-કારણ ગ્રહણ કરાવનાર પ્રમાણ વડે તે નિત્ય જ સિદ્ધ હોય છે.[૨૭૩] તેમ પૂર્વોકત પ્રમાણોથી - શ્રુતિ-સ્મૃતિના પ્રમાણોથી લીલા નિત્ય છે અને આધુનિક ભકત વિષયક લીલા પણ નિત્ય છે. આથી ભગવાનની લીલા અજન્ય નિત્ય હોવાથી પૂર્વપક્ષનો જન્યરૂપ હેતુ સિદ્ધ થઇ શકતો નથી. આધુનિક ભકતો પણ નિત્ય લીલામાં પ્રવેશ પામે છે તે સંબંધમાં અનેક પ્રમાણો જોવા મળે છે.

બૃહદવામનપુરાણની કથાના સંદર્ભમાં પહેલાં શ્રુતિઓ ભગવાનની નિત્યલીલાનું દર્શન કરાવવા સ્તુતિ કરે છે. સ્તુતિથી સંતુષ્ટ ભગવાન પોતાના સ્વરૂપનું શ્રુતિઓને દર્શન કરાવે છે.

શ્રુતિઓ "કંદર્પકોટિલાવણ્ય" દ્વારા ભગવાનના દર્શનથી ઉત્પન્ન મનોરથ નિરૂપે છે. "તમારો મનોરથ દુર્લભ અને દુર્ઘટ છે" દ્વારા ભગવાને શ્રુતિઓને વરદાનનું નિરૂપણ કર્યું છે. ત્યારપછી બ્રહ્માનું વાકય છે, "કહેલો સમય મેળવીને ગોપીઓ થઇ હરિને પ્રાપ્ત થઇ."

શ્રી પુરૂષોત્તમજી બૃહદવામનપુરાણની કથાનો સંદર્ભ સમજાવતાં કહે છે કે "પૃથ્વી પર ભારત ક્ષેત્રમાં" કહેલ સ્થાન

અક્ષર બ્રહ્મમાં રહેલ નિત્યલીલાના સ્થાન કરતાં અન્ય સ્થાન હોય તેમ લાગે છે. આથી ત્યાંની લીલા ભિન્ન હોય એવો ભ્રમ થાય છે. છતાં ઋગ્વેદમાં તમારા બેનાં નિવાસસ્થાનો.." માં આ સ્થાનમાં ભૂમિ પર" દ્વારા, દહરવિદ્યામાં પુર-જરાદિનું અજરાદિથી નિરાકરણ થયું છે. અર્થાત ગોકુલમાં જરા-વૃદ્ધત્વ અને વધની સંભાવના જ નથી. કારણ કે તે "સત્ય બ્રહ્મપુર" છે. દ્વારા અને બૃહદવામનપુરાણમાં "વ્યાપિ-વૈકુંઠ" નામનો લોક હતો" અનુસાર વૈકુંઠ વ્યાપક હોવાથી પૃથ્વી પર દૃશ્યમાન ગોકુલ તેનાથી ભિન્ન નથી.[૨૭૪]

આમ પૃથ્વી પર શ્રુતિના સંબંધવાળી ભગવાનની વૈકુંઠની જ લીલા નિત્ય છે. અર્થાત શ્રુતિમાં વર્ણવેલ ભગવાનની ગોકુલ-લીલા પણ વૈકુંઠની જ લીલા છે, એટલે નિત્ય છે. વળી જેમ નૈયાયિકો પદાર્થને અનિત્ય માને છે પણ ઇશ્વરના જ્ઞાનને નિત્ય માને છે, તેમ લીલા પણ નિત્ય છે.

લીલા શ્રુતિ અને પુરાણના પ્રમાણોથી નિત્ય છે. પરંતુ આધુનિક ભક્તોની લીલા વિશે તેમા કંઈ કહ્યું નથી. આથી તેઓની નિત્યલીલા વિશે આશા શાથી રખાય ? તેના ઉત્તરમાં શ્રી વિઠ્ઠલનાથજી બૃહદવામનપુરાણનું ઉદાહરણ આપતાં કહે છે, "સ્ત્રીઓ કે પુરૂષો પતિભાવથી કેશવને હૃદયમાં ધારણ કરી શ્રુતિઓની ગતિ પામે છે. એમાં સંશય નથી." આ સંબંધમાં નીચેનું દૃષ્ટાંત છે.

જેમ નગરની બહાર રહેલો નીચ પુરૂષ કોઇ રાજાના અન્તઃપુરમાં પ્રવેશ કરવા ઇચ્છે, તો ત્યાં તેનો પ્રવેશ થઇ શકતો નથી. પરંતુ એની ઇચ્છા જ જણાય તો પણ દંડ થાય છે, તેમ ભગવાનનું ભજન ન કરનાર જીવ ભગવાનની લીલામાં પ્રવેશ કરવા ઇચ્છે તો પણ તેનો નિત્યલીલામાં પ્રવેશ થતો નથી. પરંતુ "અયોગ્યની ઇચ્છા રાખનાર પુરૂષ પડે છે. એમાં શંકા નથી.[૨૭૫] વાકય અનુસાર પતન જ થાય. આ કારણથી જ ભગવાને શ્રુતિઓનો મનોરથ "દુર્ઘટ" કહ્યો છે. અર્થાત લીલામાં પ્રવેશ મેળવવો એ દોહ્યલો છે. કારણ કે તેમાં નિત્ય શુદ્ધ અન્તઃકરણ જ આવશ્યક છે, જે કૃપાસાધ્ય છે. આમ ભગવાન કહે છે, "મારા અનુમોદનથી સમર્થનથી સારી રીતે સત્ય થવા યોગ્ય છે."[૨૭૬] આથી ભગવાન ભજનાદિકથી સંતુષ્ટ થાય અને આધુનિક ભકતનો સ્વીકાર કરે તો તેનો નિત્યલીલામાં પ્રવેશ થાય છે.

ભકત સર્વાત્મભાવથી સર્વત્ર ભગવદ્દર્શન કરીને ભગવાનનું ભજન કરે તો ભગવાન ભકતનો સ્વીકાર કરે જ છે. જો સ્વીકાર "દુર્ઘટ" હોય તો જેઓ જે પ્રકારે મારે શરણે આવે છે, તેમને તે જ પ્રકારે ભજું છું."[૨૭૭] એ મર્યાદાની સંભાવના રહે નહીં. અર્થાત વેદોકત મર્યાદાથી મિશ્રિત જીવો ભગવાનના ગુણોને જાણનારા હોય છે અને પ્રેમ વડે શુદ્ધ અને અતિશય દુર્લભ હોય છે.[૨૭૮]

અનુસાર પુષ્ટિ ભકતો કૃપાથી જ ભગવાનને પ્રાપ્ત કરે છે. કારણ કે તેઓને ભગવાનના એકમાત્ર સ્વરૂપમાં જ નિષ્ઠા-પ્રેમ હોય છે. પહેલાના ભકતો-શ્રુતિ અને સ્મૃતિમાં વર્ણિત ભકતોની ભગવાનની લીલા નિત્ય જ છે. આથી જેમ ભગવાનની ઇચ્છાથી ક્રમ વડે તેનો આવિર્ભાવ થાય છે, તેમ આધુનિક ભકતની ભગવાનની લીલા પણ ક્રમથી આવિર્ભાવ પામે છે. આમ તે નિત્ય છે, તેથી આધુનિક ભકતનો ભજન-કીર્તનથી નિત્ય લીલામાં પ્રવેશ થાય છે.

આગળ આવિર્ભાવ અને તિરોભાવ નિત્ય હોવાનું પ્રતિપાદિત થયું, તે જ રીતે લીલા અને લીલાની સામગ્રી પણ નિત્ય છે. તો ફરી તે લીલાના સાધનનું શું પ્રયોજન છે ? તે શંકા દૂર કરવા માટે શ્રુતિનું પ્રમાણ આપતા શ્રી વિઠ્ઠલનાથજી કહે છે. "આ વિષ્ણુ નિવાસ માટે સ્તુતિ કરતા દેવગણને અસુરો પાસેથી લઇને આપતા આ સમ્પૂર્ણ પૃથ્વી કર્યા.[२७૯]

અહીં વિષ્ણુનું માહાત્મ્ય વર્ણવેલું છે, એટલે મહાત્નું માહાત્મ્ય આટલું જ નથી. પરંતુ આથી પણ વિશેષ છે. આ જ આશય સમજાવતાં કહે છે કે એની સ્તુતિ કરનારા ભકતો નિત્ય હોય છે.

ભકતો સ્તોત્રથી ભગવાનને સંતુષ્ટ કરે છે અને ભગવાન નિત્યલીલામાં પ્રવેશ કરાવે છે. નિત્યલીલામાં પ્રવેશ કરવાથી તેઓ નિત્ય કહેવાય છે. આમ ન માનીએ તો "એના ભકતો

નિત્ય છે.[૨૮૦] આ મંત્રનું ચરણ નિરર્થક થઇ જાય. કેમ કે જીવ આપમેળે જ નિત્ય છે.

જેમ ધનવાન બ્રાહ્મણ "સર્વસંપત્તિવાળો" હોય તો તેને યાચના કરવાની જરૂર પડતી નથી તેમ ધ્રુવાસઃ પદનો અર્થ એ છે કે ભકતો અધિક સમય ભક્તિ જ કરે છે. તેથી ભક્તિ કે ભકતોની નિત્યતા અમુક સમયમર્યાદામાં હોય છે.

શ્રી વિઠ્ઠલનાથજી ઉપર્યુકત વિચાર-તર્કનો અસ્વીકાર કરતાં કહે છે કે "ध्रुवासः" શબ્દના અર્થનો સંકોચ કરવામાં કોઇ પ્રમાણ નથી.

વળી ધ્રુવ શબ્દનો સંકુચિત અર્થ હોઇ શકે નહિ. આથી શ્રી વિઠ્ઠલનાથજી પોતે કહેલ અર્થમાં શ્રુતિનું તાત્પર્ય સમજાવે છે : સુજનિમાં એટલે સારાં જન્મો - નામનું અનુકીર્તન-સ્મરણ વગેરે જેમના છે, તેવા વિષ્ણુએ પૃથ્વી વિશાળ નિવાસવાળી બનાવી.[૨૮૧] ભગવાનની નિત્ય લીલા વિશે શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જેમને પુષ્ટિમાર્ગીય ભગવદ્ભાવ પ્રાપ્ત થયો છે, તેમને પુષ્ટિમાર્ગીય ભગવદ્ભાવનો તિરોભાવ કયારેય પણ થતો નથી.[૨૮૨]

શ્રી વિઠ્ઠલનાથજી નિરૂપેલ આધુનિક ભકતોનો લીલામાં પ્રવેશ અત્યન્ત આનન્દદાયક વિચાર છે. ભગવાન અને ભગવાનની લીલા પરસ્પર ભિન્ન લાગતા છતાં અભિન્ન છે. ભક્તિની

અનન્યતા જ ભક્તોને લીલાના દર્શનની તીવ્રતા જગાડે છે. આમ તીવ્ર ભક્તિયોગ એ જ ભક્તના લીલામાં પ્રવેશનું કારણ બની રહે છે. પુષ્ટિમાર્ગીય ભક્તો પ્રમાણબળથી નહિ. પરંતુ પ્રમેયબળથી ભગવાનને અને ભગવાનની લીલાને પામે છે. અર્થાત ભગવાનનો નિરતિશય સ્નેહ અને અનુગ્રહ જ ભક્તોને લીલાના દર્શનના અધિકારી બનાવે છે. આમ શાસ્ત્રધર્મગોપ્તા-નિત્યધર્મનું રક્ષણ કરનાર ભગવાન નિત્યલીલામાં ભક્તોના પ્રવેશ કરવાના અધિકારને અબાધિત કરે છે. આથી સ્પષ્ટ થાય છે કે ભગવાને કોઇક સમયે ભક્તોને લીલાના દર્શન કરાવ્યા હતા. હવે નહીં. આવી શંકા અસ્થાને છે. કારણ કે સર્વસમર્થ ભગવાનની લીલા ભક્તોના સ્વાંતઃસુખ માટે નિત્ય હોય છે.

<u>યુક્તિઓથી લીલાની નિત્યતાનું પ્રતિપાદન</u> :

ક્રમિકતાના હેતુથી જન્યતા-અનિત્યતા સાધનાર અનુમાનથી લીલાના જન્યત્વનો-અનિત્યતાનો સ્વીકાર કરનારા નૈયાયિકોના મતનું નિરાકરણ આ પ્રમાણે કરવામાં આવ્યું છે.[283]

<u>સિદ્ધાન્તીનો પ્રશ્ન</u> :

શ્રી વિઠ્ઠલનાથજી લીલાને અનિત્ય માનનાર-વાદી નૈયાયિકને પ્રશ્ન કરે છે કે અનિત્યતાનો ધ્વંસનો પ્રતિયોગી હોય છે.[284]

અર્થાત લીલાનો ધ્વંસ થાય છે, તેવો નિશ્ચય કેમ થઇ શકે ?

<u>પૂર્વપક્ષીનો ઉત્તર</u> :

સિદ્ધાન્તપક્ષના પ્રશ્નનો ઉત્તર આપતાં પૂર્વપક્ષી નૈયાયિક કહે છે કે લીલા જન્ય-અનિત્ય હોવાથી ધ્વંસનો નિશ્ચય કર્યો છે. આમ લીલા જન્ય છે, એટલે અનિત્ય પણ છે. આમ જન્યભાવથી એમ અનુમાન વિશે જાણવું જોઇએ.[૨૮૫]

<u>પ્રશ્ન</u> :

હવે લીલામાં જન્યભાવ-અનિત્યતા નથી. જ એટલે સ્વ-રૂપાસિદ્ધ હેત્વાભાસ એ નૈયાયિકોના અનુમાનનો દોષ છે. આથી શ્રી વિઠ્ઠલનાથજી ફરી પ્રશ્ન કરે છે કે લીલા પૂર્વસિદ્ધ છે. એટલે લીલાનો ક્રમથી આવિર્ભાવ તિરોભાવ જ થાય છે.[૨૮૬] ઉત્પત્તિ અને નાશ નહિ. આમ લીલાને અનિત્ય સાબિત કરવા યોજેલ સ્વરૂપાસિદ્ધ હેતુ લીલામાં જ નથી. એટલે લીલાને અનિત્ય કહેતા નૈયાયિકને સ્વરૂપાસિદ્ધ હેતુનું અનુસંધાન કેમ રહેતું નથી ?[૨૮૭]

<u>પૂર્વપક્ષીનો ઉત્તર</u> :

નૈયાયિક ઉપર્યુક્ત પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે કે વર્તમાન લીલા પહેલાંથી જ સિદ્ધ છે, "એમ હું જોતો નથી."[૨૮૮]

અર્થાત સિદ્ધાન્તી અસતની સત્તા સ્વીકારતા નથી. છતાં જગતને સત્ય સિદ્ધ કરવા કારણમાંથી કાર્યનો આવિર્ભાવ થાય છે અને કારણમાં કાર્યનો તિરોભાવ થાય છે. એ ઉત્પત્તિ અને નાશ જ હોઇ શકે. આથી અહીં સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ નથી.

સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ એટલે પક્ષ-(જ્યાં સાધ્ય-અજ્ઞાન હોય તે. જેમ કે ધુમાડાવાળું હોવું એવો હેતુ હોય ત્યારે પર્વત-) હોય તો પણ તેમાં હેતુ ન હોય તે.[૨૮૯] જેમ શબ્દ ગુણ છે. કારણ કે તે ચાક્ષુષ છે. અહીં ચાક્ષુષહેતુ પક્ષ હોવા છતાં પક્ષમાં-શબ્દમાં હોતો નથી. કારણ કે ચાક્ષુષત્વ શબ્દનો-પક્ષનો ધર્મ નથી, શબ્દનું-પક્ષનું સ્વરૂપ નથી.

અહીં વર્તમાન લીલાનું પૂર્વસિદ્ધ હોવું તે અચાક્ષુષ છે. અર્થાત વર્તમાનલીલા પૂર્વસિદ્ધ હોવાથી જોઇ શકાતી નથી. વળી ચાક્ષુષ હેતુ પક્ષમાં-લીલામાં નથી.[૨૯૦] આથી નિત્યલીલા સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ કહેવાય નહિ.

સિદ્ધાન્ત :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે નૈયાયિક લીલાને જન્ય માને તો ઇશ્વર પણ જન્ય કહેવાય. વળી તેઓ કાર્યલિંગક અનુમાનથી ઇશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. આમ લીલાની જેમ યુક્તિ-તર્ક હોય તો ઇશ્વર પણ અનિત્ય છે, એમ તમે કહો.[૨૯૧]

તેમાં ઉદાસીન બની લીલાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પરંતુ પૂર્વકાલની લીલા છે કે નહી. અર્થાત લીલા નિત્ય છે કે અનિત્ય છે તેનું નિરૂપણ થયું નથી.[૨૯૨] આમ પછીના સમયમાં પૂર્વની લીલા છે કે નહીં. તેવો સંદેહ થાય છે. અર્થાત લીલા નિત્ય છે કે અનિત્ય છે, તેવો સંદેહ થાય છે.[૨૯૩] તેના નિવારણ માટે આઠ પ્રમાણવચનો છે.

૧. જનનિવાસનો જય થાય છે. (ભાગ. ૧૦।૯૦।૪૮)

૨. બહુનામો છે. (ભાગ. ૧૦।૮।૧૫)

૩. બૃહદ્વામનીય કથા. (વામન પુરાણનો ઉત્તર ભાગ-અનુપલબ્ધ)

૪. એ તમારા ધામો. ( ઋ .૧।૧૫૪।૬, તૈ.સં. ૧।૩।૬)

૫. તમારા એ ધામો. (તૈ.સં. ૧।૩।૬।૧)

૬. એ વિષ્ણુનું પરમ પદ. (ઋ .૧।૨૨।૨૦)

૭. એ વિદ્વાનો. ( ત .૧।૨૨।૨૧)

૮. આના નિત્ય. ( ઋ .૭।૧૦૦।૮)

ઉપર્યુક્ત શ્રુતિ અને સ્મૃતિના ભાગવતના પ્રમાણોથી લીલાની નિત્યતાનો નિશ્ચય થાય છે. સર્વના સમાધાન માટે રસ, ભાવ અને મનોરથના સામંજસ્ય માટે નિત્ય લીલા જ ક્રમથી આવિર્ભાવ પામે છે. આમ આવિર્ભાવ અનુસાર લીલાનું નિરૂપણ થયું છે. તેમ નિર્ણય થાય છે. આથી ઇશ્વર ગ્રાહક પ્રમાણોથી નિત્ય છે,

તેમ લીલા પણ નિત્ય છે. લીલાની નિત્યતા પ્રત્યેક પદે-શબ્દે નિરૂપી શકાય નહિ.[૨૯૪] કેમ કે એક જગ્યાએ લીલાની નિત્યતાનો નિર્ણય થાય છે, તે અન્ય જગ્યાએ જાણી શકાય છે. એક જગ્યાએ જે શાસ્ત્રાર્થનો નિર્ણય થાય, તે જ અન્ય જગ્યાએ પણ છે.[૨૯૫] એ ન્યાયથી લીલાનું નિત્યત્વ સર્વત્ર સમાન હોય છે. વેદ અને પુરાણોમાં શબ્દાર્થ જ પ્રમાણ છે. આથી લીલા અન્ય પ્રમાણોથી ગ્રહણ થઇ શકતી નથી.[૨૯૬] કારણ કે અન્ય પ્રમાણો શબ્દાર્થ પ્રમાણથી વિરૂદ્ધ છે, એટલે તે શબ્દાર્થ પ્રમાણને નિર્બળ બનાવી શકતા નથી.[૨૯૭]

<u>શંકા</u> :

અહીં શંકા થાય કે કર્મ રૂપી લીલાનું નિત્યત્વ નથી. ભગવાનની લીલા કર્મરૂપ છે, તે કર્મ અચિર સ્થાયી-અલ્પસમય માટે રહેનાર હોય છે. આથી અલ્પ સમય માટે ક્ષણ ક્ષણ માટે ટકી શકનાર કર્મની નિત્યતા કહી શકાય નહિ.[૨૯૮]

<u>સમાધાન</u> :

ઉપર્યુક્ત શંકાનું સમાધાન આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે અરે ! જ્ઞાન પણ ક્ષણ જ ક્ષણ રહી શકે છે, આથી ભગવાનનું જ્ઞાન પણ અનિત્ય છે એમ કહેવું પડે ![૨૯૯] લીલા ધર્મીનો-ઇશ્વરનો સ્વીકાર કરાવનાર પ્રમાણથી નિત્ય છે.

જેમ લૌકિક જ્ઞાન ક્ષણ ક્ષણ રહી શકે તેના કરતાં ઇશ્વરીય જ્ઞાન વિલક્ષણ છે, તેમ લૌકિક કર્મ ક્ષણ ક્ષણ રહી શકે તેના કરતાં ઇશ્વરીય લીલા વિલક્ષણ છે. આમ ભગવાનની લીલા નિત્ય છે, તેમ માનીએ તો પણ લૌકિક કર્મનું સ્વરૂપ મર્યાદા-રહિત બનતું નથી.[૩૦૦]

લીલાના પદાર્થો ભકતના પ્રેમનું જ્ઞાન છે :

લીલા સંબંધી પદાર્થો એટલે વ્રજમાં-ગોકુલ-વૃન્દાવનમાં રહેલા પર્વત, વૃક્ષ, લતા અને કુંજ વગેરે. આ પદાર્થો બે પ્રકારનાં છે.

१. ભકત અને અભકત સર્વ લોકો બરાબર જોઇ શકે તેવા
૨. ઉત્કૃષ્ટ-ઉત્તમ ભકતો જ બરાબર જોઇ શકે તેવા-અલૌકિક રત્ન વગેરેથી વિશિષ્ટ પદાર્થો.[૩૦૧]

ભકતો બે પ્રકારના છે :

૧. લીલા સંબંધી-વ્રજ સંબંધી પદાર્થો જેવાં કે માળા, ચંદન, વૃક્ષ, લતા અને ગુલ્મ વગેરેનો ભકતો અને સામાન્ય લોકો પણ એક જ સમયમાં અનુભવ કરે છે.
૨. સારી રીતે જોઇ શકાય તેવા નિકુંજ વગેરે. પહેલાં કરતાં જુદાં-વિલક્ષણ હોય છે. આમ ભકતો વિલક્ષણતાનો અનુભવ કરી શકે છે, સામાન્ય લોકો નહીં.[૩૦૨]

<u>પ્રથમ પ્રકારનો દોષ :</u>

વૃન્દાવનના વૃક્ષ, ગુલ્મ વગેરેની નિત્યતા પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત થાય છે.[303] ભક્તો અને સાધારણ લોકો લીલાના પદાર્થોનો અનુભવ કરી શકતા નથી. કારણ કે તે પદાર્થો અનિત્ય હોય છે. આથી વૃક્ષોનું છેદન વગેરે જોઇ શકાય છે. આમ લીલાની નિત્યતા પ્રત્યક્ષપણે જોઇ શકાતી નથી.

વળી અનિત્યતા વિશે પણ કહી શકાતું નથી. જેમ "શોભા-યુક્ત ઉત્કૃષ્ટ-ઉત્તમ ભક્તના મુખમાંથી શ્રીગોકુલમાં યમુનાના "ઉભયતટ રત્નથી બાંધેલો છે." આ પ્રમાણે તેની વિલક્ષણતા સંભળાય છે.[304] આમ તેઓની અનિત્યતા કહી શકાતી નથી.

<u>દ્વિતીય પ્રકારનો દોષ :</u>

લીલાના પદાર્થો ઉત્કૃષ્ટ ભક્તો જ જોઇ શકે છે. તેઓ લીલાના સર્વે પદાર્થોનો અનુભવ કરે છે. આવાં અલૌકિક ભગવાનના લીલારૂપી રસમાં નિમગ્ન ભક્તોને પદાર્થો પર અસાધારણ પ્રેમ થતો નથી.[305] કારણ કે બધા લોકો જેનો અનુભવ કરે છે, તેવા વ્રજના પદાર્થો લૌકિક પદાર્થોના જેવા જ છે. આથી લૌકિક પદાર્થોમાં પ્રેમ ઉત્પન્ન થાય છે.

અહીં ભક્તિના અભાવમાં ભક્તોનો દોષ કહેવાય છે, તે નીચે પ્રમાણે છે.

૧. બધા લોકો જેનો અનુભવ કરે છે તેવા વ્રજમંડલના દર્શનથી ભક્તોને અલૌકિક ભગવાનના રસનો અનુભવ થાય છે.[306]

૨. વળી અતિ આહલાદ-અતિ આનંદ થવાથી લૌકિક પદાર્થો ભગવાનની લીલાના પદાર્થો કરતાં જુદાં છે તેમ કહી શકાય નહીં.[307] અર્થાત્ "અલૌકિક પ્રેમની ઉત્પત્તિ ન થાઓ" તેમ ન કહેવાય. આમ બન્ને બાજુથી પાશનું રજ્જુ-બંધન થાય છે.

ભગવાનની લીલાના પદાર્થો અન્ય પદાર્થોથી ભિન્ન છે, છતાં તે ભગવાનની લીલાના પદાર્થો છે. તેવી અભિન્નતાથી ભક્તોને ભ્રમ થાય છે અને તેથી પ્રેમ ઉત્પન્ન થાય છે.

જેમ સ્વપ્નમાં ભ્રમથી સ્ત્રીદર્શન થાય તો પણ પારમાર્થિક મનુષ્યનું સ્ખલન થાય છે, તેમ લીલાના પદાર્થોમાં ભક્તોને ભ્રમથી અલૌકિક રસ ઉત્પન્ન થાય છે, એ કહી શકાય નહિ.[308]

ઉપર્યુક્ત શંકાનું સમાધાન આપવામાં આવ્યું છે કે અભેદના ભ્રમથી પ્રેમ-આનંદ ઉત્પન્ન થાય. પરંતુ પ્રત્યેક નિકુંજમાં-ભિન્ન-ભિન્ન સ્થાનમાં પારમાર્થિક વેણુ અને કિંકિણીનું શ્રવણ વિશેષ સુગંધ અને દીપકનો અનુભવ થાય નહિ. કારણ કે અભિમાનથી વેણુ અને કિંકિણી વગેરે લીલાના પદાર્થોનો પારમાર્થિક અનુભવ થતો નથી[309] અને થાય તો પણ સ્વપ્નમાં તો નહીં જ. પરંતુ

જાગ્રત અવસ્થામાં રહેલા-પુરૂષને સ્ત્રીના સ્પર્શનો અનુભવ થાય ! આમ ઉત્કટ ભક્તોને ભ્રમ થતો નથી.[310]

લૌકિક દૃષ્ટાન્તોનું અનુસરણ હોય, છતાં અન્ય નિષ્કર્ષ-રૂપ સમાધાન આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પહેલાં "पिवीव चक्षुराततम्" મંત્રના અર્થના વ્યાખ્યાનમાં બધી જ શંકાઓનું નિરાકરણ કરેલું છે.

જેમ સ્વર્ગના પદાર્થો મહદ્ અને ઉદ્ભૂતરૂપવાળા હોવા છતાં સ્વર્ગમાં રહેનારા જ તે જોઇ શકે છે, તેમ લીલાના પદાર્થો વન-યમુના વગેરે પણ લીલામાં સ્થાન પામેલા ભક્તો જ જોઇ શકે છે. બીજા નહીં.[311]

અહીં શ્રૌત-દૃષ્ટાંત વેદનું ઉદાહરણ સાધારણ લોકોના અનુભવથી જુદું છે. આમ પ્રત્યક્ષનો બાધ આવતો નથી.

શ્રી ગિરિધરજી પોતાનો અભિપ્રાય આપતા કહે છે. સ્વર્ગના પદાર્થો સ્વર્ગના લોકો જ જોઇ શકે છે, બીજાં નહીં. તેમ ભક્તો પણ અલૌકિક લીલા સંબંધી પદાર્થો જોઇ શકે છે, બીજાં નહીં. આમ લૌકિક સાધારણ વ્યકિતનો વિષય પદાર્થથી જુદો જ હોય છે. વળી, ભક્તોને જે લૌકિકમાં પ્રેમ થાય છે, તે લીલાસંબંધી જ હોય છે.[312]

જ્ઞાનરૂપી પ્રભાસીય લીલા માયિક હોવાનું પ્રમાણ દવારા નિરૂપણ :

પૂર્વપક્ષ :

લીલાની નિત્યતાના સંબંધમાં પૂર્વપક્ષ પ્રસ્તુત કરતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે પ્રભાસીય કથાની સંગતતા શાથી હોઇ શકે ?[313]

પ્રભાસક્ષેત્રમા બ્રાહમણોના શાપથી યાદવોનો નાશ થયો હતો -નો લીલાથી ઉત્પન્ન યાદવોનો અને ભગવાનની લીલાનો નાશ થવાથી નિત્યતા કેમ સંભવે ?[314] આમ પ્રભાસીય કથા સંગત બનતી નથી.

સિદધાન્તીનો ઉત્તર :

શ્રી વિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત અસંગતિનું સમાધાન આપતાં કહે છે કે (ભગવાન) સર્વલીલાથી યુક્ત છે. ભગવાન હંમેશાં પ્રકટ છે.[315] જેમ ધર્મની રક્ષા, સત્પુરૂષોની રક્ષા, દેવોનું કાર્ય કરવું, ભૂમિનો ભાર ઉતારવો - આ સર્વ ભગવાનની લીલા છે, તેવી જ રીતે આસુરવ્યામોહ પણ લીલા છે. આમ ધર્મની રક્ષા વગેરે અસુરવ્યામોહન કરનાર છે, તેથી ભગવાન સર્વલીલાથી યુક્ત કહેવાય છે અને તેથી જ પ્રભાસીયલીલા આસુરવ્યામોહન માટે છે. આથી આ અસુરવ્યામોહનાત્મિકા લીલા કહેવાય છે.

ભગવાનનો શરીર ત્યાગ વગેરે માયિક છે. મિથ્યા છે તે સમજાવતા કહ્યું છે કે મોહન-મોહમાયાથી જ થાય છે, એવો નિશ્ચય છે.[316] આમ આસુરવ્યામોહન લીલા માયિક છે. અર્થાત અસુરોને મોહ પમાડવા માટે ભગવાન જે લીલા કરે છે તે માયિક છે. મિથ્યા છે. પરંતુ અસુરો તેને લૌકિક-સાંસારિક અને સત્ય સમજે છે. આથી તેઓ ભગવાનને લૌકિક જ્ઞાનવાળા માને છે. પરંતુ દેવો ભગવાનને લૌકિક જ્ઞાનવાળા માનતા નથી. કારણ કે અસુરો માટે જ ભગવાન આ લીલા કરે છે. દેવો માટે નહીં. આવું પ્રમાણ આપતા ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે પ્રાણી-માત્રના મહાન ઈશ્વર મારા ઉત્કૃષ્ટ-ઉત્તમ-ભાવને ન જાણતા, મૂઢ લોકો મનુષ્ય શરીરનો આશ્રય કરી રહેલા મારી અવગણના કરે છે.[317]

પરંતુ હે અર્જુન, દૈવી પ્રકૃતિનો આશ્રય કરી, મને પ્રાણી માત્રના કારણરૂપ અને અવિનાશી જાણીને અનન્ય મનથી ભજે છે.[318]

વ્યર્થ આશાવાળા, વ્યર્થ કર્મવાળા અને વ્યર્થ જ્ઞાનવાળા એ મૂર્ખ લોકો મોહ પમાડનારી એવી રાક્ષસી અને આસુરી પ્રકૃતિનો જ આશ્રય કરી રહેલા છે.[319]

ઉપર્યુક્ત શ્લોકોમાં "माम्" અને "अव्ययम्" એ બે પદો દવારા જે પ્રકટ દેખાય છે, તે અવિકારી ભગવાનને જાણતો

ભક્ત જ ભજે છે. અર્થાત અસુરો મને "મામ" મનુષ્યરૂપે અવગણે છે. પરંતુ મહાત્માઓ મને અવિનાશી જાણે છે. આથી જ તેઓ મને ભજે છે.[૩૨૦]

અસુર વ્યામોહનાત્મિકા લીલા અસુરો માટે છે. આથી તે લીલા પણ અનિત્ય હોય તો તેનું વિશિષ્ટ સ્વરૂપ અનિત્ય થઇ જાય ! આથી તે આસુરવ્યામોહ-લીલાની નિત્યતાનું પ્રમાણ દર્શાવતા ગીતામાં કહે છે : "વેદ જાણનારો જેને અક્ષર કહે છે, જેનો રાગ દૂર થએલો છે તેવા યતિઓ જેમાં પ્રવેશ કરે છે, જેની ઇચ્છા રાખનાર બ્રહ્મચર્ય પાળે છે તે પદ તને સંક્ષેપમાં કહીશ.[૩૨૧] આમ અક્ષરપદનું અને સ્વપ્રાપ્તિના ઉપાયનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સ્વપ્રાપ્તિમાં અને અક્ષરપ્રાપ્તિમાં ફરક વિશેષ કહે છે. દિવસ થાય ત્યારે વ્યક્તિઓનો અવ્યક્તમાંથી જન્મ થાય છે. ઉત્પન્ન થાય છે. રાત્રિ થાય ત્યારે તે જ અવ્યક્તમાં તેઓનો લય થાય છે.[૩૨૨]

હે અર્જુન ! તે જ આ ભૂતોનો સમૂહ પ્રકટ થઇ થઇને રાત્રિ થાય ત્યારે પરવશ હોઇ લીન થાય છે અને દિવસ થાય ત્યારે પ્રકટ થાય છે.[૩૨૩]

પરંતુ તે વ્યક્તથી પર અન્ય સનાતન અવ્યક્ત ભાવ છે, જે સર્વભૂતોનો નાશ થવા છતાં નાશ પામતો નથી.[૩૨૪]

ઉપર્યુક્ત શ્લોકોમાં અક્ષર સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પછી ભગવાનની પ્રાપ્તિ કેવળ અહૈતુક ભક્તથી જ થાય છે. આથી કહ્યું છે કે હે અર્જુન ! અનન્ય ભક્તિથી પ્રાપ્ત થઇ શકે તેવા પુરૂષ પર છે," એમ કહી પરપુરૂષનું લક્ષણ આપવામાં આવ્યું છે : તેની અંદર ભૂતો-પ્રાણીમાત્ર રહેલા છે, તેનાથી આ સર્વ વ્યાપ્ત છે.[૩૨૫]

અહીં "સર્વ ભૂતોનો-બધાં પ્રાણીઓનો નાશ થવા છતાં જે નાશ પામતો નથી"- નું લક્ષણ "જેની અંદર સર્વ પ્રાણીઓ રહેલાં છે, તેનાથી આ સર્વ વ્યાપ્ત છે." આમ પરપુરૂષનું લક્ષણ તે ભગવાનનું લક્ષણ છે.[૩૨૬] આ વસ્તુનું નિરૂપણ મૃત્તિકા લક્ષણ પ્રસંગમાં કરવામાં આવ્યું છે. અહીં ભગવાનનું દૃશ્ય સ્વરૂપ સ્વાભાવિક ધર્મને લીધે છે. આ જ અક્ષરથી ઉત્તમ ભાવ છે.

શ્રી વિઠ્ઠલનાથજી ભગવાનના લક્ષણનું અર્થઘટન કરતાં દશમ-સ્કંધની "દામોદરલીલા" નો પ્રસંગ પ્રસ્તુત કરે છે. તેઓ કહે છે કે શ્રીકૃષ્ણનું ઉદર દોરડીથી અનવચ્છિન્ન છે. એટલે ભગવાનનું ઉદર વ્યાપક હોવાથી દામણાથી તેનું બંધન થઇ ન શકે, આમ તે મર્યાદિત નથી. આથી માપી શકાતું નથી. આ રીતે ઉદર જ બ્રહ્મ હોવાનું કહ્યું છે.[૩૨૭] ભગવાન પૂર્ણ છે અને સર્વને વ્યાપીને રહેલા છે એટલે નિરવયવ હોવાથી ભગવાન કોઇની અંદર જ હોતા નથી.[૩૨૮] આમ જો ઉદરને અબ્રહ્મ માનવામાં આવે તો

દામણાથી તો તેનું બંધન થયું નહિ.[૩૨૯] એટલે દેશ અને કાલથી ઉદર પરિચ્છિન્ન નથી. એટલે તેનો પરિચ્છેદક કોઇ નથી.[૩૩૦] દેશ અને કાલના બંધનથી અપરિચ્છિન્ન હોવું તે બ્રહ્મનું લક્ષણ છે.[૩૩૧] વળી ઉદર બ્રહ્મ નથી, એમ વ્યધિકરણ થતાં બ્રહ્મનો ધર્મ બ્રહ્મથી જુદો થઇ જાય. આથી જ કહ્યું છે કે "જેને અંદર કે બહાર એવો ભેદ નથી."[૩૩૨] આમ ધર્મી બ્રહ્મનું શરીર જ બ્રહ્મ છે, એમ શાસ્ત્રના પ્રમાણો દ્વારા નિશ્ચિત થાય છે. અર્થાત્-મૂર્તિકાલક્ષણ દામોદરલીલાના પ્રસ્તુતીકરણમાં શ્રીમદ્ ભાગવતના પ્રમાણો તેને પ્રમાણિત કરે છે. આમ બ્રહ્મનું શરીર લૌકિક ધર્મરહિત છે. એટલે બ્રહ્મનાં ધર્મોથી વિરૂદ્ધધર્મો બ્રહ્મમાં નથી. અર્થાત્ પ્રભાસીય-લીલામાં ભગવાનનો શરીરત્યાગ વગેરે વિરૂદ્ધધર્મો બ્રહ્મના ધર્મો નથી. છતાં આ મિથ્યાધર્મો ભગવાન જ અસુરોને બતાવે છે. આમ તે મિથ્યાધર્મો અસુરોને મોહ પમાડે છે. આથી પ્રભાસીય લીલા એ ભગવાનની આસુરવ્યામોહ લીલા હોવાનો નિશ્ચય થાય છે.[૩૩૩] કારણ કે અન્યથાનુપપત્તિ સર્વથી વધારે બળવાન છે.[૩૩૪] અર્થાત્ ભાગવતાદિની પ્રામાણ્યની અનુપપત્તિ બધાથી વધારે બળવાન છે.[૩૩૫] સર્વ લીલા દેવોના પ્રદર્શન માટે નિત્ય છે, જ્યારે પ્રભાસીયલીલા અસુરવ્યામોહનાત્મિકા હોવાથી અનિત્ય છે તે અસુરોના પ્રદર્શન માટે છે. તેના પ્રમાણો નીચે પ્રમાણે છે.

બ્રહમાંડપુરાણમાં કહયું છે કે - વિષ્ણુના ગુણો, આકાર, ચિત્ શરીર તે મોહ ન થાય તે માટે છે. નિર્દોષતા એ મુકત જનોનું તારતમ્ય-ન્યૂનાધિકય કહેવાય છે. આનાથી વિરૂદધ જે સર્વ છે, તે મોહ માટે છે એવો નિશ્ચય છે.[336] બ્રહ્મ પુરાણમાં કહયું છે કે,

અજ્ઞાનતા, પરવશપણું, વિધિ, ભેદ પ્રાકૃતદેહ, દેહ ત્યાગ વગેરે અસુરોના મોહ માટે છે, કારણ કે વિષ્ણુને કદી પણ દોષ નથી.[337]

પદમપુરાણમાં પાખંડ પ્રવર્તાવતા શંકરને ભગવાને કહયું છે કે હે શંકર ! આ પ્રમાણે તમારી આરાધના કરી સદા વર ગ્રહણ કરીશ."[338]

અહીં અન્યની આરાધના જીવનો ધર્મ છે, તેથી તે ભગવાનમાં તો સંભવે નહીં. જેમ ભગવાને તે અસત-મિથ્યા ધર્મનું પ્રદર્શન લોકોને થાય તે માટે કર્યું હતું, તેમ પ્રભાસીય લીલાનું પ્રદર્શન પણ અસુરોના વ્યામોહ માટે કર્યું હતું.

## યુકિતથી પ્રભાસીય લીલાનું મિથ્યાત્વ :

શ્રી વિઠ્ઠલનાથજીએ પ્રભાસીય લીલાની માયિકતા પ્રમાણોથી સિદધ કરી. હવે યુકિત-તર્ક દવારા તેની માયિકતા

સિદ્ધ કરવામાં આવી છે. અહીં "સિંહાસન-દ્વાત્રિંશિકા"ની કથાનો આધાર આપતાં તેઓ કહે છે કે જેમ જાદુવિદ્યા-ઇન્દ્ર-જાળવિદ્યાથી નટ સ્વર્ગમાં જાય છે. ત્યાં દેવાસુર સંગ્રામમાં તે ઘવાઇને મૃત્યુ પામે છે અને ઘરની ઉપર પડે છે. જાદુગરની સ્ત્રી તેના પતિ સાથે અગ્નિમાં સહગમન કરે છે. આ રીતે પહેલાં અનુભવ થયો છે. પરંતુ પછી જાદુગર-નટ પાછો રાજા પાસે છે. આ પ્રસંગ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થયો છે. આથી પૂર્વનો અનુભવ મિથ્યા હોવાનો નિશ્ચય કરી શકાય છે.[339] પરંતુ શ્રીમદ્ ભાગવતમાં "જનનિવાસ શ્રીકૃષ્ણ જય પામે છે"- અનુસાર પૂર્વની લીલા જ નિત્ય સિદ્ધ થાય છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુસાર અહીં ભગવાન શ્રીકૃષ્ણ કુબ્જા વગેરે સ્ત્રીઓના હૃદયમાં કામદેવની વૃદ્ધિ કરે છે. મોક્ષ આપે છે. વગેરે પૂર્વકથા છે. પહેલાં જેવી કથા હતી, તેવી જ વર્તમાન સમયમાં પણ છે અને તે જ સ્થાનોમાં હમણાં પણ લીલા કરે છે.[340] આમ લીલાની નિત્યતા સિદ્ધ થાય છે.

શ્રી પુરૂષોત્તમજી કહે છે કે શ્રી શુકદેવનું ઉપર્યુક્ત શ્રીમદ્ ભાગવતનું વાક્ય અવતારના તિરોભાવ પછીનું છે. આથી ત્યાંના લોકો "जयति" વગેરેનો પ્રયોગ "અન્યથાનુપપત્તિ" થી કરે છે. એટલે તે લીલા "અનન્યગતિ" કહેવાય છે.[341] આમ પ્રભાસીયલીલા પહેલાંની સર્વ લીલા નિત્ય છે, લીલા પ્રદર્શનમાત્ર છે. કારણ કે અન્ય કોઇ ગતિ ન હોવાથી પ્રભાસીયલીલા અસુરોને દર્શાવવા જ છે.

પ્રભાસીયલીલા અનુસાર લીલા અસત્ય છે, એટલે પૂર્વની લીલા અસત્ય કહી ન શકાય.[342] કારણ કે તે ઉપર્યુક્ત પ્રમાણોથી નિત્ય સિદ્ધ છે.

અહીં ઐન્દ્રજાલિક ન્યાય અનુસાર પૂર્વની લીલા નિત્ય-સિદ્ધ નથી અને પછી પ્રભાસીય લીલા બાધક નથી. કારણ કે નટના દૃષ્ટાન્તમાં આંખ લૌકિક પ્રમાણ છે, તેથી તેમાં દોષ સંભવે છે. પરંતુ "જનનિવાસ જય પામે છે" માં અલૌકિક પ્રમાણ છે, તેથી દોષનો સંભવ નથી.[343]

નટના દૃષ્ટાન્તમાં જેમ સત્ય જીવન-પ્રામાણિકજીવન તેના મરણનું બાધક છે, વળી સમગ્ર અંગોનું હોવાપણું એ અવયવોનું અલગ થવાનું બાધક છે. આ ન્યાયથી પ્રભાસીય લીલા ભગવાનના શરીરની બાધક નથી.[344] નટના દૃષ્ટાન્તમાં નટનું મરણ, પતિની સાથે સ્ત્રીનું સહગમન વગેરેનો પૂર્વાનુભવ થાય છે અને નટના પુનરાગમન પછી અન્ય અનુભવ થાય છે. આમ તે પરસ્પર બાધ્ય-બાધકભાવયુક્ત કહેવાય છે. પરંતુ ભગવાનની લીલાઓમાં પરસ્પર બાધ્યબાધક ભાવ નથી. આમ પ્રભાસીય લીલા પૂર્વની લીલાઓ માયિક-મિથ્યા નથી, અર્થાત નિત્ય છે. આથી પ્રભાસીય લીલાની પૂર્વની લીલાને માયિક કહેવી એ અનવસરથી અસંગતિથી પરાભવ પામેલ છે.[345]

## પ્રભાસીય લીલાનાં સંદેહયુકત વાકયોનું તાત્પર્ય :

અહીં એમ શંકા વ્યકત થઈ છે કે સમ્પૂર્ણ જગત જ માયાજન્ય છે, ફકત પ્રભાસીય લીલા જ નહીં. આથી શ્રી વિઠ્ઠલનાથજી શ્રીમદ્ભાગવતનું પ્રમાણ આપે છે : જે મનથી, વાણીથી, આંખથી અને કાનથી ગ્રહણ થાય છે તે માયામય છે એમ જાણ.[૩૪૬] ભગવાન શ્રીકૃષ્ણે પ્રસ્તુત શ્લોક લીલામાં સમાવિષ્ટ અંતરંગ ભકત ઉદ્ધવને ઉપદેશેલો છે. અહીં "બધા પદોનો અર્થ મિથ્યા છે, વાસ્તવિક નથી. એવી અયોગ્ય શંકાનું પ્રભાસીયલીલા મિથ્યા સિદ્ધ થવાથી નિરાકરણ થાય છે. કારણ કે પુરાણોમાં જે મિથ્યાપણું-માયિકતાનું કથન દેખાય છે તે સૃષ્ટિભેદમાં ઇન્દ્રજાલપક્ષથી અન્ય મત છે એમ જાણવું. દૃષ્ટસમાન શ્રુતિઓમાં ક્યાંય પણ જગત માયિક નથી.[૩૪૭] આમ જગત માયિક હોવાની સાથે પ્રભાસીયલીલા માયીક નથી. આથી જ શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે "यदिदं"... શ્લોકમાં પદોનો અર્થ આસુરવ્યામોહ માટે જ પ્રદર્શિત થયો છે. જો સંપૂર્ણ જગત માયિક છે. એમ કહેવાનો ભગવાનનો અભિપ્રાય હોય તો "नश्वरम्" નો પ્રયોગ ન કર્યો હોત. કારણ કે "नश्वरम्" ના પ્રયોગ વિના મનથી, વાણીથી, આંખથી અને કાનથી ગ્રહણ થાય છે. આમ સંપૂર્ણ જગત નશ્વર છે એમ કહેવાનો ભગવાનનો અભિપ્રાય નથી. પરંતુ પ્રભાસીયલીલા જ નશ્વર છે. કારણ કે

यदिदं नो नश्वरम् એટલે "બ્રાહ્મણના શાપથી નશ્વર" એવો પદનો અર્થ "માયામનોમય" છે.[૩૪૮] સમ્પૂર્ણ જગત નહીં. આમ ભગવાન શ્રીકૃષ્ણનો ઉદ્ધવને આપેલો ઉપદેશ તત્વજ્ઞાન જ છે. વ્યામોહ-મોહ પમાડવા નથી.[૩૪૯]

હંસનું પણ ગુણસૃષ્ટિ વિષયક વચન છે કે મન, વચન અને અન્ય ઇન્દ્રિયોથી જેનું ગ્રહણ થાય છે તે બધું હું પોતે જ છું. મારાથી અન્ય કોઇ વસ્તુ જ નથી, એમ તમે તત્વદૃષ્ટિથી જાણો.[૩૫૦]

**<u>પ્રભાસીયલીલાનું યાદવકુળ નિત્યલીલાના યાદવકુળથી ભિન્ન :</u>**

અહીં પ્રશ્ન થાય છે કે દ્વારકાના જ યાદવો બ્રાહ્મણોના શાપ પછી પ્રભાસ ગયા છે. આથી ત્યાંના યાદવો માયિક-મિથ્યા કેમ હોઇ શકે ?

શ્રી વિઠ્ઠલનાથજી શ્રીમદ્ ભાગવતની એકાદશ સ્કંધના પ્રથમ અધ્યાયનો સંભર્દ આપીને કહે છે કે અહીં અતિ ગૂઢ આશયવાળા શ્રી શુકદેવે ભગવાનની મોહક લીલાનું સામાન્ય નિરૂપણ કર્યું છે. અર્થાત શ્રી શુકદેવ ભગવાન શ્રીકૃષ્ણની મોહક લીલાના અતિ ગુપ્ત મર્મને જાણનાર છે, તેઓ કહે છે કે અપ્રમેય-પ્રમાણોથી જાણી ન શકાય એવા ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી પર ભારરૂપ રાજાઓની સેનાઓની, પોતાના બાહુઓથી રક્ષાયેલા યાદવો

દવારા નાશ કરી વિચારવા લાગ્યા કે "પૃથ્વીનો ભાર જોકે ઊતર્યો પણ મારી દૃષ્ટિએ હજી ઊતર્યો નથી, એમ હું માનું છું; કારણ કે અરે ! જેના પર કોઇ વિજય મેળવી ન શકે એવો યદુવંશ બાકી છે.[૩૫૧]

આ યાદવકુળનો બીજા દેવો વગેરેથી પણ પરાજય થઇ શકે તેમ નથી, કારણ કે આ યાદવકુળને મારો આશ્રય છે. વળી હાથી, ઘોડા વગેરે વૈભવોથી આ કુળ ઉચ્છૃંખલ બની ગયું છે, માટે જેમ પવન ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન કરી વાંસની ઝાડીનો નાશ કરી શાંત થાય છે તેમ હું પણ આ યાદવકુળનો સંહાર કરવા માંહોમાંહે કલેશ ઉપજાવીને શાંતિ પામીશ અને સ્વધામમાં જઇશ.[૩૫૨]

હે રાજા, આવો નિશ્ચય કરીને એ સત્યસંકલ્પવાળા સમર્થ-વ્યાપક ભગવાન શ્રીકૃષ્ણે બ્રાહ્મણોના શાપના નિમિત્તે પોતાના કુળનો સંહાર કર્યો.[૩૫૩]

ઉપર્યુક્ત શ્લોકોમાં સ્પષ્ટ થાય છે કે યાદવોનો સંહાર દેવો કે ભૂમિ વડે પણ થઇ શકે એમ નથી. આથી ભાર સિદ્ધ થયો છે.[૩૫૪]

વળી શ્રીમદ્ વલ્લભાચાર્ય ષોડશગ્રંથના અન્તઃકરણપ્રબોધની સુબોધિનીમાં સંદર્ભ આપીને કહે છે કે સર્વવ્યાપક ભગવાન વિષ્ણુ સત્યસંકલ્પવાળા છે, એટલે ફળ આપવાના સંબંધમાં પોતે જે વિચાર કરેલો છે, તેનાથી બીજી રીતે વિચાર કરશે નહિ.

આમ કરવા, નહિ કરવા અને વિપરીત રીતે કરવા સમર્થ ભગવાન સમર્થ છે.[૩૫૫]

અહીં संजह्रे स्वकुलं विभुः નો પદ છેદ संजह्रे अस्वकुलं विभुः એવો શ્રી શુકદેવનો નિગૂઢ આશય જાણી શકાય છે.

સુબોધિની પ્રકાશમાં શ્રી પુરૂષોત્તમજીએ કહ્યું છે કે વિદ્વન્મંડનમાં "સ્વકુલમ" નો પદ છેદ "મારી માયાથી રચેલી આ" એમ ગ્રંથનો સાર છે.[૩૫૬]

લીલા વાસ્તવિક અને લૌકિક એમ બે પ્રકારની છે, તેમાં નિત્ય વાસ્તવિક લીલાનો નાશ થઇ શકે ? તેનો ઉત્તર આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે વાસ્તવિક નૈસર્ગિક-લીલા પૃથ્વી પર પ્રગટે ત્યારે ભગવાન વિનાશ કરે છે. કારણ કે ભગવાનનું એ રૂપ ત્રિલોકના સૌન્દર્યનો તિરસ્કાર કરનારું હતું, એના વડે એમણે સર્વનાં નેત્રોને પોતાના તરફ આકર્ષિત કરી લીધાં હતાં. તેમની વાણી પરમ મધુર હતી. તેણે એનું સ્મરણ કરનારાઓનું ચિત્ત પોતામાં ખેંચી લીધું હતું. તેમના સુન્દર ચરણકમળોએ તેમને જોનારાઓની અન્ય સર્વ ક્રિયાઓને દૂર કરી દીધી હતી, તે પછી ભગવાન કવિઓ સુન્દર શબ્દોમાં જેવું વર્ણન કરે છે, એવી પોતાની કીર્તિનો તેના વડે લોકો સંસારના અંધકારને સુખપૂર્વક તરી જાય એ માટે વિસ્તાર કરી સ્વધામ પધાર્યા.[૩૫૭]

શ્રીમદ્ વલ્લભાચાર્યે અહીં ભગવાન શ્રીકૃષ્ણના અન્ય રૂપના સ્વીકારનું પ્રયોજન પૃથ્વીનો ભાર ઉતારવાનું કહે છે. તે કાર્ય સમ્પન્ન થતાં બે શ્લોકોમાં મુક્તિ વિશે કહેવામાં આવ્યું છે.[૩૫૮] મુક્તિ વિદ્યા-જ્ઞાનથી થાય છે, એટલે ભગવાન જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ આચ્છાદિત કરી યશ ફેલાવીને વૈકુંઠ ગયા એમ કહ્યું છે.[૩૫૯]

શ્રી વિઠ્ઠલનાથજી ઉપર્યુક્ત બન્ને શ્લોકોમાં ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું પ્રયોજન પૂર્ણ થયું હોવાનું જણાવે છે. આથી તેઓ સર્વને અદૃશ્ય એવા લક્ષણવાળા "પદ-ધામમાં ગયા" એવું શ્લોકમાં કહ્યું છે.[૩૬૦] વળી પણ લૌકિક ભૂમિ-પાંચ ભૌતિક જગત અધિષ્ઠાનના રૂપમાં જ ઉપયોગી છે. આથી તે સ્વાભાવિક નથી.[૩૬૧] પરંતુ લૌકિકભૂમિ કરતાંય વિલક્ષણ-અસામાન્ય એવા પોતાના ધામમાં ગયા. આથી જ શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે દ્વારકામાં રહેલું યાદવકુળ "સ્વકુળ" છે, જ્યારે પ્રભાસમાં ગયેલું યાદવકુળ "અસ્વકુળ" છે.[૩૬૨]

બ્રાહ્મણનું હિત કરનાર, ઉદાર, નિત્ય વૃદ્ધની સેવા કરનાર, શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખનાર યાદવોને શાપ કેમ થયો ?[૩૬૩]

અહીં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે ભક્તિ, ધન અને સેવાની વિદ્યમાનતાથી શાપ કેમ સંભવે ? કૃષ્ણમાં મન રાખનારની

નિર્ગુણ અવસ્થા હોય છે, એટલે શાપનો પ્રભાવ પડતો નથી.[364]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ઉપર્યુક્ત શ્લોકમાં રાજાના પ્રશ્નવાક્યના બહાને નિત્યલીલામાં પ્રવેશેલાં યાદવોના સ્વરૂપનું નિરૂપણ થયું છે. આથી વ્યાસ નિત્યલીલાના યાદવોથી શાપિત યાદવો ભિન્ન હોવાનું જણાવે છે.[365]

સકલ સુન્દરતાના નિધિરૂપ શ્રીમૂર્તિને ધારણ કરતા સુન્દર મંગળ કાર્યો કરતાં ભગવાન તો આપ્તકામ હોવાથી દ્વારકામાં બિરાજતા હતા. એમને અહીં વિશેષ કર્તવ્ય ન હોવાથી પોતાના કુળનો સંહાર કરવાનો વિચાર કર્યો.[366]

અહીં શ્રીમદ્ વલ્લભાચાર્યે કહે છે કે કુળનાં સંહારની ઇચ્છા એ કંઇક દેવગુહ્ય છે. અર્થાત દેવોએ ગુપ્ત રાખી છે. આથી ભગવાન "સ્થિતકૃત્યશેષ" થયા. એટલે સંકર્ષણના-બળદેવના એકમાત્ર કાર્યના પ્રદેશમાં રહ્યાં.[367]

અહીં શ્રી શુકદેવે રાજા પરીક્ષિતના પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણે પૃથ્વી પર સ્વરૂપ અને લીલા પ્રકટ કરી, તેનું પ્રયોજન પૂર્ણ થતાં તેઓ પોતાના સહજ અને નિત્યધામમાં ગયાં. વળી તેઓ રમણ કરતાં જ "સ્થિતકૃત્યશેષ" થયાં. અર્થાત સ્થિત છે. કૃત્યશેષ-બાકીનું કામ જેમનું તે. ભવિષ્યનું જેમનું અસુરોને વ્યામોહ કરવાનું કામ શેષ છે તે

ભગવાને "કુળનો સંહાર કરવાની ઇચ્છા કરી."[368] આમ ઉપર્યુક્ત શ્લોકમાં શ્રી શુકદેવે કહ્યું છે. આથી કુળનું માયિકપણું સિદ્ધ થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણે યાદવ કુળનો સંહાર કરવાની ઇચ્છા કરી. એમાં માયિક કુળનો સંહાર કરવાની ઇચ્છા વ્યક્ત થઇ છે. આથી જેમ ભૂતનો આવેશ થાય તે ન્યાયથી દ્વારકામાં યાદવ કુળમાં પ્રવેશેલા યાદવો પ્રભાસના યાદવ કુળથી જુદાં હતાં. આ પ્રમાણે જ ભગવાન શ્રીકૃષ્ણની પોતાના કાર્યની સિદ્ધિ થાય છે.[369]

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના ૧લા અધ્યાયના ૧૦મા શ્લોકમાં વર્ણવ્યા પ્રમાણે "भुवि "પૃથ્વી પર" હોવાથી ભગવાનનું ધામ તેનાથી ભિન્ન હોવાનું જણાય છે. આમ ધામ શબ્દનો અર્થ "પૃથ્વી રૂપ ધામ" એમ કરવાનો નથી.[370]

વળી કાલાત્મા ભગવાન ત્યાં જ વસુદેવના ઘેર નિવાસ કરતાં હતા. તેમની રજા લઇ બ્રાહમણો-મુનિઓ દ્વારકા પાસે "પિંડારા" ક્ષેત્રમાં ગયા.[371]

શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુસાર અહીં ભગવાન શ્રીકૃષ્ણે મોકલેલા બ્રાહમણોનું "પિંડારા" ક્ષેત્રમાં જવું એ જ ઇચ્છાનું

પૂરક છે, તેથી તે કાર્ય સિદ્ધ થયું. વળી આવિર્ભાવ પામેલ સંકર્ષણનો અંશ બ્રાહ્મણો, યાદવો અને દેશ તથા કાળમાં પ્રવેશ્યો. એમ કહેવાથી કોઇ દોષ રહેતો નથી.[૩૭૨]

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે અહીં કાલાત્મા ભગવાને મુનિઓને આજ્ઞા આપી છે; રાસાદિ લીલા કરનાર ભગવાને નહીં. આથી તે યાદવકુળ ભિન્ન કહી શકાય.[૩૭૩]

પ્રભાસીયલીલાનું યાદવકુળ ભિન્ન છે એમ લોકો કેમ જાણી શકતાં નથી ? તેનો ઉત્તર આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે ભગવાન સ્વયં શ્રુતિમાં રહેલા વિરૂદ્ધ અર્થથી જે મોહ-અજ્ઞાન દર્શાવે છે તે અજ્ઞાન-મોહ દૂર કરવા મારું વચન નથી.[૩૭૪] અર્થાત ભગવાન અસુરોને શ્રુતિથી વિરૂદ્ધ મોહ ઉત્પન્ન કરવા પોતાનું સ્વરૂપ દર્શાવે છે. આથી અસુરોનો મોહ દૂર કરવા માટે મારું વાક્ય નથી. કારણ કે ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ ભગવદગીતામાં કહે છે કે હું વારંવાર એમને આસુરી યોનિઓમાં જ નાખું છું. (ભ.ગી. ૧૬।૧૯) અનુસાર "હું વારંવાર નાખું છુ." એ ભગવાનની ઉક્તિ છે. કારણ કે અસુરોનો મોહ નિત્ય છે. આથી તેઓ તામસી લોકોનો અસ્વીકાર કરે છે.[૩૭૫]

મોહ નિત્ય હોય તો તેને દૂર માટે પ્રયત્ન કેમ કરાય છે ? તેનો ઉત્તર આપતાં શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે તામસી

લોકોના સંગથી સાત્વિકો પણ તેવા ન થાય તે માટે આ પ્રયત્ન છે. આથી શ્રીહરિ-ભગવાન મારા પર પ્રસન્ન થાઓ.[૩૭૬] આમ સાત્વિક જનોની હૃદયભાવના શુદ્ધ રાખવા માટે જ તેમણે આ ગ્રંથરત્નની રચના કરી છે.

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જે મણિ ધાતુઓના સમુદાયને સુવર્ણ બનાવવા શક્તિશાળી છે તે પથ્થરને સુવર્ણ બનાવી શકતો નથી, તો પણ તેનો કંઇ દોષ નથી, તેમ મારો પણ દોષ નથી.[૩૭૭] અર્થાત પ્રસ્તુત ગ્રંથ સાત્વિક વૃત્તિ ધરાવનારાં લોકોમાં ભગવત્કૃપાનું સામર્થ્ય લાવે છે. પરંતુ અસુરોનો મોહ દૂર ન કરે તેમાં કોઇ જ દોષ નથી.

<u>સર્ગ વગેરે લીલા જગતની મધ્યમમાં રહેલી હોવાથી જગત નિત્ય</u> :

<u>પૂર્વપક્ષ</u> :

ભગવાનની લીલા પ્રપંચાતીત છે. અર્થાત લૌકિક જગતથી પર છે - શ્રેષ્ઠ છે. શાસ્ત્રના પ્રમાણો ભગવાનની લીલાને સત્ય સિદ્ધ કરે છે. પરંતુ જગતનો સત્ય સિદ્ધ કરતાં નથી. કારણ કે શાસ્ત્રના પ્રમાણોથી જગત માયાજન્ય સિદ્ધ થાય છે. અર્થાત જગત અસત્ય છે. શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે જે મનથી, વાણીથી, આંખથી અને કાનથી ગ્રહણ થાય છે તે માયામય છે એમ જાણ.[૩૭૮]

વેદાન્ત પરિભાષામાં પણ કહ્યું છે કે બ્રહ્મથી ભિન્ન સમ્પૂર્ણ જગત મિથ્યા સિદ્ધ થાય છે.[379] જેમ છીપમાં ચાંદી.

ઉત્તરપક્ષ :

શ્રી વિઠ્ઠલનાથજી કહે છે કે જગતનો પણ સર્ગાદિ લીલામાં સમાવેશ થાય છે, તેનું શ્રીમદ ભાગવતમાં નિરૂપણ થયું છે. પહેલાં ઉપાધિયુક્ત કર્તૃત્વના નિરાકરણમાં "જગતની અપ્રતીતિ થાય" નું નિરૂપણ થયું છે. આથી જગતની સત્તા જ નિરૂપિત થઇ છે. જગત બ્રહ્માત્મક હોવાનું શ્રીમદ્ ભાગવતમાં પણ નિરૂપિત થયું છે. પહેલાં આ જગત વિષ્ણુની માયામાં લીન થઇ કેવળ બ્રહ્મરૂપે જ રહ્યું હતું. વળી આ જગત જેવું હમણાં છે તેવું જ પહેલાં પણ હતું અને પછી પણ હશે.[380]

વિષ્ણુપુરાણમાં પણ જગતને નિત્ય અને અક્ષય કહ્યું છે. આથી જગતનો આવિર્ભાવતિરોભાવ જ થાય છે. ઉત્પત્તિ અને નાશ નહીં. જગતની સત્તાનું નિરૂપણ શ્રીમદ વલ્લભાચાર્યે અણુભાષ્ય અને સુબોધિનીમાં પણ કર્યું છે. સિદ્ધાન્તમુક્તાવલીમાં પણ કહ્યું છે કે તે જ અક્ષરબ્રહ્મ આ જગતરૂપ થાય છે, એમ શ્રુતિનો મત છે.[381]

જગતના છ ભાવવિકારોનું આવિર્ભાવતિરોભાવથી સમર્થન થાય છે. अस्ति ની પ્રતીતિ આવિર્ભાવ સાથે જોડાયેલી

છે. આથી તે બ્રહ્માત્મક છે. "जायते" ની પ્રતીતિ શુદ્ધ-પ્રાદુર્ભાવ વિષયક છે. विपरिणमते - પરિણામ પામે છે, वर्धते વધે છે- क्षीयते - ક્ષય પામે છે. આ ત્રણ પૂર્વરૂપનો તિરોભાવ અને અન્યરૂપનો આવિર્ભાવ થાય છે.[૩૮૨] नश्यति ની પ્રતીતિ તિરોભાવથી થાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યે અણુભાષ્યમાં કહે છે કે "जन्मादि".... માં જન્મથી માંડીને બધા ભાવવિકારો आदि શબ્દથી સ્વીકારાય છે.[૩૮૩] વાર્ષ્યાયણિના મત પ્રમાણે છ ભાવવિકારો ભિન્ન હોવા છતાં પ્રત્યેક અવસ્થાઓમાં બધી અવસ્થાઓનો અન્તર્ભાવ થાય છે. અર્થાત "જન્મ" પહેલાની -જન્મ ક્રિયાનો બોધ થાય છે. પછીની ક્રિયા -"અસ્તિ" નો નહીં. પછી તેનો કોઇ વિરોધ નથી.[૩૮૪]

જગત આવિર્ભાવ અને તિરોભાવથી યુક્ત બ્રહ્મનું સ્વરૂપ છે. છતાં બ્રહ્મની જગતમાં પ્રતીતિ થતી નથી. પરંતુ અપ્રતીતિ થાય છે. કારણ કે જીવને સંસાર તથા ભ્રમ ઉત્પન્ન થાય છે. આથી જગત સત્ય છે. પરંતુ સંસાર મિથ્યા છે. એમ માનવાથી જ બ્રહ્મની પ્રતીતિ વિષયક અવરોધ દૂર થાય છે.

જગત બ્રહ્મથી ભિન્ન કે અભિન્ન હોય, પરંતુ નૃસિંહોત્તર તાપનીયોપનિષદ્ના છઠ્ઠા ખંડમાં કહ્યું છે કે "સ્વપ્રકાશ આનન્દઘન શૂન્ય થયું" વળી ગૌડપાદાચાર્યે "વિશેષશૂન્ય" એમ

કહ્યું છે. આથી બ્રહ્મ નિર્વિશેષ છે. આમ હોય તો લીલા સત્ય કેમ હોઇ શકે ? વળી नृहि નૃસિંહોત્તરતાપનીયોપનિષદ્‌ના ૯મા ખંડમાં "માયા અનુભૂતિથી તમોરૂપ છે" અનુસાર જગત તુચ્છ અને માયિક છે. તો તે બ્રહ્માત્મક કેવી રીતે હોઇ શકે !

ઉપર્યુક્ત પ્રશ્નોના ઉત્તરમાં શ્રી વિઠ્ઠલનાથજી "મહોપનિષદ્" (પ્રસ્તુત ગ્રન્થસ્થ પાઠ પ્રાપ્ય નથી) નું પ્રમાણ આપે છે. આ જ શૂન્ય છે, આ જ તુચ્છ છે, આ જ અભાવ છે. આ જ અવ્યક્ત, અદૃશ્ય, અવ્યક્ત અને નિર્ગુણ છે.[३८५]

મહાકૂર્મપુરાણમાં પણ કહ્યું છે કે પોતે પર અદૃશ્ય રહી, વિષ્ણુ સુખ- "शम्" ઓછું- "ऊनम्" કરે છે, તેથી શૂન્ય કહેવાય છે અને તોદન-દુ:ખથી તુચ્છ કહેવાય છે.

પુરૂષોત્તમની આ કોઇએ ભાવના-ઉત્પત્તિ કરવા યોગ્ય નથી. આથી તેને અભાવ કહે છે અને નાશ હોવાથી નાશ પણ કહે છે. અર્થાત णश् अदर्शने ધાતુનો અદૃશ્ય એવો લાક્ષણિક અર્થ નીકળે છે.

સર્વ બ્રહ્મને અધીન છે, તેથી તે-તે શબ્દો અભિધેય કહેવાય છે. વ્યવહારનું આચરણ કરનારાં વ્યવહાર માટે અન્ય શબ્દોની અભિધેયતા ઇચ્છે છે.

આમ બ્રહ્મ ભાવરૂપ છે, જ્યારે જગત ભાવાભાવરૂપ છે, એટલે બ્રહ્માત્મક નથી એવી શંકાનું નિરાકરણ થાય છે.

જે લોકો જગતને અસત્ માને છે, તેઓ જગતમાં રહેલી ભગવાનની મૂર્તિ, તેમનું ભજન વગેરે સહન કરી શકતાં નથી. આવાં જ લોકો કલિયુગમાં ભગવાનની ઇચ્છાથી જ ભજન વગેરેનો વિરોધ કરે છે.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે દેવોના શત્રુઓ વૈદિક-માર્ગમાં નિષ્ઠા રાખી જેનો વેગ જણાતો નથી એવી મયદાનવ પાસે નગરીઓ કરાવી લોકોને મારવા લાગ્યા. તેઓની બુદ્ધિમાં મોહ કરાવે તેવો અને અતિ લોભ ઉત્પન્ન કરાવે તેવો પાખંડ વેષ કરી પાખંડ ધર્મનો ઉપદેશ કર્યો. અહીં સુબોધિનીમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે બુદ્ધના વેષમાં "હું સર્વજ્ઞ છું" એમ પોતાને કહેવડાવીને લોકોના હૃદયની વાતો કહી તેમના મનમાં વિશ્વાસ ઉત્પન્ન કર્યો અને વેદથી વિરૂદ્ધ ઉપદેશ આપીને બુદ્ધિને મોહિત કરી દીધી. આમ વેદવિરૂદ્ધ મતનો પ્રચાર થવાથી ભાગવતધર્મની હાનિ થઇ.

શ્રી વિઠ્ઠલનાથજી વિદ્વન્મંડન ગ્રંથના ઉપસંહારમાં કહે છે કે મેં શ્રુતિથી સિદ્ધ પદ્ધતિ દ્વારા બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન કહ્યું છે. આથી બ્રહ્મની પ્રાપ્તિ માટે સર્વ જનો એનું ભજન કરો. આમ ભજનથી ભગવત્પ્રાપ્તિનો પરિચય કરાવવામાં આવ્યો છે.

ઉપસંહારના અન્ય શ્લોકોમાં શ્રી વિઠ્ઠલનાથજીએ વેદ-નિષ્ઠા વ્યાસનિષ્ઠા, કૃષ્ણનિષ્ઠા અને પિતૃનિષ્ઠાનો સુભગ સમન્વય સાધ્યો છે. પ્રત્યેક શ્લોકમાં તેમની ઉજ્જવળ આત્મ-ભાવના અને અનન્યનિષ્ઠાના દર્શન થાય છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનનું ગ્રથન-રચના શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તના મંડન માટે કર્યું છે. આમ સમ્પૂર્ણ ગ્રંથમાં વૈદિક ધર્મ પ્રત્યેની પૂર્ણ આદરભાવના અને પોતાના પિતાશ્રી શ્રીમદ્ વલ્લભાચાર્યના સિદ્ધાંતોનું સમર્થન થયેલું જોઇ શકાય છે.

## સમીક્ષાત્મક નોંધ

લીલાની નિત્યતા એ વિદ્વન્મંડનનું અત્યન્ત ભાવપૂર્ણ અને ભક્તિપૂર્ણ વિસ્તૃત નિરૂપણ છે. શ્રી વિઠ્ઠલનાથજીએ લીલાની નિત્યતાના પ્રસંગોનું વિશદ નિરૂપણ આપીને પોતાનું ભાવપૂર્ણ હૃદય પ્રકટ કર્યું છે, એટલું જ નહિ. પુષ્ટિમાર્ગીય પરંપરાનુસાર લીલાની સદાત્મકતા સિદ્ધ કરી છે. ભગવાન શ્રી કૃષ્ણની બાલ-લીલા સહિતની સર્વ લીલાઓ ભક્તના હૃદયની નિત્ય સેવા છે. કારણ કે લીલાનાં દર્શન એ જ ભક્તનું જ લક્ષણ છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ ઋગ્વેદના મંત્રોનું નિરૂપણ કરીને ભગવાનની નિત્ય લીલા, ધામ અને કર્મોનું સરસ આલેખન કર્યું છે. લીલાની નિત્યતાના નિરૂપણમાં શ્રી વિઠ્ઠલનાથજીએ નીચેના વિચારોને પ્રાધાન્ય આપ્યું છે.

૧. લીલાની નિત્યતા સિદ્ધ કરવા શ્રીમદ ભાગવત સુબોધિનીનાં વિચારોને મુખ્ય સ્થાન આપ્યું છે.
૨. લીલાની નિત્યતા સિદ્ધ કરવા પુરાણાન્તરનો પણ આધાર લીધો છે. જેમાં બ્રહ્મપુરાણ, બ્રહ્માંડપુરાણ વગેરેનો સમાવેશ થાય છે.
3. ઋગ્વેદ અને તૈત્તિરીય સંહિતાના મંત્રોમાં નિરૂપિત વસ્તુને લીલાની નિત્યતાના સંદર્ભમાં સમજાવવાની બુદ્ધિ-પ્રતિભા જોઇ શકાય છે.
૪. લીલાના નિરૂપણમાં તર્કોનો આધાર પણ વધારે રમણીય લાગે છે. દૃષ્ટાંતો પણ ઔચિત્યપૂર્ણ છે.

૫. શ્રીમદ ભાગવતના શ્લોકો તથા બૃહદવામનપુરાણના
શ્લોકો દ્વારા લીલાની નિત્યતા સિદ્ધ થઇ છે.

આમ લીલાની નિત્યતાનું સવિસ્તર નિરૂપણ શ્રી વિઠ્ઠલનાથજીના "ભક્તહૃદય" તરીકેના વ્યક્તિત્વનું દર્શન કરાવે છે. લીલા સ્થૂળરૂપે નહિ, પરંતુ સૂક્ષ્મરૂપે ભક્તોના હૃદયમાં નિત્ય વિદ્યમાન છે. લીલાના નિત્યપણામાં જ તેનું માહાત્મ્ય અને અલૌકિકતા જોઇ શકાય છે.

વિદ્વન્મંડનના પ્રથમથી અંતિમ ચરણ સુધી બ્રહ્મની એકમાત્ર સત્તાનું જ અવિચ્છિન્ન વર્ણન છે. પરંતુ બ્રહ્મની સાથે અન્ય વિષયોનું નિરૂપણ કરીને શ્રી વિઠ્ઠલનાથજીએ શુદ્ધાદ્વૈત સિદ્ધાંત અને પુષ્ટિમાર્ગીય ભાવનાનો સુભગ સમન્વય કર્યો છે. તત્વજ્ઞાન અને ભગવદભક્તિનો સમન્વય સાધવાનો પુરૂષાર્થ સફળ થયેલો જોઇ શકાય છે.

## पाद टीप

1. अ.को., पृ. 83, 1/7/31 : लीला केलिर्विलासश्च शृङ्गारभावज
नाक्रिया ।

2. तत्रैव, 3/3/119 : लीला विलासक्रिययोः ।

3. सुबो., 3/7/9 : लीला नाम विलासेच्छा । कार्यव्यतिरेकेण
कृतिमात्रम् । न तया कृत्या बहिः कार्यं जन्यते ।
जनितमपि कार्यं नाभिप्रेतम् नापि कर्तरि प्रयासं
जनयति किन्तु अन्तःकरणे पूर्णे आनन्दे तदुल्लासेन
कार्यजननसदृशी क्रिया काचिदुत्पद्यते ।

9. भागव., 10/90/48 : जयति जननिवासो देवकीजन्मवादो
यदुवरपरिषत्स्वैर्दोर्भिरस्यन्नधर्मम् ।
स्थिरचरवृजिनघ्नः सुस्मितश्रीमुखेन
व्रजपुरवनितानां वर्धयन् कामदेवम् ।।

10 सुबो., 10/41/48 : स कृष्णो भगवानिदानीमपि तत्सम्बन्धि-
जनेषु सर्वेष्वेव जयति सर्वोत्कर्षेण वर्तते ।

4. पु.स., 1/9 :... नित्यलीलाविनोदकृत् ।

5. तत्रैव, 10/150 :... लीलानन्तनिरोधकृत् ।

2

6. ब्र.सू., 2/1/32 : न प्रयोजनवत्त्वात् ।

7. अ.भा., 2/1/33 : लोकवल्लभा नहि लीलायां किंचित्प्रयोजन-
मस्ति । लीलाया एव प्रयोजनत्वात् ... सा
लीला कैवल्यं मोक्ष ।

8. त.दी.नि., 3/1/3 : आनन्दस्य हरेर्लीला ।
(पृ.) आनन्दस्य लीलाप्यानन्दरूपा । हरेश्च लीला
सर्वदुःखहर्त्री ।

11 सु.सू., पृ. 279 :..लीलानित्यत्वमपि धर्मविचारेण सिद्धमिति-
तन्नित्यतानिरूपणप्रतिज्ञा नात्यावश्यकी... ।

12 वि.मं., पृ. 279 : गिरिकाननयमुनापुलिनपशुपक्षीमनुजादि-
सम्बन्धिनी हि लीला ।

13 सु.सू., पृ. 279 : लीला नामानायासेन क्रियमाणं कर्म ।

14 वि.मं., पृ. 280 : तन्नित्यता च प्रमाणादेवासीयत इति ।

15 भाग., 10/90/48 : जयति जननिवासो देवकीजन्मवादो
यदुपरपरिवत्स्वैर्दोर्भिरस्यन्नधर्मम् ।
स्थिरचरवृजिनघ्नः सुस्मितश्रीमुखेन-
व्रजपुरवनितानां वर्धयन् कामदेवम् ।।

16 वि.मं., पृ. 280-281 : भिन्नकालीनानामपि द्वारकागोकुलमथुरा-
धिकरणकलीलानां कर्तुर्भगवत उत्कर्षेण स्थितेः ।

17 तत्रैव, पृ. 281 :.. तत्र तत्र लीलानामपि तथात्वं बोधयितु-
मेककालीनत्ववाचकशतृप्रत्ययान्तपदे प्रयुक्तवान्
अस्यन्निति, पर्द्यन्निति च ।।

18 तत्रैव, पृ. 281, तच्च नियततायामेव घटते, नान्यथा ।

19 तत्रैव, पृ. 281 : तत्र लीलानामेव वर्तमानत्वं मुख्यतया
भिप्रेमभिमित्वध्यवसीयते ।

20 वि.मं., पृ. 282 : न च विशेषणत्वेना मुख्यत्वमिति वाच्यम् ।

21 आ.गृ.सू. 1/1/4 :
वा.गृ.सू. 2/1 :
दंडी प्रैषानन्वा ह ।

22 श.ब्रा., 3/8/22 : लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्ति ।"

23 भा. द., भा. 2, पृ. 415

24 न्या. को., पृ. 60 : यागादिजन्यः स्वर्गादिजनकः कश्चन
गुणविशेषः ।

25 वि.मं., पृ. 283 : विशेषणस्यैव दण्डित्वस्य लोहितोष्णीव-
त्वस्य च, अपूर्वत्वात् । तथा भगवतो वर्तमानत्वे
सन्देहाभावात्तत्तल्लीलाकरणस्यैववर्तमानत्वस्यात्रापि
निरूपणात् ।

26 पा. सू., 3/3/131 : वर्तमानसमीप्ये वर्तमानवद्वा ।

27 सु०सू०, पृ. 283 : सामीप्ये तथा प्रयोगस्य साधुत्वं, मुख्यापेक्षया गौणत्वं च ।

28 तत्रैव, पृ. 283 : मुख्यासम्भव एव तदर्थप्रयोगादरणमुचितं, न तु तत्संभवे प्रीति ।

29 वि.मं., पृ. 283 : तदबाधप्रकारश्चाग्रे पक्ष्यते ।

30 सुबो., 10/8/16. :...सर्वदा भवति चकारान्नामरूप- योश्च क्रियायाश्च नित्यत्वं प्रतिपादयति सन्तीति... ।

31 तत्रैव., 10/8/16 : अन्यथा क्रियायां निवृत्तायां तन्नामन स्यात् पाचकपाठकवत् ।

32 तत्रैव, 10/8/16 : ..क्वचित् गुणयोगात् प्रवृत्तरूपे नामावश्यक- त्वाद् गवादिना ।

33 तत्रैव, 10/8/16 : क्रियानामभ्यां सहितो गोवर्द्धनोद्धरणरूपः सर्वदा वर्तते यापि प्रतिकृत्यनुभवो भक्तान्तम्...

34 तत्रैव, 10/8/16 : गुणानामौदार्यादीनां कर्मणां कालियदमनादीनां चालौकिकानां नामान्यलौकिकानि भवन्तीति ।

35 सुबो., 10/8/16 : यतो जनाजननादिभावधर्मयुक्ताः क्लिष्टा इत्यर्थः ।

36 तत्रैव, 10/8/16 : विचारस्तु क्रियायामनित्यतायां रूपे- वा कालादिपरिणामेन प्रतिक्षणमन्यभावे... ।

37 तत्रैव, 10/8/16 : तत्सम्बन्धेन प्राप्तं नामान्यदान्यस्मिन् वा सम्बन्धरहितत्वाद् वाचकमेव न भवेत् । ततो निरर्थकानि नामानि न फलन्ति ।

38 तत्रैव, 10/8/16 : अतः स्वल्पाज्ञानेन केवलमुच्चारितानि रूपसम्बन्धाभावात् स्वतोऽप्यलौकिकत्वाज्ञाना-नीमुन्युच्चारणे दोहाभाववद् भगवन्नामो-च्चारणेऽपि न प्रपञ्चनिवृत्तिः...

39 तत्रैव, 10/8/16 :...लोकन्यायेनोच्चारयितरि फलभावे-दोषसम्बन्धे वा न काप्यनुपपत्तिः ।

40 सुबो., 10/8/16 :... चित्तशुद्ध्यनिश्चयो नाम्ना भवति ।

41 तत्रैव, 10/8/16 : कालादीनां तु नामाहात्म्यज्ञानादु-क्वारयितुः परित्यागः... ।

42 तत्रैव, 10/8/16 : लौकिकस्यापि प्रवर्तनापरत्वेन मोक्ष-दातृत्वमित्यजामिलोपाख्यानस्यापि न वैयर्थ्यम् ।

43 तत्रैव, 10/8/16 : अनेनानानन्तान्येव नामान्युक्तान्युपास्य-रूपाणि चान्तःकरणबोधकानि, तदवस्थां भगवद्रूपस्य स्मृत्या तन्नाम ग्राह्यमिति, अन्यथा नामप्रसङ्गे रूपकथनं व्यर्थं स्यात् ।

6

44 भाग. 10/8/15 : बहूनि सन्ति नामानि रूपाणि च सुतस्य ते ।
गुणकर्मानुरूपाणि तान्यहं वेद नो जनाः ।

45 वि.मं.पू. 284 : अत्र हि नामां रूपाणां च बहूनामेवसन्तीति
प्रयोगेण वर्तमानत्वं बोध्यते ।

46 तत्रैव, पृ. 284 : ..गुणनामोदायादीनां कर्मणां कालियदमना-
दीनामनुरूपाणां तेषां तथात्वं बोध्यते ।

47 तत्रैव, पृ. 284 : अनुरूपत्वं तु तत्समययोग्याकारक्रियादिमत्त्वम् ।

48 ह.तो., पृ. 284-285 : गुणकर्मसमये योग्यो च आकार आकृति
पूतनावधे बालाकृतिरूपा, तत्र या क्रिया
स्तनपानरूपा ।

49 तत्रैव, पृ. 285 : इदं च क्रियानुरूपनाम्नायुदाहरणम् ।

50 वि.मं., पृ. 285 : तथाचैतादृशानां नाम्नां वर्तमानत्वं तदैव
स्यात्, यदि तत्प्रयोजकस्वरूपक्रियादीनां
वर्तमानत्वं स्यात् ।

51 ह.तो., पृ. 285 : लीलाया नित्यत्वं विना वर्तमानत्वं न
स्यादितिभावः ।

52 वि.म. पृ. 288 : अन्यथा कदाचित्क्रियानिवृत्तौ तत्प्रयुक्तं
तन्नामापि न स्यात् । पाचकपाठकवत् ।

53 तत्रैव, पृ. 286 : यथालोके पाकानुकूलक्रियासाहित्यदशायामपि पाचकमाकारयेदित्यादिप्रयोग: ।...

54 तत्रैव, पृ. 286 : गुणकर्मरसाहित्यदशायामण्डपचारात् प्रयोगसंभवेन ।

55 वि.मं., पृ. 287 : औपचारिके प्रयोगे नामत्वाभावात् ।

56 का.प्र. 2/8 : स मुख्यो र्थस्तत्र मुख्यो व्यापारो स्याभिधोच्यते ।

57 वि.मं., पृ. 287 : केवलनरे प्यशूरे पि च तथा प्रयोनात् ।

58 तत्रैव, पृ. 287 : अत एव लौकिकपुरूषे प्रयुक्तानि श्रीकृष्णेत्यादीनि नामानि न भगवन्नामानि ।

59 तत्रैव, पृ. 287 : तेषां सदानन्दस्वरूपत्वाद्यर्थवाचकत्वेन लौकिकपुरूषे च तदभावेन... ।

60 तत्रैव, पृ. 287 : भगवन्नामानि त्वखण्डशब्दब्रह्मरूपाणि ।

61 वि.मं., पृ. 288 : "गुणकर्मानुरूपाणी" ति वचनात्... ।

62 तत्रैव, पृ. 288 : तस्य त्रैकालिकबाधविषयत्वात् ।

63 तत्रैव, पृ. 288 : स्वरूपवत्कर्मणामपि प्रादुर्भावेन तदनुरूपनाम्नामपि प्रादुर्भाव एव परं, न तूत्पत्तिः ।

64 तत्रैव, पृ. 288 :...पूतनास्तनपय: पानानन्तरं... बीजन्यास कुर्वत्यो व्रजपरवधय... ।

65 भाग., 10/6/25 : क्रीडन्तं पातु गोविन्दः ।

66 तत्रैव, 10/21/10 : गोविन्दवेणुमनु मत्तमयूरनृत्यम्... ।

67 तत्रैव, 10/27/23 : अभ्यषिच्यंत दाशार्हं गोविन्द इति चाभ्यधात् ।

68 ह.तो., पृ. 289 : एतादृशं व्रजे पूतनावधानन्तरं नीतमिति नाम्नो नित्यता मन्तव्येत्यर्थः ।

69 तत्रैव, पृ. 289 : यदि नामानि नित्यानि न स्युः, तदा-नाममत्रादुर्भावपूर्वकालीनगोपीकृतगानविषयाणि न स्युः वर्तन्ते तु गानविषयाणि तस्मान्नित्यानीति यथा व पर्वतो यदि बह्निमान्न स्यात्तर्हि धूम-वावान्नस्यात् ; वर्तते तु धूमवान् तस्माद्बह्नि-मानिति ।

70 वि.मं., पृ. 289 : यत्कर्मविशिष्टस्य सस्य रूपस्य यन्नाम तत्कर्मविशिष्टं तद्रूपं नित्यमेव... ।

71 वि.मं., पृ. 289 : लोके पर तेषां भक्तानां तत्तद्रसानुभवार्थं क्रमेणाविर्भावः कस्याप्यंशस्य, कस्यचिदाच्छा-दनमित्येवम्... ।

72 तत्रैव, पृ. 290 : भगवान् गोवर्द्धनमुद्धरन् सर्वदा वर्तत् इति गोवर्द्धनो-द्धरणधीरे इति क्रियानामभ्यां सहितो गोवर्द्धनो-द्धरणरूपः सदा वर्तते इति ।

73 तत्रैव, पृ. 290 : अत एवाद्यापि भक्ताना तथा नुभवः क्वचित् ।

74 म.भा., 12/221/27 :

योन्यथा सन्तमात्मानमन्यथा प्रतिपद्यते ।

किं तेन न कृतं पापं चौरेणात्मापहारिणा ।।

75 वि.मं., पृ. 291 : दृश्यते च तथा भजने प्रसादः ।

76 तत्रैव, 291 : एवं सति स्मे नामावश्यकत्वेन तत्कर्मानुरूपनामानि नित्यमेवेति ।

77 वि.मं., पृ. 291 :...तत्र यथा नौपचारिकसत्त्वशङ्का, तथा नाम्न्यपीति... ।

78 तत्रैव, पृ. 291 : गुणकर्मणामपि नित्यत्वप्रतिपादनायैव- "गुणकर्मानुरूपाणी" त्यप्युक्तामिति ज्ञायते ।

79 भागवत, 10/8/10 : कुरू द्विजातिसंस्कारम् ।

80 वि.मं. पृ. 292 : मदुक्तान्यपि नामधेयानि न मया कृतानि, किन्तु पूर्वसिद्धान्येवा मयानूद्यन्ते ।

81 तत्रैव, पृ. 292 : ...इति समभिव्याहारवशान्नन्दसुतत्वम- प्यनादीति ज्ञेयम् ।

82 तत्रैव, पृ. 292 : ..नन्दस्यापीवानी मम पुत्रो जात इति ज्ञानमप्यनादीति ज्ञेयम् ।

83 वि.मं., पृ. 292 : गर्गस्यापि नामकरणलीलामध्यपातित्वेन-
तदागमनवचनादीनामपि नित्यत्वेनानादित्यमैव ।

84 तत्रैव, पृ. 292 : पूर्वसिद्धाया एव लीलाया भगवदिच्छया-
क्रमेणाविर्भावः ।

84 ई.उ., 5, : "तदेजति तन्नैजति तद् दूरे तद्वन्तिके ।

85 वि.मं., पृ. 293 : येन रूपेणैजति तस्य रूपस्य तस्यैजनस्य च
नित्यत्वेन तत्तथा ।

86 तत्रैव, पृ. 293 : यच्च रूपं स्थिरं, तस्य रूपस्य तस्य स्थैर्यस्य च
नित्यत्वेन नैजयति ।

87 तत्रैव, पृ. 293 : यत एकत्वपरिहारायैव पुनः पुनर्ब्रह्मवाचकतच्छब्दस्या
वृत्तिमाह पूर्वतच्छब्दस्यैव सर्वत्र सम्बन्धार्हत्वे पि ।

88 अ.भा., 4/2/15 : उक्तानि वस्तूनि परे प्रकृतिकालाद्यतीते-
वैकुण्ठादप्युत्कृष्टे श्रीगोकुल एव सन्तीति शेषः ।

89 ऋ.सं. 1/124/6 : ता वां वास्तून्युश्मसि गमध्यै यत्र गावो
यजु. 6/3 भूरिशृङ्गा अयासः । अत्राह तदुरुगायस्य-
नि. 2/7 वृष्णः परमं पदमवभाति भूरि ।
तै.सं. 1/3/6/9

90 अ.भा., 4/2/15 : अत एव तदादिभक्तेषु कामान् वर्षतीति वृषा
परमं प्रकृतिकालयतीतं पदं स्थानं भगवतो वैकुंठं
भवति तत्रैतादृशलीलाभावेन तस्मादपि परममुत्कृष्टम ।
अत्र भूमावभाति प्रकाशत इत्यर्थः ।

91 अ.भा., 4/2/15 : तथापि स्वदृग्गोचरो न भवतीति स्वेदेनात्राहेत्याह श्रुतिः ।

92 तत्रैव, 4/2/15 : उरु गीयते परं सर्वत्र कामवर्षणं भक्तेष्वत्रैवेति तात्पर्येण वा विशेषणद्वयमुक्तम् ।

93 तत्रैव, 4/2/15 : यमुनापुलिनतदुपवनानिकुञ्जगह्वरप्रदेशा-विलासान्वयात्मकत्वेन भूरि बहुरूपम् ।

94 तत्रैव, 4/2/15 : ते पदार्था इति वक्तव्ये सति तानीत्युक्तिर्या सा विषयवाक्यानुरोधादिति ज्ञेयम् ।

95 तत्रैव, 4/2/15 : पुरुषोत्तमसंबन्धयर्थानां तत्प्राकट्यस्थाने एव प्राकट्यं युक्तमिति हि शब्देनाह ।

96 ऋ.सं., 1/154/6 : ता वां वास्तून्युश्मसि गमध्यै यत्र गावो-भूरिशृङ्गा अयासः । अत्राह तदुरुगायस्य वृष्णः परमं पदमवभाति भूरि ।

97 वि.मं., पृ. 293 : वां युवयोः कृष्णरामयोर्गोपीमाधवयोर्वा ।

98 तत्रैव, पृ. 298 : तल्लोकेवदप्रसिद्धयुरुगायस्योरुकीर्तेर्भगवतो वृष्णः, कामान् वर्षतीति वृषा, तस्य गोपिकासु कामवर्षकस्य..

99 तत्रैव, पृ. 294 : तत्स्थानसम्बलीनि वास्तूनि प्रसादत्वेन प्राप्तुं कामयावहे ।

12

100 नि., 2/2 : भूरि इति बहुनो नामधेयम् ।

101 वि.मं., पृ. 214 : भूधातोराप्त्यर्थत्वे व्यापकमिति वा ।
तथा च परमत्वेन भगवत्स्थानत्वेन भूरित्वेन
च नित्यमत्वमेव गोकुलस्यायाति ।

102 T.N.V.S. 1/154/6 : Sayana understands वाम् for
T the sactificer and his wife.

103 क.उ., 1/2/15 : सर्वे वेशा यत्पदमामनन्ति ।

104 वि.मं., पृ. 294 : एवं च श्री गोकुलसम्बन्धिवस्तुप्राप्त्या
मुक्त्यपेक्षया धिकं फलं भवतीति भावः ।

105 तै.सं., 1/3/6/1 : ते ते धामान्युश्मसि गमध्यै गावो यत्र भूरिशृङ्गा
अयासः । अत्राह तदुरुगायस्य विष्णोः परमं पदमवभार्-
ति भूरेः

106 ब्र.सू., 3/4/39 : तद्भूतस्य तु नातद्भावो जैमिनिरपि नियमात-
द्रूपाभावेभ्यः ।

107 मुं.उ., 3/2/3 : यमेवैष वृणुते .... ।

108 अ.भा., 3/4/39 : फलं हि साधनादुत्तमं भवति ।

109 भाग., 6/6/17 : तयैव पुरुषा निर्वृत्या ह्यपवर्गमात्यन्तिके परम-
पुरुषार्थमपि स्वयमासादितं नो एवाद्रियन्ते
भगवदीयत्वनैव परिसमाप्तसर्वार्थाः ।

110 वि.मं., पृ. 296 : भूरेः बहुरूपस्य । रासोत्सवादिषु तथा-
प्रकटत्वात् ।

111 तत्रैव, पृ. 296 : अत्र स्वयं नित्या वेदः अवभानीति वदन्
स्वभानविषयस्य गोकुलस्यापि नित्यत्वमेवाह ।

112 तत्रैव, पृ. 296 : अवभानपक्षे पि वर्तमानप्रयोगेण विषयस्यापि
वर्तमानत्वमेवायाति ।

113 ऋ.सं. 1/22/19 : विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे ।
तै.सं. 1/3/6/2 : इन्द्रस्य युज्यः सखा ।

114 तत्रैव, 1/22/20 : तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः
1/3/6/2 : दिवीव चक्षुराततम् ।

115 अ.भा., 3/4/39 : तथा च भक्तानां सार्वदिकदर्शनं नियम्यते
सदितिपदेन ।

116 तै.सं. 1/3/6/1 : "यत्र भूरिशृङ्गा आयासः । अत्राह तदुरु-
गायस्य विष्णोः परमं पदम् ।

117 तत्रैव, 1/3/6/2 : विष्णोः कर्माणि पश्यत ।

118 तत्रैव, 1/3/6/2 : तद्विष्णोः परमं पदम् ।

119 तत्रैव, 1/3/6/2 : सदा पश्यन्ति सूरयः ।

120 वि.मं., पृ. 197 : सूरयो विद्वांसः । तत्त्वं च शब्दब्रह्मपरब्रह्मवित्त्वम्

121 भ.गी., 18/55 : भक्त्या मामभिजानाति ।

122 भाग., 11/14/21 : भक्त्या हमेकया ग्राह्य: ।

123 वि.मं., पृ. 297 : तेन सूरिपदेन भक्ता उच्यन्ते ।

124 तत्रैव, पृ. 297 : "अत्राह तदुरूनार्यस्ये"ति सूरय: सदा पश्यन्ती"ति
वाक्यैकवाक्यतायां भूमौ तत्परमं पदं भक्ता एव पश्यन्तीत्यर्थ:
संपद्येते ।

125 ह.तो., पृ. 297 : उद्भूतरूपं लौकिकदर्शने प्रयोजकम् ।

126 तै.सं., 1/3/6/2 : सदा पश्यन्ति सूरय: ।

127 सु.सू., पृ. 297 : यथा महदुद्भूतरूपमपि यत्र तत्र भ्रमन्निकट-
वर्त्यपि तत्रत्यं वस्तु तान्ये पश्यन्ति, किन्तु
तत्रत्या एव पश्यन्ति, तथा गोकुलमपि साधारण
जनचक्षुरगोचरं, भक्तानां तु गोचरमित्यर्थ: ।

128 तै.सं., 1/3/6/2 : दिवीव चक्षुराततम् ।

129 ह.तो., पृ. 297 : स्वर्गस्थानां जीवानां चक्षुर्यथा सुखसाधन पदार्थं
पश्यति, तथा भक्तानां चक्षु: काननकालिन्द्या-
दिकं पश्यति, नान्येयामिति भाव: ।

130 वि.मं., पृ. 297 : तल्लीलामध्यपातिनामेव तद्दृश्यमिति ।
अ.भा. 4/4/16 :

131 वि.मं., पृ. 198 : ...पूर्वमित एव स्वर्गस्थपदार्थदर्शना-
भावे पि योगधारणया दूरगृहणाख्यसिद्धि-
संपत्तौ ।

15 132 तत्रैव, पृ. 298 : योगिनश्चक्षुराततं सर्वतो व्याप्तं सर्वग्रहण-
समर्थम् ।

133 तत्रैव, पृ. 298 : तथैतस्यापि पूर्ववदृश्यत्वे पि तादृशं भगवद-
नुग्रहेण तादृग् भक्तिलाभे सति तदधिकारः संपन्नः ।

134 सु.सू., पृ. 198 : आवरणं भङ्क्त्वा प्रकटी भवति ।

135 ह.तो., पृ. 298-299 : अत्र दिवीव चक्षुराततमिति वाक्यं दिवीत ।
चक्षुरित आततं चक्षुरिवेति दृष्टान्तत्रयमित्यर्थः ।

136 वि.मं. पृ. 298-299 : लोकरूपत्वेनेतरन्यायेन दुःखस्यापि तत्र
संभवात्.... ।

137 तत्रैव, पृ. 299 : भगवल्लीलायाश्चानन्दरूपत्वात्कथमेतस्या-
नन्दैकरूपत्वम् ।

138 तत्रैव, पृ. 299 : यथा न्यलोके दुःखसंभिन्नसुखरूपत्वे पि-
स्वर्गे दुःखासंभिन्नसुखरूपत्वं, तथा गोकुल-
आनन्दैकरूपत्वमित्यर्थः ।

139 गं.भ., पृ. 299 : परमो लोको दुःखसंभिन्नः, लोकत्वान्नर
लोकवदिति प्रयोगेणेत्यर्थः । "यन्नदुःखेन संभिन्न-
मिति स्वर्गलक्षणात् । तथा च परमो लोकः केवल-
सुखरूपः परमत्वात् ।
स्वर्गलोकवदिति सत्प्रतिपक्ष इत्यर्थः ।

140 ह. तो. पृ. 299 : स्वप्ने यथा सुखं, तथा गोकुल आनन्द इत्यर्थः ।

141 वि. मं., पृ. 299 : यथा चक्षुरेव रूपं गृह्याति, न श्रोत्रादिकम् ।

142 तत्रैव, पृ. 299 : इन्द्रियत्वाविशेषेऽपि तस्यैव तत्र सामर्थ्यात्
वस्तुन एव तथात्वात् ।

143 तत्रैव, पृ. 249-300 : यथा दोषासहकृतमेव चक्षुर्वस्तु तत्त्वं
गृह्णाति, भ्रमिकामलादिदोषसहकृतं भ्रमिशङ्ख-
पीतिमादिष्कम् ।

144 तत्रैव, पृ. 300 : तथा विद्यारहिताः सूरयं एव गोकुलादि-
स्वरूपं पश्यन्ति, नान्य इत्यपि चक्षु दृष्टान्त-
स्याभिप्रेतमिति ज्ञेयम् ।

145 तत्रैव, पृ. 300 : एतेन तत्रस्यवृक्षस्थलादीनां वृश्चनान्यथा-
भावदर्शनादिषूपपत्तिरुक्ता भवति ।

146 वि. मं., पृ. 300 : यथा चक्षुरिन्द्रियं स्वयमतीन्द्रियमेव गोलके-
स्थितं सत्सर्वं प्रत्यावति ।

147 तत्रैव, पृ. 300 : गोलकेऽपि चक्षुःशब्दवाच्यता स विधेः,
योगिन्द्रियमेव साधारणजनदृश्ये स्वयोग्ये-
स्थाने स्थितं सत्तत्स्थानं प्रकाशयति

148 तत्रैव, पृ. 300; तथा गोकुलादिकमप्यलौकिकं स्वयमतीन्द्रियमेव साधारणजनदृश्ये स्वयोग्यस्थाने स्थितं सत्तत्स्थानं प्रकाशयति.

149 ह. तो. पृ. 300 ; साधारणजनदृश्ये गोकुले लौकिकं गोकुलं स्थितं भवतीत्यर्थः ।

150 तत्रैव, पृ. 300 ; सूरित्वं च शब्दब्रह्मपरब्रह्मवित्तवमिति-पूर्वमुक्तमित्येतादृशसूरीणां ब्रह्मज्ञानां दृश्यं-भवतीत्यर्थः ।

151 वि. मं., पृ. 300 : तथा चैतादृशं परमं पदं सूरयः सदाः पश्यन्तीति सम्बन्धः ।

152 ह. तो., पृ. 301 : अलौकिकगोकुलस्येदं गोकुलमधिष्ठानमिति-पक्ष इत्यर्थः ।

153 वि. मं., पृ. 301 : करणदोषादन्यथाभानपक्षे पि.... ।

154 ह. तो., पृ. 301 : इदं परिदृश्यमानं गोकुलमिन्द्रियदोषेण-पश्यन्ति, न त्वलौकिकमिति पक्षे पीत्यर्थः ।

155 वि. मं., पृ. 301 : तत्र स्थितानां लोकानां दुःखकामक्रोधादिक-मनुपपन्नम् । तस्य परमानन्दरूपत्वाद्गुणा-तीतत्वाश्च ।

156 ह. तो., पृ. 301 : करणदोषो स्तु नाम, भूमिदोषस्तु नास्ति, एवं च तत्रत्याना कामादिकं कथमिति भावः ।

157. वि.मं., पृ. 301 : न च करणदोषेणैव द्रष्टुस्तत्स्थितालोक-
दुःखादिदर्शनमिति वाच्यम् ।

158 तत्रैव, पृ. 301 : करणदोषस्यापि तत्र वक्तुमनुचितत्वात् ।

159 ह.तो., पृ. 301 : करणदोषस्त्वेकस्य, न तु सर्वेषाम् ।

160 वि.मं., पृ. 301 : तत्रैशन्योन्यं तथा दर्शनात् ।

161 तै.सं. 1/3/6/2 : "आततं चक्षुरेवे"ति ।

162 वि.मं., पृ. 301 : यथा देवदत्तचक्षुरिन्द्रियं विष्णुमित्रशरीर-
आसमन्ताद्व्याप्तमपि तैजसं सदप्यनुभूतरूपस्पर्शत्वेन-
नान्धतमेसे प्रकाशयति तापयति वा ।

163 तत्रैव, पृ. 301 : ...सर्वमुक्त्यभावायासुरजीवानां व्यामोहाय च ।

164 सु. का., 10/24

165 एजन, 10/14

166 त्रि.ना., 2/22 : लोकवेदोल्लङ्घनकरप्रपन्नभक्तसर्व-
दुःखनिवारकाय नम इति ।

167 तै.सं., 1/3/6/2 : विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे ।
इन्द्रस्य युज्यः सखा ।

168 भाग., 6/14/5 : मुक्तानामपि सिद्धानां नारायणपरायणः ।
सुदुर्लभः प्रशान्तात्मा... ।

169 अ.भा. 4/2/16 : तत्र प्रवेशितस्य तस्मादविभाग एव ।

9 170 अ.भा., पृ. 4/4/14 : अथवा लीलैव कैवल्यं जीवानां-
मुक्तिरूपम् तत्र प्रवेशः परमा मुक्तिरिति ।

171 वि.सं., पृ. 302 : तत्र कृतान्येव कर्माणि यशोदास्तनपानपूतना-
पयःपानरिङ्खणादीनि कर्माणि कर्मपदेनोच्यन्ते ।

172 तत्रैव, पृ. 302 : यतः कर्मभ्यो हेतुभूतेभ्यो व्रतानि कात्या-
यन्यर्चनादीनि सान्निध्याद्विष्णुरेव परम्परो-
स्पृष्टवान् ।

173 तत्रैव, पृ. 302 : तत्फलत्वेन तत्कर्त्रीत्वाविभूय तासु-
सर्वां लीलां कृतवानित्यर्थः ।

174 अ.को., 3/2/14 : "(स्पर्श)" इति रेफहीनपाठे तु-
स्पशः स्पर्शबाधनयोः ।

175 वि.सं., पृ. 303 : तेन तेषामविष्णुतत्वमुक्तं भवति ।

176 तत्रैव, पृ. 303 : अस्मिन्नर्थे न प्रश्लेषो व्रतानि स्पृष्ट-
वानित्यप्यर्थो युज्यते ।

177 ह.तो., पृ. 303 : वेदो प्युपदेशरूपेण कथयति, न तु सम्पूर्ण
लीलाकथने समर्थः.... ।

178 तत्रैव, पृ. 303 : कृतिसाध्यत्वं यागादौ, न तु यागजन्य-
फले स्वर्गादौ.... ।

179 वि.मं., पृ. 303 : ...स्मरणास्तत्यारवश्यमौत्सुक्यं च श्रुतेः प्रकटयत्येषां कथनम् ।

180 तत्रैव, पृ. 304 : अन्यथैतदुपदेशासम्भवात् ।

181 ह.तो., पृ. 304 : इन्द्रस्य यागभङ्गे कृते तस्य शत्रुर्न तु सखेत्यनः श्रुतिस्तात्पर्यम् ..... ।

182 वि.मं., पृ. 304 : तथा च तद्दोषहरणेन तदनुकूलः ।

183 वि.मं., पृ. 304 : प्रत्युतापकारकर्तर्यपि स्वयमुद्यम्य-तद्दोषनिवर्तकस्तद्धर्माङ्गीकर्ता च..... ।

184 ह.तो., पृ. 304 : आत्मस्तत्कात्करणं यस्य जातं तस्य-फलेच्छाभावाद्यागाद्यपेक्षा नास्तीति भावः ।

185 तत्रैव, पृ. 304 : अथ वेन्द्रस्य यागभङ्गः कृतः तस्य पुनरात्मसात्करणं कृतं, तेन कृत्वा यागस्य बाध एव जातः, प्रचारो न जात इति भावः ।

186 ह.तो., पृ. 304-305 : इन्द्रेण भजनादिकं न कृतं, विपरीतं वृष्ट्यादिकं तु कृतं तथापि तस्यात्मसात्करणं कृतमिति परमदयालुत्वं व्यज्यत इति भावः ।

187 वि.मं., पृ. 305 : अन्ये हि स्वभावसाधनसंपत्तौ फलं ददति, न त्वन्यथा पीति भावः ।

188 तत्रैव, पृ. 305 : सखा समानशीलव्यसनवानित्यर्थः ।

189 अ.अ. 3/1/121 : "पुष्यं च पत्र" इति क्यबन्तो निपातः ।

190 ऋ. 1/21/21 : तद्विप्रासो विपन्यवो जागृवांसः ।

समिन्धते । विष्णोर्यत्परमं पदम् ।

191 वि.मं., पृ. 305 : मेधाविर्त्वेन यथोक्तभगवत्तल्लीलास्वरूपा-

धनुसन्धानसहिताः.... ।

192 वि.मं., पृ. 305 : निरन्तरकीर्तनरूपस्तोत्रादिसाधनैः

प्रकटयन्तीत्यर्थः ।

193 भाग., 1/8/36 : शृण्वन्ति गायन्ति गृणन्त्यभीक्ष्णशः

स्मरन्ति नन्दन्ति तवेहितं जनाः ।

त एव पश्यन्त्यचिरेण तावकं भवप्रवाहोपरमं

पदाम्बुजम् ।।

194 छा.उ., 8/1/1 : "अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं

वेश्म दहरोऽस्मिन्नन्तराकाशस्तस्मिन् यदन्तस्त-

दन्वेष्टव्यं, तद्वा व विजिज्ञासितव्यम्" ।

195 तत्रैव, 8/1/2 : किं तत्र विद्यते यदन्वेष्टव्यं यद्वा वा विजिज्ञा

-सितव्यम् ।

196 तत्रैव, 8/1/3 : यावान्वा अयमाकाशस्तावानेषो न्तर्हृदय

आकाश उभे अस्मिन् द्यावापृथिवी अन्तरेव समा-

हिता...

197 तत्रैव, 8/1/3 : यच्चास्ये हास्ति, यच्च नास्ति सर्वं तदस्मिन् समाहितम् ।

198 तत्रैव, 8/1/5 : नास्य जरयैतज्जीर्यति न वधेनास्य हन्यते एतत्सत्यं ब्रह्मपुरमस्मिन् कामाः समाहिताः, एष आत्मा पहतपाप्मा... ।

199 विद्वन्मं., पृ. 307 : अत्र ब्रह्मपुरशब्देन ब्रह्मणो भगवतः पुरं लीला स्थानं श्रीगोकुलमथुराद्युच्यते ।

200 तत्रैव, पृ. 307 : शरीरार्थकस्य "एतत्सत्यं ब्रह्मपुर" मित्यग्रिमं वाक्यं विरुध्येत ।

201 तत्रैव, पृ. 307 : वस्तुतस्तु तत्र जरावधादिसंभावनैव नास्ति, यत् एतत्सत्यं ब्रह्मपुरम् ।

202 अ.भा., 1/1/11, तेन सह सर्वकामाशनमेव मनोपल्विषयानन्दवेदनम् ...।

203 ब्र.सू., 1/3/14 : दहर उत्तरेभ्यः ।

204 अ.भा., 1/3/14 : तस्य पुरं शरीरं तत्र हृदयकमलं सूक्ष्मम् ।

205 तत्रैव, 1/3/14 : तत्राणुमात्रो जीव एवाकाशः ।

207 ब्र.सू. 2/1/33 : लोकवत्तु लीलाकैवल्यम् ।

208 वि. मं., पृ. 309 : निष्पूत्यूहं लीलानित्यत्वं श्रुतिवृन्दै
रमन्दगीतममन्दानन्दकन्दममन्दभाग्य
राशिभिर्मनुजैर्हृदि भावनीयम् ।

209 पु.प., परि. 5, पृ. 241

210 बृ.वा.पु., वि.मं. पृ. 309
षष्टिवर्षसहस्राणि मया तप्तं तपः पुरा ।
नन्दगोपव्रजस्त्रीणां पादरेणूपलब्धये ।।

211 तत्रैव, : तथापि न मया प्राप्तास्तासां वै पादरेणवः ।
श्रुत्यैतद्ब्रह्मणो वाक्यं भृगुः प्राहाथ सादरम् ।।

212 तत्रैव, वि.मं., पृ. 309-310 :
वैष्णवानां पादरजो गृह्यते त्वद्विधैरपि ।
सन्ति ते बहवो लोके वैष्णवा नारदादयः ।।

213 तेषां विहाय गोपीनां पादरेणुस्त्वयापि यत् ।
गृह्यते संशयो मे त्र को हेतुस्तद्वद प्रभो ।।

214 तत्रैव, : ततो ब्रह्मा भृगुं प्राह चिन्तयित्वा पुरातनीम् ।
कथां सर्वश्रुतीनां यद्रहस्यं परमाद्भुतम् ।।

215 तत्रैव, : ब्रह्मोवाच -
न स्त्रियो व्रजसुन्दर्यः पुत्र ताः श्रुतयः किल ।
नाहं शिवश्च शेषश्च श्रीश्च ताभिः समाः क्वचित् ।।

216 तत्रैव, : प्राकृते प्रलये प्राप्ते व्यक्तो व्यक्तं गते पुरा ।
शिष्टे ब्रह्मणि चिन्मात्रे कालमाया तिगे क्षरे ।।

217 बृ.वा.पु., वि.मं., पृ. 310 :
ब्रह्मानन्दमयो लोको व्यापिवैकुंठसंज्ञकः ।
निर्गुणो नाद्यनन्तश्च वर्तते केवले क्षरे ।।

218 तत्रैव, : अक्षरं ब्रह्म परमं वेदान्तं स्थानमुत्तमम् ।
तल्लोकवासी तत्रस्थैः स्तुतो वेदैः परात्परः ।।

219 तत्रैव, : चिरं स्तुत्या ततस्तुष्टः परोक्षं प्राह तान् गिरा ।
तुष्टोऽस्मि ब्रूत भोः प्राज्ञा । परं यन्मनसीप्सितम् ।।

220 तत्रैव, : श्रुतय उच्चुः
नारायणादिरूपाणि ज्ञातान्यस्माभिरच्युत ।
सगुणं ब्रह्म सर्वेदं वस्तुबुद्धिर्न तेषु नः ।।

221 तत्रैव., : ब्रह्मेति पठयते स्माभिर्यद्रूपं निर्गुणं परम् ।
वाङ्मनोगोचरातीतं ततो न ज्ञायते तु तत् ।।

222 आनन्दमात्रमिति यद्वदन्तीह पुराविदः ।
तद्रूपं दर्शयास्माकं यदि देयो वरो हि नः ।।

223 श्रुत्वैतदर्शयामास स्वं लोकं प्रकृतेः परम् ।
केवलानुभवानन्दमात्रमक्षरमव्ययम् ।।

224 बृ. वा. पु., वि. सं.,

यत्र वृन्दावनं नाम वनं कामदुघैर्द्रुमैः ।

मनोरमनिकुञ्जाढ्यं सर्वर्तुसुखसंयुतम् ।।

225 तत्रैव, पृ. 310., यत्र गोवर्द्धनो नाम सुनिर्झरदरीयुतः ।

रत्नबद्धोभयतटी हंसपद्मादिसंकुला ।

227 तत्रैव, पृ. 311 नानारासरसोन्मत्तं यत्र गोपीकदम्बकम् ।

तत्कदम्बकमध्यस्थः किशोराकृतिरच्युतः ।।

228 तत्रैव, 331 दर्शयित्वेति च प्राह ब्रूत किं करवाणि वः ।

दृष्टो मदीयो लोको यं यतो नास्ति परं परम् ।।

229 तत्रैव, पृ. 311 श्रुतय ऊचुः –

कन्दर्पकोटिलावण्ये त्वयि दृष्टे मनांसि नः ।

कामिनीभावमासाद्य स्मरक्षुब्धान्यसंशयम् ।।

230 तत्रैव, 311 यथा त्वल्लोकवासिन्यः कामतत्वेन गोपिकाः ।

भजन्ति रमणं मत्वा चित्कीर्षा जनि नस्तथा ।।

231 बृ. वा. पु., कि. सं., पृ. 311 श्री भगवानुवाच –

दुर्लभो दुर्घटश्चैष युष्माकं सुमनोरथः ।

मया नुमोदितः सम्यक् सत्यो भवितुमर्हति ।।

232 तत्रैव, पृ. 311 : आगामिनि विरञ्चौ तु जाते सृष्टयर्थमुद्यते ।

कल्पं सारस्वतं प्राप्य व्रजे गोप्यो भविष्यथ ।।

233 तत्रैव, पृ. 311 : पृथिव्यां भारते वर्षे माथुरे मम मण्डले ।
वृन्दावने भविष्यामि प्रेयान्वो रासमण्डले ।।

234 तत्रैव, पृ. 311 : जारधर्मेण सुस्नेहं सुदृढं सर्वतो धिकम् ।
मयि संप्राप्य सर्वे पि कृतकृत्या भविष्यथ ।।

235 तत्रैव, पृ. 311 : ब्रह्मोवाच –
श्रुत्वैतच्चिन्तयन्त्यस्ता रूपं भगवतश्चिरम् ।
उक्तकालं समासाद्य गोप्यो भूत्वा हरिं गता ।।

236 वि.मं., पृ. 312 : तेन वृन्दावनाद्युक्तसामग्रीविशिष्टमेव
सदा भगद्रूपम् ।

237 गो. ता. उ., तस्मान्न भिन्ना एतास्तु आभिर्भिन्नो
न वै प्रभुः ।
भूमावतारिते सर्वे वैकुण्ठं स्वर्गवासिनाम् ।।

238 ब्र.सू., 3/2/28 : प्रकाशाश्रयवद्वा तेजस्त्वात् ।

239 ऋ., 10/113/4 : जज्ञान एव व्यबाधत स्पृधः प्रापश्यद्वीरो
अभिपौंस्यं रणम् ।
अवृश्चदद्रिमव सः स्यदसृजदस्तभ्नान्नाकं स्वपस्यया
पृथुम् ।।

240 छा.उ., 6/2/1 : सदेव सौम्येदमग्र आसीत् ।

!7

241 सुबो., 10/11/27 1/2 : न भक्तीषु किंचित् साध्यमस्ति किन्तु सिद्धा एव भक्तयः ।

242 भाग., 10/22/27 : मयेमा रंस्यथ क्षपाः ।

243 सुबो., 10/19/27 1/2 : इमाः परिदृश्यमाना क्षपा मय्येव विद्यमानाः...अन्तसंयोगे द्वितीया, रमणसहितास्ता प्रदर्शिता इति न संदेहः ।

244 वि.मं., पृ. 315 : अत्रेमाः क्षपा इतीदंशब्देन ताभ्यः सर्वाः क्षपाः पुरस्थिता.... ।

245 ह.तो., पृ. 316 : तत्रेदंशब्दवाच्याया पुरः स्थितलौकिकराज्यामेवा लौकिकरमणरात्रीणां प्रयोगः साजात्याभिप्रायेणीति ।

246 अ.अ., 1/2/58 : जात्याख्यायामेकस्मिन्बहुवचनमन्यतरस्याम् ।

247 ह.तो., पृ. 316 : इदंशब्दस्य बुद्धिस्थबहुरात्रिवाचकत्वेनेत्यर्थः ।

248 वि.मं., पृ. 317 : लीलाया नित्यत्वेन पूर्वसिद्धाया एव क्रमेणाविर्भावः ।

249 तत्रैव, पृ. 317 : तल्लीलाया अप्यनुभवविषयत्वात्सर्वोपपत्तेः ।

250 वि.मं., पृ. 317 : तिरोहितातिरोहितलीलाया भगवदनुभवविषयत्वमाविर्भावकालीनलीलाया भक्तानुभवविषयत्वम्... ।

251 भाग., 10/42/12 : एष्वामि.... ।

252 वि.मं., पृ. 317 : लीलानित्यत्वं न केवलं, लौकिकयौक्तिकं, किन्तु "जयति जननिवास" इत्याद्युक्तश्रुति स्मृतिप्रमाणगम्यम् ।

253 तै.उ., 2/7 : रसो वै सः ।

254 छां.उ., 3/14/2 : सर्वरसः ।

255 वि.मं., पृ. 318 : भगवतश्च तद्भावदर्शनजनिततत्समया नुरूपो भावविशेषः परमानन्दरूपो नुभवः विषयो भवति

256 तै.उ., 2/7 : रसो वै सः ।

257 ह.तो., पृ. 319 : वाण्या श्वासनमात्रदानानन्तरं यो रसानुभवः स वर्णितः, इदानीं यत्राश्वासनं दत्तं तद्भङ्गगमनानन्तरं यो रसानुभवस्तं वर्णयन्ति ।

258 वि.मं., पृ. 319 : रसात्मका भावविशेषाः...आत्मारूपानेवा- नुभवति ।

259 तत्रैव, पृ. 319 : यतः पूर्वं मत्यमेवयुक्तमासीदित्यनुसन्धान एव तथा रसोत्पत्तिर्नान्यथा ।

260 वि.मं., पृ. 319 : तथा च तस्य तस्य रसस्य तादृक्ता । दृग्गूयत्वाद्रसस्य च भगवद्रूपत्वाद् यत्र वो रसो यादृशो यावद्विधः स्वशास्त्र सिद्धस्तत्र तादृशस्तावद्विधः स रसो भगवानेवेति फलितम् ।

261 तत्रैव, पृ. 390 : भगवत: सर्वरसरूपत्यैवैव सर्वोपपत्ति:.... ।

262 ह.तो., पृ. 320 : नित्यत्वं सदातनत्वं च नित्यपदार्थे भविष्यत्त्वं भाष्युत्पत्तिमत्पदार्थे एवं चानयो: परस्परं विरुद्धयोरपि भगवद्रूपरसात्मकत्वेना विरोध: ।

263 भाग., 10/8/46 : नन्द: किमरोद्ब्रह्म छ्रेय एवं महोदयम् ।
यशोदा च महाभागा ययौ यस्या: स्तनं हरि: ।।

264 तत्रैव, 10/8/48 : द्रोणो वसूनां प्रवरो धरया सह भार्यया ।
करिष्यमाण आदेशं ब्रह्मणस्तमुवाच ह ।

265 तत्रैव, 10/8/49 : जातयोर्नौ महादेवे भुवि विश्वेश्वरे हरौ ।
भक्ति: स्यात्परमा लोके यथा जो दुर्गति तरेन् ।।

266 तत्रैव, 10/8/50 :
अस्तित्वत्युक्त: स भगवान् व्रजे द्रोणो महादशा: ।
जज्ञे नन्द इति ख्यातो यशोदा स धराभवत् ।।

267 तत्रैव, 10/8/51 :
ततो भक्तिर्भगवति पुत्रीभूते जनार्दने ।
दम्पत्योर्नितरामासीद् गोपगोपीषु भारत ।।

268 वि.मं., पृ. 321 :
इति श्रुतिशतैरतिस्फुटतरैरपास्तभ्रमै-
र्विचारभरचातुरीसंचितसत्पुराणैरपि ।

स्फुरद्विह्यतिनित्यता सुनिरणापि गोपीयते-

मैया तिनिजयन्नतः फलतु तेन सैदेह मे ।।

269 पा॰गी॰, श्लो॰ 4। : जन्मान्तरसहस्रेषु तपोध्यानसमाधिभिः ।
नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ।।

270 भ॰गी॰, 15/6 : "यद्गत्वा न निवर्तन्ते तद्धाम् परमं ममे"ति
गं॰भ॰, पृ॰ 322 वाक्यान्मुक्तिं ददातीत्यर्थः ।

271 न्या॰मं॰, भा॰1,

नित्यं तज्ज्ञानं कथमिति चेत् - तस्मिन् क्षणमप्यज्ञातरि सति तदिच्छाप्रेर्यमाणकर्माधीननानाप्रकारव्यवहारविरमप्रसङ्गात् । प्रलयवेलायां तर्हि कुतस्तन्नित्यत्वकल्पनेति चेत् - नैवम्- आप्रलयात्सिद्धे नित्यत्वे तदा विनाशकारणाभावात् अस्य आत्मन इव तज्ज्ञानस्य नित्यत्वं सत्स्यति । पुनश्च सर्गकाले तदुत्पत्तिकारणाभावादपि नित्यं ज्ञानम् ।

272 न्या॰भा॰, 1/1/9 :........सर्वज्ञः..... ।

273 वि॰मं॰, पृ॰ 322 : धर्मिग्राहकप्रमाणेन नित्यत्वेनैव सिद्धेः ।

274 सु॰सू॰, पृ॰ 322 : "पृथिव्यां भारते क्षेत्रे" इत्यनेनोक्तं स्थानं
केवलाक्षरमध्ययाति नित्यलीलास्थानात्
स्थानान्तमिव प्रतीयते, तथा सति तत्रत्या
लीला भिन्नैनेति भ्रमो भवति, तथापि "ता वां

वास्तूनी" त्यादा "वत्राह त" दितिश्रावणाद् दहर-
विधाया "नास्य जरयैतज्जीर्यती"त्यादीना पुरजरादा-
यमि वेश्यजरादेर्निराकरणाद्बृहद्मानपुराणे पि "व्यापिवै-
कुण्ठसंज्ञित" इत्यनेत वैकुण्ठस्य व्यापित्वेने विशेषितत्वाश्च
पृथिव्यो दृश्यमानस्य तदभिन्नत्वम् ।

275 वि.मं., पृ. 323 : अयोग्यमिच्छन् पुरुषः पतत्येव न संशयः ।

276 भाग., 10/22/25 : मया नुमोदितः सम्यक् सत्यो भक्तुमर्हति ।

277 भ.गी., 4/11 : ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।

278 पु.प्र.म.भे., श्लो. 19 : मर्यादया गुणास्ते शुद्धाः
प्रेम्णाऽतिदुर्लभाः ।

279 ऋ. 7/100/4 : विचक्रमे पृथिवीमेष एतां क्षेत्राय विष्णुर्मनुषे दशस्यन् ।
ध्रुवासो अस्य कीरयो जनास उरुक्षितिं सुजनिमा चकार ।

280 तत्रैव, 7/100/4 : अस्य कीरयो ध्रुवासः ।

281 वि.मं., पृ. 325 : सुजनिमा शोभनानि जनिमानि
नामानुकीर्तनस्मरणादीनि यस्यैतादृशो
विष्णुरूरुक्षितिं विस्तीर्णनिवासां चकारेत्यर्थः ।

282 अ.भा., 3/4/39 : तद्भूतस्य पुष्टिमार्गीयभगवतद्भावं प्राप्तस्य
तस्यापि नातद्भाव उक्तभाव तिरोधानं न
कदाचिदपीत्यर्थः ।

283 ह.तो., पृ. 326 : कृमिकत्वेन हेतुना जन्यत्वसाध्यकानुमानेन लीलायां जन्यत्वस्वीकर्तृणां नैयायिकानां निराकरणार्थमाहुः ।

284 वि.मं., पृ. 326 : ध्वंसप्रतियोगित्वं ह्यनित्यत्वम् ।

285 ह.तो., पृ. 316 : "जन्यभावत्वादित्यनुमानं बोध्यम् ।

286 वि.मं., पृ. 326 : पूर्वसिद्धाया एव तस्याः क्रमेणाविर्भाव एव ।

287 तत्रैव, पृ. 326 : पूर्वमेयोक्तां स्वरूपासिद्धिं किं नानुसर्वत्व इति ।

288 ह.तो., पृ. 326 : इदानीन्तना लीला पूर्वसिद्धैवेति न पश्यामीत्यर्थः ।

289 त.सं. 49 : संदिग्धसाध्यवान्पक्षः । यथा धूमवत्वे हेतौ पर्वतः ।

290 तत्रैव, 56 : स्वरूपासिद्धो यथा – शब्दो गुणश्चाक्षुषत्वात् । अत्र चाक्षुषत्वं शब्दे नास्ति, शब्दस्य श्रावणात् ।।

291 वि.मं., पृ. 326 : स्याभिमतेश्वरे पि तथा ब्रूहि ।

292 वि.मं., पृ. 327 : न तु पूर्वलीलायाः सत्यसत्यं वा पि निरूप्यते ।

293 ह.तो. पृ. 327 : लीला नित्या नित्या वेति सन्देह सतीत्यर्थः ।

294 वि.मं., पृ. 328 : न हि प्रतिपदं नित्यत्वं निरूपणीयम् ।

295 तत्रैव, पृ. 328 : एकत्र निर्णीतः शास्त्रार्थो परत्रापि तथेति न्यायात् ।

296 वि.मं., पृ. 328 : अनन्यलभ्यस्य शब्दार्थत्वात् ।

33

297 सु.सू. पृ. 328 : एवं शब्दस्य मानान्तरविरोधकृतं नैर्बल्यं-
निरस्तम् ।

298 वि.मं., पृ. 328 : लीलायाः कर्मरूपत्वेन तस्य चापिरावस्थायि-
त्वनियमेन न नित्यत्वं वक्तुं शक्यम् ।।

299 तत्रैव, पृ. 328 : एवं ज्ञानस्यापि त्रिक्षणावस्थायित्वनियमेनेश्वर
ज्ञानस्यापि न नित्यत्वं वक्तुं शक्यम् ।

300 सु.सू., पृ. 328 : तथा चेश्वरज्ञानवत्कर्मणो पि लोकविलक्षण-
त्वान्न तेन लौकिककर्मरूपमर्यादाभङ्ग इत्यर्थः ।

301 ह.तो., पृ. 329 : एके भक्ताभक्तैः सर्वैः परिदृश्यमानाः ।
अपरे उत्कटभक्तैरेव परिदृश्यमाना अलौकिक-
रत्नादिपिविशिष्टाः ।

302 तत्रैव, पृ. 329 : वैलक्षण्यं च भक्तैरेवानुभूयमानत्वं, न त्वि-
तरजनैरिति भावः ।

303 वि.मं., पृ. 329 : ...तन्नित्यत्वं प्रत्यक्षबाधितम् ।

304 ह.तो., पृ. 329 : श्रीमदुत्कटभक्तमुखाच्छ्रीगोकुले यमुनाया-
उभयतटी रत्नबद्धेति श्रूयमाणं वैलक्षण्यमिति ।

305 वि.मं. पृ. 329 :....इतरपदार्थसाधारण्येन तल्लीलारस-
निमग्नानामेतेष्वेवासाधारणप्रेमानुपपत्तिः ।

306 तत्रैव, पृ. 329 : तादृग्भक्तानामेतद्दर्शनादिना तद्रसानुभवः ।

0.34 307 तत्रैव, पृ. 329 :...आह्लादविशेषस्यानुभूयमानत्वेन च न तथा
330 वक्तुं शक्यम् .... ।

308 तत्रैव, पृ. 330 : न च भिन्नत्वे प्यभिन्नत्वप्रमात्प्रेमाद्युपपत्तिः । दृश्यते हि स्वप्नप्रतीतप्रमदादर्शनादिनापारमार्थिकः (नर) स्ववलनादिरिति वाच्यम् ।

309 वि.मं., पृ. 330 : न ह्यभिमानमार्गेणोक्तानामनुभवः संभवति ।

310 तत्रैव, पृ. 330 : तादृशेषु भ्रमानुपपत्तिः... ।

311 ह.तो. पृ. 297 : स्वर्गस्थानां जीवानां चक्षुर्यथा सुखसाधनपदार्थं पश्यति तथा भक्तानां चक्षुः काननकालिन्द्यादिकं पश्यति, नान्ययामिति भावः ।

312 तत्रैव, पृ. 330 : एवं च भक्तानां लौकिकेषु प्रेमोत्पत्तिस्तु-लीलासम्बन्धित्वेनेत्यवधेयम् ।

313 वि.मं., पृ. 312 : प्रभासीयलीलायाः कथं सङ्गतिरिति: ।

314 ह.तो., पृ. 321 : तथा च लीलोत्पन्नानां लीलायाश्च नाशात्कथं नित्यत्वमिति भावः ।

315 वि.मं., पृ. 321 : भगवान् हि सर्वलीलायुतः प्रकटः सदा ।

316 तत्रैव, पृ. 321 : मोहनं च माययैवेति निश्चयः

317 भ.गी., 9/11, : अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ।।

·35 318 तत्रैव, 9/12 : मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥

319 तत्रैव, 6/13 : महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ।

320 ह.तो., पृ. 332 : असुरा मानुषा मामवजानन्ति, महात्मानस्तु
मामव्ययं जानन्ति, अत एव ते भजन्तीत्यर्थः ।

321 भ.गी., 8/11 : यदक्षरं वेदविदो वदन्ति
विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छतो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥

322 भ.गी., 8/18, अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
राञ्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥

323 तत्रैव, 8/19 : भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
राञ्यागमे वशः पार्थ प्रभवत्यहरागमे ॥

324 तत्रैव, 8/20, परस्तस्मात्तु भावो न्यो व्यक्तो व्यक्तात्सनातनः ।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥

325 तत्रैव, 8/22 पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तः स्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥

326 ह.तो., पृ. 333, एतादृशं परस्य लक्षणं भगवत्यस्तीति...

GUJARAT UNIVERSITY LIBRARY

36

327 वि.मं., पृ. 334 : तेन तस्योदरस्यैवब्रह्मत्वं निरूपितं भाति ।

328 सुबो. 10/9/13 : भगवांस्तु पूर्णः, सर्वं व्याप्य तिष्ठतीति
न कस्मादपि भगवानन्तर्भवति.... ।

329 वि.मं., पृ. 334 : उदरस्याब्रह्मत्वे तु दामभिरनवच्छेद्यत्वे... ।

330 सुबो., 10/9/13 : न को पि तस्य परिच्छेदकः ।

331 वि.मं., पृ. 334 : देशकालापरिच्छिन्नत्वं ब्रह्मधर्मम्... ।

332 भाग., 10/9/13 : न चान्तर्न बहिर्यस्य.... ।

333 वि.मं., पृ. 334 : तद्विरुद्धधर्माणामसतामेव प्रदर्शनमसुरव्या-
मोहायेति निश्चीयते ।

334 तत्रैव, पृ. 334 : अन्यया नुपपत्तेर्बलिष्ठत्वात् ।

335 ह.तो., पृ. 334 : भागवतादिप्रामाण्यानुपपत्तिः सर्वतो बलवतीत्यर्थः ।

336 ब्रह्मा मु. : अमोहाय गुणा विष्णोराकारश्चिच्छरीरता ।
निर्दोषत्वं तातम्यं मुक्तानामपि चोच्यते
एतद्विरुद्धं यत्सर्वं तन्मोहायेनि निश्चयः ।

337 ब्र.पु., : अज्ञत्वं पारवश्यं च विधिभेदादिकं तथा ।
तथा प्राकृतदेहत्वं देहत्यागादिकं तथा
असुराणां विमोहार्थं दोषा विष्णोर्न हि क्वचित् ।

338 प.पु., §उ.§ 71/106: "त्वामाराध्य तथा शम्भो ग्रहीष्यामि वरं सदा ।

339 वि.मं., पृ. 338 :....प्रत्यक्षप्रमाणसिद्धेन मायिकमिति निश्चीयते ।

340 सुबो., 10 उ./41/48 : एषा पूर्वकथा । पूर्वं यादृशी तादृश्ये-
वेदानीमपि । तथैव तेषु स्थानेषु करोति ।

341 सु.सू. पृ. 338-339 : उक्तशुकवाक्यस्यावतारतिरोभावो-
त्तरकालीनत्वात्तत्रत्यानां जयतीत्यादीनां
वर्तमानार्थकप्रयोगाणामन्यथानुपपद्यमानत्वा-
त्तदनन्यगत्येत्यर्थः ।

342 वि.मं., पृ. 339 : न चैतदनुरोधेन पूर्वलीलानामेव तथात्वं
वक्तुं शक्यम् ।

343 वि.मं., पृ. 339 : तत्र लौकिकत्वेन प्रमाणस्य, दोषस्यापि
संभवे पि प्रकृते दोषासंभवात् ।

344 सु.सू., पृ. 339 : न तन्न्यायेनात्र प्रभासीयलीला न तच्छ
रीरादिबाधिकः ।

345 तत्रैव, पृ. 339 : अतस्तथाकथनमनवसरपराहतमित्यर्थः ।

346 भागव., 11/7/7 : यदिदं मनसा वाचा चक्षुर्भ्यां श्रवणादिभिः ।
नश्वरं गृह्यमाणं च विद्धि मायामनोमयम् ।।

347 त.दी.नि., 1/82 : यन्मायिकत्वकथनं पुराणेषु प्रदृश्यते ।
तदैन्द्रजालपक्षेण मतान्तरमिति ध्रुवम् ।।

348 वि.प. पृ. 340-341 : एवं सति द्विजशापेन नश्वरमिति
गृह्यमाणं तथेत्यर्थः पर्यवस्यति ।

349 प्रा.भ., पृ. 106 : ...तत्त्वज्ञानमेवैवमुद्धवस्यापि
भगवद्वाक्येन न व्यामोहः ।

350 भाग., 11/13/24 : मनसा वचसा दृष्ट्या गृह्यते न्यैरपीन्द्रियैः
अहमेव न मत्तो न्यदिति बुध्यध्वमंजसा ।।

351 भाग., 31/1/3 : भूभारराजपृतना यदुभिर्निरस्य गुप्तैः स्वबाहुभिर-
चिन्तयद् प्रमेयः ।
मन्ये वनेर्ननु गतो प्यगतं हि भारं यद्यादवं कुलमहो
अविषह्यमास्ते ।।

352 तत्रैव, 11/1/4 :
नैवान्यतः परिभवो स्य भवेत् कथंचिन्मत्संश्रयस्य विभवोन्नहनस्य
नित्यम् ।
अन्तःकलिं यदुकुलस्य विधाय वेणुस्तम्बस्य वह्निमिव शान्ति-
मुपैति धाम ।।

353 तत्रैव, 11/1/5 :
एवं व्यवसितो राजन् सत्यसङ्कल्प ईश्वरः ।
शापव्याजेन विप्राणां संजह्रे स्वकुलं विभुः ।।

354 तत्रैव, 11/1/3 : दैवैर्भूम्या च निराकरणे वक्तुमण्यशक्यमत
आस्त एव भारः सिद्धः ।

355 सुबो., 11/1/5 : सत्यसङ्कल्पतो विष्णुर्नान्यथा तु करिष्यति
कर्तुमकर्तुमन्यथा कर्तुं समर्थ ईश्वरः... ।

356 सुबो. पृ., 11/1/5 : विद्वन्मंडले स्वकुलमिति पदच्छेदस्तु
मत्मायारचितामेता" मितिग्रन्थस्वारस्यात् ।

357 भाग., 11/1/6-7 : स्वमूर्त्या लोकलावण्यनिर्मुक्त्या लोचनं नृणाम् ।
गीर्भिस्ताः स्मरतां चित्तं पदैस्तानीक्षतां क्रियाः ॥
आच्छिद्य कीर्तिं सुश्लोकां वितत्य ह्य जसा नु कौ ।
तमो नया तरिष्यन्तीत्यगात् स्वं पदमीश्वरः ॥

358 सुबो., 11/1/6 : .... निष्पन्ने कार्ये मुक्तिमाहत्म्येन ।

359 सुबो., 19/1/6 : ज्ञानक्रियाशक्ती आच्छिद्य यशः प्रसार्य
वैकुण्ठं गत इत्युक्तं भवति ।

360 वि.मं., पृ. 341-342 : सर्वादृश्यत्वलक्षणं पदमगादित्युक्तम् ।
भाविकत्वम्... ।

361 तत्रैव, पृ. 342 : लौकिकयाभूमेरधिष्ठानत्वमात्र उपयोगदस्याभाविकत्वम्... ।

362 ह.तो., पृ. 342 : तथा च द्वारकास्थं यादवकुलं तत्स्वकुलं,
यत्प्रभासे गतं तदस्वकुलमित्यर्थः ।

363 भाग., 11/1/8 : ब्रह्मण्यानां वदान्यानां नित्यं वृद्धोपसेविनाम् ।
विप्रशापः कथमभूद् वृष्णीनां कृष्णचेतसाम् ॥

364 सुबो., 11/1/8 : भक्तिधर्मसेवानां विद्यमानत्वात् कथं शापः ?
कृष्णचेतसामिति निर्गुणावस्था शापासम्भवश्च... ।

365 वि.मं., पृ. 342 : प्राप्तशापानां तद्भिन्नत्वं ज्ञापितं व्यासेन ।

366 भाग., 11/1/10 : बिभ्रद् वपुः सकलसुन्दरसन्निवेशं
कर्माचरन् भुवि सुमङ्गलमाप्तकामः ।
आस्थाय धाम रममाण उदारकीर्तिः
संहर्तुमैच्छत कुलं स्थितकृत्यशेषः ।

367 सुबो. 11/1/10 : संहारेच्छायां देवबुद्ध्यं किञ्चिदिति स्थितकृत्य ।
शेष इति संकर्षणकार्यैकदेशः स्थित इत्यर्थः ।

368 वि.मं., पृ. 342 : स्थितकृत्यशेषः स्थितो ग्रिम्रासुख्यामोह
लक्षणः कृत्यशेषः यस्य तादृशः, कुलं संहर्तुं मैच्छत

369 तत्रैव, पृ. 348 : कृत्यसिद्धिर्यतस्तथैव भवति ।

370 ह.तो., पृ. 348 :...धामशब्देन यूरूपं धाम... न वक्तव्यम् ।

371 भाग., 11/1/11 : कालात्मना निवसता यदुदेवगेहे पिण्डारकं
समगमन् मुनयो निसृष्टाः ।

372 सुबो., 11/1/11 : भगवत्प्रमथितब्राह्मणगमनमेवेच्छापूरकमिति
कार्यं सिद्धं, आविर्भूतः सङ्कर्षणांशो ब्रह्मणेषु
वादवेषु देशकालयोश्च प्रविष्ट इति न किञ्चिद्दूषणम्

373 ह.तो., पृ. 348 : पिण्डारके मुनीनां प्रेषणं कालात्मना भगवता
कृतं, न तु रासादिलीलाकर्त्रेत्युक्तम् । तेन तत्कुलं
भिन्नमित्यर्थं ।

374 वि.मं., पृ. 348 : श्रुत्यवैपरीत्येन यन्मोहाय हरिः स्वयम् ।
प्रदर्शयति तन्मोहगमनाय न मद्वचः ॥

375 तत्रैव, पृ. 349 : क्षिमाभ्यजस्त्रमित्युक्तेर्यतस्तन्मोहनित्यता ।
अतो नङ्गीकृतिस्तेषां युक्ता तामसिनी नृणाम् ॥

376 तत्रैव, पृ. 349 : तत्सङ्गादन्यथाभूतहृदयाः सात्त्विका अपि ।
मा भवन्त्वित्यर्थं यत्नस्तेन तुष्टोऽस्मि मे हरिः ॥

377 तत्रैव, पृ. 349 : का चनीकरणे शक्तो मण्धिातुगणस्य यः ।
तस्याश्मना तथाभाकरणे पि न हि क्षतिः ॥

378 भाग. 11/7/7 : यदिदं मनसा वाचा चक्षुर्भ्यां श्रवणादिभिः ।
नश्वरं गृह्यमाणं च च विद्धि मायामनोमयम् ॥

379 वे.प., परि 2, पृ. 181 :...तस्माद् ब्रह्मभिन्ननिखिलप्रप चस्य
मिथ्यात्वसिद्धिः ।

380 भाग., 3/10/12-13 : विश्वं वै ब्रह्मतन्मात्रं संस्थितं विष्णुमायया ।
यथेदानीं तथाग्रे च पश्चादप्येतदीदृशम् ॥

381 सि.मं., श्लो. 5 : तदेवैतत्प्रकारेण भवतीति श्रुतेर्मतम् ।

382 सु.सू., पृ. 351 : प्रतीतित्रयी तु पूर्वरूपतिरोभावस्यान्तरा
विर्भावाविवेकजन्यत्वात् ।

383 अ.भा., 1/1/2 : अथवा जन्मप्रभृति सर्वे भावविकारा आदिशब्देन गृह्यन्ते

384 नि., 2 पृ. 4 : जायते इति पूर्वभावस्यादिमाचष्टे ।
नापरभावमाचष्टे – न निषेधति

385 म.उ., : एष ह्येव शून्य एष ह्येव तुच्छ एष ह्येवाभाव
एष ह्येवाव्यक्तो दृश्यो चिन्त्यो निर्गुणश्चेति ।

386 म.कू.पु. : शमूनं कुरुते विष्णुरदृश्यः सन् परः स्वयम् ।
तस्माच्छून्यमिति प्रोक्तस्तोदनात्तुच्छमुच्यते ।
नैष भावयितुं योग्य केनचित्पुरुषोत्तमः ।
अतो भावं वदन्त्येनं नाशयत्वान्नाश इत्यपि ॥

42

सर्वेषां तदधीनत्वात्तत्तच्छब्दाभिधेयता ।

अन्येषां व्यवहारार्थमिष्यते व्यवहर्तृभिः ॥

387 भाग., 2/7/37 : देवद्विषां निगमवर्त्मनि निष्ठितानां पूर्भिर्मयेन विहिताभिरदृश्यतूर्भिः ।

लोकान् घ्नतां मतिविमोहमतिप्रलोभं वेषं विधाय बहु भाष्यत औपधर्म्यम् ॥

388 सुबो. 2/7/37 : वेषं बुद्धवेषम् । अहं सर्वज्ञ इत्यात्मानं ख्यापयित्वा तेषां हृदयवार्तामुक्त्वा विश्वासमुत्पाद्य विपरीतोपदेशनम् मतिविमोहनम् ॥

## પ્રકરણ - ૧૧

## વિદ્વન્મંડનની શૈલી

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં "વાદશૈલી" નો ઉપયોગ કર્યો છે. "વાદશૈલી" ના મૂળ ભારતીય દર્શનશાસ્ત્રમાં રહેલા જોવા મળે છે. કેટલાક વિદ્વાનોના મંતવ્ય પ્રમાણે પૂર્વકાલના મીમાંસકો તર્કશાસ્ત્રના ક્ષેત્રમાં મૌલિક અગ્રેસર હતા.

વૈદિક સાહિત્યમાં પણ ચર્ચા અને પ્રશ્નોત્તરી વગેરેના નિરૂપણમાં "વાદશૈલી" ના બીજ જોવા મળે છે. આથી એમ કહી શકાય કે તે અતિ પ્રાચીન છે. પ્રાચીન સમયથી જ ભારતીય જીવન ચિંતન પ્રધાન રહ્યું છે. વળી નિત નવાં પ્રશ્નો અને વિચારોની પરંપરાએ તર્કને બળ પૂરું પાડ્યું છે. આમ "વાદશૈલી" ના મૂળમાં વિચાર-વિનિમય અને તત્ત્વજ્ઞાનનો હેતુઓ રહેલાં છે.

વાદશૈલીમાં વાદી-વાદની શરૂઆત કરનાર ચર્ચાનો આરંભ કરે છે. વાદીના આરંભને "કથામુખ" કે ઉપન્યાસ કહેવાય છે. આમ વાદી પોતાના પક્ષની સ્થાપના કરતાં

પહેલાં પ્રતિજ્ઞા કરે છે. પછી પોતાના પ્રમાણો આપીને સિદ્ધાન્તનું સમર્થન કરે છે. સાથે-સાથે સંભવિત સંશયોનું નિરાકરણ પણ આપે છે. આમ વાદી પૂર્વપક્ષની સ્થાપના કરે છે, તે "પૂર્વપક્ષ" કહેવાય છે.

વાદીના "પૂર્વપક્ષ" ના સ્થાપન પછી પ્રતિવાદી વાદીના પક્ષનું પુનરુચ્ચારણ કરે છે. કારણ કે ઉપસ્થિત વર્ગને વિશ્વાસ થાય કે પ્રતિવાદી વાદીના પૂર્વપક્ષને બરાબર સમજ્યો છે. ત્યાર પછી પ્રતિવાદી પૂર્વપક્ષમાં દોષો દર્શાવે છે. આમ પૂર્વપક્ષને દોષયુકત સિદ્ધ કરીને ઉત્તરપક્ષની સ્થાપના કરવામાં આવે છે.[2]

વાદશૈલી કે તાર્કિક કલાને અંગ્રેજીમાં Dialectic કહેવાય છે. નીચે આપેલી કેટલીક વ્યાખ્યાઓ વાદશૈલીને સમજવામાં સહાયભૂત થઇ શકશે.

વાદશૈલી "ચર્ચાની કળા" સૂચવે છે.[3] એરિસ્ટોટેલીઅન વાદશૈલી તર્કના વૈશ્વિક નિયમને વર્તે છે, જે પ્રત્યેક શાસ્ત્રોની વિશિષ્ટ દલીલોમાં લગાડી શકાય છે.[4]

( Encyclopaedia Brittanica, 'Dialectic'. )

શબ્દો સાથે રમવાની કૃત્રિમ કલા કે વિચારો સાથે ચાલતાં જેની પાસે વાસ્તવિક અર્થ કે વિષયવસ્તુ નથી. તે

વિવાદપ્રિય વ્યકિત વાદી કહેવાય છે.[5] (આ વ્યાખ્યા "જલ્પ" અને "વિતંડા" ના ભારતીય વિચારો સાથે સરખાવી શકાય.)

ભારતીય વાદશૈલીનો પરસ્પર મેળ, સંવાદ, વાદ, સંભાષા, કથા, તર્ક અને શાસ્ત્રાર્થમાં હોય છે. શાસ્ત્રાર્થ એટલે શાસ્ત્રના સૂત્રની વાદશૈલી અનુસાર ચર્ચા.

ગૌતમના ન્યાયસૂત્ર ઉપરનું વાત્સ્યાયન ભાષ્ય જણાવે છે કે કથા કે ચર્ચાના ત્રણ પ્રકારો છે. ૧. વાદ ૨. જલ્પ ૩. વિતંડા.[6]

ગૌતમ ન્યાયસૂત્રમાં વાદના લક્ષણો આપે છે. (૧) ચર્ચામાં પ્રમાણ અને તર્કનો આધાર (૨) સિદ્ધાંત સમ્મત દલીલો (૩) પંચાવયવથી યુકત અનુમાનનો ઉપયોગ (૪) પક્ષ અને પ્રતિક્ષનો આધાર.[7]

વાદમાં વાદી અને પ્રતિવાદી તત્ત્વનો નિર્ણય કરવા માટે શાસ્ત્રાર્થ કરે છે. આથી અહીં વાદી અને પ્રતિવાદી બન્ને જ્ઞાનના ભૂખ્યા - ज्ञान बुभुत्सु હોય છે.

વાદથી ભિન્ન હેતુને વરેલો શાસ્ત્રાર્થનો પ્રકાર "જલ્પ" કહેવાય છે. જલ્પ એટલે છલ, જાતિ અને નિગ્રહસ્થાનનો કથામાં પ્રયોગ. જલ્પમાં વાદી અને પ્રતિવાદીને વિજિગિષા-વિજય-પ્રાપ્તિની ઇચ્છા હોય છે. આમ વાદ અને જલ્પ વચ્ચેનો ફરક

આ જ છે કે "વાદ" જ્ઞાનપ્રાપ્તિ માટે કરવામાં આવે છે. જ્યારે "જલ્પ" વિજયપ્રાપ્તિ માટે કરવામાં આવે છે.

"વિતંડા" એટલે જલ્પ પોતાના પક્ષની સ્થાપના-મંડન નહીં, પરંતુ પ્રતિપક્ષનું ખંડન કરે તે "વિતંડા" કહેવાય છે. જલ્પ અને વિતંડા વચ્ચેનો ફરક આ જ છે કે જલ્પમાં વાદી અને પ્રતિવાદી સ્વપક્ષ હોય છે, જ્યારે વિતંડામાં પ્રતિવાદીને સ્વપક્ષ હોતો નથી.

વિદ્વન્મંડન એક વિશિષ્ટ વાદગ્રંથ છે. ઉપર્યુક્ત વાદના લક્ષણો વિદ્વન્મંડનમાં ક્યાં કેવી રીતે સમાવિષ્ટ થયાં છે, તેનો વિચાર કરીએ.

(૧) વાદના લક્ષણો :

૧. વાદના પ્રથમ લક્ષણ અનુસાર વિદ્વન્મંડનમાં તર્ક અને પ્રમાણનો ખંડન અને મંડનમાં આધાર લેવામાં આવ્યો છે. શ્રી વિઠ્ઠલનાથજી વાદશૈલીના સિદ્ધાન્ત પ્રમાણે પૂર્વ-પક્ષના સ્થાપિત સિદ્ધાંતોનું નિરૂપણ કરે છે. સિદ્ધાંતના નિરૂપણમાં યોગ્ય રીતે તર્ક અને પ્રમાણનો સન્નિવેશ થયેલો છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ ઉત્તરપક્ષમાં સ્વસિદ્ધાન્તનું સ્થાપન કરવા માટે પ્રમાણચતુષ્ટય-વેદ-ઉપનિષદ,

ભગવદ્ગીતા, વ્યાસસૂત્ર અને શ્રીમદ્ ભાગવતનો આધાર લીધો છે. આવશ્યકતાનુસાર તર્કનો પણ આધાર લીધો છે. આમ વસ્તુના પ્રસ્તુતીકરણમાં પ્રમાણભૂત સિદધાંતોનું પાલન થયેલું છે. જેમ કે અવચ્છેદવાદના નિરૂપણમાં પૂર્વપક્ષ તરીકે તેનું યુકિત અને પ્રમાણો દવારા સ્થાપન થયું છે. પછી ઉત્તરપક્ષમાં સિદધાન્તનું નિરૂપણ સંક્ષેપમાં પણ સચોટ રીતે કરવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે "અજ્ઞાનતા પ્રાપ્ત કરાવતું હોવાથી સર્વજ્ઞ બ્રહ્મનો અવિદ્યા સાથેનો સંબંધ સંભવતો નથી." જીવ અને બ્રહ્મની એકતા સ્વીકારેલી હોવાથી જીવ પણ અવિદ્યાનો આશ્રય થઇ શકે નહિ. આમ જીવ અજ્ઞાનયુકત હોઇ શકે નહિ. અહીં શ્રી વિઠ્ઠલનાથજીએ અવચ્છેદવાદનું ખંડન સંક્ષેપમાં જ કરીને યુકિત અને પ્રમાણનો પરિચય આપ્યો છે.

૨. શ્રી વિઠ્ઠલનાથજીએ પ્રત્યેક વાદની ચર્ચામાં સિદધાન્તને અનુરૂપ અને અનુકૂળ દલીલો પ્રસ્થાપિત કરી છે. આથી કોઇ વિસંગતિ દોષ આવતો નથી. ઉદાહરણ તરીકે આવિર્ભાવ-તિરોભાવવાદના પૂર્વપક્ષમાં નૈયાયિકોના મતને પ્રસ્તુત કરવામાં આવ્યો છે તેમજ "ઇશ્વરને સ્વાભાવિક શરીર નથી" માં પણ નૈયાયિકોના મતને પૂર્વપક્ષમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. આમ જ્યાં જે શાસ્ત્રના સિદધાંતો સમાવિષ્ટ થતાં હોય ત્યાં તેમનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે.

ઉત્તરપક્ષમાં-સિદ્ધાંતના સ્થાપનમાં પણ શ્રી વિઠ્ઠલનાથજીએ સિદ્ધાન્ત સમ્મત દલીલો પ્રસ્તુત કરી છે. પ્રતિબિંબવાદ અને આભાસવાદના ખંડનમાં વ્યક્ત કરેલી દલીલોમાં શુદ્ધાદ્વૈત બ્રહ્મનું જ પ્રતિપાદન થયું છે.

૩. પંચાવયવરૂપ-પરાર્થાનુમાનના પાંચ અંગો છે, તે પ્રમાણે પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન આમ પાંચ અવયવો છે. આ પાંચ અવયવો પૈકી પ્રથમ ત્રણ અવયવો-પ્રતિજ્ઞા, હેતુ અને ઉદાહરણનું નિરૂપણ વેદાન્તના લેખકો કરે છે.[10] તદનુસાર શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં પ્રતિજ્ઞા, હેતુ અને ઉદાહરણ એમ ત્રણ અવયવોનું નિરૂપણ કર્યું છે.

૧) પ્રતિજ્ઞા એટલે પક્ષ વિશે સાધ્યનો નિર્દેશ. અહીં વાદી શું સિદ્ધ કરવા ઇચ્છે છે, તેનું કથન હોય છે. આથી તે પ્રતિવાદીનું ધ્યાન ખેંચે છે.

૨) પંચમી વિભક્તિમાં વાદી પ્રતિવાદીના પ્રશ્નનો ઉત્તર કારણરૂપે પ્રસ્તુત કરે છે. આ હેતુ કહેવાય છે.

3) વ્યાપ્તિમાં હેતુ અને સાધ્ય અર્થાત સાધન અને સાધ્યનો સંબંધ દર્શાવવામાં આવે છે. અહીં જ્યાં જ્યાં તે સંબંધ હોય તે ઉદાહરણ આપવામાં આવે છે.

ઉપર્યુક્ત ત્રણ અવયવોને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

૧. પ્રતિજ્ઞા : આધેય નિરૂપિકા શ્રુતિ આધાર નિરૂપિકા શ્રુતિને વિપરીત બનાવી શકે નહિ.

૨. હેતુ : કારણ કે તે - આધાર નિરૂપિકા શ્રુતિ ઉપજીવ્ય-નિવર્હક છે.

૩. ઉદાહરણ : જ્યાં જ્યાં ઉપજીવ્ય છે, ત્યાં ત્યાં આધારનું નિરૂપણ કરનારી શ્રુતિ હોય છે. દા.ત. નિર્ગુણ શ્રુતિઓ.

૪. વાદના લક્ષણોમાં ચોથું અને અંતિમ લક્ષણ પક્ષ અને પ્રતિ-પક્ષનું અવલંબન છે. અહીં એક જ આધાર કે પક્ષમાં વાદી એક ધર્મનું પ્રતિપાદન કરે છે. જ્યારે પ્રતિવાદી વાદીથી વિરૂદ્ધ ધર્મનું પ્રતિપાદન કરે છે. આ બન્નેને પક્ષ અને પ્રતિપક્ષ કહેવાય છે.[૩૧] વિદ્વન્મંડનમાં પણ પક્ષ અને પ્રતિપક્ષનું નિશ્ચિત સ્થાન છે. તદનુસાર વાદગ્રંથના વાદોનો ક્રમ પક્ષ અને પ્રતિપક્ષનો પ્રતિપાદ્ય વિષય બન્યો છે. દા.ત. પક્ષમાં કેવલાદ્વૈતવાદી કહે છે કે જીવનો પૂર્ણ પુરૂષોત્તમમાં પ્રવેશ અશક્ય છે, જ્યારે પ્રતિપક્ષમાં શુદ્ધાદ્વૈતવાદી "સર્વજ્ઞ હાથપગના અંતવાળા" એ શ્રુતિ અનુસાર બ્રહ્મમાં જીવના પ્રવેશને સમુચિત સિદ્ધ કરે છે.

ઉપર્યુક્ત ચર્ચાના આધારે કહી શકાય કે વિદ્વન્મંડનમાં વાદના લક્ષણોનો યથોચિત પ્રયોગ થયો છે, તેમ છતાં એમ

કહેવાય છે કે કદાચ જે સૂક્ષ્મ અને નિશ્ચિત દલીલો-તર્કો ખંડનખંડખાદ્ય-શ્રીહર્ષ રચિત-માં પ્રાપ્ત થાય છે, તે વિદ્વન્મંડનમાં પ્રાપ્ત થઇ શકતાં નથી.[12]

(૨) <u>ભાષ્યસમ્મત શૈલી</u> :

શ્રી વિઠ્ઠલનાથજી એક મહાન ભાષ્યકાર હતા. આથી તેમની શૈલીમાં ભાષ્યશૈલીનો સમાવેશ પણ થયો છે. ભાષ્યની વ્યાખ્યા અનુસાર ભાષ્ય જાણનાર વિદ્વાનો જે ગ્રંથમાં સૂત્રને અનુસરનારાં વાકયો દ્વારા સૂત્રનો અર્થ કરવામાં આવે અને પોતાનાં પદોનાં વર્ણન કરવામાં આવે તો તેને ભાષ્ય કહે છે.

ભાષ્યની વ્યાખ્યા અનુસાર શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં સૂત્રોના ભાષ્યોનો પરિચય કરાવ્યો છે. જે સૂત્રને અનુસરતાં-શ્રુતિવાકયો હોય તેમના દ્વારા સૂત્રનો અર્થ કરવામાં આવે તો તે ભાષ્ય કહેવાય છે, વળી તેમાં પોતાનાં પદોનું પણ વ્યાખ્યાન હોય છે.

શ્રી વિઠ્ઠલનાથજી દ્વારા "નાના વ્યપદેશને લીધે-અનેકવિધ નામને લીધે જીવ બ્રહ્મનો અંશ છે" તે (બ્ર.સૂ. ૨।૩।૪૩) સૂત્રમાં જેમ અગ્નિમાંથી નાના નાના તણખા નીકળે છે, તેમ આ આત્મામાંથી સર્વે ઇન્દ્રિયો, સર્વે લોકો, સર્વે દેવો, સર્વે પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. આ (બૃ.ઉ. ૨।૧।૨૦) શ્રુતિવાકયનું

અનુસંધાન કરવામાં આવ્યું છે. આમ સૂત્રાર્થને વિશદ બનાવવા માટે પોતાનું વ્યાખ્યાન પણ કરવામાં આવ્યું છે. અહીં ભાષ્યકાર તરીકેના શ્રી વિઠ્ઠલનાથજીના કૌશલનું પણ દર્શન થાય છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ ભાષ્યશૈલી અનુસાર પંચાંગનો વિચાર પણ કર્યો છે. તદનુસાર (૧) જાણવાનો વિષય (૨) સંશય-સૂચક યુક્તિવચન-વિશય (૩) પૂર્વપક્ષ (૪) સિદ્ધાન્તપક્ષ (૫) સંગતિ પ્રયોજાયેલાં છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ ઉપર્યુક્ત પંચાંગનો નિર્ણય વિદ્વન્મંડનમાં આપ્યો છે. અહીં વેદાદિ શાસ્ત્રોનો પ્રતિપાદ્ય વિષય એકમાત્ર બ્રહ્મ છે. અર્થાત વિદ્વન્મંડનમાં પ્રતિપાદ્ય વિષય બ્રહ્મ છે. બ્રહ્મ સધર્મક-સગુણ છે કે નિર્ધર્મક-નિર્ગુણ છે તે સંશય છે. કારણ કે શ્રુતિમાં બન્ને પ્રકારનાં શ્રુતિવાક્યો પ્રાપ્ત થાય છે. ત્યાર પછી બ્રહ્મ નિર્ધર્મક-નિર્ગુણ છે, એમ પૂર્વપક્ષનું સ્થાપન થાય છે. પૂર્વપક્ષના ઉત્તરમાં ઉત્તરપક્ષ કિંવા સિદ્ધાન્તપક્ષમાં બ્રહ્મ સધર્મકસગુણ છે, એમ પ્રતિપાદન થયું છે.

કેવલાદ્વૈત મત પ્રમાણે બ્રહ્મનું નિરૂપણ કરનારાં શ્રુતિ-વાક્યો અને સૃષ્ટિનું નિરૂપણ કરનારાં શ્રુતિવાક્યોમાં અસંગતિ થાય છે. આમ આ અસંગતિનાં દોષને દૂર કરવા માટે અધ્યા-રોપાપવાદનો સિદ્ધાંત પૂર્વપક્ષમાં પ્રસ્તુત થયો છે. આમ સંગતિ સાધવામાં આવી છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનના પ્રત્યેક વિચારના નિરૂપણમાં સ્પષ્ટ અને પ્રાસાદિક શૈલી દ્વારા પોતાનું વક્તવ્ય વ્યક્ત કર્યું છે. વળી વેદાન્તશાસ્ત્રના ગહન વિચારો સરળ શૈલીમાં પ્રસ્તુત થયાં છે. જેમ કે દૃષ્ટઅનુસાર જ કલ્પના કરવી જોઇએ, નહિતર પવન અને કાષ્ઠ પણ બિંબ અને પ્રતિબિંબનો આશ્રય થાય. આમ વિદ્વન્મંડનમાં વાદશૈલી હોવા છતાં ભાષાની કિલષ્ટતા બહુ નડતી નથી. અર્થાત વિદ્વન્મંડનની ભાષા કઠિન હોવા છતાં સરળતા ધરાવે છે. જો કે વિચાર તત્ત્વનું નિરૂપણ કરવામાં સહેજે ભાષા ભારે બની જાય તેમ છતાં શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાની સહજ કવિત્વ પ્રતિભાથી વિદ્વન્મંડનની ભાષા સુબોધ અને સરળ બનાવી છે. જેમ કે "બ્રહ્મનું જીવ કરતાં વધારે મહત્ત્વ છે." जीवात् ब्रह्मणो-महत्त्वम्। વાક્ય નાનું છે, પરંતુ તેની સરળતા હૃદયંગમ છે.

વિદ્વન્મંડનના ૨૪મા વિભાગમાં નિરૂપિત વિસ્તૃત પરિચ્છેદ શ્રી વિઠ્ઠલનાથજીની કવિત્વ શક્તિ અને વર્ણનકળાનું સુરેખ ચિત્ર પ્રસ્તુત કરે છે, તેમાં થયેલી શબ્દોની સુન્દર અભિવ્યક્તિ અને ભાવનું સરસ નિરૂપણ કાદમ્બરીકાર બાણનું સ્મરણ કરાવે છે. વળી वत्स! न वेत्सि किं,
थुक्तिकनकपङ्क्तिसंघट्टितविविध निगमहामणिविरचित ब्रह्म-
२.९ → वादभवनं मम।

વાકયમાં બ્રહ્મવાદ રૂપી ભવન યુકિતરૂપી કનકપંક-સુવર્ણના કાદવથી જોડેલું વિવિધ વેદરૂપી મહામણિથી ચણેલું છે. અહીં રૂપક અલંકારનો પ્રયોગ અને બ્રહ્મવાદરૂપી ભવનની ભવ્યતાનું નિરૂપણ રમણીય શબ્દોની મધુરતમ અભિવ્યકિત કરે છે. વિચારોની સ્પષ્ટ અને સુસંગત અભિવ્યકિત, વાદગ્રંથને અનુરૂપ પદાવલિઓ, શાસ્ત્રપ્રમાણ અને તર્ક-યુકિતનું સહ-અસ્તિત્વ, આલંકારિક ભાષા, સમાસબદધ વાકયપ્રયોગ, બુદિધપ્રતિભાથી સંપન્ન યુકિતયુક્ત પ્રમાણો અને વિસ્તૃત છતાં સ્પષ્ટ લેખન દવારા વાચકોને ચમત્કૃત કરી દેનારી શૈલી વિદ્વન્મંડનનું આગવું આકર્ષણ છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનના રૂપમાં નવ્યન્યાય પદધતિનો અતિગહન વાદગ્રંથ રચ્યો છે. તેમણે તત્કાલીન પ્રચલિત નવ્યન્યાય પદધતિના પ્રભાવ હેઠળ પુષ્ટિપદધતિનાં સિદધાંતોનું પ્રતિપાદન કર્યું છે. શુદધાદ્વૈત સિદધાંતો-વિશેષતયા આવિર્ભાવતિરોભાવવાદની પ્રતિપાદનમાં નવ્ય-ન્યાય શૈલીનો પ્રયોગ થયો છે. નવ્યન્યાય પદધતિના પારિભાષિક શબ્દપ્રયોગો વિદ્વન્મંડનને વિદ્વદભોગ્ય જ બનાવે છે, તેમ છતાં તે શબ્દોનું સરલીકૃત સ્વરૂપ લોકભોગ્ય પણ બની શકે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ ગ્રંથના આરંભમાં વ્યક્ત કરેલ પ્રમાણ-ચતુષ્ટય અને યુક્તિઓથી યુક્ત વિદ્વન્મંડનમાં પુરાણોના પ્રમાણોનો પણ આધાર લીધો છે, તેમાં ખાસ કરીને વિષ્ણુ-પુરાણ, માર્કંડેયપુરાણ, પદમપુરાણ, બ્રહ્મપુરાણ, બ્રહ્માંડ-પુરાણ, મહાકૂર્મપુરાણ વગેરેના શ્લોકો યથા સ્થાને ઉદ્ધૃત કર્યાં છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં વિચારો અને વિષયના પ્રતિપાદનમાં પોતાના પિતાશ્રી શ્રીમદ્ વલ્લભાચાર્યનાં ગ્રંથો જેવાં કે અણુભાષ્ય, તત્ત્વાર્થદીપનિબંધ અને સુબોધિનીનો આધાર આપવા કેટલાક સ્થળોમાં ઉલ્લેખ કર્યાં છે. આમ તેઓ શ્રીમદ્ વલ્લભાચાર્યના નામનો ઉલ્લેખ કરીને વિસ્તાર ભયથી આગળ વધતાં અટકે છે. અહીં તેઓ એમ કહેવા માગે છે કે મારા અને મારા પિતાશ્રીના વિચારો અને સિદ્ધાંતોમાં તાત્વિક તફાવત નથી. તેમ છતાં વસ્તુના નિરૂપણમાં અને ભાષાશૈલીમાં શ્રી વિઠ્ઠલનાથજી શ્રીમદ્ વલ્લભાચાર્ય કરતાં જુદાં પડે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં પોતાનું પ્રૌઢ પાંડિત્ય પ્રગટ કર્યું છે, એમાં કોઇ શંકા નથી. તેઓએ જ્ઞાન અને ભક્તિના હેતુને સિદ્ધ કરવા માટે બન્ને વચ્ચે પુષ્ટિમાર્ગનો સેતુ રચ્યો છે, એમ કહી શકાય. ઋગ્વેદથી માંડીને પુરાણો

પર્યન્તના પ્રમાણો પ્રૌઢભાષ્યશૈલીમાં આપવાનું ગૌરવ શ્રી વિઠ્ઠલનાથજીએ પ્રાપ્ત કર્યું છે. પુષ્ટિમાર્ગમાં અને વિદ્વ-સમાજમાં વિદ્વન્મંડનનું નામ ગૌરવપૂર્વક લેવાય છે, તેનું કારણ વિદ્વન્મંડનની પ્રૌઢ ભાષાશૈલી અને શ્રી વિઠ્ઠલનાથજીની વાદગ્રંથના કર્તા તરીકેની અકાટ્ય દલીલો પણ છે. લીલાની નિત્યતાના પ્રસંગમાં નિરૂપિત ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું નિત્ય સાન્નિધ્ય ભક્તિ જીવંત અને મૂર્તિમંત સ્વરૂપ ખડું કરે છે.

વેદાન્તવાક્યોના મર્મજ્ઞ, ભગવદ્ ગીતાના તત્વજ્ઞ, વ્યાસસૂત્રોના અર્થજ્ઞ અને શ્રીમદ્ ભાગવતના રસજ્ઞ એવા શ્રી વિઠ્ઠલનાથજીનું વિદ્વન્મંડન નિર્દોષ અને પૂર્વગ્રહરહિતભાવથી ભણીએ તો સાચે જ ભગવત્તત્વનું જ્ઞાન અને વિજ્ઞાન પ્રાપ્ત થાય એમ છે.

1. I. O. Vol.II, p. 675 :

   Some scholars are of the opinion that the early Mimamsakas were the original Pioneers in the field of logic.

2. भ. द., न्या. वै., (द्वि. खं.) पृ. ५६०,

3. I. O.,Vol.,p.1: Dialectic Signifies t e art of discussion.

4. Ibid., p.3 : Aristotelian dialectic, however, deals with the universsal laws of reasoning which can be applied to the particular arguments of all the Sciences.

5. Ibid., p. :Sophistical art of plying with words or operating with concepts that have no real meaning or content and the dialectician as a disputatious person.

6. न्या. द., पृ. त्रिधा: कथा भवन्ति, वादो, जल्पो वितण्डा चेति ।

7. न्या.सू., 1/2/1 : प्रमाणतर्कसाधनोपालम्भः सिद्धान्ताविरुद्धः पञ्चावयवोपपन्नः पक्षप्रतिपक्षपरिग्रहो वादः ।

8. न्या. सू., 1/2/2 : यथोक्तोपपन्नश्छलजातिनिग्रहस्थानसाधनोपालम्भो जल्पः ।

9. तत्रैव, 1/2/3 : स प्रतिपक्षस्थापनाहीनो वितण्डा

10. P.S.p.184 : The writers on the Vedanta, however, do not generally give all the five but they give only the first three members viz. Pratijna, Hetu, and Udaharana.

11. न्या. भा., 1/2/1 : एकाधिकरणस्थौ विरुद्धौ धर्मौ
पक्षप्रतिपक्षौ प्रत्यनीकभावात्... ।

12. P. S., p.109-110 : Perhaps the Subtle and acute dialectics, found in the Khandana, Cannot be found in the Vidvanmandan

## પ્રકરણ - ૧૨

## ઉપસંહાર

શ્રી વિઠ્ઠલનાથજી વિરચિત વિદ્વન્મંડન શુદ્ધાદ્વૈત વેદાન્ત અને પુષ્ટિમાર્ગીય ભક્તિનું પ્રતિપાદન કરનાર એક વિશિષ્ટ વાદગ્રંથ છે. શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાની બુદ્ધિ-પ્રતિભા અને ગહન શાસ્ત્રજ્ઞાનથી રચેલા વિદ્વન્મંડનમાં એકમાત્ર બ્રહ્મની જ ચર્ચા વિશદ સ્થાન પામ્યું છે. બ્રહ્મનું સર્વસામર્થ્ય દર્શાવવા માટે વિવિધ તર્કો અને દલીલો તથા પ્રમાણોનો આધાર લીધો છે. આમ એક પ્રમેય બ્રહ્મનો જ સ્વીકાર કરવામાં આવ્યો છે. જે એક અને અદ્વિતીય છે, છતાં અનેક સ્વરૂપે જોવા મળે છે.

બ્રહ્મની અખંડસત્તાનું નિરૂપણ એ વિદ્વન્મંડનની આગવી વિશેષતા છે. સગુણ અને નિર્ગુણ ઉપાધિકૃત ભેદ નથી. પરંતુ બ્રહ્મની ઇચ્છાના પરિણામે થતાં સ્વરૂપો છે, તેમ છતાં બ્રહ્મ તો એક રસાત્મક પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ છે.

આવિર્ભાવતિરોભાવવાદ એ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું મહત્ત્વનું પ્રદાન છે. કારણ કે આ સિદ્ધાંત અનુસાર વસ્તુ-તત્ત્વની ઉત્પત્તિ અને નાશ થતાં નથી. પરંતુ આવિર્ભાવ અને તિરોભાવ થાય છે. શ્રી વિઠ્ઠલનાથજીએ આવિર્ભાવતિરોભાવ-વાદ ઉત્થાપ્યાકાંક્ષાથી કરેલું નિરૂપણ એક નવીનતમ પદ્ધતિનો પ્રયોગ છે. અહીં આવિર્ભાવતિરોભાવનું સમાપન કરીને ફરીથી કરેલું નિરૂપણ આવિર્ભાવતિરોભાવનું જ મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં જીવના અણુત્વની સવિસ્તર ચર્ચા કરી છે. અહીં શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત અનુસાર જીવને બ્રહ્મનો અંશ પ્રતિપાદિત કર્યો છે. જીવ અણુ છે, એ વિચારને શ્રી વિઠ્ઠલનાથજીએ તર્ક અને પ્રમાણ દ્વારા સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. "જીવ બ્રહ્મની ઉપાધિ છે" એવા કેવલાદ્વૈતમતનો અસ્વીકાર કરીને જીવનો બ્રહ્મભાવ સ્થાપિત કર્યો છે. આમ જીવતત્ત્વના અણુત્વનું પ્રતિપાદન કરીને પોતાના તર્ક અને પ્રમાણોનો પરિચય આપ્યો છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ વિદ્વન્મંડનમાં સૌથી વિશદ અને વિસ્તૃત ચર્ચા કરી હોય તો તે વિરૂદ્ધધર્માશ્રયપણાની છે. વિરૂદ્ધસર્વધર્માશ્રયપણું એ બ્રહ્મનું સર્વસમર્થ અને સર્વશક્તિમાન હોવાનું મહત્ત્વનું પ્રમાણ છે. વેદ અને વેદાન્તના વાક્યોમાં

પરસ્પર વિરૂદ્ધ ધર્મો ધરાવતાં બ્રહ્મની ચર્ચા આવે છે, તે સર્વેનું સમાધાન બ્રહ્મના વિરૂદ્ધધર્માશ્રયપણામાંથી મળી રહે છે.

શ્રી વિઠ્ઠલનાથજી એક આચાર્ય હોવા ઉપરાંત ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત પણ હતા. તેમણે લીલાની નિત્યતાના પ્રતિપાદનમાં ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કરવાનું સૂચન કર્યું છે. આમ ભગવાનનું નિત્ય સુખ લીલાની નિત્યતાના દર્શનમાંથી પ્રાપ્ત થાય છે.

શ્રીમદ વલ્લભાચાર્યનો પ્રમાણથી સિદ્ધ પ્રમેયમાર્ગ શ્રી વિઠ્ઠલનાથજીએ પણ સ્વીકાર્યો છે. શ્રીમદ વલ્લભાચાર્ય પ્રમેય સર્વભાવને પ્રાપ્ત એકમાત્ર હરિ-ભગવાન જ છે. प्रमेयं हरिरेवैकः એમ કહે છે. શ્રી વિઠ્ઠલનાથજીએ પણ પ્રમેય બ્રહ્મનો જ સ્વીકાર કર્યો છે. આમ ધર્મી ભગવાનનો સ્વીકાર ધર્મ-ઐશ્વર્યાદિના ધારક એવા ધર્મીનું જ પ્રતિપાદન થયું છે.

ભક્તિ પુષ્ટિમાર્ગનું મહત્વનું તત્વ છે. ભક્તિના આધાર વિના ભગવાન-બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન થઇ શકતું નથી. શ્રી વિઠ્ઠલનાથજીએ વેદપ્રતિપાદ્ય-શ્રુતિસમધિગમ્ય બ્રહ્મની પ્રતિપત્તિ-જ્ઞાન માટે ભક્તિને જ શ્રેષ્ઠ તત્વ માન્યું છે. ભક્તિ દ્વારા જ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે ભગવદ્ ગીતાના પ્રમાણ भक्त्या मामभिजानाति (भ० गी०, १८।५५) થી જાણી શકાય છે. અર્થાત ભક્તિથી મને જાણે છે.

સંક્ષેપમાં કહી શકાય કે વિદ્વન્મંડનમાં શુદ્ધાદ્વૈત સિદ્ધાંતો વાદગ્રંથની શૈલીમાં નિરૂપિત થયાં છે, તેમાં પુષ્ટિભક્તિ પણ સમન્વિત થઈ છે. આમ પુષ્ટિપરંપરાનો આ અમૂલ્ય ગ્રંથ વેદશાસ્ત્રની નિષ્ઠાથી પ્રતિષ્ઠાવંત બન્યો છે.

વિદ્વન્મંડનમાં પુરાણોના પ્રમાણોમાં કેટલાક શ્લોકો જેવાં કે બ્રહ્મપુરાણ, બ્રહ્માંડપુરાણ, મહાકૂર્મપુરાણ વગેરેનાં ઉદ્ધૃત શ્લોકો પ્રચલિત આવૃત્તિઓમાં મળતાં નથી. તે કદાચ પ્રાચીન આવૃત્તિઓમાં હોવાની સંભાવના નકારી ન શકાય. તેવી જ રીતે મહોપનિષદનું ઉદ્ધરણ આપવામાં આવ્યું છે, તે પણ પ્રચલિત પાઠમાં પ્રાપ્ત થતું નથી.

વિદ્વન્મંડનની ચાર ટીકાઓ - શ્રી પુરૂષોત્તમજી રચિત સુવર્ણસૂત્ર, શ્રી ગિરિધરજી રચિત હરિતોષિણી અને ભટ્ટ ગંગાધર શાસ્ત્રી રચિત ગંગાધરભટ્ટી અને anonymous - અજ્ઞાનલેખક રચિત સિદ્ધાન્તશોભામાં પ્રથમ "સુવર્ણસૂત્ર" ટીકા અત્યન્ત મહત્વપૂર્ણ અને ગંભીર અર્થોનું પ્રદાન કરે છે. "હરિતોષિણી" ટીકા પ્રમાણમાં સરળ અને શબ્દોની સુન્દર ભાવાભિવ્યક્તિ કરે છે. "ગંગાધરભટ્ટી" અત્યન્ત સંક્ષિપ્ત છે. જ્યારે "સિદ્ધાંત-શોભા" અપૂર્ણ છે. છતાં તે વિદ્વન્મંડનના ૩૨ માં ખંડના આરંભમાં જ અટકી જાય છે. આમ સુવર્ણસૂત્ર અને હરિતોષિણી એ બે ટીકાઓ વિદ્વન્મંડનને સમજવા માટે ઉપાદેય સિદ્ધ થાય છે.